ત્રીજી શ્રેણી )

પુસ્તક: ૧૩૬

મંગળવાર, તારીખ ૧૮મી માર્ચ, ૨૦૦૮
ફાલ્ગુન ૨૮, ૧૯૨૯ શાકે

થી

સોમવાર, તા. ૨૪મી માર્ચ, ૨૦૦૭
ચૈત્ર ૪, ૧૯૩૦ શાકે

# ગુજરાત વિધાનસભા
# ચર્ચાઓ

**સત્તાવાર અહેવાલ**

**બારમી ગુજરાત વિધાનસભા**

**પ્રથમ અધિવેશન**

**ગુજરાત વિધાનસભા અધિકાર હેઠળ પ્રકાશિત**

**ગુજરાત વિધાનસભા સચિવાલય**

**ગાંધીનગર.**

# અ નુ ક્ર મ ણિ કા


| વિષય | પાના નંબર |
|---|---|
| **મંગળવાર, તા.૧૮મી માર્ચ, ૨૦૦૮ / ફાલ્ગુન ૨૮, ૧૯૨૯ શાકે** | |
| **પહેલી બેઠક** | |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ) | ૧ - ૩૪ |
| **બીજી બેઠક** | |
| તારાંકિત પ્રશ્નો | ૩૫ - ૪૯ |
| અતારાંકિત પ્રશ્નો | ૫૦ - ૧૩૨ |
| તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬) | ૧૩૩ - ૧૩૪ |
| પોઈન્ટ ઓફ ઓર્ડર | ૧૩૫ - ૧૩૫ |
| સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો | ૧૩૬ - ૧૩૬ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ) | ૧૩૭ - ૧૬૩ |
| **બુધવાર, તા.૧૯મી માર્ચ, ૨૦૦૮ / ફાલ્ગુન ૨૯, ૧૯૨૯ શાકે** | |
| તારાંકિત પ્રશ્નો | ૧૬૪ - ૧૭૮ |
| અતારાંકિત પ્રશ્નો | ૧૭૯ - ૧૯૮ |
| ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રીનું નિવેદન (નિયમ-૪૪) | ૧૯૯ - ૧૯૯ |
| સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો | ૨૦૦ - ૨૦૧ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (દશમો દિવસ) | ૨૦૨ - ૨૨૦ |
| બિન સરકારી વિધેયકો | ૨૨૧ - ૨૨૨ |
| **સોમવાર, તા.૨૪મી માર્ચ, ૨૦૦૮ / ચૈત્ર ૪, ૧૯૩૦ શાકે** | |
| તારાંકિત પ્રશ્નો | ૨૨૩ - ૨૩૭ |
| અતારાંકિત પ્રશ્નો | ૨૩૮ - ૨૭૫ |
| તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬) | ૨૭૬ - ૨૭૯ |
| સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો | ૨૮૦ - ૨૮૨ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ) | ૨૮૩ - ૨૮૬ |
| પૉઈન્ટ ઑફ ઑર્ડર | ૨૮૭ - ૨૮૭ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ) | ૨૮૮ - ૨૯૫ |
| પૉઈન્ટ ઑફ ઑર્ડર | ૨૯૬ - ૨૯૬ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ) | ૨૯૭ - ૩૧૬ |


***

**ગુજરાત વિધાનસભા**
**મંગળવાર, તારીખ ૧૮મી માર્ચ, ૨૦૦૮**
**ફાલ્ગુન ૨૮, ૧૯૨૯ શાકે**
**પહેલી બેઠક**
**સભાગૃહ સવારના ૮.૩૦ વાગે મળ્યું.**
**અધ્યક્ષશ્રી અશોક ભટ્ટ અધ્યક્ષસ્થાને**

# માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ)

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ**

**માગણી ક્રમાંક: ૩૮**

**શ્રી જયનારાયણ ન. વ્યાસ (આરોગ્ય અને પરિવાર કલ્યાણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની સેવાને લગતી આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૯,૧૪,૬૫,૦૦૦ ની માગણી ક્રમાંક ૩૮ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક: ૩૮ રજૂ કરવામાં આવી.**

**શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી હીરાભાઈ હ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૫ રજૂ કરવામાં આવી.**

**શ્રી જગદીશભાઈ મો. ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૬ રજૂ કરવામાં આવી.**

**શ્રી રામસિંહ પ્ર. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૮ રજૂ કરવામાં આવી.**

**માગણી ક્રમાંક: ૩૯**

**શ્રી જયનારાયણ ન. વ્યાસ (આરોગ્ય અને પરિવાર કલ્યાણમંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું તબીબી અને જાહેર આરોગ્ય સેવાને લગતી આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૧૦૦૪,૭૨,૯૪,૦૦૦ની અને મૂડી ખર્ચ માટેની રૂપિયા ૧૩૮,૮૮,૫૮,૦૦૦ની માગણી ક્રમાંક ૩૯ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક: ૩૯ રજૂ કરવામાં આવી.**

**શ્રી વેજલસિંગભાઈ પા. પણદા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૧૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી બચુભાઈ ના. કિશોરી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૧૬ રજૂ કરવામાં આવી.**

**શ્રી પરેશભાઈ ગો. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૧૮ રજૂ કરવામાં આવી.**

**ડૉ. અનિલ જોષીયારા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૨૪ રજૂ કરવામાં આવી.**

**માગણી ક્રમાંક: ૪૦**

**શ્રી જયનારાયણ ન. વ્યાસ (આરોગ્ય અને પરિવાર કલ્યાણમંત્રીશ્રી)**: માનનીય અધ્યક્ષશ્રી, હું પરિવાર કલ્યાણ સેવાને લગતી આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૧૮૭,૩૩,૩૮,૦૦૦ની માગણી ક્રમાંક ૪૦ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક ૪૦ રજૂ કરવામાં આવી.**

**શ્રી કિરણકુમાર એલ. મકવાણા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૨૭ રજૂ કરવામાં આવી.**

**માગણી ક્રમાંક: ૫૧**

**શ્રી જયનારાયણ ન. વ્યાસ (પ્રવાસન મંત્રીશ્રી)**: માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રવાસન સેવાને લગતી ઉદ્યોગ અને ખાણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૮૭,૬૨,૧૫,૦૦૦ની અને મૂડી ખર્ચ માટેની રૂપિયા ૧૧,૦૦,૦૦૦ની માગણી ક્રમાંક ૫૧ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક: ૫૧ રજૂ કરવામાં આવી.**

**શ્રી શંકરભાઈ દે. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૩૫ રજૂ કરવામાં આવી.**

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૩૮ રજૂ કરવામાં આવી.**

**શ્રી કુંવરજીભાઈ ન. હળપતિ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૩૯ રજૂ કરવામાં આવી.**

**સન ૨૦૦૮-૨૦૦૯ના વર્ષના અનુદાનો માટેની માગણીઓ પૈકી મંગળવાર, તા.૧૮/૩/૨૦૦૮ (પહેલી બેઠક) (આઠમો દિવસ)ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપદરખાસ્તોની એકત્રિત યાદી.**

| અ.નં. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રૂા. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | | **આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ**<br>**માગણી નં. ૩૮** | |
| ૧. * | ૨૨૫૧-સચિવાલય...સેવાઓ<br>૦૯૦-સચિવાલય<br>૦૧-આરોગ્ય....વિભાગ<br>રૂા. ૯,૦૬,૫૫,૦૦૦<br>પા.નં. ૧૩૨ | ૧૦૦ | કાઉન્સીલ ઓફ ઈન્ડિયા ધ્વારા ખાનગી મેડિકલ કોલેજોમાં બેઠકો ઘટાડી દેવામાં આવતા વિદ્યાર્થીઓના ભાવિને થતી અસરો નિવારવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૨. * | --"-- | ૧૦૦ | કરોડો રુપીયાની બિનજરૂરી દવાઓની ખરીદી સામે જરુરી કાર્યવાહી કરવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૩. | --"-- | ૧૦૦ | નેશનલ રુરલ હેલ્થ મિશન હેઠળ ગ્રામીણ વિસ્તારની પ્રજા માટે અપાયેલ કરોડો રુપીયાનો યોગ્ય ઉપયોગ કરાવવામાં અને યોગ્ય હિસાબો રાખવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મહેન્દ્રસિંહ વાધેલા |
| ૪. * | --"-- | ૧૦૦ | ગુજરાત આરોગ્ય પ્રોજેકટ ઈમ્પ્લીમેન્ટેશન રીપોર્ટના કારણે રાષ્ટ્રીય ગ્રામીણ આયોગ ધ્વારા નહી મળનાર ગ્રાન્ટ માટે જરૂરી કાર્યવાહી કરવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૫. | --"-- | ૧૦૦ | મીનરલ વોટરના નામે પ્રજાને ગંદુ દુષિત પાણી વેચનાર તત્વો સામે પગલા ભરવામાં તંત્રની ઉદાસીનતા | હીરાભાઈ પટેલ |
| ૬. | --"-- | ૧૦૦ | ભ્રષ્ટાચાર અને ગેરરીતિઓ આચરનાર અધિકારી/કર્મચારીઓ સામે પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી જગદીશભાઈ ઠાકોર |
| ૭. * | --"-- | ૧૦૦ | વિભાગમાં પડતર તુમારોનો નિકાલ લાવવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૮. | --"-- | ૧૦૦ | દવાખાનાઓમાં વર્ગ-૪ના અધિકૃત કર્મચારીઓની જગ્યાએ બિનઅધિકૃત વ્યકિતઓને ફરજ બજાવતી અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી રામસિંહ પરમાર |
| ૯. * | --"-- | ૧૦૦ | હોસ્પિટલોમાં ડોકટરો, મેડિકલ ઓફીસરો અને બાયોમેડિકલ એન્જિનીયરની જગ્યાઓ સમયસર ભરવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૧૦. * | --"-- | ૧૦૦ | ગ્રામીણક્ષેત્રે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં મલ્ટીપરપઝ હેલ્થ વર્કરની જગ્યા ઉપર લાંબા સમયથી ફરજ બજાવતા કર્મચારીઓને કાયમી કરવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૧૧. * | --"-- | ૧૦૦ | વિભાગમાં કર્મચારીઓની હાજરીનું પ્રમાણ જાળવવામાં તંત્રની ઉદાસીનતા | |
| | | | **માગણી નં. ૩૯** | |
| ૧૨. * | ૨૨૧૦-તબીબી....આરોગ્ય<br>૦૧-શહેરી...એલોપથી<br>૦૦૧-નિર્દેશ અને વહીવટ<br>રૂા. ૬૧,૦૦,૯૩,૦૦૦<br>પા.નં. ૭ થી ૯ | ૧૦૦ | દવાખાનાઓ બાબતની ધારાસભ્યોની ફરિયાદો ઉપર પૂરતું ધ્યાન આપવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૧૩. | --"-- | ૧૦૦ | સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં પાણી અને વીજળી સહિત પ્રાથમિક સુવિધાઓનો અભાવ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી વેજલસિંગ પણદા |
| ૧૪. * | --"-- | ૧૦૦ | જવાબદાર અધિકારીઓ મીટીંગોના બહાને કચેરીમાં હાજર નહીં રહેતા હોવાથી અરજદારોને પડતી હાડમારી નિવારવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૧૫. * | --"-- | ૧૦૦ | ગ્રામીણ કક્ષાએ ગરીબી રેખા નીચેના કુટુંબોની સગર્ભા મહીલા માટે ચીરંજીવી વિમા સુરક્ષા યોજનાનો વ્યાપ વધારવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૧૬. | --"-- | ૧૦૦ | સરકારી દવાખાનાઓના વહીવટને સંગીન બનાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી બચુભાઈ કિશોરી |
| ૧૭. * | ૨૨૧૦-તબીબી...આરોગ્ય<br>૦૧-શહેરી...એલોપથી<br>૧૧૦-હોસ્પિટલ અને દવાખાના<br>૦૧-સિવિલ વહીવટ (તબીબી)<br>રૂા. ૧,૧૫,૭૧,૮૫,૦૦૦<br>પા.નં. ૧૫-૧૬ | ૧૦૦ | ડોકટરોની બેદરકારીથી દર્દીઓના થતા મોત નિવારવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૧૮. | --"-- | ૧૦૦ | વોર્ડબોયની દાદાગીરી / ગેરહાજરીના કારણે દર્દીઓના સગાઓને પડતી મુશ્કેલીઓ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પરેશભાઈ વાસવા |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૯. * | --"-- | ૧૦૦ | સિવિલ હોસ્પિટલમાં નવું વાયરીંગ કરવામાં અને વિદ્યુત પુરવઠો સતત જળવાઈ રહે તેવી વ્યવસ્થા કરાવવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૨૦. * | --"-- | ૧૦૦ | સિવિલ હોસ્પિટલોમાં બંધ હાલતના જૂના પંખાઓને બદલવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૨૧. * | ૨૨૧૦-તબીબી....આરોગ્ય<br>૦૧-શહેરી...એલોપથી<br>૧૧૦-હોસ્પિટલ અને દવાખાના<br>૧૯-એચએલટી-૫૦-દ્રષ્ટિ...કાર્યક્રમ<br>રૂા. ૩,૯૬,૫૦,૦૦૦ પા.નં. ૩૩ | ૧૦૦ | વડોદરાની જમનાબાઈ હોસ્પિટલમાં આંખોના ડોકટરો ખાનગી પ્રેકટીસ કરતા હોવાથી દર્દીઓએ ખાનગી દવાખાનામાં લેવી પડતી સારવારની પરિસ્થિતિ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૨૨. * | --"-- | ૧૦૦ | વડોદરા જમનાબાઈ હોસ્પિટલમાં છેલ્લા ઘણા વરસોથી મોતીયાના ઓપરેશનો કરાવવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૨૩. * | ૨૨૧૦-તબીબી...આરોગ્ય<br>૦૨-શહેરી.....પધ્ધતિઓ<br>૧૦૧-આયુર્વેદ<br>૦૧-એચએલટી-૨૦-આયુર્વેદ...કચેરી<br>રૂા. ૩,૧૦,૩૫,૦૦૦ પા.નં. ૪૦ | ૧૦૦ | આયુર્વેદ દવાખાનાઓનો આમ જનતા વધુ લાભ મેળવે તેવું આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૨૪. | --"-- | ૧૦૦ | આયુર્વેદ દવાખાનાઓમાં ડોકટરો અને દવાઓની ઘટ નિવારવામાં તંત્રની ઉદાસીનતા | ડૉ. અનિલ જોષીયારા |
| ૨૫. * | ૨૨૧૦-તબીબી....આરોગ્ય<br>૦૫-તબીબી...સંશોધન<br>૧૦૫-એલોપેથી<br>૦૨-એચએલટી-૧૩-<br>અમદાવાદની...વિસ્તરણ<br>રૂા. ૭,૫૬,૦૦,૦૦૦ પા.નં. ૬૭ | ૧૦૦ | અમદાવાદ ડેન્ટલ હોસ્પિટલમાં વર્ગ-૪ની બઢતી અંગેની લાંબા સમયથી પડતર અરજીઓના સત્વરે ઉકેલ લાવવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૨૬. * | --"-- | ૧૦૦ | અમદાવાદ ડેન્ટલ હોસ્પિટલમાં દાંતની સારવાર માટે જરૂરી નવું મટીરીયલ્સ પુરું પાડવામાં તંત્રની ઉદાસીનતા | |
| | | **માગણી નં. ૪૦** | | |
| ૨૭. | ૨૨૧૧-પરિવાર કલ્યાણ<br>૦૦૩-તાલીમ<br>૦૨-સહાયક....તાલીમ<br>રૂા. ૩,૦૩,૩૫,૦૦૦ પા.નં. ૧૧૭ | ૧૦૦ | સહાયક પરીચારીકા / દાયણો / આરોગ્ય તપાસનીશોને જરુરી તાલીમ આપવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી કિરણકુમાર મકવાણા |
| ૨૮. * | ૨૨૧૧-પરિવાર કલ્યાણ<br>૧૦૩-પ્રસૂતિ.... આરોગ્ય<br>૦૧-બાળ....કાર્યક્રમ<br>રૂા. ૫,૮૦,૦૦,૦૦૦ પા.નં. ૧૨૧ | ૧૦૦ | બાળ મૃત્યુદરનું પ્રમાણ ઘટાડવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૨૯. * | --"-- | ૧૦૦ | સુરક્ષિત માતૃત્વ કાર્યક્રમ હેઠળ માતાઓને ઉત્તમ આરોગ્ય સેવાઓ પૂરી પાડવામાં તંત્રની ઉદાસીનતા | |
| | | **ઉદ્યોગ અને ખાણ વિભાગ**<br>**માગણી નં. ૫૧** | | |
| ૩૦. * | ૩૪૫૨-પ્રવાસન<br>૮૦-સામાન્ય<br>૦૦૧-નિર્દેશ અને વહીવટ<br>૦૧-પ્રવાસન ....કચેરી<br>રૂા. ૧૫,૧૫,૦૦૦ પા.નં. ૭૬ | ૧૦૦ | પ્રવાસન નિગમની હોટલો/ગેસ્ટ હાઉસોમાં પૂરતી સવલતો આપવામાં તેમજ અસામાજીક તત્વોની રંજાડ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૩૧. * | --"-- | ૧૦૦ | પ્રવાસન ધામોમાં પ્રવાસીઓને વિસ્તૃત માહિતી મળી રહે તે માટે પૂરતું આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૩૨. * | --"-- | ૧૦૦ | પ્રવાસન માટે એમ.ઓ.યુ. થયા પછી પૂરતી મદદ/માર્ગદર્શનના અભાવે કેટલાય ઉદ્યોગોને આ એમ. ઓ. યુ.માંથી ખસી જતા અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૩૩. * | --"-- | ૧૦૦ | પ્રવાસન ધામોમાં સ્વચ્છતા રાખવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૩૪. * | --"-- | ૧૦૦ | પતંગોત્સવ પાછળ કરોડોનો ખર્ચ કરવા છતાં વિદેશી પ્રવાસીઓને આકર્ષવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૩૫. | | ૧૦૦ | કચેરીનો કથળેલા વહીવટ સંગીન બનાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી શંકરભાઈ વાઘેલા |
| ૩૬. * | ૩૪૫૨-પ્રવાસન<br>૮૦-સામાન્ય<br>૦૦૧-નિર્દેશ અને વહીવટ<br>૦૧-પ્રવાસન ....કચેરી<br>રૂા. ૧૫,૧૫,૦૦૦ પા.નં. ૭૬ | ૧૦૦ | પ્રવાસન કેન્દ્રો વિકસાવવામાં થતો ભેદભાવ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૩૭. * | --"-- | ૧૦૦ | પ્રવાસન સ્થળોમાં વિદેશી પર્યટકો સાથે થતો દૂર્વ્યવહાર નિવારવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૩૮. | --"-- | ૧૦૦ | લોકોત્સવ / પતંગોત્સવ જેવા મોટા ઉત્સવોની ઉજવણી પાછળ થતો બેફામ ખર્ચ અટકાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી બાબુભાઈ શાહ |
| ૩૯. | --"-- | ૧૦૦ | પ્રવાસન સ્થળોનો સર્વાંગી વિકાસ કરી વધુ પ્રવાસીઓ આકર્ષાય તેવું આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી કુંવરજીભાઈ હળપતિ |

*** આ કાપદરખાસ્તો સભાગૃહમાં રજૂ થઈ નથી.**

**અધ્યક્ષશ્રી** : હવે માગણીઓ અને તેની ઉપર રજૂ થયેલ કાપ દરખાસ્તો ઉપર ભેગી ચર્ચા કરવામાં આવશે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ (વિરોધપક્ષના નેતાશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની વાત કરું તો બીજા વિભાગોમાં એના સી.આર. કદાચ સરકારી ચોપડે જ લખાતા હશે, પરંતુ આ એક વિભાગ એવો છે કે એમના સી.આર.માત્ર સરકારને ચોપડે નહીં, પરંતુ ઉપરવાળાના ચોપડે પણ લખાય છે. સરકાર માટે પણ જો સૌથી વધારે અગત્યનો સેવા માટેનો વિભાગ હોય તો આ આરોગ્ય વિભાગ છે.

માનનીય અધ્યક્ષશ્રી, Prevention is better than cure અને એ પ્રિવેન્શન માટે રોગ ના થાય એના માટેના આગોતરા ઉપાયો કરવા માટે કયા કેન્દ્રો આપણી પાસે છે તો આપણી પાસે પેટા આરોગ્ય કેન્દ્રો અને સામૂહિક આરોગ્ય કેન્દ્રો છે અને આ કેન્દ્રો એ અત્યંત જરૂરી ગ્રામ્ય વિસ્તારોમાં પ્રિવેન્ટિવ કામ કરનારાં કેન્દ્રો છે અને મને અત્યંત દુઃખ થાય છે કે આપણે ત્યાં ૨૦૦૧ ની વસતિ ગણતરીએ આપણી પાસે કેટલાં પી.એચ.સી. હોવાં જોઈએ? તો એ જરૂરી પેટા આરોગ્ય કેન્દ્રો ૧૧૬૯ હોવાં જોઈએ એની જગ્યાએ મંજૂર ૧૦૮૦ કર્યા અને એમાંથી કાર્યાન્વિત થયેલ માત્ર ૧૦૭૩ પેટા આરોગ્ય કેન્દ્રો છે. સામૂહિક આરોગ્ય કેન્દ્રો એટલે કે સી.એચ.સી. એ ૨૦૦૧ ની વસતિ ગણતરીએ જરૂર ૩૧૭ ની અને આપણે મંજૂર કર્યા એ માત્ર ૨૭૪ અને એમાંથી કાર્યાન્વિત કર્યા એ ૨૭૩ છે. તો આના માટેની સરકારની ચિંતા વધારે હોવી જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, કન્વીનીયલટલી તો વાતો બધી કરી દેવામાં આવે, બહુ સહેલું હોય છે, એકાદ બે રાજયો પકડીને એની સાથે સરખામણી કરવી એ બહુ સહેલું હોય છે.એક માણસ નિવસ્ત્ર બની જાય એટલે હું અડધાં વસ્ત્રો પહેરવા સક્ષમ છું એમ કહેવું વાજબી નથી. બીજાને જે કાંઈ કરવું હોય તે કરે આ મહાત્મા ગાંધીજીની જન્મભૂમિનું રાજય છે, અહીંયાં હું મારી સરખામણી બીજા સારા માટે કરે, મારે કોઈની સરખામણી મારી જાતને કરી શકાય નહીં એમ ચાલવું પડે.

માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૬ માં પહેલી વખત ચીકનગુનીયા આ રાજયમાં આવ્યો. આ ચીકનગુનીયા એ નાની ઉંમરવાળા લોકોને તો થયો અને એ તો એમાંથી રિકવર પણ થયા, પરંતુ મોટી ઉંમરવાળા આ ચીકનગુનીયાનો ભોગ બન્યા એ આજે પણ સફર કરે છે. તો આ ચીકનગુનીયાની ચિંતા આપણે સૌએ કરવી પડશે. નવેમ્બર, ૨૦૦૭ સુધીમાં આના ૩૪૦૭ સરકારી આંકડા પ્રમાણેના દર્દીઓ છે, જો કે બિનસરકારી આંકડો તો બહુ મોટો હશે કે જે આ ચીકનગુનિયાનો ભોગ બન્યા છે. કયારેક સત્યને પણ સ્વીકારવું પડે અને માનનીય જયનારાયણભાઈ આરોગ્ય મંત્રીશ્રી છે ત્યારે આ વાતને પોલિટીકલ ઓબઝર્વેશનને બદલે સાચી વાત પણ એમની પાસેથી અપેક્ષિત છે. ભારત સરકાર તરફથી ૨૨૦.૬૦ લાખ રૂપિયા આ ચીકનગુનીયાના સંશોધન માટે સ્પેશયલી ફાળવવામાં આવેલ હતા. ડેન્ગ્યુ, ચીકનગુનીયા અને જી.ઈ. જેવા વાયરસથી ફેલાતા રોગો છે એના માટે એપેક્ષ લેબ એ બી.જે.મેડીકલ કોલેજને ગણવામાં આવી અને ભારત સરકારે ૨૦ લાખ રૂપિયા એના માટે ફાળવ્યા છે. તો આનો મહત્ત્મ ઉપયોગ થાય અને પ્રિવેન્ટિવ જયાં જરૂર હોય ત્યાં અને અસર થઈ હોય તો કયોર કરવા માટેની વાત બરાબર લેવાય એવી હું અપેક્ષા રાખું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ખબર નહીં કેમ, પરંતુ છેલ્લા થોડા સમયથી આદિજાતિ માટેની ઉપેક્ષાઓ દરેક વિભાગમાં વધતી જાય છે. હું માનનીય આરોગ્ય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે આપ એના ઉપર વધારે ધ્યાન કેન્દ્રિત કરશો. હું નથી માનતો કે દરેક જગ્યાએ મંત્રીશ્રીના નિર્ણય હોય, પરંતુ જો તંત્રને એવી ટેવ પડી હોય કે આદિજાતિ માટે નહીં વિચારવું, અને તેના વચ્ચેનો ગેપ વધાર્યા કરવો, તો એ જવાબદારી મંત્રીશ્રીની છે, ૨૦૦૫-૦૬માં આદિજાતિ માટે આયોજન માટે થઈને કેટલા રૂપિયા ફળવાયા? ૧૨૩૩.૪૩ લાખ, અને ખર્ચ કેટલો કર્યો? ાાત્ર ૭૪૦.૬૮ લાખનો. ૨૦૦૬-૦૭માં ૧૨૩૩ વાળી જોગવાઈ હતી તે અડધાથી નીચે આવી ગઈ અને ૫૩૯ લાખ થઈ ગઈ, તેની સામે વપરાયા કેટલા ? માત્ર ૩૪૩.૫૫ લાખ. આની સામે આપણે ચિંતા સેવવી પડે. આ વિભાગમાં સી.એમ.એસ.ઓ. જે પરચેજનો સ્ટોર છે. વચ્ચે તંત્ર થોડું સુધારવાનો પ્રયત્ન થયો, નિષ્ઠાવાન અને પ્રમાણિક વ્યકિતઓને ત્યાં બેસાડવાનો પ્રયત્ન થયો, આજે શું સ્થિતિ છે, આપ ઈચ્છો તે વ્યકિતનું આપ ઈચ્છો તે ભાવથી આપને જે ઠીક લાગે તે રીતે ટેન્ડર પાસ કરવું હોય તો તેના વ્યવસ્થિત એજન્ટો ફરે છે. અને તે એજન્ટો પણ નાના એજન્ટો નથી, બહુ જ મોટા છેડા વાળાના પરિવારજનો છે. અને એ પ્રકારે સી.એમ.એસ.ઓ. કામ કરે છે કે જયાં જથ્થાબંધ ખરીદીમાં લીધેલું ગ્લોવ્ઝ કે બેન્ડેજ બજારમાં મેડીકલ સ્ટોરમાં લેવા જાઓ તો તેના કરતાં અડધી કિંમતે અને એના કરતાં અનેક ગણી ઉત્તમ કવોલીટીની વસ્તુ બજારમાંથી મળે છે. જે રીતે તંત્રમાં ખરીદીઓ થાય છે, સુરેન્દ્રનગરની અંદર સીટી સ્કેન મશીન ખરીદવાનું હતું, ૯૦.૪૯ લાખ રૂપિયા, સીટી સ્કેન મશીન ખરીદાયું એકાદ બે અઠવાડિયા નહીં, પણ મહિનાઓ સુધી એ ઈન્સ્ટોલ જ ન થયું અને તે પછી ઈન્સ્ટોલેશનનો ખર્ચ પણ ઉધારાઈ ગયો અને એ ઈન્સ્ટોલ થયું, પણ એક પણ સીટી સ્કેન પડયો નહીં, કારણ કે ત્યાં રેડીયોલોજીસ્ટ જ ન મુકાયા. એક કરોડ રૂપિયા પ્રજાની તિજોરીના એક સીટી સ્કેન મશીન પાછળ ખર્ચાય, ઈન્સ્ટોલ ન થાય, અને ઈન્સ્ટોલ થયા પછી ગરીબ માણસના ઉપયોગમાં ન આવે તો આ કઈ પ્રકારનો વહીવટ છે? મને એ પ્રશ્ન કરવાનું મન થાય છે. સરકારી હોસ્પિટલની સેવાઓ મફત મળવી જોઈએ સામાન્ય માણસને. આજે સિવિલ હોસ્પિટલમાં, એમ.આર.આઈ. કરાવવા જઈએ, સીટી સ્કેન કરાવવા જઈએ તો આપના દરો શું છે મારે એ જાણવું છે. આપણે કોરપોરેટ હોસ્પિટલના દરો સાથે નહીં સરખાવી શકીએ, તો તો આપણે આ બધું બંધ કરી દઈએ, કે હોસ્પિટલમાં

ડોકટરો રળે છે અને કરશે, પણ આપણી જવાબદારી છે કે સામાન્ય માણસ આપણા દરવાજે આવીને ઉભો રહે અને તેનું ખીસ્સુ ખાલી હોય તો તેના ખીસ્સા સામે ન જોઈએ, આપણે તેના દર્દ સામે જોઈએ એટલા માટે આ સરકારી હોસ્પિટલો છે. ચાર્જીસ વધતા તો ગયા, પણ સરકારી હોસ્પિટલમાં આવેલા દર્દીને જયાંથી અને જેટલો નીચોવી શકાય, કેસ કઢાવે ત્યાં પણ પૈસા, એકસરે કરાવો ત્યાં પણ પૈસા, દવા તો પહેલા જે લીસ્ટ રહેતું હતું લાઈફ સેવિંગ્ઝ ડ્રગ્ઝથી માંડીને મફત મળતી હતી તેમાંથી આજે આપ કેટલી દવાઓ મફત આપો છો? એ પણ ઘટી ગઈ છે. આજની તારીખે વાહન પાર્કિંગ કરવા જાઓ તો ત્યાં પણ પૈસા આપો. અને બીજું તો ઠીક, ખબર કાઢવા દર્દીની જવું હોય તો ખબર કાઢવા માટે પણ પૈસા આપવાના, આ તે કઈ પ્રકારની આપણી સરકારી હોસ્પિટલ? આને આપણે કયાં લઈ જવા માગીએ છીએ? સારવાર ગરીબ માણસને મફત મળે તેવી હોવી જોઈએ, નોન પ્રેકટીસીંગ એલાવન્સ ઈઝ મસ્ટ, અન્ય રાજયના અનુભવ તો જુઓ આપ, એન.પી.એ. બંધ કર્યુ છે ત્યાં સરકારી હોસ્પિટલ માત્ર પેસન્ટને ડાયવર્ટ કરે છે. હુ ખાનગી પ્રેકટીસ કરું છું પણ અહીંયા તો સરકારી તંત્ર છે અહીંયા રહેવા દે, મારી હોસ્પિટલમાં આવી જજે, માત્ર દર્દીઓને ડાયવર્ટ કરવાનુ કામ સરકારી હોસ્પિટલ કરે છે. રખે એ ભૂલ નહીં કરતાં, નોન પ્રેકટીસીસ એલાઉન્સ બંધ કરવાની વાત એ ગરીબની સારવાર માટે ઘાતક પુરવાર થશે. ૧૧ લાખ વિદ્યાર્થીઓ બોર્ડની પરીક્ષા આપે છે. આપણા આરોગ્ય વિભાગની ભૂલ એ ૧૧ લાખ વિદ્યાર્થીઓને ફ્રસ્ટ્રેશન આપવાનું પુરવાર થઈ. આપણે ત્યાંથી ખોટા એકસ-રેના સર્ટિફિકેટ અપાય કારણ કે પેલો બિલ્ડર •(* ~~પ્રવિણ કોટક~~)ના દીકરાને..

**અધ્યક્ષશ્રી** : કોઈનું નામ ન લેવાય.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, નામ જાહેર થઈ ગયેલ છે તેમ છતાં નામ હું પાછું ખેચું છું. આ બહુ જ મોટો માણસ છે જેની વગ ઘણી જ છે. ગઈકાલે ભારતીય જનતા પાર્ટીના એક સિનિયર આગેવાન કહેતા હતા કે આ જે છોકરો ચોરી કરતાં પકડાયો છે એનો બાપ આ સરકારની સોગંદવિધિ થઈ ત્યારે જે એન્કલોઝરમાં એમ.પી. અને એમ.એલ.એ. સિવાય કોઈને પ્રવેશ નહિ, તમે ફોટા કે વિડિયો જોઈ લેજો એ છોકરાનો બાપ એ એન્કલોઝરમાં બેઠો હતો. એના છોકરાની સુવિધા માટે ખોટો એકસ-રે પડાવવામાં આવ્યો. અને એની આખી ફાઇલ જતી રહે, સર્ટિફિકેટની ફાઇલ ખોવાઈ જાય. આ કામ છે આરોગ્ય વિભાગનું? ૧૧ લાખ વિદ્યાર્થીઓ આ રાજયમાં એમના પરિવારો સાથે બોર્ડની પરીક્ષા કારકિર્દીની ટોચની પરીક્ષા એના માટે રાત દિવસ એક કરીને ભણતા હોય એની માનસિકતા ઉપર શું અસર પડશે એ કોઈ દિવસ વિચાર્યુ છે ખરુ? આ પ્રકારનું તંત્ર એટલીસ્ટ સરકારી હૉસ્પિટલોમાં તો ન ચલાવી લો.

પી.એચ.એન. થયેલી જે બહેનો કામ કરે છે જેને નર્સિંગ કાઉન્સિલે માન્યતા નથી આપી છતાં કામ કરે છે, એને આપણે ચાલુ રાખીએ છીએ. પરંતુ બી.એસ.સી. નર્સિંગ થયેલી બહેનોના ભોગે ન રાખીએ. પ્રમોશન બી.એસ.સી.નર્સિંગ બહેનોને આપવાનું છે તેવી ૭૩ નર્સિંગ સ્ટાફને અગેઈન્સ્ટ ધ પોસ્ટ પ્રમોશન આપ્યું છે.એના કારણે સ્પેશ્યલ ખર્ચો સરકારીની તિજોરી પર પડે છે. આપણી પાસે જગ્યાઓ ખાલી છે છતાં શા માટે રેગ્યુલર પોસ્ટીંગ નથી આપતા. આ વિભાગના કમિશ્નર પોતાની પ્રમાણિકતા અને નિષ્ઠાથી કામ કરે છે એની કામગીરી વિશે શંકા નથી, માણસ સારી કામગીરી કરે છે પરંતુ એની નીચેનો ક્લાર્ક ધારે એ કરાવી જાય અને બીજી કોઈ વાત કરે તો ન થાય એને પણ કન્ટ્રોલમાં લેવો પડશે. આપના ક્લાર્કને માત્ર વહીવટથી ચલાવીએ એને કન્ટ્રોલ કરવાનું કામ આ કમિશ્નરે કરવું પડશે.

સર ટી હોસ્પિટલ ભાવનગર એક નમૂનેદાર હોસ્પિટલ છે. એ હોસ્પિટલમાં આતંક મચાવવામાં આવ્યો. કોઈ ડોકટર ભૂલ કરે એને શિક્ષા થવી જોઈએ. બહેન પેશન્ટ હોય તો એ બહેન ત્યાં હાજર ઊભી રહે તેવી ચિંતા કરીને અને ત્યાં સુપ્રિટેન્ડેન્ટને અસામાજિક તત્ત્વો આવીને પીટી નાખે ધોઈ નાખે અને આપણે આંખ આડા કાન કરીએ તો કાલે કોઈ ડોકટર પ્રેમથી કામ કરવા આવશે કે કેમ એની પણ શંકા ઉપજે છે. મારા અનેક સભ્યશ્રીઓ આ વિષય ઉપર વિસ્તારથી વાત કરવાના છે એટલે મારે વધારે કહેવું નથી.

મારે પ્રવાસન વિભાગ પર બે ટૂંકી વાત કરવી છે. આપણા રાજયમાં ગૌરવ લઈ શકીએ કે આપણા રાજયમાં કચ્છનું રણ પણ મળે અને ગાઢ ફોરેસ્ટ પણ ડાંગમાં જઈએ કે પૂર્વ પટ્ટીમાં જઈએ ત્યાં મળે, આપણે ત્યાં દરિયાકાંઠો છે એ પણ મળે અને પર્વતમાળા પણ મળે એ પ્રકારનું આપણું રાજય કે જ્યાં એકજ રાજયમાં બહુરૂપી સૃષ્ટિના દર્શન થઈ શકે પરંતુ આપણું પ્રવાસન વિભાગ શું ફાળવણી કરે છે એ હું જોતો હતો. સમયની મર્યાદાના કારણે હું આંકડા વાચતો નથી. આપણા પ્રવાસન વિભાગની ફાળવણી એ કોઈના અહમને પોષવા માટે ઉત્સવો અને પોસ્ટરો માટે લાખો રૂપિયા વેડફે તો શું એનાથી પ્રવાસનનો વિકાસ થશે, તો શું એનાથી કોઈ આપણા રાજયમાં આવશે? હા, એનાથી આપણો અહમ પોષાશે કે અહોહો મારા હોર્ડીંગ બહુ લાગ્યા, અહોહો મેં ઉત્સવો બહુ કર્યા. "અહોરૂપમ અહો ધ્વની." એ અંધકારમાં લઈ જતું હોય છે. હું પડદા પાછળ રહીશ અને મારા રાજયનો વિકાસ પડદાની આગળ રહેશે આ વહીવટ હોવો જોઈએ. પ્રવાસન વિભાગમાં આ દ્રષ્ટિ હશે પણ એ દ્રષ્ટિને અમલી કરાવવા માટેનું વીલ હોવું જોઈએ, ઉપરનામા હોવું જોઈએ એ ક્યાંકને ક્યાંક પાછું પડે છે. એ ક્યાંકને ક્યાંક પાછું પડે છે.

---

• ( ) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો પાછા ખેંચી લેવામાં આવ્યા.

માનનીય અધ્યક્ષશ્રી, આપણી નવરાત્રિ જોવા કોણ આવે? બહારનો માણસ ક્યારે આવે કે આપણે ત્યાં સંસ્કૃતિ છે કે માથા પરથી ચુંદડી પણ ન હટે. માતાજીનો ફોટો હોય અને નવરાત્રિમાં નાચ-ગાન અને નૃત્ય થાય એ ભકિત સાથેના થાય એ આપણી સંસ્કૃતિ છે. એ સંસ્કૃતિના દિવસે વિદેશથી અર્ધનગ્ન નૃત્ય માટે કોઈને લાવીને નૃત્ય કરાવીએ તો શું આ પ્રવાસનની આપની આઈડીયોલોજી છે? પ્રશ્ન થાય. એ તો આપણી સંસ્કૃતિ માટે પણ કલંક છે અને જેને એ જોવું હશે તેના માટેની બીજે વ્યવસ્થાઓ છે, જોયા કરે. કમસેકમ આપણાં જે સંસ્કૃતિ સાથે જોડાયેલા તહેવારો છે ત્યાં તો આ વસ્તુ ન થવી જોઈએ. આ પ્રવાસન વિભાગ કરે છે. પાલિતાણા યાત્રાધામ, અનેક યાત્રાળુઓ આવે છે. આપણે વિકાસ માટે કોઈ વાત લઈને આવ્યા ખરા? આપણે દ્વારકાની ચિંતા કરી ખરી? આપણી અનેક દરગાહો એવી છે કે જ્યાં હિંદુ-મુસ્લિમ બધા જઈને માથું ટેકવે છે. શ્રદ્ધાનો વિષય છે. ત્યાં પણ શ્રદ્ધાથી લોકો આવે છે. તેના માટેની ચિંતા આપણે કરી ખરી? આપણે અંબાજીના મંદિરે જતાં યાત્રાળુઓને તકલીફ ન પડે અને યાત્રાધામનો વિકાસ થાય તેના માટેની ચિંતા કરી ખરી? આ બધી ચિંતા કરવાની જવાબદારી પ્રવાસન નિગમની છે. નહીં કે માત્ર પબ્લિસિટી અને ઉત્સવો અને તેમાં પણ ચોક્કસ વ્યકિતને કેન્દ્રસ્થાને રાખીને થાય છે ત્યારે હું આ વિભાગોની માગણીઓને સમર્થન નથી આપી શકતો.

**શ્રી કનુભાઈ વા. કળસરીયા (મહુવા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી આરોગ્ય વિભાગની માગણી-૩૮, ૩૯ અને ૪૦ તથા ઉદ્યોગ અને ખાણ વિભાગની માગણી-૫૧ લઈને આ સભાગૃહ સમક્ષ આવ્યા છે તેમાં હું મારું સમર્થન આપવા અને આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ ઉપર મારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આરોગ્ય એ માનવજાતને માટે ખૂબ જ પાયાની સુવિધા છે. આપણું ગુજરાત રાજય આ સુવિધાઓ આપવામાં અગ્રેસર રહ્યું છે. આપણે આપણાં દેશમાં ગૌરવ લઈ શકીએ એવું સ્થાન પ્રાપ્ત કર્યું છે. એટલું જ નહીં પણ મૅડિકલ ટુરીઝમ અને આખા વિશ્વમાં આપણાં ગુજરાતમાં મળતી મૅડિકલ સેવાઓની કદર થાય એવું વાતાવરણ ઉભું કરવામાં આપણે સફળ થયા છીએ તેનો મને ખૂબ જ આનંદ છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે જે વાત કરવી છે, શાળા આરોગ્ય વિષે વિશેષ. શાળા આરોગ્યની વાત એટલા માટે કે બાળક જન્મે ત્યારથી જ અને બાળકનો ગર્ભમાં વિકાસ થઈ રહ્યો હોય ત્યારથી જ જો તેના વિકાસની પૂરી કાળજી લેવામાં આવે તો જ એ શ્રેષ્ઠ નાગરિક બનીને રાષ્ટ્રના વિકાસમાં પોતાનું શ્રેષ્ઠ યોગદાન આપી શકે. એ પાયાનો સિદ્ધાંત છે તેને સમજીને આમ તો શાળા આરોગ્ય અને શાળામાં બાળકોની તપાસણી ખૂબ જૂની બાબત છે. ૧૯૦૯માં વડોદરાના મહારાજા સયાજીરાવ ગાયકવાડે પણ શાળા આરોગ્યની તપાસણીની શરૂઆત કરેલી, પરંતુ ત્યાર પછી અહીં ૧૦ વર્ષથી ભારતીય જનતા પક્ષની સરકારે ફરી વખત આ કાર્યને જીવંત બનાવ્યું અને વાસ્તવિકતાલક્ષી બનાવીને ખૂબ સારી રીતે તેની અમલવારી કરી, એટલું જ નહીં, શરૂઆતમાં માત્ર પ્રાથમિક શાળાઓ માટેનો કાર્યક્રમ હતો. તેમાં માધ્યમિક શાળાઓ અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને પણ ઉમેરવામાં આવી અને સાથે ૦થી ૧૪ વર્ષના બાળકો શાળામાં ન જતાં હોય તેનો પણ આમાં સમાવેશ કરવામાં આવ્યો. ગઈકાલે પ્રશ્નોત્તરી દરમ્યાન માનનીય આરોગ્યમંત્રીશ્રીએ જે બધા આંકડાઓ આપ્યા તેમાં હૃદય, કિડની અને કૅન્સરની બાળકોની બિમારી છે. હૃદયની બિમારી માટે આપણે ત્યાં બધાં જ ઑપરેશનો હજી થઈ શકતાં નથી. તો તેના માટે બીજાં રાજયોમાં મોકલીને પણ હૃદયના ભારે-ભારે ઑપરેશનો સફળતાપૂર્વક કરાવ્યા અને તેના પરિવારોએ પણ સંતોષની લાગણી પ્રગટ કરી. તેનાથી આપણે સૌ સુવિદિત છીએ. મારે એક નાનકડું સૂચન આ બાબત ઉપર એ કરવું છે કે જ્યારે ટૅક્નૉલૉજી અને એકસપર્ટાઈઝ એ અત્યારે ઈઝીલી ટ્રાન્સફરેબલ થઈ ગઈ છે, વિશ્વમાં કોઈ પણ શોધખોળ થાય તો આપણે આપણાં દેશમાં તરત જ લાવી શકીએ છીએ. વિશ્વમાં કોઈ એવી એકસપર્ટાઈઝ હોય તો એ ફેકલ્ટીને બોલાવીને તેની પાસેથી આપણે શીખી શકીએ છીએ. અને આવા કાર્યક્રમો થઈ પણ રહ્યા છે અને આપણા દેશમાં જુદા જુદા મૅડિકલ સંગઠનો દ્વારા આવી કૉન્ફરન્સો આપણા રાજયમાં યોજાય છે અને ત્યાંથી આવું જ્ઞાન પ્રાપ્ત કરવામાં આવે છે. જે હૃદયના ઑપરેશનો માટે આપણા બાળકોને બીજા રાજયોમાં ચેન્નાઈ અને બીજી જગ્યાએ મોકલવા પડે છે એના માટેની પણ એકસપર્ટાઈઝ અને ટૅક્નૉલૉજી એ આપણે શા માટે ન વસાવી શકીએ એ વસાવવી જોઈએ અને એમાં વિકાસ કરવો જોઈએ અને આપણા રાજયની ગણના તો આર્થિક રીતે સમૃદ્ધ રાજયમાં થાય છે. મારી દૃષ્ટિએ આ અઘરું નથી. એ દિશામાં આપણો આરોગ્ય વિભાગ અને માનનીય મંત્રીશ્રી પ્રયત્નશીલ હશે જ એમાં મને કોઈ શંકા નથી.

માનનીય અધ્યક્ષશ્રી, ચિરંજીવી યોજના. જેના માટે આપણા ગુજરાતને એવોર્ડ પણ મળ્યા છે અને અનેક રાજયો અહીંયાં અભ્યાસ કરવા માટે આવે છે. આ એટલી શ્રેષ્ઠ યોજના છે કે, બાળકોનું આરોગ્ય એના જન્મ પહેલાં જ બાળક ગર્ભમાં હોય ત્યારથી જ સુધરે અને સુવાવડમાં માતાને કોઈ તકલીફ ન પડે, કોઈ બાળક માતાવિહિન ન થઈ જાય, એ આવીને તરતજ અવસાન ન પામે અને માતાને દુ:ખરૂપ પૂરવાર ન થાય એના માટે પહેલાંથી જ સુવાવડ વેળાએ કાળજી અને સુવાવડ દરમિયાન અને સુવાવડ પછીની કાળજી એ ખૂબ જરૂરી બાબત છે. સરકારી હૉસ્પિટલોમાં ડિલિવરી માટે શ્રદ્ધા ડગુમગુ થતી હતી એને ફરી જીવંત કરેલ છે. ઘણા લોકો સરકારી હૉસ્પિટલોમાં જવા માગતા નથી. તો એવી બહેનોને પણ લાભ મળે. એ દૃષ્ટિથી ચિરંજીવી યોજના પહેલાં ૫ જિલ્લામાં અમલમાં મૂકવામાં આવી. એના ખૂબ જ સારા પરિણામો મળ્યા. ખાસ ડૉક્ટર તરીકે જે નોંધવા જેવી બાબતો લાગી એ કહું છું. આનાથી ખોટા સિઝેરિયન ઑપરેશનનો દર ઘટ્યો છે. એનું કારણ એ છે કે, એક

ડિલિવરી માટે આ યોજના નીચે જે નોંધાયેલા હોય એ પ્રાઇવેટ તબીબને રૂ.૧૭૯૫ મળે છે. એક પૅકેજના ભાગરૂપે રૂ.૧૭૯૫ મળે તો એના કારણે જે કોઈ ડિલિવરી કરે એને કદાચ સિઝેરિયન કરે તો પણ એને એના વધારે પૈસા નથી મળતા. એ આ યોજનામાં ન હોય તો આ સિઝેરિયનના પાંચ હજાર, દસ હજાર કે વીસ હજાર શહેર પ્રમાણે અને કેન્દ્ર પ્રમાણે ભાવ હોય છે. ચિરંજીવી યોજનામાં નોંધાયેલ ડૉક્ટર હોય અને કોઈ દર્દી બહેન સુવાવડ માટે એમના દવાખાને આવે તો એ વખતે એને માત્ર ૧૭૯૫ રૂપિયા જ મળવાના છે. એટલે એને સિઝેરિયનનો મોહ રહેતો નથી. સિઝેરિયન કરે કે ન કરે તો પણ એને જે મળે છે એમાં કોઈ તફાવત રહેતો નથી. આ ખૂબ જ સારું પરિબળ છે. ભદ્ર લોકોમાં અને શહેરોમાં અને મુંબઇ જેવા શહેરોમાં વિશેષ, જ્યારે કોઈ બહેન સુવાવડ કરાવવા દવાખાને જાય, આજે પણ ઘણીવાર મારા ઉપર ફોન આવે છે કે આ ઑપરેશન કરવાનું કહે છે, તો ઑપરેશન કરાવું કે કેમ? ત્યારે કહેવું પડે છે કે, ડૉક્ટર કહે એમ કરવું જ પડે. હવે તમે ત્યાં ગયા જ છો તો પછી એમાં શંકા ન કરો કે તમારું ખોટું ઑપરેશન થઈ જશે. વિશ્વાસથી ચાલો. રાહ જોયા વગર આ ઉતાવળથી ઑપરેશન તો નહીં થઈ જાયને? એના કારણે માત્ર ભૌતિક આકર્ષણ છે. પૈસાનું આકર્ષણ છે, ભૌતિક આર્થિક મોહ છે. એનો આ ચિરંજીવી યોજના દ્વારા છેદ ઊડી જાય છે. આ યોજના કરી એને લાખ લાખ અભિનંદન આપું છું. અત્યારે બધા જિલ્લામાં એની અમલવારી ચાલે છે અને સાથે સાથે સરકારી હૉસ્પિટલોમાં સુવાવડ કરાવે અથવા તો સિઝેરિયન કરવાની જરૂર પડે તો ત્યાં જઈને પ્રાઇવેટ તબીબ કરી શકે એ સુવિધા આપવામાં આવી છે અને તેના રૂ.૬૫૯/- તો પણ મળે. તો એના કારણે પ્રાઇવેટ પ્રૅક્ટિસ કરતા ગાયનેકોલોજીસ્ટ છે, એ પ્રમાણમાં હળવાશ અનુભવતા હોય છે. સરકારી હૉસ્પિટલોમાં ખૂબ જ કામ હોય, ટ્રસ્ટની હૉસ્પિટલોમાં પણ ખૂબ જ કામ હોય તો સેવાની દૃષ્ટિથી એમને થોડીક રાહત મળે, એ પોતાની શકિતનો ઉપયોગ કરી શકે. એવી આ યોજનાને હું બિરદાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, અંધત્વ નિવારણ માટે મારે થોડુંક કહેવું છે. અંધત્વ નિવારણ કાર્યક્રમમાં ગુજરાત છેલ્લા પાંચ વર્ષથી શ્રેષ્ઠ સ્થાન પ્રાપ્ત કરી રહ્યું છે અને દેશમાં પ્રથમ રહ્યું છે. આ બાબતની અંદર આખા દેશની અંદર ઑપરેશનો મોતિયાના કરવાનો જે દર આપેલો છે કે એક રાજયમાં ૪૦૦ ઓપરેશનતો કોઈપણ રાજયે ઓછામાં ઓછા કરવા જોઈએ તો એની આગળ આપણા રાજયે ૧૧૫૦નો રેશીયો બતાવ્યો છે એ ખરેખર અભિનંદનીય છે અને પાછું એમાંથી ૯૯ ટકા એ આઈ.ઓ.એલ. છે એટલે કે નેત્રમણી આરોપણ ટાંકાવાળા અને સાદા ઑપરેશનો નહીં કે જે પૈસાપાત્ર લોકો મેળવી શકે એવી એક માન્યતા હતી. અને આ સંદર્ભમાં મારે મોરબીની એક આંખની હૉસ્પિટલની અંદર સરકારી હૉસ્પિટલ છે ત્યાંના ધારાસભ્ય કાંતિભાઈ અમૃતિયા પણ એના સાક્ષી છે કે એ જે ડૉકટર છે જે સરકારી હોસ્પિટલમાં કાર્ય કરી રહયા છે છેલ્લા ૫ વર્ષથી રાજય સરકાર એમને સૌથી વધારે આઈ.ઓ.એલ. માટે અને સૌથી વધારે ફેંકોથી કરાતા ઑપરેશનો માટે એવોર્ડ આપે છે. અને ગયા વર્ષમાં ૨૦૦૬-૦૭માં એમણે એક જ વર્ષની અંદર ૧૦,૩૦૦ ઑપરેશન આઈ.ઓ.એલ. મોરબીની આંખની હોસ્પિટલમાં,પટલમાં ૧૦,૩૦૦ ઑપરેશન કર્યા અને એમાંથી ૯૦ ટકા ફેકો દ્વારા, સાવ ગરીબ માણસ જે માંડ માંડ પોતાનું ભરણપોષણ કરતો હોય એવો વ્યકિત એને ફેંકોનો લાભ મળે એ મને લાગે છે કે આ દેશમાં અને આ રાજયમાં જ શકય છે. વિશ્વમાં શકય નથી. આપણે ત્યાંની જે મુખ્ય મુખ્ય હૉસ્પિટલો, કૅન્સર અને રીસર્ચ હૉસ્પિટલો, યુ. એન. મહેતા કાર્ડીયોલોજી ઇન્સ્ટિટ્યૂટ અને ઇન્સ્ટિટ્યૂટ ઑફ કીડની ડીસીસીસ જે રીતે લોકોને સેવા પૂરી પાડી રહી છે એના માટે જેટલી એની પ્રશંસા કરીએ એટલી ઓછી છે. ખરેખર ગરીબ લોકોનું જે ગરીબલક્ષી અભિગમથી કાર્ય કરવામાં આવે છે. એક અમારા રાજુલા ગામના દર્દી, એ ગરીબ દર્દી એનું ૧૫ વર્ષ પહેલા હૃદયના વાલનું ઑપરેશન કરવામાં આવેલું ત્યારે પ્રાયવેટમાં એ ઑપરેશન ૧૨હજાર રૂપિયામાં થયું હતું અને એનો આગ્રહ હતો એટલે હું ઑપરેશનમાં હાજર રહેવા ગયો હતો અહીંયા અમદાવાદમાં, ત્યાર પછી એનો એ માઈકલ નામનો વાલ હોય છે જે મહત્ત્વનો વાલ હોય છે. વારંવાર હૃદયની બિમારીમાં એ વાલ્વ જ ફસાઈ જતો હોય છે એટલે કે વધારે પડતો સાંકડો બની જતો હોય છે તો એ ઑપરેશનથી એને પહોળો કરવામાં આવ્યો હતો ફરીથી પાછું ૮-૧૦ વર્ષ થયા એટલે એ વાલ સાંકડો થઈ ગયો અને ફરીથી એને દાદર ચડતા શ્વાસ ચડવા મંડે દ ારના કામમાં પણ તકલીફ પડવા મંડી તો દોઢ વર્ષ પહેલા એમણે ફરી તપાસ કરી તો કહે કે હવે આ વાલ્વ બદલવો પડશે. એક વખત ઑપરેશન કરેલો વાલ ફરીથી સાંકડો થઈ જાય તો એને બદલ્યા વગર કોઈ ઉપાય નથી હોતો પણ સાથેસાથે એનો બીજો વાલ એ પણ મહત્ત્વનો છે એવોટીક વાલ્વ કહેવાય એ પણ થોડો અસર પામેલો હતો. બે વાલ્વ બદલવાના એને અઢી લાખ રૂપિયા એમને ઑપરેશનના કહેવામાં આવ્યા અહીંની કોર્પોરેટ હોસ્પિટલમાં, એ મને મળ્યા કે આ તો અમારી કોઈ શકયતા જ નથી. અમે પહોંચી જ વળીએ એમ નથી. મે એમને કીધુ તમે સિવિલમાં જાવ ભલામણનું રહેવા દો. તમારી મેળે જાવ અને તકલીફ પડે તો મને કહેજો. હું આવો પ્રયોગ ઘણી વખત કરુ છું કે જેથી સાચી વસ્તુનો ખ્યાલ આવે. ભલામણ લઈને જાય ત્યારે એમાં લક્ષ્ય અપાય એ તો સ્વાભાવિક છે. ધારાસભ્યની ભલામણ હોય, કોઈ મોટા ડૉકટરની ભલામણ હોય તો એનું ખૂબ સારું કામ થઈ જાય પણ મેં એમને કહ્યું કે તમે જાવ અને એ મારા ખૂબ પરિચિત હતા એટલે ગયા, ત્યાં ગયા તબીબને મળ્યા, દાખલ થયા અને એમનું જૂનું બી.પી.એલ. કાર્ડ હતું, બી.પી.એલ.ની યાદીમાંથી રદ થયેલું હતું, ડૉકટરની માનવતા જોવો તો એ ડૉકટરે એ કાર્ડને ચલાવ્યું કારણ કે ગરીબાઈ તો વાસ્તવિક હતી એમની અને એના બે વાલનું ઑપરેશન કર્યુ પણ મારે મુદ્દો એ કહેવો છે કે એનો ફોન આવ્યો, એ દીકરીના બાપાનો, એ દીકરીના બાપા મારા ગામના વાધનગર ગામના, એમનો ફોન આવ્યો કે કનુભાઈ એણે ઑપરેશનનું કીધું છે પણ ખાટલે

આવીને ડૉકટર એમ કહેતા હતા કે આ ઑપરેશન જોખમી છે. તમે કહો તો જોખમ લઈએ એટલે દર્દીની હાજરીમાં નહીં પણ એના પિતાજીને બાજુમાં બોલાવીને કીધું કે જોખમી ઑપરેશન છે તો મેં કીધું કે તમે સો ટકા કરાવી દો. પાછું વાળીને જોયા વગર હા પાડી દો. કારણ કે એ ડૉકટરે તમને સાચી વાત કરી છે. એણે ખાલી ખાલી એમ નથી કીધું કે હા, હા, સારું થઈ જશે અને પાછળથી જોખમ થાય. જોખમી છે અને કીધું છે બે વાલ બદલવાના છે અને એમણે હા પાડી દીધી, એક પણ પૈસાના ખર્ચ વગર એ બે વાલ બદલાયા અને એનું ઑપરેશન થઈ ગયું, એ તંદુરસ્ત બની ગયા આજે ૮ મહિના થયા. એક વિધિની વક્રતાની વાત પણ મારે કરવી છે. આ જ બેન કે જેનું ઑપરેશન થયું એને બે મહિના પહેલા મગજમાં ગાંઠ થઈ. હવે શું કરવું? તપાસ કરાવી, એમ.આર.આઈ. કરાવ્યું અને ફરી પાછા સિવિલનો જ આશરો લીધો. ફરીથી મેનેન્જુઆ નામની સાદી ગાંઠ નીકળી. એની ગાંઠના નિકાલ માટે સિવિલમાં ન્યૂરોસર્જરી વિભાગમાં એનું ઑપરેશન થઈ ગયું. આજે એ બેન તંદુરસ્ત છે અને એક-બે દિવસમાં એમને રજા મળવાની છે. આ જાતના કાર્યો આપણી સિવિલ હૉસ્પિટલમાં થઈ રહ્યા છે. આપણી સરકારી હોસ્પિટલોમાં થઈ રહ્યા છે.

**(સભાપતિશ્રી દોલતરાય ના. દેસાઈ અધ્યક્ષસ્થાને)**

માનનીય અધ્યક્ષશ્રી, સાથો સાથ એક-બે સૂચનો કરી દઉં. અમારા વિસ્તારના અંતરિયાળ ગામ જેસરમાં સી.એચ.સી. સૅન્ટરમાં સર્જન મૂક્યા છે. વિરોધ પક્ષના નેતાશ્રી કહેતા હતા પણ આ સરકારનો એવો કાર્યક્રમ છે કે શક્તિસિંહભાઈ ડૉકટર લઈને આવે તો માનનીય આરોગ્ય મંત્રીશ્રી તરત જ જ્યાં કહે ત્યાં મૂકી આપે. આવો અભિગમ વોક ઈન ઈન્ટર્વ્યુ ખરેખર ધન્યવાદને પાત્ર છે. અમારા ખુંટવડાની અંદર ડૉકટર સર્જનની જરૂર છે.ત્યાં પણ સર્જન મળી જાય. મને મળતા નથી એટલે માનનીય આરોગ્ય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે એમની પાસે આવે તો અમારા ખુંટવડા સી.એચ.સી.ને પ્રાયોરિટી આપે. જેથી કરીને આખો વિસ્તાર છે એ આરોગ્યની સેવામાં ખૂબ સારું કામ કરી શકાય તેમ છે. આ રીતે હું આરોગ્યની સેવાઓને ખૂબ ખૂબ બિરદાવું છું. મારે ઘણું કહેવાનું મન થાય છે. નિર્મળ બાળક અને અન્ય વિષય છે પણ તેના વિશે બીજા સભ્યશ્રીઓ પણ કહેવાના છે. મારી વાતને અભિનંદન સાથે અને ધન્યવાદ આપીને પૂરી કરું છું..

**શ્રી શિરિષકુમાર મ. શુકલ (ખંભાત)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય આરોગ્ય મંત્રીશ્રી માગણી નં. ૩૮, ૩૯ અને ૪૦ આરોગ્ય અને પરિવાર કલ્યાણની લઈને આવ્યા છે તેને અનુમોદન આપવા માટે હું મારી વાત કરી રહ્યો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની સરકાર ઘણા ક્ષેત્રોમાં આખા દેશમાં નમૂનેદાર કામો કરી રહી છે. તેવી જ રીતે આરોગ્યની અંદર પણ અમુક વિભાગો છે, જેવા કે રક્તપિત્ત ક્ષેત્રે કરેલ કામ હોય કે શાળા આરોગ્યની તપાસણીનો કાર્યક્રમ, અંધત્વ નિવારણ માટેનો કાર્યક્રમ આ બધા વિભાગો એવા છે કે આ વિભાગોમાં સીમાચિન્હરૂપ કામો થયેલા છે. રક્તપિત્ત પહેલી નજરે લોકોને નફરત થાય એવી વાત હતી. રક્તપિત્તના દર્દી સામે સૌ પ્રથમવાર મહાત્મા ગાંધીએ દ્રષ્ટિ કરી. દક્ષિણ આફ્રિકામાં એક ગરીબ ભિખારીને પોતાની પાસે લાવીને એની સારવાર કરી અને એને સાજો કર્યો. ત્યારબાદ યરવડા જેલમાં પરચૂર શાસ્ત્રી કરીને એમના સાથી હતા એમને રક્તપિત્ત થયો હતો. જેલરે એમને અલગ રહેવાની વ્યવસ્થા કરી. મહાત્મા ગાંધીએ એમને મળવાની વાત કરી તો એમને મળવા દેવામાં આવ્યા નહીં. ૧૯૩૨માં જ્યારે ગાંધીજી ભૂખ હડતાલમાં સમાધાનની વાત કરી ત્યારે પરચૂર શાસ્ત્રી શ્લોક બોલે તો જ હું પારણા કરીશ અને જ્યારે પરચૂર શાસ્ત્રીએ જ્યારે આવીને શ્લોક બોલ્યા ત્યારે એમણે પારણા કર્યા. બહાર નીકળ્યા પછી વર્ધા આશ્રમમાં આ શાસ્ત્રીજીની એમણે સેવા કરી. એવા દર્દીઓની એમણે માલિસ કરી. આજે પણ એ મહાત્મા ગાંધીના નિર્વાણદિન ૩૦મી જાન્યુઆરીએ રક્તપિત્ત દિનના દિવસને અગત્યનો દિવસ ગણવામાં આવે છે. રક્તપિત્ત માટે દુનિયાના મોટા ભાગના દેશોમાં ફેલાયેલો હતો. રક્તપિત્તના દર્દીઓ દયાપાત્ર નહીં પણ સેવાપાત્ર ગણીને રચનાત્મક પ્રવૃત્તિમાં સ્થાન આપીને નૂતન ભારતના ઘડતરમાં તેના તરફ ધ્યાન આપવાની જરૂર છે એમ મહાત્મા ગાંધીએ કહ્યું હતું. એમ મહાત્મા ગાંધીએ કહ્યું હતું. આ રીતે ૧૯૪૫માં પ્રોફૅસર ટી. એન. જગદીશને મદ્રાસ નિલિયમ કસ્તુરબા કૃષ્ટ નિવારણની હૉસ્પિટલનું ઉદ્‌ઘાટન કરવાનું મહાત્મા ગાંધીને કહ્યું ત્યારે મહાત્મા ગાંધીને કહ્યું કે મારે ઉદ્‌ઘાટન નથી કરવું પણ આવી હૉસ્પિટલને જ્યારે બંધ કરવાની હોય ત્યારે તમે બોલાવજો, કેવી ઉત્કૃષ્ઠ ભાવના આ કૃષ્ટરોગના દર્દીઓ માટેની. ત્યારબાદ અમૂલ્ય યોગદાન બદલ તેમની પૂણ્યતિથિ પણ ઉજવવામાં આવશે. રક્તપિત્તના રોગની સામે રક્ષણાત્મક પગલાનું મહત્ત્વનું આરોગ્યનું શિક્ષણ, લોકોમાં રોગ અને તેના પરિણામોની સાચી હકીકતનો ફેલાવો. લોકોમાં રોગ અટકાવવાના પ્રયત્નો થાય તે માટે વલણમાં પરિવર્તન લાવવા પ્રયત્નો જરૂરી છે. રકતપિતની સેવા, સૂચના કરીને સાચી શ્રધ્ધાંજલિ આપીએ. પૂજ્ય બાપુ મજદૂરોમાં રહેલ ભારત અને વિશ્વ રક્તપિત્ત મુકત બનાવવાના ભગીરથ કાર્યમાં સહયોગી થવા મારા હ્રદયપૂર્વકના અભિનંદન આપું છું. ગુજરાતમાં સને ૧૯૫૫ની રાષ્ટ્રીય રક્તપિત્ત નિયંત્રણ કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો અને અસરકારક મલ્ટી ડ્રગ સારવાર પદ્ધતિ અમલમાં આવતા પહેલા રક્તપિત્ત માટે એક જ દવા હતી ત્યાર બાદ મલ્ટીપરપઝ એટલે ત્રણ જાતની દવા રક્તપિત્તના દર્દીને આપવામાં આવે છે. મને કાલે જ જાણવા મળ્યું હતું કે રક્તપિત્તના દર્દીને પહેલી જે ચાર ગોળીઓનો ડોઝ આપવામાં આવે છે એ ડોઝ આપવાની સાથે તેને ચેપીરોગમાંથી મુકત મળે છે. રક્તપિત્તનો ચેપીરોગ બે રીતે થાય છે. એની ચેતાની અનેક ચેતામાં ડાઘા પડ્યા હોય, ચાંઠા પડ્યા હોય એ ચેપી હોય છે. એક જ ચેતામાં ચાંઠું પડ્યું હોય તે ચેપી હોતું નથી. આ રીતે રક્તપિત્તના બે પ્રકાર હોય છે.

૧૯૮૪માં દક્ષિણ ગુજરાતના છ જિલ્લાઓમાં, તબક્કાવાર ૧૯૯૧માં ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રના તેર જિલ્લામાં મલ્ટી ડ્રગ સારવાર કાર્યક્રમ અમલમાં મૂકવામાં આવ્યો. ભારત સરકારે એપ્રિલ એકથી વર્લ્ડબેંક સહાયિત નેશનલ લેપ્રેસી એલીમેશન પ્રોગ્રામ અમલમાં મૂકી રક્તપિત્તના રોગના પ્રમાણની અંદર જે દસ હજારની વસ્તીએ ઘટાડીને ૨૦૦૫માં સુધીમાં એકથી નીચે ગયું. જે ૧૯૮૬ની અંદર દસ હજારે એકવીસ પૉઈન્ટ હતો એ આજે એકથી પણ નીચે ગયો છે એ ખરેખર આપણી સિદ્ધિ છે, ગુજરાતની સિદ્ધિ છે એના માટે આપણને ગૌરવ હોવું જોઈએ. આ ઉપરાંત રકતપિતના દર્દીઓને પુન:વસન માટે એમની વિકૃતિ દૂર કરવા માટે ગુજરાત સરકારે જે ઑપરેશનો કર્યા એને લગભગ પાંચ હજાર જેવા રક્તપિત્તના દર્દીઓને વિકૃતિમાંથી સાજા કર્યા છે, પોતાનું કામ કરતા કરેલ છે અને સાથે સાથે એવા દર્દીઓને માટે પુન:વસવાટ માટે પણ સરકારે વિશેષ પ્રયત્નો કર્યા છે, પરિણામે જાપાનની એક સંસ્થા જે રક્તપિત્તના માટે કામ કરે છે એ શાસાકાવાની સંસ્થા છે એ સંસ્થાએ માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈને, માનનીય આરોગ્ય મંત્રી તે વખતના શ્રી અશોકભાઈને અને સરકારી અધિકારીઓ બધા ભેગા હતા ત્યાં આગળ તેમને એવોર્ડ આપવામાં આવ્યો છે. આ વિશ્વનો શ્રેષ્ઠ એવોર્ડ હતો. મારું કહેવાનું કારણ એ જ છે કે આ રીતે રક્તપિત્તના વિભાગની અંદર જે કામ કર્યુ છે એ કામ નોંધપાત્ર છે. એ રીતે અંધત્વ નિવારણ માટે પણ ગુજરાતની અંદર વર્ષોથી આજે પણ આપણે ડો. દોશી, ડો. વસંતભાઈ પરીખ આ બધાને યાદ કરીએ છીએ.

**ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય આરોગ્ય મંત્રીશ્રી ૩૮, ૩૯, ૪૦ અને ઉદ્યોગ અને પ્રવાસન વિભાગની ૫૧ નંબરની માગણીઓ લઈને આવ્યાં છે એમાં મારા વિચારો રજૂ કરવા ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગૃહમાં એક સભ્યશ્રી કહેતા હતા કે નીરોગી બાળક અને દેવા વગર જન્મે એવું કાંઈક આપણે કરવું જોઈએ અને આપણે આ માટે પણ ચિંતિત છીએ ત્યારે આ વર્ષની શરૂઆતમાં જ આ બજૅટ સત્રમાં નીરોગી બાળક કેવી રીતે જન્મે એનો પ્રયત્ન કરવાનો હોય ત્યારે દરેક વિભાગ પોતપોતાનો ટેકસ નાખે છે. નાણા મંત્રીશ્રી પોતાનો ટેકસ નાંખે, મહેસૂલમંત્રી જંત્રીના નામે એટલો બધો ટેકસ નાખે કે જેના એના ઘરમાં નવું બાળક આવવાનું છે એની મા-બાપ ખુશી વ્યકત કરવાને બદલે મકાનનો જે ટેકસ ભરવાનો હોય એની ચિંતા કરતા હોય, ઊર્જા વિભાગ પણ ફયુઅલ ચાર્જીસ વધારે એની ચિંતા કરે. આરોગ્ય વિભાગની ચિરંજીવ યોજના માટે હમણાં ડો. કળસરિયાએ સારી વાત કરી. પરંતુ ગામડામાં અત્યારે કેવી પરિસ્થિતિ છે એમને કદાચ અમારી બાજુના ગામડામાં નહિ જોઈ હોય. ભલે સરકારે ચિરંજીવી યોજના દાખલ કરી પણ ખાનગીમાં આજે પણ ડોકટરોને ૧૭૯૫ રૂપિયા તો સરકાર તરફથી મળે છે પણ બીજા પૈસા એ દર્દી પાસેથી ઉઘરાવી લેતા હોય છે એટલે સિઝેરીયન તો કરતા જ હોય છે એમાં અટકતા નથી એમની વાત સાચી છે. ખરેખર સિઝેરીયન અટકવું જોઈએ પણ એ નથી અટકતું. આ આરોગ્ય વિભાગ સુખાકારી માટે, આરોગ્યની સેવાઓ સહેલાઈથી નજીકના સ્થળે મળી રહે એના માટે પ્રયત્ન કરતું હોય છે અને એના માટે ખૂબ સારો સેટઅપ પણ છે.છેક ગામડાંમાં સબ સેન્ટરથી માંડીને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર સામૂહિક આરોગ્ય કેન્દ્રો, જનરલ હોસ્પિટલ શહેરો સુધીનું આવું સરસ સેટઅપ પણ છે અને જેમ જેમ વસ્તી વધે તેમ તેમ નવા સુધારા કરવા પડે.પી.એચ.સી. વધારવા પડે, સી.એચ.સી. વધારવા પડે, સબસેન્ટરો વધારવા પડે. આ કરવું પડે પરંતુ એના માટે જે સગવડો ઉભી કરવાની થાય એમાં ખૂબ દુ:ખ સાથે કહેવું પડે કે પહેલી વખત આવું સબસેન્ટર માટે જે રકમ ફાળવવામાં આવી છે એ ૨૦૦૭-૦૮ના વર્ષ કરતા ઓછી લગભગ ૫,૬૨,૮૫૦૦૦ જેટલી રકમ ઓછી ફાળવવામાં આવી છે. ગામડાંમાં તો ખરેખર વધારે સંભાળની જરૂર છે આરોગ્યની ત્યારે મને એમ હતું કે મોટાભાગનું બજેટ આપણે શહેરો તરફ લઈ જઈએ છીએ એના કરતાં ગામડાંઓના લોકોને સારી સુવિધા આપીએ એવું માનનીય આરોગ્ય મંત્રીશ્રીએ કરવું જોઈએ એવું મને લાગે છે. કેન્દ્ર સરકાર પણ ચિંતિત છે નેશનલ રૂરલ હેલ્થ મિશનના નેજા નીચે જે કોમ્યુનિટિ હેલ્થ સેન્ટરો છે એ ત્રણ તબકકામાં સ્ટ્રેન્ધન કરવાની વાત કરે છે. એને વધારે પૈસા આપે છે ચોપ્પન કરોડ ચાલીસ હજાર જેટલા તો આ સરકાર કેમ એને વધારે સ્ટ્રેન્ધન કરીને ડોકટરો મુકવાનું કામ કેમ નથી કરતી? આપણે ચિરંજીવી યોજનાની વાત કરી એમાં જે એકસપર્ટ ડોકટરો છે, તજજ્ઞો છે એ ફકત ૩૭ ટકા જેટલા છે એટલે ગામડાઓમાં કેવી સુવિધા મળતી હશે એ આપ સમજી શકશો. સબ સેન્ટર માટે પૈસા ઓછા ફાળવે છે એટલું જ નહીં પણ આયુર્વેદિક વિભાગ માટે પણ આ સરકાર ગામડાંઓમાં પૈસા ખૂબ ઓછા ફાળવે છે. મને તો એમ હતું કે જેમ બીજા દેશો એલોપીમાંથી આયુર્વેદિક તરફ વળ્યા છે અને શરીરને ઓછું નુકસાન કરે છે એટલે આ વિભાગને વધુ ડેવલપ કરવા માટે અને ગામડાંઓમાં વધુ સારી સેવા મળે એટલા માટે બજેટ વધુ ફાળવશે. પણ અહિંયા એમના આંકડાઓ જોયા તો આયુર્વેદિક વિભાગમાં ઓછી રકમ ફાળવવામાં આવી છે અને એમાં પણ શહેરમાં જેનું સંશોધન થાય છે, તાલીમ મળે છે એમાં પણ સાહેબ ૪,૫૪,૧૩,૦૦૦ જેટલા ઓછા પૈસા ફાળવવામાં આવે છે. ગામડાંઓમાં આયુર્વેદના જે પ્લાન્ટ છે એ પ્લાન્ટ આપણને સારી રીતે મળી શકે, વ્યવસ્થિત આપણે નવા પ્લાન્ટ ઉગાડી શકીએ એના માટે રકમ વધુ ફાળવવી જોઈએ તો એનાથી આપણને ખૂબ ફાયદો થાય એમ હું માનું છું અત્યારે સરકારે એક બ્લોક હેલ્થ ઓફિસર એટલે તાલુકા લેવલે એક નવો મેડિકલ ઓફિસર. એની કામગીરી શું તો સુપરવિઝનની. અત્યારે ગામડાંઓમાં ડોકટર મળતા નથી ત્યાં જગ્યા ખાલી છે અને પેલો તાલુકામાં મેડિકલ ઓફિસર એમને એમ બેસી રહે છે, ઈચ્છા થાય ત્યારે એકાદ આંટો મારી આવે છે. આમની પાસેથી કામ લેવું જોઈએ. એમની જે જગ્યાએ જરૂર હોય એ જગ્યાએ મૂકવા જોઈએ. મારે તો આપને એ કહેવું છે જે આદિવાસી વિસ્તારો છે, જયાં ડોકટરો જતા નથી ત્યાં સ્પેશ્યલ ઈન્સેન્ટિવ આપીને

ડોકટરોની ગોઠવણ કરવી જોઈએ. તો આ વિસ્તારોને સારી સેવા મળી રહે. સગર્ભા માતા માટે જે આપણે નોંધણી કરીએ છીએ. આ કામ પી.એચ.સી. અને સબ સેન્ટરની બહેનો કરતી હોય છે. આ બહેનો રહે સબસેન્ટરોમાં એના માટે સુવિધાઓ, આજે સબસેન્ટરો જુઓ તો મોટાભાગે તુટેલી હાલતમાં જોવા મળે છે. મારી મંત્રીશ્રીને વિનંતી છે કે આનું ખરેખર સઘન ચેકીંગ થવું જોઈએ જેમ પહેલાના વખતમાં ડિસ્ટ્રીક હેલ્થ ઓફિસર એનું રેગ્યુલર ચેકીંગ કરતા દર મહિને રેગ્યુલર ચેકિંગ થાય અને એનો રિપોર્ટ લેતા તો એનાથી સગર્ભા માતાઓ કેટલી છે, એને રેગ્યુલર દવાઓ મળે છે. બહેનોનું ચેકિંગ વ્યવસ્થિત થતું. જે આજે નથી થઈ શકતું અને બીજું એક કે કુટુંબકલ્યાણની કામગીરીમાં જે વસ્તી છે એ વસ્તી જયારે આપણા મુખ્યમંત્રીશ્રી બેઠા ૨૦૦૧માં ત્યારે પાંચ કરોડ સાત લાખની હતી એટલે આપણા મુખ્યમંત્રી ઘણીવાર કહેતા કે પાંચ કરોડ ગુજરાતની જનતા માટે હું બેઠો છું પણ અત્યારે તો એમના સમયકાળમાં જ ૫૧ લાખ જેટલી વસ્તી વધી ગઈ છે. આના માટે જન્મદર ઘટે એના માટે કોઈ પ્રયત્ન કરતા નથી? આપણે સાહેબ. આ ૫૧લાખ જેટલી વસ્તી વધી, આગામી દિવસમાં શું પરિસ્થિતિ પેદા થશે એ આપ સમજી શકો છો. રીવાઈઝ નેશનલ ટયુબર કયુલોસીસ પ્રોગ્રામ જે ચાલી રહ્યો છે એ પ્રોગ્રામમાં અત્યારે પણ ગામડાં લેવલે જે ટી.બી.ની દવા જે ઘરે ઘરે મળવી જોઈએ એ નથી મળી શકતી. કારણ કે એનો સ્ટાફ રેગ્યુલર ગામડે જતો નથી. મંત્રીશ્રીને વિનંતી છે કે આવા ગામડાઓમાં આવી દવા રેગ્યુલર મળે. ટી.બી. ના દર્દીઓ ઓછા થાય તેવો પ્રયત્ન કરશો. આજે પણ ગામડામાં ડેથ રેટ હવે વધુ છે. મેલેરિયા માટે આપણે જે પદ્ધતિ અપનાવી છે. લોહીના નમૂના લઈ અને મેલેરિયાના કેટલા જંતુઓ છે એ પ્રમાણે હાઈ રિસ્ક એરિયા નક્કી કરીએ છીએ અને એ પ્રમાણે દવા નક્કી કરીએ છીએ. આજે પરિસ્થિતિ છે કે ગામડાના લોકો લૅબૉરેટરીમાં તપાસ માટે આવતા નથી. ગામડામાં પી.એચ.સી., સી.એચ.સી. માં ના જાય અને પ્રાઈવેટ દવાખાનામાં જાય છે. અને દવા લઈ મટી જાય છે, જતા રહે છે અને ચોક્કસ નિદાન થતું નથી. હાઈ રિસ્ક એરિયા હોવા છતા દવા છંટકાવ થતો નથી. મેલેરિયા સિવાયના ઘણા બધા રોગો, ટાઇફૉઇડ, ડેન્ગ્યુ, ચીકનગુનિયા રોગો ફેલાય છે. એના માટે મારી મંત્રીશ્રીને વિનંતી છે કે હાઈ રિસ્ક વિસ્તાર નક્કી કરીને દવા છંટકાવ એ રેગ્યુલર થવો જોઈએ. આજે શું કરીએ છીએ. મચ્છરદાની દવાયુક્ત લાવીએ છીએ. એક ઘરમાં એક પરિવારને એક મચ્છરદાની આપીએ, પણ એક ઘરમાં પાંચ-છ ઘરનું પરિવાર હોય તો એક મચ્છરદાનીમાં કેવી રીતે રહી શકે. બીજું કહેવું છે કે મચ્છરદાની દવા યુક્ત હોય અને તેનાથી મચ્છર મરી જતા હોય તો માણસને શું અસર થઈ શકતી હશે, એનો સરવે કરવામાં આવ્યો છે ખરો? મંત્રીશ્રીને વિનંતી છે કે આ માટે વ્યવસ્થા કરે. રોગી કલ્યાણ સમિતિ માટે વાત કરવાની છે. અત્યારે સેવા મફત મળવી જોઈએ. યુઝર્સ ચાર્જિસ શરૂ કરી દીધો અને લગભગ ૨૬ કરોડ રૂપિયા ભેગા થયા છે. દવાઓ માટે પૈસા જરૂર ખર્ચી શકાય, પણ જે ગરીબ માણસોને એમને ફૉર્સ પાડવામાં આવે છે અને જે કેસથી માંડીને એક્સ-રે, લૅબૉરેટરી બધા ચાર્જિસ લેવામાં આવે છે. ગરીબ માણસ હેરાન થઈ ગયો છે. કૅન્સરમાં માણસ દાખલ થાય, ત્યારથી શરૂ થાય છે અને પાછો નીકળીને મરણને શરણ થાય છે, ત્યાં સુધી એટલી બધી ફી વધારે હોય છે કે આખો પરિવાર ખલાસ થઈ જાય છે. મંત્રીશ્રી બહુ પૉઝિટિવ છે. (સમય સૂચક ઘંટડી) ગઈ વખતે કહ્યું હતું કે આવા ગરીબ દર્દીઓને બી.પી.એલ. કાર્ડ ન હોય તો પણ ધારાસભ્ય આવો દાખલો આપે તો સેવા મફત મળશે એમ કહ્યું છે.

**સભાપતિશ્રી :** આપનું પ્રવચન પૂરું કરો.

**ડૉ. અનિલ જોષીયારા** : મને ચોક્કસ વિશ્વાસ છે કે મંત્રીશ્રી આ બાબતમાં ચોક્કસ ધ્યાન આપશે.

**શ્રી મહેન્દ્રભાઈ લી. મશરુ (જુનાગઢ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી આરોગ્ય અને પરિવાર કલ્યાણ, ઉદ્યોગ અને ખાણ વિભાગના પ્રવાસન બાબતની માગણી ક્રમાંક-૩૮,૩૯,૪૦, અને ૫૧ લઈને આવ્યા છે. તેના સમર્થનમાં મારી વાત કરવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણની ૧૩૪૦ કરોડ રૂપિયાની માગણી કુલ બજેટના ૩ ટકા જેટલી માગણી લઈને આવ્યા છે, તેને હું સમર્થન આપું છું. હું થોડો ભૂતકાળમાં જવા માગું છું. થોડા વર્ષ પહેલાં આ જ હાઉસની અંદર જ્યારે આરોગ્ય વિભાગની પ્રશ્નોત્તરી થતી હતી, ત્યારે ૭૨ ટકા પ્રશ્નો ડૉકટરોની ઘ ટના આવતા હતા. ૭૦ ટકા પ્રશ્નો દવાની અછતના આવતા હતા. હૉસ્પિટલ એ હૉસ્પિટલ નહોતી. ગંદકીના ઘ ર હતા. હૉસ્પિટલની અંદર દવાઓ ન મળતી, હૉસ્પિટલના બીછાના, ગાદલા તૂટેલા, હૉસ્પિટલના પલંગો તૂટેલા અને દવાઓ પગ કરી જતી હોય આ દિવસો મેં જોયા છે અને ૧૯૯૧ની સાલમાં પણ આજ હાઉસમાં મેં કહ્યું હતું કે આરોગ્ય વિભાગ માંદગીના ખાટલે પડેલો વિભાગ છે. મને કહેતા આનંદ થાય છે કે છેલ્લા ૫-૬ વર્ષની અંદર આ હૉસ્પિટલ, દવાખાના છે એને આરોગ્ય મંદિરમાં ફેરવી નાખવાનું સત્કાર્ય જો કર્યુ હોય તો આ રાજ્ય સરકારે કર્યુ છે. આજે આ વિભાગનો હવાલો માનનીય જયનારાયણભાઈ વ્યાસ સંભાળી રહ્યા છે ત્યારે બહુ જ કાર્યદક્ષ મંત્રી છે. બહુ જ હોંશિયાર, ભણેલ ગણેલ વ્યક્તિ છે ત્યારે હું ચોક્કસ આવકાર આપું છું અને આશા રાખું છું કે ભૂતકાળમાં જે સુંદર કાર્યો થયા છે તેનાથી વિશેષ કાર્યો થાય તેવી આશા પણ હું રાખું છું. માનનીય અધ્યક્ષશ્રી, થોડા સમય પહેલાંની વાત છે. મૅડિકલમાં એડમિશન લેવા માટે છોકરાઓ પારાવાર મુશ્કેલીમાં મુકાઈ ગયા હતા, તેમના પરિવારજનો પણ મુશ્કેલીમાં મૂકાઈ ગયા હતા ત્યારે આ રાજ્ય સરકારે કાયદામાં સુધારો કરીને પ્રવેશ માટેના નવા નિયમો બનાવીને આ વિદ્યાર્થીઓને ઉપયોગી થવાનું જે સદકાર્ય કર્યુ છે તેના માટે હું અભિનંદન આપું છું. સાથે સાથે જે વિદ્યાર્થીઓએ ફી ભરવાની હતી તેના માટે ફી નિયમન સમિતિ નક્કી કરીને ફીનું ધોરણનું માળખું

નક્કી કર્યુ અને ત્રણ વર્ષનું માળખું અનામત રહેશે અને તેમાં પણ વિદ્યાર્થીઓને ન્યાય મળી રહ્યો છે માટે પણ હું અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદની સિવિલ હૉસ્પિટલ એશિયાની સૌથી મોટી સિવિલ હૉસ્પિટલ છે. આ હૉસ્પિટલની અંદર ત્રણ વિભાગ અત્યંત સારી કામગીરી કરી રહ્યા છે. ગુજરાત કૅન્સર એન્ડ રીસર્ચ સૅન્ટર. આ જે હૉસ્પિટલ છે તે આરોગ્ય વિભાગ તથા કૅન્સર સોસાયટીના સંયુકત ઉપક્રમે નિર્માણ થયેલ છે અને સ્ટેટ ઑફ કૅન્સર રિસર્ચ ઈન્સ્ટિટયૂટ સ્થાપવામાં આવેલ છે અને આ હૉસ્પિટલની અંદર એ લોકોએ એમ નક્કી કર્યુ છે કે આગામી પાંચ વર્ષની અંદર વિશ્વની સૌથી મોટી કૅન્સર હૉસ્પિટલ છે અમેરિકામાં કલોબર્ન કૅન્સર ઇન્સ્ટિટયૂટ છે તેની સરખામણીમાં કદાચ એનાથી પણ સારી હૉસ્પિટલ બને, વધારે સુવિદ્યાપૂર્ણ બને અને વધારે દર્દીઓની સુવિદ્યા માટેની બને તે માટેના પ્રયાસો આ હૉસ્પિટલ કરી રહી છે. આ કૅન્સર હૉસ્પિટલની અંદર આજે બોર્નમરો ટ્રાન્સપ્લાન્ટના ઑપરેશન થઈ રહ્યા છે. બ્રેઈન ટયુમરના ઑપરેશન થઈ રહ્યા છે. લિંબ સર્જરી થઈ રહી છે અને ખૂબ જ આધુનિક સાધનો દ્વારા આ બધા ઑપરેશનો થઈ રહ્યા છે. શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ હેઠળ જે બાળકોને કૅન્સરની બિમારી માલૂમ પડી હતી આવા બાળકોને વિના મૂલ્યે આ હૉસ્પિટલમાં સારવાર આપવામાં આવી રહી છે. આવતા બજૅટની અંદર સરકાર રકમ ફાળવવાની છે એવો મને ખ્યાલ આવ્યો છે અને લોકભાગીદારીથી આ બંને બાબતોના પૈસાથી કૅન્સર આવ્યા પછી સારવાર થાય તે બરાબર છે પરંતુ કૅન્સર થાય નહીં તેના પહેલાં આગોતરી જાણ થાય અને તે માટેનું નિદાન પણ આ હૉસ્પિટલ કરવા માગે છે તે પણ ખરેખર આવકારદાયક છે.

માનનીય અધ્યક્ષશ્રી, આવી જ રીતે આ સિવિલ હૉસ્પિટલ કેમ્પસમાં સરકારી ગ્રાન્ટથી ચાલતી બીજી યુ.એન.મહેતા કાર્ડિયોલોજી ઈન્સ્ટિટયૂટ આવેલી છે અને ૨૦૦ પથારીની વ્યવસ્થા આ હૉસ્પિટલમાં છે અને ગરીબમાં ગરીબ દર્દીઓ તેનો લાભ લઈ રહ્યા છે. આ હૉસ્પિટલની અંદર ત્રણ કેથેરલ છે, ત્રણ કાર્ડીયાક થિયેટર છે, ૧૪ પથારીવાળું આઈ.સી.સી.યુ છે અને ૧૩ પથારીવાળું બાળકો માટેનું આઈ.સી.સી.યું. છે. અત્યંત આધુનિક સાધનો દ્વારા આ બધા ઑપરેશન થઈ રહ્યા છે. મને કહેતાં આનંદ થાય છે કે આ હૉસ્પિટલની અંદર વિશ્વભરમાંથી, એશિયાભરમાંથી, બીજા દેશોમાંથી પણ દર્દીઓ સારવાર માટે આવી રહ્યા છે. આ આપણા માટે એક આનંદની વાત છે. આ વિભાગમાં પણ શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ હેઠળ જે બાળકોને હદયરોગની તકલીફ હોય તેના વિનામૂલ્યે ઑપરેશન કરવામાં આવ્યા છે અને ૨૦૦૯ની સાલ સુધી આ હૉસ્પિટલને ૪૦૦ બેડની બનાવવાનું સરકારનું ધ્યેય રહેલ છે. જેમાં પિડીયાટ્રીક તેમજ નીઓનેટલ આઈ.સી.સી.યુ બે કાર્ડિયાક ઓ.ટી અને એક કેથરેલનો વધારો કરવા માગે છે અને સાથે સાથે આ હૉસ્પિટલમાં બ્લડબેંક તથા હોમોગ્રાફ ટ્રાન્સપ્લાન્ટ બનાવવા સરકાર વિચારી રહી છે તે માટે અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આવી જ રીતે ત્રીજી ઈન્સ્ટિટયૂટ કીડની. વિશ્વની સૌથી વધારે દર્દીઓ અને બેડની સંખ્યા ધરાવતી આ હૉસ્પિટલ સિવિલ કેમ્પસમાં આવેલી છે. સરકાર તેને ગ્રાન્ટ આપે છે. આ હૉસ્પિટલની અંદર દરરોજ એક કિડની ટ્રાન્સપ્લાન્ટ થાય છે. ગયા વર્ષે ૨૭૮ પ્રત્યારોપણ થયા હતા. કુલ માનનીય અધ્યક્ષશ્રી, જે જીવંત વ્યકિતઓએ કિડની દાતાઓએ કિડની આપેલી હોય અને તે કિડની દાતાઓની કિડની દ્વારા લગભગ ૨૦૨૮ કિડની ટ્રાન્સપ્લાન્ટ પ્રત્યારોપણ આ હૉસ્પિટલમાં થયા છે. બ્રેઈનડેડ કેડેવર કિડની દ્વારા ૧૯૩ પ્રત્યારોપણ થયા છે. આ હૉસ્પિટલ વધારે તબીબી જ્ઞાન આગળ લઈને ચાલવા માગે છે. સ્ટેમસેલ થેરાપીનો ઉપયોગ લઈને કિડની બચાવવાના કાર્યમાં આ હૉસ્પિટલ પડી છે. આ હૉસ્પિટલ આગળ વધી રહી છે ત્યારે અત્યાર સુધીમાં Arthritis, સોરાઈસીસ, સફેદ દાગનું lupus જેવા કઠિન રોગોમાં પણ આ stents ઉપયોગ કરીને થેરાપીનો ઉપયોગ કરીને, લગભગ ૪૨ દર્દીઓને નવજીવન બક્ષ્યું છે. વિશ્વમાં બહુ ઓછી જગ્યાએ લીવરના ઑપરેશન થાય છે આ લીવરના ઑપરેશન પણ આ અમદાવાદની કીડની ઇન્સ્ટિટ્યૂટમાં થઈ રહ્યા છે. આ આપણા માટે અને દર્દીઓ માટે આનંદની વાત છે. આ રીતે ત્રિ સ્તરીય સેવાઓ થઈ રહી છે. માનનીય અધ્યક્ષશ્રી, હું થોડીક એ વાત કરવા માગું છું કે, ગુજરાત કઈ કઈ બાબતોમાં પ્રથમ છે તો આરોગ્ય ક્ષેત્રે આ રાજય આખા ભારત ભરમાં સૌથી પ્રથમ રહેલું છે એટલું જ નહીં પણ ગુજરાતમાં પણ સૌથી પ્રથમ જુનાગઢ જિલ્લો રહેલો છે અને એને માટેનો યશ જુનાગઢની સિવિલ હૉસ્પિટલ અને લૅબૉરૅટરીના સ્ટાફને જાય છે. ચક્ષુ દાન ક્ષેત્રે ગુજરાત રાજય આખા ભારતમાં પ્રથમ રહેલું છે, ૨૭ હજાર જેટલા ચક્ષુ દાનો દરવર્ષે થાય છે, સારા આરોગ્યમાં પણ વર્ષે ચારથી પાંચ હજાર બાળકોને સુપર સ્પેશીયાલીટી સારવાર મળે છે, પાંચ વર્ષની અંદર પોણા બે લાખ બાળકોને ચશ્માનું વિતરણ થયું છે. રોગી કલ્યાણ સમિતિ દ્વારા એક વર્ષમાં ૨૪ કરોડની આવક ઉભી થાય અને આ ચોવીસે ચોવીસ કરોડ રૂપિયા દર્દીઓના હિતમાં વાપરવામાં આવે છે. ૧૦૮ એમ્બ્યુલન્સની જે સેવાઓ હમણાં ઉભી કરી છે એ સેવાઓ દાદ માગી લે તેવી છે અને ઠેકઠેકાણે દર્દીઓને હજારો દર્દીઓને નવજીવન બક્ષ્યું છે. રક્તપિત્ત નિર્મુલન દશ હજારે એકનું સ્ટાન્ડર્ડ લઈને આવવાની વાત હતી એમાં આ સ્ટાન્ડર્ડ/ ધોરણ પૂરું કર્યુ છે. ઇન્ટરનૅશનલ લેપ્રેસી યુનિયન તથા સાસાકાવા ફાઉન્ડેશન, જાપાન દ્વારા પણ આ રક્તપિત્ત નિર્મૂલન ક્ષેત્રે માનનીય મુખ્યમંત્રીશ્રી, પછી માનનીય આરોગ્ય મંત્રીશ્રી,, પછી ઑફિસર્સ, કમિશનરશ્રી, તમામ સ્ટાફને એવોર્ડ મળેલો છે, આ સાથે માનનીય અધ્યક્ષશ્રી, હું મારી વાત પૂરી કરું છું.

**ડૉ. નીમાબેન બી. આચાર્ય (અંજાર)** : માનનીય અધ્યક્ષશ્રી, આજે માનનીય આરોગ્ય મંત્રીશ્રી સભાગૃહ સમક્ષ જે માગણીઓ લઈને આવ્યા છે તેના ઉપર મારા વિચારો રજૂ કરવા માટે અને તેને સમર્થન આપવા માટે ઉપસ્થિત થઈ છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્ય મંત્રીશ્રીની નેમ છે કે રાજયમાં સર્વાંગી વિકાસ થાય, અને આરોગ્યની સેવાઓ પણ વધુ સારી બને તે જાતનું તમામ આયોજન કરવામાં આવી રહ્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, મારે માત્ર બે -ત્રણ જ વાત કરવી છે.

ચિંરજીવી યોજના આઠમી સપ્ટેમ્બર, ૨૦૦૬થી શરૂ થઈ, રાજયમાં માત્ર માતૃ મૃત્યુ દર ઘટે અને બાળ મૃત્યુ દર ઘટે એની ખૂબ જ ચિંતા હતી, અને તે અન્વયે ચિંરજીવી યોજના શરૂ કરવામાં આવી, આ યોજનામાં ૮૫૨ જેવા સ્ત્રી રોગ નિષ્ણાતોની સાથે સરકારે કરાર કર્યા અને પૅકેજ મૂકવામાં આવ્યું જેમાં ૧૭૯૫ રૂપિયા એક પ્રસૂતિ માટે આપવામાં આવે જેની અંદર સામાન્ય પ્રસૂતિ, કોમ્પ્લીકેટેડ પ્રસૂતિ અને સિઝેરિયન ઑપરેશન વગેરેનો સમાવેશ કરીને ૧૭૯૫૦૦નું એક પૅકેજ બનાવવામાં આવ્યું, એમાં દર્દીની દવાઓ, એનેસ્થેશિયા, લૅબૉરેટરી અને ઑપરેશન ચાર્જ જ બધુ આવી જાય અને એ ત્યારે દર્દીને આવવા જવાના ભાડારૂપે ૨૦૦ રૂપિયા અને એના એટેન્ડન્સના ૫૦ રૂપિયા એ ડૉકટર દ્વારા જ જ્યારે તે જે સમયે એડમિશન સમયે આપવામાં આવે, આવી યોજનાઓનું પૅકેજ છે, આ યોજનાઓ દ્વારા એટલી સુંદર કામગીરી થાય કે આપણને જેની ચિંતા હતી કે માતૃ મૃત્યુ દર ઘટે અને બાળ મૃત્યુ દર ઘટે, એ ચિંતામાં ખરેખર ખૂબ જ સારી કામગીરી થઈ છે અને લોકોએ આ યોજનાને સ્વીકારી છે એટલે એનું સુંદર પરિણામ પ્રાપ્ત થયું છે કે આ યોજનાને Asia Innovation Awardનો એવોર્ડ પ્રાપ્ત થયો, આ Asian Innovation awardની અંદર UNEP અને IIM-A પણ એનું મૂલ્યાંકન કર્યુ છે. અને આ યોજનાને તેઓએ બિરદાવી છે અને દેશ વિદેશના લોકો જેમ જયોતિગ્રામ યોજના જોવા આવે છે ગુજરાતમાં એવી જ રીતે આ ચિરંજીવી યોજનાનો અભ્યાસ કરવા માટે લોકો અહીં આવી રહ્યાં છે. આવી સુંદર આ યોજના બનાવવામાં આવી છે. મારે આંકડા પણ આપવા છે, ફેબ્રુઆરી ૨૦૦૮ સુધી ૧ લાખ ૪૪ હજાર જેવી નોર્મલ ડિલિવરી, ૧૦ હજારથી વધારે સિઝરીયન ઓપરેશન અને ૧૧ હજારથી વધારે કોમ્પ્લીકેટેડ ડિલિવરી આ યોજના અંતર્ગત આવા લોકોએ લાભ લીધો છે અને જેને લીધે માતૃ મૃત્યુ દર જે ૧ લાખે ૩૮૯ હતો તે તે આજે ૧ લાખે ૩૭૩ થયો છે અને પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપથી ડોકટરોની ઘટ હોવા છતા પણ, નિષ્ણાત ડોકટરોની ઘ ટ હોવા છતા પણ આવું સુંદર પરિણામ આપણે પ્રાપ્ત કરી શક્યા છીએ. લોક ભાગીદારીથી જો આરોગ્ય વિભાગની સેવાઓ ઉપલબ્ધ કરવામાં આવે તો ખૂબ સારા પરિણામો આપણે પ્રાપ્ત કરી શકીએ એનો આ એક નમૂનો છે. ઘણી વખત હું અહીંયા જોઉં છું કે અહીંયા એક જ વાત કરવામાં આવતી હોય છે કે, આરોગ્ય વિભાગમાં કોઈ કામગીરી થતી જ નથી, હોસ્પિટલોમાં સેવા અપાતી નથી. પરંતુ મારે કહેવું છે કે, આ પાંચ વર્ષમાં સરકારશ્રીના પ્રયત્નોથી જે જે સિવિલ હૉસ્પિટલો છે એ બધી જ ધમધમતી થઈ છે અને તમામ મોર્ડન સુવિધાઓ છે એ આ હૉસ્પિટલોમાં આપવામાં આવે છે. સી.એચ.સી. સૅન્ટર, પી.એચ.સી. સૅન્ટર તમામ જગ્યાએ ખૂબ સુંદર વ્યવસ્થા ચાલી રહી છે અને એક પ્રજાના પ્રતિનિધિ તરીકે આપણે પણ આપણા વિસ્તારમાં આવી સંસ્થાઓમાં અને હૉસ્પિટલોમાં રસ લેવો જોઈએ અને જે જરૂરી હોય એ સૂચનો આપણે અહીંયા કરવા જોઈએ અને આ સેવાઓ લોકોને પ્રાપ્ત કરાવવી જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, આજે મારા જિલ્લાની એક વાત અહીંયા મારે કરવી છે. કચ્છમાં તા. ૨૬ જાન્યુઆરી, ૨૦૦૧માં ભૂકંપ આવ્યો અને એના અનુસંધાનમાં પુનર્વસન થયું એમાં ભુજમાં અદ્યતન હોસ્પિટલ વડા પ્રધાન ફંડમાંથી ૧૨૦ કરોડના ખર્ચે બનાવવામાં આવી એ ખૂબ સુંદર હૉસ્પિટલ બનાવવામાં આવી છે. અને આ હૉસ્પિટલ માટે હંમેશા ખોટી સાચી બધી રજૂઆતો અહીંયા થયા કરે છે ત્યારે મારે એના માટે કહેવું છે કે, એટલી બધી મહેનત કરીને આવી મોટી હૉસ્પિટલને ચલાવવાની રાજય સરકારની સાથે જિલ્લાના તમામ અધિકારીઓ અને ડોકટરોએ ખૂબ જ મહેનત કરી રહ્યાં છે અને એનું જે પરિણામ પ્રાપ્ત થયું છે એમાં ૩૦૦ પથારીની સુવિધામાં ૨૫૦ ઈનડોર પેશન્ટો રહે છે એવરેજ, ૨૫૦૦ પેશન્ટોની ઓ.પી.ડી. રહે છે અને ઈમરજન્સી સારવાર માટે ૨૦ પથારીની સુવિધા છે અદ્યતન બ્લડ બૅન્ક ખૂબ સારી રીતે ચાલે છે તેમજ ૩૦ જેટલા સુપર સ્પૅશિયાલિસ્ટ ડૉકટરો બહારથી આવીને રેગ્યુલર સેવાઓ આની અંદર આપી રહ્યાં છે અને કુદરતી આપત્તિઓથી બચવા માટે પણ ડિઝાસ્ટર રીસ્પોન્સ સૅન્ટર પણ ખૂબ સરસ રીતે કાર્યરત છે. એક્સ-રે, સોનોગ્રાફી, સીટી સ્કેન વગેરે તમામ સેવાઓ ખૂબ સારી રીતે પ્રાપ્ત થયેલ છે. ૧૯ નિષ્ણાત ડૉકટર, ૨૪ તબીબી અધિકારી ત્યાં છે અને ૨૫ જેટલા ઈન્ટર્નશીપ કરતા ડૉકટરો પણ રાઉન્ડ ધ કલોક સેવાઓ આપી રહ્યાં છે. આટલી સુંદર કાર્યવાહી આ હૉસ્પિટલમાં થઈ રહી છે અને આનું મેન્ટેનન્સ ખર્ચ વાર્ષિક ૭ કરોડ રૂપિયા આવે છે. આવી સુંદર હૉસ્પિટલને હજુ પણ અપગ્રેડ કરવા માટે ઇન્સ્ટિટ્યૂટ ઑફ કીડની ડિસીસઝ, યુ એન.મહેતા ઇન્સ્ટિટ્યૂટ ઑફ કાર્ડીયોલોજી અને એમ. પી. શાહ કૅન્સર હૉસ્પિટલની સાથે આનું જોડાણ કરીને આ હૉસ્પિટલની અંદર હજુ પણ અદ્યતન સેવાઓ પ્રાપ્ત કરવાનું આયોજન છે અને તેની સાથે સાથે આ હૉસ્પિટલની અંદર અદ્યતન કેટરેક, એન્જીયોગ્રાફી, અન્જીયોપ્લાસ્ટીની સુવિધા કરવાનું પણ આયોજન થઈ રહ્યું છે અને જોઈન્ટ રીપ્લેસમેન્ટ સર્જરી ઉપલબ્ધિ કરાવવાનું પણ આયોજન થઈ રહ્યું છે. એની સાથે ૨૦ નર્સિંગ સ્કૂલની સીટ હતી એને વધારીને ૫૦ સીટ કરવાનું આયોજન છે, બી.એસ.સી. નર્સિંગ તેમજ ફિઝિયોથેરાપી કૉલેજ પણ અહીંયા શરૂ કરવાનું આયોજન છે. હંમેશા અહીંયા કચ્છને મૅડિકલ કૉલેજ આપવાની

વાત છે એની પણ મથામણ ચાલી રહી છે અને એના માટે સંસ્થાઓ સાથે વાટાઘાટો ચાલી રહી છે અને જો કોઈ સારી રીતે સંસ્થા ચલાવી શકે એમ છે એવી સરકારને ખાતરી થશે તો આવી એક પ્રાઈવેટ મૅડિકલ કૉલેજ પણ કચ્છને આપવા માટેના સરકારના દરવાજા ખુલ્લા છે એટલે ભુજ હૉસ્પિટલને અપગ્રેડ કરવાની તમામ મહેનત કરી રહ્યા છીએ. કેન્દ્ર સરકારે જે વચન આપી અને આ હૉસ્પિટલ ચાલુ કરી હતી એ પોતાનું વચન પરિપૂર્ણ નથી કર્યુ એને લીધે આ બધી મહેનત રાજય સરકારને કરવી પડી છે, તો મારી વિનંતી છે મારા મિત્રોને કે એક જોઈન્ટ ડેલીગેશન લઈ જઈ અને કેન્દ્ર સરકાર પાસે જે અહીંની પેન્ડિંગ ફાઈલ બધી યોજનાઓ સાથેની પડી છે તેને લઈ જઈને આપણે કલીયર કરાવીએ તો મને લાગે છે કે, ભુજમાં આપણે મૅડિકલ કૉલેજ અને મૅડિકલ ટુરિઝમની આપણી જે અપેક્ષા હતી એ પણ કરી શકાશે. એથી વિશેષ વાત કરું તો ઇમરજન્સી મૅડિકલ સર્વિસીસ માટે ૧૦૮ એમ્બ્યુલન્સની સેવા જે રાજયમાં શરૂ કરવામાં આવી છે એ ખૂબજ આશિર્વાદ રૂપ બની છે અને આ સેવાના અનુભવ પછી જે ઇમરજન્સીની અંદર, અકસ્માતની અંદર જે મૃત્યુ થતા હતા એમને બચાવવા માટે બીજા ૧૨ કરોડ રૂપિયા આ બજૅટની અંદર ફાળવવામાં આવ્યા છે કે જેથી કરીને આખા રાજયની અંદર આ ઇમરજન્સી મૅડિકલ સર્વિસીસ ૧૦૮ એમ્બ્યુલન્સની સેવા આપી શકાય તો મારી આરોગ્યમંત્રીશ્રીને પણ વિનંતી છે કે, કચ્છ એક દુર્ગમ વિસ્તાર છે અને ખૂબજ મોટો જિલ્લો છે ત્યારે આ વિસ્તારને સૌથી પહેલાં આ ૧૦૮ એમ્બ્યુલન્સની સેવા આપવામાં આવે અને બે એમ્બ્યુલન્સ અહીં જરૂરી છે વિસ્તારની દ્રષ્ટિએ જેથી કરીને પૂર્વ કચ્છ અને પશ્ચિમ કચ્છ બન્નેને આ ૧૦૮ એમ્બ્યુલન્સનો લાભ મળી શકે. તે ઉપરાંત આઈ.આઈ.એમ. રાજય સરકાર અને પબ્લિક હેલ્થ ફાઉન્ડેશન ઑફ ઈન્ડિયાના ઉપક્રમે એક સંસ્થા બનાવવામાં આવી છે જેને ૫૦ એકર જમીન આપી અને ૨૦ કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે અને આની અંદર શોર્ટ કોસીર્સ ચાલુ કરવાનું નક્કી કરવામાં આવ્યું છે જે રીતે નર્સીસની શોર્ટેજ છે, અન્ય પેરા મૅડિકલ સ્ટાફ લેબ ટેકનિશિયન્સ, હૉસ્પિટલ એટેન્ડન્ટ વિગેરેની જે શોર્ટેજ છે તો એના માટેના કોસીર્સ આમાં ચાલુ કરવામાં આવશે અને તેની અંદર મારું એક બીજું સૂચન છે કે, જેમ આપણે ડિપ્લોમા એન્જિનિયરીંગના કોસીર્સ કરીએ છીએ તેમ ડિપ્લોમા એમ.બી.બી.એસ.ના કોસીર્સનો જો સિલેબસ તૈયાર કરવામાં આવે તો ગ્રામ્ય વિસ્તારમાં જે ડૉકટરોની ખોટ છે તે ખોટ આ ડિપ્લોમા એમ.બી.બી.એસ. ના કોર્સ દ્વારા થયેલા નિષ્ણાત ડૉકટરોને આપણે પહોંચાડી અને સારામાં સારા કવોલિફાઈડ ડૉકટરો દ્વારા મૅડિકલ સર્વિસીસ આપણે ગામડાઓમાં આપી શકીએ તો આ એક મારું સૂચન હતું અને 'નીરોગી બાળ વર્ષ' ઉજવવાનું રાજય સરકારે જે નક્કી કર્યુ છે હું હૃદયપૂર્વકના અભિનંદન આપું છું કારણકે બાળકોના વિકાસ, બાળકોનું આરોગ્ય, બાળકનું પોષણ, બાળકનો માનસિક વિકાસ આ તમામ વસ્તુ ખૂબજ જરૂરી છે આપણા રાજયને ૨૦૧૦માં ગોલ્ડન રાજય બનાવવાનું હોય તો આ ખૂબ જરૂરી છે અને એના માટે નીરોગી બાળ વર્ષની જે જાહેરાત કરી છે તેના માટે આપણે બધા ભેગાં થઈને ખૂબ સારી રીતે આ વર્ષને સફળતા અપાવીએ એટલી વિનંતી સાથે ફરી વખત આરોગ્યમંત્રીશ્રીને અને મુખ્યમંત્રીશ્રીને ખૂબ ખૂબ અભિનંદન આપું છું ધન્યવાદ.

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના મંત્રીશ્રી, ઉદ્યોગ અને ખાણ વિભાગના મંત્રીશ્રી એમની માગણી નંબર-૩૮, ૩૯, ૪૦ અને ૫૧ લઈને આવ્યા છે તેના પર હું મારા વિચારો વ્યક્ત કરવા માટે ઉપસ્થિત થયો છું.

મારી પહેલાંના મારા સાથી મિત્રો જ્યારે વાત કરતા હતા ત્યારે હું ખૂબ ધ્યાનથી સાંભળી રહ્યો હતો અમે ગામડામાંથી આવીએ એટલે ગામડાનો અનુભવ પણ એમ થાય કે જે વાત કરે છે એમાં વારંવાર અભિનંદનની વર્ષા થાય, સારું કામ કરે એને ચોક્કસ પીઠ થાબડીને અભિનંદન આપવા અને એ કામ કરવા માટે એને પ્રોત્સાહિત કરવા જોઈએ એ પણ એક માનવસહજ સ્વભાવ હોવો જોઈએ.

ગ્રામ્ય વિસ્તારની અંદર આરોગ્યની જે પરિસ્થિતિ છે એની એક વાત હું આપના મારફતે માનનીય મંત્રીશ્રીના ધ્યાન પર મૂકવા માગું છું. તારાંકિત પ્રશ્નોત્તરી તારીખ ૨૯મી ફેબ્રુઆરી, એ જ રીતે બીજી તારાંકિત પ્રશ્નોત્તરી તારીખ ૧૭મી માર્ચ. આરોગ્ય વિભાગ કઈ રીતે કામ કરી રહ્યું છે એનો ફક્ત એક દાખલો આપીશ અને મારી વાત હું આગળ ચલાવીશ. એની અંદર એક જવાબ આપવામાં આવ્યો છે અમને કે જે 'સી.એમ.એસ.ઓ.' દ્વારા જે દવાઓ ખરીદવામાં આવે છે. એ દવાઓ સબ સ્ટાન્ડર્ડ એટલે કે હલકી ગુણવત્તાવાળી જે દવાઓ આપવામાં આવે છે એના કેટલા કેટલા કિસ્સાઓ રાજય સરકારના ધ્યાન પર આવ્યા.

માનનીય અધ્યક્ષશ્રી, આમાં ૨૯મી ફેબ્રુઆરીનો પ્રશ્ન હતો, એની અંદર જે જવાબ હતો એમાં ૪૫ કંપનીઓએ આવી સબ સ્ટાન્ડર્ડ અને માનવ જીવન સાથે ચેડાં કરતી હતી, એવી કંપનીઓ રાજય સરકારના ધ્યાન ઉપર આવી અને એમાં ૧૦ કંપનીઓ પાસેથી જે દવાઓ લીધી હતી એના વળતરના ભાગરૂપે, એના રીપ્લેસમેન્ટ તરીકે જે રકમ પાછી મેળવવામાં આવી એ ૧૦ કંપનીઓ પાસેથી ૭,૫૪,૬૨૨ રૂપિયાની રકમ પાછી મેળવવામાં આવી. એ જ જવાબ તારીખ ૧૭મી માર્ચના તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૬૪માં ૧૦ કપંનીઓ પાસેથી ૭,૮૮,૦૦૨ રૂપિયાની રકમ મેળવવામાં આવી. આવો જવાબ આપેલ છે. આમાં કયો જવાબ સાચો માનવો?

એ જ પ્રમાણે બીજો દાખલો આપું. પ્રશ્ન ક્રમાંક: ૬૨માં ૩૩ કંપની એવી બતાવી છે કે જે ૪૩,૩૬,૪૦૯ રૂપિયા એમની પાસેથી આ સબ સ્ટાન્ડર્ડ દવાઓ આપવા બદલ વસૂલ કરવામાં આવ્યા. ૧૭મી માર્ચના જવાબમાં ૩૧ કંપનીઓ પાસેથી, પેલામાં ૩૩ કંપની અને આમાં ૩૧ કંપની. ૩૩ સાચું કે ૩૧? પછી આગળ. ૩૧ કંપની પાસેથી રૂપિયા ૪૦,૨૫,૪૪૪ વસૂલ કરવામાં આવ્યા. બાકીની ૨૪ કંપનીઓ આ બંનેમાં એવી છે કે ડીબાર્ડ

કરવામાં આવી છે. આ વિભાગ મારફતે જવાબ સાચા આપવામાં આવે નહીં, તો અમે કેટલી અપેક્ષા રાખી શકીએ? આ વિભાગમાં કામગીરી થઈ રહી છે એ કેવી થઈ રહી છે એનો આ વિધાનસભામાં જે જવાબ આપવામાં આવ્યો છે, એના ઉપરથી નમૂનો આપના મારફતે મંત્રીશ્રીના ધ્યાન ઉપર મૂકવા માગું છું.

પૂર્વ આરોગ્ય મંત્રીશ્રી ખૂબ હોંશિયાર હતા. આ વિભાગને કામ કરતું કરવા માટે તેમજ ગ્રામ્ય વિસ્તાર સુધી સુવિધાઓ ઉભી કરવા માટે તેમણે ખૂબ પ્રયત્નો કર્યા, પરંતુ તેઓ અમારી અપેક્ષા પ્રમાણે સફળ ન થયા. ધારાસભ્યોની પરામર્શ સમિતિમાં ઘણા સૂચનો સ્વીકારવામાં આવ્યા. પરંતુ એકપણ સૂચનનો અમલ થયો નથી. હું દાખલો આપવા તૈયાર છું. અત્યારે જે આરોગ્ય મંત્રીશ્રી છે, તેઓ ખૂબ હોંશિયાર છે અને મારા મિત્ર પણ છે. તેમને હું સૂચનના રૂપમાં એક વાત કરવા માગું છું. રાજકીય અવલોકન કરવા માગતો નથી. તેમને મારે એ સૂચન કરવું છે અને ગંભીરતા ધ્યાન પર મૂકવી છે, જે દાખલા અને આધાર સાથે આપવાની મારી તૈયારી છે. શિક્ષણ વિભાગની અંદર પાટણની ઘટના બની એના કારણે સૌના માટે શરમજનક બનાવ બન્યો અને એવા અનેક બનાવો એ બનાવ પછીથી બહાર આવ્યા. આવા જ અનેક દાખલા સાથે મારી કહેવાની તૈયારી છે. આરોગ્ય વિભાગમાં આવા કૌભાંડો ચાલી રહ્યાં છે અને વહેલી તકે એના માટેની તપાસ કરીને પગલાં લેવાય એ ખૂબ જરૂરી છે. ફકત આ એક કૌભાંડ નહીં. હમણા વિપક્ષના નેતા, અમારા નેતા બોલી રહ્યાં હતા. કમિશનરેટ કચેરીમાં ફકત કમિશનરશ્રી એક નિષ્ઠાવાન અને સારા અધિકારી તેમજ સારા માણસ હોય, પણ નીચે શું ચાલી રહ્યું છે એનો બીજો દાખલો આપવો છે.

હમણા ટૂંકા ગાળામાં ૬૦ ફાર્માસિસ્ટોની એકીસાથે બદલી કરવામાં આવી અને ૪, ૬ મહિનામાં બધાનું સેટલમેન્ટ કરીને પાછા એડજેસ્ટ કરી લેવાયા. કોઈ ધારાસભ્ય કે પદાધિકારી કે આગેવાન રજૂઆત કરે કે આ સી. એચ. સી. કે પી. એચ. સી.માં આ સ્ટાફ ભ્રષ્ટાચાર કરે છે, ગેરરીતિ કરે છે કે કૌભાંડો સાથે સંકળાયેલા છે, એની લેખિત રજૂઆત કરવામાં આવે તો પણ એ ન થાય, પણ નીચેનો માણસ આવીને કમિશનર કચેરીમાં સેટલમેન્ટ કરી જાય, વહીવટ કરી જાય અને બાકીના વહીવટ કરી જાય અને ત્રીજા કે ચોથા દિવસે એની બદલી થઈ જાય, પગલાં લેવાઈ જાય. પદાધિકારી કે ચૂંટાયેલા માણસ ઉપર ભરોસો નથી અને પેલા વહીવટ ઉપર પગલાં લેવાય. આ બે પ્રકારના કૌભાંડો અને દાખલા સાથે મંત્રીશ્રીને જોઈતા હશે તો આપવાની મારી તૈયારી છે.

વર્ષોથી એક જ જગ્યાએ શહેરની સારી હોસ્પિટલમાં ચીટકી રહેલા વગ ધરાવતા અને બીજી રીતે વર્તતા સ્ટાફના અમુક માણસો દર્દીઓ સાથે જે રીતે વ્યવહાર કરે છે એ શરમજનક છે. દાખલા સાથે રાજકોટની સરકારી હોસ્પિટલમાં નામ સાથે કહેવાની મારી તૈયારી છે. એક ધારાસભ્ય તરીકે નહીં, પણ સામાન્ય નાગરિક તરીકે હું સાથે ગયેલો અને ત્યારે જોવા મળ્યું કે આરોગ્ય વિભાગમાં જે ચાલી રહ્યું છે એ ગરીબ માણસો માટે કેવું છે. ગરીબની વ્યાખ્યા શું? મારા મિત્ર કહે છે, હું નામ નહીં આપું, પણ તેઓ ઘણી વખત ગરીબ લોકોની વાતો કરે છે. એ વખતે ગરીબ માણસની વ્યાખ્યા ભૂલાઈ જાય છે. જે બી.પી.એલ. યાદીમાં હોય એ જ ગરીબ છે એવું નથી. રોગી કલ્યાણ સમિતિમાં જે યુઝર્સ ચાર્જ લેવામાં આવે છે, એ વસૂલ કરવામાં આવેલો યુઝર્સ ચાર્જ દર્દીઓના ઉપયોગ માટે વપરાય તો વાંધો નથી. દર્દીઓ પાસેથી વસૂલ કરવામાં આવેલા યુઝર્સ ચાર્જના પૈસાથી ઓફિસો સજાવવામાં આવે, અધિકારીઓની કચેરીમાં એરકન્ડિશનર લગાવવામાં આવે અને ટેબલ અને ફર્નિચર વગેરે ખરીદવામાં આવે એ યોગ્ય છે? આ જે પૈસા ગરીબ લોકો પાસેથી યુઝર્સ ચાર્જના બહાના હેઠળ લઈએ છીએ એના માટે રોગી કલ્યાણ સમિતિ મારફતે જે કામગીરી થાય છે એ ચકાસવા જેવી છે. સી.એચ.સી. અને પી.એચ.સી.માં છેલ્લા કેટલાક સમયથી એલોપેથી દવાઓ વાપરવાની હોય એવા એમ.બી.બી.એસ. વગેરે ડોકટરોના બદલે આયુર્વેદિક ડોકટર મૂકવામાં આવે છે. દવા એલોપેથી અને ડોકટર આયુર્વેદિક. કઈ રીતે વહીવટ ચાલી રહ્યો છે? કયા પ્રકારની સેવા થવાની છે? ગામડાની હાલત જૂઓ. કોઈનું મોઢું બાંધીને એને બોલવાનું કહો તો શું બોલે? આરોગ્યની વાતો અને એના વખાણ કરીએ. બે મોઢાંની વાત થાય છે, એમાંથી બાકાત રહીને સાચી વાત કહેવાની તૈયારી રાખવી જોઈએ. આયુર્વેદિક દવાખાના બંધ કરીએ છીએ અને વન ઔષધિ ઉદ્યાન ઉભા કરી રહ્યાં છીએ. એની પાછળ ઘણો મોટો ખર્ચો કરીએ છીએ. બીજી બાજુ આયુર્વેદિક દવાખાના બંધ કરીએ છીએ. તો શું કરવા માગીએ છીએ. આ બાબત આપણા સૌના માટે ચિંતાનો વિષય છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે મારા વિસ્તારના એક બે સૂચનો કરવા છે. તે પહેલા હું બીજી એક વાત કહેવા માગું છું. ખાસ કરીને ખાદ્ય પદાર્થોમાં જે ભેળસેળ કરવામાં આવે છે. મેં એ માટે ઘણા બધા કાગળો લખ્યા છે. ખાદ્ય પદાર્થોમાં થતી ભેળસેળ અંગે મેં કમિશનર કચેરીમાં અને ફૂડ ઈન્સ્પેકટરને પત્રો લખીને વારંવાર રજૂઆત કરી છે. રાજકોટ જિલ્લામાં જે ભેળસેળ થાય છે. જિલ્લામાંથી ઘીમાં જે ભેળસેળ થાય છે એ અંગે મેં વારંવાર ધ્યાન દોર્યુ છે. અનેક વખત કાગળો લખ્યા. તપાસ પણ થાય, મેડિકલ સ્ટોરમાં ઈન્સ્પેકટર જાય અને તપાસ થાય, સમજૂતિ કરીને વહીવટ કરીને આવતા રહે. ગામડામાં જે આજે હાલત છે એને અમારી ભાષામાં ઉઘાડપગાં ડોકટર, ડીગ્રી વગરના ડોકટર. લાયકાત વિનાના ડોકટર, ગમે તે ઈન્જેકશન આપી દે, ગમે તે દવા આપી દે. અને ચાલ્યે રાખે. ગ્રામ્ય વિસ્તારના માણસોના જીવન સાથે કેવા ચેડાં આપણે કરી રહ્યાં છીએ? સૌ વખાણ કરે કે તંત્ર સુધરી ગયું છે. સુધરેલું હશે એમાં અમે ચોકકસ સાથે છીએ, પણ આ પાછળ જઈને જૂઓ કે સ્થિતિ શું છે?

ઘણાબધા મેડિકલ સ્ટોર ફાર્માસિસ્ટો વગરના ચાલે છે. દસમું કે અગિયારમું ભણેલા હોય અને અંગ્રેજી વાંચતા પણ ન આવડતું હોય એવા લોકો મેડિકલ સ્ટોર ચલાવે. ફાર્માસિસ્ટ પણ નહીં અને છતાંયે ચાલે. કઈ

પરિસ્થિતિમાં આપણે આગળ વધવા માગીએ છીએ? ખાસ કરીને પી.એચ.સી. અને સી.એચ.સી. માટે અમારા સાથી મિત્રો બોલતા હતા. તેઓ પોતે પણ ડોકટર મિત્રો છે. ખૂબ વખાણ કરતા હતા. મને થતું કે સાચું બોલે તો સારું. પી.એચ.સી. અને સી.એચ.સી.માં ડોકટર ન હોય તો એના માટે રાજય સરકારની જવાબદારી છે. રાજય સરકારે એના માટે વ્યવસ્થા કરવી જોઈએ અને ડોકટરોને મૂકવા જોઈએ. આપણને લોકોએ એટલા માટે મોકલ્યા છે કે જે સુવિધાઓ ખૂટે છે એના માટે થતી વ્યવસ્થા કરીએ, એટલા માટે આપણને અહીં મોકલ્યા છે. આક્ષેપો કરવા અને અભિનંદનો આપવા માટે નથી મોકલ્યા. જેટલા અભિનંદનો આપ્યા, એમાં એમને એમ છે કે આ વખતે તો મેળ ન પડયો, પણ આવતા દિવસોમાં ચેરમેન નીમાય તો એમનો વારો આવી શકે. તમે લાખ લાખ નહીં, કરોડ કરોડ અભિનંદન આપો, પણ કામ સારું કરો, તો વાંધો નહીં.

છેલ્લે બે ત્રણ સૂચનો મારે કરવા છે. રાજકોટની સરકારી હોસ્પિટલમાં જે ચાલી રહ્યું છે. દરેક જિલ્લા મથકે રોગી કલ્યાણ સમિતિઓ છે, એમાં ધારાસભ્ય અને સંસદસભ્યને આ રોગી કલ્યાણ સમિતિમાં સમાવેશ કરવો જોઈએ. બીજું કે રાજકોટ જિલ્લાની કીડની ઈન્સ્ટિટયૂટની અંદર ડાયાલીસીસ માટેનું જે મશીન છે એ વારંવાર બગડે છે. વર્ષો જૂનું છે અને બરાબર ચાલતું નથી, તે માટે યોગ્ય વ્યવસ્થા કરવી જોઈએ. ફિઝિયોથેરાપી મશીન પણ વારંવાર બગડે છે, જે જૂનું અને કન્ડમ કરવા લાયક મશીન છે. માનનીય અધ્યક્ષશ્રી, ટ્રોમા સેન્ટર એ આજની તારીખે પણ બિમાર છે, સીટીસ્કેન મશીન તો કહે કે અઠવાડિયામાં લગભગ બે ત્રણ દિવસ ચાલુ હોય અને વર્ષમાં લગભગ આ સીટીસ્કેન મશીન બંધ હાલતમાં જ હોય છે. વર્ષોથી એક જ જગ્યાએ ચીટકી રહેલા માણસોને પણ આ રાજકોટ જિલ્લાની હોસ્પિટલમાંથી બદલવા જોઈએ. દર્દીઓને પીવાના પાણીની વ્યવસ્થા પણ આ રાજકોટની સિવિલ હોસ્પિટલમાં નથી અને રોગી સમિતિની વાત કરવામાં આવે છે. બર્ન્સ વોર્ડમાં પણ મોટેભાગે એ.સી. મશીન બંધ હાલતમાં હોય છે, એમ્બ્યુલન્સ છે પણ ડ્રાઈવર નથી. તો મારાં આટલાં સૂચનો માનનીય મંત્રીશ્રી સ્વીકારશે એવી આશા રાખું છું.

**શ્રી કિશોર વાંકાવાલા (સુરત શહેર (પશ્ચિમ)** : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારના હયુમન ડેવલપમેન્ટ ઈન્ડેકસ આધારિત માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી માગણી ક્રમાંક ૩૮, ૩૯ અને ૪૦ લઈને આવ્યા છે એને અનુમોદન આપવા માટે અને મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, હયુમન ડેવલપમેન્ટ ઈન્ડેકસના મુખ્ય ત્રણ આધારસ્થંભ હોય છે. એક મુખ્ય ઘટક જન્મ સમયે મૃત્યુ દરને મહત્વ આપીને આ બજેટમાં સુક્ષ્મમાં સૂક્ષ્મ બાબતને નજર સમક્ષ રાખીને યુનાઈટેડ નેશન્સ ડેવલપમેન્ટ પ્રોગ્રામ હેઠળ ભારતનો ૧૨૮ મો ક્રમ છે તેને ઉપર લાવવા માટે આરોગ્ય મંત્રીશ્રીએ મહેનત કરી છે તેમને હું અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૭-૦૮ ના ૫૬૫.૩૦ કરોડ રૂપિયાના બજેટની જોગવાઈ સામે ચાલુ વર્ષે રૂા. ૯૨૪.૭૫ કરોડ રૂપિયાની જોગવાઈ કરી છે અને આ જોગવાઈ અગાઉના વર્ષ કરતાં ૪૫.૯૨ ટકાનો વધારો દર્શાવે છે. મારા ઘણા મિત્રોને અમૂક વ્યકિત પ્રત્યે ચીડ છે. હું ખાસ કહીશ કેતાજેતરનો દાખલો જોઈએ તો ક્રિકેટની ટીમ જયારે ઓસ્ટ્રેલિયા રમવા ગઈ હતી ત્યારે વન ડેની મેચ હોય કે ટેસ્ટ મેચ હોય તો વન ડેમાં ધોનીને યશ મળે અને ટેસ્ટ મેચમાં અનિલ કુંબલેને યશ મળે છે. અમારી ટીમના કેપ્ટન નરેન્દ્ર મોદી છે તેમને યશ મળવો જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, હું વાત કરીશ કે મેચમાં રમતા કોઈપણ એક ખેલાડીને મેચ ઓફ ધી મેચનો એવોર્ડ આપવામાં આવે છે. તો આ મેન ઓફ ધી મેચનો એવોર્ડ અમારા માનનીય મુખ્યમંત્રીશ્રીને મળતો હોય તો એમાં તમને વાંધો શું હોય, પરંતુ આ બજેટ એમાં હું એટલું તો ચોકકસ કહીશ કે માનનીય નાણામંત્રીશ્રી અને આરોગ્યમંત્રીશ્રી આ જે માગણીઓ લઈને આવ્યા છે, જે માગણીઓ તેમણે માંગી છે તેને માનનીય નાણાંમંત્રીશ્રીએ મંજૂર કરી છે. તો હું એ બન્નેને સંયુકત રીતે મેન ઓફ ધી મેચ તરીકે ડિકલેર કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, દક્ષિણ ગુજરાતમાં મુખ્ય ત્રણ રોગો અત્યારે જોવા મળે છે. એમાં એક તો સિકલસેલ, બીજો લેકટોસ્પાયરીસ અને ત્રીજો એઈડઝ છે. આ સિકલસેલ રોગ એ ખાસ કરીને આદિવાસી વિસ્તારમાં ઢોડીયા, વારલી, ગામીત અને કુકણા આ બધા ભાઈઓમાં આ રોગ જોવા મળે છે. આ સિકલસેલ એ અસાધ્ય અને વારસામાં મળતો રોગ છે. સિકલસેલમાં લાલકણોને અસરકર્તા આ રોગ છે એમાં રકતમાં જે લાલકણો આવે છે એ ગોળ રકાબી જેવા હોય છે અને પોતાની સાઈઝ કરતાં નાની રકતવાહિની, ધમની અને શિરામાંથી પસાર થતા હોય છે ત્યારે તે પોતે સ્થિતિસ્થાપક હોય છે લાંબા થઈને પણ તેમાંથી પસાર થતા હોય છે અને ફરી બહાર નીકળીને પોતે પાછા તેમની અસલ સ્થિતિમાં આવી શકતા હોય છે, પરંતુ આ સિકલસેલનો દર્દી હોય તો તે સ્થિતિસ્થાપકતા ગુમાવીને બરડ થઈ જાય છે અને તૂટીને દાતરડા જેવા થઈ જાય છે. આ લેટીન ભાષામાં સિકલનો અર્થ દાતરડું થાય છે અને સેલ એટલે કે કણ એવો અર્થ થાય છે અને એટલે આ રોગને સિકલસેલ કહેવામાં આવે છે. એ સીકલસેલના દર્દીઓ બે પ્રકારના હોય છે. બે પ્રકારના દર્દીઓ એમાં જોવા મળે છે. એક સીકલસેલ વાહક અને બીજો સીકલસેલ રોગી, જે લોકોના રકત કણોમાં ૫૦ ટકા કરતાં ઓછા સીકલસેલના કણો મળી આવે તેને સીકલસેલ વાહક કહેવામાં આવે છે. અને ૫૦ ટકા કરતાં વધારે રકતકણોમાં મળી આવે તેને સીકલસેલ રોગી કહેવામાં આવે છે. આ રોગ એ અસાધ્ય રોગ છે. સરકારે તેના માટે જહેમત કરી છે. હું તેને બિરદાવવા માગું છું. આ સીકલ સેલનો રોગ ૧૯૫૦ની અંદર ડો. જેમ્સ હેરીકે એક હબસીને તપાસીને આ રોગની શોધ કરી હતી. અસાધ્ય રોગ હોવાથી તેની કોઈ દવા નથી, પણ તેના ઉપર નિયંત્રણ કરવા માટે સરકારે જે પગલાં લીધા છે તે

કાબીલે દાદ માગે એવા છે, આ વિસ્તારોમાં રકત પરિક્ષણ કરીને જે લોકો સીકલસેલના વાહકો છે તેમને અડધા પીળા કાર્ડ, જે લોકો સીકલ સેલ રોગીઓ છે તેને આખું પીળું કાર્ડ, અને જે લોકોને સીકલસેલ નથી તેમને કલીન, એટલે સફેદ કાર્ડ આપવામાં આવે છે. આપણે ત્યાં લગ્ન થાય છે ત્યારે જન્માક્ષર મેળવવામાં આવે છે. પરંતુ સરકારના પ્રચારતંત્ર દ્વારા કહેવામાં આવે છે કે આ વિસ્તારમાં જયારે પણ લગ્ન કરવામાં આવે ત્યારે સીકલસેલના રોગીઓએ એક બીજા સાથે લગ્ન કરવા નહીં, આ પ્રકારનો પ્રચાર કરી તેના અવતરતા બાળકને સીકલસેલથી મુકત કરવા માટેનું એક મોટું કાર્ય ઉપાડયું છે. અને તેમાં કંઈક અંશે આપણે સફળતાને પણ વર્યા છીએ. એમ કહેવાય છે કે આ રંગસૂત્ર આધારિત રોગ છે, અને બે નિર્મળ રકતકણ વાળા જો લગ્ન કરે તો તેમનું બાળક નિર્મળ આવશે, તેમને કોઈ પણ પ્રકારનો રોગ નહીં હોય, પરંતુ એક નિર્મળ રકતકણ વાળો અને એક અર્ધ સીકલ સેલ એટલે કે સીકલ વાહક સ્ત્રી કે પુરુષ લગ્ન કરશે તો તેનું બાળક અવતરશે તે કાં તો સીકલસેલ વાહક હશે, અથવા નિર્મળ હશે, પરંતુ સીકલસેલ વાહક અને સીકલસેલ રોગી એ બે લગ્ન કરશે તો જે બાળક ઉત્પન્ન થશે એ ચોકકસ સીકલસેલ વાહક અથવા સીકલસેલ રોગી હશે. એટલે આવા વ્યકિતઓને પીળા કાર્ડ આપીને દરેકનું પરિક્ષણ કરીને, બજેટમાં ૨૫ કરોડની જોગવાઈ કરેલ છે અને તેની માગણી લઈને જયારે આરોગ્ય મંત્રીશ્રી આવ્યા છે ત્યારે આ તબકકે હું એમને ધન્યવાદ આપવા માગું છું.

એવો જ બીજો એક રોગ લેપ્ટોસ્પાઈરોસીસ છે, આ લેકટોસ્પાઈરોસીસ જીનેટીક ડીસીસ છે, તેના લક્ષણ, આંખ લાલ થઈ જવી, સ્નાયુઓનો દુખાવો થવો, કમળો થવો, પેશાબ બંધ થઈ જવો, આ તેના લક્ષણો છે. આ રોગના જંતુઓને લેકટોસ્પાઈરોસીસ કહેવામાં આવે છે. મુખ્યત્વે પશુપાલનનો ધંધો કરતી વ્યકિતઓમાં આ રોગ વધુ પડતો જોવામાં આવે છે. સુરતમાં ૧૯૮૪માં પૂર આવ્યું એ પછી આ પશુઓના મળ મૂત્ર કે તેની હંગારમાંથી આ રોગ ફેલાય છે તેવું માનવાને કારણ છે. સાહેબ એક વાત મારે ખાસ કહેવી છે કે આ રોગને અટકાવવા માટે પ્રશિક્ષણ અપાઈ રહેલ છે. તેના માટે જરૂરી દવાઓ પૂરી પાડવામાં આવી છે. સુરતની મૅડિકલ કૉલેજને એનું મુખ્ય કેન્દ્ર બનાવવામાં આવ્યું છે એટલું જ નહિ પરંતુ toxin-antitoxin દરેક જણાને prevention રૂપે અઠવાડિયામાં એક વખત કુલ આઠ અઠવાડિયા લેવાની જોગવાઈ કરવામાં આવી છે. એટલે જ કહેવાય છે injection ના તાજેતરની અંદર બજૅટની અંદર આરોગ્ય મંત્રીશ્રીએ જે કંઈ જોગવાઈઓ કરી છે એ જોગવાઈઓ ખરેખર દાદ માગી લે તેવી છે. (સમય સૂચક ઘંટડી) સાહેબ કહેવાનું ઘણું છે પરંતુ સમય ઓછો છે ફક્ત અંતમાં ફરી એટલું જ કહીશ કે when path is beautiful my congress friends never asks where it leads, but when the destination is beautiful we never care how is the path. Thank you.

**શ્રી ઉપેન્દ્રસિંહ પ્ર. ગોહિલ (વડોદરા (ગ્રામ્ય)** : માનનીય અધ્યક્ષશ્રી, આરોગ્ય પરિવાર કલ્યાણ વિભાગની માગણીઓ લઈને માનનીય મંત્રીશ્રી આવ્યા છે તેને હું મારુ સમર્થન કરુ છું.

રાજયનો આર્થિક અને ઔદ્યોગિક વિકાસ થઈ રહ્યો છે ત્યારે સ્વાભાવિકપણે જીવન ધોરણની ગુણવત્તા પણ સાથે સાથે જળવાય, એ ગુણવત્તા જાળવવા માટેનું કામ આરોગ્ય વિભાગ તમામ ક્ષેત્રમાં સર્વગ્રાહીપણે આરોગ્યની દૃષ્ટિએ કરે છે. કોઈપણ ક્ષેત્રમાં કામ કરનારા માણસનું આરોગ્ય અને તંદુરસ્તી જો બરાબર નહિ હોય તો તે રાજયની કે રાષ્ટ્રની પ્રગતિમાં અવરોધરૂપ થાય છે. ત્યારે સ્વાભાવિકપણે ગુજરાતની રાજય સરકાર અને એમાં પણ ગુજરાતના મુખ્યમંત્રીશ્રી આ ગૃહના નેતાશ્રીની દીર્ઘ દૃષ્ટિ, લાંબા ગાળાની દૃષ્ટિથી વધારે લોકોને કેમ ઉપયોગી થવાય એના માટેના પ્રયત્નો સતત છેલ્લા છ વર્ષથી કરી રહ્યા છે. એના પરિણામના ભાગરૂપે સમગ્ર ગુજરાતમાં આરોગ્યની દૃષ્ટિએ નવી નવી બાબતોમાં નવા નવા ઉત્સવોથી નવી નવી પ્રગતિ કરવાની વાત છે. આ ૨૦૦૮ના વર્ષને બાળ વર્ષ તરીકે ઉજવવાની વાત કરવામાં આવી છે. માનનીય વિરોધપક્ષના નેતાશ્રીને આ વાત નહિ ગમે, દરેક વાતમાં પ્રસિદ્ધિની વાત કરશે. કંઈક વાત આવી અને પ્રસિદ્ધિની વાત કરશે. તેઓને આ બાળ વર્ષ ઉજવવાની વાત નહિ ગમે, આના માટે શું કહીશું. આરોગ્યની દૃષ્ટિએ બાળ વર્ષ ઉજવવાનું છે એના માટે કંઈક શોધી રાખજો. ગુજરાત રાજયના મુખ્યમંત્રીશ્રીની સારી ઈમ્પ્રેશન હોવાના કારણે એમનામાં લોકોને શ્રદ્ધા હોવાને કારણે આરોગ્ય વિભાગની અંદર મેં એનો અનુભવ કરેલો છે. લોકો સાથે બેઠો છું. સ્વૈચ્છિક સંસ્થાઓ છે, ટ્રસ્ટો છે, જન ભાગીદારીથી આરોગ્ય દવાખાના ચાલે છે. મારા વડોદરા જિલ્લામાં ગોલા ગામડી, ખોખડિયામાં તથા ચોસદ વગેરે જગ્યાએ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો ચાલે છે. આરોગ્ય કેન્દ્રો, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને એ આરોગ્ય કેન્દ્રોની ટ્રસ્ટીઓ સાથે બેસીને ચર્ચા કરીએ ત્યારે સ્વાભાવિક એમ લાગે કે આજથી પાંચ-સાત-દસ વર્ષ પહેલાં આ કોઈ સ્વૈચ્છિક સંસ્થાઓ, કોઈ ટ્રસ્ટવાળા કયારેય આવી સહાય પોતાના ખર્ચે, પોતાના નાણાં ઉમેરીને કામ કરવું એવી વિચારસરણીમાં સંમત નહોતા થતાં. તેની પાછળનું કોઈને કોઈ કારણ હોય તો ગુજરાતની રાજય સરકારની સત્તા ચલાવનારા લોકો હતા. તેમના ઉપર ગુજરાતની સારી પ્રજાને વિશ્વાસ નહોતો અને વિશ્વાસ નહોતો એટલા માટે જન ભાગીદારી નહોતા કરતાં. સ્વૈચ્છિક સંસ્થાઓ આમાં નહોતી આવતી. ટ્રસ્ટો નહોતા આવતા. પણ હું એવું માનું છું કે અહીં આપણે ત્યાં આરોગ્યની દૃષ્ટિએ ઘણી સવલત મળે છે. તેમાં જો કોઈ વડોદરા જિલ્લામાં જોવા જાય તો મેં જે નામ દીધા એ આરોગ્ય કેન્દ્રો જૂએ ત્યાં પી.એચ.સી. અને સી.એચ.સી. સોંપ્યા તેના કારણે દર્દીઓની સંખ્યા છે તેમાં ઓ.પી.ડી.માં વધારો થયો છે. સંખ્યામાં વધારો થયો છે. એ સ્વાભાવિક આપણી ગુજરાતની રાજય સરકારના કારણે થયો છે અને રાજય સરકાર ઉપર વિશ્વાસ છે અને તેમાં આરોગ્ય મંત્રી, આરોગ્ય વિભાગના કર્મચારીઓ અને સૌથી વિશેષ ગુજરાતના મુખ્યમંત્રી પર જે પ્રજાને વિશ્વાસ બેઠો છે, પ્રજાનો વિશ્વાસ સંપાદન કર્યો છે તેના

કારણે આરોગ્યની દૃષ્ટિએ ખૂબ સવલત મળી છે. હમણાં માનનીય મંત્રીશ્રીએ થોડા વખત પહેલાં જાહેરાત કરી હતી, મતલબ અહીં પ્રશ્નોત્તરીમાં તેમણે એક વાત કરી હતી કે વડોદરામાં ફુડ એન્ડ ડ્રગ્ઝ લૅબૉરૅટરી ચાલે છે. તેને અદ્યતન બનાવીને National Board of Accredition નું પ્રમાણપત્ર આપવા માટે રાજય સરકાર જે પ્રયત્ન કરી રહી છે તે પ્રયત્ન થયા પછી અને તેને મંજૂરી મળ્યા પછી ફુડ એન્ડ ડ્રગ્ઝ લૅબૉરૅટરીની તેને પણ માન્યતા મળશે ત્યારે કદાચ આખા દેશમાં રાજયમાં પ્રથમ આપણી એવી લૅબૉરૅટરી હશે ફુડ એન્ડ ડ્રગ્ઝની, હમણાં કુંવરજીભાઈ વાત કરતા હતા. હલકી પ્રકારનું, ભેળસેળિયું, આ હલકી પ્રકારનું અને ભેળસેળિયું તો વર્ષોથી ચાલતું આવ્યું હતું. પરંતુ તેને રોકવા માટે આધુનિક સજજતા જોઈએ. આધુનિકતા ઉભી કરવી જોઈએ. તેમાંથી નવા નવા સંશોધન થવા જોઈએ. એ નહીં કરવાને કારણે વધારેને વધારે ચેપ લાગ્યો. એ રોગનું નિદાન છેલ્લા પાંચ-છ વર્ષથી શરૂઆત થઈ ગઈ છે. નિદાન થવા લાગ્યા છે એમ રોગો પણ ઓછા થવા લાગ્યા છે. અમારા વડોદરા શહેરમાં રાજયની મૅડિકલ કૉલેજ છે. તેમાં જુદા જુદા દેશની યુ.એસ.એ., ફ્લૉરિડાની જુદી જુદી યુનિવર્સિટીઓ છે તેમાં જે આખું રીસર્ચ ચાલે છે, એઈડસ રીસર્ચ કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યો છે. આ કાર્યક્રમમાં જે યુનિવર્સિટીઓએ ભાગ લીધો છે, ગુજરાતમાં પરદેશની યુનિવર્સિટીઓ છે તે જ્યારે આ કાર્યક્રમમાં ભાગ લેતી હોય તો મને એમ લાગે છે કે ૫-૧૦-૧૫ વર્ષ પહેલાં આપણે પૂછવા જતાં તો કોઈ આવવા તૈયાર હતું જ નહીં. અત્યારે જે રીતે આખી નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ હેલ્થ-યુ.એસ.એ. અને યુનિવર્સિટી ઑફ સાઉથ ફ્લૉરિડા અને ડીગ્રી કોર્સ, સર્ટિફિકેટ કોર્સ, short term learning course ઉપરાંત ડિસ્ટ્રિક્ટ લર્નીંગ માટેનું આયોજન, આ આખો કૅમ્પ ચાલે છે તેમાં થઈ રહ્યું છે અને જ્યારે આ મૅડિકલ કૉલેજના સુપ્રિન્ટેન્ડન્ટ છે તેને બીજાં પણ પેરામીટર્સ છે આ બધાને જબરજસ્ત નૉલેજ મળવાનું છે. જ્યારે આ કાર્યક્રમો ગુજરાતના આરોગ્ય વિભાગ મારફતે થઈ રહ્યા હોય ત્યારે સ્વાભાવિકપણે આરોગ્યની બાબતમાં વિરોધપક્ષના નેતાએ એક બહુ સરસ વાત કરી હતી. સી.આર. ચોપડા ઉપર લખાય છે અને બીજાં સી.આર. ઉપર કુદરત પાસે લખાય છે. વાત સાચી છે. બધાના સી.આર. લખાય છે. બધાનું આરોગ્ય જળવાય અને બધાંની તંદુરસ્તી રહે, હું તો એવું માનું છું કે ગઈ ટર્મમાં જોયું હતું કે ધારાસભ્યોના આરોગ્યની પણ ચિંતા અહીં થઈ હતી. કદાચ અગાઉ કયારેય પણ નહીં થઈ હોય. સતત કૅમ્પ ચાલ્યો હતો. દરેક પ્રકારના રોગનું નિદાન કરવા માટે ફુલ્લી ચૅકીંગ થયું હતું એ કરાવ્યું હતું. તો આના ઉપરથી સમજી લેવું જોઈએ કે આપણાં હાઉસના સભ્યોની પણ કાળજી જો આ સરકાર લેતી હોય તો ગામડાંના છેવાડાના માણસ છે એ છેવાડાના માણસની કાળજી લેવાઈ નથી તે બાબતમાં એટલા માટે મારે એક વાત કરવી છે કે અહીં અમારા માનનીય મુખ્યમંત્રીશ્રીએ એક યોજના જાહેર કરી, સાગર ખેડૂ. તો બધાને ત્યાં સામે તો ભડકો થઈ ગયો કે આ છેતરવાનો ધંધો કર્યો છે. મત લેવાનો ધંધો કર્યો છે. મારે તેમના ધ્યાન ઉપર આ વાત લાવવી છે કે ૧૧,૦૦૦ કરોડનું સાગરખેડૂનું પૅકૅજ જાહેર કર્યું તેમાં આ વખતે ૨૦૦૮-૦૯માં ૬૦ લાખની જોગવાઈ કરી એ જાણવા જેવું છે કે દરિયા કિનારા ઉપર અંતરિયાળ વિસ્તારમાં રહેતા ગરીબી રેખા નીચે જીવનારા ભાઈઓ અને બહેનોની કયારેય કોઈ સેવા કરવા માટે અત્યાર સુધી કાળજી લેવામાં આવી નથી. એવી જગ્યાઓ ઉપર નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો ખોલવા માટેની મંજૂરી આપી છે. મંજૂરી મળી છે. જામનગર જિલ્લાના કલ્યાણપુરા તાલુકામાં રાજપુરા છે, જુનાગઢમાં કોડીના તાલુકાનું પાનધરા છે, ભાવનગરના તળાજા તાલુકાનું શશીનગર અને અમરેલીના રાજુલા તાલુકાના ખેરા ગામનો સમાવેશ કર્યો છે અને આ જે પી.એચ.સી. સેન્ટરો બનાવવાના છે. એ કોના માટે બનાવવામાં આવે છે? એ શાના માટે બનાવવામાં આવે છે? એ આ જે ગરીબ માણસો છે, જે દરિયા કિનારે રહે છે, એની કાળજી આટલા વર્ષો સુધી વહીવટ કર્યો છતાં નથી રાખી એના પરિણામરૂપે આ કરવું પડ્યું છે. આ પહેલી જ વાર થયું છે. એવા લોકોની કાળજી નહીં રાખવાના કારણે આ થયું છે. દરિયા કિનારે ઘેર આંગણે સગવડ આપવાની યોજના ગુજરાતના મુખ્યમંત્રીશ્રીએ દીર્ઘદૃષ્ટિપૂર્વક કરી છે. ઘેર ઘેર આરોગ્ય મળે એના માટે ચાલુ વર્ષના બજૅટમાં રૂ.૧૮૦ લાખની જોગવાઈ કરી છે. માનનીય અર્જુનભાઈ બોલતા હતા કે આ પૅકૅજ જાહેર કરો છો તો એની જોગવાઈ કયાં છે? કયા બજૅટમાં કરી છે? કયા પાના ઉપર છે? આ વાંચ્યું છે એટલે લખીને લાવ્યો છું, નહીંતર ન લાવત. જામનગરમાં લાલપુર તાલુકો, પોરબંદર તાલુકો, રાણાવાવ તાલુકો, જુનાગઢના સુત્રાપાડા તાલુકો, વલસાડમાં ઉમરાળા તાલુકો અને પારડી તાલુકો, ભાવનગરના ઘોઘા તાલુકામાં આની આખી સગવડો ઊભી કરવાનું આ સરકારે આયોજન કર્યું છે. એટલું જ નહીં પણ એના માટે બજૅટમાં ફાળવણી પણ કરી છે. બજૅટમાં ફાળવણી કરી હોય ત્યારે પ્રસિદ્ધની હમણાં વાત કરી હતી. વાતે વાતે પ્રસિદ્ધિ કરવામાં આવે છે. મારે એક જ વાત કરવી છે. પ્રસિદ્ધિની વાત કરતા હોય તો આપણામાં એક કહેવત પણ છે. કોઈ ન બોલે તો એ માણસની હિંગ ન વેચાય. બોલે એના બોર વેચાય. નથી બોલતા એના બોર નથી વેચાતા. પ્રસિદ્ધિ સિવાય કોઈ કાર્યક્રમ થઈ શકે નહીં. એમને એમ ખબર કેવી રીતે પડે? વિચારસરણી કેવી છે? આપણી પ્રસિદ્ધિ કેવી છે? એ આપણી વિચારસરણી ઉપરથી ખબર પડે છે. આપણે વિચારવાનું છે લોક કલ્યાણ માટે, લોક હિત માટે થતું હોય ત્યારે સ્વાભાવિકપણે મંત્રીશ્રી અહીંયાં જે માગણીઓ લઈને આવ્યા છે તેમાં હું મારું સમર્થન પુરાવું છું. (સમયસૂચક ઘંટડી) માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને મેં પરમ દિવસે પ્રશ્ન પૂછ્યો હતો. બહુ સીધી રીતે વાત કરી. મારે ત્યાં દવાખાનું છે, બહુ સારું ચાલે છે. એ જૂના જમાનાનું છે. એના ઉપર નળિયા હોવાના કારણે મંત્રીશ્રીને રીકવેસ્ટ કરું છું. જાહેર સાહસો ત્યાં આવ્યાં છે અને સ્વૈચ્છિક સંસ્થાઓ જેમાં કામ કરે છે. રીફાઈનરી, આઈ.પી.સી.એલ., ફર્ટિલાઈઝર કંપનીઓ પણ આવેલ છે. એના સહયોગથી કરી શકાય. રાજય સરકાર અને આરોગ્ય તંત્ર સંવેદનશીલ છે અને એ

પ્રયત્ન પણ કરે છે. ત્યારે ત્યાં વધુ પ્રયત્નો કરીને વધુ સગવડો ઉપલબ્ધ થાય એવી અપેક્ષા સાથે માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે એમાં સમર્થન આપું છું.

**શ્રી જગદીશ ઠાકોર (દહેગામ)**: માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે તેમાં મારા વિચારો વ્યક્ત કરું છું અને સૂચનો કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી અને સમગ્ર ગુજરાતની ચિંતા છે કે, સરકારી હૉસ્પિટલોમાં ડૉક્ટરો, ટેકનિશિયનો અને અન્ય સ્ટાફ મળતો નથી. મારા વિદ્વાન આ જ વિષયના નિષ્ણાત સભ્યશ્રી ડો. કલસરીયા સાહેબે પણ કહ્યું કે, ધારાસભ્ય ડૉક્ટર લાવે તો એ જ ટાઇમે એપોઇન્ટમૅંટ આપી દેવામાં આવશે. આ પ્રશ્ન આટલો વિકટ છે ત્યારે માનનીય મંત્રીશ્રીને આપના દ્વારા સૂચન કરું છું કે, ગઈકાલે જેમ નીલ ગાયોના પ્રશ્ને માનનીય મંત્રીશ્રી, ધારાસભ્યશ્રીઓ અને વિભાગના અધિકારીઓ સાથે બેઠક કરી, એ જ રીતે આ પ્રશ્ને પણ કાંઈક સમાધાન નીકળે એના માટે આપના દ્વારા સૂચન કરું છું. આ સરકારી હૉસ્પિટલોમાં ડૉક્ટરો અને ટેકનિશિયનો છે એ કોણ છે? ખાસ કરીને એસ.સી., એસ.ટી. અને ઓ.બી.સી.ના ડૉક્ટરો છે. હું કદાચ ભૂલતો ન હોઉં તો અને મારી પાસે માહિતી છે એ બરાબર છે. એ ડૉક્ટરોની સંખ્યા વધે એવું શિક્ષણ વિભાગ સાથે, આરોગ્ય વિભાગ સાથે, સમાજ કલ્યાણ વિભાગ સાથે બેસીને આપણે એનો ક્વોટા વધે, ઓપન મેરિટમાં અનામતના જે ડૉક્ટરો આવે છે એને ઓપન મેરિટમાં એડમિશન મળતું નથી, એને અનામતમાં એડમિશન મળે છે. ઓપન મેરિટ અને અનામત મેરિટનો તફાવત છે એ ત્રણ-ચાર કે પાંચ ટકાથી વધારે નથી ત્યારે આ મૅડિકલ શીટો વધે તો વધારે પ્રમાણમાં ગરીબ દીકરાઓ ડૉક્ટર બનશે એને સાચી સેવા કરવાની અને સાચી તક મળે. એના માટે પણ માનનીય મંત્રીશ્રી થોડુંક આયોજન કરે અને એ તરફ થોડુંક વિચારે એવી વિનંતી કરુ છું. સારા ડાંકટરો તૈયાર થાય છે વિદેશ જાય છે અન્ય જગ્યાએ જાય છે એટલે એનો લાભ આપણને ઓછો મળે છે. ડીલેવરીમાં મૃત્યુનો દર છે એ ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારોમાં એની થોડીક ચિંતા આપણે કરવી પડશે. ૬૭ ટકા જે બાળમૃત્યુ થાય છે થોડાક સમયમાં, ૧ થી ૩ વર્ષમાં એને માટે પણ આપણે કંઈક થોડુંક વિચારવું પડશે. કૅન્સરના જે દર્દી છે એમાં બી.પી.એલ. કાર્ડ હોય તો પણ માનનીય મંત્રીશ્રીને વિનંતી કરુ છું કે મોંઘી દવાઓ આપણે એને ચાર્જ કરીને આપીએ છીએ. બી.પી.એલ.ના દર્દીને જેટલી દવાની જરૂરિયાત હોય તે ફ્રી ઑફ મળે એવી આપના દ્વારા વિનંતી કરુ છું. દવાખાનાઓની ચર્ચા, બીજું ત્રીજું થશે પણ આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસે કેટલીક વિગતો મૂકવા માગું છું કે નારકોટીક ડ્રગ ક્વોટા જે રાજય સરકાર ફાળવે છે અને ભારત સરકારમાંથી એની વિગતો મંગાવવામાં આવે છે. એ વિગતોમાં આપણે કેટલા સજાગ છીએ જે ડ્રગ ક્વોટા નારકોટીક ડ્રગ ક્વોટા ફાળવ્યો, જે કંપનીને ફાળવ્યો એ કંપનીને ઉત્પાદન માટે ફાળવવામાં આવે છે. એ કંપનીએ કેટલું ઉત્પાદન કર્યુ અને એ ઉત્પાદન કેટલી ટેબલેટ, ગોળીઓ કે કઈ દવાઓમાં કર્યુ આનો આખો રૅકૉર્ડ રાજય સરકાર પાસે આવે છે અને આનો રૅકૉર્ડ આખો ભારત સરકારમાં જાય છે અને હું ભૂલતો ના હોઉં તો એની ડીટેલ વિયેના ખાતે પણ જે ઈન્ટરનેશનલ ડ્રગનું આખું તંત્ર ચાલે છે ત્યાં સુધી આપણે મોકલીએ છીએ. કોઈક જગ્યાએ માહિતી માગવામાં આવે માહિતી એકટમાં ત્યારે તંત્ર તરફથી જવાબ આપવામાં આવે કે ડ્રગ ક્વોટા ફાળવણીના કોઈ ધારાધોરણો જ નથી. મંત્રીશ્રીના અંગત સચિવ અપીલમાં જાય ત્યારે એના ધારાધોરણો એને મળે. કઈ કંપનીને છેલ્લા ૫ વર્ષમાં આ ક્વોટા ફાળવ્યો, કેટલો જથ્થો ફાળવ્યો, ફાળવેલ જથ્થામાંથી કેટલો ઉપાડ્યો અને એમાં કઈ આઈટમ બની અને કયાંથી ડીસ્પેચ થઈ ત્યાં સુધીની વિગતો આપણે તંત્ર પાસેથી મેળવવાની હોય છે. ૯મી માર્ચ ૨૦૦૭ના રોજ પત્ર દિલ્હીથી આવે છે કે તમે ડ્રગ ક્વોટા ફાળવણીની વિગતો અમને મોકલાવો આની સાથે. જે વિગતો મળે છે એમાં Navkar Formulation નો જે છે એમાં એને ક્વોટા ફાળવવામાં આવ્યો છે એ ક્વોટા કયાં વપરાયો એની વિગત આપવામાં આવતી નથી. કેડીલા ફાર્માસ્યુટીકલને માલ ઉત્પાદન કરવા આ ક્વોટા ફાળવવામાં આવ્યો પણ એ જવાબ આપે છે કે અમે રીસર્ચમાં વાપર્યુ, નક્કી કરેલી પ્રોડકટ માટે આ ક્વોટા આપવામાં આવે છે. રીસર્ચ માટે નથી આપવામાં આવતો. કેડીલા હેલ્થ લિમિટેડને ૧૦૦ ગ્રામ ફાળવ્યો માલ ઉપાડયો પણ દવામાં વપરાયો નથી તો આ માલ કયાં ગયો, Fentanyl આખા રાજયનો ક્વોટા ૫૦૦ ગ્રામ. સરકારી ભાવ શું છે મને ખબર નથી પણ બજારનો ભાવ છે સરકાર સિવાય ઈન્ટરનેશનલ ભાવ છે એનો ૧ ગ્રામનો ૧૦૦ કરોડ રૂપિયા. આ ૧૦૦ ગ્રામ ક્વોટા ફાળવ્યો, સંશોધનમાં વાપર્યો, આ પ્રોડકટમાં વાપરવાનો છે. અને એ દવા જે કંપનીઓને ફાળવ્યા હતા એની કોઈ જ વિગતો મળતી નથી. Thebaine ૭૫૦ કિલો રાજયનો ફાળે આવતો જથ્થો બે કંપનીઓને કુલ ૭૫૦ કિલો જથ્થો ફાળવ્યો. અને વપરાશ થયો. જથ્થો કઈ દવામાં વપરાયો તેનો તંત્રએ જવાબ માગ્યો તો એ જથ્થો ક્યાં ગયો અને ક્યાં વપરાયો છે એની કોઈ વિગતો આવતી નથી. એક ગ્રામનો ઈન્ટરનેશનલ માર્કેટ ભાવ એક કરોડ રૂપિયા છે. તો ૭૫૦ કરોડ રૂપિયાનો માલ કે જે દવા કે પ્રોડકશનમાં વાપરવામાં આવે છે એ ક્યાં જાય છે એ પૂછવા માગું છું. મૉર્ફિન સલ્ફેટ ૧૫૦ કિલો ગુજરાતના જથ્થા પૈકી ૫૫ કિલો ફાળવ્યો તેનો વપરાશ થયો પરંતુ ક્યાં વાપર્યો તેના કોઈ કારણો આપવામાં આવતા નથી. કૅન્સરની દવામાં એ ડ્રગ્ઝ વપરાય છે. આ જે ક્વોટા ફાળવવામાં આવે છે, આ ડ્રગ્ઝ છે એ જો પહેલી વખત પકડાય તો ૨૦ વર્ષની સજા થાય છે અને બીજી વખત પકડાય તો એને ફાંસીની સજા થાય છે. માનનીય મંત્રીશ્રી આ જે ક્વોટા પાંચ-સાત વર્ષમાં ફાળવવામાં આવ્યો છે, જે કંપનીઓને ઉત્પાદન માટે ફાળવવામાં આવ્યો છે એ ઉત્પાદનમાં વપરાયો છે કે નથી વપરાયો એ ચિંતા રાખીને તપાસ કરાવે. મને શંકા છે કે આ ડ્રગ્ઝ ક્યાંય બહાર પગ-પેસારો કરીને કૉલેજના છોકરાઓ કે યુવાનો સુધી પહોંચતો નથી ને? એની ચિંતા પણ આપણે

કરવી પડશે. મધ્યસ્થ ઔષધ ભંડાર દવા ખરીદવાનું તંત્ર સંભાળે છે. ૧૦ મહિના પહેલા એન્ટી બાયોટિક્સ ખરીદવા ટેન્ડર બહાર પડ્યું. જીવન રક્ષક દવાઓ અને એન્ટી બાયોટિક્સ દવાઓ ખરીદવા ટેન્ડર બહાર પાડ્યું. એમાં છ કંપનીઓએ માલ આપવાની તૈયારી બતાવી છતાં એ પાંચ કરોડનો માલ કેમ ન ખરીદાયો? એ માલ એટલા માટે ન ખરીદાયો કે એ માલ આવે તો સરકારી હૉસ્પિટલમાં જાય. એ માલ ગરીબ દર્દીઓને મળે. બજાર ભાવે ૧૦ ગણા ભાવથી ગરીબ દર્દીઓએ દવા લેવી પડે એટલા માટે તંત્રએ ટેન્ડર મંજૂર થયું હોવા છતાં પણ માલ ખરીદ્યો નહીં. આ નક્કી થયા પછી એને છોડવામાં કેમ આવે છે? આ કંપનીઓને કોઈ બ્લૅક લિસ્ટ કરી? આ કંપનીઓ છે એનું આખું તંત્ર વ્યવસ્થિત રીતે ચાલે છે. દવા હોસ્પિટલમાં ન હોય તો ડૉકટર લખી આપે એટલે એ જ કંપનીની દવા બજારમાંથી ખરીદવી પડે. એ ખરીદ્યા પછી ડૉકટર, કંપની અને આરોગ્ય વિભાગ આ ત્રણેયની મિલી-ભગતથી ગરીબ દર્દીઓના લાખો અને કરોડો રૂપિયા લૂંટાય છે એ આપના માધ્યમથી કહેવા માગું છું. આજે પણ સરકારી હૉસ્પિટલોમાં માનનીય મંત્રીશ્રી, આ દવાઓ નથી ખરીદાઈ તો એ વહેલામાં વહેલી તકે ખરીદાય એવી વિનંતી કરું છું. માનનીય અધ્યક્ષશ્રી નેશનલ રૂરલ હેલ્થ મિશન, ભારત સરકાર તરફથી જે કાંઈ સરકારી દવાખાનાઓને અને અન્ય કામો માટે ગ્રામ્ય વિસ્તારની હૉસ્પિટલને અપગ્રેડેશન કરવા માટે ફંડ આપે છે એ ફંડ એ યોજના તળે, એ હેડ કે નીતિ નિયમોથી વપરાય છે કે એ ફંડ ક્યાંક રોગી કલ્યાણ સમિતિમાં ડાયવર્ટ કરીને કોઈ સચિવાલયના આરોગ્યના બ્લૉક કૉર્પોરેટ હાઉસ જેવા બનાવવામાં વપરાય છે એ પણ જોવું પડશે. સચિવાલયના આ બ્લૉકમાં સરસ મજાની ટાઈલ્સ, રંગરોગાન, એર કન્ડીશનર નહીં થાય તો ચાલશે પણ દહેગામ જેવા તાલુકા મથક ઉપર આરોગ્ય વિભાગનું સરસ મકાન બને, એ ચાલું કરવા માટે પૈસા ન હોય પણ કોઈ આઈ.ટી.આઈ. કે બીજા વિભાગને સોંપી દેવામાં આવે અને સરસ મજાનું સારું મકાન જ્યારે તાલુકાને મળતું હોય ત્યારે......(અંતરાય)

**સભાપતિશ્રી** : માનનીય જગદીશભાઈ, વિરામનો સમય થયો છે. આપનું પ્રવચન ચાલું રહેશે.

**(વિરામ સવારના ૧૦-૩૦ થી ૧૧-૦૦)**

**( સભાપતિશ્રી દોલતરાય ના. દેસાઈ અધ્યક્ષસ્થાને )**

**શ્રી શંભુપ્રસાદ બ. ટુંડિયા (દસાડા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી આરોગ્ય વિભાગ અને પ્રવાસન વિભાગની જે માગણીઓ લઈને આવ્યા છે એને હું ગૌરવની લાગણી સાથે આવકારું છું અને ગુજરાત સરકારને અભિનંદન પણ આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ભારત વર્ષની પોતાની એક આગવી સંસ્કૃતિ છે. જે ધર્મપ્રિય અને ઉત્સવપ્રિય છે. આદિકાળથી ચાલી આવતી ઋષિમુનિઓની પરંપરાના કારણે આપણી પ્રજાએ અખૂટ સંસ્કૃત્તિ પ્રેમ અને ઉત્સવ પ્રેમ બતાવ્યો છે. ઉત્સવો, પર્વો, તહેવારો અને પ્રવાસો એ પ્રસન્નતાના દિવસો હોય છે માટે તેનું સામાજિક તથા સાંસ્કૃતિક ક્ષેત્રે અનેરું મૂલ્ય હોય છે. આ મૂલ્યોની જાળવણી માટે માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ તીર્થ, તહેવારો, ઉત્સવો અને પ્રવાસને ખૂબ સારુ મહત્ત્વ આપ્યું છે. તેમણે આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ, રણોત્સવ, શરોદત્સવ, ગ્રીષ્મોત્સવ, રંગોત્સવ, જુનાગઢ મહોત્સવ, વિશ્વ ગુજરાતી પરિવાર મહોત્સવ, નવરાત્રી ફેસ્ટીવલો કર્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, ભારતમાં પ્રવાસની વ્યવસ્થા આદિકાળથી ધર્મ અનુસાર ગોઠવાયેલી છે. દા.ત. ચારધામની યાત્રા, બાર જયોર્તિલિંગની યાત્રા, આદ્યશકિત પીઠોની યાત્રા હોય આ બધી વ્યવસ્થા ગોઠવી જે તે સ્થાનના લોકોના જીવનનિર્વાહ માટે અનેક પ્રકારના રોજગારની તકો સુસંગત રીતે આપી છે.

માનનીય અધ્યક્ષશ્રી, મને એ વાતનું ગૌરવ છે કે માનનીય મુખ્યમંત્રીશ્રી પણ આજ ઋષિમૂનિઓની પરંપરાનું અનુસરણ કરી રહ્યાં છે. પ્રવાસન મથકોએ સ્થાનિક લોકો સાથે વૈચારિક આદાન-પ્રદાન કરવા રાત્રી રોકાણો કર્યા છે. વર્ષ ૨૦૦૬ દરમ્યાન આંતરરાષ્ટ્રીય પેકેજ ટૂર્સનો આરંભ કરાવ્યો છે. તરણેતર ટૂર્સ, વાઈલ્ડ લાઈફ સરકીટ ટૂર, રિલીજીયસ ટૂર, ગાંધી સરકીટ ટૂર, છ ગાંવ પરિક્રમા-પાલીતાણા કર્યા છે. જેના કારણે પ્રવાસીઓના આગમનમાં ખૂબજ મોટો વધારો નોંધાયો છે.

આ ઉપરાંત વિદેશ મંત્રાલય દ્વારા પસંદગી પામી રાજ્યમાંથી જતા કૈલાસ માનસરોવર યાત્રીઓને માર્ગદર્શન, રૂપિયા ત્રણ હજારની મર્યાદામાં શુભેચ્છા કીટસ, પોતાના વતનથી દિલ્હી સુધીનું બીજા વર્ગનું રેલવે નૂર, રૂપિયા એક લાખનું યાત્રીદીઠ વીમા કવચ, ઉપરાંત સફળતાપૂર્વક યાત્રા પૂર્ણ કરનાર યાત્રીને રૂપિયા વીસ હજારની આર્થિક સહાય પણ આપવામાં આવે છે. આ માટે મારે એક ઉકિત કહેવી છે જે નીતિશતકોની છે.

**પ્રજા નામ પાલનમ્ કાર્ય નીતિપૂર્વ નૃપેણ**
**માર્ગ સંરક્ષણમ્ કૃપાનૃપ: પાન્થ સુખાયચ**
**પાન્થ પ્રપિડકા યે યે હંતવ્યાસ્તે પ્રયત્નત:**

**અર્થાત્**

રાજાએ નીતિપૂર્વક પંજાનું પાલન કરવું જોઈએ. યાત્રિકોના સુખ માટે માર્ગ રીપેરીંગ કરાવવું જોઈએ. યાત્રિકોને પીડા પહોંચાડનારા આતતાઈ પરિબળોને પ્રયત્નપૂર્વક નાશ કરવો જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, આ શાસ્ત્રોકિત નીતિ શતકોની છે. તેને અનુસરીને માનનીય મુખ્યમંત્રીશ્રીએ પ્રવાસન અને પવિત્ર યાત્રાધામોના વિકાસની શરૂઆત ૭૮ કરોડના પ્રવાસીપથની શરૂઆતથી કરી છે. ધાર્મિક યાત્રાધામોના વિકાસ અર્થે વર્ષ ૨૦૦૬-૦૭માં ૧૦૦ કરોડ અને અગિયારમી પંચવર્ષીય યોજનામાં રૂપિયા પાંચસો કરોડની

જોગવાઈ સૂચવી છે. આ વિકાસની યાત્રા આપણે નરી આંખે જોઈ શકીએ છીએ. સમગ્ર ગુજરાત પવિત્ર યાઠયાત્રાધામો તથા પવિત્ર દેવસ્થાનોથી અતિ સમૃદ્ધ ભૂમિ છે. ગુજરાતના મુખ્ય પવિત્ર યાત્રાધામો જેવા કે અંબાજી, સોમનાથ, દ્વારકા, પાલીતાણા, ગિરનાર અને ડાકોર છે, જેમાં મુખ્ય ૫૧ આદ્યશકિત પૈકીની પ્રથમ અંબાજી આદ્યશકિત પીઠ ગુજરાતની ધરતી પર છે. ૧૨ જયોર્તિલિંગ પૈકીનું પ્રથમ સોમનાથ જયોર્તિલિંગ ગુજરાતની ધરતી પર આવેલું છે. સાતપુરી પૈકી પ્રથમ દ્વારકાપૂરી અને ચારધામ પૈકી દ્વારકાધામ ગુજરાતની ધરતી પર આવેલ છે અને વિશ્વ વિખ્યાત સૌથી મોટું જૈન મંદિર પાલીતાણા પણ ગુજરાતની ધરતી પર જ આવેલ છે તેમજ ડાકોર, ગિરનાર અને અન્ય દેવસ્થાનો જેવા કે બહુચરાજી, પાવાગઢ, શામળાજી, શ્રી વરદાયિની માતાજી મંદિર રૂપાલમાં, શ્રી ઉન્નાઈ માતાજી નવસારીમાં આવેલ છે. આ ઉપરાંત રાજ્યમાં નદીઓમાં પણ ધાર્મિક રીતે ખૂબ જ મહત્વ તથા આસ્થા રાખવામાં આવે છે. જેમાં ગંગાનું આચમન, નર્મદાનું સ્નાન અને તાપીના સ્મરણથી જ મનુષ્ય પૂણ્યશાળી પાવન બને છે તે પૈકીની નર્મદા અને તાપી પણ ગુજરાતની પવિત્ર ભૂમિ પર આવેલ છે. આમ સમગ્ર ગુજરાતમાં પૌરાણિક અને ઐતિહાસિક દ્રષ્ટિએ નાના મોટા ભવ્યથી અતિ ભવ્ય મંદિરો આવેલા છે. આ પવિત્ર યાત્રાધામોના દર્શને વર્ષ દરમિયાન લાખો શ્રદ્ધાળુ દેશ વિદેશથી આવે છે. આમ ગુજરાત ધાર્મિક ક્ષેત્રે સર્વશ્રેષ્ઠ ગણી શકાય. આઝાદી પહેલા પૌરાણિક દેવસ્થાનોની જવાબદારી રાજા રજવાડાઓ દ્વારા સંભાળવામાં આવતી હતી. પરંતુ આઝાદી બાદ રજવાડાઓનું વિલિનીકરણ થતા દેવસ્થાનોની જવાબદારી જે તે જિલ્લા કલેકટરશ્રીઓના હસ્તક રાખવામાં આવેલી જેમાં સમગ્ર ગુજરાતના કુલ મળીને ૩૩૯ દેવસ્થાનો રાજય સરકાર હસ્તકના છે. જેમાં સૌ પ્રથમવાર આંતર માળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ થાય જેવી કે સ્વચ્છ પીવાના પાણી, પરિસરમાં પથ્થર પેવીંગ, સ્વચ્છ બેસવા માટે કલાત્મક કાષ્ટ બેંચિઝ કલાત્મક છત્રી, સોલર સ્ટ્રીટ લાઈટ, સોલર લોન ગાર્ડન, લાઈટીંગ સિસ્ટમના કામો કરવામાં આવેલા છે. ઉનાદ ખાતે તો અંદાજિત સાડાત્રણ કરોડના ખર્ચે લોક ભાગીદારીથી મંદિર નિર્માણ થઈ રહેલ છે. આ ગૃહમાં અગાઉ વિષય ચર્ચાઈ ચૂકયો છે છતાં મારે કહેવું છે કે અમારી ઝાંઝરકા સ્થાનકમાં વિકાસ માટે દસહજાર ચોરસ ફુટ જમીનની ફાળવણી કરી છે. રૂ. ૨૫ લાખ જેટલી માતબર રકમ આ યાત્રા સંકુલને તેમજ માળખાકીય સુવિધાના વિકાસ માટે ફાળવવામાં આવી છે તથા રૂ. સત્તાવન લાખના ખર્ચે ઝાંઝરકા-વનાળા રોડનું કામ પણ પૂર્ણ થઈ ગયેલ છે. જેનાથી આ વિસ્તારના તેમજ રાજયના પછાતવર્ગના લોકોની આસ્થામાં વધારો કર્યો છે અને રાજય સરકારની કામગીરીમાં વિશ્વાસ મૂકયો છે માટે હું રાજય સરકાર અને માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીને લાખ લાખ અભિનંદન આપું છું. જે વિસ્તારમાંથી હું ચૂંટાઈને આવ્યો છું તે વિસ્તારમાં ઝીંઝુવાડા ખાતે પુરાતનીય સ્થળોની જાળવણી તથા વિકાસમાં માનનીય મુખ્યમંત્રીશ્રી ઊંડો રસ લઈ રહ્યા છે જે અભિનંદનીય છે. સાથેસાથે મારી એક નમ્ર અરજ છે કે સારાય ગુજરાતમાં એક માત્ર અખંડ એવા લખતરનાં કિલ્લાનો વિકાસ કામગીરીમાં સમાવેશ કરવામાં આવે અને તેની જાળવણી થાય. તો એ વિસ્તારના લોકોની લાગણી એ પ્રકારે જોડાયેલી છે એમાં આપણને ખૂબ યશ મળે તેમ છે. મારું નમ્ર સૂચન છે કે નવીન કામો હાથ ધરાનાર છે એ સત્વરે શરૂ ઝડપથી પૂર્ણ થાય તેવી હું અપેક્ષા રાખું છું. જેમાં સોમનાથ જયોર્તિલીંગ રત્નાકર તટ યોજના, અંબાજી ગબ્બર પરિક્રમા ગિરનાર ટુંક વિકાસ કાર્ય, ગિરનાર તળેટીનું બ્યુટીફીકેશન, દ્વારકા દર્શન પથ તેમજ સમુદ્ર તટ વિકાસ ઉપરાંત અન્ય નાના મોટા રાજય સરકાર હસ્તક આવેલ મંદિરો તેમજ યાત્રાધામોનો સર્વાંગી વિકાસ થાય અને ઈશ્વર આપણને સહુને આ અંગે તન, મન અને ધનથી શકિત અર્પે તેવી પ્રાર્થના. અંતમાં એટલું કહીશ કે " લોક સંરક્ષણે દક્ષ: સુરો દાન્ત: પરાક્રમી દુષ્ટ નિગ્રહ શિલો ય: સ વૈ નૃપ: ઉચ્યતે" અર્થાત જે વ્યકિત જનતાની સારી સેવા કરવામાં ચતુર, શૂરવીર અને ઈન્દ્રિયોનું દમન કરવાવાળો પરાક્રમી અને સ્વભાવત: દુષ્ટો તથા આતતાયીને દંડ આપવાવાળો હોય છે તે જ શ્રેષ્ઠ રાજા છે. આવા આપણા શ્રેષ્ઠ નરોમાં ઈન્દ્ર એવા માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીને અને ગુજરાત સરકારને લાખ લાખ અભિનંદન આપું છું.

**શ્રીમતી વંદનાબેન મ. મકવાણા (કેશોદ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય આરોગ્ય મંત્રીશ્રી, આરોગ્ય વિભાગની જે માગણીઓ લઈને આવ્યા છે તેને સંપૂર્ણ સમર્થન આપવા હું ઉભી થઈ છું. માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય સભાગૃહના સૌથી નાના અને મહિલા સભ્ય તરીકે માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈના નેતૃત્વમાં ચુંટાઈ આવવા બદલ હું મારી જાતને ધન્યતા અનુભવું છું અને સમગ્ર નારી જાત માટે ગૌરવની લાગણી વ્યકત કરું છું. દેશના અન્ય રાજયોએ પણ પ્રેરણા લેવી પડે તેવી આરોગ્ય અને પરિવાર કલ્યાણની અનેક યોજનાઓ અને પાયાથી સુધારાવાદી કાર્યક્રમોનો અમારી ભારતીય જનતા પાર્ટીની સરકારે ગુજરાતમાં સફળતાપૂર્ણ અમલ કરી બતાવ્યો છે. ગુજરાતે પ્રસૂતા માતા અને નવજાત શિશુની સલામતી માટે અમલમાં મૂકેલી "ચિરંજીવી યોજના" દેશભરમાં એક અનોખી પહેલનું ઉદાહરણ છે. પાટુ મારી પટારો ભાંગનાર અને માં ભોમની રક્ષા કાજે પોતાના પ્રાણની આહુતિ આપનાર શિવાજી જેવા શૂરવીરોને જન્મ આપનાર, અનેક જનેતા સુવાવડના સમયે યોગ્ય સારવાર ન મળતા માં બનવાને બદલે મોતને ભેટતી. આ વાતની ચિંતા સત્તાના સિંહાસન પર બેઠેલા કોઈ રાજનેતાએ કદી કરી નહોતી. પરંતુ હું ધન્યવાદ આપીશ ગુજરાતના ક્રાંતિકારી મુખ્યમંત્રીશ્રી માનનીય નરેન્દ્રભાઈ મોદીને. કે જેમણે 'ચિરંજીવી યોજના' ના માધ્યમથી, ગુજરાતના ગામડાની છેવાડાની ગરીબ મહિલાને પણ સુખરૂપ 'મા' બનવાનું સૌભાગ્ય પ્રદાન કર્યુ છે. અરે, ગામડાની ગરીબ, દલિત, પીડિત, શોષિત મહિલાઓની વેદનાને સંવેદનામાં ફેરવવાનું ભગીરથ કામ અમારી ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યુ છે.

માનનીય અધ્યક્ષશ્રી, નારી સમાજના ઉત્થાન, પ્રગતિ અને વિકાસ માટે અમારી સરકારે અનેક ક્રાંતિકારી અને કલ્યાણકારી યોજનાઓ અમલી બનાવી છે. ભૂતકાળમાં સ્ત્રીને પરાણે પતિના મૃત્યુ પાછળ સતી થવાના સામાજિક બંધનમાંથી છોડાવવાની વાત આવે, તો આજે ઇતિહાસ સ્વામી દયાનંદ સરસ્વતીને યાદ કરે છે. ભૂતકાળમાં દીકરીના જન્મ બાદ તેને મારી નાખવા માટે દૂધપીતી કરવાના કુરિવાજમાંથી બચાવવાની વાત આવે, તો આજે ઇતિહાસ રાજારામ મોહનરાયને યાદ કરે છે. સ્ત્રીઓને બંધારણીય અધિકારો આપવાની વાત આવે, તો આજે ઇતિહાસ બંધારણ ના ઘડવૈયા અને સ્ત્રીઓના મુક્તિદાતા ડો. બાબા સાહેબ આંબેડકરને યાદ કરે છે, પરંતુ એકવીસમી સદીના આ યુગમાં, જ્યાં નારી સ્વતંત્રતાના નારા લગાવવામાં આવે છે, ત્યારે દીકરીને જમ્મ લેતા પહેલા જ, માતાની કૂખને કબ્રસ્તાન બનાવી ભ્રૂણ હત્યાનું જે મહાપાપ આદરવામાં આવતું તેની સામે 'બેટી બચાવો' ના માધ્યમથી, જનઆંદોલન છેડી સામાજિક ચેતના જગાવવાનું, જે મહાન કાર્ય ગુજરાતના ક્રાંતિકારી મુખ્યમંત્રીશ્રી માનનીય નરેન્દ્રભાઈ મોદીએ કર્યુ છે, જેની નોંધ ભારતના ઇતિહાસમાં સુવર્ણ અક્ષરોએ આલેખાશે. સમાજમાં સ્ત્રી-પુરુષના ચિંતાજનક ગુણોત્તરમાં આશાસ્પદ સુધારો લાવવાના આ મહાન કાર્ય બદલ હું માનનીય મુખ્યમંત્રીશ્રીને સમગ્ર નારી સમાજ વતી લાખ-લાખ અભિનંદન પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજનો યુગ નવનિર્માણનો યુગ છે, જે નારીના સહયોગ વિના શકય નથી. છીપના બંધનમાંથી મોતીનું બહાર આવવું એ કુદરતી છે, તેવી જ રીતે સમાજના હદ બહારના બંધનો તોડી, આજ સ્ત્રીએ પોતાની તાકાતથી દરેક ક્ષેત્રમાં સફળતા પણ મેવવી છે. આજે સ્ત્રી અબળા નથી, પણ સબળા છે. સાક્ષાત શક્તિનું સ્વરૂપ છે. અનેક વિરપુરુષો અને વિધ્વાનોએ પણ નારી શક્તિને બિરદાવી છે. સીતા, સાવિત્રી કે દમયંતી જેનો આદર્શ છે, તેવી ભારતીય સ્ત્રીઓએ સહનશીલતાની મૂર્તિરૂપે, શક્તિ સ્વરૂપ રણચંડી બની બતાવી આપ્યું છે કે કાયાથી નાજુક હોવા છતાયે સ્ત્રી મનથી કેટલી મહાશક્તિશાળી હોય છે. મહિલાની સર્જન શક્તિને વિકાસમાં જોતરી, સશક્તિકરણના માધ્યમથી મહિલાઓ રાજ્યના વિકાસમાં ભાગીદાર બને એ અમારી સરકારનો મુખ્ય અભિગમ છે.

મહાન દેશભક્તો તથા અમર શહીદોના ત્યાગ અને બલિદાનના પ્રતાપે આપણને મહામૂલી આઝાદી મળી છે. પૂજ્ય મહાત્મા ગાંધીએ કહ્યું હતું કે....

"લાયે હે હમ તુફાન સે, કસ્તી નિકાલ કે.
મેરે બચ્ચો તુમ રખના, ઈસ દેશ કો સંભાલ કે".

દેશની એકતા-અખંડિતતા અને સલામતીની જવાબદારી જેના શીરે છે, તે બાળકના આરોગ્યની ચિંતા કોઈએ નથી કરી. આજનો બાળક એ આવતી કાલનો યુવાન છે અને યુવાન એ ભારતનું ભવિષ્ય છે. આજે ભારતનું એ ઉજ્જવળ ભવિષ્ય કુપોષણનો ભોગ બની રહ્યું છે. કુપોષણ એ કોઈપણ સમાજ કે રાજ્ય માટે ચિંતાનો વિષય છે. કુપોષણ એ એક એવું ઝેર છે જે બાળકના જોમ-જુસ્સો અને તેજ ને હણી નાખે છે.

મને જણાવતા ખૂબ જ હર્ષ અને આનંદ થાય છે કે, અમારી સરકારે વર્ષ-૨૦૦૮ ને 'નિરોગી બાળક' વર્ષ તરીકે ઉજવવાનો નિર્ધાર કર્યો છે, જેના કારણે બાળ મૃત્યુદરમાં ઘટાડો થશે. દરેક બાળકનો શારીરિક અને માનસિક વિકાસ યોગ્ય રીતે થાય તે ખૂબ જ જરૂરી છે. અમારા ક્રાંતિકારી મુખ્યમંત્રીશ્રી 'નિરોગી બાળક' અને 'સંકલિત બાળ વિકાસ' ના માધ્યમથી ગુજરાતમાં સશક્ત-ખડતલ અને શક્તિશાળી યુવાનોની ટીમ તૈયાર કરવા માગે છે, જે આજના સમયની માંગ છે. ગુજરાત સરહદી રાજ્ય છે. રાજ્યનું વિશાળ યુવાધન આવનારા કોઈ પણ પડકારોનો મક્કમતાથી સામનો કરી, રાજ્ય અને રાષ્ટ્રની રક્ષા કરી શકે, તથા અહિંસાના પૂજારી પૂજ્ય મહાત્મા ગાંધીના ગુજરાતમાં, હિંસાની હોળી ખેલવાના સ્વપ્નમાં રાચતા, ગુજરાત વિરોધીઓને પણ પાઠ ભણાવી શકે તેમજ ગુજરાતના ગૌરવ અને અસ્મિતાનું રક્ષણ કરી શકે.

આમ, ગુજરાતમાં બાળકો નિરોગી થાય અને કુપોષણથી મુક્ત થાય, તેવા ઉમદા હેતુથી અમારી સરકારે પૂરક પોષણ આપવા માટે 'બાલભોગ યોજના' શરૂ કરી છે. જેમાં ૬ વર્ષથી નાના, ૩૨ લાખ ભૂલકા-કિશોરીઓ અને ૪ લાખ સગર્ભા માતાઓને આવરી લેવાશે અને આ માટે બજેટમાં ૧૨૭.૭૬ કરોડની માતબર જોગવાઈ કરવામાં આવેલ છે.

આમ, માનનીય આરોગ્ય મંત્રીશ્રી આરોગ્ય વિભાગની જે માગણીઓ લઈને આવ્યા છે, તેને હું સમર્થન આપી વિરમું છું.

**શ્રી બાવકુભાઈ ના. ઉંઘાડ (બાબરા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય આરોગ્ય મંત્રીશ્રી જે બંને માગણીઓ લઈને આવ્યા છે તેમાં મારા વિચારો વ્યક્ત કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયમાં તમામ લોકો તંદુરસ્ત રહે તેની આપણને બધાને ચિંતા છે. ત્યારે મારે દુ:ખ સાથે કહેવું છે કે આ રાજયમાં જે યુવાનો છે અને જે મલ્ટી પર્પઝ હેલ્થ વર્કરો છે આ મલ્ટી પર્પઝ હેલ્થ વર્કરોને ફક્ત ૧૧ મહિનાના મહિને ૨૫૦૦ રૂપિયાના ઑર્ડર આપવામાં આવે છે. આ રાજયમાં ૩૫૦૦ જેટલી જગ્યાઓ ખાલી છે. ૨૫૦૦ યુવાનોને આ રાજયમાં છેલ્લા સાડા ચાર વર્ષથી ૧૧ મહિનાના ઑર્ડર આપવામાં આવે છે અને ૧૧ મહિના પૂરા થઈ જાય એટલે તેમણે છૂટા થવાનું અને ફરીથી પાછા ૧૧ મહિનાના ઑર્ડર આપવાના. આમાં એકને ગોળ અને એકને ખોળ એવી નીતિ છે. જેમ આપણે વિદ્યા સહાયક, પંચાયત સહાયક, વિદ્યુત સહાયકની જગ્યાઓ પાંચ વર્ષના ૨૫૦૦ રૂપિયાના ઑર્ડર આપીને ભરીએ છીએ તેમ આ હેલ્થ વર્કરો ભૂકંપ,

અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, રોગચાળો ફેલાય છે ત્યારે ૨૪ કલાક કામ કરે છે તેમને ફક્ત ૧૧ મહિનાના ઑર્ડર આપવામાં આવે છે તો મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે હેલ્થ વર્કરોને જે બીજા સહાયકો છે તેમની જેમ ઑર્ડર આપવામાં આવે.

**અધ્યક્ષશ્રી અધ્યક્ષ સ્થાને**

માનનીય અધ્યક્ષશ્રી, મારા વિસ્તારની વાત કરું તો બાબરા, વડીયા, કુકાવાવ વિસ્તારોમાં મોટા ભાગના પી.એચ.સી. અને સી.એચ.સી. છે તેમાં અમુક જગ્યાએ એમ.બી.બી.એસ.ની જગ્યાએ બી.એ.એમ.એસ. ડૉકટરો મૂકવામાં આવેલ છે. આમાં અમુક ડૉકટરો ડીસ્પેન્સરી અને ઓ.પી.ડી. કરી શકતા નથી. બીજું કે જે સર્જનની જગ્યાઓ એમ.ડી. અને એમ.એસ.ની ખાલી છે તે પણ ભરવામાં આવે. આ રાજયની અંદર અને સમગ્ર વિશ્વમાં આયુર્વેદ શાસ્ત્ર છે તેની આપણે ત્યાં પૂરેપૂરી અવગણના થાય છે. એલોપેથીની જગ્યાએ આયુર્વેદ તમામ રીતે ઉત્તમ છે. તો આપણા રાજયમાં આયુર્વેદમાં પણ વધારેમાં વધારે પ્રોત્સાહન અપાય અને આના ઉપયોગથી દર્દીઓને કોઈ સાઈડ ઈફેક્ટ થતી નથી. તેમાં વધારે ગ્રાન્ટ ફળવાય તેવી વિનંતી કરું છું. અગાઉ જે વાતો થઈ તેમાં ડાઈકલોફોનીક કલોરાઈડ સોડિયમના ઇંજૅક્શનો વપરાય છે અને માનનીય વનમંત્રીશ્રીએ કહ્યું હતું તેમ આનો રાજયમાં બાન છે. આ ઇંજૅક્શનો પશુઓ માટે વપરાતા ન હોય પણ માણસોમાં તે વપરાય છે. તમામ પશુ ડૉકટરો તેના માટે પ્રિસ્ક્રિપ્શન લખી આપે છે અને આનો ઉપયોગ કરે છે. આપણે ગીધની વસ્તી બચાવવા અને ગીધ એટલે સફાઈ કામદાર છે અને તેને બચાવવા માટે આપણે કઈક આયોજન કરવું પડશે. આ રાજયની અંદર તમામે તમામ વ્યકિતઓ નિરોગી રહે તેના માટે અને રોગ ન થાય તેના માટે આયોજનો થાય તેમાં ખાસ કરીને મલ્ટી નેશનલ કંપનીઓ છે તે ફાસ્ટફૂડ અને જંકફૂડની મોટી જાહેરાતો કરે છે. તો સરકાર દ્વારા આવા ફૂડ ન વપરાય તેના માટે કોઈ જાહેરાત થાય. બીજું કે જે ગરીબ અગરીયાઓ છે અને હજારો વર્ષોથી આ સૃષ્ટિ ઉપર બધા લોકો મીઠું ખાય છે. પણ અમુક અધિકારીઓ દ્વારા અમુક જૂના પરિપત્રો દ્વારા આ રાજયની અંદર અને દેશમાં આયોડિનયુકત મીઠું ખાવાનો ફરજિયાત કાયદો કર્યો છે. પણ આજે લીલા શાકભાજી અને કઠોળમાંથી આયોડિન મળે છે. કુદરતી રીતે મળે છે. તો ગરીબ લોકોના મીઠાના વેચાણ ઉપર અને મીઠુ પકવીને જે વેચે છે એમાં આયોડીનયુકત મીઠુ વેચવાનું ફરજિયાત છે તો એને બદલે સાદુ મીઠુ પણ વેચી શકે કારણ કે આપણા શરીરમાં જેટલું આયોડીન જોઈએ એટલું આયોડીન એમાંથી પણ મળી રહે છે એટલે એની છૂટ આપવા માટે રાજય સરકાર વ્યવસ્થા કરે એવું હું માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરું છું. સમગ્ર વિશ્વમાં જે વિકસિત દેશો છે, આ દેશોમાં જે મલ્ટીનેશનલ કંપનીઓ જે દવાઓ બનાવે છે એ મલ્ટીનેશનલ કંપનીઓએ, પોતાના દેશની અંદર આ દવાઓ માણસોને અતિઝૅરી અને નુકસાનકારક છે, માણસોના શરીરને એ દવાઓ નુકસાનકારક છે એટલે ત્યાં એમની ફૅકટરીઓ બંધ કરીને આપણા દેશમાં આ ફૅકટરીઓ શરૂ કરેલ છે તો માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગું છું કે, આવી મલ્ટીનેશનલ કંપનીઓના, પોતાના દેશમાં આ દવાઓના વેચાણ ઉપર બાન મૂકેલ છે, કેમકે માણસના આરોગ્ય માટે એ દવાઓ નુકસાનકારક છે તો એવી દવાઓ ઉપર આ રાજય સરકાર પણ બાન મૂકે.

માનનીય અધ્યક્ષશ્રી, ડૉકટર જ્યારે બારમું ધોરણ પાસ કરીને ડૉકટરમાં દાખલ થાય છે ત્યારે પહેલું એ શીખવવામાં આવે છે કે કોઈપણ દર્દી તમારી પાસે આવે, કોઈપણ બિમારી હોય તો તેને પ્રથમ એ દર્દીને ધ્યાન દોરવું જોઈએ કે એની લાઈફ સ્ટાઈલ બદલો, એને બદલે સીધી દવાઓ લખી આપવામાં આવે છે તો આ બાબતે પણ આ વિભાગ દ્વારા ડૉકટરો આ બાબતે પૂરતી કાળજી રાખે એનું ધ્યાન દોરવું જોઈએ.

અત્યારે જે આરોગ્યની વાત કરીએ છીએ ત્યારે પાણીજન્ય મોટા રોગો થાય છે ત્યારે માનનીય ધારાસભ્યશ્રીઓને પણ આરઓપ્લાન્ટનું પાણી અહીંયાં પીવા માટે મળતું નથી તો રાજયના અન્ય લોકોની તો કેવી પરિસ્થિતિ હશે, તો એ બાબતે પણ રાજયમાં વધારેમાં વધારે શુદ્ધ પાણી મળે એની કાળજી લેવાય.

મારાં એક બે સૂચનો છે કે ત્રીજા અને ચોથા વર્ગના કર્મચારીઓની ભરતી અંગેના જ્યારે પ્રશ્નો પૂછીએ છીએ ત્યારે અમને એવો જવાબ આપવામાં આવે છે કે, યોગ્ય લાયકાતવાળા ઉમેદવારો મળે ત્યારે અમે ભરતી કરીશું. માનનીય અધ્યક્ષશ્રી, ત્રીજા અને ચોથા વર્ગની જગ્યાઓ અનેક જગ્યાએ આરોગ્ય વિભાગની અંદર ખાલી છે તો એને માટેની પણ તાત્કાલિક કાર્યવાહી કરવામાં આવે.

આ રાજયમાં અનેક જગ્યાએ કે જે ગરીબ વિસ્તારો છે ત્યાં કેટલાક ગરીબો પાસે બીપીએલ કાર્ડ નથી અને કોઈને કૂતરું કરડે તો એમ કહેવામાં આવે છે કે તમારી પાસે બીપીએલ કાર્ડ હોય તો તમને ઇન્જૅકશન આપવામાં આવશે તો આના માટે, આ ગરીબો માટે વ્યવસ્થા થાય અને દરેક સીએચસી અને પીએચસીમાં આ ઇન્જૅકશનો રાખવામાં આવે તેવી વ્યવસ્થા કરવામાં આવે.

માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લું સૂચન એ છે કે રાજયમાં ગુટકા, તમાકુ અને બીડીનું બાન મૂકાય જેથી આ રાજયના યુવાનો અને લોકોને તંદુરસ્તી મળે એના માટે સ્કૂલની આજુબાજુ અને મંદિરોની આજુબાજુમાં નિયમ છે છતાં બધે એ વેચાય છે પણ સમગ્ર રાજયમાં આનું બાન મૂકાય તો જ કૅન્સર જેવી અને બીજી બિમારીઓના જે મોટાભાગના પશ્નો છે એ પ્રશ્નો હલ થાય.

**શ્રીમતી ભારતીબેન અ. રાઠોડ (કામરેજ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની માંગણીઓ લઈને આવ્યા છે તેને સમર્થન આપવા માટે હું ઊભી થઈ છું ત્યારે સૌ પ્રથમ હું

ભા.જ.પ.ની આભારી છું, કારણ કે ગુજરાતના દીર્ઘદ્રષ્ટા માનનીય મુખ્ય મંત્રીશ્રીની આદિવાસીઓની કામ કરવાની લાગણી અને તેમાંય મને એક આદિવાસી મહિલા ધારાસભ્ય તરીકે આ ગૃહમાં પ્રથમ વખત બોલવાની તક મળી છે ત્યારે હું મારી જાતને ધન્યતા અનુભવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, હું આદિવાસીઓમાં પણ અતિ પછાત એવી આદિવાસી જાતિ હળપતિ સમાજમાંથી આવું છું ત્યારે આપ સૌને તથા સામે બેઠેલા મારા સાથી મિત્રોને ખ્યાલ આવશે કે ભા.જ.પ.ની માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના વડપણ હેઠળની સરકાર આદિવાસીઓ માટે કેટલી ચિંતા કરે છે તેઓ આ મજબૂત પુરાવો છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારે જિલ્લા હૉસ્પિટલો, સામૂહિક આરોય કેન્દ્રો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં લોક ભાગીદારી વધારવા રોગી કલ્યાણ સમિતિની રચના કરી છે. આ સમિતિને સ્થાનિક જરૂરિયાતોના કામો હાથ ધરવાની તથા દર્દીને સીધા ઉપયોગમાં આવે તે રીતે ફંડ વાપરવાની સ્વાયત્તતા મુકરર ભંડોળ સાથે આપવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, એજ રીતે રાજય સરકારે આરોગ્ય ક્ષેત્રે જન ભાગીદારી માટે પંચાયત રાજ સંસ્થાઓ હેઠળ ગ્રામ્ય કક્ષાએ ગ્રામ્ય આરોગ્ય સમિતિ, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર સમિતિ, તાલુકા કક્ષાએ બ્લૉક આરોગ્ય સમિતિ, જિલ્લા કક્ષાએ જિલ્લા આરોગ્ય પ્રોગ્રામ મોનીટરીંગ અને રિવ્યુ સમિતિ તથા રાજય કક્ષાએ રાજય જન સ્વાસ્થ્ય મંચની રચના કરવાનું નક્કી કરેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગ્રામ્ય આરોગ્ય સમિતિને વાર્ષિક રૂા. ૧૦,૦૦૦/-ની ફાળવણી વંચિત લોકોના આરોગ્ય સંવર્ધન માટે અપાશે. આ ઉપરાંત પેટા કેન્દ્રમાં ફરજ બજાવતા આરોગ્ય કાર્યકરને રૂા. ૧૦,૦૦૦/- અન-ટાઈડ ફંડ તરીકે ઉપલબ્ધ કરાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગ્રામ્ય કક્ષાએ કૉમ્યૂનિટિ લિંક વર્કર તરીકે રાજયમાં કુલ ૧૬,૮૩૧ 'આશા" એક્રિડેટ સોસિયલ હેલ્થ એકટીવીસ્ટ વર્કરોની નિમણૂક કરવામાં આવેલ છે. સરકારના આ બધા પ્રયત્નોના કારણે જાહેર આરોગ્ય સંસ્થાઓમાંથી સારવાર મેળવતા દર્દીઓની સંખ્યામાં ધરખમ સુધારો થયો છે. સરકારી શૈક્ષણિક સંસ્થાઓમાં વર્ષ ૨૦૦૧-૨૦૦૨ દરમ્યાન ૨૪.૭૦ લાખની ઓપીડી અને ૩.૩૮ લાખના દર્દીઓને અંદરના દર્દી તરીકે સેવા મેળવી હતી. તે હવે વધીને વર્ષ ૨૦૦૬-૨૦૦૭માં ૪૩ લાખ અને ૩.૪૦ લાખના સ્તરે પહોંચી છે. તેવી જ રીતે સરકારી તબીબી હૉસ્પિટલોમાં વર્ષ ૨૦૦૧-૨૦૦૨માં ૮૯ લાખ દર્દીઓ અંદરના અને ૧૬.૮૨ લાખ દર્દીઓ બહારના દર્દીઓ તરીકે સેવા મેળવતા હતા તે હવે વધીને અનુક્રમે ૯૫ લાખ અને ૧૭ લાખના સ્તરે પહોંચી છે. સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં આ સંખ્યા ૬૬ લાખથી વધી ૧.૦૩ કરોડ અને ૫ લાખથી વધી ૧૧ લાખે પહોંચી છે.

માનનીય અધ્યક્ષશ્રી, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં વર્ષ ૨૦૦૩-૨૦૦૪ દરમ્યાન ૧.૦૫ કરોડ વ્યકિતઓએ બહારના દર્દી તરીકે સેવા મેળવી હતી. તે વધીને ૨૦૦૬-૨૦૦૭માં ૧.૪૨ કરોડના સ્તરે પહોંચી છે. અંદરના દર્દી તરીકે સારવાર મેળવનાર વ્યકિતઓ ૧.૨૯ લાખ હતી તે ૨૦૦૬-૦૭ના અંતે ૨.૯૧ લાખ સુધી પહોંચી છે. જાહેર આરોગ્યની સંસ્થાઓમાં સારવાર મેળવનાર દર્દીઓની સંખ્યામાં વધારો થવાના કારણે પ્રતિ સંસ્થા દીઠ પ્રતિદિન સરેરાશ દર્દીઓની સંખ્યામાં પણ નોંધપાત્ર વૃદ્ધિ નોંધાઈ છે. રાજય સરકારના જાહેર આરોગ્ય સેવાઓની ગુણવત્તા સતત સુધારવાના અભિગમના કારણે સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં સરેરાશ ઓપીડી ૨૦૦૧ના ૯૩થી વધી ૨૦૦૬માં ૧૨૬ સુધી પહોંચી છે. સરેરાશ આઈપીડી ૫ થી વધી ૧૨ થઈ છે. પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં સરેરાશ ઓપીડી ૨૦૦૩માં ૩૪ હતી તે હવે વધી ૪૩ થઈ છે.

માનનીય અધ્યક્ષશ્રી, વિકેન્દ્રીકરણના ભાગ રૂપે જિલ્લા કક્ષાએ ડિસ્ટ્રિક્ટ હેલ્થ મિશન અને ડિસ્ટ્રિક્ટ હેલ્થ સોસાયટીની રચના કરવામાં આવેલ છે. આ સોસાયટીના મકાન મરામત, સાધન-સામગ્રીની ખરીદી, દવાઓની ખરીદી તેમજ કરાર આધારિત સ્ટાફની કામચલાઉ નિમણૂક કરવા માટેની સત્તાઓ સોંપવામાં આવેલ છે. જેને કારણે ઝડપી નિર્ણયો લઈ સેવાઓ સુધારવામાં સફળતા મળી છે. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી આરોગ્ય વિભાગની માગણીઓ લઈને આવ્યા છે તેને હું મારું સમર્થન આપું છું.

**શ્રી મોહંમદ ફારૂક હુ. શેખ (કાલુપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય આરોગ્ય મંત્રીશ્રી તેમની માગણી ક્રમાંક ૩૮, ૩૯ અને ૪૦ લઈને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણો ભારત દેશ ૨૧મી સદી તરફ જઈ રહ્યો છે ત્યારે સૌથી પ્રથમ આપણી જરૂરિયાત એ છે કે દરેક માણસ નીરોગી રહે. પરંતુ અહીંયા આપણા ગુજરાતમાં અને ખાસ કરીને અમદાવાદમાં એવું નથી. આજે એટલા બધા રોગો છે કે ન પૂછો વાત. દરેક કુટુંબની અંદર કોઈને કોઈ માણસ બીમાર હોય છે એનું કારણ આપણે શોધવું જોઈએ કે શેનાથી થાય છે? આજે કાશ્મીરમાં બરફ પડે તો દિલ્હીમાં પણ ઠંડી વધે છે અને આપણે ત્યાં પણ ઠંડી વધે છે એનું કારણ શું? હવા, અને હવાથી રોગો વધારે ફેલાય છે. ખાસ કરીને અમદાવાદની વાત કરું અમદાવાદ અમુક વિસ્તારોની અંદર ઓઢવ, નરોડા, વિંઝોલ ત્યાં જે ફૅકટરીઓ આવેલી છે એ ઉદ્યોગો છે હું એમ નથી કહેતો કે એ ઉદ્યોગો બંધ કરવા જોઈએ પણ આપણે એના પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ કે એ ઉદ્યોગો ઝેરી ગેસ છોડે છે અને તે હવામાં ફેલાય છે એનાથી આખા અમદાવાદ શહેરમાં રોગો થાય છે, એમાં ખાસ કરીને કૅન્સર, ટી.બી. ફેફસાંની બીમારીઓ અને અસ્થમાના રોગો વધુ પ્રમાણમાં થાય છે.

અમદાવાદમાં ૯ ટકાનો દર છે અને આપણા અમદાવાદની અંદર ૬૫ ટકા ફૅકટરીઓ ઉદ્યોગો આવેલા છે તે ઝૈરી ગેસ છોડે છે આખા દેશની અંદર સૌથી વધારે જો રોગો ફેલાતા હોય તો એ ગુજરાતમાં અને ખાસ કરીને અમદાવાદમાં છે અને એ દર ૯ ટકાનો છે. મારી પાસે આ વર્તમાનપત્રોના સમાચાર છે.

**અધ્યક્ષશ્રી:** શ્રી ફારૂકભાઈ આપ સિનિયર મેમ્બર છો. આપનો અભ્યાસ હશે એનો વાંધો નહિ પણ વર્તમાનપત્ર અહીંયા બતાવવાની જરૂર નથી.

**શ્રી મોહંમદ ફારૂક હુ. શેખ:** એ હવાથી ફેલાય છે. બીજું પાણી, એમાં એટલા બધા જીવજંતુઓ હોય છે કે ન પૂછો વાત. અમુક ફૅકટરીઓ વાળા કૅમીકલ, કાળુ પાણી, લીલું પાણી, બધા પાણી પાઈપલાઈનમાં જાય છે. એ ભૂગર્ભમાં જાય છે અને ત્યાંથી એ રોગ ફેલાય છે. આજે આપણે અમદાવાદને રોગમુક્ત કરવું છે. આજે ઘણી બધી જગ્યાએ હેલ્થ કલબો છે, આપણે હેલ્થકલબો શું કામ ખોલીએ છીએ. પહેલાંના લોકો સો-સો વર્ષ જીવતા હતા, નેવું નેવું વર્ષ આજે ૬૦ અને ૭૦ની વચ્ચે માણસ બીમારીઓના કારણે મૃત્યુ પામે છે. એનાથી આપણે બચવું જોઈએ. આરોગ્ય વિભાગ છે એના માટે આપણે અમુક નિયંત્રણો કરવા જોઈએ.

બીજું મારી માગણી છે કે, વી.એસ. હૉસ્પિટલ, જે અમદાવાદની મોટામાં મોટી હૉસ્પિટલ છે એમાં સરકાર તરફથી બે કરોડ રૂપિયાની ગ્રાન્ટ આપવામાં આવે છે એમાં આજુબાજુના ગામડાના લોકો તો આવે જ છે તો એમાં દર્દીઓની ભરતી વધારે થાય છે તો એમાં મારી મંત્રીશ્રીને ખાસ વિનંતી છે કે, પાંચ કરોડ રૂપિયાની ગ્રાન્ટ કરવી જોઈએ. જેનાથી અમુક ગરીબ અને મધ્યમ વર્ગના લોકોને રાહત થાય.

બીજું, આપણે સિનિયર સીટીઝનમાં માનીએ છીએ. સિનિયર સીટીઝનને આપણે દરેક લાભ આપવા તૈયાર થયા છીએ, વિકલાંગો જેમને આપણે દરેક લાભ આપવા તૈયાર થયા છીએ. તેમના માટે ભારત દેશમાં અનેક યોજનાઓ થાય છે તો એ લોકોને ખાસ કરીને સિનિયર સીટીઝન અને વિકલાંગો છે એમને દવા તદ્દન મફત આપવી જોઈએ. એમ.આર.આઈ. સીટી સ્કેન, એક્સ રે છે, સોનોગ્રાફી છે એના લાભથી એ લોકો વંચિત રહે છે તો એ લાભો પણ એ લોકોને આપવા જોઈએ. લગભગ ગરીબ અને મધ્યમ વર્ગના લોકોને સિનિયર સીટીઝનને ઘણી તકલીફ ઉભી થાય છે.

બીજું ખાસ કરીને અત્યારે ઉનાળાની સીઝન આવી રહી છે એમાં સિન્થૅટિક દૂધ, બટર, ચીઝ, મલાઈ એમાં આ લોકો ડૂપ્લીકેટ એટલું બધું કરે છે કે ન પૂછો વાત. આ લોકો બનાવટી વાપરે છે અને એના કારણે લોકો બીમાર થાય છે અને સિન્થૅટિક દૂધ લોકો વેચતા હોય છે અને હમણાં જ છ મહિના પહેલાં આ સિન્થૅટિક દૂધના કારણે ઘણા લોકો બીમાર થઈ ગયા છે. અત્યારે અમદાવાદની અંદર ખીર ખાવાથી લોકો બીમાર પડ્યા છે આના માટે ખાસ ઉનાળાની સીઝનમાં હેલ્થના અધિકારીઓને અમદાવાદમાં જે કોલ્ડ્રીંક્સ વેચાય છે જે આ બધી ચીજો વેચાય છે બટર, ચીઝ વિગેરે એ બધી એક્સપાયરી ડેઈટની હોય છે છતાં એ લોકો વેચે છે એના ઉપર હેલ્થ ખાતાને સજાગ કરીને અને આપણું અમદાવાદ શહેર નીરોગી થાય એવી કાર્યવાહી કરો એવી વિનંતી.

**શ્રીમતી જયોત્સનાબેન રા. પટેલ (આણંદ)**: માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી આરોગ્ય અને પરિવાર કલ્યાણની અનુદાન માગણી નંબર-૩૮, ૩૯ અને ૪૯ લઈને જે આવ્યા છે તેને મારું સમર્થન જાહેર કરું છું અને મારા વિચારો વ્યક્ત કરું છું.

ગુજરાત રાજયમાં આરોગ્ય અને સુખાકારી વધારવા અને રોગચાળાને અટકાવવા તેમજ રાજયની પ્રજાને આરોગ્યની સેવાઓ સુલભ અને સારી રીતે મળે અને નજીકના સ્થળેથી મળે તે માટે રાજયમાં કુલ ૮૬ જેટલા મોબાઈલ કોમ્પ્રીહેન્સીવ હેલ્થ કેર યુનિટ કાર્યાન્વિત કરવામાં આવેલ છે.

શાળા આરોગ્ય તપાસથી કાર્યક્રમ અંતર્ગત, પ્રતિવર્ષ અંદાજીત એક કરોડ જેટલા બાળકોના આરોગ્યની તપાસ કરવામાં આવી છે અને આ તપાસ કાર્યક્રમ દરમિયાન હૃદય, કિડની અને કૅન્સર જેવી બીમારી જણાય તેવા બાળકોને વધુ સારવાર માટે સુપર સ્પેશ્યાલિસ્ટ હૉસ્પિટલમાં મોકલવામાં આવે છે અને જ્યાં બાળકોને ઑપરેશનની જરૂર લાગે ત્યાં વિનામૂલ્યે ઑપરેશનની સુવિધા પૂરી પાડવામાં આવે છે. આ કાર્યક્રમ અંતર્ગત ૨૦૦૭-૦૮માં કુલ ૧૧૪૫.૦૨ લાખની જોગવાઈ કરવામાં આવી હતી માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે વર્ષ ૨૦૦૮-૦૯માં કુલ ૧૬૦૬ લાખની જોગવાઈ કરવામાં આવી છે. આમ પરિવાર કલ્યાણમાં બાળકના આરોગ્યની ચિંતા તો કરવામાં આવી છે. આ સાથે સાથે નીરોગી બાળ યોજના હેઠળ બીન આદિજાતિ વિસ્તારમાં ૨૦.૮૭ કરોડ તથા અનુસૂચિત જાતિ પેટા યોજના હેઠળ ૩.૮૮ કરોડ મળી કુલ રૂપિયા ૨૪.૭૫ કરોડની રકમની જોગવાઈ આ બજેટમાં કરવામાં આવી છે. જે નવી બાબત સૂચવવામાં આવે છે. માનનીય અધ્યક્ષશ્રી, એચ.એલ.ટી.પરિવાર કલ્યાણ હેઠળ, રાજય આરોગ્ય અને પરિવાર કલ્યાણ સંસ્થાન અને છ વિભાગીય તાલીમ કેન્દ્ર અને જિલ્લા તાલીમ ટીમ સશકિતકરણ માટે ૨૦૦૮-૦૯ના વર્ષ માટે આદિજાતિ પેટા વિસ્તારમાં ૬૪ લાખ તથા સ્ત્રી આરોગ્ય કાર્યકર તાલીમ શાળા શરૂ કરવાના હેતુ માટે રૂપિયા ૫૦ લાખ મળી કુલ રૂપિયા ૧૧૪ લાખની નવી બાબત સૂચવવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, પરિવાર કલ્યાણ કાર્યક્રમ અંતર્ગત અનુ પ્રસૂતિ સારવાર કેન્દ્રોના મહેકમ માટે ૨૦૦૭-૦૮માં ૬૬૬ લાખની બજેટમાં જોગવાઈ હતી તે ૨૦૦૮-૦૯ના વર્ષ માટે ૯૮૦ લાખની જોગવાઈ કરવામાં આવી છે. આમ આ રાજયના માનનીય મુખ્યમંત્રી અને આરોગ્ય મંત્રીશ્રી જે આ માગણી લઈને આવ્યા છે તે ખરેખર માતા અને બાળકના આરોગ્યની તેમજ પ્રજાને સારી આરોગ્ય સુવિધા કેવી રીતે મળે તે માટે છે. માટે આ માગણી માનનીય મંત્રીશ્રી જે લઈને આવ્યા છે તે વાજબી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ચિરંજીવી યોજના હેઠળ ગુજરાત સરકારે માતાની પૂર્વ પ્રસૂતિથી બાળકના જન્મ બાદ બાળ આરોગ્ય કાર્યક્રમ-૨ના અમલીકરણ પ્લાન તૈયાર કરેલ છે. આ કાર્યક્રમ હેઠળ ૨૦૧૦ સુધીમાં હાંસલ કરવાના મુખ્ય હેતુઓ આ મુજબ છે.

- પ્રતિ લાખ જીવિત જન્મ સમયે માતા મૃત્યુના હાલના પ્રમાણ ૩૮૯થી ઘટાડી ૧૦૦થી નીચે લાવવો.
- કુલ પ્રજનન દરને તેના હાલના સ્તરથી ઘટાડી ૨.૧ સુધી લઈ જવો.
- બાળમરણ જે ૨૦૦૫માં જીવિત જન્મે ૫૪ હતો તે ઘટાડી ૩૦ સુધી લઈ જવો. માનનીય અધ્યક્ષશ્રી આથી પણ આગળ વાત કરું તો ખાનગી સ્ત્રી રોગ નિષ્ણાત તજજ્ઞોને સાંકળી સામાજિક, આર્થિક પછાત વર્ગોને સલામત માતૃત્વ સેવાઓ પૂરી પાડવામાં આવી છે. જે ચિરંજીવી યોજના શરૂ કરવામાં આવી છે તેમાં ૨૦૦૬-૦૭ ડિસેમ્બર સુધીમાં રાજયમાં એકંદરે ૫૫૪૯૯ પ્રસુતાઓએ આ ચિરંજીવી યોજનાનો લાભ લીધો છે. વર્ષ ૨૦૦૭-૦૮ સપ્ટેમ્બર સુધીમાં રાજયમાં એકંદરે ૫૩૧૪૦ પ્રસૂતાએ આ યોજનાનો લાભ લીધેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ યોજના રાજય આયોજન હેઠળ બની છે આ યોજનાના અમલ માટે કોઈ કેન્દ્રીય સહાય મળતી નથી. આ ગુજરાત રાજયની સહાય છે. તેમાં માનનીય આરોગ્ય મંત્રી અને આપણાં માનનીય મુખ્યમંત્રીશ્રી અભિનંદનને પાત્ર છે. નવા રચાયેલા છ જિલ્લાઓમાં અધિક જિલ્લા આરોગ્ય અધિકારીશ્રીના મહેકમના નિભાવણી માટે સન ૨૦૦૭-૦૮માં ૧૪૩ લાખની બજેટમાં જોગવાઈ હતી તેમાં ૨૦૦૮-૦૯ના વર્ષમાં ૧૫૭ લાખની જોગવાઈ કરવામાં આવી છે. પરિવાર કલ્યાણ કાર્યક્રમ હેઠળ અનુપ્રસૂતિ સારવાર કેન્દ્રોના મહેકમ માટે ૨૦૦૭-૦૮માં ૬૬૬ લાખની જોગવાઈ બજેટમાં હતી તે ૨૦૦૮-૦૯ના વર્ષ માટે ૯૮૦ લાખની સૂચવેલ છે.

બીજું માનનીય અધ્યક્ષશ્રી, રાજયની જે ૧૦૮ નંબર ડાયલ કરીને મળતી સેવાઓ અમલમાં આવ્યા બાદ મૅડિકલ સહાયના ૨૭૩૮૩, પોલીસ સહાયના ૨૦૫૨ તેમજ ફાયર સહાયના ૧૬૨ કોલ એટેન્ડ કરવામાં આવેલ છે. આ મૅડિકલ સહાય શરૂ થવાને કારણે ૧૨૦૦ લોકોનું અમૂલ્ય જીવન બચાવી શકાયું છે અને ૧૬૩૩ પ્રસૂતિના કેસમાં માતાને સમયસર હૉસ્પિટલમાં ખસેડવામાં આવેલ છે અને ૫૦ જેવા પ્રસૂતિના ઇમરજન્સીમાં એમ્બ્યુલન્સમાં જ સુરક્ષિત પ્રસૂતિ કરાવવામાં આવેલ છે. આ સુવિધા રાજયમાં ઉભી થવાને કારણે અકસ્માત મૃત્યુદર, બાળ અને માતા મૃત્યુદર વિગેરેમાં પણ નોંધપાત્ર ઘટાડો થશે તેવું મારું માનવું છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકાર રાજયના અંતરિયાળ ભાગમાં રહેતાં લોકોને પણ આ પ્રકારની ઈમરજન્સી સેવાઓ પ્રાપ્ત થાય તે માટે સતત ચિંતિત અને પ્રયત્નશીલ છે. આગામી સમયમાં ૪૦૦ એમ્બ્યુલન્સની સેવાઓ રાજયમાં ઉભી કરવાનું રાજય સરકારનું આયોજન છે અને કાયમી ધોરણે ઈમરજન્સી મૅડિકલ સેન્ટર ઉભું કરવાનું આયોજન છે. આ કેન્દ્ર ખાતે ઈમરજન્સી સેવાઓને લગતા સંશોધન, સ્નાતક, અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમો પણ ચાલુ કરવાનું આયોજન છે. આ કેન્દ્ર ગ્લોબલ પોઝીશનીંગ સિસ્ટમથી કાર્યરત રહેતાં ઈમરજન્સી વખતે દર્દીની પરિસ્થિતિ અંગે ચોવીસ કલાક કેન્દ્રમાં હાજર રહેલ નિષ્ણાત તબીબી સાથે જરૂરી તબીબી માર્ગદર્શન અને જીવનરક્ષક દવાઓ સંબંધિત સહાય મેળવી શકાશે. માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારે શરુ કરેલા આવા ઈમરજન્સી દવાખાના, રીલીફ સર્વિસીસ અભિનંદનને પાત્ર છે. આ સર્વિસીસ તાત્કાલિક સંજોગોમાં દર્દીનો જીવ બચાવવા માટે આશીર્વાદરૂપ છે.

અમારો આણંદ જિલ્લો એ એન.આર.આઈ.નો જિલ્લો છે. વિદેશથી અહીં જે વ્યકિતઓ સારવાર લેવા આવે છે, અમારા પોતાના ફેમિલી રીલેશનમાં એક ભાઈને અમેરિકામાં પગના અંગૂઠામાં વાગવાથી ખાલી છોતરું નીકળી ગયું. બ્લીડીંગ બંધ નહોતું થયું. જી.પી.ઓ. પાસે ગયા. ડોકટરે એમને એપોઈન્ટમેન્ટ આપી ૬ મહિનાની. ૬ મહિનાની એપોઈન્ટમેન્ટ આવી ત્યારે આ વ્યકિત આપણા વચ્ચેથી આ દુનિયા છોડીને ચાલ્યા ગયા. આવી રીતે જયારે કીડનીની વાત આવે છે, ત્યારે કીડની બાબતમાં મારો પોતાનો અનુભવ છે. મારી જ બહેનને કીડની ફેઈલ થઈ હતી. ૧૯૯૧માં એની કીડની ફેઈલ થઈ હતી અને આજે પરિસ્થિતિ એવી છે કે તે વખતે વિદેશમાં હતા અને ૨૦૦૨ સુધી એમને ત્યાં આગળ કોઈ કીડની મળી નહોતી. અમે ત્યાંના ડોકટરને એટલી રીકવેસ્ટ કરી કે તમે અમને આ કેસ ઈન્ડિયામાં રીફર કરી આપો, અમે ઈન્ડિયામાં આ કેસની સારવાર કરાવીશું. એમણે કહ્યું કે તમે ઈન્ડિયામાં સારવાર કરાવશો તો અમે તમને પાછળથી મેડિકલ ટ્રિટમેન્ટ નહીં આપીએ. જયારે એમની પાસેથી કીડની ન મળી, ત્યારે આ કેસ ઈન્ડિયામાં રીફર કર્યો ૨૦૦૨માં. જયારે અહીંયા આગળ આટલી સુવિધા છે કે આજે એમને કીડની ટ્રાન્સપ્લાન્ટ કરાવ્યે ૫ વર્ષ થયા. આ માટે આપણને આપણા ગુજરાતનું ગૌરવ છે, મેડિકલ ક્ષેત્રે જે અહીંયા ઉપલબ્ધ સેવાઓનો લાભ લોકો મેળવે છે. માનનીય મંત્રીશ્રી જયારે આ માગણીઓ લઈને આવ્યા છે, ત્યારે હું તેને મારું સમર્થન જાહેર કરું છું.

**શ્રી મણીભાઈ દે. પટેલ (કપડવંજ)** : માનનીય અધ્યક્ષશ્રી, આરોગ્ય અને કલ્યાણ વિભાગની માગણી ક્રમાંક: ૩૮, ૩૯ અને ૪૦ તથા ઉદ્યોગ અને ખાણ વિભાગની માગણી નંબર ૫૧ લઈને માનનીય મંત્રીશ્રી આવ્યા છે, ત્યારે તેના ઉપર હું મારા વિચારો રજૂ કરવા ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણામાં કહેવત છે કે પહેલું સુખ તે જાતે નર્યા. માણસ પાસે ગમે તેટલા પૈસા હોય, સમૃદ્ધિ હોય, પણ શારીરિક સુખાકારી ન હોય તો બધું જ વ્યર્થ છે. આપણા આરોગ્ય મંત્રીશ્રી અને ભૂતપૂર્વ આરોગ્ય મંત્રીશ્રીઓએ ગામડામાં છેવાડાના માણસ સુધી સારામાં સારી સારવાર કેવી રીતે મળી રહે તેના માટે જે

પ્રયત્નો કર્યા છે તે ખરેખર ખૂબ જ સારા પ્રયત્નો છે. પરંતુ એમના આ પ્રયત્નો ગામડાના છેવાડાના માણસ સુધી પહોંચવા જોઈએ તે પહોંચતા નથી.

અત્યારે ગામડાના લોકોને સારવાર માટે સબ સેન્ટરો, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, સામૂહિક આરોગ્ય કેન્દ્રો અને સરકારી દવાખાનાઓ આવેલા છે. ઘણા બધા સબ સેન્ટરો બંધ હાલતમાં છે. ૩, ૪ વર્ષ પહેલા બાંધકામ થયેલ હોય, પણ હજુ સુધી એનો ઉપયોગ થયો નથી. પ્રજાને એનો લાભ મળી શકયો નથી. એનો લાભ પ્રજાને વહેલી તકે મળવો જોઈએ.

પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની સ્થિતિ એવી છે કે ઓ.પી.ડી. એક જ વેળા, બપોર સુધી જ ચલાવવામાં આવે છે. બપોર પછી આ દર્દીઓની તપાસ કરવામાં આવતી નથી. સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં પૂરતા પ્રમાણમાં ડોકટરો નથી. એકસ-રે મશીનો છે, પણ એકસ-રે ટેકનિશ્યનો નથી. એટલે પૂરતી સારવાર મળી શકતી નથી. આના પરિણામે પ્રજાનો વિશ્વાસ આ બધા સરકારી દવાખાનાઓ પરથી ઓછો થતો જાય છે અને પરિણામે એ દર્દીઓની આર્થિક પરિસ્થિતિ સારી ન હોય, એને પોસાતું ન હોય, છતાં પણ એની માનસિકતા એવી ઉભી થાય છે કે સરકારી દવાખાનામાં જઈશું તો બિમારી મટશે નહીં. એના લીધે પ્રાઈવેટ દવાખાનામાં એને જવું પડે છે અને ખર્ચ કરવો પડે છે. આથી મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે બધી જ સરકારી યોજનાઓ જે છે એ યોજનાઓ ઉપર પૂરેપૂરો કાબૂ આવે. અને સારી રીતે ચાલે એ ઈચ્છવા યોગ્ય છે. માનનીય અધ્યક્ષશ્રી, બીજું કે કેટલીક વખત અકસ્માતમાં કે બીજા આકસ્મિક કારણોસર કોઈ વ્યકિતનું મૃત્યુ થાય અને એને પોસ્ટમોર્ટમ કરાવવાની જરૂર પડે ત્યારે કેટલીક વખત આ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના ડોકટર રજા ઉપર હોય કે બહાર ગયા હોય એટલે તાલુકાની હોસ્પિટલમાં એ લાશને લઈ જવામાં આવે અને તાલુકાની હોસ્પિટલના ડોકટર પણ રજા ઉપર હોય ત્યારે બીજા ડોકટરની વ્યવસ્થા કરવી પડે અને આ રીતે પોલીસ ડિપાર્ટમેન્ટ દ્વારા એ લાશને અહીંથી તહીં અને બીજે લઈ જવાની કસરત કરાવવામાં આવે છે. આનથી મરનારનાં સ્વજનોને ઘણો જ ત્રાસ અને આધાત ભોગવવો પડતો હોય છે એ ખૂબ જ અસહ્ય હોય છે.એટલે આ પોસ્ટમોર્ટમની વ્યવસ્થા માટે એક જગ્યાએ ડોકટર હાજર ના હોય તો ત્યાં જ બીજા ડોકટરની વ્યવસ્થા થાય એ ખૂબ જ જરૂરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગામડાંમાં અત્યારે પાણીની વ્યવસ્થા માટે જે નળ મૂકવામાં આવ્યા છે એ નળ કેટલીક વખત ખુલ્લા રહેવાથી પાણીનો દૂર્વ્યય થાય છે અને ગામડાંના ખુલ્લા બાથરૂમાં પાણી પણ રસ્તા ઉપર આવવાથી મોટાભાગનાં ગામડાંમાં આર.સી.સી.ના રસ્તા હોય છે એના પરિણામે ગામનું પાણી ભેગું થઈને ગામની ભાગોળે ખૂબ મોટા પ્રમાણમાં કીચડ પેદા થાય છે અને ગામમાં જતાં પહેલાં જ આ કાદવ કીચડ જોવામાં આવે છે. એમાં કચરો, છાણ અને મૂત્ર ભળવાથી ખૂબ જ ગંદકી પેદા થાય છે એના પરિણામે માખી અને મચ્છરનો ઉપદ્રવ થાય છે અને રોગચાળો ફાટી નીકળવાની દહેશત ઉભી થાય છે અને આ રીતે રોગચાળો ફાટી નીકળે છે એટલે આના માટે પણ ગટરની વ્યવસ્થા કરવી જોઈએ અથવા જંતુનાશક દવાઓનો છંટકાવ કરાવીને આ માખી અને મચ્છરોનો નાશ થાય એવી વ્યવસ્થા કરવી ઈચ્છવા યોગ્ય છે.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં કેન્દ્ર સરકારની આરોગ્ય મેળાની યોજના ચાલે છે એમાં આપણા ગુજરાતના ૨૬ એ ૨૬ સંસદસભ્યોના મત વિસ્તારમાં ૩ દિવસના આરોગ્ય મેળાનો પ્રોગ્રામ ચાલે છે. આપણે ત્યાં ગાંધીનગરમાં પણ હમણાં ૧૫, ૧૬ અને ૧૭ મી તારીખે ત્રણ દિવસ દરમ્યાન સિવિલ હોસ્પિટલમાં આ આરોગ્ય મેળો હતો અને એ આરોગ્ય મેળામાં ગામડાંના ગરીબ દર્દીઓ સારવાર કરાવી શકતા નથી, એ ગમે તેવા દર્દીઓ હોય કે જેમને હ્દય રોગની બિમારીની સારવાર હોય, કેન્સરની બિમારીની સારવાર હોય, કીડની, ડાયાબિટીસ, આંખ,કાન, નાક કે. ગળાનો રોગ હોય એ બધા રોગો માટેની મફત સારવાર માટેનો આ આરોગ્ય મેળો છે અને એમાં સંપૂર્ણ આયોજન કેન્દ્ર સરકારનું છે, પરંતુ દુઃખની વાત એ છે કે આ આરોગ્ય મેળાનું જે ગાંધીનગરમાં આયોજન કરવામાં આવ્યું એની જાહેરાતમાં એના બેનરમાં ગાંધીનગરના સંસદસભ્ય અડવાણીજી પ્રેરીત આરોગ્ય મેળો એ જાતનું લખાણ કરેલ છે. આ આરોગ્ય મેળો તારીખ ૧૫,૧૬ અને ૧૭ મી તારીખે દિનશા પટેલના મત વિસ્તાર, નડીયાદમાં છે, તારીખ ૨૯, ૩૦ અને ૩૧ મીએ કપડવંજ સંસદીય મત વિસ્તારમાં ફાગવેલ મૂકામે કરવામાં આવનાર છે. એટલે ગુજરાત રાજયના તમામ સેન્ટરો ઉપર આ આરોગ્ય મેળાઓ થનાર છે. તો એનો પ્રચાર જેવો કરવો જોઈએ એવો આ રાજય સરકારે કર્યો નથી કે જેથી સામાન્યમાં સામાન્ય માનવી એનો લાભ મેળવી શકે.

**શ્રી પરંજયાદિત્યસિંહજી કૃ. પરમાર (સંતરામપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પ્રવાસન ઉપરની જે માગણીઓ લઈને આવ્યા છે તેના ઉપર મારા વિચારો વ્યકત કરવા માટે ઉભો થયો છું. પ્રવાસન ટુરીઝમ ઈન્ડસ્ટ્રી છે તે વિશ્વમાં સૌથી મોટી ઈન્ડસ્ટ્રી છે, અને ૧૯૯૪-૯૫ માં વર્લ્ડ જી.ડી.પી. ની અંદર દસ ટકા કોન્ટ્રીબ્યુશન આ ટુરીઝમ ઈન્ડસ્ટ્રીમાંથી આવ્યું હતું. અને વર્લ્ડ ટુરીઝમ કાઉન્સીલ Brazil છે તે કહે છે કે ટુરીઝમ ઈન્ડસ્ટ્રીઝ એશીયા પેસીફીક રીઝીયનમાં ૭.૮ પરસન્ટ સુધી વધશે. અને ગવર્નમેન્ટ ઓફ ઈન્ડીયાનો સર્વે કહે છે કે દર દસ લાખ રૂપિયાના ઈન્વેસ્ટમેન્ટ ઉપર ૫૨ લોકોને ડાયરેકટ અથવા indirect રોજગારી મળે છે. અને ટુરીઝમ ઈન્ડસ્ટ્રી એવી ઈન્ડસ્ટ્રી છે જે Gems and જવેલરી અને ગારમેન્ટસ પછી આપણી largest foreign exchange earner છે, પણ જયારે આપણે વાત કરવા જઈએ ગુજરાતની અને ગુજરાત ટુરીઝમની તો ગુજરાત ટુરીઝમ ડિપાર્ટમેન્ટની સ્થાપના ૧૯૭૩ના વર્ષમાં થઈ હતી. અને પાંચ વર્ષ પછી આપણે ટુરીઝમ કોરપોરેશન ઓફ ગુજરાત લિમિટેડની સ્થાપના કરી, ટુરીઝમ કોરપોરેશન ઓફ ગુજરાત અમુક હોટેલો ચલાવતું હતું જે એમને વારસાગત

મળેલ હતી. ચોરવાડ પેલેસ અને એ બધા વારસાગતમાં મળેલા હતા. પણ એ પોતે કહે છે કે કોરપોરેશને ઘણાં લોસ સફર કર્યા, due to organizational constraints. ગુજરાત ટુરીઝમ એ ૧૯૯૦ માં જયારે ભારત સરકારે ટુરીઝમ પોલીસીમાં ટુરીઝમને જયારે ઈન્ડસ્ટ્રીમાં લીધું અને ગુજરાત સરકારે ટુરીઝમ પોલીસી ડીકલેર કરી, તેના હેઠળ ગુજરાતની ટુરીઝમની પોલીસી મેં કાલે નેટમાંથી લીધી છે તે પોતે જ એડમીટ કરે છે I quote ‘While other state governments made successful efforts in developing tourism within their States, the relative inability of Gujarat State to harness and develop its full tourism potential may be attributed to a combination of factors such lack of efficient policies, inadequate infrastructure, inefficient marketing and lack of indecent facilities for tourism. મને ખુશી થાય છે કે આ એક ડિપાર્ટમેન્ટ તો છે કે જે કહે છે કે અમે નંબર વન નથી, અને આના માટે એમને અભિનંદન અને શાબાશી આપવી જોઈએ. અને આ ડિપાર્ટમેન્ટ કહે છે ઈન એફીસીયન્ટ પોલીસી, પોલીસી તો ગવર્નમેન્ટે કરવાની હોય, inadequate ઈન્ફ્રાસ્ટ્રકચર, adequate ઈન્ફ્રાસ્ટ્રકચર ગુજરાતમાં નથી, મોસ્ટ એરપોર્ટની સંખ્યા જુઓ તો Gujarat State has the largest concentration of airports in the country. ઈન એફીસીયન્ટ માર્કેટીંગ, હવે ગુજરાતનું માર્કેટીંગ જોઈએ તો ગુજરાતે tourism માર્કેટ કરતાં કરતાં સરકાર બીજું કંઈ માર્કેટ જ કરે છે, કોઈ વ્યકિતનું કરે છે એટલે ઈન એફીસીયન્ટ માર્કેટ જ રહી જાય છે, એમાં કહેવા જઈએ, હવે આપણે ગુજરાતની વાત કરીએ, ગુજરાતમાં આપણી પાસે ૩ વાઈલ્ડ લાઈફ સેન્ચ્યુરી છે. વિશ્વમાં એક માત્ર એશિયાટીક લાયનની ગીરમાં સેન્ચ્યુરી છે. One of the kind in the world. Little Rann of the Kutch, one of the kind in the world, Velavadar, blackbuck sanctuary, one of the kind in the world. ગુજરાતના ગૌરવની વાત કરીએ તો સિંહની વાત કરીએ તો ગીરમાં આજની તારીખમાં છ થી સાત હોટેલ ચાલે છે, ટોટલ રૂમ્સ કેપેસીટી ૧૦૦ થી ૧૧૫ રૂમ. કોઈને સિંહ જોવા જવું હોય, ગુજરાતનું ગૌરવ સિંહને જોવા જવું હોય તો રૂમ જ નથી. ગધેડા જોવા જવું હોય લીટલ રણ ઓફ કચ્છમાં તો બે હોટેલ ચાલે છે, ૩૦ રૂમ છે, તો એ પણ ન જોઈ શકે, વેળાવદર બ્લેક બક સેન્ચ્યુરી, ત્યાં તો એકેય રૂમ જ નથી. ભાલમાં તો રૂમ જ નથી., તો બીચારા જોવા જાય તો કેવી રીતે જાય, નળ સરોવર જાઓ તો નળ સરોવરમાં રુમ કેપેસિટી નથી, હવે આવી રીતે આપણે ટુરીઝમને પ્રમોટ કરીએ છીએ, આપણો ડાંગ દરબાર જે ભરાય છે તે પણ વન ઓફ કાઈન્ડ, આદિવાસીઓ માટે ડાંગ દરબાર પ્રીવીલેન્સ છે, અરે ભાઈ, આદિવાસીઓનો છે, આદિવાસી એ છે કે જે આદિકાળથી વસતા આવ્યા છે એટલે આદિવાસી કહીએ છીએ, અને એમનો દરબાર ચાલુ રહે, ત્યાં પણ એકોમોડેશન નથી, અડધું ગુજરાત આબુ ભાગે છે આપણા સાપુતારામાં તો કાગડા ઉડે છે. સાસણમાં ૧૧૫ રૂમ છે, ગીરમાં. હેરીટેઝ ટુરીઝમ, બીજા બે મુખ્ય આપણા સ્થાનો છે, ધોળાવિરા, હડપ્પન, ૪ હજાર વર્ષ જુની સંસ્કૃતિ, ધોળાવિરામાં આપણી પાસે એકેય હોટેલ નથી, કોઈને જવું હોય તો ભૂજથી જાઓ, ૨૦૦ કિલોમીટર અપડાઉન કરો, લોથલ, એમાં એક હોટેલ હેરીટેજ ચાલે છે એ પણ માંડ માંડ, અને કોઈ ટાઈમ ચાલે અને કોઈ ટાઈમ બંધ રહે, આવું તો આપણે હીસ્ટ્રી કલ્ચર પ્રમોટ કરીએ છીએ. આવું તો આપણે હિસ્ટ્રી કલ્ચર પ્રમોટ કરીએ છીએ. પાટણ જે ગુજરાત રાજયનું એક સમયનું કેપીટલ હતું એનાથી પાટણ ગામ ઉપરથી પાટનગર શબ્દ પડ્યો. આપણે આજે પાટનગર ગાંધીનગરમાં બેઠા છીએ જ્યારે પાટણ હવે બીજી ચીજ માટે ફેમશ છે. પાટનગર જે શબ્દ આવતો હતો એ ભૂલી ગયા અને બીજામાં ફેમશ છે.

ડાયનેસોર સાઈટ બાલાસિનોર પાસે વર્લ્ડની ટોપ થ્રી હેચરીઝમાંથી એક આ બાલાસિનોર પાસે રાયોલીમાં ડાયનેસોર ફોસીલ સાઈટ છે. બાલાસિનોર ગામથી ૧૬ થી ૧૭ કિલોમીટર દૂર આવેલ છે ત્યારે એક માત્ર હોટલ બાલાસિનોરમાં ચાલે છે. જેટલા દેશી રજવાડા ગુજરાતમાં હતા એટલા દેશી રજવાડા બીજા કોઈ રાજયમાં નહોતા. અગર આટલા દેશી રજવાડા હતા એમની હેરીટેઝ પ્રોપર્ટી અત્યાર સુધી હેરીટેઝ એસોસિએશન એક સેપ્રેટ ચાલે છે એમાં ૨૪ હોટલ ચાલે છે એના ટોટલ રૂમ કેપેસિટી ફક્ત ૧૦૦ થી ૧૨૫ રૂમની થાય છે. At the same time રાજસ્થાન હેરીટેઝ હોટલ એસોસિએશન પાસે બે હજાર રૂમની કેપેસિટી થાય છે. સાહેબ રૂમ જ નથી, રૂમ જ નહિ હોય તો પછી કોણ આવશે.

કોસ્ટ લાઈનની વાત કરીએ તો કોસ્ટ લાઈનમાં અત્યારે આપણે ટેક્સ વધારતા જઈએ છીએ. ફાઈવ સ્ટાર હોટલ હોય એમાં દર અત્યારે ગોવામાં જોઈએ તો ૨૫ હજાર પર નાઈટ ચાર્જ કરે છે. એનો લકઝરી ટેક્સ કેલકયુલેશન લેવા જાવ ૧૫%, entertainment tax નું કેલકયુલેશન લેવા જાવ તો આપણી ગુજરાતની જનતા ઉપર કર લગાડવાની જરૂરત જ નથી. આપણા ઑલ ઇન્ડિયામાં બે કરોડ ૪૦ લાખ ડોમેસ્ટીક ટુરીસ્ટો છે. out of which ૧ કરોડ ૪૦ લાખ જનરલ ટુરીસ્ટ છે અને ૧ કરોડ રીલીઝીયસ ટુરીસ્ટ છે. રીલીઝીયસ ટુરીસ્ટ ચાર ટુરીસ્ટમાંથી એક આપણે ત્યાં છે. પરંતુ હોટલની સગવડની વાત કરીએ તો કોઈ સારી હોટલ અવલેબલ નથી. હવે પ્રવાસનની માગણીઓને કેવી રીતે સમર્થન આપી શકાય. દર વખતે આપણે ગુજરાત ગૌરવની, ગુજરાતની અસ્મિતાની વાત કરીએ છીએ. ગુજરાત પાસે આટલી મહેસૂલી પ્રોપર્ટી છે. જે સરકારી ઑફિસો ચાલે છે એ મકાનો એકદમ જર્જરિત હાલતમાં થઈ ગયેલ છે. પી.ડબલ્યુ.ડી. રિપેરીંગ માટે કોઈ પૈસા આપતી નથી અને બીજા નવા કામો કરવામાં પૈસા વાપરે છે. (સમય સૂચક ઘંટડી) મારી વાત પૂરી કરીને વિરમું છું.

**શ્રીમતી ભાવનાબેન ૨ા. મકવાણા (તળાજા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને પ્રવાસન વિભાગની જે માગણીઓ લઈને આવ્યા છે તેને હું સમર્થન આપું છું અને તે બાબતે મારા વિચારો વ્યક્ત કરવા ઊભી થઈ છું.

આપણામાં એક કહેવત છે કે "પહેલું સુખ તે જાતે નર્યા." તંદુરસ્ત માણસ જીવનમાં ધારેલા ગમે તેટલા અઘરા કામને પણ પાર પાડી શકે છે. આપણી આ કહેવતને સાર્થક કરવા માટે આપણી સરકાર પણ એટલી જ કટિબદ્ધ છે. આ માટે ગુજરાત સરકારે વર્ષ ૨૦૦૬-૨૦૦૭માં ૪૦૧ કરોડ ૭૭ લાખ ૧ હજાર શહેરી આરોગ્ય સેવાઓ એલોપથી માટે ખર્ચ કરેલ. જેની સામે ૨૦૦૮-૨૦૦૯ના વર્ષ માટે ૪૭૬ કરોડ ૯૦ લાખ ૮૪ હજારનો ખર્ચ અંદાજેલ છે. જે ૨૦૦૬-૨૦૦૭ કરતાં ૧૮.૭૨ ટકા વધારે ગણી શકાય.

શહેરી આરોગ્ય સેવાઓ અન્ય ઔષધ પદ્ધતિઓ માટે ૨૦૦૬-૨૦૦૭માં ૨૨ કરોડ ૫૨ લાખ ૧૯ હજાર ખર્ચ કરેલ અને ૨૦૦૮-૨૦૦૯ માટે ૨૩ કરોડ ૫૭ લાખ ૨૨ હજારનો અંદાજ છે જે ચાલુ વર્ષનો ગયા વરસ કરતાં ૪.૬૬ ટકા વધારે ગણી શકાય.

એ જ રીતે ગ્રામીણ આરોગ્ય સેવાઓ એલોપથી માટે ૨૦૦૬-૨૦૦૭ના વર્ષમાં ૧૭૨ કરોડ ૭૮ લાખ ૫૪ હજાર જેટલો ખર્ચ કરેલ છે જેની સામે ૨૦૦૮-૨૦૦૯ના વર્ષ માટે ૨૦૪ કરોડ ૫૨ લાખ ૫૪ હજારનો અંદાજ હોવાથી ગત વર્ષ કરતાં ૧૮.૩૭ ટકા જેટલો વધારે ગણી શકાય. માનનીય અધ્યક્ષશ્રી, તબીબી શિક્ષણ તાલીમ અને સંશોધન માટે ૧૨૮ કરોડ ૫૬ લાખ ૬૩ હજારનું ૨૦૦૬-૦૭ના વર્ષનું ખર્ચ છે તેની સામે ૨૦૦૮-૦૯ના વર્ષ માટે ૧૩૧ કરોડ ૨૮ લાખ અને ૮ હજાર એટલે કે ગત વર્ષ કરતાં ૨.૪૦ ટકા વધારે ગણી શકાય.

માનનીય અધ્યક્ષશ્રી, સરકારશ્રીએ આ સિવાયના જાહેર આરોગ્ય અને સામાન્ય સેવાઓ માટે પણ ઉત્તરોત્તર નાણાં વાપરવાનું વધાર્યું છે, જેથી માનવ આરોગ્ય ઉત્તરોત્તર સુધરતું ગયું છે. ૨૦૦૭ દરમ્યાન મેલેરિયા માટેની સંવેદનશીલ ૭૨.૬૬ લાખની વસતિમાં જંતુનાશક દવાનો નિયત છંટકાવ તથા ૪.૨૭ લાખની વસતિમાં ફોકલ સ્પ્રે અંગેની કામગીરી કરી આ વિસ્તારોમાં રોગનો ફેલાવો અટકાવવામાં સફળ રહ્યા છીએ. ૨૦૦૮ દરમ્યાન મેલેરિયા માટે સંવેદનશીલ એવા અમદાવાદ, ભરૂચ, સુરત, દાહોદ, આણંદ, નડિયાદ અને ગોધરા જિલ્લાના વધુ જોખમી ગામોમાં ૧૧.૬૮ લાખની વસતિને આવરી લઈ ૪.૬૬ લાખ જેટલી જંતુનાશક દવાયુકત મચ્છરદાની પૂરી પાડવાની પ્રક્રિયા શરૂ કરેલ. ડેન્ગ્યુ રોગનું વેળાસર નિદાન કરી રોગ અટકાયત પગલાંઓ હાથ ધરવા માટે રાજયની ૮ ગવર્નમૅન્ટ મ્યુનિસિપલ મૅડિકલ કૉલેજોમાં ડેન્ગ્યુ નિદાન કેન્દ્રો સ્થાપવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ચિકનગુનિયા રોગના નિદાન માટેની સુવિધા બી.જે. મૅડિકલ કૉલેજ-અમદાવાદ ખાતે ભારત સરકારશ્રીની સહાયથી રાજય સરકાર દ્વારા ઉપલબ્ધ કરાવી તેમજ આ સંસ્થાને રાષ્ટ્રીય સ્તરની એપેક્ષ લૅબૉરેટરી તરીકેનો દરજ્જો પણ પ્રાપ્ત કરેલ છે. ૨૦૦૭ દરમ્યાન હાથીપગાના રોગના નિર્મૂલન માટે સામુહિક દવા વિતરણ કામગીરી અંતર્ગત રાજયના ૮ હાથીપગા અસરગ્રસ્ત જિલ્લાઓમાં નિર્ધારિત ૮૭.૧ ટકા કવરેજ હાંસલ કરેલ છે. વાહકજન્ય રોગોના અટકાયત અને નિયંત્રણ માટે ૨૦૦૭-૦૮ના અંદાજપત્રમાં રૂા. ૩૩.૫૯ કરોડની યોજનાકીય અને ૩૯.૮૬ કરોડ બિન યોજનાકીય જોગવાઈ સૂચવાઈ હતી. જેમાં જંતુનાશક દવાયુકત મચ્છરદાની પૂરી પાડવા, હાથીપગાના રોગીઓને સારસંભાળ માટે, વેકટર બોર્ન ડિસીઝ વોલેન્ટીયર્સ નિમવા વગેરે માટેની જોગવાઈ અને વિવિધલક્ષી આરોગ્ય કાર્યકરોની નવી જગ્યાઓ કાર્યરત કરવા માટેની જોગવાઈઓનો સમાવેશ થાય છે. આમ, વૈજ્ઞાનિક પદ્ધતિથી રોગ અટકાયત કામગીરી કરવાને કારણે મેલેરિયા, ડેન્ગ્યુ, ચિકનગુનિયા જેવા રોગોને ફેલાવતા અટકાવી શકાય છે અને તેના કારણે માનવદિવસોનો થતો વ્યય અટકાવી શકાયો છે. રાજય સરકારની આ કામગીરી ખૂબ આવકારદાયક છે. ૨૦૦૮ના વર્ષને નિરોગી બાળક વર્ષ તરીકે જાહેર કર્યું છે એ અભિનંદનને પાત્ર છે. માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે તેને મારું સમર્થન આપું છું.

**શ્રી દિનેશભાઈ બી. પટેલ (પાદરા)** : માનનીય અધ્યક્ષશ્રી, આપણાં આરોગ્ય મંત્રીશ્રી માગણી નં ૩૮, ૩૯ અને ૫૧ લઈને આવ્યા છે તેને આવકારું છું અને સમર્થન આપું છું અને માનનીય આરોગ્ય મંત્રીશ્રીને કહું છું કે જેમ અમદાવાદ સિવિલ હૉસ્પિટલમાં બે કરોડની પાંચ કરોડ ગ્રાન્ટ ફાળવે તેમ સમગ્ર ગુજરાતના તમામ આરોગ્ય કેન્દ્રોમાં આથી અઢીગણી માગણીઓ મૂકે. ગુજરાતના સર્વાંગી વિકાસ માટે આરોગ્ય પ્રત્યે જો અત્યારથી કાળજી લેવાય તો ઘણું સારું છે. એટલે આ માગણીનો વિરોધ નહીં કરવા અને વધુ માગણીઓ લઈને આવે એવું આપના માધ્યમથી જણાવું છું. હૉસ્પિટલ, સામુહિક આરોગ્ય કેન્દ્રો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો ૬-૦૦ વાગ્યા પછી પી.એમ. કરવાનું બંધ થઈ જાય છે ત્યારે મરનારના સ્વજનોને ખૂબ જ આપત પડે છે તો રાત્રે ડૉકટરો ઑપરેશન કરતા હોય આધુનિક મશીનરીથી તો આરોગ્ય મંત્રીશ્રીને આપના માધ્યમથી એ સૂચન કરવા માગું છું કે ૨૦ ટકા કાપ, કર્મચારીઓ ઓછા હોય તો પૂરતા પ્રમાણમાં કર્મચારીઓની નિમણૂંક કરે અને આપણી જે સરકારની જાહેરાતો છે તેને ૧૦૦ ટકા સફળ કરવામાં મદદરૂપ થવાય. હું પાદરા વિસ્તારમાંથી આવું છું. મારા વિસ્તારમાં ડ્રેનેજ લાઈન વર્ષો પહેલાં નખાઈ છે. એ ડ્રેનેજ લાઈન ખૂબ તૂટી ગયેલ છે. એ માટે વારંવાર તાલુકા લેવલે અને જિલ્લા લેવલે જણાવ્યું છે. પીવાના પાણીના તળાવોમાં, દૈનિક વપરાશના તળાવોમાં આ ડ્રેનેજ લાઈન ફાટી ગયેલ છે. જે જગ્યાએ ડ્રેનેજ લાઈન ઉપર ફાટ ચણવાની છે. ત્યાં આજે કદાચ પાણી પહોંચ્યું પણ નથી. એમ કહીએ તો ખોટું નથી. આ ગટરનું પાણી પીવાના પાણીની લાઈનમાં જતું રહેતું હોય ત્યારે આ ઈન્ડસ્ટ્રીઝો, જે બહારની

કન્ટ્રીઝે એલાઉ નહોતી કરતી એ આપણા વિસ્તારમાં આવી ગઈ હોય ત્યારે માનનીય આરોગ્ય મંત્રીશ્રી એર પોલ્યૂશન અને વોટર પોલ્યૂશનમાં સતત ચિંતા રાખે એવી આશા રાખું છું.

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી આપને માત્ર ૪૦ મિનિટ છે, આપે માગેલી છે. ૪૦ મિનિટમાં પૂરું કરવાનું છે.

**શ્રી જયનારાયણ ન. વ્યાસ (આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને પ્રવાસન મંત્રીશ્રી)**: માનનીય અધ્યક્ષશ્રી, આપ વધારે આપશો તો વાંધો નથી.

**અધ્યક્ષશ્રી** : ના.

**શ્રી જયનારાયણ ન. વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, આરોગ્ય અને પ્રવાસન વિભાગની માગણીઓ ઉપર આ સન્માનનીય ગૃહના માનનીય વિરોધપક્ષના નેતાશ્રી સહિત માનનીય વીસેક જેટલા સભ્યશ્રીઓએ પોતાના વિચારો વ્યક્ત કરી અને ખૂબ જ ઉપયોગી સૂચનો કર્યા છે, એ માટે હું એમનો આભાર માનું છું અને એમને આપના માધ્યમ થકી ખાતરી આપવા માગું છું કે, એમણે જે સૂચનો કર્યા છે તેને અતિ ગંભીરતાપૂર્વક લઈ અને વહિવટી સુધારણા માટે જ્યાં જરૂર જણાય ત્યાં મારા વિભાગ તરફથી અમલ કરવાનો સંપૂર્ણ પ્રયાસ કરવામાં આવશે.

માનનીય અધ્યક્ષશ્રી, કેટલા મુદ્દાઓ આ ચર્ચા દરમિયાન ઉપસ્થિત કરવામાં આવ્યા છે. માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ એવું કહ્યું કે, કોઈ એકલ-દોકલ દાખલો લઈ શ્રેષ્ઠતાનું ઉદાહરણ આપવામાં આવે છે. મારે આ સન્માનનીય ગૃહ સમક્ષ એ વાત મૂકવી છે કે, ગુજરાતની આરોગ્ય સેવાઓને લાગે વળગે છે ત્યાં સુધી આ શ્રેષ્ઠતાના દાખલા એકલ-દોકલ દાખલાઓ નથી પણ સમગ્ર દેશમાં ગુજરાત માથું ઊંચું કરીને જોઈ શકે, ડંકાની ચોટ ઉપર કહી શકે એ પ્રકારના ઉત્કૃષ્ટ પરિણામ ગુજરાતની આરોગ્ય સેવાઓએ મેળવ્યું છે. એટલું જ નહીં પણ વૈશ્વિક કક્ષાએ પણ ગુજરાત અને ગુજરાતમાં થઈ રહેલી કામગીરી એ ગુજરાતીઓ તરીકે આપણને સૌને ગૌરવ અપાવે એ પ્રકારની કામગીરી છે. એની કેટલીક વાતો માનનીય વિરોધપક્ષના નેતાશ્રીના ધ્યાને મૂકવા ખાતર અહીંયાં ઉલ્લેખ કરવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, બારમી માર્ચે દિલ્હીમાં ભારત સરકાર દ્વારા એક બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. મને જણાવતાં આનંદ થાય છે કે, આપણી કૅન્સર હૉસ્પિટલને દેશમાં જે અગ્રિમ કક્ષાની ચાર કૅન્સર હૉસ્પિટલોમાં ગણતરી કરવામાં આવે છે એમાં ગુજરાતની કૅન્સર હૉસ્પિટલને પ્રથમ ક્રમે મૂકવામાં આવી છે. આપણી કિડની હૉસ્પિટલ દુનિયામાં પ્રથમ સ્થાને છે. એક જ જગ્યાએ કિડની ટ્રાન્સપ્લાન્ટ રોજનું એક કિડની ટ્રાન્સપ્લાન્ટેશન થતું હોય એવી દુનિયાની પ્રથમ નંબરની હૉસ્પિટલ છે. તો મારે એનાથી આગળ વધીને કહેવું છે કે, we have broken new grounds કદાચ વૈશ્વિક નકશામાં ગુજરાત ગૌરવભેર કહી શકે તેવું drugless organ transplantation માટેનું અને લીવર ટ્રાન્સપ્લાન્ટેશન આ વિભાગ મારફતે આ હૉસ્પિટલ ખાતે શરૂ કરવામાં આવ્યું છે અને આ ક્ષેત્રે પ્રત્યારોપણ માટે સ્વીડનમાં ખાસ તાલીમ લઈને એક ડૉક્ટરોની ટુકડી આ દિશામાં કાર્યરત બની છે. ચોવીસમી માર્ચ એટલે વિશ્વ ક્ષય દિન. એ દિવસે રાજય કક્ષાની પહેલી multi drug resistance TB treatment ની લેબોરેટરી આ રાજયમાં શરૂ થવાની કામગીરી પૂર્ણતાના આરે છે. આમ તો ત્યાં ટ્રીટમેંટ આપવાનું કામ ઔપચારિક ધોરણે ચાલુ છે અત્યારે પણ વ્યવસ્થિત રીતે કાર્યરત કરવાનું કામ ૨૪મી માર્ચથી શરૂ થશે તે પણ રાજયકક્ષાએ દેશમાં આ રીતે સ્થપાયેલ પ્રથમ લેબોરેટરી હશે એ કહેતા હું ગર્વ અનુભવુ છું. રકતપિત્ત નિર્મૂલન કાર્યક્રમમાં રાજય દેશમાં પ્રથમ સ્થાને છે અને આપણને સૌને એ માટેનું ગૌરવ હોવું જોઈએ. અંધત્વ નિવારણના કાર્યક્રમમાં તો આપણે કયાંય આગળ છીએ. દેશમાં એક લાખ દીઠ સરેરાશ ૪૪૭ મોતિયાના ઓપરેશન થાય છે તે સામે ગુજરાતમાં ૧૧૦૦ ઓપરેશન થાય છે we are no one in the country as far as the statistics are concerned. માનનીય અધ્યક્ષશ્રી, ૧૦૮ની સેવાઓ અને એની લોકપ્રિયતા બાબતમાં મારે વિશેષ વાત નથી કરવી પણ આ દિશામાં પણ એક નવી દિશા ચીંધવાનું કામ આ રાજયમાં થયું છે. ચીકનગુનીયા અંગેનો ઉલ્લેખ આ સન્માનનીય ગૃહમાં થયો. ચીકનગુનીયા માટેની જે લેબોરેટરી છે, બી.જે. મૅડિકલ લેબોરેટરીને રાષ્ટ્રીય સ્તરની apexı લેબોરેટરી તરીકેનો દરજજો આપવામાં આવ્યો છે અને આ દરજજા માટેની ગુણવત્તા પ્રાપ્ત કરવા માટે હું અપેક્ષા રાખુ કે આ સન્માનનીય ગૃહે આ માટે જે કાર્યરત ડૉકટરો અને જે એમની technical ટીમ છે એ બધાને અભિનંદન આપવા જેવા છે. રાજયની વડોદરા ખાતેની ડ્રગ લેબોરેટરી National Accreditation Programme Board for Laboratories NABL એ કાર્યક્રમ હેઠળ રાજય કક્ષાએ જો કોઈ ડ્રગ લેબોરેટરીને માન્યતા સર્ટિફિકેશન પ્રાપ્ત થવાનું હોય તો એ વડોદરા ખાતેની ડ્રગ લેબોરરેટરીને પ્રથમ વખત સમગ્ર દેશમાં આ માન મળવાનું છે એ માટે આપણને ગૌરવ હોવું જોઈએ. ગુજરાતને ઘણા ભળતા સળતા કારણોસર બહાર બદનામ કરવામાં આવે છે. જ્યારે જ્યારે રક્તપાતની વાત આવે, જ્યારે જ્યારે તોફાનોની વાત આવે ત્યારે ગુજરાતને બદનામ કરવામાં આવે છે. મારે ગૌરવ સાથે કહેવું છે કે માથાદીઠ રકતદાનમાં ગુજરાત મોખરે છે એટલું જ નહીં પણ સાડા સડસઠટકા જેટલું રકતદાન ગુજરાત સ્વૈચ્છિક રીતે મેળવે છે. ગુજરાત એક માત્ર એવું રાજય છે કે જેણે હોસ્પિટલની એમ.આઈ.એસ.નું કોમ્પ્યુટરાઈઝેશન કર્યુ છે અને જયાંની જિલ્લા કક્ષાની હોસ્પિટલોને પણ National Acreditational Board for Hospitalsના સર્ટિફિકેશન નીચે લાવવા માટેની કાર્યવાહી અત્યારે ગતિમાં છે. maternal mortality rate એટલે પ્રસૂતા માતાઓના મૃત્યુના દરને લાગે વળગે છે ત્યાં સુધી ૧ લાખે ૩૮૯ હતો તે ઘટીને ૧૭૨ અને હવે ૧૩૬ થયો છે જે દેશના કોઈપણ રાજય માટે ગૌરવરૂપ સિદ્ધિ છે. ગુજરાત એકમાત્ર

એવું રાજય છે જેણે સર્વાંગી સ્કૂલ હેલ્થ કાર્યક્રમ આંગણવાડીથી શરૂ કરી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સ્કૂલના બાળકો માટે આરોગ્ય પરીક્ષણનો કાર્યક્રમ અમલમાં મૂકયો હોય. આ ગુજરાતને લગતી બાબતો છે અને આપણે ગુજરાતની પ્રજાના પ્રતિનિધિઓ છીએ ત્યારે આવા દાખલા આપવા હોય તો ઘણાબધા દાખલા આપી શકાય એમ છે પણ જેમને ગુજરાત અને ગુજરાતના ગૌરવમાં રસ છે એમને હું કહેવા માગુ છું કે પગની ઢાંકણીના ઓપરેશનની સંખ્યામાં પણ અને જે ઝડપે ઓપરેશન થાય છે એમાં પણ ગુજરાતના એક તબીબ ગ્રીનીસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન ધરાવે છે જે માટે કોઈપણ ગુજરાતીએ ગૌરવ લેવા જેવી બાબત છે. એજ રીતે પાઈલ્સ, મસાના ઓપરેશનમાં ગુજરાતના એક ડૉકટર એ મહત્તમ નંબર ઓફ ઓપરેશન, મહત્તમ નંબર જે ઓપરેશનનો થયો છે એ સંખ્યા અને ગતિની દૃષ્ટિએ પણ આવો રેકોર્ડ ધરાવે છે. આ રીતે ગુજરાત શેમાં આરોગ્યક્ષેત્રે નંબર વન છે એની સિદ્ધિઓની વાત કરવી હોય તો આપે ૪૦ મિનિટ આપી છે. ૪૦ મિનિટ કરતા વધારે સમય વાત કરી શકાય એમ છે. પણ This is in our medical terminology "Physician's sample, Not For Sale" માત્ર એક નમૂનો છે સાહેબ અને આ નમૂનારૂપ વાત હું સન્માનનીય ગૃહના ધ્યાને મૂકવા માગુ છું. માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ મુદ્દો મૂકયો કે એજન્ટો દ્વારા મન ફાવે તે રીતે ટેન્ડરો પાસ કરી શકાય છે. મારે માનનીય વિરોધપક્ષના નેતાને કહેવું છે કે માત્ર ઉત્પાદકો જ ટેન્ડરની પ્રક્રિયામાં ભાગ લઈ શકશે. તમામ ટેન્ડરો intending પદ્ધતિથી જ થાય છે જેથી ભાવો ખૂબ સ્પર્ધાત્મક મળે છે અને ascospore CMSO નો એમણે દાખલો આપ્યો જે ૭૦ રૂપિયા છે એ ESIS નવી દિલ્હીનો ભાવ ૭૯ રૂપિયા છે અને બજાર ભાવ ૮૦ રૂપિયા છે. એટલે અમે ખરીદીએ છીએ એ બજાર ભાવ કરતાં મોંઘા ભાવે ખરીદીએ છીએ અને બજારમાં આનાથી સસ્તી મળે છે એ વાતને આનાથી પુષ્ટિ મળતી નથી. બેન્ડેઝ કલોથ, આઈ.એસ.આઈ. માર્ક સી.એમ.એસ.ઓ.ના ભાવ ૧૫૪ રૂપિયા છે. ઈ.એસ.આઈ.એસ. નવી દિલ્હી ૧૬૩.૯૦ રૂપિયાના ભાવે ખરીદે છે અને બજાર ભાવ ૧૬૪ રૂપિયા છે. એટલે અમારા સી.એમ.એસ.ઓ.ની ખરીદી બજાર ભાવ કરતા ઊંચા ભાવે થાય છે એ વાત હકીકતોની સાથે સુસંગત નથી.

માનનીય અધ્યક્ષશ્રી, જે તારીખે પ્રશ્નની માહિતી માગી હોય એ તારીખે પ્રશ્નની માહિતી એ તારીખની સ્થિતિ મુજબ આપવાની પદ્ધત્તિ છે. આપના થકી હું માનનીય કુંવરજીભાઈ બાવળિયા, સિનિયર સભ્યશ્રી છે એમને કહેવા માગું છું કે તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૭૪૬, તા. ૨૯-૨-૨૦૦૮ અને તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૨૬૭૪, તા. ૧૭-૩-૦૮ ના જવાબમાં તફાવત એટલા માટે છે કે એક તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ છે અને એકનો જવાબ તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ છે. એટલે એની સંખ્યા આપવામાં આવી છે એમાં એક માસનો તફાવત હોવાના કારણે જે સંખ્યા આપવામાં આવી છે એમાં ફરક પડે તે સ્વભાવિક છે. જે પ્રમાણેની માહિતી માગી હોય એ પ્રમાણેની માહિતી આપવામાં આવતી હોય છે. એટલે સ્વભાવિક રીતે જ આંકડામાં તફાવત પડે એનું કારણ હકીકતોની તારીખના કારણે થયું છે. નોન પ્રેકટિસિંગ એલાવન્સ માટે અહીંયા વાત કરવામાં આવી. ગુજરાતની નામદાર હાઈકોર્ટનો ચૂકાદો છે એટલે એને લક્ષમાં રાખીને ન્યાયિક જે કાંઈ કાર્યવાહી કરવાની થતી હશે એ કરીશું. પણ આ સન્માનનીય ગૃહને એટલું ચોક્કસ કહીશ કે જે એનો હેતુ છે તે હેતુ માર્યો ન જાય. એક Attractive system of consideration ઊભી થાય જેના કારણે રાજ્યની જાહેર આરોગ્ય સેવામાં ડોકટરોનો રસ જળવાઈ રહે અને ઉત્તમ કક્ષાની વૈદ્યકીય સારવાર જાહેર સેવા થકી પ્રાપ્ત થાય એ માટે કોઈ પેકેજ ઘડી કાઢવા માટેની ચર્ચા વિચારણા કરીને આયોજન સક્રિય રીતે વિભાગની વિચારણા હેઠળ છે. એ દિશામાં કામ કરીશું. માનનીય વિરોધ પક્ષના નેતાશ્રીએ પી.એચ.સી. અને સી.એચ.સી.ની સંખ્યા અંગે વાત કરી. મારે કહેવું છે કે મારા સાથી મિત્રોને તકલીફ એ છે કે ૧૯૯૧નો આંક આવે છે કેટલે એમના મગજમાં ચોંટી જાય છે. ૧૯૯૧નું વર્ષ એમના માટે દિવાસ્વપ્ન જેવું વર્ષ છે. કારણ કે ત્યાર પછી એમને સામા પક્ષે જ બેસવાનું આવ્યું છે. આ ૧૯૯૧ વાળી વાત છે એમાંથી બહાર નીકળવા જેવું છે. અત્યાર સુધી જે કાંઈ સંખ્યા નકકી થતી હતી એ ૧૯૯૧ની વસતિ ગણતરી પ્રમાણે થતી હતી. આ વર્ષે કેન્દ્ર સરકારે ૨૦૦૧ની વસતિ ગણતરી પ્રમાણેની સંખ્યા પ્રમાણે માન્યતા આપવાનું નક્કી કર્યું છે. એટલે અત્યારે ૯૯ ટકા કવરેજ છે. ૯૯ ટકા કવરેજ પણ ૧૯૯૧ની વસતિ ગણતરીના બેઝ ઉપર આજે પણ થતું હોય તો મને લાગે છે કે ભૂતકાળમાં ઉદાર હતા અને ભવિષ્યમાં પણ ઉદાર રહેવા માગીએ છીએ. કોઈપણ જગ્યાએ જરૂરિયાત હોય ત્યાં કોઈ તકલીફ ન પડે તે જોવાનું કામ અમે કરીશું. મારે તો મારા બન્ને પક્ષના સાથી મિત્રોને કહેવું છે કે આરોગ્યના પ્રશ્ન બાબતમાં કોઈપણ પ્રકારની રાજકીય વિચાર સરણીથી અમે ચાલતા નથી. ચાલવા માગતા પણ નથી. સામાન્ય માણસને આરોગ્યનું લાગે વળગે છે, જયાં પણ કંઈ ઉણપ કે ત્રુટી હશે, You are part of us. સાથે બેસીને એ ત્રુટી સુલટાવવાની કામગીરી અમે કરવા માગીએ છીએ. હું કહેવા માગું છુ કે ખૂબ ટુંકા સમયમાં જિલ્લા કક્ષાએ આરોગ્ય વિભાગના એક સિનિયર અધિકારી હાજર હોય એ રીતે દર ત્રણ મહિને કમસે કમ એકવાર માનનીય ધારાસભ્યશ્રીઓ અને સંસદસભ્યશ્રી આરોગ્યને લગતી સંકલન બેઠક અચૂક યોજાય એ પ્રમાણે પ્રયત્નો અમે કરવા માગીએ છીએ. એ બેઠકમાં જે કાંઈ સૂચનો આવશે એનો અમલ થાય તે જોવાની કાર્યવાહી અમે કરીશું. જુઠા મેડિકલ સર્ટિફિકેટ અંગેની વાત કરવામાં આવી. એ માટે મારે એટલું જ કહેવું છે કે સમગ્ર બાબત અંગે એક ઉચ્ચ સ્તરીય તપાસ સોંપવામાં આવી છે અને જે કોઈ ક્ષતિ હશે, ક્ષતિ કરનાર હશે તેને કોઈ જગ્યાએ જતા કરવાનો અથવા તો એમને છુટા મૂકવાનો અમારો કોઈ ઈરાદો નથી. માનનીય અધ્યક્ષશ્રી, Foof and Drug Administration લાગે વળગે છે ત્યાં સુધી સૌરાષ્ટ્રની વાત કરવામાં આવી તો total number of medical stores જે રાજકોટ જિલ્લામાં ૧૦૧૨ છે, અને approved pharmacists ૧૦૩૦ છે. આ અંગેની

વિગતવાર માહિતી website ઉપર ઉપલબ્ધ છે અને કોઈપણ માનનીય ધારાસભ્યશ્રીને આ અંગેની માહિતી જોઈતી હોય તો website ઉપરથી મળી શકે તેમ છે. Morfin અને બીજા narcotics drugs બાબતમાં કેટલાક ચોક્કસ ધારાધોરણો લાગુ પડે છે. મારી પાસે વિગતવાર માહિતી છે અને મારાં સન્માનનીય સભ્યો અને વિરોધપક્ષના મુખ્ય દંડકશ્રીને એ માહિતી જોઈતી હશે તો એ માહિતી મારી પાસેથી ઉપલબ્ધ બનશે, એની વિગતવાર ચર્ચામાં હું જવા માગતો નથી. આ પૂર્વભૂમિકા સાથે મારે આ સન્માનનીય ગૃહને કહેવું છે હું માનનીય નાણામંત્રીશ્રી અને આપ સૌનો આભારી એટલા માટે છું કે આજે આપણે એવા બજૅટ પર ચર્ચા કરવા અને મંજૂરી આપવા માટે જઈ રહ્યાં છીએ જે અત્યાર સુધીના ગુજરાતના ઇતિહાસમાં સૌથી વધારેમાં વધારે ગ્રોથવાળું બજૅટ છે. અત્યાર સુધીની બજૅટની સરખામણીમાં આ વખતે આ બજૅટમાં ૪૫.૯૨ ટકા જેટલો અભૂતપૂર્વ વધારો કરવામાં આવ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, વાર્ષિક યોજનાના કદની સરખામણીમાં પણ હું કહેવા માગું છું જે ઐતિહાસિક રીતે વધારો ધરાવતું આ બજૅટ છે. વાર્ષિક યોજનાના કુલ કદના ૪.૩૩ ટકા જેટલું બજૅટ આરોગ્ય વિભાગને ફાળવવામાં આવ્યું છે અને એજ રાજ્યે આરોગ્યની બાબતમાં કેટલી પ્રાથમિકતા આપી છે. એ બાબતમાં સરકાર કેટલી ગંભીર છે એનું ઉદાહરણ છે. ગ્રામ્ય આરોગ્ય વિષે ચિંતા કરવામાં આવી એમાં હું મારો સાથ પુરાવું છું, પણ સાથે સાથે કહેવા માગું છું કે આ બજૅટમાંથી ૬૦ ટકા જેટલું બજૅટ ગ્રામ્ય આરોગ્ય સેવાઓ માટે વપરાવાનું છે એટલે માનનીય ધારાસભ્યશ્રીઓની ચિંતા સકારણ છે પણ એ ચિંતાનો જવાબ પણ આ માગણીમાં છે.

માનનીય અધ્યક્ષશ્રી, જનસુખાકારી એ રાજ્ય સરકારની પ્રાથમિકતા છે. ખૂબ સાચી વાત મણીભાઈએ કહી 'પહેલું સુખ તે જાતે નર્યા' એ પહેલું સુખ ત્યારે જ પ્રાપ્ત થાય કે રાજ્યમાં જન્મતા બાળકો તેમજ પ્રસૂતા માતાનો મૃત્યુ દર ઘટે એ માટે હૉસ્પિટલમાં પ્રોત્સાહન આપતી ચિરંજીવી યોજનાના સુંદર પરિણામો હવે દેખાવા માંડયા છે. એ અંગેની વિગતવાર માહિતીની ચર્ચા માનનીય સભ્યશ્રીએ એમના ભાષણમાં કરી છે એટલે હું એના આંકડામાં જતો નથી પણ એક વાત નાની એટલે કહેવા માગું છું કે ચિરંજીવી યોજનાના કારણે ૬૪૨ જે ૧,૬૫,૨૭૮ પ્રસૂતાબહેનોને સવલત મળી એમાં પ્રવર્તમાન maternal mortality rate પ્રમાણે ૬૪૨ માતાઓ મૃત્યુ પામી હોત એના બદલે માત્ર ૩૨ માતાઓ જ પ્રસૂતિ દરમ્યાન મૃત્યુ પામી છે, એટલે ૬૧૦ માતાઓની જિંદગી ચિરંજીવી યોજનાને કારણે બચાવી શકાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે નીરોગી બાળક અભિયાન બાબતની પણ મારે એક વિશિષ્ટ વાત કરવી છે. નીરોગી બાળક અભિયાન અંગેની સામાન્ય ચર્ચા સભ્યશ્રીઓએ કરી છે. દર વખતે કોઈપણ કાર્યક્રમની વાત થાય ત્યારે એના માટેનું બજૅટ શું છે? તમે જાહેરાતો કરો છો, એના માટેની ખાસ જોગવાઈ નથી એવી જ્યારે વાત થતી હોય ત્યારે અત્યારના પ્રાથમિક અંદાજો મુજબ કદાચ આ અંદાજ  છે એ વધશે પણ ઘટશે એવી કોઈ શકયતા મારા માનવા પ્રમાણે ઊભી થતી નથી, પણ વિવિધ વિભાગો દ્વારા આ માટે અંદાજે ૨,૨૭૨ કરોડ રૂપિયા જેટલી રકમ નીરોગી બાળકોના અભિયાન માટે ફાળવવામાં આવી છે અને એમાં પરિવાર કલ્યાણ વિભાગ ૨૨૮ કરોડ, મહિલા અને બાળ વિકાસ ૯૦ કરોડ, શિક્ષણ વિભાગ ૨૯૮ કરોડ, શહેરી વિભાગ ૧,૩૫૯ કરોડ, પાણી પુરવઠા વિભાગ ૪૩૯ કરોડ, આદિજાતિ વિકાસ વિભાગ ૬૫ કરોડ તેમજ સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ દ્વારા ત્રણ કરોડ એની જોગવાઈઓ છે. આ જોગવાઈ હું સન્માનનીય ગૃહને એટલા માટે કહું છું કે આ સન્માનીય ગૃહે નીરોગી બાળક અંગેનો સંકલ્પ સર્વાનુમતે  પારિત કર્યો છે અને એટલે આપણે બધા આ આયોજનમાં ભાગીદાર છીએ. આ એક જનભાગીદારીનું અને પક્ષીય રાજનીતિથી ઉપર ઊઠીને કરવાના થતા અભિયાનનું મહત્ત્વનું અંગ બનવાનું છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકાર દ્વારા હાથ ધરવામાં આવેલ બેટી બચાવો અભિયાનના પરિણામે જે રેશિયો છે સ્ત્રી અને પુરુષ વચ્ચેનો એ ૨૦૦૪માં ૮૨૪ હતો, તે ૨૦૦૬માં વધીને ૮૭૧ થયો છે અને હજુ પણ વધશે. એક નવી યોજના આજે આ સન્માનનીય ગૃહ સમક્ષ હું મૂકવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, જયાં પછાત વિસ્તારો છે, સવલતો ઓછી છે ત્યાં ડોકટરો જતા નથી અને એટલે પ્રસૂતા બહેનોને દૂર સુધી લઈ આવવાની પરિસ્થિતિ ઉભી થાય છે. રાજય સરકારે એક એવું આયોજન વિચાર્યું છે જે મુજબ એમ.ડી.ગાયનેકોલોજીસ્ટ અથવા તો એમ.બી.બી.એસ.ડી.જી.ઓ. એટલે પ્રસુતિ રોગને લગતા નિષ્ણાત આ વિસ્તારમાં જો અમે જે ૯૦ બ્લોક આઈડેન્ટીફાઈ કર્યા છે એમાં પોતાની હોસ્પિટલ ખોલવા માગે તો એને રાજય સરકાર હોસ્પિટલ, નર્સિંગ હોમ બાંધવા માટે બે લાખ રૂપિયા અને ચિરંજીવી યોજના નીચે ૩૦૦ ડિલિવરીના એડવાન્સ પેટે ૫.૪લાખ રૂપિયા એમ કુલ મળીને ૭.૪લાખ રૂપિયા એ ડોકટરને આગોતરા આપશે અને એ ત્યાં જઈને પોતાનું દવાખાનું ખોલે અને પોતાની સેવાઓ આપે એ પ્રકારનું આયોજન અમે ગોઠવી રહ્યા છીએ. પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને સામૂહિક આરોગ્ય કેન્દ્ર અંગેની વાતો થઈ. દવા હોય, દવાખાનું હોય પણ ડોકટર ન હોય તો શરીર હોય પણ એનામાં પ્રાણ ન હોય તેવી પરિસ્થિતિ થાય. માનનીય અધ્યક્ષશ્રી, હું તો એમ માનતો હતો કે છેલ્લા બે મહિનામાં અમે જે સઘન ઝુંબેશ ચલાવી અને લગભગ ૬૦૦ કરતા વધારે ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા ડોકટરોની જે નામાવલી આવી છે તે જ પ્રમાણે આ સન્માનનીય ગૃહમાં તા. ૩૧-૫-૨૦૦૮ પહેલા મેં સમયબદ્ધ રીતે કહયું છે શકય તેટલી વધુમાં વધુ જગ્યાઓ ભરી દેવાનું મેં વચન આપેલું છે. કચ્છ જેવા જિલ્લામાં મારા સાથી ધારાસભ્યો કહેશે કે અમે ડોકટરોને પોસ્ટીંગ પણ આપવાનું ચાલુ કરી દીધું છે અને આજે પહેલીવાર કેટલાક કેન્દ્રોમાં ડોકટરો જવા માંડયા છે. આ ઉપરાંત ૮૫૨ ખાનગી સ્ત્રી રોગ નિષ્ણાત તબીબોને ચિરંજીવી

યોજના થકી સાંકળવામાં આવ્યા છે. આપણે ડોકટરોની જે શોર્ટેજ છે તેને નિવારી અને શકય તેટલા અંશે આરોગ્ય સેવાઓ કાર્યક્ષમ બને તે માટે પ્રયત્ન કરી રહ્યા છીએ. એ માટે જાહેર આરોગ્ય વ્યવસ્થા સુધારવાની પ્રક્રિયા પણ હાથમાં લીધી છે. અમદાવાદની સિવિલ હોસ્પિટલને એઈમ્સના સમકક્ષ લઈ જવા માટેનો કાર્યક્રમ અત્યારે અમલવારી હેઠળ છે. સાથોસાથ માનનીય અધ્યક્ષશ્રી, આપના થકી આ ગૃહને જણાવતાં મને આનંદ થાય છે કે જયારે શાળા આરોગ્ય કાર્યક્રમ માટેની ચર્ચા આવી ત્યારે ૨૦૦ જેટલા બાળકોને વિવિધ પ્રકારના હૃદયની જે પિડિયાટ્રીક સર્જરી કહેવાય એ માટે રાજય બહાર લઈ જવાની જરૂરિયાત ઉભી થઈ હતી. મારે ખૂબ આનંદ સાથે કહેવું છે કે અમે યુ.એન.મહેતા કાર્ડિયોલોજીકલ ઈન્સ્ટીટયૂટનું વિસ્તરણ કરી રહ્યા છીએ અને આ વિસ્તરણની પ્રક્રિયા તા. ૩૧ માર્ચ, ૨૦૦૯ સુધીમાં પૂરી કરી દેવાનું આયોજન છે. જયાં આ પ્રકારની સવલત ઉભી થશે. જેના કારણે આ ખોટ પૂરી શકાય. રાજયની કેન્સર હોસ્પિટલ અગ્રસ્થાને છે તે વાત સાચી પણ હજુપણ એનાથી વધારે આગળ કયાં જઈ શકાય તે માટે રાજયની કેન્સર હોસ્પિટલને વિશ્વકક્ષાની સંશોધન અને ટ્રીટમેન્ટ આપતી સંસ્થા બનાવવા માટે અમે એક ટાસ્કફોર્સની રચના કરી છે અને ટાસ્કફોર્સનો અહેવાલ આવ્યેથી એમાં જે કાંઈ આગળ કાર્યવાહી કરવાની થતી હશે એ કાર્યવાહી કરીને રાષ્ટ્રીય નહીં પણ વૈશ્વિક કક્ષાની સંસ્થા બને તે માટેની કામગીરી કરીશું. કીડની અને લીવર ટ્રાન્સપ્લાન્ટેશનની વાત મેં કરી. રાજયની આ ગૌરવરૂપ સંસ્થામાં લીવર પ્રત્યારોપણ માટેનો વિભાગ તાજેતરમાં શરૂ કરવામાં આવ્યો છે અને આ માટે નિષ્ણાત તબીબોની ટીમ સ્વીડન આ અંગેની ખાસ તાલીમ લઈ આ ઈન્સ્ટીટયૂટ ખાતે કાર્યરત બની છે એ જ રીતે મલ્ટીડ્રગ રેજીસ્ટ્રન ક્ષય નિયંત્રણ લેબોરેટરી ૨૪ માર્ચથી કાર્યરત થવાની છે. એઈડસ એ ખૂબ જ ચિંતાજનક રીતે પોતાનો ભરડો વિસ્તારી રહ્યો છે અને એઈડસના રોગીઓમાં સૌથી વધારે પ્રમાણ એ ૧૬ થી ૨૫ વર્ષની વયજુથમાં છે. એઈડસના લગભગ ૫૦ટકા દર્દીઓ એ ૧૬ થી ૨૫ વર્ષની વયજુથમાં આવે છે એ દિશામાં શું થઈ શકે. કલીનીકલ રીસર્ચથી માંડીને એના માટેની સઘન કામગીરી કઈ રીતે થઈ શકે એ માટે હજુ બે અઠવાડિયા પહેલા જ વડોદરાની મેડિકલ કોલેજ અને અમેરિકાની સાઉથ ફલોરીડા યુનિવર્સિટી સાથે સહયોગ થઈને આ માટેનું એક કેન્દ્ર વડોદરા મેડિકલ કોલેજ અને આ સાઉથ ફલોરીડા યુનિવર્સિટીના સહયોગથી શરૂ થયું છે અને આ દિશામાં પણ વૈશ્વિક કક્ષાએ કામ થાય એ બાબતની કામગીરી કરી રહ્યા છીએ. મેં કહયું કે રકતદાનમાં આપણે પ્રથમ છીએ. આપણી બ્લડ ટ્રાન્સ્ફ્યુશન સાથે સંકળાયેલ બ્લડ બેંકોએ ડિસેમ્બર-૦૭ સુધીમાં ૫.૮૪ લાખ બ્લડ યુનિટ જેટલું લોહી એકઠું કરી ભારતમાં પ્રથમ સ્થાન મેળવ્યું છે. અગત્યની બાબત એ છે કે રાજ્યમાં ૬૭.૮ ટકા લોહી સ્વૈચ્છિક રક્તદાન દ્વારા મેળવવામાં આવ્યું છે. હવે વનબંધુ યોજના અને સીકલસેલ અંગેની ચિંતા આ ગૃહમાં વ્યક્ત થઈ, તેની વાત કરવાની છે. વનબંધુ યોજના નીચે મહત્ત્વની જોગવાઈના ભાગરૂપે ચાલુ સાલે સંબંધિત વિભાગના અંદાજપત્રમાં રૂપિયા ૨૫ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. આ ઝુંબેશ આરોગ્ય વિભાગે શરૂ કરી દીધી છે. આ ઝુંબેશના ભાગરૂપે વલસાડ જિલ્લામાં જનરલ હૉસ્પિટલ- વલસાડ, વલસાડ જિલ્લા પંચાયત-વલસાડ તથા ઇન્ડિયન મૅડિકલ એસોસીએશન-વલસાડના સહયોગથી વનબંધુ આરોગ્ય મેળાઓ યોજી, અત્યાર સુધીમાં ૧૧,૭૫૮ જેટલા દર્દીઓની તપાસ કરવામાં આવતા ૮૦૨ જેટલા દર્દીઓને સર્જિકલ ઑપરેશનની જરૂર જણાતા ૨૮-૩૦ માર્ચ દરમ્યાન વનબંધુ સર્જિકલ ૨૦૦૮ નું આયોજન વલસાડ ખાતે કરેલ છે. આ ઉપરાંત અત્યાર સુધીમાં સીકલસેલ સિવાયના રોગોના લગભગ ૮૦૦ જેટલા દર્દીઓને આ જ કૅમ્પ દરમ્યાન ઑપરેશનો કરવામાં આવ્યા છે. રાજ્યમાં રૂપિયા ૩ કરોડના ખર્ચે દક્ષિણ ગુજરાતના ૫ જિલ્લાના ૮૦ કેન્દ્રો ઉપર સીકલસેલ પરીક્ષણ અંગેની કામગીરી ચાલુ છે, જેમાં ૮૦,૫૭૨ જેટલી વ્યક્તિઓના લોહીની તપાસ કરેલી છે. ૧૩.૩૮ ટકા વ્યક્તિ સીકલસેલ પૉઝિટિવ જણાયેલ છે, જેમાં આવા દર્દીઓને કાયમી ધોરણે ફોલિક એસિડ અને અન્ય જરૂરી સારવાર મળે તે માટે આરોગ્ય કેન્દ્રો ઉપર સારવારની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવેલ છે. આગામી વર્ષમાં વનબંધુ કાર્યક્રમ હેઠળ દક્ષિણ ગુજરાતના ૪૦ લાખ આદિવાસીઓને સીકલસેલનું પરીક્ષણ કરવાનું આયોજન કરેલ છે, તેમાં નવજાત શીશુમાં વહેલામાં વહેલી તકે નિદાન થાય તે માટે ન્યુ બોર્ન સ્ક્રીનિંગ પ્રોગ્રામની શરૂઆત કરવામાં આવેલ છે. રક્તપિત્ત નિર્મૂલનમાં આપણે પ્રથમ ક્રમે છીએ. ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાની વાત કરી. એનાં પરિણામ શાં આવ્યાં છે, તેની વાત કરવાની છે. આ સેવાઓ અત્યંત લોકપ્રિય બની છે. ૧૦૮ વિનામૂલ્યે ડાયલ કરવાથી કોલ મળેથી ૧૫ મિનિટમાં તાત્કાલિક તબીબી ઈમરજન્સી સેવાઓ મળી શકે છે. આ સેવા અમલમાં આવ્યા બાદ મૅડિકલ સહાયના ૨૭,૩૮૩, પોલીસ સહાયના ૨,૦૫૦, આગ માટેની સહાયના ૧૬૨ કોલ એટેન્ડ કરવામાં આવ્યા છે. મૅડિકલ સહાય શરૂ થવાના કારણે ૧૨૦૦ લોકોના અમૂલ્ય જીવન બચાવી શકાયા છે. ૧,૬૩૩ પ્રસૂતા કેસમાં માતાઓને સમયસર હૉસ્પિટલમાં પહોંચાડી દેવામાં આવેલ છે. તદુપરાંત ૫૦ જેટલી પ્રસૂતાઓના કેસમાં ઈમરજન્સીમાં એમ્બ્યુલન્સમાં સુરક્ષિત પ્રસૂતા કરાવી શકાયેલ છે. આ ૧૦૮ ની લોકપ્રિય યોજના છે. એને વધુ વિસ્તારમાં લઈ જવા માટે માનનીય ધારાસભ્યશ્રીઓ તરફથી પણ અમોને વારંવાર રજૂઆતો મળી છે. મારે એમને કહેવું છે કે આગામી વર્ષ-૨૦૦૮-૦૯ દરમ્યાન આખા રાજ્યને આ ૧૦૮ નંબરની એમ્બ્યુલન્સ સેવા હેઠળ આવરી લેવામાં આવનાર છે. તબીબી શિક્ષણના ક્ષેત્રે કેટલી પહેલ આ રાજ્ય સરકારે છેલ્લા ત્રણેક મહિનામાં કરી છે. એ અંગેની વાત કરવાની છે. વારંવાર એવો આક્ષેપ કરવામાં આવતો હતો કે અહીયા મૅડિકલના એડમિશન મોડા થાય છે, ગુજરાતના છોકરાઓ બહાર જાય છે, એમને બહાર જવું પડે તે પ્રકારની પરિસ્થિતિ ઊભી થઈ છે. આ સન્માનનીય ગૃહે તાજેતરમાં કાયદો કરીને આ સરકારે હવે આ પ્રકારની સંપૂર્ણ પરિસ્થિતિનો ઉકેલ આણ્યો છે. ખાનગી મૅડિકલ કૉલેજમાં પ્રવેશ

આપવા અને ફી નક્કી કરવા અંગેનો કાયદો અમલી બનતા હવે રાજ્યની મૅડિકલ, ડેન્ટલ, ફિઝિયોથેરાપી, આયુર્વેદ, હોમિયોપેથી તેમજ નર્સિંગ કૉલેજોમાં ૨,૩૭૪ બેઠકો રાજ્ય સરકારની ગુણવત્તા યાદી મુજબ ભરી શકાશે. આ બેઠક ઉપર પ્રવેશ માટે અનામત નીતિનો પણ અમલ થશે, તેથી ૧,૧૪૯ બેઠકો આવા ઉમેદવારોથી ભરી શકાશે. ફીનું ધોરણ નક્કી થશે અને પછીથી ફી નહિ વધારી શકાય. એટલે જે ખાનગી કૉલેજો વચ્ચેથી ફી વધારી નાખે છે અને જે ફરિયાદ આવે છે, તેમાથી વિદ્યાર્થીઓ મુક્ત થશે. આમ અત્યાર સુધી જે ફરિયાદો આવતી હતી, તેનો નિકાલ કરવાનું કામ આ સરકારે કર્યુ છે. મારે કેટલાક સારા સમાચારો આ ગૃહને આપવાના છે. આપણે ત્યાં અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમોમાં જગ્યા વધારવા અંગેનાં સૂચનો વારંવાર આવે છે. તાજેતરમાં મૅડિકલ કાઉન્સિલ ઑફ ઈન્ડિયાએ ભાવનગર ખાતે નવા ૧૦ ડિપ્લોમાં કોર્સ શરૂ કરવા માટેનો લૅટર ઑફ ઈન્ટેન્ટ આપ્યો છે અને એથી આગળ જઈને આ સન્માનનીય સભાગૃહને મારે કહેવું છે કે અત્યાર સુધી એમ.સી.આઈ. ના ધારાધોરણો ન સંતોષાય એના કારણે આપણે પોસ્ટ ગ્રૅજ્યુએટ સીટોમાં અમુક સીટો જતી કરવી પડતી હતી. મારે આપના થકી ગૃહને કહેવું છે કે આ વખતે આ પરિસ્થિતિનો સવેળો ઉપાય કરવાના કારણે ૩૦ જેટલી વધારે પોસ્ટ ગ્રેજ્યુએટ મૅડિકલ કોર્સ સીટો આ રાજ્યમાં ભરાશે. આ બાબતની માહિતી મારે આપના થકી આપવી છે.

**અધ્યક્ષશ્રી** : આપની પાસે દસ મિનિટ બાકી રહે છે.

**શ્રી જયનારાયણ ન. વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, હું દસ મિનિટમાં પૂરું કરીશ. રાજયના ઔષધ નિયંત્રણ બાબતની વાત કરવામાં આવી. એમાં જ્યાં ચૂક થતી હશે ત્યાં કડકાઈથી વર્તીને જે કોઈ જગ્યાએ ચૂક દેખાય તેને સખત હાથે કામ લેવાની અમારી તૈયારી છે. ઔષધ અને સૌદર્યપ્રસાધન અને ખોરાક ભેળસેળ પ્રતિબંધક ધારાના અસરકારક અમલીકરણ માટે માનવબળની મર્યાદા દૂર કરવા માટે અમે એક નવો પ્રયોગ કરવા તરફ જઈ રહ્યા છીએ. એ મુજબ ઔષધ અને ખાદ્ય પદાર્થોના ઈન્ફોર્મલ નમૂનાઓ લઈ સર્વેલન્સની કામગીરી હાથ ધરવાના એક નવતર પ્રયોગનું આયોજન રાજય સરકાર દ્વારા કરવામાં આવેલ છે. આ નમૂનાઓની ચકાસણી માન્ય કરેલ ખાનગી પબ્લિક ટેસ્ટીંગ લૅબૉરૅટરી દ્વારા ચકાસવામાં આવશે અને સર્વેલન્સ દરમ્યાન જે નમૂનાઓમાં તકલીફ દેખાશે તે અંગે આગળની કામગીરી કરવામાં આવશે. સમયની મર્યાદા છે એટલે વિગતમાં નથી જતો. પણ ડ્રગ એડમીનીસ્ટ્રેશન દ્વારા જે લાઈસન્સીંગની પ્રક્રિયાની આખી કામગીરી છે તે કામગીરીને કૉમ્પ્યુટરાઇઝડ કરીને ઓનલાઈન તાત્કાલિક અરજી કરે અને પોતાનું લાઈસન્સ મળી જાય તે પ્રકારની કામગીરી કરવા માટેની વાત અમે અમલમાં મૂકી રહ્યા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, પ્રવાસન અંગેની કેટલીક વાતો અહીંયાં કરવામાં આવી. કોણ જાણે કેમ આપણે દુનિયાથી જાણે અલગ ચાલવા માગતા હોઈએ તે પ્રકારનો સૂર માનનીય સભ્યશ્રીઓએ વ્યક્ત કર્યો. ત્યારે મારે એમને કહેવું છે કે ઉત્સવો થકી પ્રવાસીઓને આકર્ષવાની વાત એ આ ગુજરાતની કઈ આગવી વાત નથી. આખા વિશ્વમાં આ પદ્ધતિ અમલમાં છે. કેન્સ ફેસ્ટીવલ જ્યાં ફિલ્મો અંગેનો ફેસ્ટીવલ થાય છે ફ્રાન્સમાં, બિયર ફેસ્ટીવલ થાય છે જર્મનીમાં, એ સિવાયના સ્નો અને એના ઉપર આધારિત ફેસ્ટીવલો અન્યત્ર થાય છે. ટોમેટો ફેસ્ટીવલ થાય છે. સાહેબ, દુનિયામાં તો લોકો એક એક વસ્તુને શોધી શોધી અને તેને બહુ મોટું સ્વરૂપ આપી અને પોતાના દેશમાં પ્રવાસીઓ કેમ આવે તે માટેની ચિંતા કરે છે. આપણા ત્યાં દશેરાનો ઉત્સવ મૈસૂરમાં ઉજવાય છે. બોટ ઉત્સવ કેરાલામાં ઉજવાય છે. ગોવાનો કાર્નિવલ ખૂબ પ્રખ્યાત છે. પુષ્કળનો મેળો ઘણા લોકો યાદ કરે છે. એ બધી રીતે બાકી બધે થાય તે સારું પણ સરકાર કરે તે માટે ગુજરાતમાં ઉત્સવોના માધ્યમ થકી પ્રવાસન નહીં આકર્ષવું. આ કઈ પ્રકારની નકારાત્મક મનોવૃતિ છે. ઉત્સવો that is very powerful tool to attract tourism sir, and we will address this subject with increasing aggression. અમે હજુ પણ આથી વધારે અગ્રેસીવલી આ કામ કરવાના છીએ એટલે ઉત્સવો કરવાથી કઈ રાજય સરકાર કોઈ મોટી ગુનેગાર થઈ ગઈ હોય તે પ્રકારની વાત આપણા મનમાં હોય, માનસિકતા હોય તો મને લાગે છે તે માનસિકતાથી જેટલા વહેલા મુક્ત થઈએ એટલું વધારે સારું રહેશે. આ દિશામાં મારે આ સન્માનનીય ગૃહને એ પણ કહેવું છે કે આ વર્ષે પતંગોત્સવ અને કચ્છ ખાતે જે રણોત્સવ થયો તેને અભૂતપૂર્વ સફળતા મળી છે. એ સફળતાનું એક માપ એ પણ છે કે જાપાન, સ્વીત્ઝર્લેન્ડ, કેન્યા, ફીલીપાઈન્સ, કોરીયા આ દેશોના રાજદૂતો આવે. કોઈપણ દેશના રાજદૂત ક્યારે આવે? જ્યારે એ રાજયમાં એમને લાગતું હોય કે મારા રાજયે કઈક હવે મારા દેશે આમાં કઈક રસ લેવા જેવો છે ત્યારે. રાજદૂતો સામાન્ય રીતે આવી જગ્યાએ નથી જતા. Now when foreign such powerful countries endorse you આ લોકો તમને માન્યતા આપે છે અને છતાંય આપણે હજું એ જ મનોવૃત્તિમાં રાચ્યા કરીએ છીએ કે આપણે કરોડોનો ખર્ચ કરીએ છીએ ત્યારે માનનીય અધ્યક્ષશ્રી, મારે આ સન્માનનીય ગૃહને કહેવું છે કે ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ ટૅક્નીકલ કન્સલટન્સી સર્વિસીસ દ્વારા એક અભ્યાસ કરવામાં આવ્યો છે અને તે અભ્યાસના તારણો આંખ ઉઘાડી નાંખે તેવા છે. આ અભ્યાસ મુજબ ૨૦૦૪-૦૫માં ૫૮,૯૮૭ વિદેશી પ્રવાસીઓ આવ્યા હતા તે વધીને ચાર ગણા ૨૦૦૬-૦૭માં ૨,૦૭,૦૦૦/- અને હું માનું છું કે આ વર્ષે ત્રણ લાખ ઉપર વિદેશી પ્રવાસીઓ આ રાજયમાં આવ્યા હશે. Sir, this is paying results અને પ્રવાસનના આયોજન માટે એક નવી દિશા ખોલી છે અને એટલે સો કરોડ જેવી મામૂલી રકમનું બજેટ લઈને અમે આવ્યા છીએ. હું અપેક્ષા તો એવી રાખતો હતો કે મારા સાથી સભ્યશ્રીઓ એવું કહેશે કે તમે હજાર કરોડ, બે હજાર કરોડનું બજૅટ લઈને આવો. માનનીય સભ્યશ્રી પરમંજયાદિત્યસિંહજીને બોલતા સાંભળ્યા. તેમની વાત ખૂબ સાચી છે. Service sector is going to be the important sector as

far as the Indian economy or the world economy is concern જ્યારે અર્થ વ્યવસ્થાનો એક ખૂબ મોટો ભાગ સેવાકીય ક્ષેત્ર બનવાનું હોય, પ્રવાસન જ્યારે વૈશ્વિક જી.ડી.પી.ના દસ ટકા જેટલો હિસ્સો ધરાવતું હોય ત્યારે ગુજરાતમાં આટલું દેશનું અગ્રિમ ઔદ્યોગિક અને આર્થિક રીતે વિકસિત રાજય હોય અને.
એ રાજયમાં પ્રવાસન આગળ ન આવે તો મને લાગે છે કે આવનારા સમયમાં આપણે આર્થિક વિકાસને જે વેગ આપવો છે તે દિશામાં વેગ આપી શકીશું નહીં, અને એટલા માટે હું તો એવી અપેક્ષા રાખતો હતો કે, મારા સાથી સભ્યશ્રીઓ મને એવું કહેશે કે તમે આ બજૅટ જે કંઈ મૂક્યું છે એ કજૂંસાઈભરી રીતે મૂકયુ લાગે છે અને મને તો ટેકો મળશે એવી મને અપેક્ષા હતી કે માનનીય નાણા મંત્રીશ્રીને આવતી વખતે કહી શકું કે અમને સો કરોડના બદલે બે હજાર કરોડ કે અઢી હજાર કરોડ કરી આપો, ગુજરાતમાં આપણે પ્રવાસન ઉદ્યોગનો એકદમ વિકાસ કરવો છે. માનનીય અધ્યક્ષશ્રી, સો કરોડના બજૅટમાં ઉત્સવો ઊજવાય એમાં આટલી મોટી ટીકા થાય, હું માનું છું કે, ક્યાંક આપણે આપણા અંદર અંતરાત્માને ઢંઢોળવાની જરૂર છે. કેટલાક મુદ્દાઓ એવા છે કે, જેમાં રાજકીય રીતે વિચારવાનું નથી હોતું, આરોગ્ય સેવાઓ એ કોઈ પક્ષીય કાર્યક્રમ નથી, સરકારી તંત્રથી જ આરોગ્ય સેવાઓ અપાઈ જાય એ શકય જ નથી. પ્રજાકીય ટેકા વગર આ કામગીરી કરવી કપરી છે, આ આપણા સૌનું કામ છે. આ સભાગૃહના ૧૮૨એ ૧૮૨ પ્રતિનિધિઓ સમગ્ર ગુજરાતની સાડા પાંચ કરોડ કરતાં વધારે જનતાનું પ્રતિનિધિત્વ કરે છે, આપણો રોલ ટ્રસ્ટીનો છે. We are trusties. We have been given the responsibility to worry about the public health. જાહેર આરોગ્ય સેવાઓ નહીં ચાલે તો કોને નુકસાન જવાનું છે? જાહેર આરોગ્ય સેવાઓમાં સારુ થાય છે તે તરફ ધ્યાન કેન્દ્રિત કરવાને બદલે આપણે માત્રને માત્ર જાહેર આરોગ્ય સેવાઓને વનેચર ગણીને કૂટ્યા કરીશું તો કોને નુકસાન જવાનું છે? આ માત્રને માત્ર નકારાત્મકવૃત્તિને ધરાવનાર મિત્રોને હું કહેવા માગું છું કે, તમે સૌથી વધારે નુકસાન જે કોઈને કરી રહ્યા હોય તો રાજયના વંચિતોને કરી રહ્યા છો, રાજયના છેવાડા માણસને કરી રહ્યા છો, રાજયના ગરીબોને કરી રહ્યા છો. આરોગ્ય એ આપણા સૌની જવાબદારી છે. Let us work together. જ્યાં અમારી ભૂલ થતી હોય ટપારો, જ્યાં તમને કહેવા જેવું લાગતું હોય We are open for suggestions. We are willing to correct outselves. અમે કોઈપણ પ્રકારની વસ્તુ હોય we don't want to hide anything under the carpet. સંપૂર્ણ પારદર્શકતાથી સૌના પ્રતિનિધિત્વને ધ્યાનમાં રાખીને સૌની વાતને ધ્યાનમાં રાખીને હકારાત્મક સૂચનો આવે એની અમલવારી કરીને રાજયનું આરોગ્ય તંત્ર રાજયના પ્રજાના છેવાડામાં છેવાડા માણસ સુધી સેવાઓ લઈ જવા માટે તત્પર છે. એને આપણે ટપારીશું નહીં, ખેતરમાં બળદ હાંકતા હોઈએ છીએ તોયે એને વારેઘડીએ આર મારીએ તો એ બેસી જાય છે એને પણ કયાંક ટપારવો પડે, કયાંક ડચકારવો પડે, કયાંક શાબાશી આપવી પડે, ક્યાંક એને પંપાળવો પડે, આરોગ્ય તંત્ર એના મર્યાદિત સાધનો અને જે કંઈ છે તેના થકી જે કંઈ કામગીરી કરી રહ્યું છે એમાં સુધારવા માટે અવકાશ છે એ વાત નિર્વિવાદ છે, ગમે તેટલું સારું કરતાં હોય એનાથી વધારે સારું કરી શકાય એ સિદ્ધાંતમાં માનવાવાળો હું માણસ છું પણ એને માત્રને માત્ર તમે આર જ માર્યા કરો, માત્રને માત્ર પરોણો જ માર્યા કરો, વિરોધપક્ષ તરીકે એની ટીકા જ કર્યા કરીએ, ત્યારે હું તો એવું માનું છું કે, મેં જે વાત કરી છે, એમાં હું માનનીય સાથી સભ્યશ્રીઓને આ સમગ્ર જે રાજય માટેના આરોગ્ય માટેનો પ્રયાસ છે, રાજયના સામાન્યમાં સામાન્ય માનવી સુધી આરોગ્ય સેવાઓ લઈ જવા માટેનો પ્રયાસ છે, રાજયમાં રોજગારી ઉભી કરવા માટેનો પ્રયાસ છે રાજયમાં પ્રવાસન પ્રવૃત્તિ વિકાસવવા માટેનો પ્રયાસ છે, અમારો પ્રયાસ એ આપ સૌના પ્રતિનિધિત્વ તરીકેનો પ્રયાસ છે અને ત્યારે હું સમજું છું કે, કાપદરખાસ્તો એ વિરોધપક્ષના હાથમાં એક ઉપયોગી હથિયાર છે અને એ દરખાસ્ત થકી એને વહીવટી તંત્ર ઉપર ટીકા અથવા તો અવલોકનો કરવા માટેનો મોકો મળે છે એ ભાવનાથી કાપદરખાસ્તો એમણે મૂકી છે એનું હું સ્વાગત કરું છું પણ મેં વિગતવાર જે કંઈ મુદ્દાઓ ઉપસ્થિત થયા એનો જવાબ આપ્યો છે. હું મારા સાથી સભ્યશ્રીઓને વિનંતી કરું છું કે, Let us provide a kind of an example of cooperation એક સહકાર અને સહકારિતાની ભાવનાથી આમણે આપણા છેવાડામાં છેવાડાના માણસ સુધી કામ કરીએ, આરોગ્ય સેવાઓ છેવાડાના છેવાડાના માણસ સુધી લઈ જઈએ, જે સારુ છે એને પ્રોત્સાહન આપીએ અને જયાં ક્ષતિઓ હોય, જ્યાં તૃટિઓ હોય ત્યાં સાથે બેસીને એ નિવારવા માટેનો પ્રયાસ કરીએ એ વાત સાથે હું આજે સભાગૃહ સમક્ષ જે માગણીઓ લઈને આવ્યો છું એને સર્વાનુમતે મંજૂર કરશે એવી ભાવના સાથે હું મારું વક્તવ્ય પૂરું કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૩, ૫, ૬, ૮, ૧૩, ૧૬, ૧૮, ૨૪, ૨૭, ૩૫, ૩૮ અને ૩૯ મત માટે મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.**

**માગણી ક્રમાંક ૩૮, ૩૯, ૪૦ અને ૫૧ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

**સભાગૃહની પહેલી બેઠકનું કામકાજ બપોરના ૧૨.૪૬ વાગ્યે પુંરું થતાં અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સભાગૃહ બપોરના ૨.૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહયું.**

**ગુજરાત વિધાનસભા**
**મંગળવાર, તારીખ ૧૮મી માર્ચ, ૨૦૦૮**
**ફાલ્ગુન ૨૮, ૧૯૨૯ શાકે**
**બીજી બેઠક**
**સભાગૃહ બપોરના ૨-૩૦ વાગ્યે મળ્યું.**
**અધ્યક્ષશ્રી અશોક ભટ્ટ અધ્યક્ષસ્થાને**

# તારાંકિત પ્રશ્નો

## સ્પેશ્યલ ઑપરેશન ગૃપની રચના

***૩૦૦૫ શ્રી મહેન્દ્રભાઈ લી. મશરૂ (જૂનાગઢ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) રાજયમાં આતંકવાદી ઘટનાઓ ના બને તે માટે તકેદારીના પગલાંરૂપે અદ્યતન તાલીમ, શસ્ત્ર અને સાધન સામગ્રી સશસ્ત્ર એવા સ્પેશ્યલ ઑપરેશન ગૃપની જિલ્લા/શહેરવાર રચના કરવાનો નિર્ણય કરેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો તેની તાલીમ, શસ્ત્ર અને સાધનસામગ્રી અને વાહનોની શી વ્યવસ્થા ગોઠવવામાં આવનાર છે?

**મુખ્યમંત્રીશ્રી (ગૃહ)**

(૧) હાજી

શહેરી વિસ્તારમાં પોલીસ કમિશનરશ્રીના નિયંત્રણ હેઠળ અને જિલ્લાઓમાં પોલીસ અધિક્ષકશ્રીઓના નિયંત્રણ હેઠળ સ્પેશ્યલ ઑપરેશન ગૃપ (SOG) ની રચના કરવામાં આવેલ છે.

(૨) સ્પેશ્યલ ઓપરેશન ગૃપ (SOG) દ્વારા વર્તમાન સમયમાં બનતી આતંકવાદી પ્રવૃત્તિઓ નાથવા માટે તેમજ સરહદી સુરક્ષા અને સાગરકાંઠાની સુરક્ષાને લગતી કાર્યવાહી હાથ ધરવામાં આવે છે, જેની વિગતો નીચે મુજબ છે.

(૧) રાજયમાં આતંકવાદી ઘટનાઓ ના બને તેની તકેદારી રાખવી.
(૨) આતંકવાદી સંગઠનો સાથે જોડાયેલ ઈસમોના નામ સરનામાની વિગતો મેળવવી.
(૩) વિદેશી એજન્ટોને આશરો આપતા ઈસમો/સંસ્થાઓની યાદી તૈયાર કરવી.
(૪) હવાલાકાંડમાં સંડોવાયેલ કે પકડાયેલ વ્યકિતઓની પ્રવૃત્તિ ઉપર દેખરેખ રાખવી.
(૫) સંસ્થાઓ દ્વારા વિદેશોમાંથી ફંડ લાવી તેનો દેશદ્રોહી પ્રવૃત્તિઓમાં ઉપયોગ ના થાય તેની ઉપર દેખરેખ રાખવી.
(૬) શકમંદ ટ્રાવેલ એજન્ટોના નામ સરનામા તૈયાર કરવા.

આ વિગતો એકત્રીત કરવા માટે સર્વેલન્સની કામગીરી હાથ ધરવામાં આવે છે. સાયબર ગુનાઓ ડામવા માટે મળેલ ડેટા એનાલીસીસ કરવામાં આવે છે. જેથી સ્પેશ્યલ ઓપરેશન ગૃપ (SOG)ને જરૂરી કોમ્પ્યુટર તેમજ આઈ.ટી.ના અદ્યતન ઉપકરણો પૂરા પાડવામાં આવે છે.

આતંકવાદી પ્રવૃત્તિ ડામવા તેમજ સરહદી સુરક્ષા/સાગરકાંઠાની સુરક્ષા માટે સર્વેલન્સ કેમેરા, રીસીવર અને મોનીટર રેકોર્ડર, ડિઝિટલ વોઈસ રેકોર્ડર, સેલફોન, ડિઝિટલ કેમેરા, કેમિકલ કીટ્સ, એકસપ્લોઝીવ હેન્ડલીંગ કીટ, સર્ચલાઈટ, નાઈટ વિઝન ગોગલ્સ, બુલેટપ્રુફ જેકેટ, બગ પ્રેસર, એમ-૪૫ પિસ્તોલ, સેલ્ફ લોડીંગ રાઈફલ, બોમ્બ ડીસ્પોઝલની કીટ વિગેરે અદ્યતન પ્રકારના સાધનો પૂરા પાડવા માટે આગવું આયોજન કરવામાં આવેલ છે. આ૦ અદ્યતન શસ્ત્ર સાધન સામગ્રીના ઉપયોગ માટે સ્પેશ્યલ ઓપરેશન ગૃપ (SOG) ને વૈજ્ઞાનિક ઢબે વિશેષ તાલીમ રાજય પોલીસ અકાદમી, કરાઈ ખાતે આપવામાં આવે છે.

**શ્રી મહેન્દ્રભાઈ લી. મશરૂ** : રાજયમાં આતંકવાદીઓ તથા દેશદ્રોહીઓનો સફાયો કરવા માટે પોલીસ વિભાગ દ્વારા એસ.ઓ.જી.ની જે રચના કરવામાં આવી છે તે માટે સરકારશ્રીને હું અભિનંદન આપું છું. હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, સ્પેશ્યલ ઑપરેશન ગૃપે શું શું વિશિષ્ટ કામગીરી કરવાની હોય છે અને એનું સંખ્યાબળ કેટલું છે અને બીજું સ્પેશ્યલ ઑપરેશન ગૃપને સુદ્રઢ કરવા માટે વર્ષ ૨૦૦૩ થી ૨૦૦૭ દરમિયાન કયા કયા પગલાં ભરવામાં આવ્યાં છે.

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, પહેલાં આ રાજયની અંદર આતંકવાદી ઘટનાઓ થાય તે વખતે એનો સામનો કરવા માટે અને થઈ ગઈ હોય તો એને પકડવા માટેનું તંત્ર હતું, પરંતુ આ સ્પેશ્યલ ઑપરેશન ગૃપ આતંકવાદી ઘટનાઓ ના થાય એના માટે ધ્યાન રાખવા માટે એક વિશિષ્ટ પ્રકારની વ્યવસ્થા રાજય સરકારે કરી છે. ૨૦૦૬થી આની ઉપર મુખ્યમંત્રીશ્રીની અધ્યક્ષતામાં એક ઉચ્ચ કક્ષાની સમિતિએ નિર્ણય કર્યો હતો. એટલે ૨૦૦૬થી આને કાર્યાન્વિત કરવાની શરૂઆત થઈ છે. લગભગ ૬૫૯ જગ્યાઓ આના માટે મજૂર કરવામાં આવી છે. એમાં નાયબ પોલીસ કમિશનરશ્રી, મદદનીશ પોલીસ કમિશનરશ્રી, ૩૫ ઇન્સ્પેક્ટર, ૬૩ પોલીસ સબ ઇન્સ્પેક્ટર, ૧૫૭ હેડકૉન્સ્ટેબલ, ૪૦૧ પોલીસ કૉન્સ્ટેબલ આ પ્રકારની રચના છે અને દરેક જિલ્લામાં નાના નાના

યુનિટો દ્વારા આતંકવાદી ઘટના ના થાય એના માટે જુદી જુદી પદ્ધતિથી ધ્યાન રાખવામાં આવે છે. આઈ.એસ.આઈ.ના એજન્ટ હોય એવા શકદારોની વોચ, જુદા જુદા રોડ ઉપરના ધાબાઓ, ગેસ્ટ હાઉસો ઉપરની વોચ, એસ.ટી.ડી. પી.સી.ઓ. પરથી અમુક શક પડે એવા ફોન જતા હોય એવા પી.સી.ઓ.ની વોચ, હવાલાથી પૈસા ટ્રાન્સફર કરવામાં આવતા હોય એવા હવાલા એજન્ટની વોચ આવા અનેક પ્રકારની કામગીરી આ એસ.ઓ.જી.ની અંદર આવરી લીધી છે અને એના માટે રાજયની સરકારે આ સ્પેશ્યલ એક મહેકમ મંજૂર કરેલ છે. આના માટે અનેક પ્રકારના એમને સાધનો પણ આપવામાં આવ્યા છે. સર્વેલન્સ કૅમેરા, રિસિવર અને મૉનિટર, રોકોર્ડર, ડિઝિટલ વોઈસ રૅકૉર્ડર, સેલફોન, ડિઝિટલ કૅમેરા, કૅમીકલ કીટ્સ એકસપ્લોઝીવ, હેન્ડલીંગ કીટ, સર્ચ લાઈટ, નાઈટ વીઝન ગોગલ્સ, બુલેટપ્રુફ જેકેટ અને આધુનિક પ્રકારના શસ્ત્રો પણ આપવામાં આવ્યા છે અને આના દ્વારા આ ૨૦૦૬ થી ૨૦૦૭ સુધી આની રચનાનું પ્રાથમિક કામ પૂરું થયું છે. એમની ટ્રેનિંગનું કામ શરૂ છે અને પછી આને એ.ટી.એસ. જોડે કઈ રીતે જોડવામાં આવે એની પણ અત્યારે ઉચ્ચ સ્તરે વિચારણા ચાલુ છે.

**શ્રી આત્મારામ મ. પરમાર** : સરકારે જે આતંકવાદી ઘટનાઓને નાથવા માટેના પ્રયત્નો કર્યા છે એને હું અભિનંદન આપું છું એની સાથે સાથે આ નિર્ણય જે એસ.ઓ.જી. નો લેવાયો છે એનું કયા પ્રકારનું સેટ-અપ છે દરેક ગૃપમાં કેટલો સ્ટાફ છે અને કઈ કક્ષાના કર્મચારીઓ છે?

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, અગાઉ રાજયના કુલ મહેકમની માહિતી મેં આપી આ મહેકમ દરેક જિલ્લાની સંવેદનશીલતા પ્રમાણે જિલ્લાઓને ફાળવવામાં આવેલ છે અને ત્યાંના એસ.પી. ની આગેવાનીમાં કામ કરશે અને હવે ઉપર એ.ટી.એસ. જોડે એને કઈ રીતે જોડવું આઈ.બી. જોડે એને કઈ રીતે જોડવું એની પણ વહિવટી પદ્ધતિઓનો વિચાર ઉચ્ચ સ્તરે ચાલે છે અને ટ્રેનિંગ પત્યેથી તુરત જ જે એનો ચેઈન ઑફ કમાન્ડ નક્કી થશે અને એ લૉજિકલ હેન્ડ્રસથી કઈ રીતે કામ કરશે એની વહિવટી પદ્ધતિ નક્કી કરવાની છે.

**શ્રી શૈલેષ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, આ એસ.ઓ.જી.ગ્રુપ તેમાં દેશનું અર્થતંત્ર તોડનારા લોકો જે જાલી નોટો છાપે છે તેવા ગુન્હેગારોનો આની અંદર સમાવેશ કરવામાં આવેલો છે?

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, હા, તેનું પણ ધ્યાન રાખવાનું.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, આ સ્પેશ્યલ ઓપરેશન ગ્રુપ ઈ.ટી.એસ. અને ચેતક કમાન્ડો ફોર્સ આ વચ્ચે સંકલન કરીને કોઈ કાર્ય યોજના નિશ્ચિત થયેલી છે ?

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, ઈ.ટી.એસ., એસ.ઓ.જી. અને ચેતક કમાન્ડો ત્રણેયનાં કામોનું એક વિશિષ્ટ પ્રકારનું તંત્ર રચાય તેને માટે આ તેમની કામની પદ્ધતિ ઉચ્ચ સ્તરે વિચારણા હેઠળ છે અને થોડાંક જ સમયમાં આ બાબતમાં નિર્ણય થઈ મેં અગાઉ કહ્યું તેમ તેનો ચેઈન ઓફ કમાન્ડ અને કામની પદ્ધતિ નક્કી થઈ જશે.

## કોર્ટો માટેના નવા મકાન અંગે

***૨૮૯૩ શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ (અંકલેશ્વર)** : **માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી**( રાજયકક્ષા ) જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લાં ત્રણ વર્ષમાં રાજયમાં કુલ કેટલી કોર્ટોના મકાનો બન્યાં,
(૨) કઈ કઈ કોર્ટોના કેટલા મકાનો બન્યા, અને,
(૩) વર્ષવાર આ માટે કુલ કેટલો ખર્ચ થયો ?

**ન્યાયતંત્ર મંત્રીશ્રી**

(૧) ૬૪ મકાનો
(૨) પત્રક-અ અને બ મુજબ

**પત્રક-અ**
**કોર્ટના મકાનો**

| અનુ. ક્રમ | સ્થળનું નામ | કામ પર થયેલ ખર્ચ (રૂા. લાખમાં) |
|---|---|---|
| ૧ | ભુજ (ડીસ્ટ્રીક્ટ કોર્ટ બિલ્ડીંગ રીટ્રોફિટેડ) | ૪૯.૮૦ |
| ૨ | રાપર | ૮૫.૦૦ |
| ૩ | સુરત (ડીસ્ટ્રીક્ટ કોર્ટ બિલ્ડીંગ રીટ્રોફિટેડ) | ૪૫૩.૪૨ |
| ૪ | મેટ્રો કોર્ટ અમદાવાદ | ૧૪૨૨.૭૨ |
| ૫ | મોરબી | ૨૦૨.૨૨ |
| ૬ | માલીયા-મીયાણા | ૬૩.૦૮ |
| ૭ | કુતિયાણા | ૭૮.૧૩ |
| ૮ | જોડિયા | ૭૮.૯૦ |
| ૯ | લાલપુર | ૧૨૩.૫૧ |
| ૧૦ | ભચાઉ | ૮૫.૦૦ |
| ૧૧ | મુન્દ્રા | ૮૫.૦૦ |
| ૧૨ | માંગરોલ, જિ. સુરત | ૧૫૦.૫૨ |
| ૧૩ | તલાલા | ૭૮.૫૩ |

| | | |
|---|---|---|
| ૧૪ | વિસાવદર | ૧૪૮.૪૪ |
| ૧૫ | માંગરોલ | |
| ૧૬ | સાવરકુંડલા | ૫૭.૨૦ |
| ૧૭ | ખંભાત | ૧૦૨.૯૮ |
| ૧૮ | સમી | ૫૨.૩૦ |
| ૧૯ | લેબર કોર્ટ બિલ્ડીંગ ક્લોલ | ૮૫.૯૪ |
| ૨૦ | દાંતા | ૮૭.૦૫ |
| ૨૧ | ગરબાડા | ૬૭.૩૦ |
| ૨૨ | પાટડી | ૯૦.૬૮ |
| ૨૩ | આણંદ | ૮૨૮.૭૦ |
| ૨૪ | જસદણ | ૮૩.૫૫ |
| ૨૫ | વડનગર | ૯૩.૧૮ |
| ૨૬ | પોરબંદર | ૧૦૨૨.૦૨ |
| ૨૭ | મીરજાપુર, અમદાવાદ (આર) | ૫૩૫.૮૦ |
| ૨૮ | લખતર | ૮૨.૪૩ |
| ૨૯ | સાણંદ | ૮૨.૪૩ |
| ૩૦ | કડી | ૨૩૦.૯૭ |
| ૩૧ | દહેગામ | ૮૮.૯૦ |
| ૩૨ | દ્વારકા | ૯૨.૯૪ |
| ૩૩ | ગાંધીધામ | ૩૪૫.૭૦ |
| ૩૪ | શહેરા | ૬૭.૭૧ |
| ૩૫ | વાંકાનેર | ૯૫.૭૫ |
| ૩૬ | ઠાસરા | ૯૦.૩૧ |
| ૩૭ | માલીયા-હાટીના, જિ. જુનાગઢ | ૭૫.૪૫ |
| ૩૮ | રાજકોટ (સીવીલ કોર્ટ બિલ્ડીંગ) | ૮૨૪.૫૮ |
| | **કુલ :-** | **૮૨૮૮.૧૪** |

**પત્રક-બ**
**ફાસ્ટટ્રેક કોર્ટના મકાનો**

| **અનુ. ક્રમ** | **સ્થળનું નામ** | **કામ પર થયેલ ખર્ચ (રૂા. લાખમાં)** |
|---|---|---|
| ૧ | મહેસાણા-૫ | ૪૬.૩૨ |
| ૨ | વલસાડ-૫ | ૪૮.૦૫ |
| ૩ | પાલનપુર-૫ | ૪૯.૬૨ |
| ૪ | નડિયાદ-૫ | ૪૭.૪૨ |
| ૫ | રાજકોટ-૧૦ | ૧૦૭.૮૦ |
| ૬ | મોરબી-૩ | ૪૧.૩૭ |
| ૭ | જુનાગઢ-૫ | ૬૦.૪૩ |
| ૮ | અમરેલી-૪ | ૩૬.૧૧ |
| ૯ | સુરત-૧૦ | ૧૯૬.૩૧ |
| ૧૦ | વડોદરા-૫ | ૭૫.૫૬ |
| ૧૧ | ભુજ-૫ | ૭૫.૮૩ |
| ૧૨ | ગાંધીધામ | ૬૩.૮૧ |
| ૧૩ | વેરાવળ-૪ | ૨૨.૬૬ |
| ૧૪ | મહુવા-૩ | ૪૬.૫૧ |
| ૧૫ | મોડાસા-૧ | ૧૬.૩૫ |
| ૧૬ | દાહોદ-૫ | ૬૫.૭૪ |
| ૧૭ | છોટા ઉદેપુર-૨ | ૨૭.૩૦ |
| ૧૮ | સુરેન્દ્રનગર-૫ | ૪૭.૬૦ |
| ૧૯ | જામ ખંભાળિયા-૩ | ૪૫.૪૦ |
| ૨૦ | ભાવનગર-૫ | ૫૫.૭૦ |
| ૨૧ | આણંદ-૫ | ૬૬.૪૪ |
| ૨૨ | પોરબંદર-૫ | ૫૭.૯૩ |
| ૨૩ | વિરમગામ-૨ | ૭૧.૮૨ |
| ૨૪ | અંજાર-૧ | ૨૩.૯૮ |
| ૨૫ | ધોરાજી-૨ | ૨૭.૨૨ |
| ૨૬ | ઉના-૧ | ૨૧.૦૩ |
| | **કુલ ફાસ્ટટ્રેક કોર્ટ :-** | **૧૪૪૪.૩૧** |
| | **કુલ સરવાળો....** | **૯૭૩૨.૪૫** |

(૩) પત્રક-૧ અને ૨ મુજબ

**( * પત્રક ૧ અને ૨ સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે )**

**શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે,કોર્ટની સંખ્યા વધવાને કારણે અને કોર્ટના મકાન બાંધકામને કારણે પડતર કેસોમાં ફરક પડેલ છે કે કેમ ? અને બીજો મારો પ્રશ્ન છે કે વર્ષ ૨૦૦૨માં કોર્ટમાં પડતર કેસોની સંખ્યા કેટલી છે ? વર્ષ ૨૦૦૩ થી ૨૦૦૭ સુધીમાં વર્ષવાર

કોર્ટોના પડતર કેસોની સંખ્યા કેટલી છે ? વર્ષ ૨૦૦૩ થી ૨૦૦૭ સુધીમાં વર્ષવાર કોર્ટોમાં કેટલાં નવા કેસો ઉમેરાયા ?

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, નવી કોર્ટો બને, કોર્ટમાં કામ કરવાની જગ્યાઓ સુવિધાયુકત બને, વાતાવરણ સારું બને એટલે ચોક્કસ કેસોના ભરાવાની અંદર ફરક પડે. જે માનનીય સભ્યશ્રીએ માગણી કરી છે આંકડાઓ ૨૦૦૨માં જુદા જુદા પ્રકારની કોર્ટોની અંદર આ રાજયની અંદર ૪૫ લાખ પડતર કેસો હતા. ૨૦૦૩ થી ૨૦૦૭ સુધીમાં બીજા ૬૯ લાખ કેસો નવાં ઉમેરાયા. આમ કુલ કેસો ૧ કરોડ ૧૪ લાખ ૨૦ હજાર થયા. તે પૈકી છેલ્લાં પાંચ વર્ષની અંદર ૮૮ લાખ કેસોનો નિકાલ થયો છે અને ૨૦૦૭ની શરૂઆતમાં કેવળ ૨૫ લાખ કસો જ પડતર રહ્યાં છે. નવી કોર્ટોની મંજૂરી, નવા મકાનોની મંજૂરી તેની સાથે આ રાજયના મુખ્યમંત્રીના એક વિચારને ખૂબ સુંદર રીતે સુપ્રીમ કોર્ટ અને હાઈકોર્ટની મંજૂરીથી અમલમાં મૂક્યો. એ વિચાર સાંધ્ય કોર્ટોનો છે. તેનો પણ આ કેસોના ભારણનાં નિકાલ કરવામાં બહુ મોટો ફાળો છે અને હું ચોક્કસપણે કહીશ કે પડી રહેલી માળખાગત સુવિધાને ઉપયોગમાં લેવાનો આજે આપણે પ્રયોગ કર્યો છે. સમગ્ર દેશનું દિશા દર્શન કરે એવો છે. ફાસ્ટ ટ્રેક કોર્ટના મામલાની અંદર પણ સમગ્ર દેશમાં આ રાજયની અંદર સારામાં સારો અમલ થયો છે અને લોક અદાલતોની વાત કરીએ તો લોક અદાલતોના માધ્યમથી વધુમાં વધુ કેસોનો નિકાલ થયો છે. તેના પરિણામ સ્વરૂપે ૨૦૦૨માં જે ૪૫ લાખ કેસો હતા તે પછી ૧ કરોડ ૧૪ લાખ નવા ઉમેરાયા તેમ છતાં ૨૫ લાખ કેસો જ ૨૦૦૭ની શરૂઆતમાં છે અને આ ઘટાડાની પ્રક્રિયા નિરંતર ચાલુ રહેવાની છે.

**શ્રી ગોવિંદભાઈ ઉ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, હાલમાં રાજયમાં કેટલી કોર્ટો છે? કેટલી કોર્ટો પાસે મકાનો નથી? અને જ્યાં મકાનો નથી ત્યાં હાલમાં તેમને બેસવા માટેની શું વ્યવસ્થા છે? અને અન્ય કોઈ જગ્યાએ બેસતાં હોય તો એવા કેટલાં મકાનો છે તેની માહિતી આપે.

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં કુલ ૭૨૪ કોર્ટ સીટી કોર્ટ સહિતની કાર્યરત છે અને મને કહેતાં આનંદ થાય છે કે આ ૭૨૪ કોર્ટોમાંથી ફકત ૪૯ કોર્ટો જોડે જ પોતાના મકાનો નથી અને તે પણ હમણાં જ સ્થપાયેલી કોર્ટો છે. તેની પ્રક્રિયા પણ ચાલુ છે અને જે ૪૯ કોર્ટો જોડે પોતાના મકાનો નથી તેમાંથી ૨૭ કોર્ટો તે ભાડાના મકાનમાં બેસે છે અને ૨૨ કોર્ટો અન્ય સરકારી કચેરીઓમાં બેસે છે.

**શ્રી કિરણકુમાર એલ. મકવાણા** : માનનીય અધ્યક્ષશ્રી, જંબુસર અને આમોદ તાલુકામાં કોર્ટના નવા મકાનો બાંધવાનું આયોજન છે કે નહીં? ક્યારે બનાવવામાં આવશે ?

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, જંબુસર અને આમોદ તાલુકાની પર્ટીકયુલર સ્થિતિ તો હાલ મારી પાસે નથી પણ માનનીય સભ્યશ્રીને તે માહિતી પૂરી પાડી દઈશ.

**શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને પહેલા તો હું અભિનંદન આપવા માગું છું કે શહેરા કોર્ટ ૧૯૯૨માં મંજૂર થયેલી અને ૧૯૯૨ પછી ત્યાં મકાન કે કોર્ટનું ઉદ્‌ઘાટન થઈ શકયું નહોતું. કોર્ટના ઉદ્‌ઘાટન માટે સેશન્સ કોર્ટમાંથી ભાડાના ૨ વર્ષથી પૈસા ચૂકવ્યા છતાં (અંતરાય) ચાલુ નહોતું થયું, પછી ચાલુ થયું છે. એના માટે ૬૭ લાખ ૭૧ હજાર રૂપિયાની રકમ ફાળવવામાં આવી છે, એ માટે માનનીય મંત્રીશ્રીને અને માનનીય મુખ્યમંત્રીશ્રીને અભિનંદન આપું છું. સાથે સાથે હુ જાણવા માગું છું કે આ જે કોર્ટનું મકાન છે એમાં જજને રહેવા માટેના મકાનનો સમાવેશ થયો નથી, તો એનો સમાવેશ કરવા માગે છે કે કેમ?

**શ્રી અમિત અ. શાહ** : બનતી ત્વરાએ કરવા માગીએ છીએ.

**શ્રી અમરસિંહ રા. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે ગુજરાત સરકારે સાંધ્ય કોર્ટ ચલાવવાનું જે આયોજન કર્યુ છે, એમાં આ જે કોર્ટના મકાન બનાવ્યા છે એ ટાઈપના કે કોઈપણ સાંધ્ય કોર્ટ માટે સરકારનું કોઈ આયોજન છે કે કેમ? અને સાંધ્ય કોર્ટમાં હાલમાં કેટલા કેસો છે?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, સાંધ્ય કોર્ટ માટે જુદા કોઈ મકાન બનાવવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. સાંધ્ય કોર્ટની રચના જ એટલા માટે કરવામાં આવી છે કે સાંજે પડી રહેતી માળખાકીય સુવિધાઓનો સારો ઉપયોગ થાય અને કેસોના ભારણને હળવું કરવામાં અને કેસોના નિકાલમાં મદદરૂપ થઈ શકાય. બીજું એમણે પૂછયું કે સાંધ્ય કોર્ટમાં કેટલા કેસો પડતર છે, તો સાંધ્ય કોર્ટને ફાળવેલા કેસોના અલગ આંકડા મારી પાસે ઉપલબ્ધ નથી, પરંતુ માનનીય સભ્યશ્રીને હું એ માહિતી પૂરી પાડીશ.

**ઝાલોદ તાલુકાના લીમડી અને ઝાલોદ પોલીસ સ્ટેશન હેઠળ નોંધાયેલ વિવિદ ગુનાઓ**

***૨૬૯૬ શ્રી દીતાભાઈ ભી. મછાર (ઝાલોદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે-

(૧) ઝાલોદ તાલુકાના લીમડી અને ઝાલોદ પોલીસ સ્ટેશનમાં તા. ૩૧-૧'૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ચોરી, લૂંટ, ધાડ અને મારામારીના કુલ કેટલા ગુનાઓ નોંધાયા,

(૨) આ ગુનાઓ પૈકી કેટલા ગુનેગારો પકડાયા, અને

(૩) ક્રોસ ફરિયાદો થઈ હોય તેવા કેટલા કેસો છે?

**મુખ્યમંત્રીશ્રી (ગૃહ):**

(૧)

| ગુનાનું હેડ | નોંધાયેલ ગુના | |
|---|---|---|
| | ઝાલોદ પો. સ્ટે. | લીમડી પો. સ્ટે. |
| ૧. ચોરી | ૪૩ | ૨૮ |
| ૨. લૂંટ | ૦૩ | ૦૩ |
| ૩. ધાડ | ૦૫ | ૦૪ |
| ૪. મારામારી | ૫૩ | ૧૧૫ |

(૨) ઉકત તમામ ગુનાઓમાં ઝાલોદ પોલીસ સ્ટેશન ખાતે ૨૯૨ તથા લીમડી પોલીસ સ્ટેશન ખાતે ૪૫૩ આરોપીઓ પકડાયેલ છે.

(૩) ચોરી, લૂંટ અને ધાડના ગુનાઓમાં એકપણ ક્રોસ ફરિયાદ થયેલ નથી, જયારે મારામારીના ગુનામાં લીમડી પોલીસ સ્ટેશનમાં ૩૦ ક્રોસ ફરિયાદ નોંધાયેલ છે. ક્રોસ ફરિયાદના કિસ્સામાં જે આરોપીઓ વિરૂદ્ધ પુરાવાઓ હોય તે આરોપીઓની અટક કરી, કોર્ટ કસ્ટડીમાં મોકલી આપવામાં આવે છે અને કોર્ટમાંથી જામીનમૂકત થયા બાદ, જરૂરી અટકાયતી પગલાં લેવામાં આવે છે.

**શ્રી દીતાભાઈ ભી. મછાર :** માનનીય અધ્યક્ષશ્રી, ઝાલોદ અને લીમડી પોલીસ સ્ટેશનમાં કેટલા આરોપીઓ પકડવામાં આવ્યા અને કેટલા આરોપીઓને સજા થઈ?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, જયાં સુધી આરોપીઓને પકડવાનો સવાલ છે, ત્યાં સુધી જુદા જુદા હેડના આરોપીઓ એમણે કહ્યું છે. એમાંથી ઝાલોદના માનનીય દીતાભાઈ, ત્રણેય વર્ષના આપું ને? ઝાલોદમાં ૨૦૦૫માં ચોરીમાં ૧૩ આરોપી સંડોવાયેલા હતા અને તે પૈકી ૧૧ આરોપી પકડાયા છે. ૨૦૦૬માં ૧૦ આરોપીઓ સંડોવાયેલા હતા. તે પૈકી ૯ આરોપી પકડાયા છે. ૨૦૦૭માં ૧૨ આરોપીઓ સંડોવાયેલા હતા, તે પૈકી ૧૦ આરોપી પકડાયા છે. લૂંટના કેસોમાં ૨૦૦૫માં ૩ આરોપી સંડોવાયેલા હતા. ત્રણેત્રણ પકડાઈ ગયા છે. ૨૦૦૬માં ૩ આરોપી સંડોવાયેલા હતા અને એ પૈકી ૨ આરોપી પકડાયા છે. ૨૦૦૭માં ૩ આરોપી સંડોવાયેલા હતા એ પૈકી ૧ પકડાયેલ છે અને ધાડમાં ૨૦૦૫માં ૨૦ આરોપી સંડોવાયેલા હતા એમાંથી ૧૦ પકડાયા છે. ૨૦૦૬માં ૩૬ આરોપી સંડોવાયેલા હતા તે પૈકી ૨૮ પકડાયા છે. ૨૦૦૭માં ૧૧ આરોપીઓ સંડોવાયેલા હતા, જે તમામ પકડાયા છે. ૨૦૦૮માં ૩૧/૧ ની સ્થિતિએ ૧૨ આરોપી સંડોવાયેલા હતા અને તે તમામ પકડાયા છે.

**શ્રી બચુભાઈ ના. કિશોરી** : માનનીય અધ્યક્ષશ્રી, લીમડી એ એક અસામાજિક પ્રવૃત્તિઓનું એક મોટું સેન્ટર બની ગયું છે. લીમડી પોલીસ સ્ટેશનમાં અમે જયારે ફરિયાદી થઈએ છીએ ત્યારે એમ કહેવાય છે કે અમને આગેવાનો જ જયારે ફરિયાદ કરાવે છે અને ક્રોસ ફરિયાદ કરે છે તો અમે કંઈ કરી શકીએ તેવી પરિસ્થિતિ નથી. કહેવાનો મતલબ એ છે સાહેબ, કે લીમડી ગામમાં કોઈપણ કોંગ્રેસી આગેવાન જાય તો એના ઉપર ભાજપના આગેવાનની દોરવણી નીચે (અંતરાય) એને માર મારવામાં આવે છે અને માર માર્યા પછી સીધો જ..(સતત અંતરાય)

**અધ્યક્ષશ્રી** : શ્રી બચુભાઈ આપ સીધા પ્રશ્ન ઉપર આવો. (સતત અંતરાય)

**શ્રી બચુભાઈ ના. કિશોરી** : હું સાચું જ કહીશ હું જે કહું છું, એ મારા ઉપર પણ...(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : બચુભાઈ, મારી મર્યાદા બહુ સ્પષ્ટ છે. પ્રશ્ન જે પૂછાયો છે એમાંથી પૂરક પ્રશ્ન પૂછી શકો છો. ઘટનાઓનું વર્ણન કરવા માટે અહીં નથી. જે કંઈ ઘટનાની વાત હોય એ લેખિત ફરિયાદથી મંત્રીશ્રીને આપ જાણ કરી શકો છો. આ પ્રશ્ન ઉપર આપને કંઈ પૂછવું હોય તો પૂછો.

**શ્રી બચુભાઈ ના. કિશોરી** : આમાં ૧૧૫ મારામારીના બનાવો બન્યા, એમાં મોટા ભાગના નિર્દોષ આગેવાનોને મારે અને પછી ફરી પાછા પોલીસ વિરૂદ્ધ ફરિયાદ કરવા જતા એની સામે ફરી ક્રોસ ફરિયાદ કરવામાં આવી છે અને આ રીતે જવાબદાર આગેવાનની દોરવણી નીચે આ કાવતરું રીતસર ચાલે છે. તો આ જવાબદાર સામે પોલીસ સ્ટેશન તો કોઈ પગલાં ભરી શકે તેમ નથી. તો બીજા કોઈ ઉચ્ચ સ્તરે તપાસ કરાવીને પગલાં લેવા માગે છે કે કેમ?

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી લગભગ ૨ થી ૨ાા મહિનાથી ચૂંટાયા છે અને આજસુધી તેમણે મને કોઈ ફરિયાદ આવી કરેલ નથી. ગૃહમાં જ સીધી ફરિયાદ કરે છે. (અંતરાય) માનનીય બચુભાઈ, સાંભળો,મને આવી કોન્ક્રિટ ફરિયાદ આપશે તો કોઈ શેહશરમ રાખ્યા વિના ચોકકસ પગલાં લઈશું, પરંતુ મારી માનનીય બચુભાઈને વિનંતી છે કે ફરિયાદ બન્ને પક્ષના સભ્યોની આપે અને જો બન્ને પક્ષના સભ્યોની ફરિયાદ આપશે તો તેમનું પલ્લું બહુ નમેલું છે. એટલે કોઈ એકતરફી ફરિયાદ ના આપે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : આપની ફરિયાદ મંત્રીશ્રીને મોકલી આપજો.

**શ્રી બચુભાઈ ના. કિશોરી** : મારી ઉપર જ મારામારીની ફરિયાદ કરવામાં આવેલ છે(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય બચુભાઈ, મેં કહયું કે આપ ફરિયાદ મોકલી આપજો. ફરિયાદની વિગતોમાં ના ઉતરો. નેકસ્ટ.

## એફ.એસ.એલ.ના આધુનિકરણની યોજના

***૨૮૮૪ શ્રી નારાયણભાઈ લ. પટેલ (ઉંઝા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે:-

(૧) રાજયની ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીને આધુનિકરણની કોઈ યોજના અમલમાં છે કે કેમ, અને

(૨) જો હા, તો છેલ્લા ત્રણ નાણાકીય વષ તા. ૩૧-૧-૨૦૦૮ સુધીમાં કેટલી રકમના અદ્યતન સાધનો ખરીદવામાં આવેલ છે?

**મુખ્યમંત્રીશ્રી (ગૃહ):**

(૧) હા,જી.

એફ.એસ.એલ.ને રાજય સરકારે અત્યંત આધુનિક બનાવેલ છે અને તે દેશભરમાં મોખરાનું સ્થાન ધરાવતી એફ.એસ.એલ. બનેલ છે. વિવિધ પ્રકારના ગુન્હાઓની તપાસ કરવામાં જરૂરી તમામ ટેકનોલોજીઓ ધરાવતી દેશની આ એકમાત્ર એફ.એસ.એલ. છે. એફ.એસ.એલ.ની જે ટેકનોલોજીઓ બાબતે દેશમાં ગણના થાય છે, તે વિશિષ્ઠ ટેકનોલોજીઓ નીચે મુજબ છે:-

(૧) ગૌ-માંસના પરિક્ષણ માટેની આધુનિક મોબાઈલ વાન.
(૨) ગુન્હાના સ્થળની ઝીણવટભરી તપાસ માટેની ટેલીફોરેન્સિક પધ્ધતિ.
(૩) બ્રેઈન ફીંગર પ્રિન્ટિંગ પધ્ધતિ.
(૪) નારકોએનાલીસીસ.
(૫) સાઈકોલોજીકલ પ્રોફાઈલિંગ.
(૬) કોમ્પ્યુટરાઈઝડ ફાઈરિંગ રેન્જ.
(૭) ઓડિયો-વીડીયો ફોરેન્સિક પ્રોસેસિંગ.
(૮) ઓટોમેડેડ ફીંગર પ્રિન્ટ આઈડેન્ટીફિકેશન સિસ્ટમ.

(ઓન લાઈન તપાસ વ્યવસ્થા). રાજયની આ એફ.એસ.એલ.ને હજુ વધુ અદ્યતન બનાવવા સરકાર દ્વારા સતત કાર્યવાહી ચાલુ છે.

(૨)

| નાણાકીય વર્ષ | રૂ. |
|---|---|
| ૨૦૦૫-૦૬ | ૮,૦૮,૨૬,૫૬૩/- |
| ૨૦૦૬-૦૭ | ૭,૧૬,૬૨,૦૦૦/- |
| ૨૦૦૭-૦૮ | ૩,૧૨,૬૨,૦૦૦/- (૩૧-૮-૦૮) ની સ્થિતિએ) |
| કુલ રૂ. | ૧૮,૩૭,૫૦,૫૬૩ ના અદ્યતન સાધનો વસાવવામાં આવેલ છે. |

**શ્રી નારાયણભાઈ લ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આપણી ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી એ આખા ભારતમાં વખણાય છે. બીજાં રાજયો એના માટે અહીં તપાસ અર્થે કેસો મોકલે છે. તો કેટલાં રાજયોએ આ આપણી લેબોરેટરીમાંથી સેવાનો લાભ લીધો છે અને બીજા નારકોટિંગના કેસો બીજા રાજયોમાંથી કેટલા તપાસ અર્થે આપણી લેબોરેટરીમાં આવ્યા છે અને ત્રીજો પ્રશ્ન કે ગૌ-માંસ નિરીક્ષણ માટેની મોબાઈલ વાન છે. તો એનો ઉપયોગ થયો હોય એવા કેટલા બનાવો બન્યા છે?

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, જયાં સુધી બીજાં રાજયોને તપાસમાં સહાય આપવાનો સવાલ છે ત્યાં સુધી ૨૦૦૪ માં ૧૪ રાજયોને ૧૧૫ કિસ્સામાં સહાય આપી છે, ૨૦૦૫ માં ૧૫ રાજયોને ૧૦૯ કેસમાં સહાય આપી છે, ૨૦૦૬ માં ૨૩ રાજયોને ૨૦૭ કેસમાં સહાય આપી છે અને ૨૦૦૭ માં ૨૧ રાજયોને ૨૮૧ કેસમાં સહાય આપી છે. ગૌ-માંસના પરિક્ષણ માટેની જયાંસુધી ફરતી લેબોરેટરીની વાત કરી છે તો એવી ૬ મોબાઈલ વાન બનાવવાની યોજના છે અને એમાંથી ૪ બનીને કામમાં લાગી ગઈ છે અને ૪૦ કિસ્સાઓ ગૌ-માંસ ટ્રાન્સપોર્ટેશનના આ મોબાઈલ વાનથી પકડાયા છે અને લગભગ ૨૦ કરોડ કરતાં વધારે મૂલ્યનું ગૌ-માંસ સીલ કરીને તેમની ઉપર દંડનીય કાર્યવાહી આ મોબાઈલ વાનના માધ્યમથી કરવામાં આવેલ છે.

**શ્રી મોહનભાઈ ક. કુંડારિયા** : માનનીય અધ્યક્ષશ્રી, આ ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી દેશભરમાં મોખરાનું સ્થાન ધરાવે છે, તો એ આંતરરાષ્ટ્રીય નામના મેળવે એના માટેના કોઈ પ્રયત્નો કરવામાં આવેલ છે કે કેમ?

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં એફ.એસ.એલ.દેશભરમાં મોખરાનું સ્થાન ધરાવે છે અને રાજય સરકારની અને રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રીની ખેવના છે કે આ ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીને આંતરાષ્ટ્રીય કક્ષાએ પણ જેટલી નામના દેશમાં મળી છે. એટલી આંતરરાષ્ટ્રીય કક્ષાએ પણ મળે એના માટે અનેક પ્રકારના પ્રયત્નો કર્યા છે. હમણાં જ ઓસ્ટ્રેલિયાના નિષ્ણાતોએ આપણા પ્રયત્નોથી આપણી એફ.એસ.એલ.ની મુલાકાત લીધી હતી અને તેમણે પણ આપણી મોબાઈલ વાનને જોઈને એને આંતરાષ્ટ્રીય કક્ષા હોવાનું જણાવ્યું છે અને એના સર્ટિફિકેશનની પ્રક્રિયા ચાલુ છે. એ સિવાય એન.એ.બી.એલ.દ્વારા પણ આઈ.એસ.ઓ. ૧૭૦૦૦-૨૦૦૫ આપવામાં આવેલ છે અને એના લીધે આપણી લેબોરેટરીને નેશનલ રિસોર્સ સેન્ટર તરીકે જાહેર કર્યુ છે, ગુજરાત યુનિવર્સિટીએ પણ એને માન્યતા આપીને ડાયરેકટર ઓફ ફોરેન્સિક સાયન્સ કોલેજ માટે માન્યતા આપી છે, નિરમા યુનિવર્સિટીએ પણ માન્યતા આપી છે અને ખાસ કરીને અત્યારે આપણે શાર્ક દેશોને ફોકસ કરવાનો પ્રયત્ન કર્યો છે.

શાર્ક દેશોમાં ફોરેન્સિક સાયન્સની દ્રષ્ટિએ અઘરા કેસો હોય અને ગુનાઓ ના ઉકેલાતા હોય એ બધાને મદદ કરવા માટે યોગ્ય પત્રવ્યવહાર અને સંપર્ક પણ પ્રસ્થાપિત કર્યો છે.

**શ્રી ગોવિંદભાઈ ઉ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે છેલ્લા ત્રણ વર્ષમાં અને ચાલુ નાણાકીય વર્ષમાં આ રાજય સરકારે કેટલી રકમની ફાળવણી કરી અને એમાંથી કેટલી રકમ વપરાઈ છે. અને બહારની કઈ કઈ એજન્સીઓએ, ગુજરાતની પોલીસ સિવાય, આપણે ત્યાં અદ્યતન એફ.એસ.એલ.નો લાભ લીધો છે?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા પાંચ વર્ષમાં કુલ મળીને ૫૦ કરોડ રૂપિયા ખર્ચવામાં આવ્યા છે. આ વર્ષે ૧૪ કરોડ ૫૦ લાખની જોગવાઈ કરવામાં આવેલ છે.ખર્ચનો સવાલ છે ત્યાંસુધી સો ટકા એચીવમેન્ટ છે.

### ધી ઈલેકટ્રીસીટી રેગ્યુલેટરી કમિશન એકટના અમલ અંગે

***૧૬૭૭ શ્રી મોહંમદ ફારૂક હુ. શેખ (કાલુપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે,

ધી ઈલેકટ્રીસીટી રેગ્યુલેટરી કમિશન એકટ ૧૯૯૮ અમલમાં આવ્યો તેમ છતાં તેના અમલ માટે ઈલેકટ્રીસીટી રેગ્યુલેટરી કમિશનમાં કાર્યવાહી ન થવાના કારણે નવા રીવાઈઝ રેટ કમિશને ૨૦૦૨માં મંજૂર કરવા પડયા આમ વપરાશકર્તાને આટલા સમય સુધી પ્રાઈવેટ કંપનીના આધારે છોડી દીધા તેના શાં કારણો છે?

**મુખ્ય મંત્રીશ્રી (ઉર્જા) :**

કમિશનની સ્થાપના નવેમ્બર ૧૯૯૮માં થઈ. વહીવટી અને કાયદાકીય પ્રક્રિયા અનુસરવાની હોવાથી આયોગે તા. ૨-૯-૨૦૦૨ના રોજ વીજ દરો અંગેનો હુકમ કરેલ. વધુમાં કાયદાકીય જોગવાઈ પ્રમાણે જયાં સુધી નવા દર આયોગ જાહેર ન કરે ત્યાં સુધી અગાઉના કાયદા નીચે મંજૂર થયેલા દરો અમલમાં રહે છે. અને તેમાં કોઈ વધારો કમિશનના હુકમ સિવાય થઈ શકે નહીં. આ સમયગાળા દરમિયાન કોઈ વીજ દરો વધારાયા ન હોઈ, વપરાશકારોને ખાનગી કંપનીના આધારે છોડી દેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી મોહંમદ ફારૂક હુ. શેખ** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે એકટની કલમ ૨૯ની પેટા કલમ ૪ અને ૬ મુજબ, કોઈપણ પરવાનેદાર કમિશનની મંજૂરી વગર ગ્રાહક પાસેથી નાણા લઈ શકતા નથી, તેમ છતાં ૧૯૯૮ થી ૨૦૦૨ સુધી ૧૩ લાખ ગ્રાહકો પાસેથી ઈલેકટ્રીસીટી કંપનીએ નાણાં લીધા છે તે પાછાં આપવા માગો છો કે કેમ?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી નાણાની વાત કરે છે કે ભાવ વધારાની વાત કરે છે? મારે સભ્યશ્રીને જાણ કરવી છે કે જી.ઈ.આર.સી.નની સ્થાપના કરવાનું નોટિફિકેશન ૧૨-૧૧-૧૯૯૮માં આપવામાં આવ્યું ત્યારથી જે દિવસે એ.ઈ.સી.નો ટેરીફ ઓર્ડર ૫-૯-૨૦૦૨ના રોજ ઈસ્યુ કરવામાં આવ્યો તે સમય દરમિયાનની અંદર કોઈ ભાવ વધારો કર્યો નથી, એટલે પાછા આપવાનો સવાલ આવતો નથી. બીજું કે જૂના કાયદા આધારે આ બિલિંગ થતું હતું અને એ બિલિંગના આધારે ગ્રાહકો પૈસા ચૂકવતા હતા.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું માનનીય મત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે આ રેગ્યુલેટરી કમિશનની સ્થાપના ૧૯૯૮ માં થયેલ, અને વીજ દર અંગેનો હુકમ ૫-૯-૨૦૦૨ એ થયો તો આની વચ્ચે જી.ઈ.આર.સી.એ શું કામગીરી બજાવી?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, રેગ્યુલેટરી કમિશનનું નોટિફિકેશન થયા પછી ચેરમેન અને મેમ્બરની નિમણૂક કરવામાં આવી જે ૧૯-૪-૯૯માં કરવામાં આવી હતી. આ કર્યા પછી કમિશને એના રેગ્યુલેશન તૈયાર કર્યા, એ તૈયાર કર્યા પછી એ લોકોએ સમયગાળામાં રૂલ્સ ફોર્મ કર્યા, અને તે પછી જે કંપનીઓ છે તેની અરજીઓ મંગાવી, એનાં કારણે ટેરીફ માટેની કંપનીઓ પાસેથી અરજીઓ આવી, ૧૮-૧૨-૨૦૦૦ની તારીખે એ.ઈ.સી.ની ટેરીફ એપ્લીકેશન આવી હતી. અને તે પછી એ લોકોએ રૂલ્સ પ્રમાણે છાપાઓમાં જાહેર ખબર આપવી પડે અને જેને કોઈ વાંધા હોય તે વાંધા, ઓબ્જેકશન અને સજેશન એ લોકો મોકલતા હોય છે એ સજેશનમાં ઘણો બધો સમય જતો હોય છે. તે દરમિયાન ચેરમેનનો રિટાયરમેન્ટનો સમય આવી ગયો, એટલે અમદાવાદ મ્યુનિસિપલ કોરપોરેશને હાઈકોર્ટમાં અપિલ કરી કે ચેરમેનની ગેરહાજરીમાં આ સુનાવણી થાય નહીં, એ હાઈકોર્ટમાં કેસ ૧૬-૪-૨૦૦૧ના રોજ ચાલી ગયો, પણ હારી ગયા અને અમદાવાદ મ્યુનિસિપલ કોરર્પોરેશને ફરીથી એલ.પી.એ. ફાઈલ કરી અને એમાં જજમેન્ટ આવ્યું કે નવા ચેરમેનની નિમણૂક થયા પછી જ આની સુનાવણી કરવામાં આવે. આ બધા સમયમાં ૬-૭-૨૦૦૧ ના રોજ નવા ચેરમનેનની એપોઈન્ટમેન્ટ થઈ, તે દરમિયાન જે વર્ષ બદલાયું એટલે ફરીથી એ.ઈ.સી.એ એના ભાવો માટે નવા ટેરીફ માટેની માગણી કરી એ આંકડા ફરીથી એ લોકોએ મુકયા અને એ કર્યા પછી બે મહિના કન્ટીન્યસુ હિયરીંગ ચાલ્યુ અને ૫-૯-૨૦૦૨ ના ટેરીફ ઓર્ડર ઈસ્યુ કરવામાં આવ્યા.

**શ્રી શૈલેષભાઈ પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે આયોગનો અમલ ૫-૯-૨૦૦૨ થી થયો, અમદાવાદ શહેરમાં ૧૩ લાખ કરતાં પણ વધારે ગ્રાહકો છે, તો ૨૦૦૨ માં યુનિટ દીઠ શું ભાવો હતા અને અત્યારે ૨૦૦૮ માં યુનિટ દીઠ શું ભાવો લેવામાં આવે છે તે હું જાણવા માગું છું.

**શ્રી સૌરભ પટેલ:** માનનીય અધ્યક્ષશ્રી, આ જાણકારી માટે જુદી નોટિસ આપવી પડશે.

**ધોલેરા બંદરના વિકાસની કામગીરી**

***૩૨૬૨ શ્રી ભગવાનભાઈ ધા. બારડ (તાલાળા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે-

(૧) નવી બંદર નીતિ અન્વયે ધોલેરા બંદરના વિકાસ માટે રાજય સરકારે કયા ખાનગી ક્ષેત્રને વિકાસ માટેની કામગીરી ક્યારે સોંપી, અને

(૨) તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ આ બંદરના વિકાસ માટે કયા કયા પ્રકારની કામગીરી હાથ ધરાઈ?

**મુખ્યમંત્રીશ્રી** (બંદરો)

(૧) નવી બંદર નીતિ અન્વયે ધોલેરા બંદરનો ખાનગી ક્ષેત્રે વિકાસ કરવા માટે જુલાઇ ૧૯૯૮માં કામગીરી સોંપવામાં આવેલ છે.

(૨) ધોલેરા બંદરના વિકાસ માટે મે. ધોલેરા પોર્ટ લિ. ને ગુજરાત મેરી ટાઇમ બોર્ડ દ્વારા ઈરાદાપત્ર આપવામાં આવેલ છે અને ડીટેઈલ પ્રોજેક્ટ રિપૉર્ટ મંજૂર કરેલ છે. ત્યારબાદ ગુજરાત સરકારના પ્રદૂષણ કન્ટ્રોલ બોર્ડ દ્વારા એન.ઓ.સી. આપવામાં આવતા કંપની દ્વારા સરકારને પર્યાવરણ સંબંધી મંજૂરી મેળવવા દરખાસ્ત કરવામાં આવેલ. કેન્દ્ર સરકારના વન અને પર્યાવરણ મંત્રાલય દ્વારા મંજૂર મળતાં વિકાસકાર દ્વારા જુદા જુદા અભ્યાસ જેવા કે જીઓ ટેકનિકલ સર્વે, સોઈલ ઈન્વેસ્ટીગેશન, ટોપોગ્રાફીક સર્વે, હાઈડ્રોલીક અને મેથેમેટીકલ મોડેલ સ્ટડી, ટ્રાફિક સર્વે અને નેવીગેશનલ શીમ્યુલેશન વગેરેની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

**શ્રી ભગવાનભાઈ ધા. બારડ** : માનનીય અધ્યક્ષશ્રી, ધોલેરા બંદરના વિકાસની કામગીરી અંગેનો મારો પ્રશ્ન છે, સારી વાત છે ધોલેરાનું પણ બંદર થાય. પ્રશ્નના જવાબમાં લખ્યું કે અલગ અલગ વિભાગની એન.ઓ.સી. લેવાની થાય છે એ આવી ગઈ છે. તો કેટલા સમયમાં આ બંદર તૈયાર કરવાનું સરકાર વિચારી રહી છે. બીજો મારો પ્રશ્ન એ છે કે નાના નાના બંદરો મારા વિસ્તારની વાત કરું તો હીરાકુંડ, ધામેજ, સુત્રાપાડા...

**અધ્યક્ષશ્રી** : આપ ધોલેરા બંદર પૂરતી જ વાત કરો.

**શ્રી ભગવાનભાઈ ધા. બારડ** : બંદરોની જ વાત હું કરી રહ્યો છું. ધોલેરા બંદર થાય એની સામે વાંધો નથી પરંતુ એની સાથે કોમર્શીયલ બંદરો તો થાય જ છે પરંતુ માછીમારી માટે નાની નાની જેટીઓ બનાવવાનું સરકાર વિચારે છે કે નહિ. જો સરકાર વિચારતી હોય તો એવી કોઈ દરખાસ્તો કેન્દ્ર સરકારમાં મોકલવામાં આવી છે કે નહિ એ મારે જાણવું છે.

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય સભ્યશ્રીએ પહેલો પ્રશ્ન એ કર્યો કે ધોલેરા બંદર કયાં સુધીમાં કાર્યરત થશે. આ બંદરનું સમગ્ર કામકાજ મે. ધોલેરા પોર્ટ લિમિટેડ દ્વારા કરવામાં આવી રહ્યું છે. એના માટે જે જુદા જુદા ફિઝિબિલિટી રિપૉર્ટ પાણી માટેનો traffic study, geo-technical investigations, hydraulic and mathematical study, topography study and navigational stimulation study પતી ગયા છે. બાકીનો અભ્યાસ છે એ માલ્કમ ચેનલની હાઈડ્રોલીક સ્ટડીની કામગીરી H.R.Wellinford, UK દ્વારા પ્રગતિમાં છે અને ત્રણ મહિનામાં પૂરું થવાની શકયતા છે. તેમજ ઊંડા પાણીમાં સોઈલ ઇન્વૅસ્ટીગેશન માટે વધુ છ મહિના લાગવાની શક્યતા છે. આમ વિવિધ પ્રકારની કાર્યવાહીઓ પૂરી થવાથી બંદરની જરૂરિયાત મુજબની એની ડિઝાઇન કરવાની કામગીરી હાથ ધરી શકાશે અને ત્યારબાદ એના માટે જરૂરી સમય લાગે તે મુજબ એની કામગીરી આગળ ચાલશે.

**શ્રી કાન્તિલાલ રા. લકુમ** : ધોલેરા પૉર્ટ માટેની કામગીરી જુલાઇ, ૧૯૯૮માં સોંપી તેને ૧૦ વર્ષ જેટલો સમય થયો છતાંય આ બંદરના વિકાસ માટેની નક્કર કામગીરી દેખાતી નથી એનું કારણ શું? બીજો પ્રશ્ન એ છે કે બંદરના પર્યાવરણ સંબંધી મંજૂરી માટેની દરખાસ્ત ક્યારે મોકલી અને ક્યારે એની મંજૂરી મળી?

**શ્રી જયનારાયણ વ્યાસ** : આ પ્રકારના પ્રોજેક્ટ માટે વિવિધ પ્રકારની મંજૂરીઓ માટે સમય લાગતો હોય છે. જે અત્યારે વિકાસકાર છે એમણે માનનીય સભ્યશ્રીની વાત સાચી છે. ૧૬-૪-૯૮ એ દરખાસ્ત કરી હતી, ૨૭-૪-૯૮ બોર્ડની મિટિંગમાં મંજૂરી મળી. ૧૧-૭-૯૮એ સરકારશ્રીની સૈદ્ધાંતિક મંજૂરી મળી. ત્યારબાદ ૧૬-૯-૯૮એ ધોલેરા પોર્ટ લિમિટેડને બોર્ડ દ્વારા ઈરાદા પત્ર પાઠવવામાં આવ્યું એ પછી ૨૬-૮-૨૦૦૦ ગુજરાત મેરી ટાઈમ બોર્ડ દ્વારા પૂર્ણ રિપોર્ટ તૈયાર કરવામાં આવ્યો. આટલો સમય કેમ લાગ્યો આ પ્રક્રિયામાં એમાં મુખ્ય સમય ગયો છે. કેન્દ્ર સરકાર પાસેથી પર્યાવરણ અંગેની મંજૂરી મેળવવામાં થાય છે. મંજૂરી મેળવવા માટે ઘણો મોટો સમય લાગ્યો છે. ૧૬-૧-૨૦૦૨ના રોજ કંપનીએ કેન્દ્ર સરકારના વન અને પર્યાવરણ વિભાગને Environmental Clearance મેળવવા માટેના દસ્તાવેજો રજૂ કર્યા હતા. ત્યારપછી વિવિધ તબક્કે બોર્ડ દ્વારા કેન્દ્ર સરકારના મંત્રાલયને Environmental Clearance આપવા માટે વિનંતી કરવામાં આવેલી. ત્યારબાદ ૨૩-૨-૨૦૦૬ના રોજ મુખ્ય સચિવશ્રી દ્વારા પર્યાવરણ મંત્રાલયને Environmental Clearance માટે પત્ર પાઠવવામાં આવેલો. ૧૮-૪-૨૦૦૬ એટલે કે પાંચ વર્ષ બાદ કેન્દ્ર સરકારના પર્યાવરણ મંત્રાલયની મંજૂરી મળી. એટલે સભ્યશ્રીએ વાત કરી કે વિલંબ થયો છે એમાં પાંચ વર્ષનો ગાળો પર્યાવરણની મંજૂરી માટે લાગ્યો છે એ સમગ્ર બાબત કેન્દ્ર સરકારને આધીન છે. એની પ્રક્રિયામાં આટલો લાંબો સમય લાગ્યો છે એના કારણે સમગ્ર પ્રોજેક્ટ કામગીરીમાં આગળ ધપી શક્યો નથી.

**શ્રી ભગવાનભાઈ ધા. બારડ** : મેં પ્રશ્ન કર્યો છે એ નાના બંદરો માછીમારીના છે એમની કોઈ દરખાસ્તો કેન્દ્ર સરકારમાં રાજય સરકારે મોકલી છે નહિ એ મારે જાણવું છે.

**અધ્યક્ષશ્રી** : આ પ્રશ્ન આમાંથી ઉપસ્થિત થતો નથી. આ ફક્ત ધોલેરા બંદર પૂરતી વાત છે. નેકસ્ટ.

**ભરૂચ જિલ્લામાં તત્કાળ વીજ જોડાણ યોજના હેઠળ મળેલ અરજીઓ**

***૨૯૩૩ શ્રી કિરણકુમાર એલ. મકવાણા (જંબુસર)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે-

૧. તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભરૂચ જિલ્લામાં તત્કાલ વીજ જોડાણ માટેની કુલ કેટલી અરજીઓ તાલુકાવાર આવી,

૨. આ પૈકી કેટલાને ખેતીવિષયક વીજ જોડાણ આપવામાં આવ્યા, અને

૩. બાકીનાને ક્યારે જોડાણો આપવામાં આવશે?

**મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) :

(૧), (૨) અને (૩) તા. તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભરૂચ જિલ્લામાં તત્કાલ યોજના જાહેર થયેલ ન હોઈ આ યોજનામાં ભરૂચ જિલ્લામાં અરજીઓ આવવાનો અને વીજજોડાણો આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી કિરણકુમાર એલ. મકવાણા** : માનનીય અધ્યક્ષશ્રી, તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં તત્કાલ વીજજોડાણ માટેની કુલ કેટલી અરજીઓ આવી તેના જવાબમાં એવું લખેલ છે કે આ યોજના જાહેર થઈ નથી. તો જેમણે આ તત્કાલ યોજના પાછળ પૈસા ભરેલ છે તેને પૈસા પરત આપવા માગો છો કે કેમ? કે પછી કનૅક્શન આપવા માગો છો કે કેમ?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, જવાબમાં છેલ્લા એક વર્ષમાં ભરૂચ જિલ્લામાં તત્કાલ વીજ જોડાણો માટેની કોઈ અરજીઓ લીધેલ નથી. એટલે જવાબ બહુ સ્પષ્ટ છે. પૈસા કોઈ લીધા નથી. સભ્યશ્રીને એટલી માહિતી આપવી છે કે આજની તારીખમાં કોઈ પડતર અરજીઓ બાકી નથી. જેટલા લોકોએ એસ્ટીમેટ ભર્યા છે એ બધાને તત્કાલ યોજનામાં અપાવી દીધા છે.

**શ્રી ઈકબાલ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી આપના મારફત જાણવા માગું છું કે ભરૂચ જિલ્લામાં હાલમાં વિવિધ યોજનાઓ હેઠળની વીજજોડાણો મેળવવાની કેટલી અરજીઓ પેન્ડીંગ છે અને આ વીજજોડાણો આપવા કેવા પ્રકારનું આયોજન સરકાર કરવા માગે છે અને બીજો પ્રશ્ન એ છે કે ડાર્કઝોન હેઠળની નીતિને કારણે ભરૂચ જિલ્લામાં વીજ જોડાણો આપવામાં આવતાં નથી. એ જ તાલુકાઓમાં બીજાં વીજ જોડાણો અત્યારે ચાલે છે અને કૂવાઓ પણ ચાલુ છે. તો આ બાબતે સરકાર ફેરવિચારણા કરવા માગે છે કે કેમ?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્ન માત્ર ભરૂચ જિલ્લાના છેલ્લા એક વર્ષનો છે. બીજી યોજનાઓ માટે તેમને માહિતી જોઈતી હોય તો બીજી નોટિસ આપવી પડશે.

**શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ** :માનનીય અધ્યક્ષશ્રી, ભરૂચ જિલ્લામાં જે તત્કાલ યોજના આવી તેમાં કેટલી અરજીઓ નોંધાઈ અને કેટલાને વીજ કનેકશનો મળ્યા?

**શ્રી સૌરભ પટેલ** : છેલ્લે તત્કાલની જે અરજીઓ આવી હતી તેમાં ૮૧૮ અરજીઓ આવી હતી. તેમાંથી ૫૯૬ અરજીઓને કનૅક્શન આપી દીધાં છે અને ૨૨૨ અરજીઓ રદ થઈ છે એટલે આજની તારીખમાં કોઈ અરજીઓ પેન્ડીંગ નથી.

**કચ્છ જિલ્લામાં પવન ચક્કી દ્વારા વીજ ઉત્પાદન**

***૨૯૧૩ શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે-

૧. કચ્છ જિલ્લામાં પવન ચક્કી દ્વારા વીજ પરંપરાગત સ્ત્રોત્ર મારફતે ઉત્પન્ન થતી વીજ રાજયની પાવર ગ્રીડમાં લેવા તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ ગુજરાત વિદ્યુત બોર્ડ કે તેની સંલગ્ન કંપની દ્વારા કયા કયા સ્થળે નવી વીજરેષાઓનું કેટકેટલું ખર્ચ કરવાનું આયોજન છે અને કેટલા મેગાવોટ વીજપ્રવાહ લઈ જવાનો અંદાજ છે અને

૨. કચ્છ જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં પવન ચક્કી દ્વારા સ્થાપિત શકિત સામે કેટલું ઉત્પાદન રાજયની પાવર ગ્રીડમાં લેવામાં આવ્યું અને યુનિટ દીઠ કેટલી ચૂકવણી વર્ષવાર કરવામાં આવી?

**મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) :

૧. ગુજરાત ઉર્જા વિકાસ નિગમની સંલગ્ન કંપની ગુજરાત એનર્જી ટ્રાન્સમીશન કૉર્પોરેશન લિમિટેડ દ્વારા નીચે દર્શાવેલ સ્થળોએ નવી વીજરેષાઓનું અંદાજીત ખર્ચ તથા વીજ પ્રવાહ લઈ જવાનો અંદાજ નીચે દર્શાવ્યા મુજબ છે.

| ક્રમ | સ્થળ | આયોજન મુજબનું અંદાજીત ખર્ચ (રૂા. લાખમાં) | અંદાજીત લઈ જવાનાર વીજ પ્રવાહ (મે.વો.) |
|---|---|---|---|
| ૧ | મોટી સીધોડી | ૫૨૭૩.૦૦ | ૨૫૦ |
| ૨ | સુથડી | ૪૩૪૩.૭૫ | ૨૫૦ |
| ૩ | જાંગી | ૪૩૯.૮૭ | ૧૦૦ |
| ૪ | મોટે લૈજા | ૩૭૬.૯૩ | ૫૦ |
| ૫ | શીકારપુર | ૧૦૭૩.૧૪ | ૧૦૪.૫ |
| ૬ | ચાંદ્રોડી | ૯૬૫.૮૩ | ૧૦૦ |
| ૭ | ચાંગદાઈ | ૧૬૩.૧૪ | ૧૮ |
| ૮ | વાંધીયા | ૧૮૩૪.૬૫ | ૧૫૦ |

૨. છેલ્લા ત્રણ વર્ષમાં નીચે મુજબની યુનિટ દીઠ વીજ ખરીદી અને ચૂકવણી કરવામાં આવી.

| વર્ષ | સ્થાપિત ક્ષમતા | વીજ ખરીદી (મી. યુનિટમાં) | ભાવ | રકમ(રૂા. કરોડમાં) |
|---|---|---|---|---|
| ૨૦૦૫ | ૧૪ | ૬.૩ | ૨.૪૯ | ૧.૫૭ |
| ૨૦૦૬ | ૮૭ | ૪.૮ | ૨.૫૮ | ૧.૨૪ |
| ૨૦૦૭ | ૩૬૯ | ૧૫૦.૯ | ૩.૩૧ | ૪૯.૯૭ |

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, આ પવન ચક્કી મારફત વીજ ઉત્પાદન એક આવકારદાયક બાબત છે. પણ તેની જે વીજરેષાનો ખર્ચ કરવાનું છે એ કોણ કરી રહ્યું છે? મારા સવાલો ઉપરથી ફલિત થાય છે કે ગુજરાત વીજ નિગમ કે તેને સંલગ્ન કંપનીઓ કરી રહી છે તો આ જે પાવર પર્ચેઝ એગ્રીમૅન્ટ તેમની સાથેના થયા હોય તો એ પ્રમાણે શરૂઆતના વર્ષોમાં ૨.૪૯ પૈસાનો ભાવ અને છેલ્લે ૨૦૦૭માં ૩.૩૧ પૈસાનો ભાવ આ પવનચક્કીવાળાઓને ચૂકવવામાં આવેલ છે. તેની અંદર આ વીજરેષા માટેનું ઈન્વેસ્ટમેન્ટ છે તેના ઉપર કેપીટલ ઈન્વેસ્ટમેન્ટમાં વ્યાજખર્ચ વગેરે ગણી લેવામાં આવેલું છે કે કેમ?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ જે ખર્ચ અત્યારે જવાબમાં પત્રકમાં આપ્યો છે, એ સંપૂર્ણપણે Winn-mill developer ખર્ચ કરતો હોય છે. Evacuation of power જે પુલીંગ સબસ્ટેશનથી GETCO સબસ્ટેશનનો જે ખર્ચ થતો હોય એ ડેવલપર ખર્ચ કરતો હોય છે અને તેની અંદર જે કામગીરી થતી હોય છે એ કામગીરીનું સંપૂર્ણપણે સુપરવીઝન GETCO કંપની કરતી હોય છે અને આ જેટકો કંપની જૂએ છે કે પોતાના નોર્મ્સ પ્રમાણે કામ થઈ રહ્યું છે. જેટકો કંપની જૂએ છે અને એના પ્રમાણે એ લોકો પાસેથી આ કામનો ૭.૫૦ ટકા ચાર્જ લે છે કે સુપરવીઝન અને બધું એ પ્રમાણે નિયમ પ્રમાણે થાય છે કે નહીં. જે પ્રમાણે સભ્યશ્રીએ માહિતી માગી કે ત્રણેના ભાવ કેમ જુદા છે કારણ કે ત્રણે જુદી જુદી પૉલિસી હેઠળ ખરીદી કરવામાં આવી હતી. આજની તારીખમાં ૧૯૯૩ની વીન્ડ એનર્જી પૉલિસી હતી જે ૧.૭૫ પૈસા હતી. ૨૦૦૨ની પૉલિસી હતી ૨.૬૦ પૈસા હતી. with an increase of ૫ paise per unit every year અને જે ૨૦૦૭ની પૉલિસી છે એ ૩.૩૭ પૈસા પર યુનિટ નક્કી કરવામાં આવ્યું છેજે નક્કી કરવામાં આવ્યું છે. એટલે જે છેલ્લા વર્ષમાં વધારે દેખાય છે એ નવી વિન્ડ એનર્જી નીતિને કારણે આપણે વધારે પી.પી.એ. એરેન્જમેન્ટ સાઈન કર્યું છે એના કારણે આ ડિફરન્સ દેખાય છે.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, લંકામાં સોનું સસ્તુ મળતું હોય તો આ મોંઘુ પડે એવો તાલ છે.

**અધ્યક્ષશ્રી** : શ્રી બાબુભાઈ, કોઈપણ જાતની કોમેન્ટ વગર આગળ વધો.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, આ વીજ રેસાઓ માટેનો ખર્ચ છે એ મોટી સીધોડી માટે ૫૨ કરોડ રૂપિયાનો અને એમાં ૨૫૦ મેગાવોટ વીજળી આપણે પરિવહન કરવાના છીએ. એની સામે વાંધીયાની અંદર ૧૫૦ મેગાવોટ વીજળી પરિવહન કરવા માટે ૧૮ કરોડ રૂપિયાનો ખર્ચ થાય છે તો જ્યાં મજરે લેવા માટેની કોઈ ગણતરી રાખેલ છે કે કેમ? કારણ કે, આપણે આખરે તો વીજળી લાવીને આપણા ખર્ચે લઈ જવાના છીએ વીજ રેસાઓની અંદર અને ત્યારે એના ઉપરનું કેપિટલ ઈન્વેસ્ટમેન્ટ થાય એના ઉપરના વ્યાજનું શું છે? એ આપણે ભોગવવાનું છે? આપણે એમને કોઈ ઈન્સેન્ટીવ આપવાના કોઈ કારણો નથી. એમને તો પોતાની રીતે(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : આપ પ્રશ્ન ઉપર આવો.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, પવન ચક્કી નાખી હોય ત્યારે આવી કોઈ શરતો કે સગવડોની વ્યવસ્થા કરવામાં આવી હોય તો એની વિગતો માનનીય મંત્રીશ્રી આપે એટલું આપના મારફત કહેવાનું છે.

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ કહ્યું કે, મોટી સીધોડીમાં ૨૫૦ મેગાવોટનો ખર્ચ વધારે અને વાંધીયામાં ૧૫૦ મેગાવોટનો ખર્ચ ઓછો. મારે સભ્યશ્રીને એટલું જ કહેવું છે કે, જગ્યા વિન્ડની વેલોસીટી ઉપર નક્કી થાય છે. રાજય સરકાર નક્કી કરતી નથી. એ લોકોને જ્યાં સારામાં સારું પ્લાન્ટ લોડ ફેકટર આવે તે પ્રમાણે જગ્યા નક્કી કરે. તે જગ્યાએથી મેઈન કનેકટીવીટી અને જેટકોની કનેકટીવીટી દૂર હોય તો ખર્ચ વધારે અને નજીક હોય તો ખર્ચ ઓછો. પેલું ૮૪ કિ.મી. છે અને આ ૨૫ કિ.મી. છે એટલે બેમાં ફરક છે. ત્રીજું ૩.૩૭ પૈસાનો રેગ્યુલેટરે ભાવ નક્કી કર્યો છે. એનો એની અંદર સમાવેશ છે. એટલે જો નજીકથી આવતું હોય તો burden of tariff નો ડેવલપર પર ઓછો બોજો પડે અને એ દૂરથી આવતું હોય તો ડેવલપર પર વધુ બોજો પડે. જે ટૅરિફ રેગ્યુલેટરે નક્કી કરેલા છે એ સંપૂર્ણપણે જેટકોના base bar સુધી લાવવાનો છે.

**પોલીસદળમાં કરવામાં આવેલ ભરતી**

***૩૦૨૧ શ્રી કમાભાઈ ગ. રાઠોડ (વિરમગામ)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા.૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં પોલીસ દળને અસરકારક બનાવવા માટે રાજય સરકારે જુદા જુદા સંવર્ગોમાં ભરતી કરેલ છે કે કેમ? અને

(૨) જો, હા, તો કઈ કઈ સંવર્ગમાં કેટલા કર્મચારીઓની ભરતી કરેલ છે?

**મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** :

(૧) હા, જી.

(૨)

| સંવર્ગ | ૨૦૦૫ | ૨૦૦૬ | ૨૦૦૭ |
|---|---|---|---|
| નાયબ પોલીસ અધિક્ષક (હથિયારી) | -- | ૧૪ | ૧ |
| નાયબ પોલીસ અધિક્ષક (બિન-હથિયારી) | ૪૭ | ૪૨ | ૧ |
| પોલીસ સબ ઈન્સ્પેકટર (બિન- હથિયારી) | - | ૧૯૧ | ૩૯૬ |
| લોકરક્ષક | - | ૨૯૯૯ | ૧ |

વધુમાં, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળે લોકરક્ષક (એસ.આર.પી.)ની કુલ ૩૫૫૪ ઉમેદવારોની પસંદગી યાદી તૈયાર કરી મોકલી આપેલ છે અને લોકરક્ષક (પોલીસ)ની કુલ ૭૩૮૨ જગ્યાઓની ભરતી પ્રક્રિયા મંડળ ખાતે ચાલી રહેલ છે.

**શ્રી કમાભાઈ ગ. રાઠોડ** :માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રીને પ્રશ્ન પૂછું એ પહેલાં એક યુવાન ધારાસભ્ય છું એટલે યુવાનોને છેલ્લા ૩ વર્ષમાં ગૃહ ખાતામાં રોજગારી આપી તે બદલ ગુજરાત રાજયના મુખ્યમંત્રીશ્રી અને ગૃહમંત્રીશ્રીને અભિનંદન આપું છું. મારો પ્રશ્ન એ છે કે, રાજયમાં પોલીસ કર્મચારીઓની સંવર્ગવાર ભરાયેલ મહેકમ, ખાલી મહેકમ અને મંજૂર થયેલ મહેકમની સંખ્યા તા.૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ કેટલી છે? છેલ્લા ૬ વર્ષમાં થયેલ ભરતીની સંખ્યા, ચાલુ વર્ષે મંજૂરી મળી હોય તો તેની સંખ્યા અને કુલ સંખ્યાની માહિતી માનનીય મંત્રીશ્રી આપશે?(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : નહીં, ત્રણ વર્ષની મર્યાદામાં.

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ સંવર્ગવાર તા.૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ મહેકમની માહિતી માગી છે. એમાં પોલીસ મહા નિર્દેશકની ૪ જગ્યાની મંજૂરી છે એમાંથી ૨ ભરાયેલ છે અને ૨ ખાલી છે. અધિક પોલીસ મહા નિર્દેશકની ૧૭માંથી ૧૨ ભરાયેલ છે. પોલીસ નિરિક્ષકની ૩૫માંથી ૨૮, નાયબ પોલીસ નિરિક્ષકની ૧૮માંથી ૧૫, પોલીસ અધિક્ષકની ૮૪માંથી ૫૬, હથિયારી નાયબ પોલીસ અધિક્ષકની ૫૭માંથી ૩૨, બિન હથિયારી નાયબ પોલીસ અધિક્ષકની ૨૧૭માંથી ૧૩૦, હથિયારી પોલીસ ઈન્સ્પેકટરની ૧૨૨માંથી ૭૯, વાયરલેસ પોલીસ ઈન્સ્પેકટરની ૨૮માંથી ૫, મહિલા પોલીસ ઈન્સ્પેકટરની ૧૧માંથી ૬, આર્મ પોલીસ સબ ઈન્સ્પેકટરની ૨૭૭૬માંથી ૧૫૬૨, અનાર્મની ૭૧૦૫માંથી ૬૬૭૨, અનાર્મ હેડ કોન્સ્ટેબલની ૯૮૬૨માંથી ૫૧૭૦, અનાર્મ પોલીસ કોન્સ્ટેબલની ૩૦૧૯૩માંથી ૨૪૧૫૬, વુમન એ.એસ.આઈ.ની ૨૨૮માંથી ૧૭૪, વુમન હેડ કોન્સ્ટેબલની ૩૪૨માંથી ૨૪૯, વુમન પોલીસ કોન્સ્ટેબલની ૧૪૬૯માંથી ૧૦૬૪ અને લોકરક્ષક મહિલા સહિત કુલ ૫૨૩૭માંથી ૩૦૭૪ જગ્યાઓ ભરાયેલી છે અને તમે રોકો નહીં એટલા માટે ભરતીનું સંવર્ગવાર નથી આપતો સરવાળો આપુ છું. ૨૦૦૨ થી ૨૦૦૭ સુધીમાં કારણ કે સંવર્ગવાર આપીશ તો પાછું બીજું એક પાનું વાંચવાનું થાય એટલે ૨૦૦૨ થી ૨૦૦૭ સુધીમાં કુલ ભરતી પૂરી થઈ હોય, તાલીમ પૂરી થઈ હોય એવા ૩૬૫૫ ભરતીની પ્રક્રિયા એડવર્ટાઈઝ શારીરિક ઈન્ટરવ્યુ લેખિત ઈન્ટરવ્યુ અને ટ્રેઈનીંગ તબક્કે બાકી હોય એવા ૧૧૧૮૩ અને ભરતીની મંજૂરી હોય અને પ્રક્રિયા ચાલુ થવાની બાકી હોય એવા ૧૩૪૬ આમ કુલ ૧૬૧૮૪ લોકોની ભરતી આ વિભાગ દ્વારા શરૂ કરવામાં આવી છે.

**શ્રી આત્મારામ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા ૩ વર્ષમાં ૨૦૦૫, ૨૦૦૬ અને ૨૦૦૭માં સરકારે જૂદા સંવર્ગમાં જે અધિકારીઓની નિમણૂક કરી છે. આ જે નિમણૂકો છે એનાથી સરકાર પર કેટલો આર્થિક બોજો પડયો છે એ મારે જાણવું છે.

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, નવો કોઈ આર્થિક બોજો પડતો નથી. કારણ કે કોઈ નવી જગ્યા ઉભી કરી નથી. આ ખાલી જગ્યાઓની જ ભરતી કરી છે એટલે કોઈ નવો બોજો પડવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જે આંકડાઓ આપ્યા એમાં ડી.વાય.એસ.પી. થી લઈને કોન્સ્ટેબલ સુધીની અનેક જગ્યાઓ ખાલી છે. આ ભરવાની જવાબદારી હોય છે. મંજૂર થયેલા સંવર્ગમાં છે તો આ બધી જગ્યાઓ ક્યારે કોઈ સમયબદ્ધ રીતે કેટલા સમયમાં આપ ભરવા માગો છો?

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, કુલ જગ્યાઓ ૧૨હજાર ખાલી છે એમાંથી મેં કહ્યું એ પ્રમાણે ૧૧૧૮૩ ભરવાની પ્રક્રિયા ચાલુ છે અને ભરવાની પ્રક્રિયામાં વધુમાં વધુ દોઢ વર્ષનો સમય થતો હોય છે એટલે દોઢ વર્ષમાં ૧૨હજાર માંથી ૧૧૧૮૩ જગ્યાઓ ભરાઈ જાય એટલે લગભગ ૧૦૦ ટકા ભરતી પૂરી થાય એવી સ્થિતિ છે.

**શ્રી મફતલાલ મો. પુરોહિત** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે પોલીસ તંત્રની જુદી જુદી જગ્યાઓ ઉભી કરવા માટેના ધોરણો શું છે તે પ્રમાણે કેટલી જગ્યાઓ હોવી જોઈએ, હાલમાં કેટલી જગ્યાઓ છે અને કેટલી જગ્યાની ઘટ છે?

**અધ્યક્ષશ્રી** : વિગતો આપી હોય તો પુનરાવર્તન ના કરશો.

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, આમ તો બીજા પાર્ટના જવાબની વિગતો આવી ગઈ છે જે પહેલો ભાગ છે કે ધોરણો શું છે એટલે કેટલી જગ્યા ખાલી છે અને કેટલી જગ્યા ભરાઈ છે એની તો વિગતો મેં આપી દીધી છે પરંતુ ધોરણોનો જેમ સવાલ છે ત્યાં સુધી વસ્તી જેમ વધે ગુનાઓનું પ્રમાણ કોઈ એરિયામાં વધે તો નવા પોલીસ સ્ટેશનોની રચના થાય, એસ.ઓ.જી.જેવા નવા યુનિટો શરૂ થાય, ક્રાઈમ બ્રાંચનું સુદ્રઢીકરણ કરવામાં આવે આવી જુદી જુદી પ્રક્રિયાની અંદર નવી જગ્યા ઉભી કરવામાં આવતી હોય છે. મંજૂર મહેકમમાં એ ઉમેરીને ભરતીની પ્રક્રિયા કરવામાં આવતી હોય છે અને કેટલી જગ્યા ખાલી છે અને કેટલી જગ્યા ભરાયેલી છે એનો આકડો મેં અગાઉ આપી દીધો છે.

**શ્રી બાવકુભાઈ ના. ઉંઘાડ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કે ૨૦૦૭માં નાયબ પોલીસ અધીક્ષકની એક જગ્યા નાયબ પોલીસ અધીક્ષક હથિયારી અને બિન હથિયારીની બંનેની એક એક જગ્યા અને લોકરક્ષકની એક જગ્યા તો માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગું છું કે ૨૦૦૭માં આ એક એક જ ભરતી કરવાના કાણો શું છે? :ઉમેદવાર નહોતા કે ફક્ત આ વર્ષમાં એક એક જગ્યા જ મંજૂર થઈ હતી એના કારણો શું છે એ હું જાણવા માગું છું?

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, એક કોર્ટ કેસ ચાલતો હતો એનો ચુકાદો આવતાં એ નિમણૂક થઈ છે અને એના લીધે પર્ટીકયુલર એક નિમણૂક કોઈ વિવાદના લીધે એ જગ્યા બાકી રહેલી હતી અને ઈન્ટરવ્યુમાંથી જ ભરેલી છે.

## વીજ ચોરીના કેસમાં કલમ ફેર થવા અંગે

***૩૨૬૫ શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા:૩૧-૧૨-૦૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજયમાં પી.જી.વી.સી.એલના વીજ ગ્રાહકો સામે કલમ ૧૩૫ નીચે થયેલા વીજ ચોરીના કેસને કલમ ૧૨૬ નીચે ફેરવવાના કિસ્સા સરકારના ધ્યાને છે કે કેમ, અને

(૨) જો હા, તો તેવા કયા સબ ડિવિઝનમાં કેટલા કિસ્સા બનવા પામેલ છે?

**મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) :

(૧) અને (૨)

તારીખ:૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજયમાં પી.જી.વી.સી.એલ.ના તાબા હેઠળ આવતી કોઈ વર્તુળ કચેરી હેઠળ કલમ ૧૩૫ નીચે થયેલા વીજ ચોરીના કેસને કલમ ૧૨૬ નીચે ફેરવવાનો કોઈ કિસ્સો બનેલ નથી.

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્નનો જવાબ આપ્યો છે એમાં મને થોડુંક જે મારી જાણ મુજબ ક્ષતિ છે, મેં માહિતી અધિકારના કાયદા નીચે માહિતી માગી હતી એમાં એક ગોંડલનો અને બે બોટાદના આવા ત્રણ કિસ્સાઓ અમારા ધ્યાનમાં આવેલા.તો ખરેખર શું હકીકત છે એ જાણવા માગું છું. બીજું કે સામાન્ય રીતે ૧૩૫ ની કલમ નીચે જ્યારે ખેડૂત ઉપર કેસ થતો હોય છે એ વખતે જે પોલીસ કેસ થાય છે એના કારણે એ પોલીસ સ્ટેશન જિલ્લા મથકે હોય છે. ખેડૂતને જિલ્લા મથકે બોલાવવામાં આવે છે અને ત્યાં ખૂબ હેરાનગતિ કરવામાં આવે છે. તો આ જે પોલીસ કેસ થાય એનો તાલુકા મથકે પોલીસ કેસ થાય અને કાર્યવાહી થાય એવું કરવા માગો છો કે કેમ? જેના ઉપર ૧૩૫ કલમ નીચે કેસ થાય એમાં જે કમ્પાઉન્ડીંગ ચાર્જ એક હોર્સ પાવર દીઠ એક હજાર લેવામાં આવે છે એમાં કોઈ રાહત આપવા માગો છો કે કેમ?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય સભ્યશ્રીએ જે પહેલો સવાલ પૂછ્યો એમાં ૧૩૫ અને ૧૨૬ની જે વાત કરી એ છેલ્લા એક વર્ષમાં કોઈ કેસ બન્યો નથી. જે એમણે ગોંડલની વાત કરી હતી એ કેસ બન્યો હતો પણ એ એક વર્ષ પહેલા બન્યો હતો અને જે અધિકારીએ આ કર્યું હતું એની ઈન્કવાયરી ચાલુ છે અને આવતા દિવસોમાં યોગ્ય નિર્ણય લેવામાં આવશે. બીજી કમ્પાઉન્ડીંગ ચાર્જ લેવા અંગેની વાત કરી. રાજ્ય સરકારે છેલ્લા વર્ષમાં ઘણો સુધારો કર્યો છે. તા. ૧૪-૧૨-૦૬માં આ સુધારા કરવામાં આવ્યા હતા. એમાં જોવા જઈએ તો આ ૧૩૫મી કલમ અને ૧૨૬મી કલમ એ ઈલેક્ટ્રિસિટી એક્ટ ૨૦૦૩ની રૂએ કેન્દ્ર સરકારે જે નિર્ણય લીધો એના અનુસંધાને આ કાયદા હેઠળ કામગીરી કરવામાં આવે છે. જ્યારે કેન્દ્ર સરકારે આ નિર્ણય લીધો ત્યારથી એની અંદર આપણને જે સગવડ આપી હતી એ સગવડના કારણે આપણે મોડી અમલવારી કરી. તા. ૧૦-૧૨-૦૪ના રોજ કરી. આપણે ૧૮ મહિના સુધી રાહ જોઈ અને જૂના કાયદા પ્રમાણે કામગીરી કરી. પછી આપણી પાસે કોઈ સત્તા ન હતી એટલે કેન્દ્રના કાયદા પ્રમાણે ૧૩૫ કલમ લગાડવી પડી. એ કલમ લગાડીને પછી જોયું કે કમ્પાઉન્ડીંગ ચાર્જ ઘટાડવાની ખૂબ જરૂર છે. આપણે રેગ્યુલેટરી કમિશનને આ અંગે રજૂઆત કરી અને ત્યાર પછી એમાં ખૂબ ઘટાડો કર્યો છે. તા. ૧૪-૧૨-૦૬માં ઉદ્યોગોમાં એચ.પી. દીઠ ૨૦ હજાર હતા એમાં ૨૫ એચ.પી.ના ૨ હજાર કરવામાં આવ્યા છે. ૨૫ થી ૫૦ એચ.પી. સુધીના ૪ હજાર અને ૫૦ એચ.પી. ઉપરના ૮ હજાર કરવામાં આવ્યા છે. કોમર્શિયલ સર્વિસીસમાં પ્રતિ કિલોવોટનો ભાવ ૧૦ હજાર હતો એમાં ૫ કિલોવોટ સુધી માટે ૧૦૦૦ કર્યા, ૫ થી ૧૦ કિલોવોટના ૨૦૦૦ કર્યા અને ૧૦ કિલોવોટથી વધારે માટે ૫૦૦૦ કર્યા છે. એવી જ રીતે એગ્રીકલ્ચરની અંદર પ્રતિ હોર્સ પાવર ૨૦૦૦ રૂપિયા હતા, આપણે પ્રતિ હોર્સ પાવર ૧૦૦૦ કર્યા. ૨૦ હોર્સ પાવરથી વધારેમાં ૨૦ હજાર વત્તા ૫૦૦ અને વધારેમાં વધારે ૩૫ હજારથી વધારે ખેડૂત પાસેથી લેવાય નહીં એ પ્રમાણે વ્યવસ્થા ગોઠવી. એટલે આનાથી ખૂબ મોટો લાભ થયો. ૧૩૫ ની કલમ નીચે જે કનેકશનો આવ્યા હતા એની અંદર સારા એવા કનેકશનો કમ્પાઉન્ડીંગ થયા અને એની અંદર પોલીસના કેસમાંથી એ લોકો બહાર નીકળી ગયા.

**શ્રી મોહનભાઈ ક. કુંડારિયા** : માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કે કોઈપણ ૧૩૫ કલમ મુજબ કેસ થાય અને કેસ થયા પછી પાર્ટી પૈસા ભરી દે ત્યાર પછી ધરપકડ નિવારવા માટે કંઈ કરવા માગો છો કે કેમ?

**શ્રી સૌરભ પટેલ** : કમ્પાઉન્ડીંગ થાય એટલે કેસમાંથી બહાર નીકળી જાય છે. પછી કોઈ ગિરફતારીનો સવાલ આવતો નથી.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય મંત્રીશ્રીએ માહિતીમાં જણાવ્યું છે કે બે પ્રકારે કસ્ટમર ઉપર પગલાં લઈ શકાય છે. ૧૩૫ અને ૧૨૬ કલમ મુજબ પગલાં લઈ શકાય છે ત્યારે હું પૂછવા માગું છું કે સામાન્ય ગ્રાહકો માટે તો આ કલમ મુજબ કાર્યવાહી થાય છે. પરંતુ એક મોટા ગ્રાહક છે સુરતમાં એસ્સાર કંપનીએ ચોરી કરી છે એમાં કઈ કલમ હેઠળ એની સામે પગલાં લેવાયાં છે? એની વસૂલાતની કાર્યવાહી ક્યાં સુધીમાં કરવા માગો છો અને એમની કુલ રકમ કેટલી છે?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય સભ્યશ્રી જે મોટા ઉદ્યોગની વાત કરે છે એ ચોરી કરતા હતા કે નહોતા કરતા એ હજુ સાબિત નથી થયું. પણ એની શોધ છે ને એ આ સરકારે કરી છે. વર્ષોથી કોંગ્રેસની સરકારમાં ચાલતું હતું, એ શોધ છેને ભારતીય જનતા પાર્ટીની સરકારે કરી છે. (અંતરાય)

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : આ કલમો હેઠળ એમની સામે શું પગલાં લેવાય છે? કુલ એમાઉન્ટ કેટલી છે અને વસૂલાત કરવા માગે છે કે કેમ?

**શ્રી સૌરભ પટેલ** : કંપની જુદી છે, બીજી નોટિસ આપજો.

**અધ્યક્ષશ્રી** : એમણે જવાબ આપ્યો છે એ જવાબ ઉપર કાર્યવાહી કરવી હોય એ નિયમ પ્રમાણે થઈ શકે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : મારા એકેય પ્રશ્નનો જવાબ નથી આપ્યો. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : શ્રી કુંવરજીભાઈ, (અંતરાય) મંત્રીશ્રી આ રીતે જવાબ ના આપો.

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસે એમણે જે ગોંડલ અંગેનો જવાબ આપ્યો એમાં મને સંતોષ છે. બોટાદની જે વિગત મને મળી છે એ ભાવનગર વર્તુળ નીચે આવતા બોટાદ અંગે નહિ પણ આવો કોઈ બનાવ છે કે કેમ એનો જવાબ ના મળ્યો. બીજું, માનનીય મંત્રીશ્રી પાસે એ જાણવા માગું છું કે ૧૩૫ની કલમ નીચે જે વીજ ચોરીના ગુના નોંધાયા એની અંદર જે કાંઈ કાર્યવાહી થાય છે એમાં થોડો ફેરફાર કરીને, થોડી છૂટછાટ આપીને ૧૨૬ની કલમમાં જે જોગવાઈ છે એવી કોઈ જોગવાઈ આમાં ખાસ કરીને ખેડૂત હપ્તેથી રકમ ભરી શકે અને અપીલ કરી શકે એવી બે જોગવાઈ આમાં દાખલ કરવા માગો છો કે કેમ?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે વાત કરી ૧૩૫, ૧૨૬ આ બે કલમ છે એ થીન લાઈટ ઈઝ ડીવાઈડીંગ ટુ કોલમ્સ. એમ કહી એને કે સેકસન ૧૩૫, ૧૨૬ની અંદર કાયદો બરાબર વાંચો. ઘણીવાર એમ થાય કે ૧૨૫, ૧૨૬, ૧૩૫ આવે આવું બનવાના કારણે અમે ટોપ લોયર્સની સલાહ લીધી છે. ટૂંક સમયની અંદર આનો રિપૉર્ટ આવી જશે અને બહુ જ સ્પેસિફિક થઈ જશે. આ ૧૨૬માં જ ગણાશે, આ ૧૩૫માં જ ગણાશે. કાલે ઊઠીને કોઈ અધિકારીશ્રીની ગેરસમજ ના થાય તે પ્રમાણેના સંપૂર્ણ પ્રયાસો ચાલી રહ્યાં છે. બીજું સભ્યશ્રીએ જે બોટાદની વાત કરી. મારા પર ૧૩૫, ૧૨૬ કલમમાં કરેલા કોઈ કેસો છે નહિ અને એમની પાસે કોઈપણ કેસ એવા ધ્યાને આવ્યા હોય તો એનો કેસ લઈ આવે તો એ પ્રમાણે ઈન્કવાયરી બેસાડીશું.

**સરકારી કર્મચારીઓની કૉમ્પ્યુટરમાં કુશળતા માટે લેવાયેલ પગલાં**

***૩૨૫૬ શ્રી દેવુસિંહ જે. ચૌહાણ (માતર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે,-

તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ છેલ્લા ૩ વર્ષમાં રાજ્યમાં સરકારી કર્મચારીઓ કૉમ્પ્યુટર ઉપયોગમાં કુશળતા મેળવે ત માટે સરકારે શું પગલાં લીધા છે?

**મુખ્યમંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) :

(૧) સામાન્ય વહીવટ વિભાગના તા.૩૦-૦૯-૨૦૦૬ના જાહેરનામાથી "કૉમ્પ્યુટર કૌશલ્ય તાલીમ અને પરીક્ષા નિયમો-૨૦૦૬" ઘડવામાં આવેલ છે.

(૨) બઢતી અને ઉચ્ચત્તર પગાર ધોરણની પાત્રતા માટે વર્ગ-૧ અને ૨ માટે CCC+ તથા વર્ગ-૩ માટે CCC સ્તરની પરીક્ષા ઉત્તીર્ણ કરવાની જોગવાઈ ફરજિયાત કરાઈ છે.

(૩) આ માટેની તાલીમ/પરીક્ષાની ફી સરકાર દ્વારા ચૂકવાય છે.

(૪) સ્પીપા, આઈ.ટી.આઈ. સહિતની સંસ્થાઓના કુલ-૨૬૬ કેન્દ્રોને તાલીમ માટે માન્ય કર્યા છે.

(૫) ઉકત સંસ્થાઓમાં પ્રતિ વર્ષ આશરે ૪૧,૬૨૮ કર્મચારીઓ/અધિકારીઓને કૉમ્પ્યુટર કૌશલ્યની તાલીમ મળી શકે તેવી વ્યવસ્થા કરાયેલ છે.

(૬) સચિવાલયમાં કૉમ્પ્યુટર પર કાગળો રજૂ કરવા માટે સચિવાલયના એકંદરે ૧,૮૯૩ કર્મચારીઓને ઈન્ડીક સોફટવેરની મદદથી કૉમ્પ્યુટર પર ઈંગ્લીશ કી બોર્ડથી ગુજરાતી ટાઈપની કામગીરીની તાલીમ આપવામાં આવી છે.

**શ્રી દેવુસિંહ જે. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, ટૅક્નૉલૉજીના યુગમાં રાજ્યની ઈમ્પ્લીમેન્ટીંગ મશીનરી કૉમ્પ્યુટરના જ્ઞાન સાથે વધારે કાર્યરત બને એ માટે આ સરકારે ઉત્તમ પગલાં લીધા છે તે માટે હું અભિનંદન આપું છું ત્યારે મારે આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે રાજ્યના માનનીય ધારાસભ્યો પણ આ ટૅક્નીકલ જ્ઞાન મેળવે તે માટે સરકારશ્રીએ કોઈ વ્યવસ્થા વિચારી છે કે કેમ?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, પોતાના જ્ઞાનને વધારવાનું એ ધારાસભ્યોએ પોતેજ નક્કી કરવાનું છે અને એમાં ટ્રેનિંગ આપવી હોય તો અમે બે રીતે ટ્રેનિંગ આપીશું. ટ્રેનિંગ બે રીતે છે આવડે છે એ ભૂલવા માટે અને નથી આવડતું એ શીખવા માટે.

**શ્રી કુંવરજીભાઈ ન. હળપતિ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમ દ્વારા મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કે પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાના શિક્ષકોએ વહીવટી કામગીરી કરવાની રહેતી નથી. છતાં પણ CCCની પરીક્ષા પાસ કરવી ફરજિયાત શા માટે છે? બીજું આની ફીનું ધોરણ શું હોય છે?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, જે ક્લાસ-૧, ક્લાસ-૨ અને ક્લાસ-૩ ના કર્મચારીઓ છે એના માટે થઈને આ પરીક્ષા આપવી એ ફરજિયાત નથી. ફરજિયાત એના માટે છે કે જેને ઉચ્ચત્તર પગાર ધોરણ મેળવવું હોય અને જેને પ્રમોશન લેવું હોય એના માટે જ ફરજિયાત છે, બાકી બીજા માટે નથી.

**શ્રી માનસિંહ કો. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે સરકારી કર્મચારીઓને કૉમ્પ્યુટરનો ઉપયોગ માટે કેટલા સમયની તાલીમ આપવામાં આવી અને એની પાછળ કેટલો ખર્ચ થયો? બીજું, કૉમ્પ્યુટર કૌશલ્ય તાલીમ અને પરીક્ષાના નિયમો શું છે?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, જે ખર્ચનો સવાલ છે એ ટોટલ ખર્ચ છે એ સરકાર આપે છે. એ બે રીતે આપે છે. એક કર્મચારી માટે થઈને આપે છે અને કયાં એ ટ્રેનિંગ લે છે. દા.ત. સ્પીપાની અંદર ટ્રેનિંગ લે તો CCC છે એના માટે,એના માટે ૧૬૦૦ રૂપિયા એનો ખર્ચ હોય છે ભોજન સાથેનો અને આઈ.ટી.આઈ.માં લે તો ૮૦૦ રૂપિયા હોય છે. એ પ્રમાણે જે સી.સી.પ્લસ લે અધિકારીઓ તો એના માટે ભોજન સહિત ૨૪૦૦ રૂપિયા અને આઈ.ટી.આઈ.માં લે તો ૧૫૦૦ રૂપિયા છે અને આ પરીક્ષા ડાયરેકટ પણ આપી શકાય છે એટલે જેટલા પરીક્ષા આપે અને જેવી રીતે આપી હોય એ પ્રમાણે જે રીતે કહે એ રીતે એને ખર્ચ ચૂકવાય છે.

**એફ.એસ.એલ.ને નેશનલ રીસોર્સ સેન્ટર જાહેર કરવા અંગે**

***૩૦૦૬ ડૉ. કનુભાઈ વા. કળસરીયા (મહુવા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે:-

(૧) રાજયની ફોરેન્સીક સાયન્સ લેબોરેટરીને કેન્દ્ર સરકારે નેશનલ રીસોર્સ સેન્ટર તરીકે જાહેર કરેલ હોવાની વિગત સાચી છે કે કેમ?

(૨) જો હા, તો તેની વિગતો શી છે?

**મુખ્યમંત્રીશ્રી:**

(૧) હા, જી.

(૨) રાજયની ફોરેન્સીક સાયન્સ લેબોરેટરીના ફોરેન્સીક સાયકોલોજી વિભાગને રાષ્ટ્રીય કક્ષાના રીસોર્સ સેન્ટર તરીકે ભારત સરકાર, ગૃહ મંત્રાલય તરફથી માન્ય કરવામાં આવેલ છે. આ રીસોર્સ

સેન્ટરનું મુખ્ય કાર્ય સાયન્ટીફીક ઈન્ટ્રોગેશન માટેની પદ્ધતિઓ વિષે ન્યાયાલયો, પોલીસ વિગેરે તપાસ સંસ્થાઓ તથા ફોરેન્સીક સાયન્સના અધિકારીઓ/ નિષ્ણાતોને પૂરતી જાણકારી આપી આ પદ્ધતિઓનો ન્યાયીક પુરાવા તરીકે ઉપયોગ કરવાની સમજ આપવાનું છે. કેન્દ્ર સરકાર દ્વારા આ સેન્ટર માટે રૂ. ૩૮.૮૦લાખ મંજૂર કરવામાં આવેલ છે. આ સેન્ટર અન્ય રાજયોને આ પ્રકારની સવલતો ઉભી કરવા જરૂરી મદદ પૂરી પાડે છે. મહારાષ્ટ્ર સરકારે તેઓના રાજયની ફોરેન્સીક સાયન્સ લેબોરેટરીમાં પોલીગ્રાફ/ બ્રેઈન ફીંગર પ્રિન્ટીંગ/ નાર્કો એનાલીસીસની તાલીમ માટે ગુજરાત રાજયની ડાયરેકટોરેટ ઓફ ફોરેન્સીક સાયન્સ, ગાંધીનગર સાથે એમ.ઓ.યુ. કરેલ છે અને આ એમ.ઓ.યુ. પેટે મહારાષ્ટ્ર સરકારે ગુજરાત સરકારને રૂ. ૧,૯૯,૫૦૦/- (અંકે રૂપિયા એક લાખ નવ્વાણું હજાર પાંચસો) ચૂકવેલ છે.

**શ્રી કનુભાઈ વા. કળસરીયા** : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે એફ.એસ.એલ. લેબોરેટરીને આંતરરાષ્ટ્રીય કક્ષા પ્રાપ્ત થઈ છે તો એની મેળે પ્રાપ્ત થઈ છે કે સરકારે કોઈ પ્રયત્ન કર્યા છે? અને જો સરકારે પ્રયત્ન કર્યા હોય તો એ કયા કયા? આપણી લેબોરેટરી નેશનલ રીસોર્સ સેન્ટર તરીકે જાહેર કરવામાં આવી છે તો નેશનલ રીસોર્સ સેન્ટર જાહેર થઈ એ પછી બીજા રાજયોએ આપણી મદદ માગી છે કે કેમ? જો માગી હોય તો કયા કયા રાજયોએ? અને ત્રીજો પ્રશ્ન છે લેબોરેટરીનું ગુજરાત યુનિવર્સિટી સાથે જોડાણ કરીને એવા કોઈ એકેડેમીક કોર્સ સરકાર ચાલુ કરવા માગે છે કે કેમ?

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, પહેલાં તો માનનીય સભ્યશ્રી જાણવા માગે છે કે નેશનલ રીસોર્સ સેન્ટર જાહેર કર્યા પછી રાજયે બીજી કોઈ રાજય સરકાર કે બીજી કોઈ સરકારોને મદદ પૂરી પાડી છે કે કેમ? ભારત સરકારે આપણી એફ.એસ.એલ.ને નેશનલ રીસોર્સ સેન્ટર જાહેર કરી અને પછી આ એફ.એસ.એલ.ની મદદથી કોઈપણ રાજયે પોતાના રાજયની અંદર એફ.એસ.એલ. સ્થાપવી હોય, એને અદ્યતન બનાવવી હોય એની વહિવટી અને ચકાસણીની પ્રક્રિયામાં સુધારા કરવા હોય તો આપણી એફ.એસ.એલ.ની મદદ લેવાની હોય છે અને એના માટે મહારાષ્ટ્ર સરકારની એફ.એસ.એલે. સાયકોલોજીકલ ઈન્ટરોગેશન માટેની તમામ પદ્ધતિઓ વિકસાવવા માટે આપણી મદદ માગી છે અને એમની સાથે એમ.ઓ.યુ. પણ થઈ ગયું છે અને કન્સલ્ટન્સી, આપણને ચૂકવવા માટેની ફી પણ નકકી થઈ ગઈ છે અને ટૂંક સમયમાં મહારાષ્ટ્રની એફ.એસ.એલ.ને અદ્યતન બનાવવા માટે આપણી એફ.એસ.એલ. મદદ કરવાની છે. ઓરિસ્સા સરકાર સાથે પણ એમની એફ.એસ.એલ.ને અદ્યતન બનાવવા માટેનો પત્રવ્યવહાર ચાલે છે. જે આખરી તબકકામાં છે. સી.બી.આઈ.ની દિલ્હી ખાતેની સેન્ટ્રલ ફોરેન્સીક લેબોરેટરીએ પણ બ્રેઈન ફીંગર પ્રિન્ટીંગ પદ્ધતિ વિકસાવવા માટે આપણી એફ.એસ.એલ.ની મદદ માગી છે અને આપણી એફ.એસ.એલ. એ મદદ પૂરી પાડવાની છે. સિંગાપુર સરકારના ગૃહ મંત્રાલયની એક ટીમે પણ આપણા નેશનલ રીસોર્સ સેન્ટરની મુલાકાત લઈ ૨૦૦૭માં બ્રેઈન ફીંગર પ્રિન્ટીંગ પદ્ધતિ વિકસાવવા માટે સિંગાપુરની એફ.એસ.એલે પણ મદદ માગી છે અને આપણે એમને પ્રાથમિક હા પાડી છે અને કરારની પ્રક્રિયા ચાલુ છે. જાન્યુઆરી-૨૦૦૭ની અંદર નિમહાઝ બેંગ્લોરે પણ એક સહાય માગી છે કોર્સ શરૂ કરવા માટે એ સહાય આપવાની પણ આપણે હા પાડી છે અને જાન્યુઆરી-૦૮થી એમની બેચ એમણે શરૂ કરી છે. આ કોર્સની અંદર તામિલનાડુ, નાગાલેન્ડ, હરિયાણા અને પશ્ચિમ બંગાળના વિદ્યાર્થીઓ અત્યારે ભાગ લઈ રહ્યા છે અને અન્ય રાજયોના ૯૭ જજો અને પોલિસ અધિકારીઓ અને ૨૩ ફોરેન્સીક નિષ્ણાતોને આ નેશનલ રીસોર્સ સેન્ટરની અંદર ફોરેન્સીક સાયન્સનો ગુનાને ઉકેલવામાં અને સજા કરાવવામાં બંનેમાં વિવિધ રીતે કઈ રીતે ઉપયોગ થઈ શકે એના માટે આપણે ટ્રેનિંગ પૂરી પાડી છે અને હું એવું ચોકકસ માનું છું કે આવનારા દિવસોની અંદર દેશભરની બધી જ એફ.એસ.એલ. આપણી એફ.એસ.એલ.ની મદદ લે અને સમગ્ર દેશનું વાતાવરણની અંદર ફોરેન્સીક સાયન્સનો ઉપયોગ વધુમાં વધુ ગુના ઉકેલવામાં થાય એ પ્રકારનું વાતાવરણ આપણી એફ.એસ.એલ. દ્વારા નિર્મિત થવાનું છે. જયાં સુધી ગુજરાત યુનિવર્સિટીનો એમણે સવાલ કર્યો ત્યાં સુધી ગુજરાત યુનિવર્સિટીની એકઝીકયુટીવ કાઉન્સિલ દ્વારા ગુજરાત યુનિવર્સિટી એકટ- ૧૨૦સી હેઠળ ડાયરેકટોરેટ ઓફ ફોરેન્સીક સાયન્સને ડિપ્લોમા કોર્સની માન્યતા આપી છે અને નિરમાએ પણ ડિપ્લોમા કોર્સની માન્યતા આપી છે. આ રીતે આંતરરાષ્ટ્રીય કક્ષા પ્રાપ્ત કરવા માટે માનનીય સભ્યશ્રીએ બહુ સૂચક રીતે પૂછયું કે એમને એમ મળી ગઈ છે? એમને એમ કશું નથી મળતું. માનનીય અધ્યક્ષશ્રી, આ સરકારના નીતિ નિર્ધારકોએ આ રાજયની એફ.એસ.એલ.ને એક નંબરની એફ.એસ.એલ. બનાવવા માટે પ્રયત્ન કર્યો છે. માનનીય મુખ્યમંત્રીશ્રી કક્ષાએથી સીધો રસ લઈ એફ.એસ.એલ.ના અધિકારીઓ, ગૃહ વિભાગના અધિકારીઓ અને જરૂર પડે ત્યાં નાણા વિભાગને પણ છૂટથી મદદ કરવાની સૂચના આપવાને લીધે આજે આપણે આ સ્થિતિએ પહોંચ્યા છીએ.

**અધ્યક્ષશ્રી** : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થયો છે.

# અતારાંકિત પ્રશ્નો

**(તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)**

**રાજ્યમાં કર્મયોગી તાલીમ**

૨૭૫૪ **શ્રી જયંતિલાલ પ.ભાનુશાલી (અબડાસા) માનનીય મુખ્ય મંત્રીશ્રી** (વહીવટી સુધારણા અને તાલીમ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

રાજ્યમાં તા. ૩૧-૧-૨૦૦૮ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કર્મયોગી યોજના હેઠળ કેટલા અધ્યાપકો, રીડરો, પ્રોફેસરો અને કોલેજોના આચાર્યોને તાલીમ આપવામાં આવી?

**જવાબ**

છેલ્લા બે વર્ષમાં સ્પીપા દ્વારા યોજાયેલ કર્મયોગી તાલીમ યોજના હેઠળ ૬૦ને તથા ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી દ્વારા યોજાયેલ તાલીમ યોજના નીચે ૫૩૫૮ અધ્યાપકો, રીડરો અને કોલેજોના આચાર્યોને તાલીમ આપવામાં આવેલ છે.

------------

**પોટા ધારા હેઠળ નોંધાયેલ કેસ**

૩૦૦૦ **શ્રી ગોવિંદભાઈ મા.પ્રજાપતિ(પાલનપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં પોટા ધારાના ભંગ બદલ કેટલા કેસો નોંધાયેલ છે, અને

(૨) તે પૈકી કેટલા કેસો તા. ૩૧-૧-૨૦૦૮ ની સ્થિતિએ સાબિત થયા, કેટલા કેસો નાસાબિત થયા ?

**જવાબ**

(૧) ૧૪ (ચોદ) કેસો.

(૨) તે પૈકી ૧૦ કેસોમાં ટ્રાયલ પુરી થયેલ છે અને તમામ કેસો સાબિત થયેલ છે. આરોપીઓને ફરમાવેલ સજાનું પત્રક-૧ અને ૨ સામેલ છે. ૪ કેસો કોર્ટમાં પડતર છે.

**પત્રક -૧**

**ટ્રાયલ પૂરી થયેલ પોટાના ૧૦ કેસોનું પત્રક**

| ક્રમ | પોટા કેસ નંબર | પકડાયેલા કુલ આરોપી | સ્પે. કોર્ટ (પોટા) આપેલ જજમેન્ટની તારીખ | સજા પામેલ આરોપીની વિગત | વિશેષ નોંધ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | **અમદાવાદ શહેર ડીસીબી ગુ. ર. નં. ૮/૨૦૦૩** (રથયાત્રા દરમિયાન રાજકીય નેતાઓની હત્યાનું કાવતરુ) | ૦૮ | તા. ૨૨-૬-૨૦૦૭ | ૦૩ને પાંચ વર્ષની સજા ૦૫ નિર્દોષ | - |
| ૨ | **અમદાવાદ શહેર કાલુપુર ગુ. ર. નં. ૯૦/૨૦૦૨** (ટીફીન બોમ્બ કેસ) | | | | |
| ૩ | **અમદાવાદ શહેર કાગડાપીઠ ગુ. ર. નં. ૧૮૪/૨૦૦૨** (ટીફીન બોમ્બ કેસ) | | | | |
| ૪ | **અમદાવાદ શહેર સેટેલાઈટ ગુ. ર. નં. ૨૪૪/૨૦૦૨** (ટીફીન બોમ્બ કેસ) | ૨૧ | તા. ૧૨-૫-૨૦૦૬ | ૦૫ને દસ વર્ષ, ૧૨ નિર્દોષ | ૪ ઓરાપીઓને સ્પે. કોર્ટ(પોટા) દ્વારા આરોપ મુક્ત કરવામાં આવેલ છે. |
| ૫ | **અમદાવાદ શહેર વેજલપુર ગુ. ર. નં. ૧૧૬/૨૦૦૨** (ટીફીન બોમ્બ કેસ) | | | | |
| ૬ | **અમદાવાદ ગ્રામ્ય, સાણંદ ગુ. ર. નં. ૭૯/૨૦૦૨** (ટીફીન બોમ્બ કેસ) | | | | |
| ૭ | **ગાંધીનગર સેકટર-૨૧ પો.** | ૦૬ | તા. ૧-૭-૨૦૦૬ | ૦૩ને ફાંસી, ૦૨ને દસ | ૧ ને પાંચ |

| ક્રમ | પોટા કેસ નંબર | પકડાયેલા કુલ આરોપી | સ્પે. કોર્ટ (પોટા) આપેલ જજમેન્ટની તારીખ | સજા પામેલ આરોપીની વિગત | વિશેષ નોંધ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| | **સ્ટે. ફ. ગુ. ર. નં. ૩૧૪/ ૨૦૦૨** (અક્ષરધામ હત્યાકાંડ કેસ) | | | વર્ષ, ૦૧ ને પાંચ વર્ષની સજા | વર્ષની સજા પૂરી થતાં તા. ૭-૩-૦૮ના રોજ જેલ મુક્ત કરેલ છે. |
| ૮ | **શહેર કોટડા પો. સ્ટે. ગુ. ર. નં. ૩૦૯૨/ ૨૦૦૨** (મેમ્કો સ્કુટર ડેકી બોમ્બ ધડાકા કેસ) | ૦૪ | તા. ૨૩-૧૧-૨૦૦૬ | ૦૩ને સજા ૦૧ નિર્દોષ | - |
| ૯ | **સુરત અઠવા લાઈન્સ કો. સ્ટે. ગુ. ર. નં. ૧૧૧/ ૨૦૦૨** (એડવોકેટ હસમુખ લાલવાલા ઉપર ખૂની હુમલો) | ૦૪ | તા. ૪-૮-૨૦૦૫ | ૦૨ને સાત વર્ષની સજા ૦૨ અવસાન | - |
| ૧૦ | **સી.બી.આઈ. કેસ નં. આરસી. ૨/ ૨૦૦૩** (સ્વ. હરેન પંડ્યા હત્યા કેસ) | ૧૬ | તા. ૨૫-૬-૨૦૦૭ | ૦૮ આજીવન ૦૧ વીસ વર્ષ ૦૧ સાત વર્ષ ૦૨ પાંચ વર્ષની સજા | ૩ આરોપીઓને સ્પે. કોર્ટ (પોટા) દ્વારા આરોપ મુક્ત કરવામાં આવેલ છે. ૧ જજમેન્ટ બાકી |
| | **કુલ :** | **૫૯** | - | **૩૧** | - |

**પત્રક -૨**
**ટ્રાયલ બાકી (કોર્ટમાં પડતર) પોટાના ૪ કેસોનું પત્રક**

| ક્રમ | પોટા કેસ નંબર | પકડાયેલા કુલ આરોપી | સ્પે. કોર્ટ (પોટા) આપેલ જજમેન્ટની તારીખ | સજા પામેલ આરોપીની વિગત | વિશેષ નોંધ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | **અમદાવાદ શહેર ડીસીબી ગુ. ર. નં. ૬/૨૦૦૩** (જેહાદી તાલીમનો કેસ) | ૫૬ | - | - | - |
| ૨ | **અમદાવાદ શહેર ડીસીબી ગુ. ર. નં. ૧૧/૨૦૦૩** (હવાલા કેસ) | ૦૭ | - | - | - |
| ૩ | **અમદાવાદ શહેર ડીસીબી ગુ. ર. નં. ૧૬/૨૦૦૩** (જયદીપ પટેલ હત્યા કાવતરું કેસ ) | ૦૭ | - | - | - |
| ૪ | **ગોધરા રે. પો. ફ. ગુ. ર. નં. ૯/૨૦૦૨** (સાબરમતી એક્સપ્રેસ હત્યાંકાંડ) | ૧૧૬ | - | - | ૧૩ આરોપીઓ સામે ક્રિ. પો. કોડની કલમ-ની જોગવાઈ પ્રમાણે છોડી દીધેલ છે. |
| | **કુલ :** | **૧૮૬** | - | - | - |

## સાંધ્ય કોર્ટની સ્થાપના

૨૮૯૪ **શ્રી જયદ્રથસિંહ ચં.પરમાર (હાલોલ) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સરકારે તા. ૩૧-૧-૨૦૦૮ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલી સાંધ્ય કોર્ટોની સ્થાપના કરી, અને | (૧) ""૯૬"" |
| (૨) ક્યા ક્યા જિલ્લામાં કેટલી સાંધ્ય કોર્ટોની સ્થાપના થઈ ? | (૨) પત્રક ""અ"" મુજબ |

પત્રક - અ

| અ. નં. | જિલ્લાનું નામ | જિલ્લામાં સાંધ્ય કોર્ટોની સંખ્યા |
|---|---|---|
| ૧ | અમદાવાદ ગ્રામ્ય | ૧૭ |
| ૨ | અમરેલી | ૩ |
| ૩ | આણંદ | ૩ |
| ૪ | બનાસકાંઠા | ૨ |
| ૫ | ભરૂચ | ૨ |
| ૬ | ભાવનગર | ૨ |
| ૭ | દાહોદ | ૩ |
| ૮ | ગાંધીનગર | ૬ |
| ૯ | જામનગર | ૧ |
| ૧૦ | જૂનાગઢ | ૩ |
| ૧૧ | કચ્છ | ૩ |
| ૧૨ | ખેડા | ૪ |
| ૧૩ | મહેસાણા | ૫ |
| ૧૪ | નર્મદા | ૧ |
| ૧૫ | નવસારી | ૧ |
| ૧૬ | પાટણ | ૨ |
| ૧૭ | રાજકોટ | ૫ |
| ૧૮ | સાબરકાંઠા | ૪ |
| ૧૯ | સુરત | ૪ |
| ૨૦ | સુરેન્દ્રનગર | ૧ |
| ૨૧ | વડોદરા | ૧૧ |
| ૨૨ | વલસાડ | ૨ |
| ૨૩ | મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ કોર્ટ અમદાવાદ | ૭ |
| ૨૪ | સ્મોલ કોઝ કોર્ટ, અમદાવાદ | ૧ |
| ૨૫ | સીટી સીવીલ એન્ડ સેસન્સ કોર્ટ, અમદાવાદ | ૩ |
| | **કુલ** | ૯૬ |

------------

## બાઈસેક ધ્વારા જીઓ-ઈન્ફોર્મેટીક્સ આધારિત કાર્યવાહી

૨૮૦૪ **શ્રી વલ્લભભાઈ ગો.કાકડિયા(રખિયાલ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| રાજ્યમાં બાયસેક ધ્વારા જીઓ-ઈન્ફોર્મેટીક્સ ઉપર આધારિત શી કાર્યવાહી થાય છે ? | બાઈસેક ઈસરો પાસેથી નિયમિત રીતે ભારતીય ઉપગ્રહીય ચિત્રો મેળવે છે. જીઓ-ઈન્ફોર્મેટીક્સ તકનીકનો ઉપયોગ કરી આવા ઉપગ્રહીય ચિત્રો ઉપર સબંધિત વિભાગો પાસેથી મળેલ કુદરતી માનવ સર્જિત અને સામાજિક સંસાધનોને સબંધિત માહિતી અંકિત કરવામાં આવે છે. જેનો ઉપયોગ વિકાસ કાર્યોના આયોજન માટે ઉપયોગી નીવડે તે માટે કરવામાં આવે છે. દા. ત.<br>૧. ગ્રામ્ય વિસ્તારોમાં વરસાદી પાણીના જળ સંચય માટે ઉચિત સ્થળની પસંદગી.<br>૨. શહેરી વિસ્તારોમાં માળખાગત સુવિધાના આયોજન માટે<br>૩. ગામડાના રેવન્યુ નકશાઓને ઉપગ્રહીય ચિત્રો ઉપર અંકિત કરી, સર્વે નંબર દીઠ સ્થળ-સ્થિતિની માહિતીની ઉપલબ્ધી |

૪. ઉપગ્રહીય ચિત્રો આધારિત રસ્તાઓ અને પૂલોનો ડીજીટલ એટલાસ તેયાર કરવામાં આવેલ છે.

## ગુજરાતી ચલચિત્રોના નિર્માણ માટે અપાતી સહાય

૩૦૧૧**શ્રી બાબુભાઈ જ. પટેલ(દસક્રોઈ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (માહિતી અને પ્રસારણ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગુજરાતી ચલચિત્રના નિર્માણમાં છેલ્લા ઘણા વર્ષોથી પ્રોત્સાહનના અભાવે નિર્માણવેગ ઘટવા માંડેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો નિર્માણમાં વેગ આવે તે માટે કોઈ સહાય આપવામાં આવે છે,

(૩) આ સહાય કેટલી આપવામાં આવે છે, અને

(૪) તા. ૩૧-૧-૦૮ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલી ફિલ્મોને કેટલી સહાય ચૂકવવામાં આવી છે ?

**જવાબ**

(૧) ના, જી. ખરેખર ગુજરાતી ચલચિત્રને સંપૂર્ણ અને કાયમી કરમુક્તિ આપવાના કારણે નિર્માણમાં વૃધ્ધિ થયેલ છે.

| વર્ષ | કરમુક્તિ આપેલ ચલચિત્રની સંખ્યા |
|---|---|
| ૨૦૦૫-૦૬ | ૧૨ |
| ૨૦૦૬-૦૭ | ૧૭ |
| ૨૦૦૭-૦૮ | ૩૨ |
| (તા. ૧૨-૩-૨૦૦૮ સુધી) | |

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી પરંતુ નિર્માણમાં વેગ આવે તે માટે સહાય આપવામાં આવે છે.

(૩) ચલચિત્ર દીઠ રૂા. ૫.૦૦ લાખ.

(૪) છેલ્લા ત્રણ વર્ષમાં ૪૮ ફિલ્મોને કુલ રૂા. ૨.૪૦ કરોડની સહાય ચૂકવવામાં આવી છે.

------------

## બાયસેગ સંસ્થાની એજ્યુકેશન સેટેલાઈટ ક્ષેત્રે કામગીરી

૩૧૨૦ **શ્રી લાલજીભાઈ પ્રે.સોલંકી (જામનગર (ગ્રામ્ય) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બાયસેગ સંસ્થા એજ્યુકેશન સેટેલાઈટનો ઉપયોગ કઈ કઈ પ્રવૃત્તિઓ માટે અને કોના કોના માટે કરે છે, અને

(૨) તેના ઉપયોગનો વ્યાપ વધારવાનું આયોજન શું છે ?

**જવાબ**

(૧) બાયસેગ સંસ્થા એજ્યુસેટ સેટેલાઈટનો ઉપયોગ માધ્યમિક શાળાઓ/કોલજો/વિશ્વ વિદ્યાલયો/ઈજનેરી અને મેડીકલના વિદ્યાર્થીઓના શૈક્ષણિક અને તાલીમી કાર્યક્રમોના પ્રસારણ માટે કરે છે.

(૨) એજ્યુકેશન સેટેલાઈટ કોમ્યુનિકેશનની સગવડનો ઉપયોગ વધારવા માટે બાયસેગ સંસ્થા દ્વારા :-

૧ સને ૨૦૦૦ના વર્ષમાં એક્ષટેન્ડેડ સી બેન્ડની એક ચેનલ શરૂ કરવામાં આવેલ ત્યાર બાદ,

૨ સને ૨૦૦૫-૦૬ના વર્ષમાં કે યુ બેન્ડ ચેનલ શરૂ કરવામાં આવેલ તથા સને ૨૦૦૭-૦૮ના વર્ષમાં બીજી વધારાની કે યુ બેન્ડ ચેનલ શરૂ કરવામાં આવેલ છે.

૩ રાજ્ય સરકારના શૈક્ષણિક વિભાગો /સંસ્થાઓની રૂબરૂ મુલાકાત લઈ વધુમાં વધુ શૈક્ષણિક કાર્યક્રમો યોજવા માટે માર્ગદર્શન પુરૂં પાડવામાં આવે છે.

૪ આવા પ્રસારણની સુવિધાઓ નિઃશુલ્ક પૂરી પાડવામાં આવે છે.

૫ પ્રસારણના રીસીવીંગ કેન્દ્રોની સંખ્યા વધારવા માટે જરૂરી સલાહ સૂચનો આપવામાં આવે છે.

------------

## ભરૂચ જિલ્લામાં રસાયણીક ઓદ્યોગિક વસાહતની સ્થાપના

૨૧૨૭ **શ્રી ઈકબાલ પટેલ (વાગરા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભરૂચ જિલ્લામાં દહેજ-૨ મેગા રાસાયણિક ઓદ્યોગિક વસાહતની સ્થાપના અંગે સરકારનું આયોજન છે તે હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો આ વસાહતની સ્થાપના માટે કેટલી જમીન ક્યા ગામોની સંપાદન કરવામાં આવનાર છે, અને

(૩) વાગરા તાલુકો પેટ્રોલિયમ એક્ષપ્લોરેશન અને માઈનીંગ લીઝ માટેનો અનામત વિસ્તાર હોઈ ઓ.એન.જી.સી. પાસેથી જરૂરી મંજૂરી મેળવી લેવા કેવા પ્રકારની કાર્યવાહી કરવામાં આવી છે ?

**જવાબ**

(૧) અને (૨)

દહેજમાં રાજ્ય સરકાર દ્વારા ૪૫૩ ચો. કિ. મી. વિસ્તારમાં પેટ્રોલિયમ, કેમિકલ અને પેટ્રોકેમિકલ્સ ઈન્વેસ્ટમેન્ટ રીજીયન જીઆઈડીસી મારફતે સ્થાપવા નું આયોજન છે. આમાં દહેજ અને વિલાયત વિસ્તારની ઓદ્યોગિક વસાહતોનો સમાવેશ થનાર છે.

દહેજ ખાતેની ઓદ્યોગિક વસાહતના ત્રણ તબક્કામાં વિસ્તૃતિકરણનું આયોજન છે, જેમાં પ્રથમ તબક્કામાં નીચેના ગામોની ખાનગી જમીન સંપાદન કરવાનું આયોજન છે.

| | હેક્ટર આરે. ચો. મીટર |
|---|---|
| મોજે એક્સાલ, મનાડ, કેસરોલ, તા. જી. ભરૂચ | ૬૯૯-૮૯-૨૭ |
| મોજે રહીયાદ, દહેજ, સુવા, જોલવા, વડદલા, ગલેન્ડા તાલુકો વાગરા, જી. ભરૂચ | ૩૨૦૭-૬૮-૮૪ |
| કુલ : | ૩૯૦૭-૫૮-૧૧ |

આ ઉપરાંત સરકારી જમીન હેક્ટર ૧૦૨૯ આરે ૩૬ ચો. મીટર ૯૧ પણ આ વસાહત માટે ઉપયોગમાં લેવાનું આયોજન છે.

(૩) યથા સમયે ઓ.એન.જી.સી. ની અસરગ્રસ્ત જમીન માટે ના વાંધા પ્રમાણપત્ર મેળવવામાં આવશે.

------------

## જ્યોતિગ્રામ યોજના હેઠળ ધંધુકા, બરવાળા અને રાણપુરના ગામો અને પેટાપરાઓનું વીજળીકરણ

૨૩૬૭ **શ્રી રણછોડભાઈ ક.મેર (ધંધૂકા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ ધંધુકા, બરવાળા અને રાણપુર તાલુકાઓમાં જ્યોતિગ્રામ યોજનામાં કેટ કેટલા ગામો અને પેટાપરાઓનો સમાવેશ કરી કામો પૂરા થયા છે,

(૨) ક્યા ક્યા ગામો, પેટાપરાઓનો સમાવેશ થવાનો બાકી છે અને વિજળીકરણ થયું નથી અને કામો શરૂ કરવામાં આવ્યા નથી,

(૩) વિલંબના કારણો શાં છે, અને

(૪) કેટલા સમયમાં બાકી રહેતા ગામો પેટા પરાઓને લાભ આપવામાં આવશે ?

**જવાબ**

(૧) તા. ૩૧/૧/૨૦૦૮ની સ્થિતિએ ધંધુકા, બરવાળા અને રાણપુર તાલુકાઓમાં જ્યોતિગ્રામ યોજનામાં કુલ ૧૩૦ ગામો અને કુલ ૯ પેટા પરાઓને સમાવેશ કરી તમામ કામો પુરા થયા છે.

(૨), (૩) અને (૪)

વસ્તીવાળા કોઈ ગામ કે પેટાપરા બાકી રહેતા ન હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

## વાવ, થરાદ, રાધનપુર અને સાંતલપુર તાલુકાની માઇનોર અને ઢાળીયા કેનાલની કામગીરી

૨૭૯૨ **શ્રી મુકેશ ભૈ. ગઢવી (દાંતા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નર્મદા યોજના અંતર્ગત બનાસકાંઠા જિલ્લાના વાવ, થરાદ તેમજ પાટણ જિલ્લાના રાધનપુર, સાંતલપુર તાલુકાઓનાં વિસ્તારમાં ખેતરોમાં પાણી લઇ જવા માટે માઇનોર કેનાલ કે ઢાળીયાની કામગીરી આજદીન સુધી, પ્રાથમિક તબક્કાની પણ શરૂ થઇ નથી તે હકીક્ત સાચી, | (૧) બનાસકાંઠા જિલ્લાના વાવ તાલુકામાંથી પસાર થતી મુખ્ય નહેરની કામગીરી પૂર્ણ થયેલ છે. જ્યારે થરાદ તાલુકામાંથી પસાર થતી મુખ્ય નહેરની કામગીરી પણ પૂર્ણતાને આરે છે.<br><br>કચ્છ શાખા નહેર કે જેની કુલ લંબાઈ ૩૬૦ કિ.મી. છે તે પૈકી વાવ તાલુકામાં ૭.૫૩ કિ.મી.ની લંબાઈ આવે છે. આ લંબાઈ માંથી ૩ કિ.મી.ની લંબાઈમાં કામગીરી પૂર્ણ થયેલ છે જ્યારે બાકીની લંબાઈમાં કામ ઝડપથી પૂર્ણ કરવાનું આયોજન છે. વાવ અને થરાદ તાલુકામાંથી પસાર થતી શાખા નહેરના કામો ઝડપથી પૂર્ણ કરવાનું આયોજન છે.<br><br>પાટણ જિલ્લામાં, રાધનપુર શાખા કે જેની કુલ લંબાઈ ૨૪.૪૭૫ કિ.મી. છે તે પૈકી રાધનપુર તાલુકામાં ૧૬.૨૭૫ કિ.મી. લંબાઈ પસાર થાય છે. આ ૧૬.૨૭૫ કિ.મી.માંથી ૧૨.૯ કિ.મી.માં કામો પૂર્ણ થયેલ છે. જ્યારે બાકીની લંબાઈમાં કામો ઝડપથી પૂર્ણ કરવાનું આયોજન છે. કચ્છ શાખા નહેર કે જેની કુલ લંબાઈ ૩૬૦ કિ.મી. છે તે પૈકી સાંતલપુર તાલુકામાં ૫૦.૩૪ કિ.મી. લંબાઈ પસાર થાય છે. આ ૫૦.૩૪ કિ.મી. માંથી ૭.૧૮ કિ.મી.માં કામો પૂર્ણ થયેલ છે. બાકીની કામગીરી ઝડપથી પૂર્ણ કરવાનું આયોજન છે. |
| (૨) જો હા, તો તેની પાછળના શું કારણો છે, | (૨) ખેતરોમાં પાણી લઈ જવા માટે કરવાની થતી બધી કામગીરી સમાંતર રીતે પ્રગતિમાં છે પિયત સહકારી મંડળીની રચના પણ થઈ રહી છે કોઈ કામગીરી પ્રાથમિક તબક્કામાં નથી. |
| (૩) જો ના, તો આ અંગેની કામગીરી ક્યા તબક્કે પડતર છે, અને | (૩) સર્વેની કામગીરી અડધા કરતાં વધારે અને કોઈ જ્ગ્યાએ પૂર્ણ થયેલ છે. |
| (૪) આ કામગીરી ક્યાં સુધીમાં શરૂ થશે ? | (૪) બધી કામગીરી સમાંતર રીતે પ્રગતિમાં છે તેથી ક્યાં સુધીમાં શરૂ થશે તેવો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

## ભાવનગર શહેરમાં પાઇપલાઇન દ્વારા ગેસ આપવાની થયેલ કામગીરી

૨૧૮૫ **શ્રીમતી વિભાવરીબેન વિ.દવે(ભાવનગર શહેર (ઉત્તર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગર શહેરમાં ઘરે ઘરે ગેસ પહોંચાડવા અંગેનો પ્રોજેક્ટ તા. ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ ક્યા તબક્કે છે, અને | (૧) ગુજરાત સ્ટેટ પેટ્રોનેટ લિ. દ્વારા દારોડ (તા. લીંબડી)થી પીપાવાવ સુધીની પાઈપ લાઈનનો પ્રોજેક્ટ હાથ ધરવામાં આવેલ છે. તેના ઈપીસી કોન્ટ્રાક્ટના ટેન્ડરની પ્રક્રિયા ચાલુ છે. આ પ્રોજેક્ટથી સ્પર પાઈપલાઈન દ્વારા ભાવનગરને ગેસ પહોંચાડવાનું આયોજન છે. |
| (૨) ભાવનગર શહેરમાં ગૃહિણીઓને ઉપયોગી ઘર વપરાશનો ગેસ પાઇપલાઇન દ્વારા ઘરે ઘરે આ ગેસ ક્યારે પહોંચશે ? | (૨) ડિસેમ્બર--૨૦૦૯ થી માર્ચ-૨૦૧૦ સુધીમાં ગેસ આપવાનું આયોજન છે. |

**શહેરા અને ખાનપુર તાલુકામાં મારામારી અને હુમલાના બનાવો**

૧૯૮૧ **શ્રી હીરાભાઈ હ.પટેલ(લુણાવાડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) શહેરા અને ખાનપુર તાલુકામાં તા. ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં મારામારીના હુમલાના બનાવો વિશે સરકારશ્રીને કેટલી ફરિયાદો મળેલ છે, અને

(૨) જવાબદારો સામે પગલાં લેવા માંગો છો કે કેમ ?

**જવાબ**

(૧)

| **પોલીસ સ્ટેશન** | **મળેલ ફરિયાદ** |
|---|---|
| (૧) શહેરા | ૧૫૮ |
| (૨) ખાનપુર | ૨૮ |

(૨) શહેરા પોલીસ સ્ટેશનમાં ૧૫૮ ગુનાઓ નોંધાયેલ છે જે તમામ ગુનાઓ શોધાયેલ છે. જેમાં કુલ ૫૧૪ આરોપીમાં સંડોવાયેલ છે તે પેકી ૪૯૭ આરોપીઓ પકડાયેલ છે ૧ આરોપી મરણ ગયેલ બાકીના આરોપીઓને પકડવા માટે સીઆરપીસી કલમ ૭૦ મુજબ તેમજ ૮૨ મુજબની કાર્યવાહી કરવામાં આવેલ છે પકડાયેલ તમામ આરોપીઓની સામે અટકાયતી પગલાં લેવામાં આવેલ છે.

ખાનપુર તાલુકામાં ૨૮ ગુનાઓ બનેલ છે જે તમામ ગુનાઓ શોધાયેલ છે જેમાં કુલ ૬૬ આરોપીઓ સંડોવાયેલ છે તે તમામ પકડાયેલ છે અને તેઓની વિરુધ્ધ અટકાયતી પગલાં લેવામાં આવેલ છે.

------------

**૧૦ કરોડથી વધારે વેચાણવેરાની માફીના એકમો**

૧૦૯૨ **શ્રી અમીતભાઈ ચાવડા (બોરસદ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ બે વર્ષમાં રાજ્યમાં ૧૦ કરોડથી વધારે વેચાણવેરાની માફી આપી હોય તેવા એકમો ક્યા ક્યા છે, અને

(૨) વેચાણવેરાની માફી આપવાના શાં કારણો છે ?

**જવાબ**

(૧) અને (૨)

ભુકંપ પછી નવીન રોજગારી ઉભી કરવાના આશયથી અને નવા રોકાણો દ્વારા કચ્છનો આર્થિક વિકાસ કરવાના હેતુથી પ્રોત્સાહન યોજના તા. ૯-૧૧-૨૦૦૧ના ઠરાવથી પ્રસિધ્ધ કરેલ હતી તે સિવાય અન્ય કોઈ માફી યોજના અમલમાં મુકાયેલ નથી.

ભુકંપ વિસ્તારના પુનર્વસન માટેની યોજના હેઠળ આ સાથેના પત્રકમાં દર્શાવેલ સેકટરના એકમોને રૂા. ૧૦ કરોડ કરતાં વધુ રકમ માટે યોગ્યતા પ્રમાણપત્રો આપવામાં આવેલ છે.

**પત્રક**

**List of eligibility certificate issued in last two year for more than Rs. ૧૦ crores. As on ૩૧/૧૨/૨૦૦૭. (RS. in lacs)**

| Sr. No. | Name of Sector | No. of Unit | Amount (E.C.) Sales tax in benafit |
|---|---|---|---|
| ૧ | Automobiles | ૧ | ૩૪૧૧.૫૩ |
| ૨ | Ceramics | ૧ | ૨૦૬૧.૦૦ |
| ૩ | Consumer Goods | ૫ | ૨૦૪૫૪.૩૪ |
| ૪ | Chemicals | ૫ | ૨૭૩૫૨.૯૨ |
| ૫ | Coke | ૨ | ૪૧૧૪.૮૫ |
| ૬ | Engginiaring | ૧ | ૧૩૪૩.૫૭ |
| ૭ | Food | ૧ | ૨૪૮૪.૧૧ |
| ૮ | Plastic | ૨ | ૭૯૦૦.૭૧ |
| ૯ | Steel | ૧૭ | ૬૯૦૦૨.૧૮ |
| | **Total** | **૩૫** | **૧૩૮૧૨૫.૨૧** |

**સંખેડા તાલુકામાં રેતી માટેની લીઝ**

૨૧૩૦ **શ્રી અભેસિંહ મો. તડવી (સંખેડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનિજ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સંખેડા તાલુકામાં રેતી માટે કેટલી લીઝ આપવામાં આવી છે, | (૧) ૧૧૩ |
| (૨) છેલ્લા એક વર્ષમાં કેટલી લીઝ આપવામાં આવી ? | (૨) વર્ષ ૨૦૦૭માં ૧૬ લીઝ |
| (૩) સરકારને તેમાંથી કેટલી આવક ઉભી થઇ, | (૩) વર્ષ ૨૦૦૭માં ૯.૧૨ લાખ |
| (૪) ગેરકાયદેસર લીઝ અસ્તિત્વમાં આવેલ છે કે કેમ, | (૪) ના, જી |
| (૫) જો હા, તો આવી કેટલી લીઝ છે, અને | (૫) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૬) ગેરકાયદેસર લીઝ વાળાઓ પર શાં પગલાં લીધા ? | (૬) પ્રશ્ન ઉપસ્થિત થતો નતી. |

------------

**પોલીસ ખાતામાં નવી ભરતી અંગે**

૩૦૧૨ **શ્રીમતી ગીતાબેન યો. પટેલ (સાબરમતી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પોલીસ દળને વધુ અસરકારક બનાવવા માટે રાજ્ય સરકાર જુદા જુદા સંવર્ગોમાં ભરતી કરવા માગે છે કે કેમ, અને<br><br>(૨) જો હા, તો કઈ કઈ સંવર્ગમાં કેટલા કર્મચારીઓની ભરતી કરવામાં આવનાર છે ? | (૧) અને (૨)<br>પોલીસ દળના સંવર્ગોના અદ્યતન બનાવેલા ભરતી નિયમોની જોગવાઈ મુજબ વધુ કાર્યક્ષમ પોલીસોની ભરતી કરવામાં આવે છે. લોકરક્ષક (હથિયારી/બિન હથિયારી/ મહિલા)ની કુલ ૭૩૮૨ જગ્યાઓ ભરવા માટે ગુજરાત ગોણ સેવા પસંદગી મંડળને માંગણી પત્રકો મોકલવામાં આવેલ છે. મંડળે તાજેતરમાં એસ.આર.પી. લોકરક્ષકની જગ્યા માટે ૩૫૫૪ જેટલા ઉમેદવારોના નામોની ભલામણ કરેલ છે. જેમની નિમણૂંકની કાર્યવાહી ગતિમાં છે. |

------------

**ખંભાત બંદર સાકાર થવા અંગે**

૨૪૧૭ **શ્રી અંબાલાલ આ. રોહિત (સોજીત્રા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (બંદરો)જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| ખંભાત ખાતે બંદર બનાવવા માટે જે પ્રયો કર્યા છે અને તે ક્યાં સુધીમાં સાકાર થશે ? | એતિહાસિક બંદર તરીકે ખંભાતની ગુજરાતના સોથી મોટા બંદર તરીકે ગણના થતી હતી. પરંતુ ખાડીમાં સતત કાંપના ભરાવાના કારણે બંદર મૃતપાય થયેલ અને વર્ષ ૧૯૬૫ થી ટ્રાફીકની અવરજવર સંપૂર્ણ બંધ થયેલ.<br>રાજ્ય સરકારે સપ્ટેમ્બર--૯૮ માં એક ખાનગી કંપનીને બંદરના વિકાસની શક્યતા તપાસવા જરૂરી અભ્યાસો હાથ ધરવા પરવાનગી આપવામાં આવેલ. પરંતુ તે કંપની દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવેલ ન હતી.<br>ખંભાત બંદરના વિકાસ અંગે અવારનવાર રજૂઆતોને ધ્યાને લઈ બંદરના વિકાસ માટે જુન-૨૦૦૬ માં બોર્ડ દ્વારા પ્રીફીઝીબીલીટી સ્ટડી હાથ ધરવા મે. ડેલોઈટને કન્સલ્ટન્ટ તરીકે નિમણૂંક આપવામાં આવેલ અને કન્સલ્ટન્ટ દ્વારા મે--૨૦૦૭ માં પ્રીફીઝીબીલીટી રીપોર્ટ તેયાર કરવામાં આવેલ છે. અહેવાલ અન્વયે બીડ મંગાવી, રાજ્ય સરકારે ખંભાત બંદર વિકસાવવા મે.આઈએલ એન્ડ એફએસ વિકાસકારની પસંદગી કરવામાં આવેલ છે. જેને ગુમેબોર્ડ દ્વારા તા. ૧૯/૨/૨૦૦૮ ના રોજ ""ઈરાદાપત્ર"" આપવામાં આવેલ છે. ઈરાદાપત્રની સંબંધિત જોગવાઈઓ અનુસાર વિકાસકાર કંપનીએ જરૂરી મંજુરીઓ અઢાર (૧૮) માસ સુધીના સમય ગાળામાં મેળવી લીધા બાદ બંદરનું બાંધકામ શરૂ કરવાનું |

રહે છે.

બંદરનો વિકાસ રૂા. ૧૨૦ કરોડના મૂડીરોકાણ સાથે નીચે દર્શાવેલ તબક્કાવાર વિકસાવવામાં આવશે.

૧. તબક્કા--૧ :-બે બર્થ વાર્ષિક ક્ષમતા ૩.૬ મીલીયન મે. ટન મુખ્યત્વે કોલસાની હેરફેર માટે ૨૦૧૨ સુધી
૨. તબક્કા--૨:--વાર્ષિક ક્ષમતા ૫.૪ મીલીયન મે. ટન બલ્ક અને અન્ય કાર્ગો માટે ૨૦૧૬ સુધી
૩. તબક્કા--૩:--વાર્ષિક ક્ષમતા ૭.૨ મીલીયન મે.ટન બલ્ક અને અન્ય ૨૦૨૦ સુધી

ખંભાત બંદરના વિકાસથી, આણંદ, વડોદરા, અમદાવાદ અને પીઠ પ્રદેશમાં મધ્યપ્રદેશ અને રાજસ્થાનમાં આયાત નિકાસની તક વધશે અને રોજગારીની તકો વધશે.

------------

**વીડીઓ કોન્ફરન્સ દ્વારા કેદીઓને કોર્ટ સમક્ષ રજૂ કરવા અંગે**

૩૦૧૬ **શ્રી ભરત બારોટ(દરિયાપુર-કાઝીપુર) : માનનીય જેલ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જેલ કોર્ટ વીડીઓ કોન્ફરન્સીંગ દ્વારા તા. ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા કેદીઓને કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવ્યા,

**જવાબ**

(૧) (અ) ૧૧,૩૨૨

(બ) વધુમાં, આ વીડીઓ કોન્ફરન્સીંગ સીસ્ટમથી આરોપીઓને કોર્ટ સમક્ષ રજુ કરવાની શરૂઆત થયા પછી ફેબ્રુઆરી-૦૮ સુધીમાં નીચેની વિગતે આરોપીઓને કોર્ટ સમક્ષ રજુ કરવામાં આવેલ છે.

| વર્ષ | અમદાવાદ મધ્યસ્થ જેલ | વડોદરા મધ્યસ્થ જેલ | રાજકોટ જીલ્લા જેલ | ભાવનગર જીલ્લા જેલ | કુલ |
|---|---|---|---|---|---|
| ૨૦૦૪ | ૩૬૬૭ | - | - | - | ૩૬૬૭ |
| ૨૦૦૫ | ૨૪૧૩ | - | - | - | ૨૪૧૩ |
| ૨૦૦૬ | ૩૩૯૬ | ૫૭૮ | ૩૧૧ | ૧૫૪૧ | ૫૮૨૬ |
| ૨૦૦૭ | ૩૩૧૯ | ૭૭૮ | ૨૬૯ | ૯૦૯ | ૫૨૭૫ |
| ૨૦૦૮ (ફેબ્રુ.-૦૮ સુધી) | ૬૭ | ૩૭૫ | ૧૮ | ૧૨૫ | ૫૮૫ |
| **કુલ** | **૧૨૮૬૨** | **૧૭૩૧** | **૫૯૮** | **૨૫૭૫** | **૧૭૭૬૬** |

**પ્રશ્ન**

(૨) આ પ્રકારની સુવિધાઓથી સરકારશ્રીને નાણાંકીય તથા સુરક્ષાની દ્રષ્ટિએ કોઇ પ્રકારનો લાભ થયેલ છે કે કેમ, અને

**જવાબ**

(૨) અને (૩)

હા,જી. વિડીઓ કોન્ફરન્સીંગ સુવિધાના કારણે નાણાંકીય તથા સુરક્ષાની દ્રષ્ટિએ નીચે મુજબના લાભો ઉપલબ્ધ થયેલ છે :-

(૩) જો હા, તો શું લાભ થયેલ છે ?

૧. કેદીઓને જેલથી કોર્ટ ખાતે લઈ જવા અને જેલ ખાતે પરત લાવવા માટે રોકાતા પોલીસ એસ્કોર્ટના માણસોની જરૂરીયાત ઓછી થવા પામેલ હોવાથી પોલીસ કર્મચારીઓની સેવાઓ અન્યત્ર વાપરવા માટે ઉપલબ્ધ બનેલ છે.

૨. કેદીઓને રીમાન્ડ એક્ષટેન્શન માટે લઈ જવામાં વપરાતા પોલીસ વાહનોના બળતણ અને ઘસારા ખર્ચમાં નોંધપાત્ર બચત થાય છે.

૩. રીઢા ગુનેગારોને જેલથી કોર્ટ વચ્ચેના પ્રવાસ દરમ્યાન નાસી જવાની તક હવે મળી શકશે નહી.

૪. કેદીઓના સંબંધીઓ અને સાગરીતોને કેદીઓને કોર્ટ સંકુલમાં અનધિકૃત રીતે મળવાની શક્યતા નિયંત્રીત કરી શકાયેલ છે.

૫. નામદાર કોર્ટોના સમય અને સંશાધનોની બચત થવાથી, પેન્ડીંગ કેસોનો ઝડપી નિકાલ શક્ય બને છે.

૬. કેદીઓની અવર-જવર વખતે જેલ ખાતે કરવાની થતી વહીવટી પ્રક્રિયામાં વપરાતા સમય, શ્રમ અને અન્ય સંશાધનોની બચત થવાથી જેલ વહીવટ કરકસર યુક્ત બનેલ છે.

૭. કેદીઓને જેલ બહાર લઈ જવાની જરૂરીયાત નિયંત્રીત થતા, કેદીઓના માનવીય ગોરવની વધુ અસરકારક જાળવણી શક્ય બનેલ છે.

૮. ન્યાયાધીશશ્રીને કેસની સુનાવણી માટે જેલ ખાતે રૂબરૂ જવાની જરૂર પડતી ન હોઈ, ન્યાયાધીશશ્રીના પણ કિંમતી સમયનો બચાવ થાય છે.

૯. નામચીન અને કુખ્યાત આરોપીઓ/કેદીઓને અદાલતોના પરિસરમાં રૂબરૂ લાવવા જરૂરી ન બનતા હોઈ, કાયદો અને વ્યવસ્થાની જાળવણીનો પ્રશ્ન પણ ઉપસ્થિત થતો નથી.

------------

**રાજ્યની જમીન અને દરિયાઇ સરહદ પર થતી રાષ્ટ્ર વિરોધી પ્રવૃત્તિ**

૨૮૮૬ **શ્રીમતી ઉષાબેન ગી.પટેલ (પારડી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યની જમીન અને દરિયાઇ સરહદ પરથી રાજ્ય રાષ્ટ્ર વિરોધી પ્રવૃત્તિ થતી હોવાનું રાજ્ય સરકારના ધ્યાનમાં છે કે કેમ, અને

(૨) જો હા, તો આ વિસ્તારની સલામતી વ્યવસ્થા વધુ સુદ્રઢ બનાવવા માટે રાજ્ય સરકારે ક્યા પગલાંઓ લીધેલ છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) આ વિસ્તારની સલામતી વ્યવસ્થા વધુ સુદ્રઢ બનાવવા માટે સરકારે નીચે મુજબ પગલાં લીધેલ છે :-

**જમીન સરહદ ઉપર સુરક્ષા :-**

(૧) રાજ્યની ૫૧૨ કી.મી.ની જમીન સરહદ આવેલ છે. જેના મોટાભાગના વિસ્તારમાં ફેન્સીંગ કરવામાં આવેલ છે. તેમજ બાકીના ભાગમાં પણ આ કાર્યવાહી ચાલુ છે.

(૨) બી.એસ.એફ., સ્થાનિક પોલીસ બોર્ડરવીંગ હોમગાર્ડઝ, કેન્દ્રની તથા રાજ્યની ઈન્ટેલીજન્સ એજન્સીઓ, ડીફેન્સ એસ્ટાબ્લીશમેન્ટ જેવા કે આર્મી, એરફોર્સ સરહદ ઉપર ફરજ પર મુકેલ છે.

(૩) ફ્લડ લાઈટોની વ્યવસ્થા કરેલ છે.

(૪) સુરક્ષા અને ઈન્ટેલીજન્સ એજન્સીઓ વચ્ચે સંકલન કરવામાં આવે છે. રાષ્ટ્રની સલામતિને જોખમમાં મુકે તેવી જે માહિતી મળે તો તે અંગે તંત્રને સાબદુ કરી તમામને સતર્ક કરવામાં આવે છે.

**દરિયાઈ સરહદી સુરક્ષા અંગે :-**

(૧) દરિયાઈ સરહદ અંગે કેન્દ્ર અને રાજ્યની એજન્સીઓ, જેવી કે, કસ્ટમ, કોસ્ટગાર્ડ, નેવી, આર્મી,

એરફોર્સ, ગુજરાત મેરી ટાઈમ બોર્ડ, ફીશરીઝ ડીપાર્ટમેન્ટ તથા ઈન્ટેલીજન્સ એજન્સીઓ દ્વારા સતત ચાંપતી નજર રાખવામાં આવે છે

(૨) કસ્ટમ, પોલીસ તથા કોસ્ટગાર્ડ દ્વારા સંયુક્ત દરિયાઈ પેટ્રોલીંગ કરવામાં આવે છે.

(૩) રાજ્ય સરકારે રૂા. ૩૨૭ કરોડનો લાંબા ગાળાનો કોસ્ટલ સીક્યોરીટી પ્લાન ભારત સરકારને મંજૂરી માટે મોકલેલ હતો. જેમાં દરિયાકાંઠા વિસ્તારના ૧૧ જિલ્લાઓમાં ૫૧ કોસ્ટલ પોલીસ સ્ટેશન, ૬૩ આઉટ પોસ્ટ અને ૨૫ ચેકપોસ્ટ કરવાનું આયોજન હતું. તે પૈકી ભારત સરકારે રૂા. ૫૮.૪૨ કરોડનો કોસ્ટલ સીક્યોરીટી પ્લાન મંજુર કરેલ છે. જેમાં દરિયાકાંઠાના ૭ જીલ્લાઓમાં ૧૦ કોસ્ટલ પોલીસ સ્ટેશન, ૪૬ આઉટ પોસ્ટ અને ૨૫ ચેકપોસ્ટ મંજુર કરેલ છે. રૂા. ૫૦ કરોડની સ્પીડ બોટ ભારત સરકાર તરફથી પુરી પાડવામાં આવનાર છે.

(૪) મંજુર થયેલ ૧૦ કોસ્ટલ પોલીસ સ્ટેશન કાર્યરત કરવામાં આવેલ છે. જેમાં આંતરિક વ્યવસ્થાથી મહેકમ મુકવામાં આવેલ છે. તે પૈકી ૧૦૪ જવાનોને તાલીમ આપવામાં આવેલ છે. કુલ ૩૭૩ નવી જગ્યાઓ ઉભી કરવામાં આવેલ છે. જેમાં કુલ ૧૪૦ ક્રુ મેમ્બરનો સમાવેશ થાય છે. કોસ્ટલ પોલીસ સ્ટેશનના બાંધકામ માટે રૂા. ૬.૨ કરોડની જોગવાઈ કરેલ છે તથા રૂા. ૧.૯૮ કરોડની જોગવાઈમાંથી ૨૦ જીપ તથા ૩૦ મોટર સાઈક્લ ખરીદીને દરેક પોલીસ સ્ટેશનને ફાળવવામાં આવેલ છે.

(૫) ફીશરમેન વોચગ્રુપની રચના કરવામાં આવેલ છે.

------------

**સચિવાલયના અનુસૂચિત જનજાતિની સંવર્ગવાર ખાલી જગ્યાઓ**

૨૬૯૮ **શ્રી બચુભાઈ ના. કિશોરી (લીમડી) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ સચિવાલયમાં અનુસૂચિત જનજાતિની સંવર્ગવાર કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨) આ જગ્યાઓ સરકાર ક્યાં સુધી ભરવા માંગે છે ?

**જવાબ**

(૧) સચિવાલય સંવર્ગમાં નીચે દર્શાવેલ સંવર્ગમાં અનુસૂચિત જનજાતિની જગ્યાઓ ખાલી છે.

| | અનુસૂચિત જનજાતિની ખાલી જગ્યાઓ |
|---|---|
| સેક્શન અધિકારી | ૪ |
| નાયબ સેક્શન અધિકારી | ૨૯ |
| ગુજરાતી ટાઈપીસ્ટ | ૧ |
| અંગ્રેજી ટાઈપીસ્ટ | ૬ |
| અગ્ર રહસ્ય સચિવ (અંગ્રેજી, સ્ટેનો ગ્રેડ-૧) | ૧ |
| રહસ્ય સચિવ (અંગ્રેજી, સ્ટેનો ગ્રેડ-૧) | ૩ |
| અંગત મદદનીશ (ગુજરાતી સ્ટેનો ગ્રેડ-૨) | ૪ |
| અંગત મદદનીશ (અંગ્રેજી સ્ટેનો. ગ્રેડ-૨) | ૧ |
| ગુજરાતી સ્ટેનો. ગ્રેડ-૩ | ૧ |

(૨) બનતી ત્વરાએ

------------

**ભિલોડા તાલુકામાં વીજળી જોડાણની પડતર અરજીઓ**

૩૨૫૯ **ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સાબરકાંઠા જિલ્લાના ભિલોડા તાલુકામાંથી તા. ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ કુવા માટે વિજળીના ક્નેકશન મેળવવા માટે કેટલી અરજીઓ પડતર છે, | (૧) નાણા ભરપાઈ થયેલી ૧૪ અરજીઓ પડતર છે. |
| (૨) આ અરજીઓ પડતર રહેવાના કારણો શા છે, અને<br>(૩) ક્યાં સુધી આ ક્નેકશનો આપવા માગો છો ? | (૨) અને (૩)<br>ઉક્ત તમામ પડતર અરજીઓમાં કામગીરી પૂર્ણ કરવામાં આવી હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

**રાજ્યના કાર્યરત સી.એન.જી. સ્ટેશનો**

૩૦૯૯**શ્રી કાળુભાઈ ચ.રાઠોડ (ઉના) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યમાં તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ કેટલા સી.એન.જી. સ્ટેશનો કાર્યરત છે, અને | (૧) ૧૦૬. |
| (૨) ભવિષ્યમાં કેટલા વધુ સ્ટેશનો બનાવવા સરકારનું આયોજન છે ? | (૨) હાલમાં વધુ ગેસની ફાળવણી માટેની રાજ્ય સરકારની માંગણી કેન્દ્ર સરકારમાં પડતર છે. કેન્દ્ર સરકાર તરફથી જેમ જેમ ગેસની ઉપલબ્ધિ થશે તેમ તેમ નવા સી.એન.જી. સ્ટેશનો ઉભા કરવામાં આવશે. |

------------

**મીઠાની નિકાસ માટે બંદરીય સવલતો**

૨૬૯૩ **શ્રી કાંતિભાઇ શી.અમૃતિયા (મોરબી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| રાજકોટ જિલ્લાના માળિયા મિયાણા તાલુકામાં મીઠાના નિકાસ માટે સરકાર ધ્વારા કોઈ બંદરીય સવલતો પૂરી પાડવાનું આયોજન કરવામાં આવેલ છે કે કેમ ? | હા, જી. |

------------

**જોડીયા બંદર ખાતે શીપ બ્રેકીંગ યાર્ડ શરૂ કરવા અંગે**

૩૨૭૩ **શ્રી રાઘવજીભાઈ હં.પટેલ (જોડીયા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્ય સરકારે જોડીયા બંદર ખાતે શીપ બ્રેકીંગ યાર્ડ શરૂ કરવા કોઈ ખાનગી કંપની સાથે કરારો કર્યા છે તે હકીકત સાચી છે, અને | (૧) ના જી. |
| (૨) જો હા, તો આ બંદર પર ક્યારે શીપ બ્રેકીંગનું કામ શરૂ કરવામાં આવશે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

**રાજીવ ગાંધી વીજળીકરણ યોજના હેઠળ ખેડા જિલ્લામાં અપાયેલ વીજ જોડાણ**

૨૪૫૩ **શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર(મહુધા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ખેડા જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજીવ ગાંધી વીજળીકરણ યોજના હેઠળ તાલુકાવાર કેટલા ઝૂંપડા-ઝુંપડપટ્ટી વિસ્તારનો સર્વે કરી કેટલાને વીજજોડાણો આપવામાં આવ્યા, અને<br>(૨) આવા વીજજોડાણો સત્વરે આપવા રાજ્ય સરકારે શું આયોજન કરેલ છે ? | (૧) અને (૨)<br>તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ ખેડા જિલ્લામાં આર.જી.જી.વી.વાય. ને મંજુરી મળેલ ન હોવાથી ઝુંપડપટ્ટી વિસ્તારનો સર્વે કરી વીજજોડાણ આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. પરંતુ રાજ્ય સરકારે ઉદાર વલણ દાખવી રાજ્યની ઝુંપડા વીજળીકરણ યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં ૧૩૦૪૨ અરજીઓનો સર્વે કરી ૧૨૮૮૨ લાભાર્થીઓને વીજજોડાણ આપેલ છે. |

## એફ. એસ.એલ. દ્વારા ન્યાયાધીશો અને એડવોકેટોને તાલીમ

૨૮૮૨ **શ્રી અનિલકુમાર પટેલ(મહેસાણા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યની ફોરેન્સીક સાયન્સ લેબોરેટરી દ્વારા ન્યાયાધીશો અને એડવોકેટો માટે કોઈ પ્રકારના તાલીમ કોર્ષ યોજવામાં આવે છે કે કેમ, અને | (૧) રાજ્યની ફોરેન્સીક સાયન્સ લેબોરેટરી ગુન્હાની તપાસ ઉપરાંત તાલીમ ક્ષેત્રે પણ દેશમાં મોખરાનું સ્થાન ધરાવે છે. કેન્દ્ર સરકારના ગૃહ મંત્રાલય ધ્વારા રાજ્યની એફ.એસ.એલ.ને તમામ પ્રકારના રાષ્ટ્રીય કક્ષાના તાલીમ કાર્યક્રમો યોજવા માટે માન્યતા આપવામાં આવેલ છે. એફ.એસ.એલ. ધ્વારા ગુન્હાને લગતા અહેવાલો આપવામાં આવે છે જે ઘણાંજ મહત્વના પુરાવા બની રહે છે. પોલીસ તેમજ અન્ય તપાસ સંસ્થાઓના અધિકારીઓને તાલીમ આપવા ઉપરાંત આ ખાતાએ ન્યાયાધીશોને ફોરેન્સીક સાયન્સ ક્ષેત્રમાં વિગતવાર તાલીમ આપવા માટેની પહેલ કરેલ છે. છેલ્લા પાંચ વર્ષમાં ગુજરાતના લગભગ તમામ જ્યુડીશીયલ ઓફિસરોને આ પ્રકારની તાલીમ આપવામાં આવેલ છે. ગુન્હાના કેસોમાં સરકાર તરફથી અસરકારક રજુઆત થઈ શકે તે હેતુથી સરકારી વકીલોને પણ તાલીમ આપવાનું શરૂ કરવામાં આવેલ છે. આમ રાજ્યની એફ.એસ.એલ. ધ્વારા ન્યાયાધીશોને નિયમીત ધોરણે તાલીમ આપવા માટે વિવિધ કોર્ષોનું આયોજન રાજ્યની જ્યુડીશીયલ એકેડેમીના સહયોગથી કરવામાં આવે છે. ઉપરાંત અન્ય રાજ્યોના ન્યાયાધીશોને પણ રાષ્ટ્રીય કક્ષાના તાલીમ કાર્યક્રમો ધ્વારા આવી તાલીમ આપવામાં આવે છે. |
| (૨) હા, તો વર્ષ ૨૦૦૭માં કેટલા ન્યાયાધીશો અને એડવોકેટોએ આ તાલીમી કોર્ષમાં હાજરી આપેલ છે ? | (૨) ૨૦૦૭ ના વર્ષમાં રાજ્ય તેમજ રાજ્ય બહારના થઈ કુલ ૧૫૦ જેટલા ન્યાયાધીશો અને એડવોકેટોએ આ તાલીમ કોર્ષમાં હાજરી આપેલ છે. |

------------

## એફ.એસ.એલ. ધ્વારા અન્ય રાજ્યોને ફોરેન્સીક સહાય

૩૧૩૩ **શ્રી દિલીપસિંહ વ. પરમાર(મોડાસા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગુજરાત રાજ્યના ડાયરેક્ટર ઓફ ફોરેન્સીક સાયન્સ લેબોરેટરી ધ્વારા અન્ય રાજ્યોને ફોરેન્સીક સહાયતા પૂરી પાડવામાં આવે છે કે કેમ, અને | (૧) હા જી, રાજ્યના ડાયરેક્ટોરેટ ઓફ ફોરેન્સીક સાયન્સ ધ્વારા દેશના અન્ય રાજ્યોને તેમજ કેન્દ્ર સરકારની સી.બી.આઈ., એન.સી.બી., મીલીટરી જેવી સંસ્થાઓને જટીલ અને મુશ્કેલ ગુન્હાઓની તપાસમાં મદદ પુરી પાડવામાં આવે છે. સને ૨૦૦૭ ના વર્ષમાં કુલ-૨૭૨ કેસોમાં આવી રાજ્ય બહારની સંસ્થાઓને મદદ પુરી પાડવામાં આવેલ. એફ.એસ.એલ. ધ્વારા મદદ પુરી પડાયેલ હોય તેવા બહુ ચર્ચીત મહત્વના કેસોમાં તેલગી કેસ, મધુમીતા શુક્લા (અમરમણી ત્રિપાઠી) મર્ડર કેસ, ઉજ્જૈનનો સીરીયલ કીલર કેસ, નિઠારીનો સામુહીક બળાત્કાર/ખૂન કેસ, |

પ્રાઈમ મીનીસ્ટર સીક્યોરીટીનો કેસ, પાર્લામેન્ટ પર હુમલાનો કેસ, રાજસ્થાનમાં પકડાયેલ હીઝબુલ મુઝાઈદ્દીન-ત્રાસવાદીઓનો કેસ, જમ્મુ કાશ્મીરનો અનારા ગુપ્તા સી.ડી. કેસ વગેરેનો સમાવેશ થાય છે.

(૨) જો હા, તો વર્ષ ૨૦૦૭માં ક્યા ક્યા રાજ્યોને તથા કેન્દ્રીય તપાસ એજન્સીઓને કેટલા કેસમાં આવી સહાયતા પૂરી પાડવામાં આવેલ છે ?

(૨) રાજ્યની એફ.એસ.એલ. આધુનિક, પારદર્શક તથા તટસ્થ હોવાને કારણે અન્ય રાજ્યો તથા કેન્દ્ર સરકાર વિવિધ સંસ્થાઓ ગુન્હાઓની તપાસમાં તેની મદદ લે છે. એફ.એસ.એલ. ધ્વારા વર્ષ ૨૦૦૭માં બહારના રાજ્યો/કેન્દ્ર સરકારની સંસ્થાઓને જે મદદ પુરી પાડવામાં આવેલ છે તેની વિગત નીચે મુજબ છે.

| અ. નં. | રાજ્યનું નામ | કેસો |
|---|---|---|
| ૧ | ઉત્તરપ્રદેશ | ૧૫ |
| ૨ | રાજસ્થાન | ૧૨ |
| ૩ | દિલ્હી | ૪૮ |
| ૪ | ગોવા | ૬ |
| ૫ | મધ્યપ્રદેશ | ૧૯ |
| ૬ | બિહાર | ૧૦ |
| ૭ | મહારાષ્ટ્ર | ૩ |
| ૮ | નાગાલેન્ડ | ૧ |
| ૯ | હરીયાણા | ૧૧ |
| ૧૦ | ઝારખંડ | ૪ |
| ૧૧ | જમ્મુ-કાશ્મીર | ૪ |
| ૧૨ | તામીલનાડુ | ૧ |
| ૧૩ | પશ્ચિ બંગાળ | ૫ |
| ૧૪ | કર્ણાટક | ૧ |
| કેન્દ્રીય સંસ્થાઓ | | |
| ૧ | ૨ | ૩ |
| ૧૫ | સી.બી.આઈ. | ૫ |
| ૧૬ | રેલ્વે | ૭ |
| ૧૭ | દાદરાનગર હવેલી | ૭ |
| ૧૮ | દમણ | ૧૦૧ |
| ૧૯ | દીવ | ૫ |
| ૨૦ | એરફોર્સ | ૨ |
| ૨૧ | ડી.આર.આઈ. | ૫ |
| | **કુલ :** | **૨૭૨** |

------------

## સાવલી તાલુકાની કેનાલના બાંધકામ અંગે

૧૬૮૨ **શ્રી ખુમાનસિંહ ચૌહાણ (સાવલી) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લાના સાવલી તાલુકામાં ૧૧-એ/૧ ની કેનાલના બાંધકામ માટે કઈ કઈ એજન્સીઓને ક્યારે કામ સોંપવામાં આવેલ છે, અને

**જવાબ**

(૧) વડોદરા જિલ્લાના સાવલી તાલુકામાં ૧૧-એ/૧ ની કેનાલના બાંધકામ માટે નીચે મુજબની એજન્સીઓને કામો સોંપવામાં આવેલ છે.

| અ.નં. | પેકેજ નંબર | એજન્સીનું નામ | કામો સોંપ્યાની તારીખ |
|---|---|---|---|
| ૧ | ૧૧-એ ૧ | મે. નિતીન કન્સ્ટ્રકશન, | ઓકટોમ્બર-૧૯૯૯ |
| ૨ | ૧૧-એ૧/૧ | મે. વિનોદ એચ. પટેલ, ગોરડ | ૯-૧૨-૨૦૦૪ |
| ૩ | ૧૧-એ૧/૨ | મે. સંજીવ એન. પંડ્યા, ગોધરા | ૧૬-૧૧-૨૦૦૪ |

| | | | |
|---|---|---|---|
| ૩ | ૧૧-એ૧/૨ | મે. સંજીવ એન. પંડ્યા, ગોધરા | ૧૬-૧૧-૨૦૦૪ |
| ૪ | ૧૧-એ૧/૩ | મે. નિયતી ક્ન્સ્ટ્રકશન, વડોદરા | ૨૨-૧૧-૨૦૦૪ |
| ૫ | ૧૧-એ૧/૪ | મે. રાણા બિલ્ડર્સ, જુનાગઢ | ૧૬-૧૧-૨૦૦૪ |
| ૬ | ૧૧-એ૧/૫ | મે. માસ ક્ન્સ્ટ્રકશન, વડોદરા | ૨૫-૧૦-૨૦૦૪ |
| ૭ | ૧૧-એ૧/૬ | મે. સુતરેજા ક્ન્સ્ટ્રકશન, જુનાગઢ | ૨૭-૧૦-૨૦૦૪ |
| ૮ | ૧૧-એ૧/૭ | મે. સંજીવ એન. પંડ્યા, ગોધરા | ૧૬-૧૧-૨૦૦૪ |
| ૯ | ૧૧-એ૧/૮ | મે. માસ ક્ન્સ્ટ્રકશન, વડોદરા | ૨૭-૧૦-૨૦૦૪ |
| ૧૦ | ૧૧-એ૧/૯ | મે. માસ ક્ન્સ્ટ્રકશન, વડોદરા | ૧૬-૧૧-૨૦૦૪ |
| ૧૧ | ૧૧-એ૧/૧૦ | મે. નિર્માણ બિલ્ડર્સ, વડોદરા | ૧૮-૧૧-૨૦૦૪ |
| ૧૨ | ૧૧-એ૧/૧૧ | મે. માસ ક્ન્સ્ટ્રકશન, વડોદરા | ૧૮-૧૨-૨૦૦૪ |

(૨) તે અન્વયે તા. ૩૧-૧૨-૨૦૦૭ ની સ્થિતિએ આ કાર્યવાહી ક્યા તબક્કે છે ?

(૨) તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ બધા કામો પૂર્ણ થયેલ છે.

------------

**મહિલાઓ દ્વારા ઉત્પાદિત વસ્તુઓની વેચાણ વ્યવસ્થા**

૨૨૭૩ **શ્રી કિશોર વાંકાવાલા (સુરત શહેર (પશ્ચિમ) : માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યની હસ્તકલા ક્ષેત્ર કાર્યરત મહિલાઓ ધ્વારા ઉત્પાદિત ચીજ વસ્તુઓના વેચાણ માટે કોઈ વ્યવસ્થા કરવામાં આવેલ છે કે કેમ, અને

(૨) જો હા, હોય તો તેની વિગતો શું છે ?

**જવાબ**

(૧) હા, જી.

રાજ્ય સરકારની ક્ચેરીઓ તથા બોર્ડ/નિગમો દ્વારા યોજાતા મેળા, પ્રદર્શનોમાં સ્ટોલ ફાળવીને ઉત્પાદિત ચીજવસ્તુઓના વેચાણની તક આપવામાં આવે છે.

(૨) ઈન્ડેક્ષ્ટ-સી દ્વારા છેલ્લા બે વર્ષમાં યોજેલ બાવન મેળામાં ૭૯૧ મહિલા કારીગરોએ ભાગ લઈ રૂા. ૨૫૬ લાખના માલનું વેચાણ કરેલ છે. માટીકામ ક્લાકારી બોર્ડે બે વર્ષમાં યોજેલ ૧૨ મેળામાં ૧૨૯ મહિલા કારીગરોએ ભાગ લઈ રૂા. ૫૦.૪૫ લાખના માટીકામ માલનું વેચાણ કરેલ છે. ગુજરાત રાજ્ય મહિલા આર્થિક વિકાસ નિગમ દ્વારા બે વર્ષમાં યોજેલ ૧૨ મેળામાં ૩૭૩ મહિલા કારીગરોએ ભાગ લઈ રૂા. ૫૩.૭૫ લાખના માલનું વેચાણ કરેલ છે. ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ દ્વારા બે વર્ષમાં યોજેલ ૯ મેળામાં ૫૫ મહિલા કારીગરોએ ભાગ લઈ રૂા. ૩૩.૯૫ લાખના માલનું વેચાણ કરેલ છે. ગુજરાત રાજ્ય હાથશાળ અને હસ્તકલા વિકાસ નિગમ દ્વારા બે વર્ષમાં યોજાયેલ ૧૬૮ પ્રદર્શનોમાં ૧૩૮ મહિલા કારીગરોએ ભાગ લઈ

રૂા. ૭૫.૦૫ લાખના માલનું વેચાણ કરેલ છે. આ ઉપરાંત આ નિગમ દ્વારા છેલ્લા બે વર્ષમાં ૯૫૫૬ મહિલા કારીગરોના રૂા. ૫૦૪ લાખના માલની ખરીદી કરી નિગમના એમ્પોરીયમ દ્વારા વેચાણ કરવામાં આવેલ છે. આ ઉપરાંત ગ્રામ વિકાસ કમિશ્નરશ્રી દ્વારા યોજાતા સરસ મેળાઓમાં સ્ટોલ ફાળવી મહિલા કારીગરો દ્વારા ઉત્પાદિત ચીજવસ્તુઓના વેચાણની તક આપવામાં આવે છે. આ સર્વે મેળાઓમાં પુરૂષ કારીગરો કે સંસ્થાઓને અપાતા સ્ટોલ્સના માલ વેચાણમાં ઉત્પાદન કક્ષાએ મહિલા કારીગરો કામ કરતા હોઈ, આ માલ વેચાણનો લાભ રોજગારી માટે મહિલા કારીગરોને મળતો હોય છે.

------------

## પોલીસ દળ માટેની તાલીમી સંસ્થાઓ

૨૮૯૯ **શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (અસારવા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકાર દ્વારા પોલીસ દળ માટે પોલીસ દળના આધુનીકરણ માટે કઈ કઈ તાલીમી સંસ્થાઓ ચલાવવામાં આવે છે, | (૧), (૨) અને (૩)<br>રાજ્યમાં,<br>૧. ગુજરાત પોલીસ એકેડેમી, કરાઈ<br>૨. પોલીસ તાલીમ શાળા, વડોદરા |
| (૨) આ તાલીમી સંસ્થાઓને અધ્યતન બનાવવા માટે ૨૦૦૭-૦૮ ના વર્ષમાં કેટલી રકમ ફાળવવામાં આવી છે, અને | ૩. પોલીસ તાલીમ મહાવિદ્યાલય, જુનાગઢ<br>૪. રાજ્ય અનામત પોલીસ તાલીમ કેન્દ્ર, ચોકી (સોરઠ) એમ કુલ ચાર પોલીસ તાલીમ સંસ્થાઓ ચલાવવામાં આવે છે. |
| (૩) કેટલા સ્થળોએ આવી તાલીમ આપી ? | રૂા. ૬,૪૨,૧૪,૦૦૦/- ની ફાળવણી કરવામાં આવેલ છે. |

------------

## કરાઈ ખાતે તાલીમી સંસ્થામાં અપાતી તાલીમ અંગે

૨૯૦૨ **શ્રી શંભુજી ઠાકોર(ગાંધીનગર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગાંધીનગર જિલ્લાના કરાઈ ખાતે અદ્યતન પોલીસ તાલીમ સંસ્થા સ્થાપવામાં આવી છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તાલીમી સંસ્થામાં કઈ કક્ષાના અધિકારી/કર્મચારીને ક્યા ક્યા પ્રકારની તાલીમ આપવામાં આવે છે, અને | (૨) તાલીમ સંસ્થામાં સીધી ભરતીના બિન હથિયારી પો.સ.ઈ., ના.પો.અધિ. તથા પ્રોબેશ્નર આઈ.પી.એસ. ને તાલીમ આપવામાં આવે છે. તથા રાજ્ય બહારના વધારે સંખ્યામાં આવેલ રીક્રુટ પો.કો. ને પણ બેઝિક તાલીમ આપવામાં આવે છે.<br>૧. ભારતીય પોલીસ સેવાનાં અધિકારીઓની (ડીસ્ટ્રીકીટ પ્રેક્ટીકલ તાલીમ)<br>૨. નાયબ પોલીસ અધિક્ષક માટેની બુનિયાદી તાલીમ.<br>૩. પોલીસ સબ ઈન્સપેક્ટરના બુનિયાદી તાલીમ તથા રીફ્રેશર કોર્ષ.<br>૪. હથિયારી, બિન હથિયારી પોલીસ સુપ્રિ., ના.પો.અધિ., પો.ઈ., પો.સ.ઈ. ની બુનિયાદી તેમજ રીફ્રેશર તાલીમ.<br>૫. પોલીસ બેન્ડ માટેનાં બેઝિક અને રીફ્રેશર કોર્ષ.<br>૬. રાજ્ય અનામત પોલીસ / પોલીસ કમાન્ડો માટેનાં તાલીમ કોર્ષ.<br>૭. અનાર્મ્ડ કોમ્બેટ અંગેના તાલીમ કોર્ષ.<br>૮. ડ્રીલ ઈન્સ્ટ્રક્ટરના તાલીમ કોર્ષ. |

૯. વિવિધ રેન્કના ઈન્ડકશન કોર્ષ.
૧૦. પી.એસ.ઓ માટેના તાલીમ કોર્ષ.
૧૧. રીલેશનશીપ મેનેજમેન્ટ અંગેનો વર્કશોપ.
૧૨. ખાતાકીય તપાસ અંગેના કોર્ષ.
૧૩. એન.સી.બી. ડ્રગ લો.
૧૪. વી-ગર્વનન્સ ""કર્મયોગી"" તાલીમ.
૧૫. કોમ્પ્યુટર બેઝિક પ્રોગ્રામીંગના ખાસ તાલીમ કોર્ષ.
૧૬. જેન્ડર સેન્સોટાઈઝેશન વર્કશોપ (જ્યુડીશીયલ, જેલ, સોશીયલ વેલ્ફેરના અધિકારી તેમજ પોલીસ અધિકારીઓએ ભાગ લીધેલ).
૧૭. આર્થિક ગુન્હા અંગેના વર્કશોપ.

(૩) છેલ્લા ૨ કેલેન્ડર વર્ષમાં કેટલા કર્મચારીઓને તાલીમ આપી ?

(૩) ૩૨૧૬ કર્મચારીઓને તાલીમ આપી.

------------

**એફ.એસ.એલ. દ્વારા ખાનગી સંસ્થા અને વ્યક્તિઓને તાલીમ**

૨૮૮૩ **શ્રી બાબુભાઈ જે.દેસાઈ#>(કાંકરેજ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યની ફોરેન્સીક સાયન્સ લેબોરેટરી દ્વારા ખાનગી સંસ્થા અને વ્યક્તિઓને સેવા પૂરી પાડવામાં આવે છે કે કેમ, અને

(૨) જો હા, તો વર્ષ ૨૦૦૭ માં કઈ કઈ વ્યક્તિ સંસ્થાઓને કઈ કઈ પ્રકારની સુવિધાઓ પૂરી પાડવામાં આવે છે અને તે પેટે કેટલી રકમ લેવામાં આવી છે ?

**જવાબ**

(૧) હા, જી.

રાજ્યની ફોરેન્સીક લેબોરેટરી દ્વારા ખાનગી સંસ્થા અને વ્યક્તિઓને જે સેવા પુરી પાડવામાં આવે છે. તેની વિગત નીચે મુજબ છે.

(અ) રાજ્યમાં પેટ્રોલીયમ નિપજોનું (સોલવન્ટ વગેરે) ઉત્પાદન કરતી કંપનીઓ તથા ડીલરોને તેની પ્રોડક્ટનું લાયસન્સ મેળવતા પહેલાં એફ.એસ.એલ. નું પરીક્ષણ પ્રમાણપત્ર મેળવવા બાબતની સેવા પુરી પાડવામાં આવે છે.

(બ) કોર્ટો દ્વારા ખાનગી સંસ્થા/વ્યક્તિઓના મોકલવામાં આવતાં કેસોમાં અભિપ્રાય આપવાની સેવા પુરી પાડવામાં આવે છે.

(ક) ખાનગી ક્ષેત્રની સંસ્થાઓના સીક્યોરીટી અધિકારી/વિજીલન્સ અધિકારી/બેન્ક ઓફીસરોને પ્રીવેન્સન એન્ડ ડીટેક્શન ઓફ ક્રાઈમના વિષય બાબતની તાલીમની સેવા પૂરી પાડવામાં આવે છે.

(૨) રાજ્યની ફોરેન્સીક લેબોરેટરી દ્વારા વર્ષ ૨૦૦૭માં ખાનગી સંસ્થા અને વ્યક્તિઓને જે સેવા પુરી પાડવામાં આવેલ હતી તે પેટે મળેલ રકમની વિગત નીચે મુજબ છે.

(અ) સને ૨૦૦૭ના વર્ષમાં સોલવન્ટ કેસનાં કુલ ૭ નમુનાનું પરીક્ષણ કરવામાં આવેલ અને ફીની આવક પેટે રૂા. ૨૪,૫૦૦/-ની રકમ લેવામાં આવી છે.

(બ) સને ૨૦૦૭ના વર્ષમાં કોર્ટ ધ્વારા જે વ્યક્તિઓના / ખાનગી સંસ્થાઓના કેસો અભિપ્રાય માટે મોકલવામાં આવ્યા તેની આવક પેટે કુલ આવક રૂા. ૧,૫૯,૪૯૧/-ની રકમ લેવામાં આવેલ છે.

(ક) સને ૨૦૦૭માં ખાનગી કંપનીઓના સીક્યોરીટી અધિકારી /વિજીલન્સ અધિકારી /બેન્ક ઓફીસરોનો પ્રીવેન્સન એન્ડ ડીટેકશન ઓફ ક્રાઈમ તાલીમ કોર્ષ તા. ૨૭-૧૧-૨૦૦૭ થી તા. ૨૯-૧૧-૨૦૦૭ દરમ્યાન યોજવામાં આવેલ જેમાં રૂા. ૧,૬૦,૦૦૦/-ની રકમ લેવામાં આવેલ છે.

------------

## સિનેમાગૃહને જીવતદાન મળે તે માટે લેવાયેલ પગલાં

૩૦૧૦ **શ્રી કાંતિલાલ રા. લકુમ(બાવળા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (માહિતી અને પ્રસારણ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) છેલ્લા બે વર્ષમાં મલ્ટીપ્લેક્સ સિનેમા ગૃહને હિસાબે સિંગલ સ્ક્રીન સિનેમા ગૃહોનો વ્યવસાય મૃતપ્રાય સ્થિતિમાં જઈ રહયો છે તે હકીક્ત સાચી છે, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો આ સિનેમાગૃહોને જીવનદાન મળી રહે તે માટે શા પગલાં લેવામાં આવ્યા અને કેટલી સહાય ચુકવવામાં આવી ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

## પાટણ જિલ્લામાં પોલીસ મહેક્મની ખાલી જ્ગ્યાઓ

૨૯૧૫ **શ્રી જોધાજી ગ. ઠાકોર (વાગડોદ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૦૮ ની સ્થિતિએ પાટણ જિલ્લામાં તાલુકાવાર સંવર્ગવાર પોલીસ મહેકમ મંજૂર થયેલ છે તેની સામે કેટ કેટલી જ્ગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને | (૧) સામેલ પત્રક મુજબ. |
| (૨) આ ખાલી જ્ગ્યાઓ સત્વરે ભરવા સરકારે શી કાર્યવાહી કરી છે ? | (૨) પોલીસ દળના સંવર્ગોના અધતન બનાવેલા ભરતી નિયમોની જોગવાઈ મુજબ વધુ કાર્યક્ષમ પોલીસોની ભરતી કરવામાં આવે છે. લોકરક્ષક (હથિયારી/બિન હથિયારી/મહિલા)ની કુલ ૭૩૮૨ જ્ગ્યાઓ ભરવા માટે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ હસ્તક પ્રક્રિયા ચાલુ છે. મંડળે તાજેતરમાં એસ.આર.પી. લોકરક્ષક્ની જ્ગ્યા માટે ૩૫૫૪ જેટલા ઉમેદવારોના નામોની ભલામણ કરેલ છે. જેમની નિમણૂંક્ની કાર્યવાહી ગતિમાં છે. |

**પત્રક**

| અ.નં. | પો. સ્ટે. | હોદ્દો | મંજુર જ્ગ્યા | હાજર સંખ્યા | ખાલી જ્ગ્યા | ક્યારથી ખાલી | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | ૬ માસ સુધી | ૬ થી ૧૨ માસ સુધી | ૧૨ માસ થી ૨ વર્ષ | ૨ વર્ષથી ઉપર |
| ૧ | પાટણ સીટી | પો. ઈ. | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | | પો.સ.ઈન્સ | ૦૧ | ૦૪ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | | એએસઆઈ | ૧૦ | ૧૨ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | | હેડ. કોન્સ. | ૨૫ | ૧૮ | ૦૭ | ૦૫ | ૦૨ | ૦૦ | ૦૦ |
| | | પો. કોન્સ. | ૮૯ | ૬૩ | ૨૬ | ૧૫ | ૧૦ | ૦૧ | ૦૦ |
| ૨ | પાટણ તાલુકા પો. સ્ટે. | પો. ઈ. | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | | પો.સ.ઈન્સ | ૦૨ | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | | એએસઆઈ | ૧૦ | ૧૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | | હેડ. કોન્સ. | ૧૭ | ૧૬ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | | પો. કોન્સ. | ૬૫ | ૨૬ | ૩૯ | ૧૫ | ૧૪ | ૧૦ | ૦૦ |
| ૩ | વાગદોડ પો. સ્ટે. | પો. ઈ. | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | | પો.સ.ઈન્સ | ૦૧ | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | | એએસઆઈ | ૦૬ | ૦૯ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |

| અ.નં. | પો. સ્ટે. | હોદ્દો | મંજુર જગ્યા | હાજર સંખ્યા | ખાલી જગ્યા | ક્યારથી ખાલી | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | ૬ માસ સુધી | ૬ થી ૧૨ માસ સુધી | ૧૨ માસ થી ૨ વર્ષ | ૨ વર્ષથી ઉપર |
| | | હેડ. કોન્સ. | ૧૧ | ૦૭ | ૦૪ | ૦૪ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | | પો. કોન્સ. | ૨૮ | ૧૭ | ૧૧ | ૦૬ | ૦૫ | ૦૦ | ૦૦ |
| ૪ | સિધ્ધપુર પો. સ્ટે. | પો. ઈ. | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | | પો.સ.ઈન્સ | ૦૨ | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | | એએસઆઈ | ૧૩ | ૦૫ | ૦૮ | ૦૪ | ૦૪ | ૦૦ | ૦૦ |
| | | હેડ. કોન્સ. | ૩૬ | ૧૯ | ૧૭ | ૧૦ | ૦૭ | ૦૦ | ૦૦ |
| | | પો. કોન્સ. | ૮૫ | ૫૫ | ૩૦ | ૨૦ | ૧૦ | ૦૦ | ૦૦ |
| ૫ | કાકોશી પો. સ્ટે. | પો. ઈ. | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | | પો.સ.ઈન્સ | ૦૨ | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | | એએસઆઈ | ૦૯ | ૧૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | | હેડ. કોન્સ. | ૦૭ | ૦૭ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | | પો. કોન્સ. | ૨૪ | ૧૨ | ૧૨ | ૧૦ | ૦૨ | ૦૦ | ૦૦ |
| ૬ | ચાણસ્મા પો. સ્ટે. | પો. ઈ. | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | | પો.સ.ઈન્સ | ૦૨ | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | | એએસઆઈ | ૦૯ | ૧૫ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | | હેડ. કોન્સ. | ૧૭ | ૦૮ | ૦૯ | ૦૯ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | | પો. કોન્સ. | ૬૧ | ૩૭ | ૨૪ | ૧૫ | ૦૯ | ૦૦ | ૦૦ |
| એચબી-૭૦૮૮- | લ્હારીજ પો. સ્ટે. | પો. ઈ. | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | | પો.સ.ઈન્સ | ૦૧ | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | | એએસઆઈ | ૦૮ | ૦૮ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | | હેડ. કોન્સ. | ૧૪ | ૧૧ | ૦૩ | ૦૩ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | | પો. કોન્સ. | ૩૨ | ૨૧ | ૧૧ | ૧૦ | ૦૧ | ૦૦ | ૦૦ |
| ૮ | સમી પો. સ્ટે. | પો. ઈ. | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | | પો.સ.ઈન્સ | ૦૧ | ૦૩ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | | એએસઆઈ | ૦૯ | ૦૪ | ૦૫ | ૦૫ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | | હેડ. કોન્સ. | ૧૩ | ૧૨ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | | પો. કોન્સ. | ૪૦ | ૨૨ | ૧૮ | ૧૫ | ૦૩ | ૦૦ | ૦૦ |
| ૯ | રાધનપુર પો. સ્ટે. | પો. ઈ. | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | | પો.સ.ઈન્સ | ૦૧ | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | | એએસઆઈ | ૦૯ | ૦૭ | ૦૨ | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | | હેડ. કોન્સ. | ૧૭ | ૧૭ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | | પો. કોન્સ. | ૪૬ | ૩૬ | ૧૦ | ૦૮ | ૦૨ | ૦૦ | ૦૦ |
| ૧૦ | વારાહી પો. સ્ટે. | પો. ઈ. | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | | પો.સ.ઈન્સ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |

| અ.નં. | પો. સ્ટે. | હોદ્દો | મંજુર જગ્યા | હાજર સંખ્યા | ખાલી જગ્યા | ક્યારથી ખાલી | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | ૬ માસ સુધી | ૬ થી ૧૨ માસ સુધી | ૧૨ માસ થી ૨ વર્ષ | ૨ વર્ષથી ઉપર |
| | | એએસઆઈ | ૦૪ | ૦૫ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | | હેડ. કોન્સ. | ૧૪ | ૦૯ | ૦૫ | ૦૫ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | | પો. કોન્સ. | ૨૪ | ૧૪ | ૧૦ | ૦૬ | ૦૪ | ૦૦ | ૦૦ |
| ૧૧ | સાતલપુર પો. સ્ટે. | પો. ઈ. | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | | પો.સ.ઈન્સ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | | એએસઆઈ | ૦૪ | ૦૮ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | | હેડ. કોન્સ. | ૦૧ | ૦૫ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | | પો. કોન્સ. | ૧૨ | ૧૨ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |

------------

**વલસાડ જિલ્લામાં ખાદી ગ્રામોદ્યોગ દ્વારા અપાયેલ લાભ**

૩૨૨૫ **શ્રી જીતુભાઈ હ. ચૌધરી (મોટાપોંઢા) : માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં ખાદી ગ્રામોદ્યોગ ધ્વારા કેટલા લાભાર્થીઓને કઈ કઈ યોજનામાં છેલ્લા બે વર્ષમાં લાભ આપેલ છે ?

**જવાબ**

| યોજનાનું નામ | વર્ષ | લાભાર્થી સંખ્યા | રકમ રૂ.લાખમાં |
|---|---|---|---|
| (૧) ખાદી | ૨૦૦૫-૦૬ | ૯૧ | ૨.૩૦ |
| (૨) ગ્રામોદ્યોગ | ૨૦૦૫-૦૬ | ૪૧ | ૫.૯૧ |
| (૩) આર.ઈ.જી.પી | ૨૦૦૫-૦૬ | ૧૮ | ૧૬.૪૮ |
| (૧) ખાદી | ૨૦૦૬-૦૭ | ૭૪ | ૨.૩૯ |
| (૨) ગ્રામોદ્યોગ | ૨૦૦૬-૦૭ | ૯૯ | ૧૨.૬૧ |
| (૩) આર.ઈ.જી.પી | ૨૦૦૬-૦૭ | ૧ | ૧.૪૩ |
| (૧) ખાદી | ૩૧/૧૨/૦૭ની સ્થિતિએ | ૧૮ | ૩.૮૬ |
| (૨) ગ્રામોદ્યોગ | | ૨૫ | ૩.૧૦ |
| (૩) આર.ઈ.જી.પી | | ૧ | ૦૦.૫૪ |

------------

**કોલેજ ટુ કેરીયર કાર્યક્રમની શરૂઆત**

૨૮૦૧ **શ્રી રાકેશ શાહ(એલીસબ્રીજ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકારે કોલેજ ટુ કેરીયર કાર્યક્રમ શરૂ કર્યો છે કે કેમ, અને

(૨) આ કાર્યક્રમમાં કઈ-કઈ કંપનીઓનો સહકાર લેવામાં આવ્યો છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) નીચે દર્શાવ્યાનુસારની બે કંપનીઓનો સહકાર લીધેલ છે.

૧. ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ લિ.

૨. માઈક્રોસોફ્ટ

------------

**વિસાવદર તાલુકામાં ખનીજની રોયલ્ટી**

૨૪૪૩ **શ્રી કનુભાઇ મે. ભાલાળા (વિસાવદર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) છેલ્લા ત્રણ વર્ષમાં વિસાવદર તાલુકામાં ખનીજની રોયલ્ટીની આવક કેટલી થઈ,

**જવાબ**

(૧) છેલ્લા ત્રણ કેલેન્ડર વર્ષોમાં નીચે મુજબ આવક થઈ છે.

| વર્ષ | આવક રૂા. |
|---|---|
| ૨૦૦૫ | ૫૫૧૪૨૧ |
| ૨૦૦૬ | ૨૨૩૮૫૩ |
| ૨૦૦૭ | ૧૩૧૭૭૭ |

(૨) તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ રોયલ્ટી ચોરીના કેટલા ગુના નોંધવામાં આવ્યા, અને

(૨) તા. ૩૧/૧/૦૮ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ૭ ગુના નોંધાવામાં આવેલ છે.

(૩) કેટલો દંડ વસુલવામાં આવ્યો ?

(૩) રૂા. ૧૩,૦૦૦/-

------------

**પોલીસ સ્ટેશનોનું કોમ્પ્યુટરાઈઝેશન**

૨૮૮૫ **શ્રી ગણપતભાઈ વે. વસાવા(માંગરોળ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકારે રાજ્યના તમામ પોલીસ સ્ટેશનોનું કોમ્પ્યુટરાઈઝેશન કરવાનું નક્કી કરેલ છે તે હકીક્ત ખરી છે, અને

(૨) તા. ૩૧-૧-૨૦૦૮ સુધીમાં કેટલા પોલીસ સ્ટેશનનું કોમ્પ્યુટરાઈઝેશન કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) તમામ પોલીસ સ્ટેશનોને કોમ્પ્યુટર પુરા પાડવામાં આવેલ છે તથા ક્નેકટીવીટી પ્રસ્થાપિત કરવામાં આવેલ છે. એપ્લીકેશન સોફ્ટવેરની કામગીરી હાલ ચાલુ છે.

------------

**માધવપુરમાં ખાણોની લીઝ આપવા અંગે**

૨૩૭૦ **શ્રી ભગવાનભાઈ લા.કરગટીયા (માંગરોળ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) માંગરોળ તાલુકામાંના માધવપુર વિસ્તારમાં બિલ્ડીંગ સ્ટોનની જે ખાણો ચાલતી તે તા. ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ બંધ છે તે ખાણો માટે સરકાર દ્વારા લીઝ અને પરમીટ આપવા માંગે છે કેમ,

(૨) જો હા, તો ક્યારે, અને

(૩) જો ના, તો તેના કારણો શું ?

**જવાબ**

(૧), (૨) અને (૩) તા. ૩૧/૧/૦૮ની સ્થિતિએ કુલ ચાર ક્વૉરીલીઝો પૈકી ત્રણ ક્વૉરીલીઝો ચાલુ હતી. એક ક્વૉરીલીઝ કલેકટરશ્રી, પોરબંદરના હુકમ અન્વયે બંધ કરાવવામાં આવેલ, જેમાં પટ્ટેદારશ્રીએ તા. ૨૦/૨/૦૮ના રોજ પોરબંદર કોર્ટનો મનાઈ હુકમ મેળવી ચાલુ રાખેલ છે જે બાબત સબજ્યુડાઈસ છે.

------------

**દરીયાઈ પોલીસ સ્ટેશનો સ્થાપવા અંગે**

૩૨૨૧ **શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા (પોરબંદર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ કેટલા દરીયાઈ પોલીસ સ્ટેશનો કઈ કઈ જ્ગ્યાએ કેટલા મંજૂર થયા છે,

(૨) આ દરીયાઈ પોલીસ સ્ટેશન ઉભા કરવામાં કેન્દ્ર સરકાર ધ્વારા કોઈ સહાયતા પ્રાપ્ત થઈ છે, અને

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ કુલ : ૧૦ દરીયાઈ પોલીસ સ્ટેશનો મંજૂર થયેલ છે :-

(૧) મુંદ્રા
(૨) વાડીનાર
(૩) ઓખા
(૪) બેડી બંદર
(૫) નવી બંદર પોર્ટ
(૬) સોમનાથ
(૭) દેલવાડા (નવા બંદર)
(૮) પીપાવાવ
(૯) ભાવનગર-પોર્ટ
(૧૦) હજીરા

(૨) અને (૩)
હા જી,

(૩) જો હા, તો તેની વિગતો શું છે?

ભારત સરકારે રૂા. ૫૮.૪૨ કરોડની સહાય મંજૂર કરેલ છે. જે પૈકી રૂા. ૮ કરોડ નીચેની વિગતે ફાળવેલ છે. જ્યારે રૂા. ૪૨ લાખ ફાળવવાના બાકી છે.

૧ બોટની ખરીદી નંગ, ૩૦ માટે ૫૦ કરોડ (ભારત સરકાર બોટોની ખરીદી કરીને રાજ્ય સરકારને મોકલી આપશે, પરંતુ બોટો હજી સુધી મોકલેલ નથી.)

૨ પોલીસ સ્ટેશન/ચેક પોસ્ટ/આઉટ પોસ્ટના બાંધકામ માટે રૂા. ૬.૦૨ કરોડ.

૩ વાહન, ફર્નિચર, કોમ્પ્યુટર, સંદેશાવ્યવહારના સાધનોની ખરીદી માટે રૂા. ૧.૯૮ કરોડ (વાહનોનો પેટ્રોલ/ડીઝલ ખર્ચ તથા સાધનોનો નિભાવ ખર્ચ દર વર્ષે રાજ્ય સરકાર ભોગવશે.)

રાજ્ય સરકારે ૧૦ પોલીસ સ્ટેશન માટે કુલ : ૩૭૩ નવી જગ્યાઓ ઉભી કરેલ છે. જેનો મહેકમ ખર્ચ દર વર્ષે રાજ્ય સરકાર ભોગવશે.

------------

**એફ.એસ.એલ. દ્વારા અન્ય રાજ્યોને ફોરેન્સીક સહાયતા**

૨૮૭૭ **શ્રી દુષ્યંતભાઈ ર.પટેલ(ભરૂચ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગુજરાત રાજ્યના ડાયરેકટર ઓફ ફોરેન્સીક સાયન્સ દ્વારા અન્ય રાજ્યોને ફોરેન્સીક સહાયતા પૂરી પાડવામાં આવે છે કે કેમ, અને

**જવાબ**

(૧) હા જી, રાજ્યના ડાયરેકટોરેટ ઓફ ફોરેન્સીક સાયન્સ દ્વારા દેશના અન્ય રાજ્યોને તેમજ કેન્દ્ર સરકારની સી.બી.આઈ., એન.સી.બી., મીલીટરી જેવી સંસ્થાઓને જટીલ અને મુશ્કેલ ગુન્હાઓની તપાસમાં મદદ પૂરી પાડવામાં આવે છે. સને ૨૦૦૭ના વર્ષમાં કુલ -૨૭૨ કેસોમાં આવી રાજ્ય બહારની સંસ્થાઓને મદદ પૂરી પાડવામાં આવેલ. એફ.એસ.એલ. દ્વારા મદદ પૂરી પડાયેલ હોય તેવા બહુચર્ચીત મહત્વના કેસોમાં તેલગી કેસ, મધુમીતા શુક્લા (અમરમણી ત્રિપાઠી) મર્ડર કેસ, ઉજ્જૈનનો સીરીયલ કીલર કેસ, નિઠારીનો સામુહિક બળાત્કાર/ખૂન કેસ, પ્રાઈમ મીનીસ્ટર સીક્યોરીટીનો કેસ, પાર્લામેન્ટ પર હુમલાનો કેસ, રાજસ્થાનમાં પકડાયેલ હીઝબુલ મુઝાઈદ્દીન-ત્રાસવાદીઓનો કેસ, જમ્મુ-કાશ્મીરનો અનારા ગુપ્તા સી. ડી. કેસ વગેરેનો સમાવેશ થાય છે.

(૨) જો હા, તો વર્ષ ૨૦૦૭માં ક્યા ક્યા રાજ્યોને કેટલા કેસમાં આવી સહાયતા પૂરી પાડવામાં આવેલ છે ?

(૨) રાજ્યની એફ.એસ.એલ. આધુનિક, પારદર્શક તથા તટસ્થ હોવાને કારણે અન્ય રાજ્યો તથા કેન્દ્ર સરકાર વિવિધ સંસ્થાઓ ગુન્હાઓની તપાસમાં તેની મદદ લે છે. એફ.એસ.એલ. દ્વારા વર્ષ ૨૦૦૭માં બહારના રાજ્યો/કેન્દ્ર સરકારની સંસ્થાઓને જે મદદ પુરી પાડવામાં આવેલ છે તેની વિગત નીચે મુજબ છે.

| **અ. નં.** | **રાજ્યનું નામ** | **કેસો** |
|---|---|---|
| ૧ | ઉત્તરપ્રદેશ | ૧૫ |
| ૨ | રાજસ્થાન | ૧૨ |
| ૩ | દિલ્હી | ૪૮ |
| ૪ | ગોવા | ૬ |
| ૫ | મધ્યપ્રદેશ | ૧૯ |
| ૬ | બિહાર | ૧૦ |
| ૭ | મહારાષ્ટ્ર | ૩ |
| ૮ | નાગાલેન્ડ | ૧ |

| | | |
|---|---|---|
| ૮ | નાગાલેન્ડ | ૧ |
| ૯ | હરીયાણા | ૧૧ |
| ૧૦ | ઝારખંડ | ૪ |
| ૧૧ | જમ્મુ-કાશ્મીર | ૪ |
| ૧૨ | તામીલનાડુ | ૧ |
| ૧૩ | પમિ બંગાળ | ૫ |
| ૧૪ | કર્ણાટક | ૧ |
| ૧૫ | સી.બી.આઈ. | ૫ |
| ૧૬ | રેલ્વે | ૭ |
| ૧૭ | દાદરા નગર હવેલી | ૭ |
| ૧૮ | દમણ | ૧૦૧ |
| ૧૯ | દીવ | ૫ |
| ૨૦ | એરફોર્સ | ૨ |
| ૨૧ | ડી.આર.આઈ. | ૫ |
| | **કુલ :** | **૨૭૨** |

------------

**માંડવી તાલુકામા બિનઅધિકૃત રીતે પથ્થર કાઢવાની કામગીરી**

૩૨૦૦ **શ્રી કુંવરજીભાઈ ન.હળપતિ(બારડોલી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનિજ)જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લામાં માંડવી તાલુકાનાં કેટલા ગામોમાં બિનઅધિકૃત રીતે ખેતીની અને ગોચરની જમીનમાંથી પથ્થરો કાઢવાની ક્વોરીની કામગીરી ચાલે છે,

(૨) આ બાબત સરકારના ધ્યાન પર છે, અને

(૩) આ પ્રવૃત્તિ બંધ કરાવવા સરકારે તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ શાં પગલાં લીધા?

**જવાબ**

(૧) સુરત જિલ્લાના માંડવી તાલુકામાં ખેતીની અને ગોચર જમીનમાંથી બિનઅધિકૃત રીતે પત્થરો કાઢવાની કોઈ ગામમાં કામગીરી ચાલતી હોવાનું ધ્યાને આવેલ નથી.

(૨) ઉપર મુજબ

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**અનામત પોલીસ દળની સેવા પેટે અન્ય રાજ્યો પાસે લેણી રકમ**

૧૬૮૬ **શ્રી ગૌતમભાઈ જે. ઝાલા (કઠલાલ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કાયદો અને વ્યવસ્થા સંભાળવા માટે બીજા રાજ્યોમાં અનામત પોલીસ સેવા પેટે ડીસેમ્બર-૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા રાજ્યો પાસેથી કેટલી રકમ બાકી નીકળે છે, અને,

(૨) આવેલી બાકી રકમ મેળવવા માટે સરકારે ક્યારે શા પ્રયત્નો કર્યા?

**જવાબ**

(૧) પાંચ રાજ્યો પાસેથી કુલ રૂા. ૩,૬૯,૬૧,૬૭૯/-ની રકમ બાકી નીકળે છે.

(૨) આ અંગેના વિધિસર બિલો બનાવીને એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ પાસેથી ઓડીટ પ્રમાણપત્ર મેળવવાની પ્રક્રિયા ગતિમાં છે. વધુમાં, મહારાષ્ટ્ર સરકાર પાસેથી રૂા. ૨૧,૩૦,૫૧૭/- એડવાન્સ રકમ આ ખર્ચ માટે મેળવેલ છે.

------------

**પંચવર્ષીય યોજનાના કદ અંગે**

૨૯૬૩ **શ્રી નરેશભાઈ મ. પટેલ (ચીખલી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (આયોજન) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યની ૧૦મી પંચવર્ષીય યોજનાના કદ સામે ૧૧મી પંચવર્ષીય યોજનાના કદમાં ધરખમ વધારો કરેલ છે તે હકીક્ત સાચી છે, અને

(૨) જો હા, તો કેટલો વધારો કર્યો?

**જવાબ**

(૧) હા, જી.

(૨) રૂપિયા ૫૯૯૧૮ કરોડ

------------

**દિયોદર અને ભાભર તાલુકાના જ્યોતિગ્રામ યોજનાથી સંકળાયેલ ગામો**

૨૮૮૯ **શ્રી અનિલકુમારઅ.માળી(દીઓદર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) દિયોદર અને ભાભર તાલુકામાં તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ કેટલા ગામો-પેટા પરાઓનું જ્યોતિગ્રામ યોજનાથી સાંકળેલ છે,

(૨) કેટલા ગામો આ સુવિધાથી વંચિત છે અને કેટલા સમયમાં લાભાન્વિત કરવાનું આયોજન છે

(૩) ઉક્ત તાલુકામાં ખેતરમાં વસતા ખેડૂતોને આ યોજનાની સુવિધા આપવા માંગે છે, અને

(૪) કેટલા સમયમાં આ સુવિધા ઉપલબ્ધ કરાવવાનું આયોજન છે?

**જવાબ**

(૧) ભાભર અને દિયોદર તાલુકાના વિજળીકરણ થયેલ તમામ ૧૨૪ ગામો અને ૨૭ પેટાપરાઓને જ્યોતિગ્રામ યોજનામાં સાંકળેલ છે.

(૨) એકપણ ગામ વંચિત નથી.

(૩) અને (૪)

સ્પેશ્યલ ડીઝાઇન ટ્રાન્સફોર્મર દ્વારા ૨૦૦૮-૨૦૦૯ના વર્ષમાં સીંગલ ફેઈઝ વિજ પુરવઠો પૂરો પાડવાનું આયોજન છે.

------------

**એફ.એસ.એલ. દ્વારા અન્ય રાજ્યના અધિકારીઓ/કર્મચારીઓને તાલીમ**

૨૮૮૦ **શ્રી નાનુભાઈ ભ.વાનાણી(સુરત શહેર (ઉત્તર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યની ફોરેન્સીક સાયન્સ લેબોરેટરી દ્વારા અન્ય રાજ્યોના કર્મચારી/અધિકારીઓને તાલીમ આપવામાં આવે છે કે કેમ, અને

(૨) જો હા, તો વર્ષ ૨૦૦૭માં ક્યા રાજ્યના કેટલા અધિકારીઓને/કર્મચારીઓને તાલીમ આપવામાં આવી?

**જવાબ**

(૧) હા જી, ગુજરાત રાજ્યની ફોરેન્સીક સાયન્સ લેબોરેટરી દેશમાં મોખરાનું સ્થાન ધરાવે છે. તેની દેશભરમાં ગણના થાય છે, અને અન્ય રાજ્યો તથા કેન્દ્ર સરકારની સી.બી.આઈ. જેવી સંસ્થાઓને તેના કેસો ઉકેલવામાં મદદ કરવા ઉપરાંત બહારના રાજ્યોના ન્યાયાલયોના ન્યાયાધીશો તથા કેન્દ્ર સરકારની સંસ્થાઓના પોલીસ અધિકારીઓ, મીલીટરીના સીનીયર અધિકારીઓ તથા ફોરેન્સીક નિષ્ણાતોને ગુન્હાની તપાસમાં ઉપયોગમાં લેવાતી આધુનિક વૈજ્ઞાનિક પધ્ધતિઓ વિશે વિસ્તૃત તાલીમ આપવાની નોંધપાત્ર કામગીરી પણ બજાવે છે. આ તમામ તાલીમ કાર્યક્રમો કેન્દ્ર સરકારના ગૃહ મંત્રાલય દ્વારા રાજ્યની એફ.એસ.એલ.ને સોંપવામાં આવે છે. આ ઉપરાંત તાજેતરમાં નેપાલના ૨૧ પોલીસ અધિકારીઓને આ પ્રકારની તાલીમ આપવા માટે કેન્દ્ર સરકાર દ્વારા રાજ્યની એફ.એસ.એલ ની પસંદગી કરવામાં આવેલ અને માહે ડીસેમ્બર-૨૦૦૭માં આ માટેના ખાસ તાલીમ કાર્યક્રમોનું આયોજન ખાતાએ કરેલ છે.

(૨) સને ૨૦૦૭ના વર્ષમાં એફ.એસ.એલ. દ્વારા યોજાયેલ વિવિધ તાલીમ કાર્યક્રમો રાજ્ય બહારના ન્યાયાધીશો, પોલીસ અધિકારીઓ, મીલીટરી ઓફીસરો, વીજીલન્સ ઓફીસરો મળી કુલ ૯૭ અધિકારીઓને વિસ્તૃત તાલીમ આપવામાં આવેલ. તેની વિગત નીચે મુજબ છે.

(અ) કેન્દ્ર સરકારની એજન્સીઓ દ્વારા મોકલવામાં આવેલ અધિકારીઓની વિગત

૧ મીલીટરી ઓફીસરો ૫

૨ સી.બી.આઈ. / એન.સી.બી. ના અધિકારીઓ-૩

(બ) વિવિધ રાજ્યો દ્વારા મોકલવામાં આવેલ ન્યાયાધીશો, પોલીસ અધિકારીઓ તથા અન્ય અધિકારીઓની વિગત

| અ. નં. | રાજ્યનું નામ | અધિકારીઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | પંજાબ | ૭ |
| ૨ | હરીયાણા | ૧૪ |
| ૩ | કેરાલા | ૬ |
| ૪ | મધ્યપ્રદેશ | ૧૫ |
| ૫ | દિલ્હી | ૬ |
| ૬ | ઉત્તરાખંડ | ૪ |
| ૭ | રાજસ્થાન | ૧૦ |
| ૮ | આંધ્રપ્રદેશ | ૭ |
| ૯ | જમ્મુ-કાસ્મીર | ૪ |
| ૧૦ | હિમાચલ પ્રદેશ | ૩ |
| ૧૧ | ઉત્તર પ્રદેશ | ૨ |
| ૧૨ | કર્ણાટક | ૩ |
| ૧૩ | ઝારખંડ | ૪ |
| ૧૪ | તામિલનાડુ | ૪ |
| | **કુલ :** | **૮૯** |

(ક) આ ઉપરાંત નેપાળ દેશના ૨૧ પોલીસ અધિકારીઓને તાલીમ આપવામાં આવી તેમજ સીંગાપોર દેશના ગૃહ મંત્રાલયના ૭ અધિકારીઓને વિસ્તૃત જાણકારી આપવામાં આવેલ.

------------

**કોર્ટો માટેના નવા મકાનો અંગે**

૨૮૯૭ **શ્રીમતી વંદનાબેન મ.મકવાણા (કેશોદ) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યમાં કુલ કેટલી કોર્ટોના મકાનો બન્યા, | (૧) ૬૪ મકાનો |
| (૨) કઈ કઈ કોર્ટોના કેટલા મકાનો બન્યા, અને | (૨) પત્રક-૧ અને ૨ મુજબ |
| (૩) આ માટે કુલ કેટલો ખર્ચ થયો ? | (૩) રૂા.૯૭૩૨.૪૫ લાખ |

**પત્રક-૧**
**કોર્ટના મકાનો**

| અનુક્રમ | સ્થળનું નામ | કામ પર થયેલ ખર્ચ રૂા. લાખમાં |
|---|---|---|
| ૧ | ભુજ (ડીસ્ટ્રીક્ટ કોર્ટ બિલ્ડીંગ રીટ્રોફિટેડ) | ૪૯.૮૦ |
| ૨ | રાપર | ૮૫.૦૦ |
| ૩ | સુરત (ડીસ્ટ્રીક્ટ કોર્ટ બિલ્ડીંગ રીટ્રોફિટેડ) | ૪૫૩.૪૨ |
| ૪ | મેટ્રો કોર્ટ અમદાવાદ | ૧૪૨૨.૭૨ |
| ૫ | મોરબી | ૨૦૨.૨૨ |
| ૬ | માલીયા-મીયાણા | ૬૩.૦૮ |
| ૭ | કૂતિયાણા | ૭૮.૧૩ |
| ૮ | જોડિયા | ૭૮.૯૦ |
| ૯ | લાલપુર | ૧૨૩.૫૧ |
| ૧૦ | ભચાઉ | ૮૫.૦૦ |

| અનુક્રમ | સ્થળનું નામ | કામ પર થયેલ ખર્ચ રૂા. લાખમાં |
|---|---|---|
| ૧૧ | મુન્દ્રા | ૮૫.૦૦ |
| ૧૨ | માંગરોલ, જિ. સુરત | ૧૫૦.૫૨ |
| ૧૩ | તલાલા | ૭૮.૫૩ |
| ૧૪ | વિસાવદર | ૧૪૮.૪૪ |
| ૧૫ | માંગરોલ | |
| ૧૬ | સાવરકુંડલા | ૫૭.૨૦ |
| ૧૭ | ખંભાત | ૧૦૨.૯૮ |
| ૧૮ | સમી | ૫૨.૩૦ |
| ૧૯ | લેબર કોર્ટ બિલ્ડીંગ ક્લોલ | ૮૫.૯૪ |
| ૨૦ | દાંતા | ૮૭.૦૫ |
| ૨૧ | ગરબાડા | ૬૭.૩૦ |
| ૨૨ | પાટડી | ૯૦.૬૮ |
| ૨૩ | આણંદ | ૮૨૮.૭૦ |
| ૨૪ | જસદણ | ૮૩.૫૫ |
| ૨૫ | વડનગર | ૯૩.૧૮ |
| ૨૬ | પોરબંદર | ૧૦૨૨.૦૨ |
| ૨૭ | મીરજાપુર. અમદાવાદ(આર) | ૫૩૫.૮૦ |
| ૨૮ | લખતર | ૮૨.૪૩ |
| ૨૯ | સાણંદ | ૮૨.૪૩ |
| ૩૦ | કડી | ૨૩૦.૯૭ |
| ૩૧ | દહેગામ | ૮૮.૯૦ |
| ૩૨ | દ્વારકા | ૯૨.૯૪ |
| ૩૩ | ગાંધીધામ | ૩૪૫.૭૦ |
| ૩૪ | શહેરા | ૬૭.૭૧ |
| ૩૫ | વાંકાનેર | ૯૫.૭૫ |
| ૩૬ | ઠાસરા | ૯૦.૩૧ |
| ૩૭ | માલીયા-હાટીના, જિ. જૂનાગઢ | ૭૫.૪૫ |
| ૩૮ | રાજકોટ (સીવીલ કોર્ટ બિલ્ડીંગ) | ૮૨૪.૫૮ |
| | કુલ..... | **૮૨૮૮.૧૪** |

**પત્રક-૨**
**ફાસ્ટ ટ્રેક કોર્ટના મકાનો**

| અનુક્રમ | સ્થળનું નામ | કામ પર થયેલ ખર્ચ રૂા. લાખમાં |
|---|---|---|
| ૧ | મહેસાણા-૫ | ૪૬.૩૨ |
| ૨ | વલસાડ-૫ | ૪૮.૦૫ |
| ૩ | પાલનપુર-૫ | ૪૯.૬૨ |

| | | |
|---|---|---|
| ૪ | નડિયાદ-૫ | ૪૭.૪૨ |
| ૫ | રાજકોટ-૧૦ | ૧૦૭.૮૦ |
| ૬ | મોરબી-૩ | ૪૧.૩૭ |
| ૭ | જુનાગઢ-૫ | ૬૦.૪૩ |
| ૮ | અમરેલી-૪ | ૩૬.૧૧ |
| ૯ | સુરત-૧૦ | ૧૯૬.૩૧ |
| ૧૦ | વડોદરા-૫ | ૭૫.૫૬ |
| ૧૧ | ભુજ-૫ | ૭૫.૮૩ |
| ૧૨ | ગાંધીધામ | ૬૩.૮૧ |
| ૧૩ | વેરાવળ-૪ | ૨૨.૬૬ |
| ૧૪ | મહુવા-૩ | ૪૬.૫૧ |
| ૧૫ | મોડાસા-૧ | ૧૬.૩૫ |
| ૧૬ | દાહોદ-૫ | ૬૫.૭૪ |
| ૧૭ | છોટાઉદેપુર-૨ | ૨૭.૩૦ |
| ૧૮ | સુરેન્દ્રનગર-૫ | ૪૭.૬૦ |
| ૧૯ | જામ ખંભાળિયા-૩ | ૪૫.૪૦ |
| ૨૦ | ભાવનગર-૫ | ૫૫.૭૦ |
| ૨૧ | આણંદ-૫ | ૬૬.૪૪ |
| ૨૨ | પોરબંદર-૫ | ૫૭.૯૩ |
| ૨૩ | વિરમગામ-૨ | ૭૧.૮૨ |
| ૨૪ | અંજાર-૧ | ૨૩.૯૮ |
| ૨૫ | ધોરાજી-૨ | ૨૭.૨૨ |
| ૨૬ | ઉના-૧ | ૨૧.૦૩ |
| | કુલ ફાસ્ટટ્રેક કોર્ટ | **૧૪૪૪.૩૧** |
| | કુલ સરવાળો..... | **૯૭૩૨.૪૫** |

------------

**મુખ્ય મંત્રી અને મંત્રીમંડળના સભ્યોના હવાઈ મુસાફરી ખર્ચ**

૧૯૯૯ **શ્રી જગદીશ ઠાકોર(દહેગામ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા. ૧-૧-૨૦૦૭ થી તા. ૩૦-૮-૨૦૦૭ સુધીમાં મુખ્ય મંત્રીશ્રી અને મંત્રીમંડળના સભ્યોનો હવાઈ મુસાફરી ખર્ચ કેટલો થયો?

**જવાબ**

તા. ૧-૧-૨૦૦૭ થી તા. ૩૦-૮-૨૦૦૭ સુધીમાં માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય મંત્રીશ્રીઓનો હવાઈ મુસાફરી ખર્ચ કુલ રૂપિયા પાંત્રીસ લાખ આઠ હજાર છસ્સો ચોત્રીસ (રૂા.૩૫,૦૮,૬૩૪/-) થયેલ છે.

------------

**આદિજાતિ વિસ્તારોને જ્યોતિગ્રામ યોજનાનો લાભ**

૨૪૯૪ **શ્રી વિજયભાઈ ૨.પટેલ (ડાંગ-વાંસદા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) આદિજાતિ વિસ્તારોમાં કેટલા ગામો આવેલા છે, અને

(૨) તે પૈકી કેટલા ગામોને જ્યોતિગ્રામ યોજના હેઠળ આવરી લેવામાં આવેલ છે?

**જવાબ**

(૧) ૫૭૦૫ ગામો

(૨) તે પૈકી પરંપરાગત વીજળીકરણ થયેલ તમામ ૫૬૨૨ ગામોને જ્યોતિગ્રામ યોજના હેઠળ આવરી લેવામાં આવ્યાં છે.

------------

**એફ.એસ.એલ. દ્વારા ન્યાયાધીશો અને એડવોકેટોને તાલીમ**

૨૮૮૧ **શ્રી રજનીકાન્ત સો.પટેલM#> (ચાણસ્મા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યની ફોરેન્સીક સાયન્સ લેબોરેટરી દ્વારા ન્યાયાધીશો અને એડવોકેટો માટે કોઈ પ્રકારના તાલીમ કોર્ષ યોજવામાં આવે છે કે કેમ, અને | (૧) હા, જી, રાજ્યની ફોરેન્સીક સાયન્સ લેબોરેટરી ગુન્હાની તપાસ ઉપરાંત તાલીમ ક્ષેત્રે પણ દેશમાં મોખરાનું સ્થાન ધરાવે છે. કેન્દ્ર સરકારના ગૃહ મંત્રાલય ધ્વારા રાજ્યની એફ.એસ.એલ.ને તમામ પ્રકારના રાષ્ટ્રીય ક્ક્ષાના તાલીમ કાર્યક્રમો યોજવા માટે માન્યતા આપવામાં આવેલ છે. એફ.એસ.એલ. ધ્વારા ગુન્હાને લગતા અહેવાલો આપવામાં આવે છે જે ઘણાંજ મહત્વના પુરાવા બની રહે છે. પોલીસ તેમજ અન્ય તપાસ સંસ્થાઓના અધિકારીઓને તાલીમ આપવા ઉપરાંત આ ખાતાએ ન્યાયાધીશોને ફોરેન્સીક સાયન્સ ક્ષેત્રમાં વિગતવાર તાલીમ આપવા માટેની પહેલ કરેલ છે. છેલ્લા પાંચ વર્ષમાં ગુજરાતના લગભગ તમામ જ્યુડીશીયલ ઓફિસરોને આ પ્રકારની તાલીમ આપવામાં આવેલ છે. ગુન્હાના કેસોમાં સરકાર તરફથી અસરકારક રજુઆત થઈ શકે તે હેતુથી સરકારી વકીલોને પણ તાલીમ આપવાનું શરૂ કરવામાં આવેલ છે. આમ રાજ્યની એફ.એસ.એલ. ધ્વારા ન્યાયાધીશોને નિયમીત ધોરણે તાલીમ આપવા માટે વિવિધ કોર્ષોનું આયોજન રાજ્યની જ્યુડીશીયલ એકેડેમીના સહયોગથી કરવામાં આવે છે. ઉપરાંત અન્ય રાજ્યોના ન્યાયાધીશોને પણ રાષ્ટ્રીય ક્ક્ષાના તાલીમ કાર્યક્રમો ધ્વારા આવી તાલીમ આપવામાં આવે છે. |
| (૨) જો હા, તો વર્ષ-૦૭માં કેટલા ન્યાયાધીશો અને એડવોકેટોએ આ તાલીમી કોર્ષમાં હાજરી આપેલ છે ? | (૨) સને ૨૦૦૭ના વર્ષમાં રાજ્ય તેમજ બહારના થઈ કુલ ૧૫૦ જેટલા ન્યાયાધીશો અને એડવોકેટોએ આ તાલીમ કોર્ષમાં હાજરી આપેલ છે. |

**ગ્રામ રક્ષક દળની ફરજો**

૨૪૧૮ **શ્રી મણીભાઈ દે.પટેલ(કપડવંજ) : માનનીય ગ્રામ રક્ષકદળ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સરકાર ધ્વારા ગ્રામ રક્ષકદળની સ્થાપના શા માટે કરવામાં આવી છે, તેઓને કઈ કઈ ફરજો સોંપવામાં આવે છે, | (૧) રાજ્યમાં ગ્રામ્ય વિસ્તારના સમાજ જીવનમાં બનતા નાના મોટા ગુન્હા જેવા કે ઘરફોડ, ચોરી, લુંટફાટ, અંદરો અંદરની મારામારી, ભેલાણ વિગેરે સ્થાનિક તાલીમ પામેલ માણસોના જૂથ દ્વારા કાબુમાં રખાય તથા સમાજવ્યવસ્થા જળવાઈ રહે તથા ગ્રામ્ય જનતાને સ્પર્શતી કુદરતી જેવી કે વાવાઝોડું, અતિવૃષ્ટિ, આગ, ભૂકંપ વિગેરે પ્રસંગોએ તાલીમ પામેલ જૂથ સુંદર કામગીરી કરી શકે અને સ્થાનિક પ્રશ્નોનો સારી રીતે ઉકેલ લાવી શકે તે હેતુથી ગ્રામ રક્ષક દળની સ્થાપના કરવામાં આવી છે. તહેવારોમાં યોજાતાં મેળામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી તથા રાત્રી નાઈટ પેટ્રોલીંગમાં જરૂરીયાત મુજબ તેમને ફરજો સોંપવામાં આવે છે. |
| (૨) તેઓને ફરજ પર હોય ત્યારે શું ભથ્થું આપવામાં આવે છે, અને | (૨) રૂા. ૩૧/- દૈનિક ભથ્થું ચુકવવામાં આવે છે. |
| (૩) તેઓનું ભથ્થું વધારવા સરકાર માંગે છે કે કેમ? | (૩) આ બાબત સરકારની વિચારણામાં છે. |

------------

**પાટણ પી.ટી.સી. કોલેજની દલીત વિદ્યાર્થીની ઉપર બળાત્કાર**

૨૬૯૫ **શ્રી શૈલેષભાઈ મ.પરમાર(શહેર કોટડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તાજેતરમાં પાટણ ખાતે આવેલ પી.ટી.સી. કોલેજમાં અનુસૂચિત જાતિની વિદ્યાર્થીની ઉપર બળાત્કારનો બનાવ બનેલ તે સરકારના ધ્યાને ક્યારે આવેલ છે,

(૨) આ બનાવ પછી રાજ્ય સરકારે ક્યા ક્યા પ્રકારના પગલાંઓ લીધા, અને

(૩) વિદ્યાર્થીનીઓમાં જે ભય ઊભો થયો છે તે નિવારવા સરકારે શું પગલાં લીધા?

**જવાબ**

(૧) તા. ૪-૨-૨૦૦૮ના રોજ ૧૫.૦૦ કલાકે પાટણ શહેર પો.સ્ટે. પાટણમાં એફ.આઈ.આર. નોંધવામાં આવેલ છે.

(૨) આ બનાવ પછી આ ગુનો આચરનાર કુલ-૬ (છ) અધ્યાપકોને તા. ૪-૨-૨૦૦૮ના રોજ ૧૭.૦૦ કલાકે અર્થાત તે જ દિવસે અટક કરવામાં આવેલ છે. અને તેઓની સામે આઈ.પી.સી.ની કલમ ૩૭૬, ૩૫૪ (૨), ૫૦૬, ૧૧૪, તથા એટ્રોસીટી એકટની કલમ ૩ (૧) (૧૨) અને ૩ (૨) (૫) હેઠળ ગુનો પાટણ શહેર પો.સ્ટે.માં નોંધવામાં આવેલ છે.

- શિક્ષણ વિભાગ ધ્વારા તા. ૧૫-૨-૨૦૦૮ના રોજ કેસમાં સંડોવાયેલ તમામ આરોપીઓ સામે ખાતાકીય તપાસ શરૂ કરવા માટે નિર્ણય કરવામાં આવેલ છે.
- આ ગુનાની ઝીણવટ પૂર્વકની અને અસરકારક તપાસ કરવા, આ ગુનાની તપાસ સી.આઈ.ડી. ક્રાઈમને

તા. ૨૧-૨-૨૦૦૮ના રોજ સોંપવામાં આવેલ છે.

(૩) -પોલીસ ખાતા તરફથી વિદ્યાર્થીનીઓમાં ભયની લાગણી દૂર કરવા પી.ટી.સી. કોલેજોના મુખ્ય દરવાજા ઉપર એસ.આર.પી.નું રક્ષણ આપવામાં આવેલ છે.

-ભોગ બનેલ વિદ્યાર્થીનીને તેમજ તેમના કુટુંબના સભ્યોને જરૂર જણાય ત્યાં સુધી પોલીસ રક્ષણ આપવાની સૂચના આપવામાં આવેલ છે.

-શિક્ષણ વિભાગ દ્વારા પાટણ પી.ટી.સી. કોલેજમાં પાંચ મહિલા અધ્યાપકોની નિમણૂંક કરવામાં આવેલ છે.

-રાજ્યની પી.ટી.સી. કોલેજોમાં છાત્રાવાસ, ઈન્ટરર્નશીપ અને આંતરિક ગુણની પ્રથામાં ફેરવિચારણા કરવા તા. ૨૨-૨-૨૦૦૮ના રોજ શિક્ષણ વિભાગ એક સમિતિની રચના કરવામાં આવેલ છે.

------------

**પોલીસ ખાતાના અધિકારી/કર્મચારીઓ માટેની તાલીમ સંસ્થાઓ**

૨૯૦૦ **જયોત્સનાબેન પટેલ (આણંદ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં પોલીસ ખાતાના અધિકારી/કર્મચારીઓ માટે પોલીસ તંત્રના આધુનિકરણ માટે કઈ તાલીમ સંસ્થાઓ આવેલ છે, અને

(૨) આ સંસ્થાઓમાં કઈ કક્ષાના કર્મચારી/અધિકારીને ક્યા પ્રકારની તાલીમ આપવામાં આવે છે?

**જવાબ**

(૧) ૧. ગુજરાત પોલીસ એકેડેમી, કરાઈ

૨. પોલીસ તાલીમ શાળા, વડોદરા

૩. પોલીસ તાલીમ મહાવિદ્યાલય, જુનાગઢ

૪. રાજ્ય અનામત પોલીસ તાલીમ કેન્દ્ર, ચોકી (સોરઠ)

(૨) ૧. પ્રોબેશ્નર મદદનીશ પોલીસ અધિક્ષક, પ્રોબેશ્નર નાયબ પોલીસ અધિક્ષક, પ્રોબેશ્નર પી.એસ.આઈ.ને પાયાની તાલીમ, તેમજ

૨. મદદનીશ પોલીસ અધિક્ષક, નાયબ પોલીસ અધિક્ષક, પોલીસ સબ ઈન્સપેકટર અને કોન્સ્ટેબ્યુલરી

પોલીસ કર્મચારીઓને રીફ્રેશર/ઈન્ડકશન તાલીમ, તેમજ
૩. રાજ્ય અનામત પોલીસ દળના કોન્સ્ટેબલને પાયાની તાલીમ/રીફ્રેશર તાલીમ.

------------

**જ્યોતિગ્રામ યોજનાથી રોજગારીની તકોમાં થયેલ વધારો**

૩૧૦૨ **શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ(માંડલ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) ૨૦૦૬-૦૭ દરમિયાન જ્યોતિગ્રામ યોજનાના અમલીકરણ અંતર્ગત રોજગારીની તકોમાં અને અન્ય સુવિધામાં શું ફેરફાર થયો છે, તેનો કોઈ અભ્યાસ કરવામાં આવ્યો છે, | (૧) ૨૦૦૬-૦૭ દરમિયાન જ્યોતિગ્રામ યોજનાના અમલીકરણ અંતર્ગત રોજગારીની તકોમાં અને અન્ય સુવિધામાં થયેલ ફેરફાર અંગેનો અભ્યાસ કરવામાં આવેલ નથી પરંતું વર્ષ ૨૦૦૫માં આ માટે ઈન્સ્ટીટયુટ ઓફ રુરલ મેનેજમેન્ટ ઓથોરીટી (ઈરમા) આણંદ, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સીટી, અમદાવાદ અને સેન્ટર ફોર એન્વાયર્નમેન્ટલ પ્લાનીંગ એન્ડ ટેક્નોલોજી (સેપ્ટ) અમદાવાદ તેમજ રાજ્ય સરકારનાં મૂલ્યાંક્ન નિયામકની ક્ચેરી દ્વારા અભ્યાસ કરવામાં આવેલ. |
| (૨) તેમાં કઈ કઈ બાબતમાં ફેરફાર થયો તેની માહિતી મેળવવામાં આવેલ છે, અને | (૨) જ્યોતિગ્રામ યોજનાના અમલથી ગ્રામ્ય કક્ષાએ શિક્ષણ, ઉદ્યોગો, વાણિજ્યિક પ્રવૃત્તિઓ, રોજગારી, ગ્રામ્યજનોની આવક તથા તેમના જીવન પર થયેલ સામાજીક અને આર્થિક અસરોની માહિતિ મેળવવા મૂલ્યાંક્ન અભ્યાસ હાથ ધરવામાં આવેલ છે.<br>ઈન્સ્ટીટયુટ ઓફ રુરલ મેનેજમેન્ટ (ઈરમા)ના અભ્યાસમાં એવું તારણ નીકળ્યું છે કે રોજગારમાં વૃધ્ધિ થઈ છે અને ગામડામાંથી શહેરમાં થતા સ્થળાંતરમાં ૩૩% જેટલો ઘટાડો થયો છે.<br>આ ઉપરાંત કન્યા કેળવણીનાં ક્ષેત્રમાં શાળા છોડી જનાર વિદ્યાર્થીઓમાં ૮૦% જેટલો ઘટાડો થયો છે. તદુપરાંત શાળામાં ગેરહાજરીનું પ્રમાણ પણ ૧૩% જેટલું ઘટયું છે.<br>ઘરે અભ્યાસ કરવાનું (લેશન, ગૃહકાર્ય) પ્રમાણ વિદ્યાર્થીનીઓમાં ૯૨ ટકા તથા વિદ્યાર્થીઓમાં ૮૧ ટકા વધ્યું છે.<br>સ્વાસ્થ્ય, પોષણ, પરિવાર કલ્યાણ તથા રોજગારી યોજનાની જાણકારીમાં વધારો થયો છે.<br>ગ્રામ્ય મહિલાઓમાં શિક્ષણમાં ૯૦ ટકા સામાજિક પ્રવૃત્તિઓમાં ૪૩ ટકા અને આવક ઉપાર્જન પ્રવૃત્તિઓમાં ૧૮ ટકા વધારો થયો છે.<br>આ ઉપરાંત ગ્રામ્ય ઉદ્યોગો જેવાં કે હીરા ઘસવા, કૃષિ વિષયક ગૃહ ઉદ્યોગો, સાબુ ઉદ્યોગ વિગેરેની સંખ્યા, પ્રવૃત્તિ અને રોજગારીમાં વધારો થયો છે. આમ થતાં ૫૩% જેટલાં કુટુંબો રાત્રિના સમયમાં આર્થિક પ્રવૃત્તિ કરતાં થયાં છે.<br>હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી અને સેન્ટર ફોર એન્વાયરમેન્ટલ પ્લાનિંગ એન્ડ ટેક્નોલોજી (સેપ્ટ) દ્વારા હાથ ધરાયેલ પાટણ અને અમદાવાદ જિલ્લાના ગામોના ગૃહ ઉદ્યોગોની અસરો પર અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો, જેમાં ગૃહ ઉદ્યોગોનાં કામનાં કલાકો જે અગાઉ ૬ થી ૮ હતા તેમાં વૃધ્ધિ થઈ ૧૨ કલાક થયા છે અને નફામાં લગભગ બમણી વૃધ્ધિ થઈ છે. |

(૩) રોજગારમાં કેટલો વધારો થયો?

(૩) રાજ્ય સરકારનાં મૂલ્યાંકન નિયામક દ્વારા હાથ ધરાયેલ અભ્યાસમાં પ્રાપ્ત થયેલ પરિણામો મુજબ ગ્રામ્ય ઉદ્યોગ, વાણિજ્યિક પ્રવૃત્તિ વિગેરેના એકમોમાં રોજગારીમાં લગભગ ૪૦%ની સરેરાશ વૃધ્ધિ થવા પામી છે.

------------

## નવલખી બંદરનો વિકાસ

૨૪૧૯ **શ્રી મોહનભાઈ ક. કુંડારીયા (ટંકારા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) રાજકોટ જિલ્લાના નવલખી બંદરને સરકાર વિકસાવવા માંગે છે તે હકીકત સાચી, અને

(૧) હા જી,

(૨) જો હા, તો તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ શી કાર્યવાહી કરવામાં આવી છે?

(૨) નવી જેટીનું બાંધકામ, બંદર વિસ્તારમાં સિમેન્ટ ક્રોંક્રેટના રસ્તાઓ, બે નવા ગોદામો, પાણી પુરવઠો, બંદર વિસ્તાર હાઈમાસ્ટ ઈલેક્ટ્રીક ટાવર, સ્ટેકીંગ પ્લેટફોર્મ, આઈ.એસ.પી.એસ. કોડના કામો, દહીસરાથી નવલખી બંદર સુધીની પાણીની પાઈપલાઈન, ઉંચી ટાંકી, સમ્પ, ગ્રીન બેલ્ટ જેવા કામો હાથ ધરી પૂર્ણ કરવામાં આવેલ છે. જ્યારે ગટર વ્યવસ્થા અને પ્લેટફોર્મના કામો પ્રગતિમાં છે.

------------

## અમરેલી જિલ્લામાં કુટિર ઉદ્યોગ માટેની લોન

૨૧૮૩ **શ્રી કાળુભાઇ વી. વીરાણી (કુંડલા) : માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) અમરેલી જિલ્લામાં તાલુકાવાર કુટિર ઉદ્યોગમાં કેટલા લોકોની છેલ્લા બે વર્ષમાં લોન માટેની માંગણી જુદા જુદા કુટીર ઉદ્યોગ કરવા માટે તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ આવી અને તેમાંથી કેટલી અરજી મંજૂર થઈ અને કેટલી અરજી નામંજૂર થઈ,

(૧)

| અ.નં. | તાલુકાનું નામ | મળેલ અરજીઓ | બેંકે મંજૂર કરેલ અરજીઓ | જિલ્લા ઉદ્યોગ કેન્દ્રે નામંજૂર કરેલ અરજીઓ | બેંકે નામંજૂર કરેલ અરજીઓ |
|---|---|---|---|---|---|
| ૧ | અમરેલી | ૯૩૭ | ૪૪૭ | ૧૮૩ | ૨૮૭ |
| ૨ | ધારી | ૬૪૨ | ૨૩૭ | ૧૪૬ | ૨૨૯ |
| ૩ | સાવરકુંડલા | ૪૩૭ | ૧૮૭ | ૮૫ | ૧૪૦ |
| ૪ | કુકાવાવ | ૨૮૭ | ૧૧૦ | ૭૧ | ૯૧ |
| ૫ | લાઠી | ૩૪૬ | ૧૮૬ | ૪૪ | ૫૬ |
| ૬ | બગસરા | ૨૯૧ | ૧૦૦ | ૫૯ | ૮૧ |
| ૭ | લીલીયા | ૧૩૬ | ૭૭ | ૨૮ | ૧૮ |
| ૮ | રાજુલા | ૧૫૩ | ૬૨ | ૪૬ | ૪૫ |
| ૯ | બાબરા | ૧૩૮ | ૭૬ | ૪૦ | ૪૩ |
| ૧૦ | જાફરાબાદ | ૫૨ | ૩૦ | ૮ | ૧૬ |
| ૧૧ | ખાંભા | ૩૨૨ | ૯૯ | ૬૮ | ૬૩ |
| | **કુલ :** | **૩૭૪૧** | **૧૬૧૧** | **૭૭૮** | **૧૦૬૯** |

(૨) નામંજૂર અરજી કરવામાં આવેલ છે તેનાં શું કારણો છે, અને

(૨) જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર કક્ષાએ.

| **અ.નં.** | **નામંજૂરીના કારણો** | **કુલ** |
|---|---|---|
| ૧ | ઉંમર વધુ હોવાથી | ૬૪ |
| ૨ | ઉંમર ઓછી હોવાથી | ૩૩ |
| ૩ | માંગેલ માહિતિ પુરી ન પાડેલ હોવાથી | ૩૯૮ |

| | | |
|---|---|---|
| ૪ | અગાઉ લોન લીધેલ હોવાથી | ૬૯ |
| ૫ | ધંધાની જાણકારી ન હોવાથી | ૧૦૭ |
| ૬ | ટી.એફ.સી.માં ગેરહાજર રહેવાથી | ૧૦૭ |
| | **કુલ...** | **૭૭૮** |

**બેંક કક્ષાએ**

| **અ.નં.** | **નામંજૂરીના કારણો** | **કુલ** |
|---|---|---|
| ૧ | ધંધો નફાકારક ન હોવાથી | ૩૬૩ |
| ૨ | અગાઉ સબસીડીનો લાભ લીધેલ હોવાથી | ૧૪૩ |
| ૩ | અરજદારશ્રી કુટુંબીજનો બેંક બાકીદાર હોવાથી | ૧૨૦ |
| ૪ | બેંકનો સંપર્ક સાધેલ ન હોવાથી | ૨૩૮ |
| ૫ | બેંકને ઘટતી માહિતિ રજુ ન કરવાથી | ૧૦૬ |
| ૬ | અરજદાર અન્ય ધંધામાં રોકાયેલ હોવાથી | ૯૯ |
| | **કુલ...** | **૧૦૬૯** |

(૩) મંજૂર થયેલ અરજીમાં જે તે તાલુકા મથકે બેંક ધીરાણ આપતી નથી તે હકીકત સાચી છે ?

(૩) આવી કોઈ બાબત ધ્યાને આવેલી નથી.

------------

**રાજ્યના મંદિરોની સુરક્ષા માટે લેવાયેલ પગલાં**

૩૦૪૨ **શ્રીમતી વર્ષાબેન ન.દોશી(વઢવાણ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યના અક્ષર પુરૂષોત્તમ મંદિર, ડાકોર, ધ્વારકા, પાલીતાણા, અંબાજી મંદિરની સુરક્ષા માટે સરકારે તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કોઈ પગલાં લીધા છે કે કેમ,

(૨) જો હા, તો ક્યા પ્રકારના પગલાં લીધા છે,

(૩) આકસ્મીક ચકાસણી માટે કોઈ યોજના છે કે કેમ, અને

(૪) જો હા, તો તેની કેટલી વખત ચકાસણી કરવામાં આવી?

**જવાબ**

(૧) હા જી,

(૨) આ મંદિરોની સુરક્ષા એસ.આર.પી. ગ્રામરક્ષકદળ, બોર્ડરવીંગના જવાનો, હોમગાર્ડઝ, મહિલા પોલીસ, ખાનગી સીક્યુરીટી ગાર્ડઝ વગેરે દ્વારા જાળવવામાં આવે છે.

સુરક્ષા માટે ક્વીક રીએક્શન ટીમ, ધાબા પોઈન્ટ તેમજ વિવિધ સલામતી સ્કીમોનું આયોજન કરવામાં આવેલ છે.

મંદિરોની સુરક્ષા માટે આધુનિક સાધનોનો પણ પૂરતો ઉપયોગ કરવામાં આવે છે.

(૩) હા જી,

(૪) અક્ષરપુરૂષોત્તમ મંદિરની ૩૪, ડાકોર મંદિરની ૬૬, ધ્વારકા મંદિરની ૨૧૦, પાલીતાણા મંદિરની ૩ અને અંબાજી મંદિરની ૫૫ વખત ચકાસણી કરવામાં આવી છે.

------------

## આર.ટી.ઓ./એ.આર.ટી.ઓ. કચેરીની આવક

૨૮૭૮ **શ્રી ગુલસીંગભાઈ રં.રાઠવા (છોટાઉદેપુર) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વાહન વ્યવહાર ખાતાની રાજ્યની આર.ટી.ઓ./એ.આર.ટી.ઓ. કચેરીની તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષની કચેરી પ્રમાણે આવક કેટલી થઈ, અને

**જવાબ**

(૧) આર.ટી.ઓ./એ.આર.ટી.ઓ. કચેરીની તા. ૩૧/૧/૦૮ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષની આવક નીચે પ્રમાણે છે. :-

(રૂા. લાખમાં)

| અ.નં. | આર.ટી.ઓ./ એ.આર.ટી.ઓ. કચેરીનું નામ | ૨૦૦૫-૦૬ (ફેબ્રુઆરી-૨૦૦૫ થી જાન્યુ. ૨૦૦૬ | ૨૦૦૬-૦૭ (ફેબ્રુઆરી-૨૦૦૬થી જાન્યુ. ૨૦૦૭ | ૨૦૦૭-૦૮ (ફેબ્રુઆરી-૨૦૦૭ થી જાન્યુ. ૨૦૦૮ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૩ | ૪ |
| ૧ | અમદાવાદ | ૧૧૭૦૫.૫૩ | ૧૩૯૨૪.૦૭ | ૧૪૫૫૭.૨૯ |
| ૨ | મહેસાણા | ૨૪૧૫.૭૩ | ૨૭૬૬.૯૬ | ૨૮૧૦.૦૦ |
| ૩ | પાટણ | ૮૨૭.૯૪ | ૯૩૫.૬૬ | ૯૨૩.૭૩ |
| ૪ | રાજકોટ | ૬૧૯૪.૩૩ | ૭૧૩૩.૬૦ | ૭૮૫૦.૫૧ |
| ૫ | ભાવનગર | ૨૬૬૨.૯૯ | ૨૯૬૪.૦૯ | ૨૯૮૨.૬૨ |
| ૬ | સુરત | ૯૪૯૪.૮૧ | ૧૦૧૫૨.૦૧ | ૧૦૮૬૨.૨૯ |
| ૭ | વડોદરા | ૬૯૩૪.૭૮ | ૮૧૪૩.૬૭ | ૮૨૯૫.૩૨ |
| ૮ | નડીયાદ | ૧૭૨૯.૩૩ | ૧૮૭૫.૦૭ | ૧૮૬૫.૪૫ |
| ૯ | આણંદ | ૧૮૭૨.૭૭ | ૨૧૯૨.૨૭ | ૨૨૪૬.૦૮ |
| ૧૦ | પાલનપુર | ૧૭૮૨.૭૪ | ૧૯૩૧.૦૪ | ૧૮૯૧.૪૨ |
| ૧૧ | હિંમતનગર | ૨૧૯૪.૯૫ | ૨૩૩૭.૩૬ | ૨૨૨૭.૮૩ |
| ૧૨ | જામનગર | ૩૦૯૩.૩૨ | ૪૫૭૬.૪૪ | ૫૫૩૯.૭૨ |
| ૧૩ | જુનાગઢ | ૨૧૮૫.૩૦ | ૨૪૭૦.૭૮ | ૨૬૧૧.૦૭ |
| ૧૪ | પોરબંદર | ૧૦૯૩.૯૩ | ૧૧૯૦.૮૨ | ૧૨૧૦.૯૪ |
| ૧૫ | ભુજ-ગાંધીધામ | ૫૮૦૩.૬૮ | ૭૧૭૧.૨૬ | ૭૩૭૨.૨૪ |
| ૧૬ | સુરેન્દ્રનગર | ૧૧૨૦.૦૨ | ૧૩૩૦.૧૨ | ૧૩૮૩.૧૬ |
| ૧૭ | અમરેલી | ૧૭૪૧.૬૭ | ૨૧૫૫.૮૧ | ૨૨૯૮.૨૬ |
| ૧૮ | વલસાડ | ૨૫૧૧.૨૧ | ૨૯૭૧.૮૩ | ૩૧૨૪.૪૭ |
| ૧૯ | ભરૂચ | ૨૪૧૯.૬૫ | ૨૯૩૨.૯૦ | ૩૧૪૦.૯૦ |
| ૨૦ | ગોધરા | ૧૩૨૬.૦૨ | ૧૫૨૧.૨૦ | ૧૫૬૪.૨૦ |
| ૨૧ | ગાંધીનગર | ૩૧૪૯.૭૭ | ૪૦૩૭.૬૨ | ૪૨૭૪.૨૬ |
| ૨૨ | બારડોલી | ૧૫૮૮.૨૮ | ૧૯૫૫.૭૫ | ૧૮૭૭.૯૯ |

| | | | | |
|---|---|---|---|---|
| ૨૩ | દાહોદ | ૫૫૪.૦૯ | ૭૦૪.૩૮ | ૭૧૦.૧૭ |
| ૨૪ | નવસારી | ૧૫૮૨.૯૨ | ૧૮૦૭.૩૬ | ૧૭૭૦.૩૭ |
| ૨૫ | રાજપીપળા | ૨૬૩.૦૫ | ૨૯૮.૯૪ | ૩૦૩.૧૧ |
| | **કુલ :-** | **૭૬૨૪૮.૮૧** | **૮૯૪૮૧.૦૧** | **૯૩૬૯૩.૪૦** |

(૨) જો આવકમાં ઘટાડો થયો હોય તો તેના કારણો ક્યા ક્યા છે?

(૨) પાટણ, નડીયાદ, પાલનપુર, હિંમતનગર, બારડોલી અને નવસારીની ક્ચેરીઓમાં નહીંવત ઘટાડો થવા પામેલ છે. નવા નોંધાયેલ વાહનોની સંખ્યામાં અગાઉના વર્ષની સરખામણીએ ઘટાડો થવાના કારણે તેમજ ગત વર્ષે કરમાળખામાં થયેલ ફેરફારના લીધે આ ઘટાડો થયેલ છે.

------------

## પર્યાવરણની જાળવણી માટે વાહન વ્યવહાર ખાતામાં લેવાયેલ પગલાં

૨૮૯૧ **શ્રી પંકજકુમાર દેસાઈ (નડિયાદ) માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા. ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્ય સરકારે પર્યાવરણની જાળવણી માટે વાહન વ્યવહાર ખાતામાં શું શું પગલાં લીધા છે?

**જવાબ**

રાજ્યના વાહન વ્યવહાર ખાતા દ્વારા પર્યાવરણની જાળવણી માટે જાન્યુઆરી, ૨૦૦૮ની સ્થિતિએ રાજ્યમાં સી.એન.જી. અને એલ.પી.જી. ના કુલ ૧,૬૦,૮૩૯ વાહનોની નોંધણી કરેલ છે. તેમાં એસ.ટી. નિગમની ૮૦૩ નવી સી.એન.જી. બસોનો સમાવેશ થાય છે. પર્યાવરણની જાળવણીના ભાગરૂપે અમદાવાદ મહાનગરપાલિકા અને અમદાવાદ અર્બન ડેવલપમેન્ટ ઓથોરીટી અને સુરત મહાનગરપાલિકા અને સુરત અર્બન ડેવલપમેન્ટ ઓથોરીટીના વિસ્તારમાં સી.એન.જી. રિક્ષા ફરજિયાત બનાવવામાં આવેલ છે. આ ઉપરાંત, કુલ ૫૧૩ પી.યુ.સી. સેન્ટરો દ્વારા વાહનોના ચેકીંગ દ્વારા પર્યાવરણની જાળવણી કરાય છે. છેલ્લા ૩ વર્ષ દરમ્યાનમાં કુલ ૫૯,૮૬૮ વાહન ચાલકો પાસેથી વાહનોનું ચેકીંગ કરીને રૂા. ૭૭,૭૨,૦૩૨ની વસૂલાત કરીને પર્યાવરણની જાળવણી અંગે પગલાં લીધેલ છે.

## તાપી જિલ્લામાં પરમીટ ધારકો દ્વારા ખરીદવામાં આવેલ દારૂ

૨૪૫૨ **શ્રી પુનાભાઈ ઘે. ગામીત(વ્યારા) : માનનીય નશાબંધી મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તાપી જિલ્લામાં તા. ૩૧/૧૨/૨૦૦૭ની સ્થિતિએ દારૂની પરમીટ ધરાવતા કેટલા ઈસમો તાલુકાવાર છે, અને

**જવાબ**

(૧)

| અનુ.નં. | તાલુકા નું નામ | ઈસમોની સંખ્યા |
|---|---|---|
| ૧. | વ્યારા | ૦૪ |
| ૨. | સોનગઢ | ૦૪ |
| ૩. | વાલોડ | ૦૧ |
| ૪. | નિઝર | ૦૧ |
| ૫. | ઉચ્છલ | ૦૦ |
| | કુલ | ૧૦ |

(૨) આ પરમીટ ધારકો દ્વારા છેલ્લા બે વર્ષમાં કેટલી રકમનો દારૂ ખરીદવામાં આવ્યો ?

(૨) આ પરમીટધારકોને મહત્તમ જથ્થો દરમાસે કેટલો આપવો, તેનો ઉલ્લેખ પરમીટમાં હોય છે, અને પરમીટધારકો પોતાની પસંદગી અને અનુકુળતા પ્રમાણે સમગ્ર ગુજરાતમાં કોઈપણ વેચાણકર્તા પાસેથી ખરીદી કરી શકે છે. નિયમોનુસાર ખરીદેલા જથ્થાની નોંધ પરમીટમાં કરવામાં આવે છે. પરમીટમાં દારૂની કિંમત દર્શાવવાની રહેતી નથી, તેમજ પરમીટ જે તે ધારક પાસે રહે છે પરીણામે પરમીટધારકો દ્વારા કેટલી રકમનો દારૂ ખરીદવામાં આવે છે, તેની માહિતી ઉપલબ્ધ થઈ શકે નહીં.

------------

**એફ.એસ.એલ. દ્વારા ખાનગી સંસ્થા અને વ્યક્તિઓને અપાતી સેવા**

૩૧૧૫ **શ્રી શિરીષકુમાર મ. શુકલ (ખંભાત) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) રાજ્યની ફોરેન્સીક સાયન્સ લેબોરેટરી દ્વારા ખાનગી સંસ્થા અને વ્યક્તિઓને સેવા પૂરી પાડવામાં આવે છે કે કેમ, અને

(૧) હા જી,

રાજ્યની ફોરેન્સીક લેબોરેટરી દ્વારા ખાનગી સંસ્થા અને વ્યક્તિઓને જે સેવા પુરી પાડવામાં આવે છે. તેની વિગત નીચે મુજબ છે.

(અ) રાજ્યમાં પેટ્રોલીયમ નિપજોનું (સોલવન્ટ વગેરે) ઉત્પાદન કરતી કંપનીઓ તથા ડીલરોને તેની પ્રોડકટનું લાયસન્સ મેળવતા પહેલાં એફ.એસ.એલ.નું પરીક્ષણ પ્રમાણપત્ર મેળવવા બાબતની સેવા પુરી પાડવામાં આવે છે.

(બ) કોર્ટ ધ્વારા ખાનગીસંસ્થા/ વ્યક્તિઓના મોકલવામાં આવતાં કેસોમાં અભિપ્રાય આપવાની સેવા પુરી પાડવામાં આવે છે.

(ક) ખાનગી ક્ષેત્રની સંસ્થાઓના સીક્યોરીટી અધિકારી / વિજીલન્સ અધિકારી / બેન્ક ઓફીસરોને પ્રીવન્સન એન્ડ ડીટેકશન ઓફ ક્રાઈમના વિષય બાબતની તાલીમની સેવા પુરી પાડવામાં આવે છે.

(૨) જો હા, તો વર્ષ ૨૦૦૬-૦૭ માં કઈ કઈ વ્યક્તિ/સંસ્થાઓને કઈ કઈ પ્રકારની સેવાઓ પુરી પાડવામાં આવી અને તે પેટે કેટલી રકમ લેવામાં આવી છે ?

(૨) રાજ્યની ફોરેન્સીક લેબોરેટરી દ્વારા વર્ષ ૨૦૦૬-૦૭માં ખાનગી સંસ્થા અને વ્યક્તિઓની જે સેવા પુરી પાડવામાં આવેલ હતી તે પેટે મળેલ રકમની વિગત નીચે મુજબ છે.

(અ) સને ૨૦૦૬-૦૭ ના વર્ષમાં સોલવન્ટ કેસનાં કુલ ૭ નમુનાનું પરીક્ષણ કરવામાં આવેલ અને તેની આવક પેટે રૂા. ૨૧,૦૦૦/- ની રકમ લેવામાં આવી છે.

(બ) સને ૨૦૦૬-૦૭ ના વર્ષમાં કોર્ટ દ્વારા જે વ્યક્તિઓના / ખાનગી સંસ્થાઓના કેસો અભિપ્રાય માટે મોકલવામાં આવ્યા તેની આવક પેટે કુલ આવક રૂા. ૮૨,૬૩૪/- ની રકમ લેવામાં આવેલ છે.

(ક) સને ૨૦૦૬-૦૭ માં ખાનગી કંપનીઓના સીક્યોરીટી અધિકારી / વિજીલન્સ અધિકારી / બેન્ક ઓફીસરોનો પ્રીવેન્સન એન્ડ ડીટેકશન ઓફ ક્રાઈમ તાલીમ કોર્ષ તા. ૨૯-૫-૨૦૦૬ થી તા. ૩૧-૫-૨૦૦૬ દરમ્યાન યોજવામાં આવેલ જેમાં રૂા. ૧,૨૫,૦૦૦/- ની રકમ લેવામાં આવેલ છે.

------------

**રાજકોટ જિલ્લામાં નોંધાયેલ લૂંટફાટના ગુનાઓ**

૧૮૫૭ **શ્રીમતી જસુબેન સ. કોરાટ(જેતપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) રાજકોટ જિલ્લામાં ૨૦૦૬-૨૦૦૭ના વર્ષમાં લૂંટફાટના કેટલા બનાવો બન્યા, અને

(૧) ૬૩(ત્રેસઠ)

(૨) તે પેકી કેટલા ગુનેગારો પકડાયા ?

(૨) ૧૦૬ ગુનેગારો પકડાયેલ છે.

------------

**રાજકોટ શહેરમાં ટ્રાફીક પોલીસની ઘટ**

૨૧૭૬ **શ્રી ગોવિંદભાઈ ઉ.પટેલ(રાજકોટ-૧) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) રાજકોટ શહેરની વસ્તી અને વિસ્તારની દ્રષ્ટિએ શહેરમાં તા. ૩૧/૧/૨૦૦૮ ની સ્થિતિએ ટ્રાફીક પોલીસ કેટલા છે અને કેટલા હોવા જોઈએ,

(૨) ટ્રાફીક નિયમન માટે ઘટતા ટ્રાફીક પોલીસની જ્ગ્યાઓ ન પૂરવાના ક્યા કારણો છે, અને

(૩) ટ્રાફીક પાલીસની ખાલી જ્ગ્યાઓ ક્યારે ભરાશે ?

(૧) (૨) અને (૩) રાજકોટ શહેરમાં હાલમાં નીચે મુજબના ટ્રાફીક પોલીસ ફરજ બજાવે છે.

| હોદ્દો | સંખ્યા |
|---|---|
| પોલીસ ઈન્સ્પેકટર | ૧ |
| પોલીસ સબ ઈન્સ્પેકટર | ૩ |
| આસી. સબ ઈન્સ્પેકટર | ૨૪ |
| હેડ કોન્સ્ટેબલ | ૨ |
| પોલીસ કોન્સ્ટેબલ | ૪૪ |

ટ્રાફીક પોલીસનો સ્ટાફ જરૂરિયાત મુજબ ફાળવવામાં આવે છે. ટ્રાફીક પોલીસ માટે ચોક્કસ ધારા ધોરણો નિયત કરેલ નથી. જરૂરીયાત પ્રમાણે પેટ્રોલીંગ પરના કે અન્ય ફરજ પરના પોલીસોમાંથી આંતરિક વ્યવસ્થા કરીને ટ્રાફીક્ની જ્ગ્યા પર કર્મચારીઓ ફાળવવામાં આવે છે. લોકરક્ષક (હથિયારી/બિનહથિયારી/મહિલા)ની કુલ-૭૩૮૨ જ્ગ્યાઓ ભરવા માટે ગુજરાત ગોણ સેવા પસંદગી મંડળ હસ્તક પ્રક્રિયા ચાલુ છે.

------------

**રાજ્યના મંદિરોની સુરક્ષા માટે લેવાયેલા પગલા**

૩૦૪૩ **શ્રી ઋષિકેશ ગ.પટેલ (વિસનગર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) રાજ્યના અક્ષર પુરૂષોત્તમ મંદિર, ડાકોર, દ્વારકા, પાલીતાણા, અંબાજી મંદિરોની સુરક્ષા માટે સરકારે તા. ૩૧/૧/૦૮ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કોઈ પગલાં લીધા છે કે કેમ,

(૧) હા જી,

(૨) જો હા, તો કેવા પ્રકારના પગલાં લીધા છે,

(૨) આ મંદિરોની સુરક્ષા એસ.આર.પી., ગ્રામરક્ષકદળ, બોર્ડરવીંગના જવાનો, હોમગાર્ડઝ, મહિલા પોલીસ, ખાનગી સીક્યુરીટી ગાર્ડઝ વગેરે દ્વારા જાળવવામાં આવે છે.

સુરક્ષા માટે ક્વીક રીએક્શન ટીમ, ધાબા પોઈન્ટ તેમજ વિવિધ સલામતી સ્કીમોનું આયોજન કરવામાં આવેલ છે.

મંદિરોની સુરક્ષા માટે આધુનિક સાધનોનો પણ પુરતો ઉપયોગ કરવામાં આવે છે.

(૩) આકસ્મીક ચકાસણી માટે કોઈ યોજના છે કે કેમ, અને

(૩) હા જી,

(૪) જો હા, તો તેની કેટલી વખત ચકાસણી કરવામાં આવી ?

(૪) અક્ષરપુરષોત્તમ મંદિરની ૩૪, ડાકોર મંદિરની ૬૬, દ્વારકા મંદિરની ૨૧૦, પાલીતાણા મંદિરની ૩ અને અંબાજી મંદિરની ૫૫ વખત ચકાસણી કરવામાં આવી છે.

------------

**પાલીતાણા મંદિરની સુરક્ષા માટે લેવાયેલા પગલા**

૩૦૩૧**શ્રી રમેશભાઈ વ.મહેશ્વરી(મુંદ્રા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પાલીતાણા મંદિરની સુરક્ષા માટે રાજ્ય સરકારે ક્યા પગલાંઓ લીધેલ છે. | (૧) આ મંદિરની સુરક્ષા માટે તળેટીમાં પોલીસ ચોકી કાર્યરત છે.<br>મંદિરની સુરક્ષા વ્યવસ્થા પોલીસ, હોમગાર્ડઝ, મહિલા પોલીસ, ગ્રામરક્ષકદળ, બોર્ડરવીંગના જવાનો, ખાનગી સીક્યુરીટી ગાર્ડઝ વગેરે દ્વારા જાળવવામાં આવે છે.<br>સુરક્ષા માટે ક્વીક રીસ્પોન્સ ટીમનું પણ આયોજન કરવામાં આવેલ છે.<br>મંદિરની સુરક્ષા માટે પૂરતા આધુનિક ઉપકરણોનો પણ ઉપયોગ કરવામાં આવેલ છે.<br>સુરક્ષા અર્થે ખાનગી સીક્યુરીટી ગાર્ડઝ તથા ડુંગરીના મજુરોને ઓળખપત્ર આપવામાં આવેલ છે. |
| (૨) આ મંદિરની સુરક્ષા વ્યવસ્થાની આકસ્મિક ચકાસણી માટે કોઈ મોકડ્રીલ યોજવામાં આવી છે કે કેમ, અને<br>(૩) જો હા, તો કેટલી વખત ? | (૨) અને (૩)<br>કોઈ મોકડ્રીલ યોજવામાં આવેલ નથી. પરંતુ આક્સ્મીક ચકાસણી કરવામાં આવે છે. |

------------

**શ્રમ યોગીઓના બાકી લેણા અંગે**

૩૪૨૩ **શ્રી સુંદરસિંહ ભ. ચૌહાણ(મહેમદાવાદ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૧/૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે નાણાકીય વર્ષમાં બંધ પડેલી મીલોના શ્રમયોગીઓના કેટલા લેણા ચુકવવાના બાકી છે, અને | (૧) તા.૧૬/૧૦/૨૦૦૬નારોજ મોરબીમાં એક ખાનગી માલિકીની મીલ બંધ પડેલ છે. આ મીલના શ્રમયોગીઓને બાકી પગાર, ગ્રેજ્યુઈટી, હક્ક રજા વગેરેના અંદાજે રૂા.૧૦.૩૨ કરોડ મીલ સંચાલકોએ ચુકવવાના બાકી છે. |
| (૨) તેને ચુકવવા સરકાર તરફથી શાં પ્રયત્નો થયા, અને ક્યાં સુધીમાં ચુકવણી પૂર્ણ કરવામાં આવશે ? | (૨) રાજ્યના શ્રમ આયુક્તશ્રીના અધિકારીઓ દ્વારા શ્રમયોગીના કાયદેસરના લેણા મળી શકે તે માટે પ્રયાસો હાથ ધરવામાં આવેલ છે અને બંધ થયેલ સંસ્થાના જવાબદાર સંચાલકો સામે કાયદેસરની કાર્યવાહીઓ હાથ ધરવામાં આવી છે. હાલ આ બાબત ન્યાયાધિન છે. |

------------

**ગુજરાત સ્ટેનોગ્રાફર ગ્રેડ-૧ને રહસ્ય સચિવ તરીકે બઢતી આપવા અંગે**

૨૪૫૫ **શ્રી માનસિંહ કો.ચૌહાણM#> (બાલાસિનોર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સામાન્ય વહીવટ વિભાગ દ્વારા જે તે ખાતાના વડાની ક્ચેરીમાં ગુજરાતી સ્ટેનોગ્રાફર ગ્રેડ-૧, વર્ગ-૨ના કર્મચારીઓને અગ્ર રહસ્ય સચિવ તરીકે બઢતી કરી વર્ગ-૧ કરવાની કાર્યવાહી ચાલે છે ખરી, | (૧) હા જી, |
| (૨) જો હા, તો તેનો અમલ કેટલા સમયમાં કરવામાં આવશે, | (૨) વહીવટી કાર્યવાહી આખરી થતા. |
| (૩) રહસ્ય સચિવ ગુજરાતી સ્ટેનોગ્રાફર ગ્રેડ-૧, વર્ગ-૨ને બઢતીથી કાર્યવાહીમાં વિલંબ થવાના કારણો શું છે, અને | (૩) બઢતીની કાર્યવાહી ચાલુ હોઈ વિલંબનો પ્રશ્ન નથી. |
| (૪) આવા કેટલા કર્મચારીઓ બઢતી પાત્ર છે ? | (૪) પાંચ. |

------------

**વડિયા-કુકાવાવ તાલુકાને સ્પેશીયલ ઈકોનોમિક ઝોન આપવા અંગે**

૧૮૭૯ **શ્રી બાવકુભાઈ ઉંધાડ (બાબરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનિજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડિયા-કુકાવાવ તાલુકામાં ઉદ્યોગોના વિકાસ માટે સરકાર દ્વારા સ્પેશીયલ ઈકોનોમિક ઝોન દાખલ કરવા માંગો છો કે નહીં,

(૨) આ તાલુકાને પછાત વિસ્તારમાં મુકી નાના ઉદ્યોગોને ટેક્સ, વિજળી, પાણી, લોન જેવી સગવડતાઓ આપી પ્રોત્સાહીત કરવા માંગો છો કે કેમ, અને

(૩) જો હા, તો ક્યારે ?

**જવાબ**

(૧) એસઈઝેડ સ્થાપવા માટે ડેવલપર્સ દ્વારા મળનાર અરજીઓ/દરખાસ્તો ચકાસણી કરી મંજુર કરવામાં આવે છે. ઉપરોક્ત તાલુકામાંથી અરજી/દરખાસ્ત મળે તો વિચારી શકાય.

(૨) અને (૩) રાજ્યની નીતિ અનુસાર સમગ્ર રાજ્યમાં સ્થપાતાં લઘુ અને મધ્યમ ઉદ્યોગોને વ્યાજ સબસીડી, પેટન્ટ સબસીડી, માર્કેટીંગ સપોર્ટ, ટેક્નોલોજી અપગ્રેડેશન માટે વ્યાજ સહાય વિગેરે આપવામાં આવે છે, જે વડિયા-કુકાવાવમાં સ્થપાતાં એકમોને પણ મળવાપાત્ર છે.

------------

**મેઘરજ, માલપુર, બાયડ અને ધનસુરા તાલુકામાં જ્યોતિગ્રામ યોજનાનો અમલ**

૧૬૩૫ **શ્રી મહેન્દ્રસિંહ શં.વાઘેલા (મેઘરજ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૧/૨૦૦૮ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં મેઘરજ, માલપુર, બાયડ અને ધનસુરા તાલુકાઓમાં જ્યોતિગ્રામ યોજનામાં કેટલા ગામો અને પેટા પરાઓનો સમાવેશ કરી કામો પૂરા થયા છે,

(૨) ક્યા ક્યા ગામો પેટા પરાઓનો સમાવેશ થવાનો બાકી છે અને કામો શરૂ કરવામાં આવ્યા નથી,

(૩) વિલંબના કારણો શાં છે, અને

(૪) કેટલા સમયમાં બાકી રહેતા ગામો-પેટા પરાઓને લાભ આપવામાં આવશે ?

**જવાબ**

(૧) તા. ૩૧/૧/૨૦૦૮ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં મેઘરજ, માલપુર, બાયડ અને ધનસુરા તાલુકાના તમામ ગામો અને પેટાપરાઓનો જ્યોતિગ્રામ યોજનામાં સમાવેશ કરી કામો પૂરા કરવામાં આવ્યા છે.

(૨), (૩) અને (૪) કોઈ ગામ કે પેટાપરા બાકી રહેતા ન હોઈ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**ફાસ્ટ ટ્રેક કોર્ટોની સ્થાપના**

૨૮૯૫ **ભાવનાબેન મકવાણા (તળાજા) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સરકારે રાજ્યમાં તા. ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલી ફાસ્ટ ટ્રેક કોર્ટો ઉભી કરી, અને

(૨) ક્યા ક્યા જિલ્લાઓમાં કેટલી ફાસ્ટ ટ્રેક કોર્ટો ઉભી થઇ ?

**જવાબ**

(૧) ""૨૨""

(૨) પત્રક-""અ"" મુજબ.

**પ ત્ર ક : અ**

| અ.નં. | જિલ્લાનું નામ | જિલ્લામાં ફાસ્ટ ટ્રેક કોર્ટોની સંખ્યા |
|---|---|---|
| ૧ | અમદાવાદ ગ્રામ્ય વિરમગામ | ૬ |
| ૨ | અમરેલી | ૨ |
| ૩ | આણંદ | ૫ |
| ૪ | બનાસકાંઠા | ૬ |
| ૫ | ભરૂચ | ૬ |
| ૬ | ભાવનગર | ૬ |
| ૭ | દાહોદ | ૨ |
| ૮ | ગાંધીનગર | ૫ |
| ૯ | જામનગર | ૩ |
| ૧૦ | જૂનાગઢ | ૭ |
| ૧૧ | કચ્છ | ૫ |

| ૧ | ૨ | ૩ |
|---|---|---|
| ૧૨ | ખેડા | ૧૦ |
| ૧૩ | મહેસાણા | ૬ |
| ૧૪ | નર્મદા | ૨ |
| ૧૫ | નવસારી | ૨ |
| ૧૬ | પાટણ | ૨ |
| ૧૭ | પંચમહાલ | ૪ |
| ૧૮ | પોરબંદર | ૧ |
| ૧૯ | રાજકોટ | ૧૦ |
| ૨૦ | સાબરકાંઠા | ૬ |
| ૨૧ | સુરત | ૬ |
| ૨૨ | સુરેન્દ્રનગર | ૧ |
| ૨૩ | વડોદરા | ૧૩ |
| ૨૪ | વલસાડ | ૨ |
| ૨૫ | સીટી સીવીલ કોર્ટ, અમદાવાદ | ૬ |
| | | **૧૨૪** |

------------

**રાજ્યમાં હથીયારના પરવાના ધારકો**

૨૭૦૦ **શ્રી પોપટભાઈ સ. જીંજરિયા (ચોટીલા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં હથિયાર પરવાના ધારકોની તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ સંખ્યા કેટલી, અને

(૨) જે પેકી સુરેન્દ્રનગર જિલ્લામાં તાલુકાવાર કેટલી ?

**જવાબ**

(૧) ૬૩૪૮૧

(૨) સામેલ પત્રક મુજબ.

**પ ત્ર ક**

સુરેન્દ્રનગર જિલ્લામાં તા.૩૧-૧૨-૦૭ની સ્થિતિએ તાલુકાવાર હથિયાર પરવાના ધારકોની સંખ્યા.

| **અ.નં.** | **તાલુકાનું નામ** | **હથિયાર પરવાના ધારકોની સંખ્યા** |
|---|---|---|
| ૧ | વઢવાણ | ૬૯૪ |
| ૨ | લીંબડી | ૪૭૫ |
| ૩ | ચુડા | ૧૬૫ |
| ૪ | સાયલા | ૪૮૧ |
| ૫ | ચોટીલા | ૭૫૪ |
| ૬ | મુળી | ૩૦૪ |
| ૭ | હળવદ | ૨૦૭ |
| ૮ | ધ્રાંગધ્રા | ૨૭૭ |
| ૯ | પાટડી | ૩૧૧ |
| ૧૦ | લખતર | ૧૧૫ |
| | **કુલ :** | **૩૭૮૩** |

------------

## વડોદરા જિલ્લામાં નર્મદા કેનાલથી સિંચાઇ સુવિધા

૧૨૬૨ **શ્રી ધીરૂભાઈ ચુ. ભીલ(નસવાડી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લાના નસવાડી-ક્વાંટ-જેતપુર પાવી તેમજ સંખેડા તાલુકાના નર્મદા કેનાલના પૂર્વ કાંઠાના તમામ ખેડૂતોને નર્મદા કેનાલથી સિંચાઇ સુવિધા મલતી નથી તે હકીક્ત સાચી છે, | (૧) હા. |
| (૨) જો હા, તો આ ખેડૂતોને સિંચાઇના પાણી આપવા કોઇ સર્વે થયેલ છે કે કેમ, અને | (૨) નર્મદા મુખ્ય કેનાલની જમણી બાજુએ પાણી આપવાનું આયોજન ન હોઈ સર્વે કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) સરકાર આ સિંચાઇના પાણી મળે તે, માટે ક્યા પ્રકારનું આયોજન કરવા માંગે છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

## એસ.આર.પી.ની વધારાની બટાલીયન આપવા અંગે

૩૦૨૨ **શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ(અંકલેશ્વર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકાર દ્વારા રાજ્ય અનામત પોલીસ દળ (એસ.આર.પી.) ની સ્ટ્રેન્થ વધારવા તથા વધારાની બટાલીયન સ્થાપવામાં આવી રહી હોવાની હકીક્ત સાચી છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો રાજ્ય સરકાર આવી કેટલી બટાલીયનોને કઇ જગ્યાએ અને ક્યારે સ્થાપવા માંગે છે ? | (૨) નીચે મુજબ બે બટાલીયનો સ્થાપવામાં આવી રહેલ છે. |

| અ.નં. | બટાલીયનનું સ્થળ | સ્થાપના |
|---|---|---|
| ૧ | પાવડી જિ. દાહોદ | જુથ-૪ તરીકે ઉભું કરવા અંગે જમીન સંપાદનની કાર્યવાહી પૂર્ણ થયેલ છે. |
| ૨ | મુડેટી, જિ. સાબરકાંઠા | જુથ-૬ તરીકે ઉભું કરવા અંગે જમીન સંપાદનની કાર્યવાહી પૂર્ણ થયેલ છે. |

આ ઉપરાંત ઓ.એન.જી.સી. માટે એક વિશેષ જુથ તા.૨૧-૫-૦૭ થી મહેસાણા ખાતે કાર્યરત થયેલ છે.

------------

## રાજ્યના વહીવટને ઝડપી અને કાર્યક્ષમ બનાવવા લેવાયેલા પગલાં

૩૦૧૫ **શ્રી નારાયણભાઈ લ. પટેલ(ઉંઝા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) છેલ્લા બે વર્ષમાં ઇન્ફોર્મેશન ટેક્નોલોજીના યુગમાં રાજ્ય સરકારના વહીવટને ઝડપી અને કાર્યક્ષમ | (૧), (૨) અને (૩) : રાજ્ય સરકારના વહીવટને ઝડપી અને કાર્યક્ષમ બનાવવા |

બનાવવા માટે રાજ્ય સરકારે ક્યા પ્રકારના પગલાં લીધા છે,

(૨) આવા પગલાંઓની વિગત શું છે, અને

(૩) સરકારે લીધેલા પગલાંથી રાજ્ય સરકારને શું ફાયદો થયો છે અને આ પગલાંમાં શું ખર્ચ થયેલ છે ?

માટે રાજ્ય સરકારે ...

(૧) સચિવાલય ખાતે ઈન્ટીગ્રેટેડ વર્કફ્લો અને ડોક્યુમેન્ટ મેનેજમેન્ટ સીસ્ટમ (આઈ.ડબલ્યુ.ડી.એમ.એસ.) નો અમલ કરેલ છે. વધુમાં આ પ્રોજેક્ટનો વ્યાપ વધારીને ગાંધીનગર અને અમદાવાદની ખાતાના વડાઓની તેમજ અન્ય કચેરીઓને આ પ્રોજેક્ટ હેઠળ આવરી લીધેલ છે.

- આઈ.ડબલ્યુ.ડી.એમ.એસ. દ્વારા ટપાલ, ફાઈલ, ફાઈલની મુવમેન્ટ, રજા રીપોર્ટ વિગેરે કામગીરી ઈલેક્ટ્રોનીક રીતે હાથ ધરવામાં આવે છે.
- સચિવાલયના બધા વિભાગોમાં તે કાર્યરત છે તથા અમદાવાદ-ગાંધીનગર ખાતેના વિભાગના વડાઓ તથા સરકારશ્રીના બોર્ડ/કોર્પોરેશનમાં વિસ્તરણ થઈ રહેલ છે.
- આઈ.ડબલ્યુ.ડી.એમ.એસ. ના અમલથી ફીઝીકલ ફાઈલોનું પ્રમાણ ઓછું થયેલ છે તથા સીંગલ ફાઈલ સીસ્ટમ અને લેવલ જમ્પીંગથી વહીવટ ઝડપી અને વધુ પારદર્શક બન્યો છે તથા વહીવટની અસરકારક્તા વધેલ છે.
- આ અંગે છેલ્લા બે વર્ષમાં રૂા.૬,૯૧,૪૦,૩૨૩/- નો ખર્ચ થયેલ છે.

(૨) રાજ્યની ટેન્ડર પ્રક્રિયા વધુ ઝડપી અને પારદર્શક બનાવવા માટે ઈ-પ્રોક્યોરમેન્ટ પદ્ધતિ અપનાવવા સરકારશ્રીએ તા.૨૨-૧૧-૨૦૦૬ થી ઠરાવ બહાર પાડેલ છે.

- ઈ-પ્રોક્યોરમેન્ટ અન્વયે રૂા.૧૦ લાખથી વધુની ખરીદી ઈ-ટેન્ડરીંગ પદ્ધતિથી કરવાની રહે છે.
- આ કામગીરી રાજ્ય સરકારની કંપની જી.એન.એફ.સી. ના (એન) કોડ સોલ્યુશન ડીવીઝન દ્વારા કરવામાં આવે છે.
- ઈ-પ્રોક્યોરમેન્ટની ખરીદીની પ્રક્રિયા ઝડપી, સરળ, પારદર્શક તથા વિવાદ મુક્ત બનેલ છે તથા સ્પર્ધાત્મક્તામાં વધારો થયેલ છે.
- આ અંગેનો ખર્ચ ઇ-ટેન્ડર કરનાર સંબંધિત વિભાગ/ કચેરી દ્વારા દરેક ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થયા બાદ કરવામાં આવે છે.

(૩) રાજ્ય સરકારના અધિકારી/કર્મચારીઓ માટે કોમ્પ્યુટરનું જ્ઞાન ફરજીયાત બનાવવામાં આવેલ છે.

- જે માટે ભરતી અને બઢતીના નિયમોમાં યોગ્ય જોગવાઈ કરેલ છે.
- તેઓને તાલીમ માટે રાજ્ય સરકારની તથા ખાનગી તાલીમ સંસ્થાઓ નિયત કરવામાં આવેલ છે.
- રાજ્ય સરકારના અધિકારી/કર્મચારી દ્વારા કોમ્પ્યુટરની તાલીમ બાદ સ્પીપા/આઈટીઆઈ દ્વારા લેવાતી પરીક્ષા પાસ કર્યે રાજ્ય સરકારે નિયત કરેલ ફી તેને સંબંધિત વિભાગ/કચેરી દ્વારા ચૂકવવામાં આવે છે.

**ટોરેન્ટ પાવર સામેની ફરિયાદ સંબંધે થતી કામગીરી**

**૧૬૭૮શ્રી મોહંમદફારુક હુ. શેખ(કાલુપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદમાં વીજળી આપતી કંપની ટોરેન્ટ પાવર એ.ઇ.સી.લી.ના ગ્રાહકને ફરિયાદ કરવી હોય તો તે વિજળીના કાયદા મુજબ ચાલતી કોર્ટ ક્યાં આવેલ છે,

(૨) તે કોર્ટ ક્યાં બેસે છે, અને

**જવાબ**

(૧) અને (૨) :

ઈલેક્ટ્રીસીટી એક્ટ, ૨૦૦૩ ની કલમ ૧૫૩(૧) હેઠળ રચવામાં આવેલ ખાસ અદાલતો પૈકી ટોરેન્ટ પાવર લીમીટેડ, અમદાવાદના વિસ્તાર માટેની ખાસ અદાલત સીટી સીવીલ અને સેસન્સ કોર્ટ, સીટી સીવીલ કોર્ટ કમ્પાઉન્ડ, ભદ્ર, અમદાવાદ ખાતે બેસે છે.

(૩) તેમાં સાંભળવામાં આવેલ ફરીયાદ કેટલી અને તેમાં કાયદાનું પાલન કેવી રીતે કરવામાં આવે છે ?

(૩) ઈલેકટ્રીસીટી એકટ, ૨૦૦૩ ની કલમ ૧૩૫ થી ૧૩૯ હેઠળના કેસો ખાસ જજ/કોર્ટ દ્વારા હાથ ધરાય છે અને સેશન્સ કેસોના ટ્રાયલની પધ્ધતિ નક્કી થયેલ છે, તે મુજબ ચલાવવામાં આવેલ છે. તેમાં સાંભળવામાં આવેલ કુલ ૮૯ ફરિયાદોમાંથી ૪૦ નો નિકાલ થયેલ છે.

------------

**પચ્ચીસ હજારથી વધુ રકમના પકડાયેલ દારૂ સંબંધે પોલીસ અધિકારી/કર્મચારી સામે લેવાયેલ પગલાં**

૩૨૬૩ **શ્રી ભગવાનભાઈ ધા.બારડ(તલાળા) : માનનીય નશાબંધી મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ૨૫ હજાર કે તેથી વધુ રકમનો દારૂ પકડાય તો જે પોલીસ સ્ટેશનના પી.આઇ., પી.એસ.આઇ. ને જવાબદાર ગણી પગલાં લેવામાં આવશે તેવા રાજ્ય સરકારના પરિપત્ર અન્વયે જુનાગઢ જિલ્લામાં તા. ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ક્યા ક્યા પોલીસ સ્ટેશનમાંથી ૨૫ હજાર કે તેથી વધુ રકમનો દારૂ પકડવામાં આવ્યો, અને

(૨) ક્યા ક્યા પી.આઇ., પી.એસ.આઇ. સામે પગલાં લેવામાં આવ્યા ?

**જવાબ**

(૧) જૂનાગઢ એ ડીવીઝન, જૂનાગઢ બી ડીવીઝન, ભેંસાણ, કેશોદ, વંથલી, માણાવદર, વેરાવળ, સુત્રાપાડા, કોડીનાર, ઉના, શીલ, ચોરવાડ, નવાબંદર અને સોમનાથ પોલીસ સ્ટેશન.

(૨) ગુજરાત વિજીલન્સ સ્કવોર્ડ, ગાંધીનગર દ્વારા કોડીનાર પો.સ્ટે.થર્ડ ગુ.ર.નં. ૨૩૭/૦૭ પ્રોહી. એકટ કલમ ૬૬-બી વિગેરે મુજબનો ગણનાપાત્ર કેસ શોધી કાઢતાં સ્થાનિક પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટરને ફરજમોકુફ કરેલ છે અને અન્ય સુપરવાઈઝરી અધિકારી વિભાગીય પોલીસ અધિકારીશ્રી, વેરાવળ તથા જવાબદાર બીટ ઈન્ચાર્જ વિરૂધ્ધ પ્રાથમિક તપાસ શરૂ કરેલ છે.

------------

**ગુજરાત કાઉન્સિલ ઓફ સાયન્સ સીટી દ્વારા હાથ ધરાયેલ પ્રવૃત્તિઓ**

૨૮૦૨**શ્રી જયંતિલાલ પ.ભાનુશાલી(અબડાસા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં ગુજરાત કાઉન્સિલ ઓફ સાયન્સ સીટી દ્વારા કઇ કઇ પ્રવૃત્તિઓ કરવામાં આવે છે, અને

**જવાબ**

(૧) કાઉન્સિલ દ્વારા નીચે દર્શાવ્યાનુસારની પ્રવૃત્તિઓ કરવામાં આવે છે.

- વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક અભિગમ વિકસાવવો.
- વૈજ્ઞાનિક અભિગમ ધરાવતા વિદ્યાર્થીઓને વધુ કેળવણી આપી પ્રોત્સાહિત કરવા.
- વિજ્ઞાન પ્રૌદ્યોગિકી, ઊર્જા અને પર્યાવરણને લગતા કાર્યક્રમો/પ્રદશનો યોજવા.
- વૈજ્ઞાનિક દિવસોની ઉજવણી અને તેના દ્વારા વિદ્યાર્થીઓમાં જ્ઞાનનો સંચાર.
- અલગ અલગ સ્પર્ધાઓ, પ્રદર્શન અને વ્યાખ્યાનોના આયોજન દ્વારા વિદ્યાર્થીઓમાં વિજ્ઞાન પ્રત્યેની અભિરૂચી કેળવવી.
- મે-૨૦૦૬ થી ""સાયન્સ મેટર્સ"" શિર્ષક હેઠળ પ્રતિમાસ ""પોપ્યુલર સાયન્સ લેક્ચર"" ના આયોજન દ્વારા વિદ્યાર્થીઓમાં ટેક્નોલોજી ક્ષેત્રે પ્રકાશ પાડી તેમના જ્ઞાન અને જાગૃક્તામાં વધારો કરવો.

- વિદ્યાર્થીઓમાં સાયન્સ અને મેથ્સને લગતા શૈક્ષણિક કાર્યક્રમોના ભાગરૂપે રાષ્ટ્રીય/આંતરરાષ્ટ્રીય ઓલીમ્પીયાડ માટે ઓરીએન્ટેશન પોગ્રામનું આયોજન કરવું.
- ખાસ કાર્યશાળાઓ (વર્કશોપ) અને તાલીમ કાર્યક્રમોનું આયોજન કરવું.
- ""ડીએનએ ક્લબ"" કાર્યક્રમ અંતર્ગત બાયોરિસોસિસ તથા બીજા વિવિધ વૈજ્ઞાનિક કાર્યક્રમોનું આયોજન કરવું.

(૨) આ પ્રવૃત્તિઓ માટે વર્ષ ૨૦૦૭-૦૮માં કેટલું બજેટ ફાળવવામાં આવ્યું છે ?

(૨) રૂા. ૧ કરોડ.

------------

**જંબુસર અને આમોદ તાલુકામાં નોંધાયેલ વિવિધ ગુના**

૨૯૩૪ **શ્રી કિરણકુમાર લ.મકવાણા(જંબુસર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભરૂચ જિલ્લામાં જંબુસર અને આમોદ તાલુકામાં તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખૂન, ચોરી, લૂંટ અને અપહરણના કેટલા બનાવો બન્યા, અને

**જવાબ**

(૧)

| હેડ | જંબુસર | આમોદ |
|---|---|---|
| ખૂન | ૧૦ | ૫ |
| ચોરી | ૨૦ | ૧૪ |
| લૂંટ | - | - |
| અપહરણ | ૨ | ૩ |

(૨) આ કેસોમાં કેટલા આરોપીઓને પોલીસ પકડી શકી છે ?

(૨) જંબુસર તાલુકામાં ખૂનમાં કુલ સંડોવાયેલ ૨૦ આરોપીઓ પૈકી ૧૯ આરોપીઓ પકડાયેલ છે. જ્યારે એક આરોપી મરણ ગયેલ છે. ચોરીના ગુનાઓમાં ૪૩ આરોપીઓ સંડોવાયેલ છે. તે પૈકી ૪૨ આરોપીઓ પકડાયેલ છે.

લૂંટનો એકપણ ગુનો નોંધાયેલ નથી. જેથી આરોપીઓને પકડવાના રહેતા નથી.

અપહરણના ગુનાઓમાં કુલ-૪ આરોપીઓ પૈકી ત્રણ આરોપીઓ પકડાયેલ છે.

જ્યારે આમોદ તાલુકામાં ખૂનના ગુનામાં કુલ-૧૩ આરોપીઓ સંડોવાયેલ છે. તે તમામ ૧૩ આરોપીઓ પકડાયેલ છે.

ચોરીના ગુનાઓમાં કુલ-૨૮ આરોપીઓ સંડોવાયેલ છે. તે તમામ ૨૮ આરોપીઓ પકડાયેલ છે.

લૂંટનો એકપણ ગુનો નોંધાયેલ નથી. તેથી આરોપીઓને પકડવાનો રહેતો નથી. અપહરણના ગુનાઓમાં કુલ-૬ આરોપીઓ સંડોવાયેલા છે. તે તમામ ૬ આરોપીઓ પકડાયેલ છે.

------------

**રાપર સબજેલના મકાન અંગે**

૨૯૧૪ **શ્રી બાબુભાઈ મે. શાહ(રાપર) : માનનીય જેલ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભૂકંપ પછી તૂટી ગયેલ રાપર સબજેલનું મકાનના કારણે તપાસ હેઠળના કે કાચા કામના કેદીઓને અન્ય જેલ કે સબજેલમાં લઇ જવા પડે છે તે હકીકત સાચી છે,

**જવાબ**

(૧) હા, જી.

(૨) જો હા, તો રાપરમાં સબજેલનું નવું મકાન તૈયાર થઇ ગયું હોવા છતાં તેનો ઉપયોગ શા કારણે શરૂ કરાતો નથી, અને

(૨) ઉક્ત સબ જેલનું મકાન તૈયાર થઈ ગયેલ છે, પરંતુ તેમાં કેટલીક આનુષાંગિક સુવિધાઓની કામગીરીની પ્રક્રિયા ચાલુ હોવાના કારણે ઉપયોગ શરૂ કરેલ નથી.

(૩) જો ના, તો તા. ૩૧-૧૨-૨૦૦૭ની

(૩) રાપર તાલુકાના જુદા-જુદા આરોપીઓને ખાસ

સ્થિતિએ જુદા જુદા આરોપો હેઠળ તાબે રખાયેલ રાપર તાલુકાના આરોપીઓને ક્યા સ્થળે રખાય છે ?

જેલ ભુજ તથા મોરબી સબ જેલમાં રાખવામાં આવે છે.

------------

૯૧

**ગઢડા પોલીસ સ્ટેશનના પી. એસ. આઈ. સામેની ફરિયાદમાં લેવાયેલ પગલાં**

૩૨૬૬ **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૧૫-૨-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે માસમાં ભાવનગર જિલ્લાના ગઢડા પોલીસ સ્ટેશનમાં પી.એસ.આઈ. ધ્વારા જાહેરમાં તહોમતદારને માર મારતાં બેભાન થયેલ તેવી ફરિયાદ ગઢડા પોલીસ સ્ટેશનમાં નોંધાવ્યા છતાં પોલીસ તરફથી પી.એસ.આઈ. સામે કોઈ પગલાં લેવામાં આવ્યા નથી તે હકીક્ત સાચી છે, અને

(૨) જો હા, તો પી.એસ.આઈ. સામે પગલાં નહી લેવાના કારણો શાં છે ?

**જવાબ**

(૧) રહેવાસી સુરકા તાલુકો ગઢડાના એક આરોપીની સામે ગઢડા પો. સ્ટે. ગુ.ર.નં. ૧૭/૦૮ જુગારધારાની ક્લમ-૧૨ મુજબ સંડોવાયેલ હોય, અને તે ગુનામાં તેની ધરપકડ થયેલ અને તેને નામદાર ગઢડાની કોર્ટમાં રજૂ કરતાં, તેમણે પો.સ.ઇ. ગઢડા વિરુધ્ધ પોતાને માર માર્યા અંગેની ફરિયાદ કરતાં, નામદાર કોર્ટ તેમની ફરિયાદ લઇ, પરચૂરણ ફોજદારી અરજી નં. ૩/૦૮ થી સી.આર.પી.સી. ક્લમ-૨૦૨ મુજબ કોર્ટમાં ફરિયાદ દાખલ કરાવતાં નામદાર કોર્ટ તરફથી કાનૂની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. ગઢડા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયેલ નથી.

(૨) આ બાબત ન્યાયાધીન છે.

------------

**ભાવનગર-મહુવા હાઈવે ઉપર થયેલ અકસ્માતો**

૩૩૫૧ **ડૉ.કનુભાઇ કલસરિયા(મહુવા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ભાવનગર-મહુવા નેશનલ હાઈવે રોડ ઉપર કુલ કેટલા માર્ગ અકસ્માત થયા,

(૨) તેમાં કુલ કેટલા ઘાયલ થયા, અને

(૩) કુલ કેટલા મૃત્યુ થયા ?

**જવાબ**

(૧) કુલ - ૩૯૭ માર્ગ અકસ્માત

(૨) કુલ - ૪૦૦ વ્યક્તિઓ ઘાયલ થયા.

(૩) કુલ - ૨૫૦ વ્યક્તિઓના મરણ થયા.

------------

**વડોદરા શહેર અને જિલ્લાના ભાડુઆતોનું રજિસ્ટ્રેશન**

૨૧૩૫ **શ્રી ઉપેન્દ્રસિંહ પ્ર.ગોહિલ(વડોદરા (ગ્રામ્ય) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભાડુઆત તરીકે આવતા ઈસમોનું રજીસ્ટ્રેશન પોલીસ સ્ટેશનમાં કરાવવું ફરજિયાત હોય તો વડોદરા શહેર/જિલ્લામાં કેટલા લોકોનું રજીસ્ટ્રેશન છેલ્લા ત્રણ વર્ષમાં થયું, અને

(૨) હજુ વધુ જાગૃતિ આવે તે માટે રાજ્ય સરકારશ્રી શું પગલાં લેવા માંગે છે ?

**જવાબ**

(૧) ફોજદારી કાર્યરીતિ અધિનિયમની (સીઆરપીસી) ક્લમ ૧૪૪ હેઠળ જરૂર જણાય ત્યારે આવું રજીસ્ટ્રેશન ફરજીયાત બનાવાય છે. તે અન્વયે વડોદરા શહેરમાં ૫૦ અરજીઓ મળી છે, જ્યારે વડોદરા જીલ્લામાં એક પણ અરજી મળી નથી.

(૨) લોક દરબારના આયોજન સમયે સોસાયટી વિગેરેમાં પ્રચાર કરવામાં આવે છે. સીનીયર પોલીસ અધિકારીશ્રીઓની ક્રાઇમ કોન્ફરન્સમાં સદર બાબતે તકેદારી રાખવા જણાવાય છે. મકાન માલિકે જાણ કરેલ હોય તેવા કિસ્સામાં ભાડુઆતની પ્રવૃત્તિ અંગે તકેદારી રાખવા યોગ્ય, દ ટિત માર્ગદર્શન આપવામાં આવે છે. મકાન ભાડે અપાવનાર વ્યવસાયી દલાલો/એજન્ટોને મકાન ભાડે રાખનાર ઇસમના પૂર્વ ઇતિહાસ બાબતે જાણકારી મેળવી મકાન ભાડે અપાવવા ભલામણ કરવામાં આવે છે તેમજ ટી.વી. અને સમાચારપત્રોના માધ્યમથી બહોળી પ્રસિધ્ધિ આપવામાં આવે છે.

**નેનો ટેક્નોલોજીને પ્રોત્સાહન આપવાનું આયોજન**

૨૮૦૫ **શ્રી વલ્લભભાઈ ગો.કાકડિયા (રખિયાલ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં નેનો ટેક્નોલોજીને પ્રોત્સાહન આપવા માટે સરકારનું શું આયોજન છે, અને

(૨) આ પેટે કેટલી રકમ ફાળવવામાં આવી છે?

**જવાબ**

(૧) (૧) રાજ્યમાં નેનો ટેક્નોલોજી અન્વયે સંશોધન અને વિકાસની પ્રવૃત્તિઓ હાથ ધરવા માટે નીચે મુજબની પાંચ યુનિવર્સિટીઓમાં સેન્ટર ઓફ એક્સલન્સ ઉભા કરવામાં આવેલ છે.

૧. એમ.એસ. યુનિવર્સિટી, વડોદરા.
૨. એસ.પી. યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર.
૩. ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.
૪. ભાવનગર યુનિવર્સિટી, ભાવનગર.
૫. સોરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.

(૨) નેનો ટેક્નોલોજીની જાણકારી માટે રાજ્યની યુનિવર્સિટીઓ/કોલેજો તરફથી યોજવામાં આવતા રાજ્ય/રાષ્ટ્રીય/આંતરાષ્ટ્રીય કક્ષાના સેમિનાર/સિમ્પોઝીયા માટે નાણાકીય સહાય પુરી પાડવામાં આવે છે, જે અન્વયે ૧૪ કાર્યક્રમો માટે સહાય પુરી પાડેલ છે.

(૩) નેનો ટેક્નોલોજી ક્ષેત્રની જાણકારી વધે તે માટે યુનિવર્સિટીઓ/સાયન્સ ઇજનેરી/ફાર્મસી કોલેજોમાં જરૂરી સાહિત્ય પુરૂ પાડવામાં આવેલ છે.

(૨) રૂપિયા ૨૨૪.૭૦ લાખ.

------------

**દહેજ ઓદ્યોગિક વસાહત પાસેના ખાનગી બંદરો**

૨૧૨૮ **શ્રી ઈકબાલ પટેલ (વાગરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભરૂચ જિલ્લાના દહેજ ઓદ્યોગિક વસાહત નજીક્ના દરિયા કિનારા ઉપર તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ ખાનગી ક્ષેત્રના કેટલા બંદરો છે,

(૨) તે પેકી કેટલા બંદરોનું કામ પ્રગતિમાં છે અને કેટલા પૂર્ણ થયા, અને

(૩) કઈ કઈ કંપનીઓએ આ બંદરો ક્યા ક્યા હેતુ માટે બનાવવા મંજૂરી મેળવી છે ?

**જવાબ**

(૧) દહેજ ઓદ્યોગિક વસાહત નજીક્ના દરીયા કિનારા ઉપર ખાનગી ક્ષેત્રનું એક બંદર વિક્સાવવામાં આવેલ છે. જેના પર સાત (૭) કંપનીઓની બંદરીય સુવિધાઓ આપવામાં આવેલ છે.

(૨) તે પેકી પાંચ (૫) બંદરીય સુવિધાના બાંધકામ પૂર્ણ થઇ કાર્યરત થયેલ છે જ્યારે બે (૨) બંદરીય સુવિધાનું બાંધકામ પ્રગતિમાં છે.

(૩) **(અ) બૂટનીતિ અંતર્ગતના બંદરો :-**

૧. ગુજરાત કેમીક્લ પોર્ટસ ટર્મીનલ કું. લી.
 - લીક્વીડ કેમીક્લ આયાત/નિકાસ કરવા
૨. પેટ્રોનેટ એલએનજી લી.
 - એલએનજીની આયાત કરવા
૩. અદાણી પેટ્રોનેટ (દહેજ) પોર્ટ પ્રા. લી.
 - સોલીડ બલ્ક કાર્ગોની આયાત/નિકાસ કરવા

**(બ) કેપ્ટીવ જેટીઓ :-**

૧. આઇ.પી.સી.એલ.
 - કંપનીના પોતાના ઉદ્યોગ માટે કાચો માલ આયાત કરવા અને પ્રોડક્ટની નિકાસ કરવા.
૨. દહેજ હાર્બર એન્ડ ઇન્ફ્રાસ્ટ્રક્ચર લી.
 - કંપનીના પોતાના ઉદ્યોગ માટે કાચો માલ આયાત કરવા અને પ્રોડક્ટની નિકાસ

કરવા.

**(ક) ખાનગી જેટી :-**

૧. વેલસ્પન ગુજરાત સ્થલ રોહરન લી.
   - સોલીડ બલ્ક કાર્ગોની આયાત કરવા

**(ડ) શીપયાર્ડ :-**

૧. એબીજી શીપયાર્ડ લી.
   - શીપ બીલ્ડીંગ અને શીપ રીપેર કરવા

------------

**ધંધુકા બરવાળા અને રાણપુર તાલુકામાં કાર્યાન્વિત થયેલ એમ. ઓ. યુ.**

૨૩૬૮ **શ્રી રણછોડભાઈ ક.મેર (ધંધૂકા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટ અંતર્ગત તા. ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ થયેલા તમામ સમીટોમાં થયેલા એમ.ઓ.યુ. પૈકી અમદાવાદ જિલ્લામાં કેટલા પ્રોજેક્ટ કાર્યાન્વિત થયા,

(૨) કુલ કેટલા અને ક્યા એમ.ઓ.યુ. થયા હતા,

(૩) તે પૈકી ધંધુકા, બરવાળા અને રાણપુર તાલુકામાં કેટલા કાર્યાન્વિત થયા, અને

(૪) પ્રોજેક્ટ ઝડપી કાર્યાન્વિત થાય તે માટેનું સરકારનું શું આયોજન છે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ ત્રણ સમીટોમાં ૬૬૫ એમ.ઓ.યુ. થયા તે પૈકી અમદાવાદ જિલ્લામાં ૧૩૫ પ્રોજેક્ટો હતા. તે પૈકી ૮૯ પ્રોજેક્ટો અમલીકરણ હેઠળ છે.

(૨) સેક્ટરવાઇઝ વિગતો આ સાથે પત્રક-૧ અને પત્રક-૨ માં સામેલ છે.

(૩) ઉપરોક્ત પૈકી ધંધુકા તાલુકામાં ૧ પ્રોજેક્ટ અમલીકરણ હેઠળ છે.

(૪) પ્રોજેક્ટ ઝડપી કાર્યાન્વિત કરવા માટે જિલ્લા કક્ષાએ અને રાજ્ય કક્ષાએ પ્રોજેક્ટ મોનીટરીંગની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

**પત્રક - ૧**

**અમદાવાદ જિલ્લાના પ્રોજેક્ટોની સેક્ટરવાઇઝ વિગત**

| ક્રમ | સેક્ટર | સમીત-૨૦૦૩માં થયેલ પ્રોજેક્ટની સંખ્યા | સમીત-૨૦૦૫માં થયેલ પ્રોજેક્ટની સંખ્યા | સમીત-૨૦૦૭માં થયેલ પ્રોજેક્ટની સંખ્યા | કુલ |
|---|---|---|---|---|---|
| ૧ | એગ્રો એન્ડ ફુડ પ્રોસેસીંગ | ૦ | ૫ | ૯ | ૧૪ |
| ૨ | બાયોટેક્નોલોજી | ૦ | ૦ | ૭ | ૭ |
| ૩ | કેમીકલ એન્ડ પેટ્રોકેમીકલ | ૩ | ૨ | ૫ | ૧૦ |
| ૪ | એજ્યુકેશન | ૩ | ૦ | ૦ | ૩ |
| ૫ | એન્જીનીયરીંગ એન્ડ ઓટો | ૦ | ૩ | ૮ | ૧૧ |
| ૬ | હેલ્થ કેર | ૦ | ૦ | ૪ | ૪ |
| ૭ | ઇન્ફોર્મેશન ટેક્નોલોજી | ૦ | ૪ | ૧ | ૫ |
| ૮ | ઓઇલ એન્ડ ગેસ | ૦ | ૩ | ૪ | ૭ |
| ૯ | પેપર ઇન્ડસ્ટ્રીઝ | ૦ | ૦ | ૧ | ૧ |
| ૧૦ | ફાર્માસ્યુટીકલ્સ | ૦ | ૧ | ૨ | ૩ |
| ૧૧ | પોર્ટ | ૦ | ૦ | ૧ | ૧ |
| ૧૨ | એસ.ઇ.ઝેડ | ૩ | ૦ | ૧૨ | ૧૫ |
| ૧૩ | ટેક્ષટાઇલ્સ એન્ડ એપેરલ્સ | ૧ | ૩ | ૧૭ | ૨૧ |
| ૧૪ | ટુરિઝમ | ૨ | ૩ | ૧૮ | ૨૩ |
| ૧૫ | અર્બન ડેવલોપમેન્ટ | ૦ | ૭ | ૩ | ૧૦ |
| | **કુલ પ્રોજેક્ટસ :-** | **૧૨** | **૩૧** | **૯૨** | **૧૩૫** |

**કુલ પ્રોજેક્ટો - ૧૩૫**

**પત્રક - ૨**
**અમદાવાદ જિલ્લાના અમલીકરણ હેઠળના પ્રોજેક્ટોની સેક્ટરવાઇઝ વિગત**

| ક્રમ | સેક્ટર | સમીત-૨૦૦૩માં થયેલ પ્રોજેક્ટની સંખ્યા | સમીત-૨૦૦૫માં થયેલ પ્રોજેક્ટની સંખ્યા | સમીત-૨૦૦૭માં થયેલ પ્રોજેક્ટની સંખ્યા | કુલ |
|---|---|---|---|---|---|
| ૧ | એગ્રો એન્ડ ફુડ પ્રોસેસીંગ | ૦ | ૧ | ૪ | ૫ |
| ૨ | બાયોટેક્નોલોજી | ૦ | ૦ | ૪ | ૪ |
| ૩ | કેમીકલ એન્ડ પેટ્રોકેમીકલ | ૩ | ૧ | ૩ | ૭ |
| ૪ | એજ્યુકેશન | ૦ | ૦ | ૦ | ૦ |
| ૫ | એન્જીનીયરીંગ એન્ડ ઓટો | ૦ | ૩ | ૭ | ૧૦ |
| ૬ | હેલ્થ કેર | ૦ | ૦ | ૧ | ૧ |
| ૭ | ઇન્ફોર્મેશન ટેક્નોલોજી | ૦ | ૪ | ૦ | ૪ |
| ૮ | ઓઇલ એન્ડ ગેસ | ૦ | ૨ | ૨ | ૪ |
| ૯ | પેપર ઇન્ડસ્ટ્રીઝ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૦ | ફાર્માસ્યુટીકલ્સ | ૦ | ૧ | ૨ | ૩ |
| ૧૧ | પોર્ટ | ૧ | ૦ | ૦ | ૧ |
| ૧૨ | એસ.ઇ.ઝેડ | ૧ | ૦ | ૬ | ૭ |
| ૧૩ | ટેક્ષટાઇલ્સ એન્ડ એપેરલ્સ | ૧ | ૨ | ૧૫ | ૧૮ |
| ૧૪ | ટુરિઝમ | ૧ | ૧ | ૧૩ | ૧૫ |
| ૧૫ | અર્બન ડેવલપમેન્ટ | ૦ | ૭ | ૩ | ૧૦ |
| | **કુલ પ્રોજેક્ટસ :-** | **૭** | **૨૨** | **૬૦** | **૮૯** |

**કુલ પ્રોજેક્ટો - ૮૯**

------------

**રાજ્યમાં નોંધાયેલ વિવિધ ગુના**

૨૭૯૩ **શ્રી મુકેશ ભૈ. ગઢવી (દાંતા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) છેલ્લા ત્રણ કેલેન્ડર વર્ષ દરમ્યાન, રાજ્યમાં આત્મહત્યા, લુંટ, ચોરી, તથા બળાત્કારના ગુન્હાના પ્રમાણમાં ખૂબજ મોટા પ્રમાણમાં વૃધ્ધિ થઈ છે તે વાત સાચી છે, | (૧) ના જી. |
| (૨) જો હા, તો આવા ગુન્હાઓ રોકવા માટે જેતે પોલીસ સ્ટેશનના પી. આઈ. કે પી.એસ.આઈ. ને જવાબદાર ઠરાવવા સરકારશ્રીએ કોઈ વિચારણા હાથ ધરી છે, અને | (૨) અને (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) જો હા, તો તેની વિગતો શું છે અને જો ના, તો તેના શું કારણો છે ? | |

------------

**ગુજરાત સ્ટેટ વાઈડ એરિયા નેટવર્કથી જિલ્લા અને તાલુકા મથકોનું જોડાણ**

૨૭૯૯ **શ્રીમતી વિભાવરીબેન વિ.દવે(ભાવનગર શહેર (ઉત્તર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ ગુજરાત સ્ટેટ વાઈડ એરીયા નેટવર્ક (GSWAN) અંતર્ગત કેટલા જિલ્લા મથકો અને તાલુકા મથકોને સાંકળવામાં આવ્યા, અને | (૧) ૨૬ જિલ્લા અને ૨૨૫ તાલુકા મથકો. |
| (૨) આ નેટવર્ક અંતર્ગત રાજ્ય સરકારની કેટલી કચેરીઓને સાંકળી આવરી લેવામાં આવી છે ? | (૨) ૩૦૦૦ કરતાં વધુ કચેરીઓ. |

------------

**રાજ્યના ખેડૂતોને ૧૦ થી ૧૨ કલાક વીજળી આપવા અંગે**

૨૧૨૫ **શ્રી હીરાભાઈ હ.પટેલ(લુણાવાડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યના ખેડૂતોને ખેતીના ઉપયોગ માટે દિવસ દરમ્યાન ૧૦ થી ૧૨ કલાક વીજળી મળી રહે તે અંગે રાજ્ય સરકાર કંઈ આયોજન કરવા માંગે છે કે કેમ ?

**જવાબ**

રાજ્યમાં ઉપલબ્ધ વીજ પુરવઠો અને વીજ માંગ વચ્ચે સંકલન જાળવીને ખેડૂતોને ખેતી હેતુ માટે દૈનિક સાતત્યપૂર્ણ ૮ કલાક વીજ પુરવઠો પૂરો પાડવામાં આવે છે. વધુમાં સમયાન્તરે પાક્ની જરૂરિયાતને ધ્યાનમાં લઇને અન્ય ક્ષેત્રોમાં વીજકાપ મૂકીને અને બહારથી ખરીદીને પણ ખેડૂતોને વધુ સમય માટે વીજ પુરવઠો આપવાનું આયોજન કરવામાં આવે છે.

**આણંદ જિલ્લામાં પોલીસ સ્ટેશનવાર મંજૂર મહેકમ અને ખાલી જ્ગ્યાઓ**

૩૨૬૯**શ્રી અમીતભાઈ ચાવડા (બોરસદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ આણંદ જિલ્લામાં પોલીસ સ્ટેશનવાર મંજૂર મહેકમ કેટલું છે અને

(૨) તે પેકી કેટલી જ્ગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૩) આ ખાલી જ્ગ્યાઓ ભરવા સરકારે શી કાર્યવાહી કરી ?

**જવાબ**

(૧) અને (૨) સામેલ પત્રક મુજબ.

(૩) પોલીસ દળના સંવર્ગોના અદ્યતન બનાવેલા ભરતી નિયમોની જોગવાઇ મુજબ વધુ કાર્યક્ષમ પોલીસોની ભરતી કરવામાં આવે છે. લોકરક્ષક (હથિયારી/બિન હથિયારી/મહિલા)ની કુલ-૭૩૮૨ જ્ગ્યાઓ ભરવા માટે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ હસ્તક પ્રક્રિયા ચાલુ છે. મંડળે તાજેતરમાં એસ.આર.પી. લોકરક્ષકની જ્ગ્યા માટે ૩૫૫૪ જેટલા ઉમેદવારોના નામોની ભલામણ કરેલ છે, જેમની નિમણૂંકની કાર્યવાહી ગતિમાં છે. પોલીસ સબ ઇન્સપેક્ટરની જ્ગ્યાઓ ભરવા નાણા વિભાગના પરામર્શમાં કાર્યવાહી ચાલુ છે.

**પત્રક**

**આણંદ જિલ્લામાં પોલીસ સ્ટેશન વાઇઝ મંજુર મહેકમ**

**(તા. ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ)**

| ક્રમ | પોલીસ સ્ટેશન | મંજુર મહેકમ | | | |
|---|---|---|---|---|---|
| | | પો.ઇ. | પો.સ.ઇ. | હે.કો. | પો.કો. |
| ૧ | આણંદ ટાઉન | ૧ | ૧ | ૩૧ | ૬૧ |
| ૨ | આણંદ રૂરલ | - | ૨ | ૧૫ | ૨૮ |
| ૩ | વિદ્યાનગર | - | ૧ | ૧૬ | ૩૫ |
| ૪ | વાસદ | - | ૧ | ૭ | ૨૧ |
| ૫ | ઉમરેઠ | - | ૨ | ૨૧ | ૪૮ |
| ૬ | ખંભોળજ | - | ૨ | ૧૭ | ૩૧ |
| ૭ | પેટલાદ ટાઉન | ૧ | ૧ | ૩૬ | ૭૬ |
| ૮ | પેટલાદ રૂરલ | - | ૨ | ૧૪ | ૩૦ |
| ૯ | મહેળાવ | - | ૧ | ૧૨ | ૨૧ |
| ૧૦ | બોરસદ | ૧ | ૧ | ૩૪ | ૬૭ |
| ૧૧ | આંક્લાવ | - | ૧ | ૧૪ | ૨૩ |
| ૧૨ | ભાદરણ | - | ૧ | ૧૬ | ૩૧ |
| ૧૩ | ખંભાત સીટી | ૧ | ૧ | ૩૭ | ૮૮ |
| ૧૪ | ખંભાત રૂરલ | - | ૨ | ૧૯ | ૩૭ |
| ૧૫ | તારાપુર | - | ૧ | ૧૨ | ૧૬ |
| ૧૬ | સોજીત્રા | - | ૨ | ૧૩ | ૨૬ |
| ૧૭ | વિરસદ | - | ૧ | ૧૩ | ૨૫ |
| ૧૮ | મહિલા પો. સ્ટે. | ૧ | ૨ | ૩ | ૯ |
| ૧૯ | હેડ ક્વાટર્સ | - | ૧ | ૪૩ | ૧૭૬ |

## આણંદ જિલ્લામાં પોલીસની ખાલી જગ્યાઓ

| ક્રમ | સંવર્ગ | ખાલી જગ્યા | ક્યારથી ખાલી | | | |
|---|---|---|---|---|---|---|
| | | | ૬ માસ સુધી | ૬ થી ૧૨ માસ સુધી | ૧૨ માસ થી ૨ વર્ષ સુધી | ૨ વર્ષ ઉપરથી |
| ૧ | પોલીસ સબ ઇન્સ્પેક્ટર | ૩ | - | ૧ | ૨ | - |
| ૨ | હેડ કોન્સ્ટેબલ | ૨૨ | ૨૨ | - | - | - |
| ૩ | પોલીસ કોન્સ્ટેબલ | ૧૯૮ | ૮૫ | ૧૨ | ૨૬ | ૭૫ |

------------

## મનોરંજન કરની વસૂલાત

૩૦૧૩ **શ્રીમતી ગીતાબેન યો. પટેલ (સાબરમતી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (માહિતી અને પ્રસારણ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૦૬-૦૭માં મનોરંજન કર કેટલો વસુલ કરવામાં આવ્યો, હાલમાં કરનું ભારણ કેટલા ટકા છે,

(૨) આ મનોરંજન કરમાં સરકાર ઘટાડો કરવા માંગે છે કે કેમ, અને

(૩) જો હા, તો કેટલો ?

**જવાબ**

(૧) મનોરેજન કર પેટે રૂા. ૨૮.૧૬ કરોડ વસુલ કરવામાં આવ્યા.

કરનું ભારણ ""પત્રક-અ"" મુજબ.

(૨) ના જી, જૂદી જૂદી કેટેગરી માટે વર્ષ ૨૦૦૦ પહેલાં ૬૫ ટકા જેટલો ખુબ જ ઉંચો હતો. તેમાં ઉત્તરોત્તર ઘટાડો કરી, તા. ૧-૪-૨૦૦૬ થી સરેરાશ ૨૫ ટકા કરેલ છે. અન્ય રાજ્યો જેવાં કે ઉત્તર પ્રદેશ, ઉત્તરાંચલ, રાજસ્થાન, મધ્ય પ્રદેશ, હરિયાણા, મહારાષ્ટ્ર, ગોવા, દિલ્હી, છતીસગઢમાં આ દરો અનુક્રમે સરેરાશ ૬૦ ટકા, ૬૦ ટકા, ૫૦ ટકા, ૫૦ ટકા, ૫૦ ટકા, ૪૫ ટકા, ૪૦ ટકા, ૩૦ ટકા, ૩૦ ટકા છે. જે ગુજરાતની સરખામણીમાં ઘણા ઉંચા છે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**પત્રક-અ**

મનોરંજન કરનું ભારણ નીચે મુજબ છે :-

(૧) લુઝ કર ભરતા સિનેમાગૃહો અને વીડિયોગૃહો તથા એમ્યુઝમેન્ટ પાર્ક અને વોટર ઉપર ૨૫ ટકા.

(૨) ૧૫,૦૦૦ સુધીની વસ્તીવાળા વિસ્તારોમાં આવેલા ઉચ્ચક કર ભરતા સિનેમાગૃહો ઉપર શોની એકંદર કર વસૂલાતના ૨૦ ટકા X ૧૨.

(૩) ૧૫,૦૦૦ સુધીની વસ્તીવાળા વિસ્તારોમાં આવેલ ટુરીંગ સિનેમાગૃહો ઉપર શોની એકંદર કર વસૂલાતના ૨૦ ટકા X ૭.

(૪) ઉચ્ચક કર ભરતા વીડિયોગૃહો માટે :-

| | બેઠકોની સંખ્યા | કરનો દર (માસિક) |
|---|---|---|
| (૧) | ૩૦ સુધી | રૂા. ૩,૦૦૦-૦૦ |
| (૨) | ૩૧ થી ૫૦ સુધી | રૂા. ૪,૦૦૦-૦૦ |
| (૩) | ૫૧ થી ૭૫ સુધી | રૂા. ૫,૦૦૦-૦૦ |
| (૪) | ૭૬ થી ૧૦૦ સુધી | રૂા. ૬,૦૦૦-૦૦ |
| (૫) | ૧૦૧ થી ૧૨૫ સુધી | રૂા. ૮,૦૦૦-૦૦ |

(૫) કેબલ ટેલીવીઝન અને એન્ટેના પર :-

| | કેબલ જોડાણની સંખ્યા | શહેરી વિસ્તાર માટે | શહેરી અને ગ્રામ્ય વિસ્તાર સિવાયના વિસ્તાર માટે |
|---|---|---|---|
| (૧) | ૧૦૦ સુધી | રૂા. ૬૦૦-૦૦ ના માસિક દરે | રૂા. ૩૦૦-૦૦ ના માસિક દરે |
| (૨) | ૧૦૦ થી વધુ | રૂા. ૬૦૦-૦૦ વત્તા દરેક વધારાના પચાસ જોડાણો અથવા તેના ભાગ માટે માસિક રૂા. ૩૦૦-૦૦ | રૂા. ૩૦૦-૦૦ વત્તા દરેક વધારાના પચાસ જોડાણો અથવા તેના ભાગ માટે માસિક રૂા. ૧૫૦-૦૦ |

**જિલ્લાવાર સાંધ્ય કોર્ટોની સ્થાપના**

૩૧૨૨ **શ્રી ભરત બારોટ(દરિયાપુર-કાઝીપુર ) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| સરકારે તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં જિલ્લાવાર કેટલી સાંધ્ય કોર્ટોની સ્થાપના કરી ? | પત્રક ""અ"" મુજબ |

**પત્રક : અ**

| અ.નં. | જિલ્લાનું નામ | જિલ્લામાં સાંધ્ય કોર્ટોની સંખ્યા |
|---|---|---|
| ૧ | અમદાવાદ ગ્રામ્ય | ૧૭ |
| ૨ | અમરેલી | ૩ |
| ૩ | આણંદ | ૩ |
| ૪ | બનાસકાંઠા | ૨ |
| ૫ | ભરૂચ | ૨ |
| ૬ | ભાવનગર | ૨ |
| ૭ | દાહોદ | ૩ |
| ૮ | ગાંધીનગર | ૬ |
| ૯ | જામનગર | ૧ |
| ૧૦ | જૂનાગઢ | ૩ |
| ૧૧ | કચ્છ | ૩ |
| ૧૨ | ખેડા | ૪ |
| ૧૩ | મહેસાણા | ૫ |
| ૧૪ | નર્મદા | ૧ |
| ૧૫ | નવસારી | ૧ |
| ૧૬ | પાટણ | ૨ |
| ૧૭ | રાજકોટ | ૫ |
| ૧૮ | સાબરકાંઠા | ૪ |
| ૧૯ | સુરત | ૪ |
| ૨૦ | સુરેન્દ્રનગર | ૧ |
| ૨૧ | વડોદરા | ૧૧ |
| ૨૨ | વલસાડ | ૨ |
| ૨૩ | મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ કોર્ટ અમદાવાદ | ૭ |
| ૨૪ | સ્મોલ કોઝ કોર્ટ, અમદાવાદ | ૧ |
| ૨૫ | સીટી સીવીલ એન્ડ સેશન્સ કોર્ટ, અમદાવાદ | ૩ |
| | કુલ : | ૯૬ |

------------

**દાહોદ જિલ્લામાં ખેડૂતોને વીજળી આપવા અંગે**

૨૬૯૭ **શ્રી બચુભાઈ ના. કિશોરી (લીમડી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) દાહોદ જિલ્લામાં વ્યક્તિગત ખેડૂતોને અને પિયત સહકારી મંડળીઓને સરેરાશ ૮(આઠ) કલાક વીજળી આપવામાં આવે છે તે હકીક્ત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો પિયત મંડળીઓને ૨૪ (ચોવીસ) કલાક વિજળી આપવા માંગો છો કે કેમ ? | (૨) સમયાન્તરે પાકની જરૂરિયાતને ધ્યાને લઈને અન્ય ક્ષેત્રોમાં વીજ કાપ મૂકીને અને બહારથી વીજળી ખરીદીને પણ ખેતી વિષયક હેતુ માટે વધુ સમય માટે વીજ પુરવઠો આપવાનું આયોજન કરાય છે. |

------------

**સાબરકાંઠા જિલ્લામાં નોંધાયેલ વિવિધ ગુના**

૩૨૬૦ **ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સાબરકાંઠા જિલ્લામાં તા. ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા ૩ (ત્રણ) વર્ષમાં અને તાલુકાવાર ચોરી, લૂંટ અને ખૂનના કેટલા કેસો નોંધાયા, | (૧) પત્રક સામેલ છે. |

(૨) એમાં હિંમતનગર અને ભિલોડા તાલુકામાં બનેલ બનાવોમાં કેટલા ગુનેગારોને પકડવામાં આવ્યા,

(૩) બાકીના ગુનેગારોને ન પકડવાના કારણો શા છે, અને

(૪) આવા ગુનાઓ વધવાના કારણો શા છે?

(૨) અને (૩)

હિંમતનગર તાલુકામાં ચોરી, લૂંટ અને ખૂનના ગુનામાં ૨૧૯ આરોપીઓ પકડવામાં આવેલ છે. જ્યારે ૩ (ત્રણ) આરોપી પકડવાનાં બાકી છે. જેના વિરૂધ્ધમાં સી.આર.પી.સી.ક. ૭૦ મુજબ વોરંટ કાઢવામાં આવેલ છે. ભિલોડા તાલુકામાં ચોરી, લૂંટ અને ખૂનના ગુનામાં ૫૬ આરોપીઓ પકડવામાં આવેલ છે. જ્યારે એકપણ આરોપીને પકડવાનો બાકી નથી.

(૪) અલબત્ત, આ બે તાલુકામાં આવા કેસોમાં ઘટાડો થતો જાય છે. જેથી ગુના વધવાનાં કારણોનો પ્રશ્ન રહેતો નથી.

**પત્રક**

| અ.નં. | તાલુકાનું નામ | ૧-૨-૦૫ થી ૩૧-૧-૦૬ સુધી | | | ૧-૨-૦૬ થી ૩૧-૧-૦૭ સુધી | | | ૧-૨-૦૭ થી ૩૧-૧-૦૮ સુધી | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ચોરી | લુંટ | ખૂન | ચોરી | લુંટ | ખૂન | ચોરી | લુંટ | ખૂન |
| ૧ | હિંમતનગર | ૬૮ | ૩ | ૫ | ૫૬ | ૦ | ૩ | ૪૭ | ૦ | ૬ |
| ૨ | પ્રાંતિજ | ૧૧ | ૧ | ૦ | ૧૦ | ૨ | ૨ | ૧૫ | ૦ | ૧ |
| ૩ | તલોદ | ૪ | ૧ | ૦ | ૭ | ૦ | ૪ | ૨ | ૦ | ૨ |
| ૪ | ઈડર | ૨૭ | ૩ | ૪ | ૨૨ | ૪ | ૩ | ૩૭ | ૨ | ૨ |
| ૫ | વડાલી | ૩ | - | - | ૧ | ૧ | ૧ | ૪ | - | ૨ |
| ૬ | ખેડબ્રહ્મા | ૧૧ | ૨ | ૩ | ૯ | ૧ | ૩ | ૧૭ | ૧ | ૮ |
| ૭ | વિજ્યનગર | ૨ | - | ૬ | ૫ | ૧ | ૫ | ૧૨ | ૨ | ૯ |
| ૮ | ભિલોડા | ૧૪ | ૪ | ૫ | ૬ | ૧ | ૪ | ૧૮ | - | ૪ |
| ૯ | મોડાસા | ૨૯ | ૧ | ૨ | ૩૯ | ૧ | ૬ | ૩૪ | ૧ | ૪ |
| ૧૦ | મેઘરજ | ૧૨ | - | - | ૩ | ૨ | - | ૧ | ૧ | ૪ |
| ૧૧ | માલપુર | ૧૦ | - | - | ૨૪ | - | - | ૧૦ | ૧ | - |
| ૧૨ | ધનસુરા | ૭ | ૧ | - | ૯ | - | ૩ | ૮ | - | - |
| ૧૩ | બાયડ | ૧૪ | ૧ | - | ૨૦ | - | ૧ | ૨૮ | - | ૪ |
| | **કુલ :** | **૨૧૨** | **૧૭** | **૨૫** | **૨૧૧** | **૧૩** | **૩૫** | **૨૩૩** | **૮** | **૪૬** |

------------

## ક્રાઈમ બ્રાન્ચોને સુદ્રઢ બનાવવાની યોજના

૩૦૦૨ **શ્રી કાળુભાઈ ચ.રાઠોડ (ઉના) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકારે ગુન્હા નિવારણ અને ગુન્હા શોધનમાં મહત્વની ભૂમિકા અદા કરતી જિલ્લા / શહેરની ક્રાઈમ બ્રાન્ચને વધુ સુદ્રઢ બનાવવાની યોજના વિચારીલ હોવાની હકીક્ત ખરી છે કે કેમ, અને

(૨) જો હા, તો તા. ૩૧-૧-૨૦૦૮ ની સ્થિતિએ તેની વિગતો શી છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) હાલમાં રાજ્યમાં રાજ્ય કક્ષાએ સી.આઈ.ડી. ક્રાઈમ બ્રાન્ચ તથા શહેર કક્ષાએ સીટી ક્રાઈમ બ્રાન્ચ અને જિલ્લા કક્ષાએ લોક્લ ક્રાઈમ બ્રાન્ચો કાર્યરત છે. મોબાઈલ તથા કોમ્પ્યુટરના હાલના યુગમાં સાયબર ક્રાઈમ જેવા કે ઓન લાઈન બેન્કીંગ ફ્રોડ તથા મોબાઈલ અને કોમ્પ્યુટરની મદદથી ઈ-મેઈલ દ્વારા અવનવા ગુન્હાઓ બનતા હોવાથી ક્રાઈમ ઓફીસરોને આવા સાયબર ગુન્હાઓથી વાકેફ કરવા ખાસ તાલીમ આપવામાં આવે છે. રાજ્યમાં સાયબર ક્રાઈમ સેલની સ્થાપના કરવામાં આવેલ છે. લોકોમાં જાગૃતિ આવે તે માટે સાયબર ક્રાઈમ સંબંધિત વેબસાઈટ પણ મુકવામાં આવેલ છે. રાજ્ય કક્ષાએ સ્ટેટ સી.આઈ.ડી. ક્રાઈમ બ્રાન્ચમાં ઈન્વેસ્ટીગેશન સેલ, ઈકોનોમિક સેલ, સીઆઈ સેલ, સાયબર ક્રાઈમ સેલ વગેરે સંપૂર્ણ વ્યવસ્થાથી સજ્જ કરવામાં આવેલ છે. વધુમાં અમદાવાદ ખાતે નવું સાયબર ક્રાઈમ સેલ ચાલું કરવા કૂલ-૨૯ નવી જ્ગ્યાઓ તથા આઈ.બી.ની કામગીરીને સુદ્રઢ બનાવવા કૂલ-૧૦૪ નવી જ્ગ્યાઓ ઉભી કરવા માટે વર્ષ ૨૦૦૮-૦૯ના અંદાજપત્રમાં જરૂરી જોગવાઈ કરવામાં આવી રહેલ છે.

**જામનગર જિલ્લામાં પોલીસ કોન્સ્ટેબલોની મંજૂર જ્ગ્યાઓ**

૩૨૭૪ **શ્રી રાઘવજીભાઈ હં.પટેલ (જોડીયા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જામનગર જિલ્લામાં આર્મડ અને અનઆર્મડ પોલીસ કોન્સ્ટેબલોની મંજૂર થયેલ સેટઅપ કેટલો છે,

(૨) આ પૈકી તા. ૩૧-૧-૦૮ ની સ્થિતિએ આર્મ્ડમા કેટલી જ્ગ્યાઓ ખાલી છે અને અનઆર્મ્ડ પોલીસ કોન્સ્ટેબલોની કેટલી જ્ગ્યાઓ ખાલી છે, અને

(૩) આ ખાલી જ્ગ્યાઓ ક્યારે પુરવા માંગે છે ?

**જવાબ**

(૧) અને (૨)

| સંવર્ગ | મંજૂર જ્ગ્યા | ખાલી જ્ગ્યા |
|---|---|---|
| અનાર્મ્ડ પો. કો. | ૪૩૦ | ૫૬ |
| અનાર્મ્ડ લોકરક્ષક | ૧૯૪ | ૧૮૭ |
| આર્મ્ડ પો. કો. | ૩૫૬ | ૧૭ |
| આર્મ્ડ લોકરક્ષક | ૧૫૨ | ૫૮ |

(૩) ખાલી જ્ગ્યાઓ ભરવાની પ્રક્રિયા ચાલુ છે. છેલ્લા ત્રણ વર્ષોમાં રાજ્યમાં નીચે પ્રમાણે જ્ગ્યાઓ ભરવામાં આવેલ છે :

| સંવર્ગ | ૨૦૦૫ | ૨૦૦૬ | ૨૦૦૭ |
|---|---|---|---|
| નાયબ પોલીસ અધિક્ષક (હથિયારી) | - | ૧૪ | ૧ |
| નાયબ પોલીસ અધિક્ષક (બિનહથિયારી) | ૪૭ | ૪૨ | ૧ |
| પોલીસ સબ ઈન્સ્પેકટર (બિનહથિયારી) | - | ૧૯૧ | ૩૯૬ |
| લોકરક્ષક | - | ૨૯૯૯ | ૧ |

હાલમાં, લોકરક્ષક (હથિયારી/બિનહથિયારી/મહિલા) ની કુલ-૭૩૮૨ જ્ગ્યાઓ ભરવા માટે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ હસ્તક પ્રક્રિયા ચાલુ છે. મંડળે તાજેતરમાં એસ.આર.પી. લોકરક્ષકની જ્ગ્યા માટે ૩૫૫૪ જેટલા ઉમેદવારોના નામોની ભલામણ કરેલ છે. જેમની નિમણૂકની કાર્યવાહી ગતિમાં છે.

------------

**તત્કાલ વીજ જોડાણ યોજના હેઠળ ખેડા જિલ્લાની અરજીઓ**

૨૪૫૪ **શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર(મહુધા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ખેડા જિલ્લામાં તાલુકાવાર તત્કાલ વિજ જોડાણ હેઠળ તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી અરજીઓ આવી, અને

(૨) તે અન્વયે તત્કાલ વિજ જોડાણ યોજના અન્વયે કેટલા ખેડૂતોને એસ્ટીમેન્ટની રકમ ભરપાઇ કરી છતાં વિજ કનેક્શનો આપવામાં આવ્યા નથી ?

**જવાબ**

(૧) છેલ્લા બે વર્ષમાં તત્કાલ યોજના જાહેર થયેલ ન હોઈ, આ યોજનામાં ખેડા જિલ્લામાં અરજીઓ આવવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**#SB/સ્પેશીયલ ઇકોનોમીક ઝોન અંગે**

૧૬૮૩ **શ્રી ખુમાનસિંહ ચૌહાણ (સાવલી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં સ્પેશીયલ ઇકોનોમીક ઝોન કેટલા ઊભા કરવામાં આવશે,

(૨) તે અન્વયે તા. ૩૧-૧૨-૨૦૦૭ સુધીમાં કેટલી દરખાસ્તોને ક્યારે મંજૂરી આપવામાં આવી, અને

**જવાબ**

(૧) આ બાબતે રાજ્ય સરકાર દ્વારા લક્ષ્યાંક નક્કી કરવામાં આવતા નથી. પરંતુ એસઈઝેડ સ્થાપવા માટે ડેવલપર્સ દ્વારા મળનાર અરજીઓ/દરખાસ્તો ચકાસણી કરી મંજૂર કરવામાં આવે છે.

(૨) અને (૩)

કુલ ૫૧ ઝોનને હાલ પર્યંત કેન્દ્ર સરકારની મંજૂરી

(૩) કેટલી દરખાસ્તો કેટલા સમયથી પડતરમાં છે ?

મળેલ છે. રાજ્ય સરકાર દ્વારા તે ઉપરાંત મંજૂર કરાયેલ નીચેની બે દરખાસ્તો હાલ કેન્દ્ર સરકાર પાસે પડતર છે.

(૧) અગ્નિ ફાયનાન્સીયલ સર્વિસીસ લી. અમરેલી. તા. ૧૯-૫-૨૦૦૬ થી

(૨) સરગમ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રા. લી.વડોદરા તા. ૩-૮-૨૦૦૬ થી

------------

**રાજ્યમાં થયેલ વીજ ઉત્પાદન**

૩૦૨૦ **શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (અસારવા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૦૭માં કેટલા વિજ યુનિટનું ઉત્પાદન થયું, અને

(૨) કેટલી આવક ઊભી થશે ?

**જવાબ**

(૧) વર્ષ ૨૦૦૭ માં રાજ્ય સરકાર હસ્તકની ગુજરાત સ્ટેટ ઈલેકટ્રીસીટી કોર્પોરેશન લી. હેઠળના એકમો દ્વારા ઉત્પાદન થયેલ ૨૮૭૨૩ મીલીયન યુનિટ સહિત કુલ ૬૫૩૭૮ મીલીયન યુનિટ વીજ ઉત્પાદન થયેલ છે.

(૨) રાજ્ય સરકાર હસ્તકની ગુજરાત સ્ટેટ ઈલેકટ્રીસીટી કોર્પોરેશન લી. ને આ વીજ ઉત્પાદનને લીધે વર્ષ ૨૦૦૭ માં રૂા. ૫૮૭૧.૩૬ કરોડની આવક થશે.

------------

**રાજ્યના મંદિરોની સુરક્ષા માટે લેવાયેલ પગલાં**

૩૦૪૧ **શ્રી શંભુજી ઠાકોર(ગાંધીનગર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યના અક્ષરપુરૂષોત્તમ મંદિર, ડાકોર, દ્વારકા, પાલીતાણા, સોમનાથ, અંબાજી મંદિરની સુરક્ષા માટે સરકારે તા. ૩૧-૧-૦૮ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કોઈ પગલાં લીધા છે કે કેમ,

(૨) જો હા, તો ક્યા પ્રકારના પગલાં લીધા છે,

(૩) આકસ્મીક ચકાસણી માટે કોઈ યોજના છે કે કેમ, અને

(૪) જો હા, તો તેની કેટલી વખત ચકાસણી કરવામાં આવી ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) આ મંદિરોની સુરક્ષા એસ.આર.પી., ગ્રામરક્ષકદળ, બોર્ડરવીંગના જવાનો, હોમગાર્ડઝ, મહિલા પોલીસ, ખાનગી સીક્યુરીટી ગાર્ડઝ વગેરે ધ્વારા જાળવવામાં આવે છે.

સુરક્ષા માટે ક્વીક રીએક્શન ટીમ, ધાબા પોઈન્ટ તેમજ વિવિધ સલામતી સ્કીમોનું આયોજન કરવામાં આવેલ છે.

મંદિર સુરક્ષા માટે આધુનિક સાધનોનો પણ પૂરતો ઉપયોગ કરવામાં આવે છે.

(૩) હા, જી.

(૪) અક્ષરપુરૂષોત્તમ મંદિરની ૩૪, ડાકોર મંદિરની ૬૬, દ્વારકા મંદિરની ૨૧૦, પાલીતાણા મંદિરની ૩, સોમનાથ મંદિરની ૭૩૦, અને અંબાજી મંદિરની ૫૫ વખત ચકાસણી કરવામાં આવી છે.

------------

**રાજ્ય સરકારની વીજ કંપનીને મળેલ એવોર્ડ**

૩૦૯૭ **શ્રી બાબુભાઈ જે.દેસાઈ#>(કાંકરેજ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકારની કોઈ વીજ કંપનીને ચાલુ વર્ષે વીજ વિતરણ ક્ષેત્રે ઉત્કૃષ્ઠ કામગીરી કરવા બદલ કેન્દ્ર સરકાર તરફથી કોઈ એવોર્ડ મળેલ છે કે કેમ, અને

**જવાબ**

(૧) અને (૨) : હા, જી.

રાજ્ય સરકારની ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લીમીટેડની સંલગ કંપની ઉત્તર ગુજરાત વીજ કંપની લીમીટેડને કેન્દ્ર સરકારના મીનીસ્ટ્રી ઓફ પાવર દ્વારા નેશનલ એવોર્ડ ફોર પાવર યુટીલીટીઝ મેરિટોરિયસ

(૨) જો હા, તો ક્યારે અને ક્યા પ્રકારની ?

પરફોર્મન્સ વર્ષ ૨૦૦૫-૦૬ માટેનો ""બ્રોન્ઝ શીલ્ડ"" મળેલ છે.

------------

**એફ.એસ.એલ. ધ્વારા અન્ય રાજ્યના કર્મચારીઓને તાલીમ**

૩૧૧૩ **શ્રી કાંતિલાલ ર઼ા. લકુમ(બાવળા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યની ફોરેન્સીક સાયન્સ લેબોરેટરી ધ્વારા અન્ય રાજ્યોનાં કર્મચારીઓને તાલીમ આપવામાં આવે છે કે કેમ, અને

(૨) જો હા, તો વર્ષ ૨૦૦૬-૦૭માં ક્યા રાજ્યના કેટલા કર્મચારીઓને તાલીમ આપવામાં આવી ?

**જવાબ**

(૧) હા જી, ગુજરાત રાજ્યની ફોરન્સીક સાયન્સ લેબોરેટરી દેશમાં મોખરાનું સ્થાન ધરાવે છે. તેની દેશભરમાં ગણના થાય છે, અને અન્ય રાજ્યો તથા કેન્દ્ર સરકારની સી.બી.આઈ. જેવી સંસ્થાઓને તેના કેસો ઉકેલવામાં મદદ કરવા ઉપરાંત બહારના રાજ્યોના ન્યાયાલયોના ન્યાયાધીશો તથા કેન્દ્ર સરકારની સંસ્થાઓના પોલીસ અધિકારીઓ, મીલીટરીના સીનીયર અધિકારીઓ તથા ફોરેન્સીક નિષ્ણાંતોને ગુન્હાની તપાસમાં ઉપયોગમાં લેવાતી આધુનિક વૈજ્ઞાનિક પધ્ધતિઓ વિશે વિસ્તૃત તાલીમ આપવાની નોંધપાત્ર કામગીરી પણ બજાવે છે. આ તમામ તાલીમ કાર્યક્રમો કેન્દ્ર સરકારના ગૃહ મંત્રાલય દ્વારા રાજ્યની એફ.એસ.એલ.ને સોંપવામાં આવે છે. આ ઉપરાંત તાજેતરમાં નેપાલના ૨૧ પોલીસ અધિકારીઓને આ પ્રકારની તાલીમ આપવા માટે કેન્દ્ર સરકાર દ્વારા રાજ્યની એફ.એસ.એલ.ની પસંદગી કરવામાં આવેલ અને માહે ડિસેમ્બર-૦૭ માં આ માટેના ખાસ તાલીમ કાર્યક્રમોનું આયોજન ખાતાએ કરેલ છે.

(૨) સને ૨૦૦૬-૦૭ ના વર્ષમાં એફ.એસ.એલ. દ્વારા યોજાયેલ વિવિધ તાલીમ કાર્યક્રમમાં રાજ્ય બહારના ન્યાયાધીશો, પોલીસ અધિકારીઓ, વીજીલન્સ ઓફીસરો મળી કુલ ૮૫ અધિકારીઓને વિસ્તૃત તાલીમ આપવામાં આવેલ. તેની વિગત નીચે મુજબ છે.

(અ) કેન્દ્ર સરકારની એજન્સી સી.બી.આઈ. અને એન.સી.બી. ના દ્વારા મોકલવામાં આવેલ અધિકારીઓ-૫

(બ) વિવિધ રાજ્યો દ્વારા મોકલવામાં આવેલ ન્યાયાધીસો, પોલીસ અધિકારીઓ તથા અન્ય અધિકારીઓની વિગત.

| અ.નં. | રાજ્યનું નામ | અધિકારીઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | પંજાબ | ૮ |
| ૨ | હરીયાણા | ૧૫ |
| ૩ | કેરાલા | ૪ |
| ૪ | મધ્યપ્રદેશ | ૬ |
| ૫ | ઉતરાખંડ | ૩ |
| ૬ | દિલ્હી | ૪ |
| ૭ | રાજસ્થાન | ૧૦ |
| ૮ | આંધ્રપ્રદેશ | ૫ |
| ૯ | જમ્મુ-કાશ્મીર | ૩ |
| ૧૦ | હિમાચલ પ્રદેશ | ૩ |
| ૧૧ | ઉત્તરપ્રદેશ | ૩ |
| ૧૨ | કર્ણાટક | ૫ |
| ૧૩ | ઝારખંડ | ૫ |
| ૧૪ | તામીલનાડુ | ૨ |

| | | |
|---|---|---|
| ૧૪ | તામીલનાડુ | ૨ |
| ૧૫ | મહારાષ્ટ્ર | ૩ |
| ૧૬ | બિહાર | ૧ |
| | **કુલ :** | **૮૦** |

------------

**પાટણ જિલ્લામાં નોંધાયેલ વિવિધ ગુના**

૨૯૧૬ **શ્રી જોધાજી ગ. ઠાકોર (વાગડોદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ પાટણ જિલ્લામાં તાલુકાવાર બળાત્કાર-લૂંટ-ધાડ અને ચોરીના કેટલા બનાવો છેલ્લા એક વર્ષમાં પોલીસ દફતરે નોંધવામાં આવ્યા, અને

(૨) તે પૈકી કેટલા આરોપીઓની ધરપકડ કરવામાં આવી ?

**જવાબ**

(૧) હેડ તાલુકાનું નામ

| | પાટણ | સિધ્ધપુર | ચાણસ્મા | હારીજ | સમી | રાધનપુર | સાંતલ-પુર |
|---|---|---|---|---|---|---|---|
| બળાત્કાર | ૩ | - | - | - | ૨ | ૧ | - |
| લૂંટ | ૪ | ૨ | - | ૨ | ૨ | ૫ | - |
| ધાડ | - | - | ૧ | ૨ | - | ૧ | - |
| ચોરી | ૧૬૮ | ૭૯ | ૫૧ | ૧૭ | ૩૩ | ૪૪ | ૪૧ |

(૨)

| | પાટણ | સિધ્ધપુર | ચાણસ્મા | હારીજ | સમી | રાધનપુર | સાંતલ-પુર |
|---|---|---|---|---|---|---|---|
| બળાત્કાર | ૯ | - | - | - | ૬ | ૩ | - |
| લૂંટ | ૪ | ૧ | - | ૬ | ૩ | ૬ | - |
| ધાડ | - | - | ૩ | ૭ | - | ૭ | - |
| ચોરી | ૧૧૫ | ૬૭ | ૨૮ | ૭ | ૪૯ | ૨૦ | ૧૦ |

------------

**વલસાડ જિલ્લામાં પી.એમ.આર.વાય બેન્કેબલ યોજના હેઠળ મળેલ અરજીઓ**

૩૨૨૬ **શ્રી જીતુભાઈ હ. ચૌધરી (મોટાપોંઢા) : માનનીય કુટીર ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં જિલ્લા ઉદ્યોગ કેન્દ્રમાં પી.એમ.આર.વાય બેંકેબલ અન્વયે કેટલી અરજીઓ આવી,

(૨) તે અન્વયે કેટલી અરજીઓ મંજૂર કરી અને કેટલાને બેંકે ધીરાણ તાલુકાવાર આપેલ છે, અને

**જવાબ**

(૧) જિલ્લા ઉદ્યોગ કેન્દ્રને મળેલ અરજીઓ

| **અ.નં.** | **યોજના** | **અરજીની સંખ્યા** |
|---|---|---|
| ૧ | પી.એમ.આર.વાય. | ૧૯૬૧ |
| ૨ | શ્રી વાજપાઈ બેંકેબલ | ૨૬૬૦ |
| | **કુલ :** | **૪૬૨૧** |

(૨) મંજૂરી તથા ધિરાણની વિગત નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | પીએમઆરવાય | | | | શ્રી વાજપાઈ બેંકેબલ | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | બેંક દ્વારા મંજૂરી | | ધિરાણ | | બેંક દ્વારા મંજૂરી | | ધિરાણ | |
| | સંખ્યા | રકમ | સંખ્યા | રકમ | સંખ્યા | રકમ | સંખ્યા | રકમ |
| વલસાડ | ૩૯૦ | ૧૨૫.૭૧ | ૩૨૮ | ૧૦૬.૨૧ | ૪૬૪ | ૨૬૦.૯૧ | ૪૬૪ | ૨૬૦.૯૧ |
| પારડી | ૨૯૯ | ૯૩.૯૩ | ૨૫૪ | ૮૦.૦૨ | ૪૩૫ | ૨૦૨.૯૩ | ૪૩૫ | ૨૦૨.૯૩ |
| ઉમરગામ | ૨૧૭ | ૮૯.૩૧ | ૧૭૯ | ૭૫.૬૯ | ૨૦૫ | ૭૮.૬૦ | ૨૦૫ | ૭૮.૬૦ |
| ધરમપુર | ૧૬૭ | ૫૧.૪૬ | ૧૩૩ | ૪૨.૮૩ | ૧૭૧ | ૪૭.૨૧ | ૧૭૧ | ૪૭.૨૧ |
| કપરાડા | ૧૦૬ | ૧૨.૯૩ | ૭૫ | ૯.૫૯ | ૧૪૫ | ૩૭.૦૫ | ૧૪૫ | ૩૭.૦૫ |
| કુલ : | ૧૧૭૯ | ૩૭૩.૩૪ | ૯૬૯ | ૩૧૪.૩૪ | ૧૪૨૦ | ૬૨૬.૭૦ | ૧૪૨૦ | ૬૨૬.૭૦ |

(૩) બાકી અરજીઓ કેટલા સમયમાં નિકાલ કરવાનું આયોજન છે ?

(૩) તા.૩૧-૧૨-૦૭ અંતિત પડતર અરજીઓનો તા.૨૯-૨-૦૮ સુધીમાં પુરેપુરો નિકાલ થયેલ છે. જ્યારે બેંક કક્ષાએ તા.૩૧-૧૨-૦૭ ના રોજ જે પડતર અરજીઓ છે તે તમામ અરજીઓ તા.૩૧-૩-૦૮ સુધીમાં નિકાલ કરાશે.

------------

**એફ.એસ.એલ. ધ્વારા અન્ય રાજ્યોને ફોરેન્સીક સહાય આપવા અંગે**

૩૧૧૦ **શ્રી રાકેશ શાહ(એલીસબ્રીજ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યના ડાયરેક્ટર ઓફ ફોરેન્સીક સાયન્સ ધ્વારા અન્ય રાજ્યોને ફોરેન્સીક સહાયતા પૂરી પાડવામાં આવે છે કે કેમ,

(૨) જો હા, તો વર્ષ ૨૦૦૬-૦૭ માં ક્યા ક્યા રાજ્યોને તથા કેન્દ્રીય તપાસ એજન્સીઓ કેટલા કેસમાં આવી સહાયતા પૂરી પાડવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) હા જી, રાજ્યના ડાયરેક્ટોરેટ ઓફ ફોરેન્સીક સાયન્સ દ્વારા દેશના અન્ય રાજ્યોને તેમજ કેન્દ્ર સરકારની સી.બી.આઈ., એન.સી.બી., મીલીટરી જેવી સંસ્થાઓને જટીલ અને મુશ્કેલ ગુન્હાઓની તપાસમાં મદદ પુરી પાડવામાં આવે છે. સને ૨૦૦૬-૦૭ ના વર્ષમાં કુલ-૨૩૯ કેસોમાં આવી રાજ્ય બહારની સંસ્થાઓને મદદ પુરી પાડવામાં આવેલ. એફ.એસ.એલ. દ્વારા મદદ પુરી પડાયેલ હોય તેવા બહુ ચર્ચીત મહત્વના કેસોમાં તેલગી કેસ, મધુમીતા શુક્લા (અમરમણી ત્રિપાઠી) મર્ડર કેસ, ઉજ્જૈનનો સીરીયલ કીલર કેસ, નિઠારીનો સામુહીક બળાત્કાર/ખૂન કેસ, પ્રાઈમ મીનીસ્ટર સીક્યોરીટીનો કેસ, પાર્લામેન્ટ પર હુમલાનો કેસ, રાજસ્થાનમાં પકડાયેલ હીઝબુલ મુઝાઈદીન- ત્રાસવાદીઓનો કેસ, જમ્મુ કાશ્મીરનો અનારા ગુપ્તા સી.ડી. કેસ વગેરેનો સમાવેશ થાય છે.

(૨) રાજ્યની એફ.એસ.એલ. આધુનિક, પારદર્શક થતા તટસ્થ હોવાને કારણે અન્ય રાજ્યો તથા કેન્દ્ર સરકાર વિવિધ સંસ્થાઓ ગુન્હાઓની તપાસમાં તેની મદદ લે છે. એફ.એલ.એલ. દ્વારા વર્ષ ૨૦૦૬-૨૦૦૭ માં બહારના રાજ્યો/કેન્દ્ર સરકારની સંસ્થાઓને જે મદદ પુરી પાડવામાં આવેલ છે તેની વિગત નીચે મુજબ છે.

| અ.નં. | રાજ્યનું નામ | કેસો |
|---|---|---|
| ૧ | ઉત્તરપ્રદેશ | ૨ |
| ૨ | દિલ્હી | ૩૧ |
| ૩ | ગોવા | ૩ |
| ૪ | રાજસ્થાન | ૮ |
| ૫ | મધ્યપ્રદેશ | ૧૩ |
| ૬ | મહારાષ્ટ્ર | ૨૩ |
| ૭ | હરિયાણા | ૧૪ |
| ૮ | ઝારખંડ | ૧ |
| ૯ | જમ્મુ-કાશ્મીર | ૯ |
| ૧૦ | પમિ બંગાળ | ૨ |
| ૧૧ | છત્તીસગઢ | ૨ |
| ૧૨ | આંધ્રપદેશ | ૨ |
| ૧૩ | પંજાબ | ૨ |
| ૧૪ | ઓરિસ્સા | ૧ |
| | | **કેન્દ્રીય સંસ્થાઓ** |
| ૧૫ | સી.બી.આઈ. | ૨૨ |
| ૧૬ | રેલ્વે | ૩ |
| ૧૭ | દાદરાનગર હવેલી | ૫૭ |
| ૧૮ | દમણ | ૨૯ |
| ૧૯ | દીવ | ૨ |
| ૨૦ | એરફોર્સ | ૪ |
| ૨૧ | ડી.આર.આઈ. | ૯ |
| | **કુલ :** | **૨૩૯** |

**બાયોટેક ક્ષેત્રે ઉદ્યોગ સાહસીકોને પ્રોત્સાહન**

૩૧૧૯ **શ્રી કનુભાઇ મે. ભાલાળા (વિસાવદર ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં બાયોટેક ક્ષેત્રે ઉદ્યોગ સાહસીક્તાને પ્રોત્સાહન કરવા માટે રાજ્ય સરકારે કોઈ આયોજન કરેલ છે કે કેમ,

(૨) જો હા, તો તેની વિગતો શી છે, અને

(૩) સન ૨૦૦૭-૦૮ ના વર્ષે કેટલો અંદાજીત ખર્ચ થનાર છે ?

**જવાબ**

(૧) અને (૨) :

રાજ્યમાં બાયોટેક ક્ષેત્રે ઉદ્યોગ સાહસિક્તાને પ્રોત્સાહન આપવા માટે રાજ્ય સરકાર તરફથી નીચે મુજબ આયોજન કરવામાં આવેલ છે.

(૧) રાજ્ય સરકારે તા.૧૭-૪-૨૦૦૭ના ઠરાવથી બાયોટેક્નોલોજી નીતિ જાહેર કરેલ છે.

(૨) ગુજરાત બાયોટેક વેન્ચર ફંડની સ્થાપના.

બાયોટેક્નોલોજીના ક્ષેત્રે ઉદ્યોગ સાહસિક્તાને પ્રોત્સાહિત કરવા માટે સને ૨૦૦૪ માં રૂા.૫૦/- કરોડ સુધીના ભંડોળથી બાયોટેક વેન્ચર ફંડની સ્થાપના કરવામાં આવેલ છે. જેમાં રાજ્ય સરકારે રૂા.૧૦ કરોડનું સીડ ફંડ આપેલ છે.

(૩) ટેક્નોલોજી ફેસીલીટેશન સેલની રચના :-

ઉદ્યોગ સાહસિક્તાને તક્નીકી માર્ગદર્શન આપવા માટે ટેક્નોલોજી ફેસીલીટેશન સેલ ઉભું કરવામાં આવેલ છે. આ સેલ મારફ્ત ઉદ્યોગોને મદદરૂપ થાય તેવા વિશ્લેષણાત્મક રીપોર્ટ અને આંકડાકીય માહિતી તેમજ તક્નીકી માહિતી (ડેટા બેઝ) તેયાર કરવામાં આવે છે.

(૪) તાલીમનું આયોજન :-

બાયોટેક ઉદ્યોગમાં રસ ધરાવતા તથા તક્નીકી તજજ્ઞો, રીસર્ચ, એકેડેમીશીયન્સ કંપનીઓ અને ઉદ્યોગ સાહસિકોને બીઝનેસ મેનેજમેન્ટ બાબતે બાયોટેક ઇન્ટરપ્રીનીયોરશીપની વિશિષ્ટ તાલીમ આપવાનું આયોજન કરવામાં આવે છે.

(૫) સેમીનાર :-

મરીન બાયોટેક્નોલોજી ક્ષેત્રે વિકાસની ઘણી ઉજ્જ્વળી તકો હોઈ વીર નર્મદ યુનિવર્સિટી, સુરત તેમજ એન્જિનિયરીંગ કોલેજ, રાજકોટ દ્વારા દરિયાઈ જીવસૃષ્ટી બાબતે લોકોને જાણકારી આપવા અંગે સેમીનાર યોજવામાં આવે છે.

(૩) રૂપિયા ૨૦૫/- લાખ.

**આર.ટી.ઓ. / એ.આર.ટી.ઓ. કચેરીઓની આવક**

૩૧૨૫ **શ્રી ગણપતભાઈ વે. વસાવા(માંગરોળ) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વાહન વ્યવહાર ખાતાની રાજ્યની આર.ટી.ઓ. / એ.આર.ટી.ઓ. ક્ચેરીની છેલ્લા ત્રણ કેલેન્ડર વર્ષની ક્ચેરી પ્રમાણે આવક કેટલી થઈ, અને

**જવાબ**

(૧) આર.ટી.ઓ./એ.આર.ટી.ઓ. ક્ચેરીઓની છેલ્લા ત્રણ ક્લેન્ડર વર્ષની આવક નીચે પ્રમાણે છે.

(રૂા.લાખમાં)

| અ.નં. | આર.ટી.ઓ./ એ.આર.ટી.ઓ. ક્ચેરીનું નામ | કેલેન્ડર વર્ષ ૨૦૦૫ | કેલેન્ડર વર્ષ ૨૦૦૬ | કેલેન્ડર વર્ષ ૨૦૦૭ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | અમદાવાદ | ૧૧૪૮૨.૯૪ | ૧૩૭૯૩.૫૧ | ૧૪૫૧૪.૭૩ |
| ૨ | મહેસાણા | ૨૩૯૭.૧૫ | ૨૭૫૧.૨૧ | ૨૮૫૪.૯૮ |
| ૩ | પાટણ | ૮૨૮.૫૩ | ૯૩૦.૯૨ | ૯૪૯.૨૯ |

| | | | | |
|---|---|---|---|---|
| ૪ | રાજકોટ | ૬૧૪૬.૯૭ | ૭૦૨૮.૧૮ | ૭૯૦૨.૨૭ |
| ૫ | ભાવનગર | ૨૬૩૯.૫૬ | ૨૯૭૬.૬૭ | ૩૦૦૦.૭૧ |
| ૬ | સુરત | ૯૪૨૧.૩૪ | ૯૯૯૬.૪૩ | ૧૦૮૯૫.૮૧ |
| ૭ | વડોદરા | ૬૮૫૩.૯૪ | ૮૦૮૪.૫૯ | ૮૩૬૫.૬૫ |
| ૮ | નડીયાદ | ૧૭૦૪.૬૮ | ૧૮૬૯.૯૦ | ૧૮૮૦.૨૬ |
| ૯ | આણંદ | ૧૮૪૬.૦૬ | ૨૧૬૪.૪૦ | ૨૨૭૫.૩૭ |
| ૧૦ | પાલનપુર | ૧૭૪૧.૩૯ | ૧૯૪૫.૬૭ | ૧૯૧૧.૪૬ |
| ૧૧ | હિંમતનગર | ૨૧૬૧.૪૯ | ૨૩૪૯.૭૩ | ૨૨૬૫.૩૬ |
| ૧૨ | જામનગર | ૩૦૨૬.૯૨ | ૪૪૨૫.૭૮ | ૫૬૪૪.૫૯ |
| ૧૩ | જુનાગઢ | ૨૧૮૦.૧૬ | ૨૪૩૯.૭૧ | ૨૬૨૪.૨૩ |
| ૧૪ | પોરબંદર | ૧૦૯૮.૯૫ | ૧૧૬૧.૦૩ | ૧૨૬૮.૪૦ |
| ૧૫ | ભુજ-ગાંધીધામ | ૫૬૮૬.૦૬ | ૭૦૩૩.૬૪ | ૭૬૩૩.૮૨ |
| ૧૬ | સુરેન્દ્રનગર | ૧૧૧૩.૧૦ | ૧૩૧૮.૩૯ | ૧૩૬૯.૨૩ |
| ૧૭ | અમરેલી | ૧૭૧૫.૦૦ | ૨૧૧૪.૪૭ | ૨૩૧૩.૨૮ |
| ૧૮ | વલસાડ | ૨૪૭૯.૪૫ | ૨૯૧૧.૬૯ | ૩૨૦૧.૯૯ |
| ૧૯ | ભરૂચ | ૨૩૬૨.૬૫ | ૨૯૧૩.૪૬ | ૩૧૭૬.૨૩ |
| ૨૦ | ગોધરા | ૧૩૦૭.૨૮ | ૧૫૨૫.૧૦ | ૧૫૭૮.૬૬ |
| ૨૧ | ગાંધીનગર | ૩૦૭૦.૮૨ | ૩૯૮૮.૩૬ | ૪૩૭૧.૭૩ |
| ૨૨ | બારડોલી | ૧૫૪૯.૦૯ | ૧૯૨૯.૮૭ | ૧૯૪૭.૦૬ |
| ૨૩ | દાહોદ | ૫૪૮.૧૪ | ૬૯૪.૩૨ | ૭૧૨.૯૬ |
| ૨૪ | નવસારી | ૧૫૭૩.૨૯ | ૧૭૭૩.૧૯ | ૧૮૦૯.૮૭ |
| ૨૫ | રાજપીપળા | ૨૫૮.૦૮ | ૨૯૯.૬૪ | ૩૦૮.૮૨ |
| | કુલ :- | ૭૫૧૯૩.૦૬ | ૮૮૪૧૯.૮૬ | ૯૪૭૭૬.૭૬ |

(૨) જો આવકમાં ઘટાડો થયો હોય તો તેના કારણો ક્યા ક્યા છે ?

(૨) કેલેન્ડર વર્ષ ૨૦૦૭માં આગલા વર્ષની સરખામણીએ પાલનપુર અને હિંમતનગરની કચેરીઓમાં આવકમાં સામાન્ય ઘટાડો થવા પામેલ છે. નવા નોંધાયેલ વાહનોની સંખ્યામાં અગાઉના વર્ષની સરખામણીએ ઘ ટાડો થવાના કારણે તેમજ ગત વર્ષે કરમાળખામાં થયેલ ફેરફારના લીધે આ ઘટાડો થયેલ છે.

------------

## સરદાર સરોવર ડેમ આધારીત વીજ ક્ષમતા

૩૦૧૯ **શ્રી ભગવાનભાઈ લા.કરગટીયા (માંગરોળ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સરદાર સરોવર ડેમ આધારીત કેનાલ હેડ પાવર હાઉસ અને રીવર બેડ પાવર હાઉસથી કુલ કેટલી વીજ ક્ષમતા સ્થાપિત થશે,

(૨) પાવર હાઉસ ચાલુ થવાની સ્થિતિ શું છે,

(૩) આ ઉત્પન્ન થનાર વીજળીમાં મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રને કેટલી વીજળી આપવાની છે ?

**જવાબ**

(૧) સરદાર સરોવર ડેમ આધારીત બે પાવર હાઉસ છે. જેમાં કેનાલ હેડ પાવર હાઉસની સ્થાપિત ક્ષમતા ૨૫૦ મેગાવોટની છે. જ્યારે રીવર બેડ પાવર હાઉસની સ્થાપિત ક્ષમતા ૧૨૦૦ મેગાવોટની છે. આમ કુલ સ્થાપિત ક્ષમતા ૧૪૫૦ મેગાવોટની છે.

(૨) કેનાલ હેડ પાવર હાઉસ અને રીવર બેડ પાવર હાઉસના વિવિધ એકમો ઓગષ્ટ-૨૦૦૪ થી ફેબ્રુઆરી-૨૦૦૫ સુધીમાં તબક્કાવાર વિજ ઉત્પાદન માટે શરૂ કરવામાં આવેલ છે.

(૩) વિજળીનું જે ઉત્પાદન થાય છે, તેમાંથી ૫૭% મધ્યપ્રદેશ, ૨૭% મહારાષ્ટ્ર અને ૧૬% ગુજરાતના ફાળે આવે છે. તા.૩૧-૧-૨૦૦૮ સુધીમાં કુલ ૧૦૦૩.૩૬ કરોડ યુનીટનું વિજ ઉત્પાદન થયેલ છે. આ વિજ ઉત્પાદનની બજાર કિંમત અંદાજે રૂ.૪ પ્રતિ યુનિટ ગણીએ તો રૂ.૪૦૧૩.૪૪ કરોડનું વિજ ઉત્પાદન થયેલ છે.

**ખેતીવાડી માટે અપાતી વીજળી**

૩૨૨૨ **શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા(પોરબંદર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ રાજ્યમાં અત્યારે ખેતીવાડી વીજ ક્નેક્શનમાં દરરોજ કેટલા કલાક વિજળી આપવાની નીતિ છે,

(૨) વાસ્તવીક રીતે કેટલા કલાક વિજળી આપવામાં આવે છે તે અન્વયે દિવસે કેટલા કલાક અને રાત્રિના કેટલા વિજળી અપાય છે,

(૩) ખેતીવાડી વીજ ક્નેક્શનોમાં ખેડૂતોને વધારે કલાકો વિજળી આપવા સરકાર વિચારે છે કે કેમ, અને

(૪) જો હા, તો કેટલા કલાક વધારે વિજળી આપવા વિચારે છે ?

**જવાબ**

(૧) અને (૨) :

રાજ્યમાં ઉપલબ્ધ વિજ પુરવઠો અને વિજ માંગ વચ્ચે સંક્લન જળવાય તે માટે ખેતીવાડીક્ષેત્રના તમામ ફીડરોનું બે ગૃપમાં વિભાજન કરીને દરેક ગૃપને દર અઠવાડીયે વારાફરતી દિવસે અને રાત્રે દરરોજ સાતત્યપૂર્ણ ૮ કલાક વિજ પુરવઠો પૂરો પાડવામાં આવે છે.

(૩) અને (૪) :

સમયાન્તરે પાક્ની જરૂરીયાતને ધ્યાને લઈને અન્ય ક્ષેત્રોમાં વીજકાપ મુકીને તેમજ બહારથી મોંઘી વિજળી ખરીદીને પણ ખેડૂતોને વધુ સમય માટે વિજ પુરવઠો પૂરો પાડવાનું આયોજન કરવામાં આવે છે.

------------

**ગુજરાત ગોણ સેવા પસંદગી મંડળ દ્વારા લેવાતી પરીક્ષા**

૩૨૦૧ **શ્રી કુંવરજીભાઈ ન.હળપતિ(બારડોલી) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગુજરાત ગોણ સેવા પસંદગી મંડળ દ્વારા વિવિધ સરકારી નોકરીઓની ભરતી માટે મંગાવવામાં આવતી અરજીઓની ભરતી નિયમો મુજબ જરૂરી લાયકાતની ચકાસણી વિના બધાજ ઉમેદવારોને લેખિત / મોખિક / શારીરિક ક્ષમતા ક્સોટીમાં બોલાવવામાં આવે છે એ બાબત સરકારશ્રીના ધ્યાન પર છે, અને

(૨) જો હા, તો તેના પરિણામે સરકારને બિનજરૂરી વહીવટી વિવાદો અને ક્નૂની કાર્યવાહીનો સામનો કરવાના પ્રસંગો ઉભા થાય છે તે નિવારવા સરકારશ્રી શું પગલાં લેવા માંગે છે ?

**જવાબ**

(૧) ના જી, ઉમેદવારે અરજીપત્રક્માં આપેલ માહિતીની જે તે જગ્યાના ભરતી નિયમો અન્વયે પ્રાથમિક ચકાસણી ક્ર્યા પછી, લાયક ઉમેદવારોને ગુજરાત ગોણ સેવા પસંદગી મંડળ દ્વારા લેખિત/મોખિક/શારીરિક ક્ષમતા ક્સોટીમાં બોલાવવામાં આવે છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**રાજ્યમાં નવા બંદરોનો વિકાસ**

૧૬૮૭ **શ્રી ગૌતમભાઈ જે. ઝાલા (કઠલાલ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં સરકારની ઉદારીકરણ અને ખાનગીકરણની નીતિ અંતર્ગત જાન્યુઆરી-૨૦૦૮ની સ્થિતિએ કુલ કેટલા નવા બંદરોનો વિકાસ થયેલો છે, અને

(૨) ઉદારીકરણની નીતિ અંતર્ગત નવા બંદરો વિક્સાવવા શું આયોજન છે ?

**જવાબ**

(૧) ૪ (ચાર)

(૨) બંદરનીતિ અંતર્ગત ૭ (સાત), નવા ગ્રીનફિલ્ડ સ્થળોએ ૪ (ચાર), હયાત બંદરની બાજુની સાઈડ ઉપર ૨(બે), એમ કુલ ૧૩ સ્થળોએ બંદર વિક્સાવવાનું આયોજન છે.

------------

## પેટ્રોલિયમ યુનિવર્સિટીમાં અપાતું પ્રશિક્ષણ

૩૦૯૫ **શ્રી અનિલકુમારઅ.માળી(દીઓદર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં સ્થપાયેલ પેટ્રોલિયમ યુનિવર્સિટીમાં કઈ ચોક્કસ શાખાનું પ્રશિક્ષણ અપાઈ રહેલ છે, અને

(૨) તા. ૩૧/૧/૦૮ની સ્થિતિએ કેટલા વિદ્યાર્થીઓ યુનિવર્સિટીમાં શિક્ષણ પ્રાપ્ત કરે છે ?

**જવાબ**

(૧) પંડિત દીનદયાલ પેટ્રોલિયમ યુનિવર્સિટીમાં તા. ૨૧-એપ્રિલ-૨૦૦૭ માં સ્થપાઈ અને ત્યારબાદ થોડા સમયગાળામાં આ યુનિવર્સિટીમાં

(૧) બેચલર ઓફ ટેક્નોલોજી

(૨) માસ્ટર ઓફ ટેક્નોલોજી તથા

(૩) પી.એચ.ડી કક્ષાનું પ્રશિક્ષણ તેમજ (૪) પોસ્ટ ગ્રેજ્યુએટ ડીપ્લોમા ઈન પેટ્રોલિયમ મેનેજમેન્ટનું પ્રશિક્ષણ અપાઈ રહેલ છે.

(૨) યુનિવર્સિટી શરૂ થયાના ટૂંકા સમયગાળામાં, તા.૩૧-૧-૨૦૦૮ ની સ્થિતિએ નીચે દર્શાવેલ વિદ્યાર્થીઓ યુનિવર્સિટીમાં પ્રશિક્ષણ પ્રાપ્ત કરે છે.

| ક્રમ | ઈન્સ્ટીટ્યુટ ઓફ પેટ્રોલિયમ ટેક્નોલોજી | વિદ્યાર્થીઓની સંખ્યા |
|---|---|---|
| (૧) | બી.ટેક | ૨૩૩ |
| (૨) | એમ.ટેક | ૦૦૯ |
| (૩) | પી.એચ.ડી | ૦૦૪ |
| | **ઈન્સ્ટીટ્યુટ ઓફ પેટ્રોલિયમ મેનેજમેન્ટ** | |
| (૧) | ડિપ્લોમા (પ્રથમ વર્ષ) | ૬૦ |
| (૨) | ડિપ્લોમા (દ્વિતીય વર્ષ) | ૫૯ |
| | કુલ... | ૩૬૫ |

## પોટા હેઠળ પકડાયેલ આરોપીઓ

૩૦૩૬ **શ્રી નાનુભાઈ ભ.વાનાણી(સુરત શહેર (ઉત્તર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં પોટા હેઠળના ગુનાઓમાં કુલ કેટલા આરોપીઓ સંડોવાયેલ છે, અને

(૨) તે પેકી કેટલા આરોપીઓ પકડાયેલ છે ?

**જવાબ**

(૧) ૩૬૪ આરોપીઓ.

(૨) ૨૪૫ આરોપીઓ પકડાયેલ છે. ૧ આરોપી મરણ પામેલ છે. કુલ. ૧૧૮ નાસતા ફરતા આરોપીઓને પકડવા માટે નીચે પ્રમાણેના પગલાં ભરેલ છે.

(અ) ૧૦૭ આરોપીઓ સામે ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ-૭૦, ૮૨, અને ૮૩ મુજબ પગલાં ભરેલ છે.

(બ) ૨ આરોપીઓ સામે રેડ કોર્નર નોટીસ ઈન્ટરપોલ દ્વારા ઈસ્યુ કરવામાં આવેલ છે. ૧ આરોપીને રેડ કોર્નરની નોટીસ ઈસ્યુ કરવાની કાર્યવાહી ગતિમાં છે.

(ક) ૮ આરોપીઓના પુરાં નામ, સરનામાની અદ્યતન વિગતો એકત્રિત કરવામાં આવી રહી છે.

------------

## રાજ્યમાં યોજાયેલ લોકદરબાર

૨૮૯૮ **શ્રીમતી વંદનાબેન મ.મકવાણા(કેશોદ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પ્રજા-પોલીસ વચ્ચે સહકાર અને વિશ્વાસ વધે તે માટે સમયાંતરે સ્થાનિક કક્ષાએ ""લોકદરબાર"" યોજવા માટે રાજ્ય સરકારે સુચનાઓ આપેલ હોવાની હકીક્ત ખરી છે,

**જવાબ**

(૧) હા જી.

(૨) જો હા, તો અત્યાર સુધીમાં રાજ્યમાં જિલ્લા/શહેરવાર કેલેન્ડર વર્ષ ૨૦૦૬ અને ૨૦૦૭માં કેટલા લોકદરબાર યોજવામાં આવેલ છે, અને

(૨) **વર્ષ યોજાયેલ લોકદરબાર**
૨૦૦૬ ૩૯૮૩
૨૦૦૭ ૫૩૨૭
(વર્ષ ૨૦૦૬ અને ૨૦૦૭ નું જિલ્લા/ શહેરવાર પત્રક સામેલ છે. )

(૩) કેટલા કેસોનો નિકાલ થયો ?

(૩) **વર્ષ નિકાલ કરેલ (પ્રશ્નો)ની સંખ્યા**
૨૦૦૬ ૩૪૧૨
૨૦૦૭ ૩૪૨૪

**પત્રક**

| અ. નં. | શહેર/જિલ્લાનું નામ | યોજાયેલ લોકદરબારની સંખ્યા | |
|---|---|---|---|
| | | વર્ષ ૨૦૦૬ | વર્ષ ૨૦૦૭ |
| ૧ | પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર | ૨૧૩ | ૨૪૦ |
| ૨ | પોલીસ કમિશ્નરશ્રી, વડોદરા શહેર | ૨૦૫ | ૩૩૫ |
| ૩ | પોલીસ કમિશ્નરશ્રી, સુરત શહેર | ૭૫ | ૭૬ |
| ૪ | પોલીસ કમિશ્નરશ્રી, રાજકોટ શહેર | ૮૭ | ૭૦ |
| ૫ | **અમદાવાદ રેન્જ** | | |
| ૬ | પોલીસ અધિક્ષકશ્રી, અમદાવાદ રૂરલ | ૧૧૯ | ૧૮૦ |
| ૭ | પોલીસ અધિક્ષકશ્રી, ખેડા | ૧૫૦ | ૧૨૨ |
| ૮ | પોલીસ અધિક્ષકશ્રી, આણંદ | ૧૨૬ | ૧૩૧ |
| ૯ | **ગાંધીનગર રેન્જ** | | |
| ૧૦ | પોલીસ અધિક્ષકશ્રી, ગાંધીનગર | ૧૨૨ | ૧૩૫ |
| ૧૧ | પોલીસ અધિક્ષકશ્રી, મહેસાણા | ૧૦૭ | ૭૦ |
| ૧૨ | પોલીસ અધિક્ષકશ્રી, સાબરકાંઠા | ૪૬૪ | ૩૭૫ |
| ૧૩ | **વડોદરા રેન્જ** | | |
| ૧૪ | પોલીસ અધિક્ષકશ્રી, વડોદરા રૂરલ | ૬૩ | ૧૧૭ |
| ૧૫ | પોલીસ અધિક્ષકશ્રી, પંચમહાલ | ૩૬૭ | ૪૮૩ |
| ૧૬ | પોલીસ અધિક્ષકશ્રી, દાહોદ | ૪૬ | ૫૪ |
| ૧૭ | પોલીસ અધિક્ષકશ્રી, ભરૂચ | ૧૨૦ | ૯૦૧ |
| ૧૮ | પોલીસ અધિક્ષકશ્રી, નર્મદા | ૧૨૯ | ૧૧૧ |
| ૧૯ | **સુરત રેન્જ** | | |
| ૨૦ | પોલીસ અધિક્ષકશ્રી, સુરત રૂરલ | ૧૯૫ | ૧૩૫ |
| ૨૧ | પોલીસ અધિક્ષકશ્રી, વલસાડ | ૧૨૦ | ૯૨ |
| ૨૨ | પોલીસ અધિક્ષકશ્રી, નવસારી | ૭૬ | ૫૮ |
| ૨૩ | પોલીસ અધિક્ષકશ્રી, ડાંગ-આહવા | ૧૭ | ૪૦ |
| ૨૪ | પોલીસ અધિક્ષકશ્રી, તાપી | ૦ | |
| ૨૫ | **રાજકોટ રેન્જ** | | |
| ૨૬ | પોલીસ અધિક્ષકશ્રી, રાજકોટ ગ્રામ્ય | ૨૦૩ | ૨૦૩ |
| ૨૭ | પોલીસ અધિક્ષકશ્રી, જામનગર | ૧૮ | ૧૭૧ |
| ૨૮ | પોલીસ અધિક્ષકશ્રી, સુરેન્દ્રનગર | ૬૬ | ૧૩૮ |
| ૨૯ | **જુનાગઢ રેન્જ** | | |
| ૩૦ | પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢ | ૭૨ | ૧૩૬ |
| ૩૧ | પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદર | ૧૦૧ | ૭૦ |
| ૩૨ | પોલીસ અધિક્ષકશ્રી, ભાવનગર | ૧૭૬ | ૧૪૩ |
| ૩૩ | પોલીસ અધિક્ષકશ્રી, અમરેલી | ૧૩૨ | ૨૨૬ |
| ૩૪ | **સરહદી રેન્જ** | | |
| ૩૫ | પોલીસ અધિક્ષકશ્રી, કચ્છ-ભુજ | ૧૫૫ | ૨૨૧ |
| ૩૬ | પોલીસ અધિક્ષકશ્રી, બનાસકાંઠા | ૧૧૦ | ૧૫૩ |

| અ. નં. | શહેર/જિલ્લાનું નામ | યોજાયેલ લોકદરબારની સંખ્યા | |
|---|---|---|---|
| | | વર્ષ ૨૦૦૬ | વર્ષ ૨૦૦૭ |
| ૩૭ | પોલીસ અધિક્ષકશ્રી, પાટણ | ૧૪૯ | ૧૪૧ |
| | **કુલ** | **૩૯૮૩** | **૫૩૨૭** |

------------

## વીજળીના દરમાં થયેલ ભાવ વધારો

૨૭૯૫ **શ્રી જગદીશ ઠાકોર(દહેગામ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) છેલ્લા ત્રણ વર્ષમાં ઉર્જા વિભાગ તરફથી વિજ જોડાણનો ચાર્જ, ઘરવપરાશ, ખેતી અને ઓદ્યોગિક એક્મમાં વિજ વપરાશમાં કેટલીવાર ભાવ વધારો કરવામાં આવ્યો, અને

(૨) આ ભાવવધારાથી સરકારને કેટલો ફાયદો થયો ?

**જવાબ**

(૧) અને (૨)

છેલ્લા ત્રણ વર્ષમાં ઉર્જા વિભાગ તરફથી વિજ ગ્રાહકોના વિજ વપરાશમાં કે વિજ જોડાણ ચાર્જીસમાં કોઈ ભાવ વધારો કરવામાં આવ્યો નથી. કેમ કે, રાજ્યના જુદી જુદી કક્ષાના વિજ વપરાશકારોને માટે, ઈલેકટ્રીસીટી એકટ-૨૦૦૩ની કલમ-૬૨ હેઠળ ન્યાયિક અને પારદર્શક પધ્ધતિથી વીજદર નક્કી કરવાની બાબત નામદાર ગુજરાત વીજ નિયમન આયોગના કાર્યક્ષેત્ર હેઠળ છે. તેથી તેમાં સરકારને કોઈ ફાયદો થવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

## પોટા કાયદા હેઠળ નોંધાયેલ કેસ

૩૦૦૭ **શ્રી જગદીશ ઠાકોર(દહેગામ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં પોટા કાયદા હેઠળ કુલ કેટલા કેસો નોંધાયેલ છે, અને

(૨) તે પૈકી કેટલા કેસોમાં કોર્ટમાં ચાર્જશીટ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) ૧૪ (ચોદ) કેસો.

(૨) (અ) ૧૪ (ચોદ) કેસો.

(બ) ૧૦ (દસ) કેસોમાં સ્પેશ્યલ કોર્ટ (પોટા) ધ્વારા ચુકાદો આપવામાં આવેલ છે. જે તમામ કેસોમાં આરોપો સાબીત થયેલ છે તેમજ કુલ ૩૧ આરોપીઓને સજા કરવામાં આવેલ છે.

------------

## એફ.એસ.એલ. ના આધુનિકરણની યોજના

૩૧૧૬ **જયોત્સનાબેન પટેલ (આણંદ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યની ફોરેન્સીક સાયન્સ લોબોરેટરીના આધુનિકરણની કોઈ યોજના અમલમાં છે કે કેમ, અને

**જવાબ**

(૧) હા, જી.

એફ.એસ.એલ.ને રાજ્ય સરકારે અત્યંત આધુનિક બનાવેલ છે અને તે દેશભરમાં મોખરાનું સ્થાન ધરાવતી એફ.એસ.એલ. બનેલ છે. વિવિધ પ્રકારના ગુન્હાઓની તપાસ કરવામાં જરૂરી તમામ ટેક્નોલોજીઓ ધરાવતી દેશની આ એકમાત્ર એફ.એસ.એલ. છે. એફ.એસ.એલ.ની જે ટેક્નોલોજીઓ બાબતે દેશમાં ગણના થાય છે. તે વિશિષ્ઠ ટેક્નોલોજીઓ નીચે મુજબ છે. :-

(૧) ગો-માંસના સ્થળ પરીક્ષણ માટેની આધુનિક મોબાઈલ વાન.

(૨) ગુન્હાના સ્થળની ઝીણવટભરી તપાસ માટેની ટેલીફોરેન્સીક પધ્ધતિ.

(૩) બ્રેઈન ફીંગર પ્રિન્ટીંગ પધ્ધતિ.

(૪) નારકોએનાલીસીસ.

(૫) સાઈકોલોજીકલ પ્રોફાઈલીંગ.

(૬) કોમ્પ્યુટરાઈઝડ ફાઈરીંગ રેન્જ.

(૭) ઓડીયો-વીડીયો ફોરેન્સીક પ્રોસેસીંગ.

(૮) ઓટોમેટેડ ફીંગર પ્રિન્ટ આઈડેન્ટીફીકેશન સીસ્ટમ (ઓન લાઈન તપાસ વ્યવસ્થા).

રાજ્યની આ એફ.એસ.એલ. ને હજુ વધુ અદ્યતન બનાવવા સરકાર દ્વારા સતત કાર્યવાહી ચાલુ છે.

(૨) જો હા, તો છેલ્લા ત્રણ નાણાકીય વર્ષ તથા ચાલુ નાણાકીય વર્ષમાં તા. ૩૧/૧/૦૮ સુધીમાં કેટલી રકમના અદ્યતન સાધનો ખરીદવામાં આવેલ છે ?

(૨)

| નાણાકીય વર્ષ | રૂા. |
|---|---|
| ૨૦૦૪-૦૫ | ૩,૮૭,૧૨,૦૦૦-૦૦ |
| ૨૦૦૫-૦૬ | ૮,૦૮,૨૬,૫૬૩-૦૦ |
| ૨૦૦૬-૦૭ | ૭,૧૬,૬૨,૦૦૦-૦૦ |
| ૨૦૦૭-૦૮ (૩૧-૧-૦૮ની સ્થિતિ) | ૩,૧૨,૬૨,૦૦૦-૦૦ |
| કુલ રૂા. | ૨૨,૨૪,૬૨,૫૬૩-૦૦ |

ના અદ્યતન સાધનો વસાવવામાં આવેલ છે.

------------

**એફ.એસ.એલ. દ્વારા ન્યાયાધીશો અને એડવોકેટોને તાલીમ**

૩૧૧૪ **શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ(માંડલ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યની ફોરેન્સીક સાયન્સ લેબોરેટરી દ્વારા ન્યાયાધીશો અને એડવોકેટો માટે કોઈ પ્રકારના તાલીમ કોર્ષ યોજવામાં આવે છે કે કેમ, અને

**જવાબ**

(૧) રાજ્યની ફોરેન્સીક સાયન્સ લેબોરેટરી ગુન્હાની તપાસ ઉપરાંત તાલીમ ક્ષેત્રે પણ દેશમાં મોખરાનું સ્થાન ધરાવે છે. કેન્દ્ર સરકારના ગૃહ મંત્રાલય ધ્વારા રાજ્યની એફ.એસ.એલ.ને તમામ પ્રકારના રાષ્ટ્રીય ક્ક્ષાના તાલીમ કાર્યક્મો યોજવા માટે માન્યતા આપવામાં આવેલ છે. એફ.એસ.એલ. ધ્વારા ગુન્હાને લગતા અહેવાલો આપવામાં આવે છે જે ઘણાંજ મહત્વના પુરાવા બની રહે છે. પોલીસ તેમજ અન્ય તપાસ સંસ્થાઓના અધિકારીઓને તાલીમ આપવા ઉપરાંત આ ખાતાએ ન્યાયાધીશોને ફોરેન્સીક સાયન્સ ક્ષેત્રમાં વિગતવાર તાલીમ આપવા માટેની પહેલ કરેલ છે. છેલ્લા પાંચ વર્ષમાં ગુજરાતના લગભગ તમામ જ્યુડીશીયલ ઓફિસરોને આ પ્રકારની તાલીમ આપવામાં આવેલ છે. ગુન્હાના કેસોમાં સરકાર તરફથી અસરકારક રજુઆત થઈ શકે તે હેતુથી સરકારી વકીલોને પણ તાલીમ આપવાનું શરૂ કરવામાં આવેલ છે. આમ રાજ્યની એફ.એસ.એલ. ધ્વારા ન્યાયાધીશોને નિયમીત ધોરણે તાલીમ આપવા માટે વિવિધ કોર્ષોનું આયોજન રાજ્યની જ્યુડીશીયલ એકેડેમીના સહયોગથી કરવામાં આવે છે. ઉપરાંત અન્ય રાજ્યોના ન્યાયાધીશોને પણ રાષ્ટ્રીય ક્ક્ષાના તાલીમ કાર્યક્મો ધ્વારા આવી તાલીમ આપવામાં આવે છે.

(૨) જો હા, તો વર્ષ ૨૦૦૬-૨૦૦૭ માં કેટલા ન્યાયાધીશો અને એડવોકેટોએ તાલીમી કોર્ષમાં હાજરી આપેલ છે ?

(૨) સને ૨૦૦૬-૦૭ ના વર્ષમાં રાજ્ય તેમજ રાજ્ય બહારના થઈ કુલ ૮૮ જેટલા ન્યાયાધીશો અને એડવોકેટોએ આ તાલીમ કોર્ષમાં હાજરી આપેલ છે.

------------

**રાજકોટ જિલ્લામાં મંજૂર થયેલ ૬૬ કે.વી. સબસ્ટેશનો**

૨૪૨૧ **શ્રી મોહનભાઈ ક. કુંડારીયા (ટંકારા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજકોટ જિલ્લામાં વર્ષ ૨૦૦૪ થી ૨૦૦૭ સુધીમાં કેટલા નવા ૬૬ કે.વી. સબસ્ટેશનો મંજૂર કરવામાં આવ્યા, અને

(૨) તેમાંથી તા. ૩૧/૧/૦૮ની સ્થિતિએ કેટલા કાર્યરત થયેલ છે ?

**જવાબ**

(૧) અને (૨)

રાજકોટ જિલ્લામાં મંજૂર કરવામાં આવેલ તમામ ૧૯ સબસ્ટેશનો કાર્યરત છે.

------------

**અમરેલી જિલ્લામાં સ્થપાયેલ વીજ સબ સ્ટેશનો**

૩૨૪૮ **શ્રી કાળુભાઇ વી. વીરાણી(કુંડલા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૧/૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમરેલી જિલ્લામાં કેટલા વીજ સબ સ્ટેશનો સ્થાપવામાં આવ્યા છે અને તેમાં કેટલા કાર્યરત છે, અને

(૨) હવે પછીનું આગામી આયોજન શું છે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧-૦૮ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમરેલી જિલ્લામાં ૬૬ કે.વી. ના કુલ ૪ વીજ સબ સ્ટેશનો સ્થાપવાનું આયોજન કરવામાં આવેલ છે. અને તેમાંથી ૨ સબ સ્ટેશનો કાર્યરત થયેલ છે અને બાકી બે માર્ચ ૦૮ સુધીમાં પૂર્ણ થશે.

(૨) ૨૦૦૮-૦૯ માં અમરેલી જિલ્લામાં ૬૬ કે.વી. ના બીજા ૬ સબ સ્ટેશનો સ્થાપવાનું આયોજન કરેલ છે.

------------

**રાજ્યની જીસ્વાન સેવાઓને ટ્રોજેન-વોર્મ અને વાઈરસને લીધે થયેલ માઠી અસર**

૨૮૫૩ **શ્રી પુનાભાઈ ઘે. ગામીત(વ્યારા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકારની નેટવર્કીંગ સેવા જીસ્વાનને ટ્રોજન-વોર્મ અને વાઈરસને લીધે ખૂબ માઠી અસર થઈ છે તે હકીકતથી સરકાર વાકેફ છે, અને

(૨) જો હા, તો આ સમસ્યાના નિવારણ માટે કેન્દ્રીયકૃત રીતે શાં પગલાં લેવાઈ રહ્યાં છે ?

**જવાબ**

(૧) ટ્રોજન વાયરસના કારણે વ્યક્તિગત કોમ્પ્યુટરને અવળી અસર થઈ શકવાની શક્યતા રહે છે. પરંતુ નેટવર્કીંગ સેવાઓને કોઈ અવળી અસર થતી નથી. જેથી જીસ્વાન નેટવર્ક સેવાને આ કારણે માઠી અસર થયાની હકિકત સાચી નથી.

(૨) જીસ્વાન સાથે જોડાયેલ વ્યક્તિના કોમ્પ્યુટર ઉપર સદરહુ વાયરસને લીધે અવળી અસર થાય નહિ તે માટે નીચે મુજબના કેન્દ્રિયકૃત પગલાંઓ લીધા છે.

* જીસ્વાન હોમ પેઈઝ ઉપર વાયરસ અંગે હાઈલાઈટસ મુકી વાયરસની સુચના આપવામાં આવે છે.
* જીસ્વાન હોમ પેઈઝ ઉપર ટ્રોઝન વોર્મના નિવારણ માટેના જરૂરી પેચ અપલોડ કરેલ છે. વ્યક્તિગત વપરાશકાર તેને ડાઉનલોડ કરી તેનું નિવારણ કરી શકે છે.
* કેન્દ્રિય ધોરણે અલગ સર્વર ઉપર ટ્રેન્ડ માઈક્રો એન્ટી વાયરસ સોફ્ટવેર મુકેલ છે. જેનો ઉપયોગ કરી વ્યક્તિગત વપરાશકાર કોમ્પ્યુટરમાં વાયરસ સામે રક્ષણ મેળવી શકે છે.
* જીસ્વાન નેટવર્ક ઉપર જોડાયેલા વ્યક્તિગત કોમ્પ્યુટર ઉપર ઈન્ટરનેટ ધ્વારા આવી શકે તેવા વાયરસ પર્સનલ કોમ્પ્યુટરમાં પ્રવેશતા અટકાવવા જીસ્વાનના કન્ટ્રોલ રૂમમાં ફાયરવોલ ઈન્સ્ટોલ કરવામાં આવેલ છે.

------------

**એસ. આર. પી. નું સંખ્યાબળ વધારવાનું આયોજન**

૩૧૧૮ **શ્રી શિરીષકુમાર મ. શુકલ(ખંભાત) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં એસ.આર.પી. નું સંખ્યાબળ કેટલું છે, અને

**જવાબ**

(૧) રાજ્યમાં એસ.આર.પી.ના કુલ ૧૫ ગૃપો મંજુર થયેલા છે જેનું સંખ્યાબળ નીચે મુજબ છે.

| ક્રમ | સંવર્ગનું નામ | મંજુર મહેકમ |
|---|---|---|
| ૧ | સેનાપતિ | ૧૫ |
| ૨ | ના.પો. અધિક્ષક (હથિયારી) | ૫૭ |
| ૩ | હથિયારી પોલીસ ઈન્સ્પેક્ટર | ૧૨૨ |
| ૪ | હથિયારી પો.સ.ઈ. | ૫૨૫ |
| ૫ | એ.એસ.આઈ. | ૧૪૭૯ |
| ૬ | આર્મ્ડ હેડ કોન્સટેબલ | ૧૫૦૩ |
| ૭ | આર્મ્ડ પોલીસ કોન્સટેબલ | ૧૨૮૪૮ |
| ૮ | ફોલોઅર્સ વર્ગ-૪ | ૧૧૧૧ |
| | કુલ | ૧૭૬૬૦ |

(૨) આ સંખ્યાબળ વધારવા શું આયોજન કરવામાં આવેલ છે ?

(૨) પાવડી જિ. દાહોદ ખાતે એસ.આર.પી. જુથ-૪ તરીકે અને મુડેટી, જિ. સાબરકાંઠા ખાતે એસ.આર.પી. જુથ-૬ તરીકે નવી બટાલીયનો સ્થાપવાની મંજુરી આપી દેવામાં આવી છે. જમીન સંપાદનની કાર્યવાહી પૂર્ણ થઈ હોવાથી પાવડી અને મુડેટી ખાતે બટાલીયનો હવે કાર્યરત થશે. ઓ. એન. જી. સી. માટે એક વિશેષ બટાલીયન તા. ૨૧-૫-૦૭થી મહેસાણા ખાતે કાર્યરત કરવામાં આવી છે.

------------

**પછાત તાલુકાઓમાં વિશેષ પેકેજ અંગે**

૨૨૨૪ **શ્રીમતી જસુબેન સ. કોરાટ(જેતપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (આયોજન) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કોલગી સમિતિએ જાહેર કરેલ ૩૦ પછાત તાલુકાઓમાં ભારત સરકાર તરફથી કોઈ વિશેષ પેકેજ આપવામાં આવ્યું છે કે કેમ, અને

(૨) જો હા, તો તેની વિગતો શું છે ?

**જવાબ**

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**થેલેસીમીયાના દર્દીને એસ. ટી. બસમાં ફ્રી પાસ**

૨૧૭૯ **શ્રી ગોવિંદભાઈ ઉ.પટેલ(રાજકોટ-૧) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ લોહીના વારસાગત રોગ થેલેસીમીયાનો ભોગ બનેલા થેલેસીમીયા પીડીત બાળકોને બ્લડ ટ્રાન્સફ્યુઝન માટે જવા-આવવા એસ. ટી. માં મહીનામાં બે દિવસ માટે ફ્રી પાસ કાઢી આપવાની કોઈ માંગણી સરકારશ્રીને મળેલ છે કે કેમ, અને

(૨) સરકાર ફ્રી પાસ બે દિવસ માટે આપવા બાબતે શું વિચારે છે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ લોહીના વારસાગત થેલેસીમીયાના રોગથી પીડીત બાળકોને બ્લડ ટ્રાન્સફ્યુઝન માટે જવા-આવવા ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમની બસોમાં વિના મૂલ્યે મુસાફરી કરવા દેવાની રજૂઆતો મળેલ છે.

(૨) આ બાબત વિચારણા હેઠળ છે.

------------

**રાજ્યના મંદિરોની સુરક્ષા માટે લેવાયેલા પગલાં**

૩૦૪૦ **શ્રી રમેશભાઈ વ.મહેશ્વરી(મુંદ્રા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યના ડાકોર, દ્વારકા, પાલીતાણા, સોમનાથ, અક્ષરપુરુષોત્તમ મંદિર, અંબાજી મંદિરોની સુરક્ષા માટે તા. ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સરકારે કોઈ પગલાં લીધા છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા તો ક્યા પ્રકારના પગલાં લીધા છે, | (૨) આ મંદિરોની સુરક્ષા એસ.આર.પી. , ગ્રામ રક્ષકદળ, બોર્ડરવીંગના જવાનો, હોમગાર્ડઝ, મહિલા પોલીસ, ખાનગી સીક્યુરીટી ગાર્ડઝ વગેરે ધ્વારા જાળવવામાં આવે છે.<br>સુરક્ષા માટે ક્વીક રીએક્શન ટીમ ધાબા પોઈન્ટ તેમજ વિવિધ સલામતી સ્કીમોનું આયોજન કરવામાં આવેલ છે.<br>મંદિરોની સુરક્ષા માટે આધુનિક સાધનોનો પણ પૂરતો ઉપયોગ કરવામાં આવે છે. |
| (૩) આકસ્મિક ચકાસણી માટે કોઈ યોજના છે કે કેમ, અને | (૩) હા, જી. |
| (૪) જો હા, તો તેની કેટલી વખત ચકાસણી કરવામાં આવી ? | (૪) ડાકોર મંદિરની ૬૬, ધ્વારકા મંદિરની ૨૧૦, પાલીતાણા મંદિરની ૩, સોમનાથ મંદિરની ૭૩૦, અક્ષરપુરૂષોત્તમ મંદિરની ૩૪ અને અંબાજી મંદિરની ૫૫ વખત ચકાસણી કરવામાં આવી છે. |

------------

**નશાબંધી વિભાગ દ્વારા પાડેલ રેડ**

૧૮૮૦ **શ્રી બાવકુભાઈ ઉંધાડ (બાબરા) : માનનીય નશાબંધી મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં નશાબંધી વિભાગ દ્વારા તા. ૧-૧-૨૦૦૭ થી તા. ૮-૨-૨૦૦૮ સુધીમાં કેટલી રેડો પાડવામાં આવેલ,<br>(૨) તેમાં કેટલા લોકોની ધરપકડ થઈ અને કેટલો જથ્થો પકડવામાં આવ્યો,<br>(૩) તેમાં પરપ્રાંતિય દારૂનો જથ્થો કેટલો,<br>(૪) આ દારૂ ક્યાંથી આવ્યો, અને<br>(૫) કઈ પધ્ધતિથી આવ્યો અને તેની કોઈ નક્કર માહિતી મળેલ છે કે નહિ ? | (૧), (૨), (૩), (૪) અને (૫) રાજ્યમાં નશાબંધી અમલીકરણની કામગીરી નશાબંધી અને આબકારી ખાતા પાસેથી લઈને ગૃહ વિભાગના તા. ૨૫-૦૭-૨૦૦૬ના ઠરાવ ક્રમાંક : નશધ/૧૦૨૦૦૬/૧૬૪૮/ઈ-૧થી પોલીસ ખાતાને સોંપવામાં આવેલ છે, તેથી નશાબંધી વિભાગ દ્વારા રેડો પાડવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

**બેટ દ્વારકામાં સતત વીજ પુરવઠાનું આયોજન**

૩૦૯૮ **ભાવનાબેન મકવાણા (તળાજા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તાજેતરમાં જામનગર જિલ્લાના બેટ દ્વારકા વિસ્તારમાં સતત વીજ પુરવઠો આપવા સારૂ રાજ્ય સરકારે શું આયોજન કરેલ છે, અને | (૧) જ્યોતિગ્રામ યોજના અન્વયે બેટ દ્વારકાનું ગ્રીડ સાથે જોડાણ કર્યુ તે અગાઉ બેટ દ્વારકામાં ડીઝલ જનરેટીંગ સેટ દ્વારા ૬૯૭ લાઈટીંગ જોડાણોને ફક્ત ૧૬ કલાક વીજ પુરવઠો પૂરો પાડવામાં આવતો હતો તદુપરાંત તેઓને પૂરતા વોલ્ટેજ મળતા ન હતા અને નવા જોડાણની વધુ માંગણી આવવા છતાં તેઓની માંગણી સંતોષી શકાતી ન હતી. વધુમાં વીજ ઉત્પન્ન કરવાનો ખર્ચ યુનિટદીઠ રૂા. ૧૮ જેટલો આવતો હતો અને ડીઝલનું વહન તથા મરામતના ઘણાં પ્રશ્નો ઉદભવતા હતા.<br>આ સંજોગોમાં જ્યોતિગ્રામ થકી ભારતમાં અત્યાર સુધી નંખાયેલ મરીન કેબલ પૈકી લાંબામાં લાંબો ૨૫૦૦ |

મીટર જેટલો લાંબો કેબલ નાંખી તથા ૧૨ કી.મી. ભારે દબાણની અને ૯.૭ કી.મી. હળવા દબાણની લાઈન તથા નવા ૧૦ ટ્રાન્સફોર્મર સેન્ટર ઉભા કરી ૨૪ કલાક થ્રી ફેઝ વીજ પુરવઠો આપવાની કામગીરી પૂર્ણ કરી તા. ૧૯-૧૨-૨૦૦૭થી વીજ પુરવઠો આપવાનું શરૂ કરેલ છે.

આ યોજના થકી ૨૦ હોર્સ પાવરનું વોટર વર્કસનું નવું જોડાણ તેમજ ૩૩૩ નવા લાઈટીંગ જોડાણ આપેલ છે. જ્યારે ૧૦૫ જોડાણોની કામગીરી હાથ પર છે અને નવા જોડાણો માટેની માંગણી ચાલુ છે. જે વિના વિલંબે પૂરા પાડવાનું આયોજન છે. હયાત લાઈનોનું સમારકામ પણ ચાલુ છે. ટૂંકમાં ગુણવત્તાવાળો વીજ પુરવઠો બેટ દ્વારકામાં પૂરો પાડવામાં આવેલ છે.

(૨) તે માટેનો કુલ ખર્ચ કેટલો થયો કે થશે ?

(૨) તે માટે કુલ અંદાજિત ખર્ચ રૂા. ૬.૪૮ કરોડ થયેલ છે.

------------

## રાજ્યમાં આવેલ પોલીસ તાલીમ સંસ્થાઓ

૨૭૦૧ **શ્રી પોપટભાઈ સ. જીંજરિયા(ચોટીલા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ પોલીસ ખાતાના અધિકારીઓ /કર્મચારીઓ માટે કઈ કઈ પોલીસ તાલીમ સંસ્થાઓ આવેલી છે, અને

(૨) ગુજરાત પોલીસ તાલીમ એકેડેમી કરાઈ જતાં જૂનાગઢ તાલીમ મહા વિદ્યાલય બંધ કરવાની કોઈ વિચારણા ચાલે છે કે કેમ ?

**જવાબ**

(૧) ૧. ગુજરાત પોલીસ એકેડેમી, કરાઈ
૨. પોલીસ તાલીમ શાળા, વડોદરા
૩. પોલીસ તાલીમ મહાવિદ્યાલય, જૂનાગઢ
૪. રાજ્ય અનામત પોલીસ તાલીમ કેન્દ્ર, ચોકી, (સોરઠ)

(૨) ના, જી.

------------

## પોલીસ સ્ટેશનોનું કોમ્પ્યુટરાઈઝેશન

૩૧૧૭ **શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ(અંકલેશ્વર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકારે રાજ્યના તમામ પોલીસ સ્ટેશનોનું કોમ્પ્યુટરાઈઝેશન કરવાનું નક્કી કરેલ છે તે હકીકત ખરી છે,

(૨) જો હા, તો તા. ૩૧-૧-૨૦૦૭ની સ્થિતિએ કેટલા પોલીસ સ્ટેશનોનું કોમ્પ્યુટરાઈઝેશન કરવામાં આવેલ છે, અને

(૩) કેટલા પોલીસ સ્ટેશનો બાકી છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ તમામ પોલીસ સ્ટેશનોને કોમ્પ્યુટર પુરા પાડવામાં આવેલ છે. તથા ક્નેકટીવીટી પ્રસ્થાપિત કરવામાં આવેલ છે. એપ્લીકેશન સોફ્ટવેરની કામગીરી માટે ટોટલ સર્વિસ પ્રોવાઈડર્સની નિમણૂંકની કામગીરી ચાલુ છે. (તા. ૩૧-૧૨-૨૦૦૭ના રોજ આ કરાર કરવામાં આવેલ છે.)

(૩) કોઈ પોલીસ સ્ટેશન બાકી નથી.

------------

## અમદાવાદ ભદ્ર વિસ્તારમાં કોર્ટ સંકુલ બનાવવા અંગે

૧૯૮૦ **શ્રી મોહંમદફારુક હુ. શેખ(કાલુપુર) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

અમદાવાદ શહેરમાં ભદ્ર વિસ્તારમાં સીટી સીવીલ કોર્ટ, સેશન કોર્ટ, અને સ્મોલ કોઝ કોર્ટ બેસે છે તેની જ્યાએ અદ્યતન મકાન બાંધીને તેમાં કોર્ટ કામગીરી કરે તેવી યોજના ક્યારે અમલમાં આવશે ?

**જવાબ**

હાલમાં આવી કોઈ યોજના નથી.

**સી.એન.જી. ગેસ સંચાલિત બસો સળગવાના કિસ્સા**

૩૨૬૪ **શ્રી ભગવાનભાઈ ધા.બારડ(તલાળા) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સી.એન.જી. ગેસ સંચાલિત એસ.ટી.ની કેટલી બસો સળગવાના કિસ્સા સરકારના ધ્યાને આવ્યા, તેમાં કેટલા ઈસમોના મૃત્યુ તથા કેટલાને ગંભીર ઈજાઓ થઈ, અને | (૧) તા. ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સી.એન.જી. ગેસ સંચાલિત એસ.ટી.ની બે બસો સળગવાના કિસ્સા બનેલ છે. જેમાં કોઈ મૃત્યુ થયેલ નથી. અને કોઈને ગંભીર ઈજાઓ થયેલ નથી. |
| (૨) રાજ્ય સરકાર ધ્વારા સી.એન.જી. ગેસ સંચાલિત બસોમાં ફરજીયાત અગ્નિશામક યંત્રો મૂકવા કોઈ સૂચનાઓ અપાઈ છે કેમ ? | (૨) મોટર વ્હીકલ એક્ટ અન્વયે સીએનજી સંચાલીત બસમાં અગિશામક યંત્ર મુકવાની સુચના છે. જે મુજબ નિગમની દરેક સીએનજી સંચાલીત બસમાં અગિશામક યંત્ર મુકવામાં આવેલ છે. |

------------

**રાજ્યમાં બાયો ટેક્નોલોજી નિગમની રચના**

૨૮૦૩ **શ્રી જયંતિલાલ પ.ભાનુશાલી (અબડાસા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં બાયો ટેક્નોલોજી નિગમની રચના કરવામાં આવી છે કે કેમ, અને | (૧) રાજ્યમાં બાયો ટેક્નોલોજી નિગમ નહીં, પંરતુ બાયો ટેક્નોલોજી મિશનની સોસાયટી રજીસ્ટ્રેશન એક્ટ-૧૮૬૦ હેઠળ રચના કરવામાં આવેલ છે. |
| (૨) જો હા, તો ક્યારે? | (૨) આ મિશનની રચના ડિસેમ્બર-૨૦૦૩માં કરવામાં આવેલ છે. |

------------

**નર્મદા કેનાલ નજીક ખેતી માટે પાણીની વ્યવસ્થા**

૨૯૩૫ **શ્રી કિરણકુમાર લ.મકવાણા(જંબુસર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (નર્મદા)** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નર્મદા કેનાલમાંથી કેનાલ નજીકના વિસ્તારોમાં ખેતી માટે પાણીની કામચલાઉ વ્યવસ્થા કરવા વિષે સરકારની વિચારણા છે કે કેમ, અને | (૧) હા, જી |
| (૨) જો હા, તો તેની વિગતો શું છે ? | (૨) સરદાર સરોવર યોજનાના પિયત વિસ્તાર માટેની વચગાળાની સિંચાઈ નીતિ પ્રમાણે નર્મદા યોજનાની કેનાલ નજીક આવેલ વિસ્તારમાં જેનો નર્મદા યોજનાના પિયત વિસ્તારમાં સમાવેશ થયેલ હોય અને ત્યાં વિસ્તાર વિકાસના કામો બાકી હોય તેવા વિસ્તારની પિયત સહકારી મંડળીના સભ્ય હોય તેવા લાભિત ખેડૂતોને માઈનોર અને સબમાઈનોર માંથી પોતાની વ્યવસ્થા જેવી કે, પંપથી ખેતી માટે પાણીનો લાભ આપવામાં આવશે.<br>વચગાળાની સિંચાઈ નીતિ હેઠળ વર્ષ ૨૦૦૭-૦૮ દરમ્યાન નર્મદા યોજના દ્વારા કુલ-૫૭૯૧૯ હેકટરમાં સિંચાઈ થયેલ છે. જે પેકી પંપ દ્વારા નહેરમાંથી પાણી લીફ્ટ કરીને કુલ ૨૬૫૨૫ હેકટરમાં સિંચાઈ થયેલ છે. |

------------

### બિન અધિકૃત વાહન ચાલકો પાસેથી ઉઘરાવાતા હપ્તા

૩૨૬૮ **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બિન અધિકૃત રીતે પેસેન્જરોની હેરાફેરી કરતા છકડા-મેટાડોરો અને જીપો પાસેથી પોલીસ હપ્તા ઉઘરાવી આવી ગેરકાનુની મુસાફરી કરાવવા દે છે તે હકીકતથી સરકાર વાકેફ છે, અને

(૨) જો હા, તો આ બાબતે સરકારે શાં પગલાં લીધા ?

**જવાબ**

(૧) અને (૨) બિન અધિકૃત રીતે પેસેન્જરોની હેરાફેરી કરતા છકડા-મેટાડોરો અને જીપો પાસેથી પોલીસ હપ્તા ઉઘરાવી ગેરકાનુની મુસાફરી કરાવા દેવાની હકીકતની વાત સાચી નથી, પરંતુ પોલીસ તથા વાહન-વ્યવહાર વિભાગના અધિકારીઓ દ્વારા અવારનવાર ચેકીંગ હાથ ધરી બિન-અધિકૃત રીતે પેસેન્જરોની હેરાફેરી કરતા વાહન ચાલકો વિરૂધ્ધ કાયદેસરની દંડકીય કાર્યવાહી કરવામાં આવે છે.

------------

### મહુવા તાલુકામાં નોંધાયેલ વિવિધ ગુના

૩૩૫૨ **ડૉ.કનુભાઇ કલસરિયા(મહુવા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સન ૨૦૦૭-૦૮ના વર્ષમાં ભાવનગર જિલ્લાનાં મહુવા તાલુકાનાં પ્રત્યેક પોલીસ સ્ટેશનોમાં તા. ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ ખૂન, લૂંટ અને ઘરચોરીના કેટલા કેસ નોંધાયા, અને

(૨) તે પૈકી ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ કેટલા કેસના તહોમતદારો પકડાયા અને કેટલા નથી પકડાયા?

**જવાબ**

(૧)

| પોલીસ સ્ટેશન | ખૂન | લૂંટ | ઘરફોડચોરી |
|---|---|---|---|
| મહુવા | ૨ | ૬ | ૩૮ |
| ખુંટવડા | ૪ | ૧ | ૬ |
| બગદાણા | - | ૧ | ૭ |
| દાઠા | ૧ | - | ૨ |

(૨) ૨૭ કેસના તહોમતદારો પકડાયા અને ૪૧ કેસના તહોમતદારો પકડાયેલ નથી.

જે આરોપીઓ નાસતા ફરતા હોય તેઓની વિરૂધ્ધ સી.આર.પી.સી.ની કલમ-૭૦ મુજબ વોરંટ કઢાવી તેઓ મળી આવવાના સંભવિત સ્થાનો જેવા કે, તેમના આશ્રય સ્થાનો, સગા, સંબંધી મિત્રો વિગેરે સ્થળોએ તપાસ ચાલુ છે, તેમજ ખાનગી રાહે હકીક્ત મેળવી પકડી પાડવાના પ્રયો ચાલુ છે. બાતમીદારોથી હકીક્ત મેળવી તથા એમ.ઓ. વાળા ઈસમો ચેક કરવામાં આવે છે. દિવસ રાત્રિ પેટ્રોલીંગ સખત બનાવવામાં આવેલ છે.

જે ગુનામાં આરોપીઓના નામ-નમૂદ નથી તેવા ગુનાઓમાં શકદારો તેમજ સજેશનવાળા ઈસમોને પણ તપાસી ઉંડાણપૂવર્કની તપાસ કરી, આરોપીઓ બાબતે ગુનાઓ શોધી કાઢવા પ્રયો ચાલુ છે.

------------

### રાજ્યના મંદિરોની સુરક્ષા માટે લેવાયેલ પગલાં

૩૦૩૫ **શ્રી ઉપેન્દ્રસિંહ પ્ર.ગોહિલ(વડોદરા (ગ્રામ્ય) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યના મંદિરો ડાકોર, ધ્વારકા, પાલીતાણા, સોમનાથ, અક્ષર પુરૂષોત્તમ મંદિર, અંબાજીની સુરક્ષા માટે તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારે કોઈ પગલાં લીધા છે કે કેમ,

(૨) જો હા, તો કેવા પ્રકારના પગલાં લીધા છે,

**જવાબ**

(૧) હા જી,

(૨) આ મંદિરોની સુરક્ષા એસ.આર.પી. ગ્રામરક્ષકદળ, બોર્ડરવીંગના જવાનો, હોમગાર્ડઝ, મહિલા પોલીસ, ખાનગી સીક્યુરીટી ગાર્ડઝ વગેરે દ્વારા જાળવવામાં આવે છે.

સુરક્ષા માટે ક્વીક રીએકશન ટીમ, ધાબા પોઈન્ટ તેમજ વિવિધ સલામતી સ્કીમોનું આયોજન કરવામાં આવેલ છે.

મંદિરોની સુરક્ષા માટે આધુનિક સાધનોનો પણ

પૂરતો ઉપયોગ કરવામાં આવે છે.

(૩) આકસ્મીક ચકાસણી માટે કોઈ યોજના છે કે કેમ, અને

(૩) હા જી,

(૪) જો હા, તો તેની કેટલી વખત ચકાસણી કરવામાં આવી?

(૪) ડાકોર મંદિરની ૬૬, દ્વારકા મંદિરની ૨૧૦, પાલીતાણા મંદિરની ૩, સોમનાથ મંદિરની ૭૩૦, અક્ષરપુરૂષોત્તમ મંદિરની ૩૪ અને અંબાજી મંદિરની ૫૫ વખત ચકાસણી કરવામાં આવી છે.

------------

**સરદાર સરોવર ડેમના મુલાકાતીઓ**

૩૦૧૮**શ્રી વલ્લભભાઈ ગો.કાકડિયા (રખિયાલ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) કેવડીયાને પ્રવાસન સ્થળ તરીકે વિકાસ કરવાનો રાજ્ય સરકારે જે નિર્ણય કર્યો છે, તેમાં ૨૦૦૭ના વર્ષમાં કેટલા પ્રવાસીઓએ સરદાર સરોવર ડેમની મુલાકાત લીધી, અને

(૧) ૪,૮૭,૪૩૯

(૨) ૨૦૦૫ અને ૨૦૦૬ના વર્ષમાં કુલ કેટલા પ્રવાસીઓએ આ સ્થળની મુલાકાત લીધેલ છે?

(૨) વર્ષ ૨૦૦૫માં ૪,૪૪,૭૦૮ તથા વર્ષ ૨૦૦૬માં ૫,૨૮,૯૫૨

------------

**ધંધુકા, બરવાળા અને રાણપુર તાલુકામાં રાજીવ ગાંધી વીજળીકરણ યોજના હેઠળ જોડાણો**

૨૩૬૯ **શ્રી રણછોડભાઈ ક.મેર (ધંધૂકા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) અમદાવાદ જિલ્લાના ધંધુકા, બરવાળા અને રાણપુર તાલુકામાં તા. ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજીવ ગાંધી વીજળીકરણ યોજના હેઠળ કેટલા જોડાણો આપવામાં આવ્યા,

(૧) કેન્દ્ર સરકાર દ્વારા આર.જી.જી.વી.વાય અંતર્ગત અમદાવાદ જીલ્લાને લાભ મળ્યો નથી. તેમ છતાં રાજ્ય સરકારે ઉદારવલણ દાખવી ઝુંપડા વીજળીકરણની યોજના હેઠળ રૂા. ૧૧૦૦૦/- સુધીની આવક ધરાવતા તમામ લાભાર્થીઓ માટે ઘરોના વિજળીકરણની યોજના અમલમાં મૂકી છે તા. ૩૧/૧/૦૮ની સ્થિતિને છેલ્લા એક વર્ષમાં છે અમદાવાદ જિલ્લાના ધંધુકા, બરવાળા, રાણપુર તાલુકાઓમાં આપવામાં આવેલ જોડાણોની વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | ઝુંપડા વીજળીકરણ યોજના હેઠળ આપવામાં આવેલ જોડાણ |
|---|---|---|
| ૧ | ધંધુકા | ૧૦૦૩ |
| ૨ | બરવાળા | ૨૩૧ |
| ૩ | રાણપુર | ૩૨૪ |
| | કુલ.... | ૧૫૫૮ |

(૨) આ યોજનામાં અનુસૂચિત જનજાતિ, અનુસૂચિત જાતિ, ઓ.બી.સી. અને આર્થિક પછાતના બી.પી.એલ. યાદીમાં સમાવેશ થયેલ ન હોય તેવાને જોડાણો આપવામાં આવતા નથી, તે હકીક્ત ખરી છે,

(૨) હા, જી કેન્દ્ર સરકારની માર્ગદર્શિકા મુજબ અનુસૂચિત જનજાતિ, અનુસૂચિત જાતિ, ઓ.બી.સી. પરિવારો કે જેમનો બી.પી.એલ. યાદીમાં સમાવેશ થયેલ ન હોય તેવા પરિવારોને આર.જી.જી.વી.વાયનો લાભ આપવામાં આવતો નથી. જ્યારે રાજ્યની ઝુંપડા વીજળીકરણ યોજના હેઠળના તમામ લાભાર્થીઓ કે જેઓની વાર્ષિક આવક રૂા.૧૧,૦૦૦/- કરતા ઓછી હોય એવા લાભાર્થીઓને આવરી લેવામાં આવે છે.

(૩) આવા પરિવારોને જોડાણ આપવાનું સરકારની વિચારણમાં છે કે કેમ, અને

(૩) અને (૪) અનુસૂચિત જાતિના લોકો માટે રાજ્ય સરકારની ખાસ અંગભૂત યોજનાના ધારાધોરણ મુજબ

(૪) વંચિત પરિવારોને કેટલા સમયમાં લાભો આપવામાં આવશે?

તથા ઝુંપડા વીજળીકરણ યોજના હેઠળ તમામ લાભાર્થીઓ કે જેઓની વાર્ષિક આવક રૂા.૧૧,૦૦૦/- કરતા ઓછી હોય તેમને આવરી લેવામાં આવે છે

આગામી બે વર્ષમાં રાજ્યમાં પાંચ લાખ લાભાર્થીઓને વિવિધ યોજનાઓ હેઠળ વીજજોડાણ આપવાનું આયોજન છે.

------------

**ખાનગી કંપનીઓ પાસેથી ખરીદવામાં આવેલ વીજળી**

૨૭૯૪ **શ્રી મુકેશ ભૈ. ગઢવી (દાંતા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ છેલ્લા ત્રણ કેલેન્ડર વર્ષ દરમ્યાન, રાજ્ય સરકારે કઈ-કઈ ખાનગી કંપનીઓ પાસેથી શું ભાવે વીજળી ખરીદી,

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ છેલ્લા ત્રણ કેલેન્ડર વર્ષ દરમ્યાન, જીયુવીએનએલ/રાજ્ય સરકારે બે ખાનગી કંપનીઓ પાસેથી નીચે દર્શાવ્યા પ્રમાણેના ભાવથી વીજળી ખરીદી.

(રૂા. પ્રતિ યુનિટ)

| ખાનગી કંપનીનું નામ | ૨૦૦૫ | ૨૦૦૬ | ૨૦૦૭ |
|---|---|---|---|
| એસ્સાર પાવર લી. | ૨.૪૭ | ૨.૭૨ | ૨.૬૩ |
| ગુજરાત પગુથણ એનર્જી કોર્પો.પ્રા.લી. | ૨.૪૮ | ૨.૮૭ | ૩.૮૭ |

(૨) ખરીદવામાં આવેલ વીજળી પૈકી ગ્રામ્ય તથા શહેરી વિસ્તારમાં કેટકેટલો ઉપયોગ કરવામાં આવ્યો, અને

(૨) ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લી.ની પેટા કંપની ગુજરાત સ્ટેટ ઈલેકટ્રીસીટી કોર્પો.લી. વડોદરા હસ્તકના પાવર સ્ટેશનો દ્વારા વીજ ઉત્પાદન કરવામાં આવે છે. આ ઉપરાંત ખાનગી ક્ષેત્ર અને સેન્ટ્રલ સેકટરનો શેર પણ નિગમ ને મળે છે. આ ઉપરાંત જ્યારે પણ વીજળીની ખુબ વધારે જરૂર હોય ત્યારે બહારના રાજ્યો પાસેથી ખરીદવામાં આવે છે અને તે વીજળી સેન્ટ્રલ સેકટરના શેર રૂપે ડબલ્યુ.આર.એલ. ડી.સી.(પશ્ચિમ ક્ષેત્ર લોડ ડીસ્પેચ સેન્ટર) દ્વારા નિગમને આપવામાં આવે છે. આમ કઈ વીજળીનો ગ્રામ્ય વિસ્તારમાં અને કઈ વીજળીનો શહેરી વિસ્તારમાં કેટકેટલો ઉપયોગ કરવામાં આવ્યો તેનું વિભાજન શક્ય નથી. છતાં પણ સરેરાશ નીચે પ્રમાણેની વીજળી જુદાજુદા સેકટરમાં છેલ્લા સાત માસમાં વપરાયેલ છે. જેમાં જ્યોતિગ્રામમાં ૧૪.૬૮% શહેરોમાં ૧૯.૨૮% ખેતીવાડીમાં ૩૩.૮૦% અને ઉદ્યોગોમાં ૩૨.૨૪% જેટલો વીજ વપરાશ સરેરાશ થયેલ છે.

(૩) આ કંપનીઓ પાસેથી ક્યા વર્ષ સુધી શું શરતોએ વીજળી લેવાના કરારો સરકારે કરેલ છે?

(૩) આ કંપનીઓ પૈકી મે.એસ્સાર પાવરલી. હઝીરા પાસેથી તા.૩૦.૫.૨૦૧૬ સુધી તથા મે.જીપેક પગુથણ પાસેથી તા.૧૧.૧૨.૨૦૧૮ સુધી વીજળી ખરીદ કરવાનાં કરારો જીયુવીએનએલ/રાજ્ય સરકારે કરેલ છે.

વીજળી ખરીદવાનો ભાવ નક્કી કરવા માટેની શરતોમાં મુખ્યત્વે તે એકમના અચલ ખર્ચ અને ચલ ખર્ચનો સમાવેશ થાય છે. અચલ ખર્ચ, વીજ ખરીદ કરાર અન્વયેની જોગવાઈ તથા નાણાંકીય વ્યવસ્થા પ્રમાણે દરેક એકમ માટે અલગ અલગ હોય છે. એકમનો અચલ ખર્ચ તેના માટેની મુડીરોકાણ, તે માટે લેવાયેલા ઋણ અને તેના પરનો વ્યાજ દર, યોજના પૂર્ણ થયાનો સમય, યોજનાને વીતેલા વર્ષ, યોજનાની સ્થાપિત ક્ષમતા, મશીન પરનો ઘસારો, સ્વમુડી રોકાણ પરનું વળતર, સંચાલન અને નિભાવ ખર્ચ, વીમા ખર્ચ, આયકર, વર્કીંગ

કેપીટલ પરનું વ્યાજ વગેરે પર આધારીત છે.
ચલ ખર્ચ જે તે એકમમાં વપરાતા બળતણ, સ્ટેશન હીટ રેટ, ઓકઝીલીયરી કંઝમ્પશન પર આધારીત છે.

------------

**લુણાવાડા અને ખાનપુર તાલુકાનું જ્યોતિગ્રામ યોજના હેઠળ વીજળીકરણ**

૨૧૨૬ **શ્રી હીરાભાઈ હ.પટેલ(લુણાવાડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ પંચમહાલ જિલ્લાના લુણાવાડા અને ખાનપુર તાલુકામાં જ્યોતિગ્રામ યોજના હેઠળ ગામ અને ફળીયાઓનું ૧૦૦% વીજળીકરણ થયેલ છે કે કેમ, અને

(૨) જો ના, તો કેટલા સમયમાં પૂર્ણ કરવા માગો છો?

**જવાબ**

(૧) તા. ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ પંચમહાલ જિલ્લાના લુણાવાડા અને ખાનપુર તાલુકાઓમાં વીજળીકરણ થયેલ તમામ ગામો અને ફળીયાઓને જ્યોતિગ્રામ યોજનાનો લાભ આપવામાં આવેલ છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**કલ્પસર યોજનાની કામગીરી**

૩૨૭૦ **શ્રી અમીતભાઈ ચાવડા (બોરસદ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (કલ્પસર) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૦૮ ની સ્થિતિએ કલ્પસર યોજના ક્યા તબક્કે છે,

(૨) અત્યાર સુધી કલ્પસર પ્રોજેક્ટમાં કઈ કઈ કામગીરી થયેલ છે,

(૩) તેની પાછળ કેટલો ખર્ચ થયો છે,

(૪) સદર પ્રોજેક્ટ કેટલા સમયમાં પૂર્ણ થશે, અને

(૫) અંદાજીત કેટલો ખર્ચ થશે?

**જવાબ**

(૧) હાલ કલ્પસર યોજનાની પૂર્ણ શક્યતાદર્શી અહેવાલ તૈયાર કરવાની કામગીરી પ્રગતિમાં છે.

(૨) અત્યાર સુધી કલ્પસર પ્રોજેક્ટમાં નીચે મુજબની કામગીરી થયેલ છે.

૧. આવિક્ષણ અહેવાલ તૈયાર કરવામાં આવ્યો.

૨. પૂર્વ શક્યતાદર્શી અહેવાલ પુરો કરવામાં આવ્યો.

૩. છ વિશિષ્ટ અભ્યાસો પુરા કરવામાં આવ્યા.

૪. હાલ કલ્પસર યોજનાની પૂર્ણ શક્યતાદર્શી અહેવાલ તૈયાર કરવાની કામગીરી પ્રગતિમાં છે.

(૩) આ યોજનામાં આજદિન સુધી (જાન્યુઆરી-૦૮ સુધી) કુલ ૨૭૫૯.૩૩ લાખનો ખર્ચ થયેલ છે.

(૪) આ યોજનાનો પૂર્ણ શક્યતાદર્શી અહેવાલ તૈયાર કરીને કેન્દ્ર સરકારની જરૂરી મંજુરીઓ મળી ગયા બાદ ૧૦ વર્ષમાં યોજના પૂર્ણ કરવાનું આયોજન છે.

(૫) પૂર્વ શક્યતાદર્શી અહેવાલ અને છ વિશિષ્ટ અભ્યાસો મુજબ આ યોજનાનો વર્ષ ૧૯૯૯ના ભાવો મુજબ રૂા. ૫૪,૦૦૦ કરોડનો અંદાજીત ખર્ચ ગણેલ છે.

------------

**એફ.એસ.એલ. દ્વારા અન્ય રાજ્યોને ફોરેન્સીક સહાય આપવા અંગે**

૩૧૧૧ **શ્રીમતી ગીતાબેન યો. પટેલ (સાબરમતી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યના ડાયરેકટર ઓફ ફોરેન્સીક સાયન્સ દ્વારા અન્ય રાજ્યોને ફોરેન્સીક સહાયતા પૂરી પાડવામાં આવે છે કે કેમ, અને

**જવાબ**

(૧) હા જી, રાજ્યના ડાયરેક્ટોરેટ ઓફ ફોરેન્સીક સાયન્સ દ્વારા દેશના અન્ય રાજ્યોને તેમજ કેન્દ્ર સરકારની સી.બી.આઇ., એન.સી.બી., મીલીટરી જેવી સંસ્થાઓને જટીલ અને મુશ્કેલ ગુન્હાઓની તપાસમાં મદદ પુરી પાડવામાં આવે છે. સને ૨૦૦૬-૦૭ ના વર્ષમાં કુલ ૨૩૯ કેસોમાં આવી રાજ્ય બહારની સંસ્થાઓને મદદ પુરી પાડવામાં આવેલ. એફ.એસ.એલ. દ્વારા મદદ પુરી પડાયેલ હોય તેવા બહુ ચર્ચીત મહત્વના કેસોમાં તેલગી કેસ, મધુમીતા શુક્લા (અમરમણી ત્રિપાઠી) મર્ડર કેસ, ઉજ્જૈનનો સીરીયલ કીલર કેસ, નિઠારીનો સામુહિક

બળાત્કાર/ખૂન કેસ, પ્રાઇમ મીનીસ્ટર સીક્યોરીટીનો કેસ, પાર્લામેન્ટ પર હુમલાનો કેસ, રાજસ્થાનમાં પકડાયેલ હીઝબુલ મુઝાઇદ્દીન-ત્રાસવાદીઓનો કેસ, જમ્મુ-કાશ્મીરનો અનારા ગુપ્તા સી.ડી. કેસ વગેરેનો સમાવેશ થાય છે.

(૨) જો હા, તો વર્ષ ૨૦૦૬-૦૭માં ક્યા ક્યા રાજ્યોને કેટલા કેસમાં આવી સહાયતા પૂરી પાડવામાં આવેલ છે ?

(૨) રાજ્યની એફ.એસ.એલ. આધુનિક, પારદર્શક તથા તટસ્થ હોવાને કારણે અન્ય રાજ્યો તથા કેન્દ્ર સરકાર વિવિધ સંસ્થાઓ ગુન્હોઓની તપાસમાં તેની મદદ લે છે. એફ.એસ.એલ. દ્વારા વર્ષ ૨૦૦૬-૦૭માં બહારના રાજ્યો કેન્દ્ર સરકારની સંસ્થાઓને જે મદદ પુરી પાડવામાં આવેલ છે. તેની વિગત નીચે મુજબ છે.

| **અ. નં.** | **રાજ્યનું નામ** | **કેસો** |
|---|---|---|
| ૧ | ઉત્તરપ્રદેશ | ૨ |
| ૨ | દિલ્હી | ૩૧ |
| ૩ | ગોવા | ૩ |
| ૪ | રાજસ્થાન | ૮ |
| ૫ | મધ્યપ્રદેશ | ૧૩ |
| ૬ | મહારાષ્ટ્ર | ૨૩ |
| ૭ | હરીયાણા | ૧૪ |
| ૮ | ઝારખંડ | ૧ |
| ૯ | જમ્મુ-કાશ્મીર | ૯ |
| ૧૦ | પમિ બંગાળ | ૨ |
| ૧૧ | છત્તીસગઢ | ૨ |
| ૧૨ | આંધ્રપ્રદેશ | ૨ |
| ૧૩ | પંજાબ | ૨ |
| ૧૪ | ઓરીસા | ૧ |
| | **કેન્દ્રીય સંસ્થાઓ** | |
| ૧૫ | સી.બી.આઇ. | ૨૨ |
| ૧૬ | રેલ્વે | ૩ |
| ૧૭ | દાદરાનગર હવેલી | ૫૭ |
| ૧૮ | દમણ | ૨૯ |
| ૧૯ | દીવ | ૨ |
| ૨૦ | એરફોર્સ | ૪ |
| ૨૧ | ડી.આર.આઇ. | ૯ |
| | **કુલ :** | **૨૩૯** |

------------

**નર્મદા યોજનાની શાખાઓ અને પ્રશાખાઓની કામગીરી**

૩૨૬૧ડૉ. **અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નર્મદા યોજનામાં તા. ૩૧-૧-૨૦૦૮ ની સ્થિતિએ ૧૭ લાખ હેકટર વિસ્તારને પિયત કરવા કેટલા કિલોમીટરની શાખાઓ અને પ્રશાખાઓ બની ગઈ છે, અને કેટલી બાકી છે,

**જવાબ**

(૧) તા. ૩૧-૧-૨૦૦૮ ની સ્થિતિએ પૂર્ણ થયેલ અને બાકી રહેલ શાખાઓ અને પ્રશાખાઓની વિગત નીચે મુજબ છે.

| અ.ન ં. | નહેર | તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ પૂર્ણ થયેલ નહેરની લંબાઇ (કી.મી.માં) | બાકી રહેલ નહેરની લંબાઇ કિ.મી.માં |
|---|---|---|---|
| ૧ | શાખાઓ | ૧૬૨૦ | ૧૧૩૯ |
| ૨ | પ્રશાખાઓ | ૪૭૧૧ | ૧૫૩૧૬ |
| | કુલ : | ૬૩૩૧ | ૧૬૪૫૫ |

(૨) બાકીની શાખાઓ અને પ્રશાખાઓ ક્યાં સુધીમાં બનાવવા માંગો છે, અને

(૨) વહેલાસર બનાવવાનું આયોજન છે.

(૩) એની પાછળ કુલ કેટલો ખર્ચ થવા સંભવ છે.?

(૩) આશરે કુલ રૂા. ૫૨૭૧ કરોડ.

------------

**ખાનગી બંદરો પર કાર્ગો હેન્ડલીંગ**

૩૨૫૪ **શ્રી કાળુભાઈ ચ.રાઠોડ (ઉના) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પીપાવાવ, મુન્દ્રા, દહેજ અને હજીરાના નવા ખાનગી બંદરોમાં તા. ૩૧-૧-૨૦૦૮ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલો કાર્ગો હેન્ડલ થાય છે, અને

**જવાબ**

(૧) તા. ૩૧-૧-૦૮ ની સ્થિતિ

| બંદરનું નામ | ૨૦૦૫-૦૬ | ૨૦૦૬-૦૭ | ૨૦૦૭-૦૮ (જાન્યુ.-૦૮) |
|---|---|---|---|
| પીપાવાવ | ૧૯.૬૩ લાખ ટન ૮૭૯૪૨ નંગ કન્ટેનર | ૨૨.૪૦ લાખ ટન ૧૬૪૧૬૩ નંગ કન્ટેનર | ૧૪.૨૨ લાખ ટન ૧૫૭૦૫૯ નંગ કન્ટેનર |
| મુન્દ્રા | ૮૧.૨૭ લાખ ટન ૩૦૮૧૮૨ નંગ કન્ટેનર | ૧૪૩.૮૫ લાખ ટન ૭૨૫૭૬૩ નંગ કન્ટેનર | ૧૬૨.૦૩ લાખ ટન ૬૦૧૬૯૮ નંગ કન્ટેનર |
| દહેજ (GCPTCL) | ૧૧.૩૩ લાખ ટન | ૧૨.૮૯ લાખ ટન | ૧૬.૦૯ લાખ ટન |
| દહેજ (LNG Petro) | ૪૮.૨૬ લાખ ટન | ૫૭.૬૫ લાખ ટન | ૫૦.૬૦ લાખ ટન |
| હજીરા | ૧.૭૨ લાખ ટન | ૧૧.૨૦ લાખ ટન | ૧૪.૪૫ લાખ ટન |

(૨) તેમાં કોઈ વધારો થયો છે કે કેમ?

(૨) હા જી.

------------

**આર.ટી.ઓ. અધિકારીઓ સામે ગેરરીતિ લાંચની ફરિયાદો**

૨૬૯૪ **શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર(મહુધા) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ ગેરરીતિ-લાંચ સબબ કેટલા આર.ટી.ઓ. અધિકારીઓ સામે ફરિયાદો સરકાર સમક્ષ પડતરમાં છે, અને

(૨) આવી પડતર ફરિયાદોનો સત્વરે ઉકેલ લાવવા સરકારે શી કાર્યવાહી કરી?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ ગેરરિતી-લાંચ સબબ ૭ (સાત) આર.ટી.ઓ. (પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીઓ) સામે ફરિયાદ સરકાર સમક્ષ પડતર છે.

(૨) આવી પડતર ફરિયાદોનો ઉકેલ લાવવા નિયમ અનુસારની કાર્યવાહી હાથ ધરવામાં આવે છે.

------------

## ધોળકા બ્લોકમાંથી ઓઈલ મળવા અંગે

૧૬૮૪ **શ્રી ખુમાનસિંહ ચૌહાણ (સાવલી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લામાં ધોળા ખાતે ધોળકા બ્લોકમાંથી ઓઈલ મળી આવેલ છે તે હકિક્ત સાચી છે, અને | (૧) હા જી. ધોળકા ખાતે ત્રણ તેલના કુવાને ખોદવામાં આવેલ હતા અને ત્રણેય કુવામાંથી ઓઇલ મળેલ છે. |
| (૨) જો હા, તો આ કાર્યવાહી તા.૩૧-૧૨-૦૭ ની સ્થિતિએ ક્યા તબક્કે છે અને દૈનિક કેટલું ઓઈલ મળે છે? | (૨) તા. ૩૧ -૧૨-૦૭ની સ્થિતિએ દૈનિક ૬૦૦ બેરલ ઉત્પાદન ડાયરેક્ટર જનરલ હાઇડ્રોકાર્બનની મંજુરી અનુસાર થઇ રહેલ છે. જે વધારી પ્રતિદિન ૩૦૦૦ બેરલ કરવાની દરખાસ્ત ડાયરેક્ટર જનરલ હાઇડ્રોકાર્બન પાસે વિચારણા હેઠળ છે. |

------------

## રાજ્યના મંદિરોની સુરક્ષા માટે લેવાયેલા પગલાં

૩૦૩૯ **શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (અસારવા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યના ડાકોર, દ્વારકા, પાલીતાણા, સોમનાથ, અક્ષરપુરૂષોત્તમ મંદિર, અંબાજી મંદિરોની સુરક્ષા માટે સરકારે તા. ૩૧-૧-૦૮ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કોઈ પગલાં લીધા છે કે કેમ, | (૧) હા જી. |
| (૨) જો હા, તો તેવા પ્રકારના પગલા લીધા છે, | (૨) આ મંદિરોની સુરક્ષા એસ.આર.પી., ગ્રામરક્ષક દળ, બોર્ડરવીંગના જવાનો, હોમગાર્ડઝ, મહિલા પોલીસ, ખાનગી સીક્ટુરીટી ગાર્ડઝ વગેરે દ્વારા જાળવવામાં આવે છે.<br>સુરક્ષા માટે ક્વીક રીએકશન ટીમ, ધાબા પોઇન્ટ તેમજ વિવિધ સલામતી સ્કીમોનું આયોજન કરવામાં આવેલ છે.<br>મંદિરોની સુરક્ષા માટે આધુનિક સાધનોનો પણ પૂરતો ઉપયોગ કરવામાં આવે છે. |
| (૩) આકસ્મીક ચકાસણી માટે કોઈ યોજના છે કે કેમ, અને | (૩) હા જી. |
| (૪) જો હા, તો તેની કેટલી વખત ચકાસણી કરવામાં આવી? | (૪) ડાકોર મંદિરની ૬૬, દ્વારકા મંદિરની ૨૧૦, પાલીતાણા મંદિરની ૩, સોમનાથ મંદિરની ૭૩૦, અક્ષરપુરૂષોત્તમ મંદિરની ૩૪ અને અંબાજી મંદિરની ૫૫ વખત ચકાસણી કરવામાં આવી છે. |

------------

## કરાઈ ખાતેની તાલીમ સંસ્થામાં અપાતી તાલીમ અંગે

૩૧૦૮ **શ્રી શંભુજી ઠાકોર(ગાંધીનગર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગાંધીનગર જિલ્લાના કરાઈ ખાતે અધ્યતન પોલીસ તાલીમ સંસ્થા સ્થાપવામાં આવી છે તે હકીકત સાચી છે, અને | (૧) હા જી. |
| (૨) જો હા, તો આ તાલીમ સંસ્થામાં કઈ કક્ષાના અધિકારી/કર્મચારીને ક્યા ક્યા પ્રકારની તાલીમ આપવામાં આવે છે ? | (૨) પોલીસ અધિકારી/કર્મચારીઓને પ્રોબેશન સમય દરમ્યાનની તાલીમ, બેઝીક તાલીમ, રીફ્રેશર તાલીમ, કોમ્પ્યુટર તાલીમ, બેન્ડ તાલીમ, ફોટોગ્રાફી તાલીમ, બોમ્બ ડીસ્પોઝલ તાલીમ, અનાર્મ કોમ્બેટ તાલીમ, કમાન્ડો તાલીમ તથા યોગાસન તાલીમ. |

------------

**રાજ્યની પોલીસ ખાતાની તાલીમ સંસ્થાઓ**

૩૧૦૭ **શ્રી બાબુભાઈ જે.દેસાઈ#>(કાંકરેજ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં પોલીસ ખાતાના અધિકારી, કર્મચારીઓ માટે કઈ તાલીમ સંસ્થાઓ આવેલી છે, અને

(૨) આ સંસ્થાઓમાં કઈ કક્ષાના કર્મચારી/અધિકારીને ક્યા પ્રકારની તાલીમ આપવામાં આવે છે?

**જવાબ**

(૧) ૧. ગુજરાત પોલીસ એકેડમી, કરાઇ.
૨. પોલીસ તાલીમ શાળા, વડોદરા.
૩. પોલીસ તાલીમ મહાવિદ્યાલય, જુનાગઢ.
૪. રાજ્ય અનામત પોલીસ તાલીમ કેન્દ્ર, ચોકી (સોરઠ)

(૨) ૧. પ્રોબેશ્નર મદદનીશ પોલીસ અધિક્ષક, પ્રોબેશ્નર નાયબ પોલીસ અધિક્ષક, પ્રોબેશ્નર પી.એસ.આઇ. ને પાયાની તાલીમ, તેમજ
૨. મદદનીશ પોલીસ અધિક્ષક, નાયબ પોલીસ અધિક્ષક, પોલીસ સબ ઇન્સપેક્ટર અને કોન્સ્ટેબ્યુલરી પોલીસ કર્મચારીઓને રીફ્રેશર/ઇન્ડકશન તાલીમ, તેમજ
૩. રાજ્ય અનામત પોલીસ દળના કોન્સ્ટેબલને પાયાની તાલીમ/રીફ્રેશર તાલીમ.

------------

**નવી એસ.ટી. બસોની ખરીદી**

૩૧૩૦ **શ્રી કાંતિલાલ ૨ા. લકુમ(બાવળા) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) એસ.ટી. નિગમની સેવાઓમાં વધુ સુધારો લાવવા માટે રાજ્ય સરકારે છેલ્લા ત્રણ વર્ષમાં નવી બસોની ખરીદી કરેલ છે, અને

(૨) જો હા, તો ક્યારે અને કેટલી બસો ખરીદ કરેલ છે?

**જવાબ**

(૧) હા જી.

(૨) વર્ષ ૨૦૦૫-૨૦૦૬ માં ૧૨૦૦, ૨૦૦૬-૨૦૦૭ માં ૧૦૦૦ અને ૨૦૦૭-૨૦૦૮ માં ફેબ્રુઆરી-૨૦૦૮ સુધીમાં ૧૩૬૩ બસોની ખરીદી કરેલ છે.

------------

**પાટણ જિલ્લામાં કુટીર ઉદ્યોગ માટેની અરજીઓ**

૨૯૧૭ **શ્રી જોધાજી ગ. ઠાકોર (વાગડોદ) : માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ પાટણ જિલ્લામાં તાલુકાવાર કુટિર ઉદ્યોગ માટે કેટલી અરજીઓ આવી, અને

(૨) આવેલ અરજીઓ પેકી કેટલી મંજૂર કરી, કેટલી લોન સહાય ચૂકવવામાં આવી ?

**જવાબ**

(૧) આવેલ અરજીઓ

| અ.નં. | તાલુકાનું નામ | સંખ્યા |
|---|---|---|
| ૧ | હારીજ | ૨૫૨ |
| ૨ | સમી | ૫૫૨ |
| ૩ | ચાણસ્મા | ૬૬૬ |
| ૪ | રાધનપુર | ૩૩૩ |
| ૫ | સિધ્ધપુર | ૬૩૨ |
| ૬ | સાંતલપુર | ૧૪૬ |
| ૭ | પાટણ | ૧૯૧૪ |
| | કુલ : | ૪૪૯૫ |

(૨) બેંકે મંજૂર કરેલ અરજીઓ તથા ચૂકવેલ લોન તથા સહાય

| અ.નં. | તાલુકાનું નામ | બેંક ધ્વારા મંજૂર કરેલ અરજી | બેંક ધ્વારા ચૂકવેલ લોન (રકમ રૂ. લાખમાં) | ચૂકવેલ સહાય (રકમ રૂ. લાખમાં) |
|---|---|---|---|---|
| ૧ | હારીજ | ૭૬ | ૩૫.૭૩ | ૬.૬૬ |
| ૨ | સમી | ૧૨૮ | ૭૧.૬૪ | ૯.૭૭ |
| ૩ | ચાણસ્મા | ૧૭૮ | ૮૩.૫૪ | ૧૭.૫૪ |
| ૪ | રાધનપુર | ૭૫ | ૩૬.૫૪ | ૪.૭૮ |
| ૫ | સિધ્ધપુર | ૧૩૦ | ૬૧.૩૭ | ૧૦.૬૨ |
| ૬ | સાંતલપુર | ૪૬ | ૧૭.૪૮ | ૨.૭૦ |
| ૭ | પાટણ | ૮૪૩ | ૩૭૩.૬૬ | ૩૩.૮૮ |
| | કુલ : | ૧૪૭૬ | ૬૭૯.૯૬ | ૮૫.૯૫ |

**વલસાડ જિલ્લાની પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરીની ચેકપોસ્ટો દ્વારા થયેલ કેસ**

૩૨૨૭ **શ્રી જીતુભાઈ હ. ચૌધરી(મોટાપોંઢા) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ વલસાડ જિલ્લાના તાબા હેઠળ પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીના તાબામાં આવતા ચેકપોસ્ટ ડેહલી-(ભીલાડ) ચણોદ (વાપી) કપરાડા તાલુકાની હદમાં છેલ્લા એક વર્ષમાં કેટલા કેસો કરવામાં આવ્યા,

(૨) તે અન્વયે દંડ વસુલી પેટે કેટલી આવક થઇ, અને

(૩) આ ચેકપોસ્ટ ઉપર વચેટીયા અને રોજમદાર કર્મચારીઓ ફરજ બજાવે છે તે હકીક્ત સાચી છે ?

**જવાબ**

(૧)

| ચેક પોસ્ટનું નામ | નોંધાયેલ કેસો |
|---|---|
| ડહેલી (ભીલાડ) | ૨૩૬૮૩૦ |
| ચણોદ (વાપી) | ૩૦૭૦ |
| કપરાડા | ૧૭૬૩૫ |
| કુલ : | ૨૫૭૫૩૫ |

(૨)

| ચેક પોસ્ટનું નામ | રૂા. કરોડમાં |
|---|---|
| ડહેલી (ભીલાડ) | ૪૮.૨૮ |
| ચણોદ (વાપી) | ૨.૧૬ |
| કપરાડા | ૨.૯૯ |
| કુલ : | ૫૩.૪૩ |

(૩) ના, જી.

**મેરીટાઇમ બોર્ડ હસ્તકના વેરાવળ, માંગરોળ અને પોરબંદરનું આધુનિકરણ**

૩૦૪૫ **શ્રી ભગવાનભાઈ લા.કરગટીયા(માંગરોળ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

ગુજરાત મેરીટાઇમ બોર્ડ હસ્તકના વેરાવળ, માંગરોળ અને પોરબંદર બંદરના આધુનિકરણ કરવા માટે શું આયોજન છે ?

**જવાબ**

(૧) વેરાવળ બંદર ખાતે પ્રવર્તમાન ફીશીંગ બોટોની સંખ્યાના વધારાને ધ્યાને લઈને બંદરે ઉતારવામાં આવતો મત્સ્ય જથ્થો આરોગ્યપ્રદ સ્થિતિમાં જળવાઈ રહે તે માટે રૂા. ૨૬૮-૦૦ લાખના ખર્ચે હયાત માળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ કરવાનું આયોજન છે.

(૨) માંગરોળ બંદરે પ્રવર્તમાન ફીશીંગ બોટોની સંખ્યાના વધારાને ધ્યાને લઈને બંદરે ઉતારવામાં આવતો મત્સ્ય જથ્થો યુરોપીયન નોમ્સ મુજબ આરોગ્યપ્રદ સ્થિતિમાં જાળવી શકાય તે માટે હયાત અસ્ક્યામતો જેવી કે, ઓકશન હોલ તેમજ બોટના ડેકને ધોવા માટે જરૂરી પાણી પુરુ પાડવા તેમજ પાણીના નિકાલ માટેની ડ્રેનેજ વગેરે કામો માટે રૂ. ૫૨૫ લાખના ખર્ચનો અંદાજ છે. જે પૈકી પ્રથમ તબક્કે રૂ. ૨૫૬-૦૦ લાખના ખર્ચે જરૂરી

સુવિધાઓ ઉપલબ્ધ કરવાનું આયોજન છે.

(૩) પોરબંદર બંદરે પ્રવર્તમાન ફીશીંગ બોટોની સંખ્યાના વધારાને ધ્યાને લઈને બંદરે ઉતારવામાં આવતો મત્સ્ય જથ્થો યુરોપીયન નોમ્સ મુજબ આરોગ્યપ્રદ સ્થિતિમાં જાળવી શકાય તે માટે રૂ. ૧૦૯-૦૦ લાખના ખર્ચે હયાત ઓક્શન હોલ તેમજ અન્ય માળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ કરવાનું આયોજન છે.

------------

**પત્રકારોના એક્રીડેશન કાર્ડ રીન્યુ કરવા અંગે**

૩૨૨૩ **શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા (પોરબંદર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (માહિતી અને પ્રસારણ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા પત્રકારોને એક્રેડીશન કાર્ડ રીન્યુ નવા ઇસ્યુ કરવામાં આવ્યા,

(૨) નવા એક્રેડીશન કાર્ડ ઇસ્યુ કરવાની કેટલી અરજીઓ તે અન્વયે સરકારને મળી, અને

(૩) મળેલ અરજીઓ પેકી કેટલા પત્રકારોને નવા એક્રેડીશન કાર્ડ આપવામાં આવ્યા ?

**જવાબ**

(૧)

| વર્ષ | રીન્યુ કરાયા | નવા ઈસ્યુ કરાયા |
|---|---|---|
| ૨૦૦૬ | ૬૩૦ | શૂન્ય |
| ૨૦૦૭ | ૬૪૮ | ૧૩૨ |

(૨) અને (૩)

એક્રેડીટેશન કાર્ડ અંગેની કાર્યવાહી અર્થે માહિતી કમિશ્નરશ્રીના અધ્યક્ષપદ હેઠળ દૈનિક વર્તમાનપત્રોના તંત્રીશ્રીઓ, પત્રકારો, ઈલેકટ્રોનીક મીડીયા તેમજ પ્રેસ ફોટોગ્રાફર્સના પ્રતિનિધિઓની રાજ્ય સરકારે રચેલી એક્રેડીટેશન સલાહકાર સમિતિની બેઠક સમયાંતરે મળે છે. નવા એક્રેડીટેશન કાર્ડ માટે કુલ ૨૦૨ અરજીઓ મળી. જે પેકી ૧૩૨ પત્રકારોને કાર્ડ આપવામાં આવ્યા છે.

------------

**રાજ્યની પોલીસદળની તાલીમ સંસ્થાઓ**

૩૧૦૬ **શ્રી અનિલકુમારઅ.માળી(દીઓદર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકાર દ્વારા પોલીસદળ માટે કઇ કઇ તાલીમ સંસ્થાઓ ચલાવવામાં આવે છે, અને

(૨) આ તાલીમી સંસ્થાઓને અદ્યતન બનાવવા માટે ૨૦૦૭-૦૮ના વર્ષમાં કેટલી રકમ ફાળવવામાં આવી છે ?

**જવાબ**

(૧) રાજ્યમાં,

૧. ગુજરાત પોલીસ એકેડમી, કરાઈ
૨. પોલીસ તાલીમ શાળા, વડોદરા
૩. પોલીસ તાલીમ મહાવિદ્યાલય, જૂનાગઢ
૪. રાજ્ય અનામત પોલીસ તાલીમ કેન્દ્ર, ચોકી (સોરઠ)

એમ કુલ ચાર પોલીસ તાલીમ સંસ્થાઓ ચલાવવામાં આવે છે.

(૨) રૂા. ૬,૪૨,૧૪,૦૦૦-૦૦

------------

**રાજ્યના મંદિરોની સુરક્ષા માટે લેવાયેલા પગલાં**

૩૦૩૮**શ્રી નાનુભાઈ ભ.વાનાણી(સુરત શહેર (ઉત્તર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યના ડાકોર, દ્વારકા, અંબાજી, પાવાગઢ, અક્ષરપુરૂષોત્તમ મંદિર, સોમનાથ મંદિરોની સુરક્ષા માટે સરકારે તા. ૩૧-૧-૦૮ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારે કોઈ પગલાં લીધા છે કે કેમ,

(૨) જો હા, તો ક્યા પ્રકારના પગલાં લીધા છે,

**જવાબ**

(૧) હા, જી.

(૨) આ મંદિરોની સુરક્ષા એસ.આર.પી.,

ગ્રામરક્ષકદળ, બોર્ડરવીંગના જવાનો, હોમગાર્ડઝ, મહિલા પોલીસ, ખાનગી સીક્યુરીટી ગાર્ડઝ વગેરે ધ્વારા જાળવવામાં આવે છે.

સુરક્ષા માટે ક્વીક રીએક્શન ટીમ, ધાબા પોઈન્ટ તેમજ વિવિધ સલામતી સ્કીમોનું આયોજન કરવામાં આવેલ છે.

મંદિરોની સુરક્ષા માટે આધુનિક સાધનોનો પણ પૂરતો ઉપયોગ કરવામાં આવે છે.

(૩) આકસ્મીક ચકાસણી માટે કોઇ યોજના છે કે કેમ, અને

(૩) હા, જી.

(૪) જો હા, તો તેની કેટલી વખત ચકાસણી કરવામાં આવી ?

(૪) પાવાગઢ મંદિર સિવાય ડાકોર મંદિરની ૬૬, દ્વારકા મંદિરની ૨૧૦, અંબાજી મંદિરની ૫૫, અક્ષરપુરૂષોત્તમ મંદિરની ૩૪ અને સોમનાથ મંદિરની ૭૩૦ વખત ચકાસણી કરવામાં આવી છે.

------------

**આઇ.ટી.ક્ષેત્રના વિકાસ માટેની નિતિ**

૩૦૧૪ **શ્રીમતી વંદનાબેન મ.મકવાણા (કેશોદ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) આઇ.ટી. ક્ષેત્રના વિકાસ માટે રાજ્ય સરકારે કોઇ નીતિ જાહેર કરેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેની અગત્યની વિગતો શી છે ? | (૨) આઈ.ટી.ક્ષેત્રના વિકાસ માટે તા. ૧-૧૧-૨૦૦૬ ના ઠરાવથી આઈ.ટી.પોલીસી ૨૦૦૬-૨૦૧૧ બહાર પાડેલ છે. જેમાં નીચે મુજબની અગત્યની જોગવાઈઓ છે. |

- શહેરી વિસ્તારોમાં આઈ.ટી ઈન્ફ્રાસ્ટ્રચર વિકસાવવું.
- મેગા આઈ.ટી પ્રોજેક્ટસ માટે કેસ ટુ કેસ બેઈઝ ચકાસી યોગ્ય જણાયે પ્રોત્સાહિત કરવા.
- આઈ.ટી./ આઈ.ટી.ઈ.એસ. સેકટર માટે તેયાર બાંધકામની સગવડ વિકસાવવા આઈ.ટી. પાર્ક/એસ.ઈ.ઝેડ પ્રોત્સાહિત કરવા.
- મજૂર કાયદામાં સ્વયં પ્રમાણિત સગવડ દાખલ કરવી.
- ગુજરાત વેન્ચર ફાયનાન્સ લિ.ને નામે રાજ્ય સરકારે આઈ.ટી. વેન્ચર ફંડની અમદાવાદ ખાતે સ્થાપના કરી છે.
- નાસકોમ અને ઉદ્યોગોના સભ્યોને સભ્ય બનાવી મુખ્ય સચિવશ્રીના વડપણ નીચે આઈ.ટી સલાહકાર સમિતિની રચના કરેલ છે.
- રૂ. ૨૫ મીલીયનની મર્યાદામાં જમીન મકાન અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે આઈ.ટી પાર્ક નીચે રોકાણના ૫૦ ટકા ના દરે નાણાકીય સહાય ચુકવવામાં આવે છે.
- આઈ.ટી પાર્કના ડેવલપરને સ્ટેમ્પડયુટીમાં છૂટછાટ આપવામાં આવે છે.
- આઈ.ટી.ની જાણકારી ધરાવતુ માનવબળ વધારવું.

**કર્મચારી, અધિકારીઓને અપાતી કર્મયોગી તાલીમ**

૨૭૯૬ **શ્રી જગદીશ ઠાકોર(દહેગામ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (વહીવટી સુધારણા અને તાલીમ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વહીવટી સુધારણા માટે સરકારી કર્મચારીઓને અને અધિકારીઓને કર્મયોગી તાલીમ આપવામાં આવી છે તે હકીક્ત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) આ તાલીમ ક્યારથી શરૂ કરવામાં આવી, | (૨) વર્ષ ૨૦૦૩-૨૦૦૪ થી |
| (૩) તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ કેટલા કર્મચારીઓએ તાલીમ લીધી, અને | (૩) ૪.૮૬ લાખ સરકારી અધિકારીઓ/કર્મચારીઓ / શિક્ષકો |
| (૪) આ પેટે કેટલો ખર્ચ થયો ? | (૪) રૂા. ૨૩૫૫ લાખ |

------------

**ઓ.એન.જી.સી.ની સુરક્ષા માટે એસ.આર.પી.ની માગણી**

૩૦૦૩ **શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ(માંડલ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ઓ.એન.જી.સી. દ્વારા રાજ્ય સરકાર પાસે તેઓના યુનિટો અને ઇન્સ્ટોલેશનની સુરક્ષા માટે એસ.આર.પી. બટાલીયનની માંગણી કરવામાં આવી હોવાની હકીક્ત ખરી છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેની વિગતો શી છે ? | (૨) ઓ.એન.જી.સી.ને તેઓના યુનીટો અને ઈન્સ્ટોલેશનની સુરક્ષા માટે એસ.આર.પી. બટાલીયન પુરી કરવા માટે ઓ.એન.જી.સી. અને રાજ્ય સરકાર વચ્ચે તા. ૧૮-૧૨-૦૬ ના રોજ સમજુતી કરાર થયેલ છે. જે મુજબ ઓ.એન.જી.સી. માટે નવું જુથ ઉભુ કરવા મંજૂરી આપવામાં આવતા ઓ.એન.જી.સી. માટે મહેસાણા ખાતે તા. ૨૧-૫-૦૭ થી નવુ જુથ કાર્યરત કરવામાં આવેલ છે.<br>ઓ.એન.જી.સી. બટાલીયનના કર્મચારી/ અધિકારીઓના પગાર-ભથ્થા તથા અન્ય વહીવટી ખર્ચની રકમ ઓ.એન.જી.સી. દ્વારા રાજ્ય સરકારને ચુકવવામાં આવનાર છે. માળખાકીય સુવિધા પણ ઓ.એન.જી.સી. પુરી પાડનાર છે. |

------------

**મીઠાની નિકાસ માટે બંદરીય સવલતો**

૨૬૯૨ **શ્રી મોહનભાઈ ક. કુંડારીયા (ટંકારા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| રાજકોટ જિલ્લાના માળિયા મિયાણા તાલુકામાં મીઠાના નિકાસ માટે સરકાર દ્વારા કોઇ બંદરીય સવલતો પૂરી પાડવાનું આયોજન કરવામાં આવેલ છે કે કેમ ? | હા, જી. |

------------

**રાજ્યની જીસ્વાનની સ્પીડ ઘટવા અંગે**

૨૮૫૪ **શ્રી પુનાભાઈ ઘે. ગામીત(વ્યારા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી)** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકારની નેટવર્કીંગ સેવા જીસ્વાનની સ્પીડ છેલ્લા થોડા સમય દરમ્યાન ખૂબ ઓછી થઈ ગયેલ છે તે હકીક્ત સાચી છે, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો આ સ્પીડ વધારવા બેન્ડવીથ વધારવા કોઈ પગલાં લેવામાં આવેલ છે કે કેમ ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

## બંદરોના સંચાલન સ્ટાફની ઉપલબ્ધતા માટે શિક્ષણ વ્યવસ્થા

૩૨૫૨ **શ્રી શિરીષકુમાર મ. શુકલ(ખંભાત) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં હાલમાં બંદરોના સંચાલન અને વિકાસ માટે શૈક્ષણિક લાયકાત ધરાવતા તાંત્રિક અને વહીવટી સ્ટાફની ઉપલબ્ધતા માટે શિક્ષણની કોઈ સુવિધા ઉપલબ્ધ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ક્યાં અને ક્યા અભ્યાસક્રમો ચાલે છે, અને | (૨) અમદાવાદ ખાતે ગુજરાત યુનિવર્સિટીમાં ""પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઈન પોર્ટ મેનેજમેન્ટ""નો કોર્ષ ચાલુ કરવામાં આવેલ છે. |
| (૩) આ અંગે સરકારનું શું આયોજન છે ? | (૩) બંદરોના સંચાલન અને વિકાસ માટે શૈક્ષણિક લાયકાતની ઉપલબ્ધી માટે રાજ્યમાં બી.ઈ. (મરીન), બી.એસ.સી. (નોટીકલ સાયન્સ)ને લગતા શિક્ષણની સુવિધા માટે ગુજરાતમાં મેરીટાઈમ ઈન્સ્ટીટયુટની સ્થાપના કરવા માટેનું આયોજન છે. |

------------

## નવી એસ. ટી. બસોની ખરીદી

૩૧૨૮ **શ્રી ગોવિંદભાઈ ઉ.પટેલ(રાજકોટ-૧) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) એસ. ટી. નિગમની સેવાઓમાં વધુ સુધારો લાવવા માટે રાજ્ય સરકારે તા. ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં નવી બસોની ખરીદી કરેલ છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ક્યારે અને કેટલી બસોની ખરીદી કરેલ છે ? | (૨) ૨૦૦૫-૨૦૦૬માં ૧૨૦૦, ૨૦૦૬-૨૦૦૭માં ૧૦૦૦ અને ૨૦૦૭-૨૦૦૮માં ૧૩૦૩ બસોની ખરીદી કરેલ છે. |

------------

## રાજ્યની જેલોમાં રાખવામાં આવેલ કેદીઓ

૧૮૮૧ **શ્રી બાવકુભાઈ ઉંધાડ (બાબરા) : માનનીય જેલ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૧-૧-૨૦૦૬ થી તા. ૮-૨-૨૦૦૮ સુધીમાં રાજ્યોની જેલોમાં કેટલા કેદીઓ રાખવામાં આવેલ છે, | (૧) રાજ્યની જુદી જુદી જેલોમાં મળી તા. ૧-૧-૦૬ થી તા. ૮-૨-૦૮ સુધીમાં સરેરાશ ૧૧,૮૪૦ કેદીઓ રહેવા પામેલ છે. |
| (૨) આ જેલોમાં રાખવામાં આવેલ કેદીઓની જગ્યા કેટલા સ્કવેર ફુટ છે, અને | (૨) આ જેલોમાં રાખવામાં આવેલ કેદીઓ માટે હાલ ૨,૬૦,૭૬૦ સ્કવેર ફુટ જગ્યા ઉપલબ્ધ છે. |
| (૩) આ કેદીઓને રાખવા માટેના ધારા-ધોરણો પ્રમાણે બેરેકમાં પૂરતી જગ્યા આપવામાં આવે છે કે નહીં ? | (૩) સામાન્ય રીતે નવસારી, છોટાઉદેપુર, રાજપીપળા, મોડાસા તથા ખુલ્લી જેલ અમરેલી અને અમદાવાદ ખાતે ઓવરક્રાઉડીંગની સમસ્યા ન હોય નિયમ મુજબની જગ્યા છે. પરંતુ કેટલીક જેલોમાં વધુ કેદીઓ રાખવાની સ્થિતિમાં નિયમ મુજબ જગ્યાની ફાળવણી થઈ શકતી નથી. આ ઓવરક્રાઉડીંગની સમસ્યા દુર કરવા સારૂ નીચે મુજબ આયોજન કરેલ છે.<br>૧. સુરત નજીક લાજપોર મુકામે ૨૫૦૦ કેદી સમાવેશ ક્ષમતાવાળી જેલનું બાંધકામ ચાલુ છે.<br>૨. અમદાવાદ મધ્યસ્થ જેલ ખાતે ૧૦૦૦ કેદીઓ સમાવી શકાય તેવી જેલનું બાંધકામ ચાલુ છે.<br>૩. રાજકોટ જિલ્લા જેલ ખાતે ૧૦૦૦ કેદીઓ |

સમાવી શકાય તેવી જેલનું બાંધકામ ચાલુ છે.

૪. વડોદરા મધ્યસ્થ જેલ ખાતે ૧૦૦ સ્ત્રી કેદીઓ સમાવી શકાય તેવો એક સ્ત્રી યાર્ડ બાંધવામાં આવેલ છે.

૫. મહેસાણા સબ જેલનું જિલ્લા જેલમાં રૂપાંતર કરતાં ૧૪૦ કેદીઓનો સમાવેશ કરી શકાય તેટલી કેદી સમાવેશ ક્ષમતામાં વધારો થનાર છે.

૬. પાલારા (કચ્છ) જિલ્લા જેલ ખુલતાં ૫૦૦ વધુ કેદીઓનો સમાવેશ થઈ શકશે.

૭. પાટણ અને દાહોદ ખાતે અનુક્રમે ૧૫૦-૧૫૦ કેદીઓની સમાવેશ ક્ષમતાવાળી બે હેડ ક્વાર્ટર સબ જેલ બનાવવા માટેના પ્લાન નકશાઓ તેયાર કરવામાં આવેલ છે. અને કચ્છ જિલ્લાના ગળપાદર મુકામે ૧૫૦ કેદીઓની હેડ ક્વાર્ટર સબ જેલ બનાવવાનું આયોજન છે.

૮. ભાવનગર જિલ્લા જેલ ખાતે બે નવી બેરેકો તથા સ્ત્રી યાર્ડનું બાંધકામનું આયોજન છે.

હયાત જેલોમાં વિસ્તરણ તથા નવી જેલો બનાવવામાં આવી રહેલ હોય, તે સિવાય બીજી વધારાની જેલો ખોલવાની જરૂરીયાત હાલમાં જણાતી નથી.

------------

## ઈન્ડસ્ટ્રીયલ કોરીડોર અંતર્ગત રાજ્યની કામગીરી

૩૧૦૪ **ભાવનાબેન મકવાણા (તળાજા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

નવી દિલ્હી-મુંબઈ ઈન્ડસ્ટ્રીયલ કોરીડોર અને ડેડીકેટેડ કોરીડોર અંતર્ગત રાજ્ય સરકારે શી કાર્યવાહી હાથ ધરેલ છે ?

**જવાબ**

* ડેડીકેટેડ ફ્રેઈટ કોરીડોરનો ૩૮ ટકા ભાગ ગુજરાતમાંથી પસાર થનાર છે. જેની બંને બાજુએ આશરે ૧૫૦ કિ.મી.ના અંતર સુધીમાં દિલ્હી-મુંબઈ ઈન્ડસ્ટ્રીયલ કોરીડોર અંતર્ગત વિકાસનું આયોજન કરવામાં આવેલ છે. આ પ્રોજેકટોનો મહત્તમ લાભ રાજ્ય સરકારને મળે તે માટે રાજ્ય સરકારે ૬ ઓદ્યોગિક રીજીયન એરીયા તારવેલ છે. પ્રોજેકટના પ્રથમ તબક્કામાં એટલે કે ૨૦૦૮-૧૨ દરમ્યાન (૧) અમદાવાદ-ધોલેરા ઈન્વેસ્ટમેન્ટ રીજીયન અને (૨) વડોદરા-અંકલેશ્વર ઈન્ડસ્ટ્રીયલ એરીયાના વિકાસની કામગીરી કેન્દ્ર સરકારના પ્લાન અંતર્ગત થશે જ્યારે તે ઉપરાંત ભરૂચ-દહેજ ઈન્વેસ્ટમેન્ટ રીજીયન અને પાલનપુર-મહેસાણા ઈન્ડસ્ટ્રીયલ એરીયાના વિકાસની કામગીરી રાજ્ય સરકાર પ્રથમ ફેઝમાં કરશે.
* ભરૂચ-દહેજ વિસ્તારમાં ૪૫૩ ચોરસ કિલોમીટર વિશાળ વિસ્તારમાં પેટ્રોલિયમ, કેમીકલ્સ અને પેટ્રોકેમિકલ્સ ઈન્વેસ્ટમેન્ટ રીજીયન સ્થાપવામાં આવશે આ માટે ગુજરાત ઓદ્યોગિક વિકાસ નિગમ કાર્યવાહી કરશે. આ અંગેની દરખાસ્ત તારીખ ૬-૯-૨૦૦૭ના પત્રથી કેન્દ્ર સરકારને રજૂ કરવામાં આવેલ છે.
* દિલ્હી-મુંબઈ ઈન્ડસ્ટ્રીયલ કોરીડોર અન્વયે ફેઝ-૧માં

હાથ ધરવાની આંતરમાળખાકીય ફેઝ-૧માં હાથ ધરવાની આંતરમાળખાકીય સુવિધાઓ જેવી કે રેલવે લાઈન, રોડ ટ્રાન્સપોર્ટનગર વિગેરે માટેનો માસ્ટર પ્લાન તેયાર કરી તારીખ ૧૭-૧૨-૨૦૦૭થી ભારત સરકારને મોકલવામાં આવેલ છે.

* અમદાવાદ-ધોલેરા ખાતે ઈન્વેસ્ટમેન્ટ રીજીયનનો વિકાસ કરવા અંગેનો ફીઝીબીલીટી અભ્યાસ કન્સલટન્ટને સોંપાયેલ છે.

------------

**રાજ્યનાં ગુમ થયેલ બાળકો**

૨૭૦૨ **શ્રી પોપટભાઈ સ. જીંજરિયા(ચોટીલા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કુલ કેટલા બાળકો ગુમ થયાના કિસ્સા નોંધાયા, | (૧) રાજ્યમાં તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કુલ ૨૨૬૧ બાળકો ગુમ થયાના કિસ્સા નોંધાયા છે. જેમાં કુલ ૨૨૯૦ બાળકો ગુમ થયેલ છે. |
| (૨) જે પૈકીના કેટલા બાળકો પરત મળી આવ્યા, | (૨) જે પૈકીના ૧૯૨૯ બાળકો પરત મળી આવ્યા. |
| (૩) જે બાળકો હજુ સુધી શોધાયા નથી, તેવા બાળકો શોધી કાઢવા સરકારે શી કાર્યવાહી કરી, અને | (૩) કુલ ૩૬૧ બાળકો પરત મળી આવેલ નથી. તેવા બાળકો શોધવા માટે નાની વયના બાળકોના કિસ્સામાં તેના માતા-પિતાની મંજુરી લઈ દુરદર્શન કેન્દ્રમાં, ચેનલો તેમજ પ્રેસનોટ માટે પી.આર.ઓ.માં તેમજ ક્રિમીનલ ઈન્ટે. ગેઝેટ માટે મોકલવામાં આવે છે.<br>(૧) આવા બાળકો શોધી કાઢવા માટે જે તે શહેર/જિલ્લાના પો. સ્ટે. તથા સ્થાનીક ગુના નિવારણ શાખાઓ ધ્વારા અલગ મીસીંગ સ્કવોડની રચના કરવામાં આવેલ છે. જે બન્ને સ્કવોડ ધ્વારા આવા બાળકોને શોધી કાઢવા ઘનિષ્ઠ તમામ પ્રયત્નો હાલમાં ચાલુ છે.<br>(૨) આવા બાળકોને શોધી કાઢવા માટે તેના વાલી વારસ, સગા સંબંધી, પડોશી, મિત્રો તથા સ્કુલના શિક્ષકોની પુછપરછ કરવામાં આવે છે.<br>(૩) એન.જી.ઓ. સંસ્થા સાથે સંકલનમાં રહી પ્રયત્નો કરવામાં આવે છે.<br>(૪) બાળકોના માતા-પિતાને કોઈ શંકા વ્હેમ હોય તો તે બાબતે પણ ઘનિષ્ઠ તપાસ કરાવવામાં આવે છે.<br>(૫)આજુબાજુના વિસ્તારમાં કોઈ બિનવારસી લાશ મળી આવે તો તે અંગે પણ તપાસ કરાવવામાં આવે છે. |
| (૪) આ બાળકો ન મળવાના કારણો શું ? | (૪) અમુક બાળકો અસ્થિર મગજના તેમજ મંદબુધ્ધિના હોય જેના કારણે તેમજ બાળકોના અભ્યાસ બાબતે, ઘરકામ બાબતે, સાવકી માતા-પિતાના ઠપકાના તથા અન્ય કારણે જતા રહેલ હોય તેઓ તેમની ઓળખ કોઈને પ્રગટ ન કરી શકવાના કારણે મળી આવતા નથી.<br>ઘણા કિસ્સામાં બાળકો તેની મા લઈ જતી હોય છે. અને જે બાઈ બીજા (પુનઃ) લગ્ન કરી લેતી હોય છે. તેવા કારણોસર બાળકો જલ્દી મળી આવતા નથી. પરંતુ તે અંગે કોઈ હકિકત મળ્યેથી શોધી કાઢી યોગ્ય કાર્યવાહી કરવામાં આવે છે. |

# તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬)

### બટાટાના પોષણક્ષમ ભાવ અંગે

**શ્રી જગદીશ ઠાકોર (દહેગામ)** : માનનીય અધ્યક્ષશ્રી, હું નિયમ-૧૧૬ અન્વયે નીચે જણાવેલી તાકિદની જાહેર અગત્યની બાબત પર માનનીય કૃષિ મંત્રીશ્રીનું ધ્યાન દોરું છું અને તે અંગે તેમને નિવેદન કરવાની વિનંતી કરું છું.

" તાજેતરમાં બજારમાં બટાટાના ભાવ એકદમ તળીયે જતા ગાંધીનગર, સાબરકાંઠા અને ખેડા જિલ્લામાં બટાટાનું વાવેતર કરતા ખેડૂતોને આર્થિક રીતે ભારે નુકસાન થઈ રહ્યું છે અને ખેડૂત દેવાદાર બની રહ્યો છે. સરકાર દ્વારા ટેકાના ભાવે બટાટાની ખરીદી કરી ખેડૂતોને પોષણક્ષમ ભાવો મળે તેવું આયોજન ન થતાં, ખેડૂત આલમમાં વ્યાપેલ હતાશા દૂર કરવા સરકારે લીધેલાં કે લેવાં ધારેલાં પગલાં ".

**શ્રી દિલીપ સંઘાણી** : ચાલુ વર્ષ ૨૦૦૭-૦૮ માં રાજ્યમાં ૭૫,૦૦૦ હેક્ટરમાં બટાટાનું વાવેતર થયેલ હોવાનો અંદાજ છે. જે ગત વર્ષે ૪૯,૭૧૦ હેક્ટરમાં થયેલ બટાટાના વાવેતર વિસ્તારની સરખામણીએ વાવેતર વિસ્તારમાં ૫૨ ટકાનો વધારો સૂચવે છે. એવી જ રીતે વર્ષ-૨૦૦૬-૦૭ માં બટાટાનું ઉત્પાદન ૧૩.૪૦ લાખ મૅટ્રિક ટન થયેલ હતું. તેની સામે ચાલુ વર્ષ ૨૦૦૭-૦૮ માં અંદાજે ૨૦.૦૦ લાખ મૅટ્રિક ટન ઉત્પાદન થવાની ધારણા છે. જે અંદાજે ૫૦ ટકાનો વધારો દર્શાવે છે.

હાલમાં બટાટાના પાકની કાપણી ચાલી રહેલ હોય, ખેડૂતો તેનો સંગ્રહ કર્યા વિના સીધો જ માલ બજારમાં મૂકતા હોવાથી મોટે ભાગે કાપણીના સમયગાળામાં બટાટાના ભાવ ઘટવા પામેલ છે. ગત વર્ષ-૨૦૦૬-૦૭ ના માર્ચ માસમાં બટાટાના સરેરાશ ભાવ રૂપિયા ૫૩૫/- પ્રતિ ક્વિન્ટલ રહેલ હતા. ચાલુ વર્ષે વાવેતર વિસ્તાર તથા ઉત્પાદનમાં વધારો થવાના કારણે સરેરાશ ભાવ રૂપિયા ૩૬૫/- પ્રતિ ક્વિન્ટલ રહેવા પામેલ છે. આમ ગત વર્ષની સરખામણીએ બટાટાના ભાવમાં એકંદરે રૂપિયા ૧૭૦/- નો ઘટાડો પ્રતિ ક્વિન્ટલે થયેલ છે, જે ૩૧ ટકા જેટલો ઘ ટાડો દર્શાવે છે. જો કે બટાટાની કાપણીની સીઝન દરમ્યાન બજારમાં બટાટાની આવકો મોટા પ્રમાણમાં રહેતી હોઈ ભાવ ઘટાડો થાય છે. કૃષિ પેદાશના ભાવો માંગ પુરવઠાના નિયમો ઉપર આધારિત હોઈ તેમાં કુદરતી રીતે સીધો અંકુશ મૂકી શકાય નહિ.

રાજ્યમાં ખેડૂતોને ખેત પેદાશોના પોષણક્ષમ ભાવો મળી રહે તે માટે ટેકાના ભાવની યોજના, માર્કેટ ઈન્ટરવેન્શન સ્કીમ (એમઆઈએસ) તથા રાજ્યની આર્થિક અગત્યતા ધરાવતા પાકોની ખરીદી અંગેની યોજનાઓ અમલમાં છે. બટાટા એ પેરીશેબલ (જલ્દી બગડી જાય તેવી) ખાદ્ય ચીજ હોઈ, હાલમાં કેન્દ્ર સરકારની માર્કેટ ઈન્ટરવેન્શન સ્કીમ તથા ટેકાના ભાવની યોજના હેઠળ બટાટાનો સમાવેશ કરવામાં આવ્યો નથી.

રાજ્યમાં જે પાકોનો ભારત સરકારની એમઆઈએસ કે ટેકાના ભાવની યોજનામાં સમાવેશ થયેલ નથી, પરંતુ રાજ્ય માટે આર્થિક અગત્યતા ધરાવતા પાકો જેવા કે ડુંગળી, બટાટા, લસણ તથા દિવેલા જેવા પાકોના બજાર ભાવ તેના અંદાજેલ પાક ઉત્પાદન ખર્ચ કરતા નીચા જવા પામે ત્યારે રાજ્ય સરકાર ભારત સરકારની પૂર્વ અનુમતિથી માર્કેટ ઈન્ટરવેન્શન સ્કીમ (એમઆઈએસ) હેઠળ કેન્દ્ર તથા રાજ્યના ૫૦ : ૫૦ ટકાના સહયોગથી ખેત પેદાશોની ખરીદી કરી ખેડૂતોને આર્થિક રક્ષણ આપવા વિચારણા કરવામાં આવે છે. જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના વર્ષ ૨૦૦૭-૦૮ ના રિપૉર્ટમાં જણાવ્યા મુજબ બટાટાનું ઉત્પાદન ખર્ચ-કોસ્ટ સી-૨ રૂપિયા ૩૫૦.૧૩ પ્રતિ ક્વિન્ટલ છે. બટાટાના પાકમાં ભાવ સપાટી કોસ્ટ-સી-૨ કરતા ૧૦ ટકાથી વધુ નીચે જાય તો કેન્દ્ર સરકારની એમઆઈએસ યોજના હેઠળ કેન્દ્રની પૂર્વ મંજૂરી મળ્યા બાદ તેની ખરીદી કરી શકાય છે. જેમાં કેન્દ્ર સરકારશ્રીને દરખાસ્ત મોકલ્યા બાદ મંજૂરી મળેથી રાજ્ય સરકારશ્રી નક્કી કરે તે નોડલ એજન્સી દ્વારા આવી ખરીદી કરવામાં આવે છે. આવી ખરીદીમાં જે ખોટ જાય તેનું ૫૦ ટકા ખર્ચ કેન્દ્ર સરકાર તથા ૫૦ ટકા ખર્ચ રાજ્ય સરકારે ભોગવવાનું રહે છે. આવી પૂર્વ મંજૂરીમાં ઘણો લાંબો સમય પસાર થતો હોઈ, હાલના તબક્કે બટેટા કે જે ૪ થી ૭ દિવસ બાદ બગડી જતા હોઈ, તે પ્રક્રિયા અનુસરવાનું શક્ય બનતું નથી. તેમ છતાં, રાજ્ય સરકાર દ્વારા ખેડૂતોના વ્યાપક હિતમાં આ માટે કેન્દ્ર સરકારની ખાસ કિસ્સામાં મંજૂરી માગવામાં આવી છે.

ઉપરોક્ત બાબતો ધ્યાને લઈ અને રાજ્યના બટાટા પકવતા ખેડૂતોને શક્ય તેટલું ઓછું નુકસાન જાય તે માટે સામજિક જવાબદારીની દ્રષ્ટિ નજર સમક્ષ રાખતા મને એ બાબતો ગૃહમાં જણાવતા આનંદ થાય છે કે રાજ્યમાં બટાટાનું ઉત્પાદન કરતા ખેડૂતોને તેના પોષણક્ષમ ભાવો મળી રહે તે માટે રાજય સરકારે ખાસ કિસ્સામાં સિવિલ સપ્લાય કૉર્પોરેશન મારફત બટાટાની આંશિક રીતે ખરીદી કરવાનું પ્રાયોગિક ધોરણે આયોજન વિચારેલ છે. તેમાં તમામ વહીવટી, નાણાકીય તેમજ અન્ય પાસાઓને ધ્યાને લઈને આખરી નિર્ણય લેવામાં આવી રહ્યો છે.

વધુમાં, રાજ્યના ખેડૂતોને જલ્દી બગડી જાય તેવા પાકોનું વાવેતર કરતાં પહેલાં, તેના બજારની શક્યતાઓ અગાઉથી ધ્યાને લેવા અને તે અંગે પૂરતું માર્ગદર્શન મેળવીને જ આવા પાકોનું વાવેતર કરવા કૃષિ ખાતાની અગાઉની સૂચનાઓનો પુનરોચ્ચાર કરતા, સંપૂર્ણ આયોજન બદ્ધ રીતે વાવેતર થાય તે માટે આ ક્ષેત્રના તમામ અગ્રણીઓ અને માનનીય સભાસદોને સહયોગ આપવા ફરીથી આ તબક્કે અપીલ કરવામાં આવે છે.

**શ્રી જગદીશભાઈ મો. ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે સરકારે બટાકાની ખરીદી કરવાની કોઈ નીતિ નક્કી કરી છે કે કેમ? ક્યારે જાહેરાત કરવામાં આવી? બટાકા કયા વિભાગ દ્વારા ખરીદવામાં આવશે? બટાકા આપવા માટે જે વ્યક્તિ આવે એની પાસે શું પુરાવા માગવામાં આવશે અને આજની તારીખે સરકારે કેટલા બટાકાની ખરીદી કરી છે?

**શ્રી દિલીપ સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ બટાકા અંગે જે ચિંતા વ્યક્ત કરી છે. એની કેટલીક હકીકતો મને ગૃહ મારફત રાજ્યને જણાવવી ગમશે. કૃષિ મહોત્સવ, કુદરતી સારું વર્ષ, કૃષિને રાજ્ય સરકાર તરફથી જે રીતે પ્રોત્સાહન આપવામાં આવે છે, એના આધારે ચાલુ વર્ષે ૨૦૦૭-૦૮ ના વર્ષમાં રાજ્યમાં કુલ ૭૫,૦૦૦ હેક્ટરમાં બટાકાનું વાવેતર થયેલ હોવાનો અંદાજ છે. ગત વર્ષે ૪૯,૭૧૦ હેક્ટરમાં થયેલ બટાકાના વાવેતર વિસ્તારની સરખામણીમાં આ વાવેતર વિસ્તાર ૫૨ ટકાનો વધારો સૂચવે છે. એવી જ રીતે ૨૦૦૬-૦૭ માં બટાકાનું ઉત્પાદન ૧૩.૪૦ લાખ મૅટ્રિક ટન થયેલ હતું. તેની સામે ૨૦૦૭-૦૮ ના વર્ષમાં અંદાજે ૨૦ લાખ મૅટ્રિક ટન ઉત્પાદન થવાની ધારણા છે, જે અંદાજિત ૫૦ ટકાનો વધારો સૂચવે છે. આ સ્થિતિમાં જે વિસ્તારમાં બટાકાનું વધારે ઉત્પાદન થયું, એમાં બટાકાના પાકની કાપણી ચાલુ છે. ખેડૂતોએ સંગ્રહ કર્યા વિના સીધો જ માલ બજારમાં મુકતા હોવાના કારણે બટાકાના ભાવ ઘટવા પામેલ છે. ૨૦૦૬-૦૭ ના માર્ચમાં બટાકાનો સરેરાશ ભાવ રૂપિયા ૫૩૫ પ્રતિ ક્વિન્ટલ હતો, જે વર્ષે વાવેતર વિસ્તારમાં ઉત્પાદનમાં વધારો થવાના કારણે સરેરાશ ૩૬૨ પ્રતિ ક્વિન્ટલ રહેવા પામેલ હતો. જેથી આજે ભાવો રોજબરોજ ઘટતા જાય છે. આમ ગત વર્ષની સરખામણીમાં બટાકામાં એકંદરે ૧૭૦ નો ઘટાડો ૩૧ ટકા જેટલો ઘટાડો થાય છે. જે કૃષિ પેદાશોનો ભાવ માંગ અને આ પુરવઠા ઉપર આધારિત કુદરતી રીતે સીધો સંકળાયેલ છે. રાજ્યમાં ખેડૂતોને ખેતપેદાશોના પોષણક્ષમ ભાવો મળી રહે તે માટે ટેકાના ભાવની યોજના માર્કેટ ઈન્ટરવેન્શન સ્કીમ એમાં રાજ્યની આર્થિક અગત્યતા ધરાવતા પાકોની ખરીદી અંગેની યોજનાઓ અમલમાં છે. બટાકા પેરિશબલ એટલે કે જલ્દી બગડી જાય એવા ખાદ્ય ચીજ હોયહાલમાં કેન્દ્ર સરકારની માર્કેટ ઈન્ટરવેન્સન સ્કીમ એટલે કે ટેકાના ભાવની યોજના હેઠળ બટાટાનો સમાવેશ કરવામાં આવ્યો નથી. કોઈપણ કૃષિ ઉત્પાદનના ટેકાના ભાવ નક્કી કરવાનો અધિકાર સંપૂર્ણપણે કેન્દ્ર સરકારનો છે અને એમ.આઈ.એસ. સ્કીમ નીચે જો તેને આવરી લેવામાં આવે તો ખોટના ૫૦ ટકા કેન્દ્ર સરકાર અને ૫૦ ટકા રાજય તે સ્કીમ તળે ખરીદી શકાય. રાજય તરફથી કેન્દ્ર સરકારને એમ.આઈ.એસ. તળે ખરીદવા માટે રાજય સરકારે લખ્યું છે પણ તેનો પ્રત્યુત્તર આવ્યો નથી. પરંતુ પ્રત્યુત્તરની રાહ જોયા વિના માનનીય મુખ્યમંત્રીશ્રીએ ચિંતા કરીને તાત્કાલિક ધોરણે મને, પુરવઠા વિભાગના મંત્રીશ્રી માનનીય નરોત્તમભાઈ, માનનીય નીતિનભાઈ અમારી બેઠક કરી અને અધિકારીઓ સાથે બેઠકો કરીને ઉપરોકત બાબતો ધ્યાનમાં લઈ રાજયના બટાટા પકવતા ખેડૂતોને શકય એટલું ઓછું નુકસાન જાય તે માટે સામાજિક જવાબદારીની દૃષ્ટિ નજર સમક્ષ રાખતાં અમોએ આ બાબતે ગૃહમાં જણાવતાં આનંદ થાય છે કે ઉત્પાદનના પોષણક્ષમ ભાવ મળી રહે એટલા માટે માનનીય મુખ્યમંત્રીશ્રીએ ખાસ કિસ્સામાં સિવિલ સપ્લાય મારફત બટાટાની આંશિક ખરીદી કરવાનું પ્રાયોગિક ધોરણે કોલ્ડ સ્ટોરેજ જે મળી રહે તેને ધ્યાનમાં રાખીને સત્વરે ખરીદી કરવાનો નિર્ણય, સારા બટાટાની કિંમત ચાર રૂપિયે કિલો ખરીદવાનો નિર્ણય રાજય સરકારે કર્યો છે.

**અધ્યક્ષશ્રી** : આ પ્રશ્ન ગઈકાલે પૂરો ચર્ચાઈ ગયો છે. ગઈકાલે આપણે ચર્ચા કરી છે. શ્રી જગદીશભાઈ. ગઈકાલે ચર્ચાઈ ગયું છે. બે જણાને બોલવા દેવાશે.

**શ્રી જગદીશભાઈ મો. ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, મેં સ્પષ્ટ પૂછયું છે કે બટાટાની ખરીદવાની જાહેરાત કઈ તારીખે થઈ, આ બટાટા વેચવા આવે તો તેની પાસે સિવિલ સપ્લાય શું પુરાવા માગે છે? અને અત્યાર સુધી કેટલા બટાટાની ખરીદી કરી આ ત્રણ જ પ્રશ્નો છે.

**અધ્યક્ષશ્રી** : તારીખ કહી દો. નીતિ અને ખરીદી થઈ હોય તો કહો.

**શ્રી દિલીપભાઈ ના. સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, ૧૪ માર્ચના રોજ નિર્ણય કર્યો છે. બટાટા લઈ આવનાર ખેડૂતો છે કારણકે વચેટીયા ખેડૂતના નામે

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી ત્રણ વસ્તુ કહો. કઈ તારીખે અને કેટલા બટાટાની ખરીદી કરી. એની વિગતોમાં ન ઉતરો.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : કેટલી ખરીદી કરી તે પ્રશ્નનો જવાબ આપો.

**શ્રી દિલીપભાઈ ના. સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂત ૭-૧૨ના ઉતારાની કોપી જે તે ખેડૂતનો આધાર પુરાવો માગે છે. અત્યારે ખરીદીની પ્રવૃત્તિ ચાલે છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રીએ કહયું ખરીદવાની પ્રક્રિયા ચાલુ છે.

**શ્રી દિલીપભાઈ ના. સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, ખરીદવાની શરૂઆત છે. કાર્યવાહી ચાલુ હોઈ આંકડા કયાંથી આપી શકું.

**શ્રી કાળુભાઈ વીરાણી** : માનનીય અધ્યક્ષશ્રી, સરકારે બટાટાની ખરીદી કરવા માટેનો નિર્ણય કર્યો તે સારી વાત છે. પણ જ્યારે ખેડૂતો તરફથી માલ બજારમાં આવે અને માલના ભાવ મળતા ન હોય ત્યારે કાયમી ધોરણે

સરકારશ્રી માર્કેટ યાર્ડમાં કોલ્ડ સ્ટોરેજનું વધારેમાં વધારે બાંધકામ કરી આવા કોલ્ડ સ્ટોરેજ ઉભા કરવા માગે છે. કે જેથી આવો પ્રશ્ન ઉભો થાય ત્યારે આવું રોકાણ કરી શકાય અને ખેડૂતના માલને બચાવી શકાય.

**અધ્યક્ષશ્રી** : કોલ્ડ સ્ટોરજ ઉભા કરવા માગો છો એટલું જ છે.

**શ્રી દિલીપભાઈ ના. સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીનું સૂચન છે.

**અધ્યક્ષશ્રી** : નેકસ્ટ.

# પોઈન્ટ ઓફ ઓર્ડર

## પ્રશ્નોત્તરી દરમ્યાન મંત્રીશ્રી દ્વારા લાંબા જવાબ આપવા અંગે

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા (પોરબંદર)** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઈન્ટ ઓફ ઓર્ડર છે. મારો પોઈન્ટ ઓફ ઓર્ડર પ્રશ્નોત્તરીના સંદર્ભમાં છે. માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્નોત્તરીના નિયમો સ્પષ્ટ છે. પ્રશ્ન ટૂંકા હોવા જોઈએ, જવાબ પણ મુદ્દાસર અને ટૂંકા હોવા જોઈએ. જે જવાબ છે તે મૂળ પ્રશ્નમાંથી ઉપસ્થિત થતા હોવા જોઈએ. અ પ્રશ્નોત્તરીના સમય દરમ્યાન આપે પણ અનુભવ્યું છે. આપે પણ વારંવાર સૂચના આપી છે કે મંત્રીશ્રીઓએ ટૂંકા જવાબ આપવા જોઈએ. પ્રશ્નોમાંથી ઉદ્દભવતા જવાબ આપવા જોઈએ. આપે જયારે સભ્ય પ્રશ્ન પૂછતા હોય અને ઈરીલેવન્ટ હોય ત્યારે રોકયા છે. સભ્યોએ સંયમ જાળવ્યો છે પરંતુ માનનીય મંત્રીશ્રી જે પરંતુ માનનીય મંત્રીશ્રીઓ જે રીતના જે જવાબો આપે છે એ માગણી ઉપરનું ભાષણ હોય એટલા લાંબા જવાબો આપે છે, આજના સંદર્ભમાં હું કહું છું કે આજે માનનીય મંત્રીશ્રીઓ જવાબ આપતા હતા અને એમાં પ્રશ્ન ક્રમાંક બે છે એ કોર્ટો માટેના નવા મકાન અંગેનો પ્રશ્ન છે અને એમાં કોર્ટોમાં કદાચ માની લો કે એનાથી આગળ જઈને કોર્ટની અંદર ઈન્ફ્રાસ્ટ્રકચરમાં કેટલો વધારો થયો ત્યાં સુધી એની મર્યાદા આવી શકે એનો વાંધો નહીં પરંતુ આ પ્રશ્નના ઓઠા હેઠળ જે (અંતરાય) એ કંઈ ગાળ જેવો શબ્દ નથી, માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્નના નામે જે જવાબો અપાયા છે તો એ કોર્ટોમાં કેટલી કામગીરી કરી અને એમાં પણ કેટલા બે વર્ષમાં, પાંચ વર્ષમાં કેટલા કેટલા પડતર કેસો હતા, આજે કેટલા થયા, પછી ફાસ્ટટ્રેક કોર્ટમાં કેટલા કામો થયા, સાંજની કોર્ટની શરૂઆત કરી, લોક અદાલત શું છે અને એને શું કામગીરી કરી અને આ સહિતની બધી માહિતી આપી તો આનાથી આ પ્રશ્નોત્તરીનો સમય બગડ્યો અને બીજા માનનીય સભ્યશ્રીઓને પ્રશ્ન પૂછવા હતા એમને પણ તક ન મળી, અને આ પ્રકારે દરેક વખતે માનનીય મંત્રીશ્રીઓનાં વલણો રહ્યાં છે અને એને કારણે સમયનો ખૂબ બગાડ થાય છે, આપે પણ વારંવાર આ બાબતમાં વિનંતી કરી છે પણ આ બાબતે કોઈ સંયમ જાળવવામાં આવતો નથી, અગાઉ પણ માનનીય અધ્યક્ષશ્રીઓએ એમની ચર્ચા દરમિયાન અનેક વખત એમના રૂલિંગ આપ્યાં છે, માર્ગદશર્ન છે છતાંય આ પ્રકારે થાય છે તો આ બાબતે આપે સ્પષ્ટ આદેશ આપવા જોઈએ.

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, આપશ્રીએ ખાલી સભ્યશ્રીઓને નથી ટોક્યા પણ માનનીય મંત્રીશ્રીઓને પણ વારંવાર ટોક્યા છે અને જ્યાં ટોકવા જેવા હતા ત્યાં આપે ટોક્યા જ છે, અને જ્યારે પરટીકયુલર આજના પ્રશ્નમાંથી માનનીય અર્જુનભાઈએ પૉઈન્ટ ઑફ ઑર્ડર ઉપસ્થિત કર્યો છે ત્યારે હું એમને બરાબર યાદ દેવડાવવા માગું છું કે, માનનીય સભ્યશ્રીએ એવું પૂછ્યું હતું કે, નવા કોર્ટોના મકાનો બનાવવાને લીધે કોર્ટોની અંદર કેસોના ભરાવાની અંદર કોઈ ઘટાડો થયો છે કે નહીં, એટલા માટે મારે કેસોની સંખ્યાને એ બધુ કહેવું પડ્યું. માનનીય અધ્યક્ષશ્રી, ભરાવો બે ત્રણ કારણોથી થયો હતો અને એટલે આટલો ભરાવો એકલા મકાનોના લીધે કહું તો એ અર્ધસત્ય થાય, એટલે બાકીના કારણોય મારે કહેવા પડ્યા કે સાંજે કોર્ટો, લોક અદાલતો, આ બધાના લીધે ભરાવો ઘટ્યો છે એટલે મારો આશય લાંબો જવાબ આપવાનો નથી પણ સાચો જવાબ આપવાનો છે અને મને લાગે છે કે સાચો જવાબ આપવાનો મારો અધિકાર છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અર્જુનભાઈએ જે મુદ્દો ઉપસ્થિત કર્યો છે એને સપોર્ટ માનનીય અધ્યક્ષશ્રી, આપણા અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયો ૧૯૮૫ થી ૨૦૦૨, નિર્ણય ક્રમાંક : ૫૫ માં સંપૂર્ણ આવે છે. માનનીય મંત્રીશ્રી કહે છે કે માનનીય સભ્યશ્રીએ પ્રશ્ન પૂછ્યો એટલે મારે પૂરો જવાબ અને સાચો જવાબ આપવાનો, માનનીય અધ્યક્ષશ્રી, આપણા નિર્ણયોમાં એ આવી જાય છે કે સભ્યશ્રી તો કદાચ આવો પ્રશ્ન પૂછે, ન પૂછવો જોઈએ પણ સભ્યશ્રીએ પૂછ્યો તો પણ જવાબ માનનીય મંત્રીશ્રી પાસે હોય છે એ લાંબો હોય તો એમણે કહેવું જોઈએ કે આ જવાબ લાંબો છે, હાર્દ આટલો છે બાકીનો જવાબ હું મેજ ઉપર મૂકીશ, સાચો જવાબ લાવવામાં કોઈ રોકતું નથી, મેજ ઉપર આપ મૂકોને આખો જવાબ, દશ પાનાનો મૂકો, ગૃહનો સમય, માનનીય અધ્યક્ષશ્રી, હું ખોટો હોઈશ તો મને આનંદ થશે, પ્રશ્નો રીતસર લાંબા જવાબો આવે એવા ન પૂછાય એ માટેનો પ્રયત્ન થવાને બદલે કંઈક ઊલટું થાય એ માનનીય અધ્યક્ષશ્રી, ખૂંચે છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય સભ્યશ્રી અર્જુનભાઈના પૉઈન્ટ ઑફ ઑર્ડર ઉપર, હું એમનો એક બાબતમાં મને મદદ કરવામાં આભાર માનું છું કે એમણે પ્રશ્ન ક્રમાંક બેની વાત કરી, માનનીય અર્જુનભાઈ આ પ્રશ્ન ક્રમાંક બે છે એ ૨.૩૬ મિનિટે શરૂ થયો અને ૨.૪૧ મિનિટે બરાબર, કારણકે હું એકે એક પ્રશ્નનો સમય નોંધું છું. આ બે ઉપરના પ્રશ્ન ઉપર શ્રી અમરસિંહ, શ્રી કુંવરજીભાઈ, શ્રી જેઠાભાઈ, શ્રી ગોવિંદભાઈ અને શ્રી કિરણભાઈ એટલે માનનીય ઈશ્વરભાઈ ઉપરાંત બીજા પાંચ સભ્યશ્રીઓએ ભાગ લીધો એટલે માત્ર આપણે એક મર્યાદા નક્કી કરી છે એ પાંચ મિનિટની મર્યાદા નક્કી કરી છે, એ મર્યાદાથી એક જ મિનિટ વધી છે, એટલે એ સમય ગાળાની અંદર

જેટલો જવાબ આ સભાગૃહની અંદર આવ્યો છે મને લાગે છે કે, એને લાંબો જવાબ કહેવો એ યોગ્ય નહીં કહેવાય. જો એમણે ૧૦ મિનિટ કે ૧૫ મિનિટ જવાબ આપ્યો હોત..(અંતરાય) નહીં નહીં, મારે એ કહેવું છે કે, હું જે મર્યાદાઓ જાણું છું કે એક પ્રશ્ન પાંચ મિનિટની મર્યાદામાં, જો રાજય કક્ષાનો હોય તો એ રીતે અને જો જિલ્લાનો હોય તો જિલ્લાના સભ્યો દ્વારા પાંચ મિનિટની મર્યાદા, આ પ્રશ્નની અંદર રાજય કક્ષાનો પ્રશ્ન હોવાથી ૬ જેટલા સભ્યોએ એમાં ભાગ લીધો હતો એટલે ૬ જણના જવાબ ૬ મિનિટની અંદર આપ્યા છે, એટલે લાંબો જવાબ હતો એવું કહેવું યોગ્ય નથી એટલે આપનો પ્રશ્ન રહેતો નથી. (અંતરાય) તમારા પોઈન્ટ ઓફ ઓર્ડરમાં તમે ૨ નંબના પ્રશ્નની વાત કરી છે તો ૨ નંબરના પ્રશ્નમાં ટાઈમની વિગત સાથે ટાઈમસર જવાબ આપ્યો છે અને તેમ છતાં આપણે પ્રશ્નોત્તરીમાં ૧૫ પ્રશ્નો સુધી ગયા છીએ એટલે જે રીતે પ્રશ્નોના નિયમો છે એ નિયમોની અંદર રહીને પ્રશ્નોત્તરીનું સંચાલન મેં કર્યું છે. એટલે એમનો પોઈન્ટ ઓફ ઓર્ડર રહેતો નથી. મેં કહ્યું જ છે કે એમણે પ્રશ્ન ૨ ની વિગતો આપીને કહ્યું છે તો એ પ્રશ્ન ૨ માં ૬ સભ્યોએ ભાગ લીધો અને ટોટલ ૬ મિનિટ જવાબ અપાયો છે એટલે લાંબો જવાબ અપાયો છે એવા પુરાવારૂપ વાત કરી હતી એ યોગ્ય નથી. (અંતરાય) શ્રી અર્જુનભાઈ આપ વરિષ્ટ સભ્યો છો મંત્રીશ્રીએ શું જવાબ આપવો એ મંત્રીશ્રીએ નક્કી કરવાનું છે એ આપ ન કહી શકો.

# અધ્યક્ષશ્રીની જાહેરાત

## બિન સરકારી કામકાજ અંગે

**અધ્યક્ષશ્રી :** મારે ગૃહમાં એક જાહેરાત કરવાની કે, નિયમોનુસાર બિન સરકારી સભ્યો માટેની કામકાજ માટે બે કલાકનો સમય ફાળવામાં આવે છે. આ કામકાજને બિન સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિ સમયની ફાળવણી કરતી હોય છે. પરંતુ બિન સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિની રચના થઈ શકી ન હોવાથી મને મળેલી સત્તા રૂએ આવતી કાલે હાથ ધરવાના બિન સરકારી વિધેયકો પૈકી શ્રી કુંવરજીભાઈ બાવળિયાના વિધેયકને ૪૦ મિનિટ, સભ્ય શ્રીમતી વિભાવરીબેન દવેના વિધેયકને ૪૦ મિનિટ અને સભ્ય શ્રી પ્રદિપસિંહજી જાડેજાના વિધેયકને ૩૫ મિનિટનો સમય ફાળવવામાં આવ્યો છે. મને લાગે છે કે આ સમયની ફાળવણી સાથે સભાગૃહ સંમત થશે.

હવે આ સમિતિની રચના માટેના નામો બંને પક્ષ તરફથી આવી ગયા છે એટલે હવે પછીનું આ કામ સમિતિ કરશે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો**

# સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

**શ્રી અમિત અ. શાહ (રાજય કક્ષાના ગૃહમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું તા. ૨૫-૨-૦૮ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ માનનીય સભ્યશ્રી કુંવરજીભાઈ હળપતિના " બારડોલી અને માંડવી તાલુકાનું પોલીસ મહેકમ" વિષયના તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૩૬૨ (અગ્રતા ક્રમ- ૫) ના અનુસંધાને વધારાની માહિતી સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વધારાની માહિતી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

**શ્રી અમિત અ. શાહ (રાજય કક્ષાના ગૃહમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું તા. ૩-૩-૦૮ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ માનનીય સભ્યશ્રી બાબુભાઈ શાહના " કચ્છ જિલ્લામાં ભીમાસર અને અધોઈમા નવા પોલીસ સ્ટેશન ખોલવા અંગે " વિષયના તારાંકિત તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૪૪૫ (અગ્રતા ક્રમ- ૧) ના અનુસંધાને વધારાની માહિતી સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વધારાની માહિતી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

**શ્રી અમિત અ. શાહ (રાજય કક્ષાના ગૃહમંત્રીશ્રી)** માનનીય અધ્યક્ષશ્રી, હું તા. ૩-૩-૦૮ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ માનનીય સભ્યશ્રી આત્મારામભાઈ પરમારના " પોટા કાયદાના ભંગ બદલ દાખલ થયેલ ચાર્જસીટ" વિષયના તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૫૧૪ (અગ્રતા ક્રમ- ૧૫) ના અનુસંધાને વધારાની માહિતી સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વધારાની માહિતી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

**ડૉ. શ્રી માયાબેન સુ.કોડનાની (રાજય કક્ષાના વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકીમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું તા.૧૨-૩-૦૮ના રોજ માનનીય સભ્ય શ્રીમતી ગીતાબેન પટેલના " રાજયમાં મોટા શહેરોમાં આઈ.ટી. પાર્કની સ્થાપના " વિષયના તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫૭૧ (અગ્રતા ક્રમ-૭) ના અનુસંધાને વધારાની માહિતી સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વધારાની માહિતી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

**શ્રી અમિત અ. શાહ (રાજય કક્ષાના ગૃહમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું તા. ૧૨-૩-૨૦૦૮ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ માનનીય સભ્યશ્રી શૈલેષભાઈ પરમારના " અમદાવાદ શહેર અને જિલ્લામાં પોલીસ સ્ટેશનમાં ખાલી જગ્યાઓ " વિષયના તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૦૭૪ (અગ્રતાક્રમ- ૧૪) ના અનુસંધાને વધારાની માહિતી સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વધારાની માહિતી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

# માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ)

**અન્ન નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોનો વિભાગ**

**માગણી ક્રમાંક-૨૨**

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ (અન્ન અને નાગરિક પુરવઠા અને ગ્રા.બા.નામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું નાગરિક પુરવઠા સેવાને લગતી, અન્ન નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોના વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૧,૭૬,૨૨,૦૬,૦૦૦ ની માગણી ક્રમાંક: ૨૨ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક-૨૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી ચંદુભાઈ ડાભી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૧ રજૂ કરવામાં આવી**

**શ્રી ધીરૂભાઈ ચુ. ભીલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૨ રજૂ કરવામાં આવી**

**શ્રી નિરંજન પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૩ રજૂ કરવામાં આવી**

**શ્રી શૈલેષ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૫ રજૂ કરવામાં આવી**

**શ્રી મોહનસિંહ છો. રાઠવા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૬ રજૂ કરવામાં આવી**

**શ્રી પરંજયાદિત્યસિંહજી કૃ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૭ રજૂ કરવામાં આવી**

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૯ રજૂ કરવામાં આવી**

**શ્રી માનસિંહ કો. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૧૧ રજૂ કરવામાં આવી**

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૧૨ રજૂ કરવામાં આવી**

**માગણી ક્રમાંક-૨૩**

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ (અન્ન અને નાગરિક પુરવઠા અને ગ્રા.બા.નામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું અન્ન સેવાને લગતી, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોના વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૧૯,૯૪,૭૯,૦૦૦ની તથા મૂડીખર્ચ માટેની રૂપિયા ૧,૨૫,૦૦,૦૦૦ની માગણી ક્રમાંક: ૨૩ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક-૨૩ રજૂ કરવામાં આવી.**

**ડૉ. અનિલ જોષીયારા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૧૪ રજૂ કરવામાં આવી**

**શ્રી શંકરભાઈ દે. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૧૭ રજૂ કરવામાં આવી**

**પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ**

**માગણી ક્રમાંક-૭૦**

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ (પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું સમૂહ વિકાસ સેવાને લગતી, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૫,૬૮,૫૭,૯૦,૦૦૦ની માગણી ક્રમાંક: ૭૦ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક-૭૦ રજૂ કરવામાં આવી.**

**શ્રી છનાભાઈ કા. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૧૯ રજૂ કરવામાં આવી**

**શ્રી જગદીશભાઈ મો. ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૨૦ રજૂ કરવામાં આવી**

**શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૨૧ રજૂ કરવામાં આવી**

**શ્રી લાલસિંહ ઉ. વડોદીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૨૨ રજૂ કરવામાં આવી**

**શ્રી કિરણકુમાર એલ. મકવાણા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૨૩ રજૂ કરવામાં આવી**

**શ્રી અમિતકુમાર અ. ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૨૫ રજૂ કરવામાં આવી**

**શ્રી કુંવરજીભાઈ ન. હળપતિ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૨૭ રજૂ કરવામાં આવી**

**માગણી ક્રમાંક-૭૧**

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ (પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ સેવાને લગતી, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૪,૨૨,૬૩,૧૨,૦૦૦ની માગણી ક્રમાંક: ૭૧ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક-૭૧ રજૂ કરવામાં આવી.**

**શ્રી હીરાભાઈ હ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૨૮ રજૂ કરવામાં આવી**

**શ્રી પરેશભાઈ ગો. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૨૯ રજૂ કરવામાં આવી**

**શ્રી રામસિંહ પ્ર. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૩૦ રજૂ કરવામાં આવી**

**શ્રી મણીભાઈ દે. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૩૧ રજૂ કરવામાં આવી**

**શ્રી પ્રભુભાઈ ના. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૩૨ રજૂ કરવામાં આવી**

**શ્રી બ્રિજરાજસિંહ હે. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૩૩ રજૂ કરવામાં આવી**

**શ્રી રાઘવજીભાઈ હં. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૩૪ રજૂ કરવામાં આવી**

**શ્રી પોપટભાઈ સ. જીંજરીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૩૬ રજૂ કરવામાં આવી**

**શ્રી વેજલસિંગભાઈ પા. પણદા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૩૭ રજૂ કરવામાં આવી**

**શ્રી નટવરસિંહ ફુ. ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૩૮ રજૂ કરવામાં આવી**

**શ્રી બાવકુભાઈ ના. ઉંઘાડ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૪૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૪૦ રજૂ કરવામાં આવી**

**શ્રી અશ્વિન કોટવાલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૪૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૪૧ રજૂ કરવામાં આવી**

**સન ૨૦૦૮-૨૦૦૯ના વર્ષના અનુદાનો માટેની માગણીઓ પૈકી મંગળવાર, તા.૧૮/૩/૨૦૦૮ (બીજી બેઠક) (નવમો દિવસ)ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપદરખાસ્તોની એકત્રિત યાદી.**

| અ.નં. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત ક્ર. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | | અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોનો વિભાગ<br>માગણી નં. ૨૨ | |
| ૧. | ૩૪૫૬-નાગરિક પુરવઠો<br>૦૦૧-નિદેશ અને વહીવટ<br>૦૧-નાગરિક...કચેરી<br>રૂા. ૧,૮૬,૪૯,૦૦૦<br>પા.નં. ૧૮-૧૯ | ૧૦૦ | પુરવઠા કચેરીના કથળેલા વહીવટને સંગીન બનાવવા તંત્રની નિષ્ફળતા | શ્રી ચંદુભાઈ ડાભી |
| ૨. | --"-- | ૧૦૦ | ફરજની અવગણના કરતા પુરવઠા અધિકારીઓની બદલી કરીને ઉત્સાહી અધિકારીઓની નિમણૂંકો કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ધીરુભાઈ ભીલ |
| ૩. | --"-- | ૧૦૦ | દરોડા દરમ્યાન ગેરકાયદેસર રાંધણ ગેસના સીલીન્ડરો ધરાવતી ગેસ એજન્સીઓ સામે સખત પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા | |

| | | | | |
|---|---|---|---|---|
| *૪. | --"-- | ૧૦૦ | રાંધણ ગેસની નોંધણી અને વિતરણ પધ્ધતિમાં થતી ગેરરીતિઓ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી કાનજીભાઈ તળપદા |
| ૫. | --"-- | ૧૦૦ | ગેસ એજન્સીઓ ધ્વારા સરકારી પરિપત્રોના કરાતા ભંગ સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી શૈલેષ પરમાર |
| ૬. | --"-- | ૧૦૦ | રાંધણ ગેસની કૃત્રિમ તંગી નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મોહનસિંહ રાઠવા |
| ૭. | --"-- | ૧૦૦ | પેટ્રોલ/ કેરોસીનમાં થતી વ્યાપક ભેળસેળ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પરંજયાદિત્યસિંહજી પરમાર |
| ૮. | --"-- | ૧૦૦ | રાહત દરે ફાળવેલ કેરોસીન-અનાજનું કાળા બજારમાં ખુલ્લેઆમ થતું વેચાણ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મોહંમદ ફારુક શેખ |
| ૯. | ૩૪૫૬-નાગરિક પુરવઠો<br>૦૦૧-નિદેશ અને વહીવટ<br>૦૨-ભાવ....અમલ<br>રૂા. ૪,૧૮,૧૫,૦૦૦<br>પા.નં. ૨૦-૨૧ | ૧૦૦ | ખાદ્યતેલના વધતા ભાવોને અંકુશમાં રાખવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી કુંવરજીભાઈ બાવળીયા |
| *૧૦. | --"-- | ૧૦૦ | છાપેલી કિંમત કરતાં ગ્રાહકો પાસેથી લેવાતા વધુ ભાવો સામે કાનૂની રાહે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૧૧. | --"-- | ૧૦૦ | ભાવ નિયંત્રણ હુકમનો સખ્તાઈથી અમલ કરાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી માનસિંહ ચૌહાણ |
| ૧૨. | ૩૪૫૬-નાગરિક પુરવઠા<br>૦૦૧-નિદેશ અને વહીવટ<br>૦૫-ગ્રાહક....ફોરમ<br>રૂા. ૧,૦૫,૭૫,૦૦૦<br>પા.નં. ૨૪-૨૫ | ૧૦૦ | ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં ખાલી પડેલ જગ્યાઓ સત્વરે ભરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બાબુભાઈ શાહ |
| *૧૩. | ૩૪૫૬-નાગરિક પુરવઠો<br>૧૯૦-જાહેર...સહાય<br>૦૩-ગરીબી....યોજના<br>રૂા. ૧,૧૦,૦૦,૦૦,૦૦૦<br>પા.નં. ૨૮ | ૧૦૦ | ગરીબી રેખા નીચે જીવતા કુટુંબોમાંથી અલગ થયેલ વ્યકિતઓને બી.પી.એલ. કાર્ડ સરળતાથી મળે તેવુ આયોજન કરાવવામાં તંત્રની નિષ્ફળતા | |
| | | **માગણી નં. ૨૩** | | |
| ૧૪. | ૨૪૦૮-ખાદ્ય....વ્યવસ્થા<br>૦૧-ખોરાક<br>૦૦૧-નિર્દેશ અને વહીવટ<br>૦૧-વાજબી...કચેરી<br>રૂા. ૬૩,૩૦,૦૦૦<br>પા.નં. ૬-૭ | ૧૦૦ | વાજબી ભાવની દુકાનોની ફાળવણીમાં ચાલતી ગેરરીતિઓ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | ડાૅ. અનિલ જોષીયારા |
| *૧૫. | --"-- | ૧૦૦ | વાજબી ભાવની દુકાનોને માલિક/સંચાલકો ધ્વારા અન્યને પેટા ભાડે અપાતી અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | |
| *૧૬. | --"-- | ૧૦૦ | બેરોજગાર યુવાનોને વાજબી ભાવની દુકાનો ચલાવવાના પરવાના આપવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૧૭. | --"-- | ૧૦૦ | વાજબી ભાવની દુકાનોના સંચાલકોને કમિશનમાં વધારો કરી આપવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી શંકરભાઈ વાઘેલા) |
| | | **પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ**<br>**માગણી નં. ૭૦** | | |
| *૧૮. | ૨૫૧૫-અન્ય ગ્રામીણ...કાર્યક્રમો<br>૦૦૩-તાલીમ<br>રૂા. ૭૭,૭૦,૦૦૦<br>પા.નં. ૫૨-૫૩ | ૧૦૦ | સમૂહ વિકાસ કાર્યક્રમ હેઠળ તાલીમનો વ્યાપ વધારવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૧૯. | ૨૫૧૫-અન્ય ...કાર્યક્રમો<br>૧૦૧-પંચાયતી રાજ<br>રૂા. ૧,૭૬,૪૨,૦૦,૦૦૦<br>પા.નં. ૫૪ થી ૫૮ | ૧૦૦ | પંચાયતોના વિકાસ માટે અપાતી ગ્રાન્ટોમાં મૂકાતા કાપથી ગ્રામ પંચાયતોને પડતી હાડમારીઓ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી છનાભાઈ ચૌધરી |
| ૨૦. | --"-- | ૧૦૦ | ગ્રામ પંચાયતોના વહીવટમાં વધતી જતી સરકારી દખલગીરી નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી જગદીશભાઈ ઠાકોર |
| ૨૧. | --"-- | ૧૦૦ | પંચાયતો હસ્તકની જમીનોના દબાણો દૂર કરાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી રાજેન્દ્રસિંહ પરમાર |
| ૨૨. | --"-- | ૧૦૦ | જિલ્લા પંચાયતોને દબાણો દૂર કરવા પૂરતી નાણાકીય સહાય આપવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી લાલસિંહ વડોદિયા |
| ૨૩. | ૨૫૧૫-અન્ય....કાર્યક્રમો<br>૧૦૨-સમૂહ વિકાસ<br>૦૧-સીડીપી-વિકાસ આયુકત<br>રૂા. ૧,૯૧,૦૦,૦૦૦<br>પા.નં. ૫૯-૬૦ | ૧૦૦ | વિકાસ કમિશ્નર કચેરીના કથળેલા વહીવટને સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી કિરણકુમાર મકવાણા |
| *૨૪. | --"-- | ૧૦૦ | તલાટી / મંત્રીઓને મળતા વધારાના હવાલાઓના કારણે આમ જનતાને પડતી અગવડતાઓ નિવારવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૨૫. | ૨૫૧૫-અન્ય....કાર્યક્રમો<br>૧૦૨-સમૂહ વિકાસ<br>૦૧-સીડીપી-વિકાસ આયુકત<br>રૂા. ૧,૯૧,૦૦,૦૦૦ | ૧૦૦ | તલાટી/મંત્રીઓની ખાલી જગ્યાઓ ભરવામાં થતો વિલંબ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અમિતકુમાર ચાવડા |

| | | | | |
|---|---|---|---|---|
| | પા.નં. ૫૯-૬૦ | | | |
| *૨૬. | --"-- | ૧૦૦ | ફરજ ઉપર સમયસર હાજર ન રહેતા તલાટી/મંત્રીઓ સામે સખતાઈથી પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૨૭. | ૩૦૫૪-માર્ગ પુલ<br>૮૦૦-અન્ય ખર્ચ<br>રૂા. ૪૦,૦૦૦<br>પા.નં. ૭૧ | ૧૦૦ | ગ્રામીણ માર્ગોની સુધારણા માટે પંચાયતોને પૂરતું સહાય અનુદાન આપવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી કુંવરજીભાઈ હળપતિ |
| | | **માગણી નં. ૭૧** | | |
| ૨૮. | ૨૨૧૬-આવાસન<br>૦૩-ગ્રામ ગૃહ નિર્માણ<br>૧૦૨-ભૂમિહીન...જોગવાઈ<br>રૂા. ૬૪,૦૫,૦૧,૦૦૦<br>પા.નં. ૧૬ થી ૧૮ | ૧૦૦ | ઘરથાળના પ્લોટ ફાળવ્યા પછી સમયસર સહાય ચૂકવવામાં થતો વિલંબ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી હીરાભાઈ પટેલ |
| ૨૯. | --"-- | ૧૦૦ | ગ્રામીણ ગરીબો માટે બંધાતા ઘરોની મજબૂતાઈની ચકાસણી કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પરેશભાઈ વસાવા |
| ૩૦. | --"-- | ૧૦૦ | ભૂમિહીનો માટે ઘરથાળના પ્લોટ ફાળવવામાં થતો વિલંબ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી રામસિંહ પરમાર |
| ૩૧. | ૨૨૧૬-આવાસન<br>૦૩-ગ્રામ ગૃહ નિર્માણ<br>૮૦૦-અન્ય ખર્ચ<br>રૂા. ૮૦,૧૨,૩૫,૦૦૦<br>પા.નં. ૨૦-૨૧ | ૧૦૦ | ઈન્દીરા આવાસ યોજના માટે પૂરતી રકમ ફાળવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી મણીભાઈ પટેલ |
| ૩૨. | --"-- | ૧૦૦ | ઈન્દીરા આવાસ યોજનાના લક્ષ્યાંકો પૂર્ણ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પ્રભુભાઈ વસાવા |
| ૩૩. | ૨૫૦૧-ગ્રામીણ...કાર્યક્રમો<br>૦૬-સ્વરોજગાર કાર્યક્રમો<br>૧૦૧-સુવર્ણ....યોજના<br>રૂા. ૧૮,૮૭,૬૬,૦૦૦<br>પા.નં. ૪૦-૪૧ | ૧૦૦ | સુવર્ણ જયંતિ ગ્રામ સ્વરોજગાર યોજનાનો વ્યાપ વધારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બ્રિજરાજસિંહ જાડેજા |
| ૩૪. | --"-- | ૧૦૦ | ધરતીકંપમાં અસરગ્રસ્ત ગ્રામીણ લોકો માટે જીવન નિર્વાહ સુરક્ષા યોજનાના કાર્યક્રમમાં ચાલતી ગેરરીતિઓ નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી રાઘવજીભાઈ પટેલ |
| *૩૫. | ૨૫૦૧-ગ્રામીણ.....કાર્યક્રમ<br>૦૬-સ્વરોજગાર કાર્યક્રમો<br>૮૦૦-અન્ય ખર્ચ<br>૦૨-આરડીડી-૧૭-ગોકુળ...યોજના<br>રૂા. ૨૬,૬૦,૦૦,૦૦૦<br>પા.નં. ૪૨ | ૧૦૦ | ગોકુલ ગ્રામ યોજનામાં ગામોની પસંદગીમાં ચાલતો ભેદભાવ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૩૬. | --"-- | ૧૦૦ | ગોકુલ ગ્રામ યોજનામાં પસંદ થયેલા ગામોમાં વિકાસના કામો ઝડપથી કરાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી પોપટભાઈ જીંજરીયા |
| ૩૭. | ૨૫૦૧-ગ્રામીણ ....કાર્યક્રમો<br>૦૬-સ્વરોજગાર કાર્યક્રમો<br>૮૦૦-અન્ય....ખર્ચ<br>૦૩-ડબલ્યુએસએસ-૩૩-ગ્રામીણ<br>..કાર્યક્રમ (કે.યુ.યો)<br>રૂા. ૩૮,૦૯,૦૦,૦૦૦<br>પા.નં. ૪૩ | ૧૦૦ | ગ્રામીણ સ્વચ્છતા કાર્યક્રમનો અસરકારક અમલ કરાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી વેજલસિંગભાઈ પણદા |
| ૩૮. | --"-- | ૧૦૦ | ગ્રામીણ સ્વચ્છતા કાર્યક્રમને પૂરતુ અનુદાન આપવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી નટવરસિંહ ઠાકોર |
| *૩૯. | ૨૫૦૫-ગ્રામીણ રોજગાર<br>૦૨-ગ્રામીણ...યોજના<br>૧૦૧-રાષ્ટ્રિય...યોજના<br>૦૨-આરડીડી-૨૩રાષ્ટ્રીય...યોજના<br>રૂા. ૧૬,૦૦,૦૦,૦૦૦<br>પા.નં. ૪૯ | ૧૦૦ | રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજનામાં ફાળવેલ રકમનો પૂરતો ઉપયોગ કરવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૪૦. | --"-- | ૧૦૦ | રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજનાની કાર્યવાહીમાં થતો વિલંબ નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી બાવકુભાઈ ઉંધાડ |
| ૪૧. | ૨૫૦૫-ગ્રામીણ રોજગાર<br>૬૦-અન્ય કાર્યક્રમ<br>૭૦૩-ખાસ.....કાર્યક્રમ<br>૦૨-આરડીડી-૧૩-ખાસ...કાર્યક્રમ<br>રૂા. ૩૦,૧૬,૦૦,૦૦૦<br>પા.નં.૪૯ | ૧૦૦ | ખાસ રોજગાર કાર્યક્રમનો વ્યાપ વધારી વધુ રોજગારીની તકો પૂરી પાડવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અશ્વિન કોટવાલ |

*** આ કાપદરખાસ્તો સભાગૃહમાં રજૂ થઈ નથી.**

**અધ્યક્ષશ્રી:** હવે માગણીઓ અને તેના ઉપર રજૂ થયેલી કાપદરખાસ્તો પર ભેગી ચર્ચા કરવામાં આવશે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા (પોરબંદર)** : માનનીય અધ્યક્ષશ્રી, પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ તેમજ અન્ન નાગરિક પુરવઠા અને ગ્રાહકના બાબતોની માગણીઓ જે માનનીય મંત્રીશ્રી લઈને આવ્યા છે, તેમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

પંચાયતી રાજની વ્યવસ્થા સુશાસન માટે અને રોજબરોજની આપણી જીવન શૈલી સાથે સંકળાયેલી બાબતો છે તેનો નિર્ણય લેવા માટે આ વ્યવસ્થા આપવામાં આવી હતી. જો કે ગુજરાત તો આ વ્યવસ્થાની અંદર સમગ્ર દેશની અંદર રાહ બતાવનારું રાજય હતું અને જ્યારે જ્યાં સુધી બંધારણનો ૭૪મો સુધારો ના આવ્યો ત્યાં સુધી પણ આપણી જે પંચાયત રાજની વ્યવસ્થા હતી તે સમગ્ર દેશમાં ઉત્તમ હતી. સ્વ.બળવંતરાય મહેતાએ આ વ્યવસ્થા માટે સમગ્ર દેશને રાહ ચીંધે એ પ્રકારની ભલામણો પણ કરી હતી અને ગુજરાત તે પ્રમાણે આગળ ચાલતું હતું. બંધારણનો ૭૪મો સુધારો લઈ આવ્યાં છે સ્વ.રાજીવ ગાંધી અને તેમણે સમગ્ર દેશમાં આ વ્યવસાય સ્થાનિક સ્વરાજ્યની જે સંસ્થાઓ છે તેને ત્રીજી સરકારનું સ્વરૂપ પણ આપ્યું. પણ મારે દુ:ખ સાથે કહેવું પડે છે કે આજે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની હાલત આપણે ત્યાં કેવી છે. આ સંસ્થાઓને કરપ્સન અને જે રાજનીતિનો અખાડો બનાવી દેવામાં આવ્યો છે. જિલ્લા પંચાયતો, તાલુકા પંચાયતો તેને સ્વતંત્રપણે કામ કરવા દેવું જોઈએ. આપ પણ સાક્ષી રહ્યા છો કે ભૂતકાળની અંદર જિલ્લા પંચાયતનો પ્રમુખ હોય કે તાલુકા પંચાયતનો પ્રમુખ હોય તે હંમેશાં જિલ્લા પંચાયત કે તાલુકા પંચાયતનો વડો હોય છે. પરંતુ આજે પરિસ્થિતિ તેનાથી ઉલટી કરી નાંખવામાં આવી કે આ સાચા વહીવટદાર તો જિલ્લા પંચાયત કે તાલુકા પંચાયતના પ્રમુખના બદલે જિલ્લા વિકાસ અધિકારી કે તાલુકા વિકાસ અધિકારી હોય છે. સમિતિએ લીધેલાં નિર્ણયનો કોઈ નિર્ણય થાય નહીં. હકીકત એ હતી કે આ જિલ્લા પંચાયતો અને તાલુકા પંચાયતોએ સ્થાનિક વિકાસ માટેના નિર્ણયો તેમણે લેવા જોઈતા હતા તેને બદલે તેને રોકવાનું કામ થાય. પણ બીજી તરફ જ્યાં મલાઈ મળતી હોય ત્યાં એવી બાબતો ચોક્કસ બાબતો તેને ત્યાં રાખવા માટેનું પ્રોત્સાહન મળે. એમ કહેવાય છે કે ખાતો નથી અને ખાવા દેતો નથી. પણ કેવી સગવડતાઓ થાય છે કે બિન ખેતીના જે પ્રકરણો મોટા જિલ્લા પંચાયતો તે પ્રકરણો જો તપાસીએ તો જેમ જંત્રીના દર નક્કી છે તે રીતે બિન ખેતીની અંદર અમદાવાદ જિલ્લો હોય, સુરત જિલ્લો હોય, વડોદરા જિલ્લો હોય આ બધા જિલ્લાઓની અંદર તેના દર નક્કી કરેલા છે. તે લેખિત ના હોવા છતાં આ જે બિન ખેતીના દર છે તે બધી જ જગ્યાએ નક્કી કરેલાં છે અને તેમાં માત્ર જિલ્લા પંચાયત પૂરતો ભ્રષ્ટાચાર મર્યાદિત નથી. પણ જે એમ કહે છે કે હું ખાતો નથી અને ખાવા દેતો નથી ત્યાં સુધી આ ભ્રષ્ટાચારની ગંગા પહોંચે છે. એટલા માટે જિલ્લા પંચાયતમાં બીજી જવાબદારીઓ આપી છે એ બીજી જવાબદારીઓ નિભાવવાને બદલે જિલ્લા પંચાયતમાં આ ભ્રષ્ટાચારની ગંગા પોતાના ઘર સુધી કેમ આવે એ ગાંધીનગરથી શરુ કરી અને જિલ્લા પંચાયત સુધી ચાલે છે. આ બધું જ રાજયાશ્રય નીચે ચાલતું રહ્યું છે. જિલ્લા પંચાયતો સારી ચાલતી હોય, પણ એમ થાય કે આ કોંગ્રેસની જિલ્લા પંચાયત છે, તો એને તોડવાના પ્રયાસો થાય. એના સભ્યોને ગમે તેમ કરીને અહીંયા લઈ આવવામાં આવે અને નકલી બહુમતિ કરીને એમ કહે કે જિલ્લા પંચાયત અમે કબજે કરી છે. જે જિલ્લા પંચાયતના સભ્યો કે ચેરમેન પહેલા અસ્પૃશ્ય ગણાતા હોય, પણ જેવું પલ્લું બદલાય, બીજી જગ્યાએ જાય, ભારતીય જનતા પાર્ટીને ટેકો જાહેર કરે એટલે દૂધે ધોયેલા થઈ જાય. આ પ્રકારની જે માનસિકતા છે, એ આપણી પંચાયતી રાજની જે ભાવના છે એની સાથે સુસંગત નથી.

અનેક બાબતના નિર્ણયો કરવા માટે જિલ્લા પંચાયતને એ વિષયો આપી દેવાની વાત કરી હતી. પી.ટી.સી.ની કોલેજો હોય, એ એમને આપવાની વાત હતી. બીજા અનેક વિષયો જિલ્લા પંચાયતને આપવાના હતા એ અપાયા નહીં, પણ જયાં ભાગીદારી જેવું ચાલે એ બધું જ બરાબર ચાલતું હોય. આદિવાસી વિસ્તારોમાં સ્થાનિક નિર્ણય લઈ શકાય એ માટે બંધારણે સુધારો કર્યો, પણ આદિવાસી પટ્ટીમાં કારણ કે આદિવાસી ભાઈઓ છે એ પોતાની જમીનનો નિર્ણય પોતાની જાતે કરી શકે એવી બંધારણમાં વ્યવસ્થા હોવા છતાં એમને એ વ્યવસ્થા આપી નથી.

માનનીય અધ્યક્ષશ્રી, બારમું નાણા પંચ આવ્યું. એમાં જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત, ગ્રામ પંચાયતને જે કેન્દ્રની નિધિના ફંડનો લાભ મળે અને એના કામો સમયસર પૂરાં થાય એ માટે પૂરા અધિકારો એમને આપવાના હતા. એ અધિકારો પણ આડકતરી રીતે રાજય સરકારે લઈ લીધા. આ સરકાર દાવા સાથે એમ કહે છે કે મોટા ઉદ્યોગ ગૃહોને અમે ૧ લાખ હેકટર જમીન આપી છે. કેવી રીતે અપાઈ છે એમાં મારે પડવું નથી. એની ચર્ચા હું વારંવાર કરી ગયો છું, ૧ લાખ હેકટર જમીન એમને અપાઈ, પણ ગામડામાં સો ચોરસ વારનો પ્લોટ ગરીબ માણસ માગે તો એમ કહેવાય કે ગામતળ મંજૂર થયું નથી. અથવા તો ગામતળ જે મંજૂર થયું છે એ ભારતીય જનતા પાર્ટીના કાર્યકરના દબાણમાં છે અને મામલતદાર કહે કે એ દબાણ હું ખાલી કરાવી શકું તેમ નથી. કોઈ એક જગ્યાએ રસ્તો દબાવ્યો હોય, અધિકારો છે, પણ ખાલી ન કરાવાય. ગોચરનું દબાણ થયું હોય, પંચાયત ખાલી કરાવવા માગે અને રાજકીય રીતે અનુકૂળ ન હોય તો એને ખાલી કરાવવાનું ન થાય.

માનનીય અધ્યક્ષશ્રી, કોંગ્રેસનું શાસન હતું ત્યારે લેન્ડ કમિટી દર મહિને મળતી હતી. એ વખતના વીસ મુદ્દા અમલીકરણ સમિતિના ચેરમેન સ્વર્ગસ્થ ઝીણાભાઈ દરજી દર મહિને આ બાબતમાં ડી.ડી.ઓ. અને કલેકટર પાસે રીવ્યુ લેતા હતા કે સો ચોરસ વારના પ્લોટ તમારા ગામમાં કેટલા અપાયા એનો મને હિસાબ આપો. હવે તો આ માનીતા કરોડપતિઓને કેટલા હેકટર જમીન અપાઈ એની મિટિંગો મુખ્યમંત્રીશ્રીના લેવલે અને મુખ્ય સચિવશ્રીના લેવલે થાય છે, પણ કયારેય આના માટે મિટિંગ કરી નથી. કારણ કે એની પાસે ખવડાવવા માટે કશું

નથી. એમની પાસે મુખ્યમંત્રીશ્રીને ફરવા જવા આપવા માટે પ્લેન કે હેલિકોપ્ટરની વ્યવસ્થા નથી. અને એના કારણે (અંતરાય) માનનીય નરોત્તમભાઈ, એમાં કશુ ખોટું કહ્યું નથી. ગરીબ માણસ પાસે મુખ્યમંત્રીને આપવા માટે ન જ હોય.

**અધ્યક્ષશ્રી** : નરોત્તમભાઈ કશું બોલ્યા જ નથી.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : મેં સાંભળ્યુ. એમણે કહ્યું કે મુખ્યમંત્રીનું નામ ન દેવાય. (સતત અંતરાય) તો એમાં કઈ મોટી વાત કરી છે? (સતત અંતરાય)

**શ્રી વજુભાઈ વાળા** : આડકતરી રીતે કહેવું એનો કોઈ અર્થ નથી. (સતત અંતરાય)

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : એ જગજાહેર વાત છે. કે મુખ્યમંત્રીને મોટા ઉદ્યોગગૃહો પ્લેન વાપરવા આપે છે. મારી ખોટી વાત હોય તો સ્પષ્ટતા કરજો. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : શ્રી નરોત્તમભાઈ, શ્રી અર્જુનભાઈ, બેસો, આપ આપના પ્રવચનને વ્યંગ અને આક્ષેપાત્મક બાબતોથી દૂર રાખો તો બહુ સારૂં રહેશે કારણ કે આપ વિષયથી બહુ દૂર જતા રહો છો. આજનો વિષય પંચાયત અંગેનો છે. એટલે જયાંસુધી પંચાયતમાં જયાંસુધી નાના માણસોની વાત આવી ત્યાંસુધી બરાબર હતું, નહીંતર પછી શું થાય કે આ બાજુથી એ કરવાનું શરૂ કરશો તો પછી આ બાજુથી પણ આવે, તો આપણે દિશા નકકી કરી છે એ દિશા તરફ રહો તો વધારે સારું.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું એ વાત કરતો હતો કે આ રાજય સરકાર નકકી કરે કે સો વારના પ્લોટ દરેક ગરીબને આપવા છે તો ૧ લાખ હેકટરની જમીનની જરૂર નથી. એને તો ૩ હજાર હેકટર જમીન હોય તો ગુજરાતના તમામ ગામડાંના લોકોને સો વારનો પ્લોટ મળી શકે તેમ છે, પરંતુ ૧ લાખ હેકટર જમીન એમની પાસે આપવા માટે છે, પરંતુ ૩ હજાર હેકટર આ સરકાર પાસે ગરીબ લોકોને આપવા માટે નથી.

માનનીય અધ્યક્ષશ્રી, રાષ્ટ્રીય ગ્રામીણ બાંહેધરી યોજના છે એમાં ૯૦ ટકા પૈસા કેન્દ્ર સરકાર આપવાની છે. મને માનનીય નાણામંત્રીશ્રીએ ખાતરી આપી છે કે ૮૦ રૂપિયા તો કરીશું જ મીનીમમ વેઈઝ, પરંતુ હું તો એમ કહું છું કે આપણે ઓછામાં ઓછા ૧૦૦ રૂપિયા કરવા જોઈએ અને ૧૦૦ રૂપિયા કરીશું તો આ જે રાષ્ટ્રીય ગ્રામીણ રાજેગારી યોજના છે એ...

**અધ્યક્ષશ્રી** : માનનીય અર્જુનભાઈ, આપ તો સિનિયર માણસ છો, આજની માગણી શ્રમની નથી, આપ પાછા શ્રમ ઉપર ચાલ્યા જાઓ છો (અંતરાય) આ લઘુતમ વેતન ૮૦ રૂપિયાનું એ તો શ્રમની માગણીઓમાં આવે છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : હું આ રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર યોજના નીચે બોલું છું અને તેમાં ૧૦૦ રૂપિયા થાય તો આ યોજનાનો પૂરેપૂરો ઉપયોગ ગુજરાતના જે ખેતમજૂરો અને સામાન્ય છેવાડાના લોકો છે એ કરી શકે તેમ છે, નહીં તો ૫૦ રૂપિયામાં એને રોજગારી ઉપર લઈ આવવાના અને ૫૦ રૂપિયા કોઈ સંજોગોમાં ના મળે તો ૩૦ રૂપિયામાં તો કોણ જવાનું છે અને જો એમ થાય તો મને શ્રધ્ધા અને વિશ્વાસ છે કે આપણા ચેકડેમોનાં કામ કરાવવાનાં છે, જમીન સંરક્ષણનાં કામો કરાવવાનાં છે, ઈન્દિરા આવાસ યોજનાનાં કામ કરાવવાનાં છે એ ચોકકસપણે થઈ શકે અને આ યોજના હેઠળ તો ગુજરાતનાં ગામડાંમાં અત્યારે ગામડાંમાંથી શહેરો તરફ ગતિ થાય છે એને બદલે શહેરોમાંથી રોજી લેવા માટે ગામડાં તરફ ગતિ થાય એવી આ યોજના છે, પરંતુ આપણી અમલીકરણ કરવાની નિષ્ઠા કેટલી છે એના ઉપર આધાર છે. હું ઈચ્છું કે ગુજરાતમાં આ યોજના હેઠળ દરેક ગામમાં જમીન સંરક્ષણ, ચેક ડેમો, ઈન્દિરા આવાસ કે ગ્રામ વિકાસની કોઈપણ યોજના હોય એ તમામ યોજનાઓ આ યોજના મારફતે કેન્દ્ર સરકારના પૈસા લાવીને ગામડાંમાં કોઈપણ માણસ આવાસ વિનાનો ના રહે કે કોઈપણ પાણીનું ટીંપું એ નદી, નાળા કે નાના વાંકળામાંથી વહીને બહાર ના જાય એ આ યોજના દ્વારા એનો ઉપયોગ થાય એ હું ઈચ્છું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં કોંગ્રેસની સરકાર હતી ત્યારે ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડ અને ગુજરાત જમીન વિહોણા મજૂરો અને હળપતિ ગૃહ નિર્માણ બોર્ડ દ્વારા જે હજારો મકાનો બન્યાં હતાં. મારી આપને વિનંતી છે રાજય સરકારને કે કદાચ એકાદ બે ઉત્સવો નહીં થાય તો ચાલશે, એકાદ બે ફોટા ઓછા લાગશે તો ચાલશે, પરંતુ આમાંથી જાહેરાતો અને બીજી જગ્યાએ આ ફોટાઓ છપાવવામાંથી અને ઉત્સવમાંથી જે પૈસા બચે એ બચાવીને આ ગરીબ માણસો માટે ૨૦૦-૫૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ અને ચૂંટણીઓ પણ આવતી નથી તો એ ખર્ચ ઓછો કરીને આ ગરીબ માણસોનાં મકાન બનાવીશું તો આપણને જરૂરથી આર્શીવાદ મળશે.

માનનીય અધ્યક્ષશ્રી નાગરિક પૂરવઠાની વાત કરું તો (સમયસૂચક ઘંટડી) મારે કહેવું છે કે ૨૦૦૬-૦૭ માં અનાજ સહાય માટે રૂા. ૧ ૧૦ કરોડની જોગવાઈ છે અને ૨૦૦૮-૦૯ માં પણ રૂા. ૧૧૦ કરોડની જોગવાઈ કરી છે. બધાની અંદર ઉત્સવ ઉજવવાની અંદર ખૂબ મોટી ફાળવણી કરે છે, પરંતુ ગરીબ માણસોને અનાજ આપવાની યોજનામાં કોઈ વધારો થતો નથી. માનનીય અધ્યક્ષશ્રી, પુરવઠા ખાતું છે તેને એમ કહેવાય છે કે આ ખાતું છે તે "ખાતુ" છે. એ કેરોસીન પણ ખાઈ જાય છે, અનાજ પણ ખાઈ જાય, ઘઉં પણ ખાઈ જાય, અને ગરીબ માણસોને માટે કશું વધવા દેતું નથી. મારી આપને વિનંતી એટલી જ છે કે એક જમાનો હતો કે આ સસ્તા અનાજની દુકાનોએથી સાડી મળતી, સસ્તા કપડા મળતા હતા, તેલ મળતું હતું, હવે બધું જ બંધ થયું છે. અને એકાદ બે

યોજનાઓ ચાલુ રાખી છે. આ વખતે માનનીય નાણા મંત્રીશ્રીએ ખૂબ કર નાખ્યા તેથી ખૂબ નાણા રાજય સરકારને મળવાના છે, અમે ખુશ છીએ, રાજય સરકારને નાણા મળે તેમાં, પણ એમાંથી એકાદ ટીપું આ ગરીબો સુધી પહોંચે તેના માટેની આ નાગરિક પુરવઠા વિભાગ યોજના લઈ આવે અને મોંઘવારીની અંદર તેને મદદરૂપ થવાનો પ્રયાસ કરે તેવી વિનંતી સાથે આ માગણીઓ સાથે હું સંમત થઈ શકતો નથી.

**શ્રી ભરત બારોટ (દરિયાપુર-કાઝીપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, આજે ગ્રામ વિકાસ, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ, સિવિલ સપ્લાયના સંદર્ભમાં જે માગણીઓ લઈને આવ્યા છે તેના અનુસંધાનમાં હું તેને ટેકો આપવા અને મારા વિચારો વ્યકત કરવા માટે ઉભો થયો છું.

ગુજરાત એ મહાત્મા ગાંધીનું ગુજરાત છે. સરદાર પટેલનું છે, દયાનંદ સરસ્વતીનું છે, ગુજરાત સમગ્ર દેશને દિશા ચીધે છે, હું અર્જુનભાઈને બહુ શાંતિથી સાંભળતો હતો. અર્જુનભાઈએ કહ્યું એમ, બળવંતરાય મહેતાએ પંચાયતમાં, અને એના પહેલા પણ આપણે પંચાયતોના સંદર્ભમાં આગેવાની લીધેલી છે. આ દેશ ગામડાંનો બનેલો છે ગામડું સમૃદ્ધ તો દેશ સમૃદ્ધ તેના સંદર્ભમાં અનેક વાર મહાત્મા ગાંધીએ પોતાના વિચારો વ્યકત કર્યા છે. મહાત્મા ગાંધીએ આઝાદી કરતાં પણ ગામડાંની સ્વચ્છતા અને દેશની સ્વચ્છતાના સંદર્ભમાં એવા વિચારો વ્યકત કર્યા છે કે, એમણે એટલે સુધી કહ્યું કે દેશની આઝાદી દસ પંદર વર્ષ મોડી આવે તો ચાલે, પણ આ દેશની અંદર સ્વચ્છતાના સંદર્ભમાં આપણે જાગવું પડે, એમણે એમ કહ્યું કે સ્વચ્છતાના સંદર્ભમાં આ દેશે પશ્ચિમ પાસેથી પદાર્થ પાઠ લેવા પડે, દેશની આઝાદીના ૬૦ વર્ષ થઈ ગયા, કોણે કેટલું રાજ કર્યુ તેની લાંબી ચર્ચામાં હું એટલા માટે નથી પડતો, કારણ કે આ રાજકારણનો વિષય ન રાખવો જોઈએ. નહીંતર પછી આપણે પાછા એ જ વાદ-વિવાદમાં ૬૦ વર્ષ બીજા જતા રહેવાના છે. ૬૦ વર્ષ પછી પણ આ દેશની અંદર ગુજરાતમાં આજે પણ ૫૦ ટકા લોકોને ત્યાં વ્યકિતગત શૌચાલયો નથી, ગ્રામ્ય વિસ્તારના ૬૨ લાખ કુટુંબોમાંથી ૫૦ ટકા કુટુંબોમાં આજે પણ દેશની આઝાદી પછી ૬૦ વર્ષ પછી વ્યકિતગત શૌચાલયો નથી. મળશ્કે, વહેલી સવારે અથવા તો રાતના અંધારા પછી બહેનોને અંધારાનો લાભ લઈને કુદરતની પ્રક્રિયાના સંદર્ભમાં રાહ જોવી પડે તેવી આજે દેશની આઝાદીના ૬૦ વર્ષે પણ પરિસ્થિતિ છે, આ દેશની આઝાદીના ૬૦ વર્ષ થઈ ગયાં, ૨૧મી સદી, પ્રગતિની વાત, ગ્રોથ રેટ ૮ાા ટકા, ૯ ટકા, સેન્સેકસ ૧૨ાા હજાર, ૧૪ ટકા, મોટા મોટા ઉદ્યોગની વાત કરીએ, પણ ગ્રામ્ય વ્સ્તિારની અંદરની જે પાયાની સવલતો છે તેના સંદર્ભમાં કુલ મળીને દેશની આઝાદી પછી ૬૦ વર્ષ પછી આપણે કેટલું કામ કર્યુ છે તેની આ સાબિતી છે. આપણે ગામડાં તરફ કેટલુ દુર્લક્ષ સેવ્યું, ગામડાં તરફથી શહેરી કરણ તરફ જવાની જે પ્રક્રિયા છે તે કેમ ઉભી થઈ તેના પાયાની અંદર ગામડાંના વિકાસના સંદર્ભમાં કેટલું દુર્લક્ષ સેવ્યું છે તેની આ સાબિતી છે. કમનસિબે અમે બધા સત્તા ઉપર બહુ ઓછું રહ્યા છીએ. અમારી બેટીંગ તો હજુ હમણાં આવી છે, હવે ફિલ્ડીંગ ભરવાનો વારો બીજાનો છે, અમે બેટીંગ કરીએ છીએ એટલે ફિલ્ડીંગ વાળાને તકલીફ પડે છે સાહેબ.

**અધ્યક્ષશ્રી** : ભરતભાઈ ખૂબ ઓછો સમય તમારા પક્ષે છે.

**શ્રી ભરત બારોટ** : બાર મિનિટ છે. હું બાર મિનિટમાં પૂરું કરીશ.

**અધ્યક્ષશ્રી** : દસ મિનિટ છે આપની પાસે

**શ્રી ભરત બારોટ** : મને બાર મિનિટ આપી છે.

**અધ્યક્ષશ્રી** : એ આપી છે. પણ એ પ્રમાણે મેં વધેલી મિનિટમાંથી સરવાળો કર્યો એટલે દસ મિનિટ મળે છે.

**શ્રી ભરત બારોટ** : કાંઈ વાંધો નહીં, હું દસ મિનિટમાં પૂરું કરી દઈશ.

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી આપને ૨૮ મિનિટ મળવાની છે.

**શ્રી ભરત બારોટ** : દસ મિનિટમાં મારી વાત પૂરી કરીશ, લાંબી વાત નહિ કરું. સ્વચ્છતાની બાબતમાં ગામડાંના વિકાસના સંદર્ભમાં શિક્ષણ, આરોગ્ય અને ગામડું એમાં રાજકારણ ન લાવતા ગામડાંના વિકાસ માટે ભારતીય જનતા પાર્ટીએ છેલ્લા દસ વર્ષથી વધારે ધ્યાન આપ્યું છે. ધ્યાન આપ્યું એમાં જયોતિગ્રામ યોજના આપી, આ ગામડાંની અંદર ગ્રામ વિકાસના સંદર્ભમાં છેલ્લા ચાર પાંચ વર્ષની અંદર જે વિવિધ વિકાસના કામો કર્યા છે એમાં રાષ્ટ્રીય કક્ષાએ ગ્રામીણ સ્વચ્છતાના સંદર્ભમાં ગયા જ વરસે ૫૭૬ જેટલા ગામોને નિર્મળ ગામ પુરસ્કાર આપવામાં આવેલ છે જે આખા દેશમાં બીજા ક્રમે છે. એના આગળના વરસે પાંચ હતા એની આગળના વરસે એકજ હતું. પરંતુ રાજય સરકારના મુખ્યમંત્રીશ્રીએ પોતાની આગેવાની નીચે ઈનિશીએટીવ કારણે મોરારીબાપુ અને સીધુ જેવા આગેવાનોને સાથે રાખીને આ કામ કર્યુ છે. મોરારીબાપુએ કહ્યું કે મંદિર પછી શૌચાલય પહેલા એવા સંદર્ભની અંદર સમગ્ર ગુજરાતમાં મહાત્મા ગાંધીના ગુજરાતમાં જેણે આઝાદી કરતાં સ્વચ્છતા વધારે અગત્યની ગણી છે. એના આધારે ગુજરાતમાં છેલ્લા બે વર્ષથી નિર્મળ ગુજરાતના સંદર્ભમાં ઝુંબેશ આદરી છે એના પરિણામે આપણું ગુજરાત આખા દેશમાં બીજા ક્રમે બે જ વર્ષમાં પહોંચી ગયું છે. આ વરસે આપણે ૫૭૬ ગામોને બદલે છ હજાર જેટલા ગામોને નિર્મળ ગુજરાત ગ્રામ માટે અરજી કરાવી શકયા છીએ. એના કરતાં પણ વધારે આખે આખા તાલુકાને નિર્મળ તાલુકો બનાવી શકાય એના માટે પુરસ્કૃત કરાવી શકયા છીએ. એટલા માટે રાજકારણમાંના લોકોને આ વિવાદમાં જવાનું ના કહું છું. જન ભાગીદારી વગર અને ધારાસભ્યોની ભાગીદારી એમની જાગૃતિ વગર આ વિધાનસભાને સાથે લઈને જ આ ઝુંબેશ સફળ કરી શકાય. માત્ર રાજય સરકાર માત્ર ધારાસભ્યો આને જન ઝુંબેશ ન બને ત્યાં સુધી સ્વચ્છતાની અંદર દેશની આઝાદીને ૬૦ વર્ષ પછી હજી ૫૦ ટકા લોકોને જ્યાં

વ્યકિતગત સંડાસ આપી શક્યા નથી. એટલા માટે તમામ ચૂંટાયેલા પ્રતિનિધિઓ તથા સરકાર સાથે આ સ્વચ્છતાના અભિયાનમાં જોડાઈ જન ભાગીદારીમાં જોડાય તો ૨૦૧૦ સુધીમાં આ કામ પૂર્ણ થઈ શકે. જ્યારે કેન્દ્ર સરકારે તો ૨૦૧૨ સુધીમાં આ પૂર્ણ કરવાનું કહ્યું છે ગુજરાતની અંદર સ્વચ્છતાના સંદર્ભમાં મહાત્મા ગાંધીની આગેવાની લઈને સમગ્ર ગુજરાતની અંદર એક નવો ચીલો પાડી શકીએ.

છેલ્લા એક વર્ષમાં આ ગુજરાતે બીજી આગેવાની લીધી છે. સ્વ સહાય જૂથો. સેલ્ફ હેલ્પ ગૃપોની અંદર સખી મંડળીઓના સંદર્ભમાં જે ઈનિશીએટીવ લેવામાં આવ્યો છે એ પણ સમગ્ર દેશના સંદર્ભમાં આપણે આગેવાની લીધી છે. અત્યાર સુધીમાં એક લાખ ૪૦ હજાર સ્વ સહાય જૂથો બન્યા હતા, એના સંદર્ભમાં એની સક્રિયતા ઓછી હતી. બહેનોના સશકિતકરણ માટે એમને નેતૃત્વ લઈ શકે એના સંદર્ભમાં ગ્રામ લેવલે માઈક્રો ફાઈનાન્સ કરી શકે, કુલ મળીને બચતનો ટ્રેન્ડ વધે મહિલાનું સશકિતકરણ થાય એના માટે રાજય સરકારે ત્રણ વર્ષમાં કુલ મળીને એક વિશાળ સખી મંડળનું આયોજન કરેલ છે. એમાં પણ રાજકારણ બાજુ ઉપર મૂકીને સમગ્ર ગુજરાતના સંદર્ભમાં મહિલા સશકિતકરણની વાત કરવી હોય તો આપણે બધાએ સાથે મળીને આવતા દિવસોની અંદર, આ વર્ષની અંદર જ્યારે નવી એક લાખ સખી મંડળીઓ બનાવવાની છે એમાં બધા સાથે જોડાય. ગયા વરસે રાજય સરકારે બીજો ઈનિસેટિવ લીધો, ૧૮૫૭ને ૧૫૦ વર્ષ પૂરાં થયાં. કેન્દ્ર સરકાર દ્વારા પણ જે કામ નથી થયું, ૧૮૫૭ના ૧૫૦ વર્ષને જે રીતે ગુજરાત સરકારે યાદ કર્યા નવમી ઑગસ્ટ, ૨૦૦૭ના દિવસે ૧૮૫૭ ઉપર લગભગ ૧૮ મીંડા કરીને કુલ એક કરોડ ૮૫ લાખ ૭૦ હજાર જેટલા વૃક્ષો નવમી ઑગસ્ટના દિવસે એમને યાદ રાખવા માટે નવમી ઑગસ્ટે રોપીને પર્યાવરણની જાળવણીના સંદર્ભમાં પણ રાજય સરકારે ઈનિસેટિવ લીધો.

બી.પી.એલ.ની યાદી માટે ઘણી ચર્ચા ચાલે છે. બી.પી.એલ.ની યાદી બનાવવાની સત્તા કેન્દ્ર સરકાર પાસે છે. ગરીબ કયાં કેટલા છે, ગરીબ કોણ છે એ નક્કી કરવાનું કામ કેન્દ્ર સરકાર કરે છે. આ કેન્દ્ર સરકારે ગુજરાત સરકારના જે ગરીબો હતા જેની સંખ્યા ૨૨ લાખ હતી. તેમના આયોજન પંચે તેમણે નંબર નક્કી કરીને આ ઘ ટાડીને સાડાદસ લાખ કરી દીધા, ૧૧ લાખ કીધા, આપણે વિરોધ કર્યો કે જે ગુજરાતમાં ૫૦ ટકા બક્ષીપંચના લોકો હોય, ૭ ટકા દલિત હોય, ૧૫ ટકા આદિવાસી હોય આટલા ખેતમજૂરો હોય, તમે બી.પી.એલ. અડધા કઈ રીતે કરી શકો છો? અશક્ય છે. આપણે તેનો વિરોધ કર્યો પણ કેન્દ્ર સરકારે સાંભળ્યો નહીં અને એટલા માટે રાજય સરકારે આ ગરીબોને અન્યાય ન થાય એટલા માટે દિલ્હીના ગરીબ સાડાદસ લાખ અને ગુજરાતના બીજાં સાડાદસ લાખ ગરીબ કરીને અતિ ગરીબ અને ગરીબની વ્યાખ્યા અલગ કરીને સાડાબાવીસ લાખ કરતાં વધારે ગરીબોની સંખ્યા આપણે વધારી દીધી. હમણાં એન.આર.ઈ.જી.ની ચર્ચા ચાલી. આ એન.આર.ઈ.જી. યોજના છેલ્લા બે વર્ષથી ચાલે છે. હું અનેકવાર કહી ચૂક્યો છું. આ અર્જુનભાઈ મોઢવાડીયા, તેમની સરકાર હતી, છેલ્લા બે વર્ષથી આખા સૌરાષ્ટ્રમાં એકેય જિલ્લો લીધો નથી. બે-બે વર્ષથી સૌરાષ્ટ્રની ચર્ચા ચાલે છે. એક જિલ્લો છેલ્લા બે વર્ષથી કેન્દ્ર સરકારે સૌરાષ્ટ્રમાં નથી લીધો. (સમયસૂચક ઘંટડી)

**અધ્યક્ષશ્રી** : શ્રી લીલાધરભાઈ.

**શ્રી લીલાધરભાઈ ખો. વાઘેલા (ડીસા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના આદરણીય મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે ત્યારે તે માગણીઓને સમર્થન કરવા અને મારા વિચારો વ્યક્ત કરવા ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ભારત આઝાદ થયું ત્યારે આપણે સૌ કલ્પના કરતા હતા કે હવે આપણે આઝાદ થયા, ઘી-દૂધની નદીઓ વહેશે. આપણે ખૂબ મજા કરીશું. સુખી થઈશું પણ વાસ્તવિકતા કંઈક જુદી હતી. આઝાદી પછી જે પરિસ્થિતિનું નિર્માણ થયું કે આજે પણ આપણે જાણીએ છીએ કે ઘી-દૂધની નદીઓના બદલે આજે આપણને પીવાના પાણીના ફાંફા થઈ ગયા. આઝાદીનો આનંદ માણવાને બદલે ગામડાં કંગાળ પરિસ્થિતિમાં રહેવા માંડ્યા. આઝાદ ભારત એ કંગાળ સ્વરૂપમાં મળ્યું હોય તો પણ તેના વિકાસ માટે લોકશાહી ઢબે આપણે આપણાં દેશનું, આપણે આપણાં વિકાસનું ધ્યાન રાખીને વિકાસ કર્યો હોત તો આ પરિસ્થિતિ ન આવત. ભારત કે ગુજરાત એ માત્ર શહેરોમાં વસેલું નથી. એ તો દેશ ૭ લાખ ગામડાંમાં અને ગુજરાત ૧૮ હજાર ગામડાંમાં વસેલું છે અને જ્યાં સુધી ગામડાંનો યોગ્ય દિશામાં, સાચી દિશામાં વિકાસ ન થાય ત્યાં સુધી આપણો વિકાસ થયો છે એવો દાવો પણ આપણે ન કરી શકીએ અને એટલા માટે હજી આજે પણ આપણાં કેટલાય વિસ્તારો એવા રહ્યા છે કે જે વિકાસથી વંચિત છે. એ વિકાસથી વંચિત વિસ્તારોને માટે જ્યારથી ભારતીય જનતા પાર્ટીનું શાસન આવ્યું તે પછી તેની ચિંતા થવા માંડી. અગાઉ પણ આ દેશના ગરીબો માટે નારા તો લગાવ્યા. 'ગરીબી હટાવો'નો નારો આવ્યો હતો અને એ નારો ચાલ્યો થોડો વખત અને ગરીબી હટવાને બદલે ગરીબો હટી ગયા અને નારો ખોવાઈ ગયો. ત્યાર પછી આજે જે પરિસ્થિતિ છે એ પરિસ્થિતિમાંથી ગુજરાતને અને ગુજરાતના ગરીબોને યોગ્ય દિશા આપીને વિકાસના માર્ગે વાળવાની જવાબદારી સરકારની છે અને એ જવાબદારી આજે સરકારે સુપેરે નિભાવવાનું કામ કર્યું છે. આ જે ગ્રામવિકાસની પ્રવૃત્તિ શરૂ કરી છે આજે ગામડામાં ગામનો વિકાસ કરવો જોઈએ તેના માટે શું કરવું જોઈએ, તેના માટે ચારે બાજુથી જે જે શક્યતાઓ હોય એવી વિવિધ પ્રકારની યોજનાઓ લાવીને પણ ગામડાને ફરીથી માર્ગ આપીને તેને વિકસિત બનાવવું જોઈએ. જેને કારણે ગામડાંના લોકો ગામડાં ભાંગીને શહેરો તરફ જાય છે એ શહેરો તરફ જતા રોકાય અને ગામડાંનો વિકાસ થાય એટલા માટે હું કહીશ કે ગ્રામવિકાસની યોજના એ તો

ગરીબી સામેનું આયોજનપૂર્વકનું યુદ્ધ છે એમ કહીને લોકશાહી માર્ગે આપણે આગળ વધીશું તો મને લાગે છે કે આપણે ગામડાંને દિશા આપી શકીશું અને તેનો વિકાસ થશે.

માનનીય અધ્યક્ષશ્રી, ગ્રામ વિકાસ માટે છેવટે તો ગામડામાં છે કોણ? ગામડાની અંદર ખેડૂતો છે, ગામડાની અંદર ખેત મજૂરો છે, ગ્રામજનો છે. એ ગ્રામજનો આજે ગુજરાતની વસ્તીના પ્રમાણમાં જોઈએ તો ૫.૫ કરોડ લોકોની અંદર આજે ગુજરાતમાં ૨૩ લાખ જેટલા લોકો તો બી.પી.એલ. છે, ગરીબીની રેખા નીચે જીવે છે. એ ગરીબીની રેખા નીચે જીવતા લોકોની સલામતી માટે, એમના વિકાસ માટે જો કોઈ ચિંતા કરવામાં ન આવે તો હિન્દુસ્તાનમાં બીજા રાજયોમાં, એ આંધ્ર હોય કે આસામ હોય એ દિશામાં પરિસ્થિતિ થાય. છેવટે પેટની આગ એ કોઈની સગી થતી નથી અને થવાની પણ નથી. એટલા માટે એવા દિવસો એ રાજયોમાં છે. એનો ગુજરાતમાં અણસાર ન આવે, ગુજરાતમાં એનો ચેપ ન લાગે, ગામડાના ગરીબ લોકોનો વિકાસ થવો જોઈએ અને એ ગરીબ લોકોનો વિકાસ કરવા માટે ભારતીય જનતા પાર્ટીની સરકારે એ દિશામાં આગળ પગલાં ભર્યાં છે. અને એની અંદર કેટલીય યોજનાઓ કરી છે. એની અંદર ખાસ કરીને સ્વર્ણીમ જયંતી ગ્રામ યોજના છે. જૂના વખતમાં ચાર-પાંચ યોજનાઓ હતી એ બધી યોજનાઓનું સંકલન કરીને સ્વર્ણીમ જયંતી ગ્રામ સ્વરોજગાર યોજના દાખલ કરી છે. જેના કારણે ગામડાની અંદર જે લોકો ગરીબી રેખા નીચે છે એનો સરવે કરીને એને બહાર લાવીને, એમનું સંગઠન કરી અને સ્વનિર્ભર જૂથ બનાવી, એમને કામગીરી આપી, એના માટે જરૂર પડે જે સુવિધા આપવા પાત્ર હોય એ સુવિધા આપીને પણ એમને સક્ષમ બનાવી કામ કરતા થાય એ પરિસ્થિતિનું નિર્માણ કરવા માટે આ થઈ રહ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, એ જ રીતે એન.એમ.સપોર્ટીંગ યોજના છે એ સંપૂર્ણ ગ્રામ સ્વરોજગાર યોજના બાજુમાં મૂકવામાં આવી અને એ યોજના દ્વારા ગણતરી કરી કે માત્રને માત્ર જે દિશામાં ગ્રામ સ્વરોજગાર યોજના હતી એની સાથે વધારાનું વેતન અને રોજગારી પૂરી પાડે એના માટેની આ યોજનામાં જો ખામી રહી ગઈ હોય, એના અમલીકરણમાં કમી રહી ગઈ હોય તો એની પૂરક આ યોજના બની આ યોજનામાં કામ કરવામાં આવતું હતું. આ યોજનામાં ૨૦૦૭-૨૦૦૮માં ૯૪૪૮.૩૪ લાખની ફાળવણી સામે રાજય દ્વારા ૧૯૬૮.૭ લાખની ગ્રાન્ટ ફાળવવામાં આવી હતી. ૬૨૭૦.૨૧ લાખનો ખર્ચ પણ એની સામે કરવામાં આવ્યો હતો. એની સાથે ખાસ રોજગારીની યોજના દાખલ કરી અને એ યોજના દ્વારા રાજય સરકારની જે યોજનાઓ છે એમાં ખૂટતી કડી કરવાનું કામ એની અંદર કરવામાં આવ્યું અને આ યોજના માટે ૧૫૦ લાખની જોગવાઈ થયેલ છે. ૨૦૦૮-૦૯માં પણ ૧૫૦ લાખની જોગવાઈ કરવામાં આવેલ છે. આ યોજનાની અંદર એક શ્રમયોગી યોજના છે. શ્રમયોગી યોજના એ ગામડાના ગરીબોની કાયા પલટ કરે એવી યોજના છે અને એ યોજના દરેક ગામમાં, એક ગામમાંથી ૫ એવા ગરીબ, સૌથી ગરીબ હોય એવા ૫ ગરીબોને શ્રમયોગી બનાવવામાં આવતા હતા અને એ પણ ૨.૫ વર્ષની અંદર ગરીબીની રેખાથી ઉપર ઊઠે એ જાતના પ્રયાસો કરવામાં આવતા હતા. દરેકને પાંચ પ્રકારની લોન આપવામાં આવતી, સરકારની ચાલુ યોજના હતી, એમાં ૧૫૦ દિવસની રોજગારીની ગૅરન્ટી આપવામાં આવતી હતી, ૫ ફળાઉ ઝાડ આપવામાં આવતા હતા, આવાસની સગવડ આપવામાં આવતી હતી, કુટુંબના એક સભ્યને કૌશલ્ય સુધારણા તાલીમ અને એક નાનું ઢોર આપવામાં આવતું હતું. એ આપ્યા પછી એની પાસેથી એવી અપેક્ષા હતી કે, ગ્રામ સભામાં એ ફરજિયાત હાજરી આપે, પરિવારના બાળકોને શાળામાં પ્રવેશ કરાવે, પરિવારના બાળકોને રસીકરણ કરાવે અને કુટુંબ નિયોજન અપનાવે અને નશાબંધીમાં માનતો થાય. આ જાતની વાત એની અંદર કરવામાં આવી હતી અને એ થાય તો આવા લોકો ગરીબીની રેખામાંથી બહાર આવી શકે. આ ગામડાની અંદર રહેતા ગરીબોના વિકાસ માટે એની ન્યૂનતમ જરૂરિયાતો છે એ ન્યૂનતમ જરૂરિયાતો પોષવા માટે એને આ પ્રકારની સહાય આપવામાં આવતી હતી.

**અધ્યક્ષશ્રી** : વિરામનો સમય થયો છે. સભાગૃહ સાંજના ૫-૦૦ વાગ્યે ફરી મળશે. આપનું પ્રવચન પૂરું થાય છે.

**વિરામ સાંજના-૪-૩૦થી ૫-૦૦**

**સભાપતિશ્રી શ્રી મહેન્દ્રભાઈ લી. મશરૂ અધ્યક્ષસ્થાને**

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અન્ન નાગરિક પુરવઠા અને ગ્રાહક પંચાયત અને ગ્રામગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના માનનીય મંત્રીશ્રી એમની માગણીઓ લઈને આવ્યા છે એ ઉપર હું મારા વિચારો વ્યકત કરવા માટે ઉપસ્થિત થયો છું. આ રાજય ૧૮હજાર જેવા ગામડાઓમાં વહેચાયેલું છે. ગામડું સમૃદ્ધ તો ગામડામાં રહેવાવાળો વર્ગ સમૃદ્ધ. જો ગામડું સમૃદ્ધ તો આ રાજય સમૃદ્ધ અને રાજય સમૃદ્ધ તો દેશ સમૃદ્ધ. મારે યાદ કરવા જોઈએ પૂર્વ મુખ્યમંત્રીશ્રી કેશુભાઈ પટેલને એમણે ગોકુલ ગ્રામ યોજના દાખલ કરી (અંતરાય) આ લાંબા સમયથી ગૃહમાં બેસવા અમને અમારા વિસ્તારના લોકો મોકલે છે એટલે યાદ તો કરવા જોઈએ, સારું કામ કરે એમને યાદ તો કરવાં જોઈએ. એ જે કામો લઈને આવ્યા પણ ખબર નહીં આ લોકોને ગમ્યું નહીં અને એ હતા ત્યાંથી પણ કાઢ્યા. હું મારી મૂળ વાત કરું. ગામડાના લોકો પણ ધીમે ધીમે જાગૃત થયા છે. એમની જે અપેક્ષાઓ અને આશાઓ છે એમની જે માગણીઓ છે એની ચિંતા ગામડાના લોકો પણ કરતા થયા છે. અને એની સાથેસાથે કેન્દ્ર સહાયીત અનેકવિધ યોજનાઓ આ ગામડાઓના વિકાસ માટે મૂકાણી છે ત્યારે આપણે સૌ ગામડાની ચિંતા કરીએ છીએ. હું જ્યારથી આ હાઉસમાં બેસતો આવ્યો છું ત્યારથી એક વાત હંમેશાં દર વખતે અહીં રજૂ થાય છે અને મૂકાય છે. તલાટી મંત્રી એટલે ગામડાનો કલેક્ટર. લગભગ

આજે (અંતરાય ) ત્યારે તો પૂરતી સંખ્યા હતી, અત્યારે તો ઘણા ગામડા તલાટી મંત્રીને પાંચ પાંચ જૂથ આપવામાં આવ્યા છે. પાંચ પાંચ ગામ આપવામાં આવ્યા છે. પાંચ પાંચ ગ્રામપંચાયતની જવાબદારી એક તલાટી મંત્રીને સોંપવામાં આવી છે. આજે ગામડાની અંદર એ હાજર રહેતા નથી. ગામડાનો વિકાસ થતો નથી એના જે મોટા ભાગે ગ્રામ્ય વિસ્તારના લોકોના જે કામ હોય છે એ કામ ગ્રામ્યકક્ષાએથી થતા નથી. એની સાથેસાથે તાલુકા કક્ષાએ અને જિલ્લા કક્ષાએ અનેક વહિવટી વિભાગની અનેક જગ્યાઓ ખાલી છે. એ જગ્યાઓની વારંવાર રજૂઆતો કરવા છતાં એની જગ્યાઓ ભરાતી નથી અને એના કારણે પંચાયતોનો વહીવટ ધીમેધીમે કથળતો રહ્યો છે. જ્યાં ખાસ કરીને તાલુકા કક્ષાએ જે ગ્રામ વિકાસની યોજનાઓ છે એ યોજનાઓના અમલીકરણ માટેની જે વિભાગ જે કર્મચારીઓ અને અધિકારીઓ સંભાળતા હોય છે એની પણ પૂરતી જગ્યાઓ ભરાયેલી નથી. મારા તાલુકાની અંદર છેલ્લા અઢી વર્ષથી એક પણ વાહન નથી. અમે વારંવાર અહીંયા સરકારની અંદર રજૂઆતો કરી, પણ અમે પંચાયતના ખર્ચે તાલુકા પંચાયતના ખર્ચે વાહન લેવા માગીએ છીએ પણ મળતું નથી. આજે અનેકિવધ યોજનાઓ એ તાલુકાની જે ગુણવત્તા જળવાવી જોઈએ એ અધિકારીઓની સ્થળ મુલાકાત નહીં લેવાને કારણે કામની ગુણવત્તા પણ જળવાતી નથી. મારે મારા વિસ્તારનો એક મુદ્દો છે. જે બારમા નાણાપંચની યોજના દાખલ થઈ એ વખતે ધારાસભ્યોએ એની મેચીંગગ્રાન્ટ આપવાની વાત હતી. અમે કામ સૂચવી દીધા. મેચીંગ ગ્રાન્ટ માટેના કાગળો પણ સૂચવી દીધા પણ આયોજન અને પંચાયત વિભાગના બંનેના સંકલનના અભાવે આ જે મેચીંગ ગ્રાન્ટના કામો છે એની રકમ ચૂકવાતી નથી. ગ્રામમિત્રોની નિમણૂકો થઈ, કેવું શોષણ, હજાર રૂપિયા અને એ કેટલા સમયે આપવામાં આવે કંઈ નક્કી નહીં. એ તો ઠીક, એમને પણ છૂટા કરવામાં આવ્યા. ચૂંટણી પૂરી થઈ એટલે એ વાત ભૂલી ગયા. મારે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીઓ જે કામ કરી રહી છે એના અંદર મોટાભાગની રકમ કેન્દ્ર સરકારમાંથી ગ્રાન્ટ સ્વરૂપે આવે છે અને એમાંય સૌથી વધારે ભ્રષ્ટાચાર થતો હોય તો આ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીઓમાં થાય છે. હરિયાળી ક્રાંતિ કરતાં હોય કે પછી ગ્રામ વિકાસને લગતા એસ.જી.આર.વાય.ના કામો હોય એમાં મોટાભાગનો ભ્રષ્ટાચાર થતો હોય તો એ આમાં થાય છે. હમણાં જ તાજેતરમાં બે દિવસ પહેલા એક બુકમાં જોયું કે બધા વિભાગો કરતાં સૌથી વધારે ભ્રષ્ટાચાર થતો હોય તો પંચાયત વિભાગમાં થાય છે. ભ્રષ્ટાચારમાં અગ્રતાક્રમે પંચાયત વિભાગ રહેલ છે. જ્યારે જે કર્મચારીઓ આની અંદર સંકળાયેલા હોય ત્યારે અવાર નવાર રજૂઆતો કરવા છતાં પગલાં લેવામાં આવતાં નથી. બી.પી.એલ.ની કામગીરી જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા બીજી એજન્સીઓ, એન.જી.ઓ.ને સોંપી દેવામાં આવે છે. સ્થળની ખરાઈ કર્યા વગર, બી.પી.એલ.ની યાદીનો સરવે થયો એના કારણે ખરેખર લાભાર્થીઓ લાભથી વંચિત રહી ગયા છે. મારે ખાસ કરીને જે ગામતળની સમસ્યા છે એ બાબતે જણાવવાનું છે કે, વારંવાર જિલ્લા કક્ષાએ રજૂઆતો કરવામાં આવે, ધારાસભ્યો સંકલનમાં પ્રશ્નો પૂછી શકતા નથી પણ જ્યારે જિલ્લાની સામાન્ય સભામાં જ્યારે પ્રશ્નો પૂછવામાં આવે, ગામતળ નીમ કરવાનો પ્રશ્ન વારંવાર મૂકાય છતાં સમયસર ગામતળ નીમ ન થવાના કારણે આજે ગ્રામ વિસ્તારમાં ખૂબ મોટા પ્રમાણમાં દબાણના પ્રશ્નો ઊભા થયા છે. જો સમયસર ગામતળ નીમ થાય, એની સરળ પદ્ધત્તિ અપનાવવામાં આવે અને નીમ થઈને જરૂરિયાતમંદ બી.પી.એલ.ના લાભાર્થીઓને ૧૦૦ ચોરસવારના પ્લૉટ મળે એ જરૂરી છે. સાથોસાથ જે વેચાતા લેવા માગે છે એને જાહેર હરાજીથી સમયસર પ્લૉટ મળે તો દબાણ કરવા કોઈ ખુશ નથી. સમયસર નહીં થવાના કારણે ગામડાંમાં ગામતળના દબાણો થવાનું મુખ્ય કારણ છે. આથી આ થાય એ ખૂબ જરૂરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કૃષિ મંત્રીશ્રી અને સૌ ઊભા થાય ત્યારે કૃષિ મહોત્સવની ખૂબ બૂમો પાડી પાડીને વાતો કરે છે પણ એની અમલવારી કયાંથી થાય છે? ગ્રામ સેવકો બે-ત્રણ મહિના સુધી જે કૃષિને લગતી, ખેતીને લગતી યોજનાઓ છે એની વાત લઈને ગામડાંમાં જતો જ નથી. ગામડાંમાં ગ્રામ સેવકો મુલાકાત લેતા નથી છતાં એમ કહીએ કે કૃષિ મહોત્સવ ઉજવ્યો. ફક્ત કૃષિ મહોત્સવો ઉજવવાથી પૂર્ણ થતું નથી. એની જે વિવિધ યોજનાઓ છે એ યોજનાનો લાભ નાના માણસ અને ગરીબ ખેડૂત સુધી નહીં પહોંચે ત્યાં સુધી ફક્ત આ યોજનાઓ કાગળ ઉપર જ રહેશે. આ કૃષિ ગ્રામ સેવકો પણ સમયસર ગ્રામ્ય વિસ્તારમાં જાય એ ખૂબ જ જરૂરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું થોડી નાગરિક પુરવઠા વિભાગની પણ વાત કરવા માગું છું. આની પહેલાં પણ વિધાનસભામાં આ પ્રશ્ન ઉપસ્થિત કર્યો હતો. આજે પણ માનનીય મંત્રીશ્રીના ધ્યાન ઉપર મૂકું છું. રૅશનિંગ કાર્ડ અલગ કરવા માટે બાન મૂકવામાં આવે છે અને ક્યાંક થોડા સમય માટે છૂટ આપવામાં આવે તો આ કાર્ડ અલગ કરવામાં આવે છે ત્યારે જે કાર્ડ ધારકનું કાર્ડ બી.પી.એલ. યાદી વાળું હોય એને અલગ કરવામાં આવે તો બન્ને કાર્ડ એ.પી.એલ. યાદીવાળા થઈ જાય. કુટુંબનો સરવે થયા વિના, કુટુંબની સ્થિતિ જાણ્યા વિના. બી.પી.એલ.માંથી એ.પી.એલ. થાય છે એમાં બન્ને કાર્ડ બી.પી.એલ.ના રહે એવી વિનંતી છે. ખાસ કરીને મારે સરકારમાં કઈ રીતનું ચાલે છે એનું એક ઉદાહરણ આપવું છે. રાજકોટ જિલ્લામાં પુરવઠા અધિકારી ખુલ્લેઆમ કહે કે પૈસા હોય તો તમારે બાકીનો કેરોસીનનો જથ્થો અને લાયસન્સ માટે આવવાનું, નહીં તો મારી ઑફિસમાં આવવાનું નહીં. તમારે ફરિયાદ કરવી હોય તો કરી લો. મુખ્યમંત્રી ગમે તે હોય, પુરવઠા મંત્રી ગમે તે હોય, કોઈ મારું કશું કરી શકવાના નથી. એ કોઈને ગાંઠતા નથી. તા. ૯-૧૧-૦૭ના રોજ બે લાખ રૂપિયાની લાંચ લેતા ખુલ્લેઆમ પકડાયા છતાં એના એ જ ટેબલ ઉપર અઢી મહિના સુધી રહ્યા. એમને સસ્પેન્ડ ન કર્યા. નાનો માણસ હોત તો એને સસ્પેન્ડ કરીને કયારનોય ઘર ભેગો કરી દીધો હોત. આવા માણસો હોય એને બરાબરનો પાઠ ભણાવવો જોઈએ. એની સામે

પગલાં લેવા જોઈએ. જે અલગ કાર્ડ થયા છે એ કાર્ડ ઉપર કેરોસીનનો જથ્થો આપવામાં આવતો નથી. કેરોસીનનો જથ્થો જે કાંઈ નોર્મ્સ નક્કી થાય એ પ્રમાણે કેરોસીનનો જથ્થો આપવામાં આવે એવી મારી આ તકે વિનંતી છે.

**શ્રી દિલીપસિંહ વ. પરમાર (મોડાસા)** : માનનીય અધ્યક્ષશ્રી, પંચાયત મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે તેને સમર્થન આપવા તથા મારા વિચારો વ્યકત કરવા ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે સૌ સારી રીતે જાણીએ છીએ કે જ્યારથી ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી અને માનનીય મુખ્યમંત્રી તરીકે નરેન્દ્ર મોદી આવ્યા ત્યારથી સમરસ યોજના દાખલ થઈ. એટલે કે આપણે ગ્રામ પંચાયતની અંદર જે ચૂંટણીઓ થાય એ બિનહરીફ રીતે થાય અને આપણે સૌ જાણીએ છીએ કે અગાઉના સમયે અને અત્યારે પણ જે જે ગામની અંદર ચૂંટણીઓ થઈ છે તેમાં ઘણી બધી મારામારી થાય છે અને પોલીસ કેસ થાય છે. થોડા દિવસ પહેલા ચૂંટણીઓ થઈ એની અંદર જીત્યા પછી જ્યારે ગામની અંદરથી સરઘસ નીકળે છે, ત્યારે વિરોધપક્ષના વ્યકિતઓ ત્યાં આગળ હતા અને એમણે હુમલો કર્યો અને એમાં એક વ્યકિતનું ખૂન થયું. આ સમરસ ગ્રામપંચાયતની યોજના ઘણી સફળ થઈ છે. પરંતુ એની અંદર કેટલીક ટૅક્નીકલ મુશ્કેલીઓ છે એ હું અત્યારે રજૂ કરવા માગું છું. મારા મોડાસા વિસ્તારની અંદર કિશોરપુરા ગ્રામ પંચાયત છે. આ અગાઉ પણ મેં વિધાનસભામાં આ બાબતની રજૂઆત કરી હતી કે ગ્રામ પંચાયતની અંદર અનુસૂચિત જનજાતિનો એક પણ મતદાર નથી તે છતાં અનુસૂચિત જનજાતિના સભ્યની જગ્યા ખાલી ગણાય છે. ખરેખર ત્યાં સરપંચની બિનહરીફ ચૂંટણી થઈ છે, સભ્યો બિનહરીફ ચૂંટાયા છે. પરંતુ એ જગ્યા ખાલી હોવાના કારણે સમરસ જાહેર થઈ શકી નથી અને એ સમરસ તરીકેનું અનુદાન મળ્યું નથી.

માનનીય અધ્યક્ષશ્રી, ગોકુળ ગ્રામ યોજના અને આદર્શ ગ્રામ યોજના ૧૯૯૫માં શરૂ થઈ અને ૨૦૦૦માં પૂરી થઈ. પરંતુ ૨૦૦૦-૨૦૦૧ની અંદર દરેક ગામને પાંચ લાખ રૂપિયા આપવાનું નક્કી કર્યુ છે. પરંતુ હજુ સુધી મોડાસા તાલુકાને ૨૨ લાખ રૂપિયા આપવાના બાકી છે અને ધનસુરા તાલુકાના ૧૯ લાખ રૂપિયાની ગ્રાન્ટ મળવાની બાકી છે. સરદાર આવાસ યોજના, ઈન્દિરા આવાસ યોજના, આંબેડકર આવાસ યોજના, દીનદયાળ આવાસ યોજના આવી કોઈપણ આવાસ યોજના હોય એમાં કોઈપણ લાભાર્થી પોતાનું મકાન બનાવે ત્યારે એ મકાનની એક નિશ્ચિત કિંમત નક્કી થઈ જાય છે કે આ મકાનની કિંમત ચાલીસ હજાર રૂપિયા. હવે આપણે જાણીએ છીએ કે આપણાં ગામની અંદર જ્યારે આકારણી થાય છે એ ગ્રામ પંચાયત નક્કી કરતી હોય છે અને આકારણી જે ગ્રામપંચાયતના સરપંચ અને સભ્યોને અનુકૂળ આવે તે પ્રમાણે નક્કી કરતા હોય છે. એટલે બીજા બધા મકાનો ભલે ગમે તેટલા મોટા હોય, પરંતુ તેની આકારણી ઓછી હોય ત્યારે આ નિશ્ચિત રકમ સરકારે નક્કી કરેલ હોવાના લીધે ગરીબ વ્યકિત પાંચસો રૂપિયા પંચાયત વેરો છે એ જે તે ગ્રામ પંચાયત લે છે એમાં પણ સરકાર વિચારણા કરે અને પાંચસો રૂપિયા ગરીબ વ્યકિત ના ભરી શકે તો એ બિલકુલ માફ કરવા જોઈએ અથવા તો બિલકુલ ઓછી રકમ લેવી જોઈએ તેવી મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે. અત્યારે જે આપણે મકાન બનાવીએ છીએ એમાં આપણને ફકત ૩૬,૦૦૦ રૂપિયા જ મળે છે. પરંતુ આપણે સૌ જાણીએ છીએ કે આ યોજના દાખલ થઈ ગયા પછી અત્યારના સંજોગોની અંદર એના એસ.ઓ.આર. વધ્યા છે. સિમેન્ટ, લોખંડના ભાવ એટલા બધા વધ્યા છે જેથી આની રકમ વધારવી જોઈએ તો જ એ વ્યકિત પોતાનું મકાન પૂર્ણ કરી શકે. સરકારે બધા મકાનો મંજૂર કર્યા. પરંતુ આપણે સૌ જાણીએ છીએ કે છેલ્લા એક-બે વર્ષની અંદર આ મકાનો પૂર્ણ થતા નથી.

માનનીય અધ્યક્ષશ્રી, ગોકુળ ગ્રામ યોજનાની અંદર અમુક મકાનો જે બનાવવાના હોય છે આંગણવાડી જેવા એ રિલાયન્સ કંપનીને આપીએ છીએ તો એ આ મકાનો જલદી પૂર્ણ કરતી નથી એ મકાનો જલદી પૂર્ણ કરે અથવા તો જે તે ગ્રામ પંચાયતને આ કામ આપી દે તો જલદી પુરા થઈ શકે. જ્યારથી પંચાયતી રાજ અસતિત્વમાં આવ્યું છે ત્યારથી જિલ્લા પંચાયત, ગ્રામ પંચાયત અથવા નવી ગ્રામ પંચાયત જે અસ્તીત્વમાં આવે તો આ નવી ગ્રામ પંચાયતને પોતાનું જે મહેકમ મંજૂર થયું નથી. આ મહેકમ મંજૂર કરવાની પણ મારી પંચાયત મંત્રીશ્રીને વિનંતી છે. ૨૦૦૨-૦૩ માં મારા મોડાસા તાલુકાની અંદર સરદાર આવાસ યોજનામાં ૨૧૦ મકાનોના વર્કઓર્ડર મળ્યાં. પરંતુ તે પછી ટારગેટ ૧૮૦ કરવામાં આવ્યો ત્યારે ખરેખર ૨૧૦ ના જે પૈસા આપવાના આવે તે ૧૮૦ ના ૩૬,૦૦૦ પ્રમાણે મળ્યા તો આ જે તફાવત છે એ તફાવત આપવાની માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું. ઈન્દિરા આવાસ યોજનામાં આ રીતે જી.આર. થઈ ગયો છે તો સરદાર આવાસ યોજનામાં આવો જી.આર. કરવા માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું. મારા મત વિસ્તારની અંદર ગ્રામ ગૃહ નિમાર્ણ બોર્ડના ચારસો મકાનો ૨૫ વર્ષ પહેલા બન્યા હતા. આ મકાનોની અંદર પચાસ હજાર થવાના લીધે એની અંદર જે લાભાર્થી હોય છે એ છે એ રહી શકતા નથી તો આ મકાનો અશંતઃ નુકસાનવાળા અથવા બિલકુલ નુકસાનવાળા છે એમાં રહી શકે તેવા નથી તો અપસેટ કિંમત નક્કી કરીને જે તે મૂળ લાભાર્થીને આપવા મારી મંત્રીશ્રીને વિનંતી છાાનનીય અધ્યક્ષશ્રી, ગામતળની અંદર હરાજીથી પ્લોટ વેચીએ છીએ તો હરાજીના પ્લોટની જે કિંમત આવે છે એ સરકારમાં જમા કરીએ છીએ અને પાછી લેવામાં ઘણી તકલીફ પડે છે તો તે માટે પણ માનનીય મંત્રીશ્રી કરે એવી મારી વિનંતી છે. માનનીય મંત્રીશ્રી જે માગણી લઈને આવ્યા છે તેમાં મારું સમર્થન છે.

**શ્રી આત્મારામ મ. પરમાર (ગઢડા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણી લઈને આવ્યા છે એના સમર્થનમાં મારા વિચારો હું વ્યકત કરું છું. દેશ આઝાદ થયો. ૬૦ જેવાં વર્ષો વીતી ગયાં. કોઈપણ બિલ્ડીંગનું નિર્માણ કરીએ ત્યારે એનો પાયો કયા પ્રકારે નખાય છે એના ઉપર આ બિલ્ડીંગનો આધાર હોય છે. દેશ

આઝાદ થયો એટલે આપણા સૌને માટે ખુશીનો દિવસ અને સારો દિવસ એમ કહી શકાય. સારો સમય. પણ એ સારા સમયમાં એક ખરાબ નિર્ણય લેવાઈ ગયો અને કોંગ્રેસની વર્કિંગ કમિટીના બહુમતી સભ્યો માનનીય સરદાર વલ્લભભાઈ પટેલને વડાપ્રધાન બનાવવા જોઈએ એવી માગણી કરતા હતા પણ એ ગુજરાતની કમનસીબી અને દેશની પણ કમનસીબી કે સારા સમયનો ખરાબ નિર્ણય એટલે પટેલને બદલે પંડિત. સરદાર વલ્લભભાઈ પટેલની જગ્યાએ પંડિત જવાહરલાલ નહેરુ (અંતરાય) સાહેબ, એના પર જ આવું છું. અને એના પરિણામે જે વિકાસની ગાડી ગામડાં તરફ જવી જોઈએ એને બદલે ઊંધી દિશામાં પલટાઈ. જો સરદાર વલ્લભભાઈ પટેલ આ દેશના વડાપ્રધાન બન્યા હોત તો એ ગામડાંનું સંતાન હતું, કિસાન પુત્ર હતો, ખેડૂત પુત્ર હતો, ધરતી પુત્ર હતો અને તો ગામડાંના વિકાસની પ્રક્રિયા શરૂ થાત પણ કમનસીબી આ દેશની મેં કહ્યું તે પ્રમાણે કે પાશેરામાં પહેલી પૂણીની શરૂઆત આ રીતે થઈ. શરૂઆતના કોળીયે માખી આવી ગઈ. આ પ્રકારની પરિસ્થિતિમાં એ પરિસ્થિતિ પેદા થઈ ગામડાંના કિસાનોની અવદશા થઈ અને પરિણામે પરિસ્થિતિ એવી પેદા થઈ કે પી.એલ.૪૮૦ હેઠળ અમેરિકાથી લાલ ઘઉં મંગાવવા પડયા. આ દેશમાં મોંઘવારી વધી ગઈ, ભ્રષ્ટાચારે માઝા મૂકી. ફુગાવો વધી ગયો અને પરિણામે કોંગ્રેસના શાસનની સામે જબરજસ્ત ગામડાંનો ખેડૂત બિચારો બની ગયો સાહેબ. જગતનો તાત, જગતનો પિતા ખેડૂત બિચારો બની ગયો. એ પ્રકારની પરિસ્થિતિ કોંગ્રેસના શાસનમાં થઈ અને જે રીતે પાપનો ઘડો ફુટે અને આ બિચારા ખેડૂતના દિકરાઓએ આ સરકારની સામે આંદોલન શરૂ કર્યું, ભ્રષ્ટાચાર વિરોધી આંદોલન શરૂ થયું, સરકાર જાય એવી પરિસ્થિતિ પેદા થઈ. સરકાર બચાવવા માટે ફરીથી એક ખરાબ સમયમાં બીજો ખરાબ નિર્ણય લેવાયો ઈમરજન્સી નાખવાનો(અંતરાય)માનનીય અધ્યક્ષશ્રી, માગણી પર જ આવું છું સાહેબ. હું માગણી પર એટલા માટે આવું છું ત્યારપછી સરકાર બદલાઈ(અંતરાય)મારી વાત સાંભળો સાહેબ, સરકાર બદલાઈ અને પછીથી જે બિનકોંગી સરકાર આવી. માનનીય શકિતસિંહજી, સાંભળવાની તૈયારી રાખજો.

**સભાપતિશ્રી** : આત્મારામભાઈ, પૂર્વભૂમિકા બંધાઈ ગઈ હોય તો મુદ્દા ઉપર આવી જાવ. એક મિનિટ બાકી છે.

**શ્રી આત્મારામ મ. પરમાર** : હું એ જ વાત કહું છું ત્યારપછી જે બિન કોંગી સરકાર આવી. આ બિન કોંગી સરકારે ગામડાંઓના વિકાસની પ્રક્રિયા શરૂ કરી.• (xxxx) (xxxx) (xxxx) (xxxx) (અંતરાય)

## પોઈન્ટ ઓફ ઓર્ડર

### અસંસદીય શબ્દો અંગે

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઈન્ટ ઓફ ઓર્ડર છે. આજે જે માગણી છે એ નાગરિક પૂરવઠા અને પંચાયત વિભાગ ઉપર છે અને જો આવા શબ્દો બોલવાના હશે તો (xxxx) (xxxx) (xxxx) (xxxx) અમે બોલીશું. આ બધું જ આવશે.

**સભાપતિશ્રી** : બિન સંસદીય શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવે છે. તમે માગણી ઉપર આવી જાવ.

**શ્રી આત્મારામ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, હું એના ઉપર જ આવું છું સાહેબ. પરિસ્થિતિ એવી થઈ કે ગામડાંના વિકાસની ખરી દિશા બિનકોંગી શાસનમાં શરૂ થઈ અને ગુજરાતમાં પહેલીવાર ગોકુળ ગામ યોજના અમલમાં મુકાઈ અને ગામડાંઓને સત્તા આપવાની શરૂઆત થઈ અને એ રીતે ગામડાંના વિકાસની શરૂ થયેલી પ્રક્રિયા આજે ચાલુ રહી છે.

**શ્રી જગદીશ ઠાકોર (દહેગામ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે, એના ઉપર મારા વિચારો વ્યક્ત કરું છું. મારા વિદ્વાન સભ્ય આત્મારામભાઈ એ એમના આત્માના અવાજ સાથે માગણી ઉપર બોલતા હતા. એમના આત્માનો અવાજ ગમે એટલો હોય, પણ જે લખીને આપ્યું હોય તે બોલવું પડતું હોય, એટલે માગણીઓ કયા વિભાગની શું એ સમજ્યા વગર બોલવાનું ચાલુ રાખ્યું. આપે ના પાડી તો પણ કહ્યું કે શું બોલવું એ મારે નક્કી કરવાનું છે, એટલે એવા ધારાસભ્યશ્રીને અભિનંદન આપું છું.

**(અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને )**

**અધ્યક્ષશ્રી** : પણ એના ઉદાહરણ ન લેવા.

**શ્રી જગદીશભાઈ મો. ઠાકોર** : તલાટી, ગ્રામ સેવક કે અન્ય સ્ટાફની ઘટ છે તે વહેલામાં વહેલી તકે પુરાય તેવી માનનીય મંત્રીશ્રીને આપના દ્વારા વિનંતી કરું છું. મારા સાથી મિત્ર કુંવરજીભાઈએ ખૂબ સારી વાત કરી. મારા દહેગામ તાલુકામાં એક તલાટી પાસે ૫ પંચાયત અને ૭ પરાંઓનો વિસ્તાર છે. ૫ વર્ષ અગાઉ અને આજે પણ તલાટીની બૂમ એટલી ને એટલી જ છે. એક તલાટી પાસે ૫ પંચાયત અને ૭-૮ પરાનો વિસ્તાર આવતો હોય અને એની પાસે બધા જ ગામમાં ગ્રામસભા બોલાવવી, ઠરાવો કરવા એવી જે કઈ કામગીરી કરવાની આવે તેમાં તલાટીની સૌથી પહેલી જરૂરિયાત પડે, ત્યારે આ ગામનો વિકાસ કયાં થઈ શકે? એની સામે અમારો સિટી તાલુકો અને ગાંધીનગર તાલુકાના કેટલાક ગામો એવા છે કે ત્યાં તલાટીના બદલી માટેના ભાવો બોલાય છે. તે કહેવાય એવા નથી. આ કેમ ભાવો બદલીના બોલાય છે? ભાવ બોલાવવાની શી જરૂરિયાત છે? એ તલાટી પાસેથી ગામવાઈઝ ભાવો નક્કી થયા છે. ખેડૂતનો દાખલો લેવાના હોય તો ફલાણા ગામમાંથી આટલા રૂપિયા, ફલાણામાં

---

• (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

એન્ટ્રી કરવાની હોય તો ફલાણી વ્યક્તિ પાસેથી આટલા લાખ રૂપિયા લેવાના. અને એના હિસાબે તલાટીની બદલીના ભાવો બોલાતા હોય છે. જે ગામના વિકાસની વાત અહીંયાં આવે છે. ગામના વિકાસમાં ગ્રામ વિકાસ એજન્સી પાસે ખૂબ મોટા પ્રમાણમાં ફંડ આવે છે. મારા દહેગામ તાલુકામાં લીલી હરિયાળી ક્રાંતિના ૫ વર્ષ પહેલા ૫ કરોડ રૂપિયાનો પ્રોજેક્ટ આવ્યો. સરપંચ અને સરકારી અધિકારીની સહી સાથે જોઈન્ટ ખાતું ખોલાવવામાં આખા તાલુકામાં ૩ વર્ષ ગયા. ખાલી ખાતું ખોલાવવામાં ૩ વર્ષ ગયા. એક એન.જી.ઓ.ને કામ સોંપવામાં આવ્યું. તમે જે ગામોનો સમાવેશ કર્યો છે, તે ગામને કયાં લઈ જવું અને શું કામ કરવું તેનો સરવે તૈયાર કરો. એને પૈસા આપ્યા. કામ ન થયું. ૧૨ મહિનામાં કેટલીય એજન્સીઓ બદલાઈ જાય, પૈસા લઈ જાય અને કામ ન થાય. એજન્સીઓને બદલવામાં આવે. આજે પણ છઠ્ઠા વર્ષે પણ આ ભારત સરકારના ૫ કરોડ રૂપિયા મારા તાલુકામાં નક્કી કરેલી ગાઈડલાઈન મુજબ વપરાયા નથી. આ આપણી ગ્રામ વિકાસ માટેની ભાવના છે. સમતોલ વિકાસની વાત આવે છે. સુંદર ગામડું કરવાની વાત આવે, એટલે નક્કી કરેલ ગામોને જ લેવા. ગામમાં ગટરો કરવાની વ્યવસ્થા આવે તો પાછા એના એ જ ગામો લેવા, પીવાના પાણીના બોરની વ્યવસ્થા કરવાનું વર્ષ ઊજવાય તો એના એ જ ગામમાં એક બોર હોય તો બે કરો. રોડ, રસ્તા અને માર્ગનું કામ લેવાય તો એના એ જ ગામોમાં એના એ જ માર્ગ ઉપર માત્ર ખર્ચ કરો. માત્ર એક તાલુકામાં ૧૦૦ ગામો હોય તો ૪૦ ગામોનો વિકાસ થાય છે અને ૬૦ ગામોની દુર્દશા આજે પણ એની એ જ છે. મારો વ્યક્તિગત દાખલો આપું. ૩ વર્ષમાં અમે જોયું. અમારા તાલુકામાં ૯૪ પંચાયતો, ૭૦ પરામાંથી કેટલા વિસ્તારમાં અમે શું ફંડ લાવી શક્યા, મૂકી શક્યા. તાલુકા, જિલ્લાની રાજયની કેટલી ગ્રાન્ટો લાવી શક્યા. તો ૬૦ ટકા ગામમાં માત્ર વિકાસની વાત પહોંચાડી શક્યા, ૪૦ ટકા ગામોમાં એ ન કરી શક્યા. કારણ જ્યાં બોલકા લોકો છે, જ્યાં વાતને લઈ જવાવાળા લોકો છે. એક ચોકડી બની છે, એ લઈ જઈ અને વિકાસ માત્ર નિર્ધારિત કરેલ ગામ સિવાય કયાંય વિકાસ થતો નથી. તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત લોકશાહી ઢબે ચૂંટાય છે. માનનીય અધ્યક્ષશ્રી, બને છે શું? આજે રાજયમાં બનતા બનાવો જિલ્લામાં આવ્યા છે. જિલ્લાની રાજકીય કિન્નાખોરી તાલુકામાં આવી અને તાલુકાની રાજકીય કિન્નાખોરી ગામડામાં આવી. એક ગામમાં એક-બે વિસ્તારો મત ન આપે એટલે પાણીની પાઈપલાઈન નાંખી હોય તો બાર-બાર મહિના સુધી પીવાનું પાણી ચાલુ થતું નથી. કારણકે તેઓએ મત નથી આપ્યા. અમે આવા પ્રશ્નો સંકલનમાં ડી.ડી.ઓ.ને કહીને થાકીએ, કલેકટરશ્રીને વિનંતી કરીને થાકીએ અને સંકલનમાં સવાલો પૂછીએ ત્યારે જવાબ આપવામાં આવે કે અઠવાડિયામાં અમે કામ પૂરું કરીશું. માત્ર મત ન આપ્યા એટલે પીવાનું પાણી ન આપવું આ માનસિકતા સાથે આપણે પંચાયતી રાજ ચલાવવું છે આપણે? આ દૂષણ જે પંચાયત સુધી પહોંચ્યા છે તેના ઉપર ક્યાંકને ક્યાંક આપણે કંટ્રોલ કરવો પડશે.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયાં વિધાનસભામાં સોગંદવિધી કરી એના એક કે બે દિવસમાં પક્ષ પલટા વિરોધી કાયદાનું અમને લિટરેચર મળ્યું. જે પક્ષના બૅનર ઉપર જે વ્યકિત ચૂંટાય તે પક્ષને તે સંસ્થાને વફાદાર રહેવાના સોગંદ પ્રજા લેવડાવતી હોય છે અને તેને મત આપીને જીતાડતા હોય છે. ગાંધીનગર જિલ્લા પંચાયતમાં ચાર સભ્યો કૉન્ગ્રેસ પક્ષ છોડીને જાય, જાય તેને કદાચ ન સચવાયા હોય તો જાય. સામાન્ય સભા બોલાવવા માટે પ્રમુખશ્રી સક્ષમ ઓથોરીટી એ મિટિંગ બોલાવે, ભાજપના તમામ જિલ્લા પંચાયતના સભ્યો નામદાર હાઈકોર્ટમાં કેવીયેટ દાખલ કરે કે સામાન્ય સભા થવી જોઈએ. જિલ્લા પંચાયતના પ્રમુખ અને જિલ્લા કૉન્ગ્રેસ સમિતિના પંચાયતના સભ્યો એમ કહે કે સામાન્ય સભા થવી જોઈએ પણ હાઈકોર્ટનો એક ઑર્ડર આવે કે આ ચાર કૉન્ગ્રેસના જે સભ્યો હતા તે પક્ષ પલટો કરીને ભાજપમાં ગયા છે એટલે સામાન્ય સભામાં આ ચાર પક્ષ પલટુઓને પ્રવેશ આપવા દેવામાં નહીં આવે એવી બે બૅન્ચની વડી અદાલત નિર્ણય લે અને બધાની સંમતિ હોય ભાજપ કૉન્ગ્રેસના અને છતાં પણ વિકાસ કમિશ્નર સાહેબ આ સામાન્ય સભા રદ કરે. આ વહીવટ છે આપણો. એ જ વહીવટથી બનાવો શું બનશે? પૈસાની લેવડ દેવડમાં રાજકારણ પૈસા લેતા લોકોને પ્રોત્સાહન મળશે. બંને બાજુ એક બાજુ જ આવા બનાવો બનશે એમ નથી કહેતો. તાલુકા પંચાયત હોય કે જિલ્લા પંચાયત હોય જે શાસન કરવાનું છે, ગ્રામ્ય પ્રજાની વિટંબણાઓ દૂર કરવાની છે ત્યાં ભ્રષ્ટાચાર ફેલાશે અને તે ફેલાતા ભ્રષ્ટાચારને પોષવાનું બંધ નહીં કરીએ તો આવતા દિવસોમાં પંચાયતના જે બનાવો બનશે તેને આપણે કંટ્રોલ નહીં કરી શકીએ.

**શ્રી મોહનભાઈ ક. કુંડારિયા (ટંકારા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણી ક્રમાંક-૨૨, ૨૩, ૭૦ અને ૭૧ લઈને આવ્યા છે તેમાં સૂર પૂરાવવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગાંધીજીની એક કલ્પના હતી ગ્રામ સ્વરાજ. જ્યારે આપણો દેશ આઝાદ થયો ત્યારે ગામડાની અંદર ગ્રામ પંચાયતની પરિષદ મળતી. ગામડાના કોઈપણ પ્રશ્નનો પંચાયત ઉકેલ કરી શકતી હતી. આ કલ્પના મુજબના ગામડાની અંદર ગ્રામ પંચાયતો ચાલતી હતી. ત્યારપછી ગુજરાતની ગ્રામ પંચાયતની અંદર કૉન્ગ્રેસની ખરાબ નીતિના કારણે ગામડામાં ભાગલા પાડીને રાજનીતિ કરવાની કૂટ નીતિ આવી તેના કારણે ગ્રામ પંચાયતોની ચૂંટણી થવા માંડી અને આ ચૂંટણીના આના કારણે ગામડાની અંદર વેરઝેરના બીજ રોપાણા. આના કારણે ગામડાની અંદર કજિયા, કંકાસ અને કેસો ઉભા થવા માંડયા. ત્યારપછી ખરા અર્થમાં આ ભારતીય જનતા પાર્ટીની સરકારે સમરસ ગ્રામ યોજના લાવી ખરી સ્વરાજ ગ્રામની યોજના હતી તેને સાકાર કરવા માટે ભારતીય જનતા પાર્ટીની સરકારે પ્રયત્નો કર્યા. ગામડાના સમતોલ વિકાસ માટે આ ભારતીય જનતા પાર્ટીની સરકારે સમરસ ગામની યોજના દ્વારા પાંચ હજારની વસ્તીમાં ૬૦ હજાર રૂપિયા અને એથી વધારે વસ્તીમાં એક લાખ રૂપિયા

જાહેર કર્યા. ત્યારપછી રાજય સરકારે ગામડાને પ્રોત્સાહિત કરવા માટે આ યોજનામાં ૨૫ ટકાનો વધારો કરી ૬૦ હજારવાળા એક લાખ કર્યા અને એક લાખના દોઢ લાખ રૂપિયા કર્યા . ત્યારપછી પાછો વધારો કરવામાં આવ્યો. ગામડાની અંદર આના કારણે જે ગામડાના સમૂહમાં જે ગામની અતિ મહત્વની વિકાસ કરવાની જે યોજનાઓ હોય ગામના લોકો સમરસમાં ભેગા થાય અને ગામનો વધુ વિકાસ કેમ થાય, કઈ યોજનાઓની ગામમાં જરૂર છે એના માટેના પ્રયત્નો ગામ સમરસમાં ભેગા થઈ કરે છે. મારે ખાસ એ કહેવું છે કે, આ સમરસ યોજના પછી ખાસ કરીને ગામડાંની અંદર ડીસેમ્બર, ૨૦૦૬માં ૪૧ ગ્રામ પંચાયતોની અંદર આખી બોડી બૅનોની ચૂંટાણી, સમરસ, ગામડાના લોકોએ નિર્ધાર કર્યો કે ગામડાના વિકાસમાં બેનો જે કામ લગન અને ધગશથી કરે છે તો બેનોને પ્રોત્સાહિત કરવા માટે ૪૧ ગ્રામ પંચાયતો સો ટકા બોડી બેનોની ચૂંટાણી અને સમરસ ગામ બન્યાં, આ યોજનાની અંદર સરકારે ૨૦૦૭-૦૮માં ૫૪૩.૪૧ કરોડની યોજનાની સામે આ સાલમાં ૬૮૧ કરોડ રૂપિયા એટલે કે ૨૫ ટકા વધારાનું બજૅટ ફાળવ્યું, ગામડાના સમતોલ વિકાસ માટે આ રાજય સરકારે પ્રયત્નો કર્યા છે, અમને ખબર છે કે ૧૯૮૫માં એક ગામના સરપંચે એની પાંચ વર્ષની ટર્મ પૂરી થવા આવી તો પણ એના ગામમાં શાળાનો ઓરડો કરવા માટે સરપંચશ્રીએ પાંચ વર્ષ પ્રયત્ન કર્યા પણ એક શાળાનો ઓરડો એ ગામમાં ન કરાવી શક્યા, આજે તો કોઈપણ સરપંચ ઘરેથી નીકળે, ધારે અને તાલુકા પંચાયતમાં શાળાનો ઓરડો હોય, આંગણવાડીનું મકાન હોય કે કોઈપણ યોજના માટે સાંજે મંજૂર કરાવીને આવે, આ સાચા અર્થમાં ભાજપાની સરકારમાં ગોકુળિયુ ગામ યોજના, ગ્રામ વિકાસ માટેની જે કલ્પના છે એના માટેના પ્રયત્ન કર્યા છે. ખાસ કરીને મારે એ પણ કહેવું છે કે, ગામડાની અંદર જે ગ્રામસભાનો મુખ્ય ઉદ્દેશ છે એ બજૅટ બનાવતાં પહેલાં ગામડાની અંદર ગ્રામસભા દ્વારા જે મહત્ત્વના પ્રશ્નો આવે, જે વિકાસના કામો આવે એના આધારે બજૅટ બનાવવાનો પ્રયત્ન આ ભાજપાની સરકારે પહેલો કર્યો છે. તા. ૧૧-૧૦-૨૦૦૧થી આ ગ્રામસભા મળવા માટેના આદેશો બહાર પાડવામાં આવ્યા અને દરેક તાલુકા દીઠ ૧,૭૧,૩૧૦ ગ્રામસભાઓ મળી , એની અંદર ૧,૩૯,૦૫,૫૦૮ સભાસદોએ ભાગ લીધો અને એની અંદર સાત લાગ સાત હજાર આઠસો સિત્યાસી પ્રશ્નો આવ્યા અને આ પ્રશ્નોમાંથી નિરાકરણ સાતલાખ ચારસો બાવન પ્રશ્નોનું નિરાકરણ કર્યુ, આમ ૯૮ ટકા પ્રશ્નોનો નિકાલ ભાજપની સરકાર દ્વારા ગ્રામસભાઓ દ્વારા કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો.

માનનીય અધ્યક્ષશ્રી, મારે ખાસ કહેવું છે કે, નિર્મળ ગામમાં ગતવર્ષમાં ૧૬૮ કરોડ રૂપિયાની ફાળવણી કરી હતી, એની સામે આ વર્ષે ૨૬૧ કરોડ રૂપિયા ફાળવ્યા છે, જો નિર્મળ અને સ્વચ્છ ગામ હોય તો ગામના લોકોનું આરોગ્ય પણ સચવાઈ રહે, માનનીય અધ્યક્ષશ્રી, આ બજૅટને સમર્થન આપીને હું વિરમું છું.

**શ્રીમતી વર્ષાબેન ન. દોશી (વઢવાણ)** : માનનીય અધ્યક્ષશ્રી, આજે સન્માનનીય સભાગૃહ સમક્ષ અન્ન, નાગરિક પુરવઠા મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે તેને સમર્થન આપવા માટે હું ઊભી થઈ છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારે કહેવું છે કે, સરકારનો આ વિભાગ અનેકવિધ યોજનાઓથી ગરીબી રેખાથી નીચે જીવતા લોકો હોય કે ૬૦ વર્ષની ઉપરના લોકો કે જે નિરાધાર વૃદ્ધો હોય કોઈપણનું પેટ ખાલી ન રહે એવી ઉમદા ભાવના સાથે કામગીરી આ વિભાગ દ્વારા થઈ રહી છે. સરકારનું નાગરિક પુરવઠા નિગમ રાજયમાં જાહેર વિતરણનું કામ કરે છે નિગમે રાજયની વિતરણ વ્યવસ્થાના કાર્ડ ધારકોને પંડિત દીનદયાળ યોજના દ્વારા ઘઉં, ચોખા, ખાંડ, કઠોળ જેવું અનાજ છેવાડાના માનવી સુધી પહોંચાડે છે. બીપીએલ યોજના અને એપીએલ યોજના અને અન્ત્યોદય અને અન્નપૂર્ણા જેવી અનેક યોજનાઓનું કામ આ સરકાર કરે છે ત્યારે ખાસ કરીને આદિજાતિ દીકરીઓ કે જે ધોરણ એકથી સાતમાં કન્યાઓ ભણે છે તેમને વિનામૂલ્યે અનાજ આપીને કન્યા કેળવણીને વેગ આપવાની આ સરકારની અતિપ્રસંશનીય કામગીરી છે.

સરકારશ્રીના પુરવઠાની કામગીરીની સાથે સાથે મહિલા અને બાળ વિકાસ વિભાગના માધ્યમથી રાજયના પંચમહાલ અને દાહોદ જિલ્લામાં સગર્ભા અને ધાત્રી મહિલાઓ અને અશક્ત કુમારિકાઓને વિનામૂલ્યે અનાજનું વિતરણ કરીને મહિલાઓને સશક્ત અને સ્વસ્થ બનાવવાનું કામ આ સરકારમાં થઈ રહ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે કોંગ્રેસના મિત્રોને કહેવું છે કે, આપના સમયમાં જ્યારે કુદરતી આફતો આવતી ત્યારે આગ લાગે ત્યારે કૂવો ખોદવા નીકળતા પણ અમારા માનનીય મુખ્ય મંત્રીશ્રીની દીર્ઘદૃષ્ટિને કારણે ગમે ત્યારે આવી પડતી કુદરતી આફતોનો સામનો કરવા માટે સરકાર દ્વારા વિલેજ ગ્રેઈન બેન્ક ઉભી કરીને સંગ્રહ કર્યો છે એ ખરેખર મુશ્કેલીના સમયે આશીર્વાદરુપ બન્યો છે. એટલે જ મારે કહેવું છે કે, આપણી સરકાર કુદરતી આફતને આફત ન ગણતા એને તકરૂપે સ્વીકારે છે અને એટલે જ એનું જ્વલંત ઉદાહરણ આપણું કચ્છ છે અને એ માટે માનનીય મુખ્યમંત્રીશ્રીને અભિનંદન આપીશ તો વળી વિપક્ષને તકલીફ પડશે. પરંતુ ભારત દેશમાં પ્રથમ રાજય ગુજરાત એવું છે કે જેણે જાહેર વિતરણ દુકાનોને મોર્ડન શોપ બનાવવાનો નિર્ધાર કર્યો છે. મોર્ડન શોપના વિચારથી દુકાનધારકોમાં ધંધામાં અને વલણમાં અભૂતપૂર્વ પરિવર્તન જોવા મળ્યું છે. જાહેર વિતરણની ચીજ ઉપરાંત લોકોની પ્રાથમિક જરૂરિયાતની બીજી ચીજ-વસ્તુઓ આ દુકાનમાં રાખવાથી દુકાનો આખો દિવસ ખૂલી રહેવા લાગી જેથી લોકોની સુખાકારી વધીને દુકાનદારોના ધંધામાં અને આવકમાં પણ નોંધપાત્ર વધારો થયો છે. આ વ્યવસ્થા ઉભી કરવાના કારણે ચોક્કસ હું માનનીય મુખ્યમંત્રીશ્રીને મારા હૃદયપૂર્વકના અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સરકારશ્રી દ્વારા ભાવ નિયંત્રણ કરવા માટે બજારમાં કાળા બજાર કરનારાઓ સામે ગંભીર પગલા ભર્યા છે. ગત વર્ષે ૫૭ થી વધુ લોકોની અટકાયત પણ કરવામાં આવી છે. સરકારમાં ગ્રાહકના

તમામ હક્કોની રક્ષા માટે જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ ફોરમની રચના કરી છે અને એ સારી રીતે દરેક જિલ્લામાં કાર્યરત છે. આ રીતે માનનીય નાગરિક પુરવઠા વિભાગની માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે એને હું મારું સમર્થન આપું છું.

**શ્રી નટવરસિંહ ફુ. ઠાકોર (મહુધા)** : માનનીય અધ્યક્ષશ્રી, ભારત દેશ ગ્રામ્ય વિસ્તારોનો બનેલો દેશ છે. અને પંચાયતી રાજય ત્રિ-સ્તરીય રાજય બનાવ્યું એ માનનીય બળવંતરાય મહેતાના અથાગ પ્રયાસોથી બન્યું છે. પણ સામે પાટલીએ બેઠેલા મારા મિત્રો એમ કહે છે કે આ બધું અમે જ કર્યું છે. અરે, ભાઈ • (xxxx) (xxxx).

**અધ્યક્ષશ્રી** : માનનીય સભ્ય આપે વાપરેલો શબ્દ (xxxx) એ સભાગૃહની કાર્યવાહીમાંથી દૂર કરવામાં આવે છે.

**શ્રી નટવરસિંહ ફુ. ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, હમણાં માનનીય મોહનભાઈ કહેતા હતા કે આ સરકારે સમરસ ગ્રામ પંચાયતો કરી છે. પણ ભાઈ, હું પણ સમરસ સરપંચ થયો હતો. અમારા વખતમાં પણ કેટલીય ગ્રામ પંચાયતો સમરસ થયેલી. આ નવાઈ નથી. આ આજનું નથી. વર્ષોથી ચાલ્યું આવતું છે. એટલે એમ ન કહી શકાય કે આ બધું જ અમે કર્યું છે. હા, કદાચ સુધારો-વધારો કર્યો હશે કંઈક.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયમાં નવા જિલ્લા-તાલુકા બનાવ્યા છે એમાં ઘણી સગવડ આપવાનું બાકી છે. એક તો પહેલું મહેકમ બાકી છે. તાલુકા પંચાયતના મકાનો બનાવવાના અમુક તાલુકાઓમાં બાકી છે. પંચાયતોમાં જે તલાટી-કમ-મંત્રીની જગ્યાઓ અને કારકુનોની જગ્યાઓ છે એ ઘણા વખતથી ખાલી છે. એ જગ્યાઓ તાત્કાલિક ભરવાની જરૂર છે પરંતુ સરકાર એ જગ્યાઓ ભરતી નથી. કેટલાય વર્ષ થયા તાલુકા અને જિલ્લાને જુદા પડ્યા એને છતાં પણ તાલુકા અને જિલ્લા પંચાયતોનું મહેકમ પૂરતું ભરાતું નથી છતાં તેઓ કહે છે કે અમે આ બધું કર્યું છે. બીજું જે નદી કાંઠાના ગામો છે જ્યાં વખતો વખત રેલ આવે છે એમાં જે લોકોના કાચા મકાનો છે એ પડી જાય છે. જે ગરીબ લોકો છે કે જેની આવક ૧૫ હજાર કે ૨૦ હજારથી પણ ઓછી આવક ધરાવે છે તો એવા લોકોના મકાનો પાકા બનાવી આપવા જોઈએ. કારણ કે ૧૫-૨૦ હજારની આવક છે એ બહું વધુ ન કહેવાય. જે નદી કાંઠાના વિસ્તારો છે અને જેમના બિલકુલ કાચા મકાનો છે એ પુર આવવાના કારણે પડી જાય છે એને મકાન બનાવી આપવામાં આવતા નથી. એ લોકો બી.પી.એલ.ની યાદીમાં હોય કે ન હોય પણ એ લોકોની આવકની મર્યાદામાં મકાનો પાકા બનાવી આપવા જોઈએ એવું મારું સરકારશ્રીને સૂચન છે.

માનનીય અધ્યક્ષશ્રી, ઘણી મોટી ગ્રામ પંચાયતોએ એને વિભાજન કરવા માટે દરખાસ્ત મોકલી છે ઘણા વખતથી પણ એનું વિભાજન કરવામાં આવતું નથી એ વિભાજનનીય કાર્યવાહી ઝડપથી કરવી જોઈએ. બીજું અન્ન પુરવઠાની બાબતમાં કહું તો જે લોકોને પુરવઠા ખાતાની સસ્તા અનાજની દુકાનો છે ત્યાં જે ચીજ વસ્તુ મળે છે એ બજાર ભાવે જ મળે છે તો એમાં ભાવ ઓછો રાખવો જોઈએ એવું મારું સૂચન છે. ભલે કેન્દ્ર સરકારે ગમે તે કર્યું હોય તે પણ તમે કંઈક ઓછું કરો. આ તો બધું કેન્દ્ર સરકારનો દોષ દે છે કે કેન્દ્ર સરકારે આમ કર્યું, તેમ કર્યું. તો પહેલા • (xxxx) (xxxx).

**અધ્યક્ષશ્રી** : માનનીય સભ્યશ્રી, હસતા હસતા પણ (xxxx) એવું ન કહેવાય માટે આ શબ્દો સભાગૃહની કાર્યવાહીમાંથી હું દૂર કરું છું.

**શ્રી નટવરસિંહ ફુ. ઠાકોર** : ભૂલ થઈ ગઈ મારી. ઘણી પંચાયતો છે એને અમુક સગવડો નથી. જે પંચાયતના ઘર હોવા જોઈએ એ પંચાયત ઘર નથી. ઘણી વખત લખવા છતાં હજી પંચાયત ઘર બન્યા નથી તો એ માટે વહેલી તકે પંચાયત ઘર પણ કરવા જોઈએ. ઘણી ગ્રામ પંચાયતોને નદીનો વિસ્તાર છે એને આવવા જવા માટે જે સગવડ હોડીની જોઈએ એ સગવડ પંચાયતો પાસે હોતી નથી તો તેવી પંચાયતોને હોડી આપવી જોઈએ જ્યારે પુર આવે છે ત્યારે એની જરૂર પડે છે. સરકારે વાયરલેસ પણ બંધ કરી દીધા છે. જ્યારે પુર આવે ત્યારે ગામમાં સરપંચને ઘણી બધી મુશ્કેલીઓ પડે છે. કારણકે એમને જવા આવવાનું બંધ થઈ જાય છે, બીજા ગામમાં કે આ ગામમાં જઈ શકતા નથી. અમારે ત્યાં શેઢી કાંઠાના જે ગામો છે એ ગામોમાં અમુક એવા ગામો છે જેમને એકબીજા ગામો સાથે સંપર્ક પણ થતો નથી તો એવા ગામોને વાયરલેસ સેટ આપવા જોઈએ જેથી વાયરલેસથી એમને ખબર મળે. ઘણી પંચાયતોને એવી સગવડ નથી રસ્તાઓ વિગેરે ગ્રામ્ય વિસ્તારમાં, પરાં વિસ્તારમાં. પરાં વિસ્તારમાં આપણે જવું હોય તો પણ મુશ્કેલી પડે છે અને ગરીબ ગ્રામ્ય વિસ્તારો છે એમાં આવાસનો ક્વોટા વધારવો જોઈએ કારણકે ગ્રામ્ય વિસ્તારમાં બધાને કાચા મકાનો છે કોઈને પાકા મકાનો નથી, કોઈને બંગલા નથી. તો એ લોકો માટે વધુ આવાસો ફાળવીને એ આવાસો બનાવવા જોઈએ. કેન્દ્ર સરકારે ઈન્દીરા આવાસ યોજનામાં ઘ ણી મદદ કરી છે. થોડી તમે કરો. ગ્રામ્ય વિસ્તારમાં જાજરૂની સગવડ નથી હોતી, કેન્દ્ર સરકાર ૧,૨૫૦ રૂપિયા આપે છે તમે લોકો થોડો એમાં ઉમેરો કરો એ ઉમેરો કરવો નથી અને કહે છે કે આ સગવડો નથી. તમે થોડોક એમાં ઉમેરો કરો, ૧,૨૫૦ કેન્દ્ર સરકાર આપે છે તો તમે લોકો ૫૦૦ - ૧૦૦૦ રૂપિયા વધુ આપો તો ઘેર ઘેર જાજરૂ બાથરૂમ થઈ જાય, (અંતરાય)

---

• માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

કોંગ્રેસે જે કર્યુ છે એ તમે ન કરી શકો, તમે તો એમાં સુધારા કરો છો. કોંગ્રેસે જે કર્યુ એ તો તમારાથી નહિ થાય. આ તમને બધા લોકોને તો બોલતા કર્યા, પહેલાં તો રજવાડાં હતા ત્યારે કોઈ બોલતું નહોતું. પહેલાં રજવાડાં હતા ત્યારે બોલાતું પણ નહોતું. એટલે કોંગ્રેસે તો બોલતા કર્યા, કોંગ્રેસને બહુ વગોવશો નહિ.

" સમય સમય બલવાન હૈ, નહિ મનુષ્ય બલવાન
કાબે અર્જુન લૂંટ્યો, વોહી ધનુષ વોહી બાણ,"

કોઈકવાર સમય અમારો પણ આવશે.

**શ્રી કાન્તિલાલ રા. લકુમ (બાવળા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી અન્ન અને નાગરિક પુરવઠાની માગણી લઈને આવ્યા છે એને મારું સમર્થન આપીને વિચારો વ્યક્ત કરવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, જાહેર વિતરણ વ્યવસ્થા એ આખી એવી ગોઠવેલી છે કે, એમાં બી.પી.એલ. કાર્ડ, અંત્યોદય યોજના, ગરીબી રેખા નીચે જીવતા કુટુંબો, એ.પી.એલ. ની યોજના, રોમિંગ રૅશન કાર્ડની એક નવી યોજના દાખલ કરી છે. બી.પી.એલ. કાર્ડ જે લોકો ગરીબી રેખા નીચે જીવતા હોય અને વાર્ષિક ૧૧,૦૦૦ રૂપિયાથી ઓછી આવકવાળા હોય એને આપવામાં આવે છે અને એવા ૨૬,૭૭,૦૦૦ કાર્ડ આપવામાં આવેલા છે ગુજરાતની અંદર, અંત્યોદય યોજના હેઠળ ૭ લાખ ૯૫ હજાર કુટુંબોને આ અંત્યોદય યોજનાના કાર્ડ આપવામાં આવ્યા છે. એ.પી.એલ. ના કાર્ડ ૭૮ લાખ જેટલા આ ગુજરાતની અંદર આપવામાં આવેલા છે અને રોમિંગ કાર્ડ ૨,૦૦,૦૦૦ આપવા માટેનું આયોજન આ વખતે કરવામાં આવેલ છે. નવા રૅશનકાર્ડ માટે બી.પી.એલ., અંત્યોદય, એ.પી.એલ. અને રોમિંગ કાર્ડ માટે જુદા જુદા કલરના કાર્ડ બનાવવા માટે આ વખતે વર્ષ ૨૦૦૮-૦૯માં રૂપિયા ૧ કરોડની જોગવાઈ કરી અને લોકોને નવા કાર્ડ આપવાની જોગવાઈ કરવામાં આવી છે. જાહેર વિતરણ વ્યવસ્થાની અંદર બી.પી.એલ. ના જે કુટુંબો છે એને બે રૂપિયે કિલોના ભાવે ઘઉં આપવામાં આવે છે અને એને કાર્ડદીઠ નવ કિલોગ્રામ ઘઉં આપવામાં આવે છે અને એની અંદર રૂપિયા ૩.૦૪ પૈસા પ્રતિકિલોએ ગુજરાત સરકાર પોતાની સબસીડી આપે છે. એવી જ રીતે ચોખા પણ ૩ રૂપિયા કિલોના ભાવે આપવામાં આવે છે અને એમાં રૂપિયા ૩.૬૪ પૈસા ગુજરાત સરકાર ભોગવે છે. એ જ રીતે અંત્યોદય યોજનામાં પણ જેને અનાજ જોઈતું હોય એને પંડિત દીનદયાળ ઉપાધ્યાયની જે સસ્તા અનાજની દુકાન છે ત્યાંથી મળી રહેતું હોય છે. હમણાં ગયા વર્ષે ઘઉંની અછત ઉભી થઈ. લાલ ઘઉં લાવવા પડ્યા અને ૩૫-૪૦ વર્ષ ભારતને પાછળ લઈ જવાનું આ કોંગ્રેસની સરકારે કામ કર્યુ છે. જ્યારે અટલજીની સરકાર હતી ત્યારે ટીકાઓ થતી હતી કે ઘઉંના ગોદામોમાં ઘઉં સડે છે. ઉંદરો ઘઉં ખાઈ રહ્યા છે. વરસાદ પડે છે ત્યારે ઘઉં પલળી રહ્યાં છે અને સરકાર પાસે ગોડાઉનો નથી અને એટલા ઘઉં હતા કે લોકો તેની ટીકા કરતા હતા. અત્યારે આ યુ.પી.એ.ની સરકારે લાલ ઘઉં ૩૫-૪૦ વર્ષ પછી અને છોકરાંઓ પણ કહે છે આ લાલ ઘઉં કયાં ઉત્પન્ન થાય છે. એટલે એવા અમૅરિકા અને બીજેથી તેમણે વિદેશમાંથી ઘઉં લાવવાનું નક્કી કર્યુ. જુઓ, આ ભારતના જે ખેડૂતો છે તે જે ઘઉં ઉત્પાદન કરે છે તે બહારથી જે ઘઉં લાવે છે તે ભાવે જો ખરીદે તો આપણાં દેશનાં જે ખેડૂતો છે તે ઉત્પાદન કરીને આપે અને આ દેશના લોકોને આપણાં ભારતના સરસ ઘ ઉં ખાવા મળે એવી આખી સ્થિતિ ઉભી થાય એવી પરિસ્થિતિ છે. આ સરકારની અંદર હમણાં માનનીય અર્જુનભાઈ વાત કરતા હતા કે સસ્તા અનાજની દુકાનની અંદર બીજી કોઈ વસ્તુ મળતી નથી. આ સરકારે ખાદ્ય તેલ માટે બફર સ્ટોક ઉભો કર્યો છે અને બી.પી.એલ. અંત્યોદય કુટુંબો માટે દુકાનમાંથી તહેવારોમાં ૨૦૦૭-૦૮ જુલાઈ, ૭ થી નવેમ્બર-૦૭ સુધીમાં ૧૨ હજાર મે.ટન તેલ આપ્યું છે અને ૨૦૦૮-૦૯માં ૨૦ હજાર મે.ટન ખાદ્ય તેલનો જથ્થો બફર સ્ટોક કરવાનો તે નક્કી કર્યુ છે અને તેને માટે ૩૨ કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે. ભાવ નિયંત્રણ માટે પણ આખી યોજના કરવામાં આવી છે અને તે જ રીતે ગ્રાહક સુરક્ષા, વિલેજ ગ્રેઈન બેંક તે દશ જિલ્લામાં ઉભી કરવામાં આવી છે અને કુદરતી આફત (સમય-સૂચક ઘંટડી) માનનીય અધ્યક્ષશ્રી, અન્નપૂર્ણા યોજના, માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યાં છે તેને મારું સમર્થન આપું છું.

**શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ (અંકલેશ્વર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી અન્ન અને નાગરિક પુરવઠા, પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગની જે માગણીઓ લઈને આવ્યાં છે તેમાં મારા વિચારો વ્યક્ત કરવા માટે ઉભો થયો છું

આ રાજયમાં સૌ પ્રથમવાર ૨૦૦૪-૦૫ના સમયની અંદર પંચવટી યોજના જે અમલમાં આવી છે તે બદલ હું આ રાજયના શ્વેત મુખ્યમંત્રીને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું. ગામડાંની અંદર અમે કયારેય આ બગીચાઓ જોયા નહોતા. બગીચા જોવા હોય તો શહેરની અંદર આવવું પડે અને શહેરની અંદર બગીચા જોવા મળે. પરંતુ આ ભારતીય જનતા પાર્ટીની સરકારે ૨૦૦૪-૦૫ના વર્ષની અંદર પંચવટી યોજના દાખલ કરીને ગામડાંની અંદર ખૂબ સરસ મજાનો બગીચો બને અને આ જ હેતુથી ગામડાંમાં સમી સાંજના સમયે મહિલાઓ પોતાના બાળકોને લઈને આનંદ પ્રમોદ માટે બગીચાની અંદર જાય અને ત્યાં તમામ સુવિધા પ્રાપ્ત હોય અને બાળકો પણ પોતે આનંદ માણે. સાથે સાથે જે સિનિયર સિટીઝનો છે તે પણ પોતે પોતાનો સમય ત્યાં બેસી ચિંતન કરીને સમય પસાર કરી શકે, આ આશયથી આ પંચવટી યોજના અમલમાં લાવેલ છે. આ પંચવટી યોજનાના કારણે ગ્રામ વન યોજનાના ધોરણે પર્યાવરણ ઉપયોગી પ્રવૃત્તિ દ્વારા ગ્રામ્ય વિસ્તારના બાળકોને પર્યાવરણ માટે પણ એક ખૂબ સુંદર બાબત છે. આ પંચવટી યોજના અનુસાર પીપળ, વડ, હળદે વેલ તથા ફળાઉ વૃક્ષો વાવવાના હોય જેથી પારંપરીક સંસ્કૃતિ વારસા પ્રત્યે આસ્થા જળવાઈ રહે આ પણ હેતુ છે. જે ગ્રામ્ય લોકો ખેતી કરતાં હોય અને ખેતી કરીને સાંજના સમયે

કંટાળીને આવ્યો હોય, નોકરી ધંધા ઉપરથી કંટાળીને આવ્યો હોય ત્યારે તે આ ગાર્ડનમાં બેસીને કલાક બે કલાક આનંદ પ્રમોદ કરી શકે તે આના પાછળનું ધ્યેય છે. માનનીય અધ્યક્ષશ્રી, આ પંચવટી યોજનામાં ધારાસભ્યશ્રીઓ અને સંસદસભ્યશ્રીઓની ગ્રાન્ટ દ્વારા તેમજ ઉદ્યોગ ગૃહો દ્વારા, ગ્રામ પંચાયતના સ્વભંડોળ દ્વારા અને સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા લોકફાળો એકત્રિત કરીને કરવામાં આવે છે. જો ૫૦,૦૦૦નો લોકફાળો એકત્રિત કરવામાં આવે તો ગુજરાત સરકાર તેની સામે એક લાખ રૂપિયાની રકમ આપે. આ રીતે આ પંચવટી યોજના અમલમાં આવેલી છે.

ગ્રામમિત્ર યોજનાની વાત કરું તો ગ્રામ મિત્રમાં દરેક ગામડામાં ૫, ૫ ગ્રામ મિત્રની યોજના અમલમાં આવેલી છે. ગ્રામ મિત્રને એક હજાર રૂપિયાનું માનદ્ વેતન આપવામાં આવે છે. જે શિક્ષિત બેરોજગાર છે, જે ઉત્સાહી છે. (અંતરાય) ભૂતકાળમાં આ ગામડાની કોઈએ ચિંતા કરી નહોતી. કેટલાયે ગામડા એવા છે કે જેમાં આજ દિન સુધી એકપણ વ્યકિત નોકરી કરતો નથી. એવા ગામડાઓ પૂરતું આ ગુજરાત સરકારે ૫, ૫ યુવાનોને લઈને આ ગ્રામ મિત્રની પોસ્ટ આપીને એક હજાર રૂપિયાની માનદ્ વેતનની યોજના કરી, જેને લીધે ગામમાં ૫૦૦૦ રૂપિયા દર મહિને આવે છે. આવી સુંદર કામગીરી ભારતીય જનતા પાર્ટીની સરકારે કરી છે.

મારા ગામની વાત કરું. મારા અંકલેશ્વર મત વિસ્તારના હાંસોદ તાલુકાનું વાલેર ગામ છે, એ ગામમાં આજથી દસ વર્ષ પહેલા ૧૯૯૭-૯૮માં એકમાત્ર વોર્ડના સભ્યની ચૂંટણીમાં ખૂન થયું હતું. આના લીધે વેરઝેર થયા હતા. આ સમરસ ગામની બાબત છે એ ખૂબ જ સુંદર બાબત છે. જેના લીધે આવું બનતું નથી.

માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે, એને અનુમોદન આપીને મારી વાત પૂરી કરું છું.

**શ્રી લવજીભાઈ ઠા. રાજાણી (માળીયા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી એમની જે માગણીઓ લઈને ગૃહ સમક્ષ ઉપસ્થિત થયા છે, તેને મારું સમર્થન કરવા માટે હું ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના વિપક્ષના સિનિયર નેતા માનનીય અર્જુનભાઈ મોઢવાડિયાએ એમના પ્રવચનમાં સો ચોરસ વારના પ્લોટની વાત કરી. એ લોકોને પ્લોટ મળતા નથી એ વાત સાથે હું સંમત થાઉં છું. એ ભલે વિપક્ષના રહ્યાં, પણ સો ચોરસ વારના પ્લોટ જગ્યા નથી એટલા માટે મળતા નથી એવું નથી. પરંતુ એ લોકોને એટલા માટે આ પ્લોટ મળતા નથી કે ગરીબી રેખા નીચે જીવતા એટલે કે બી.પી.એલ.ની યાદી જે કેન્દ્ર સરકારે નીતિ નિર્ધારણ કરી છે, એને લીધે એ લોકોને સો ચોરસ વારના પ્લોટ આપી શકાતા નથી. એ લોકો એમની વગ વાપરીને આ બી.પી.એલ.ની યાદીના ધોરણો અને નિયમોમાં જે એમણે નકકી કર્યા છે, એ નિયમોમાં સુધારા કરે તો આ સરકાર આ ગરીબ લોકો માટે જેટલા પ્લોટની જરૂર હોય એ આપવા માટે તૈયાર છે.

માનનીય અધ્યક્ષશ્રી, સમરસ ગ્રામ પંચાયતની વાત મારા પૂરોગામી વકતાઓએ કરી છે. એ વાત ખરી છે કે અગાઉ પણ આ યોજના હશે, પણ આ યોજનાને કાર્યાન્વિત કરવા માટે આ મુખ્યમંત્રીએ જે ભગીરથ પ્રયત્નો કર્યા, એ ગામડામાં વાદ નહીં, વિવાદ નહીં, પણ સંવાદના એક વાતાવરણની સ્થાપના થાય એના માટે જે ઝૂંબેશ એમણે ઉપાડી એ માટે હું એમને અભિનંદન આપું છું. કમનસીબે આ યોજનાનો પણ રાજકીય દ્દષ્ટિકોણથી વિરોધ થયો. આ રાજયના મુખ્યમંત્રીશ્રીએ સમરસ ગ્રામ પંચાયત કરવા માટે કયારેય એમ કીધું નથી કે ભાજપના લોકો જ ચૂંટાય. એમણે તો એવી વાત કરી કે ગમે તે પક્ષના ચૂંટાય, પણ ગામ લોકોમાં એકતા થાય અને એમના ગામની પંચાયત બિનહરીફ થાય. એ સરપંચ ભાજપના હોય કે કોંગ્રેસના હોય. કારણ કે ગ્રામ પંચાયતની ચૂંટણી પક્ષીય ધોરણે લડાતી નથી. ૪૦૦ મતદારોનું એક ગામ હોય, એક વોર્ડમાં ફકત ૫૦ મત હોય અને એમાં ચૂંટણી થાય તો વેરઝેરના વાવેતર થાય. એ સમરસ ગામની ઝૂંબેશ ચલાવીને આ રાજયના મુખ્યમંત્રીએ આખા દેશને એક નવો રાહ ચીંધ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, જે વાત વિરોધપક્ષના સભ્યશ્રીઓ વારંવાર વ્યંગાત્મક રીતે કરી રહયા હતા કે ' ખાતો નથી અને ખાવા દેતો નથી', પરંતુ દાખલા અને દલીલો સાથે કહેવા માગું છું કે આ રાજયના મુખ્યમંત્રીશ્રીએ એવી નીતિ નિર્ધારિત કરી છે કે પોતે ખાય નહીં અને કોઈને ખાવા દે નહીં. હમણાં જ પંચાયત સહાયકોની નિમણૂક થઈ તેમાં એમણે જે પોલિસી અપનાવી કે માત્ર ને માત્ર ગુણવત્તાને ધોરણે મેરિટના ધોરણે જ એ પંચાયત સહાયકોની નિમણૂક થાય. ભૂતકાળમાં જે થતું હતું એનાથી કોઈ અજાણ નથી. હું જૂનાગઢ જિલ્લા પંચાયતમાં ૩૦ વર્ષથી સભ્ય છું ત્યારે પંચાયત મિત્રોની જે નિમણૂક થતી હતી અને આજે શું થાય છે કે ગુણવત્તાના ધોરણે જ થાય છે અને માત્ર ને માત્ર જેમાં લાયકાત છે એવા ઉમેદવારોને જ પસંદ કરીને આ રાજયના મુખ્યમંત્રીશ્રીએ આ ગ્રામ વિસ્તારનો વિકાસ કર્યો છે એના માટે હું આ માગણીઓને મારું સમર્થન કરીને વિરમું છું.

**શ્રી બચુભાઈ ના. કિશોરી (લીમડી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી અન્ન, નાગરિક પુરવઠો અને પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગની માગણીઓ લઈને આવ્યા છે એના ઉપર હું મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગ્રામ વિકાસની કેન્દ્ર સરકારની રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના ખરેખર ગરીબ અને શ્રમિકો માટે ખૂબ જ લાભદાયી યોજના છે. આ યોજનાથી ગામડાંના હજારો શ્રમિકો શહેરો તરફ જતા હતા તેમને સ્થાનિક રોજગારી મળવા લાગી છે. આ યોજનામાં ૯૦ ટકા કેન્દ્ર સરકારનો ફાળો અને ૧૦ ટકા રાજય સરકારનો ફાળો છે, પરંતુ આ યોજનાનું જે રીતે અમલીકરણ થવું જોઈએ એ થતું નથી. એનો એક દાખલો છે કે ૨૦૦૭માં આ યોજના હેઠળ ૧૪૮૫૩.૨૧ લાખની જોગવાઈ હતી એની સામે ખર્ચ ફકત ૮૬૦૩.૧૦ લાખનો જ કરવામાં આવ્યો હતો. એટલે આના ઉપરથી ફલિત થાય છે કે આ યોજનાનું અમલીકરણ કરવામાં સરકારને રસ

નથી. આજે કેટલાય હજારો લોકો રોજી માટે લાઈનમાં ઉભા છે તો આ યોજનાને વ્યવસ્થિત રીતે અમલીકરણ કરવામાં આવે તેવી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે. સાથોસાથ મારે એમ કહેવું છે કે આ યોજનાનું ધોરણ છે તેમાં ખરેખર રોજગારી આપવાનો હેતું છે, પરંતુ ઘણીવાર ગામડામાં રોજગારી જોઈએ ત્યારે ૨૦ રૂપિયા કે ૨૫ રૂપિયા જેટલી રોજી પડતી હોય છે ત્યારે આપણને દુ:ખ થાય છે કે આ યોજનામાં સરકારનો હેતુ છે કે લોકોને ૮૦ રૂપિયા મિનીમમ વેઈઝ મળે એ જરૂરી છે.

મારે બીજી એક વાત કરવી છે કે આ સરકારે એક ખાસ રોજગાર કાર્યક્રમ શ્રમયોગી યોજના બહાર પાડી છે. આ યોજના ખરેખર તો મારે કહેવું જોઈએ કે આ યોજના બહાર જે બહાર પાડી તો ખરેખર એ અહીંયાં એ.સી.માં બેઠાં બેઠાં બહાર પાડી છે કે જેઓ ગામડાંની વ્યથા જાણતા નથી એમ કહું તો ખોટું નથી. ખરેખર કોઈપણ યોજના બહાર પાડતાં પહેલાં ગામડાંની પરિસ્થિતિ જોવી જોઈએ કે કેવી રીતે આ યોજનાનું અમલીકરણ થશે અને કેટલા લોકોને એનાથી રોજગારી મળશે કે એનો લાભ મળશે? આ યોજનામાં રા વર્ષે સૌથી ગરીબમાં ગરીબ કુટુંબ હોય એને બે તબકકામાં એટલે ૫ વર્ષમાં રા રા વર્ષમાં પાંચેક ગામના સૌથી ગરીબ લોકોને લાભ આપવાની યોજના છે. હવે એક ગામના ૫ માણસોને બે ભાગમાં કહું તો ૧૦ માણસોને ૫ વર્ષમાં આપણે ગરીબી રેખાથી ઉપર લઈ જવા માટેની યોજના છે. મારે કહેવું જોઈએ કે આ યોજનાની વિસંગતતા જુઓ કે એક ગામમાં જોઈએ તો ૧૨ હજારની વસતિ હોય અને બીજા ગામમાં ૧૨૦૦ કે ૫૦૦ ની વસતિ હોય તો એ બધા માટે આ યોજના સરખી કરી છે.તો મતલબ કે બે વર્ષે માણસને ફકત રોજગારી કે ગરીબી રેખાથી ઉપર લઈ જવાની વાત કરો છો. તો હું એમ કહું કે એક ગામમાં ૫૦૦ ગરીબ માણસો એવા ગરીબ બેઠા છે કે એ લાઈનમાં ઉભા છે હવે એ આ યોજનાની રાહ જોશે તોએ બિચારાની દશા શું થવાની? એ ૨૦૦ કે ૫૦૦ માણસો બધા કેટલા વર્ષે ગરીબી રેખાથી બહાર આવી શકશે? એટલે આવી યોજના એ આદિવાસી કે ગરીબ માણસો માટે મશ્કરી સમાન છે એમ કહું તો ખોટું નથી. તો આમાં પણ ફેરવિચારણા થવી જોઈએ અને વધારે લોકોને એનો લાભ મળે એવી હોવું જોઈએ અને એમાંય પણ જોગવાઈ કરી છે કે એક માણસને શું કરવાનું, કે પાંચ ફળાઉ ઝાડ આપી દેવાના, એક આવાસ આપી દેવાનું, કુટુંબના એક સભ્યને કૌશલ્ય સુધારણા તાલીમ આપવાની, અને એક નાનું ઢોર આપવાનું, હવે નાનું ઢોર કયું આવે તે અમને તો ખબર નથી, અમારે ત્યાં નાનું ઢોર કોઈ આવતું નથી, ઢોર તો ઢોર હોય છે, બીજી પણ મારે વાત કરવાની છે. અન્ન અને નાગરિક પુરવઠામાં પહેલાના સમયમાં તમામ લોકોને સસ્તા અનાજનું અનાજ મળતું હતું, આજે બી.પી.એલ.ના નામે માત્ર ગણ્યા ગાંઠયા લોકોને અનાજ આપવામાં આવે છે અને બાકીના લોકો લાઈનમાં રખડતા ફરે છે આ દશા છે. અને આજની તારીખમાં બાકીના લોકો માટે આ દુકાનો સસ્તા ભાવની નહીં પણ મોંઘા ભાવની બની ગઈ છે ત્યારે ખરેખર આ યોજના અંગે સરકારે વિચારવું જોઈએ. આમાં જે કંઈ યોજના ચાલે છે એમાં ગોડાઉનમાંથી માલ તોલીને આપવામાં આવતો નથી. અને તેમાં પણ કિલો કિલો ઘટ હોય છે. બીજું કે એમાં એટલો બધો ભ્રષ્ટાચાર થાય છે કે દુકાનદારને ખરેખર પોષાતું નથી અને બીજી બાજુ હપતા આપ્યા વગર ચાલતુ નથી, આવી યોજનાઓ છે, બીજું કેરોસીનની બાબતમાં કહું, આ યોજનામાં જો ૩ માણસનું કાર્ડ હોય, તો ત્રણ માણસને પાંચ લીટર અને ચાર માણસનું હોય એટલે દસ લીટર, કયા પ્રકારની યોજના છે?

**શ્રી કમાભાઈ ગ. રાઠોડ (વિરમગામ)** : માનનીય અધ્યક્ષશ્રી, પંચાયત વિભાગની વર્ષ ૨૦૦૮-૦૯ના અંદાજપત્રની માગણીઓ લઈને માનનીય મંત્રીશ્રી આ સન્માનનીય ગૃહમાં આવ્યા છે ત્યારે તેના સમર્થનમાં સૂર પૂરાવવા હું આપની સમક્ષ ઉભો થયો છું. માનનીય અધ્યક્ષશ્રી, પંચાયત વિભાગ હેઠળ સને ૨૦૦૭ અને ૨૦૦૮ ના વર્ષ માટે રૂપિયા ૫૪૩.૩૧ કરોડની જોગવાઈ હતી, તેમાં આ રાજય સરકારે ૨૫.૩૦ ટકાનો વધારો કરી અને ૨૦૦૮-૦૯ માટે ૬૮૧ કરોડની જોગવાઈ કરી છે, જે આવકાર દાયક છે, હમણાં સામા પક્ષના મિત્રો આક્ષેપ કરી રહ્યા હતા કે યોજનાકીય કામોમાં સગાવાદ, ગામને જુદા પાડી અને લાભો આપવામાં આવે છે, માનનીય અધ્યક્ષશ્રી, બી.પી.એલ. કાર્ડના લાભાર્થીઓને પંચાયત વિભાગ દ્વારા ઈન્દિરા આવાસ યોજના અને સરદાર પટેલ આવાસ યોજના જયારથી અમલમાં મુકવામાં આવી છે ત્યારથી ભૂતકાળમાં જે સહાય હતી તે માત્ર ૬ હજાર રૂપિયા હતી, અને મને કહેતાં આનંદ થાય છે કે અત્યારે એજ બી. પી.એલ. કાર્ડના ધારકોને સરદાર આવાસ અને ઈન્દિરા આવાસ યોજના માટે ૩૬ હજાર રૂપિયા મકાન સહાય પેટે અને ૬ હજાર રૂપિયા શ્રમિક ફાળો, એમ કુલ ૪૨ હજાર રૂપિયા મકાન સહાય તરીકે આપવામાં આવે છે. ૨૦૦૫-૦૬ના વર્ષમાં આની સો ટકા સિદ્ધિ હાંસલ થયેલ છે. ૨૦૦૭-૦૮ના વર્ષમાં ૯૦૦૦ લાખની જોગવાઈ સામે ૨૫૦૦૦ મકાનો બાંધવાનો લક્ષ્યાંક હતો, આ લક્ષ્યાંકની સામે ડિસેમ્બર ૨૦૦૭ના અંત સુધીમાં ભારતીય જનતા પાર્ટીની નરેન્દ્રભાઈ મોદીના વડપણ હેઠળની સરકારે ૧૧૦૧૨ મકાનો અત્યાર સુધીમાં પૂરા કરી નાખ્યા છે મિત્રો, અને એમના આક્ષેપનો મારે જવાબ આપવો છે સાહેબ, "મજહબ નહીં શીખાતા આપસમે રખના બૈર" એ રીતે જયારે અમારી સરકાર કામ કરી રહી છે, મારા મત વિસ્તાર વિરમગામની અંદર હજુ ૩ દિવસ પહેલા કાયલામાં ૭૦ ટકા મુસ્લીમોની વસતિ વાળું ગામ, એની અંદર ૧૦૬ મકાનો મંજૂર કર્યા, તેમાં ૫૦ થી પણ વધારે મુસ્લિમ મિત્રોના મકાનો છે અને બાકીના હિન્દુના મકાનો છે, આવી રીતે જયારે સરકાર કામ કરી રહી હોય ત્યારે તેને અભિનંદન આપવા જ ઘટે. તેનાથી પણ આગળ હું મારી વ્યકિતગત વાત કરું, તો આગામી એપ્રિલ મહિનાની અંદર વિરમગામની અંદર છેલ્લા ૩ વર્ષથી હું સર્વ જ્ઞાતિ, સર્વ ધર્મ લગ્ન યોજી રહ્યો છું, મારે સામા પક્ષના મિત્રોને એટલું કહેવું છે કે આ લગ્નની અંદર એક હજાર

દીકરીઓમાંથી ૨૦૦ દીકરીઓ મુસ્લિમ સમાજની છે અને એક માંડવા નીચે મુસ્લીમ દીકરીઓને નિકાહ, અને હિન્દુ દીકરીઓને ચોરીના ચાર ફેરા અમે ફરાવી રહ્યા છીએ. ત્યારે આ પંચાયતની માગણીઓ લઈ અને માનનીય મંત્રીશ્રી આવ્યા છે તેમના સમર્થનમાં હું મારો સૂર પુરાવી અને છેલ્લે એક શ્લોક સાથે મારું વકતવ્ય પૂરું કરું છું માનનીય અધ્યક્ષશ્રી, ઋગ્વેદના શ્લોક તરફ આ સભાગૃહનું ધ્યાન દોરી જણાવું છું કે, સમાનીમ્વ: આકૃતિ: સમાના હૃદયાનીમ્વ:, સમાનમસ્તુવો મનો, એ યા યા, વહ સુસા: સતિ, એટલે કે અમારું હૃદય, મન અને સંકલ્પ એક જ હોય, જેનાથી અમારું સંગઠન કયારેય નહીં બગડે, સરકાર કયારેય નહીં બગડે, કયારેય નહીં બગડે અને કયારેય નહીં બગડે.

**શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ (શહેરા)** : માનનીય મંત્રીશ્રી માગણી નંબર ૨૨ અને ૨૩ લઈને આવ્યા છે તેના સમર્થનમાં મારા વિચારો રજૂ કરવા માટે ઊભો થયો છું.

ગુજરાતની અંદર ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા પછી ગરીબોની ચિંતા કરનારી સરકાર આવ્યા પછી ગરીબો માટે ઘણી યોજનાઓ અમલમાં મૂકી છે. અમારા પંચમહાલ અને દાહોદની વાત કરું તો ઘણા આદિવાસીભાઈઓ અમારે ત્યાંથી અલગ અલગ જિલ્લાઓમાં કામ કરવા માટે જાય છે એની આજ સુધી કોઈએ ચિંતા કરી નહોતી. પરંતુ આ ભારતીય જનતા પાર્ટીની માનનીય નરેન્દ્રભાઈ મોદીની સરકારે આ ગરીબો માટે રોમીંગ કાર્ડ ની વ્યવસ્થા કરીને આ ગરીબ આદિવાસીભાઈઓ બીજા જિલ્લાઓમાં કામ કરવા જાય અને ત્યાં આ કાર્ડ લઈને જાય તો એને કાર્ડ ઉપર રેશનીંગનો પૂરેપૂરો જથ્થો આપવામાં આવે છે. આવી દેશમાં સૌ પ્રથમ શરૂઆત કરી હોય તો એ આ ભારતીય જનતા પાર્ટીની સરકારે આ માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની સરકારે કરી છે.

બી.પી.એલ. યોજના હેઠળ અનાજ ફાળવણી માટે વિતરણ વ્યવસ્થા માટે ૧૧૦ કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે જેના લીધે વ્યકિતદીઠ દોઢ કિલો અને કુટુંબ દીઠ મહત્તમ નવ કિલો અનાજ આપવાની વ્યવસ્થા કરવામાં આવી છે. ચોખા માટે વ્યકિતદીઠ એક કિલો અને કુટુંબ દીઠ ૩.૫ કિલો આપવાની વ્યવસ્થા કરી છે. ઘ ઉંની કિંમતમાં ત્રણ રૂપિયા ચાર પૈસા પ્રતિ કિલો જ્યારે ચોખામાં ત્રણ રૂપિયા ૬૪ પૈસા પ્રતિ કિલો રાજય સરકાર સબસિડી આપે છે.

અંત્યોદય યોજનાની વાત કરીએ તો બી.પી.એલ. યાદીમાં આવતા હોય પરંતુ એમાં પણ અતિ ગરીબ કુટુંબ હોય એવા લાભાર્થીને ઘઉં, ચોખા આપવામાં આવે છે એ પ્રતિ કિલોએ ઘઉં અને ચોખામાં એક રૂપિયો અને એક પૈસાની રાજય સરકારે સબસિડી આપીને અત્યોંદય યોજનામાં ગુજરાતના અતિ પછાત લોકોને આપવા માટેની યોજના છે. આ યોજનામાં પ્રતિ કિલો બે રૂપિયાના ભાવે અને કાર્ડ દીઠ ૧૯ કિલો ઘઉં આપવામાં આવે છે. આ યોજના હેઠળ ચોખા પણ રૂપિયા ત્રણના ભાવે કાર્ડ દીઠ ૧૬ કિલો ચોખા આપવામાં આવે છે.

અન્નપૂર્ણા યોજના હેઠળ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળ રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજના હેઠળ સહાય મેળવવાપાત્ર ૬૫ વર્ષના નિરાધાર વૃદ્ધને ૧૦ કિલો અનાજ વિના મૂલ્યે આપવાની યોજના ભારતીય જનતા પાર્ટીની સરકારે દાખલ કરી છે.

ખાદ્યતેલ માટે જન્માષ્ટમી, દિવાળી જેવા તહેવારો હોય ત્યારે અંત્યોદય, બી.પી.એલ. યોજનામાં આવતા તમામ માણસોને ૧૭ કરોડની સબસિડી માટે વિસ્તરણ કરવાની યોજના અને વ્યવસ્થા આ સરકારે કરી છે.

કેરોસીનની વાત કરીએ તો બી.પી.એલ. કાર્ડ ધરાવતા કુટુંબો માટે ત્રણ વ્યકિત હોય તો પાંચ લિટર અને ત્રણથી વધારે હોય તો ૧૦ લિટર અને પ્રતિ લિટરે સબસિડી રૂપિયા ૧૭ આપવામાં આવે છે.

આદિવાસી વિસ્તારની અંદર એક થી સાતમાં ભણતી બાલિકાઓનો ડ્રોપ આઉટ રેશિયો ઘટે એટલા માટે તથા કન્યા કેળવણીને પ્રોત્સાહન આપવા માટે કન્યા દીઠ ૬૦ કિલો અને કુટુંબ દીઠ વધુમાં વધુ બે કન્યાઓને વિના મૂલ્યે અનાજ આપવાનું નક્કી કરવામાં આવ્યું છે. (સમય સૂચક ઘંટડી) મારી એક વાત કરીને મારું પ્રવચન પૂરું કરીશ.

**અધ્યક્ષશ્રી** : માનનીય જેઠાભાઈ આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય છનાભાઈ ચૌધરી.

**શ્રી છનાભાઈ કા. ચૌધરી (ધરમપુર)** : માનનીય મત્રીશ્રી અન્ન અને નાગરિક પુરવઠાની માગણી નંબર ૨૨ અને ૨૩ તથા પંચાયત અને ગ્રામ વિકાસ વિભાગની માગણી ક્રમાંક ૭૦ અને ૭૧ લઈને આવ્યા છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય દંડકશ્રી, આપને વિનંતી કરવી છે કે આવતી કાલથી સમયની મર્યાદામાં ચર્ચામાં ભાગ લઈ શકાય એટલા નામ મોકલજો. આજે તમે ૧૪ નામ મોકલ્યાં છે પછી મારે સમય એડજેસ્ટ કરવાનો એ પછી મારે એમને કહેવાનું. કાં તો તમે નામ ઓછા મોકલાવો કાં તો તમે સૂચના આપો કે જ્યારે કહીએ ત્યારે બેસી જાય.

**શ્રી છનાભાઈ કા. ચૌધરી:** માનનીય અધ્યક્ષશ્રી, ખાસ કરીને અન્ન અને નાગરિક પુરવઠા વિભાગમાં સરકાર દ્વારા બી.પી.એલ. કુટુંબોને અપાતી સગવડ જેવી કે રાહત દરે અનાજ, ખાંડ, તેલ, વગેરેનું વિતરણ કરવામાં આવે છે. જેમાં બી.પી.એલ. કુટુંબોને રાહતદરે તેલનું વિતરણ વર્ષ દરમ્યાન ફક્ત તહેવારો જ્યારે હોય ત્યારે જ કરવામાં આવે છે. અત્યારે બજારમાં તેલના ભાવ એટલા બધા ભડકે બળે છે અને એટલા બધા તેલના ભાવો છે કે ગરીબ માણસ કદાચ તેલ લેવા વિચાર પણ ન કરે. ત્યારે આવા જે બી.પી.એલ. કાર્ડધારકો છે, અંત્યોદયના કાર્ડધારકો છે તેમને કાયમ માટે જે કંઈ સરકાર નક્કી કરે એ ભાવે તેમને તેલ આપવું જોઈએ. ગેસ ધારકોને તેલના કાર્ડ ઉપર

કેરોસીન આપવામાં આવતું નથી. જે ખાનગી ગેસ કંપનીના ગેસધારકો છે તેમને પણ સસ્તા અનાજની દુકાનમાંથી કેરોસીન મળતું નથી, તેવા ગેસ ધારકોને સબસિડી મળતી નથી. તેવા કાર્ડધારકોને કેરોસીન મળવું જોઈએ એવી આપના થકી માનનીય મંત્રીશ્રીને ખાસ વિનંતી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, બી.પી.એલ. કાર્ડ જે વ્યકિત ધારણ કરે છે તેમના દીકરાઓ અલગ રહેતા હોય અને જ્યારે કાર્ડ છૂટું પાડવાનો વારો આવે ત્યારે તેના દીકરાને બી.પી.એલ.કાર્ડ નથી મળતું. તે કુટુંબ ગરીબ છે. એ કુટુંબ જ્યારે છૂટું પડે તો એ કાર્ડ બી.પી.એલ. મળતું નથી. ખરેખર તેને એ.પી.એલ. મળે છે. તેના કારણે સસ્તા અનાજની દુકાનનો લાભ મળી શકતો નથી.

માનનીય અધ્યક્ષશ્રી, પંચાયત અને ગ્રામ વિકાસમાં આપણાં ગુજરાત રાજયનું પંચાયતીરાજ આખા દેશમાં ઉત્તમ છે. ખાસ કરીને અનેક પ્રવૃત્તિઓ પંચાયતો દ્વારા થાય છે. ગામનો વિકાસ અને સરપંચની અનેક જવાબદારી હોય છે. ત્યારે ઘણીવાર તાલુકામાં તલાટીની જગ્યાઓ ખાલી છે. અહીં ગૃહમાં પણ પ્રશ્ન પૂછાયો છે. ખાલી જગ્યા બતાવવામાં આવે છે. કહેવામાં આવે છે કે સત્વરે ભરીશું પણ આખા તાલુકામાં ૧૦-૧૫-૨૦-૨૦ જગ્યાઓ ખાલી છે. એક-એક કે બબ્બે વર્ષથી જગ્યાઓ ખાલી છે. એક તલાટીને બેથી ચાર પંચાયતનો ચાર્જ આપવામાં આવે છે. નાના માણસો કામ કરાવવા જાય ત્યારે તલાટી ન હોય. વિકાસના કામમાં સરપંચને તલાટીની જરૂર છે. એવા સમયે સરપંચ પણ તલાટીને શોધતા ફરે છે. કામો થતાં નથી.

માનનીય અધ્યક્ષશ્રી, ખાસ કરીને સમરસ ગામોની ખૂબ વાતો થઈ. અમારા આવ્યા પછી સમરસ ગામો થયા છે. વાત સાચી છે. સમરસ ગામ કરી ચૂંટણી ટાળવી જોઈએ. પણ સમરસ ગામ કેવી રીતે થાય છે, ઘણી જગ્યાએ તો અમુક ખાસ પક્ષના માણસો દબાણ કરે છે કે તમારે ઉભા ન રહેવું. તમે ઉભા રહેશો તો આમ કરીશું, એવી રીતે સમરસ કરાવાય છે. અધિકારી મારફત દાદાગીરી કરીને તેમના મારફત આ સમરસ કરાવે છે. આ સમરસ ન કહેવાય પણ ગામના લોકો બેસીને જ્યારે નક્કી કરે કે અમારા આ સરપંચ છે (સમયસૂચક ઘંટડી) હું આ માગણીને સમર્થન આપી શકતો નથી.

**અધ્યક્ષશ્રી** : શ્રી અનિલભાઈ માળી.

**શ્રી અનિલકુમાર અ. માળી (દીઓદર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસની માગણી લઈને આવ્યા છે ત્યારે હું તેમાં મારું સમર્થન આપું છું અને મારા વિચારો વ્યક્ત કરું છું.

ગૌરવવંતા ગુજરાતના બાહોશ, પ્રમાણિક, નીડર અને વિકાસને વરેલા, સાડાપાંચ કરોડની જનતાના દિલની ધડકન એવા આદરણીય નં.૧ મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં પ્રથમ વખત ચૂંટાઈને આવવાનું મને ગૌરવ પ્રાપ્ત થયું છે ત્યારે આ સન્માનનીય સભાગૃહમાં પ્રથમ વખતે મને બોલવાનો મોકો મળ્યો છે ત્યારે હું હર્ષની લાગણી અનુભવું છું. હું મારી જાતને ધન્ય ગણું છું કે રાજયના અંતરિયાળ અને પછાત વિસ્તાર એવા દિયોદર, ભાભર અને થરાદ તાલુકાની મારા વિસ્તારની ભલી-ભોળી અને લાગણીશીલ પ્રજાના પ્રતિનિધિ તરીકે છેવાડાના લોકોના હેમક્ષેમની ચિંતા કરવાની મને એક યુવાન ધારાસભ્ય તરીકે તક મળી છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ રજૂ કરેલા અપ્રતિમ બજૅટ ઉપર છેવાડાના લોકો સુધી પહોંચવા મથામણ કરતાં પંચાયત અને ગ્રામ વિકાસ વિભાગની માગણીઓ ઉપર હું મારો સૂર પૂરાવું છું અને મારા નમ્ર મંતવ્યો રજૂ કરવા ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, અમારી સરકારની નેમ છે કે,

" ન ધરા સુધી, ન ગગન સુધી, ન ઉન્નતિ સુધી, ન પતન સુધી,
અમારે તો જાવું છે છેવાડાના ગામ સુધી."

માનનીય અધ્યક્ષશ્રી, પ્રથમ તો આ રાજયના મુખ્યમંત્રીશ્રી અને પંચાયત અને ગ્રામ વિકાસ મંત્રીશ્રીને અભિનંદન આપું છું કે, સમાજના છેવાડાના લોકો સુધી પહોંચી સરકારી યોજનાઓનો લાભ આપવા માટે પંચાયત વિભાગની ગત વર્ષની રૂ.૫૪૧.૫૧ કરોડની જોગવાઈ સામે આ વખતે રૂ.૬૮૧ કરોડની જોગવાઈ સૂચવી છે. આ બન્ને વચ્ચેની ટકાવારીની દ્દષ્ટિએ તફાવત જોઈએ તો ૨૫.૩૦ ટકા થાય છે. કોઈપણ માણસના ઘરના બજૅટમાં વધારો થાય તો એના કુટુંબના હરખમાં સ્વાભાવિક રીતે વધારો કરે એવી પ્રક્રિયા છે. આવો ૨૫ ટકા વધારો ગામડાની પ્રજાના હૈયામાં અનેરો ઉત્સાહ પ્રેરશે. આપણા દેશની મુખ્ય જરૂરિયાત રોટી, કપડા અને મકાન છે. અને એના માટે ગ્રામ વિકાસ વિભાગે ખૂબ ચિંતા કરી છે. સરદાર આવાસ યોજના અને ઇન્દિરા આવાસ યોજના હેઠળ અત્યાર સુધીમાં ૨,૬૭,૪૬૪ સરદાર આવાસો બનાવ્યા છે અને એના દ્વારા ગરીબોની આંતરડી ઠારી છે. આ વર્ષે ૨૬૦૦૦ જેટલા નવા સરદાર આવાસો બનાવવા માટે બજૅટમાં ૯૦ કરોડ રૂપિયા જેટલી રકમની ફાળવણી કરી છે.(અંતરાય) મને ૨ મિનિટનો વધારે સમય આપો. હું નવો સભ્ય છું. પ્રથમ વખત બોલવા ઊભો થયો છું.

**અધ્યક્ષશ્રી** : આપનું પ્રવચન પૂરું થાય છે. આપને ફરી તક મળશે.

# અધ્યક્ષશ્રીની જાહેરાત

## કામકાજ સલાહકાર સમિતિનો બીજો અહેવાલ

**અધ્યક્ષશ્રી** : ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૯૨ અન્વયે મળેલ સત્તાની રૂએ, હું કામકાજ સલાહકાર સમિતિનો બીજો અહેવાલ રજૂ કરું છું.

સમિતિની બેઠક મંગળવાર તા.૧૮મી માર્ચ, ૨૦૦૮ના રોજ સભાગૃહની બીજી બેઠકના વિરામ સમયમાં મળી હતી. સમિતિ નીચે મુજબ ભલામણો કરે છે.

(૧) મંગળવાર તારીખ ૨૫મી માર્ચ, ૨૦૦૮ના રોજ સભાગૃહની બે બેઠકો રાખવી. પ્રથમ બેઠકમાં સભાઓની તારીખવાર યાદીમાં દર્શાવેલ કામકાજ હાથ ધરવું. બીજી બેઠકમાં ગુજરાત વિધાનસભાના પૂર્વ અધ્યક્ષ સ્વર્ગસ્થ શ્રી ધીરૂભાઈ શાહનો શોકદર્શક ઉલ્લેખ રાખવો.

(૨) તારીખ ૨૬મી માર્ચ, ૨૦૦૮ના રોજ નીચે દર્શાવેલ ક્રમમાં કામકાજ હાથ ધરવું.

(૧) નીચે દર્શાવેલ સરકારી વિધેયકો ક્રમાનુસાર વિચારણા માટે હાથ ધરવા.

૧) સન ૨૦૦૮નું વિધેયક ક્રમાંક-૧૨ સન ૨૦૦૮નું ગુજરાત સ્થાનિક વિસ્તારોમાં નિર્દિષ્ટ માલના પ્રવેશ પર વેરા (સુધારા) વિધેયક.

૨) સન ૨૦૦૮નું વિધેયક ક્રમાંક-૧૪ સન ૨૦૦૮નું ગુજરાત મૂલ્ય વર્ધિત વેરા(સુધારા) વિધેયક

૩) સન ૨૦૦૮નું વિધેયક ક્રમાંક-૧૫ સન ૨૦૦૮નું ગુજરાત રાજય વ્યવસાય, વ્યાપાર, ધંધા અને રોજગાર વેરા(સુધારા) વિધેયક

૪) સન ૨૦૦૮નું વિધેયક ક્રમાંક-૧૬ સન ૨૦૦૮નું ગુજરાત જિલ્લા આયોજન સમિતિ વિધેયક

૫) સન ૨૦૦૮નું વિધેયક ક્રમાંક-૧૩ સન ૨૦૦૮નું ગુજરાત મ્યુનિસિપલ નાણા બોર્ડ (સુધારા) વિધેયક

૬) સન ૨૦૦૮નું વિધેયક ક્રમાંક-૧૭ સન ૨૦૦૮નું સરદાર સરોવર નર્મદા નિયમ લિમિટેડ (બૉન્ડ પરત ચૂકવણીની સત્તા આપવા બાબત) વિધેયક

૭) સન ૨૦૦૮નું વિધેયક ક્રમાંક-૧૧ સન ૨૦૦૮નું મુંબઇ દુકાન અને સંસ્થા (ગુજરાત સુધારા) વિધેયક

૮) સન ૨૦૦૮નું ગુજરાત વિનિયોગ વિધેયક,

(૨) સભ્યશ્રી શૈલેષભાઈ પરમારનો રાજયના બેરોજગાર ઉમેદવારોને સ્થાનિક કક્ષાએ રોજગારી મળી રહે તે બાબતનો નિયમ ૧૦૧નો પ્રસ્તાવ વિચારણા માટે હાથ ધરવો અને તેને એક કલાકનો સમય ફાળવવો અને

(૩) છેલ્લા દિવસનો પ્રસ્તાવ હાથ ધરવો અને તેને એક કલાકનો સમય ફાળવવો.

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે આ સભાગૃહ કામકાજ સલાહકાર સમિતિના બીજા અહેવાલ સાથે સંમત થાય.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિનાવિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી આપે માગ્યો છે એટલો સમય મેં આપ્યો છે એટલે હું સમયસર પૂરું કરીશ.

# માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ) (ક્રમશ:)

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ (પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસમંત્રીશ્રી)** :માનનીય અધ્યક્ષશ્રી, મારા પંચાયત ગ્રામગૃહ નિર્માણ ગ્રામ વિકાસ અન્ન અને નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબતોની માગણી ઉપર શાસક પક્ષના અને વિપક્ષના મળી કુલ ૧૮ મિત્રોએ સભ્યશ્રીઓ ચર્ચામાં ભાગ લીધો અને એમના રચનાત્મક સૂચનોને હું આવકારુ છું અને ટીકા અને અવલોકનોમાંથી યોગ્ય કરવા જેવું હશે એનું વિશ્લેષણ કરીને હકારાત્મક અભિગમ રાજયના વિકાસ માટે અમે અપનાવીશું. પંચાયતનો કાયદો ગુજરાતમાં સને ૧૯૬૧થી ઘડવામાં આવેલો. પૂજય મહાત્મા ગાંધીજી અને પૂજય રવિશંકર મહારાજના વિચારાધીન ગામડાઓને બેઠા કરવા માટે આ કાયદાનું ઘ ડતર કર્યુ અને ૧૯૬૩માં ત્રિસ્તરીય પંચાયતી રાજયની સ્થાપના કરવામાં આવી છે. પંચાયત રાજય આ ગુજરાતના આશરે ૧૮હજાર ગામડા સુધી એ વિસ્તરેલું છે. તેના સફળ સંચાલન માટે ૧૩૬૯૩ ગ્રામ પંચાયતો આવેલી છે. ૨૨૪ તાલુકા પંચાયતો અને ૨૬ જિલ્લા પંચાયતો આવેલી છે. મારે કોંગ્રેસે શું કર્યુ અને શું ના કર્યુ એ મારે બહુ કહેવું નથી પરંતુ હું એટલા માટે તમને યાદ અપાવું છું કે અત્યાર સુધી કે .. ..

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી આપ આપની વાતને વળગી રહો.

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : પરંતુ સભ્યશ્રી શંકરભાઈ ખૂબ પીઢ છે. એમણે ગઈકાલે એવો ઉલ્લેખ કર્યો હતો અને હું સાંભળતો હતો કે, ભર્યા ભાણા ઉપર તમે બેસી ગયા છો. ભર્યા ભાણા ઉપર અમે બેસી ગયા છીએ. અર્જુનભાઈ, અમને સલાહ આપે છે અને મારે એમનું અત્યારે ધ્યાન દોરવું છે કે અકબર બાદશાહે જ્યારે બિરબલને પૂછયું કે સહેલામાં સહેલું શું તો બિરબલે જવાબ આપ્યો હતો કે સહેલામાં સહેલું સલાહ આપવી. મારે

આ સન્માનનીય સભાગૃહના સૌ સભ્યશ્રીઓનું ધ્યાન દોરવું છે. ૧૯૮૫-૮૬ થી અમારા સામે બેઠેલા મિત્રો છે એમણે ૧૦ વર્ષ પંચાયતો ચલાવી. થોડોક ઉલ્લેખ એક બ્લૉકનો હું કરું છું. ૧૯૮૫-૮૬ થી ૧૯૯૪-૯૫ સુધી લગભગ ૧૦ વર્ષનો ગાળો જેમાં ચીમનભાઈ પટેલ પણ ત્યાં હતા અને અમારા બધા હતા પણ ૧૦ વર્ષ સુધીનો ગાળો હતો એમાં પંચાયતોનો વિકાસ કરવા માટે એમણે કેટલા રૂપિયા વાપર્યા ૧૬૮.૫૮ કરોડ ૧૦ વર્ષમાં વાપર્યા અને આંગળી સુજીને એક થાંભલો થઈ ગયો. એની સામે ૧૯૯૫-૯૬થી અમારી સરકારે ૨૦૦૮-૦૯ સુધીમાં ૪૪૭૭ કરોડ રૂપિયા અમે વાપર્યા છે. આ પંચાયતોના વિકાસ માટે. ૨૫૫૬ ટકાનો વધારો કરીને ૧૦ વર્ષની મેં કમ્પેરીઝન આપી છે અને આપે એમ કહ્યું કે અમારે આ ૧૦ પંચાયતોનો વિકાસ કરવો છે. મને મારો ભૂતકાળ યાદ આવે છે. આ ગામડાઓમાં જ્યારે પાણી પુરવઠાની યોજનાઓની જવાબદારી મારી જોડે હતી ત્યારે આ મારા મિત્રો ગુજરાતના ગામડાઓને પાણી આપવા નીકળ્યા ત્યારે વર્ષે ૬૦ કરોડ રૂપિયાનો ખર્ચો કરતા હતા. આ સરકારે ભારતીય જનતા પાર્ટીના શાસને વર્ષે ૧૫૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ કર્યો. ૯ વર્ષથી કરે છે. ૧૦હજાર કરોડ જેટલો ખર્ચ કરીને ગામડાઓને પાણી આપ્યું. એક બાજુ ૬૦ કરોડ રૂપિયા વર્ષે વાપરે, બીજી બાજુ ૧૫૦૦ કરોડ જેટલી માતબર રકમ આ સરકાર વાપરે અને ગામડાઓને પાણી આપતા. એ પ્રમાણે આ ખાતાની જવાબદારી જ્યારે મેં સંભાળી ત્યારે થોડુંક ભૂતકાળમાં મેં ડોકિયું કર્યું તો ૧૬૮ કરોડનો ખર્ચ કરેલો. એટલા માટે મારા મિત્રોને યાદ અપાવું કે ૧૬૮ કરોડ ૧૦ વર્ષમાં વાપરીએ અને ગામડાંમાં લીલાલહેર થઈ જાય એવી કલ્પના ક્યાંથી કરી હતી? મને ગામડા વિશે જાણવા માટે પુસ્તકો વાંચવા પડે એવું નથી. મારે અનુભવ કરવા માટે ગામડાંમાં જવું પડે એમ નથી. કારણ કે મારો જન્મ ગામડાંમાં થયો છે અને ગામડાંમાં જ હું ભણ્યો છું. મારો ખેડૂત પરિવાર છે. અમારી નાની મોટી થોડી જમીન છે એમાં ખેતી કરતા હતા. હું કોલેજમાં હતો અને મારી ઉંમર ૨૭ વર્ષ હતી ત્યારે ૧૯૪૭ થી ૧૯૬૩ આઝાદીથી આપણા ગુજરાતની રચના થઈ ત્યાં સુધીમાં ત્યારે મારી ઉંમર ૨૭ વર્ષની હતી. હું સમજદાર હતો. હું રાજનીતિમાં તમારી સામે જોઈ રહ્યો હતો. ૧૯૬૩ થી ૧૯૯૦ સુધીનું ૨૭ વર્ષનું કોંગ્રેસનું શાસન મેં જોયું છે. હું ગામડાંમાં રહેતો હતો એટલે ઉલ્લેખ કરું છું કે તે સમયનું ગામડું કેવું હતું? હું જોતો હતો અને મનમાં વિચારતો હતો કે આ લોકો કેમ કરી શકતા નથી? અમે તો ગામડાંના ખેડૂત હતા. અમારી જોડે થોડી જમીન હતી, અમારા લોકોને કમાણી કરવી હોય કે ઘર ચલાવવું હોય તો બળદો દ્વારા કોસ ખેંચાવીને કૂવામાંથી પાણી કાઢતા હતા. આપને જાણીને આશ્ચર્ય થશે કે એક-બે વીઘા જમીનમાં પાણી પહોંચે એમાં વરિયાળી કે કપાસ વાવીએ. આમાં ગામડાંનો વિકાસ થવાની વાતો કરે. સારામાં સારા ગામડાંમાં પણ ચાર ધોરણથી વધારે શાળાઓ ન હતી. હું ત્રણ માઈલ ચાલીને ભણવા જતો હતો. હું એટલા માટે ઉલ્લેખ કરું છું કે ગામડામાં ચાર ધોરણ સુધી ચાલતું. એ પણ ગાયકવાડ વખતમાં એમણે ઊભી કરેલી શાળાઓ હતી. આમના દ્વારા તો કાંઈ શાળા ઊભી થઈ ન હતી. મારે કહેવું છે કે સાત ધોરણ ભણવા જવું હોય તો ત્રણ માઈલ ચાલીને જવું પડતું. ગામડાંમાં કોઈ બિમાર પડે તો ડૉકટર તો કોઈ હોય જ નહીં. નર્સની કોઈ વાત નહીં. મહિલાની પ્રસૂતા માટેની કલ્પના ન કરવી. ગામડાંની બેન દાયણ હોય એના દ્વારા પ્રસૂતિઓ થતી અને કોણ તરફડીને મરતું અને કોણ ગણવા જતું? આવું ગામડાંમાં ચાલતું હતું. ગામડાઓ માખી અને મચ્છરોથી ઉભરાતા હતા. અમારે મચ્છરોની દવા કરવી હોય તો ગામડાંનો લીમડો તોડીને ધૂમાડાં કરવા પડતા. એના આધારે અમે રહેતા. અમને મેલેરિયા, કોલેરા, ટાઈફોઈડ થતો પણ કોઈ બચાવનાર હતું નહીં. એ શાસન આપનું હતું અને

ગ્રામ પંચાયતની વાતો અમારી સામે કરો છો? આર્થિક બાબતોની વાત જ ક્યાં કરવી જ્યાં જીવવા માટેના ફાંફા હતા. ત્યારે આર્થિક બાબતોનું મોટું મીંડું હતું. આજે જે ખેડૂતો સદ્ધર દેખાય છે અમારા જેવા, તે ખેડૂતોના કુટુંબમાં તમારા સમયમાં ગામના પડોશીને ત્યાંથી છાશ લાવી રોટલો સાથે ખાય, ગામડાંનો આજે સુખી દેખાતો માણસ એ વખતે છાશ-રોટલો ખાઈને જીવતો હતો. સામાન્ય ખેડૂતનું જીવન એવું હતું. દિશાહીન કોંગ્રેસ ગામડાંને બેઠું કરવાનો *(xxxx) કરતી હતી. અંધારામાં બાચકા મારતી કોંગ્રેસને કાંઈ સૂઝતું ન હતું.

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી, (xxxx) શબ્દ પાછો ખેંચો. એ સારો શબ્દ નથી.

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : એ બિનસંસદીય લાગતા નથી છતાં આપ કહો છો તો ખેંચી લઉં છું. હું પાછા ખેંચું છું.

**અધ્યક્ષશ્રી** : અરૂચિકર અને અસંસદીય બન્ને છે.

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : આ બધી હકીકત છે એટલે સંભળાવું છું. દિશાહીન કોંગ્રેસને બેઠી કરવા અંધારામાં બાચકા મારતી કોંગ્રેસ અને આમાં લોકો કંટાળી ગયા. આવા ગામડાંનો સીલસીલો ૧૯૬૩ થી ૧૯૯૦ સુધી ચાલ્યો. ત્યારે ભા.જ.પ.ના શાસનનો સૂર્યોદય નવા વિચારો લઈને લોકોને દેખાયો. એના કારણે ૧૯૯૫ પછી ભારતીય જનતા પક્ષનું શાસન પ્રસ્થાપિત થયું. ૧૯૯૫ થી ૨૦૦૨ સુધી ગામડાની પાયાની જરૂરિયાતો ઉપર દ્રષ્ટિ રાખી વિકાસ માટે પ્રયત્નો શરૂ કર્યા. ભૂતકાળની કામ કરવાની કોંગ્રેસની પદ્ધત્તિઓને અમારી સરકારે દફનાવી દીધી. અને જોતજોતામાં ભા.જ.પ.ના હોનહાર જવાંમર્દ અને ગુજરાતનો સર્વાંગી વિકાસ કરે એવો ક્રિકેટના ધોની જેવો રાજનેતા કે જેનો આત્મા ગુજરાત છે, પરમાત્મા જેનું રાષ્ટ્ર છે એવા નરેન્દ્રભાઈ મોદીના શિરે મુખ્યમંત્રીનો તાજ મૂકયો.

---

* (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, સ્થાનિક સ્વરાજ્યની ગયા વખતે તમારા મિત્રોએ કહ્યું છે કે તમને પ્રજા કયા ઓળખે છે? ગત સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં મહાનગરપાલિકાની સાતમાંથી સાત મહાનગરપાલિકા પ્રજાએ અમોને આપી. નગરપાલિકાની ૧૫૯માંથી ૧૧૧ નગરપાલિકા અમોને આપી. જિલ્લા પંચાયતની ૨૬માંથી ૧૯ અને તાલુકા પંચાયતની ૨૨૪માંથી ૧૪૩ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ પ્રજાએ ભારતીય જનતા પાર્ટીને આપી. અમારી સરકારે આ લીધી છે જેનાથી આપ સર્વે પરિચિત છો. ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણીમાં ગઈકાલ સુધી એમ કહેતાં હતાં કે ફરીવાર તમે તમારી જગ્યાએથી ચૂંટણી લડી જોજોને. મને પણ કહેતા હતા કે સુરતમાં પૂર આવ્યું. નરોત્તમભાઈ ત્યાં જઈને ચૂંટણી લડજો? એમને ખબર છે સુરતની અંદર શું સ્થિતિ એમની થઈ હતી? એ અમને ખબર છે. ૩,૪૭,૦૦૦ મત સાથે એમના હરીફ સાથે મારે જીતવાનું થતાં હું ખૂબજ નસીબદાર હતો. પણ મિત્રો કહેતાં હતાં કે સુરતના પૂરથી નરોત્તમભાઈ અને ભારતીય જનતા પાર્ટી તણાઈ જશે અને એ સ્વપ્ન, દીવા સ્વપ્ન કાંઈ રહ્યાં નહિ. આજે મને કહેતાં આનંદ થાય છે કે નરેન્દ્રભાઈ મોદી સાહેબે જોત જોતામાં ગુજરાતના ગામડાના વિકાસનો ભગીરથ યજ્ઞ આદર્યો. મને કહેતા ગૌરવ થાય છે કે રાજ્યની વિવિધ યોજનાઓ અલગ અલગ ખાતામાં શરૂ કરી દીધી. ગામડાનો વિકાસ કરવો એટલે ફકત પંચાયતમાં ગીલોડી રમવા જેવું ના હોય. એ તો કૃષ્ણ અને રામનો જન્મ થતો હોયને, એ પહેલા હનુમાન અને અંગદનો જન્મ થતો હોય છે. જ્યોતિ ગ્રામ જેવી યોજના તૈયાર કરીને જ્યારે ગામડાના વિકાસ માટે મૂકી અને વીજળીકરણ કર્યુ એના આધારે અમારો ઈ-ગ્રામ ચાલુ થયો. દેશ અને પરદેશ સાથે અમારાં જોડાણ થવાના છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે એક વાત કહેવી છે કે નરેન્દ્રભાઈ મોદીની કલ્પનાનું ગામડું તમોને પણ ગમે એવું છે. તમને પણ એમ થશે કે આ વાત તો બરાબર છે. તમે નહિ કરી શક્યા એનો વસવસો તમને થાય છે કે નહિ એ મને ખબર નથી પણ હું ગામડાંમાં જન્મ્યો છું. ગામડું જોયું છે અને ગુજરાતના સારામાં સારા શહેર સુરતમાં હું રહું છું. એટલે ગામડું અને શહેર બંનેને હું સમજું છું અને નરેન્દ્રભાઈ મોદીની કલ્પનામાં ગામડાંને બેઠું કરવાની વાત આવે છે ત્યારે અમારામાં આ એક ઊર્જા પેદા થાય છે કે આને કેવી રીતે હવે તૈયાર કરે છે?

માનનીય અધ્યક્ષશ્રી, નરેન્દ્રભાઈ મોદી અમારા મુખ્યમંત્રીશ્રીની એક કલ્પના છે અને એ સાંભળવા જેવી છે. મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના વિચારોનું ગામડું અને ગ્રામ્ય જીવન એટલે સંપૂર્ણ સ્વચ્છ ગામ, સંપૂર્ણ સાક્ષરતા, કન્યાઓનું સો ટકા નામાંકન, ગામડામાં માધ્યમિક શિક્ષણની ઉપલબ્ધતા, ગામડામાં શુદ્ધ પીવાના પાણીની વ્યવસ્થા, ગામડામાં કોક્રીટના પાકા રસ્તાઓ, જ્યોતિગ્રામ અંર્તગત ચોવીસ કલાક ગામડામાં વીજળી, બાલવાડી, આંગણવાડીઓ, પ્રાથમિક શિક્ષણની ઉપલબ્ધતા. આ હું એટલા માટે કહું છું કે તમે ટૂંક સમયમાં જોશો કે આ તમામ સીલસીલો તમારા ગામડામાં, તમારા ગામમાં છે. દરેક ઘરમાં જાજરૂની સંપૂર્ણ વ્યવસ્થા. ગામડામાં પાદ હોય. ગામડામાં પણ એના પર્યાવરણ માટે પાદ જોઈએ. ઘરડાં માણસોને બેસવા માટે, ગામડામાં સમરસ વાતાવરણ માટેની પંચાયત હોય, તિર્થ ગ્રામ હોય, નિર્મળ ગ્રામ હોય, નીરોગી ગામ હોય, નીરોગી બાળ હોય, આરોગ્ય માટે દવાખાનામાં પૂર્ણ વ્યવસ્થા હોય, શુદ્ધ પાણી ભરેલા તળાવ, નદી, નાળાં હોય આ અમારી કલ્પના છે. ગામડાના અર્થતંત્રને મજબૂત કરવા માટે ખેતરોમાં પુરતું પાણી હોય, ગ્રામસભાના સમર્થનવાળું ગ્રામ સચિવાલય હોય.દરેક વ્યકિતને રોજીરોટી મળે એ માટે પંડિત દિનદયાળ ઉપાધ્યાયજીની કલ્પનાનો સમાજ હોય, દરેક ગામડું પાકા રસ્તાથી જોડાયેલું હોય, તમામ વ્યવસ્થા હોય, આ બધું હોય પણ દેશ અને દુનિયાના ખુણેખુણે પહોંચવા માટે ઈ-ગ્રામ, વિશ્વગ્રામની વ્યવસ્થા હોય. ઈગ્રામમાં ગ્રામ પંચાયતોને સમગ્ર વિશ્વ સાથે જોડવાની અમારા માનનીય મુખ્યમંત્રીશ્રીની કલ્પના છે. આ પ્રોજેકટ આજકાલથી શરૂ થયો છે એવું નથી એની શરૂઆત ત્રણ વર્ષ પહેલા ૨૦૦૬ થી માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ એ જાહેર કર્યું હતું કે અમારા ગુજરાતના ગામડાંઓને શહેરો જેટલી વ્યવસ્થા આપીશ અને એને દેશના ખૂણેખૂણે જોડીશ. જીસ્વાન સાથે જોડીશ અને એને ઓન લાઈન કરીને ઈન્ટરનેટ સાથે જોડાણ કરશે. માનનીય મુખ્યમંત્રીશ્રીએ આગોતરું આયોજન કરીને ગામડાંઓમાં જયોતિગ્રામની વ્યવસ્થા કરી રાખી હતી. આજે ગામે તેટલા કોમ્પ્યુટર આવે પણ જયોતિ ગ્રામની વ્યવસ્થા ન હોય તો કેવી રીતે એ શકય બને? (અંતરાય) બટાટા તો અમારા માટે બહુ સામાન્ય વિષય છે. રાજયના બહુહેતુક પ્રોજેકટ બાબતે અમારા વિભાગના સિનિયર અધિકારી દ્વારા દિલ્હી ખાતે એક પ્રેઝન્ટેશન કરવામાં આવ્યું. જાણવા જેવું છે જગદીશભાઈ,

**અધ્યક્ષશ્રી** : આપ મને કહો.

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : હમણાં એક પ્રેઝન્ટેશન કરવામાં આવ્યું. ગુજરાતનું ગૌરવ છે અને તેના ફળસ્વરૂપે કેન્દ્ર સરકારે કહ્યું કે Gujarat has been accepted for rural e-governance in the country and all other States have been advised to replicate e-gram model of Gujarat. Entire credit goes to our Hon'ble Chief Minister Mr. Narendra Modi who had promised in the sammelan in ૨૦૦૬ and fulfilled his promise. માનનીય અધ્યક્ષશ્રી, વચન ૨૦૦૬માં આપ્યું. આજે એનું પરિણામ આવ્યું કદાચ તમે એમ કહેશો અમારા ગામમાં હજુ નથી જોડાયું. તમારા ગામમાં કોમ્પ્યુટર મુકયા છે. કનેકટીવીટી ચાલે છે. દરરોજ ૧૫૦ થી ૨૦૦ કનેકટીવીટી થાય છે અને કથની અને કરણીમાં અમે તો જે કહીએ છીએ તે કરીએ છીએ. આ ઈગ્રામની વ્યવસ્થા સમય વેડફયા વગર આ છ મહિનાની અંદર અમારી કલ્પના છે, નરેન્દ્રભાઈનો આદેશ છે જલદીમાં જલદી ઈ-ગ્રામ કરીને ગુજરાતનાં ગામડાંઓને દેશ અને દુનિયા સાથે જોડાણ કરો. અને આપ જોશો અને આની વ્યવસ્થાથી ગુજરાતનાં ગામડાંમાં જબરજસ્ત પરિવર્તન આવવાનું છે અને

ગામડાંમાં જે અમને જનાદેશ આપ્યો છે એને આધારે અમે આ બધી કાર્યવાહી કરી રહ્યા છીએ. મારે મિત્રોની સાથે બજેટની વાત કરવી છે. ૨૦૦૭-૦૮માં ૫૪૩.૫૧ કરોડનું બજેટ હતું. ૨૦૦૮-૦૯માં ૬૮૧કરોડ રૂપિયાનું ૨૫.૩૦ટકાનો વધારો કરવામાં આવ્યો છે. ૨૦૦૮-૦૯માં ગ્રામીણ આવાસન સદરે ૧૫૧.૫૨કરોડની વ્યવસ્થા સરદાર પટેલ આવાસ યોજના માટે વાપરવામાં આવશે. સમૂહ વિકાસ અને પંચાયત સદરે ૪૫૦.૯૮કરોડની વ્યવસ્થા, ગ્રામ્ય મિત્રોની વ્યવસ્થા, જે ભવિષ્યમાં ગ્રામ સચિવાલય બનવાનું છે એને માટે તાલીમ અપાતા ગ્રામ મિત્રોને ૭૮.૫૦કરોડ રૂપિયાની જોગવાઈ રાખવામાં આવી છે. આદિવાસીઓને, આદિજાતિના લોકોને પણ અમે ભુલતા નથી. અમારું જે બજેટ છે એમાં ૧૪૨.૦૩કરોડ રૂપિયા આદિજાતિ પેટા યોજના નીચે વાપરવાના છીએ અને ખાસ અંગભૂત યોજના હેઠળ ૬૭કરોડ રૂપિયા પંચાયતમાં અમે વાપરવાના છીએ. ઈ-ગ્રામ વિશે થોડી ઊંડાણપૂર્વક વાત કરવી છે. તમામ ઈ-ગ્રામ પંચાયતનું broad band ઈ-કનેકટીવીટીથી આગામી છ મહિનામાં જોડાણ કરવાનું છે. ગુજરાત આ દેશનું પ્રથમ રાજય છે ઈ-કનેકટીવીટીથી ગ્રામ પંચાયતોને જે સવલતો મળશે એ ખૂબ અગત્યનું છે એટલા માટે હું ગૃહમાં જાણકારી આપું છું. દરેક ગ્રામ પંચાયતમાં ઈન્ટરનેટની સુવિધા કરવાની છે. વિડિયો કોન્ફરન્સની સુવિધા અમે કરવાના છીએ. મલ્ટીકાસ્ટીંગ પ્રસારણ કરવાનું છે. વોઈઝની સગવડતા એટલે કે તમામ ગ્રામ પંચાયત એક બીજા સાથે વિનામૂલ્યે વાત કરી શકશે. સાયબર સેવા અંતર્ગત ખેતી વિષયક, શૈક્ષણિક વિષયક, આરોગ્ય વિષયક, રોજગાર વિષયક માહિતી ગ્રામ પંચાયત ખાતે ઉપલબ્ધ થશે. માનનીય અધ્યક્ષશ્રી, ખેતી વિષયક, આરોગ્ય વિષયક વગેરે ઉપર વીડિયો કૉન્ફરન્સનું ગ્રામ પંચાયત ખાતે આયોજન થઈ શકશે. તમામ ગ્રામ પંચાયતોને કૉમ્પ્યૂટર હાર્ડવેર તથા આનુષંગિક સાધન સામગ્રી આપવામાં આવશે. ઘણી ગ્રામ પંચાયતોના વિભાજનના કારણે બે ગામ થયા અને એના કારણે કૉમ્પ્યૂટર નથી કે પૂર અને વરસાદના કારણે ક્ષતિગ્રસ્ત કૉમ્પ્યૂટર થયા હશે, લોકફાળાથી મળેલા જૂના કૉમ્પ્યૂટર હશે, તે તમામને નવા કૉમ્પ્યૂટરો આપવામાં આવશે. ઈ-ધરા કેન્દ્રને વૈકલ્પિક વ્યવસ્થા તાલુકા કક્ષાએ પણ પૂરી પાડવામાં આવતા ૭-૧૨ અને ૮-અ ના ઉતારા ઈ-ગ્રામ પંચાયત ખાતેથી મળી શકશે. એક લાખથી વધુ ૭-૧૨ અને ૮-અ ના ઉતારા અમે આપ્યા છે. હવે અમારી ગતિ વધતા કામ પૂર્ણ કરવામાં આવશે. કૉમ્પ્યૂટર સાહસિક, વિલેજ કૉમ્પ્યૂટર એન્ટરપ્રિન્યોર, કૉમ્પ્યૂટર એક્સ્પર્ટ છોકરાઓ જે ગામમાં હોય તેમને કામ આપવામાં આવશે. તેમના દ્વારા ગામની આખી કાર્યવાહી સંભાળવામાં આવશે. મારે એ પણ સન્માનનીય ગૃહનું ધ્યાન દોરવાનું છે કે ૬,૦૦૦ કૉમન સર્વિસ સૅન્ટરની સ્થાપના કરવામાં આવી છે. ગુજરાત રાજ્યના તમામ એટલે કે ૧૩,૬૯૩ ગામડામાં કૉમ્પ્યૂટર મૂકવામાં આવ્યા છે. જીટુસી, બીટુસી સેવા ગ્રામ પંચાયત ખાતેથી ઉપલબ્ધ કરાવીશું. રેલ્વે અને હવાઈ રિઝર્વેશન માટેની સેવા પોતાના ગામડામાં માણસ મેળવશે. આર.ટી.ઓ. લાઈસન્સ, પ્રોપર્ટી કાર્ડ, સ્ટૅમ્પ પેપર, ના વાંધા પ્રમાણપત્ર, પરવાના, વીજળી, ટેલિફોન, મોબાઈલ વગેરેના બિલો ગામમાંથી ચૂકવી શકાશે.

કૃષિ વિષયક ચીજવસ્તુ માટે બજારોની માહિતી ગામમાંથી મળશે. ૭૪૦૦ ગ્રામ પંચાયત ખાતે ડી.ડી.આર.એસ., યુ બૅન્ડ, ડીશ એન્ટીના, બાઈસેક, સ્ટુડિયો સાથે જોડાણ કરવામાં આવશે. ૨૦૦૮-૦૯ માટે ૬૦ કરોડ રૂપિયાની જોગવાઈ ગામડા માટે રાખવામાં આવી છે. ઈ-ગ્રામ ૧૭૧ કરોડ રૂપિયા હું કહું છું કે માનનીય નરેન્દ્રભાઈ મોદીએ શરૂ કર્યુ ત્યારથી આજસુધીમાં એના માટે ૧૭૧ કરોડ રૂપિયાનું પ્રોવિઝન અમે રાખ્યું છે. ગામડું એ નિર્મળ ગામ હોવું જોઈએ. એના માટે પ્રત્યેક ગામમાં ડ્રાય લેટરીનની સુવિધા આપીશું, ઉકરડા હટાવીને સુંદર ગામડા બનાવીશું અને આ માટેની વૈકલ્પિક વ્યવસ્થા ગોઠવી આપીશું. રોગપ્રતિકારક પ્રવૃત્તિને પ્રાધાન્ય આપીશું. એની જોગવાઈ નિર્મળ ગુજરાત માટે ૫૦ કરોડની ગઈ સાલ હતી, જે આ સાલ ૭૫ કરોડ રૂપિયાની જોગવાઈ કરી છે. સમરસ ગામડા માટે ૫૦૦૦ ની વસ્તીમાં ૬૦,૦૦૦ આપતા, એને એક લાખ આપીએ છીએ. ૫ લાખથી વધુ વસ્તીવાળા ગામને ૧.૫ લાખ રૂપિયા અનુદાન આપીએ છીએ. જ્યાં બીજી વાર સમરસ થાય તો ૧ લાખના બદલે, ૧.૨૫ લાખ અપાય છે, ૧.૮૭ લાખ મોટા ગામડાઓને આપવામાં આવે છે. સમરસ ગ્રામ પંચાયતની દ્રષ્ટિએ જોઈએ તો ૭૯૨૫ ગામડામાં અમે સમરસ કર્યા છે. આજદિન સુધીમાં ૬૧.૫૫ કરોડનું અનુદાન પણ આપ્યું છે. સરદાર આવાસ યોજના એ ગરીબો માટેની યોજના છે. મને કહેતા ગૌરવ થાય છે કે ૨૦૦૮-૦૯ માટે ૯૦ કરોડ રૂપિયાની વ્યવસ્થા રાખી છે અને ૨૫,૦૦૦ આવાસો અમે બંધાવ્યા છે. છેલ્લા ૪ વર્ષમાં ૬૯,૭૩૩ સરદાર આવાસો બન્યા છે અને છેલ્લા ૪ વર્ષમાં ૨૪૮.૨૩ કરોડ રૂપિયાનો ખર્ચ કર્યો છે. સરદાર આવાસ યોજના ફકતને ફકત રાજ્ય સરકારી યોજના છે. આપણે દર વખતે ચૂંટણીઓ આવે છે, તે માટે ઈ.વી.એમ. મશીન દ્વારા પંચાયતોની ચૂંટણીઓ કરીએ એ માટે ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીનો પણ ૯,૦૦૦ ઈ.વી.એમ. મશીનો ૧૮ કરોડના ખર્ચે ખરીદ્યા છે. આ વર્ષે ૮ કરોડની બીજી વ્યવસ્થા રાખવામાં આવી છે. ગામડા તૈયાર કરવા હોય તો બજેટ કરવું પડે. ગ્રામ સચિવાલય વ્યવસ્થા મે કહ્યું તેમ મુખ્યમંત્રીશ્રીની કલ્પના છે. ગામડાનો માણસ એના સચિવાલય દ્વારા બધી મુશ્કેલી ઉકેલે, ત્યાં બેસે અને ત્યાં ન્યાય કરે અને પૂરી વ્યવસ્થા કનેક્ટિવિટી કરીને કરી આપવામાં આવશે. ઘણી વખત ગામડાનો વિકાસ થાય છે, ત્યારે ઘણી બધી બાબતો બાકી છે. તમારા ગામડામાં રસ્તાઓ, લાઈટો હશે, ડ્રેનેજ કામ થતું હશે, એના માટે નાણાની કોઈ વ્યવસ્થા હોતી નથી. આ વર્ષે ૫૦ કરોડ રૂપિયા ગામડામાં ખૂટતી કડીઓને સરખા કરવા માટે આ વર્ષે રાખ્યા છે. ગ્રામ મિત્ર માટે ૭૮.૫ કરોડ રૂપિયા પાંચ ગ્રામ મિત્ર રાખીએ છીએ, એના માટે બજેટમાં રાખ્યા છે. કોઈપણ જગ્યાએ ગ્રામ મિત્રની નિમણૂકમાં ગેરરીતિ થઈ હોય

તેવું અમારા ધ્યાનમાં આવ્યું નથી. માનનીય અધ્યક્ષશ્રી, તીર્થ ગ્રામ યોજના. આપના મારફત ધ્યાન દોરું છું કે અમે ૬૭૫ ગામો તીર્થ ગ્રામ કર્યા છે. પંચવટીની બાબત પણ અમે હાથમાં લીધી છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી આપની પાસે ૧૪ મિનિટ છે. એક વિભાગ આપનો બાકી છે.

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું સમયસર પૂરું કરીશ. ગ્રામ્ય વિકાસની જવાબદારી પણ મારા વિભાગ ઉપર છે. ૨૦૦૭-૦૮માં ૩૬૯.૫૨ કરોડની જોગવાઈ હતી તેની સામે ૨૦૦૮-૦૯માં ૪૪૯.૫૦ કરોડની જોગવાઈ કરી છે એટલે કે આમાં ૨૧.૬૪ ટકાનો વધારો કર્યો છે. એક અગત્યનું છે તે હું કહું છું. આમ આદમીની વીમા યોજના. આપણે જાણીએ છીએ કે સામાન્ય ગરીબ માણસ જે ભૂમિહીન છે અને જે લોકો માટે કોઈ વ્યવસ્થા નથી તેમના માટે ખાસ અમે વ્યવસ્થા કરી છે. આદિજાતિ પેટા વિભાગ માટે ૬.૫૦ કરોડ અને ખાસ અંગભૂત લોકો માટે ૪૭.૪૦ કરોડની વ્યવસ્થા કરી છે. મારે એક અગત્યની બાબત આ ગૃહના ધ્યાન પર મૂકવી છે કે ગ્રામીણ વિસ્તારોમાં ગરીબ માણસ, અતિગરીબને વીમા કવચ પૂરું પાડવામાં આવશે આ માટે ૨૦૦૮-૦૯ માટે ૧૪.૧૦ કરોડની જોગવાઈ કરી છે. તે લોકો કુદરતી રીતે મૃત્યુ થશે તો ૩૦ હજાર રૂપિયાનું વીમા કવચ મળશે. આકસ્મિક મૃત્યુ થશે તો તેમના વારસદારને ૭૫ હજારની સહાય કરવામાં આવશે. કાયમી વિકલાંગતા આવશે તો ૭૫ હજારની સહાય કરવામાં આવશે અને આંશિક વિકલાંગતા આવશે તો ૩૭,૫૦૦ સહાય કરવામાં આવશે. આનું પ્રીમિયમ પણ સાહેબ રાજય સરકાર ભરે છે.

માનનીય અધ્યક્ષશ્રી, સખી મંડળો, બહેનો દ્વારા ગુજરાતનો વિકાસ કરી રહ્યા છીએ. મારે આ ગૃહનું ધ્યાન દોરવું છે કે ૧.૪૦ લાખ બહેનોના સખી મંડળો કરવાના છીએ. તેના માટે ૧૬ કરોડની વ્યવસ્થા પહેલાં હતી તેના બદલે આ સાલે સખી મંડળોના વિકાસ કરી, ગામડાના વિકાસની જવાબદારી સોંપવા ૪૦ કરોડની વ્યવસ્થા કરવામાં આવશે. બી.પી.એલ, ગરીબ કુટુંબોને મદદ કરવા માટે કોઈ વ્યવસ્થા નથી. કોઈ સમજદાર માણસ તેને માર્ગદર્શન નથી આપતો. તેના માટે કન્સર્વન્ટ સેલ બનાવીશું. એના માટે ૩.૧૨ કરોડ રૂપિયાની દરેક તાલુકામાં વ્યવસ્થા કરીને ગરીબ માણસોને પોતાના અધિકારો મેળવવા સેલ બનાવીશું. રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી માટે ગઈ સાલે ૧૮.૩૬ કરોડની હતી, અમારા ઘણા મિત્રોએ ઉલ્લેખ કર્યો છે. મને સમય મળશે તો ચોક્કસ કહીશ. આ સાલે જે ૧૮.૩૬ કરોડની વ્યવસ્થા હતી તેની જગ્યાએ આ સાલે ૬૩.૫૦ કરોડ રૂપિયાની વ્યવસ્થા, ચાર ગણી વ્યવસ્થા અમે રાખી છે. આપ જાણો છો કે ૯૦:૧૦ ના રેશીયોમાં કામ કરીએ છીએ પરંતુ તમે જાણો છો કે રાજયના નવ જિલ્લાઓમાં પહેલાં આ હતી હવે તે બધા જિલ્લાઓને પહેલી એપ્રિલથી લાગુ કરવાના છીએ. એક અપીલ કરું છું બધા ધારાસભ્ય મિત્રોને પોત પોતાના જિલ્લાની અંદર ગ્રામીણ રોજગાર યોજના માટે મને મદદરૂપ થાય. તે માટે હું અપીલ કરું છું. ઇન્દિરા આવાસની યોજના છે. તેની અંદર તો મેં અગાઉ કહ્યું હતું કે ઇન્દિરા આવાસ યોજનામાં ૫૨ ટકા કેન્દ્ર સરકારના આવે છે અને ૪૭ ટકા રાજય સરકારના આવે છે. પણ ઇન્દિરા આવાસ યોજના બોલીએ એટલે અમારી સામેના મિત્રોને એમ થાય કે અમારી યોજના આવી. પણ અમને આ અમારી યોજના લાગે છે. ફરી વખતે ઉલ્લેખ કરતો નથી પણ હવે પછી ૪૩ હજારમાં ૧૮,૭૫૦ કેન્દ્રના છે અને બાકીના અમારા છે. ૧૭,૨૫૦ ગુજરાત સરકારના છે. ખ્યાલ આવે પણ તમે કદી કહ્યું નહીં. સ્વર્ણ જયંતી સ્વરોજગાર યોજના માટે ૧૫.૪૫ કરોડની જોગવાઈ રાખી છે. ગઈ વખતે ૮.૬૩ કરોડની જોગવાઈ હતી જેની અંદર સ્વરોજગાર ગૃપો કામ કરી શકશે. જળસ્ત્રાવ વિકાસ કાર્યક્રમ, વોટરશેડ તેના માટેનો ખૂબ સ્કોપ ગુજરાતમાં છે. પાણી માટે આ સરકારે ઘણું કર્યુ છે અને ફરી વખત અમે આગળ વોટરશેડની વ્યવસ્થિત કાર્યવાહી કરીને અત્યારે ૫૧૭૯ પ્રોજેકટો ચાલે છે. ૨૦૦૭-૦૮માં ૫૦ કરોડની જોગવાઈ હતી આ સાલે ૫૪.૪૪ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

**અધ્યક્ષશ્રી** :આપની પાસે માત્ર નવ મિનિટ બાકી રહે છે. એક પણ મિનિટ વધારવાનો નથી. મેં સભ્યોની મિનિટો કાપી છે.

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું સાત વાગે પૂરું કરીશ. સંપૂર્ણ સ્વચ્છતા અભિયાનમાં ૨૦૦૫-૦૬માં સંપૂર્ણ સ્વચ્છતા અભિયાનમાં ૨૦૦૫-૦૬માં ચાર ગામ કર્યા હતા, ૨૦૦૬-૦૭માં ૫૭૬ કર્યા, મારે એ ધ્યાન ઉપર મૂકવું છે કે, સમગ્ર ભારતમાં બીજો નંબર ગુજરાતનો આવ્યો હતો, સંપૂર્ણ સ્વચ્છતા અભિયાનમાં, અને ૨૪ તાલુકાઓમાં આ વખતે ૫૬૦૪ ગામો રાષ્ટ્રીય કક્ષાએ નિર્મળ ગ્રામ પુરસ્કાર માટે મોકલી આપવામાં આવ્યાં છે અને કેન્દ્ર સરકારે, લાગે છે કે આખા દેશમાં સૌની નિર્મળ ગામ કરવામાં ગુજરાત રાજય સૌથી મોખરે છે.

અન્ન અને નાગરિક પુરવઠા વિભાગની થોડીક બાબત આપના ધ્યાન ઉપર મૂકું છું. અનાજની પ્રાપ્તિ સંગ્રહ પુરવઠો થાય એની વ્યવસ્થા કરવાની જવાબદારી અમારી છે, તમામ તોલમાપ હોય, કે વાજબી ભાવની દુકાનો હોય એની વ્યવસ્થા અમે કરીએ છીએ, કોઈ વખતે ધરતીકંપ હોય કે દુષ્કાળ હોય કે ગમે તે હોય પણ અમે અન્ન અને નાગરિક પુરવઠા દ્વારા જ લોકોને સેવાઓ પૂરી પાડીએ છીએ છે. બટાકાની બાબત હોય તો એને સંગ્રહવાની વાત આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, અગત્યની વાત એ છે કે, સમગ્ર દેશમાં જે આપણે એનેમિયા બાબતમાં ફોર્ટીફિકેશન એ બહુ મોટો વિષય છે. ફોર્ટીફિકેશન એ ક્રાંતિકારી વિચાર છે, ખોરાકની ગુણવત્તા સુધરે અને કુપોષણથી થતા રોગો અટકાવવાનો આપણો મુખ્ય આશય છે. ખાસ કરીને એનેમિયાથી વ્યકિતના માનસિક અને શરીરના વિકાસ

પર હકારાત્મક અસર થાય છે, ઘઉંના લોટમાં પણ આયર્ન અને ફોલીકએસિડ ઉમેરવામાં આવે છે. ખાદ્યતેલમાં વિટામિન એ અને ડી ઉમેરવામાં આવે છે. એફપીએસ, સસ્તા અનાજની દુકાનો તો હતી પણ બિચારા દુકાનદારને પરવડે નહીં એટલે ચોરી કરવા માટે પ્રેરાય, હવે માનનીય મુખ્ય મંત્રીશ્રીએ ખૂબ સારો આઈડિયા આપ્યો છે કે મૉડલ એફપીએસ બનાવવાનું કામ શરૂ કર્યુ છે. મને કહેતાં આનંદ થાય છે કે એફપીએસ મૉડલ બનાવવા માટે સરકારે એ મૉડલ દુકાનોને પંદર હજાર રૂપિયાની સહાય કરી છે. રૅશનિંગની સાથે અન્ય વસ્તુઓનું વેચાણ થાય છે, પંદરેક વસ્તુઓનું નવું વિતરણ એની અંદર થાય છે. એક જ જગ્યાએથી એ મળી રહે છે. ૫૯૩૭ મૉડલ શોપ ગુજરાતમાં બનાવી છે, અમારી કલ્પના છે, માનનીય મુખ્ય મંત્રીશ્રીની કે તમામ દુકાનો મૉડલ શોપ બનવી જોઈએ. જયાં સુધી માણસની વ્યવસ્થા ન ગોઠવાય તો માણસ ચોરી કરે છે. ઘઉંની બાબતમાં આદિજાતિ વિસ્તારોમાં ઘઉં કોઈ ખાતું નથી, એ લોકો મકાઈ ખાય છે એટલે અમે વૈકલ્પિક વ્યવસ્થા કરી છે, ઘઉંની બદલે મકાઈ બરછટ અનાજમાં આપીએ છીએ, આદિવાસી વિસ્તારોમાં મકાઈનું વિતરણ કરીએ છીએ, અનેક જિલ્લાઓ એવા છે કે ત્યાં ઘઉં ખાતા નથી પણ બાજરી ખાય છે તો ત્યાં બાજરીનું વિતરણ કરીએ છીએ એટલે આદિવાસીઓ ઘઉં લઈને બહાર વેચે છે અને વચ્ચે લોકો લઈ લે છે એના કારણે ગેરરીતિઓ ધ્યાને આવતાં એ અટકાવવા માટે બાજરી અને મકાઈની વ્યવસ્થા ગોઠવી છે.

૨૦૦૬-૦૭માં જે જોગવાઈ ૧૫૯ કરોડની હતી એ ૨૦૦૬-૭માં ૧૮૪ કરોડ અને ૨૦૦૮-૦૯માં ૨૦૬ કરોડ રૂપિયાની જોગવાઈ કરી છે આદિવાસી વિસ્તાર પેટા વિભાગમાં પાંચ કરોડની વ્યવસ્થા આપી છે, વન બંધુ માટે, આદિવાસીઓને રાંધણ ગેસ માટે મદદરૂપ થવા માટે સબસીડી આપવા માટે એક કરોડની જોગવાઈ અમે રાખી છે. આયોડિનયુકત મીઠાના વેચાણ માટે ૬૫ લાખની વ્યવસ્થા રાખી છે. કેરોસીનની વિતરણની વાતમાં આપ સૌ જાણો છો કે એક કુટુંબમાં ત્રણ વ્યકિત હોય તો પાંચ લિટર કેરોસીન આપીએ છીએ અને ચારથી વધારે વ્યકિત હોય તો ૧૦ લિટર કેરોસીન આપીએ છીએ. માણસો કાર્ડનું વિભાજન એટલા માટે કરે છે કે, તેને ૧૦ લિટર કેરોસીન લેવું છે તે અમારા ધ્યાનમાં આવ્યું છે અને એટલા માટે પર કેપીટલ વ્યકિત દીઠ કેરોસીન મળે તેના માટે અમે વિચારણા કરી છે. કેરોસીનની બાબતમાં માનનીય મંત્રીશ્રીઓ ટીકા કરે છે પણ ૯૨૮૦૦ કિલો લિટર આપણી જરૂરિયાત સામે ૭૯૬૪૪ કિલો લિટર આપણને કેરાસીન કેન્દ્ર સરકાર દ્વારા મળે છે છતાં પણ જે કોઈ ગેસ ન લેનાર લોકોને સાઈડમાં મૂકીને આપણે લોકોને ૫ લિટર અને ૧૦ લિટર કેરોસીન આપવા પ્રયત્ન કરીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, આ સાલ ૧૨ હજાર મેટ્રિક ટન પામોલીન તેલ લાવીને ગરીબ બી.પી.એલ. કુટુંબોને આપણે આપ્યું હતું. ૪૨ રૂપિયે લિટર આપ્યું અને ગરીબ લોકોને મદદરૂપ થવાનો પ્રયત્ન કર્યો હતો. મને કહેતા આનંદ થાય છે કે, અમારા માનનીય મુખ્યમંત્રીશ્રીએ આંતર રાષ્ટ્રીય કક્ષાએ કોઈ બાઉન્ડ્રી ન હોવાના કારણે અને બાયો ડિઝલનું પ્રોડકશન વધી જવાના કારણે આંતર રાષ્ટ્રીય કક્ષાએ પામોલીન ઓઈલ મોંઘુ થવા માંડયું છે છતા પણ માનનીય મુખ્યમંત્રીશ્રીએ ૨૦ હજાર મેટ્રિક ટન પામોલીન તેલ ખરીદવા માટેની મંજૂરી આપી છે અને એને કારણે એ બફર સ્ટોર લાવીને તેલના ભાવ અમે કાબૂમાં કર્યા છે. એના કરતા વધારે સારી વાત એ છે કે આપણે જે ગુજરાતમાં તેલનું પ્રોડકશન કરનારા છે રિફાઈનરીવાળા છે એની મીટિંગ બોલાવીને એમની સાથે જવાબદારી લીધી કે ગુજરાતમાં ૭૦ હજાર મેટ્રિક ટન તેલ જોઈએ અને એ તેલ નહીં મળે તો ગુજરાતમાં સરકાર અને તમારી વચ્ચે કોઈને કોઈ મુશ્કેલી રહેશે મને કહેતા આનંદ થાય છે કે, ૭૦ હજાર મેટ્રિક ટન તેલ ગુજરાતમાં રાખ્યા પછી વધારાનું જ તેલ ગુજરાત બહાર આપવા માટે એ સંમત થયા છે. અને મિત્રો જો કોઈએ ભૂલ કરી તો પછી ગુજરાત સરકાર તમને માફ નહીં કરે. કારણ કે અમારા ઉપર નિયમન કરવાની જવાબદારી નથી. અને એટલા માટે અમારી પાસે કોઈ કાયદો નથી કેન્દ્ર સરકારને અનેક વાર આજીજી કરી પણ કાયદાનું કોઈ બંધન અમને મળતું નથી. પરિણામે મોરલી આપણે આ કામ સંભાળ્યું છે. મારી થોડીક વિગતો મેં સન્માનીય ગૃહ સમક્ષ મૂકી છે ત્યારે મારા સાથી મિત્રો છે એમને વિનંતી કરું કે એમની જે મારા વિભાગ પરની કાપ દરખાસ્તો છે એ પાછી ખેંચે. 'ધન્યવાદ'

**અધ્યક્ષશ્રી** : હું માગણીઓ મત માટે મૂકું તે પહેલા માનનીય સભ્યશ્રીઓ અને માનનીય મંત્રીશ્રીઓનું ધ્યાન દોરું છું કે, મેં જ્યારે •(xxxx) શબ્દ કાઢી નાખ્યો ત્યારે એમણે આશ્ચર્ય વ્યકત કર્યું હતું. હું એટલા માટે જ સૌને અનુરોધ કરું છું કે, અસંસદીય શબ્દ અને શબ્દ પ્રયોગની જે પુસ્તિકા છે એ આપને આપેલી છે એનો અભ્યાસ કરશો. માનનીય મંત્રીશ્રી આપ જરા જોઈ જશો તો પાના ૨૩ ઉપર (xxxx) શબ્દ તા. ૧૬-૭-૧૯૯૮ના રોજ કાઢી નાંખવામાં આવ્યો છે. મારી આપ સૌને વિનંતી છે કે, બીજાને ન ગમે એવા શબ્દો અસંસદીય ગણાય અને એટલા માટે અસંસદીય શબ્દોની પુસ્તિકાને માર્ગદર્શિકા ન માનતા આપણે બીજાને સારું લાગે એવી ભાષામાં આપણી વાત કરતા શીખીએ એજ અનુરોધ કરું છું.

---

• (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૧, ૨, ૩, ૫, ૬, ૭, ૯, ૧૧, ૧૨, ૧૪, ૧૭, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૫, ૨૭, ૨૮, ૨૯, ૩૦, ૩૧, ૩૨, ૩૩, ૩૪, ૩૬, ૩૭, ૩૮, ૪૦ અને ૪૧ મત માટે મૂકવામાં આવી અને ના-મંજૂર કરવામાં આવી.**

**માગણી ક્રમાંક ૨૨, ૨૩, ૭૦ અને ૭૧ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

**સભાગૃહનું કામકાજ સાંજના ૭-૦૦ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર બુધવાર તા.૧૯ મી માર્ચ,૨૦૦૮ના રોજ સવારના ૮-૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**
**બુધવાર, તારીખ ૧૯ મી માર્ચ, ૨૦૦૮**
**ફાલ્ગુન ૨૯, ૧૯૨૯ શાકે**
**સભાગૃહ સવારના ૮-૩૦ વાગ્યે મળ્યું**
**અધ્યક્ષશ્રી, અશોક ભટ્ટ અધ્યક્ષસ્થાને**

# તારાંકિત પ્રશ્નો

## નિરીક્ષકની ખાલી જગ્યાઓ

***૨૯૫૮ શ્રી કાળુભાઈ ચ. રાઠોડ (ઉના) : માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા. ૩૧-૧૨-૦૭ ની સ્થિતિએ સમાજ કલ્યાણ નિરીક્ષક (વિકસતિ જાતિ) ની કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે,

(૨) તે પૈકી કેટલી ભરાયેલ છે અને કેટલી ખાલી છે, અને

(૩) ખાલી જગ્યા ઉપર ભરતી કયાં સુધી કરવામાં આવશે?

**સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી:**

(૧) ૫૫.

(૨) ભરાયેલ જગ્યા ૫૩
ખાલી જગ્યા ૨

(૩) બાબત સબજયુડીસ હોઈ ભરતી પ્રક્રિયા બાકી છે.

**શ્રી કાળુભાઈ ચ. રાઠોડ** : માનનીય અધ્યક્ષશ્રી, જૂનાગઢ જિલ્લામાં સમાજ કલ્યાણ નિરીક્ષકની કેટલી જગ્યા ખાલી છે અને એમાંથી કેટલી જગ્યા ભરાયેલ છે?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર રાજયની જે પરિસ્થિતી છે તેમાં ૨ જગ્યા જ સમાજ કલ્યાણ નિરીક્ષકની ખાલી છે, બાકી બધા જ જિલ્લાઓની જગ્યા ભરાયેલી છે.

**શ્રીમતી ગીતાબેન યો. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે જાણવું છે કે સમાજ કલ્યાણ નિરીક્ષકની જે બે જગ્યાઓ ખાલી છે તે કયા તાલુકાની ખાલી છે અને કયારથી ખાલી છે? બીજું માનનીય મંત્રીશ્રીએ જણાવ્યું છે કે બાબત સબજયુડીસ છે તો તેની વિગતો શું છે અને કોર્ટ અંગેની છેલ્લી પરિસ્થિતિ શું છે? ત્રીજું કે આ જે બે જગ્યાઓ ખાલી છે તેની કામગીરી કોઈને સોંપેલ છે કે કેમ અને સોંપેલ હોય તો કોને સોંપેલ છે?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, આ સમાજ કલ્યાણ નિરીક્ષકની જે બે જગ્યા ખાલી છે એ પાટણ જિલ્લામાં હારીજ તાલુકામાં તા. ૧૮-૭-૨૦૦૭ થી ખાલી છે અને અમરેલી જિલ્લામાં રાજુલા તાલુકામાં તા. ૫-૨-૨૦૦૭ થી ખાલી છે. માનનીય સભ્યશ્રીએ જે સબજયુડીસ મેટરની વાત કરી છે તેમાં બે જે નિરીક્ષક હતા તેમાંના એક નિરીક્ષકને બરતરફ કરવાથી ખાલી પડી હતી અને બીજા એક નિરીક્ષક હતા તેમને નીચલી પાયરીએ ઉતારી દેવાથી જગ્યા ખાલી પડી હતી. તેમણે પૂછયું છે કે આ અંગેની છેલ્લી પરિસ્થિતિ શું છે? તો આ બન્ને અધિકારી હતા એ મૂલ્કી સેવા ટ્રિબ્યુનલમાં ગયા હતા અને એમાંથી એકની અપીલ કાઢી નાંખવામાં આવી છે એથી એ હાઈકોર્ટમાં ગયા છે અને એક અત્યારે હાઈકોર્ટમાં પડતર છે અને બીજા નિરીક્ષક છે એ ટ્રિબ્યુનલમાં ગયા હતા તેમાં છેલ્લી મુદત તા. ૩-૧૨-૨૦૦૭ ના રોજ હતી અને એના પછીની મુદત બાકી છે.

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયમાં ૧૩૯ તાલુકા એવા છે કે જે બક્ષીપંચના સમાજના લોકોની બહુમતિ વસતિ ધરાવતા તાલુકા છે ત્યારે ઘણી વખત આ નિરીક્ષકોને બે બે કે ત્રણ ત્રણ તાલુકાની જવાબદારી સોંપવામાં આવે છે જેના કારણે રાજય સરકારની વિવિધ યોજનાઓ અને કેન્દ્ર સરકારની વિવિધ યોજનાઓ છે જેનો લાભાર્થીઓને ખરેખર એની જાણકારી અને એનો લાભ મળી શકતો નથી. તો જો આ જ ૧૩૯ તાલુકા છે એમાં તાલુકાદીઠ જે કોઈ જગ્યા વધારાની ભરવાની થતી હોય એ જોગવાઈ કરીને તાલુકાદીઠ એક એક જગ્યા ઉભી કરીને જવાબદારી સોંપવા માટેનું કોઈ આયોજન કરવા માગે છે કે કેમ?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીની જે વિગતો છે એ સત્ય હકીકત છે. આ ૧૩૯ તાલુકા જે બક્ષીપંચના પછાત પ્લાન નીચે જાહેર કર્યા છે તેમાં જે ૮૬ જગ્યા ખાલી હતી એને આપણે વિકસતિ જાતિ સહાયકનો એક નવો સંવર્ગ ઉભો કરીને ૮૬ જગ્યા માટે તા. ૨૨-૫-૦૭ ના રોજ ગૌણ સેવા પસંદગી મંડળને દરખાસ્ત એટલે કે માગણી પત્રક મોકલી આપેલ છે અને એ નાણા ખાતામાંથી પરામર્શ થઈને ટૂંક સમયમાં આ ૮૬ એ ૮૬ જગ્યાઓ ભરાઈ જશે. એટલે માનનીય સભ્યશ્રીની જે ચિંતા છે એ હવે રહેશે નહીં એમ હું માનું છું.

## ગ્રંથાલયોનું કોમ્પ્યુટરાઈઝેશન અંગે

***૨૯૭૩ શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (અસારવા) : માનનીય રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા. ૩૧-૧-૦૮ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજયમાં કેટલા જિલ્લા સરકારી ગ્રંથાલયોનું કોમ્પ્યુટરાઈઝેશન કરવામાં આવ્યું, અને

(૨) બાકી રહેલ જિલ્લાઓ માટે કોઈ વ્યવસ્થા વિચારેલ છે કે કેમ?

**રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રીશ્રી:**

(૧) તા. ૩૧-૧-૦૮ ની સ્થિતિએ ૨ (બે) મધ્યસ્થ ગ્રંથાલયો તેમજ ૨૫ (પચ્ચીસ) સરકારી જિલ્લા ગ્રંથાલયોનું કોમ્પ્યુટરાઈઝેશન થઈ ગયેલ છે.

(૨) તાજેતરમાં નવો બનેલ તાપી જિલ્લો બાકી છે, તેમાં પણ આ વ્યવસ્થા વિચારેલ છે.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, મારે જાણવું છે કે આ સરકારી ગ્રંથાલયોના કોમ્પ્યુટરાઈઝેશનથી શું શું લાભ છે અને આ કરવા માટે કેટલો ખર્ચ થયો, કેટલાં પુસ્તકો નોંધાયાં અને કેટલા મેમ્બર છે? ઉપરાંત આ કોમ્પ્યુટરાઈઝેશન પછી એની આખી યાદી આપણી રાજય સરકારની વેબ સાઈટ છે એના ઉપર જો ઉપલબ્ધ કરાવીએ તો મેમ્બર સિવાયના પણ મહત્તમ લોકો એનો લાભ લઈ શકે. તો આના માટેનું કોઈ આયોજન છે કે કેમ?

**શ્રી ફકીરભાઈ ૨. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, ટોટલ જે કોમ્પ્યુટરાઈઝેશન થયું એમાં ૮૫,૨૮,૨૩૩ રૂપિયાનો ખર્ચ થયો, માનનીય સભ્યશ્રીએ કેટલા પુસ્તક છે તે વાત કરી, તો આ બધા ગ્રંથાલયોમાં એક તાપી જિલ્લાને બાદ કરતાં ૮,૯૩,૨૬૬ પુસ્તકો છે. અને મેમ્બરની વાત કરી, તો ૪૯,૨૮૫ મેમ્બર નોંધાયેલા છે. એમણે કહ્યું કે આ કોમ્પ્યુટરાઈઝેશન થવાથી શું ફાયદો થશે, આપણે સૌ જાણીએ છીએ કે એના જે ફાયદા છે તે પ્રમાણે જે પુસ્તકો છે તે પુસ્તકો, તેના લેખક, ટાઈટલ, વિષય એ પ્રમાણેની માહિતી પણ એમાં આપણને મળશે, જયારે આપણે ગ્રંથાલયમાં પુસ્તક લેવા જઈએ તો એ વખતે ઈશ્યુ કરવા કે ડિપોઝીટ કરવા માટેનો જે સમય જાય છે, તેમાં પણ બચાવ થશે, કોમ્પ્યુટર ઉપરથી કયા વાંચક અત્યાર સુધીમાં કેટલા પુસ્તકો લઈ ગયા છે તેની પણ આપણને માહિતી મળશે, બીજી જે એમણે વેબસાઈટ ઉપર મૂકવાની વાત કરી છે, તો તેનું પણ આયોજન થઈ ગયું છે અને વેબસાઈટ ઉપરથી ઈન્ટરનેટ દ્વારા ઘેર બેઠા બેઠા કયા ગ્રંથાલયમાં કઈ જાતના કેટલા પુસ્તક છે તેની પણ માહિતી મળશે. તેના કરતાં વિશેષ જે સદસ્યશ્રી છે, જે ગ્રંથાલયના સભ્ય બન્યા હશે એમને કોમ્પ્યુટરાઈઝ એક કાર્ડ આપવામાં આવશે, અને એ કાર્ડના કારણે પણ તેના માટેની જે તકલીફો પડતી હતી એ હું માનું છું કે ઓછી થશે.

**શ્રીમતી ભારતીબેન અ. રાઠોડ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા મંત્રીશ્રી પાસે જાણવા માગું છું કે બાકી રહેલા તાપી જિલ્લામાં કયાં સુધીમાં કોમ્પ્યુટરાઈઝેશન કરવામાં આવશે. નંબર બે, બધા જ જિલ્લાના સરકારી ગ્રંથાલયના કોમ્પ્યુટરાઈઝેશનમાં કુલ કેટલો ખર્ચ થયો છે. આ બધા પુસ્તકાલયમાં કુલ કેટલા પુસ્તકો છે અને નોંધાયેલા કેટલા મેમ્બર છે?

**શ્રી ફકીરભાઈ ૨. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, મેમ્બર અને પુસ્તકની સંખ્યા તો મેં અગાઉ આપી દીધી. તાપી જિલ્લામાં જે ગ્રંથાલયનું કોમ્પ્યુટરાઈઝેશન ચાલે છે તે ૩૧મી માર્ચ, આ મહિનાના અંત સુધીમાં પૂરું થશે.

**શ્રી શિરિષકુમાર મ. શુકલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપણા દ્વારા માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગું છું કે ગુજરાતમાં સરકારી ગ્રંથાલયોને આ રીતે કોમ્પ્યુટરાઈઝ કરવામાં આવ્યા, પરંતુ ગુજરાતમાં કેટલાય એવા મોટા ગ્રંથાલયો છે કે જે ટ્રસ્ટો અને બીજી સંસ્થાઓ ચલાવે છે. કે જે નમૂનેદાર છે. તો એવા ગ્રંથાલયોને કોમ્પ્યુટરાઈઝ કરવા માટે સરકાર કોઈ સહાય આપવા માગે છે કે કેમ?

**શ્રી ફકીરભાઈ ૨. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારની એ પણ સ્કીમ છે અને એ પ્રમાણે જે ગ્રાન્ટીન એઈડ આપણા જે ગ્રંથાલયો છે તેના માટે બે લાખ રૂપિયા સુધીની આર્થિક સહાય આપવાની યોજના છે, અને આજે અમદાવાદ, પેટલાદ, મોડાસા, નવસારી અને રાજકોટ ખાતે આવા આપણી સરકારની ગ્રાન્ટ લઈને જે ગ્રંથાલયો ચાલે છે તેને કોમ્પ્યુટરાઈઝ કરવામાં આવેલ છે.

## કારખાના ધારા હેઠળ રાજયમાં સોલ્ટ વર્કર્સની નોંધણી

***૩૧૫૦શ્રીમતી વર્ષાબેન ન. દોશી (વઢવાણ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મીઠા ઉદ્યોગના શ્રમજીવીઓની સલામતી અને સ્વાસ્થ્ય માટે સરકારે શાં પગલાં લીધાં?

**શ્રમ અને રોજગાર મંત્રીશ્રી :**

નીચે મુજબના પગલાં લીધાં છે.

(૧) શ્રમ યોગીઓની સલામતી માટે સુરક્ષાનાં સાધનો જેવા કે હેન્ડ ગ્લોવ્ઝ, ગમબુટ, સેફટી કેપ/ટોપી, ચશ્મા/ગોગલ્સ વગેરે આપવામાં આવે છે.

(૨) શ્રમયોગીઓનાં સ્વાસ્થ્ય માટે ફેકટરી મેડીકલ ઓફિસર/રાજય સરકારનાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના ડોકટર દ્વારા શ્રમયોગીઓનાં મેડીકલ ચેક-અપ કરાવવામાં આવેલ છે.
(૩) પુર-વાવાઝોડું જેવી કુદરતી આપત્તિની જાણ માટે સાયરનનની વ્યવસ્થા કરેલ છે.
(૪) મીઠા ઉદ્યોગ સાથે સંકળાયેલ ૨૫૦૦૦ અગરિયાઓને રક્ષણાત્મક કીટનું વિતરણ કરવા માટે રૂા. ૧૧૧.૯૧ લાખ ગ્રામ ટેકનોલોજી સંસ્થા, ગાંધીનગરને ફાળવેલ છે.
(૫) અગરિયા વિસ્તારોમાં ૨૧ મોબાઈલ મેડીકલ વાન કાર્યરત છે જેમાં વિના મૂલ્યે દવાનું વિતરણ કરવામાં આવે છે.

**શ્રીમતી વર્ષાબેન ન. દોશી** : માનનીય અધ્યક્ષશ્રી, સુરેન્દ્રનગર જિલ્લો મીઠું પકવવામાં આગળ પડતો જિલ્લો છે, માનનીય મંત્રીશ્રી પાસે મારે એ જાણવું છે કે મીઠા ઉદ્યોગ સાથે ૨૫ હજાર જે શ્રમજીવી અગરિયાઓ છે તેને રક્ષણ આપવા માટે કીટસ આપવામાં આવી છે તેમાંથી સુરેન્દ્રનગર જિલ્લાના શ્રમજીવી અગરિયાઓની સંખ્યા કેટલી છે. અને જે કુલ ખર્ચ ૧૧૧.૯૧ લાખમાંથી તેમના માટે કેટલું ખર્ચ કરવામાં આવ્યું છે?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, જે પ્રમાણે સાગરકાંઠાની અંદર બધી જગ્યાએ મીઠા ઉદ્યોગ છે એમ સુરેન્દ્રનગરની અંદર પણ સવિશેષ આ ઉદ્યોગનું પ્રમાણ છે, અને ૨૦૦૭-૦૮માં ૧૧૧ લાખ જે મંજૂર કર્યા છે તે ગ્રામ ટેકનોલોજી સંસ્થા, ગાંધીનગરને આપણે આપેલા છે, અને એના મારફત આ બધું વિતરણ થાય છે, શ્રમજીવી અગરિયાઓ બે પ્રકારના હોય છે, એક કારખાનામાં કામ કરતાં અને બીજા સ્વતંત્ર રીતે કામ કરતા, જે કારખાનામાં કામ કરે છે તેને કારખાનાના કાયદા નીચે રક્ષણ અપાય છે, અને જે શ્રમજીવી અગરિયાઓ અન્ય રીતે કામગીરી કરે છે તે તમામ લોકોને આ સંસ્થાઓ મારફત અને સરકાર મારફત પૂરે પૂરું શિક્ષણની દૃષ્ટિએ, આરોગ્યની દૃષ્ટિએ, અને કોઈ અકસ્માત બને ત્યારે પણ બધી રીતે તેને મદદરૂપ થવાય છે.

**શ્રી શંભુપ્રસાદ બ. ટુંડિયા** : સુરેન્દ્રનગર જિલ્લામાં શ્રમજીવી અગરિયાઓની સંખ્યા વધારે પ્રમાણમાં છે ત્યારે હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે એમના શિક્ષણ માટે રાજય સરકાર તરફથી શું વ્યવસ્થા કરવામાં આવેલી છે?

**શ્રી વજુભાઈ વાળા**: શિક્ષણ માટે થઈને સ્કૂલોની વ્યવસ્થા કરવામાં આવેલી છે. તેમ છતાં પણ હજી સુરેન્દ્રનગર જિલ્લામાં કોઈ અગરિયાઓનો સમૂહ હોય અને એ આનાથી વંચિત હોય તો અમને કહેશો તો શિક્ષણ માટે સ્પેશ્યલ વ્યવસ્થા પણ કરાવી આપીશું.

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા**: ૧૧૧.૯૧ લાખ ગ્રામ ટૅક્નૉલૉજી સંસ્થા ગાંધીનગરને ફાળવેલ છે. આ ગ્રામ ટૅક્નૉલૉજી સંસ્થા ગાંધીનગરમાં આવેલ છે એના સંચાલક કોણ છે અને અગરિયાઓને રક્ષણાત્મક કીટ આપવામાં આવેલ છે એમાં કયા કયા પ્રકારની કીટ ક્યારે આપવામાં આવી છે?

**શ્રી વજુભાઈ વાળા**: ગ્રામ ટૅક્નૉલૉજી સંસ્થા છે તે રજિસ્ટર થયેલી છે અને એને વરસોથી આપણે મદદ કરીએ છીએ અને એનો વ્યવહાર પણ સારો છે એની સામે કોઈપણ પ્રકારની ફરિયાદ આવેલ નથી. કીટની વાત કરી એમાં યુનિફૉર્મ આપવામાં આવે છે, ગમબૂટ, હેન્ડ ગ્લોઝ, સેફટી કૅપ, ચશ્મા, ગોગલ્સ આપવાની વાત છે. રક્ષણાત્મક દૃષ્ટિએ જે વિશિષ્ટ પ્રકારની ટોપી આપવાની હોય છે, આ બધી વસ્તુઓ અગરિયાઓને દર વરસે આપવામાં આવે છે.

**શ્રી લક્ષ્મણભાઈ પ. પટેલ** : અગરિયાઓને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો દ્વારા મૅડિકલ સારવાર આપવામાં આવે છે. છેલ્લા એક વર્ષમાં કેટલા અગરિયાઓને આ મૅડિકલ સારવાર આપવામાં આવી?

**શ્રી વજુભાઈ વાળા** : મૅડિકલ સારવાર માટે થઈને આ વિસ્તારમાં ૨૧ જેટલી મોબાઈલ વાહનો છે. જે તે વિસ્તારમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર કે સામૂહિક આરોગ્ય કેન્દ્ર તો હોય છે એ ઉપરાંત ૨૧ જેટલી મૅડિકલ મોબાઈલ વાહનો રાખવામાં આવેલ છે અને એના દ્વારા દરેક વિસ્તારની અંદર જઈને આરોગ્યપ્રદ સેવાઓ આપવામાં આવે છે.

### અમદાવાદ જિલ્લામાં શ્રમયોગીઓના મૃત્યુ

***૩૧૫૮ શ્રી વલ્લભભાઈ ગો. કાકડિયા (રખિયાલ)** : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ અમદાવાદ શહેર/જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં ઔદ્યોગિક એકમોમાં કેટલા અકસ્માતોથી કેટલા શ્રમયોગીઓના મૃત્યુ થયાં,
(૨) સદર મૃત્યુ અન્વયે સરકાર દ્વારા શી કાર્યવાહી કરવામાં આવેલ છે, અને
(૩) આ અકસ્માતો અટકાવવા સરકાર દ્વારા શાં પગલાં લેવામાં આવેલ છે?

**શ્રમ અને રોજગાર મંત્રીશ્રી**:

(૧) ૩૩ અકસ્માતોથી ૪૭ શ્રમયોગીઓના મૃત્યુ થયેલ છે.
(૨) માલિક/મેનેજર સામે ૩૨ ફોજદારી કેસો કરવામાં આવેલ છે.
(૩) નીચે મુજબ પગલાં લેવામાં આવેલ છે.
 ૧. મશીનના ભયજનક ભાગો પર યોગ્ય ગાર્ડ/ફેન્સિંગ કરાવવામાં આવેલ છે.

૨. ભયજનક મશીનોમાં સલામતી માટે થર્ડ પાર્ટી (સક્ષમ વ્યકિત) દ્વારા તેની ચકાસણી કરાવવામાં આવે છે.

૩. શ્રમયોગીઓમાં સલામતી માટે જાગૃતિ લાવવા તાલીમ કાર્યક્રમો યોજવામાં આવેલ છે.

૪. શ્રમયોગીઓ સંરક્ષણાત્મક સાધનો પહેરીને જ કામ કરે તેની નિરીક્ષણ દરમિયાન ચકાસણી કરવામાં આવે છે.

૫. જોખમી પ્રક્રિયામાં રોકાયેલ શ્રમિકોના સ્વાસ્થયની સમયાંતરે ચકાસણી કરવામાં આવે છે.

**શ્રી વલ્લભભાઈ ગો. કાકડિયા:** અમદાવાદ શહેર જિલ્લામાં અકસ્માતમાં મૃત્યુ પામનાર શ્રમયોગીઓને કોઈ વળતર ચૂકવવામાં આવેલ છે કે કેમ, ચૂકવાયું હોય તો કેટલું? છેલ્લા એક વર્ષમાં ડાયમંડ ઉદ્યોગમાંથી કોઈ શ્રમયોગીનું મૃત્યુ થયું છે કે કેમ?

**શ્રી વજુભાઈ વાળા:** અમદાવાદ જિલ્લાની અંદર ૩૩ અકસ્માતો થયા છે એમાં ઇન્સ્યુરન્સ સ્કીમમાં કવર થતા હોય એને કામદાર વીમા યોજના નીચે વળતર આપવામાં આવે છે. જે ઇન્સ્યુરન્સ સ્કીમ નીચે કવર ન થતાં હોય એને વર્કર્સમેન કોમ્પેનસેશન એકટ નીચે એના વારસદાર કોર્ટમાં અરજી કરે એની મારફત વળતર આપવામાં આવે છે. આ રીતે ૪૭ મૃત્યુના કેસો છે એમાંથી ગયા વરસે ૮ લોકોને ચૂકવણું થઈ ગયું છે. ૩૯ કેસો પેન્ડિંગ છે એમાંથી ૩૦ કેસ એમ્પ્લોઈમેન્ટ સ્ટેટ ઈન્સ્યોરન્સ સ્કીમ નીચે છે અને ૯ કેસ વર્કર્સમેન કોમ્પેનસેશન એકટ નીચે છે. આ કેસો ફાઇનલ થવામાં છે. એ દરમિયાન કર્મચારીઓના પરિવારના લોકો છે એમને રહેમરાહે ઉચ્ચક રકમ ચૂકવવામાં આવે છે.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા:** આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ઔદ્યોગિક એકમોમાં અકસ્માતોમાં જે વળતર આપવામાં આવે છે એ મોટે ભાગે ઔદ્યોગિક એકમોમાં ફરજ બજાવતા કર્મચારીઓ હોય છે. પરંતુ આ જ ઔદ્યોગિક એકમોમાં અસંગઠિત ક્ષેત્રના કામદારો જે કોઈ કામ દરમિયાન મૃત્યુ પામે તો આપણી એને વળતર આપવા માટેની કોઈ યોજના છે કે કેમ?

**શ્રી વજુભાઈ વાળા** : ઔદ્યોગિક એકમો હોય છે એ ફેકટરી એકટ નીચે રજિસ્ટ્રર થયેલ હોય એ લોકોને મળે છે. પરંતુ ફેકટરી એકટ નીચે રજિસ્ટ્રર ન થયા હોય જેની અંદર ૧૦ અથવા તો ૧૦ થી વધારે માણસો કામ કરતાં હોય, ઈલેકિટ્રક મશીનથી ઉત્પાદન થતું હોય એને ફેકટરી એકટ નીચે કવર કરેલ હોય છે. પરંતુ ત્રણ કારીગર હોય અને તેમાં અકસ્માત બને તો પણ એને વર્કર્સમેન કોમ્પેનસેશન એકટ નીચે વળતર આપવામાં આવે છે.

**બનાસકાંઠા જિલ્લામાં વિદ્યાર્થીઓને ગણવેશ અન્વયે આપેલ રોકડ રકમ અંગે**

***૨૯૬૦ શ્રી મફતલાલ મો. પુરોહિત (ધાનેરા) : માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

૧. બનાસકાંઠા જિલ્લામાં નાણાકીય વર્ષ ૨૦૦૬-૦૭માં ધોરણ-૧થી ૭માં અભ્યાસ કરતા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને ગણવેશ આપવાની ચાલતી યોજનામાં ફેરફાર કરી વિદ્યાર્થીઓને રૂા. ૧૫૦/- રોકડા આપવામાં આવે છે તે હકીકત સાચી છે, અને

૨. જો હા, તો જિલ્લામાં દરેક તાલુકામાં કેટલા વિદ્યાર્થીઓને રોકડા રૂપિયા ચૂકવવામાં આવ્યા છે?

**સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** :

૧. હા,જી.

| **ક્રમ** | **તાલુકો** | **ગણવેશ સહાય પેટે રોકડ રકમ ચૂકવેલ વિદ્યાર્થીઓની સંખ્યા** |
|---|---|---|
| ૧ | પાલનપુર | ૧૨૪૦ |
| ૨ | અમીરગઢ | ૧૭ |
| ૩ | વડગામ | ૯૮૨ |
| ૪ | દાંતા | ૬૮ |
| ૫ | ડીસા | ૭૭૭ |
| ૬ | દાંતીવાડા | ૭૯ |
| ૭ | ધાનેરા | ૧૬૭૪ |
| ૮ | થરાદ | ૯૬૧ |
| ૯ | વાવ | ૬૯૬ |
| ૧૦ | દીયોદર | ૪૨૪ |
| ૧૧ | ભાભર | ૮૨ |
| ૧૨ | કાંકરેજ | ૩૨૪ |
| | **કુલ** | **૭૩૨૪** |

**શ્રી મફતલાલ મો. પુરોહિત** : માનનીય અધ્યક્ષશ્રી, બનાસકાંઠા જિલ્લામાં ૭,૩૨૪ અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને ગણવેશ માટેની સહાય ચૂકવવામાં આવી છે. મારે માનનીય મંત્રીશ્રી પાસેથી માહિતી જોઈએ છે કે ચોક્કસ કયા મહિનામાં આ ચૂકવણી કરવામાં આવે છે? ૧૫૦ રૂપિયા જે ચૂકવીએ છીએ તે રકમમાં વધારો કરવા માગીએ છીએ કે કેમ અને ગણવેશની ચોક્કસ ડિઝાઈન કે કલર માટેનો આગ્રહ રાખવામાં આવે છે કે કેમ?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, તેમણે જે વાત કરી કે કયા મહિનામાં ચૂકવવામાં આવે છે તો વર્ષની શરૂઆતમાં આ અંગેની દરખાસ્તો સ્કૂલો પાસેથી મેળવવામાં આવે છે અને બે-ત્રણ મહિનામાં આ અંગેનું ચૂકવણું કરવામાં આવે છે. ગણવેશ માટે એ સ્કૂલનો જે કલર નક્કી હોય તે પ્રમાણે કરવામાં આવે છે.

**શ્રી બાબુભાઈ જે. દેસાઈ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે વર્ષ ૨૦૦૬-૦૭માં બનાસકાંઠા જિલ્લામાં કેટલા વિદ્યાર્થીઓની દરખાસ્ત આવેલી? કેટલી મંજૂર થઈ? કેટલી નામંજૂર થઈ અને નામંજૂરીના કારણો શા છે? વર્ષ ૨૦૦૬-૦૭માં બનાસકાંઠા જિલ્લામાં ગણવેશ સહાય માટે તાલુકાવાર કેટલી રકમ ચૂકવાઈ? આ યોજનાનો લાભ કયા વિદ્યાર્થીઓને મળે છે? કોઈ આવક મર્યાદા છે કે કેમ?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, બનાસકાંઠા જિલ્લામાં ૨૦૦૬-૦૭માં કુલ ૭,૩૨૪ દરખાસ્તો મળેલી અને પૂરેપૂરી ૭,૩૨૪ દરખાસ્તો મંજૂર કરવામાં આવી છે, એટલે નામંજૂર કરવાનો એક પણ કેસ પેન્ડીંગ નથી, માટે તેના કારણોની પણ આવશ્યકતા નથી. તેમણે તાલુકાવાર જે માગ્યું છે એ પ્રમાણે પાલનપુરમાં ૧,૮૬,૦૦૦ રૂપિયા ચૂકવાયા, અમીરગઢમાં ૨,૫૫૦ રૂપિયા ચૂકવાયા, વડગામમાં ૧,૪૭,૩૦૦ રૂપિયા ચૂકવાયા, દાંતામાં ૧૦,૨૦૦ રૂપિયા ચૂકવાયા, ડીસામાં ૧,૧૬,૫૫૦ રૂપિયા ચૂકવાયા.

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી, લાંબો જવાબ આપવા કરતાં તમે વિગતો આપી દો..

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : સભ્યશ્રીએ જે પૂછ્યું છે તે હું બતાવી રહ્યો છું. (અંતરાય) તેમણે પૂછ્યું છે તેનો હું જવાબ તો આપું કે ન આપું? (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : એમણે પૂછ્યું છે માટે જવાબ આપે છે.

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : બે-ત્રણ તાલુકા બાકી રહી જાય છે. થરાદમાં ૧,૪૪,૧૫૦ રૂપિયા, વાવમાં ૧,૦૪,૪૦૦ રૂપિયા..

**અધ્યક્ષશ્રી** : માનનીય સભ્યશ્રી જે વિગતો લાંબી હોય એ પૂછો નહીં તો વધારે સારું.

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : દિયોદરમાં ૬૩,૬૦૦ રૂપિયા, ભાભરમાં ૧૨,૩૦૦ રૂપિયા અને કાંકરેજમાં ૪૮,૬૦૦ રૂપિયા ચૂકવાયા છે.(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય શકિતસિંહજી, આપને યોગ્ય લાગે નહીં, પણ એમને ગુણાકાર નહીં આવડતો હોય એટલે એમણે નથી કર્યો. માનનીય સભ્યશ્રીએ પૂછ્યું તેનો જવાબ આપે છે. હું આપને તક આપું છું.

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, તેમનો બીજો પ્રશ્ન હતો કે આ લાભ કોને મળે છે અને તે માટેની આવક મર્યાદા. તો ધોરણ-૧થી ૭માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને અને બી.પી.એલ. કુટુંબોના વિદ્યાર્થીઓને આ લાભ મળે છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું એ જાણવા માગું છું કે પહેલાં ગણવેશ આપવામાં આવતા હતા. આજે ૧૫૦ રૂપિયામાં અંડરગાર્મેન્ટ પણ સારા મળે નહીં, તો આ પૈસા આપવાના બદલે ગણવેશ આપવાની જૂની સ્કીમ હતી તો એ પૂરા ગણવેશ આપવાનું આપ શરૂ કરવા માગો છો કે કેમ?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : ના,જી.

**શ્રી લીલાધરભાઈ ખો. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, મારે એ જાણવું છે કે અહીં ૧૨ તાલુકામાંથી ૪ તાલુકામાં અમીરગઢ, દાંતા, દાંતીવાડા અને ભાભરમાં માત્ર બે આંકડાની સંખ્યા છે. તો ત્યાં વિદ્યાર્થીઓ ઓછા છે કે વર્ગની સંખ્યા ઓછી છે? કયા કારણોસર આ પરિસ્થિતિ સર્જાઈ છે?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, લાભાર્થી માટે એની જે બી.પી.એલ. યાદીમાંથી અનુસૂચિત જાતિના બાળકોની સ્કૂલમાંથી જે દરખાસ્તો આવે એ પૂરી મંજૂર કરવામાં આવી છે.

**મહેસાણા જિલ્લામાં સ્વરોજગાર શિબિરોનું આયોજન**

***૩૧૪૮ શ્રી અનિલકુમાર ત્રિ. પટેલ (મહેસાણા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા.૩૧-૧૨-૦૭ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં મહેસાણા જિલ્લામાં કેટલી સ્વરોજગાર શિબિરોનું આયોજન કરવામાં આવ્યું, અને

(૨) આ શિબિરોમાં કેટલા ઉમેદવારો હાજર હતા?

**શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** :

(૧) ૬૫.

(૨) ૬૦૧૯

**શ્રી અનિલકુમાર ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ૬૫ જેટલી શિબિરોમાં ૬૦૦૦ કરતાં વધારે યુવાનોને સ્વરોજગારી માટે પ્રોત્સાહિત કરવાના કાર્યક્રમમાં ૬૦૦૦ પૈકી કેટલા યુવાનોને લોન મંજૂર કરવામાં આવી અથવા બેંકો દ્વારા લોન મંજૂર કરવામાં આવી? આમાં રાજય સરકારની સબસીડિની યોજના છે કે કેમ? અને કુટિર ઉદ્યોગ દ્વારા બાજપાઈ બેંકેબલ યોજના અને શ્રમ રોજગાર યોજના વિભાગ વચ્ચે સંકલન કરીને આ યુવાનોને સ્વરોજગારી માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે કે કેમ?

**શ્રી વજુભાઈ વાળા:** માનનીય અધ્યક્ષશ્રી, સ્વરોજગારી માટે થઈને બેંક તરફથી મદદ મળે છે એ બેંકેબલ યોજનામાં રાજય સરકાર સબસીડી આપે છે અને વધુમાં વધુ લોકોને પ્રોત્સાહિત કરવા માટે વાત કરી છે. બીજું એમણે વાત કરી કે, આમાં કેટલા લોકોને લોન મંજૂર કરવામાં આવી ? તો એમાં કહેવાનું કે, ૯૮૨૧ લોકોને બોલાવવામાં આવ્યા હતા એમાંથી ૬૦૧૯ જે મેં આંકડો આપેલ છે એ હાજર રહેલ. એમાં પ્રોત્સાહિત થયેલ ૩૫૪૭ હતા અને એમાંથી જેની લોન મંજૂર થઈ એ ૨૮૯૩ જે છે એ લોકોને રોજગારી માટે થઈને એની લોન મંજૂર કરવામાં આવી.

**અનુસૂચિત જાતિના કાયદાના સ્નાતકોને સ્ટાઈપેન્ડ આપવા અંગે**

***૨૯૫૦ શ્રી રમેશ વ. મહેશ્વરી (મુંદ્રા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) અનુસૂચિત જાતિના કાયદાના સ્નાતકોને જૂનિયર વકીલ તરીકે કેટલા વર્ષની તાલીમ આપવામાં આવે છે,

(૨) આ તાલીમ દરમિયાન સ્ટાઈપેન્ડ આપવામાં આવે છે કે કેમ? અને

(૩) જો હા, તો કેટલું છે?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** :

(૧) ત્રણ વર્ષની

(૨) હા, જી.

(૩) પ્રથમ વર્ષે માસિક રૂ.૧,૦૦૦-૦૦
બીજા વર્ષે માસિક રૂ. ૮૦૦-૦૦
અને ત્રીજા વર્ષે માસિક રૂ. ૬૦૦-૦૦

**શ્રી રમેશ વ. મહેશ્વરી** : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, અનુસૂચિત જાતિના કાયદાના નિષ્ણાત લોકોને જૂનિયર વકીલ તરીકે કેટલા વર્ષથી તાલીમ આપવામાં આવે છે? તાલીમ આપનાર વકીલને કોઈ એલાઉન્સ આપવામાં આવે છે કે કેમ? બીજું આ યોજના હેઠળ કેટલા અનુસૂચિત જાતિના વકીલોએ અત્યાર સુધીમાં લાભ લીધો? હાલ કેટલા વકીલો લાભ લઈ રહ્યા છે? પ્રથમ વર્ષમાં કેટલા? બીજા વર્ષમાં કેટલા અને ત્રીજા વર્ષની તાલીમમાં કેટલા છે?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, જે જૂનિયર વકીલોને તાલીમ આપવાનો પ્રશ્ન કર્યો એમાં દસ વર્ષની પ્રેકટીસ કરેલ હોય એવા સિનિયર વકીલો દ્વારા તાલીમ આપવામાં આવે છે અને જે તાલીમ આપે છે એમને પણ માસિક એલાઉન્સ રૂ.૫૦૦/- લેખે આપવામાં આવે છે. અત્યાર સુધીમાં કેટલા વકીલોએ અનુસૂચિત જાતિના લોકોએ એનો લાભ લીધો. અત્યાર સુધીમાં ૧૭૯૯ અનુસૂચિત જાતિના વકીલોએ આનો લાભ લીધો છે. ત્રીજો પ્રશ્ન હતો, કેટલા વકીલો આજે લાભ લઈ રહ્યા છે? તો એમાં ૩૩૩માંથી પ્રથમ વર્ષમાં ૧૩૧, બીજા વર્ષમાં ૮૯ અને ત્રીજા વર્ષમાં ૧૧૩ છે.

**શ્રી શંભુપ્રસાદ બ. ટુંડિયા** : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી એ જાણવા માગું છું કે, છેલ્લા ૩ વર્ષમાં કેટલા વકીલોને કેટલું સ્ટાઈપેન્ડ ચૂકવવામાં આવ્યું છે?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૪-૦૫માં ૯૦૫ વકીલોને રૂ.૧૩૧.૫૮ લાખનું, ૨૦૦૫-૦૬માં ૬૦૭ વકીલોને રૂ.૧૬૯.૫૭ લાખનું અને ૨૦૦૬-૦૭માં ૭૨૪ વકીલોને રૂ.૧૯૯.૩૬ લાખનું.

**શ્રી આત્મારામ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, અનુસૂચિત જાતિના કાયદાના સ્નાતકોને શરૂઆતમાં સેટ થવામાં ખૂબ મુશ્કેલીઓ પડી છે. એ સમયે આ રકમ નક્કી થઈ છે. આઈ થીંક. એ ઘણા વર્ષો પહેલાં નક્કી થઈ છે. આ રકમમાં વધારો કરવો જરૂરી હોય એવું લાગે છે. એ સંજોગોમાં મારે મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, આ રકમમાં વધારો કરીને જે અનુસૂચિત જાતિના વકીલો આમાં પગભર થવા માગે છે એમને વધારે મદદરૂપ થવા માગો છો કે કેમ?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીનું સૂચન છે.

**અધ્યક્ષશ્રી** : એમણે મારી રજા લીધી છે. નેકસ્ટ.

**રમતગમત ક્ષેત્રે મહિલાઓની સિદ્ધિઓ**

***૨૯૭૨ શ્રી દિલીપસિંહ વ. પરમાર (મોડાસા) : માનનીય રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) મહિલાઓ રમતગમત ક્ષેત્રે સક્રિય રીતે ભાગ લે તે માટે કોઈ યોજના છે કે કેમ, અને

(૨) છેલ્લા ત્રણ વર્ષમાં તા:૩૧/૧/૨૦૦૮ સુધીમાં રાજય અને રાષ્ટ્રીય કક્ષાએ રમતગમત ક્ષેત્રે કેટલી મહિલાઓએ સિદ્ધિઓ મેળવી?

**રમતગમત યુવા અને સાંસ્કૃતિ પ્રવૃત્તિઓના મંત્રીશ્રી :**

(૧) હા, જી.

(૨) ત્રણ વર્ષમાં રાજય કક્ષાએ ૫૧૫૬ અને રાષ્ટ્રીય કક્ષાએ ૨૫૫ મહિલાઓએ સિદ્ધિઓ મેળવી છે.

**શ્રી દિલીપસિંહ વ. પરમાર**: માનનીય અધ્યક્ષશ્રી, મહિલાઓ રમતગમત ક્ષેત્રે સક્રિય રીતે ભાગ લે તે માટે કઈ કઈ સ્પર્ધાઓની યોજના અમલમાં છે તથા તેમાં રાજય અને રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધામાં કેટલી બહેનોએ ભાગ લીધો?

**શ્રી ફકીરભાઈ ૨. વાઘેલા**: માનનીય અધ્યક્ષશ્રી, મહિલાઓ જે સ્પર્ધાઓમાં ભાગ લે એ માટેની જે યોજનાઓ છે એમાં રાજય કક્ષાએ મહિલા રમતોત્સવ એની અંદર ૧૧૧૭૫ મહિલાઓએ ભાગ લીધેલો, ગ્રામ્ય રમતોત્સવ એમાં ૬૭૯ મહિલાઓએ ભાગ લીધેલો. શાળાકીય રમત ઉત્સવ એમાં ૨૦૩૯ મહિલાઓએ ભાગ લીધેલો અને બાળ મહોત્સવ એમાં ૧૨૬૩ મહિલાઓએ ભાગ લીધેલો. એમણે બીજો પ્રશ્ન પૂછયો રાષ્ટ્રીય કક્ષાએ એમાં ૩ રમતોત્સવ છે. મહિલા રમતોત્સવ એમાં ૩૨ ગ્રામીણમાં ૧૩ અને શાળાકીય રમતોત્સવમાં ૨૧૦ એમ કુલ મળીને ૨૫૫ મહિલાઓએ ભાગ લીધો.

**ડૉ. નીમાબેન ભા. આચાર્ય** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કે મહિલાઓ રમતગમત ક્ષેત્રે આગળ આવે એના માટે સરકાર તરફથી શું આયોજન છે અને એના માટે કોઈ એવોર્ડની યોજના છે કે કેમ અને એની પાછળ દર વર્ષે કેટલો ખર્ચ કરવામાં આવે છે?

**શ્રી ફકીરભાઈ ૨. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, એવોર્ડ માટેની જે યોજના છે એમાં રાજય કક્ષાએ જયદિપસિંહ સિનિયર એવોર્ડ રૂા. ૨ હજારનો એમાં જયદીપસિંહ જૂનિયર એવોર્ડ ૧૦હજાર રૂપિયાનો રાષ્ટ્રીય કક્ષાએ સરદાર પટેલ સિનિયર એવોર્ડ ૫૦હજાર રૂપિયાનો અને જૂનિયર એવોર્ડ ૨૫હજાર રૂપિયાનો આંતર રાષ્ટ્રીય કક્ષાએ એકલવ્ય સિનિયર એવોર્ડ ૧ લાખ રૂપિયાનો અને જૂનિયર ૫૦હજાર રૂપિયાનો.

(માનનીય વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહિલે બેઠાં બેઠાં સેવક દ્વારા કઇક સાહિત્ય વહેંચવા તરફ માનનીય અધ્યક્ષશ્રીનું ધ્યાન દોરતાં )

**અધ્યક્ષશ્રી** :સેવક, તમારી વહેચવાની કામગીરી જે હોય તે બંધ રાખો. ઓફીસીયલ કામ છે તમારું? (અંતરાય) તમે તમારી કામગીરી બંધ રાખો.

**શ્રીમતી જયોત્સનાબેન ર઼ા. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે મહિલાઓ રમતગમત ક્ષેત્રે સક્રિય રીતે ભાગ લે તે માટે કઈ કઈ સ્પર્ધાત્મક યોજના અમલમાં છે તેમાં રાજય અને રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધામાં કેટલી બહેનોએ ભાગ લીધો છે તેમજ જે ૨૫૫ એવોર્ડ મળ્યા છે તેમાં ગોલ્ડ મેડલ કેટલા અને સિલ્વર મેડલ કેટલા?

**શ્રી ફકીરભાઈ ૨. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, એમના પહેલા પ્રશ્નનો જવાબ મેં અગાઉ આપી દીધેલો છે. પણ એમણે જે ગોલ્ડ મેડલ જે પૂછયા છે એમાં ૮૫ ગોલ્ડ મેડલ એ મહિલાઓને આપવામાં આવ્યા છે. સિલ્વર ગોલ્ડમેડલ ૬૬ આપવામાં આવ્યા છે.

**શ્રી શિરિષકુમાર મ. શુકલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જવાબમાં જણાવ્યું છે કે રાષ્ટ્રીય કક્ષાએ ૨૫૫ મહિલાઓએ સિદ્ધિ મેળવી આ ૨૫૫માંથી એવી કઈ સિદ્ધિ છે કે જેની આખા રાષ્ટ્રે નોંધ લીધી હોય?

**શ્રી ફકીરભાઈ ૨. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, આખા રાજય કક્ષાએ પ્રથમ અને દ્વિતીય ક્રમે ૧૭૦૦ મહિલાઓ રાજય કક્ષાએ પ્રથમ ક્રમે આવી અને દ્વિતીય ક્રમે ૧૭૦૬ મહિલાઓ આવી. રાષ્ટ્રીય કક્ષાએ પ્રથમ ક્રમે ૮૫ અને દ્વિતીય ક્રમે ૧૦૪ મહિલાઓ.આવી.

**અધ્યક્ષશ્રી** : પ્રશ્ન ક્રમાંક : ૧૦ શ્રી જોધાજીભાઈ

**શ્રી જગદીશભાઈ મો. ઠાકોર** : (બેઠાબેઠા) કોઈ મતલબ નથી પ્રશ્નોત્તરીમાં બેસવાનો અમે બેસીએ છીએ એટલું જ બહુ.

**અધ્યક્ષશ્રી** : માનનીય શકિતસિંહજીએ એક મુદ્દા ઉપર મારું ધ્યાન દોર્યુ છે કે આ સભાગૃહની અંદર સેવક દ્વારા જે એમની માહિતી પ્રમાણે પૂરક પ્રશ્નો પૂછવાની વિગત હતી. આ સભાગૃહની અંદર કોઈપણ સેવક દ્વારા કોઈપણ વસ્તુ મૂકવી એ નિયમની બહાર છે. જો એની જરૂરિયાત લાગતી હોય તો તેમણે મારી પરવાનગી લેવી જોઈએ અને આ સભાગૃહની અંદર આ પ્રકારની વહેચણી કરવાની ના હોય, એમણે જે કંઈ કરવું હોય એ સભાગૃહની બહાર જ કરાય, સભાગૃહની અંદર નહીં. એટલા માટે માનનીય મંત્રીશ્રી, મેં જોયું છે અને હું જાણુ છું એટલે હું કહું છું. નહીં તો હું વચ્ચેથી કયાંય અવલોકન કરતો નહોતો પણ તેમની વાત સાચી છે. આપે જોવું હોય તો આપ જોઈ શકો છો કે એક સભ્યશ્રીની પાસે સેવક ટાઈપ કરેલી વિગતો લઈને જતા હતા. આ પ્રકારની પ્રવૃત્તિ કરવી એ યોગ્ય નથી. આ પ્રકારની માહિતી, પ્રશ્ન પૂછાવડાવવો હોય કે ન પૂછાવડાવવો હોય એ મંત્રીશ્રી અને

સભ્યશ્રીનો અધિકાર છે એટલે એમાં હું પડવા માગતો નથી. પરંતુ સભાગૃહમાં મારી પરવાનગી વિના આ પ્રકારે કોઈપણ પ્રકારની વસ્તુની વહેંચણી સેવક દ્વારા કરવામાં ન આવે એવો હું આપને અનુરોધ કરું છું.

**બક્ષીપંચની કન્યાઓને સાઈકલ સહાય ચૂકવવા અંગે**

***૨૯૧૯ શ્રી જોધાજી ગુ. ઠાકોર(વાગડોદ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

(૧) સને ૨૦૦૬-૦૭ના અને ૨૦૦૭-૦૮ના વર્ષમાં તા. ૩૧-૧-૦૮ સુધીમાં બક્ષીપંચ અને અનુસૂચિત જાતિની શાળાએ જતી કન્યાઓને સાઈકલ આપવામાં આવે છે કે, સાઈકલ ખરીદવા ઉચ્ચક રકમ અને કેટલી રકમ અપાય છે, અને

(૨) આ રકમમાં વધારો કરવા સરકારે શી કાર્યવાહી કરી?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી :**

(૧) બક્ષીપંચ અને અનુસૂચિત જાતિની શાળાએ જતી કન્યાઓને સાઈકલ આપવામાં આવતી નથી, પરંતુ સાઈકલ ખરીદવા માટે રૂા. ૧૫૦૦-૦૦ ની રોકડ સહાય આપવામાં આવે છે.

(૨) આ બાબત વિચારણા હેઠળ છે.

**શ્રી જોધાજી ગુ. ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે બક્ષીપંચ અને અનુસૂચિત જાતિની શાળાએ જતી કન્યાઓને સાઈકલ આપવામાં આવતી નથી પરંતુ સાઈકલ ખરીદવા માટે રૂપિયા ૧૫૦૦ની સહાય આપવામાં આવે છે. આ ૧૫૦૦ની સાઈકલ સહાય આપવામાં આવે છે એમાં સુધારો વધારો કરવા માગો છો કે કેમ? બીજું કે છેલ્લા બે વર્ષમાં આ વિદ્યાર્થીનીઓને કેટલી સહાય ચૂકવવામાં આવી?

**શ્રી વાસણભાઈ ગો. આહિર** : માનનીય અધ્યક્ષશ્રી, બક્ષીપંચ અને અનુસૂચિત જાતિની શાળાએ જતી કન્યાઓને સાઈકલ આપવામાં આવતી નથી. હવે એને ૧૫૦૦ રૂપિયા રોકડ સહાય પેટે આપવામાં આવે છે. બીજો પ્રશ્ન છે કે આ સહાયમાં વધારો કરવા માગો છો કે કેમ? માનનીય નાણામંત્રીશ્રી અને મુખ્યમંત્રીશ્રીની દિર્ઘદ્રષ્ટિના કારણે આ સમાજમાં ભણતી કન્યાઓને વર્ષ ૨૦૦૮-૦૯માં તેમાં ૫૦૦ રૂપિયાનો વધારો કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

**શ્રી સુંદરસિંહ ભ. ચૌહાણ** : સાઈકલ સહાયનો લાભ કયા ધોરણની કન્યાઓને આપવામાં આવે છે? ચાલુ વર્ષમાં બક્ષીપંચની કેટલી કન્યાઓને આ લાભ આપવામાં આવ્યો અને એમાં કેટલો ખર્ચ થયો?

**શ્રી વાસણભાઈ ગો. આહિર** : સાઈકલ સહાયનો લાભ ધોરણ-૮માં ભણતી કન્યાઓને આપવામાં આવે છે. બક્ષીપંચની ૨૫૬૭૧ કન્યાઓને આ લાભ આપવામાં આવ્યો છે અને તેમાં કુલ ખર્ચ રૂા. ૩,૫૯,૪૨,૦૦૦ નો કરવામાં આવેલ છે.

**શ્રી જગદીશભાઈ મો. ઠાકોર** : હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે અગાઉ પણ પ્રશ્નોત્તરીમાં જે શાળાઓ યાદી મોકલે તેને જ આ યોજનાનો લાભ આપીએ છીએ. કેટલીક એવી શાળાઓ છે કે જે યાદી ઓછી મોકલતી હોય અથવા ન મોકલતી હોય. જેને આપણે ગ્રાન્ટ આપતા હોય અને જેને આપણે મંજૂરી આપતા હોય એવી સંસ્થાઓ બેદરકારી દાખવતી હોય તો તેની સામે કોઈ પગલાં લેવા માગો છો કે કેમ?

**શ્રી ફકીરભાઈ ૨. વાઘેલા** : આવી કોઈપણ પ્રકારની ફરિયાદ અમારી સમક્ષ આવશે તો ચોક્કસપણે અમે પગલાં લઈશું.

**શ્રી ભગવાનજીભાઈ લા. કરગટીયા** : હું જાણવા માગું છું કે અમુક અરજીનો નામંજૂર કરવામાં આવે છે તો કેવા સંજોગોમાં આ નામંજૂર કરવામાં આવે છે?

**શ્રી વાસણભાઈ ગો. આહિર** : નામંજૂર કરવાના કારણોમાં વધુ આવક હોવાથી, સ્થાનિક ન હોવાથી, અન્ય જાતિના હોવાથી તેમજ જાતિની સ્પષ્ટતા ન હોવાથી તેમજ શાળા છોડી જવાના કારણે આ અરજીઓ નામંજૂર કરવામાં આવે છે.

**શ્રી સી.કે. રાઉલજી** : ૧૫૦૦ ની જગ્યાએ ૨૦૦૦ કર્યા એ બદલ મંત્રીશ્રીને ધન્યવાદ આપું છું. પણ ગ્રામ્ય વિસ્તારમાં સાઈકલોમાં કાંટાળો રસ્તો હોય ત્યારે ઘણી વખત ટયૂબો ફાટી જતી હોય છે તેવા સંજોગોમાં મેન્ટેનન્સ ખર્ચ આપવા માગો છો કે કેમ?

**શ્રી ફકીરભાઈ ૨. વાઘેલા** : ના, જી.

**શ્રી અમિતકુમાર અ. ચાવડા** : સાઈકલ મંજૂર કરતી વખતે નિવાસસ્થાનથી શાળાનું અંતર ધ્યાનમાં રાખવામાં આવે છે કે કેમ અને અંતર ઘટાડવા માગો છો કે કેમ?

**શ્રી વાસણભાઈ ગો. આહિર** : આમાં સ્થાનિકનું ધોરણ એ રાખવામાં આવેલ છે કે એક જ ગામમાં ભણતી કન્યાને લાભ આપવામાં આવતો નથી. બાજુમાં કસબો કે ગામ એક કિલોમિટર દૂર હોય તો એને આ લાભ આપવામાં આવે છે.

**શ્રી ફતેસિંહ વ. ચૌહાણ** : આવક મર્યાદા દૂર કરવા માગો છો કે કેમ?

**શ્રી વાસણભાઈ ગો. આહિર** : આપનું સૂચન છે.

**ભાવનગર જિલ્લામાં કુંવરબાઈનું મામેરું યોજનાના લાભાર્થીઓ**

***૩૩૫૪ ડો. કનુભાઈ વા. કળસરીયા (મહુવા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

(૧) કુંવરબાઈનું મામેરું અને સાતફેરા સમૂહ લગ્ન યોજનાની તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જિલ્લાના તાલુકાવાર કેટલા લાભાર્થીઓને કેટલી સહાય ચૂકવવાની બાકી છે, અને

(૨) જો સહાય ચૂકવવાની બાકી હોય તો સરકાર દ્વારા ક્યારે ચૂકવવામાં આવશે?

**સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી :-**

(૧) તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જિલ્લાના તાલુકાવાર કુંવરબાઈનું મામેરું તથા સાતફેરા સમૂહલગ્ન યોજનાની સહાય ચૂકવવાની બાકી લાભાર્થીઓની વિગત :-

| | અનુસૂચિત જાતિ | | | | સા.શૈ.પ.વ. | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| તાલુકો | કુંવરબાઈનું મામેરુ | | સાતફેરા સમુહ લગ્ન | | કુંવરબાઈનું મામેરુ | | સાતફેરા સમુહ લગ્ન | |
| | લાભાર્થી | સહાય રૂા. લાખમાં | લાભાર્થી | સહાય રૂા. લાખમાં | લાભાર્થી | સહાય રૂા. લાખમાં | લાભાર્થી | સહાય રૂા. લાખમાં |
| ભાવનગર | ૨ | ૦.૧૦ | ૨ | ૦.૧૦ | -- | -- | ૭ | ૦.૩૫ |
| શિહોર | ૨ | ૦.૧૦ | ૩ | ૦.૧૫ | -- | -- | -- | -- |
| ગઢડા | ૩ | ૦.૧૫ | -- | -- | -- | -- | -- | -- |
| બોટાદ | ૪ | ૦.૨૦ | -- | -- | -- | -- | -- | -- |
| તળાજા | ૫ | ૦.૨૫ | ૨ | ૦.૧૦ | -- | -- | -- | -- |
| મહુવા | ૨ | ૦.૧૦ | ૪ | ૦.૨૦ | -- | -- | -- | -- |
| ગારીયાધાર | ૨ | ૦.૧૦ | -- | -- | -- | -- | ૧ | ૦.૦૫ |
| પાલીતાણા | ૫ | ૦.૨૫ | ૬ | ૦.૩૦ | -- | -- | -- | -- |
| વલ્લભીપુર | ૧ | ૦.૦૫ | ૧ | ૦.૦૫ | -- | -- | -- | -- |
| ઘોઘા | ૧ | ૦.૦૫ | ૨ | ૦.૧૦ | -- | -- | -- | -- |
| ઉમરાળા | ૩ | ૦.૧૫ | ૨ | ૦.૧૦ | -- | -- | -- | -- |
| **કુલ :-** | **૩૦** | **૧.૫૦** | **૨૨** | **૧.૧૦** | **--** | **--** | **૮** | **૦.૪૦** |

(૨) કુંવરબાઈનું મામેરું યોજનાના બાકી ૩૦ લાભાર્થીઓ પૈકી ૧૫ લાભાર્થીઓને રૂા. ૦.૭૫ લાખ તા. ૨૫-૨-૦૮ સુધીમાં ચૂકવી આપેલ છે. બાકી રહેલા લાભાર્થીઓને શક્ય તેટલી વહેલા સહાય ચૂકવવામાં આવશે. સાતફેરા સમૂહલગ્નની બાકી ૨૨ લાભાર્થીઓ પૈકી ૯ લાભાર્થીઓને ૦.૪૫ લાખ સહાય ચૂકવવામાં આવી છે. બાકી ૧૩ લાભાર્થીઓને શક્ય તેટલી વહેલા સહાય ચૂકવવામાં આવશે.

કુંવરબાઈનું મામેરું યોજનામાં સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગના કોઈ લાભાર્થીને સહાય ચૂકવવાની બાકી નથી. જ્યારે સાતફેરા સમૂહલગ્ન યોજનાના ૮ લાભાર્થી પૈકી સાત લાભાર્થીઓને ૦.૩૫ લાખની સહાય ફેબ્રુઆરી ૦૮માં ચૂકવી આપેલ છે. જ્યારે એક અરજદારની અરજી નામંજૂર કરવામાં આવેલ છે. કોઈ લાભાર્થીને સહાય ચૂકવવાની બાકી નથી.

**શ્રી કનુભાઈ વા. કળસરીયા** : માનનીય અધ્યક્ષશ્રી, કુંવરબાઈનું મામેરું અને સાતફેરા સમૂહ લગ્ન યોજનામાં ભાવનગર જિલ્લામાં લાભાર્થીઓને સહાય ઘણી ઓછી છે તો આ યોજનાઓનું કાંઈ સરળીકરણ કરવામાં આવે તો માનનીય મંત્રીશ્રીને મારે પૂછવું છે કે એમાં કાંઈ સરળતા લાવવા માગો છો કે કેમ? અને કુંવરબાઈનું મામેરું અને સાતફેરા સમૂહ લગ્ન એ બંનેની અંદર તફાવતો કયા કયા છે?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે જયારે પણ જરૂરિયાત લાગી ત્યારે એમાં ફેરફાર કરીએ છીએ. તફાવત કુંવરબાઈનું મામેરું જે છે એમાં બી.પી.એલ. નીચે જેમની દીકરીના લગ્ન થતાં હોય એમને આપવામાં આવતી સહાય છે અને સાતફેરા સમૂહ લગ્ન એ કોઈ સંસ્થા અથવા તો વ્યકિતગત યુગલો હોય છે એ કોઈ જાહેર કાર્યક્રમમાં જોડાતા હોય અને દસ કરતાં વધારે સમૂહ લગ્ન હોય તો આનો લાભ આપવામાં આવે છે.

**કચ્છ જિલ્લામાં બેરોજગારોને રોજગારી**

***૧૮૨૪ શ્રી કિશોર વાંકાવાલા (સુરત શહેર (પશ્ચિમ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

(૧) તા.૩૧-૧૨-૨૦૦૭ ની સ્થિતિએ કચ્છ જિલ્લા રોજગાર વિનિમય કચેરીમાં કુલ કેટલા બેરોજગાર નોંધાયેલા છે, અને

(૨) તા.૧-૧-૨૦૦૭ થી તા.૩૧-૧૨-૨૦૦૭ સુધીમાં કેટલા બેરોજગારોને રોજગારી આપવામાં આવી?

**શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** :

(૧) ૨૦,૬૭૭

(૨) ૭,૮૬૯

**શ્રી કિશોર વાંકાવાલા** : માનનીય અધ્યક્ષશ્રી, હું એ જાણવા માગું છું કે ૭,૮૬૯ વ્યકિતઓને કચ્છ જિલ્લામાં એક વર્ષમાં જે રોજગારી આપવામાં આવી છે, તેમાં કેટલા ભાઈઓ અને કેટલી બહેનો છે? અને તેઓને સરકારી, અર્ધસરકારી અને કઈ કઈ ખાનગી કંપનીઓમાં નોકરી એની જો વિગત હોય તો મંત્રીશ્રી આપે.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, ૭,૮૬૯ની અંદર ૬૭૯૫ પુરુષો હતા અને ૧,૦૭૪ સ્ત્રીઓ હતી અને એમાં કેટલા લોકોને કયા સરકારી કે અર્ધસરકારી એ રીતે છે. એ આંકડા એની અંદર સેપરેટ ના હોય. પરંતુ જાતિવાઈઝ આંકડા જોઈતા હોય, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ એ પ્રમાણે છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : મંત્રીશ્રી જે માગ્યું હોય તે આપોને.

**નર્મદા જિલ્લામાં બેરોજગારોને રોજગારી**

***૩૪૨૮ શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ (અંકલેશ્વર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

(૧) નર્મદા જિલ્લામાં રોજગાર વિનિમય કચેરીમાં તા.૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ કેટલા બેરોજગારો નોંધાયેલા છે, અને

(૨) સને ૨૦૦૭માં કેટલા ઉમેદવારોને રોજગારી આપવામાં આવી?

**શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** :

(૧) ૮,૬૮૩

(૨) ૨,૦૪૫

**શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, નર્મદા જિલ્લો ટ્રાયબલ અને આર્થિક રીતે પછાત જિલ્લો છે ત્યાં કોઈ ઉદ્યોગો લાવી રોજગારી આપવાનો સરકારનો કોઈ અભિગમ છે કે કેમ?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, પછાત જિલ્લો હોય તો ત્યાં પણ એટલા જ પ્રમાણે મહેનત એ રીતે કરવામાં આવે છે. વધુમાં વધુ રોજગારી આ વિસ્તારના લોકોને મળે એના માટે થઈને પૂરેપૂરા પ્રયત્નો કરવામાં આવે છે અને એમાં આપ જોઈ શકશો કે તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ ૮,૬૮૩ લોકો રજિસ્ટરમાં હતા. ૨૦૦૭માં ૨,૦૪૫ લોકો રજિસ્ટર થયેલ હતા. એટલે લગભગ ૨૫ ટકા જેટલા લોકોને અહીંયા રોજગારી આપી હતી. એટલે આવા પછાત વિસ્તારો તરફ, આદિવાસી વિસ્તારો તરફ સવિશેષ ધ્યાન આપવામાં આવે છે.

**શ્રી હર્ષદભાઈ ચુ. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગું છું કે રાજપીપળા તાલુકામાં કેટલા બેરોજગારો નોંધાયા હતા? અને એમાંથી કેટલા બેરોજગારોને રોજગારી આપવામાં આવી? અને બાકી રહેતા જે બેરોજગારો છે એમને રોજગારી આપવા માટેનું કોઈ આયોજન છે કે કેમ?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, આ નર્મદા જિલ્લાનો પ્રશ્ન છે એમાં નાંદોદ, ડેડિયાપાડા, સાગબારા અને તિલકવાડા આટલા તાલુકા એ રીતે આવે છે એટલે આમાં તમારે નર્મદા જિલ્લાના તાલુકાની માહિતી જોઈતી હોય તો હું કહું (અંતરાય) એમાં નાંદોદની અંદર જે ઔદ્યોગિક મેળા છે એમાં આઠ ઔદ્યોગિક ભરતી મેળા કરવામાં આવ્યાં. ૭૭૨ લોકોને ભરતીમેળા દ્વારા રોજગારી મળી. ડેડિયાપાડાની અંદર કોઈ રીતે હતું નહિ. એક નાંદોદની અંદર જ આ ઔદ્યોગિક ભરતી મેળા કરવામાં આવ્યા પછી જે સ્વરોજગાર શિબિર સાત કરવામાં આવી. એમાં ૭૧૦ હાજર રહ્યાં. ૩૭૦ પ્રોત્સાહિત થયાં અને ૪૨૪ લોકોને એમાં લોન મળી. એ રીતે ડેડિયાપાડાની અંદર ચાર શિબિરો કરવામાં આવી. ૨૩૯ હાજર રહ્યાં અને ૯૩ લોકોને એની અંદર લોન મળી. સાગબારામાં એક શિબિર કરવામાં આવી એમાં ૫૩ હાજર રહ્યા અને સાત લોકોને લોન મળી આ રીતે આ શિબિરમાં ૧૦૦૨ લોકો હાજર રહ્યા ૫૨૪ લોકોને લોન આપવામાં આવી.

**શ્રી અમરસિંહ રા. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, મારે મંત્રીશ્રીને પૂછવું છે કે ભા.જ.પા.ના એજન્ડામાં બેરોજગારોને ભથ્થું આપવાની જોગવાઈ કરી હતી તો બેરોજગારોને કેટલું ભથ્થું અત્યાર સુધીમાં ચૂકવ્યું છે? અને કેટલા રૂપિયા?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, ભથ્થું ચૂકવવાનું બેરોજગારોને એ ભા.જ.પા.ના કોઈ મેનીફેસ્ટોમાં નથી..અંતરાય..

**અધ્યક્ષશ્રી** : ના. પણ ભા.જ.પા.ના એજન્ડાનો પ્રશ્ન એમાંથી ઉપસ્થિત થતો નથી.

**શ્રી વજુભાઈ વાળા** : એમાં એ નથી પણ આપને કહું બેરોજગારોની અંદર આખા હિન્દુસ્તાનમાં ગયા વર્ષે ૧૭૭૦૦૦ને આખા હિન્દુસ્તાનમાં રોજગારી મળી એમાં ૯૯૦૦૦ લોકો ગુજરાતના હતા એટલે આખા હિન્દુસ્તાનમાં જેટલાને રોજગારી મળી એમાં ૫૬ટકા ગુજરાતના લોકોને મળી છે એટલે રાજય સરકાર

બેરોજગારોને રોજગારી મળે એ માટે પૂરા પ્રયત્ન કરે છે. છતાંપણ માનનીય સભ્યશ્રીને કહીશ કે બેરોજગારોને રોજગારી મળે એના માટે થઈને કોઈપણ સભ્યશ્રીનું કોઈપણ સૂચન હોય તો હું ચોક્કસ એને આવકારીશ.

**રાજયમાં સમાજ કલ્યાણ અધિકારીની ખાલી જગ્યાઓ**

***૨૯૪૫ શ્રી મનસુખભાઈ પાં. ભુવા (ધારી) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

(૧) અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતામાં જિલ્લાકક્ષાએ ગ્રામ્ય વિસ્તારોની અનુસૂચિત જાતિના કલ્યાણ માટેની યોજનાના અમલ માટે તા.૩૧-૧૨-૦૭ની સ્થિતિએ જિલ્લા પંચાયતમાં સમાજ કલ્યાણ અધિકારીની કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે,

(૨) તે પૈકી કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી ખાલી છે, અને

(૩) ખાલી જગ્યાઓ ભરવા માટે સરકારનું શું આયોજન છે?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી:**

(૧) ૨૫

(૨) ભરાયેલ-૨૨
ખાલી-૦૩

(૩) ભરતીની કાર્યવાહી ચાલુ છે.

**શ્રી મનસુખભાઈ પાં. ભુવા** : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નના જવાબમાં ૨૫ જગ્યાઓ મંજૂર થયેલ છે, ૨૨ ભરાયેલ છે અને ૩ ખાલી છે તો આ ત્રણ ખાલી છે એ કેટલી સમયમર્યાદામાં ભરવામાં આવશે અને જિલ્લા કક્ષાએથી જે તાલુકા કક્ષાએ એક અઠવાડિયામાં એક જ વાર સમાજકલ્યાણ અધિકારી આવે છે એ કાયમી આવવા માગે છે કે કેમ?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, જે ૩ જગ્યાઓ ખાલી છે એ ભરવા માટે જી.પી.એસ.સી. દ્વારા તા. ૭-૧૧-૨૦૦૬ના રોજ માગણી પત્રક વિભાગ દ્વારા એમને મોકલવામાં આવ્યું. તા. ૧૫-૩-૨૦૦૭ના રોજ એમની લેખિત પરીક્ષા પૂર્ણ થઈ ગઈ છે અને હવે ઈન્ટરવ્યુ બાદ વહેલી તકે ભરવામાં આવશે. બાકીનું એમનું સૂચન છે.

**શ્રી માનસિંહ કો. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ૨૫ જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે અને કયા કયા જિલ્લામાં ખાલી છે?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, કુલ ૨૪ જગ્યાઓ છે ૩ જ જગ્યાઓ ખાલી છે. નર્મદા જિલ્લામાં તા.૧-૮-૨૦૦૭થી, ડાંગ જિલ્લામાં ૬ ઑગસ્ટ, ૨૦૦૬ થી અને રાજકોટ જિલ્લામાં તા.૨૫-૭-૨૦૦૭થી.

**વડોદરા જિલ્લામાં બેરોજગારોને રોજગારી**

***૩૧૩૯ શ્રી ઉપેન્દ્રસિંહ પ્ર. ગોહિલ (વડોદરા (ગ્રામ્ય) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ વડોદરા જિલ્લા રોજગાર વિનિમય કચેરીમાં કુલ કેટલા બેરોજગાર નોંધાયેલા છે, અને

(૨) તા. ૧-૧-૨૦૦૭ થી તા. ૩૧-૧૨-૨૦૦૭ સુધીમાં વડોદરા જિલ્લા રોજગાર કચેરી દ્વારા કેટલા બેરોજગારોને રોજગારી આપવામાં આવી?

**શ્રમ અને રોજગાર મંત્રીશ્રી:**

(૧) ૬૧૪૨૦

(૨) ૧૬૩૮૪

**શ્રી ઉપેન્દ્રસિંહ પ્ર. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, વડોદરા જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૦૭ના રોજ ૬૧૪૨૦ બેરોજગારોની નોંધણી કરવામાં આવી છે અને માનનીય મંત્રીશ્રીએ જવાબ આપ્યો છે એમાંથી ૧૬૩૮૪ બેરોજગારોને નોકરી મળી છે. ત્યારે હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું ૪૫૦૩૬ જેવા બેરોજગારો હજુ બાકી રહયા છે. ત્યારે આ જે નોંધણી કરવામાં આવે છે એ શૈક્ષણિક લાયકાત પ્રમાણે નોંધણી કરવામાં આવે છે કે કેમ? અને એમાં કેટલા લોકો નોંધાયેલા બેરોજગાર છે? એમાં સ્નાતક કેટલા છે? એન્જીનીયરો કેટલા છે અને ધોરણ-૧૨ પાસ પછીના કેટલા છે?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, રોજગારીની અંદર જે લોકો ધોરણ-૧૨ પાસ થયેલા છે એને શિક્ષિત અને ધોરણ-૧૦ નીચેના છે એને અર્ધશિક્ષિત કે અશિક્ષિત એ રીતે છે. આમાં તો ૬૧૪૨૦ ખરેખર નોંધાયેલા હતા એમાંથી ૧૬૩૮૪ લોકોને રોજગારી આપવામાં આવી. પરંતુ આ સિવાય પણ ઔદ્યોગિક ભરતી મેળાઓ કરવામાં આવે છે, લશ્કરી ભરતી મેળા પણ કરવામાં આવે છે અને સ્વરોજગાર શિબિરો પણ કરવામાં આવે છે. આ ઉપરાંત શાળા અને કોલેજોની અંદર વિદ્યાર્થીઓને એના ભવિષ્ય માટે થઈને રોજગારી કેમ પ્રાપ્ત કરવી એના માટે કૅરિયર કોર્નરના કોર્સીસ પણ રાખવામાં આવે છે. આ તમામ દ્રષ્ટિએ આને રોજગારી પ્રાપ્ત થાય

એના માટેની વાત છે. પરંતુ એક કહીએ કે ઔદ્યોગિકરણના કારણે અને સર્વિસીસ સેકટરના કારણે તમામ લોકોને રોજગારી મળવાની તકો દિવસે ને દિવસે વધતી જાય છે.

**અમદાવાદ જિલ્લામાં સંકટ મોચન યોજનાના બાકી લાભાર્થીઓ**

***૩૨૮૭ શ્રીમતી ગીતાબેન યો. પટેલ (સાબરમતી) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં સંકટ મોચન યોજના હેઠળ કેટલી અરજીઓ ચૂકવણી અર્થે બાકી છે, અને

(૨) જો હા, તો આ પડતર અરજીઓનું કયાં સુધીમાં ચૂકવણું કરવામાં આવશે?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી:**

(૧) તા.૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં સંકટમોચન યોજના હેઠળ ૧૧૧૨ અરજીઓ ચૂકવણી અર્થે બાકી હતી.

(૨) આ ૧૧૧૨ અરજીઓ પૈકી ૭૯૯ અરજીઓનું ચૂકવણું ફેબ્રુઆરી-૦૮ અંતિત કરી દેવામાં આવેલ છે. બાકીની ૩૧૩ અરજીઓમાં પણ જેમ બને તેમ જલદીથી ચૂકવણું કરવામાં આવશે.

**શ્રીમતી ગીતાબેન યો. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, તા. ૩૧-૧૨-૨૦૦૭ ની સ્થિતિમાં અમદાવાદ જિલ્લામાં સંકટ મોચન યોજના હેઠળ ૧૧૧૨ અરજી ચૂકવણી અર્થે બાકી હતી. એમાંથી ૭૯૯ અરજીઓનું ચૂકવણું ફેબ્રુઆરી-૨૦૦૮ અંતિત કરી દેવામાં આવેલ છે અને ૩૧૩ બાકી છે, તો કેટલી સમય મર્યાદામાં પૂરી કરી દેવામાં આવશે.

**શ્રી ફકીરભાઈ ૨. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, જે ૩૧૩ ચૂકવણીની બાકી છે, તે બધી આ હિસાબી વર્ષ ૩૧-૩-૨૦૦૮ સુધીમાં ચૂકવી દેવામાં આવશે.

**શ્રી કાન્તિલાલ ૨ા. લકુમ** : હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આ સંકટ મોચન યોજનામાં કુલ કેટલા લાભાર્થીઓની અરજીઓ આવી અને કેટલા લોકોને રકમ ચૂકવી આપવામાં આવી અને એ લાભાર્થીઓ કેટલી રકમ ચૂકવવામાં આવે છે?

**શ્રી ફકીરભાઈ ૨. વાઘેલા** : અમદાવાદ જિલ્લામાં ૩૧૩૯ અરજીઓ કુલ મળેલ છે, એમાં મંજૂર થઈ ૨૨૫૪ અને ૧૧૪૨ ની ચૂકવણી તા. ૩૧-૧૨-૨૦૦૭ સુધીમાં કરવામાં આવી. એમણે એમ પૂછ્યું કે કેટલી રકમ ચૂકવવામાં આવે છે, તો ૧૦,૦૦૦ રૂપિયાની સહાય ચૂકવવામાં આવે છે.

**નવી આઈ.ટી.આઈ. શરૂ કરવા અંગે**

***૩૧૪૫ શ્રી રજનીકાંત સો. પટેલ (ચાણસ્મા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :

(૧) સને ૨૦૦૬-૦૭ માં રાજ્યમાં કુલ કેટલી નવી આઈ.ટી.આઈ. શરૂ કરવામાં આવી છે, અને

(૨) કયા કયા સ્થળોએ?

**શ્રમ અને રોજગાર મંત્રીશ્રી :**

(૧)૦૩ (ત્રણ)

(૨)(૧) અંજાર (૨) ધોળકા (૩) જામ-ખંભાળિયા

**શ્રી રજનીકાંત સો. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૬-૦૭ માં ૩ આઈ.ટી.આઈ. નવી શરૂ કરવામાં આવી છે. બાકી રહેલ તાલુકામાં કેટલા સમયમાં આઈ.ટી.આઈ. શરૂ કરવામાં આવશે અને એમાં સરકારી કે સેલ્ફ ફાઈનાન્સ એમ આ પ્રકારની યોજના છે? એમાં સરકારી કેટલી અને સેલ્ફ ફાઈનાન્સ કેટલી એમ આ પ્રકારની કેટલી આઈ.ટી.આઈ. કૉલેજો શરૂ કરવામાં આવશે?

**શ્રી વજુભાઈ વાળા:** માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૬-૦૭ માં ૩ જગ્યાએ ધોળકા, અંજાર અને જામ ખંભાળિયામાં શરૂ કરવામાં આવી છે. ૨૦૦૬-૦૭ પછી ૨૦૦૭-૦૮ માં નવી ૧૦ આઈ.ટી.આઈ. મંજૂર કરી અને ૨૦૦૮-૦૯ માં આ રીતે આ વર્ષના અંતે ૩૧-૧૨-૨૦૦૭ માં ૧૭૮ તાલુકાની અંદર કાં તો આઈ.ટી.આઈ. છે કાં તો આઈ.ટી.સી. છે. આઈ.ટી.સી. ની અંદર એમાં ગ્રાન્ટ ઈન એઈડ અથવા સ્વ નિર્ભર એમ બે પ્રકારે છે. આ રીતે બાકી રહેતા ૪૭ તાલુકા છે, એમાં અરજીઓ માગવામાં આવી છે, એમાંથી ૨૩ તાલુકામાં સ્વ રોજગારી માટે થઈને અરજીઓ મંજૂર કરવા માટેની કાર્યવાહી ચાલુ છે અને એ ઉપરાંત ૨૦૦૮-૦૯ માં સરકાર તરફથી નવી ૨૦ આઈ.ટી.આઈ. શરૂ કરવા માટેનું આયોજન કરેલ છે અને બાકીની રીતે જે જગ્યાએ સ્વ નિર્ભર અને ગ્રાન્ટ ઈન એઈડ બંનેમાં જ્યાં જે જગ્યાએ નવી આઈ.ટી.આઈ. અને આઈ.ટી.સી. કેન્દ્ર ન થાય એના માટે થઈને ગુજરાતના તમામ તાલુકાઓમાં આઈ.ટી.આઈ., આઈ.ટી.સી. થાય એના માટે રાજ્ય સરકારનું પૂરેપૂરું આયોજન છે.

**શ્રી કનુભાઈ મે. ભાલાળા** : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે તાલુકા કક્ષાએ આઈ.ટી.આઈ. ન હોય અને નવી શરૂ કરવાની થતી હોય તો તેના ધારાધોરણો શું છે? એમાં મહિલાઓ અભ્યાસ કરવા માગતી હોય તો તેમના માટેના કોર્સિસ છે કે કેમ?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, જે જગ્યાએ આઈ.ટી.આઈ. અને આઈ.ટી.સી., આઈ.ટી.સી. એટલે કેન્દ્ર અને આઈ.ટી.આઈ. એટલે ઈન્ડસ્ટ્રિયલ ટ્રેનિંગ ઈન્સ્ટિટયૂટ એ રાજ્ય સરકાર તરફથી સ્થાપવામાં આવે છે. જ્યાં કેન્દ્રો હોય છે ત્યાં ગ્રાન્ટ આપીએ છીએ અથવા તો સ્વ નિર્ભર એ પોતાની રીતે ખર્ચ ઉપાડે એ રીતની વ્યવસ્થા છે. આની અંદર મહિલાઓના વિકાસ માટે થઈને કેવી રીતે રોજગારી મળે તેવા પ્રકારના કોર્સ શિખવાડવામાં આવે છે, છતાં પણ કોઈપણ આઈ.ટી.આઈ. અને આઈ.ટી.સી.ની અંદર મહિલાઓ માટેના કોર્સ શરૂ કરવા હોય તો સૂચન કરજો. આઈ.ટી.આઈ. હશે તો આપણે કરીશું. અને આઈ.ટી.સી. હશે તો આપણે જે સ્વ નિર્ભર કે ગ્રાન્ટ ઈન એઈડ વાળાને કહીશું, પણ મહિલાઓને મળે એના માટે છે. ગુજરાત રાજ્યે મહિલાઓ માટેનાં ખાસ આઈ.ટી.આઈ. કેન્દ્ર ઊભાં કર્યાં છે. આવતા વર્ષની અંદર મહિલાઓ માટે થઈને આઈ.ટી.આઈ. કેન્દ્ર વિશેષ શરૂ થાય તેના માટેનું આયોજન છે.

**શ્રી આત્મારામ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ તો આ વખતે માનનીય મંત્રીશ્રીએ જે તાલુકાઓમાં આઈ.ટી.આઈ. કૉલેજો નથી તે તાલુકાઓને સ્પેશીફાઈ કરીને ટૅક્નીકલ શિક્ષણ મળે તે માટેની વ્યવસ્થા કરીને આયોજન કર્યુ છે તે માટે અભિનંદન આપું છું. બીજું મારે જે વાત કરવી છે અને મારી કમનસીબી એ છે કે મારા બે તાલુકાઓમાં આઈ.ટી.આઈ. કૉલેજ નથી. ગઢડા અને ઉમરાળા તાલુકામાં. આમાં જાહેરાતો સેલ્ફ ફાઈનાન્સ માટેની આવી છે. માનો કે સેલ્ફ ફાઈનાન્સની જાહેરાતો હોય અને સેલ્ફ ફાઈનાન્સ શરૂ કરવા માટેની અરજી ન આવી હોય તો મારા બે તાલુકા છે ગઢડા અને ઉમરાળા એમાં એક તો સાહેબ શકિતસિંહનો પોતાનો તાલુકો છે.

**અધ્યક્ષશ્રી** : આપ સીધે સીધો પ્રશ્ન પૂછો.

**શ્રી આત્મારામ મ. પરમાર** : તો આ બે તાલુકામાં સેલ્ફ ફાઈનાન્સની અરજી ન આવી હોય તો સરકારી ધોરણે આઈ.ટી.આઈ. શરૂ કરવા માગે છે કે કેમ?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, જે જુદા જુદા ૨૦ તાલુકાઓ ડીકલેર કર્યા છે. હું બધા સભ્યોને જાણકારી મળે એટલા માટે વાત કરું કે આદિવાસી વિસ્તારની અંદર ઘોઘંબા, કવાંટ, રણધીકપુર..

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી , એમનો પ્રશ્ન ઉમરાળા અને ગઢડાનો છે.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, જે જગ્યાએ આઈ.ટી.આઈ. નથી અને સ્વનિર્ભર નહીં થાય ત્યાં અમે ગ્રાન્ટ ઈન એઈડ માટેનો પ્રયત્ન કરીશું. ગ્રાન્ટ ઈન એઈડ એટલે સરકારી આઈ.ટી.આઈ. જેવું. જેના માટે થઈને પૂરેપૂરી મદદ છે. અમારું સ્પષ્ટ આયોજન છે કે ગુજરાતના તમામ તાલુકાઓમાં આઈ.ટી.આઈ અને આઈ.ટી.સી. થઈ જાય તેવું પૂરું આયોજન છે.

**શ્રી રમેશ વ. મહેશ્વરી** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, મારા કચ્છ જિલ્લામાં મુન્દ્રા તાલુકામાં સાગરખેડુ અંતર્ગત આઈ.ટી.આઈ. મંજૂર કરવામાં આવી અને તે શરૂ પણ થઈ ગઈ છે. તો તેના માટે નવું મકાન બનાવવાની રાજય સરકારની યોજના છે કે કેમ?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, આમાં બે રીતે સરકારે પૈસાનો ખર્ચ કરવાનો હોય છે. એક નવી આઈ.ટી.આઈ. માટે મદદરૂપ થવા માટેનું પહેલું કામ એ છે કે ગુજરાતના તમામ તાલુકાની અંદર આઈ.ટી.આઈ. અને આઈ.ટી.સી. થાય અને ત્યારપછી જેટલા આપણા આઈ.ટી.આઈ. સેન્ટરો છે તે આપણા પોતાના મકાનમાં બેસે તેવી વ્યવસ્થા કરવાનું સરકારનું આયોજન છે.

**શ્રી અનિલકુમાર ત્રિ. પટેલ** :માનનીય અધ્યક્ષશ્રી, મહેસાણા જિલ્લાના બેચરાજી તાલુકામાં આઈ.ટી.આઈ. એકપણ નથી. તો બેચરાજી તાલુકામાં સરકારી આઈ.ટી.આઈ. ઝડપથી થાય તે માટે મારું સૂચન છે.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીનું સૂચન સ્વીકાર્ય છે.

**શ્રી આત્મારામ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, પરવાનગી આપો તો મહત્વનો પ્રશ્ન છે.

**અધ્યક્ષશ્રી** : શ્રી આત્મારામભાઈ, મેં કહયું છે કે ગેરહાજર સભ્યોના પ્રશ્નોની પરવાનગી લેવી હોય તે સભ્યશ્રીએ મંત્રીશ્રીની પરવાનગી લઈ મને ચેમ્બરમાં કહી જશે તો, બાકી વચ્ચે ઉભા થવાની આપ ચેષ્ટા ન કરતા.

**રાજકોટ જિલ્લામાં સમાજ કલ્યાણ નિરીક્ષકોની જગ્યાઓ અંગે**

***૨૯૪૨ શ્રીમતી જસુબેન સ. કોરાટ (જેતપુર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે

(૧) તા.૩૧-૧૨-૦૭ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં સમાજ કલ્યાણ નિરીક્ષકોની કુલ કેટલી જગ્યાઓ છે,
(૨) તે પૈકી વણ પુરાયેલ કેટલી જગ્યાઓ છે, અને
(૩) આ ખાલી જગ્યાઓ ક્યારે ભરવામાં આવશે?

**સામાજિક ન્યાય અધિકારીતા મંત્રીશ્રી :**

(૧) ૧૩
(૨) ૦૫
(૩) શકય તેટલી વહેલી.

**શ્રીમતી જસુબેન સ. કોરાટ** : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નના જવાબમાં લખ્યું છે કે પાંચ જગ્યાઓ ખાલી છે તો તે કયા કયા તાલુકમાં આ જગ્યાઓ ખાલી છે અને કેટલા સમયથી ખાલી છે અને કેટલા સમયમાં માનનીય મંત્રીશ્રી આ જગ્યાઓ પૂરવા માગે છે?

**શ્રી ફકીરભાઈ ૨. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, રાજકોટ જિલ્લાના મોરબી તાલુકામાં એક જગ્યા ૧-૧૦-૨૦૦૧થી ખાલી છે. ગોંડલ તાલુકાની એક જગ્યા ૧-૪-૨૦૦૬થી ખાલી છે. ઉપલેટા તાલુકાની એક જગ્યા ૧-૧૦-૨૦૦૧થી ખાલી છે. વાંકાનેર તાલુકાની એક જગ્યા ૨૧-૨-૨૦૦૭થી ખાલી છે કોટડા સાંગાણીની એક જગ્યા ૧-૯-૨૦૦૫થી ખાલી છે. માનનીય સભ્યશ્રીએ પ્રશ્ન કર્યો તે માટે કહું કે આ અંગે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળને માગણી પત્રકો તા. ૨૩-૩-૨૦૦૭ના રોજ અપાઈ ગયા છે અને તે વિધિ પૂરી થયે વહેલી તકે આ જગ્યાઓ ભરાશે.

**શ્રી મોહનભાઈ ક. કુંડારિયા** : માનનીય અધ્યક્ષશ્રી, આ જગ્યાઓ ૨૦૦૧થી ઘણા લાંબા સમયથી આ જગ્યાઓ ખાલી છે અને ગૌણ સેવા પસંદગી મંડળને પસંદગી યાદી મોકલી છે તો આના ભરતી માટેની લાયકાત શું હોય છે? આ નિરીક્ષકોની લાયકાત શું હોય છે?

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી , નિરીક્ષકોની શૈક્ષણિક લાયકાત શું હોય છે તે કહો.

**શ્રી ફકીરભાઈ ૨. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી જુદી નોટિસ આપશે તો હું પૂરી વિગતો આપીશ.

### રમતગમત ક્ષેત્રે સ્પૉર્ટસ મૅડિસિનની સગવડ અંગે

***૨૦૯૬ શ્રી ઉદેસિંહ પું. ઝાલા (બાયડ): માનનીય રમતગતમ, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,

(૧) રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય કક્ષાએ રમતગતમ ક્ષેત્રે ઉત્કૃષ્ટ દેખાવ કરનાર તથા આશાસ્પદ ખેલાડીઓને વિશિષ્ટ તાલીમ આપવા તથા સ્પૉર્ટસ મૅડિસિનની સહાય આપવાની કોઈ યોજના છે કે કેમ, અને

(૨) જો હા તો તેની વિગતો શી છે.

**રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રીશ્રી:**

(૧) હા,જી.

(૨) ખેલાડીઓને તેમના જરૂરિયાતના ધોરણે રમતગમતને સંલગ્ન સુવિદ્યાઓ પૂરી પાડી ઉત્કૃષ્ટતા તરફ વાળી ચૅમ્પિયન તૈયાર કરવા માટેની શકિતદૂત યોજનામાં અન્ય બાબતોની સાથે વિશિષ્ટ તાલીમ અને સ્પોર્ટસ મૅડિસિનનું પ્રાવધાન કરવામાં આવેલ છે.

**શ્રી ઉદેસિંહ પું. ઝાલા** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કે, રાષ્ટ્રિય અને આંતરરાષ્ટ્રિય કક્ષાએ રમતગમત ક્ષેત્રે સારો દેખાવ કરનારા ખેલાડીઓને શકિતદૂત યોજના અંતર્ગત કેટલા ખેલાડીઓને તાલીમ અપાઈ અને આ તાલીમ માટ કેટલો ખર્ચ થયો ?

**શ્રી ફકીરભાઈ ૨. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીનો પ્રશ્ન એ હતો કે સ્પૉર્ટસ મૅડિસિનની સહાય આપવાની કોઈ યોજના છે કે કેમ, તો એ અંગેનો જવાબ મેં આપેલ છે. (અંતરાય) શકિતદૂત યોજના અંતર્ગત તાલીમ અંગેની માહિતી મારી પાસે નથી, એ હું માનનીય સભ્યશ્રીને આપીશ.

### અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતામાં વર્ગ-૩ની ખાલી જગ્યાઓ

***૨૯૪૪ શ્રીમતી ભાવનાબેન ૨ા. મકવાણા (તળાજા): માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) અનુસૂચિત જાતિની કલ્યાણકારી યોજનાઓના અમલ માટે અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતામાં તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ વર્ગ-૩ અને વર્ગ-૪ની કુલ કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે,

(૨) મંજૂર થયેલ જગ્યાઓ પૈકી કેટલી ભરાયેલ છે, કેટલી બાકી છે, અને

(૩) ખાલી જગ્યાઓ ભરવા માટે રાજય સરકારનું શું આયોજન છે?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી :**

(૧) વર્ગ-૩ ૯૬૯
વર્ગ-૪ ૩૮૬

| | | |
|---|---|---|
| (૨) **ભરાયેલ :** | વર્ગ-૩ | ૫૪૯ |
| | વર્ગ-૪ | ૨૨૨ |
| **બાકી :** | વર્ગ-૩ | ૪૨૦ |
| | વર્ગ-૪ | ૧૬૪ |

(૩) કાર્યવાહી ચાલુ છે.

**શ્રીમતી ભાવનાબેન ૨ા. મકવાણા** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કે, અનુસૂચિત જાતિની કલ્યાણકારી યોજનાઓના અમલ માટે અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતામાં

તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ વર્ગ-૩ અને વર્ગ-૪ની જે જગ્યાઓ ભરવાની બાકી છે તે કેટલા સમયમાં ભરવામાં આવશે?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, વર્ગ-૩ અને વર્ગ-૪ ની જે જગ્યાઓ ખાલી છે એ માટેના માગણીપત્રકો ગૌણ સેવા પસંદગીને મોકલાઈ ગયા છે અને વહેલામાં વહેલીતકે આ જગ્યાઓ ભરવામાં આવશે.

**શ્રી જગદીશભાઈ મો. ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, , આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કે, વર્ગ-૩ અને વર્ગ-૪ના જે કર્મચારીઓ ભરવાના હોય છે એમાં માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે ગૌણ પસંદગી દ્વારા ભરાય છે, પણ આ જગ્યાઓ ઘણા સમયથી ખાલી હોવા છતાં પણ એ ગૌણ પસંદગી જે વ્યવસ્થા કરે છે એમાં અરજદારો નથી મળતા કે શું પરિસ્થિતિ છે કે જેના હિસાબે આ જગ્યાઓ ભરાતી નથી એ મંત્રીશ્રી જણાવે.

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, એ અંગેની જાહેરાત પણ બહાર પડી ગઈ છે અને હું માનું છું કે, એની વિધિ પૂરી થયે ટૂંક સમયમાં ભરાશે.

**શ્રી જગદીશભાઈ મો. ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, અરજદારો મળતા નથી કે શું છે?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** :માનનીય અધ્યક્ષશ્રી, મારી પાસે એવી કોઈ માહિતી નથી.

### જંબુસર અને આમોદ તાલુકામાં વ્યવસાયલક્ષી તાલીમ અંગે

***૩૨૦૪ શ્રી કિરણકુમાર એલ. મકવાણા (જંબુસર)** : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) પ્રવર્તમાન આઈ. ટી. ના યુગને ધ્યાને રાખી રાજય સરકારે ભરૂચ જિલ્લામાં જંબુસર અને આમોદ તાલુકામાં વ્યવસાયલક્ષી તાલીમ આપવાનું આયોજન હાથ ધરેલ છે કે કેમ,
(૨) જો હા, તો કેટલી સંસ્થામાં આવા અભ્યાસક્રમો તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શરૂ કરવામાં આવ્યા છે, અને
(૩) કેટલા વિદ્યાર્થીઓને આવી તાલીમ આપવામાં આવી, તાલીમ લીધા પછી કેટલા વિદ્યાર્થીઓને રોજગારી મળી?

**શ્રમ અને રોજગાર મંત્રીશ્રી :**

(૧) હા, જી.
(૨) ૦૧ (એક)
(૩) ૧. કુલ ૧૦૭ તાલીમાર્થીઓને તાલીમ આપવામાં આવી.
૨. કુલ ૧૮ તાલીમાર્થીઓને રોજગારી મળી છે.

**શ્રી કિરણકુમાર એલ. મકવાણા** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કે, જંબુસર અને આમોદ તાલુકામાં વ્યવસાયલક્ષી તાલીમ લીધેલા તાલીમાર્થીઓને જંબુસર અને આમોદ તાલુકામાં આવેલ ફેકટરીઓ એટલે કે કંપનીઓમાં રોજગારી મળી રહે એવું કોઈ આયોજન છે કે કેમ ?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્નમાં ટ્રેનિંગ આપવાની વાત છે, એને કયાં રોજગારી મળે એના માટે થઈને તો ક્ષેત્ર પોતાના માટે થઈને એ ખુલ્લું હોય છે. આઈ ટી એ નવો વિષય છે અને ભરૂચ તાલુકામાં આઈ ટી અભ્યાસ કરવા માટે થઈને વિદ્યાર્થીઓમાં સારો એવો રસ છે, આમોદની અંદર આઈ ટીનો કોર્સ નથી પણ જંબુસરમાં જે સંસ્થા છે એ આઈ ટી કોર્સ કરાવે છે અને આ ભરૂચ જિલ્લામાં અન્ય જગ્યાએ પણ આઈ ટીનો કોર્સ છે એ ચાલુ છે અને એની અંદર વિદ્યાર્થીઓ પરીક્ષા આપીને ઉત્તિર્ણ પણ થતા જ જાય છે.

### તજજ્ઞ સમિતિના અહેવાલ અંગે

***૩૫૩૫ શ્રી બાવકુભાઈ ના. ઉંઘાડ (બાબરા)** : **માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજયના ખોટ કરતા જાહેર સાહસો બંધ કરવા કે ખાનગીકરણ કરવા કે મર્જ કરવા માટે રાજય સરકાર દ્વારા સન ૨૦૦૪માં રચાયેલ તજજ્ઞ સમિતિએ તા. ૧૨-૨-૨૦૦૮ સુધીમાં પોતાનો અહેવાલ સરકારને આપ્યો છે કે નહીં,
(૨) જો હા, તો તે અંગે સરકાર દ્વારા શું આયોજન કરેલ છે, અને
(૩) જો ના, તો કેટલા સમયમાં આપવાનું આયોજન છે?

**નાણા મંત્રીશ્રી :**

(૧) રાજયના ખોટ કરતાં જાહેર સાહસો બંધ કરવા કે, ખાનગીકરણ કરવું કે મર્જ કરવા માટે વર્ષ-૨૦૦૪માં રાજય સરકાર દ્વારા કોઈ તજજ્ઞ સમિતિની રચના કરવામાં આવી નથી.
(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી બાવકુભાઈ ના. ઉંઘાડ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કે, રાજયમાં જાહેર સાહસો કેટલા અને એમાં ખોટ કરતા કેટલા? અને બીજું મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ પણ જાણવું છે કે, જે તજજ્ઞ સમિતિની રચના કરવામાં આવી નથી તો આ તજજ્ઞ સમિતિ જે રાજયમાં ખોટ કરતા

જાહેર સાહસો છે એને મર્જ કરવા કે ખાનગીકરણ કરવા માટે તજજ્ઞ સમિતિની રચના કરવા માગો છો કે નહીં અને કેટલા સમયમાં?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકાર તરફથી અભ્યાસ માટે જુદા જુદા સમયે જુદી જુદી કમિટીઓની રચના થાય છે. સ્ટેચ્યુટરી હોય આપણું એ જે પ્રમાણે ભૂતકાળમાં આપણે ફાઈનાન્સ કમિશનની નિમણૂક કરી હતી તો ફાઈનાન્સ કમિશન આપણને હંમેશાં એમ કહે છે કે, આટલા આટલા ઉદ્યોગો છે એના ઉપર સવિશેષ સુપરવીઝન કરવાની જરૂર છે, આટલા ઉદ્યોગોને મર્જ કરવાની જરૂર છે, અને આટલા ઉદ્યોગોને બંધ કરવાની જરૂર છે, આ જે શાહ સાહેબના નેજા નીચે જે કરી હતી એમાં ૧૩ જે આપણા જાહેરસાહસો હતા એના માટેની વાત કરી હતી એ ગુજરાત નર્મદા વેલી ફર્ટિલાઈઝર, ગુજરાત સ્ટેટ ફર્ટિલાઈઝર કંપની, ગુજરાત આલ્કલીઝ એન્ડ કેમીકલ લિમિટેડ, ગુજરાત ઇન્ડસ્ટ્રીયલ પાવર કંપની, ગુજરાત સ્ટેટ પેટ્રોલિયમ કૉરપોરેશન, ગુજરાત પાવર કોરપોરેશન, ગુજરાત મીનરલ ડૅવલપમેન્ટ કોરપોરેશન, ગુજરાત..

**અધ્યક્ષશ્રી** : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

# અતારાંકિત પ્રશ્નો

## (તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

### તાલાળા તાલુકાના ઘુસીયા ખાતે આઈ.ટી.આઈ.માં મંજૂર મહેકમ

૩૨૮૩ **શ્રી ભગવાનભાઈ ધા.બારડ(તલાળા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧/૧/૦૮ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લાના તાલાળા તાલુકાના ઘુસીયા ગામે સરકાર માન્ય આઈ.ટી.આઈ.માં કેટલા વિષયના કોર્સ ચલાવવામાં આવે છે, અને | (૧) ૦૮ (આઠ) |
| (૨) તે અન્વયે મંજૂર મહેકમ સામે ક્યા ક્યા અભ્યાસક્રમોના સ્ટાફની જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે ? | (૨) ક્રાફટ ઈન્સ્ટ્રક્ટર (વેલ્ડર) ની ૦૧ જગ્યા તા. ૧-૭-૦૭ થી ખાલી છે. |

------------

### બીલ માંગે તેનું નસીબ જાગે અન્વયે આપેલ ઈનામની રકમ અંગે

૨૮૦૯ **શ્રી ખુમાનસિંહ ચૌહાણ (સાવલી) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૮ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બીલ માંગે તેનું નસીબ જાગે તે હેતુ અન્વયે રાજ્યમાં કેટલાં ઈસમોને ઈનામની કેટલી રકમ આપવામાં આવી, અને

**જવાબ**

(૧) તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બીલ માંગે તેનું નસીબ જાગે તે હેતુ અન્વયે રાજ્યમાં નીચે મુજબના ઈનામોનું વિતરણ કરવામાં આવેલ છે

| ક્રમ | ઈનામની વિગત | યોજનાઓમાં ઈનામ વિજેતાઓની સંખ્યા | ખરેખર ચુકવાયેલ ઈનામ વિજેતાઓની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | શેવરોલે કાર (AVEO) | ૧ | ૧ |
| ૨ | હીરોહોન્ડા મોટર સાઈકલ | ૧૦ | ૯ |
| ૩ | ડીવીડી પ્લેયર | ૧૦૦ | ૮૦ |
| | કુલ | ૧૧૧ | ૯૦ |

આ યોજનામાં રોકડ રકમ ચુકવવાની જોગવાઈ નથી.

**પ્રશ્ન** (૨) જો આવી રકમો ન ચુકવાઈ હોય તો તેના કારણો શાં છે ?

**જવાબ** (૨) (૧) ઈનામ વિજેતાની ઓળખના યોગ્ય પુરાવા રજુ ન થવાથી

(૨) ઈનામ વિજેતાઓના પુરતા નામ/સરનામાના અભાવે સંપર્ક ન થવાથી.

(૩) ઈનામ વિજેતાઓને જાણ કરવા છતાં ઈનામો લેવા નહી આવતા હોવાના કારણે.

------------

**તાલુકા મથકે આંબેડકર ભવન બનાવવા અંગે**

૨૮૧૨ **શ્રી મુકેશ ભૈ. ગઢવી (દાંતા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જે રીતે જિલ્લા મથકો તથા મોટા શહેરોમાં આંબેડકર ભવન, બનાવવામાં આવ્યા છે તે રીતે તાલુકા મથકો અને ત્રણ હજારથી વધુ જનસંખ્યા ધરાવતા ગામોમાં આંબેડકર ભવન બનાવવા સરકાર વિચારણા કરી રહેલ છે તે હકીકત સાચી,

(૨) જો ના, તો તેના શું કારણો છે, અને

(૩) આ અંગે ખાસ ગ્રાન્ટ ઉપલબ્ધ કરાવી, ક્યા વિભાગને જવાબદારી સોંપવામાં આવી છે ?

**જવાબ**

(૧) રાજ્ય સરકારે તમામ જિલ્લા મથકોએ આંબેડકર ભવન બનાવવાનું આયોજન કરેલ છે. તેજ રીતે હવે તાલુકા મથકોએ પણ આંબેડકર ભવન બનાવવા અંગેનો નિર્ણય કરેલ છે. જ્યારે ત્રણ હજારથી વધુ જનસંખ્યા ધરાવતા ગામોમાં ડૉ. આંબેડકર ભવન બાંધવાનું હાલમાં કોઈ આયોજન નથી.

(૨) ત્રણ હજારથી વધુ જનસંખ્યા ધરાવતા ગામોમાં ડૉ. આંબેડકર ભવન બનાવવા અંગે સરકારશ્રીએ કોઈ વિચારણા કરેલ નથી.

(૩) તાલુકા મથકોએ ડૉ. આંબેડકર ભવન બાંધવા અંગે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા બજેટ જોગવાઈ કરવામાં આવેલ છે અને તાલુકા મથકોએ જમીન ઉપલબ્ધ થયેથી બાંધકામ તથા ગ્રાન્ટ ફાળવણી અંગેની આગળની કાર્યવાહી કરવામાં આવશે.

------------

**રમતગમતના સંકુલોના બાંધકામ**

૨૦૯૫ **શ્રી સુંદરસિંહ ભ. ચૌહાણ(મહેમદાવાદ) : માનનીય રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં રમતગમતની પ્રવૃત્તિઓને વધુ વેગ મળે તે માટે જિલ્લા કક્ષાએ રમતગમત સંકુલોના બાંધકામ માટે કોઇ આયોજન વિચારેલ છે કે કેમ; અને

(૨) આ અંગેની વિગતો શી છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) **(અ)** સરદાર પટેલ રમત સંકુલ યોજના અંતર્ગત જિલ્લા કક્ષાએ નીચે મુજબના જિલ્લાઓમાં જિલ્લા રમત સંકુલોના નિર્માણની યોજના અમલમાં મુકવામાં આવેલ છે.

**(રકમ રૂા. લાખમાં)**

| **ક્રમ** | **જિલ્લા રમત સંકુલનું નામ** | **બાંધકામનો અંદાજો** |
|---|---|---|
| ૧ | પાટણ | ૨૪૮.૩૧ |
| ૨ | ગાંધીધામ (કચ્છ) | ૨૫૪.૦૮ |
| ૩ | અમરેલી | ૮૯.૬૬ |
| ૪ | હિંમતનગર (સાબરકાંઠા) | ૩૩૫.૦૦ |
| ૫ | નડિયાદ (ખેડા) | ૨૦૨.૨૩ |
| ૬ | લીંબડી (સુરેન્દ્રનગર) | ૧૭૫.૦૨ |
| ૭ | જુનાગઢ | ૩૨૦.૮૫ |
| | **કુલ રકમ રૂા. :** | **૧૬૨૫.૧૫** |

**(બ) એકલવ્ય રમત સંકુલ યોજના** અંતર્ગત જિલ્લા કક્ષાએ નીચે મુજબના જિલ્લાઓમાં જિલ્લા રમત સંકુલોના નિર્માણની યોજના અમલમાં મુકવામાં આવેલ છે.

| **ક્રમ** | **જિલ્લા રમત સંકુલનું નામ** | **બાંધકામનો અંદાજો** |
|---|---|---|
| ૧ | ગોધરા (પંચમહાલ) | ૨૬૬.૪૦ |
| ૨ | સાપુતારા (ડાંગ-આહવા) | ૧૪૬.૪૭ |

| | | |
|---|---|---|
| ૩ | રાજપીપળા (નર્મદા) | ૧૭૧.૬૫ |
| | **કુલ રકમ રૂા.** | **૫૮૪.૫૨** |
| | **(અ) અને (બ) નો સરવાળો :** | **૨૨૦૯.૬૭** |

(ક) અન્ય જિલ્લામાં જિલ્લા રમત સંકુલ :

| **ક્રમ** | **જિલ્લા રમત સંકુલનું નામ** | **બાંધકામનો અંદાજો** |
|---|---|---|
| ૧ | ખોખરા (અમદાવાદ) | ૩૦૨.૦૦ |

------------

**મેઘરજ, માલપુર, બાયડ અને ધનસુરા તાલુકામાં માનવ ગરીમા યોજના હેઠળના લાભાર્થીઓ**

૧૮૫૯ **શ્રી મહેન્દ્રસિંહ શં.વાઘેલા (મેઘરજ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) મેઘરજ, માલપુર, બાયડ અને ધનસુરા તાલુકામાંથી તા. ૩૧-૧-૨૦૦૮ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં માનવ ગરીમા યોજના હેઠળ અનુસૂચિત જાતિ તેમજ અન્ય પછાત જાતિઓની કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી કેટલા અરજદારોની અરજીઓ મંજૂર કરી,

(૩) કેટલી નામંજૂર કરી, કેટલી પડતર છે; અને

(૪) લાંબા સમયથી પડતર રહેવાના કારણો શાં છે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧-૨૦૦૮ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મળેલ માનવ ગરીમા યોજનાની અરજીઓની વિગત.

<u>સા.શે.પ.વ.</u> <u>અનુ. જાતિ</u>
૧૮૫ ૧૫૪

(૨) સા.શે.પ.વ. અનુ. જાતિ
૧૮૩ મંજૂર ૧૦૪ મંજૂર

(૩) સા.શે.પ.વ. અનુ. જાતિ
૨ ના મંજૂર ૫૦ નામંજૂર
કોઈ અરજી પડતર નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**મહિલા ખેલાડીને આપેલ સ્કોલરશીપની રકમ અંગે**

૨૯૬૯ **શ્રી કનુભાઇ મે. ભાલાળા (વિસાવદર) : માનનીય રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય તથા રાષ્ટ્રીય કક્ષાએ ઉત્કૃષ્ટ સિધ્ધિ હાંસલ કરનાર મહિલા ખેલાડીઓને સ્કોલરશીપ આપવા કોઇ યોજના ઘડેલ છે કે કેમ; અને

(૨) છેલ્લા ત્રણ વર્ષમાં તા. ૩૧-૧-૦૮ ની સ્થિતિએ કેટલી મહિલા ખેલાડીઓને કેટલી રકમની સ્કોલરશીપ આપવામાં આવી ?

**જવાબ**

(૧) હા જી.

(૨) છેલ્લા ત્રણ વર્ષમાં તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ ૩૬૪૦ મહિલા ખેલાડીઓને રૂા. ૧,૫૮,૩૭,૦૦૦/- અંકે રૂપિયા એક કરોડ અઠ્ઠાવન લાખ સાડત્રીસ હજાર પુરા) સ્કોલરશીપ ચુકવવામાં આવી છે.

------------

**બેકલોગની ખાલી જગાઓ**

૨૯૪૭ **શ્રી લવજીભાઈ ઠા.રાજાણી (માળીયા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતામાં તા. ૩૧-૧૨-૦૭ ની સ્થિતિએ વર્ગ-૧, વર્ગ-૨, વર્ગ-૩ અને વર્ગ-૪ ની અનુસૂચિત જાતિની કુલ કેટલી બેકલોકની જ્ગ્યાઓ છે,

(૨) તે ભરવા રાજ્ય સરકારે શું પગલાં લીધાં છે; અને

(૩) જો કાર્યવાહી ચાલુ હોય તો કેટલા સમયથી કાર્યવાહી ચાલુ છે અને કેટલા સમયમાં પૂર્ણ થશે ?

**જવાબ**

(૧) કોઇ નહીં.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## અમદાવાદ જિલ્લામાં કુમાર અને કન્યા છાત્રાલયોની સંખ્યા

૨૩૭૫ **શ્રી રણછોડભાઈ ક.મેર (ધંધૂકા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર અનુ. જાતિ અને વિક્સતિ જાતિના કેટલા કુમાર અને કન્યા છાત્રાલય ક્યા ક્યા છે, | (૧) (અ) અનુસૂચિત જાતિના *પત્રક-૧ મુજબ.<br>(બ) વિક્સતી જાતિના *પત્રક-૨ મુજબ. |
| (૨) આ સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં ક્યા ક્યા છાત્રાલયો મંજૂર કરવામાં આવ્યા, | (૨) (અ) અનુસૂચિત જાતિના કોઇ છાત્રાલયો મંજૂર કરવામાં આવ્યા નથી.<br>(બ) વિક્સતી જાતિનુ ૧ બક્ષીપંચ કુમાર છાત્રાલય, મુ. તા. બરવાળા, જિ. અમદાવાદ ખાતે મંજૂર કરવામાં આવેલ છે. |
| (૩) ક્યા ક્યા તાલુકાની માંગણીઓ પડતર છે, અને | (૩) (અ) અનુસૂચિત જાતિની કોઇ માગણી પડતર નથી.<br>(બ) વિક્સતિ જાતિના બરવાળા તાલુકાની માગણી પડતર છે. |
| (૪) તે ક્યારે મંજૂર કરવામાં આવશે ? | (૪) (અ) અનુસૂચિત જાતિની કોઇ અરજીઓ પડતર ન હોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.<br>(બ) વિક્સતી જાતિની અરજીઓ માટે ગુણદોષના આધારે વહીવટી નિર્ણય લેવામાં આવશે. |

* (પત્રકો સચિવશ્રીની ક્ચેરીમાં રાખવામાં આવેલ છે.)

## વર્ગ-૧ ની ખાલી જ્ગ્યાઓ

૨૯૪૬ **શ્રી મેઘજી ડા. કણઝારીયા(ખંભાળીયા) : માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નિયામક અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતા હસ્તક તા. ૩૧-૧૨-૦૭ ની સ્થિતિએ વર્ગ-૧ની કેટલી જ્ગ્યાઓ મંજૂર થયેલ છે તે પેકી ભરાયેલી કેટલી છે, કેટલી ખાલી છે; અને | (૧) મંજૂર - ૩૩<br>ભરાયેલી - ૧૯<br>ખાલી - ૧૪ |
| (૨) આ ખાલી જ્ગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવનાર છે ? | (૨) શક્ય તેટલા વહેલા. |

## વલસાડ જિલ્લામાં શિક્ષિત બેરોજ્ગારોને રોજ્ગારી

**૧૮૨/page>**૩૨૩૦ **શ્રી જીતુભાઈ હ. ચૌધરી (મોટાપોંઢા) : માનનીય શ્રમ અને રોજ્ગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૧૨/૨૦૦૭ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં રોજ્ગાર વિનિમય ક્ચેરી ખાતે કેટલા શિક્ષિત અને અર્ધ શિક્ષિત બેરોજ્ગારો નોંધાયેલ છે,

**જવાબ**

(૧)

| | |
|---|---|
| શિક્ષિત | ૧૬૧૪૬ |
| અર્ધ શિક્ષિત | ૧૨૪૮ |
| કુલ | ૧૭૩૯૪ |

**પ્રશ્ન** (૨) આ સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રોજ્ગાર ક્ચેરી ધ્વારા કેટલા બેરોજ્ગારોને રોજ્ગારી માટેના કોલ આપવામાં આવ્યા; અને

**જવાબ** (૨) ૨૬૦૯૭

**પ્રશ્ન** (૩) કેટલાને રોજ્ગારી અપાઈ ?

**જવાબ** (૩) ૧૯૫૧૩

------------

## મોટર ટ્રાન્સપોર્ટ વ્યવસાયના શ્રમિકોને આપેલ લાભ અંગે

૩૧૪૭ **શ્રી બાબુભાઈ જે.દેસાઈ(કાંકરેજ) : માનનીય શ્રમ અને રોજ્ગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૧૨/૨૦૦૭ની સ્થિતિએ મોટર ટ્રાન્સપોર્ટ વ્યવસાયમાં કામ કરતા શ્રમિકો માટે સરકારે કોઈ કલ્યાણકારી યોજનાઓ બનાવેલ છે કે કેમ, | (૧) ના, જી. |

(૨) જો હા, તો આવી યોજના હેઠળ શી કાર્યવાહી હાથ ધરેલ છે, અને

(૩) તે પૈકી આ યોજના હેઠળ કેટલા શ્રમિકોને શું લાભ આપવામાં આવેલ છે ?

(૨) અને (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**ખેડા જિલ્લામાં નિરાધાર વૃધ્ધોને પેન્શન યોજના હેઠળના લાભાર્થીઓ**

૧૮૬૦ **શ્રી ગૌતમભાઈ જે. ઝાલા (કઠલાલ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નિરાધાર વૃધ્ધોને પેન્શન આપવાની યોજના અન્વયે ખેડા જિલ્લામાં ૨૦૦૭ના કેલેન્ડર વર્ષમાં કેટલા લાભાર્થીઓને કેટલી રકમ ચૂકવવામાં આવી,

(૨) કુલ કેટલી અરજીઓ આવી; અને

(૩) રદ કરેલ અરજીના કારણો શાં છે ?

**જવાબ**

(૧) ખેડા જિલ્લામાં કેલેન્ડર વર્ષમાં કુલ ૪૧૫૫ લાભાર્થીઓને રૂા.૧૫૧.૭૦ લાખની રકમ ચૂકવવામાં આવી છે.

(૨) વર્ષ ૨૦૦૭માં કુલ ૯૦૫ અરજીઓ મળેલ છે.

(૩) વર્ષ ૨૦૦૭ દરમ્યાન કુલ ૩૫૩ અરજીઓ રદ થઈ છે જેના વિગતવાર કારણો અને સંખ્યા નીચે મુજબ છે.

| | | |
|---|---|---|
| (૧) | પુખ્ત વયનો પુત્ર હોવાથી | ૯૧ |
| (૨) | આવક વધુ હોવાથી | ૧૩૮ |
| (૩) | ઓછી ઉંમર હોવાથી | ૧૨૪ |
| | કુલ | ૩૫૩ |

------------

**આણંદ જિલ્લામાં બેરોજગારોને રોજગારી**

૩૧૪૦ **શ્રી શિરીષકુમાર મ. શુકલ (ખંભાત) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૧૨/૨૦૦૭ની સ્થિતિએ આણંદ જિલ્લામાં રોજગાર ક્ચેરીમાં કુલ કેટલા બેરોજગાર નોંધાયેલ છે; અને

(૨) તા. ૧/૧/૨૦૦૭ થી તા. ૩૧/૧૨/૨૦૦૭ સુધીમાં આણંદ જિલ્લા રોજગાર ક્ચેરી ધ્વારા કેટલા બેરોજગારોને રોજગારી આપવામાં આવી ?

**જવાબ**

(૧) ૨૨૨૧૩.

(૨) ૬૨૯૮.

------------

**રાજ્ય સરકાર ધ્વારા કેન્દ્ર સરકારને કરેલ પરત ચૂકવણી રકમ તેમજ વ્યાજ અંગે**

૨૭૦૫ **શ્રી મહંમદજાવીદ અ.પીરીઝાદા(વાંકાનેર ) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧ જાન્યુ. ૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્ય સરકાર ધ્વારા કેટલી રકમોની પરત ચૂકવણી કેન્દ્રને કરવામાં આવી અને કેટલી રકમોની માર્કેટ લોનોની પરત ચૂકવણી કરવામાં આવી,

(૨) આ બંને માટે કુલ કેટલી રકમની વ્યાજ ચૂકવણી કરવામાં આવી છે, અને

(૩) રીઝર્વ બેંકને સાધનોપાય પેશગીઓની પરત ચૂકવણી માટે આ સમયગાળામાં કુલ કેટલી રકમો ચૂકવવામાં આવી અને ક્યારે ?

**જવાબ**

(૧) અને (૨) તા. ૩૧ જાન્યુ. ૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્ય સરકાર ધ્વારા પરત ચૂકવવામાં આવેલ લોન અને કુલ વ્યાજની વિગત નીચે મુજબ છે.

(રૂા. કરોડમાં)

| વિગત | તા.૩૧/૧/૨૦૦૮ની સ્થિતિએ | |
|---|---|---|
| | મુદ્દલ | વ્યાજ |
| કેન્દ્રીય લોન | ૬૨.૪૩ | ૭૭૭.૮૮ |
| માર્કેટ લોન | ૪૭૬.૨૭ | ૬૯૨.૩૫ |
| કુલ | ૫૩૮.૭૦ | ૧૪૭૦.૨૩ |

(૩) શૂન્ય.

**રાજ્ય સરકાર દ્વારા લીધેલ લોન પેટે ચૂકવેલ વ્યાજ**

૩૪૩૭ **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકારે સન ૨૦૦૫-૦૬ અને ૨૦૦૬-૦૭ અને ૨૦૦૭-૦૮ના વર્ષમાં તા. ૩૧/૧/૨૦૦૮ સુધીમાં લોન પેટે લીધેલ રકમનું વર્ષવાર કેટલું વ્યાજ ચૂકવ્યું, અને

(૨) લીધેલ લોન પેટે માથાદીઠ આવક અને માથાદીઠ દેવું કેટલું છે ?

**જવાબ**

(૧) અને (૨)

| | ૨૦૦૫-૦૬ | ૨૦૦૬-૦૭ | ૨૦૦૭-૦૮ તા.૩૧/૦૧/૦૮ સુધી |
|---|---|---|---|
| જાહેર દેવા પર ચુક્વેલુ વ્યાજ (રૂા. કરોડમાં) | ૫૪૫૨.૧૦ | ૬૧૮૩.૪૮ | ૫૩૬૮.૧૬ |
| માથાદીઠ આવક | રૂા.૩૨૯૯૧ | રૂા.૩૭૫૩૨ | માથાદીઠ આવક્ની ગણતરી નાણાકીય વર્ષના સંદર્ભમાં કરવામાં આવે છે. આગોતરા અંદાજ મુજબ ૨૦૦૭-૦૮ના વર્ષ માટે માથાદીઠ આવક રૂા.૪૨૬૬૩ થનાર છે. |
| માથાદીઠ દેવું | રૂા.૧૨૨૪૮ | રૂા.૧૩૦૦૭ | રૂા.૧૩૬૧૯ |

------------

**દાહેદ જિલ્લામાં નિરાધાર વૃધ્ધાવસ્થા સહાય યોજના**

૨૫૧૩ **શ્રી બચુભાઈ ના. કિશોરી (લીમડી) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) દાહોદ જિલ્લામાં નિરાધાર વૃધ્ધાવસ્થા સહાય યોજના અંતર્ગત તા. ૩૧/૧૨/૨૦૦૭ની સ્થિતિએ કુલ કેટલા કેસો તાલુકાવાર પડતર છે, અને

(૨) આ પૈકી એક વર્ષથી વધુ સમયના કેસો કેટલા છે ?

**જવાબ**

(૧) દાહોદ જિલ્લામાં નિરાદાર વૃધ્ધાવસ્થા સહાય યોજના અંતર્ગત તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ કુલ ૮૩ કેસો નીચે મુજબ તાલુકાવાર પડતર છે.

| **અ.નં.** | **તાલુકાનું નામ** | **પડતર રહેલ કેસોની સંખ્યા** |
|---|---|---|
| ૧. | દાહોદ | ૦૬ |
| ૨. | ઝાલોદ | ૩૦ |
| ૩. | ફતેપુરા | ૧૧ |
| ૪. | ગરબાડા | ૦૪ |
| ૫. | દેવગઢ બારીયા | ૧૯ |
| ૬. | લીમખેડા | ૦૯ |
| ૭. | ધાનપુર | ૦૪ |
| | કુલ | ૮૩ |

(૨) એક પણ કેસ નથી.

------------

**આઈ.ટી.આઈ.માં મોટર ડ્રાઈવીંગની સુવિધા અંગે**

૩૧૬૦ **શ્રી શંભુજી ઠાકોર(ગાંધીનગર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સન ૨૦૦૬-૦૭માં રાજ્યની કેટલી આઈ.ટી.આઈ.માં મોટર ડ્રાઈવીંગની સ્કુલ શરૂ કરવામાં આવેલ છે, | (૧) ૧૨(બાર) |
| (૨) કેટલી બેઠકો પર તાલીમ સુવિધા ઉપલબ્ધ છે, અને | (૨) પ્રતિ માસ ૧૨૦ બેઠકો માટે તાલીમી સુવિધાઓ ઉપલબ્ધ છે એટલે કે, દરેક વર્ષે ૧૪૪૦ જેટલા તાલીમાર્થીઓ આ સુવિધાનો લાભ મેળવી શકે છે. |
| (૩) તાલીમની બેઠકોમાં કોઈ વધારો કરવામાં આવેલ છે કે કેમ ? | (૩) માસિક ૫૦ બેઠકોનો વધારો ૦૫ આઈ.ટી.આઈ.માં નવી મોટર ટ્રાઈવીંગ સ્કુલ ૨૦૦૭-૨૦૦૮થી શરૂ કરવાથી થયેલ છે. જેના પરિણામે વધારાના ૬૦૦ જેટલા તાલીમાર્થીઓ વાર્ષિક આ સુવિધાનો લાભ મેળવી શકશે. જેથી અત્યારે ૨૦૪૦ બેઠકો માટે મોટર ડ્રાઈવીંગની તાલીમ સુવિધા ૧૭ આઈ.ટી.આઈ.માં ઉપલબ્ધ છે. |

------------

**પંચમહાલ જિલ્લામાં બેરોજગારોને રોજગારી**

૩૧૪૩ **શ્રી જયદ્રથસિંહ ચં.પરમાર (હાલોલ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પંચમહાલ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ કેટલા શિક્ષિત બેરોજગારો નોંધાયેલા છે; અને | (૧) ૨૯૭૭૩. |
| (૨) તા. ૧-૧-૨૦૦૭ થી તા. ૩૧-૧૨-૨૦૦૭ સુધીમાં પંચમહાલ જિલ્લા રોજગાર કચેરી ધ્વારા કેટલાને રોજગારી પૂરી પાડવામાં આવી ? | (૨) ૭૦૯૮ |

------------

**પેટા તિજોરી કચેરીઓ શરૂ કરવા અંગે**

૩૨૮૦ **શ્રી રાઘવજીભાઈ હં.પટેલ (જોડીયા) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૧૨/૨૦૦૭ની સ્થિતિએ રાજ્યમાં કેટલા તાલુકામાં પેટા તિજોરી કચેરીઓ નથી; અને | (૧) ૩૩. |
| (૨) જે જગ્યાએ પેટા તિજોરી કચેરીઓ નથી ત્યાં સરકાર પેટા તિજોરી કચેરીઓ શરૂ કરવા માંગે છે કે કેમ ? | (૨) ના જી. |

------------

**રાષ્ટ્રીય મેચમાં ચૂકવણાના દર**

૩૨૩૨ **શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા (પોરબંદર) : માનનીય રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૦૭ ની સ્થિતિએ ક્રિકેટની રમત માટેની સી. કે. નાયડુ ટ્રોફી સહિતની રાષ્ટ્રીય મેચમાં મોકલનાર ટીમોના ખેલાડીઓને રહેવા-જમવા તથા ટ્રાવેલીંગ માટે ચૂકવણું કરવાના દરો શું છે, | (૧) તા. ૩૧-૧૨-૨૦૦૭ ની સ્થિતિએ ક્રિકેટની રમત માટેની સી. કે. નાયડુ ટ્રોફી સહિતની રાષ્ટ્રીય મેચમાં મોકલનાર ટીમોના ખેલાડીઓને રહેવા માટેની વ્યવસ્થા આયોજક રાજ્ય તરફથી કરવામાં આવે છે, ખેલાડીઓને જમવા માટે દૈનિક ભોજન દર રૂા. ૧૦૦/-ની વ્યવસ્થા તથા ટ્રાવેલીંગ માટે રેલ્વેના બીજા વર્ગનો પ્રવાસખર્ચ રાજ્ય સરકાર દ્વારા ચુકવવામાં આવે છે. |

(૨) આ ચૂકવણાના દર વધારવાની કોઇ દરખાસ્ત સરકાર સમક્ષ છે કે કેમ; અને

(૩) જો હા, તો કેટલા દર કરવા માંગે છે ?

(૨) ના, જી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**સિમેન્ટ કંપનીઓ પાસેથી વેચાણવેરાની બાકી વસૂલાત**

૩૪૧૪ **શ્રી મોહસિંહ છો.રાઠવા(જેતપુર પાવી) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં તા. ૩૧-૧૨-૨૦૦૭ ની સ્થિતિએ રાજ્યની સિમેન્ટ કંપનીઓ પાસેથી વેચાણવેરાની કેટલી રકમ વસુલ કરવાની બાકી છે ?

(૨) વેચાણવેરો વસુલ કરવા રાજ્ય સરકારે શી કાર્યવાહી કરી, અને

(૩) તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન કેટલી કંપનીઓ સામે દંડનીય રકમ વસુલ કરવા નોટીસ રાજ્ય સરકારે પાઠવી ?

**જવાબ**

(૧) રૂા. ૨૭,૧૭૧.૩૮ લાખ.

(૨) અને (૩)

કુલ પચીસ કંપનીઓ પેકી બેમાં વિલંબિત કરચુકવણીની રકમ હોય બાકી લેણા ડયુ થયેલ નથી. એક કેસમાં માન. વેચાણવેરા પંચનો તા. ૧૨-૯-૨૦૦૨થી મનાઈ હુકમ છે. ત્યારબાદ બાવીસ કંપનીઓ પેકી ચાર કંપની BIFR/AAIFR માં નોંધાયેલ છે. બાર કંપનીઓમાં લીકવીડેટર સમક્ષ દાવો નોંધાવેલ છે. તે સિવાયના છ કેસોમાં રૂા. ૧૧૪.૮૯ લાખ સંડોવાયેલ છે. જેની વસૂલાતની કામગીરી ચાલુ છે. આ તમામ કેસોમાં ગુજરાત વેચાણવેરા અધિનિયમ તેમજ જમીન મહેસૂલ કાયદા હેઠળ રકમ વસુલ કરવા જરૂરી નોટીસો આપેલ છે.

------------

**રાજ્ય સરકારનું આંતરિક અને બાહ્ય દેવું**

૨૮૦૭ **શ્રી મોહંમદફારુક હુ. શેખ(કાલુપુર) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૮ સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યનું આંતરિક અને બાહ્ય દેવું કેટલું છે; અને

(૨) આ દેવું વધવાનાં કારણો શું ?

**જવાબ**

(૧)

(રૂા. કરોડમાં)

| નાણાકિય વર્ષ | ૨૦૦૫-૦૬ | ૨૦૦૬-૦૭ | નાણાકિય વર્ષ ૨૦૦૭-૦૮માં તા. ૩૧-૦૧-૦૮ની સ્થિતિએ |
|---|---|---|---|
| આંતરિક દેવું | અંદાજે ૬૬૯૨૫.૮૪ | અંદાજે ૭૨૧૫૪.૦૦ | અંદાજે ૭૬૬૪૦.૧૭ |
| બાહ્ય દેવુ | શુન્ય | શુન્ય | શુન્ય |

(૨) રાજ્યના વિકાસ માટેના મૂડીખર્ચને પહોંચી વળવા.

------------

**યુવાનોને આપેલ પુરસ્કાર**

૨૯૬૮ **શ્રી નાનુભાઈ ભ.વાનાણી(સુરત શહેર (ઉત્તર) : માનનીય રમતગમત, યુવા અને સાંસ્કૃત્તિક પ્રવૃત્તિઓના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાષ્ટ્રીય યુવા પારિતોષિકની યોજના રાજ્યમાં અમલમાં છે; અને

(૨) જો હા, તો સન ૨૦૦૬-૦૭ અને ૦૭-૦૮ માં તા. ૩૧-૧-૦૮ સુધીમાં રાષ્ટ્રીય યુવા પારિતોષિક ગુજરાતના કેટલા યુવાનોને પુરસ્કારથી સન્માનવામાં આવ્યા છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) એક

------------

**માંડવી અને બારડોલી તાલુકામાં ખેતમજૂરોને નિયમસરનું વેતન ચૂકવવા અંગે**

૩૩૭૨ **શ્રી કુંવરજીભાઈ ન.હળપતિ(બારડોલી) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) માંડવી અને બારડોલી તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં ખેતમજૂરોને લઘુત્તમ વેતન ધારા અન્વયે દૈનિક વેતન ચૂકવવામાં આવતું નથી, આ બાબત સરકારના ધ્યાન પર છે કે કેમ; અને | (૧) ના, જી. કોઈ ફરીયાદ મળેલ નથી. |
| (૨) જો હા, તો ખેતમજૂરોને નિયમસરનું વેતન મળે તે માટે સરકારે શી વ્યવસ્થા કરેલ છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**જામનગર જિલ્લામાં બેરોજગારોને રોજગારી**

૩૪૩૦ **શ્રી લાલજીભાઈ પ્રે.સોલંકી (જામનગર (ગ્રામ્ય) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૭ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા બેરોજગારોએ નામ નોંધણી કરાવી; અને | (૧) ૯૩૭૦ |
| (૨) જિલ્લામાં બેરોજગારોને રોજગારી પૂરી પાડવા શું પ્રયત્ન કરવામાં આવ્યા ? | (૨) ઓદ્યોગિક ભરતી મેળાઓ, લશ્કરી મેળાઓ, સ્વરોજગાર શિબિરો, શાળા કોલેજોમાં કેરીયર કોર્નરના વર્ગો ચલાવવામાં આવે છે. |

------------

**રાજકોટ શહેરમાં સરકારી પુસ્તકાલયમાં ગ્રંથાલય / સ્ટાફનું સેટઅપ**

૨૧૮૮ **શ્રી ગોવિંદભાઈ ઉ.પટેલ(રાજકોટ-૧) : માનનીય રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૦૮ ની સ્થિતિએ રાજકોટ શહેરના જિલ્લા સરકારી પુસ્તકાલયમાં ગ્રંથપાલ સહિત કેટલા સ્ટાફનું સેટઅપ મંજૂર થયેલ છે અને તેની સામે કેટલો સ્ટાફ છે,

**જવાબ**

(૧) તા. ૩૧-૧-૨૦૦૮ ની સ્થિતિએ જિલ્લા સરકારી પુસ્તકાલય, રાજકોટનું મંજૂર થયેલ સેટ-અપ અને તેની સામે ભરાયેલ જગ્યાઓની વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | જગ્યાનું નામ | મંજૂર થયેલ જગ્યાઓ | ભરાયેલ જગ્યાની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | ગ્રંથપાલ (વર્ગ-૩) | ૧ | ૧ |
| ૨ | ગ્રંથાલય કારકુન (વર્ગ-૩) | ૧ | ૧ |
| ૩ | ક્નીયાન કારકુન (વર્ગ-૩) | ૧ | ૦ |
| ૪ | પટાવાળા (વર્ગ-૪) | ૨ | ૨ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) સ્ટાફની ઘટ ના ક્યા કારણો છે, | (૨) ક્નીયાન કારકુનની ૧ (એક) જગ્યા વહીવટી કારણોસર ભરાયેલ નથી. |
| (૩) અપૂરતા સ્ટાફને લીધે ગ્રંથાલયમાં આવતા સભ્યો તેમજ વાંચકોને મુશ્કેલી પડતી હોય ખાલી જગ્યા ક્યારે પૂરવામાં આવશે ? | (૩) માત્ર એકજ જગ્યા ખાલી હોઈ, ગ્રંથાલયમાં આવતા સભ્યો તેમજ વાંચકોને કોઈ મુશ્કેલી પડતી નથી. તેમ છતાં આ ખાલી જગ્યા ભરવાની તજવીજ ચાલુ છે. |

------------

**અલંગ શીપ બ્રેકીંગ યાર્ડમાં શ્રમયોગીને એસ્બેસ્ટોસીસના રોગ અંગે**

૩૧૪૬ **શ્રી અનિલકુમારઅ.માળી(દીઓદર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અલંગ શીપ બ્રેકીંગ યાર્ડમાં તા. ૩૧-૧૨-૦૭ ની સ્થિતિએ કેટલા શ્રમયોગીઓ કામ કરે છે, | (૧) ૨૭૨૦ |
| (૨) આ શ્રમ યોગીઓને એસ્બેસ્ટોસીસ થયાનું [illegible] | (૨) ના, જી. |

માલુમ પડેલ છે કે કેમ, અને

(૩) આ શીપમાંથી એસ્બેસ્ટોસીસ દૂર કરતી વખતે તેની અસર શ્રમયોગીઓને ન થાય તે માટે સરકાર દ્વારા કોઇ પગલાં લેવામાં આવેલ છે ?

(૩) હા, જી.

------------

**ભરૂચ જિલ્લામાં શ્રમયોગીઓના મૃત્યુ**

૩૧૪૪ **શ્રી દુષ્યંતભાઈ ર.પટેલ(ભરૂચ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૭ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભરૂચ જિલ્લામાં ઓદ્યોગિક એકમોમાં કેટલા અકસ્માતોથી કેટલા શ્રમયોગીઓના મૃત્યુ થયા,

(૨) સદર મૃત્યુ અન્વયે સરકાર ધ્વારા શી કાર્યવાહી કરવામાં આવેલ છે; અને

(૩) આ અકસ્માતો અટકાવવા સરકાર ધ્વારા શાં પગલાં લેવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) ૧૩ અકસ્માતોમાં ૧૩ શ્રમયોગીઓનાં મૃત્યુ થયેલ છે.

(૨) માલિક/મેનેજર સામે ૧૫ ફોજદારી કેસો કરવામાં આવેલ છે.

(૩) નીચે મુજબ પગલાં લેવામાં આવેલ છે.

| | |
|---|---|
| ૧ | મશીનના ભયજનક ભાગો પર યોગ્ય ગાર્ડ/ફેન્સીંગ કરાવવામાં આવેલ છે. |
| ૨ | ભયજનક મશીનોમાં સલામતી માટે થર્ડ પાર્ટી (સક્ષમ વ્યક્તિ) ધ્વારા તેની ચકાસણી કરાવવામાં આવે છે. |
| ૩ | શ્રમયોગીઓમાં સલામતી માટે જાગૃતિ લાવવા તાલીમી કાર્યક્રમો યોજવામાં આવેલ છે. |
| ૪ | શ્રમયોગીઓ સંરક્ષણાત્મક સાધનો પહેરીને જ કામ કરે તેની નિરીક્ષણ દરમ્યાન ચકાસણી કરવામાં આવે છે. |
| ૫ | જોખમી પ્રક્રિયામાં રોકાયેલ શ્રમિકોના સ્વાસ્થ્યની સમયાંતરે ચકાસણી કરવામાં આવે છે. |

------------

**બેકલોગ ઘટી જવા અંગે**

૩૪૦૪ **ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકાર બેક્લોગને ઓછો કરવા માટે ઓપન મેરિટમાં નિમણૂક પામેલ અધિકારી/કર્મચારીઓને બેક્લોગમાં ગણતરીમાં લેતી હોઇ બેક્લોગની જ્ગ્યાઓ ભરતી ક્ર્યા વગર ઘટી જવા પામેલ છે તે સરકારના ધ્યાન પર છે, અને

(૨) જો હા, તો આ ક્ષતિ સુધારી પછાત વર્ગોને નોકરીઓમાં ન્યાય આપવા માંગે છે કે કેમ ?

**જવાબ**

(૧) રાજ્ય સરકાર ઓપન મેરીટમાં નિમણૂક પામેલ અનામત વર્ગોના અધિકારી/કર્મચારીઓને ભરાયેલ બેક્લોગની ગણતરીમાં લેતી નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**રાજ્યમાં શ્રમયોગીઓના થયેલ મૃત્યુ અંગે**

૩૧૬૧ **શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (અસારવા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૦૭ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યમાં બાંધકામ શ્રમયોગીઓને થયેલ પ્રાણ ઘાતક અકસ્માતોના કિસ્સાઓમાં કાયદેસરનું તથા રહેમરાહે વળતર ચુકવાયેલ છે કે કેમ,

**જવાબ**

(૧) આવું વળતર ચુકવવાનું આ વિભાગના કાર્યક્ષેત્રમાં આવતું નથી.

(૨) જો હા, તો કેટલા કિસ્સામાં કેટલું વળતર ચુકવાયેલ છે, અને

(૩) વળતર ન ચુકવાયેલ હોય તો તેના કારણો ક્યા ક્યા છે ?

(૨) અને (૩)
પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**છાત્રાલયોના નિભાવ ખર્ચમાં કરેલ વધારો**

૩૨૭૮ **શ્રી રમેશભાઈ વ.મહેશ્વરી(મુંદ્રા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૦૭ ની સ્થિતિએ રાજ્યમાં અનુસૂચિત જાતિની આશ્રમશાળાઓ/ છાત્રાલયોમાં સરકારશ્રીએ નિભાવ ખર્ચમાં વધારો કરેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો કેટલો વધારો કરેલ છે ?

**જવાબ**

(૧) નિભાવ ખર્ચમાં નહી પરંતુ નિભાવ ગ્રાન્ટમાં વધારો કરેલ છે.

(૨) નિભાવ ગ્રાન્ટમાં છાત્રદીઠ માસિક રૂા. ૧૫૦/-નો વધારો કરેલ છે.

------------

**જૂનાગઢ જિલ્લામાં નાની બચત પેટે મળેલ રકમ**

૩૨૮૫ **શ્રી ભગવાનભાઈ ધા.બારડ(તલાળા) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

જૂનાગઢ જિલ્લામાં છેલ્લા બે નાણાંકીય વર્ષમાં તા.૩૧-૧૨-૦૭ની સ્થિતિએ નાની બચત પેટે તાલુકાવાર કેટલી રકમો મળી ?

**જવાબ**

જૂનાગઢ જીલ્લામાં નાની બચત પેટે તાલુકાવાર મળેલ રકમોની વિગત

**(આંકડા રૂા.- કરોડમાં)**

| **અ. નં.** | **તાલુકાનું નામ** | **સને ૨૦૦૬-૨૦૦૭ના વર્ષમાં મળેલ રકમ (ગ્રોસ)** | **સને ૨૦૦૭-૨૦૦૮ ના વર્ષમાં મળેલ રકમ (ગ્રોસ) તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ)** |
|---|---|---|---|
| ૧ | જુનાગઢ | ૨૧૪.૦૧૧૧ | ૧૨૬.૭૩૪૮ |
| ૨ | વિસાવદર | ૧૪.૯૪૫૬ | ૧૧.૩૬૦૮ |
| ૩ | વંથલી | ૧૪.૫૮૦૮ | ૮.૬૭૪૨ |
| ૪ | માંગરોળ | ૧૮.૫૨૦૯ | ૧૩.૩૪૩૪ |
| ૫ | માણાવદર | ૩૫.૨૨૬૨ | ૨૫.૮૬૨૦ |
| ૬ | વેરાવળ | ૫૫.૪૩૩૨ | ૩૨.૯૫૬૮ |
| ૭ | ઉના | ૨૪.૪૦૭૨ | ૧૮.૮૧૨૮ |
| ૮ | કેશોદ | ૩૩.૨૭૫૬ | ૨૧.૪૨૬૫ |
| ૯ | કોડીનાર | ૧૮.૫૯૬૯ | ૮.૨૩૮૩ |
| ૧૦ | માળીયા | ૨૩.૦૬૫૭ | ૧૬.૨૮૮૬ |
| ૧૧ | સુત્રાપાડા | ૧.૮૭૧૭ | ૦.૯૪૨૪ |
| ૧૨ | તાલાલા | ૨૦.૬૧૮૫ | ૨૦.૭૩૦૫ |
| ૧૩ | મેંદરડા | ૧૨.૧૭૧૨ | ૮.૧૩૫૪ |
| ૧૪ | ભેંસાણ | ૧૦.૦૯૬૨ | ૯.૧૪૪૪ |
| | કુલ : | ૪૯૬.૮૨૦૮ | ૩૨૨.૬૫૦૯ |
| | દિવએરિયા | ૧૯.૪૫૫૧ | ૧૨.૩૩૧૯ |
| કુલ : | | ૫૧૬.૨૭૫૯ | ૩૩૪.૯૮૨૮ |

**પાટણ જિલ્લામાં બાળ મજૂરોને મજૂરીમાંથી છોડાવવા અંગે**

૨૯૨૦ **શ્રી જોધાજી ગ. ઠાકોર (વાગડોદ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) પાટણ જિલ્લામાં તા.૩૧-૧-૦૮ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તાલુકાવાર કેટલા બાળમજૂરોને મજૂરીમાંથી છોડાવવામાં આવ્યા, અને | (૧) એકપણ નહીં. |
| (૨) આવી બાળ મજૂરીએ રાખનાર ઈસમો સામે સરકારે શાં પગલાં લીધા ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

**ભાવનગર જિલ્લામાં રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજનાના લાભાર્થીઓ**

૩૩૫૫ **ડૉ.કનુભાઇ કલસરિયા(મહુવા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ભારત સરકારની રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના હેઠળ સને ૨૦૦૬-૦૭ અને ૨૦૦૭-૦૮ ના નાણાંકીય વર્ષમાં તા.૩૧-૧૨-૨૦૦૭ સુધીમાં કેન્દ્ર સરકાર તરફથી કેટલી રકમ મળી, અને | (૧) ભારત સરકારની રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના તથા રાષ્ટ્રીય વૃધ્ધ સહાય યોજનાના સંયુક્ત અમલીકરણ અર્થે સને ૨૦૦૬-૦૭માં રૂા. ૪૫૦૭.૧૦ લાખ અને ૨૦૦૭-૦૮ ના નાણાંકીય વર્ષમાં તારીખ : ૩૧-૧૨-૨૦૦૭ સુધીમાં રૂા. ૧૬૪૫.૩૫ લાખ ફાળવવામાં આવેલ છે. |
| (૨) આ મળેલ સહાય પેકી ભાવનગર જિલ્લામાં તાલુકાવાર કેટલી અરજીઓ સામે કેટલાને સહાય ચૂકવવામાં આવી ? | (૨) આ ફાળવેલ ગ્રાન્ટ પેકી ભાવનગર જીલ્લામાં વર્ષ-૨૦૦૬-૦૭ દરમ્યાન મંજૂર થયેલ ૩૦૨ અરજીઓ સામે ૨૯૧ અરજદારને વર્ષ ૨૦૦૭-૨૦૦૮ દરમ્યાન (ડિસેમ્બર-૨૦૦૭ સુધીમાં) મંજૂર થયેલ ૧૮૨ અરજીઓ સામે ૧૦૮ અરજદારને સહાય ચૂકવવામાં આવેલ છે. (તાલુકાવાર માહિતીનું પત્રક બિડેલ છે.) |

**પત્રક**

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **મંજૂર કરેલ અરજીઓ** | | **ચૂકવણી કરેલ અરજીઓ** | |
|---|---|---|---|---|---|
| | | ૨૦૦૬-૨૦૦૭ | ૨૦૦૭-૨૦૦૮ | ૨૦૦૬-૨૦૦૭ | ૨૦૦૭-૨૦૦૮ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | પાલીતાણા | ૨૪ | ૨૨ | ૨૪ | ૧૭ |
| ૨ | ગારીયાધાર | ૦૮ | ૦૭ | ૦૮ | ૦૪ |
| ૩ | ગઢડા | ૦૪ | ૦૫ | ૦૪ | ૦૩ |
| ૪ | બોટાદ | ૧૪ | ૨૩ | ૧૪ | ૦૭ |
| ૫ | મહુવા | ૧૯ | ૧૦ | ૧૦ | ૦૯ |
| ૬ | તળાજા | ૦૫ | ૦૧ | ૦૩ | ૦૧ |
| ૭ | શિહોર | ૨૬ | ૦૪ | ૨૬ | ૦૧ |
| ૮ | ઘોઘા | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૯ | ભાવનગર સીટી ગ્રામ્ય | ૨૦૨ | ૧૧૦ | ૨૦૨ | ૬૬ |
| | **કુલ** | **૩૦૨** | **૧૮૨** | **૨૯૧** | **૧૦૮** |

------------

## વડોદરા જિલ્લા અને શહેરમાં બાળમજૂરી કરાવનાર ઈસમો સામે લીધેલ પગલાં

૨૮૧૦ **શ્રી ખુમાનસિંહ ચૌહાણ (સાવલી) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા શહેર અને જિલ્લામાં બાળ મજૂરી કરતા કેટલા બાળકોને મુક્ત કરાવવામાં આવ્યા, અને | (૧) ૨૪ |
| (૨) આવા બાળકો પાસેથી મજૂરી કરાવનાર ઈસમો સામે ક્યા પ્રકારના પગલાંઓ લેવામાં આવ્યા? | (૨) આવા જવાબદાર ઈસમો સાથે ફોજદારી કેસો કોર્ટમાં દાખલ કરવામાં આવેલ છે. |

------------

## વડોદરા જિલ્લામાં શ્રમયોગીઓના મૃત્યુ

૩૧૪૧ **શ્રી ઉપેન્દ્રસિંહ પ્ર.ગોહિલ(વડોદરા (ગ્રામ્ય) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વડોદરા જિલ્લામાં કેટલા ઓદ્યોગિક એકમોમાં અકસ્માતથી શ્રમયોગીઓ મૃત્યુ પામ્યા છે, | (૧) ૧૮ ઓદ્યોગિક એકમો. |
| (૨) સદર મૃત્યુ અન્વયે સરકાર દ્વારા શી કાર્યવાહી કરવામાં આવેલ છે, અને | (૨) ૨૧ ફોજદારી કેસો. |
| (૩) આ અકસ્માતો અટકાવવા સરકાર દ્વારા શાં પગલાં લેવામાં આવેલ છે ? | (૩) નીચે મુજબ પગલાં લેવામાં આવેલ છે. |

| | |
|---|---|
| ૧ | મશીનના ભયજનક ભાગો પર યોગ્ય ગાર્ડ/ફેન્સીંગ કરાવવામાં આવેલ છે. |
| ૨ | ભયજનક મશીનોમાં સલામતી માટે થર્ડ પાર્ટી (સક્ષમ વ્યક્તિ) દ્વારા તેની ચકાસણી કરાવવામાં આવે છે. |
| ૩ | શ્રમયોગીઓમાં સલામતી માટે જાગૃતિ લાવવા તાલીમી કાર્યક્રમો યોજવામાં આવેલ છે. |
| ૪ | શ્રમયોગીઓ સંરક્ષણાત્મક સાધનો પહેરીને જ કામ કરે તેની નિરીક્ષણ દરમ્યાન ચકાસણી કરવામાં આવે છે. |
| ૫ | જોખમી પ્રક્રિયામાં રોકાયેલ શ્રમિકોના સ્વાસ્થ્યની સમયાંતરે ચકાસણી કરવામાં આવે છે. |

------------

## રમતગમતના સંકુલો ઊભા કરવા બાબત

૨૮૧૩ **શ્રી મુકેશ ભૈ. ગઢવી (દાંતા) : માનનીય રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તાલુકામાં મથકો અને ત્રણ હજાર વધુ જનસંખ્યા ધરાવતા ગામોમાં સાંસ્કૃતિક ભવન અને ઈન્ડોર સ્ટેડીયમ સહિતના રમતગમત સંકુલો ઊભા કરવા માટેની કેન્દ્ર સરકારની યોજના હોવા છતાં એ દિશામાં રાજ્ય સરકારે કોઇ નક્કર પગલાં લીધા નથી તે વાત સાચી, | (૧) આ અંગેની કેન્દ્ર સરકારની યોજના તારીખ : ૧-૪-૨૦૦૫થી બંધ કરવામાં આવી છે. |
| (૨) જો હા, તો તેના શાં કારણો છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) જો ના, તો લીધેલ પગલાંની વિગતો શી છે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**રાષ્ટ્રીય કક્ષાએ સ્પર્ધાઓમાં કોચીંગની વ્યવસ્થા અંગે**

૩૨૭૫ **ભાવનાબેન મકવાણા (તળાજા) : માનનીય રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાષ્ટ્રીય કક્ષાએ રાજ્ય સરકાર દ્વારા કઈ કઈ સ્પર્ધાઓમાં ટીમો મોકલવામાં આવે છે,

(૨) રાષ્ટ્રીય કક્ષાએ સ્પર્ધામાં ભાગ લેતાં પહેલાં ખેલાડીઓને ખાસ કોચીંગ આપવાની વ્યવસ્થા કરવામાં આવેલ છે કે કેમ, અને

(૩) જો હા, તો તા.૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કઈ સ્પર્ધામાં કેટલા મેડલ મળ્યા ?

**જવાબ**

(૧) રાષ્ટ્રીયકક્ષાએ રાજ્ય સરકારશ્રી દ્વારા નીચે મુજબની સ્પર્ધાઓમાં ટીમો મોકલવામાં આવે છે.

૧. સ્કુલ ગેમ્સ ફેડરેશન ઓફ ઈન્ડીયા દ્વારા યોજાતી શાળાકીય સ્પર્ધા.
૨. સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ઈન્ડિયા દ્વારા યોજાતી મહિલા સ્પર્ધા.
૩. સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ઈન્ડિયા દ્વારા યોજાતી ગ્રામીણ સ્પર્ધા.
૪. જવાહરલાલ નહેરૂ હોકી ટુનામેન્ટ સોસાયટી દ્વારા યોજાતી હોકી સ્પર્ધા.
૫. સુબ્રટો મુકરજી સ્પોર્ટસ એજ્યુકેશન સોસાયટી દ્વારા યોજાતી ફુટબોલ સ્પર્ધા.

(૨) હા, જી.

(૩) તા. ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ બે વર્ષમાં મેળવેલ મેડલ્સ નીચે મુજબ છે.

| સ્પર્ધા | ૨૦૦૬-૦૭ | ૨૦૦૭-૦૮ | કુલ |
|---|---|---|---|
| સ્કુલ ગેમ્સ ફેડરેશન ઓફ ઈન્ડિયા ધ્વારા યોજાતી શાળાકીય સ્પર્ધા. | ૧૩૧ | ૧૪૧ | ૨૭૨ |
| સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ઈન્ડીયા ધ્વારા યોજાતી ગ્રામીણ સ્પર્ધા. | ૨ | ૩ | ૫ |
| સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ઈન્ડીયા ધ્વારા યોજાતી મહિલા સ્પર્ધા. | ૬ | ૬ | ૧૨ |
| કુલ : | ૧૩૯ | ૧૫૦ | ૨૮૯ |

------------

**સ્વામી તેજાનંદ કર્મકાંડ તાલીમ યોજનાના લાભાર્થીઓ**

૨૯૪૩ **શ્રી સુંદરસિંહ ભ. ચૌહાણ(મહેમદાવાદ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં સ્વામી તેજાનંદ કર્મકાંડ તાલીમ યોજના ક્યારથી અમલમાં મુકવામાં આવી છે,

(૨) તાલિમાર્થીઓને તાલીમ આપવા માટે કોઈ ફી લેવામાં આવે છે કે કેમ, અને

(૩) તા.૩૧-૧૨-૦૭ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલા યુવકોને તાલીમ આપી છે ?

**જવાબ**

(૧) તા. ૧૮-૦૪-૨૦૦૦ થી.

(૨) ના, જી.

(૩) તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ૪૦૪ યુવકોને તાલીમ આપવામાં આવેલ છે.

| વર્ષ | તાલીમાર્થી |
|---|---|
| ૨૦૦૫-૨૦૦૬ | ૧૮૯ |
| ૨૦૦૬-૨૦૦૭ | ૧૩૪ |
| ૨૦૦૭-૨૦૦૮ | ૮૧ |
| **કુલ :** | **૪૦૪** |

------------

**અમદાવાદ જિલ્લામાં યુવાનોને રોજગારી અન્વયે યોજેલ ઓદ્યોગિક ભરતી મેળા**

૨૩૭૭ **શ્રી રણછોડભાઈ ક.મેર (ધંધૂકા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) અમદાવાદ જિલ્લાના યુવાનોને રોજગારી મળી રહે તે માટે તા. ૩૧/૧૨/૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલા ઓદ્યોગિક ભરતી મેળા યોજવામાં આવ્યા,

(૧) ૮૮.

(૨) આ ઓદ્યોગિક ભરતી મેળા ધ્વારા કેટલા બેરોજગારોને રોજગારી પુરી પાડવામાં આવી; અને

(૨) ૧૪૦૫૫.

(૩) ક્યા ક્યા તાલુકાના કેટલા બેરોજગારોને રોજગારી પૂરી પાડવામાં આવી ?

(૩)

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **રોજગારી પૂરી પાડવામાં આવેલ બેરોજગારોની સંખ્યા** |
|---|---|---|
| ૧ | દસ્ક્રોઈ | ૧૨૪૫ |
| ૨ | ધોળકા | ૧૮૩ |
| ૩ | બાવળા | ૯૮૪ |
| ૪ | ધંધુકા | ૪૨ |
| ૫ | રાણપુર | ૩૪ |
| ૬ | બરવાળા | ૧૫ |
| ૭ | સાણંદ | ૫૩૪ |
| ૮ | વિરમગામ | ૩૬૨ |
| ૯ | માંડલ | ૨૯ |
| ૧૦ | દેત્રોજ | ૨૫ |
| ૧૧ | અમદાવાદ સીટી | ૧૦૬૦૨ |
| | **કુલ..** | **૧૪૦૫૫** |

------------

**રાજકોટ જિલ્લામાં શિક્ષિત બેરોજગારોને રોજગારી**

૩૪૨૭ **શ્રી મેઘજી ડા. કણઝારીયા(ખંભાળીયા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧/૧૨/૨૦૦૭ની સ્થિતિએ રાજકોટ જિલ્લા રોજગાર વિનિમય ક્ચેરી ખાતે કેટલા શિક્ષિત બેરોજગાર રોજગાર ક્ચેરીના દફતરે નોંધાયેલા છે, અને

(૧) ૩૪૯૬૭.

(૨) આ ક્ચેરી ધ્વારા વર્ષના ૨૦૦૭માં કેટલા ઉમેદવારોને રોજગારી આપવામાં આવી ?

(૨) ૭૯૮૩.

------------

**નાયબ કમિશ્નરોના ગેરવર્તનની મળેલ ફરિયાદ અંગે**

૨૭૦૬ **શ્રી મહંમદજાવીદ અ.પીરીઝાદા(વાંકાનેર) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧/૧/૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન વેચાણવેરા ખાતાના નાયબ કમિશ્નરો સામે ગેરવર્તન અંગે કેટલી ફરિયાદો મળી છે,

(૧) ૨૦ (વીસ).

(૨) આ ફરિયાદો અંગે સરકાર ધ્વારા શા

(૨)

પગલાં ભરવામાં આવ્યા ?

- ૬ (છ) ફરિયાદો અંગે પ્રાથમિક તપાસ ચાલુ છે.
- ૬ (છ) ફરિયાદો અંગે પ્રથમિક તપાસના અંતે પ્રકરણ બંધ ગણવામાં આવેલ છે.
- ૧ (એક) પ્રકરણમાં સંબંધિત નાયબ કમિશ્નરને "ચેતવણી" આપીને, બંધ ગણવામાં આવેલ છે.
- ૭ (સાત) ફરિયાદો બેનામી હોવાથી દફ્તરે કરવામાં આવેલ છે.

૨૦ (વીસ).

------------

**દાહોદ જિલ્લામાં વેચાણવેરા વિભાગ ધ્વારા પાડેલ દરોડા**

૨૭૦૮ **શ્રી બચુભાઈ ના. કિશોરી (લીમડી) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૧૨/૨૦૦૭ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં વેચાણવેરા વિભાગ ધ્વારા કુલ કેટલા દરોડા પાડવામાં આવ્યા, | (૧) ૧૯ (ઓગણીસ) |
| (૨) દરોડા દરમ્યાન કેટલા રૂપિયાની ગેરરીતિઓ પકડવામાં આવી; અને | (૨) રૂપિયા ૬.૦૬ લાખ. |
| (૩) કેટલા ઈસમો સામે કાનુની કાર્યવાહી કરવામાં આવી ? | (૩) ૧૫ (પંદર). |

------------

**રાષ્ટ્રીય કક્ષાએ મળેલ એવોર્ડ**

૩૨૮૧ **શ્રી રાઘવજીભાઈ હં.પટેલ (જોડીયા) : માનનીય રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૧૨/૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાષ્ટ્રીય કક્ષાએ યોજાતી શાળાકીય સ્પર્ધામાં રાજ્ય સરકાર ધ્વારા બાળકોને મોકલવામાં આવે છે કે કેમ; અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ સમયમાં રાષ્ટ્રીય કક્ષાએ ગુજરાતને કઈ કઈ સ્પર્ધામાં કેટલા એવોર્ડ મળ્યા ? | (૨) છેલ્લા બે વર્ષમાં (તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ) શાળાકીય સ્પર્ધામાં **૨૬૪**, ગ્રામીણ સ્પર્ધામાં **૫**, મહિલા સ્પર્ધામાં **૧૨** મેડલ્સ એમ કુલ **૨૮૧** મેડલ્સ (ચંદ્રકો) મેળવેલ છે. |

------------

**રાજ્ય સરકારનું દેવું**

૩૨૩૩ **શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા(પોરબંદર) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧/૧૨/૨૦૦૭ની સ્થિતિએ રાજ્ય સરકારનું છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર કેટલું દેવું છે,

જવાબ

(૧) રૂા. કરોડમાં

| | ૨૦૦૫-૦૬ | ૨૦૦૬-૦૭ | તા. ૩૧-૧૨-૦૭ સુધી |
|---|---|---|---|
| જાહેર દેવું | ૬૬૯૨૫.૮૪ | ૭૨૧૫૪.૦૦ | ૭૪૬૪૭.૧૮ |

(૨) આ દેવું વધવાના કારણો શાં છે; અને

(૨) રાજ્યના વિકાસ માટેના મૂડી ખર્ચને પહોંચી વળવા માટે

(૩) રાજ્ય સરકારે આ દેવું ઘટાડવા માટે કેવા પ્રકારના ક્યા ક્યા પ્રયાસો કર્યા છે ?

(૩) (૧) લોનની પાક્યા તારીખે ચુકવણી કરવામાં આવે છે.
(૨) ગુજરાત રાજવિત્તીય જવાબદારી અધિનિયમ, ૨૦૦૫માં નિર્ધારીત લક્ષ્યાંક બે વર્ષ અગાઉ પૂરા કરવામાં આવેલ છે.
(૩) રાજ્યની નાણાકીય શિસ્તના કારણે મહેસૂલી પુરાંત રહે છે.

(૪) દેવુ, રાજ્યનો ઘરગથ્થું ઉત્પાદનના ૩૦ ટકા કરતા ઓછો રહે છે.

------------

**જેતપુર પાવી તાલુકાના જબુગામમાં સ્પોર્ટસ એકેડેમી બનાવવા અંગે**

૩૪૧૬ **શ્રીમતી જસુબેન સ. કોરાટ(જેતપુર) : માનનીય રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લાના જેતપુર પાવી તાલુકાના જબુગામ ગામે આદિવાસી સ્પોર્ટસ એકેડેમી બનાવવા જિલ્લા રમતગમત અધિકારી વડોદરાએ રાજ્ય સરકારને ક્યારે દરખાસ્ત મોકલી,

(૨) રાજ્ય સરકારે રમતગમત સંકુલ બનાવવા માટે આખરી શું નિર્ણય લીધો; અને

(૩) રમતગમત સંકુલ બનાવવા કેટલી રકમનો ખર્ચ થવા સંભવ છે ?

**જવાબ**

(૧) જિલ્લા રમતગમત અધિકારીશ્રી, વડોદરાએ સરકારશ્રીને કોઈ દરખાસ્ત મોકલી નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**સુરત જિલ્લામાં શિક્ષિત બેરોજગારોને રોજગારી**

૩૪૧૨ **શ્રી નાનુભાઈ ભ.વાનાણી(સુરત શહેર (ઉત્તર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૧૨/૨૦૦૭ની સ્થિતિએ સુરત રોજગાર વિનિમય કચેરી ખાતે કેટલા શિક્ષિત બેરોજગારો રોજગાર કચેરીના દફતરે નોંધાયેલા છે; અને

(૨) આ કચેરી ધ્વારા વર્ષના ૨૦૦૭માં કેટલા ઉમેદવારોને રોજગારી આપવામાં આવી ?

**જવાબ**

(૧) ૫૮૧૯૮.

(૨) ૧૨૪૪૦.

------------

**રાજકોટ જિલ્લા રોજગાર કચેરીમાં નોંધાયેલ બેરોજગારોને રોજગારી**

૨૧૮૯ **શ્રી ગોવિંદભાઈ ઉ.પટેલ(રાજકોટ-૧) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજકોટ જિલ્લા રોજગાર કચેરીમાં તા. ૩૧/૧૨/૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં શહેરમાંથી નોંધાયેલા કેટલા શિક્ષિત બેકારોને રોજગારી આપવામાં આવી,

(૨) નોંધાયેલા શિક્ષિત બેકારોને વહેલી તકે નોકરી મળતી થાય તે માટે વિભાગ ધ્વારા કોઈ એકશન પ્લાન બનાવવામાં આવેલ છે કે કેમ; અને

(૩) જો હા, તો એકશન પ્લાનની વિગત જણાવો ?

**જવાબ**

(૧)

| વર્ષ | મળેલ રોજગારી |
|---|---|
| ૨૦૦૫ | ૮૧૬ |
| ૨૦૦૬ | ૧૧૪૪ |
| ૨૦૦૭ | ૧૯૯૯ |
| **કુલ** | **૩૯૫૯** |

(૨) હા, જી.

(૩) ઓદ્યોગિક ભરતી મેળાઓ, લશ્કરી મેળાઓ, સ્વરોજગાર શિબિરો, શાળા કોલેજોમાં કેરીયર કોર્નર વર્ગો ચલાવવામાં આવે છે.

------------

**વિકલાંગોને એસ. ટી.માં મુસાફરીની અપાતી સુવિધામાં સુધારો કરવા અંગે**

૩૨૮૬ **શ્રી અનિલકુમારઅ.માળી(દીઓદર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૧૨/૨૦૦૭ની સ્થિતિએ વિકલાંગોને એસ. ટી.માં મુસાફરી માટે આવકનું ધોરણ ક્યારથી નક્કી કરવામાં આવ્યું અને કેટલી આવક મર્યાદા નક્કી કરાઈ,

(૨) વિકલાંગોને એસ. ટી.ની કયા કયા પ્રકારની

**જવાબ**

(૧) તા. ૩૧/૧૨/૨૦૦૭ની સ્થિતિએ વિકલાંગોને એસ. ટી.માં મુસાફરી માટે વાર્ષિક આવકનું ધોરણ આ વિભાગના તા. ૨૦-૬-૨૦૦૭ના ઠરાવથી રૂા. ૨,૫૦,૦૦૦/- નક્કી કરવામાં આવેલ છે.

(૨) વિકલાંગોને એસ.ટી. ની લોકલ તથા એક્સપ્રેસ

સુવિધા આપવામાં આવે છે; અને

(૩) જો હા, તો તેમાં કોઈ સુધારો કરવામાં આવેલ છે ?

બસોમાં પ્રવાસ કરવાની સુવિધા આપવામાં આવે છે.

(૩) ના, જી.

**કચ્છ જિલ્લામાં ઓદ્યોગિક ભરતી મેળા અન્વયે રોજગારી**

૩૪૦૯ **શ્રી રમેશભાઈ વ.મહેશ્વરી(મુંદ્રા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૭ ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં કુલ કેટલા ઓદ્યોગિક ભરતી મેળા યોજવામાં આવ્યા, અને

(૨) તેમાં કેટલી વ્યક્તિઓને રોજગારી આપવામાં આવી ?

**જવાબ**

(૧) ૧૬

(૨) ૩૧૯૦

**ભાવનગર જિલ્લામાં રમતગમત ક્ષેત્રે કરેલ ખર્ચ**

૩૩૫૬ **ડૉ.કનુભાઇ કલસરિયા(મહુવા) : માનનીય રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

સન ૨૦૦૭-૨૦૦૮ ના નાણાકીય વર્ષમાં તા. ૩૧-૧-૦૮ ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં તાલુકા દીઠ રમત-ગમતના કાર્યક્રમો પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે ?

**જવાબ**

સન ૨૦૦૭-૦૮નાં નાણાકીય વર્ષમાં તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં તાલુકા દીઠ રમત-ગમતના કાર્યક્રમો પાછળ કુલ નીચે જણાવ્યા મુજબ કુલ રૂા. ૮,૩૨,૧૦૬/- ખર્ચ કરવામાં આવ્યો છે.

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **કુલ ખર્ચ રૂા.** |
|---|---|---|
| ૧ | ભાવનગર | ૩,૪૦,૫૪૩ |
| ૨ | ઘોઘા | ૪,૬૦૦ |
| ૩ | તળાજા | ૫,૧૯૫ |
| ૪ | પાલીતાણા | ૩,૭૦૦ |
| ૫ | મહુવા | ૩,૭૦૦ |
| ૬ | ગારીયાધાર | ૩,૭૦૦ |
| ૭ | બોટાદ | ૩,૭૦૦ |
| ૮ | ગઢડા | ૩,૭૦૦ |
| ૯ | વલ્લભીપુર | ૩,૭૦૦ |
| ૧૦ | શિહોર | ૪,૫૩,૪૭૮ |
| ૧૧ | ઉમરાળા | ૬,૦૯૦ |
| | **કુલ સરવાળો :-** | **૮,૩૨,૧૦૬** |

**વડોદરા જિલ્લામાં શ્રમયોગીઓનાં શોષણ**

૩૪૧૦ **શ્રી ઉપેન્દ્રસિંહ પ્ર.ગોહિલ(વડોદરા (ગ્રામ્ય) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૭ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ઓદ્યોગિક એકમોમાં શ્રમયોગીઓનાં શોષણ અંગે કેટલી ફરિયાદો આવેલ છે, અને

**જવાબ**

(૧) નીચે મુજબની ફરીયાદો આવેલ છે.

| વર્ષ | આવેલ ફરીયાદો |
|---|---|
| ૨૦૦૫ | ૧૪૧ |
| ૨૦૦૬ | ૧૪૮ |
| ૨૦૦૭ | ૧૨૪ |

(૨) આ અંગે સરકાર ધ્વારા શાં પગલાં લેવામાં આવેલ છે ?

(૨) નીચે મુજબ કોર્ટમાં કેસો કરવામાં આવેલ છે.

| વર્ષ | કારખાનાની સંખ્યા | કેસોની સંખ્યા |
|---|---|---|
| ૨૦૦૫ | ૧૪ | ૫૯ |
| ૨૦૦૬ | ૦૫ | ૧૮ |
| ૨૦૦૭ | ૧૪ | ૫૧ |

## રાજ્યમાં વિકસતી જાતિ કલ્યાણ કચેરીમાં વર્ગ-૨ ની ખાલી જગાઓ

૩૨૭૬ **ભાવનાબેન મકવાણા(તળાજા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૭ ની સ્થિતિએ રાજ્યમાં વિકસતી જાતિ કલ્યાણ ખાતામાં વર્ગ-૨ની કેટલી જ્ગ્યાઓ મંજૂર થઇ છે, | (૧) ૫૨ |
| (૨) જો હા, તો તે પૈકી કેટલી ભરાયેલ છે, અને કેટલી ખાલી છે, અને | (૨) ભરાયેલ જ્ગ્યા ૧૫ ખાલી જ્ગ્યા ૩૭ |
| (૩) ખાલી જ્ગ્યાઓ ક્યારે ભરવામાં આવશે ? | (૩) જરૂરી વહીવટી પ્રક્રીયા પૂર્ણ થયે. |

------------

## જામનગર શહેરમાં વેચાણવેરા ખાતામાં સંવર્ગવાર ખાલી જ્ગ્યાઓ

૩૨૮૨ **શ્રી રાઘવજીભાઈ હં.પટેલ (જોડીયા) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૭ ની સ્થિતિએ વેચાણવેરા ખાતાની વર્ગ-૧-૨ અને ૩ ની કુલ કેટલી જ્ગ્યાઓ જામનગર શહેરમાં સંવર્ગવાર કેટલા સમયથી કેટલી જ્ગ્યાઓ ખાલી છે, અને

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ વેચાણવેરા ખાતાની વર્ગ-૧ની ૩, વર્ગ-૨ની ૯ તથા વર્ગ-૩ની ૧૯ જ્ગ્યાઓ હાલ ખાલી છે. જેની સંવર્ગવાર પરિસ્થિતિ નીચે મુજબ છે.

| સંવર્ગ | મંજૂર | ખાલી | ખાલી જ્ગ્યાનો સમયગાળો |
|---|---|---|---|
| નાયબ વાણિજ્યિક વેરા કમિશ્નર | ૧ | ૧ | બે વર્ષ |
| સહાયક વાણિજ્યિક વેરા કમિશ્નર | ૩ | ૨ | એક વર્ષ |
| વાણિજ્યિક વેરા અધિકારી | ૧૨ | ૯ | ત્રણ વર્ષથી ૩ જ્ગ્યા<br>એક વર્ષથી ૬ જ્ગ્યા |
| વાણિજ્યિક વેરા નિરીક્ષક | ૩૩ | ૩ | બે વર્ષથી ૧ જ્ગ્યા<br>એક વર્ષથી ૨ જ્ગ્યા |
| સિનિયર કારકૂન | ૧૬ | ૧ | એક વર્ષથી |
| જુનીયર કારકૂન | ૨૬ | ૧૪ | છ વર્ષથી ૨ જ્ગ્યા<br>ચાર વર્ષથી ૬ જ્ગ્યા<br>ત્રણ વર્ષથી ૨ જ્ગ્યા<br>બે વર્ષથી ૧ જ્ગ્યા<br>એક વર્ષથી ૩ જ્ગ્યા |
| ટાઇપીસ્ટ | ૧ | ૧ | છ વર્ષથી |

(૨) ખાલી જ્ગ્યાઓ ન ભરવાના કારણો શું છે ?

(૨) વર્ગ-૧ અને વર્ગ-૨ની જ્ગ્યાઓ બઢતીથી ભરવાની કાર્યવાહી ચાલુ છે. વર્ગ-૩ની જ્ગ્યાઓ બઢતીથી, સીધી ભરતીથી અને ફાજલ કર્મચારીઓથી ભરવાની કાર્યવાહી ચાલુ છે.

------------

## રમત ગમત ક્ષેત્રે કોચની જગાઓ

૩૨૩૪ **શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા(પોરબંદર) : માનનીય રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૦૭ ની સ્થિતિએ રાજ્યમાં વિવિધ રમતો માટેના કોચની કેટલી જ્ગ્યાઓ છેલ્લા બે વર્ષમાં મંજૂર થયેય છે, | (૧) ૨૧ જ્ગ્યાઓ |

| | |
|---|---|
| (૨) મંજૂર થયેલ જગ્યાઓ સામે કેટલી જગ્યાઓ ભરાયેલ હતી, | (૨) શૂન્ય |
| (૩) કોચની ખાલી જગ્યાઓ ન ભરવાના કારણો શા છે, અને | (૩) ભરતી નિયમો આખરી કરવાના બાકી હોવાથી |
| (૪) કેટલા સમયમાં આ જગ્યાઓ ભરવા માંગે છે ? | (૪) કોચના ભરતી નિયમો આખરી કરી સત્વરે જગ્યાઓ ભરવામાં આવશે. |

------------

**સુરત જિલ્લામાં ઔદ્યોગિક એકમોમાં શ્રમયોગીઓનાં મૃત્યુ તેમજ સહાય અંગે**

૩૪૧૩ **શ્રી નાનુભાઈ ભ.વાનાણી(સુરત શહેર (ઉત્તર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લામાં ડાયમંડ ઉદ્યોગમાં તા. ૩૧-૧૨-૨૦૦૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બેન્જીનને કારણે કેટલા શ્રમયોગીઓ મૃત્યુ પામેલ છે, | (૧) એક પણ નહીં. |
| (૨) બેન્જીનના ઉપયોગથી થતાં મૃત્યુ અટકાવવા સરકાર તરફથી શાં પગલાં ભરવામાં આવેલ છે, અને | (૨) નીચે મુજબ પગલાં ભરવામાં આવેલ છે.<br>(૧) વર્ષ ૨૦૦૫થી ડાયમંડ ઉદ્યોગમાં બેન્જીનનો ઉપયોગ સંપૂર્ણપણે બંધ કરાવેલ છે.<br>(૨) સર્ટીફાઇંગ સર્જન દ્વારા કુલ ૧૫ કારખાનાઓનાં ૩૨૨ શ્રમયોગીઓના મેડીકલ ચેકઅપ કરવામાં આવેલ છે.<br>(૩) વર્ષ ૨૦૦૬ દરમ્યાન ભારત સરકારના નેશનલ ઇન્સ્ટીટયુટ ઓફ ઓક્યુપેશનલ હેલ્થ અમદાવાદ દ્વારા કુલ ૨૩ કારખાનાઓમાં ૧૧૦૭ શ્રમયોગીઓની મેડીકલ તપાસ કરવામાં આવેલ છે. |
| (૩) શ્રમયોગીઓના મૃત્યુ બદલ શું સહાય ચુકવી ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

**રાજકોટ જિલ્લામાં વેટ અંગે પાડેલ દરોડા**

૨૧૯૦ **શ્રી ગોવિંદભાઈ ઉ.પટેલ(રાજકોટ-૧) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં વેચાણવેરા વિભાગના સ્પેશ્યલ ટાસ્ક ફોર્સ દ્વારા રાજકોટ શહેર અને જિલ્લામાં વેટ અંગે કટેલા દરોડા પાડવામાં આવ્યા, અને | (૧) ૭ (સાત) |
| (૨) દરોડા પાડવાથી કેટલી આવક સરકારને થઇ ? | (૨) રૂા. ૧૫.૯૮ લાખ. |

------------

**બનાસકાંઠા જિલ્લામાં બેરોજગારોને રોજગારી**

**૧૯૮/page>**૩૪૨૯ **શ્રી અનિલકુમારઅ.માળી(દીઓદર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૭ ની સ્થિતિએ કુલ કેટલા બેરોજગારો નોંધાયેલા છે, અને | (૧) ૨૮૮૩૯ |
| (૨) વર્ષ ૨૦૦૭ માં કેટલા ઉમેદવારને રોજગારી આપવામાં આવી ? | (૨) ૬૫૦૮ |

------------

# ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રીનું નિવેદન (નિયમ-૪૪)

## ગુજરાત સ્ટેટ પેટ્રોલિયમ કોર્પોરેશન લી.ની કામગીરી અંગે

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઊર્જા અને પેટ્રોકેમિકલ્સમંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, રાજયની પ્રિમિયર એવી ઓઈલ અને ગેસ કંપની ગુજરાત સ્ટેટ પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડની સબસિડીયરી કંપની ગુજરાત સ્ટેટ પેટ્રોનેટ લિમિટેડની રચના બાદ ૨૦૦૨માં હજીરાથી અંકલેશ્વર (પગુથાન-ભરૂચ) સુધીનું ૧૨૧ કિલો મીટર લાંબું પાઈપલાઈન નેટવર્ક પ્રસ્થાપિત કર્યા બાદ આ કંપનીએ રાજયના ૧૪ જિલ્લાને જોડતું ૧૧૭૦ કિલો મીટર લાંબું પાઈપલાઈન નેટવર્ક સફળતાપૂર્વક પૂર્ણ કરેલ છે.

સન્માનીય ગૃહને એ જણાવતાં હું આનંદ અને ગૌરવની લાગણી અનુભવું છું કે ગેસ પરિવહનના ક્ષેત્રે આ કંપનીએ કરેલ સુંદર કામગીરીની રાષ્ટ્ર કક્ષાએ પણ નોંધ લેવામાં આવી છે. આ કંપનીની આ ક્ષેત્રની અદ્વિતિય કામગીરીની નોંધ લઈ Petroleum Federation of India એ આ કંપનીને "Oil & Gas Pipeline Transportation Company of the Year" ની સ્પેશિયલ કમંડેશન બાય જયુરી (Special Commendation by Jury) હેઠળ Petro Fed Award-૨૦૦૭ માટે પસંદ કરેલ છે. આ એવોર્ડ સેરેમની મુંબઈ ખાતે તા. ૨૧-૩-૨૦૦૮ના રોજ યોજાયો છે અને કંપનીને માનનીય કેન્દ્રીય પેટ્રોલિયમ મંત્રીશ્રી દ્વારા એવોર્ડ એનાયત થશે.

આ ઉપરાંત કેન્દ્ર સરકારના ઊર્જા મંત્રાલય દ્વારા ૨૦૦૪-૦૫ના વર્ષથી વીજ કંપનીઓનું જુદા જુદા કાર્યક્ષેત્રનું મૂલ્યાંકન કરી એવોર્ડની યોજના દાખલ કરેલ છે. આ અંતર્ગત વર્ષ ૨૦૦૬-૦૭ માટે મધ્ય ગુજરાત વીજ કંપની, વડોદરાને વીજ વિતરણ ક્ષેત્રે ઉત્તમ કામગીરી કરવા બદલ "સુવર્ણ પદક" તથા ગુજરાત સ્ટેટ ઈલેકિટ્રસીટી કોર્પોરેશન લિ.ને ૨૦૦૬-૦૭ માટે ઉકાઈ જળ વિદ્યુત મથકની ઉત્તમ કામગીરી માટે "કાસ્ય પદક" એનાયત કરવાની જાહેરાત કરવામાં આવેલ છે.

આ સુવર્ણપદક વીજ કંપની દ્વારા વિવિધ ક્ષેત્રોમાં કરેલ શ્રેષ્ઠ કામગીરી માટે આપવામાં આવે છે. મધ્ય ગુજરાત વીજ કંપનીએ વીજ વિતરણ ક્ષેત્રે કરેલ ઉત્કૃષ્ટ કામગીરી, વીજ વ્યય ઘટાડો, નાણાંકીય સુસંચાલન, મીટરીંગ વ્યવસ્થા તેમજ વીજ પ્રવહનની ગુણવત્તા, ટ્રાન્સફોર્મર બળવાની સંખ્યામાં ઘટાડો એમ વિવિધ ક્ષેત્રોમાં કરવામાં આવેલ ઉત્તમ કામગીરી માટે આ એવોર્ડ એનાયત થનાર છે.

તે જ રીતે ગુજરાત સ્ટેટ ઈલેકિટ્રસીટી કોર્પોરેશન લિ.ને વર્ષ ૨૦૦૬-૦૭ માટે ઉકાઈ ખાતેના જળ વિદ્યુત મથક પૂર્ણ ક્ષમતાથી કાર્યરત થવા અને ઉત્તમ કામગીરી બદલ કાંસ્ય પદક એનાયત કરવાની પણ જાહેરાત કરવામાં આવી છે.

આ પદક એનાયત કરવાનો સમારોહ તા. ૨૦-૩-૨૦૦૮ના રોજ નવી દિલ્હી ખાતે યોજાયો છે, જેમાં કેન્દ્રીય ઊર્જા મંત્રીશ્રીના હસ્તે બંને એનાયત થનાર છે.

આ કંપનીઓએ આટલા વર્ષોમાં કરેલ ઉત્કૃષ્ટ કામગીરી અને એવોર્ડની પ્રાપ્તિ માટે હું કંપનીઓના ચેરમેનશ્રીઓ/મેનેજિંગ ડિરેકટરશ્રીઓ તેમજ તેમના સર્વે સાથી અધિકારી તેમજ કર્મચારીઓને ગૃહના ફલોર પરથી અભિનંદન પાઠવું છું અને રાષ્ટ્રીય કક્ષાના આ પ્રકારના એવોર્ડથી વધુ પ્રોત્સાહિત થઈ, આ કંપનીઓ ઉત્તરોતર પ્રગતિના નવા સીમા ચિહ્નો સર કરી, રાજયના વિકાસ માટે એક પૂરક પ્રેરકબળ તરીકે કામ કરતી રહેશે, એવી આ પ્રસંગે શ્રદ્ધા વ્યક્ત કરું છું.

રાજયના વિકાસ માટે સતત સુંદર કામગીરી કરી રહેલ રાજય સરકારની આ કંપનીઓને એનાયત થનાર આ એવોર્ડની વિગતોથી હું સન્માનીય ગૃહને વાકેફ કરું છું.

# સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

## ગુજરાત બાંધકામ નિગમ લિ.નો વાર્ષિક અહેવાલ

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ (માર્ગ અને મકાનમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજય બાંધકામ નિગમ લિમિટેડનો સન ૨૦૦૬-૨૦૦૭નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઑડિટ અહેવાલ, ભારતના કમ્પ્ટ્રોલર અને ઑડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકાની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, હિસાબો, ટિપ્પણ અને સમીક્ષા સભાગૃહના મેજ પર મૂકવામાં આવ્યા**

## ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમનો વાર્ષિક અહેવાલ

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ (મહિલા અને બાળકલ્યાણ મકાનમંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૫-૦૬ના વાર્ષિક અહેવાલ, હિસાબો, ઑડિટ અહેવાલ, ભારતના કમ્પ્ટ્રોલર અને ઑડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, હિસાબો, ટિપ્પણ અને સમીક્ષા સભાગૃહના મેજ પર મૂકવામાં આવ્યા**

## ગુજરાત ગ્રામ ગૃહનિર્માણ બોર્ડનો વાર્ષિક વહીવટી અહેવાલ

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ (પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજય ગ્રામ વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૬-૨૦૦૭નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઑડિટ અહેવાલ, ભારતના કમ્પ્ટ્રોલર અને ઑડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, હિસાબો, ટિપ્પણ અને સમીક્ષા સભાગૃહના મેજ પર મૂકવામાં આવ્યા**

**ગુજરાત ગ્રામ ગૃહનિર્માણ બોર્ડનો વાર્ષિક વહીવટી અહેવાલ**

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ (પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડનો સન ૨૦૦૬-૦૭નો વાર્ષિક વહીવટી અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક વહીવટી અહેવાલ સભાગૃહના મેજ પર મૂકવામાં આવ્યો.**

**સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ**

**શ્રી નીતિનભાઈ ર. પટેલ (નર્મદામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડનો સન ૨૦૦૬-૦૭નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ તેમજ સમીક્ષા સભાગૃહના મેજ પર મૂકવામાં આવ્યાં.**

**ગુજરાત ગોપાલક વિકાસ નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ**

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા (સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ગોપાલક વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૩-૦૪નો વાર્ષિક અહેવાલ,હિસાબો,ઓડિટ અહેવાલ,ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ,નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ, સમીક્ષા તેમજ નિવેદન સભાગૃહના મેજ પર મૂકવામાં આવ્યાં.**

**ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ કોર્પોરેશનનો વાર્ષિક અહેવાલ**

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા (સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ કોર્પોરેશનનો સન ૨૦૦૪-૦૫નો વાર્ષિક અહેવાલ તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ તેમજ નિવેદન સભાગૃહના મેજ પર મૂકવામાં આવ્યાં.**

**અધ્યક્ષશ્રી :** માનનીય મંત્રીશ્રી, આપના વિભાગના બન્ને બોર્ડ કોર્પોરેશનના બાકીના વર્ષોના અહેવાલો તાત્કાલિક રજૂ કરવા માટે આપને હું જણાવું છું.

**ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન લિમિટેડનો વાર્ષિક અહેવાલ**

**શ્રી સૌરભ પટેલ પટેલ (રાજયકક્ષાના પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૦૫-૦૬નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ, સમીક્ષા તેમજ નિવેદન સભાગૃહના મેજ પર મૂકવામાં આવ્યાં.**

**ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગનો વાર્ષિક અહેવાલ**

**શ્રી સૌરભ પટેલ પટેલ (રાજયકક્ષાના ઉર્જામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત વિદ્યૂત નિયંત્રક આયોગનો સન ૨૦૦૬-૦૭નો વાર્ષિક અહેવાલ અને વાર્ષિક હિસાબો સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ અને હિસાબો, સભાગૃહના મેજ પર મૂકવામાં આવ્યાં.**

**ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમના સુધારેલા અંદાજો**

**શ્રી અમિત અ. શાહ (રાજયકક્ષાના વાહન વ્યવહારમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમના સન ૨૦૦૬-૦૭ના સુધારેલ અંદાજો અને સન ૨૦૦૭-૦૮ના અંદાજો તેમજ આ અંદાજોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**સુધારેલા અંદાજો તેમજ નિવેદન સભાગૃહના મેજ પર મૂકવામાં આવ્યાં.**

**શ્રમ અને રોજગાર વિભાગની અધિસૂચનાઓ**

**શ્રી વજુભાઈ વાળા (શ્રમ અને રોજગાર મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું શ્રમ અને રોજગાર વિભાગની, સન ૧૯૪૮ના મુંબઈ દુકાનો અને સંસ્થા અધિનિયમ અન્વયેની -

(૧) તા.૨૯-૩-૨૦૦૭ની અધિસૂચના ક્રમાંક:- જીએચઆર-૨૦૦૭-૨૫- બીએસઈ ૨૦૦૭-૩૦૮-એમ(૩)

(૨) તા.૨૯-૩-૨૦૦૭ની અધિસૂચના ક્રમાંક:- જીએચઆર-૨૦૦૭-૨૬- બીએસઈ ૨૦૦૭-૬૧૬-એમ(૩)

(૩)તા.૪-૪-૨૦૦૭ની અધિસૂચના ક્રમાંક:- જીએચઆર-૨૦૦૭-૨૮- બીએસઈ ૨૦૦૭-૨૩૩૭-એમ(૩)
(૪)તા.૯-૫-૨૦૦૭ની અધિસૂચના ક્રમાંક:- જીએચઆર-૨૦૦૭-૩૯- બીએસઈ ૨૦૦૫-૨૦૬૮-એમ(૩)
(૫)તા.૨૧-૫-૨૦૦૭ની અધિસૂચના ક્રમાંક:- જીએચઆર-૨૦૦૭-૪૭- બીએસઈ ૨૦૦૬-૩૦૮૬-એમ(૩)
(૬)તા.૨૮-૬-૨૦૦૭ની અધિસૂચના ક્રમાંક:- જીએચઆર-૨૦૦૭-૬૦- બીએસઈ ૨૦૦૩-૨૧૮૩-એમ(૩)
(૭) તા.૨૩-૮-૨૦૦૭ની અધિસૂચના ક્રમાંક:- જીએચઆર-૨૦૦૭-૭૦- બીએસઈ ૧૯-૨૦૦૭-૨૦૩૯૦૦-એમ(૩)
(૮) તા.૨૩-૮-૨૦૦૭ની અધિસૂચના ક્રમાંક:- જીએચઆર-૨૦૦૭-૭૧- બીએસઈ ૧૯-૨૦૦૭-૨૭૦૫૪૫-એમ(૩)
(૯) તા.૨૮-૯-૨૦૦૭ની અધિસૂચના ક્રમાંક:- જીએચઆર-૨૦૦૭-૭૮- બીએસઈ ૧૯-૨૦૦૭-૩૩૦૯૩૧-એમ(૩)

સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અધિસૂચનાઓ સભાગૃહના મેજ પર મૂકવામાં આવી.**

**ઉદ્યોગ અને ખાણ વિભાગની અધિસૂચના**

**શ્રી સૌરભ પટેલ પટેલ (રાજય કક્ષાના ઉદ્યોગ મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ઉદ્યોગ અને ખાણ વિભાગની સન ૨૦૦૭ના ગુજરાત ઔદ્યોગિક વિકાસ (દ્વિતિય સુધારા) અધિનિયમ અન્વયેની તારીખ ૧૧-૫-૨૦૦૭ની અધિસૂચના ક્રમાંક- જીએચયુ-૨૦૦૭(૬)-જીઆઈડી-૧૦૨૦૦૩-૨૮૦૦-જી સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અધિસૂચના સભાગૃહના મેજ પર મૂકવામાં આવી.**

**ઉદ્યોગ અને ખાણ વિભાગની અધિસૂચના**

**શ્રી સૌરભ પટેલ પટેલ (રાજય કક્ષાના ઉર્જામંત્રીશ્રી)**: માનનીય અધ્યક્ષશ્રી, હું ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની સન ૧૯૭૨ના ગુજરાત આવશ્યક સેવા જાળવવા બાબતના અધિનિયમ અન્વયેની તારીખ ૧૧-૩-૨૦૦૮ની અધિસૂચના ક્રમાંક- જીએચયુ-૨૦૦૮(૭)-જીયુવી-૧૦૨૦૦૭-૨૪૮૬-ક સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અધિસૂચના સભાગૃહના મેજ પર મૂકવામાં આવી.**

**બંદરો અને વાહન વ્યવહાર વિભાગની અધિસૂચનાઓ**

**શ્રી અમિત અ. શાહ (રાજયકક્ષાના વાહન વ્યવહાર મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું બંદરો અને વાહન વ્યવહાર વિભાગની, સન ૧૯૫૮ના મુંબઈ મોટર વાહનવેરા અધિનિયમ અન્વયેની-

(૧) તા.૧૦-૪-૨૦૦૭ની અધિસૂચના ક્રમાંક: પીટી/૨૦૦૭/૩૦/એમટીએ/૧૧૨૦૦૭/એમઓએસ(ટી)/૧૯/ખ.-
(૨) તા.૧૦-૪-૨૦૦૭ની અધિસૂચના ક્રમાંક: પીટી/૨૦૦૭/૩૧/એમટીએ/૧૧૨૦૦૭/૯૨૭/ખ.-
(૩) તા.૧૩-૪-૨૦૦૭ની અધિસૂચના ક્રમાંક: પીટી/૨૦૦૭/૩૩/એમટીએ/૧૧૨૦૦૭/૧૨૮૧/ખ.-
(૪) તા.૧૩-૪-૨૦૦૭ની અધિસૂચના ક્રમાંક: પીટી/૨૦૦૭/૩૪/એમટીએ/૧૧૨૦૦૭/એમઓએસ(ટી)/૧૯/ખ.-
(૫) તા.૨૪-૫-૨૦૦૭ની અધિસૂચના ક્રમાંક: પીટી/૨૦૦૭/૩૮/એમટીએ/૧૧૨૦૦૭/૧૫૯૨/ખ.-
(૬) તા.૫-૬-૨૦૦૭ની અધિસૂચના ક્રમાંક: પીટી/૨૦૦૭/૪૦/એમટીએ/૧૭૦૨/ ૧૪૨૮/ખ.-
(૭) તા.૨૮-૬-૨૦૦૭ની અધિસૂચના ક્રમાંક: પીટી/૨૦૦૭/૪૩/એમટીએ/૧૧૨૦૦૭/૧૮૪૭/ખ.-
(૮) તા.૧૪-૮-૨૦૦૭ની અધિસૂચના ક્રમાંક: પીટી/૨૦૦૭/૪૭/એમટીએ/૧૭૦૪/૪૨૦૮/ખ.-
(૯) તા.૧૬-૮-૨૦૦૭ની અધિસૂચના ક્રમાંક: પીટી/૨૦૦૭/૪૮/એમટીએ/૧૨૨૦૦૭/૧૭૩૨/ખ.-
(૧૦) તા.૧૧-૯-૨૦૦૭ની અધિસૂચના ક્રમાંક: પીટી/૨૦૦૭/૫૧/એમટીએ/૧૭૦૪/ ૩૯૧/ખ.-

(૧૧) તા.૧૯-૯-૨૦૦૭ની અધિસૂચના ક્રમાંક: પીટી/૨૦૦૭/૫૩/એમટીએ/૧૨૨૦૦૬/૩૯૧૪/ખ.-
(૧૨) તા.૨૬-૯-૨૦૦૭ની અધિસૂચના ક્રમાંક: પીટી/૨૦૦૭/૫૫/એમટીએ/૧૨૨૦૦૬/૧૫૬૬/ખ.-
(૧૩) તા.૩-૧૦-૨૦૦૭ની અધિસૂચના ક્રમાંક: પીટી/૨૦૦૭/૫૯/એમટીએ/૧૨૨૦૦૬/૩૭૨૧/ખ.-
(૧૪) તા.૨૬-૧૦-૨૦૦૭ની અધિસૂચના ક્રમાંક: પીટી/૨૦૦૭/૬૧/એમટીએ/૧૧૨૦૦૭/૩૧૦૫/ખ.-
(૧૫) તા.૨૨-૧૧-૨૦૦૭ની અધિસૂચના ક્રમાંક:પીટી/૨૦૦૭/૬૩/એમટીએ/૧૧૨૦૦૭/૩૧૫૪/ખ.-
(૧૬) તા.૨૬-૧૧-૨૦૦૭ની અધિસૂચના ક્રમાંક: પીટી/૨૦૦૭/૬૪/એમટીએ/૧૨૨૦૦૭/૨૮૧૭/ખ.-
(૧૭) તા.૪-૧૨-૨૦૦૭ની અધિસૂચના ક્રમાંક: પીટી/૨૦૦૭/૬૬/એમટીએ/૧૧૨૦૦૭/૩૩૯૬/ખ.-
(૧૮) તા.૧૪-૧૨-૨૦૦૭ની અધિસૂચના ક્રમાંક: પીટી/૨૦૦૭/૬૭/એમટીએ/૧૧૨૦૦૭/૩૦૦૫/ખ.-
(૧૯) તા.૨૧-૨-૨૦૦૮ની અધિસૂચના ક્રમાંક: પીટી/૨૦૦૮/૧/એમટીએ/૧૨૨૦૦૨/૫૩૨૪/ખ.-

સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અધિસૂચનાઓ સભાગૃહના મેજ પર મૂકવામાં આવી.**

# માગણીઓ પર ચર્ચા અને મતદાન (દશમો દિવસ)

## વન અને પર્યાવરણ વિભાગ

### માગણી ક્રમાંક: ૨૬

**શ્રી મંગુભાઈ છ. પટેલ (વન અને પર્યાવરણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું વન સેવાને લગતી, વન અને પર્યાવરણ માટેની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૧,૬૩,૧૯,૬૬,૦૦૦ અને મૂડી ખર્ચ માટેની રૂપિયા ૧,૧૮,૩૭,૩૫,૦૦૦ની માગણી ક્રમાંક ૨૬ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક: ૨૬ રજૂ કરવામાં આવી.**

**શ્રી દીતાભાઈ ભી. મછાર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી બચુભાઈ ના. કિશોરી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી મોહનસિંહ છો. રાઠવા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૪ રજૂ કરવામાં આવી.**

**શ્રી પરંજયાદિત્યસિંહજી કૃ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૫ રજૂ કરવામાં આવી.**

**ડૉ. અનિલ જોષીયારા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૯ રજૂ કરવામાં આવી.**

**શ્રી પરેશભાઈ ગો. વસાવા** : : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૦ રજૂ કરવામાં આવી.**

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૧ રજૂ કરવામાં આવી.**

**શ્રી ગૌતમભાઈ જે. ઝાલા** : : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી શંકરભાઈ દે. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૩ રજૂ કરવામાં આવી.**

### માગણી ક્રમાંક:૨૭

**શ્રી મંગુભાઈ છ. પટેલ (વન અને પર્યાવરણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પર્યાવરણ સેવાને લગતી, વન અને પર્યાવરણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૫,૧૦,૦૦,૦૦૦ ની માગણી ક્રમાંક:૨૭ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક: ૨૭ રજૂ કરવામાં આવી.**

**શ્રી મણીભાઈ દે. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૬ રજૂ કરવામાં આવી.**

**શ્રી શૈલેષ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૯ રજૂ કરવામાં આવી.**

**શ્રી કિરણકુમાર એલ. મકવાણા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૦ રજૂ કરવામાં આવી.**

**કાયદા વિભાગ**

**માગણી ક્રમાંક: ૫૯**

**શ્રી અમિત અ. શાહ (રાજય કક્ષાના કાયદો અને ન્યાયતંત્રમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું કાયદા વિભાગની સેવાને લગતી, કાયદા વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૪,૦૪,૭૦,૦૦૦ ની માગણી ક્રમાંક :૫૯ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક: ૫૯ રજૂ કરવામાં આવી.**

**શ્રી લાલસિંહ ઉ. વડોદીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી માનસિંહ કો. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી બાવકુભાઈ ના. ઉંધાડ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૭ રજૂ કરવામાં આવી.**

**સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ**

**માગણી ક્રમાંક:૯૬**

**શ્રી મંગુભાઈ છ. પટેલ (આદિજાતિ કલ્યાણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું આદિજાતિ વિસ્તાર પેટા યોજના, સેવાને લગતી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૧૯,૩૪,૧૧,૨૬,૦૦૦ તથા મૂડી ખર્ચ માટેની રૂપિયા ૧૧,૮૭,૪૩,૫૧,૦૦૦ની માગણી ક્રમાંક: ૯૬ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક: ૯૬ રજૂ કરવામાં આવી.**

**શ્રી અમિતકુમાર અ. ચાવડા :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૩૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૩૦ રજૂ કરવામાં આવી.**

**ડૉ. અનિલ જોષીયારા :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૩૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૩૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી સી.કે. રાઉલજી :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૩૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૩૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી રામસિંહ પ્ર. પરમાર :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૩૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૩૪ રજૂ કરવામાં આવી.**

**શ્રી છનાભાઈ કા. ચૌધરી :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૩૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૩૬ રજૂ કરવામાં આવી.**

**શ્રી કુંવરજીભાઈ ન. હળપતિ :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૩૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૩૭ રજૂ કરવામાં આવી.**

**શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૩૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૩૮ રજૂ કરવામાં આવી.**

**સન ૨૦૦૮-૨૦૦૯ના વર્ષના અનુદાનો માટેની માગણીઓ પૈકી બુધવાર, તા.૧૯/૩/૨૦૦૮(દસમો દિવસ)ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપદરખાસ્તોની એકત્રિત યાદી.**

| અ.નં. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રુા. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | | **વન અને પર્યાવરણ વિભાગ**<br>**માગણી નં. ૨૬** | |
| *૧. | ૨૪૦૬-વન નિર્માણ...પ્રાણી જીવન<br>૦૧-વન નિર્માણ<br>૦૦૧-નિર્દેશ અને વહીવટ<br>એફએસટી-૨૭-મુખ્યવન સંરક્ષક<br>રૂા. ૧,૪૫,૬૨,૦૦૦<br>પા.નં. ૧૧-૧૨ | ૧૦૦ | વન ખાતાના રોજમદાર કર્મચારીઓના પડતર પ્રશ્નો હલ કરવામાં તંત્રની નિષ્ફળતા | |

| | | | | |
|---|---|---|---|---|
| ૨. | --"-- | ૧૦૦ | હિંસક પશુઓની થતી ધાતકી હત્યાઓ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી દીતાભાઈ મછાર |
| ૩. | --"-- | ૧૦૦ | ગાર્ડ તેમજ રેન્જ ફોરેસ્ટ ઓફિસરોની ખાલી જગ્યાઓ ભરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બચુભાઈ કિશોરી |
| ૪. | --"-- | ૧૦૦ | જંગલોમાં વસવાટ કરતા માલધારી/આદિવાસીઓને વન ખાતાના કર્મચારીઓ ધ્વારા થતી કનડગત અને અત્યાચારો નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મોહનસિંહ રાઠવા |
| ૫. | --"-- | ૧૦૦ | જંગલોના વિનાશમાં વન ખાતાના કર્મચારીઓની સંડોવણી અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પરંજયાદિત્યસિંહજી પરમાર |
| *૬. | --"-- | ૧૦૦ | જંગલોમાં લાગતી વારંવારની આગને કારણે વન્ય પ્રાણીઓ અને વૃક્ષોને થતું નુકશાન અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | |
| *૭. | --"-- | ૧૦૦ | જૂનાગઢ જિલ્લાના જંગલ વિસ્તારના અમૃતવેલ ગામનો રસ્તો બંધ કરી અન્યત્ર બદલવા અંગે સેટલમેન્ટ કમિશ્નરના એવોર્ડની જોગવાઈનું પાલન કરાવવામાં તંત્રની નિષ્ફળતા | |
| *૮. | --"-- | ૧૦૦ | કેન્દ્ર/રાજય સરકારના પરિપત્ર અન્વયે સોરઠીયા રબારીઓને વિગત દર્શક કાર્ડના આધારે પ્રમાણપત્રો આપવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૯. | ૨૪૦૬-વન નિર્માણ...પ્રાણી જીવન<br>૦૧-વન નિર્માણ<br>૦૦૧-નિદેશ અને વહીવટ<br>૦૪-ફરતી...સ્થાપના<br>રૂા. ૫૮,૪૫,૦૦૦<br>પા.નં. ૧૬ | ૧૦૦ | વન રક્ષણ માટે ફરતી ટુકડીને વાહનોના અભાવે પડતી મુશ્કેલીઓ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | ડો. અનિલ જોષીયારા |
| ૧૦. | --"-- | ૧૦૦ | ફરતી ટુકડીમાં પૂરતા સ્ટાફના અભાવે વન રક્ષણ ઉપર ચાંપતી નજર રાખવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પરેશભાઈ વસાવા |
| ૧૧. | ૨૪૦૬-વન નિર્માણ..પ્રાણી જીવન<br>૦૧-વન નિર્માણ<br>૧૦૫-વન પેદાશ<br>રૂા. ૨,૪૩,૮૦,૦૦૦<br>પા.નં. ૩૩-૩૪ | ૧૦૦ | વન પેદાશો પ્રજાને સરળતાથી મળી રહે તેવું આયોજન ગોઠવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બાબુભાઈ શાહ |
| ૧૨. | ૨૪૦૬-વન નિર્માણ..પ્રાણી જીવન<br>૦૨-પર્યાવરણ લક્ષી<br>૧૧૦-વન્ય પ્રાણી જીવન<br>૦૧-વન્ય....સંરક્ષણ<br>રૂા. ૬૭,૯૦,૦૦૦<br>પા.નં. ૪૪-૪૫ | ૧૦૦ | વન્ય પ્રાણી જીવનની રક્ષા કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ગૌતમભાઈ ઝાલા |
| ૧૩. | --"-- | ૧૦૦ | ગીધ/કાગડા અને ચકલીઓની સતત ધટતી જતી સંખ્યા અને તેની લુપ્ત થતી જાતિને બચાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી શંકરભાઈ વાઘેલા |
| *૧૪. | ૨૪૦૬-વન નિર્માણ...પ્રાણી જીવન<br>૦૨-પર્યાવરણ લક્ષી<br>૧૧૦-વન્ય પ્રાણી જીવન<br>૦૨-એફએસટી-૨૦રાષ્ટ્રીય....વિકાસ<br>રૂા. ૯૮,૬૦,૦૦૦<br>પા.નં. ૪૬-૪૭ | ૧૦૦ | જુદા જુદા સરોવરો ખાતે આવતા વિદેશી પંખીઓની થતી હત્યા અને વેચાણ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | |
| *૧૫. | ૨૪૦૬-વન નિર્માણ.....પ્રાણી જીવન<br>૦૨-પર્યાવરણ લક્ષી<br>૧૧૦-વન્ય પ્રાણી જીવન<br>૦૬-ગીર...વિકાસ<br>રૂા. ૮૪,૫૧,૦૦૦<br>પા.નં. ૫૪-૫૫ | ૧૦૦ | ગીરના જંગલોમાં સિંહોની થતી હત્યાઓ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | |
| | | **માગણી નં. ૨૭** | | |
| ૧૬. | ૨૨૧૫-પ્રાણી.......સ્વચ્છતા<br>૦૨-ગટર વ્યવસ્થા અને સ્વચ્છતા<br>૧૦૬-વાયુ.......નિવારણ<br>રૂા. ૩,૯૦,૦૦,૦૦૦<br>પા.નં. ૭-૮ | ૧૦૦ | પર્યાવરણને નુકસાન કરતી પ્લાસ્ટીકની પાતળી થેલીઓનો વપરાશ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મણીભાઈ પટેલ |

| | | | | |
|---|---|---|---|---|
| *૧૭. | --"-- | ૧૦૦ | પ્રદુષણને લગતા પડતર કેસોનો ઉકેલ લાવવામાં તંત્રની નિષ્ફળતા | |
| *૧૮. | --"-- | ૧૦૦ | નદી/કેનાલોમાં કેમિકલ્સવાળુ પાણી ઠલવાતુ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૧૯. | --"-- | ૧૦૦ | ખારીકટ કેનાલમાં કેમિકલ્સ યુકત પાણી છોડનાર અદ્યૌગિક એકમો સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી શૈલેષ પરમાર |
| ૨૦. | --"-- | ૧૦૦ | મોટા ઉદ્યોગો ધ્વારા હવામાં ઝેરી વાયુ છોડાતો અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી કિરણકુમાર મકવાણા |
| | | **કાયદા વિભાગ**<br>**માગણી નં. ૫૯** | | |
| *૨૧. | ૨૦૫૨-સચિવાલય...સેવાઓ<br>૦૯૦-સચિવાલય<br>૦૧-કાયદા વિભાગ<br>રૂા. ૩,૦૩,૭૦,૦૦૦<br>પા.નં. ૩૦-૩૧ | ૧૦૦ | કાયદા વિભાગમાં કાયદાના જાણકાર અધિકારી/ કર્મચારીઓની નિમણૂકો કરવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૨૨. | ૨૦૫૨-સચિવાલય...સેવાઓ<br>૦૯૦-સચિવાલય<br>૦૧-કાયદા વિભાગ<br>રૂા. ૩,૦૩,૭૦,૦૦૦<br>પા.નં. ૩૦-૩૧ | ૧૦૦ | ચેરીટી કમિશ્નર કચેરીના કથળેલા વહીવટને સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી લાલસિંહ વડોદિયા |
| ૨૩. | --"-- | ૧૦૦ | જજોની ખાલી જગ્યાઓ ભરવામાં થતો વિલંબ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | |
| *૨૪. | --"-- | ૧૦૦ | કાયદાઓનું અર્થઘટન આમજનતા સરળ ભાષામાં કરી શકે / સમજી શકે તેવી કાર્યવાહી કરાવવામાં તંત્રની નિષ્ફળતા | |
| *૨૫. | --"-- | ૧૦૦ | નોટરીની નિમણૂકોમાં ચાલતી વ્યાપક ગેરરીતિઓ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | |
| *૨૬. | --"-- | ૧૦૦ | કોર્ટ કેસો જીતી શકે તેવા સરકારી વકીલોની નિમણૂકો કરવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૨૭. | --"-- | ૧૦૦ | સરકારી વકીલોની નિમણૂકોમાં ચાલતો ભેદભાવ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બાવકુભાઈ ઉંધાડ |
| | | **સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ**<br>**માગણી નં. ૯૬** | | |
| *૨૮. | ૨૦૨૯-જમીન મહેસૂલ<br>૭૯૬-આદિજાતિ..યોજના<br>૦૧-૧એસએન.ડી.૪-<br>રાજયના......મોજણી<br>રૂા. ૨,૯૦,૦૦,૦૦૦<br>પા.નં. ૧૫-૧૬(ભાગ-૩) | ૧૦૦ | આદિજાતિ વિસ્તારના ગામોની ફેર મોજણીની કાર્યવાહીને વેગવંતી બનાવવામાં તંત્રની નિષ્ફળતા | |
| *૨૯. | ૨૨૦૨-સામાન્ય શિક્ષણ<br>૦૧-પ્રારંભિક શિક્ષણ<br>૭૯૬-આદિજાતિ..યોજના<br>રૂા. ૮૩,૨૨,૨૧,૦૦૦<br>પા.નં. ૨૨ થી ૨૭ (ભાગ-૩) | ૧૦૦ | આદિવાસી વિસ્તારોમાં બાળકો પ્રાથમિક શિક્ષણનો વધુ લાભ લઈ શકે તેવું આયોજન ગોઠવવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૩૦. | --"-- | ૧૦૦ | આદિવાસી વિસ્તારોમાં પ્રાથમિક શિક્ષણ માટે વધુ શાળાઓ ખોલવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અમિતકુમાર ચાવડા |
| *૩૧. | --"-- | ૧૦૦ | એક શિક્ષક વાળી શાળાઓનું બે શિક્ષકવાળી શાળાઓમાં રુપાંતર કરવાની કાર્યવાહીમાં થતો વિલંબ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૩૨. | ૨૨૧૦-તબીબી...આરોગ્ય<br>૦૧-શહેરી...એલોપથી<br>૭૯૬-આદિજાતિ..યોજના<br>૦૨-એચએલટી-<br>૩આદિજાતિ..વધારવી<br>રૂા. ૯,૫૪,૯૧,૦૦૦<br>પા.નં. ૬૧-૬૨ (ભાગ-૩) | ૧૦૦ | આદિજાતિ વિસ્તારમાં તબીબી સંસ્થાઓમાં પથારીઓ અને કર્મચારી ગણની સંખ્યા વધારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી અનિલ જોષીયારા |

| | | | | |
|---|---|---|---|---|
| ૩૩. | ૨૨૧૫-પાણી...સ્વચ્છતા<br>૦૧-પાણી પુરવઠો<br>૭૯૬-આદિજાતિ...યોજના<br>રૂા. ૬૧,૦૦,૦૦,૦૦૦<br>પા.નં. ૯૦-૯૧ (ભાગ-૩) | ૧૦૦ | આદિજાતિ વિસ્તારોમાં સિંચાઈ અને પીવાના પાણીની સુવિધાઓ વધારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી સી. કે. રાઉલજી |
| ૩૪. | ૨૨૧૬-આવાસન<br>૦૨-શહેરી આવાસન...<br>૭૯૬-આદિજાતિ..યોજના<br>૦૧-એચએસજી-૫આર્થિક...યોજના<br>રૂા. ૪,૦૦,૦૦,૦૦૦<br>પા.નં. ૯૪ (ભાગ-૩) | ૧૦૦ | આર્થિક રીતે નબળા વિભાગો માટે ગરીબ સમૃધ્ધિ યોજનાનો વ્યાપ વધારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી રામસિંહ પરમાર |
| *૩૫. | ૨૨૧૬-આવાસન<br>૦૨-શહેરી આવાસન<br>૭૯૬-આદિજાતિ...યોજના<br>૧૨-એચએસજી-૧૫એ<br>ગરીબી..યોજના<br>રૂા. ૧૮,૦૦,૦૦,૦૦૦<br>પા.નં. ૯૫ (ભાગ-૩) | ૧૦૦ | આદિજાતિ ગરીબી નિવારણ કાર્યક્રમ હેઠળ સરદાર પટેલ આવાસ યોજનાના મકાનો બાંધવાના લક્ષ્યાંકો પૂર્ણ કરવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૩૬. | ૨૨૨૫-અનુસૂચિત...કલ્યાણ<br>૦૨-અનુસૂચિત....કલ્યાણ<br>૭૯૬-આદિજાતિ..યોજના<br>૧૦-બીસીકે૧૭૬ આશ્રમ શાળાઓ<br>રૂા. ૭૧,૬૩,૩૪,૦૦૦<br>પા.નં. ૧૧૬ (ભાગ-૩) | ૧૦૦ | આદિજાતિ આશ્રમશાળાઓની સંખ્યામાં વધારો કરી તેમાં પૂરતી સવલતો આપવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી છનાભાઈ ચૌધરી |
| ૩૭. | ૨૨૨૫-અનુસૂચિત....કલ્યાણ<br>૦૨-શહેરી આવાસન<br>૭૯૬-આદિજાતિ....યોજના<br>૨૪-બીસીકે ૨૦૨ આવાસન...સહાય<br>રૂા. ૬૦,૦૦,૦૦૦<br>પા.નં. ૧૨૧ (ભાગ-૩) | ૧૦૦ | હળપતિઓને આવાસન અને ઘરથાળ માટે આપવામાં આવતી નાણાકીય સહાયમાં વધારો કરી તે સમયસર ચૂકવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી કુંવરજીભાઈ હળપતિ |
| ૩૮. | ૨૪૦૧-પાક..વ્યવસ્થા<br>૭૯૬-આદિજાતિ...કલ્યાણ<br>(૨)એજીઆર૪૦આદિજાતિ..બનાવવી<br>રૂા. ૮૬,૩૫,૦૦૦<br>પા.નં. ૧૮૩-૧૮૪ (ભાગ-૩) | ૧૦૦ | આદિજાતિ વિસ્તારોમાં ભૂમિ ચકાસણી પ્રયોગશાળા સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા |

*** આ કાપદરખાસ્તો સભાગૃમાં રજૂ થઈ નથી.**

**અધ્યક્ષશ્રી** : મારી પાસે બંને દંડકો તરફથી માગણી આવી નથી, તેમ છતાં ચર્ચાને આગળ શરૂ કરીએ તો સંસદીય બાબતોના મંત્રીશ્રી, માત્ર ૩૦ કે ૩૫ મિનિટ મળે છે. એટલા માટે બંને દંડકોએ જ નકકી કરીને સમય વધારવો જોઈએ. તો જ આપણે આગળ ચાલી શકીશું. નહીં તો માગણીઓ ચર્ચા વિના પૂરી થશે. (અંતરાય) નહીં, નહીં. એટલે આપના તરફથી... (અંતરાય) નહીં. શું કરવું જોઈએ? કારણ કે સમય વધારીશું નહીં, તો ૩૦ મિનિટમાં પૂરું કરવાનું રહે. નિયમ પ્રમાણે.

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, સમય વધારવામાં કાંઈ વાંધો નથી, પણ પછી મંત્રીશ્રીઓને જવાબ આપવામાં ૫ મિનિટ વધારવાની હોય, એમાં પછી કંજૂસાઈ થતી હોય છે. જો આપણે. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, મારી વાત પૂરી કરવા દો. (અંતરાય) બેઠા બેઠા ના બોલો, શકિતસિંહજી આપ. પછી માનનીય અધ્યક્ષશ્રી આપને સમય આપશે, આપને જે કહેવું હોય તે માટે. પરંતુ માનનીય અધ્યક્ષશ્રી, જયારે એવો સમય આવે, કોઈ અગત્યની વાત વિધાનસભાના ધ્યાન પર લાવવાની બાકી હોય, મંત્રીશ્રીએ ઉભા થયેલા મુદ્દાનો જવાબ આપવાનો

બાકી હોય એ વખતે પણ ૧૦ મિનિટ વધારવામાં જો આપણે પછી મન મોટું ન રાખી શકતા હોઈએ તો. (અંતરાય) અનેકવાર થયું ભાઈ. અનેકવાર થયું. ગઈકાલની વાત જવા દો. અનેકવાર થયું. હું બેસું જ છું ગૃહમાં.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીઓને સમય મળે એના માટેની અમારી સામેથી વાત હોય છે, પ્રપોર્શનેટ સમય મળે છે. પહેલા એવું હતું કે એક એક સભ્ય લેતા હતા. એ પછી નવી સીસ્ટમ આવી છે કે પ્રપોર્શનેટ સમય. અધરવાઈઝ એક ત્યાંથી અને એક અહીંથી એવી રીતે હતું અને સરખો સમય મળતો હતો. હવે જયારે પ્રપોર્શનેટ સમય છે, ત્યારે માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રીઓનો સમય પ્રપોર્શનેટ જેટલો વધારવો હોય, બે કલાક આપને જોઈતી હોય તો બે કલાક વધે, એ માટે ફકત આજ પૂરતું નહીં, આ ૫ વર્ષ દરમ્યાન અમારું ખુલ્લું મન રહેશે. માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રીને આપની મારફતે જણાવવા માગું છું પણ, પ્રપોર્શનેટ. પ્રપોર્શનેટ સિવાય એકપણ મિનિટ હશે તો એ વાતમાં સંમત નહીં થવાય.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય સભ્યશ્રીઓ જેટલો વધારે ચર્ચામાં ભાગ લે, એટલા મુદ્દા સ્વાભાવિક વધુ ઉભા થાય અને એટલા મુદ્દાનું સ્પષ્ટીકરણ સરકાર વતી કરવા માટે માનનીય મંત્રીશ્રીઓને સ્વાભાવિક વધારે સમય જોઈએ, જો પ્રપોર્શનેટ સમય વધે તો પણ માનનીય મંત્રીશ્રીઓને સાહેબ, પછી ૨૦, ૨૫ સભ્યશ્રીઓ બોલ્યા હોય અને પછી પંદર વીસ મિનિટમાં મંત્રીશ્રીને સ્પષ્ટતા કરવાની કે જવાબ આપવાનો થતો હોય તો મંત્રીશ્રીઓનો જવાબ પણ વધારવાનો, સમય વધારવાનું અનુકૂળ થતું હોય તો આગળ વિચારવા અમે સંમત છીએ.

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી અને માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી અને માનનીય શકિતસિંહજીએ જે વાત કહી, તે અંગે જે નીતિ અપનાવી છે, તે નીતિની સ્પષ્ટતા કરી લંઉ. પહેલી વસ્તુ એ છે કે આ સભાગૃહની અંદર પૂર્વ અધ્યક્ષોની જે નીતિ હતી, એ નીતિને મેં પુનઃ જીવીત કરી છે અને એ પ્રમાણે સમય જે છે, એ સભ્ય સંખ્યાના આધારે હું ફાળવું છું સભ્ય સંખ્યાના આધારે ફાળવેલા સમયની અંદર મંત્રીશ્રીઓનો સમય આવી જાય છે. એ સાથે આપશ્રી આપના દંડકશ્રી જોડે પરામર્શ કરી લેજો, કે મંત્રીશ્રીએ ૪૦ મિનિટ માગી હોય તો મેં ૪૦ મિનિટ આપી છે, પહેલેથી ૨૮ મિનિટ માગી હોય અને પછીથી ૪૦ મિનિટ કરી હોય તો એ પણ આપી છે, પણ એ ૪૦ મિનિટ તમને મળેલા સમયની મર્યાદાની અંદર રહેશે. એટલે બંને પક્ષોને રાજયની પ્રજાએ નકકી કરેલા ધોરણો પ્રમાણે, ટકાવારી પ્રમાણે હું સમય ફાળવું છું. જે સમય વધારીશ એ સમય પણ એ પ્રમાણે ફાળવાશે. એટલે મંત્રીશ્રીઓએ જવાબ આપવા માટે કેટલો સમય જોઈએ એ પોતાને મળેલા સમયની અંદરથી જ મળશે. છેલ્લા ૩ દિવસથી ૪૦ મિનિટ માગી છે, તો ૪૦ મિનિટ આપી છે. એના પરિણામે પક્ષના સભ્યોએ ૪, ૪ મિનિટમાં પૂરું કર્યુ છે. આજે જે પ્રશ્ન ઉભો થાય છે તે એ છે કે આજે સમય વધારવો છે કે નથી વધારવો. જે સમય વધશે એ સમય બંને પક્ષોને જશે. અને જો સમય ન વધારીએ તો ૧૦ અને ૩૦ મિનિટે આપણી ચર્ચા પૂર્ણ કરીશું. (અંતરાય) મેં કહ્યું એટલું બહુ સ્પષ્ટ છે.

### સભાગૃહની બેઠકનો સમય લંબાવવા અંગે

**શ્રી આર.સી. ફળદુ (મુખ્યદંડકશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, આજના દિવસના કામકાજમાં એક કલાકનો સમય વધારવા માટે હું મારી દરખાસ્ત કરું છું.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : અમે સંમત છીએ.

**અધ્યક્ષશ્રી** : ગૃહની આજની બેઠકનો સમય એક કલાક લંબાવવામાં આવે છે. હવે માગણીઓ અને તેની ઉપર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા કરવામાં આવશે.

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (દશમો દિવસ) (ક્રમશઃ)

**શ્રી મોહનસિંહ છો. રાઠવા (જેતપુર-પાવી)** : માનનીય અધ્યક્ષશ્રી, વન અને પર્યાવરણ વિભાગ, કાયદા વિભાગ અને સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગની માગણીઓ માનનીય મંત્રીશ્રીઓ લઈને આવ્યા છે એના ઉપર મારા વિચારો રજૂ કરવા માટે હું ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયમાં કુલ જે વસતિ છે એ ૨૦૦૧ ની વસતિ ગણતરી પ્રમાણે ૫,૬,૭૧,૦૦૦ ની વસતિની સામે આદિવાસી વસતિ ગુજરાત રાજયમાં ૭૪,૮૧,૦૦૦ ની થાય છે. ૧૩ જિલ્લા, ૪૩ તાલુકા અને ૧૬ પોકેટ અને ૫૮૮૪ ગામો માટે જે ૧૨ જેટલી પેટા યોજના છે તે ૩૯૪૨૭ ચોરસ કિલો મિટરના વિસ્તારમાં પ્રસરાયેલી છે, ૪ જેટલા ક્લસ્ટર પોકેટ છે. ગુજરાતના આદિવાસીઓ માટે દર વખતે કરોડો રૂપિયાની રકમ ફાળવીએ છીએ તેમ કરીને જાહેરાત કરવામાં આવે છે, પરંતુ મારે કહેવું જોઈએ કે વનબંધુ યોજનાના પ્રચાર માટે મારા જેતપુર પાવી તાલુકાના રતનપુર ગામે એક જાહેર સભા રાખવામાં આવેલ હતી એ જાહેર સભાના મંડપનો ખર્ચ ૫૫ લાખ રૂપિયા થયો, એસ.ટી.ભાડાનો ખર્ચ ૪૩ લાખ ૮૧ હજાર રૂપિયા થયો, નાસ્તો અને પીવાના પાણી માટેનો ખર્ચ ૨૩ લાખ રૂપિયા થયો છે. આવી રીતે કરોડો રૂપિયાનો ખર્ચ જાહેર સભાઓ માટે કરવામાં આવ્યો હતો અને આદિવાસીઓને તો કાંઈ જ મળે નહીં. એ જ રીતે ગુજરાત પેટર્ન હેઠળ પણ ૧૯૯૯-૨૦૦૦ અને ૨૦૦૦ થી ૨૦૦૬-૦૭ સુધી સદરવાર જોગવાઈ કરેલ છે એ જોગવાઈના આધારે ૨૦૦૦ થી ૨૦૦૭ સુધીમાં ૧૬૬૭ કરોડ ૨૭ લાખ ૬૦ હજારની જોગવાઈ છે અને એમાંથી ખર્ચ ૧૪૮૨ કરોડ ૨૯ લાખ ૮૪ હજાર જેટલો થયો છે.

કૃષિ અન સંલગ્ન સેવાઓ હેઠળ આવતા વિભાગોમાં ગ્રામ વિકાસ એમાં પશુપાલન, ડેરી, મત્સ્યોદ્યોગ, વન, સહકાર, નાની સિંચાઈ યોજના, ઉદ્યોગ, શિક્ષણ, આરોગ્ય અને પાણી પુરવઠો આ બધા વિભાગો પાછળ ગરીબો માટે જે રકમ ફાળવી છે તે રકમ ૧૮૪ કરોડ ૯૭ લાખ ૭૬ હજાર રપિયાની છે જે આજસુધી ખર્ચવામાં આવી નથી અને લોકોને કહેવામાં આવે છે કે ગરીબોને કે તમારા માટે કરોડો રૂપિયાની જોગવાઈ કરી છે. તો ૨૦૦૦ થી ૨૦૦૭ સુધીમાં ૧૮૪ કરોડ ૯૭ લાખ ૭૬ હજાર રૂપિયા આદિવાસીઓ માટે રસ્તાઓનાં કામ કે પીવાના પાણી કે સિંચાઈ માટે, શિક્ષણ માટે આ રકમ ખર્ચવામાં આવી નથી એનું મને દુઃખ છે.

માનનીય અધ્યક્ષશ્રી,આદિવાસીઓ માટે મોટી મોટી વાતો કરે કે આદિવાસીઓને વિદેશ અભ્યાસ માટે મોકલવામાં આવશે અને પાયલોટ માટે તાલીમ આપવામાં આવશે, પરંતુ આપણે જોઈએ તો પાયલોટ માટે ૨૦૦૦-૦૧ માં એક જ, ૨૦૦૧-૦૨ માં એક પણ નહીં, ૨૦૦૨-૦૩ માં એક પણ નહીં, ૨૦૦૩-૦૪ માં ૧, ૨૦૦૪-૦૫ માં એક પણ નહીં, ૨૦૦૫-૦૬ માં એક પણ નહીં, ૨૦૦૬-૦૭ માં ૧, ૨૦૦૭-૦૮માં ૧ એમ કરીને કુલ ૪ વ્યકિતઓને પાયલોટની તાલીમ માટે પસંદ કર્યા છે તો ગુજરાતની આદિવાસીઓની ૭૫ લાખ જેટલી વસતિ હોવા છતાં ખાલી ૪ જ માણસોને પાયલોટની તાલીમ માટે પસંદ કર્યા છે અને વિદેશ અભ્યાસ માટે ૧૬ જણાને પસંદ કર્યા છે, પરંતુ એની જે સહાય આપવાની છે તે આદિવાસી નિગમ મારફતે અપાય છે. તો આ આદિવાસી નિગમ તો માંદી મિલ જેવું  આદિવાસી નિગમ છે અને એની મંજૂરી પણ કોંગ્રેસ સરકારે આપીને આદિજાતિ કોરપોરેશનની રચના કરી હતી, પરંતુ આજસુધી એના ચેરમેન નથી અને  આ આદિજાતિ કોરપોરેશનમાં ૧૫૬ ના સ્ટાફની ભરતી કરેલ એમાંથી આજે ફકત ૫૩ કર્મચારીઓ જ રહ્યા છે. એટલે આદિજાતિ કોરપોરેશન મારફતે જે કરોડો રૂપિયા જે જુદી જુદી યોજનાઓ માટે વાહન વ્યવહારનાં સાધનો માટે, ટ્રેકટર માટે કે કૂવા માટે, ઓઈલ એન્જિન માટે જે સહાય મળતી હતી એ કોઈ સહાય પણ આજે મળતી નથી. માનનીય અધ્યક્ષશ્રી, આદિવાસી વિસ્તારામાં ૨૦ વર્ષ પહેલાં જે રસ્તાઓ બનેલા, માટી કામના, મેટલ કામના રસ્તાઓ બન્યા હતા, અને વન વિભાગ પણ જાણે છે, લગભગ ગુજરાતના ૧૨ જેટલા જિલ્લા, ૪૩ જેટલા તાલુકામાં જંગલ વિસ્તારમાં બનેલા માટી કામના, મેટલના રસ્તા, એ રસ્તા ઉપર વડાપ્રધાન યોજના હેઠળ કેટલાક રસ્તાઓ ડામર કરવા માટે જે તે જિલ્લાના કાર્યપાલક ઈજનેરશ્રીઓ મારફતેની દરખાસ્તો ભારત સરકારને મોકલી એ આધારે એક દાખલો આપું, અમારા છોટા ઉદેપુર, પાવી જેતપુર, નાલેજ થી પેપલેજ,  બોરધા નો રસ્તો ૪૯ લાખ ૭૦ હજાર, ગોપા ચોકડીથી માલધી નો રસ્તો ૭૦ લાખ, તાંબોલીયાથી સેનપુર આ બધા રસ્તાઓ મંજૂર થયા, કામ ચાલુ થયું, પણ જંગલમાં આવતી બે કિલો મીટર જેટલી જમીનના કારણે આ રસ્તાઓના કામ વન વિભાગ ચાલુ થવા દેતું નથી. વીસ વીસ વર્ષ પહેલાના બનેલા રસ્તાઓ જો તૈયાર ન કરવામાં આવે તો મારી દ્દષ્ટિએ આદિવાસી વિસ્તારના લોકોને કોઈ સુવિધાઓ મળવાની નથી, તો આ ૪૩ તાલુકામાં જંગલના રસ્તાઓ પર ડામર કામ જે બાકી છે તે કામો યુદ્ધના ધોરણે ભોપાલની મંજૂરી લેવી પડતી હોય કે પ્રી સી સી.એફ. ની મંજૂરી લેવી પડતી હોય કે બાંધકામ ખાતાના અધિકારીઓની મંજૂરી લેવી પડતી હોય તો તે લઈને પણ યુદ્ધના ધોરણે આ રસ્તાઓ પુરા કરો. વાડી યોજના બંધ કરી તે માટે હું માનનીય મંત્રીશ્રી અને વિભાગના સૌ અધિકારીઓનો આભાર માનું છું. વાડી યોજનામાં કરોડો રૂપિયાનો ભ્રષ્ટાચાર થયો છે. દરેક પ્રાયોજના વહીવટદાર ૨૦૦-૫૦૦ એકરમાં વાડી યોજના બની એમ કરીને કરોડો રૂપિયા ચવાઈ જતા હતા. પણ આ યોજના બંધ કરી તેના માટે હું આભાર માનું છું. કૂવા ઉંડા કરવા માટે વીસ વીસ હજાર રૂપિયા દરેક ખેડૂતને જે ગરીબીની રેખા નીચે જીવતા હોય તેવા ખેડૂતોને વીસ હજાર રૂપિયા આપવાની જોગવાઈ છે. પરંતુ આમાં થાય છે એવું કે ૧૩ હજાર રૂપિયા જેટલી રકમ જે તે લાભાર્થીને મળે, ૭ હજાર રૂપિયા જેટલી રકમ સરકારી કર્મચારીઓ ભાગ બટાઈમાં લઈ લે, કૂવા ઉંડા થતાં નથી, અને ખેડૂતોને વીસ વીસ હજાર રૂપિયા મળી જાય એટલે ખેડૂત એમ માને કે મને ૧૩ હજાર રૂપિયા મફત મળ્યા છે એટલે કોઈને ફીરયાદ કરવાની નહીં, આવી રીતે આદિવાસીઓના નામે મળતી રકમો પણ એમાં ચવાઈ જાય છે. અણ વિકસીત ગામોમાં સિંચાઈની પાઈપ લાઈનો માટે ૯૦ ટકાની સહાય મળે છે, જે પાઈપો ખરીદે તેને ૯૦ ટકાની સહાય, દસ ટકા જ જે તે લાભાર્થીએ ભરવાના, પરંતુ આ પાઈપો ખરીદે છે તે પાઈપો કોઈને આપતા જ નથી, અને છેલ્લા ૪-૪ વર્ષથી આવી પાઈપો, કરોડોના ખર્ચે, આ બધું જ જે એજન્સીઓ ધરાવનારા લોકો છે તે લોકો જ માલદાર બની જાય છે. મગફળીનું બિયારણ દરેક પ્રાયોજના વહીવટદારમાં મારા છોટા ઉદેપુર પ્રાયોજના વહીવટદારમાં ૪ હજાર ખેડૂતોને મફત ૫૦ ટકા સબસિડીના ધોરણે મગફળીનું બિયારણ મળે, પરંતુ જે લોકો, મગફળીનું બિયારણ આપનારા એજન્સીઓ જેની પાસે હોય તે પૂરેપૂરું મગફળીનું બિયારણ ખેડૂતોને આપતા નથી અને તેમાંથી પણ મોટી કટકી થાય છે, અનાજની કીટ્સ, મશીન વાળા અનાજ ઉપણવાના પંખા, એ પંખા પણ ઈલેકટ્રીક વાળા પંખા જે તે લાભાર્થીઓને મળતા નથી, અને એ પંખા પણ બજારમાં વેચાઈ જાય છે. બોર સારવા માટે ૧૩ હજારની સહાય, ચેક ડેમ અને બોરી બંધ, આ ચેક ડેમો પણ પાંચ લાખની રકમથી સરદાર પટેલ જળ સંચય યોજના નીચે બનાવવામાં આવે છે. પરંતુ એ ચેકડેમોની તપાસ કરીએ તો એવા કોઈ ચેક ડેમો આજે જોવા મળતા નથી. ૨૦૦૭-૦૮ માં ૨૦ મુદ્દા કાર્યક્રમ હેઠળ જે અનુસૂચિત જન જાતિના કુટુંબોને પ્રાયોજના મારફતે સહાય મળેલી એમાં ભરૂચમાં ૨૪૦૦ કુટુંબનો લક્ષ્યાંક હતો, પણ ૩૯૧ લાભાર્થીઓ ને લાભ મળ્યો, ૧૬.૨૯ ટકા ને લાભ મળ્યો, ગોધરામાં ૨૧૬૫ લાભાર્થીઓની સંખ્યા, લાભ મળ્યો ૧૦૫૭, ૪૮.૮૨ ટકા, ખેડબ્રહ્માંમાં, ૧૯૦૦ લાભાર્થીઓ, લાભ મળ્યો ૧૧૩૪, ૫૯.૬૮ ટકા,  એવી રીતે છૂટાછવાયા આદિવાસીઓ વલસાડમાં ૨૦૦ લાભાર્થીઓને લાભ

આપવાનો હતો એમાંથી ફક્ત ૧૯ લાભાર્થીઓને જ લાભ આપવામાં આવેલ છે. એટલે ફક્ત ૯.૫૦ ટકા જ સિદ્ધિ હાંસલ કરી છે. એ રીતે વાંસદામાં ૩૦૦ લાભાર્થીઓને લાભ આપવાનો હતો એમાંથી ફક્ત ૧૯૯ લાભાર્થીઓને જ લાભ આપવામાં આવ્યો છે. એટલે ૬૬.૭૩ ટકા સિદ્ધિ હાંસલ કરી શક્યા છીએ. ભરૂચમાં ૫૫૦ લાભાર્થીઓની સામે ૩૯ લાભાર્થીઓને લાભ મળ્યો છે એટલે ફક્ત ૭.૦૯ ટકા જ સિદ્ધિ હાંસલ થઈ છે. એ રીતે ટોટલ ૨૯૭૫ લાભાર્થીઓને લાભ આપવાની વાત હતી એમાંથી ફક્ત ૭૭૬ લાભાર્થીઓને જ લાભ આપવામાં આવ્યો છે એટલે ૨૬.૮ ટકા જ સિદ્ધિ હાંસલ કરી શક્યા છીએ. આ રીતે છૂટાછવાયા આદિવાસીઓને સહાય મળી છે.

આદિમ જૂથ આદિવાસી પેટા યોજના નીચે અમદાવાદ, સુરેન્દ્રનગર અને જુનાગઢમાં ૪૬૦ બહારના લોકોને મદદ કરવાનો લક્ષ્યાંક નક્કી કરેલ હતો પરંતુ એકેયને સહાય મળી નથી એટલે ટકાવારી પણ ઝીરો છે. આ રીતે કરોડો રૂપિયા મંજૂર કરવામાં આવે છે પરંતુ રકમ વપરાતી નથી.

ગુજરાત પૅટર્ન હેઠળ ૨૦૦૭-૨૦૦૮ સુધીમાં વણવપરાયેલ ૮૨ કરોડ ૧૩ લાખ ૪૪ હજારની રકમ છે એ રકમ યેનકેન પ્રકારે બીજા લોકોને આપી દેવામાં આવી છે. એના કારણે ગુજરાત પૅટર્નની રકમો છે તે પણ વપરાતી નથી. ગયા વરસે ૪૧૦ કરોડ ૧૭ લાખ ૯૩ હજારની જોગવાઈ ગુજરાત પૅટર્નમાં કરેલી. આ વખતે ૨૯૬ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે એટલે ગયા વરસ કરતાં ૧૧૪ કરોડ ૧૮ લાખનો ઘટાડો થયો છે.

આદિવાસી તાલુકાઓમાં આવેલી સરકારી અને ખાનગી કૉલેજોને સાંકળીને એક આદિવાસી યુનિવર્સિટી બનાવવા માટે મારી ખાસ માગણી છે.

જ્યારે એન.જી.ઓ. ને વિકસતી જાતિના કલ્યાણ ખાતા દ્વારા તક્ષશિલા એવોર્ડ આપવામાં આવે છે એ રીતે આદિવાસીઓ માટે વિવિધ પ્રવૃત્તિઓ કરતા વિવિધ સંસ્થાઓને એકલવ્ય એવોર્ડ આપવાની યોજના દાખલ કરવી જોઈએ.

**શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ (માંડલ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કાયદા મંત્રીશ્રી કાયદા વિભાગની માગણી લઈને આવ્યા છે એમાં મારું સમર્થન આપવા માટે ઊભો થયો છું.

દેશની અંદર ન્યાય આપવાની બાબત હંમેશા ચિંતાજનક રહી છે. ન્યાય આપવાનો વિલંબ એ પણ સમાજ જીવન માટે એટલો જ ચિંતાનો વિષય છે. દેશના ન્યાયતંત્ર ઉપર બાકી કાનૂની કેસોનો ભારે બોજ છે. જ્યારે નાના પરચૂરણ કેસોનો ચૂકાદો આવતા વરસો પણ વીતી જાય છે ત્યારે આ રાજયની કાનૂની વ્યવસ્થા છે એને ઝડપ મળે તેવું આયોજન આ સરકારે કર્યુ છે. રાજયની અંદર કોઈપણ માણસને અન્યાય થાય તો એ ન્યાયતંત્રની સામે જૂએ છે અને ન્યાય તંત્ર એને ન્યાય આપવાનો પ્રયત્ન કરે છે. આવા છેવાડાના માનવી માટે આ રાજયની સરકારે પણ વ્યવસ્થા કરી છે. ગામડાંનો માણસ હોય આદિવાસી હોય કે છેવાડાનો માનવી હોય એના માટે રાજય સરકારે છ જેટલી એટ્રોસિટી કોર્ટોની સ્થાપના કરવા માટે આ બજૅટમાં આયોજન કર્યુ છે. આ રાજયમાં વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત નવસારી, વલસાડ, દાહોદ, નર્મદા, હિંમતનગર અને પાટણ ખાતે નવી એટ્રોસિટી કોર્ટો સ્થાપવાનું આયોજન કર્યુ છે જે આવકારદાયક છે. જેથી કરીને છેવાડાના માનવીને આનો ન્યાય મળશે.

અનુસૂચિત જાતિના જે જૂનિયર વકીલો છે એના માટે આ રાજય સરકારે વ્યવસ્થા કરી છે. એમને સિનિયર વકીલો સાથે પ્રૅક્ટિસ કરવાની થાય એમને તૈયાર કરવા માટે રાજય સરકારે સ્ટાઈપેન્ડ આપ્યું છે. પહેલા વરસે માસિક એક હજાર રૂપિયા, બીજા વરસે આઠસો રૂપિયા અને ત્રીજા વરસે છસ્સો રૂપિયા આપવાનું નક્કી કરેલ છે. એ જ રીતે સિનિયર વકીલોને એલાઉન્સ પણ આપવાની વ્યવસ્થા કરેલ છે.

રાજયમાં ભ્રષ્ટાચારની ગંગોત્રી વહેતી હોય ત્યારે એના ઉપર લગામ લગાવવા માટે લાંચ રૂશ્વત વિરોધી કેસો ચલાવવામાં ઘણો વિલંબ થતો હતો એટલે લાંચ રૂશ્વત વિરોધી કેસો ચલાવવા માટે એમાં ઝડપ લાવવા માટે નવી બે કોર્ટો એક અમદાવાદ અને બીજી સુરત ખાતે સ્થાપવાનું રાજય સરકારે આયોજન કર્યુ છે. મને લાગે છે કે હવે આ કટકી-બટકીવાળાને કોઈ ચાન્સ રહેશે નહીં. રાજય સરકાર જ્યારે નિર્મળ ગુજરાત વર્ષ ઉજવી રહી હોય ત્યારે રાજયમાં આ દિશામાં નવી પહેલ છે અને અમદાવાદમાં નિર્મળ ગુજરાત અન્વયે સેનિટેશન ન્યાય મંદિર સ્થાપવાનો પણ આ બજૅટમાં સમાવેશ કર્યો છે. રાજયમાં અમારી સરકારે ૨૦ જેટલી નારી અદાલતો સ્થાપી છે અને એક નારીને, એક અબળાને પણ આનો ન્યાય મળે તે માટે રાજય સરકારે ભગીરથ પ્રયત્ન કર્યો છે. રાજયમાં પડતર કેસોનું ભારણ ઓછું કરવા માટે સ્થાનિક કોર્ટોમાં પણ વધારો કર્યો છે. તેના માટે જે કેસોનો ભરાવો છે તે ઓછો કરવા માટે રાજયના મુખ્યમંત્રીશ્રીની પ્રેરણાથી તા. ૧૪ નવૅમ્બર-૨૦૦૬ના રોજ ગુજરાતમાં સાંજની અદાલતો, સાંધ્ય અદાલતો શરૂ કરી છે. દેશનું આ પ્રથમ રાજય છે કે આવા પ્રકારની અદાલતો શરૂ થતી હોય અને જેનાથી ૨,૪૪,૦૦૦ કેસોનો નિકાસ થયો છે. હાલમાં આ રાજયમાં ૯૬ જેટલી સાંધ્ય અદાલતો ચાલુ છે. છેલ્લા પાંચ વર્ષમાં ૬૧ અદાલતોમાં ૧૪૫૧ નવી જગ્યાઓ ઉભી કરી છે. પરિણામે પડતર કેસોની સંખ્યા હતી ૧૦૮.૩૩ લાખ તેમાં ઘટાડો થઈને ૨૪ લાખ પડતર કેસો રહે છે. રાજય સરકારે આ અંદાજપત્રમાં ૨૦૦૭-૦૮માં ૫૦ કરોડની સામે ૧૯.૪૦ કરોડના વધારા સાથે ૬૯.૨૫ કરોડની ફાળવણી કરી છે. એ ઉપરાંત રાજયની અંદર વાઘોડીયા, કલ્યાણપુર, બેચરાજી, ઘોઘંબા અને ઘોઘા, ગઢડા, નવસારી ખાતે પણ સિવિલ જજની કોર્ટો શરૂ કરવાનું આયોજન કર્યું છે. (સમયસૂચક ઘંટડી) એમ.એ.સી.ટી.ની છેલ્લી વાત કરું કે એમ.એ.સી.ટી.માં વર્ષો પહેલાં પાંચ-સાત વર્ષે ચૂકાદા આવતા. હું વીરમગામનો દાખલો આપવા માગું છું કે ગયા શ્રાવણ માસમાં અકસ્માતનો કેસ

બનેલો તેનો ચૂકાદો છ મહિનામાં વીરમગામની કોર્ટે આપ્યો છે. કાયદામંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે તેને આવકારું છું.

**શ્રી હર્ષદભાઈ ચુ. વસાવા (રાજપીપળા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી માગણી ક્રમાંક- ૨૬, ૨૭, ૫૯ અને ૯૬ લઈને આવ્યા છે તેને સમર્થન આપવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આદિવાસી સમાજના સર્વાંગી વિકાસ માટે સરકારની નેમ છેલ્લા પાંચ વર્ષ દરમ્યાન સરકાર દ્વારા ધ્યેયપ્રાપ્તિ કરવા માટે અનેક પ્રયાસો કરવામાં આવ્યા છે. આ દેશની લગભગ ૮.૨ ટકા વસતિ આદિજાતિ સમાજની છે. ગુજરાત રાજયની વસતિમાં લગભગ ૧૫ ટકા જેટલી વસતિ આદિવાસી સમાજની છે. આ રાજયનો જે પૂર્વનો વિસ્તાર છે તેમાં ઉમરગામથી લઈ અંબાજી સુધીનો પૂર્વપટ્ટીનો વિસ્તાર છે ત્યાં આદિવાસી સમાજ વસેલો છે. આ આદિવાસી સમાજ જ્યાં વસે છે તે ડુંગરાળ વિસ્તાર છે. જેના પરિણામે તેની દરેક વિસ્તારની ભૌગોલિક પરિસ્થિતિ અલગ-અલગ છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈએ આ ગરીબ સમાજનો વિકાસ કરવા માટે જે વનબંધુ કલ્યાણ યોજના ગત તા. ૨૭-૨-૨૦૦૭ના રોજ વિધાનસભાના નિયમોના નિયમ-૪૪ હેઠળ વનબંધુ પૅકૅજ યોજના જાહેર કરી, ૧૫ હજાર કરોડ રૂપિયાનો આદિવાસી સમાજના વિકાસ માટે ૧૦ મુદ્દાનો કાર્યક્રમ માનનીય મુખ્યમંત્રીશ્રીએ જાહેર કર્યો છે. આની પાછળ એટલું ચોક્કસ કે આદિવાસી સમાજની અન્ય સમાજ સાથે સરખામણી થઈ શકે, આદિવાસી સમાજનો સારો વિકાસ થાય, તેમની આવક બમણી થાય એવા તમામ પ્રયત્નો આ વનબંધુ પૅકૅજમાં કરવામાં આવ્યા છે. રોજગારીથી લઈને શિક્ષણની ગુણવત્તા સાથે ઉચ્ચ ટૅક્નીકલ શિક્ષણ આપવા માટેનો પણ આ વનબંધુ પૅકૅજમાં સમાવેશ કરવામાં આવ્યો છે. હું માનું છું કે આદિવાસી સમાજમાં શિક્ષણ ખૂબ ઓછું હતું. જેના પરિણામે મારા સાથી અત્યારે વિરોધપક્ષમાં હતા એ માનનીય મુખ્યમંત્રીશ્રી તરીકે આદિવાસી રહી ગયા છે. અને માનનીય મોહનસિંહભાઈ પણ સમાજ કલ્યાણ મંત્રી હતા. અત્યારે વાત કરતા હતા. આદિવાસી સમાજની અંદર કશું કામ થયું નથી. તો મારે એમને પૂછવું છે કે, તમે પણ આ વિભાગની જવાબદારી લીધી હતી ત્યારે આદિવાસીઓના પ્રશ્નો ઉકેલવાનો કેમ પ્રયાસ કર્યો નથી. જો આ પ્રશ્નો ઉકેલ્યા હોત અને આદિવાસી સમાજના જે ગરીબ લોકો છે એમના તરફ ધ્યાન કેન્દ્રિત કર્યું હોત તો હું માનું છું કે પાયાના પ્રશ્નો છે એ આજે ૫૦ વર્ષ પછી ઉકેલવાની ફરજ પડી છે. ૫ વર્ષની અંદર જે કામગીરી ગુજરાત પૅટર્ન દ્વારા થઈ છે એ કામગીરી એક સફળ ગાથા તરીકે આપણે જાણી શકીએ છીએ. સત્તાનું વિકેન્દ્રીકરણ કરીને લોકભાગીદારીનો સફળ નમૂનો આ ગુજરાત પૅટર્ન દ્વારા પ્રસ્થાપિત કર્યો છે. છેલ્લા ૭ વર્ષમાં રૂ.૧૨૧૧ કરોડના ખર્ચ ૫૭૨૮૬ કામ પૂર્ણ થયા છે. ૨૮૫૯ ચેક ડૅમનું નિર્માણ થયું છે.૨૯૨૩ કિ.મી.ના ગ્રામ માર્ગો, રસ્તાઓ પૂર્ણ થયા છે, ૧૧૫૭૫ આવાસોનું નિર્માણ થયું છે. ૧૧૫૯૫ દુધાળા પશુઓ અર્પણ કરવામાં આવ્યા છે. ૧૧૫૧ ગ્રામ વિકાસના કામો પૂર્ણ થયા છે. ૨૫૩૮ આદિજાતિ પેટા પરાઓના વીજળીકરણની કામગીરી થઈ છે. એટલા માટે હું આ વિભાગની માગણીઓને સમર્થન આપું છું.

**ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા)** : માનનીય અધ્યક્ષશ્રી, વન અને પર્યાવરણ મંત્રી, કાયદા મંત્રી અને સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની માગણીઓ માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી લઈને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરવા ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ એ આદિવાસીઓની આર્થિક, સામાજિક, શૈક્ષણિક અને આંતરમાળખાકીય સુવિધાઓ વધે એના માટે કામ કરે છે. ગઈ વખતે ટ્રાયબલ એરિયા સબ પ્લાનના બજૅટમાં જોગવાઈ ૨૩૩૫ કરોડની હતી અને મુખ્યમંત્રીશ્રી એક ૧૫૦૦૦ કરોડ રૂપિયાનું પૅકૅજ લઈને આવ્યા. આ અલગ પૅકૅજ આવ્યું એટલે અલગ જોગવાઈ હશે એમ અમને હતું અને અમે અભ્યાસ કર્યો તો ખબર પડી કે, ૧૧મી પંચવર્ષીય યોજના છે અને ૫ વર્ષનું આયોજન છે અને આ તો જે ૧૧મી પંચવર્ષીય યોજના છે એનું ૧ લાખ ૬ હજાર ૯૧૮ કરોડ ટોટલ આયોજન છે. એનો મતલબ એ થયો કે ૧૭.૫૭ ટકા એટલે કે ૧૮ હજાર ૭૮૫ કરોડ મળવા જોઈતા હતા પણ એના બદલે ૧૫૦૦૦ કરોડ, એટલે કે ૩૭૮૫ કરોડ ઓછા ફાળવવાનું એક પ્લાનીંગ ચોક્કસ દેખાય છે. આમ તો આપણી પાસે સરસ સેટ અપ છે. કમિશનર ઑફિસ છે, પ્રાયોજના અધિકારી છે, એટલે આદિવાસીની યોજનાઓ છેક છેવાડાના માનવી સુધી પહોંચે એના માટેનું એક માળખું છે. આ જે વન બંધુ યોજનાનું નામ લાવીને યોજના એની એ, બજૅટ એનું એ અને નામકરણ બદલાવ્યું અને એના પછી એનું ડીસેટ નામની સંસ્થા જે અહિંયાં ગાંધીનગર સચિવાલય કક્ષાએ સ્થાપવામાં આવી છે. ડીસેટ સંસ્થાનું કામ આ જે યોજના વનબંધુની યોજના છે એનું અમલીકરણ કરવાનું , એનું સરળ સંચાલન કરવા માટે છે. આમાં જે અધિકારીઓ રોક્યા છે એમને પગાર ૨૫ હજાર રૂપિયા અપાય છે. આદિવાસીઓના વિકાસ માટે આપણી પાસે ઓલ રેડી એક માળખું તૈયાર છે. તો શાના માટે આ બીજું માળખું ઊભું કરવાની જરૂરિયાત ઊભી થઈ છે. અમને તો એમ લાગે છે કે, આદિવાસીઓની યોજનાઓનું કેન્દ્રીકરણ થયું હોય એવું લાગે છે. આ દસ મુદ્દાના જે કાર્યક્રમો છે એમાં ૫ લાખને રોજગારી આપવાની વાત છે. એટલે એક વર્ષમાં એક લાખ લોકોને રોજગારી મળવી જોઈએ. એકેયને મળી છે ખરી? સાહેબ, દરેકને નળથી પાણી મળશે, ૨૫ ટકા લોકોને મળશે. ગામમાં જઈને નળમાં જુઓ કોઈના ત્યાં પાણી પહોંચ્યું છે ખરું.

માનનીય અધ્યક્ષશ્રી, સિંચાઈ માટે ગઈ વખતે બહુ સારી રકમ રૂ.૬૫૦ કરોડ ફાળવવામાં આવી હતી. એટલે અમને એમ હતું કે, આદિવાસી વિસ્તારમાં સિંચાઈની સુવિધાઓ વધશે. પણ હમણાં જ મેં ત્રણ દિવસ પહેલાં

પ્રશ્ન પૂછ્યો હતો કે, ૩૦૦ કરોડ રૂપિયા આદિવાસીઓની સિંચાઈ માટે મળ્યા છે. એમાંથી કયા તાલુકામાં યોજના બનાવી? માનનીય મંત્રીશ્રી જવાબ નહોતા આપી શક્યા. કોઈ યોજના બનાવી જ નથી. આદિવાસીઓને મોટું બજૅટ બતાવવામાં આવે અને પૈસા વાપરવામાં આવતા નથી. આ આદિવાસી વિસ્તારોમાં શિક્ષણ ઊંચું લાવવા માટે તાલુકા કક્ષાએ સાયન્સની સ્કૂલો શરૂ કરવાની માનનીય મંત્રીશ્રીએ વાત કરી હતી. અત્યારે સાયન્સની સ્કૂલોમાં શિક્ષકો રોકયા છે. અત્યારે સ્કૂલોમાં શિક્ષક નથી અને જે પ્રયોગશાળા છે એ પણ નથી એના વગર છોકરાઓ ૧૧મું ધોરણ ભણી રહ્યા છે. આ આદર્શ નિવાસી શાળા અને જે એકલવ્ય રેસીડેન્સ સ્કૂલો છે એમાં પણ અત્યારે વગર શિક્ષકોએ છોકરાઓ ભણી રહ્યા છે. બારમાસી રસ્તાઓ માનનીય મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે ૨૫૦ની વસ્તીએ રસ્તાઓ કરવામાં આવશે પણ મારે મંત્રીશ્રીને પૂછવું છે કે છેલ્લા એક વર્ષમાં એક પણ રસ્તો બન્યો હોય તો મને બતાવો. એક પણ રસ્તો. આ પૈસા કુલ લગભગ ૨૬૧ કરોડ રૂપિયા આદિવાસી વિસ્તારો માટે હતા. બધા પૈસા નહીં વપરાયા. બારમાસી રસ્તાઓ ૨૫૦ની વસ્તીએ તો ખરા પણ બીજા જે હયાત રસ્તાઓ છે એની પણ મરામત કરવામાં આવશે એવી વાત કરી હતી અને એ રસ્તાઓની પણ મરામત નથી થઈ. છેલ્લે સાહેબ મારે તો મંત્રીશ્રીને પણ હું ઘણી વખત વાત કરું છું કે અમારા રસ્તાઓ કેવી રીતે તમે કરી આપવા માગો છો? * (xxxxx) (અંતરાય ) માનનીય અધ્યક્ષશ્રી , (અંતરાય) દુઃખની બાબત તો એ છે કે તમારા ભા.જ.પ.ના જ સંસદસભ્યને આદિવાસી વિસ્તારમાં રસ્તા, વીજળી, પાણીની સુવિધાઓ નથી. .. ..**પોઈન્ટ ઓફ ઓર્ડર**

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રીના નામે (xxxxx) આવો જવાબ ના આપી શકાય. કહી ના શકાય.

**ડૉ. અનિલ જોષીયારા** : સોરી સાહેબ હું કાઢી લઉ છું. સોરી.

**અધ્યક્ષશ્રી** : માનનીય અનિલભાઈ, જો (અંતરાય) આપને મંત્રીશ્રીએ કહયુ હોય તો આપ મંત્રીશ્રીના નામ, સાથે સમય સાથે વિગત સાથે કહો. નહીં નહીં નથી કહ્યું એટલે કોઈપણ આક્ષેપાત્મક વાત જે સાચી ના હોય એવી કહેવી જોઈએ નહીં. હું એ વાતને કાઢી નાખુ છું.

**ડૉ. અનિલ જોષીયારા** : વાત તો કરી છે પણ છતાં આ વાત અનુકૂળ ના લાગતી હોય તો કાઢી નાખવામાં વાંધો નથી.

**અધ્યક્ષશ્રી** : નહીં નહીં મને વાંધો એટલા માટે છે કે .. ..

**ડૉ. અનિલ જોષીયારા** : અસંસદીય કે એવી હોય તો કાઢી નાખવામાં મને વાંધો નથી.

**અધ્યક્ષશ્રી** : તમારા શબ્દો કાઢી નાખું છું. એ મને યોગ્ય લાગતા નથી. કારણ કે આપ જવાબદારીપૂર્વક બોલો તો મારે કશું કાઢી નાખવું ના પડે.

**ડૉ. અનિલ જોષીયારા** : સાહેબ, હું જવાબદારીપૂર્વક જ બોલું છું.

**અધ્યક્ષશ્રી** : આપને કહ્યું હોય તો એના સમય સ્થળ અને કયા મંત્રીએ કહ્યું એની વિગતો સાથે કહેવું જોઈએ. પણ એ ના હોય તો એવી વાતો ગૃહની અંદર કહેવી જોઈએ નહીં. આપ આગળ ચલાવો કારણ કે આપની મિનિટો કપાય છે.

**ડૉ. અનિલ જોષીયારા** : મારે તો સાહેબ આદિજાતિ વિકાસ વિભાગના મંત્રી સાથે જ આ વાત થઈ હતી એટલે હું .. ...

**અધ્યક્ષશ્રી** : આપની પાસે એની વિગતો હોય તો એ વિગતો મને આપજો. પછીની ચર્ચામાં આપણે લઈશું અત્યારે હું એ કાઢી નાખું છું. આપ આગળ ચાલો. આપનો સમય કપાય છે.

**ડૉ. અનિલ જોષીયારા** : ઓરલી વાત થઈ હતી. બીજું સાહેબ, આ સંસદસભ્યને પણ ઉપવાસ પર ઉતરવું પડે છે. ભાજ.પ.ના જ સંસદસભ્યે રસ્તા, વીજળી, પાણીની સિંચાઈની સુવિધા નથી એટલા માટે .. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : શ્રી મંગુભાઈ, આપ જવાબમાં કહેજોને.

**ડૉ. અનિલ જોષીયારા** : બીજું સાહેબ, મારે દુઃખ સાથે એક વાત કરવાની છે કે છેલ્લા ૧૦ વર્ષથી ટ્રાયબલ કમિશ્નરની જે પોસ્ટ છે ત્યાં સિનિયર આઈ. એ.એસ. મૂકવામાં નથી આવતા એના લીધે સમીક્ષાઓ નથી થતી. મને તો એમ લાગે છે કે જે જુદા જુદા વિભાગો સાથે ચર્ચા વિમર્શ નથી કરી શક્તા એના લીધે અમારા રસ્તાઓ અમારા કામો અટકતા હોય એવું મને લાગે છે. આ મારી લાગણી છે. સરકારે વાડી યોજના માટે ૨૦૦૩ થી ખૂબ મહેનત કરી અને વાડી યોજના માટે બાયસેક માટે, પણ મારે એમને એમ કહેવું છે કે કેટલા આંબાઓ જીવિત છે? કેટલા આંબાઓને મોર આવ્યો છે? કેટલી કેરીઓ આંબાને લાગી છે? આદિવાસી વિસ્તારમાં કેટલા જણને આ લાભ થયો છે. આ બધી બાબતો ખૂબ ગંભીર છે આના માટે ખૂબ ચર્ચાઓ પણ થઈ છે. ગુજરાત પેટર્નની વાત કરું. ગુજરાત પેટર્નનું જે બજેટ છે આમ તો દર વર્ષે વધવું જોઈએ. ગયા વખતે ૪૧૦ કરોડ અને ૧૮ લાખ હતું આ વર્ષે એ ઘટીને ૨૯૬ કરોડ થયું છે એટલે ૧૧૪ કરોડ અને બીજું સાહેબ તાલુકા કક્ષાની કમિટીઓ જિલ્લા કક્ષાની કમિટીઓમાં ત્યાં કામો મંજૂર થઈ ગયા અને સરકારે તાઃ ૭-૪-૨૦૦૭ના રોજ

* (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાખવામાં આવ્યા.

પરિપત્ર  કરીને ૨૦ ટકા પૈસા પરત ખેંચી લીધા એના લીધે અમારા જે કામો મંજૂર થયેલા એ કામો થઈ શક્યા નહીં અને એ પૈસા એ આ ડીસેટ સંસ્થાઓને હવાલે મૂકવામાં આવ્યા એ ડી-સેટ સંસ્થાના હવાલો આ પૈસા ૮૨ લાખ રૂપિયા પ્લસ કેન્દ્ર સરકારમાંથી જે પૈસા મળે છે ૨૭૫ આર્ટિકલ નીચે એ પૈસા પણ જે આ લોકો જે મુખ્યમંત્રીના ફોટા અને લીટરેચર છપાવવા માટે ઉપયોગ કરે છે એ દુ:ખદ બાબત છે.

**શ્રી શંભુજી ઠાકોર (ગાંધીનગર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કાયદા મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરવા અને તેને સમર્થન આપવા માટે ઉપસ્થિત થયો છું.  ગાંધીનગરની સ્થાપના ૨ ઓગસ્ટ, ૧૯૬૫ના દિવસે થઈ.  માનનીય અધ્યક્ષશ્રી, ત્યાર પછી ગાંધીનગર તાલુકો બન્યો.  અને ગાંધીનગર તાલુકો કાયદા વિભાગ માટે ૩ વિભાગમાં વહેંચાયેલો હતો.  એક કલોલ કોર્ટમાં, નારોલ કોર્ટમાં અને દહેગામ કોર્ટમાં.  ૧૯૭૭માં અમે ગાંધીનગર કોર્ટ માટે અલગ માગણી કરી.

માનનીય અધ્યક્ષશ્રી, ૧૪મી ફેબ્રુઆરી ૧૯૭૮ના રોજ અલગ કોર્ટ ફાળવવામાં આવી. આ કોર્ટ રહેઠાણના મકાનમાં બેસતી હતી. તેમાં ઉત્તરોત્તર જ્યુડિશિયલ મૅજીસ્ટ્રેટોની એક-બે એમ કરીને ચાર કોર્ટો થઈ. સિનિયર ડિવિઝનની કોર્ટ ફાળવવામાં આવી અને આસિસ્ટન્ટ કોર્ટ પણ ફાળવવામાં આવી. પરંતુ આ ગાંધીનગર કોર્ટનું અલાયદું ન્યાય મંદિર ન હતું. મારે આ ભારતીય જનતા પક્ષની સરકારને અભિનંદન આપવા છે કે આ ભારતીય જનતા પક્ષની સરકારે એના માટે અલગ બજૅટ ફાળવ્યું અને સૅક્ટર-૧૧ માં ગાંધીનગરનું એક સુંદર ન્યાય મંદિર બન્યું. ગાંધીનગરમાં પંડિત દીનદયાળ યુનિવર્સિટી, આઈ.આઈ.ટી. બૉમ્બેની ઈન્ટિટયૂટ અને ઈન્ફોસિટી જેવી સંસ્થાઓ સ્થપાયેલી છે. વિદેશની મોટી મોટી કંપનીઓ સાથે એમ.ઓ.યુ. થયા છે ત્યારે આ કાયદાનું જ્ઞાન લઈને જે બહાર આવે એ નિષ્ણાંત કાયદાશાસ્ત્રી બને એ માટે આ ભારતીય જનતા પક્ષની સરકારે ગાંધીનગરમાં લો યુનિવર્સિટીની સ્થાપના કરી. આ લો યુનિવર્સિટી પાસે જે સુપ્રીમ કોર્ટમાં જે પ્રકારની લાઈબ્રેરી છે તેવી લાઈબ્રેરી છે. આ માટે મારે આ ભારતીય જનતા પક્ષની સરકારને અભિનંદન આપવા છે.

માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૭-૦૮ના બજૅટમાં કાયદા વિભાગ માટે ૫૮ કરોડની જોગવાઈ હતી. એમાં વધારો કરીને ૨૦૦૮-૦૯માં ૧૯.૪૦ કરોડના વધારા સાથે ૬૯.૨૫ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. ન્યાયનો વિલંબ એ દરેક માટે ચિંતાનો વિષય હતો. સ્ટેટ લીગલ ઓથોરિટીએ લોક અદાલતો કરી અને આ લોક અદાલતો દ્વારા સસ્તો અને સરળ ન્યાય મળે એ માટે સારી એવી મહેનત કરવામાં આવી અને સસ્તામાં સસ્તો ન્યાય એટલે કે ૬૪ પૈસે ન્યાય મળે એ માટે શરૂઆત થઈ. એટલું જ નહીં પરંતુ માનનીય મુખ્યમંત્રીશ્રીએ સાંધ્ય કોર્ટનો વિચાર કર્યો અને ગાંધીનગર તેમજ ગુજરાતમાં ૯૪ જેટલી સાંધ્ય કોર્ટોની સ્થાપના કરવામાં આવી. આ સાંધ્ય કોર્ટો દ્વારા ૨.૪૪ લાખ કેસોનો નિકાલ કરવામાં આવ્યો. કેસોનો ભરાવો એટલો બધો હતો કે, ૧,૦૮,૩૩,૦૦૦ જેટલા કેસો હતા. મને કહેતાં આનંદ થાય છે કે ફાસ્ટ ટ્રેક, લોક અદાલત અને સાંધ્ય કોર્ટો મારફતે આ કેસોનો નિકાલ કરવામાં આવ્યો અને હાલમાં ૨૪ લાખ કેસો પેન્ડીંગ છે. આ માટે સરકારને અભિનંદન આપું છું અને જે માગણીઓ લઈને આવ્યા છે એમાં મારું સમર્થન કરું છું.

**શ્રી દિલીપસિંહજી વ. પરમાર (મોડાસા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીઓ જે માગણીઓ લઈને આવ્યા છે તેને સમર્થન આપવા અને મારા વિચારો વ્યક્ત કરવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, વન ખાતામાં એક સ્કીમ છે જોઈન્ટ ફૉરૅસ્ટ મેનેજમેન્ટ એટલે કે સહભાગી વન વ્યવસ્થાની. મારા મત વિસ્તારમાં મેં આ જે યોજના છે એનો બહુ બારીકાઈથી અભ્યાસ કર્યો છે અને દરેક કાર્યક્રમમાં ભાગ લીધો છે. મેં જોયું કે જેમ સરકારના વિવિધ વિભાગોમાં જ્યારે લોકોનો સહકાર લેવામાં આવે છે, લોક ભાગીદારી થાય છે ત્યારે તેમાં ઘણી સફળતા મળે છે. આ જોઈન્ટ ફૉરૅસ્ટ મેનેજમેન્ટમાં મારા મત વિસ્તારમાં જે કામો થયા તેમાં પીવાના પાણી માટે, સિંચાઈ માટે, આરોગ્ય માટે એટલા સુંદર કામો થયાં છે કે મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે જે આ સુંદર કામો થયા છે તેના આધારે વધારેમાં વધારે આ જે વન મંડળીઓ છે એને મંજૂરી આપવામાં આવે અને તેના દ્વારા બીજા કામો પણ આપણે સુંદર રીતે કરી શકીએ.

માનનીય અધ્યક્ષશ્રી, આ જે સહભાગી વન વ્યવસ્થા છે એ વન વ્યવસ્થાની અંદર જે કાર્યક્રમો થાય છે તેમાં સૌથી મહત્ત્વની બાબત એ છે કે મહિલાઓની ભાગીદારી હતી એ મેં જોઈ છે અને તેમને જે ટ્રેનિંગ આપવામાં આવે છે તેના દ્વારા તેઓમાં મહિલા સશસ્તીકરણનું સુંદર કામ થયું છે. વન વિભાગના વિસ્તારની અંદર સિંચાઈની જે કામગીરી કરવામાં આવે છે એ કામગીરી માટે વન વિભાગ પાસે કોઈ તાંત્રિક જાણકારી હોતી નથી તો માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે આપણા વન વિસ્તારની અંદર સિંચાઈના જે કામો કરવાના હોય છે એ કામો આપણે સિંચાઈ વિભાગ પાસે કરાવીએ અને આપણી જે ગ્રાન્ટ છે એ સિંચાઈ વિભાગને આપીએ. તેમની પાસે તાંત્રિક જાણકારી હોય છે તો તેના દ્વારા સિંચાઈ કામો ઘણી સારી રીતે થઈ શકે છે.

માનનીય અધ્યક્ષશ્રી, વન વિભાગમાં વનપાલ અને વન વિસ્તરણ મદદનીશની જે કેડર છે એ બંને કેડરને એક કરવા અનેક ધારાસભ્યો અને અનેક વ્યકિતઓએ રજૂઆત કરી છે. આ બંને કેડર છે તેમની ફરજો એક છે, તેના ડ્રેસ એક છે, તેની કામગીરી એક છે જેથી આ બંને કેડર એક કરવા માટે મારી માનનીય વનમંત્રીશ્રીને વિનંતી છે.  વનખાતાના કર્મચારીઓ જે સુંદર કામગીરી કરે તેમને એવોર્ડ આપવા માટેની સરકારની યોજના છે. એ છેલ્લા ઘણા સમયથી આ માટે એવોર્ડ અપાયા નથી. મારી મંત્રીશ્રીને વિનંતી છે કે તેમને નિયમિત રીતે એવોર્ડ આવમાં આવે તો તેમને પ્રોત્સાહન મળે અને તેઓ પ્રોત્સાહિત થઈ પોતાની કામગીરી સારી રીતે કરી શકે. કેન્દ્ર અને રાજ્ય

સરકાર દ્વારા જે ગ્રામ પંચાયતો, તાલુકા પંચાયતો, જિલ્લા પંચાયતો અથવા જે સામાજિક કાર્યકર્તાઓ અને નાગરિકો વન બચાવવા માટેની જે કામગીરી કરે છે, વનનો વિકાસ થાય એ માટેની કામગીરી કરે છે. તેઓ માટેની એક નિશ્ચિત વ્યવસ્થા હોય છે અને તેના માટે જે નિયમિત મિટિંગો બોલાવવી જોઈએ તેવી મારી વિનંતી છે અને તેના દ્વારા આપણે વનનું સારી રીતે રક્ષણ કરી શકીએ. ગ્રામ પંચાયત વિસ્તારમાં ગૌચરમાં વનીકરણ થાય છે એમાં પાંચ વર્ષ પછી ચોકીદાર ઉઠાવી લેવાય છે તેનાથી ઘણા ઝાડ કપાય છે તો આના માટે કોઈ પ્રત્યન કરે એવી મારી સરકારને વિનંતી છે અને બિનઉપજાઉં વૃક્ષોના બદલે ફળાઉ ઝાડ જેવા કે- ચીકું અને આંબાનું વાવેતર થાય તેવી મારી વિનંતી છે. વનમંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યાં છે તેમાં મારું સમર્થન છે.

**શ્રી અમરસિંહ રા. વસાવા (દેડીયાપાડા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી માગણી નંબર ૨૬, ૨૭, ૫૯ અને ૯૬ લઈને આવ્યાં છે એમાં મારા મંતવ્યો આપવા માટે અને રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારે દુઃખ સાથે કહેવું પડે કે * (xxxxx) (xxxxx) (xxxxx) (xxxxx) (xxxxx) (xxxxx) (xxxxx) (xxxxx) (xxxxx) (xxxxx) (xxxxx)

**અધ્યક્ષશ્રી** : માનનીય અમરસિંહભાઈ, આપ આ શબ્દો પાછા ખેંચશો. આ સમય વિધાનસભા સચિવાલય નક્કી કરે છે. સરકાર નક્કી નથી કરતી.

**શ્રી અમરસિંહ રા. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, આદિવાસી માટેની જે માગણી છે. ખાસ કરીને જે ફોરેસ્ટ છે. આદિવાસીની જે માગણી છ. એમાં જ્યારે ૧૮૬૫થી અંગ્રેજો પરથી આ જંગલખાતું જ્યારથી અસ્તીત્વમાં આવ્યું ત્યારથી આદિવાસીની સાથેનો સંઘર્ષ આજદિન સુધી જારી છે, તેનું તાજું ઉદાહરણ વિજયનગર તાલુકામાં જે બનાવો બન્યા તે સાક્ષી પૂરે છે. સરકારે તેની નોંધ લેવી જોઈએ. કારણ કે જ્યારે કેન્દ્રમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર હતી. (xxxxx) (xxxxx) (xxxxx) ત્યારે આદિવાસીઓને જંગલમાંથી બહાર કાઢી નાખવા માટે ફોરેસ્ટ વિભાગમાંથી જી.આર કર્યો હતો. આ આદિવાસીઓને જંગલમાંથી કાઢી નાંખો. આદિવાસીઓ અતિક્રમણ કરે છે અને એમને દૂર કરવા જોઈએ. એટલે આ ભા.જ.પ.ની જે સરકાર છે એ આદિવાસી વિરોધી છે અને એના માટે આ પરિપત્રો આખા દેશની (અંતરાય

## પોઈન્ટ ઓફ ઓર્ડર

### કેન્દ્ર સરકારની ટીકા કરવા અંગે

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઈન્ટ ઓફ ઓર્ડર છે. એમણે કેન્દ્ર સરકારની નિશ્ચિતપણે ટીકા કરી છે. માજી વડાપ્રધાનશ્રીનું નામ લઈને ટીકા કરી છે. આવા ઉલ્લેખો આ વિધાનસભા ગૃહની અંદર થઈ ના શકે.

**અધ્યક્ષશ્રી** : આ અંગે મારું રૂલિંગ આપેલું છે. એટલા માટે કેન્દ્ર સરકારની ટીકા ના કરી શકાય.

**શ્રી અમરસિંહ રા. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, આ તો પરિપત્ર થયો છે. ગુજરાતમાં પણ આ પરિપત્ર આવ્યો છે એટલા માટે મારે એનો ઉલ્લેખ કરવો પડે છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : પરિપત્રની વાત કરો પણ સરકારની વાત ના કરો.

**શ્રી અમરસિંહ રા. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, આ પરિપત્ર ગુજરાતમાં પણ (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : વિરામનો સમય થયો છે, વિરામ બાદ આપનું પ્રવચન ચાલુ રહેશે. ગૃહ ૧૧-૦૦ વાગે ફરી મળશે.

### વિરામ સવારના ૧૦-૩૦ થી ૧૧-૦૦

### સભાપતિશ્રી મહેન્દ્ર લી. મશરૂ અધ્યક્ષસ્થાને

**શ્રી અમરસિંહ રા. વસાવા : (ક્ર):** માનનીય અધ્યક્ષશ્રી, હું જે વાત કરી રહયો હતો એ ઈન્સ્પેકટર જનરલ ઓફ ફોરેસ્ટનો જે પરિપત્ર હતો એના કારણે આદિવાસીઓ જંગલમાં અતિક્રમણ કરે છે અને જંગલને નુકસાન કરે છે એ બાબતની વાત આ જે ભા.જ.પા.ના વખતના શાસનમાં જે પરિપત્ર થયો હતો એનો અમે વિરોધ પણ કર્યો હતો. મારે આપના માધ્યમથી મંત્રીશ્રીને કહેવું છે કે ગુજરાતની જે સરકાર છે એ ગુજરાતના આદિવાસી અને દેશના આદિવાસીઓનું બહુ મોટું અપમાન કરે છે એના ઘણાબધા પુરાવા છે. વ્યકિતગત મારું હોય કે તે પછી અમારા સમાજનું હોય. હું જયારે વિધાનસભામાં ચુંટાઈને આવ્યો ત્યારે મારા વિરોધ પક્ષના નેતાને પણ અમે આ વાત કરી હતી કે અમને વનવાસી તરીકે ઓળખવામાં આવે છે. ભારતના બંધારણમાં એવી કોઈ જોગવાઈ નથી કે અમને વનવાસી શબ્દ લગાડીને ઓળખવામાં આવે. આ વન વિભાગનો જે અંદાજનો અહેવાલ છે એમાં પણ અમને ઉચ્ચ અધિકારીઓ પણ વનવાસી તરીકે ઓળખે છે એ અમારા માટે બહુ શરમજનક છે અને દુઃખની બાબત છે એટલે મારે મંત્રીશ્રીને આ બાબતમાં ખાસ આદિવાસીઓને માન મળે, સન્માન મળે એટલા માટે ખુલાસો કરે એવી મારી વિનંતી છે.

બીજું મારે એ પણ આપના માધ્યમથી કહેવું છે કે આ દેશમાં અને ગુજરાતના જે આદિવાસી લોકો જંગલની જમીન ખેડે છે, આ તંત્રની સામે લડે છે ત્યારે આખરે યુ.પી.એ.ની જે સરકાર છે કેન્દ્રમાં એણે અમારી

* (xx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાખવામાં આવ્યા છે.

વાત ધ્યાનમાં લીધી. અમારો તે અધિકાર છે એ વાત સાચી છે એ બાબત પર જઈને કેન્દ્રની યુ.પી.એ. સરકાર ૨૦૦૫ અને ૨૦૦૬માં જંગલની જમીન આદિવાસીઓને મળે એના માટેનો જી.આર. થયો પાર્લામેન્ટમાં બીલ પસાર થયું. લોકસભા અને રાજયસભામાં આ બીલ પસાર થઈને ગુજરાતના અને દેશના આદિવાસીઓને દસ એકર જમીન આપવાનું આ મોટું એક કાર્ય આ દેશમાં થયું. આ કામ ફકત કોંગ્રેસની સરકાર કરી શકે. માટે આ જે અધિકારો અમને આપ્યા છે એને અમે ખૂબ ખૂબ વધાવીએ છીએ. આ જે જંગલની જમીન છે એ જંગલની જમીન આદિવાસીઓને સહેલાઈથી મળે એટલા માટે ગ્રામસભા બોલાવવાની વાત કરી છે. મેં આ ગ્રામસભાઓનો રિપોર્ટ પણ લીધો છે. વાંસદાથી ધરમપુર ઝાલોદમાં ગ્રામસભાનું જે આયોજન થયું પંચાયતધારામાં ગ્રામસભાની જોગવાઈ છે. ગ્રામસભા સ્પેસીફીક પાંચ દિવસમાં બોલાવવી જોઈએ એનો છડેચોક આ સરકાર ભંગ કરે છે અને એક જ દિવસમાં સરકયુલર કરીને આદિવાસી પૂર્વપટ્ટી ઉપર ગ્રામસભા બોલાવવામાં આવી છે. એના માટે જે બે તૃતીયાંશ બહુમતી જોઈએ એ આદિવાસીઓ એના પેટનો ખાડો પૂરવા માટે મજૂરી કરવા ગયા છે. કેન્દ્ર સરકારની જે યોજના છે દસ એકર જમીન આપવાની એ યોજના સફળ નહીં થાય એટલા માટે આ સરકાર કિન્નાખોરી રાખીને અમને હેરાન કરવા માટે પણ આવા જે નિયમનો ભંગ કરે છે એટલા માટે એ બરાબર નથી. મારે આ જંગલના કાયદા અનુસાર ૧૨ જિલ્લાઓમાં હાઈકોર્ટની મનાઈ હોવા છતાં પણ જે જંગલ ખાતાના અધિકારીઓ આદિવાસીઓને હેરાન કરે છે એના અસંખ્ય બનાવ બન્યા છે. એમાંથી એક ઉદાહરણ માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત મારે સરકારને પહોંચાડવું છે કે જે વિજયનગર તાલુકામાં આંતરસુબામાં જે ગોળીબાર થયા એના માટે આદિવાસીઓ માટે બહુ મોટું અપમાન થયું છે. આઝાદી પછી પણ અમારી ઉપર ગોળીબાર થાય, અમને લોહી લુહાણ કરવામાં આવે, મારી નાખવામાં આવે. ભારતના બંધારણ પ્રમાણે અમારા જે અધિકારો છે એ સરકાર રુંધે છે માટે અમને રક્ષણ મળવું જોઈએ, અમારા હકકોનું રક્ષણ થવું જોઈએ કારણકે જયારે અમને દસ એકર જમીન આપવાની વાત જયારે સરકારે કરી છે એ સરકારને અમે ધન્યવાદ પણ આપીએ પણ આ સરકાર આવી છે, અમને રોકે છે એ અમારા માટે બરાબર કે યોગ્ય નથી.હું સૂચન કરું છું કે ગુજરાત પેટર્નમાં જે જોગવાઈ છે.(સમયસૂચક ઘંટડી)

**શ્રી નરેશભાઈ મ. પટેલ (ચીખલી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી આદિજાતિ વિકાસ વિભાગની જે માગણીઓ લઈને આવ્યા છે. એના સમર્થનમાં હું મારો સૂર પુરાવું છું અને મારા વિચારો રજૂ કરવા માટે ઊભો થયો છું.

આ ગૃહની અંદર હું પ્રથમવાર આવું છું. ચીખલી મત વિસ્તારમાં એક આદિવાસી વિસ્તારમાંથી ખૂબ જ ગરીબ કુટુંબમાંથી આવું છું. ઘણા દિવસોથી આ ગૃહની અંદર આદિવાસી માટે અને ગામડા માટેના વિચારો રજૂ થાય છે. મારે દુ:ખ સાથે કહેવું પડે છે કે આઝાદીના ૬૦ વર્ષ પછી પણ આદિવાસીઓ માટે અને ગામડાઓ માટે ચર્ચા કરવી પડતી હોય તો તેના જવાબદાર કોણ એની સૌએ ચિંતા કરવી જોઈએ. રાજ્યના મુખ્યમંત્રીશ્રીએ છેલ્લા ૬ વર્ષથી એમના કાર્યકાળની અંદર થયેલ કામો મેં જોયાં છે. મારી ઉંમર ૪૦ વર્ષની છે. હું એક વિધવા મા નો દીકરો છું. હું બે માસનો હતો અને મારા બાપનો પડછાયો મેં ગુમાવ્યો છે. હું અનેક પરિસ્થિતિઓમાંથી અહીયા સુધી આવું છું. મને કહેતા આનંદ થાય છે કે છેલ્લા ૬ વર્ષથી જે આદિવાસી વિસ્તારમાં જે રીતે વિકાસ થઈ રહ્યો છે, તે વિકાસનો સરવાળો જોઈએ તો ભૂતકાળની સરકારના કાર્યકાળનો સરવાળો જોઈએ ને તો (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, આજે હું પહેલીવાર બોલું છું. મેં કાલે દંડકશ્રીને વિનંતી કરી હતી કે મને બે મિનિટ વધારે આપવામાં આવે. હું શિક્ષણની વાત કરીશ, પણ આજે મારી મજબૂરી છે. મારી પાસે સમય ઓછો છે. આ ગૃહની અંદર સિનિયર સભ્ય વાત કરતા હતા કે આદિવાસી વિસ્તારના વિકાસની વાતો એમાં મારે કોઈ રાજકીય ટિકા-ટિપ્પણી પર જવું નથી. હું માનું છું કે ભૂતકાળમાં વિકાસ થયો છે, પણ જે વિકાસ જે ગતિમાં થવો જોઈએ તે ચોક્કસ નથી થયો. એના અમે સૌ સાક્ષી છીએ. સિનિયર સભ્ય કહેતા હતા કે હું અત્યારે ચીખલીથી આવવા માટે આપણા સ્ટેટ રોડ ઉપર અત્યારે પુરજોશમાં કામ ચાલી રહ્યું છે, એ ટ્રાફિકના કારણે અત્યારે હું જે નીકળું છું રૂમલા મારું મૂળ ગામ છે, ત્યાંથી વાંસદા જાઉ છું. વાંસદાથી ઉનઈ આવું છું, ઉનઈથી બાજીપુરા થઈ નેત્રંગ થઈ રાજપીપળા નીકળું છું અને બરોડા આવું છું. મને કહેતા આનંદ થાય છે કે હું ૬ કલાકમાં ગાંધીનગર આવું છું. એ પણ આદિવાસી પટ્ટો છે. (સમય સૂચક ઘંટડી) આ રીતની વિકાસની વાત કરવી હોય તો ઘણી કરી શકાય, પણ માનનીય મુખ્યમંત્રીશ્રી જે રીતે વહીવટ કરી રહ્યા છે, તે રીતે હું ચોક્કસ વિશ્વાસ રાખી શકું છું કે આ મુખ્યમંત્રીશ્રી મીણબત્તી સમાન છે. એ પોતે બળે છે અને બીજાને પ્રકાશ આપે છે. એ અમારા નથી, પણ આપણા સૌના મુખ્યમંત્રીશ્રી છે. સમય ઓછો હોવાના કારણે મારી પૂરી વાત કરી શકતો નથી, પણ જે મંત્રીશ્રી માગણીઓ લઈને આવ્યા છે, એને હું મારું સમર્થન આપું છું.

**શ્રી ગોવિંદભાઈ મા. પ્રજાપતિ (પાલનપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી વન પર્યાવરણ અને આદિજાતિ વિકાસની માગણીઓ ક્રમાંક: ૨૬, ૨૭ અને ૯૬ લઈને આવ્યા છે તેના સમર્થનમાં મારો સૂર પુરાવું છું અને કેટલીક બાબતો અહી રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૮૦થી ગુજરાતમાં ફૉરૅસ્ટ એકટ લાગુ પડયા તે પહેલાં અનેકવિધ પ્રવૃત્તિઓ જ્યાં થઈ શકતી હતી. તે પ્રવૃત્તિઓ ત્યાં ન થવાને કારણે અને હવે ફૉરૅસ્ટ એકટ લાગુ પડવાને કારણે જે મુશ્કેલીઓ અનુભવીએ છીએ તે સન્માનનીય ગૃહના તમામ મિત્રો વિચારે. સ્વ.અમરસિંહભાઈ ચૌધરી એમણે એક વિચાર રજૂ કર્યો કે આદિવાસી વિસ્તારમાં શિક્ષણનું પ્રમાણ ઓછું છે. અર્બન વિસ્તારના લોકો ત્યાં રહેતા નથી અને પરિણામે

એક યોજના લઈ આવ્યા. દસ ધોરણ પાસ વનવાસી વિદ્યાર્થીઓને નોકરી પહેલાં આપી અને વેકેશનમાં ટ્રેનિંગ આપી પી.ટી.સી. બનાવી તેમની સેવાઓ લેવામાં આવી. હું આપને કહેવા માગું છું કે આ જે વિદ્યાર્થીઓ લેવામાં આવ્યા છે તે પૈકીના મોટા ભાગના વિદ્યાર્થીઓ એ વિસ્તારમાં જવા આજે પણ તૈયાર નથી. તે શહેરી વિસ્તારમાં કામ કરે છે. મિત્રો સમાજની વિકાસની વાતો કરવી સહેલી છે. અમરસિંહભાઈ ચૌધરી જે વસ્તુ લઈને આવ્યા તેનો કોઈ અર્થ સફળ થયો નહીં તેનું કારણ એ નથી કે આ યોજના ખોટી હતી. યોજના તો સાહેબ ખૂબ સારી હતી પણ યોજનાને સમજનારા લોકો તેને અમલમાં મૂકી શક્યા નથીં. આજે વનવાસી વિસ્તારની વાત કરીએ તો ગુજરાતનું ચેરાપુંજી ગણાય છે ડાંગ અને આહવા જ્યાં ચોમાસામાં અત્યંત વરસાદ પડે છે, પુષ્કળ વરસાદ પડે છે અને તેના કારણે અનેક નુકસાન ભોગવવું પડતું હતું અને લોકોને ઉનાળામાં પાણી માટે વલખાં મારવાં પડતાં. આજે ત્યાં આગળ લોકભાગીદારી દ્વારા અનેક ચેકડેમ બનાવી ત્યાં પાણીના ધોધ વહાવી શક્યા છીએ. આજે ત્યાંનો વનવાસી બંધુઓ સુખી છે. વન અને પર્યાવરણમાં વન્ય જીવો માટે બજૅટમાં ચિંતા કરવામાં આવી છે. વન્ય જીવો માટે અભ્યારણ્યમાં પૂરી સુવિદ્યા મળે, તેમને પોષણક્ષમ આહાર અને પાણી મળી રહે અને વન્ય જીવો દ્વારા આજુબાજુના લોકોનો રંજાડ ન થાય, વન્ય જીવોને મારી નાંખી તેમના દાંત, હાડકાં, ચર્મ માટે અને આપણે જાણીએ છીએ ગીરના અભ્યારણ્યમાં સિંહોની જે હાલત બની એનાથી વન વિભાગ ચિંતિત છે. હું આ તબક્કે વન અધિકારીઓને પણ ખૂબ અભિનંદન આપું છું કે ખૂબ સારી યોજના દ્વારા વન વિભાગના જે જીવો છે તેનું રક્ષણ થાય, તેની યોગ્ય કાળજી લેવાય તેના માટે સ્ટાફનું ગઠન અને અત્યંત આધુનિક સાધનો દ્વારા એમને રક્ષણ આપવાની સુવિદ્યા પૂરી પાડી છે તે અભિનંદનને પાત્ર છે અને તે માટે વનમંત્રીશ્રી અને માનનીય મુખ્યમંત્રીશ્રીને ખૂબ ખૂબ અભિનંદન આપવા ઘટે.

માનનીય અધ્યક્ષશ્રી, વનવાસી વિસ્તારમાં સીકલસેલ, એનીમીયા અને લેપ્ટોસ્પાઈરોસીસ જેવા જે જીવલેણ રોગો થયા છે. વનવાસીઓ કેટલાક વિસ્તારોમાં મૃતપ્રાય અવસ્થામાં રહે છે અને એમનું સ્વાસ્થ્ય જળવાય, કન્યા કેળવણી મળી રહે, આદિવાસી કન્યાને સાઈકલ મળે અને એનો વિદ્યાભ્યાસ વધે એ ખૂબ જ અત્યંત આવશ્યક છે. મારા માનનીય સભ્યશ્રી અમરસિંહભાઈ વસાવાએ કહ્યું કે આંતરસૂબામાં આમ થયું, તેમ થયું હું આપને કહેવા માગું છું કે ગુજરાતની અંદર આંતરસૂબા હશે પછી એ સાબરમતી નદીમાંથી પાણી લઈ જવાનું હોય, અંબાજીનો જી.એમ.ડી.સી. પ્રોજૅકટ ચાલુ રાખવાનો છે. રાધા કિશન સિમેન્ટ ફૅકટરીને ચાલુ રાખવાની વાત હશે કે બાલારામ.. ઈકબાલગઢથી પાણી લઈ જઈ પાલનપુરને આપવાની વાત હશે તો મિત્રો આપનામાંથી કેટલાક મિત્રો આંદોલન ચલાવે છે તે ખૂબ જ દુઃખદ બીના છે. હું મારું સમર્થન આપીને વિરમું છું.

**શ્રી કુંવરજીભાઈ ન. હળપતિ(બારડોલી)** : માનનીય અધ્યક્ષશ્રી, આદિજાતિ વિસ્તાર પેટા યોજનાની માગણી લઈને માનનીય મંત્રીશ્રી આવ્યા છે ત્યારે હું મારા મંતવ્યો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, અમે હવે વનવાસી, વનવાસી તરીકે રહેવા માગતા નથી. અમે હવે ૨૧મી સદી તરફ જવા માગીએ છીએ. જયારે ભારતીય જનતા પાર્ટી અમારા આદિવાસીઓને ૧૯મી સદી તરફ ફરી લઈ જવાની દિશા તરફ જઈ રહી છે. હું ભારતીય જનતા પાર્ટી નંબર-૧ નંબર-૧ ની વાતો કરે છે જયારે આદિવાસીઓને નંબર ઝીરો તરફ લઈ જવાની વાત કરી રહયા છે. એનું એક ઉદાહરણ આપવા માગું છું. મફત ગણવેશની જે યોજના છે, આ અંગે અગાઉ પણ મેં વાત કરી હતી અને ફરીથી આ વાત હું દોહરાવું છું. આ યોજનામાં ૧૫૦ રૂપિયામાં બે જોડી આપવાની વાત છે, ૧૫૦ રૂપિયામાં બે જોડી એટલે ૭૫ રૂપિયામાં એક જોડી તો આજે ૭૫ રૂપિયામાં તો એની સિલાઈ પણ થતી નથી. આ તે આદિવાસીઓની ક્રૂર મશ્કરી છે એ સિવાય બીજી કંઈ નવી વાત નથી, અને આ યોજનાની અંદર પંદર હજારની આવક મર્યાદા જે છે, આજે લધુત્તમ વેતન ધારા તરફ જરા નજર કરીએ તો ૨૫૯૨૦ રૂપિયા જેટલી આવક થાય તો આ જે આવક મર્યાદા નક્કી કરી છે એ આવક મર્યાદા વધારવામાં આવે તો જ આદિવાસીઓને સાચા અર્થમાં લાભ મળી શકે.

આ સિવાય બીજી એક વાત પણ હું દોહરાવવા માગું છું કે, સો ચોરસવાર જમીન આદિવાસીઓને મળતી હતી પણ આજે એ જમીન આપવામાં આવતી નથી, જ્યારે આ રાજયના ઉદ્યોગપતિઓ જમીનની માગણી કરે તો હેકટરોને હેકટરો જમીન એમને પાણીના ભાવે આપવામાં આવે છે, તો આપણે આ આદિવાસીઓની વાત કરવા માગીએ છીએ?

મારે એ વાત પણ કરવી છે કે, અત્યારે માનનીય મુખ્ય મંત્રીશ્રી સોનગઢ તાલુકામાં આવ્યા હતા, એક સિંચાઈનું ખાતમુહર્ત કરવા માટે આવ્યા હતા અને નર્મદામાંથી અંબિકા નદીમાં પાણી નાખવાની વાત કરવામાં આવી હતી ત્યાં કરોડો રૂપિયાનો ભ્રષ્ટાચાર થયો, આ જમીનમાં ઊંડે પ્રકારે ખોદવામાં આવી અને તેના કારણે ત્યાં પાણી જઈ શકતું નથી, અને તેથી આદિવાસી ખેડૂતોને ભારોભાર અન્યાય થઈ રહ્યો છે ત્યારે આ આદિવાસીઓની વાત કરવા નીકળ્યા છે?

માનનીય અધ્યક્ષશ્રી, અમારા આદિજાતિ માનનીય મંત્રીશ્રી મંગુભાઈ પટેલ છે એમને હું એમ વિનંતી કરવા માગું છું કે, કોલગા, કોલચા અને કોટવાડિયા આ જાતિના લોકો છે. આ જાતિના લોકો સાથે અમારા દક્ષિણ ગુજરાતમાં વસતા જે હળપતિ સમાજ છે એ હળપતિ સમાજને આદિમ જૂથમાં સમાવવા માટે કેન્દ્ર સરકારને ભલામણ કરવી જોઈએ તો સાચા અર્થમાં આદિવાસીઓ અને હળપતિ સમાજનો વિકાસ થયેલો ગણાશે. આ વાત હું તમને કહેવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે આ ભાજપાની સરકારમાં જંગલમાંથી દીપડા ગામડાઓમાં ઊતરવા લાગ્યા છે અને ખેડૂતોની ઊંઘ હરામ કરી દીધી છે, તેથી અમારા આદિવાસીઓ રાત્રિના સમયે વીજળીનું રોટેશન મળતું હોવાથી ખેડૂતો ખેતરમાં થઈ શકતા નથી અને રોજીરોટી મેળવી શકતા નથી એટલે માનનીય સૌરભભાઈને હું વિનંતી કરું છું કે, આજે જે વીજળીનું રોટેશન છે એ દિવસની પદ્ધતિમાં આપે તો અમારા આદિવાસીઓને રોજીરોટી મળી શકે અને એ લોકો દીપડાના ભયથી મુક્ત થાય તેવું વાતાવરણ સર્જવા માટે હું આ સભાગૃહમાંથી આપને હાકલ કરું છું.

મારે બીજી વાત એ કરવી છે કે, આ રાજય સરકારના માનનીય મુખ્ય મંત્રીશ્રીએ પંદર કરોડ રૂપિયાનું પૅકૅજ લઈને વનબંધુઓ નામે આવ્યા, આ વનબંધુ યોજના જે પીએસપીમાં હતી, ટ્રાયબલમાંથી રાજયમાં ૧૫ કરોડ મૂકી દેવામાં આવ્યા, રાજય સરકારની ગ્રાન્ટમાં હેડમાં મૂકવામાં આવ્યા, આ તો આદિવાસીઓની મશ્કરી કહેવાય, આ તો હતી જ આદિજાતિ યોજનામાં અને એ તમે ૧૫ કરોડની પૅકૅજની વાત લઈને આવ્યા છો તો જો સાચા અર્થમાં આદિવાસીઓનો વિકાસ કરવો હોય તો એના એકેએક ઝૂંપડે ઝૂંપડે જાઓ અને જુએ કે અમારા હળપતિઓ કેવી પરિસ્થિતિમાં રહે છે, એક ઝૂંપડામાં ત્રણ ત્રણ ચૂલા છે ત્યારે મારે કહેવું છે કે, જ્યાં જમીન કે પ્લોટ આપી શકતા નથી ત્યાં એપાર્ટમૅન્ટ સિસ્ટમ આપણે બનાવવી જોઈએ અને ઉપર-નીચે રહી શકે તેવા પ્રકારનું આયોજન કરીએ એ પ્રકારની હાકલ કરવા માગું છું.

હું બીજી એક વાત કરવા માગું છું કે, જ્યાં જ્યાં જોઈએ ત્યાં ત્યાં જાહેરાતના પોસ્ટરો મૂકાય છે ત્યારે નીલ ગાય આ પોસ્ટરોથી ભાગી શકે એવા પોસ્ટરો મૂકવા જોઈએ, આ એક વખત અખતરો તો કરો, તો આદિવાસીઓનો સાચા અર્થમાં વિકાસ થયેલો ગણાશે. આ વાત મારે તમને કહેવી છે, આજે તો આદિવાસીઓની ક્રૂર મશ્કરી કરવામાં આવે એ પ્રકારની મશ્કરીથી આદિવાસીઓને હળોહળ અન્યાય થઈ રહ્યો છે અને આદિવાસીઓનો સાચા અર્થમાં વિકાસ થાય, અને સાચા અર્થમાં એને આ યોજનાઓનો લાભ મળે તેવા પ્રકારનું આયોજન આ રાજય સરકારને કરવા માટેનું મારું સૂચન છે, અને જે માનનીય મંત્રીશ્રીની જે યોજના લઈને આવ્યા છે એ મશ્કરી રૂપ છે એટલે હું મારું એમને સમર્થન જાહેર કરી શકતો નથી, આટલી મારી વાત કહીને હું વિરમું છું.

**શ્રી વિજયભાઈ ર. પટેલ (ડાંગ-વાંસદા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી માગણી ક્રમાંક ૨૬, ૨૭, ૫૯ અને ૯૬ લઈને આવ્યા છે એના સમર્થનમાં હું ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજે ગુજરાત રાજય વિકાસના પંથે ડગલેને પગલે આગળ વધી રહ્યું છે ત્યારે મારો વનબંધુ ભાઈ જે વિસ્તારમાં રહે છે એ વિસ્તારને કેમ ભૂલી શકાય? ૧૨ જિલ્લાઓ અને ૪૩ તાલુકાઓમાં ૭૫ લાખ જેટલી વસતિ ધરાવતો આ આદિવાસી વિસ્તાર છે આ વિસ્તારનો સર્વાંગી વિકાસ થાય એના માટે જો કોઈએ ચિંતા કરી હોય તો માત્રને માત્ર ભારતીય જનતા પાર્ટીની સરકારે અને માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈએ કરી છે. મને ખૂબ દુઃખ થાય છે કે ઘણાં દિવસથી અમે અહીંયા સાંભળીએ છીએ કે આદિવાસીઓનું ઉત્થાન થવું જોઈએ ત્યારે આપ સૌને મારે કહેવું છે કે આપ જ્યારે શાસનમાં હતા ત્યારે આદિવાસીઓ યાદ ન આવ્યા? આજે આ આદિવાસી સમાજ માટે માનનીય મુખ્યમંત્રીશ્રીએ જે ચિંતા કરી છે એના પરિણામ સ્વરૂપ આજે આદિવાસી વિસ્તારોમાં પાણીની સગવડ, રસ્તાઓ, વીજળીકરણ અને અનેક એવી વિવિધ યોજનાઓ થઈ કે જેનાથી ગામડાઓ સુસજ્જ અને સમૃદ્ધ થયા છે. આજે આદિવાસી વિસ્તારમાં અમારો આદિવાસી સમાજ બીજા સમાજની હરોળમાં આવે એટલા માટે ૧૯૯૭-૯૮માં ન્યુ ગુજરાત પૅટર્ન યોજના અમલમાં આવી અને આ યોજના અંતગર્ત ભૌગોલિક પરિસ્થિતિને ધ્યાનમાં લઈને સ્થાનિક વિકાસના કામોનું આયોજન થયું છે અને જેનાથી વિકાસની ગતિ પૂર ઝડપમાં ચાલે છે જે આપણે બધા જોઈ શકીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, આજે રસ્તાઓની વાત કરવામાં આવી. મને જણાવતાં ખૂબ દુઃખ થાય છે કે, ભૂતકાળમાં જે રસ્તાઓ હતા અને અમારા વડીલો જ્યારે બસમાં પ્રવાસ કરીને આવતા ત્યારે અમે એમને પૂછતા કે કેવા રસ્તાઓ પર તમે ફરતા હતા? ત્યારે એમનો જવાબ હતો કે અમે જ્યારે રસ્તા પર ગાડીમાં બેસીને જતા હોય ત્યારે અમે ઊંટ ગાડીમાં બેસીને જતા હોઈએ એવો અનુભવ થતો હતો. જ્યારે આજે આપણે એજ રસ્તા પરથી ગાડીમાં જતા હોય ત્યારે આપણે પ્લેનમાં બેસીને જતા હોઈએ એવો અનુભવ થાય છે. આ આદિવાસી વિસ્તારનો સર્વાંગી વિકાસ થાય અને એના માટે દીર્ઘ દૃષ્ટિ ધરાવનાર આદરણીય મુખ્યમંત્રીશ્રીએ આદિવાસીઓ માટે ૧૫ હજાર કરોડની વન બંધુ કલ્યાણકારી યોજનાનું પૅકૅજ આપેલ છે અને આ વન બંધુ કલ્યાણકારી યોજનાના પૅકૅજ અંતર્ગત ૧૦ મુદ્દાઓની અંદર આદિવાસી વિસ્તારોનો સર્વાંગી વિકાસ થવાનો છે.. જે ઘરની અંદર વીજળી ન પહોંચી હોય ત્યાં ઝૂંપડપટ્ટી મીટર કનૅક્શન અંતર્ગત મીટર આપવાના છે, જે ગામડાને રસ્તો ન હોય એ ગામડાને જોડતા રસ્તા બનાવવાના છે, જે ફળિયાને જોડતો રસ્તો ન હોય એ ફળિયાને જોડતો રસ્તો બનાવવાનો છે, જે તાલુકાની અંદર વિજ્ઞાન પ્રવાહની શાળા ન હોય ત્યાં વિજ્ઞાન પ્રવાહની શાળા આપવાની છે, આરોગ્યની સુવિધા ન હોય ત્યાં આરોગ્યની સેવાઓ આપવાની છે, ઈજનેરી કૉલેજો આપવાની છે, પૉલિટૅક્નિક કૉલેજો આપવાની છે આમ આ આદિવાસી વિસ્તારોનો સર્વાંગી વિકાસ થાય એના માટે માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે એને હું મારું સમર્થન આપું છું.

**શ્રીમતી ભારતીબેન અ. રાઠોડ (કામરેજ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી વન, પર્યાવરણ અને આદિજાતિ તેમના વિભાગની માગણીઓ લઈને આવ્યા છે તેને સમર્થન આપવા હું મારું વકતવ્ય રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયમાં આદિવાસીઓની વસતિ મુખ્યત્વે ડાંગ, બનાસકાંઠા, સાબરકાંઠા, દાહોદ, વડોદરા, ભરૂચ, સુરત, વલસાડ, ગોધરા, નર્મદા અને નવસારી જિલ્લાઓમાં છે. આ તમામ જિલ્લાઓમાં આદિવાસીઓ માટે આ સરકારે મૂકેલી યોજનાઓનો લાભ મળે જે માટે પ્રાયોજના વહીવટદારોની ઓફિસો કાર્યરત છે. અમારા આદિવાસી જિલ્લાની વાત કરું તો છેલ્લા ૪૦ વર્ષમાં જે સમાજની પ્રગતિ થઈ નથી તે છેલ્લા સાત વર્ષમાં માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબની અને ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી તેમાં થઈ છે. અગાઉ અમારા આદિવાસી ગરીબ ભાઈઓના મકાન ૧૨ હજાર રૂપિયામાં કોંગ્રેસ સત્તા પર હતી ત્યારે બનાવવામાં આવતા હતા, આજે આ મકાન માનનીય મુખ્યમંત્રીશ્રીના પારદર્શક વહીવટના કારણે ૪૦ હજાર રૂપિયામાં બનાવવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, આદિવાસી સમાજની શિક્ષણની વાત કરું તો આ માટે સરકાર અને મુખ્યમંત્રીશ્રીને અભિનંદન આપવાં પડે કેમકે આજે મારા આદિવાસી વિદ્યાર્થીઓ ડૉકટર અને એંજિનિયર પણ થયા છે એ આ સરકારની આદિવાસી પ્રત્યેની ઉદારતાની એક ઝલક છે. માનનીય અધ્યક્ષશ્રી, હું આદિવાસીઓમાં પણ અતિ પછાત જાતિ એવી હળપતિ જાતિમાંથી આવું છું. મને કહેતાં આનંદ થાય છે કે રાજય સરકારે હળપતિ ગૃહ નિર્માણ બોર્ડ દ્વારા હળપતિઓને મકાન બાંધવા માટે રૂપિયા ૧૦૦ લાખની જોગવાઈ કરી છે જે માટે હું આ સરકાર અને મુખ્યમંત્રીશ્રીને અભિનંદન આપું છું. એક મહિલા આદિવાસી ધારાસભ્ય તરીકે રાજય સરકારને અને મુખ્યમંત્રીશ્રીને મારે અભિનંદન આપવાં છે કે, આ સરકારે જે કહ્યું છે તે કરીને બતાવ્યું છે. અમારા આદિવાસીઓ માટે રૂપિયા ૧૫,૦૦૦ કરોડની 'વન બંધુ કલ્યાણ યોજના' લાવીને આદિવાસીઓને નવું જીવન પૂરું પાડ્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, વન બંધુ કલ્યાણ યોજના દ્વારા પાંચ લાખ કુટુંબોને રોજગારી આપવાની છે અને મને કહેતા આનંદ થાય છે કે, અમારા આદિવાસીઓમાં કુટુંબની મુખ્ય વ્યકિત જે મહિલા હોય તો તેને આદિવાસી કલ્યાણ યોજનામાં અગ્રતા આપવામાં આવે છે. આ સરકાર અને માનનીય મુખ્યમંત્રીશ્રીએ જે અમારા આદિવાસી સમાજ માટે અનેક કલ્યાણકારી યોજનાઓનો અમલ કર્યો છે જે બદલ હું મુખ્યમંત્રીશ્રી અને આ સરકારને ખૂબ ખૂબ અભિનંદન પાઠવી મારું વક્તવ્ય પૂરું કરું છું.

**શ્રી બચુભાઈ ના. કિશોરી (લીમડી)** : માનનીય અધ્યક્ષશ્રી, આદિવાસીઓના કલ્યાણની વાત માનનીય મંત્રીશ્રી લાવ્યા છે ત્યારે મારે એટલું કહેવાનું છે કે ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓ છે એમાં પટાવાળાની જગ્યા છે. સરકાર આદિવાસીઓના કલ્યાણ માટે કઈ રીતે એનો અમલ થાય છે તે જોવાની વાત છે. પટાવાળાની જગ્યા માટે માત્ર રૂપિયા ૬૦૦ ફિકસના ધોરણે વર્ષો સુધી પટાવાળાઓને આ પગાર આપવામાં આવે છે. હવે ૬૦૦ રૂપિયા એટલે ફક્ત ૨૦ રૂપિયા જ થાય, એને કોઈપણ જાતના ધારાધોરણ નહિ, કોઈ નીતિ નિયમ નહિ, પાંચ વર્ષ કે દસ વર્ષ એવું કોઈ ધોરણ પણ નથી. આ રીતે જ્યારે થાય છે ત્યારે આ બાબતે માનનીય મંત્રીશ્રી વિચારે.

બીજું મારે મુખ્ય કહેવાનું અને માનનીય મંત્રીશ્રીને જણાવવાનું કે આદિવાસી-ટ્રાયબલ સાઇડની જેટલી યોજનાઓ છે અને જેટલા પણ નાણાં આવે એ ફક્ત આદિવાસીઓ માટે જ વપરાવવા જોઈએ, એના ધારાધોરણો પ્રમાણે વપરાતા નથી એવા કેટલાય અમારા અનુભવો છે તો એ નાણાં જે તે વિભાગ માટે વપરાય અને અન્ય વિસ્તારોમાં આદિવાસીઓના નાણાં ન જાય એ પણ મારું એક સૂચન છે.

**અધ્યક્ષશ્રી** : આપ અને માનનીય મંત્રીશ્રી મંગુભાઈને પંદર પંદર મિનિટ ફાળવેલ છે.

**શ્રી અમિત અ. શાહ (રાજય કક્ષાના કાયદો અને ન્યાયતંત્ર મંત્રી શ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, આજે હું કાયદા વિભાગની જે માગણી લઈને આવ્યો છું, એની ઉપર થયેલી ચર્ચાના જવાબો અને મારી માગણીઓ મંજૂર કરાવવા માટે આ ગૃહ સમક્ષ ઉપસ્થિત થયો છું.

સ્વાભાવિક રીતે જ મારી સાથે આજે આદિજાતિ કલ્યાણ અને વન વિભાગની માગણીઓ હતી એટલે ચર્ચાનું ફોકસ આદિજાતિ કલ્યાણ અને વન વિભાગ પર જ રહ્યું. પરંતુ આપના માધ્યમથી હું આ ગૃહને જણાવવા માગું છું કે, છેલ્લાં છ વર્ષથી રાજય સરકારે દરેક વિભાગોની અંદર અનેક પ્રકારના નવા ઈનીસેટીવ સુધારાઓ અને બનેલી યોજનાનું ઝડપી ક્રિયાનવયન આ ત્રણેયના માધ્યમથી કેટલાય સીમાચિહ્નો હાંસલ કર્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, એ જ પ્રમાણે કાયદા વિભાની અંદર પણ આઝાદીથી આજ સુધી, રાજયની સ્થાપનાથી આજસુધી સારામાં સારું કામ આ છેલ્લાં છ વર્ષની અંદર થયું છે. સામાન્ય રીતે કાયદા વિભાગની ત્રુટિઓ, કાયદા વિભાગની અંદર જે વ્યવસ્થાની ખામીઓ હોય તેની ચર્ચા નથી થતી. પરંતુ સમાજને સૂચારુ રૂપે ચલાવવા માટે દરેક વ્યકિતને તેનો અધિકાર આપવા માટે અને લોકશાહીના ફળો નીચે સુધી પહોંચાડવા માટે કાયદા વિભાગની અગત્યતા આપણા બંધારણની અંદર બહુ મજબૂતાઈથી પ્રસ્થાપિત કરેલી છે. પરંતુ પરિસ્થિતિ એવી છે કે ન્યાય માગવા માટે કોર્ટમાં જવું હોય તો વિચાર આવે કે મને ન્યાય ક્યારે મળશે? ઘણી વખત તો એવો વિચાર આવે કે મારા જીવનના બાકી રહેલાં સમયમાં ન્યાય મળશે કે નહીં મળે? આવા અનેક દાખલા છે ૧૫-૨૦ વર્ષ સુધી ન્યાય મેળવવા માટે લોકોએ ધક્કા ખાવા પડતા હતા. સૌથી મોટો પ્રશ્ન એ હતો કે ન્યાયની અંદર વિલંબ ખૂબ થતો હતો અને વિલંબથી મળેલો ન્યાય તે અન્યાય જ છે. આની ઉપર આ રાજય સરકારે ધ્યાન કેન્દ્રિત કર્યુ છે. ન્યાયની આખી પ્રક્રિયામાં રાજય સરકારની ભૂમિકા બહુ સીમિત છે. તેની અંદર આપણે કોઈ પ્રકારની દખલગીરી કે સુધારાઓ નથી કરી

શકતા પરંતુ રાજય સરકાર જોડે એક ક્ષેત્ર છે જે તેના અધિકારમાં છે. વ્યવસ્થાઓ સુધારવાનું અને માળખાગત સુવિધાઓ પૂરી પાડવાનું છે અને તેની અંદર રાજય સરકારે અનેક પ્રકારના ઈનીસેટીવ લીધા. સૌથી પહેલાં હું એ વાત કરીશ કે નવી કોર્ટો બાંધવી, નવી કોર્ટો મંજૂર કરવી અને કોર્ટની અંદરની વ્યવસ્થા સુધારવી છે. ૨૦૦૩ થી ૨૦૦૭ સુધીના સમયગાળામાં ૯૮ કરોડ રૂપિયા નવી કોર્ટો બાંધવા માટે ખર્ચાયા છે. ૭૮ નવા મકાનો બાંધવામાં આવ્યાં છે અને ૨૦૦૮-૦૯ના એક જ વર્ષની અંદર બીજા ૪૭ કરોડ રૂપિયાની જોગવાઈ નવી કોર્ટો બાંધવા માટે કરાઈ છે અને તેની વાત કરીએ તો ખાલી મકાનો બાંધવી એટલું જ નથી પણ ૬૧ જુદી જુદી પ્રકારની કોર્ટો આ રાજય સરકારે શરૂ કરી છે. સ્વભાવિક રીતે ગુજરાત હાઈકોર્ટની આની અંદર મંજૂરી હોય અને હાઈકોર્ટનો સહયોગ હોય તો જ શકય બને. આ પાંચ વર્ષની અંદર ૬૧ કોર્ટો શરૂ થઈ તેને લીધે ભરાયેલાં કેસોનું ભારણ ઘટાડવામાં આ રાજય સરકારે બહુ મોટું કામ કર્યુ છે. ૨૦૦૮-૦૯ની અંદર પણ મને આ ગૃહને જણવતાં આનંદ થાય છે કે નવી કોર્ટો શરૂ કરવાનો આ સિલસિલો ચાલુ જ રાખ્યો છે. આ એક વર્ષની અંદર નવ નવી કોર્ટો આ રાજય સરકારે શરૂ કરવાનું વિચાર્યુ છે અને તેના માટેનું બજેટની અંદર પ્રોવિઝન કર્યુ છે. વડોદરા જિલ્લામાં વાઘોડીયા ખાતે, નસવાડી ખાતે, જામનગરમાં કલ્યાણપૂર ખાતે, સુરેન્દ્રનગરમાં હળવદ ખાતે તથા સાયલા ખાતે, ભાવનગર જિલ્લામાં ઘોઘા ખાતે તથા ગઢડા ખાતે, પંચમહાલ જિલ્લામાં ઘોઘંબા ખાતે અને મહેસાણા જિલ્લામાં બેચરાજી ખાતે. મને ચોક્કસ શ્રદ્ધા છે કે આ બીજી કોર્ટોની સંખ્યા વધવાથી વધુને વધુ ઝડપી ન્યાય લોકોને મળતો થશે. એક નવો ઈનીસ્યેટીવ સમગ્ર દેશનાં કાયદા તંત્રના ઇતિહાસમાં ગુજરાતના નામે લખાયો છે. દિલ્હીની અંદર સમગ્ર દેશના મુખ્યમંત્રીઓ, કાયદા મંત્રીઓ અને બધાજ સર્વોચ્ચ અદાલતના ન્યાયધીશો, બધી હાઈકોર્ટના મુખ્ય ન્યાયધીશો આમની કોન્ફરન્સ હતી. તેની અંદર રાજયના મુખ્યમંત્રી આદરણીય નરેન્દ્રભાઈ મોદીએ એક વિષય મૂક્યો હતો કે ન્યાયની અંદર વિલંબને ટાળવો જોઈએ. તેની ઉપરથી ચર્ચા આવી કે કોર્ટોની સંખ્યા વધારવી જોઈએ. જ્યાં દેશની અંદર પાયાના વિકાસના કેટ કેટલાંય કામો બાકી હોય પીવાનું પાણી, પ્રાથમિક શિક્ષણ, રોડની સુવિધા, લાઈટની સુવિધા, ખેતી સહકાર અનેક પ્રયોરિટીનાં ક્ષેત્રોની અંદર વિકાસના કામો બાકી હોય તે વખતે નવા મકાનો બનાવવા તે બહુ અઘરી વસ્તુ છે. એ વખતે આપણા મુખ્યમંત્રી માનનીય નરેન્દ્રભાઈએ એક વિચાર મૂકયો કે આ પરિસ્થિતિમાં ૫ વાગ્યા પછી પડી રહેતી કોર્ટની માળખાકીય સુવિધાઓનો કેસોનું ભારણ ઘટાડવા માટે ઉપયોગ કરવો. પ્રાથમિક દૃષ્ટિએ આ સૂચન અત્યાર સુધી પ્રસ્થાપિત પ્રણાલિકાઓની વિરૂદ્ધનું હતું. પરંતુ ધીરે ધીરે કાયદાના નિષ્ણાતોમાં, ન્યાયમૂર્તિઓમાં એની ચર્ચા ચાલુ થઈ અને અંતતોગત્વા માનનીય અધ્યક્ષશ્રી, એવો નિર્ણય થયો કે ગુજરાતને સાંધ્ય કોર્ટની શરૂઆત કરવાની પરમિશન આપવામાં આવે અને દેશભરમાં સૌપ્રથમવાર ગુજરાતમાં સાંધ્ય કોર્ટની શરૂઆત થઈ. ૯૬ જેટલી સાંધ્ય કોર્ટોની સ્થાપના થઈ અને બે જ વર્ષની અંદર ૨,૬૫,૦૦૦ કરતાં વધારે કેસોનો નિકાલ આ સાંધ્ય કોર્ટોમાં થયો. આ સીલસીલો જો સમગ્ર દેશમાં ચાલુ રહે તો મને શ્રદ્ધા છે કે આ દેશના ન્યાયતંત્રની મોટી સેવા થઈ ગણાશે અને આ સરકારે શરૂઆત કરીને દેશને દિશાદર્શન કરાવ્યું છે. લોક અદાલતોમાં ગુજરાતનો ઈતિહાસ ઉજળો રહ્યો છે. અમસ્તાયે સમાજ તરીકે ઝઘડો એ ગુજરાતી સમાજમાં ઓછો બને. જલદી સમાધાન પર આવી શકાય એવી આપણી પ્રજા છે. ૨૦૦૪થી ૨૦૦૮ સુધીમાં ૪૨,૨૯૪ લોક અદાલતો યોજાઈ અને તેના દ્વારા લગભગ ૨૩ લાખ કેસોનો નિકાલ કર્યો. આ ૨૩ લાખ કેસોએ કોર્ટોનું ભારણ ઘટાડયું છે. જયારે કેન્દ્રમાં એન.ડી.એ. ની સરકાર હતી, ત્યારે ફાસ્ટ ટ્રેક કોર્ટનો નિર્ણય થયો અને એના દ્વારા બીજી અદાલતો સ્થાપવામાં આવી અને એ આ સમાંતર અદાલતો દ્વારા કેસોનું ભારણ ઓછું કરવાનો પ્રયત્ન થયો. ૧૬૬ ફાસ્ટ ટ્રેક કોર્ટોની સ્થાપના કરી. ૧૬૬ ન્યાયાધીશો અને ૧૧૬૨નું સહાયક મહેકમ આ રાજય સરકારે પૂરું પાડયું. ફાસ્ટ ટ્રેક કોર્ટની સ્કિમ વધુ ૫ વર્ષ એટલે કે ૨૦૧૦ સુધી લંબાવવામાં આવી છે અને એ ફાસ્ટ ટ્રેક કોર્ટોના દ્વારા ૨,૮૩,૬૧૫ કેસોનો નિકાલ કરવામાં આવ્યો છે અને આ ૧૬૬માંથી ૧૫૦ ફાસટ ટ્રેક કોર્ટના નવા મકાન બાંધવામાં આવ્યાં છે.

માનનીય અધ્યક્ષશ્રી, નવી અદાલતોની સ્થાપના કરી, ફાસ્ટ ટ્રેક કોર્ટો વધુમાં વધુ બનાવી, સાંધ્ય કોર્ટોની શરૂઆત કરી અને લોક અદાલતોનું અભિયાન લોક આંદોલન તરીકે વર્ણવી શકાય એટલું લોકપ્રિય બનાવી આગળ વધાર્યુ. એનું પરિણામ શું આવ્યું? એનું પરિણામ એ આવ્યું કે ૨૦૦૨માં આ રાજયની અંદર કુલ ૪૫ લાખ કેસો પડતર હતા. આ ૨૦૦૩ થી ૨૦૦૭ સુધીમાં ૬૯ લાખ ૨૦ હજાર નવા કેસો ઉમેરાયા. એટલે કે કુલ કેસો ૧ કરોડ ૧૪ લાખ થયા. પરંતુ એમાંથી આ ચારેય પ્રયત્નો અને આ ચારેય ઈનીશ્યેટીવ દ્વારા ૮૮ લાખ ૭૩ હજાર કેસોનો નિકાલ થયો અને પડતર કેસો જે ૪૫ લાખ હતા એ ૨૦૦૭ના અંતે ૨૫ લાખ ૪૬ હજાર થયા. જે પડતર કેસો રહ્યા એ પણ જો આને આ ગતિ ચાલે તો મને શ્રદ્ધા છે કે ન્યાય માંગવાવાળી વ્યકિત ક્રિમીનલ કે સિવિલ દાવામાં જાય કે મજૂર અદાલતમાં જાય, એક વર્ષમાં મોડામાં મોડો એને ન્યાય મળે એવી પરિસ્થિતિનું સર્જન આવતા ૫ વર્ષમાં આપણે કરી શકીશું.

માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૩ થી ૨૦૦૭ સુધીમાં કુલ ૨૧૩ સિવિલ જજ, જયૂડિશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસની સીધી ભરતી કરવામાં આવી છે. નવી કોર્ટોની સ્થાપના કરવાની છે, એમાં દરેક પ્રકારના કેસોને ન્યાય મળે એવી વ્યવસ્થા કરી છે. એ.સી.બી. માટે ૨ કોર્ટ છે. દલિત અને આદિવાસી લોકોને ન્યાય મળે એના માટે એટ્રોસિટી હેઠળના કેસો ઝડપથી ચલાવવા માટે ૬ ખાસ કોર્ટોની રચના આ રાજય સરકાર આગામી બજેટમાં કરવાની છે. સાબરકાંઠામાં બીજી કોર્ટની સ્થાપનાનું આયોજન છે. નિર્મળ ગુજરાતના કન્સેપ્ટને ચરિતાર્થ કરવા માટે આરોગ્ય અને સ્વચ્છતાની ફરિયાદોના નિરાકરણ માટે ગુજરાતમાં અમદાવાદમાં ટ્રાયલ બેઈઝ ઉપર એક ફરતી

અદાલત પણ સ્થાપવાનો નિર્ણય કર્યો છે, જે સ્વચ્છતા અને આરોગ્યને લગતા પ્રશ્નોનો ન્યાય આપી શકશે. લો ઓફિસર્સ રૂલ્સની પણ માનનીય મુખ્યમંત્રીશ્રીએ કેબિનેટની એક પેટા કમિટી બનાવી છે કે જે એની અંદર સુધારા વધારાની કામગીરી જોશે, ચેરિટી કમિશનરશ્રીનું તંત્ર પણ સંપૂર્ણ કોમ્પ્યુટરાઈઝ કરીને એનું નવું સોફટવેર બનાવવાની કામગીરી પૂરી થઈ ગઈ છે અને જીસ્વાનની કનેકટીવિટી સમગ્ર રાજયની કચેરીઓને આપી દીધી છે અને થોડા સમયમાં ચેરિટી કમિશનરશ્રીના તંત્રમાં પણ સંપૂર્ણ નવા પ્રકારની ઝડપ આવે એ પ્રકારની પધ્ધતિ દાખલ કરવામાં આવશે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત લો યુનિવર્સિટીમાં પણ મને શ્રદ્ધા છે કે આ લો યુનિવર્સિટી આવનાર દિવસોમાં સમગ્ર ગુજરાતનું નામ દેશના કાયદાના શિક્ષણમાં ઉજાળે એવી પૂરેપૂરી શકયતા છે અને એ પ્રમાણે આ લો યનિવર્સિટીની કામગીરી આગળ વધી રહી છે. સરકારે આ લો યુનિવર્સિટી માટે ૫૦ એકર જમીન ફાળવી છે અને અત્યારસુધીમાં ૧૨ કરોડ રૂપિયા એના માટે ફાળવી દીધા છે અને મકાન બનાવવાની કામગીરી ખૂબ ઝડપથી હાથમાં લેવાના છીએ. યુનિવર્સિટીમાં કુલ ૨૭ આસિસ્ટન્ટ પ્રોફેસર અને લેકચરરની નિમણૂક થઈ ગઈ છે અને ૩ લેકચરરની નિમણૂકની કામગીરી ચાલે છે અને ૬૧૮ જેટલા વિદ્યાર્થીઓ અત્યારે એમાં કાયદાનો અભ્યાસ કરી રહ્યા છે અને આ વર્ષે બીજા ૧૬૦ વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવશે. એમાં એક કોમ્પ્યુટરાઈઝડ લેબ બનાવવામાં આવી છે અને ૬૦ કોમ્પ્યુટર પૂરાં પાડવામાં આવ્યાં છે. સમગ્ર વિસ્તારને યુનિવર્સિટીનું બિલ્ડીંગ છે એને વાઈફાઈ કનેકિટવિટીથી એને જોડયું છે અને એની જે લાયબ્રેરી છે એ પણ અદ્યતન ઈ-લાયબ્રેરી બનાવવા માટે રાજય સરકારે કામ કર્યુ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આમ તો વાત કરવા માટે મારી પાસે વિષય તો ખૂબ જ લાંબો છે, પરંતુ મારા સાથી મંત્રીશ્રીને પણ જવાબ આપવાનો છે અને એમનો વિષય પણ બહુજન સમાજને સ્પર્શતો મુદ્દો છે, એ આદિજાતિ સમાજને સ્પર્શતો મુદ્દો છે એટલે હું મારો સમય ઓછો કરીને માનનીય આદિજાતિ મંત્રીશ્રીને ફાળવી આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, એક ઉલ્લેખ નિશ્ચિત કરવા માગું છું કે આ જે કાયદા વિભાગની મેં જે વિગતો રજૂ કરી છે એની ખૂબ સરાહના કરી છે, પરંતુ હું માનું છું કે એના માટે તત્કાલિન કાયદા મંત્રીશ્રી અને માનનીય મુખ્યમંત્રીશ્રી જવાબદાર છે. મને તો કાયદા વિભાગને સંભાળે ફકત ત્રણ જ વર્ષ થયાં છે. આટલી મારી વાત મૂકીને હું મારી વાત પૂરી કરું છું.

**શ્રી મંગુભાઈ છ. પટેલ (વન અને પર્યાવરણ અને આદિજાતિ વિકાસ મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, મારા આદિજાતિ કલ્યાણ, વન અને પર્યાવરણ એમ ત્રણ વિભાગોની માગણીઓ ઉપર લગભગ ૧૨ જેટલા માનનીય સભ્યશ્રીઓએ ચર્ચા કરી છે એમાં કેટલાક સભ્યશ્રીઓએ વિભાગની કામગીરીને વખાણી છે અને કેટલાક સભ્યશ્રીઓએ કામગીરી બરાબર થતી નથી એમ કરીને ટીકા કરવાનો પણ પ્રયત્ન કર્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે ત્રણ વિભાગની વાત કરવાની છે અને એના માટે મને ૧૫ જ મિનિટ ફાળવવામાં આવી છે. મારા સાથી મંત્રીશ્રીએ પૂરી ૧૫ મિનિટ વાપરી છે, પરંતુ મને થોડોક વધારે સમય મળે એવી વિનંતી છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી, આપને જે સમય ફાળવ્યો છે એમાં એક પણ મિનિટ વધારે નહીં મળે, એટલે ૧૫ મિનિટમાં જ પૂરું કરજો.

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આદિવાસી વિસ્તાર એટલે અંબાજીથી માંડીને ઉંમરગામ સુધીના લગભગ ૧૨ જિલ્લા અને ૪૩ તાલુકામાં આદિવાસી સમાજ વસેલો છે. ગુજરાત રાજયનું જયારથી નિર્માણ થયું ત્યારથી આદિજાતિ કલ્યાણ માટેની જુદી જુદી સરકારો આવી, પરંતુ એમણે આદિજાતિઓના કલ્યાણ માટે કેટલા પૈસા ફાળવ્યા એની વાત કરું તો માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી આવ્યા તે પહેલાનાં ૪૦-૪૧ વર્ષની વાત કરું તો આદિજાતિઓના કલ્યાણ માટેની વિવિધ યોજનાઓમાં ૬૫૦૦ કરોડ રૂપિયા જ વપરાયા છે અને માનનીય નરેન્દ્રભાઈ મોદી મુખ્યમંત્રીશ્રી બન્યા પછી ફકત ૬ જ વર્ષમાં ૬૦૦૦ કરોડ રૂપિયા વપરાયા છે. તો એક બાજુ ૪૦-૪૧ વર્ષમાં ૬૫૦૦ કરોડ રૂપિયા ખચાર્યા હતા અને અમારા વખતે ફકત ૬ જ વર્ષમાં ૬૦૦૦ કરોડ રૂપિયા ખર્ચાયા છે. તો આ ૪૬-૪૭ વર્ષની જો વાત કરીએ તો કુલ ૧૨૫૦૦ કરોડ રૂપિયા આ આદિજાતિઓ માટે વપરાયા છે અને આટલા પૈસા વપરાયા પછી પણ આદિવાસીઓનો જે વિકાસ થવો જોઈએ. આટલા પૈસા વાપર્યા પછી પણ જે આદિવાસીનો વિકાસ થવો જોઈએ,

**અધ્યક્ષશ્રી** : ખુમાનસિંહ, તમે આવ્યા તેની હાજરી પૂરી દીધી છે, એટલે જાણ કરાવવાની જરૂર નથી.

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારી મિનિટ કપાય છે.

**અધ્યક્ષશ્રી** : ખુમાનસિંહજી, આવતાની સાથે કોમેન્ટો કરવાનું ચાલુ ન કરો.

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, સાડા બાર હજાર કરોડ, ૪૬-૪૭ વર્ષમાં આદિજાતિ માટે વપરાયા છે, આટલા પૈસા વપરાયા પછી પણ જોઈએ એટલી આદિવાસીની પ્રગતિ કેમ નથી દેખાતી તેના માટે ચોકકસ આદિવાસીની પ્રગતિ કેવી રીતે થઈ શકે, આદિવાસીને બીજા સમાજની હરોળમાં કેવી રીતે લાવી શકાય તેના માટે માનનીય મુખ્ય મંત્રીશ્રીએ દસ મુદ્દા વનબંધુના નકકી કર્યા છે અને તેના માટે પાંચ વર્ષમાં ૧૫ હજાર કરોડ રૂપિયા, એકબાજુ ૪૭ વર્ષ અને એક બાજુ ફકત ૫ વર્ષમાં ૧૫ હજાર કરોડ રૂપિયા વાપરવાની વાત એમણે કરી છે. અને તે પ્રમાણે ચાલુ વર્ષથી એનું આયોજન થયું છે. અહીંયાં એક માનનીય ધારાસભ્ય કહેતા હતા કે મુખ્ય મંત્રી નંબર વન, નંબર વન માનનીય મુખ્ય મંત્રીશ્રી છે જ, અને આજ સુધીમાં આદિવાસીને પૈસા આપવામાં પણ જો

નંબર વન હોય તો માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ છે કે જેણે ૧૫ હજાર કરોડ રૂપિયાની ફાળવણી કરી છે. વન બંધુના જે દસ મુદ્દા છે તેની વાત મારે કરવી છે કે આદિવાસીને માટે માનનીય મુખ્ય મંત્રીશ્રી શું શું કરવા માગે છે. પાંચ લાખ કુટુંબો માટે રોજગાર લક્ષી કાર્યક્રમ શરૂ કર્યો છે. શિક્ષણની ગુણવત્તા અને ઉચ્ચ અભ્યાસ પર એમણે ભાર મુકયો છે. આદિવાસી વિસ્તારનો આર્થિક વિકાસ વેગવંતો બને તેના માટેનું આયોજન કર્યુ છે. સૌને માટે આરોગ્ય, આદિવાસીમાં જે કંઈ રોગો પડેલા છે તેના માટે પણ ચોકકસ તેનું નિદાન કરીને તેને રોગોથી મુકત કરવા માટેનું આખું આયોજન કર્યુ છે. આદિવાસીમાં ઘણાં આદિવાસીઓને આવાસો નથી તે આદિવાસીઓને આવાસ આપવાની પણ વાત કરી છે. પીવાના પાણી માટે અત્યાર સુધી જે કંઈ સરકાર આવી તેણે હેન્ડ પંપથી આદિવાસી વિસ્તારમાં પાણી આપ્યું છે તેની જગ્યાએ પાઈપ લાઈન દ્વારા કે જૂથ પાણી પુરવઠા યોજના દ્વારા પાણી મળે તેના માટેનું પણ આયોજન કર્યુ છે. કેટલાક આદિવાસીઓ જે નાના અને સિમાન્ત ખેડૂતો છે તેને પણ સિંચાઈનો પુરતો લાભ મળે તે માટે પણ આયોજન કર્યુ છે. બાર માસી રસ્તાની પણ અહીંયા વાત થઈ છે, બાર માસી રસ્તાનું આયોજન પણ કરવામાં આવ્યું છે. વીજળીની વાત થઈ, વીજળીમાં પણ પુરા પેટા પરા છે તેનું વીજળીકરણ થાય અને એકે એક આદિવાસીને ત્યાં વીજળી પહોંચે તેને માટે આયોજન કર્યુ છે. શહેરમાં રહેતા જે આદિવાસીઓ છે તેના માટે પણ પૂરું આયોજન કરવામાં આવ્યું છે. અહીં વન બંધુ યોજનામાં આદિજાતિ માટેનું બજેટ વપરાતું નથી એવી વાત થઈ છે. માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા ૩ વર્ષની જો વાત કરું તો ૨૦૦૪-૦૫ માં ૧૦૫.૫૫ ટકા જેટલું બજેટ વપરાયું છે. જે અંદાજ હતો તેના કરતાં વધારે વપરાયું છે. ૨૦૦૫-૦૬ ની વાત કરીએ તો ૧૧૧.૨૬ ટકા બજેટ વપરાયું છે ૨૦૦૬-૦૭ ની વાત કરીએ તો ૧૦૦.૨૧ ટકા જેટલું બજેટ વપરાયું છે. માનનીય મોહનીસંહભાઈ ખૂબ જુના, અનુભવી એવા ધારાસભ્ય અને મંત્રી પણ રહી ચૂકયા છે. એમણે જે વાત કરી જંગલના રસ્તાની, એમને ૧૯૮૦નો કાયદો તેઓ ખૂબ સારી રીતે જાણે છે. એમણે રસ્તાની વાત કરી છે વન વિભાગ મંજૂરી નથી આપતું પરંતુ વાતચીત પરથી એવી ખબર પડી કે અત્યાર સુધી જે મંજૂરી આવવી જોઈએ તે મંજૂરી નથી આવી અને તેના કારણે રસ્તો નથી થયો, પણ એ જે રસ્તા માટે એમણે રજૂઆત કરી છે તે રજુઆત તરફથ ચોકકસ ધ્યાન આપીને જે મંજૂરી લાવવાની છે તે ઝડપથી મંજૂરી લાવીને તે રસ્તો પણ કેવી રીતે થાય તેના તરફ ચોકકસ ધ્યાન આપવામા આવશે. મેં વાત કરી કે આદિજાતિ કલ્યાણ માટે જે માનનીય મુખ્ય મત્રીશ્રીએ જે દસ મુદ્દાની વાત કરી છે એમાં આદિવાસીમાં ગુણવત્તાનું શિક્ષણ મળે તેના માટે એક તણાદ કરીને યોજના ચાલુ કરી છે જેમાં ખાસ કરીને આશ્રમ શાળામાં ભણતાં જે વિદ્યાર્થીઓ છે તેનું ગણિત, વિજ્ઞાનના વિષયોમાં ગુણવત્તા આવે અને તેના ઉચ્ચારો વ્યવસ્થિત થાય અને એમને આ ત્રણે વિષયોની જાણકારી સારી રીતે મળે તેના માટે ચોકકસ શિક્ષકોને ટ્રેઈન કરીને એ શિક્ષકો એમને ભણાવે કે જેથી બાળકોમાં ગણવત્તા આવે તેના માટેની પણ વાત કરી છે. આદિવાસી વિસ્તારોમાં કેટલીક સરકારી યોજનાઓથી આદિવાસીઓની શિક્ષણમાં ભૂખ વધી છે અને માનનીય મુખ્યમંત્રીશ્રીએ એવું પણ નક્કી કર્યુ છે કે આદિવાસીઓને હાયર એજ્યુકેશન આદિવાસી વિસ્તારમાં જ કેવી રીતે મળી રહે એના માટે તથા મૅડિકલ કૉલેજ, એન્જિનિયરીંગ કૉલેજ, પોલિટેકનિક કૉલેજ અને નર્સિંગ કૉલેજ આદિવાસી વિસ્તારમાં જ થાય એના માટે જુદુ જુદુ આયોજન કરવામાં આવ્યું છે.

ચાલુ વરસે આદિજાતિ વિસ્તારમાં ૨૫ સ્કૂલોને વિજ્ઞાન પ્રવાહમાં અપગ્રેડ કરવામાં આવી છે. ગોધરા અને નવસારી ખાતે બે નવી કૃષિ ઇજનેરી અને વેટરીનરી કૉલેજની મંજૂરી આપવામાં આવેલ છે. દાહોદ, વ્યારા અને રાજપીપળા મુકામે ત્રણ નવી નર્સિંગ સ્કૂલોની સ્થાપના માટે મંજૂરી આપવામાં આવી છે. દાહોદ ડેડીયાપાડા મુકામે બે નવી કૃષિ પોલિટેકનિક સ્થાપવા માટે મંજૂરી આપવામાં આવી છે. દાહોદ મુકામે એક નવી ફિઝિયોથેરાપી કૉલેજની સ્થાપના માટે મંજૂરી આપવામાં આવી છે. દાહોદ અને દેવગઢબારિયા મુકામે એક કૃષિ ક્લિનિક અને મહિલા તાલીમ કેન્દ્રની સ્થાપના માટે મંજૂરી આપવામાં આવી છે. વડોદરા જિલ્લામાં મારૂતિ ઉદ્યોગ લિમિટેડ સાથે ટ્રાન્સપૉર્ટ ક્ષેત્રમાં તાલીમ માટે ૧૬ કરોડના ખર્ચે એક ઇન્સ્ટિટ્યૂટ સ્થાપવા માટે મંજૂરી આપવામાં આવી છે. એ કંપનીમાં ડ્રાઈવર અને મિકેનિકલ યુવાન મિત્રો થશે. આ રીતે આદિવાસીઓને ઉચ્ચ શિક્ષણ મળે એના માટે પૂરેપૂરી વ્યવસ્થા આ સરકારે કરી છે.

આદિવાસીઓની આવક બમણી કેવી રીતે થાય એના માટે ચાલુ વરસે આદિવાસી કુટુંબોની આવક નક્કર રીતે બમણી થાય એ આશયથી આવતા પાંચ વર્ષ માટે રૂા. ૨૭૦ કરોડની જોગવાઈ કરીને વડોદરા, પંચમહાલ, બનાસકાંઠા, દાહોદ અને નર્મદા જિલ્લાઓમાં ૩૯૫૦૦ બી.પી.એલ. કુટુંબો માટે એક વિશાળ ડેરી પ્રોજૅકટ શરૂ કરવામાં આવેલ છે. આદિવાસીઓ બાર જિલ્લાઓમાં વસે છે એ બાર જિલ્લાઓમાં ડેરીનો પ્રોજૅકટ કરીને આદિવાસીઓની આવક બમણી થાય એના માટે ચોક્કસ વિચાર કરવામાં આવેલ છે.

મધ્ય અને દક્ષિણ ગુજરાતના ૩૦ હજાર જેટલા ગરીબ કુટુંબો માટે એક મહત્વકાંક્ષી વાડી પરિયોજના શરૂ કરવામાં આવેલ છે. પ્રથમ વરસે આ યોજના હેઠળ આશરે રૂા. ૧૪ કરોડના ખર્ચે ૯૬૦૦ એકર જેટલી જમીન ઉપર કામ શરૂ કરવામાં આવેલ છે. અહીંયા એવું કહેવામાં આવ્યું કે વાડી યોજના બંધ કરી દેવામાં આવી છે. આ યોજના બંધ નથી કરી પરંતુ આદિવાસીભાઈઓને વધારેમાં વધારે આ યોજનાનો લાભ આપીને એ કેમ રોકડિયા પાક કરીને એની આવક બમણી થાય એના માટે ચોક્કસ વિચાર થયેલ છે.

ગુજરાત પેટર્નની વાત કરુ તો ગુજરાત પેટર્નના એટલા વખાણ થયેલા છે કે બીજા પ્રદેશના લોકો આવીને માનનીય મુખ્યમંત્રીશ્રીને મળીને કહે છે કે આ કેવી યોજના આદિવાસીઓ માટે કરી છે. આદિવાસીઓનો સમગ્ર

વિકાસ થાય, સર્વગ્રાહી વિકાસ થાય એના માટે લગભગ આજ બજેટમાંથી પહેલા વરસે ૨૦૦ કરોડ જુદા કાઢીને કેન્દ્રીય કરણ ચાલતું હતું એની જગ્યાએ વિકેન્દ્રીકરણ કરીને જિલ્લા મંડળો અને તાલુકા મંડળો બનાવીને ત્યાંના લોકો ઘડતરમાં કામ આવે એ રીતે કામ થયું છે. ૧૯૯૯થી શરૂ થયેલ આ યોજનામાં અત્યાર સુધીમાં ૧૯૭૪.૨૧ કરોડની ગ્રાન્ટ ફાળવી હતી એમાં ૧૮૨૬.૯૫ કરોડનો ખર્ચ કરેલ છે. અત્યાર સુધીમાં ૬૯૧૪૬ જેટલા કામો નવ વર્ષમાં થયેલ છે. એક વર્ષમાં કેટલા કામો થયા એની ગણતરી કરીએ અને એક એક જિલ્લામાં જોઈએ તો આશરે આઠ હજાર જેટલા કામો થયેલ છે. આની પહેલાના વરસો તપાસી જાઓ તો ખ્યાલ આવશે કે આટલો કામો અગાઉ કયારેય થયા નથી એ કામો આ નવ વર્ષમાં ગુજરાત પેટર્ન નીચે થયા છે. ગુજરાત પેટર્નના તમે જ્યાં પણ જાવ ત્યાં તેના વખાણ થાય છે આ એની દેન છે અને આદિવાસીઓ માટે આશીર્વાદરૂપ યોજના બની છે.

મારે વન વિભાગની પણ વાત કરવી છે. જ્યારથી આ સરકાર આવી ત્યારથી વન વિભાગ ઉપર વધુ ધ્યાન આપીને જે વનનો વિસ્તાર કરવામાં આવ્યો છે, વનની બહાર સરવે ઑફ ઈન્ડિયાએ સરવે કર્યું છે. તેના કારણે લગભગ વનવિસ્તારની બહાર ૨.૧૫ વૃક્ષ આચ્છાદિત વિસ્તાર હતો તેની જગ્યાએ આજે એ વિસ્તાર ૫.૩ જેટલો થયો છે. તેનો અર્થ એવો થયો કે ૩.૦૦ જેટલો વૃક્ષ આચ્છાદિત વિસ્તાર વધ્યો છે અને એ પણ ગુજરાત માટે એક મહત્ત્વની વાત છે. વન વિભાગની સામાજિક વનીકરણની કેટલીક યોજનાઓ છે કે જે વનમાં વસતો આદિવાસી છે તે આદિવાસીનું આર્થિક જીવન ચોક્કસ ઉંચું આવે તેના માટેની કેટલીક યોજનાઓ છે. આજે જંગલને જે ભારણ આવે છે તે કેવી રીતે ઓછું કરી શકાય તેના માટે લોક ભાગીદારીથી ખાસ કરીને પટ્ટી વાવેતરો રેલવે રસ્તા પર, નહેરના કાંઠા પર, ગૌચરની ખરાબાની જમીનમાં વરસાદ આધારિત પિયત જે થાય છે તેમાં વાવેતર કરવામાં આવે છે. વન મહોત્સવ યોજના હેઠળ રાહત દરે લોકોને રોપાઓનું વિતરણ કરવામાં આવે છે. લોકોના સહયોગથી ઉછરેલ પટ્ટી વાવેતર ઉપજની રકમમાંથી તાલુકા પંચાયત તેમજ ગ્રામજનોની ઉપજમાંથી ગ્રામપંચાયતોને આર્થિક લાભ પણ મળે છે. સામાજિક વનીકરણ યોજના હેઠળ લોકોને બળતણ અને નાની ઈમારતી લાકડાની જરૂરિયાત તેમજ વૃક્ષ ઉત્પાદનથી લોકોને સહાયક રોજી અને આવક મળે તે હેતુથી યોજના કરવામાં આવી છે. સહભાગી વન વ્યવસ્થા વન વિભાગમાં..

**અધ્યક્ષશ્રી** : આપની પાસે બે મિનિટ છે.

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, લગભગ ૪૩૦૦ જેટલા ગામ છે. તેમાં લગભગ ૨૪૪૫ ગામોને સહભાગી વન વ્યવસ્થા હેઠળ આવરી લેવાયેલ છે. ભવિષ્યમાં જંગલો થકી સ્થાનિક લોકોને પૂરક આવક મળી રહે તે હેતુથી વિવિધ ઉદ્દેશો બર લાવવા ૨૧ જેટલી વન વિકાસ એજન્સીની પણ રચના કરવામાં આવી છે. વન વિસ્તારની બહાર જે કંઈ વૃક્ષોનું આયોજન થયું છે, માનનીય મુખ્યમંત્રીશ્રીએ એક લોકોની ભાવના અને ધાર્મિક લાગણીને જોડીને ગાંધીનગર ખાતે પુનિત વન, અંબાજી ખાતે માંગલ્ય વન, સોમનાથ ખાતે હરિહરધામ તે રીતે જુદી જુદી જગ્યાએ જુદા જુદા નામથી સ્મૃતિ વન, નક્ષત્ર વન, ગ્રહ વનનું આયોજન કર્યું છે અને શહેરી વિસ્તારમાં પણ ૧૬૪ નગરપાલિકા છે એ તમામમાં સ્મૃતિ વનનું આયોજન કર્યું છે. ૭ કૉર્પોરેશનમાં પણ આયોજન કર્યું છે. આના કારણે શહેરી વિસ્તારમાં હરિયાળી ઉભી કરી છે. આજ સુધીમાં આટલી સરકારમાં કોઈ મુખ્યમંત્રીએ આ રીતે શહેરમાં પણ વૃક્ષો થાય તેના માટેનો કોઈ વિચાર થયેલો નહીં, જે આ માનનીય મુખ્યમંત્રીશ્રીએ કર્યો છે.

મારે એક વાત પોલ્યુશન અંગે કરવી છે કે દિવસે દિવસે આખા દેશમાં ગ્લોબલ વોર્મીંગની ચર્ચા થયેલ છે. પ્રદૂષણને કોઈને કોઈ રીતે અટકાવવું જોઈએ. તેના માટે જે કોઈ ૨૧ કાયદાનું નૅટવર્ક ગોઠવાયું છે તેનું પાલન વધારેને વધારે થાય તેના માટે અને બીજી ઘણી બધી વાત મારે કરવાની હતી, પણ સમયના અભાવે કરી શકતો નથી, પણ મારી સામે બેઠેલાં મિત્રો જેણે કાપદરખાસ્તો મૂકી છે. કામગીરી આદિજાતિની હોય, વન વિભાગની હોય કે પર્યાવરણની હોય તે કામગીરી વ્યવસ્થિત રીતે ચાલે છે. ચોક્કસ તમારા સૂચનો આવકારીશું. આપ આપની કાપદરખાસ્તો પાછી ખેંચી લો એવી વિનંતી સાથે વિરમું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક-૨, ૩, ૪, ૫, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૬, ૧૯, ૨૦, ૨૨, ૨૩, ૨૭, ૩૦, ૩૨, ૩૩, ૩૪, ૩૬, ૩૭ અને ૩૮ મત માટે મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.**

**માગણી ક્રમાંક-૨૬, ૨૭, ૫૯ અને ૯૬ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

# બિન સરકારી વિધેયકો

## દાખલ કરવાનાં બિન સરકારી વિધેયકો

## સન ૨૦૦૮નું ગુજરાત વિધેયક

## ગુજરાત બિન-નાશવંત કચરો (નિયંત્રણ) વિધેયક, ૨૦૦૮.

**ગુજરાત રાજયમાં જાહેર ગટરો, રસ્તા અને લોકોને જોવા માટેના જાહેર સ્થળોમાં બિન-નાશવંત કચરો ફેંકાતો અથવા એકઠો થતો અટકાવવા અને તેની સાથે સંકળાયેલ અથવા તેને આનુષંગિક બાબતો માટેનું વિધેયક**

**શ્રી શંકરભાઈ લ. ચૌધરી(રાધનપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૦૮નું ગુજરાત બિન-નાશવંત કચરો (નિયંત્રણ) વિધેયક દાખલ કરવાની સભાગૃહ મને અનુમતિ આપે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી** : સભ્યશ્રીને વિધેયક દાખલ કરવાની સભસાગૃહની અનુમતિ મળે છે.

**શ્રી શંકરભાઈ લ. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૦૮નું ગુજરાત બિન-નાશવંત કચરો (નિયંત્રણ) વિધેયક દાખલ કરું છું.

**અધ્યક્ષશ્રી** : વિધેયક દાખલ કરવામાં આવે છે.

**સન ૨૦૦૮નું ગુજરાત વિધેયક**
**ગુજરાત અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓ માટેની) જગાઓ અને સેવાઓમાં ખાલી જગાઓ અનામત રાખવા બાબત વિધેયક, ૨૦૦૮.**
**રાજય હેઠળની જગાઓ અને સેવાઓમાં અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓના પૂરતા પ્રતિનિધિત્વ માટે જોગવાઈ કરવા બાબત વિધેયક**

**શ્રી શૈલેષ મ.પરમાર (શહેર કોટડા)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૦૮નું ગુજરાત (અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓ માટેની) જગાઓ અને સેવાઓમાં ખાલી જગાઓ અનામત રાખવા બાબત વિધેયક દાખલ કરવાની સભાગૃહ મને અનુમતિ આપે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી** : સભ્યશ્રીને વિધેયક દાખલ કરવાની સભાગૃહની અનુમતિ મળે છે.

**શ્રી શૈલેષ મ.પરમાર**: માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૦૮નું ગુજરાત (અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓ માટેની) જગાઓ અને સેવાઓમાં ખાલી જગાઓ અનામત રાખવા બાબત વિધેયક દાખલ કરું છું.

**અધ્યક્ષશ્રી** : વિધેયક દાખલ કરવામાં આવે છે.

# બિન સરકારી વિધેયકો

# પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટેના બિન સરકારી વિધેયકો

**સચિવશ્રી**: સન ૨૦૦૮નું વિધેયક ક્રમાંક-૫ સન ૨૦૦૮નું ગુજરાત કાળાજાદુ અને અનિષ્ટ અને અધોરીના વ્યવસાયનું નિર્મૂલન કરવા બાબત વિધેયક- માનનીય સભ્યશ્રી કુંવરજીભાઈ બાવળીયા-

(થોડીવાર બાદ)- માનનીય સભ્યશ્રી ગેરહાજર.

**અધ્યક્ષશ્રી** : સભ્યશ્રી મારી રજા લઈને ગયા છે, નેકસ્ટ.

**સચિવશ્રી**: સન ૨૦૦૮નું વિધેયક ક્રમાંક-૭ સન ૨૦૦૮નું ગુજરાત અશ્લીલ, જાહેરખબરો, ફોટોગ્રાફસ અને પોસ્ટર્સ પ્રતિબંધ વિધેયક- માનનીય સભ્ય શ્રીમતી વિભાવરીબેન દવે-

(થોડીવાર બાદ)- માનનીય સભ્યશ્રી ગેરહાજર.

**અધ્યક્ષશ્રી** : સભ્યશ્રી મારી રજા લઈને ગયા છે, નેકસ્ટ.

**સચિવશ્રી**: સન ૨૦૦૮નું વિધેયક ક્રમાંક-૧૦ સન ૨૦૦૮નું ગુજરાત ધોરી માર્ગ, અકસ્માત નિવારણ વિધેયક- માનનીય સભ્યશ્રી પ્રદિપસિંહ જાડેજા-

(થોડીવાર બાદ)- માનનીય સભ્યશ્રી ગેરહાજર.

**અધ્યક્ષશ્રી** : સભ્યશ્રી મારી રજા લઈને ગયા છે, નેકસ્ટ.

**સચિવશ્રી**: સન ૨૦૦૮નું વિધેયક ક્રમાંક-૯ સન ૨૦૦૮નું ગુજરાત માતાપિતા અને આશ્રિતોના ભરણપોષણ બાબત વિધેયક- માનનીય સભ્યશ્રી મફતભાઈ પુરોહિત-

(થોડીવાર બાદ)- માનનીય સભ્યશ્રી ગેરહાજર.

**અધ્યક્ષશ્રી** : સભ્યશ્રી મારી રજા લઈને ગયા છે.

**સભાગૃહનું કામકાજ બપોરના ૧૨-૦૩ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સોમવાર, તા.૨૪મી માચ,૨૦૦૮ના રોજ બપોરના ૧૨-૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**
**સોમવાર, તા. ૨૪મી માર્ચ, ૨૦૦૭**
**ચૈત્ર ૪, ૧૯૩૦ શાકે**
**સભાગૃહ બપોરના ૧૨-૦૦ વાગ્યે મળ્યું**
**અધ્યક્ષશ્રી, અશોક ભટ્ટ અધ્યક્ષસ્થાને**

# તારાંકિત પ્રશ્નો

## જિલ્લાવાર પ્રિવેન્શન બ્લેક માર્કેટીંગના કેરોસીન અને એલ.પી.જી. ગેસના કેસો

૩૪૮૪ **શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ(અંકલેશ્વર) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-
સન ૨૦૦૬-૦૭ના વર્ષમાં જિલ્લાવાર પ્રિવેન્શન ઓફ બ્લેક માર્કેટીંગ હેઠળ કેરોસીનના કેટલા કેસો અને એલ.પી.જી.ના કેટલા કેસો કરવામાં આવ્યા?

**નાગરિક પુરવઠા મંત્રીશ્રી :**

| જિલ્લો | કેરોસીન | એલ.પી..જી. |
|---|---|---|
| વડોદરા | ૧૬ | ૦ |
| જામનગર | ૭ | ૦ |
| ખેડા | ૬ | ૧૦ |
| પંચમહાલ | ૫ | ૦ |
| મહેસાણા | ૩ | ૨ |
| જુનાગઢ | ૩ | ૦ |
| કચ્છ | ૨ | ૦ |
| અમદાવાદ | ૨ | ૫ |
| સુરત | ૨ | ૦ |
| ગાંધીનગર | ૨ | ૧ |
| વલસાડ | ૧ | ૦ |
| ભાવનગર | ૧ | ૩ |
| બનાસકાંઠા | ૧ | ૦ |
| ભરુચ | ૧ | ૦ |
| પાટણ | ૧ | ૦ |
| રાજકોટ | ૦ | ૨ |
| કુલ | ૫૩ | ૨૩ |

**શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, સરકાર કયા કારણોસર પી.બી.એમ.ના કેસો નામંજૂર કરે છે અને વર્ષ ૨૦૦૬-૦૭ માં રાજય સરકાર દ્વારા છોડેલા કેસો કેટલા છે અને તેના કારણો શું છે?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, સરકાર જે કિસ્સાઓમાં અટકાયતીઓને પી.બી.એમ.માંથી છોડે છે તેના માટે જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી અટકાયત હુકમ કરે તે પછી સરકારે અટકાયતના કારણો અને તેની સાથે આપવામાં આવેલ કેસના કાગળો, આધાર પુરાવાની ચકાસણી કરીને પુખ્ત વિચારણાના અંતે નામંજૂર કર્યા હોય છે, માનનીય અધ્યક્ષશ્રી, પી.બી.એમ. એકટની કલમ ૩(૩) મુજબ રાજય સરકારને આ સત્તા મળેલી છે. નામદાર હાઈકોર્ટ દ્વારા અને સલાહકાર બોર્ડ દ્વારા અટકાયતીઓ જે કારણોસર છૂટવા પામ્યા હોય તેવી બાબતો પરત્વે ભવિષ્યમાં પી.બી.એમ. કેસો કરવામાં તકેદારી રાખવા માટે રાજય સરકારે જિલ્લા મેજિસ્ટ્રેટને વખતો વખત રાઈટીગમાં સૂચનાઓ આપી છે. આ સૂચનાઓ રાજય સરકારને પણ લાગુ પડે છે. નામદાર હાઈકોર્ટ અને પી.બી.એમ. સલાહકાર બોર્ડ દ્વારા ભૂતકાળમાં કરવામાં આવેલા જે અવલોકનો છે તે અવલોકનો જિલ્લા મેજિસ્ટ્રેટને અમે આપીએ જ છીએ અને આ સૂચનાના અમલ માટે જિલ્લા મેજિસ્ટ્રેટ પણ બંધાયેલા હોય છે. કારણ કે જયારે જિલ્લા મેજિસ્ટ્રેટ તેને અટકાયતી બનાવે છે ત્યાર પછી હાઈકોર્ટ એમને છોડી મૂકે છે. અને એમનો બીજો પ્રશ્ન છે કે આવા કેટલા કેસો કરવામાં આવ્યા છે. આવા સરકાર દ્વારા જે કેસો છોડવામાં આવ્યા છે તેવા ૧૩ કેસ કરવામાં આવ્યા છે. હું એમને વિગત આપી શકું, પરેશભાઈ હરજીવનભાઈ સથવારા,

**અધ્યક્ષશ્રી** : લીસ્ટ લાંબુ હોય તો મેજ ઉપર મૂકજો.

**શ્રી નરોતમભાઈ પટેલ** : સાહેબ ૧૩ નામો છે, એમને જાણવું હોય તો આપું છું. ગઈ વખતે એટલા માટે કે આ બાબતનો પ્રશ્ન એક ઉપસ્થિત થવા પામ્યો હતો. ખેડા જિલ્લાના પાંચ જણ છે, પરેશભાઈ હરજીવનભાઈ સથવારા, નિલેશભાઈ પુનાભાઈ શર્મા, ખેડા જિલ્લો , ભાવેશભાઈ રમણભાઈ પટેલ, સલીમભાઈ અદેસિં રાઠોડ, અને રસીદભાઈ અસરફભાઈ મલેક, એ પાંચ ખેડા જિલ્લાના છે તે કર્મચારી હતા, તેઓ કંપનીના ડાયરેકટરની સૂચનાથી,.

**અધ્યક્ષશ્રી :** આપને જે પૂછયું છે એટલો જવાબ આપી અને ટૂંકમાં જવાબ પૂરો કરો. શ્રી કીરીટભાઈ પટેલ.

**શ્રી કિરીટભાઈ ગં. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી મંત્રીશ્રી પાસે એ જાણવા માગું છું કે પી.બી.એમ. કેસોના અટકાયતીઓને કયારે અને કોના દ્વારા અટકાયતમાંથી મૂકત થાય છે?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, જિલ્લા મેજિસ્ટ્રેટ અટકાયતનો હુકમ કરે, ત્યાર પછી બાર દિવસની અંદર સરકારે તેનો નિર્ણય કરવાનો હોય છે, જો ૧૨ દિવસની અંદર એ નિર્ણય ન કરે તો ઓટોમેટિક એ અટકાયતી છૂટી જાય છે. પી.બી.એમ. સલાહકાર બોર્ડ પણ હોય છે, એના અભિપ્રાયના આધારે ૪૯ દિવસની અંદર આ સમય મર્યાદામાં અટકાયતી અટકાયત મૂકત થઈ શકે છે. અટકાયતી જો હાઈકોર્ટમાં જાય અને હાઈકોર્ટમાં અટકાયતના હુકમને પડકારે તો હાઈકોર્ટ દ્વારા પણ અટકાયતી અટકાયત મૂકત થઈ શકે છે. સામાન્ય પણે હાઈકોર્ટ આવા કેસો પી.બી.એમ. સલાહકાર બોર્ડના અભિપ્રાયના આધારે જ એમાં નિર્ણયો કરતી હોય છે. અને રાજય સરકાર અને કેન્દ્ર સરકાર પી.બી.એમ. એકટ મુજબ અટકાયતીને અટકાયત મૂકત કરવાની સત્તા ધરાવે છે. આ પ્રમાણે કોઈ પણ અટકાયતી  છ મહિના સુધી જેલમાં રહે છે, અટકાયત એ શિક્ષા નથી, પણ તેને છ મહિના સુધીનું બંધન હોય છે. અને છ મહિનાની મર્યાદા પૂરી થાય એટલે ઓટોમેટિક છ મહિને એ અટકાયતી મૂકત થાય છે.

**શ્રી ખુમાનસિંહ ર૧. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, વડોદરા જિલ્લામાં ૧૬ પી.બી.એમ.ના કેસો કરવામાં આવ્યા છે એમાં વ્યકિતગત અરજીઓના આધારે કોઈ તપાસ થઈ છે અથવા ફલાઈંગ સ્કવોર્ડ મારફતે તપાસ થઈ છે તે હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું.

**અધ્યક્ષશ્રી** : વડોદરા જિલ્લામાં જે અટકાયત થઈ છે તે ફલાઈંગ સ્કવોર્ડ દ્વારા થઈ છે કે જિલ્લા અધિકારી દ્વારા થઈ છે.

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, કોઈપણ જિલ્લામાં જે અટકાયતીઓની અટકાયત થાય છે તે લોકોને સ્કવોર્ડ દ્વારા જ પકડવામાં આવે છે અને પછી એ લોકો પોતાની રીતે અટકાયતમાંથી છૂટવા માટે એમના અધિકારો વાપરે છે.

### પાટણ જિલ્લામાં રોડ સાઇડ  તથા પંચાયત અને રેવન્યુ ખરાબાની જમીનમાં સામાજિક વનીકરણ

*** ૩૫૧૩ શ્રી ભાવસિંહભાઈ ડા. રાઠોડ(સમી) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) પાટણ જિલ્લામાં રોડ સાઇડ વનીકરણ પંચાયત તથા રેવન્યુ ખરાબાની જમીનમાં સામાજિક વનીકરણ યોજના હેઠળ તા. ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા ૨ (બે) વર્ષમાં કુલ કેટલા રોપાનું વાવેતર કરવામાં આવ્યું.
(૨) સામાજિક વનીકરણ યોજના હેઠળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને
(૩) સમી, હારીજ તાલુકામાં કેટલા રોડની સાઇડનું પ્લાન્ટેશન કરવામાં આવ્યું?

**વન મંત્રીશ્રી:**

(૧) કુલ ૬૫૨૦૦ રોપાનું વાવેતર કરવામાં આવ્યું છે.
(૨) કુલ રૂ. ૫૦.૫૭ લાખનો ખર્ચ થયેલ છે.
(૩) સમી, હારીજ તાલુકામાં કુલ-૨ (બે) રોડ સાઇડોમાં પ્લાન્ટેશન કરવામાં આવ્યું છે.

**શ્રી ભાવસિંહભાઈ ડા. રાઠોડ** :  સમી, હારીજ તાલુકામાં રોડની બંને સાઇડમાં ૬૫ લાખ રૂપિયાના રોપાઓ વાવવામાં આવ્યા છે.  એ રોપાઓ ઓછા છે  એ બાબતમાં માનનીય મંત્રીશ્રી તપાસ કરાવવા માગે છે કે નહિ?

**શ્રી મંગુભાઈ છ. પટેલ** :  માહિતી આપશે તો પૂરી એની તપાસ કરાવીશું.

### પર્યાવરણ જાળવણી અંગે વિદ્યાર્થી/સમાજની અભિરૂચી માટે ઈકો કલબ

*** ૩૦૫૩ શ્રી કનુભાઈ મે. ભાલાળા(વિસાવદર) : માનનીય પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજયમાં પર્યાવરણીય જાળવણી અંગે વિદ્યાર્થી/સમાજમાં અભિરૂચિ ઊભી થાય તે સારુ ઈકો કલબ બનાવવા કોઈ આયોજન કરેલ છે કે કેમ, અને
(૨) જો હા, તો તેની વિગતો શી છે?

**પર્યાવરણ મંત્રીશ્રી:**

(૧) હા, જી.
(૨) કેન્દ્ર સરકાર દ્વારા સને ૨૦૦૧થી નેશનલ ગ્રીન કોર્પસની યોજના અમલમાં મૂકવામાં આવતા ગુજરાતમાં અત્યાર સુધીમાં કુલ ૬૫૯૧ ઈકો કલબની સ્થાપના કરવામાં આવી છે.

**શ્રી કનુભાઈ મે. ભાલાળા** : બીજા પ્રશ્નના જવાબમાં જણાવ્યું છે કે ૬૫૯૧ ઈકો ક્લબની સ્થાપના કરવામાં આવી છે. તો આ ઈકો ક્લબમાં કયા કયા પ્રકારના અભ્યાસક્રમો છે અને મારો બીજો પ્રશ્ન છે કે એનો મુખ્ય ઉદ્દેશ શું છે?

**શ્રી કિરીટસિંહ જી. રાણા** : ઈકો ક્લબની યોજના હેઠળ રાજયની સ્કૂલોના વિદ્યાર્થીઓ જેના સભ્યો હોય છે. તેઓ પર્યાવરણની વ્યવસ્થા અને વન્ય પ્રાણીઓના સંરક્ષણ માટે સમાજમાં સર્વાંગતા ફેલાવવા માટે હોય છે. દરેક ઈકો ક્લબમાં ૫૦ વિદ્યાર્થીઓનો સમાવેશ કરવામાં આવે છે. ઈકો ક્લબનો મુખ્ય ઉદ્દેશ સમાજમાં પર્યાવરણ અંગેની જાગૃતિ ફેલાવવાનો છે. સમાજમાં આવી જાગૃતિ વિદ્યાર્થીઓના માધ્યમથી અસરકાર રીતે ફેલાય તે માટે ઈકો ક્લબ સ્થાપવામાં આવી છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય લાલજીભાઈ...

**શ્રી લાલજીભાઈ પ્રે. સોલંકી** : માનનીય અધ્યક્ષશ્રી, મને મારો જવાબ મળી ગયો છે.

**શ્રી રાજસીભાઈ વી. જોટવા** : મારે આપની મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે ઈકો ક્લબને પ્રતિ વર્ષે કેટલી રકમ ચૂકવવામાં આવે છે અને એ રકમનો શું ઉપયોગ કરવાનો હોય છે?

**શ્રી કિરીટસિંહ જી. રાણા** : પ્રત્યેક ઈકો ક્લબને પ્રતિ વર્ષ હાલમાં ૨૫૦૦ રૂપિયા ચૂકવવામાં આવે છે. ૨૦૦૧ના વર્ષમાં આ યોજના અમલમાં મૂકવામાં આવી ત્યારે એક હજાર રૂપિયા ફાળવવામાં આવતા હતા. જે ૨૦૦૫-૨૦૦૬માં વધારીને રૂપિયા ૨૫૦૦ કરવામાં આવેલ છે. આ ઈકો ક્લબ દ્વારા હાથ ધરવામાં આવતી પર્યાવરણ અંગેની સભાનતાની કામગીરીમાં સહાય તરીકે ઉપયોગ કરવાનો થતો હોય છે.

**શ્રી કુંવરજીભાઈ ન. હળપતિ** : વાર્ષિક ઈકો ક્લબની ગ્રાન્ટ આપવામાં આવે છે એમાં એની પ્રવૃત્તિઓમાં પૂરેપૂરી રકમ આપવામાં આવતી નથી જેના કારણે ઈકો ક્લબની પ્રવૃત્તિ આખા વર્ષ દરમિયાન કરી શકાતી નથી. તેથી ગ્રાન્ટની અંદર કોઈ વધારો કરવા માગો છો કે નહિ?

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : આ ગ્રાન્ટ કેન્દ્ર સરકાર ફાળવતી હોય છે. ગ્રાન્ટ લેપ્સ જતી નથી. ઈકો ક્લબને ૨૫૦૦ રૂપિયા લેખે ગ્રાન્ટ ફાળવાય છે.

**શ્રી ભગવાનજીભાઈ લા. કરગટીયા** : ગુજરાત રાજયમાં આ યોજનાનું સંચાલન કઈ એજન્સી કરે છે અને કેવી રીતે કરે છે?

**શ્રી કિરીટસિંહ જી. રાણા** : ભારત સરકાર દ્વારા આ યોજનાનું સંચાલન કરવા માટે અલગ અલગ રાજયમાં પર્યાવરણ ક્ષેત્રમાં કામ કરતી જુદી જુદી સંસ્થાઓને નોડેલ એજન્સી તરીકે મૂકવામાં આવે છે. ગુજરાત રાજયમાં ગીર ફાઉન્ડેશન આ કામગીરી કરી રહી છે. સ્ટેટ નોડેલ એજન્સી તરીકે ગીર ફાઉન્ડેશને નીચે મુજબની કામગીરી કરવાની છે. ઈકો ક્લબની રચના કરવી, ઈકો ક્લબની ટીચર ઈન્ચાર્જની તાલીમ, માસ્ટર ટ્રેનિંગની તાલીમ કરવી, કાર્યક્રમોમાં જરૂરી માર્ગદર્શન આપવું, રીસર્ચ એજન્સી સાથે સહકારથી રીસર્ચ મટિરિયલ તૈયાર કરાવવું. જિલ્લાઓમાંથી ઈકો ક્લબની પ્રવૃત્તિઓ અંગેનો અહેવાલ મંગાવવો, રાજયકક્ષાની પ્રવૃત્તિઓ યોજવી અને તેનું સંકલન કરવું, ન્યાય માટે કાર્યવાહી કરવી.

## સાવરકુંડલા તાલુકાના મીતીયાળા ગામે અભયારણ્ય

*** ૩૧૮૬ શ્રી કાળુભાઈ વીરાણી(કુંડલા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) સાવરકુંડલા તાલુકાના મીતીયાળા ગામે અભયારણ્ય તરીકે સરકારે મંજૂરી આપેલ છે તો તેને વિકસાવવા માટે સરકારે કેવા પ્રકારના કાર્યો તા. ૩૧-૧૨-૨૦૦૭ સુધીમાં છેલ્લા બે વર્ષમાં કરેલ છે, અને

(૨) થયેલા કામો પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

**વન મંત્રીશ્રી:**

(૧) મીતીયાળા અભયારણ્યમાં વન્યપ્રાણી નિવાસ સુધારણાની કામગીરી જેવી કે વન્યપ્રાણી માટે પીવાના પાણીની સુવિધા, ઉપદ્રવી વનસ્પતિ કાઢવી, પથ્થરની વંડી, હદબાણની કામગીરી, ફાયરલાઈન, રસ્તા રિપેરીંગ તથા ઈકો ડેવલપમેન્ટ, શિક્ષણ શિબિર વિગેરે કામગીરી છેલ્લા બે વર્ષમાં કરવામાં આવેલ છે.

(૨) રૂા. ૨૪.૩૭ લાખ.

**શ્રી કાળુભાઈ વીરાણી** : આપની મારફત મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે મારા વિસ્તારમાં મીતીયાળા જંગલ આવેલ છે. એને અભયારણ્ય તરીકે જાહેર કરવા માટે મંત્રીશ્રી રૂબરૂ આવ્યા હતા અને તાલુકાના મોટા ભાગના ખેડૂતોને બોલાવ્યા હતા અને સાંભળ્યા હતા. ત્યાર પછી આ અભયારણ્યનો વિસ્તાર નક્કી થયો. તો મારે એ જાણવું છે કે આ મીતીયાળા અભયારણ્યનો વિસ્તાર કેટલો છે અને તાલુકાના કેટલા ગામોનો સમાવેશ થાય છે? અને બીજો પ્રશ્ન એ છે કે છેલ્લા બે વર્ષમાં સરકાર દ્વારા જે વિકાસના કામો થયા છે એ કેવા પ્રકારના વિકાસના કામો થયાં છે?

**શ્રી કિરીટસિંહ જી. રાણા** : મીતીયાળા અભયારણ્યનો વિસ્તાર ૧૮૮૨ હેકટર છે. મીતીયાળા વન્ય પ્રાણી અભયારણ્ય જાહેર કરવાથી ઘણાં ફાયદાઓ થયેલ છે. લોકોમાં વન્ય પ્રાણી સંરક્ષણ બાબતે ખૂબ જ જાગૃતિ આવી

છે. અગાઉ આ વિસ્તારમાં વન્ય પ્રાણીઓની સંખ્યા નહિવત્ હતી. અત્યારે ૫થી ૬ સિંહો સ્થાયી થયા છે. ૨૦૦થી ૨૫૦ ચીતલ પણ સ્થાયી થયા છે. આ વિસ્તારમાં ભેજ સંરક્ષણ થતાં વનોમાં વૃદ્ધિ થયેલ છે. તેમનો બીજો પણ સવાલ છે. મીતીયાળા વન્ય પ્રાણી અભયારણ્યમાં અભયારણ્યના વિકાસને લગતા કામો જેવા કે વન્ય પ્રાણીના પીવાના પાણી માટેની વ્યવસ્થા, પથ્થરની વંડી બનાવવાની કામગીરી, ઘાસનું વાવેતર, ભૂમિ ભેજ સંરક્ષણની કામગીરી, ૨૦ કિ.મી.ના રસ્તા રિપેરીંગના કામો.

**નિર્મળ ગ્રામ યોજના નીચે ખેડા, આણંદ અને પંચમહાલ જિલ્લાના ગામો પસંદ કરવા બાબત**

***૨૮૨૧ શ્રી માનસિંહ કો. ચૌહાણ (બાલાસિનોર) : માનનીય ગ્રામવિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

૧. નિર્મળ ગ્રામ યોજના હેઠળ તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ ખેડા આણંદ અને પંચમહાલ જિલ્લામાં તાલુકાદીઠ કેટલા ગામો પસંદ કરવામાં આવ્યા, અને
૨. આ યોજના હેઠળ કયા કયા કામોનો સમાવેશ કરવાનો સરકારે નિર્ણય કરેલ છે?

**ગ્રામવિકાસ મંત્રીશ્રી:**

૧. સંપૂર્ણ સ્વચ્છતા અભિયાન યોજના હેઠળ નિર્મળ ગામ પુરસ્કાર મેળવવા માટે તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ ખેડા, આણંદ અને પંચમહાલ જિલ્લામાં તાલુકાદીઠ નીચે મુજબના ગામોની દરખાસ્તો કરવામાં આવેલ છે.

**ખેડા જિલ્લો**

| અ.નં. | તાલુકાનું નામ | ગ્રામપંચાયતની સંખ્યા |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧ | બાલાશિનોર | ૨૯ |
| ૨ | કપડવંજ | ૨૯ |
| ૩ | ખેડા | ૩૦ |
| ૪ | કઠલાલ | ૩૦ |
| ૫ | મહેમદાવાદ | ૩૦ |
| ૬ | મહુધા | ૩૯ |
| ૭ | માતર | ૩૦ |
| ૮ | નડીયાદ | ૩૦ |
| ૯ | ઠાસરા | ૩૦ |
| ૧૦ | વિરપુર | ૩૦ |
| | કુલ.. | ૩૦૭ |

**આણંદ જિલ્લો**

| અ.નં. | તાલુકાનું નામ | ગ્રામપંચાયતની સંખ્યા |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧ | આણંદ | ૩૦ |
| ૨ | ઉમરેઠ | ૩૬ |
| ૩ | બોરસદ | ૩૦ |
| ૪ | આંકલાવ | ૩૨ |
| ૫ | પેટલાદ | ૩૨ |
| ૬ | સોજીત્રા | ૨૧ |
| ૭ | ખંભાત | ૩૩ |
| ૮ | તારાપુર | ૨૭ |
| | કુલ.. | ૨૪૧ |

**પંચમહાલ જિલ્લો**

| અ.નં. | તાલુકાનું નામ | ગ્રામપંચાયતની સંખ્યા |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧ | ગોધરા | ૪૦ |
| ૨ | મોરવા(હ) | ૪૫ |
| ૩ | શહેરા | ૩૭ |
| ૪ | લુણાવાડા | ૩૬ |
| ૫ | ખાનપુર | ૨૦ |

| | | |
|---|---|---|
| ૬ | કાલોલ | ૩૦ |
| ૭ | હાલોલ | ૩૦ |
| ૮ | જાંબુઘોડા | ૧૩ |
| ૯ | ઘોઘંબા | ૨૬ |
| ૧૦ | સંતરામપુર | ૩૭ |
| ૧૧ | કડાણા | ૩૫ |
| | કુલ.. | ૩૪૯ |

૨. સંપૂર્ણ સ્વચ્છતા અભિયાન અંતર્ગત સમાવેશ કરવામાં આવેલ કામોની વિગત.
(૧) વ્યકિતગત શૌચાલય
(૨) શૌચાલય સહિતના શાળા સ્વચ્છતા સંકુલ
(૩) આંગણવાડીમાં બાળકો માટે શૌચાલયો
(૪) શૌચાલયો સહિતના સામૂહિક સ્વચ્છતા સંકુલ
(૫) ગંદાપાણી અને ઘનકચરાના નિકાલની વ્યવસ્થા
(૬) ગ્રામ પંચાયત વિસ્તારમાં સામાન્ય સફાઈની પરિસ્થિતિ જાળવવા પ્રચાર, પ્રસારની કામગીરી.

**શ્રી માનસિંહ કો. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે નિર્મળ ગ્રામ યોજના હેઠળ તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ ખેડા, આણંદ અને પંચમહાલ જિલ્લામાં કેટલી રકમ કેન્દ્ર સરકાર તરફથી પુરસ્કાર તરીકે મળી?

**શ્રી જસવંતસિંહ સુ. ભાભોર** : ૯૬ લાખ રૂપિયા કેન્દ્ર સરકાર તરફથી પુરસ્કાર તરીકે ગુજરાતને મળેલ છે.

**શ્રી દેવુસિંહ જે. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ગુજરાત સરકારે ખેડા જિલ્લાને નિર્મળ ગ્રામ યોજના હેઠળ કેટલા નાણા ફાળવ્યા?

**શ્રી જસવંતસિંહ સુ. ભાભોર** : ૨૦૯.૮૯ લાખ રૂપિયા ગુજરાત સરકારે આપ્યા છે.

**શ્રી લાલસિંહ ઉ. વડોદીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ઉમરેઠ તાલુકામાં કેટલા વ્યકિતગત શૌચાલયો બનાવવાનું સરકારની યોજનામાં આયોજન કરવામાં આવેલું છે અને ગટરની યોજનાનો લાભ હાલમાં જે ગામોમાં ન હોય તેને ગટર યોજનાથી જોડવા માગો છો કે કેમ? અને બીજા જવાબમાં દર્શાવ્યું છે તો આ બધા કામો કેટલા સમયમાં પૂરા કરવા માગો છો?

**શ્રી જસવંતસિંહ સુ. ભાભોર** : ગટરનો પ્રશ્ન આમાંથી ઉપસ્થિત થતો નથી.

**અધ્યક્ષશ્રી** : શ્રી લાલસિંહભાઈ, તમને પૂરક પ્રશ્ન પૂછવા દઉં છું, આપ સીધો પ્રશ્ન, પદ્ધતિસર પૂછો.

**શ્રી લાલસિંહ ઉ. વડોદીયા** : ઉમરેઠ તાલુકાનું તેમણે લખ્યું છે કે ૩૦ ગામોનો સમાવેશ થયો છે. શૌચાલયોની વિગતો આમાં આપી છે. તો એ શૌચાલયો કેટલા બનાવવા માગે છે એવું તો પૂછી શકાય ને?

**અધ્યક્ષશ્રી** : પૂછાય, એ પૂછોને કયાં ના છે?

**શ્રી લાલસિંહ ઉ. વડોદીયા** : મંત્રીશ્રી એવું કહે છે કે તેનો સમાવેશ નથી થયો.

**શ્રી જસવંતસિંહ સુ. ભાભોર** : માનનીય અધ્યક્ષશ્રી, વ્યકિતગત શૌચાલય માટેનો પ્રશ્ન છે. આ ગટર માટેનો પ્રશ્ન નથી.

**અધ્યક્ષશ્રી** : મંત્રીશ્રીએ શું જવાબ આપવો એ એમની વાત છે. વધારે વિગત જોઈતી હોય તો બીજા નિયમ નીચે જજો. (અંતરાય) શૌચાલય અંગેની વિગતો તમારી પાસે છે?

**શ્રી જસવંતસિંહ સુ. ભાભોર** : માનનીય અધ્યક્ષશ્રી, મેજ ઉપર મૂકી દઈશ.

**શ્રી રામસિંહ પ્ર. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, નિર્મળ ગુજરાત યોજના હેઠળ મારા તાલુકાના ૩૦ ગામ લેવામાં આવ્યા છે. એક તો જે ગામ પસંદ કરવામાં આવ્યા છે તેના નામ શું છે? મારા તાલુકાના ૩૦ ગામ લીધાં છે તેમાં વ્યકિતગત શૌચાલય કેટલા વ્યકિતઓને મળ્યા? તેની પાછળ ખર્ચ કેટલો થયો?

**અધ્યક્ષશ્રી** : તાલુકાના નામોની યાદી મૂકશે તો,.. યાદી મેજ ઉપર મૂકજો.

**શ્રી રામસિંહ પ્ર. પરમાર** : યાદી તૈયાર જ હોય.

**અધ્યક્ષશ્રી** : નામો બધા વાંચશે તો ઘણો સમય જશે.

**શ્રી રામસિંહ પ્ર. પરમાર** : નોર્મ્સ કહે.

**અધ્યક્ષશ્રી** : કેટલા ગામ છે એમના તાલુકાના અને નોર્મ્સ કહી દો.

**શ્રી જસવંતસિંહ સુ. ભાભોર** : ખેડા, આણંદ અને પંચમહાલમાં ખેડા જિલ્લામાં ૫૯૯.૩૯ લાખ ખર્ચ કર્યો છે. આણંદમાં ૨૯૩.૧૦ લાખ ખર્ચ કર્યો છે. નિર્મળ ગામ જે તે પંચાયત અને ટી.ડી.ઓ. કરે છે. એટલે તેમાં છૂટ જ છે. તમારે જે કંઈ કરવા હશે, આપ કહેશો એટલા બધા મંજૂર થઈ જશે. આપ રસ રાખો અને શૌચક્રિયા માટે જે લોકો બહાર જાય છે. એ લોકો માટે તમે સહયોગી બનો એવી આશા રાખું છું.

**અધ્યક્ષશ્રી** : કયા ધોરણે પસંદ કરવામાં આવે છે.

**શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને એ પૂછવા માગું છું કે, તા.૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ પંચમહાલ જિલ્લાના કેટલા ગામોને પુરસ્કાર માટે પસંદ કરવામાં આવેલ અને તે માટે પંચમહાલ જિલ્લાને કેટલી રકમ મળી?

**શ્રી જશવંતસિંહ સુ. ભાભોર** : માનનીય અધ્યક્ષશ્રી, ૫૪ ગામ પસંદ કરવામાં આવ્યા છે અને એના માટે ૫૪ લાખ રૂપિયા પંચમહાલ જિલ્લાને મળ્યા છે.

**શ્રી અમિતકુમાર અ. ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, નિર્મળ ગ્રામ પુરસ્કાર લેવા માટે દરેક ગામમાં અને દરેક ઘેર વ્યકિતગત શૌચાલય હોવું જરૂરી છે. હાલમાં શહેરી વિસ્તારમાં રૂ.૪૦૦૦/-ની ગ્રાન્ટ આપવામાં આવે છે. એના અંદર ગ્રામ વિસ્તારમાં રૂ.૧૨૫૦/ અને રૂ.૭૫૦/- આપવામાં આવે છે. એ ગ્રાન્ટની રકમ વધારવા માગો છો કે કેમ?

**શ્રી જશવંતસિંહ સુ. ભાભોર** : માનનીય અધ્યક્ષશ્રી, ભારત સરકાર વધારે તો વધારીશું.

**શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, ખાસ કરીને મંત્રીશ્રીને એ પૂછવા માગું છું કે, રૂ.૧૨૫૦/ અને રૂ.૭૫૦/- આપવામાં આવે છે એમાં રૂ.૨૫૦/- ધારાસભ્યોના હોય છે, એમાં કાંઈ વધારો કરવા માગો છો કે કેમ?

**શ્રી જશવંતસિંહ સુ. ભાભોર** : માનનીય અધ્યક્ષશ્રી, ના, જી. તમે તો રૂ.૨૫૦/- પણ આપતા નથી, એ તો પહેલાં આપો.

**અમદાવાદ જિલ્લામાં ગૌચરના દબાણો દૂર કરવાની અરજીઓ**

*** ૨૩૭૮ શ્રી રણછોડભાઈ ક. મેર(ધંધુકા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા.૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં ગૌચર દબાણો દૂર કરવાની કેટલી ફરિયાદો સરકાર પાસે પડતર છે,

(૨) તે પૈકી તાલુકાવાર કેટલી ફરિયાદો છે, અને

(૩) આ દબાણો ક્યારે દૂર કરવામાં આવશે?

**પંચાયત મંત્રીશ્રી** :

(૧) ૧૦૮ ફરિયાદો પડતર છે.

(૨) તાલુકાવાર ફરિયાદો નીચે પ્રમાણે છે.

| | તાલુકાનું નામ | મળેલ ફરિયાદો |
|---|---|---|
| ૧ | દસક્રોઈ | ૨૯ |
| ૨ | સાણંદ | ૧૧ |
| ૩ | બાવળા | ૦૭ |
| ૪ | ધોળકા | ૦૬ |
| ૫ | ધંધુકા | ૦૮ |
| ૬ | બરવાળા | ૦૪ |
| ૭ | રાણપુર | ૦૮ |
| ૮ | વિરમગામ | ૧૭ |
| ૯ | દેત્રોજ | ૦૬ |
| ૧૦ | માંડલ | ૧૨ |
| | કુલ | ૧૦૮ |

(૩) બનતી ત્વરાએ.

**શ્રી રણછોડભાઈ ક. મેર** : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્ન ખંડ-૨ ના જવાબમાં જણાવવામાં આવ્યું છે તે પૈકી ધંધુકામાં જે ૮ દબાણ દર્શાવવામાં આવ્યા છે તે દબાણ કોણે કોણે કર્યા છે અને કયા પ્રકારના છે? આ દબાણો સામે પ્રકરણવાઈઝ શું શું કાર્યવાહી કરવામાં આવી છે? આ દબાણો કેટલા સમયમાં દૂર કરવામાં આવશે?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ધંધૂકા તાલુકાના એમના જે દબાણો છે એમાં મૂકેશભાઈ મગનભાઈ મસીયાવા એમણે મકાનની સામે ગેરકાયદેસર બારણું પાડી મશીન ખુલ્લું કરવા બાબત છે. એ પ્રમાણે દાયમા હર્ષદભાઈ દાનુભાઈ મોજે-ખસ્તા. એમણે શિક્ષક ક્વાર્ટરમાં જે પંચાયતની જમીન ઉપર ગેરકાયદેસર ચણતર કરી એનું દબાણ કરેલ છે. પીતાંબર રામજીભાઈ પરમાર તા.ધંધુકા મોજે દલસાણા ગામે આવાસ યોજના હેઠળ મંજૂર થયેલ પ્લૉટ નં.૧૪૩ ઉપર દબાણ કરેલ છે. વિરસંગભાઈ રામસીંગભાઈ મોજે ખસ્તા- ગામે તલાવડીની સરકારી જમીનમાં ગેરકાયદેસર દબાણ હટાવવાની બાબત હતી. એની પેટા બાબત એમાં ઈકબાલ ગનીભાઈ સંગાડીયા એમણે ફરિયાદ કરેલ છે. તા. ધંધુકા, માદરડા ગામે ગૌચરની જમીનના પ્લૉટ પર ગેરકાયદેસર દબાણ છે. ડાહ્યાભાઈ અરજદાર છે. ખંડવામાં મકાનના દરવાજાને અડીને સંડાસ-બાથરૂમ બનાવીને દબાણ કરેલ છે. ભગવાનભાઈ માવુભાઈ અરજદાર છે. મોજે ખડોલ ગામની ગામ તળની જમીન ગેરકાયદેસર રીતે દબાવી છે અને બીજું પરેશભાઈ ખુમાનસિંહ અરજદાર છે. ગામતળની પાળ ઉપર ઉકરડા અને વાડાનું દબાણ કરેલ છે.

**અધ્યક્ષશ્રી** : હું આ પ્રશ્નની અંદર રણછોડભાઈ આપનું ધ્યાન દોરવા માગું છું કે, આપ પ્રશ્નની અંદર દબાણ અંગેની સમસ્યા બાબતે ચોક્કસ પ્રશ્ન પૂછી શકો. પૂરક પ્રશ્નો દ્વારા વ્યકિતગત પ્રશ્નો પૂછો અને મંત્રીશ્રીએ જવાબ આપવો પડે એ સ્થિતિ સારી લાગતી નથી. એટલે હવે પછી પૂરક પ્રશ્નની અંદર માત્ર ફલાણું દબાણ છે એ દિશા તરફ આપણે લઈ જઈએ એ યોગ્ય લાગતું નથી. કારણ કે, પ્રશ્નો વ્યકિતગત હોય છે તો આપણે એને દાખલ જ નથી કરતાં. પરંતુ પૂરક પ્રશ્નની અંદર હું આપને અધવચ્ચે રોકું અને મંત્રીશ્રીને અધવચ્ચે અટકાવું એ બરાબર નથી. હવે સભાગૃહની અંદર જ્યારે પૂરક પ્રશ્નો પૂછાય ત્યારે કેટલીક વ્યકિતઓના વ્યકિતગત પ્રશ્નો આવે એ જાતના પૂરક પ્રશ્નો એલાઉ કરવામાં નહીં આવે.

**શ્રી બાબુભાઈ જ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે અમદાવાદ જિલ્લા ગૌચરની અંદર થયેલા દબાણોમાં ગ્રામપંચાયત અને તેના સરપંચશ્રીઓ શું નિષ્ફળ ગયા? નિષ્ફળ ગયા તો એમાં સરકારે શું એમના માટે કર્યું અને બીજું કે હાલમાં શું પરિસ્થિતિ છે, કેટલી પંચાયત નિષ્ફળ ગઈ? મારો પ્રશ્ન એ છે કે ગૌચરમાં જે દબાણ થયા છે એમાં કેટલી પંચાયત નિષ્ફળ ગઈ છે અને હાલ શું પરિસ્થિતિ છે?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદ જિલ્લામાં ગૌચર સહિતના દબાણો દૂર કરવાની કાર્યવાહીમાં નિષ્ફળ જવા બદલ ૬ સરપંચોના ઉપર કાર્યવાહી કરવામાં આવી છે. આ ૬ ગ્રામપંચાયતના સરપંચો એક ગુજરાત પંચાયત અધિનિયમ -૧૯૯૩ની કલમ ૫૭ પ્રમાણે આ ૬ છે એમાં બાચરડા ગામના સરપંચ છે, તા. ધંધુકાના, સદાદપુરા, તા. વિરમગામના છે. વિરોચનગર, તા. સાણંદના છે, કણભા, તા. દસક્રોઈના છે, બોપલ, તા. દસક્રોઈના છે અને માલણપુર, તા. દસક્રોઈના છે. આ ૬ પંચાયતના જે સરપંચો છે એના ઉપર સભ્યોને હોદ્દા ઉપરથી બોપલમાં, તા. દસક્રોઈ તાલુકામાં સરપંચને ગુનો કરવા બદલ સભ્યશ્રીઓને હોદ્દા ઉપરથી દૂર કરવામાં આવ્યા છે. નામદાર ગુજરાત હાઈકોર્ટમાં સિવિલ એપ્લીકેશન કરવાના કારણે એનો આખરી નિકાલ હજી થયો નથી.

**અધ્યક્ષશ્રી** : એ સબજયુડિસ છે એટલે એની અંદર ન ઉત્તરો તો સારું.

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : બીજું કંઈ નહીં સાહેબ ખાલી ઉલ્લેખ જ કરું છું.

**શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ઘણા કિસ્સાઓમાં ગ્રામપંચાયતો આવા દબાણ દૂર કરી શકતી નથી તો માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે જ્યારે પંચાયત દબાણ દૂર ન કરી શકે તો એની કાર્યવાહી કોણ કરે અને આ દબાણ દૂર કરવાની કાર્યપદ્ધતિ શું છે?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ગૌચરો અગર તો ગામતળના જે દબાણો હોય છે એને દૂર કરવાની કાર્યપદ્ધતિમાં જે ગોઠવણી કરેલી છે સરકારે એમાં તો પહેલા તો સરપંચને સૂચના આપવામાં આવે છે. સરપંચ એની પોતાની વ્યવસ્થા પ્રમાણે સરવે કરાવે છે કે કેટલા દબાણો ગામમાં થયા છે, દબાણ નકકી થયા પછી એની ૧૯૯૩ની કલમ ૧૦૫ હેઠળ એને નોટિસ આપવામાં આવે છે. ગ્રામપંચાયતના દબાણદારને નોટિસથી સરપંચ દંડ પણ કરી શકે છે. નોટિસની મુદત પૂરી થયા પછી દબાણદારને ખર્ચે અને જોખમે ગ્રામ પંચાયત એ દબાણ હટાવવાનું કામ પણ સરપંચ કરી શકે છે. દબાણ હટાવવાને માટે એને જરૂર પડે તો પોલીસ રક્ષણ પણ આપવામાં આવે છે. લો એન્ડ ઑર્ડરની વ્યવસ્થા સચવાય એના માટે પૂરેપૂરો બંદોબસ્ત કરી આપવામાં આવે છે. ગ્રામપંચાયતના સરપંચ અને તલાટી આ ગામડાના દબાણો દૂર ના કરે તો તાલુકા વિકાસ અધિકારીના ધ્યાને આ મૂકવામાં આવે છે અને એ પછી આ જવાબદારી તાલુકા વિકાસ અધિકારીની થાય છે.

### ૧૯૮૦ પહેલાંની સાબરકાંઠા જિલ્લાની જંગલની જમીનો નિયમબદ્ધ કરવા બાબત

***૨૧૪૭ શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા(મેઘરજ)** : **માનનીય વનમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

૧. તા:૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર સને ૧૯૮૦ પહેલાંની અને ત્યારબાદની કુલ કેટલા ગામના ખેડૂતોની જંગલની જમીન નિયમબદ્ધ કરી,

૨ કેટલા ખેડૂતો અને કેટલા ગામોના ખેડૂતોને જમીન નિયમબદ્ધ કરી નથી,

૩ તેના કારણો શા શા છે, અને

૪ કેટલા સમયમાં નિયમબદ્ધ કરવામાં આવશે?

**વનમંત્રીશ્રી :**

૧ પત્રક-અ મુજબ

૨ સને ૧૯૮૦ પહેલાંની જંગલની જમીન ખેડતા કુલ ૨૭ ગામના ૬૦ ખેડૂતોની જમીન નિયમબદ્ધ થઈ શકેલ નથી.

૩ ભારત સરકારમાં થયેલ દરખાસ્ત અનિર્ણિત હોવાથી.

૪. આ અંગે ભારત સરકારના અનુસૂચિત જનજાતિ અને અન્ય પરંપરાગત વનવાસી વનાધિકાર અધિનિયમ-૨૦૦૬ અંતર્ગત જંગલ જમીન પરના હકકદાવાઓ માટે સૌ પ્રથમ ગ્રામ કક્ષાએ રચાયેલ વન હક્ક સમિતિમાં હક્ક-દાવાઓને બહાલી મળ્યા બાદ તે ક્રમશઃ તાલુકા અને જિલ્લા સમિતિમાં બહાલ થયેલી જંગલ જમીન નિયમબદ્ધ કરવાની જરૂરી કાર્યવાહી થઈ શકશે.

**પત્રક-અ**

(૧) સને ૧૯૮૦ પહેલાંની જંગલ જમીન ખેડતા ૮ તાલુકાના કુલ :૨૨૯ ગામના ૨૦૯૮ ખેડૂતોને ૧૬૦૪.૨૬ હેકટર જંગલ જમીન નિયમબદ્ધ કરી આપેલ છે, જેની તાલુકાવાર વિગત નીચે મુજબ છે.

| અ.નં. | વિભાગ | તાલુકો | ગામની સંખ્યા | ઇસમની સંખ્યા | વિસ્તાર હે. આર. |
|---|---|---|---|---|---|
| ૧. | સાબરકાંઠા | ઇડર | ૫ | ૨૯ | ૨૮.૪૯ |
| ૨. | | વિજયનગર | ૩૨ | ૧૫૯ | ૧૧૮.૩૬ |
| | | વિજયનગર | ૩૬ | ૫૪૨ | ૩૧૨.૫૬ |
| ૩. | | ખેડબ્રહમા | ૫ | ૪૨ | ૩૮.૪૧ |
| | | ખેડબ્રહમા | ૨૪ | ૨૧૧ | ૯૬.૯૯ |
| | | કુલ | ૧૦૨ | ૯૮૩ | ૫૯૪.૮૧ |
| ૪. | સાબરકાંઠા-દ. | હિંમતનગર | ૧૩ | ૧૦૮ | ૬૮.૦૨ |
| ૫. | | મોડાસા | ૧૫ | ૧૯૫ | ૨૦૫.૦૯ |
| ૬. | | માલપુર | ૨૩ | ૧૭૬ | ૧૬૬.૨૬ |
| ૭. | | મેઘરજ | ૧૪ | ૩૬ | ૨૭.૬૨ |
| | | મેઘરજ | ૨૭ | ૩૩૦ | ૩૪૬.૯૯ |
| ૮. | | ભિલોડા | ૯ | ૪૨ | ૩૨.૧૭ |
| | | ભિલોડા | ૨૬ | ૨૨૮ | ૧૬૩.૩૦ |
| | | કુલ | ૧૨૭ | ૧૧૧૫ | ૧૦૦૯.૪૫ |
| | | કુલ એકંદર | ૨૨૯ | ૨૦૯૮ | ૧૬૦૪.૨૬ |

(૨) સને ૧૯૮૦ પછીની કોઈ જંગલની જમીન નિયમબદ્ધ કરી આપેલ નથી.

**શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નના જવાબમાં જણાવવામાં આવ્યું છે કે સને ૧૯૮૦ પહેલાની જંગલની જમીન ખેડતા કુલ ૨૭ ગામના ૬૦ ખેડૂતોની જમીન નિયમબદ્ધ થઈ શકેલ નથી. વધુમાં જણાવવામાં આવેલ છે કે ગ્રામ કક્ષાએ રચાયેલ વન હક્ક સમિતિમાં હકદાવાઓને બહાલી મળ્યા બાદ તે ક્રમશઃ: તાલુકા અને જિલ્લા સમિતિમાં બહાલ થયેથી જંગલ જમીન નિયમબદ્ધ કરવાની જરૂરી કાર્યવાહી થઈ શકશે. તો હું પૂછવા માગું છું કે કેટલા સમયમાં હકકદાવાની કાર્યવાહી પૂર્ણ કરવા માગો છો? અને આ માટે કોઈ સમયમર્યાદા નકકી કરવામાં આવી છે કે કેમ?

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ નવો કાયદો અમલમાં તા:૧-૧-૦૮થી આવ્યો છે અને એના માટે સરકારશ્રીએ ૧૨-૧૨ જિલ્લાના કલેકટર, વન વિભાગના અધિકારી અને ટ્રાયબલના અધિકારીઓની એક મીટિંગ કરી અને પંચાયત વિભાગે પહેલી માર્ચથી ૧૫મી માર્ચ સુધીનું આખું અભિયાન ચલાવીને ૪૫૬૬ જેટલી ગ્રામસભા બોલાવી છે અને ૪૪૦૩ જેટલી વન અધિકારી સમિતિની રચના કરી છે. આ રચના થયા પછી.. ..

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી, સાબરકાંઠા પૂરતો મર્યાદિત જવાબ આપો. રાજયની વાત જવા દો.

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, સાબરકાંઠા જિલ્લાના તમામ ગામોની સમિતિ બનાવી દેવામાં આવી છે અને હવે પછી જાહેરાત કરાશે. ૯૦ દિવસમાં વાંધાની રજૂઆત કરવાની છે અને ત્યાર પછી એ પેટા સમિતિ પાસે આવે છે અને ત્યાર પછી જિલ્લા સમિતિ પાસે આવીને આખરી નિર્ણય જિલ્લા સમિતિ કરવાની છે.

**શ્રી દિલીપસિંહ વ. પરમાર** : ભારત સરકારે સૈદ્ધાંતિક મંજૂરી આપેલ હતી તેમાં બાકી રહી ગયેલા ઈસમો પૈકી કેટલા ઈસમોની ફેર વિચારણા કરી, સમીક્ષા કરી અને દરખાસ્ત મોકલી છે?

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : ૧૯૬૭ પહેલા અને ૧૯૮૦ પહેલાના ૪૪ હજાર લોકોને આપણા દ્વારા સનદ આપવામાં આવી છે. ગુજરાત એક જ એવું રાજ્ય છે કે જેણે આ જંગલની જમીનની ૪૪ હજાર જેટલી સનદો આપી છે. ત્યાર પછી ૧૯૮૦ની ૫૪ હજાર જેટલી અરજીઓ હતી એની ચકાસણી કરીને જે કાંઈ ડુપ્લીકેશન થતું હતું, કેટલીક રજૂઆતો બરાબર ન હતી એવી અરજીની ચકાસણી કરીને ૩૩૫૫ જેટલી અરજીઓ તા. ૨-૧૨-૨૦૦૫ના રોજ સરકારે કેન્દ્ર સરકારમાં રજૂ કરી હતી. પરંતુ ત્યાર પછી ત્યાં સ્ટે આવવાથી એ ૩૩૫૫ અરજીઓ એમ જ રહી ગઈ. માનનીય મુખ્યમંત્રીશ્રી દ્વારા એવો પણ પ્રયત્ન કરવામાં આવ્યો કે જે ૨૨૦૪ અરજીઓ હતી જેમાં આદિવાસીઓનો કબજો હતો એને કબજા રસીદ આપવા માટેનો માનનીય મુખ્યમંત્રીશ્રી દ્વારા પ્રયત્ન થયો કે જેથી આદિવાસીઓને એની જમીન મળે.

**શ્રી અશ્વિન કોટવાલ** : માનનીય મંત્રીશ્રી પાસેથી આપના માધ્યમથી જાણવા માગું છું કે જંગલની જમીન ખેડતા ખેડૂતોને જમીન આપવા માટેની જે ગ્રામ સમિતિ બનાવી છે એ ગ્રામ સમિતિ, તાલુકા સમિતિ અને જિલ્લા સમિતિના ધારા-ધોરણો શું છે અને આ સમિતિ કેટલા સમયમાં જંગલની જમીન ખેડતા ખેડૂતોને જમીન આપશે?

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : મેં કહ્યું તેમ સમિતિઓ બની ગઈ છે. આ સમિતિમાં નિયમ એવો છે કે ગ્રામસભા મળે તેમાં ૨/૩ મેજોરિટી હોવી જોઈએ અને એ પ્રમાણે ૪૪૦૩ જેટલી ગ્રામ સમિતિઓ બની છે અને ત્યારપછી એ પેટા સમિતિમાં જશે. આ પેટા સમિતિ તાલુકા પંચાયતની છે. એમાં તાલુકા પંચાયતના ત્રણ સભ્યો હોવા જોઈએ. એમાં બે પુરુષો અને એક મહિલા અને જે તે તાલુકાના અધિકારીઓ મળીને આ સમિતિ બને છે. જે જિલ્લાની સમિતિ છે એમાં જિલ્લાના ત્રણ ચૂંટાયેલા પ્રતિનિધિઓ, એમાં બે પુરુષો અને એક મહિલા અને અધિકારીઓ વચ્ચે આ સમિતિ છે. આ સમિતિ કાર્યક્રમ જાહેર કરશે અને ત્યાર પછી ગ્રામ સમિતિ, તાલુકા પેટા સમિતિ અને જિલ્લા સમિતિ આખરી નિર્ણય કરીને સનદ આપવાની કાર્યવાહી કરશે.

**પડધરી ખાતે આવેલ પંચાયતના ગેસ્ટ હાઉસને માર્ગ અને મકાનને સોંપવા બાબત**

***૨૪૨૫ શ્રી મોહનભાઈ ક. કુંડારિયા(ટંકારા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

(૧) રાજકોટ જિલ્લાના પડધરી મુકામે પંચાયત ગેસ્ટ હાઉસને માર્ગ અને મકાન સ્ટેટને સોંપવા માટેની કાર્યવાહી થયેલ છે કે કેમ?

(૨) જો હા, તો સ્ટેટને સોંપવામાં આવેલ છે કે કેમ, અને

(૩) જો ના, તો કારણો શું છે?

**પંચાયત મંત્રીશ્રી :**

(૧) સોંપવામાં આવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી મોહનભાઈ ક. કુંડારિયા** : માનનીય અધ્યક્ષશ્રી, રાજકોટ જિલ્લાના પડધરી તાલુકામાં રાજકોટ-જામનગર રોડ ઉપર પંચાયતનું ગેસ્ટ હાઉસ છે પણ પંચાયતના ગેસ્ટ હાઉસમાં રીપૅરીંગનો ખર્ચ કરવાની મર્યાદા હોય છે. એના કારણે આ પડધરી ગેસ્ટ હાઉસને સ્ટેટને સોંપવા માટે રાજકોટ જિલ્લા પંચાયત દ્વારા શું કાર્યવાહી કરવામાં આવી અને રાજ્ય સરકાર પણ આ બાબતમાં શું વિચારણા કરવા માગે છે?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : પડધરી તાલુકાનું રેસ્ટ હાઉસ એ જિલ્લા પંચાયતના કબજામાં છે. આ પંચાયતનું જે રેસ્ટ હાઉસ છે એને મેળવવા માટે માનનીય ધારાસભ્યશ્રી ત્રણ-ચાર વર્ષથી પ્રયત્ન કરે છે. એમના પ્રયત્નોના આધારે રાજકોટ જિલ્લા પંચાયતની બાંધકામ સમિતિએ પડધરી રેસ્ટ હાઉસ સરકારને તબદીલ કરવા માટે એમની કારોબારીએ ઠરાવ કર્યો છે. એ પછી એ બાંધકામ સમિતિનો ઠરાવ છે એ રાજકોટ જિલ્લા પંચાયતની કારોબારી સમિતિમાં ગયો છે અને કારોબારી સમિતિએ પણ એની ભલામણ બહાલ રાખીને ભલામણ કરી છે. ત્યાર પછી રાજકોટ જિલ્લા પંચાયતમાં સામાન્ય સભામાં પણ ઠરાવ મોકલ્યો છે. આ એનું સ્ટેટસ છે.૧૯-૩-૨૦૦૭ની બેઠકમાં બાંધકામ સમિતિની ભલામણને સામાન્ય સભાએ પણ બહાલી આપી છે. પરંતુ આ એક વિભાગની પ્રોપર્ટી બીજા વિભાગને ટ્રાન્સફર કરવાની બાબત આવે, માર્ગ અને મકાન ખાતાને આપવામાં આવે તે પહેલા હજુ પણ ઘણી બધી પ્રક્રિયા કરવાની બાકી છે. આ પ્રમાણે તો લગભગ ૬૯ રેસ્ટ હાઉસો છે અમારી જોડે છે.(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : આપણે એકજ પડધરીના ગેસ્ટ હાઉસની વાત કરવાની છે.

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હજુ એમણે આ જે પંચાયતની સામાન્ય સભામાં મંજૂરી આપી. પરંતુ એની જે ગુજરાત રાજ્ય પંચાયત કાઉન્સિલની અંદર આ ઠરાવ મોકલવામાં બાકી છે અને તે થયા પછી પણ નાણાખાતાના પરામર્શમાં રહીને આ પ્રોપર્ટીને ટ્રાન્સફર કરવાની પ્રક્રિયા થાય. આવી આ નીતિ વિષયક બાબત હોવાના કારણે, એક અલગ પ્રકારની બાબત હોવાના કારણે ફ્રી ઓફ કોસ્ટ માગેલ આ માર્ગ અને મકાનખાતાની આ જે માગણી છે એના અંગે ભવિષ્યમાં હજુ પણ ઘણી ચર્ચાને અવકાશ છે અને એના અંગે હજુ દ ણું ગંભીરતપૂર્વક વિચારવાનું છે.

**શ્રી કાંતિલાલ શી. અમૃતિયા** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા હું માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગું છું કે જિલ્લા પંચાયત હસ્તકના આવેલા રેસ્ટ હાઉસને માર્ગ અને મકાન વિભાગ કેમ લેવા માગે છે?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માર્ગ અને મકાનખાતા દ્વારા સામાન્ય રીતે ગેસ્ટ હાઉસ અને સરકીટ હાઉસો માર્ગ-મકાન વિભાગ દ્વારા ચાલે છે. એટલે એમની માગણી ભલે વાજબી હોય તો પણ જિલ્લા પંચાયત આ કરી શકે એમ છે અને જે રિપેરિંગનું અને એનું મરામતમાં થોડું નબળું દેખાતા એમની એના ઉપર નજર છે. પરંતુ આને જલદી નિભાવખર્ચ એ લોકો ભોગવવા માગે છે. અમે કહ્યું એ પ્રમાણે પોલિસી મેટર છે. એટલે એ પોલિસી મેટર જ્યાં સુધી નિશ્ચિત ના થાય ત્યાં સુધી આ બાબતમાં વિચારમાં આવશે. (અંતરાય)

**શ્રી મોહનભાઈ ક. કુંડારિયા** : માનનીય અધ્યક્ષશ્રી, આ જિલ્લા પંચાયતે પ્રક્રિયા પૂર્ણ કર્યા પછી પંચાયત પરિષદમાં આ પ્રકરણ મોકલવાનું થતું હોય છે, તો પંચાયત પરિષદમાં જલદી મોકલી અને પંચાયત વિભાગ અને માર્ગ અને મકાન વિભાગ બંને વચે જે કાંઈ, આ જમીન બહુ કિંમતી છે એના કારણે આર.એન્ડ બી. ડિપાર્ટમેન્ટ પાસેથી જે કિંમત થાય તે વસૂલ કરી અને પંચાયત વિભાગ આને જલદી સોંપે એવી કાર્યવાહી થાય એવું મંત્રીશ્રી કરવા માગે છે કે નહિ?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, એ એમનું સૂચન છે. પરંતુ અમારા વિભાગ પણ આની વૈકલ્પિક વ્યવસ્થા કેવી રીતે કરવી અને કેવી રીતે એનું ડેવલપમેન્ટ કરવું એ વિચાર્યુ છે, આ બધો સમન્વય કરતાં જો અનુકૂળતા આવશે એ પ્રમાણે અમે નિર્ણય લઈશું.

**ચાણક્ય વનનું નિર્માણ**

***૨૯૯૨ શ્રી દિલીપસિંહ વ. પરમાર(મોડાસા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

(૧) રાજ્યમાં વન વિભાગ દ્વારા ચાણક્ય વનનું નિમાર્ણ કરેલ છે, અને

(૨) તે વિસ્તાર કયાં આવેલો છે?

**વન મંત્રીશ્રી** :

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી દિલીપસિંહ વ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગું છું કે કયાં કયાં સ્થળે સાંસ્કૃત્તિક વનો ઊભા કરવામાં આવ્યાં છે?

**શ્રી કિરીટસિંહ જી. રાણા** : માનનીય અધ્યક્ષશ્રી, કહેતાં આનંદ એટલા માટે થાય છે કે વન મહોત્સવ કાર્યક્રમ વર્ષોથી પાટનગર ગાંધીનગર ખાતે કરવામાં આવતો હતો, પણ માનનીય મુખ્યમંત્રીશ્રીની પ્રેરણાથી અને માર્ગદર્શન હેઠળ આ સરકારે તેને લોકોની વચ્ચે લઈ જઈને, લોકોના સહકારની સાથે સાથે વનમહોત્સવ ઊજવવાનું નક્કી કર્યુ. આ અભિગમ હેઠળ સને ૨૦૦૪માં ગાંધીનગર ખાતે પુનિત વન, ૨૦૦૫માં અંબાજી ખાતે માંગલ્ય વન, ૨૦૦૬માં મહેસાણા જિલ્લામાં તારંગાખાતે તિર્થંકર વન, ૨૦૦૭માં સમરથખાતે હરિહર વન બનાવવામાં આવેલા છે.

**શ્રી અમરસિંહ રા. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા વનમંત્રીશ્રીને પૂછવા માગું છું કે રાજ્યમાં વન વિભાગ દ્વારા નર્મદા યોજના જે બની છે ત્યાં કેવડિયા કોલોની મુકામે રાજીવ ગાંધી વન ઉદ્યોગ બન્યો હતો એની શું પરિસ્થિતિ છે? અને એ વનનું કેટલું ડેવલોપિંગ થયું છે?

**શ્રી મંગુભાઈ છ. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, આમાંથી આ પ્રશ્ન ઉપસ્થિત નથી થતો.

**અધ્યક્ષશ્રી** : અમરસિંહભાઈ માત્ર ચાણક્ય વનનું છે.

**શ્રી અમરસિંહ રા. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, આમાં રાજ્યનો સવાલ છે, રાજ્યના વનની વાત કરી છે એટલા માટે પૂછયું છે.

**અધ્યક્ષશ્રી** : રાજ્ય વન વિભાગ દ્વારા ચાણકય વન..(અંતરાય)

**શ્રી અમરસિંહ રા. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, એ વનની વાત કરી. વન માટે પૈસા ફાળવાયા છે એટલા માટે (અંતરાય)

**અધ્યક્ષશ્રી** :મેં તમને ચાન્સ આપ્યો (અંતરાય) એમણે જે જવાબ આપ્યો એના ઉપર પૂરક પ્રશ્ન પૂછો.

**શ્રી અમરસિંહ રા. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યનો આ પ્રશ્ન છે, ત્યાં રાજીવ ગાંધી વન છે એટલા માટે હું પૂછું છું.(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : મંત્રીશ્રી, ચાણકય વનની વિગત એમણે નથી માગી. રાજીવ ગાંધી વનની પરિસ્થિતિ તમારી પાસે છે? એમણે એમ કહ્યું કે રાજીવ ગાંધી વનનું નિર્માણ થયું હતું એ અંગેની સ્થિતિ અત્યારે તમારી પાસે હોય તો કહો ન હોય તો મેજ ઉપર મૂકજો.

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, એ અત્યારે નથી.

**શ્રી અશ્વિન કોટવાલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે હું ટ્રાયબલ વિસ્તારમાંથી આવું છું, આદિવાસી વિસ્તારમાંથી આવું છું પણ આ ચાણકય વન એ કયું વન છે?

**અધ્યક્ષશ્રી** :એમણે ના પાડી કે ચાણકય વન નામનું વન નથી. માનનીય સભ્યશ્રીએ પ્રશ્ન પૂછયો એમની જાણકારીના આધારે એનો એમણે જવાબ આપ્યો છે.

**ભાવનગર જિલ્લામાં વૃક્ષોનું વાવેતર**

***૩૪૬૨ શ્રીમતી ભાવનાબેન રા. મકવાણા(તળાજા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧-૦૧-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષ દરમિયાન ભાવનગર જિલ્લામાં કેટલા અને કયા પ્રકારના વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું,

(૨) તે પૈકી હાલ કેટલા જીવિત છે, અને

(૩) કેટલો ખર્ચ થયો?

**વન મંત્રીશ્રી:**

(૧) તા. ૩૧-૦૧-૨૦૦૮ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં નીચે જણાવ્યા મુજબ રોપાઓનું વાવેતર કરવામાં આવેલ છે.

| ક્રમ | વર્ષ | વાવેતર કરવામાં આવેલ રોપાની સંખ્યા (લાખમાં) |
|---|---|---|
| ૧ | ૨૦૦૫-૦૬ | ૮.૦૭ |
| ૨ | ૨૦૦૬-૦૭ | ૧૫.૧૦ |
| ૩ | ૨૦૦૭-૦૮ | ૬.૭૮ |
| | કુલ | ૨૯.૯૫ |

ભાવનગર જિલ્લામાં મુખ્યત્વે પીલુ, હરમો, ગોરડ, દેશી બાવળ, લીમડો, ખાટી આમલી, આસીત્રો, વિકળો, પિપળો, આમળા, ગુંદા, અરડુસો, નિલગિરિ, સાદડ, સેવન, સીરસ, સીસુ, સાગ, અર્જુન સાદડ, ખીજડો, વડ, આંબો, બીલી, બોરડી, જાંબુ, સરગવો, સીતાફળ, અરીઠા, હરડે, ગરમાળો, ગુલમહોર, આસોપાલવ, દાડમ, જામફળ, કાસીદ, કરંજ, બોહેનીયા પેલ્ટ્રોફોર્મ, ઉમરો, કણજી, બકમનીમ, પિપળ, વાંસ, રતન જયોત, કરેણ, જાસૂદ, ગુલાબ વગેરે પ્રકારના રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું છે.

(૨) તે પૈકી હાલમાં ૨૦.૫૯ લાખ રોપા જીવિત છે.

(૩) રૂ. ૫૯૭-૭૧ લાખનો ખર્ચ થયેલ છે.

**શ્રીમતી ભાવનાબેન ૨ા. મકવાણા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કે ભાવનગર જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં કઈ કઈ જાતના રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું છે અને બીજો પ્રશ્ન એ છે કે વન મહોત્સવ હેઠળ કઈ કઈ જાતના રોપાઓ વેચવામાં આવે છે?

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ભાવનગર જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં મુખ્યત્વે પીલુ, હરમો,ગોરડ, દેશી બાવળ, લીમડો, ખાટી આમલી,.અંતરાય..એમનો પ્રશ્ન એ છે કે ભાવનગર જિલ્લામાં કયું કયું વાવેતર થયું એનો જવાબ હું આપું છું.

**અધ્યક્ષશ્રી** : નહીં, નહીં મંત્રીશ્રી, એમણે પૂછયું છે એટલા માટે મેં પહેલાં પણ કહ્યું તમે જેટલી યાદી હોય ભાવનગર જિલ્લાની અંદર વૃક્ષોની એ મેજ ઉપર મૂકજો.

**શ્રી આત્મારામ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : બહેન, તમે જુઓ છાપેલું લિસ્ટ છે જ. એટલે છાપ્યા પ્રમાણે એમણે કહી દીધું છે પહેલેથી.

**શ્રી આત્મારામ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, એ છાપેલા લિસ્ટમાંથી જ મારો પ્રશ્ન ઊભો થાય છે. માનનીય અધ્યક્ષશ્રી, આમાં એવા અનેક વૃક્ષો છે કે જે વૃક્ષો આજે આપણી યોજનાઓ છે એ વનીકરણ માટેની યોજનાનો આ એક ભાગ છે. પણ એમાં જે નામો આપ્યા છે એમાં મોટાભાગના વૃક્ષોના એવા નામો છે કે જેનો ઔષધિ માટે કે દવા માટે પણ ઉપયોગ થઈ શકે એવી મોટાભાગની વનસ્પતિઓ છે. મારે માનનીય મંત્રીશ્રી પાસેથી આપના દ્વારા એ જાણવું છે કે જયારે આવા વૃક્ષો ઉછેરાયા છે અને એનું જતન પણ થઈ રહ્યું છે અને એનું સંવર્ધન પણ થઈ રહયું છે ત્યારે દવાનો ઉપયોગ કરવા માટેની કોઈ યોજના વિભાગ સાથે ટાઈઅપ કરવા માગો છો કે કેમ?

**અધ્યક્ષશ્રી** : ઔષધિ વનો તમે ઉગાડવા માગો છો કે કેમ?

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ઔષધિ વન પણ કપરાડામાં કાનસ ખાતે ઊભું થયું છે અને એમાં ઔષધિના રોપા પણ વાવવામાં આવ્યા છે. એની સાથે ગુજરાતમાં લગભગ ૧૨૦૦ જાતની ઔષધિ પણ આવેલી છે અને ઘણાબધા વૃક્ષો એવા છે કે જે ઔષધિના રૂપમાં કામમાં આવે છે અને તેનું પણ વનવિભાગ વાવેતર કરે છે.

**શ્રીમતી વિભાવરીબેન વિ. દવે** : માનનીય અધ્યક્ષ મહોદય, આપના માધ્યમથી મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ભાવનગર જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં કેટલા વન મહોત્સવ થયા, કેટલા રોપા વાવવામાં આવ્યા અને માનવદિનની કેટલી રોજગારી એના દ્વારા ઉભી કરવામાં આવી?

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ભાવનગર જિલ્લામાં સામાજિક વન વિભાગ દ્વારા ૨૦૦૫-૦૬માં ૧૮લાખ, ૨૦૦૬-૦૭માં ૨૮લાખ અને ૨૦૦૭-૦૮માં ૧૮ લાખ આમ ૬૪ લાખ જેટલા રોપાનું વિતરણ કરવામાં આવ્યું છે એને એમનો બીજો જે સવાલ છે રોજગારીની વાત એમણે જે કરી છે ભાવનગર જિલ્લામાં વન વિભાગ દ્વારા સને ૨૦૦૫-૦૬માં ૧.૪૫લાખ, ૨૦૦૬-૦૭માં ૧.૯૧લાખ અને ૨૦૦૭-૦૮માં ૦.૫૨લાખ આમ કુલ લગભગ ૩,૮૮,૦૦૦ જેટલા માનવદિનને રોજગારી આપવામાં આવી છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીના કહેવા પ્રમાણે ત્રણ વર્ષમાં ૨૯.૯૫ લાખ રોપામાંથી ૨૦.૫૯ લાખ રોપા જીવિત છે. ૨૦૦૫-૦૬માં જે ૮,૦૭,૦૦૦ વાવ્યા હતા એમાંથી કેટલા રોપા જીવિત છે આજની તારીખમાં?

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, રોપા જે વાવવામાં આવે છે એ ખાસ કરીને જયાં પાણી વધારે હોય છે. માનો કે દક્ષિણ ગુજરાતની વાત કરીએ.

**અધ્યક્ષશ્રી** : પ્રશ્ન બહુ સીમિત છે. જે ૮ લાખ વૃક્ષો રોપ્યા અને તમે ૨૦ લાખનું ટોટલ આપ્યું છે કે જીવિત છે તો ૨૦૦૫-૦૬ ના આંકડા જીવિતના આપવાના? (અંતરાય) આ ચિઠ્ઠી આવે એમાં વાંધો નથી.

**શ્રી મંગુભાઈ છ. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, જે રોપાઓનું વાવેતર થયું છે. એમાં લગભગ ૮૭ ટકા જેટલા રોપાઓ છે એ જીવિત છે.

**રાજકોટ જિલ્લામાં રૅશનિંગની દુકાને કેરોસીનનો જથ્થો**

***૩૪૩૦ શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા(જસદણ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :

(૧) તા. ૩૧-૧-૨૦૦૮ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમ્યાન રાજકોટ જિલ્લામાં તાલુકાદીઠ રૅશનિંગ કાર્ડની સંખ્યાના પ્રમાણમાં કેટલો કેરોસીનનો જથ્થો ક્યારે ક્યારે ફાળવવામાં આવ્યો,

(૨) કાર્ડ હોલ્ડરોને કાર્ડદીઠ નિયત થયેલ ધોરણ મુજબ કેરોસીન એકી સાથે ફાળવવામાં આવતું નથી તે રાજય સરકાર જાણે છે,

(૩) જો હા, તો ગ્રામ્ય અને શહેરો માટેના ધોરણો શું છે, અને

(૪) દુકાનદારો નક્કી થયેલ ધોરણોનો અમલ કરતાં ન હોય તેના પર શાં પગલાં લીધાં?

**નાગરિક પુરવઠા મંત્રીશ્રી :**

(૧) રાજકોટ જિલ્લામાં તા. ૩૧-૧-૨૦૦૮ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમ્યાન તાલુકાદીઠ રૅશનિંગ કાર્ડની સંખ્યાના પ્રમાણમાં ફાળવેલ કેરોસીનના જથ્થાની વિગતના ૧૨ મહિનાના *પત્રક નં. ૧ થી ૫ સામેલ છે.

(૨) ૧ થી ૩ વ્યક્તિના નોનગેસ કાર્ડ ધારકોને ૫ લિટર પ્રથમ પખવાડિયામાં અને ૪ કે તેથી વધુ વ્યક્તિના નોનગેસ કાર્ડ ધારકને ૧૦ લિટર મુજબ કેરોસીનનો જથ્થો પખવાડિયા ૫ લિટર મુજબ માસમાં બે તબક્કામાં વિતરણ કરવાની રાજય સરકારની પ્રવર્તમાન સૂચના છે.

(૩) શહેરી તથા ગ્રામ્ય વિસ્તારમાં ૧ થી ૩ વ્યકિતના નોનગેસ કાર્ડ ધારકોને ૫ લિટર મુજબ તથા ૪ કે તેથી વધુ વ્યકિતના નોનગેસ કાર્ડ ધારકને ૧૦ લિટર મુજબ એક સમાન ધોરણે કેરોસીન વિતરણ કરવામાં આવે છે.

(૪) રાજકોટ જિલ્લામાં તાલુકા કક્ષાએ કોઈ કાર્ડધારક કેરોસીન જથ્થાથી વંચિત ન રહે તે માટે તપાસણી તંત્ર દ્વારા સને ૨૦૦૭ ના વર્ષ દરમ્યાન કેરોસીન એજન્ટ / છુટક વિક્રેતા / વ્યાજબી ભાવની દુકાનોની નીચે મુજબ તપાસો કરી શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવી.

| | | |
|---|---|---|
| ૧. | કુલ તપાસો | ૧૦૮૩ |
| ૨ | તે પૈકી ગેરરીતિના કેસો | ૧૫ |
| ૩ | સીઝ કરેલ કેરોસીનનો જથ્થો | ૨૫,૯૭૩ લિટર |
| ૪ | સીઝ કરેલ જથ્થાની કિંમત | રૂા.૫,૫૬,૮૨૧(વાહનસહિત) |
| ૫ | રાજ્યસાત કરેલ જથ્થો કુલ | ૯,૮૮૪ લિટર કેરોસીન |
| ૬ | રાજ્યસતા કરેલ જથ્થાની કિંમત | રૂા.૧,૪૨,૩૧૮(ટેન્કરસહિત) |
| ૭. | પરવાના અનામતની રકમ | રૂા.૩૬,૨૦૦/- રાજ્યસાત કરી |
| ૮ | પોલીસ કેસ ૬ (છ) કરવામાં આવ્યા, જેમાં ૧૧ (અગિયાર) વ્યક્તિ સંડોવાયેલ છે. | |
| ૯ | અટકાયતી કેસ-૩ (ત્રણ) વ્યક્તિ સામે કાળાબજાર નિવારણ અધિનિયમ ધારા હેઠળ પગલાં લેવામાં આવેલ છે. | |

**(* પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)**

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : માનનીય અધ્યક્ષશ્રી, જવાબ નં. ૨ માં સંખ્યા કાર્ડધારકોની સંખ્યા ૧ થી ૩ વ્યક્તિના નોનગેસ કાર્ડધારકોને ૫ લિટર પ્રથમ પખવાડિયામાં અને ૪ કે તેથી વધુ વ્યક્તિના નોનગેસ કાર્ડધારકોને ૧૦ લિટર મુજબ તો આપના મારફત હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે એમાં લખેલ છે કે કેરોસીનનો જથ્થો પખવાડિયામાં ૫ લિટર મુજબ માસમાં બે તબક્કામાં આપવામાં આવે છે. એમાં એવું થાય છે કે ગ્રામ્ય વિસ્તારની અંદર જ્યાં જે દુકાનધારકો છે, એ કાર્ડધારકોને એવું કહેવામાં આવે છે કે તમને ૫ લિટર કેરોસીન આવ્યું છે, એ પહેલા હપ્તામાં લઈ જાય, પછી છેલ્લા દિવસોમાં એ દુકાનધારકને કેરોસીનનો જથ્થો ફાળવવામાં આવે છે, ત્યારે કાર્ડધારકોને કહી દેવામાં આવે છે કે હવે પછીનું કેરોસીન આવ્યું નથી, જે ૪ કે તેથી વધારે વ્યક્તિ નોનગેસ કાર્ડધારકને ૧૦ લિટર કેરોસીન મળતું નથી, એટલે મંત્રીશ્રી આમાં કોઈ ફેરફાર કરીને એક સાથે જ ૧૦ લિટર કેરોસીનનો જથ્થો આપવાનો થાય છે, તો એક સાથે આપવા માગો છો કે કેમ? બીજો સવાલ જે કાર્ડ અલગ કરવામાં આવે છે, એ કાર્ડ અલગ થયા પછી એવું કહેવામાં આવે છે કે તમને આ કેરોસીનનો જથ્થો આના કાર્ડ ઉપર મળશે નહિ. એક જ કાર્ડ ઉપર મળશે, એટલે અલગ કાર્ડ થયેલ હોય તેમાં કોઈ નીતિ કે દિવસો નક્કી કરીને આટલા સમય પછી નવા કાર્ડ ઉપર કેરોસીનનો જથ્થો આપવામાં આવશે એવી કોઈ સૂચના આપવા માગો છો કે કેમ?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપણી પ્રસ્થાપિત કરેલી વ્યવસ્થા પ્રમાણે ૧ થી ૩ સભ્યો જે કુટુંબમાં હોય છે, તેના માટે ૫ લિટર કેરોસીન ફાળવવાની વ્યવસ્થા થયેલી છે. ચાર કરતાં વધારે સભ્યો જે કુટુંબમાં હોય, નોન ગેસધારક લોકો એના માટે આપણે ૧૦ લિટર કેરોસીન ફાળવીએ છીએ. માનનીય કુંવરજીભાઈનું એવું માનવું છે કે ૧૦ લિટર કેરોસીન ફાળવવામાં આવે છે એ કેરોસીનને બે ભાગમાં વહેંચીએ,

એના કરતાં પહેલા આપવામાં આવે, પરંતુ આપણને કેન્દ્રમાંથી જે ક્વોટા મળે છે, તે ગુજરાતનો ક્વોટા આપણી જરૂરિયાત છે, તેમાં આપણી જરૂરિયાત ૯૨,૦૦૦ કિલો લિટરની છે અને આપણને મળે છે ૭૯,૬૦૦ કિલો લિટર અને એ તબક્કાવાર આવે છે અને તબક્કાવાર આપીએ છીએ. ૪ થી વધારે જે લોકો છે એને બે તબક્કામાં આપીએ છીએ. પહેલો તબક્કો ૧ થી ૧૦ તારીખ સુધીનો એમાં આપણે લગભગ ૬૦ ટકા કેરોસીન આપીએ છીએ. એમાં ૫ લિટર વાળાઓને કમ્પ્લેટલી કવર કરી લઈએ છીએ. જે ગરીબ લોકો છે, બી.પી.એલ. કાર્ડવાળા છે, એ લોકોને અને એનાથી મોટા પરિવારો છે, એના માટે ૪૦ ટકા જથ્થો આપણે ૧૦,૧૧ થી ૨૨ તારીખ સુધી લઈએ છીએ અને કેન્દ્ર સરકારમાંથી આ ક્વોટા એ પ્રમાણે આવે છે. એ વ્યવસ્થા અંગે સરકાર ફરી વિચારણા કરવાનું વિચારે છે. જે કાર્ડધારકો સતત પ્રક્રિયા કરીને કાર્ડનું વિભાજન કરે છે. કેરોસીનના જથ્થા તરફનું આકર્ષણ લોકોને ઘણું બધું વધેલું હોવાના કારણે એક કાર્ડની અંદર ૧૦ હોય તો એના બે ભાગ કરીને ૪-૪ કરીને કે ૫-૪ કરીને કુટુંબનું વિભાજન બતાવી અને આ જે કેરોસીન લેવાનું આકર્ષણ છે, એ સરકારના ધ્યાનમાં આવ્યું છે અને આ કેરોસીનનો જથ્થો જરૂરિયાતવાળા લોકોને મળે એ પ્રકારની વ્યવસ્થા કરવાની હોય છે.

**શ્રીમતી જસુબેન સ. કોરાટ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા મારે જાણવું છે કે, રાજકોટ જિલ્લામાં તાલુકાવાર કેરોસીનના કેટલા વિક્રેતાઓ છે અને આ કેરોસીન વિક્રેતાઓ છે તે કાળાબજાર કરે છે તેના માટે રાજય સરકારને ફરિયાદ મળી છે? જો મળી હોય તો શું કાર્યવાહી રાજય સરકારે કરી છે.

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, રાજકોટ જિલ્લામાં તાલુકાવાઈઝ કેરોસીનના જે વિક્રેતાઓ છે તે અલગ અલગ કંપનીના એજન્ટો પણ વિક્રેતા ૩૩ છે. વ્યાજબી ભાવની દુકાનો દ્વારા ૮૮૩ છે. તેના દ્વારા પણ કેરોસીનનું વિતરણ કરવામાં આવે છે. છૂટક વિક્રેતાઓની પણ નિમણૂક કરવામાં આવી છે. લગભગ ૨૪૯ છૂટક વિક્રેતાઓ આપે છે અને ૯૨ ફેરિયાઓ છે. આમ કુલ ૧૨૨૪ લોકોની કેરોસીન વિતરણ કરનારની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. તેના દ્વારા રાજકોટ જિલ્લામાં કેરોસીનનું વિતરણ થાય છે. અલગ અલગ તાલુકાવાઈઝ વિતરણ કરનારની જરૂર હોય તો કોઈપણ તાલુકાનું હું આપી શકું છું.

**શ્રી મોહનભાઈ ક. કુંડારિયા** : માનનીય અધ્યક્ષશ્રી, જેને ગેસ કનૅક્શન હોય તે લોકોને જે સબસિડી પાત્ર ઈન્ડિયન ગેસ હોય, ભારત ગેસ હોય સબસિડી પાત્ર કનૅક્શન હોય તેને કેરોસીન આપતા નથી. પણ રિલાયન્સ કે સુપર ગેસ જે પ્રાઈવેટ ગેસ એજન્સીઓ છે એમાં ગેસના બાટલામાં સબસિડી હોતી નથી. તે પૂરા પૈસાથી ગેસનું કનેકશન અને ગામડામાં આવા કનૅક્શન હોય છે તો જે પ્રાઈવેટ કંપનીના જેમાં સબસિડી નથી તેવા કનૅક્શન ધરાવતા હોય તેવા લોકોને કેરોસીન આપવા માગીએ છીએ કે કેમ?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય સભ્યશ્રી આપનું સૂચન ધ્યાન ઉપર લઈશું.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કુંવરજીભાઈનો સ્પેસિફીક સવાલ છે. તે અંગે માનનીય મંત્રીશ્રી સ્પષ્ટતા કરે તેવી વિનંતી છે. સવાલ એ છે કે જે કાર્ડ અલગ કરે છે અને મંત્રીશ્રી કહે છે કે ટેમ્પ્ટેશન છે અને ખોટા કાર્ડ અલગ થાય છે. ખોટા થતા હોય તો તેને રોકવા માટે તંત્રને તકેદારી આપીને પણ જે જેન્યુઈન કેસમાં સાચું કાર્ડ અલગ થયું હોય અને ખરેખર જુદો રહેવા ગયો હોય તેને કેરોસીનનો જથ્થો ફળવાય તેવી વ્યવસ્થા કરવા માગે છે કે કેમ?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વિપક્ષના નેતાનું જે સૂચન છે તેને ચોક્કસપણે ધ્યાને લઈશું. પરંતુ મેં જે વાત મૂકી છે ગૃહ સમક્ષ તે જવાબદારીપૂર્વક મૂકી છે. એટલા માટે કેરોસીનમાં માર્કેટ રેટ છે તેમાં ડીફરન્સ ખૂબ હોવાને કારણે ઘણા બધા કોમર્શિયલ યુઝ કરનારા લોકો આ કેરોસીન માટે કરે છે. તે વાત તંત્રના ખ્યાલમાં આવ્યું છે અને અમારું વહિવટી તંત્ર તે અંગે કામગીરી શરૂ કરશે.

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી એટલું જાણવા માગું છું કે જેમ માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે કેરોસીન આપણને કેન્દ્રમાંથી બે તબક્કે ફાળવવામાં આવે છે તો આપના મારફત એટલું જાણવા માગું છું કે કોઈપણ તાલુકા અથવા ગામડાઓમાં વિભાજન કરીને આ ગામડાઓની અંદર આટલા ગામડાઓમાં પંદર તારીખ અથવા દસ તારીખ પહેલાં અને પછીના ગામડાઓમાં દસ તારીખ પછી એ રીતે તબક્કા પાડી કેરોસીન આપવાની માગણી એટલા માટે છે કે બાકીના પાંચ લીટર કેરોસીન પછીથી આપતા નથી અને કાળાબજારમાં જતું રહે છે એટલે એ રીતે ઝોન પાડીને અમુક ગામડાઓને પંદર તારીખ પહેલાં અને બાકીના ગામડાઓને પંદર તારીખ પછી એકસાથે દસ લીટર કેરોસીન આપવા માટેની કોઈ નીતિ, ધોરણ નક્કી કરવા માગે છે કે કેમ?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, એમના મનમાં જે સૂચન છે તે માટે માનનીય સભ્યશ્રી મારી જોડે બેસશે અને જરૂરી ઉપયોગી હશે તો તેની ચર્ચા કરીશું.

## રાજયમાં કેરોસીન વિતરણના ધોરણો

*** ૨૧૪૩ શ્રી ગૌતમભાઈ જે. ઝાલા(કઠલાલ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,

(૧) રાજયમાં કેરોસીન વિતરણના ધોરણો દરેક જિલ્લામાં જુદા જુદા છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો જુદા જુદા ધોરણો અપનાવવાના કારણો શાં છે, અને

(૩) રાજયમાં એક સરખા ધોરણો કરવા સરકાર કરવા માગે છે કે કેમ?

**નાગરિક પુરવઠા મંત્રીશ્રી :**

(૧) ના,જી
(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(૩) સમગ્ર રાજયમાં ૧ થી ૩ વ્યકિતના નોનગેસ કાર્ડ ધારકોને ૫ લીટર મુજબ તથા ૪ કે તેથી વધુ વ્યકિતના નોનગેસ કાર્ડ ધારકને ૧૦ લીટર મુજબ કેરોસીન વિતરણ પ્રમાણ રાજયમાં એક સમાન ધોરણ માહે મે-૦૬થી નિયત કરવામાં આવેલ છે.

**શ્રી ગૌતમભાઈ જે. ઝાલા** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, કેરોસીન વિતરણની પધ્ધતિ દરેક જિલ્લામાં સરખી છે પણ દર મહિને રાજયમાં કેરોસીનની કેટલી માગણી, જરૂરિયાત રહે છે અને જરૂરિયાત પ્રમાણે વિતરણ થાય છે કે કેમ? અને બીજું કે ગામડાઓમાં એજન્ટોને કઈ તારીખ સુધીમાં જથ્થો ઉપાડી લેવાના ધોરણો નક્કી કર્યુ છે કે કેમ?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મેં ગયા જવાબમાં કહયું કે ધોરણસર અને પ્રમાણસર ગુજરાતમાં વિતરણ કરવામાં આવે છે. શહેર હોય કે ગામડું હોય તેમાં એક સરખા ધોરણે વિતરણ કરીએ છીએ એટલે તેમાં કોઈ અવકાશ રહેતો નથી.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, જે સવાલ ઉભો થાય છે તેનું કારણ એટલું જ છે કે જે જિલ્લામાં કાર્ડની સંખ્યા પ્રમાણે કેરોસીન ફળવાય છે. કાર્ડની સંખ્યા જિલ્લા કલેકટરશ્રીએ સરકારને જણાવવાની હોય છે. તેના માટેનો મહિનો એક સરખો નથી રહેતો આખા ગુજરાતમાં અને તેના કારણે દરેક જિલ્લામાં જુદી જુદી પરિસ્થિતિ ઉભી થાય છે. કોઈ જિલ્લો તેના કાર્ડની સંખ્યા ઓગસ્ટની કહે છે, કોઈક સપ્ટેમ્બર કહે છે તો આખા ગુજરાતમાં ચોક્કસ મહિનાની કાર્ડની સંખ્યા પ્રમાણે વિતરણ વ્યવસ્થા ગોઠવાય એવું સરકાર કરવા માગે છે કે કેમ?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ કાર્ડની બાબતમાં હું માનનીય સભાગૃહનું ધ્યાન દોરવા માગું છું કે, સતત પ્રક્રિયા છે કે કાર્ડ તાલુકાવાર ઈવન જિલ્લાની અંદર કાર્ડનું ડિવિજન જે થાય છે એના કારણે સંખ્યા કોન્સ્ટન્ટ રહેતી નથી અને તે પ્રમાણે ન કહેવાના કારણે પહેલા શરૂઆતના એપ્રિલ મહિનાનો બેઈઝ બનાવી દઈએ છીએ કે ગુજરાતમાં કેટલા કાર્ડ અવલેબલ છે એના પ્રમાણે જે કવોટા કેન્દ્ર સરકારમાંથી આવે છે એ કવોટાને એના પ્રમાણે ડિવિજન પાડીએ છીએ. ડે ટુ ડે કે મન્થ ટુ મન્થ આવું આપણે ન કરી શકીએ પણ દર ત્રણ કે ચાર મહિને એનો એક બેઝ બનાવીએ છીએ અને એના ઉપર આપણે પરસન્ટેઝ કોન્ટીન્ટી આપણે ડિવાઈડ કરીએ છીએ અને પ્રપોર્સનેટલી આપીએ છીએ અને એ પ્રમાણે જ આખું તંત્ર ગોઠવાય છે. ઘણી વખત આપણને ૭૯૬૦૦ કિલોલિટરનો જથ્થો મળે છે એ જથ્થાને આપણે વહેંચીએ છીએ એ વહેંચવા માટે આપણને કોઈ એમાં પ્રપોર્સનેટ કરવાના કારણે સો ટકા વિતરણ કરેલું હોવા છતાં પણ જિલ્લામાં કાર્ડની વ્યવસ્થા અલગ અલગ અને જથ્થો વધેલો હોવાના કારણે ઘણી વખત ૯૫ ટકા, ૯૮ ટકા, ૯૭ ટકા અલગ અલગ જિલ્લાની અંદર સંખ્યા વધારવાનું પ્રમાણ જેમ વેરી થાય છે એમ-એમ થોડાક પરસેન્ટેઝ વેરી થાય છે, આ પ્રમાણે ગુજરાતમાં આ વિતરણ આપણે કરી રહ્યા છીએ.

**શ્રી કિશોર વાંકાવાલા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું આપના દ્વારા જાણવા માગું છું કે, કેરોસીનની જાહેર વિતરણ યોજના હેઠળ કેરોસીનનો દૂરોપયોગ ન થાય અને તેનું ડાયવર્ઝન અટકે તે માટે સરકારે છેલ્લા એક વર્ષમાં શું પગલાં લીધાં?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, જાહેર વિતરણ યોજનામાં કોઈ ગેરરીતિ ન થાય એના માટે પુરવઠા વિભાગ દ્વારા એન્ફોર્સમેન્ટ તંત્ર દ્વારા આ કાર્યવાહી અમે કરીએ છીએ અને ૨૦૦૭ના વર્ષમાં કેરોસીનના વિક્રેતાઓની જે અમે ચકાસણી કરી ત્યારે સમગ્ર રાજયનો પ્રશ્ન છે એટલે ૧૩૯૬૫ ગેરરીતિની અમે તપાસ કરી હતી એમાંથી ૩૫૪૯ કેસો કરવામાં આવ્યા, એના કારણે જે કેરોસીનનો જથ્થો છે એ ૨,૮૮,૫૭૦ લિટર જથ્થો અમે કબજે કર્યો હતો એની કિંમત લગભગ ૪૭,૯૬,૬૦૫ રૂપિયા થાય છે, એમાંથી ૧,૪૭,૮૮૩ લિટર જથ્થો રાજયસાત કરેલ છે, ૨૩,૧૮૦૦૦ રૂપિયાનો જથ્થો કબજે લીધો છે અને આ પ્રમાણે અનામત રકમ પણ ૧૪,૫૬૦૦૦ જપ્ત કરી છે. અમારા એન્ફોર્સમેન્ટ તંત્ર દ્વારા જે કાર્યવાહી ચાલે છે એમાં પરવાના મોકૂફ ૫૧ જણાના કર્યા, ૪૨ જણાના પરવાના ૨૬ કર્યા, ૪૩ કોર્ટ કેસ કર્યા છે અને અટકાયતના કેસ ૨૦ છે, આ પ્રમાણે કેરોસીનનો જથ્થો કોઈ દૂરોપયોગ ન કરે એ માટે અમારું તંત્ર સજાગ છે અને એના ઉપર એન્ફોર્સમેન્ટ દ્વારા આ આખી કાર્યવાહી કરવામાં આવે છે.

**શ્રી ખુમાનસિંહ રા. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું આપના દ્વારા જાણવા માગું છું કે, માનનીય સભ્યશ્રીઓનો પ્રશ્ન પૂછવાનો ઇરાદો કે ભાવના છે એ (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન એ છે કે, કેરોસીન ગામડાંની અંદર છેલ્લા દિવસોમાં લગભગ વીસમી પછી જ દરેક દુકાનદાર ઉપાડે છે અને દશ જ દિવસની અંદર આ કેરોસીનના બિલો બનાવીને સગેવગે થઈ જાય છે એટલે મારો પૂછવાનો આશય એ છે કે, આ કેરોસીન સગેવગે ન થાય અને કાર્ડધારોકોને પૂરતા પ્રમાણમાં સારી રીતે મળી રહે એટલે પહેલીથી પાંચમી સુધીની અંદર જ દરેક દુકાનદારને ફૉર્સ પાડીને કે કોઈ કાયદો બનાવીને આ વિતરણ વ્યવસ્થા કરવા માગે છે કે કેમ ?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીનું સૂચન છે અને એ સૂચનનો અભ્યાસ કરીને એમાં (અંતરાય) એમનું સૂચન છે કે વહેલું અને સમયસર મળવું જોઈએ, એ સૂચનનો અભ્યાસ કરીને કરવામાં આવશે.

**શ્રી યોગેશ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપશ્રી દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, કેરોસીનનો મોટો જથ્થો પેટ્રોલપંપો પર ડિઝલના ભેળસેળ માટે જાય છે તો આવા કેટલા પંપો સરકારે બંધ કર્યા છે?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મેં કહ્યું કે ગેરરીતિઓ જે હોય છે એને પકડવા માટેનું અમારું તંત્ર છે અને આ પણ એક ગેરરીતિ છે અને આવી કોઈ ગેરરીતિની જાણ થશે તો એને ઝબ્બે કરવામાં આવશે અને એ અમારી જવાબદારી છે.

**શ્રી મોહનભાઈ ક. કુંડારિયા** : માનનીય અધ્યક્ષશ્રી, દરેક ગ્રાહકને સપ્રમાણ વિતરણ થાય એટલા માટે ૩ વ્યકિત હોય તો ૫ લિટર મળે અને ૪ વ્યકિત હોય તો ૧૦ લિટર મળે છે તો વ્યકિત દીઠ આનું ધોરણ નક્કી કરીને એક લિટર કે બે લિટર વ્યકિતદીઠ જથ્થો આપવાની વિચારણા કરવા માગે છો કે નહીં?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ એક સારું સૂચન છે અને એ અંગે સરકારશ્રી વિચારણા કરી રહી છે.

**શ્રી બાવકુભાઈ ના. ઉંઘાડ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કે, એક થી ત્રણ વ્યકિતને ૫ લિટર અને બાકીનાને ૧૦ લિટર આપવાનું જે જવાબમાં લખેલ છે ત્યારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, અમદાવાદ, સુરત, વડોદરા જેવા કોર્પોરેશનો છે એમાં જે કેરોસીન આપવામાં આવે છે અને ગામડામાં જે આપવામાં આવે છે એના જથ્થામાં ફરક છે કે નહીં? અને ગામડામાં જે ૧૦ લિટર આપવામાં આવે છે અને સુરત, વડોદરા અને અમદાવાદ જેવા કોર્પોરેશનમાં વધારે આપે છે તો આવી કોઈ વ્યવસ્થા છે કે નહીં? અને હોય તો બધે સમાન ધોરણો કરવા માગો છો કે નહીં?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, સરકારી વ્યવસ્થા તંત્રમાં આવો કોઈ ભેદભાવ છે નહીં, બધે એક સરખો જથ્થો આપવામાં આવે છે અને કોઈ જગ્યાએ આપના ધ્યાનમાં આવું આવતું હોય તો અમારું ધ્યાન દોરજો અને એના અંદર સરકારી તંત્ર ધ્યાન આપશે.

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રીએ કહ્યું છે કે આપ આપના સૂચનો મોકલી આપજો અને એના ઉપર ધ્યાન આપશે.

### માંગરોળ અને ઉમરપાડા તાલુકામાં આદર્શ નિવાસી શાળા

***૩૩૭૪ શ્રી ગણપતભાઈ વે. વસાવા(માંગરોળ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

(૧) સુરત જિલ્લાના માંગરોળ તાલુકા અન ઉમરપાડા તાલુકામાં એક પણ આદર્શ નિવાસી શાળા આવેલ નથી તો સરકાર ચાલુ કરવા માગે છે કે કેમ, અને

(૨) જો હા, તો કેટલા સમયમાં?

**આદિજાતિ વિકાસ મંત્રીશ્રી :**

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી ગણપતભાઈ વે. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે સુરત જિલ્લામાં મારા મત વિસ્તારમાં આવતો માંગરોળ તાલુકો તેમજ ઉમરપાડા તાલુકામાં એક પણ આદર્શ નિવાસી શાળા આવેલ નથી. માનનીય અધ્યક્ષશ્રી, સુરત જિલ્લામાં ઉમરપાડા તાલુકાને કૈલગી સમિતિ દ્વારા પછાત તાલુકો જાહેર કરેલ છે અને સો ટકા આદિવાસી વસતિ ધરાવતો તાલુકો છે તો આ રાજય સરકારે આદિવાસીના વિકાસ માટે વન બંધું જેવી કલ્યાણ યોજના મારફતે આ તાલુકામાં વિજ્ઞાન પ્રવાહ માધ્યમિક શાળા અને આઈ.ટી.આઈ. અગાઉ આપેલ જ છે તો આ યોજના હેઠળ આ બંને તાલુકામાં આદર્શ નિવાસી શાળા રાજય સરકાર આપવા માગે છે કે કેમ, અને કેટલા સમયમાં?

**શ્રી જસવંતસિંહ સુ. ભાભોર** : માનનીય અધ્યક્ષશ્રી, ગણપતભાઈએ જે વાત કરી છે કે માગરોળમાં આદર્શ નિવાસી શાળા છે અને ઉમરપાડામાં આદર્શ નિવાસી શાળા નથી. પરંતુ ત્યાં વિદ્યાથીઓની તપાસ અમે કરાવી છે તો વિદ્યાર્થીઓ પૂરતા પ્રમાણમાં મળશે, જમીન મળશે તો આ માટે ચોક્કસ વિચાર કરવામાં આવશે.

### ઝાલોદ તાલુકામાં ચાકલ્ય વન

**૩૨૯૬ શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર(હાલોલ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

(૧) તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ઝાલોદ તાલુકામાં ચાકલ્ય વનનું નિર્માણ કરવામાં આવેલ છે કે કેમ?

(૨) જો હા, તો કેટલા વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું, અને

(૩) કેટલા હેકટરમાં?

**વન મંત્રીશ્રી :**

(૧) ચાકલ્ય વનનું નિર્માણ કરવામાં આવેલ નથી પરંતુ ચાકલિયા ગામે વન વિભાગ દ્વારા છેલ્લા ત્રણ વર્ષમાં ખાતાની વિવિધ યોજના અંતર્ગત વાવેતર કરવામાં આવેલ છે.

(૨) ૨,૪૪,૯૭૭ રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું છે.

(૩) ૩૬૫ હેકટર વિસ્તારમાં.

**શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે ચાકલિયા ખાતે કેટલા વિસ્તારમાં વર્ષ વાર કેટલા રોપા રોપવામાં આવ્યા, અને વર્ષ વાર રોપેલ રોપાની જીવંત સંખ્યા કેટલી?

**શ્રી કિરીટસિંહ જી. રાણા** : માનનીય અધ્યક્ષશ્રી, ચાકલિયા ખાતે આ પ્રમાણેના વિસ્તારમાં વાવેતર કરવામાં આવેલ. વર્ષ ૨૦૦૫-૦૬માં વિસ્તાર ૭૦ હેકટર, રોપવામાં આવેલ રોપાઓ કુલ ૬૦૪૨૫, જીવંત રોપાની સંખ્યા ૫૫૬૪૪. વર્ષ ૨૦૦૬-૦૭ વિસ્તાર ૧૪૦ હેકટર, રોપવામાં આવેલ રોપાઓ કુલ ૭૩૮૨૫ અને એમાંથી જીવંત રોપા ૭૧૬૨૦. ૨૦૦૭-૦૮માં વિસ્તાર ૧૫૫ હેકટર, રોપવામાં આવેલ રોપાઓ કુલ ૧૧૦૬૮૭, જીવંત રોપા ૧૦૪૪૩૦.

**શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ** : માનનીય અધ્યક્ષશ્રી, ૩૬૫ હેકટરમાં ૨ કરોડ ૪૪ લાખ રોપાઓનું વાવેતર કર્યું છે તો આ રોપાઓ પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે?

**શ્રી મંગુભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૫-૦૬માં ૪૬ લાખ, ૨૦૦૬-૦૭માં ૨૫ લાખ અને ૨૦૦૭-૦૮માં ૧૪ લાખ આટલો રોપાઓ પાછળ ખર્ચ કરવામાં આવેલ છે.

**અધ્યક્ષશ્રી** : પ્રશ્નોતરીનો સમય પૂરો થાય છે.

# અતારાંકિત પ્રશ્નો

## (તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

### જામનગર જિલ્લામાં વૃક્ષો ઉછેરવા બાબત

૩૩૦૦ **શ્રી રાઘવજીભાઈ હં.પટેલ (જોડીયા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર જિલ્લામાં સને ૨૦૦૬-૦૭ના વર્ષ દરમ્યાન કેટલા વૃક્ષો ઉછેરવામાં આવ્યા, અને | (૧) ૩૬.૬૫ લાખ રોપાનું વાવેતર કરવામાં આવ્યું છે. |
| (૨) તે પૈકી કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૨) આ વાવેતર પાછળ રૂા. ૫૩૭.૭૪ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. |

---------

### રાજ્યમાં સિંહોની વસ્તી

૩૪૬૫ **શ્રી કાળુભાઈ ચ.રાઠોડ (ઉના) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં સિંહોની વસ્તી છેલ્લી ગણતરી મુજબ કેટલી છે,<br>(૨) તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ તેમાં કેટલા સિંહોની સંખ્યા વધી, અને | (૧) અને (૨) અગાઉ સને ૨૦૦૧માં થયેલ સિંહોની વસ્તી ગણતરી બાદ સને એપ્રિલ - ૨૦૦૫માં થયેલ સિંહોની વસ્તી ગણતરીના અંદાજ મુજબ ૩૫૯ ± ૧૦ સિંહો છે. જે અનુસાર અંદાજે ૩૨- સિંહોની સંખ્યા વધી છે. |
| (૩) સિંહોની સંખ્યા પ્રમાણે અભ્યારણ્ય વિસ્તાર પૂરતો છે ખરો ? | (૩) સિંહોના સંરક્ષણ અને સંવર્ધન થતાં ગીર તેમજ તેનો સંલગ્ન વિસ્તાર, ગિરનાર અને ગીરની પૂર્વમાં આવેલ અમરેલી અને ભાવનગર જિલ્લાના ઘાસીયા મેદાનોમાં સિંહનો વ્યાપ કુદરતી રીતે વધ્યો છે. |

---------

### ભિલોડા અને ઈડર તાલુકામાં સરદાર આવાસ યોજનામાં મળેલ અરજીઓ

૨૩૮૧ **ડૉ. અનિલ જોષીયારા(ભીલોડા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સાબરકાંઠા જિલ્લાના ભિલોડા અને ઈડર તાલુકામાં તા. ૩૧-૧-૦૮ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સરદાર આવાસ માટે વર્ષવાર અને તાલુકાવાર કુલ કેટલી અરજીઓ આવી,

**જવાબ**

(૧)

| વર્ષ | ભિલોડા તાલુકો | ઈડર તાલુકો |
|---|---|---|
| ૨૦૦૫-૦૬ | ૧૬૬ | ૯૪ |
| ૨૦૦૬-૦૭ | ૧૫૯ | ૧૬૮ |

| | | |
|---|---|---|
| ૨૦૦૭-૦૮ | ૧૩૯ | ૧૭૭ |
| કુલ : | ૪૬૪ | ૪૩૯ |

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૨)

| વર્ષ | ભિલોડા તાલુકો | ઈડર તાલુકો |
|---|---|---|
| ૨૦૦૫-૦૬ | ૧૬૬ | ૮૭ |
| ૨૦૦૬-૦૭ | ૧૫૯ | ૧૫૯ |
| ૨૦૦૭-૦૮ | ૧૩૯ | ૧૬૭ |
| કુલ : | ૪૬૪ | ૪૧૩ |

(૩) વર્ષવાર કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

(૩)

| વર્ષ | ભિલોડા તાલુકો ખર્ચ (રૂા. લાખમાં) | ઈડર તાલુકો ખર્ચ (રૂા. લાખમાં) |
|---|---|---|
| ૨૦૦૫-૦૬ | ૫૮.૬૪ | ૩૧.૩૨ |
| ૨૦૦૬-૦૭ | ૫૩.૯૬ | ૫૪.૩૬ |
| ૨૦૦૭-૦૮ | ૪૭.૭૩ | ૨૬.૯૬ |
| કુલ : | ૧૬૦.૩૩ | ૧૧૨.૬૪ |

--------

**ઈન્દિરા આવાસ યોજનામાં મકાનો બનાવવાનો લક્ષાંક**

૨૧૦૩ **શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર(મહુધા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઈન્દિરા આવાસ યોજનાનો કેટલા મકાનો બનાવવાનો લક્ષાંક હતો, અને

(૨) તે અન્વયે કેટલા મકાનોના કામ પૂર્ણ થયા અને કેટલા લાભાર્થીઓને તે સોંપવામાં આવ્યા ?

**જવાબ**

(૧) અને (૨)

| વર્ષ | નવા આવાસનો લક્ષાંક | પૂર્ણ કરેલ આવાસ |
|---|---|---|
| ૨૦૦૬-૦૭ | ૬૨૪૧૬ | ૫૨૪૮૦ |
| ૨૦૦૭-૦૮ (૩૧-૧૨-૦૭ ની સ્થિતિએ | ૮૮૦૮૧ | ૪૦૮૯૯ |
| કુલ : | ૧૫૦૪૯૭ | ૯૩૩૭૯ |

આ મકાનો લાભાર્થી પોતે પોતાના પ્લોટમાં જાતે બનાવતા હોય છે. તેથી મકાન સોંપવાનો પ્રશ્ન રહેતો નથી.

---------

**વડોદરા જિલ્લામાં વૃક્ષછેદન ધારા હેઠળ સરપંચોને સસ્પેન્ડ કરવા બાબત**

૨૮૧૮ **શ્રી ખુમાનસિંહ ચૌહાણ (સાવલી) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લામાં તાલુકાવાર કેટલા સરપંચો સામે વૃક્ષછેદન ધારા હેઠળ કેસો કરી ફરજ મોકુફી કે સસ્પેન્ડ કરવામાં આવેલ છે; અને

(૨) વૃક્ષછેદન ધારા હેઠળ તે અન્વયે કેટલી ફરિયાદો જિલ્લા વિકાસ અધિકારી અને તાલુકા વિકાસ અધિકારીને મળેલ છે ?

**જવાબ**

(૧) કોઈ પણ નહિ.

(૨) વૃક્ષછેદન ધારા હેઠળ જિલ્લા વિકાસ અધિકારીશ્રી અને તાલુકા વિકાસ અધિકારીશ્રીને મળી કુલ-૨૬ ફરીયાદો મળેલ છે.

---------

**ગાંધીનગર ખાતે પુનિત વન બનાવવા બાબત**

**૨૯૮૯ શ્રી શંભુજી ઠાકોર(ગાંધીનગર) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વન વિભાગ દ્વારા ગાંધીનગર ખાતે પુનિત વન બનાવવામાં આવેલ છે,

(૨) પુનિત વન ક્યારે કેટલા હેકટરમાં બનાવવામાં

**જવાબ**

(૧) હા, જી.

(૨) સને ૨૦૦૪માં ૬ હેકટર વિસ્તારમાં

આવેલ છે, અને

(૩) તેમાં ક્યા ક્યા પ્રકારનાં વૃક્ષો વાવવામાં આવેલ છે ?

બનાવવામાં આવેલ છે.

(૩) તેમાં બીલી, આમળા, જાંબુ, ખેર, સીસુ, વાંસ, પીપળો, નાગચંપો, વડ, ખાખરો, પીપળી, જુઈ, અર્જુન સાદડ, વિકળો, બોરસલી, સીમળો, ગરમાળો, ફણસ, આંકડો, ખીજડો, કદંબ, આંબા અને અધેડો જેવા વૃક્ષો વાવવામાં આવેલ છે.

**દાહોદ જિલ્લામાં તલાટી-કમ-મંત્રીઓનું મહેકમ**

૨૭૩૦ **શ્રી બચુભાઈ ના. કિશોરી (લીમડી) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) દાહોદ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તાલુકાવાર તલાટી-કમ-મંત્રીઓનું મંજૂર મહેકમ કેટલું,

(૨) આ પૈકી કુલ જ્યાઓ ખાલી છે; અને

(૩) ખાલી રેહવાના કારણો શાં છે ?

**જવાબ**

(૧) દાહોદ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તાલુકાવાર તલાટી-કમ-મંત્રીઓનું મંજૂર મહેકમ નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | મંજૂર મહેકમ |
|---|---|---|
| ૧ | ઝાલોદ | ૬૪ |
| ૨ | દાહોદ | ૪૪ |
| ૩ | ધાનપુર | ૨૬ |
| ૪ | ગરબાડા | ૨૨ |
| ૫ | લીમખેડા | ૪૫ |
| ૬ | ફતેપુરા | ૩૭ |
| ૭ | દેવગઢ બારીયા | ૩૨ |
| | કુલ : | ૨૭૦ |

(૨) ૩૨

(૩) વહીવટી કારણોસર

--------

**રાજ્યમાં અનુસૂચિત જનજાતિના બાળકોને આદર્શ નિવાસી શાળામાં પ્રવેશ આપવા બાબત**

૨૯૮૨ **શ્રીમતી ઉષાબેન ગી.પટેલ (પારડી) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

રાજ્યમાં અનુસૂચિત જનજાતિના બાળકો માટે આદર્શ નિવાસી શાળાઓમાં વર્ષ ૨૦૦૭-૮માં કુલ કેટલા વિદ્યાર્થીઓને પ્રવેશ આપ્યો ?

**જવાબ**

કુલ : ૫૯૫૮

---------

**આદિજાતિ વિસ્તારો માટે ૨૦૦૬-૦૭ના વર્ષ માટે બજેટમાં જોગવાઈ**

**૨૩૭૨શ્રી અમરસિંહ રા. વસાવા(દેડિયાપાડા) :** માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકારે ૨૦૦૬-૦૭ના વર્ષે આદિવાસી વિસ્તારો માટે બજેટમાં કેટલા નાણાની જોગવાઈ કરવામાં આવી હતી,

(૨) આ નાણા વર્ષના અંતે વણવપરાયેલ રહી ગયેલ છે; અને,

(૩) જો હા, તો આ નાણા ન વાપરવાના કારણો ક્યા ક્યા છે ?

**જવાબ**

(૧) રાજ્ય સરકારે ૨૦૦૬-૦૭ના વર્ષે આદિવાસી વિસ્તારો માટે બજેટમાં રૂા. ૧૫૫૪.૦૮ કરોડની જોગવાઈ કરવામાં આવેલ હતી,

(૨) ના, જી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

## વાંકાનેર તાલુકામાં કેરોસીનની ઓછી ફાળવણી

૨૭૩૩ **શ્રી મહંમદજાવીદ અ.પીરીઝાદા(વાંકાનેર ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજકોટ જિલ્લાના વાંકાનેર તાલુકામાં જરૂરિયાતના પ્રમાણમાં કેરોસીનની ઓછી ફાળવણી કરવામાં આવે છે. તે હકીકત સાચી છે,

**જવાબ**

(૧) કેન્દ્ર સરકાર તરફથી રાજ્ય સરકારને કેરોસીનના જથ્થાની જે ફાળવણી મળે છે તે નોન ગેસ કાર્ડની સંખ્યા ધ્યાને લઈ સપ્રમાણ ધોરણે જિલ્લાઓને ફાળવવામાં આવે છે અને જિલ્લા કક્ષાએથી તાલુકાઓને સમાન ધોરણે ફાળવણી કરવામાં આવે છે.

(૨) જો હા, તો કાર્ડની સંખ્યા મુજબ ક્યા ક્યા કારણોસર ફાળવણી કરતા નથી,

(૨) રાજ્ય સરકાર તરફથી જિલ્લાઓના નોન ગેસ કાર્ડની સંખ્યા ધ્યાને લઈ અને જિલ્લા કક્ષાએથી તાલુકાઓના નોન ગેસ કાર્ડની સંખ્યા ધ્યાને લઈ કેરોસીનની ફાળવણી કરવામાં આવે છે.

(૩) દર મહિને તાલુકાની કેરોસીનની જરૂરિયાત કેટલી છે અને તેની સામે વર્ષ ૨૦૦૭માં દર મહિને કેટલી ફાળવણી કરવામાં આવી; અને

(૩) માહે-જાન્યુ-૦૭ થી ડીસે-૦૭ દરમ્યાન વાંકાનેર તાલુકાને કેરોસીનની જરૂરીયાત સામે નીચે મુજબ ફાળવણી કરવામાં આવેલ છે.

જથ્થો કીલો લીટરમાં

| માસ | જરૂરીયાત | ફાળવણી |
|---|---|---|
| જાન્યુ-૦૭ | ૩૧૬ | ૩૦૦ |
| ફેબ્રુ-૦૭ | ૩૧૭ | ૩૦૦ |
| માર્ચ-૦૭ | ૩૧૮ | ૩૦૦ |
| એપ્રિલ-૦૭ | ૩૧૮ | ૩૦૦ |
| મે-૦૭ | ૩૨૩ | ૩૦૮ |
| જુન-૦૭ | ૩૨૮ | ૩૦૫ |
| જુલાઈ-૦૭ | ૩૩૦ | ૩૧૫ |
| ઓગષ્ટ-૦૭ | ૩૩૦ | ૩૧૬ |
| સપ્ટે-૦૭ | ૩૩૧ | ૩૧૫ |
| ઓકટો-૦૭ | ૩૪૨ | ૩૧૨ |
| નવે-૦૭ | ૩૪૨ | ૩૧૨ |
| ડીસેમ્બર-૦૭ | ૩૪૧ | ૩૧૨ |

(૪) નિયમિત અને પૂરતી ફાળવણી ક્યારથી કરવામાં આવશે ?

(૪) રાજ્ય સરકારને કેન્દ્ર સરકાર કેરોસીનના જેટલા જથ્થાની ફાળવણી કરે છે તેટલો પૂરેપૂરો જથ્થો દર માસે નિયમિત રીતે સપ્રમાણ ધોરણે જિલ્લાઓને ફાળવવામાં આવે છે.

---------

## રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજનામાં સ્ટાફના અભાવે તાંત્રિક અને વહીવટી મંજૂરી ન મળવા બાબત

૨૮૧૪ **શ્રી મુકેશ ભૈ. ગઢવી (દાંતા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરેન્ટી યોજના અંતર્ગત ગામડાના મજૂરો જોબકાર્ડ મેળવી જાહેર હિતનું કામ કરવાની માંગણી કરતા હોવા છતાં ટેકનિકલ અને વહીવટી સ્ટાફના અભાવે સમયસર તાંત્રિક અને વહીવટી મંજૂરી ન મળતાં, કેન્દ્ર સરકારની ગાઈડ લાઈન મુજબ એવા કામો સમયસર શરૂ કરાવીને પ્રત્યેક જોબવર્ક ધરાવતા શ્રમિકોને વર્ષે સો દિવસની રોજગારી આપી શકાતી નથી તે હકીક્ત સાચી છે,

**જવાબ**

(૧) ના, જી.

(૨) જો હા, તો અછતના કાર્યક્રમો પ્રમાણે અલગ વિભાગો ઉભા કરી જે કામગીરી કરવામાં આવે છે તે મુજબ સરકાર આ કામગીરી કરાવવા માંગે છે કે કેમ, અને

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) જો ના, તો ક્યા જિલ્લાના, ક્યા તાલુકામાં આવી કામગીરી ક્યારે શરૂ કરાવી ક્યારે પૂર્ણ કરાવવામાં આવી ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

## સુરત જિલ્લામાં ગુજરાત પેટર્ન નીચે તાલુકાવાર ખર્ચ

૨૯૭૯ **શ્રી નાનુભાઈ ભ.વાનાણી(સુરત શહેર (ઉત્તર) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લામાં ગુજરાત પેટર્ન હેઠળ નાણાકીય વર્ષ ૨૦૦૫-૦૬ અને ૨૦૦૬-૦૭માં તાલુકાવાર કેટલું નાણાકીય આયોજન કરવામાં આવ્યું, અને

**જવાબ**

(૧) સુરત જિલ્લામાં ગુજરાત પેટર્ન હેઠળ નાણાકીય વર્ષ ૨૦૦૫-૦૬ અને ૨૦૦૬-૦૭માં તાલુકાવાર નીચે મુજબ નાણાકીય આયોજન કરવામાં આવ્યું.

| ક્રમ | તાલુકો | આયોજન | (રૂા. લાખમાં) |
|---|---|---|---|
| | | ૨૦૦૫-૦૬ | ૨૦૦૬-૦૭ |
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧. | માંડવી | ૬૨૦.૭૭ | ૬૨૨.૦૫ |
| ૨. | માંગરોળ | ૪૧૦.૧૫ | ૪૧૦.૧૫ |
| ૩. | ઉમરપાડા | ૩૬૮.૩૬ | ૩૬૮.૩૬ |
| ૪. | બારડોલી | ૩૪૭.૨૪ | ૩૪૭.૨૪ |
| ૫. | મહુવા | ૪૭૬.૮૫ | ૪૭૬.૮૫ |
| ૬. | પલસાણા | ૧૮૨.૫૭ | ૧૫૯.૮૩ |
| ૭. | કામરેજ | ૨૩૪.૭૬ | ૨૨૭.૭૬ |
| ૮. | ઓલપાડ | ૧૪૧.૫૦ | ૧૩૫.૧૦ |
| ૯. | ચોર્યાસી | ૮૬.૫૩ | ૮૪.૧૫ |
| | કુલ :- | ૨૮૬૮.૮૩ | ૨૮૩૧.૪૯ |
| **તાપી જીલ્લો** | | | |
| ૧. | સોનગઢ | ૬૯૮.૭૦ | ૬૭૪.૮૨ |
| ૨. | વ્યારા | ૮૬૭.૨૨ | ૮૩૭.૫૮ |
| ૩. | વાલોડ | ૨૬૨.૬૩ | ૨૫૩.૬૫ |
| ૪. | ઉચ્છલ | ૨૯૧.૪૫ | ૨૮૧.૪૯ |
| ૫. | નિઝર | ૨૪૩.૬૮ | ૩૩૧.૯૪ |
| | કુલ :- | ૨૩૬૩.૬૮ | ૨૩૭૯.૪૮ |
| | કુલ :- | ૫૨૩૨.૫૧ | ૫૨૧૦.૯૭ |

(૨) તે પૈકી કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

(૨)

| ક્રમ | તાલુકો | ૨૦૦૫-૦૬ | ૨૦૦૬-૦૭ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧. | માંડવી | ૬૨૦.૭૭ | ૬૨૨.૦૫ |
| ૨. | માંગરોળ | ૪૧૦.૧૫ | ૪૧૦.૧૫ |
| ૩. | ઉમરપાડા | ૩૬૮.૩૬ | ૩૬૮.૩૬ |
| ૪. | બારડોલી | ૩૪૭.૨૪ | ૩૪૭.૨૪ |
| ૫. | મહુવા | ૪૭૬.૮૫ | ૪૭૬.૮૫ |

| | | | |
|---|---|---|---|
| ૬. | પલસાણા | ૧૨૮.૩૯ | ૧૩૩.૪૬ |
| ૭. | કામરેજ | ૧૭૮.૭૬ | ૨૧૯.૮૮ |
| ૮. | ઓલપાડ | ૧૨૨.૮૦ | ૧૨૬.૦૮ |
| ૯. | ચોર્યાસી | ૬૬.૯૭ | ૬૦.૨૦ |
| | કુલ :- | ૨૭૨૦.૩૯ | ૨૭૬૪.૨૭ |

**તાપી જિલ્લો**

| | | | |
|---|---|---|---|
| ૧. | સોનગઢ | ૭૧૯.૮૨ | ૮૦૦.૭૮ |
| ૨. | વ્યારા | ૮૪૫.૦૫ | ૯૭૬.૬૬ |
| ૩. | વાલોડ | ૩૧૨.૨૧ | ૨૫૪.૮૦ |
| ૪. | ઉચ્છલ | ૩૦૫.૭૧ | ૩૪૫.૦૫ |
| ૫. | નિઝર | ૩૧૬.૧૭ | ૩૭૨.૩૨ |
| | કુલ :- | ૨૪૯૮.૯૬ | ૨૭૪૯.૬૧ |
| | કુલ ખર્ચ :- | ૫૨૧૯.૩૫ | ૫૫૧૩.૮૮ |

---------

**અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ માટે ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલયોમાં સંખ્યામાં વધારો**

૨૯૮૪ **શ્રી વિજયભાઈ ર.પટેલ (ડાંગ-વાંસદા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ માટે સરકારે સને ૨૦૦૬-૦૭માં ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલયોમાં સંખ્યા વધારો મંજૂર ક્રવામાં આવેલ છે કે કેમ; અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલી સંસ્થાઓને કેટલી સંખ્યામાં વધારો કરી આપવામાં આવ્યો છે ? | (૨) ૬૩ સંસ્થાઓને કુલ મળીને ૭૦૦નો સંખ્યા વધારો કરી આપવામાં આવ્યો છે. |

---------

**રાજ્યમાં ફૂડ ફોર્ટીફીકેશનની યોજના**

૧૬૪૭ **શ્રી ચંદુભાઈ મો.ડાભી(કરજણ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં ફુડ ફોર્ટીફીકેશનની યોજનાનો અમલ ચાલુ ક્યારથી કરવામાં આવ્યો, | (૧) રાજ્યમાં ફુડ ફોર્ટીફીકેશનની યોજનાનો અમલ માહે જાન્યુ-૦૬થી થયેલ છે. |
| (૨) આ અન્વયે તા. ૩૧-૧૨-૦૭ સુધીમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો; અને | (૨) આ યોજનાની અમલવારી જાહેર ખાનગી-ભાગીદારી સ્કીમ હેઠળ થતી હોઈ સીધો કોઈ બોજ ફોર્ટીફીક્શનની યોજનામાં રાજ્ય સરકાર ઉપર પડતો નથી. |
| (૩) આ યોજનાથી ક્યા ક્યા પ્રકારના લાભો થશે ? | (૩) આ યોજનાથી નીચે મુજબનો લાભ થવાનો છે.<br>(i) લોકોની વિટામીન તથા ખાધ સામગ્રીમાં જરૂરી વિટામીન તથા ખનિજ તત્વોને ઉમેરવાની પ્રક્રિયાને ફોર્ટીફીકેશન કહેવામાં આવે છે. એટલે ફોર્ટીફીકેશન ફુડના વપરાશથી કુદરતી રીતે મળતા તત્વો ઉપરાંત ઉમેરેલા વિટામીન તથા ખનિજ તત્વો શરીરને મળી રહે છે.<br>(ii) ઘઉંનો લોટ અને ખાદ્યતેલ જેવા રોજિંદા વપરાશની ખાદ્ય સામગ્રીમાં ફોર્ટીફાઈડ યુક્ત વિટામીનો અને લોહ તત્વોનો ઉમેરો કરીને તેનું |

વિતરણ કરાય તો રાજ્યમાં લોહ તત્વો તથા ફોલીક એસીડના ઉણપની સમસ્યા જે બાળકો તથા ધાત્રી માતાઓમાં છે તે દૂર થાય અને સ્વાસ્થ્યમાં ખૂબ સુધારો થઈ શકે છે.

(iii) વિટામીન એ અને ડી યુક્ત ફોર્ટીફાઈડ તેલ લોકોને યોગ્ય અને જરૂરી પ્રમાણમાં મળી રહેતો હોવાથી ડાયરીયા (Diarrohea) તથા આંખને લગતા રોગોમાં પણ અસર કરે છે.

(iv) ફોર્ટીફાઈડ યુક્ત ખાદ્યતેલમાં તળીને બનાવવામાં આવતી રસોઈમાં ઉચ્ચ ઉષ્ણતામાને તળવા છતાં પણ વિટામીન એ અને ડી ના મુળ ગુણ ધર્મ ખાદ્યતેલમાં જળવાઈ રહે છે.

(v) વિટામીન એ ની ઉણપને લીધે રાજ્યના લોકોને થતા રોગો જેવા કે Nightblindness conjunctival xerosis, Bitot'sspots, corneal Xerosis, Keratoker- tomalacia વિગેરેનું નિવારણ થઈ શકે છે.

(vi) ફોર્ટીફાઈડ આટા તથા મેંદાની વસ્તુઓનો ખાસ ફાયદો તરૂણ અવસ્થાવાળી બહેનો તથા ગર્ભવતી બહેનોમાં થશે. કેમ કે એમની તંદુરસ્ત પ્રતિકારક શક્તિ જળવાશે તથા NTD (NEURALTUBE DISOODERS) & FOLIC ACIDની ઉણપ હોવાથી બાળકો જન્મના સમયે અપંગતા સહિત જન્મે છે.) તેવા બાળકોની સંખ્યામાં ખાસ ઘટાડો થવાની સંભાવના છે.

---------

**ભાવનગર જિલ્લામાં વન મહોત્સવ દરમ્યાન રોપાનું વાવેતર**

૩૪૭૦ **શ્રી આત્મારામ મ.પરમાર (ગઢડા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ રાજ્યમાં વન મહોત્સવ દરમ્યાન ભાવનગર જિલ્લામાં કેટલા રોપાનું વાવેતર કરવામાં આવ્યું,

(૨) કેટલા રોપા હયાત છે; અને

(૩) કેટલા રોપા નાશ પામેલ છે ?

**જવાબ**

(૧) ભાવનગર જિલ્લામાં વાવેતર માટે ૨૬.૩૭ લાખ રોપાનું વિતરણ કરવામાં આવ્યું.

(૨) ૧૩.૪૨ લાખ રોપા હયાત છે.

(૩) ૧૨.૯૫ લાખ રોપા જીવંત નથી.

---------

**જામનગર જિલ્લામાં વનીકરણ**

૩૪૫૮ **પ્રો. વસુબેન ન. ત્રિવેદી(જામનગર) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જામનગર જિલ્લામાં વર્ષ ૨૦૦૭-૨૦૦૮ દરમ્યાન તા.૩૧-૦૧-૨૦૦૮ સુધીમાં કેટલા વિસ્તારમાં વનીકરણ કરવામાં આવેલ છે; અને

(૨) તેમાં કેવા કેવા પ્રકારના વૃક્ષોનું વાવેતર કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) જામનગર જિલ્લામાં વર્ષ ૨૦૦૭-૦૮ દરમ્યાન તા. ૩૧-૦૧-૨૦૦૮ સુધીમાં ૩૬૩૨.૧૧ હેકટર વિસ્તારમાં વનીકરણ કરવામાં આવેલ છે.

(૨) જામનગર જિલ્લામાં વન વિભાગ દ્વારા બોરડી, હરમો, ખેર, કરમદા, સીસુ, આસીત્રો, ગરમાળો, દેશી બાવળ, ખાટી આમલી, આમળાં, રાયણ, વડ, પીપળ, પારસ પીપળો, લીમડો, ગુલમહોર, પેલ્ટ્રોફોર્મ, ગુંદા, બોગનવેલ, સપ્તપર્ણી, ગલતોરા, કાસીદ, સીતાફળ, સેવન, ઉમરો, રેઈન્ટ્રી, નીલગિરી, ચેર વગેરે પ્રકારના રોપાઓનું વાવેતર કરવામાં આવેલ છે.

---------

**રાજ્યમાં ગ્રાહક તકરાર નિવારણ ફોરમ**

૨૪૬૧ **શ્રી ભગવાનભાઈ ધા.બારડ(તલાળા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં ગ્રાહક તકરાર નિવારણ કાર્યક્રમ હેઠળ કેટલા ગ્રાહક ફોરમ તા. ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ કાર્યરત છે, અને | (૧) ૨૬ |
| (૨) તેમાં મંજૂર થયેલ જગ્યાઓ સામે કેટલી જગ્યાઓ ખાલી છે ? | (૨) ૨૫૪ મંજૂર થયેલ જગ્યાઓ સામે ૬૫ જગ્યાઓ ખાલી છે. |

--------

**વડોદરામાં રીફાઇનરી નાબૂદ થયેલ મટીરીયલ્સ તળાવમાં નાખવા અંગે**

૨૧૨૩ **શ્રી ઉપેન્દ્રસિંહ પ્ર.ગોહિલ(વડોદરા (ગ્રામ્ય) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ગુજરાત રીફાઇનરી જે વડોદરા તાલુકામાં આવેલી છે તેમાં સમય મર્યાદાના કારણે નાબૂદ થયેલા પ્લાન્ટનું આર.સી.સી. મટીરીયલ્સ કોયલી ગામના તળાવમાં નાખવામાં આવ્યું છે તે વાત સાચી છે, અને | (૧) ના જી. |
| (૨) જો હા, તો તે કેમીકલ્સ યુક્ત મટીરીયલ્સ કઢાવવા માટે શાં પગલાં લેવા ધારે છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

--------

**વડોદરા જિલ્લામાં અનુસૂચિત જનજાતિના બાળકોને ગણવેશના બદલે રોકડા રૂપિયા આપવા બાબત**

૨૯૮૩ **શ્રી અભેસિંહ મો. તડવી (સંખેડા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લામાં વર્ષ ૨૦૦૬-૨૦૦૭માં અનુસૂચિત જનજાતિના ધોરણ-૧ થી ૭માં અભ્યાસ કરતાં અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને ગણવેશ આપવાની ચાલતી યોજનામાં ફેરફાર કરી વિદ્યાર્થીઓને રૂા. ૧૫૦ રોકડા આપવામાં આવે છે, તે હકીકત સાચી છે, અને | (૧) ૨૦૦૧-૨૦૦૨ ના વર્ષથી બે જોડી ગણવેશના બદલે વિદ્યાર્થીઓને રૂા. ૧૫૦ રોકડ સહાય આપવાની યોજના અમલમાં છે. |
| (૨) જો હા, તો જિલ્લામાં દરેક તાલુકામાં કેટલા વિદ્યાર્થીઓને રોકડા રૂપિયા ચૂકવવામાં આવ્યા છે ? | (૨) સામેલ પત્રક મુજબ. |

**પત્રક**

**વડોદરા જિલ્લામાં દરેક તાલુકામાં વિદ્યાર્થીઓને ગણવેશના બદલે રોકડ સહાય**

| અ.નં. | તાલુકાનું નામ | વિદ્યાર્થીઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | વડોદરા (ગ્રામ્ય) | ૩,૬૬૦ |
| ૨ | સાવલી | ૧,૭૮૨ |
| ૩ | શિનોર | ૨,૫૪૧ |
| ૪ | વાઘોડીયા | ૪,૩૭૮ |
| ૫ | પાદરા | ૬૩૭ |
| ૬ | ડભોઇ | ૬,૩૦૭ |
| ૭ | કરજણ | ૫,૦૪૪ |
| ૮ | વડોદરા (શહેર) | ૨,૭૧૨ |
| ૯ | સંખેડા | ૧૧,૧૦૪ |
| ૧૦ | છોટાઉદેપુર | ૨૪,૬૯૭ |
| ૧૧ | નસવાડી | ૧૫,૪૦૦ |
| ૧૨ | ક્વાંટ | ૨૨,૭૭૦ |
| ૧૩ | પાવી જેતપુર | ૨૨,૭૪૬ |
| | **કુલ ...** | **૧,૨૩,૭૭૮** |

**ભરુચ જિલ્લામાં નિર્મળ ગ્રામ કાર્યક્રમ હેઠળ થયેલ કામો**

૨૧૪૦ **શ્રી ઈકબાલ પટેલ (વાગરા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભરુચ જિલ્લામાં નિર્મળ ગ્રામ કાર્યક્રમ હેઠળ તાલુકાવાર કેટલો લક્ષ્યાંક તા. ૩૧-૧૨-૦૭ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ફાળવવામાં આવ્યો,

(૨) આ અન્વયે બી.પી.એલ. શૌચાલય-એ.પી.એલ. શૌચાલય, આંગણવાડી શૌચાલય, સામૂહિક શૌચાલય કેટલા તૈયાર કરવામાં આવ્યા, અને

(૩) લક્ષ્યાંક પૂર્ણ કરવા કેવા પ્રકારનું આયોજન છે?

**જવાબ**

(૧) સંપુર્ણ સ્વચ્છતા અભિયાન અન્વયે નિર્મળ ગ્રામ પુરસ્કાર માટેની કામગીરી લક્ષ્યાંક આધારિત કરાવવાની યોજનામાં જોગવાઇ નથી. તેમ છતાં લોકોને પ્રોત્સાહિત કરવા સારું જણાવવામાં આવેલ હતું કે દરેક તાલુકામાંથી વીસ-વીસ ગ્રામ પંચાયતો નિર્મળ ગ્રામ જાહેર થાય તે માટે પ્રય કરે.

(૨) આ અંગે માહિતી નીચે પ્રમાણે છે.

| તાલુકો | બી.પી.એલ. શોચાલય | એ.પી.એલ. શોચાલય | આંગણવાડી શોચાલય | શાળા શોચાલય | સામુહિક શોચાલય |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| જંબુસર | ૧૧૬૧ | ૯૪૫ | ૫ | ૮૩ | ૦ |
| આમોદ | ૧૮૩૧ | ૪૨૫ | ૯ | ૫ | ૦ |
| વાગરા | ૧૮૬૧ | ૭૦૦ | ૧૫ | ૧૬ | ૦ |
| ભરૂચ | ૮૮૮ | ૧૪૩૦ | ૧૯ | ૧૪ | ૦ |
| અંકલેશ્વર | ૪૭૨ | ૧૩૭૦ | ૧૫ | ૨ | ૦ |
| હાંસોટ | ૭૫૪ | ૪૫૫ | ૬ | ૨૪ | ૦ |
| વાલીયા | ૪૫૨ | ૫૮૫ | ૩૩ | ૨૦ | ૦ |
| ઝગડીયા | ૧૨૦૯ | ૭૬૫ | ૮૯ | ૧૯ | ૧ |
| **કુલ ...** | **૮૬૨૮** | **૬૬૭૫** | **૧૯૧** | **૧૮૩** | **૧** |

(૩) આ કાર્યક્રમના અમલનો સિધ્ધાંત માંગ ઉભી કરીને પુર્ણ કરવાનો છે. પ્રચાર, પ્રસાર અને શિક્ષણના માધ્યમથી સ્વચ્છતાની જરૂરિયાત અંગે લોકો સમજ કેળવે અને માંગ ઉભી થાય તે પ્રમાણે કામગીરી પૂર્ણ કરવાની રહે છે. આ હેતુ સિધ્ધ કરવાના પ્રયત્નોમાં સઘનતા લાવવા તાલુકાને ઘનિષ્ઠ જનજાગૃતિની કામગીરી કરવા તથા જિલ્લા કક્ષા અને તાલુકા કક્ષાના પદાધિકારીઓ અને અધિકારીઓ આ અંગે માર્ગદર્શન આપી સહાયરૂપ બને તે રીતે કામગીરીમાં ઝડપ લાવી પૂર્ણ કરવાનું આયોજન છે.

---------

**સુરત જિલ્લામાં ઇકો ડેવલપમેન્ટમાં થયેલ કામ**

૨૪૭૧ **શ્રી હર્ષદભાઈ ચુ. વસાવા(રાજપીપળા) : માનનીય પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વન વિભાગ દ્વારા સન ૨૦૦૭-૦૮ માં તા. ૩૧-૧-૨૦૦૮ સુધીમાં ઇકો ડેવલપમેન્ટમાં ક્યા પ્રકારનાં કામો કરવામાં આવેલ છે,

**જવાબ**

(૧) વન વિભાગ દ્વારા સમગ્ર રાજ્યમાં સને ૨૦૦૭-૦૮ માં તા. ૩૧-૧-૦૮ સુધીમાં પીવાના પાણી, ખેતી માટે સિંચાઇના સાધનો, સ્વરોજગાર માટે સહાય, સામુહિક વિકાસની કામગીરીમાં સહાય, ભૂમિ ભેજ સંરક્ષણનાં કામો, ગામની સામુહિક પ્રવૃત્તિઓના કામોમાં સહાય, પશુ સારવાર કેમ્પ સહાય, ખેડૂત શિબિર, શાળામાં રમતગમતનાં સાધનો અને ગીર વિસ્તારમાં સિંહ સંરક્ષણ હેઠળ ખેડૂતોના અસુરક્ષિત ખુલ્લા કુવાને સુરક્ષિત કરવાની કામગીરી વગેરે કામગીરી કરવામાં

આવેલ છે.

(૨) તે પૈકી સુરત જિલ્લાના કેટલા કામો થયેલ છે, અને

(૩) આ કામો માટે કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

(૨) અને (૩)

સુરત જિલ્લામાં કોઇ અભ્યારણ્ય / રાષ્ટ્રીય ઉદ્યાન ન હોવાથી ઇકો ડેવલપમેન્ટ હેઠળ કામગીરી કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**આદિજાતિના બાળકોને તાલુકા કક્ષાએ કોમ્પ્યુટરની તાલીમ**

૨૯૭૮**શ્રી નરેશભાઈ મ. પટેલ (ચીખલી) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) આદિવાસી બાળકોને તાલુકા કક્ષાએ કોમ્પ્યુટરની તાલીમ મળે તે માટે રાજ્ય સરકારે કોઇ યોજના અમલમાં મૂકેલ છે,

(૨) જો હા, તો કેટલા તાલુકા અને ક્યા ક્યા, અને

(૩) બાકી રહેલ તાલુકામાં ક્યારે તાલીમ કેન્દ્ર ખોલવામાં આવશે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ૪૮ (તાલુકામાં સામેલ પત્રક મુજબ.)

(૩) પ્રાયોજના વહીવટદારશ્રીની કચેરીઓ મારફત તાલીમાર્થીઓની સંખ્યાને ધ્યાનમાં રાખી સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા તાલીમ કેન્દ્ર શરૂ કરવાનું આયોજન કરવામાં આવે છે.

**પત્રક**

**કોમ્પ્યુટર તાલીમ માટે તાલીમ વર્ગ તાલુકા કક્ષાએ કાર્યરત છે તેની વિગત દર્શાવતું પત્રક**

| અ.નં. | જિલ્લાનું નામ | | તાલુકાનું નામ | | |
|---|---|---|---|---|---|
| ૧ | ડાંગ | ૧ | આહવા | | |
| ૨ | વલસાડ | ૨ | ધરમપુર | ૩ | કપરાડા |
| | | ૪ | પારડી | ૫ | ઉમરગામ |
| | | ૬ | વલસાડ | | |
| ૩ | નવસારી | ૭ | ચીખલી | ૮ | વાંસદા |
| | | ૯ | નવસારી | ૧૦ | ગણદેવી |
| | | ૧૧ | જલાલપોર | | |
| ૪ | બનાસકાંઠા | ૧૨ | દાંતા | | |
| ૫ | ગોધરા | ૧૩ | ગોધરા | ૧૪ | સંતરામપુર (નરસીંગપુર) |
| ૬ | સુરત | ૧૫ | માંડવી | ૧૬ | સોનગઢ |
| | | ૧૭ | વ્યારા | ૧૮ | ઉચ્છલ |
| | | ૧૯ | ચોર્યાસી | ૨૦ | બારડોલી |
| | | ૨૧ | માંગરોલ | ૨૨ | ઉમરપાડા |
| | | ૨૩ | પલસાણા | ૨૪ | કામરેજ |
| | | ૨૫ | નિઝર | | |
| ૭ | દાહોદ | ૨૬ | દાહોદ | ૨૭ | ઝાલોદ |
| | | ૨૮ | લીમખેડા | ૨૯ | ગરબાડા |
| | | ૩૦ | ફતેપુરા | | |
| ૮ | ગાંધીનગર | ૩૧ | ગાંધીનગર | | |
| ૯ | નર્મદા | ૩૨ | નાંદોદ | ૩૩ | ડેડીયાપાડા |
| | | ૩૪ | સાગબારા | ૩૫ | તિલકવાડા |
| ૧૦ | વડોદરા | ૩૬ | છોટાઉદેપુર | ૩૭ | જેતપુરપાવી |
| | | ૩૮ | ક્વાંટ | ૩૯ | સંખેડા |
| | | ૪૦ | નસવાડી | | |
| ૧૧ | ભરૂચ | ૪૧ | ઝઘડીયા | ૪૨ | વાલીયા |
| | | ૪૩ | હાંસોટ | ૪૪ | આમોદ |
| | | ૪૫ | અંકલેશ્વર | ૪૬ | ભરૂચ |
| | | ૪૭ | વાગરા | ૪૮ | જંબુસર |

**મીઠાપીલું વૃક્ષને રક્ષિત વૃક્ષ જાહેર કરવા બાબત**

૩૩૮૩ **શ્રી શંકરભાઈ લ. ચૌધરી(રાધનપુર) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

રાજ્યમાં મીઠાપીલું વૃક્ષને રક્ષિત વૃક્ષ તરીકે રાજ્ય સરકાર જાહેર કરવા માંગે છે કે કેમ ?

**જવાબ**

ના જી.

---------

**રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના**

૩૫૧૬ **ડૉ. નીમાબેન બ. આચાર્ય(અંજાર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના ડીસેમ્બર-૨૦૦૭ની સ્થિતિએ રાજ્યમાં કેટલા જિલ્લામાં અમલમાં છે, અને

(૨) આ યોજનામાં કેવા પ્રકારના કામો લઇ શકાય ?

**જવાબ**

(૧) રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના ડીસેમ્બર-૨૦૦૭ની સ્થિતિએ રાજ્યમાં કુલ ૯ જિલ્લાઃ બનાસકાંઠા, દાહોદ, ડાંગ, નર્મદા, પંચમહાલ, સાબરકાંઠા, ભરૂચ, નવસારી અને વલસાડમાં અમલમાં છે.

(૨) આ યોજનામાં નીચે મુજબના કામો સામાન્ય રીતે લઇ શકાય છે.

૧. જળસંચય અને જળસંગ્રહના કામો
૨. દુષ્કાળ પ્રતિરોધક કામો (વનીકરણ અને વૃક્ષારોપણ સહિત)
૩. માઇક્રો અને માઇનોર સિંચાઇના કામો સહિત સિંચાઇ માટે નહેરનાં કામો.
૪. અનુ. જાતિ/જનજાતિના સભ્યો અથવા જમીન સુધારણાના લાભાર્થીઓ અથવા ભારત સરકારની ઇન્દિરા આવાસ યોજનાના લાભાર્થીઓ અને બીપીએલ લાભાર્થીઓ દ્વારા ધારણ કરેલ જમીન પર સિંચાઇની સવલતો ફળઝાડની ખેતી, વનીકરણ અને જમીન વિકાસના કામો.
૫. પરંપરાગત જળસંચય અને સંગ્રહને લગતી સુવિધાઓ જેવી કે કાંસ, વાવ, તળાવ, વાંકળા, કુવા અને તળાવ સહિત પાણી સંગ્રહ માટેના સ્રોતોનું નવીનીકરણ.
૬. જમીન વિકાસના કામો.
૭. જ્યાં પાણી ભરાઇ રહેવાનો પ્રશ્ન છે તેવા વિસ્તારમાં ડ્રેનેજ સહિત પુર નિયંત્રણ અને પુર સંરક્ષણને લગતાં કામો.
૮. બારેમાસ ઉપયોગમાં આવી શકે તેવા ગ્રામ્ય જોડાણનાં રસ્તાનાં કામો.
૯. રાજ્ય સરકારનાં પરામર્શમાં કેન્દ્ર સરકાર દ્વારા જાહેર થાય તેવા અન્ય કામો.

---------

**આદિજાતિની આદર્શ નિવાસી શાળાઓ અને ડ્રાય હોસ્ટેલ**

૩૨૧૩ **શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહ્મા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૮ની સ્થિતિએ રાજ્યમાં કેટલી આદિજાતિની આદર્શ નિવાસી શાળા અને કેટલી ડ્રાય હોસ્ટેલ કઇ કઇ જગ્યાએ ચાલે છે,

(૨) તે પેકી કેટલી પોતાના મકાનમાં અને કેટલી ભાડાના મકાનમાં ચાલે છે, અને

**જવાબ**

(૧) સામેલ પત્રક મુજબના સ્થળોએ ૪૩ આદર્શ નિવાસી શાળાઓ અને ૪૮ ડ્રાય હોસ્ટેલો કાર્યરત છે.

(૨) આદર્શ નિવાસી શાળાઓ : ૨૨ (બાવીસ) પોતાના મકાનમાં, ૧૬ ભાડાના મકાનમાં અને ૫ અન્ય સરકારી મકાનમાં કાર્યરત છે.

ડ્રાય હોસ્ટેલ : ૪૦ ભાડાના મકાનમાં અને ૮ સરકારી મકાનોમાં કાર્યરત છે.

(૩) જે સંસ્થાઓ ભાડાના મકાનમાં ચાલે છે તેને પોતાના મકાનો બનાવવા માટે શી કાર્યવાહી કરવામાં આવેલ છે, અને

(૩) ૭ (સાત) આદર્શ નિવાસી શાળા અને ૧ (એક) ડ્રાય હોસ્ટેલ માટે જમીન મળેલ છે અને મકાન બાંધકામની કામગીરી પ્રગતિમાં છે, અન્ય માટે જમીન મેળવવાની કાર્યવાહી ચાલુ છે.

(૪) ક્યાં સુધીમાં કાર્યવાહી પૂર્ણ કરવામાં આવશે?

(૪) બનતી ત્વરાએ.

**પત્રક**

**આદિજાતિ વિકાસ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર સંચાલીત.**

**અનુ. જનજાતિની આદર્શ નિવાસી શાળાઓને વિગત દર્શાવતું પત્રક વર્ષ ૨૦૦૭-૦૮.**

| અ. નં. | જિલ્લાનું નામ | આદર્શ નિવાસી શાળાનું સ્થળ |
|---|---|---|
| ૧ | વડોદરા | વડોદરા |
| ૨ | વડોદરા | છોટા ઉદેપુર |
| ૩ | વડોદરા | છોટા ઉદેપુર |
| ૪ | વડોદરા | પાવી જેતપુર |
| ૫ | વડોદરા | નસવાડી |
| ૬ | વડોદરા | ક્વાંટ |
| ૭ | ભરૂચ | અંકલેશ્વર |
| ૮ | ભરૂચ | ઝગડીયા |
| ૯ | ભરૂચ | નેત્રંગ |
| ૧૦ | નર્મદા | રાજપીપળા |
| ૧૧ | નર્મદા | ડેડીયાપાડા |
| ૧૨ | નર્મદા | સાગબારા |
| ૧૩ | સુરત | સુરત |
| ૧૪ | સુરત | તરસાડી કોસંબા |
| ૧૫ | સુરત | સોનગઢ |
| ૧૬ | સુરત | વ્યારા |
| ૧૭ | સુરત | મહુવા |
| ૧૮ | સુરત | ઉકાઇ |
| ૧૯ | નવસારી | નવસારી |
| ૨૦ | નવસારી | ચીખલી |
| ૨૧ | નવસારી | વાંસદા |
| ૨૨ | વલસાડ | વલસાડ |
| ૨૩ | વલસાડ | ઉમરગામ |
| ૨૪ | વલસાડ | વાપી |
| ૨૫ | વલસાડ | ધરમપુર |
| ૨૬ | ડાંગ | આહવા |
| ૨૭ | ડાંગ | વઘઇ |
| ૨૮ | ડાંગ | સાપુતારા |
| ૨૯ | ડાંગ | બરડીપાડા |
| ૩૦ | દાહોદ | દાહોદ |
| ૩૧ | દાહોદ | ઝાલોદ |
| ૩૨ | દાહોદ | દેવગઢબારીયા |
| ૩૩ | દાહોદ | લીમખેડા |
| ૩૪ | પંચમહાલ | સંતરામપુર |
| ૩૫ | અમદાવાદ | અમદાવાદ |
| ૩૬ | ગાંધીનગર | ગાંધીનગર |
| ૩૭ | ગાંધીનગર | ગાંધીનગર |
| ૩૮ | બનાસકાંઠા | અંબાજી |
| ૩૯ | બનાસકાંઠા | દાંતા |
| ૪૦ | બનાસકાંઠા | અમીરગઢ |

| અ. નં. | જિલ્લાનું નામ | આદર્શ નિવાસી શાળાનું સ્થળ |
|---|---|---|
| ૪૧ | સાબરકાંઠા | ખેડબ્રહ્મા |
| ૪૨ | સાબરકાંઠા | ભીલોડા |
| ૪૩ | જુનાગઢ | તલાલા |

**રાજ્યમાં ચાલતા અનુસૂચિત જનજાતિના સરકારી ડ્રાય હોસ્ટેલોની વિગત દર્શાવતું પત્રક**

| અ. નં. | જિલ્લાનું નામ | ડ્રાય હોસ્ટેલોનું સ્થળ |
|---|---|---|
| ૧ | નવસારી | ચીખલી |
| ૨ | નવસારી | વાંસદા * |
| ૩ | નવસારી | વાંસદા |
| ૪ | વલસાડ | ધરમપુર (નં.-૧) |
| ૫ | વલસાડ | ધરમપુર (નં.-૨) * |
| ૬ | વલસાડ | મોટાપોઢા |
| ૭ | વલસાડ | ધરમપુર * |
| ૮ | વલસાડ | પારડી |
| ૯ | વલસાડ | ધરમપુર |
| ૧૦ | વલસાડ | સરીગામ તા. ઉમરગામ |
| ૧૧ | વલસાડ | વલસાડ (નં.-૧) |
| ૧૨ | વલસાડ | વલસાડ (નં.-૧) |
| ૧૩ | સુરત | બારડોલી |
| ૧૪ | સુરત | વ્યારા (નં.-૧) |
| ૧૫ | સુરત | વ્યારા (નં.-૧) |
| ૧૬ | સુરત | માંડવી (નં.-૧) |
| ૧૭ | સુરત | વ્યારા (નં.-૨) * |
| ૧૮ | સુરત | વ્યારા (નં.-૨) * |
| ૧૯ | સુરત | માંડવી (નં.-૨) * |
| ૨૦ | સુરત | વ્યારા |
| ૨૧ | સુરત | સુરત (નં.-૧) |
| ૨૨ | સુરત | સુરત (નં.-૨) * |
| ૨૩ | નર્મદા | રાજપીપળા |
| ૨૪ | નર્મદા | રાજપીપળા |
| ૨૫ | નર્મદા | ડેડીયાપાડા |
| ૨૬ | વડોદરા | છોટાઉદેપુર |
| ૨૭ | વડોદરા | છોટા ઉદેપુર |
| ૨૮ | દાહોદ | દાહોદ |
| ૨૯ | દાહોદ | લીમખેડા |
| ૩૦ | દાહોદ | દેવગઢ બારીઆ |
| ૩૧ | સાબરકાંઠા | ખેડબ્રહમા |
| ૩૨ | સાબરકાંઠા | મેધરજ |
| ૩૩ | ડાંગ | આહવા * |
| ૩૪ | ડાંગ | આહવા * |
| ૩૫ | ડાંગ | આહવા |
| ૩૬ | પંચમહાલ | સીમલીયા * |
| ૩૭ | પંચમહાલ | ગોધરા |
| ૩૮ | બનાસકાંઠા | અંબાજી * |
| ૩૯ | બનાસકાંઠા | પાલનપુર |
| ૪૦ | આણંદ | વલ્લભ વિદ્યાનગર (નં. ૧) |
| ૪૧ | આણંદ | વલ્લભ વિદ્યાનગર (નં. ૨) |

| અ. નં. | જિલ્લાનું નામ | ડ્રાય હોસ્ટેલોનું સ્થળ |
|---|---|---|
| ૪૨ | આણંદ | વલ્લભ વિદ્યાનગર (નં. ૩) * |
| ૪૩ | ગાંધીનગર | ગાંધીનગર (નં. ૧) |
| ૪૪ | ગાંધીનગર | ગાંધીનગર (નં. ૨) * |
| ૪૫ | અમદાવાદ | અમદાવાદ (નં. ૧) |
| ૪૬ | અમદાવાદ | અમદાવાદ (નં. ૨) |
| ૪૭ | રાજકોટ | રાજકોટ |
| ૪૮ | રાજકોટ | મોરબી * |

* વર્ષ ૨૦૦૭-૦૮માં મંજુર થયેલ છે.

---------

**રાણી આંબા ડેપો પર વન વિભાગ દ્વારા ચોરીનો માલ કબજે કરવા બાબત**

૩૪૫૩ **શ્રી પ્રભુભાઈ ના.વસાવા(સોનગઢ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) શું સરકારશ્રીના ધ્યાન પર છે કે તા. સોનગઢ જિ. તાપીના રાણી આંબા ડેપો પર વન વિભાગ દ્વારા તા. ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ચોરીનો કેટલા ઘનમીટર સારી ઈમારતી તથા જલાઉ માલ કબજે કરવામાં આવ્યો છે,

(૨) જો, હા, તો પ્રતિવર્ષ કેટલા ઘનમીટર ચોરીનો માલ વેચાયો અને તેની કેટલી આવક ઉભી કરવામાં આવી, અને

(૩) આ ચોરીની પ્રવૃત્તિ અટકાવવા સરકાર દ્વારા શા પગલાં લેવામાં આવ્યા?

**જવાબ**

(૧) હા, જી.

(૨) પ્રતિવર્ષ નીચે પ્રમાણે ચોરીનો ઈમારતી માલ વેચાયો અને તેની સામે દર્શાવ્યા પ્રમાણેની આવક ઉભી કરવામાં આવી છે.

| અ. નં. | વર્ષ | વેચાયેલ ઈમારતી માલ (દ ાનમીટરમાં) | ઉપજેલ કિંમત (રૂપિયામાં) |
|---|---|---|---|
| ૧. | ૨૦૦૫-૦૬ | ૧૨૭૬.૫૨૦ | ૨,૨૩,૬૪,૬૪૭ |
| ૨. | ૨૦૦૬-૦૭ | ૧૧૯૧.૬૩૯ | ૨,૬૯,૧૭,૦૯૦ |
| ૩. | ૨૦૦૭-૦૮ (તા.૩૧-૧-૦૮ સુધી) | ૮૬૯.૮૩૫ | ૧,૮૩,૨૯,૪૫૬ |
| | **કુલ** | **૩૩૩૭.૯૯૪** | **૬,૭૬,૧૧,૧૯૩** |

(૩) વનમાં તથા ગેરકાયદેસર કપાણને અટકાવવા પેટ્રોલીંગ વ્યુહાત્મક જગ્યાએ ચોકી, રાત્રી ફેરણું, સહભાગી વન વ્યવસ્થા સમિતિઓની સ્થાપના તથા સાથે રાખી લોક જાગૃતિ કેળવવા તેમજ બાજુના રાજ્યના વન વિભાગના કર્મચારીઓ સાથે સંકલનમાં રહી ચોરીની પ્રવૃત્તિઓ અટકાવવાના પ્રયાસો કરવામાં આવે છે.

---------

**રાજકોટ ગ્રાહક તકરાર પંચને મળેલ ફરિયાદો**

૨૧૯૧ **શ્રી ગોવિંદભાઈ ઉ.પટેલ (રાજકોટ-૧) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજકોટ શહેર ગ્રાહક તકરાર નિવારણ પંચને કેલેન્ડર વર્ષ-૨૦૦૭ દરમ્યાન ક્યા ક્યા વિભાગની ક્યા ક્યા પ્રકારની ફરિયાદો મળી,

(૨) મળેલ ફરિયાદોમાંથી કેટલી ફરિયાદોનું ગ્રાહકોની તરફેણમાં નિરાકરણ આવ્યું, અને

**જવાબ**

(૧) રાજકોટ શહેર ગ્રાહક તકરાર નિવારણ પંચને કેલેન્ડર વર્ષ-૨૦૦૭ દરમ્યાન રાજકોટ વધારાના ફોરમને * પત્રક-૧ મુજબ ૧૬૮ ફરિયાદો અને રાજકોટ મુખ્ય ફોરમને * પત્રક-૨ મુજબ-૧૩૬ ફરીયાદો પત્રકમાં જણાવેલ વિભાગ અને પ્રકારની મળેલ છે.

(૨) રાજકોટ એડીશનલ ફોરમ-શૂન્ય રાજકોટ મુખ્ય ફોરમ-૨

(૩) ફરિયાદ સાબિત થયે લાગતા વળગતા સામે શું પગલાં લેવામાં આવે છે ?

(૩) ફરિયાદી દ્વારા કરવામાં આવેલ ફરિયાદની નાણાંકીય મર્યાદા તેમજ સેવાની ખામી, જવાબદારી નક્કી કરી ફરિયાદીને તે અંગે સામાવાળા પાસેથી કેસના પ્રકાર મુજબ હુકમ કરવામાં આવે છે.

* પત્રક-૧ અને પત્રક-૨ સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.

--------

**અમરેલી જિલ્લામાં વનીકરણ**

૩૪૫૯ **શ્રી મનસુખભાઈ પાં.ભુવા (ધારી) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમરેલી જિલ્લામાં વર્ષ ૨૦૦૭-૦૮ દરમ્યાન તા.૩૧/૧/૨૦૦૮ સુધીમાં કેટલા વિસ્તારમાં વનીકરણ કરવામાં આવેલ છે, અને

(૨) તેમાં કેવા કેવા પ્રકારના વૃક્ષોનું વાવેતર કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) ૩૪૨.૧૪ હેકટરમાં વિસ્તારમાં વનીકરણ કરવામાં આવેલ છે.

(૨) તેમાં અરડુસો, નીલગીરી, સીરસ, દેશીબાવળ, ખીજડો, લીમડો, પીપળો, વડ, આંબા, આમળા, બોરડી, ગુંદા, સરગવો, સીતાફળ, ગરમાળો, ગુલમહોર, દાડમ, જામફળ, કરંજ અને રામબાવળ જેવા વૃક્ષોનું વાવેતર કરવામાં આવેલ છે.

---------

**મહેસાણા જિલ્લામાં સામાજિક વનીકરણ**

૩૪૭૧ **શ્રી અનિલકુમાર પટેલ(મહેસાણા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) મહેસાણા જિલ્લામાં સામાજિક વનીકરણ હેઠળ વર્ષ ૨૦૦૫-૦૬ અને ૨૦૦૬-૦૭ દરમ્યાન કેટલા રોપાઓ ઉછેરવામાં આવ્યા, અને

(૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે ?

**જવાબ**

(૧) મહેસાણા જિલ્લામાં સામાજિક વનીકરણ હેઠળ વર્ષ ૨૦૦૫-૦૬ અને ૨૦૦૬-૦૭ દરમ્યાન કુલ ૧૩૪.૩૨ લાખ રોપાઓ ઉછેરવામાં આવ્યા.

(૨) તેની પાછળ કુલ ૧૯૯.૭૮ લાખ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે.

---------

**રાજકોટ જિલ્લામાં પંડિત દિનદયાળ સસ્તા અનાજની દુકાનો**

૩૪૯૪ **શ્રીમતી જસુબેન સ. કોરાટ(જેતપુર) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા.૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ રાજકોટ જિલ્લાના કુલ કેટલા ગામોમાં પંડિત દિનદયાળ સસ્તા અનાજની દુકાનો ચાલે છે ?

**જવાબ**

તા.૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ રાજકોટ જિલ્લાના કુલ ૪૯૪ ગામોમાં પંડિત દિનદયાળ સસ્તા અનાજની દુકાનો ચાલે છે.

---------

**સુરત જિલ્લામાં હળપતિઓના આવાસનું પ્લોટ ભાડું**

૩૨૦૯ **શ્રી કુંવરજીભાઈ ન.હળપતિ(બારડોલી) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લામાં વસતા હળપતિઓ માટે આવાસ યોજના હેઠળ હળપતિઓ માટે આવાસો બાંધવા ફાળવવામાં આવેલ જમીનના પ્લોટનું ભાડું લેવામાં આવે છે, જે માફ કરવા જિલ્લા પંચાયત સુરતના લોકલ ફંડ દ્વારા ઠરાવ કરી સરકારને દરખાસ્ત કરવામાં આવેલ છે તે બાબત તા. ૩૧/૧/૦૮ સુધીમાં સરકારમાં શી કાર્યવાહી થઈ,

(૨) આ ભાડું દરખાસ્ત મુજબ સરકાર માફ કરવા માંગે છે કે કેમ, અને

(૩) જો હા, તો ક્યારથી ?

**જવાબ**

(૧) ચકાસણી કરવામાં આવેલ.

(૨) ઠરાવનો કાયમી પ્રતિષેધ કરવામાં આવ્યો છે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**સુરત અને વ્યારા જિલ્લામાં ઈમારતી લાકડાઓની ચોરી**

૩૨૯૪ **શ્રી પુનાભાઈ ઢે. ગામીત(વ્યારા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત અને વ્યારા જિલ્લામાં તા.૩૧/૧૨/૨૦૦૭ સુધીમાં છેલ્લા બે વર્ષમાં ઈમારતી લાકડાઓની ચોરીના કેટલા કેસ નોંધવામાં આવ્યા, | (૧) ૫૩૦૮. |
| (૨) તે અન્વયે કેટલા ઈસમોની ધરપકડ થઈ, | (૨) ૯૦૭. |
| (૩) કેટલા વાહનો જપ્ત કરવામાં આવ્યા, અને | (૩) ૨૪૯. |
| (૪) કુલ કેટલી કિંમતના લાકડાની ચોરી પકડવામાં આવી ? | (૪) રૂ.૨૩,૦૦,૨૮,૯૮૮/- |

---------

**ઉમરગામ તાલુકામાં વન ભાગીદારી સહકારી મંડળી**

૩૪૪૨ **શ્રી રમણલાલ ના.પાટકર (ઉમરગામ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ઉમરગામ તાલુકામાં વન ભાગીદારી સહકારી મંડળીના સભાસદોને સરકાર નાણાકીય વર્ષ ૨૦૦૫-૦૬, ૨૦૦૬-૦૭ અને ૨૦૦૭-૦૮ના વર્ષમાં તા.૩૧/૧/૦૮ સુધી કેટલી આર્થિક મદદ કરી, અને | (૧) નીચે મુજબ આર્થિક મદદ કરવામાં આવેલ છે.<br>સને ૨૦૦૫-૦૬માં રૂા. ૧૦,૦૦૦/-<br>સને ૨૦૦૬-૦૭માં રૂા. ૧૬,૦૦૦/-<br>અને સને ૨૦૦૭-૦૮ માં તારીખ ૩૧/૧/૨૦૦૮ સુધી રૂા. ૮૦૦૦/- |
| (૨) તાલુકામાં કેટલી સહકારી મંડળી કાર્યાન્વિત છે, અને એમાં કેટલા સભાસદો જોડાયા છે ? | (૨) ૧૧ સહભાગી વન વ્યવસ્થા મંડળીઓ કાર્યાન્વિત છે, અને એમાં કુલ ૮૮૯ સભાસદો જોડાયેલા છે. |

---------

**ભાવનગર જિલ્લામાં વન તલાવડીઓ**

૩૩૫૭ **ડૉ.કનુભાઇ કલસરિયા(મહુવા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વન વિભાગ દ્વારા તા.૩૧/૧૨/૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જિલ્લાના મહુવા તાલુકામાં કેટલી વન તલાવડી બનાવવામાં આવી, અને | (૧) ૧૪ વન તલાવડીઓ બનાવવામાં આવી છે. |
| (૨) આ કામો માટે કુલ કેટલો ખર્ચ થયો ? | (૨) કુલ રૂા. ૩.૧૫ લાખનો ખર્ચ થયો છે. |

---------

**ગાંડા બાવળ દૂર કરવાની પરવાનગી**

૨૯૯૫ **શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ(માંડલ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકારે નડતરરૂપ ગાંડા બાવળ દૂર કરવાની છૂટ આપી છે, અને | (૧) હા જી. |
| (૨) આ છૂટ આપવાના કારણો શાં છે ? | (૨) ગાંડા બાવળના અતિશય ફેલાવાના લીધે જાહેર માર્ગોને, ખેતીવાડીને તેમજ જમીનને નુકશાન થતું હોવાથી આ છૂટ આપવામાં આવી છે. |

---------

**જંગલ અધિકાર કાનૂન**

૩૪૫૫ **શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા (પોરબંદર) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ રાજ્યમાં જંગલ અધિકાર કાનૂન (રાઈટ ટુ ફોરેસ્ટ બીલ) હેઠળ જંગલ વિસ્તારની જમીન ખેડતા લોકોને કેટલી જમીનની સનદ અપાઈ, | (૧) એક પણ નહિં. |
| (૨) જંગલ વિસ્તારની જમીન આ કાનૂન હેઠળ | (૨) હા, જી. |

આપવા માટે રાજ્ય સરકારે બ્લોક/જિલ્લા સ્તરે સમિતિઓની રચના કરવાની છે તે કરી છે કે કેમ,

(૩) આ સમિતિના સભ્યો કોણ કોણ છે,

(૪) જંગલ વિસ્તારની જમીનના કબજાઓને પ્રમાણિત કરવા ગ્રામ સમિતિએ ઠરાવ કરવાના હોય છે, આ ઠરાવો મેળવવા રાજ્ય સરકારે કોઈ કાર્યવાહી કરી છે, અને

(૫) જો હા, તો શી કાર્યવાહી કરી છે ?

(૩) *પત્રક સામેલ છે.

(૪) ગ્રામ સભાઓ યોજાયા બાદ ઉક્ત સમિતિઓ કાર્યવાહી હાથ ધરશે.

(૫) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

***પત્રક**

**(૧) પ્રાંતકક્ષાની સમિતિ**

| | | |
|---|---|---|
| (૧) | પ્રાન્ત ઓફીસર | **અધ્યક્ષ** |
| (૨) | મદદનીશ વન સંરક્ષણ અધિકારી | સભ્ય |
| (૩) | તાલુકા પંચાયતના ત્રણ સભ્યો કે જેમની નિમણૂંક જિલ્લા પંચાયતે કરવાની રહેશે અને તેમાં ત્રણ પૈકી બે સભ્યો શક્ય હોય ત્યાં સુધી અનુસૂચિત આદિજાતિના હોવા જોઈશે. જે વનમાં રહેતા હોય અથવા તેઓ આદિમજૂથના સભ્ય હોવા જોઈએ અને તેમાંના એક મહિલા સભ્ય રહેશે. | સભ્ય |
| (૪) | મદદનીશ પ્રાયોજના વહીવટદાર (ખેતી તથા વન) | **સભ્ય સચિવ** |

**(૨) જિલ્લા કક્ષાની સમિતિ :-**

| | | |
|---|---|---|
| (૧) | જિલ્લા કલેક્ટરશ્રી | **અધ્યક્ષશ્રી** |
| (૨) | સંબંધિત વન સંરક્ષણ અધિકારીશ્રી | સભ્યશ્રી |
| (૩) | તાલુકા પંચાયતના ત્રણ સભ્યો કે જેમની નિમણૂંક જિલ્લા પંચાયત કરશે. | સભ્યશ્રી |
| (૪) | પ્રાયોજના પ્રોજેક્ટ વહીવટદારશ્રી | સભ્ય સચિવશ્રી |

---------

**અમદાવાદ-ગાંધીનગર ખાતે શ્રમિકો માટે રેન બસેરાની સગવડ**

૨૭૦૪ **શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (અસારવા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ અને ગાંધીનગર શહેરમાં શ્રમિકો માટે "" રેન બસેરા "" બાંધવાની યોજના અમલમાં છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો કેટલી સંખ્યામાં ક્યાં ક્યાં આ બાંધવાનું આયોજન છે, અને

(૩) ક્યારે આ કામગીરી પૂર્ણ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) હા જી. અમદાવાદમાં યોજના અમલમાં છે.

(૨) મ્યુનિસિપલ કોર્પોરેશન, અમદાવાદ દ્વારા અમદાવાદ શહેરમાં નવાવાડજ અને ઓઢવ વિસ્તારમાં કુલ-૨ રેન બસેરા બાંધવાનું આયોજન છે જ્યારે ગાંધીનગર ખાતે કોઇ આયોજન નથી.

(૩) અમલીકરણની જરૂરી કાર્યવાહી ટૂંક સમયમાં શરૂ કરવાનું આયોજન છે.

--------

**લુણાવાડા અને ખાનપુર તાલુકામાં બી.પી.એલ. કાર્ડ ધારકોનું વિભાજન થતાં એ.પી.એલ. કાર્ડમાં નામ**

૨૦૯૮**શ્રી હીરાભાઈ હ.પટેલ(લુણાવાડા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પંચમહાલ જિલ્લાના લુણાવાડા અને ખાનપુર તાલુકામાં બી.પી.એલ કાર્ડ ધારકો વિભાજન કરાવે ત્યારે તેવા કાર્ડને એ.પી.એલ. કરવામાં આવે છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો છેલ્લા એક વર્ષમાં તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ કેટલા બી.પી.એલ. કાર્ડ ધારકોના વિભાજન થતાં એ.પી.એલ. કરવામાં આવ્યા ?

**જવાબ**

(૧) મુળ કાર્ડ બી.પી.એલ. રાખી વિભાજન કાર્ડ તેની પાત્રતા મુજબ કાઢી આપવામાં આવે છે.

(૨) તા.૩૧-૧૨-૦૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બી.પી.એલ. કાર્ડ ધારકોના કાર્ડનું વિભાજન થતા લુણાવાડા તાલુકામાં-૧૭ અને ખાનપુર તાલુકામાં-૯ મળી કુલ -૨૬ એ.પી.એલ. કાર્ડ કરવામાં આવ્યા.

---------

**રાજ્યમાં જિલ્લાવાર પંચાયતોના પોતાના પંચાયત ઘર**

૩૨૧૫ **શ્રી કિરણકુમાર લ.મકવાણા(જંબુસર) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં જિલ્લાવાર કેટલી ગ્રામ પંચાયતોને તા.૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ પોતાના પંચાયત ઘરો નથી, અને | (૧) રાજ્યમાં દરેક ગ્રામ પંચાયતોને પંચાયત ઘર છે પરંતુ તાજેતરમાં ગ્રામ પંચાયતોનું વિભાજન થતાં નવીન અસ્તિત્વમાં આવેલ ૩૦ ગ્રામ પંચાયતો માટે પંચાયત ઘ ારો બનાવવાના થશે. |
| (૨) બાકીની ગ્રામ પંચાયતોને ક્યાં સુધીમાં પંચાયત ઘરો બનાવવાનું સરકારનું આયોજન છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**આણંદ જિલ્લામાં પુરવઠા નિગમના ગોદામો**

૩૪૮૧**શ્રી અમીતભાઈ ચાવડા (બોરસદ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ આણંદ જિલ્લાના ક્યા ક્યા તાલુકામાં પુરવઠા નિગમના ગોડાઉનની સુવિધા નથી, | (૧) ૧. આંક્લાવ<br>૨. સોજીત્રા<br>૩. ઉમરેઠ<br>૪. તારાપુર |
| (૨) સરકાર આ સુવિધા આપવા માંગે છે કે કેમ, અને | (૨) આંક્લાવ તાલુકા ખાતે નિગમનું ગોડાઉન શરૂ કરવા નિર્ણય લેવામાં આવેલ છે જ્યારે અન્ય સોજીત્રા, ઉમરેઠ તથા તારાપુર તાલુકાઓને નજીકના ગોડાઉનો ઉપરથી પુરવઠો આપવામાં આવે છે. |
| (૩) આ અંગે કોઇ આયોજન છે કે કેમ ? | (૩) નવા તાલુકા મથકો માટે અન્ય નજીકના તાલુકા મથકોના ગોડાઉન પરથી જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળનો પુરવઠો પુરો પાડવામાં આવતો હોઇ, આ અંગે હાલ કોઇ આયોજન કરેલ નથી. |

---------

**વાઇલ્ડ લાઇફ જાળવણીના કારણોસર રસ્તાઓના કામ અટકાવવા બાબત**

૩૪૭૭ **શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છને કાઠીયાવાડ (સૌરાષ્ટ્ર) અને બનાસકાંઠા ઝાલાવાડ (સુરેન્દ્રનગર) ને રણ વચ્ચેથી જોડતા પરંપરાગત કેટલાક રસ્તાઓનું રીપેરીંગ કે નૂતનીકરણ વાઇલ્ડ લાઇફ જાળવણીના હેતુસર અટકાવી દેવાયું છે તે હકીક્ત સાચી છે, | (૧) પલાસવા-ટીકર માર્ગનું કામ સક્ષમ સત્તાની પૂર્વ મંજૂરી સિવાય શરૂ કરેલ હોવાથી અટકાવી દેવામાં આવ્યું છે. |
| (૨) જો હા, તો આવા ક્યા ક્યા રસ્તાનું કામ તા.૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ અટકાવેલ છે કે મંજૂરી અપાતી નથી, | (૨) (અ) તા.૩૧-૧૨-૨૦૦૭ ની સ્થિતિએ ઘ ૂડખર અભ્યારણ્યમાંથી પસાર થતા પલાસવા-ટીકર માર્ગનું કામકાજ અટકાવેલ છે.<br>(બ) ભરૂડીયા-એકલ-બાંભણકા માર્ગ માટે એક પ્રસ્તાવ માર્ગ અને મકાન વિભાગ (પંચાયત) કચ્છ-ભૂજ તરફથી મળેલ છે, જેમાં કચ્છરણ વન્યપ્રાણી અભ્યારણ્ય વિસ્તારની જમીનના ઉપયોગ અંગે મંજૂરી મેળવવાની બાબત વિચારણા હેઠળ છે. |
| (૩) જો ના, તો ગેજેટીયરમાં (GAZAT) દર્શાવેલ પરંપરાગત માર્ગો પેકી પરંપરાગત પલાંસવા-ટીકર માર્ગનું કામ શા કારણે અટકાવેલ છે, અને | (૩) પરવાનગીના અભાવે કામ અટકાવેલ છે. |
| (૪) ભરૂડીયા - એકલ - બાંભણકા માર્ગનો વિસ્તૃતિકરણની મંજૂરી શા કારણે અપાતી નથી ? | (૪) ભરૂડીયા - એકલ - બાંભણકા માર્ગ માટે એક પ્રસ્તાવ માર્ગ અને મકાન વિભાગ (પંચાયત) કચ્છ-ભૂજ તરફથી મળેલ છે. જેમાં કચ્છરણ વન્યપ્રાણી અભ્યારણ્ય |

વિસ્તારની જમીનના ઉપયોગ અંગે મંજૂરી મેળવવાની બાબત વિચારણા હેઠળ છે.

---------

**ગ્રામ પંચાયતોને નિર્મળ ગ્રામ પુરસ્કાર**

૩૪૮૯ **શ્રી પ્રફૂલભાઈ ખો.પટેલ (હિંમતનગર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| સન ૨૦૦૬-૨૦૦૭ માટે રાજ્યની કેટલી ગ્રામ પંચાયતોને રાષ્ટ્રીય કક્ષાનો નિર્મળ ગ્રામ પુરસ્કાર એવોર્ડ મળેલ છે ? | ૫૭૬ ગ્રામ પંચાયતોને. |

---------

**ગાંડા બાવળ દૂર કરવાની પરવાનગી**

૨૯૯૪ **શ્રી કાંતિલાલ રા. લકુમ(બાવળા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકારે નડતરરૂપ ગાંડા બાવળ દૂર કરવાની છૂટ આપી છે, અને | (૧) હા, જી. |
| (૨) આ છૂટ આપવાના કારણો શાં છે ? | (૨) ગાંડા બાવળના અતિશય ફેલાવાના લીધે જાહેર માર્ગોને, ખેતીવાડીને તેમજ જમીનને નુકશાન થતું હોવાથી આ છૂટ આપવામાં આવી છે. |

---------

**બનાસકાંઠા જિલ્લામાં સામાજિક વનીકરણ**

૩૪૬૦ **શ્રી અનિલકુમારઅ.માળી(દીઓદર) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં સામાજિક વનીકરણ હેઠળ વર્ષ ૨૦૦૬-૦૭ દરમ્યાન કેટલા રોપાઓ ઉછેરવામાં આવ્યા, અને | (૧) ૯૦.૫૧ લાખ રોપાઓ ઉછેરવામાં આવ્યા. |
| (૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે ? | (૨) રૂા. ૧૨૬.૭૮ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે. |

---------

**ભરૂચ જિલ્લામાં પંડિત દિનદયાળ સસ્તા અનાજની દુકાનો**

૩૪૮૫ **શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ(અંકલેશ્વર) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| ભરૂચ જિલ્લામાં તારીખ ૩૧મી ડીસેમ્બર, ૨૦૦૭ ની સ્થિતિએ કુલ કેટલા ગામોમાં પંડિત દિનદયાળ સસ્તા અનાજની દુકાનો ચાલે છે ? | ભરૂચ જિલ્લામાં તારીખ ૩૧મી ડીસેમ્બર, ૨૦૦૭ની સ્થિતિએ કુલ ૩૦૯ ગામોમાં પંડિત દિનદયાળ સસ્તા અનાજની દુકાનો ચાલે છે. |

---------

**પાટણ જિલ્લામાં હરિયાળી યોજના અંતર્ગત થયેલ ખર્ચ**

૩૫૧૪ **શ્રી ભાવસિંહ રાઠોડ (સમી) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પાટણ જિલ્લામાં હરિયાળી યોજના અંતર્ગત તા. ૩૧/૧/૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા ૨(બે) વર્ષમાં કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો, | (૧) પાટણ જિલ્લામાં હરિયાળી યોજના અંતર્ગત તા. ૩૧/૧/૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા ૨(બે) વર્ષમાં કુલ રૂા. ૮૨૦.૮૮ લાખનો ખર્ચ કરવામાં આવ્યો, |
| (૨) સમી અને હારીજ તાલુકાના ક્યા ક્યા ગામોમાં ક્યા ક્યા પ્રકારના કામો કરાવવામાં આવ્યા, અને | (૨) સમી અને હારીજ તાલુકાના પરિશિષ્ટ--બ મુજબના ગામોને યોજના હેઠળ આવરી લઈ પરિશિષ્ટ-ક મુજબના કામો આવરી લેવામાં આવ્યા છે. |
| (૩) થયેલ કામોમાં ગેરરીતિ અંગેની ફરિયાદો સરકારને કેટલી મળી ? | (૩) થયેલ કામોમાં ગેરરીતિ અંગેની કોઈ ફરીયાદ મળેલ નથી. |

**પરિશિષ્ટ--બ: પાટણ જિલ્લાના સમી અને હારીજ તાલુકાઓમાં વોટરશેડ હેઠળ સમાવિષ્ટ ગામોની યાદી**

| ક્રમ | તાલુકાનું નામ | સમાવિષ્ટ ગામોના નામ | | ક્રમ | ક્રમ | તાલુકાનું નામ | સમાવિષ્ટ ગામોના નામ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | હારીજ | ૧ | વાંસા | ૨૯ | ૨ | સમી | ભદ્રાડ |
| | | ૨ | કાતરા | ૩૦ | | | દુદખા |
| | | ૩ | વેજાવાડા | ૩૧ | | | રૂણી |
| | | ૪ | ખાખલ | ૩૨ | | | રણોદ |
| | | ૫ | રૂગનાથપુરા | ૩૩ | | | ગાજદીનપુરા |
| | | ૬ | જશવંતપુરા | ૩૪ | | | રામપુરા |
| | | ૭ | એક્લવા | ૩૫ | | | સીંગોતરીયા |
| | | ૮ | ચાબખા | ૩૬ | | | અનવરપુરા |
| | | ૯ | જમણપુર | ૩૭ | | | જાખેલ |
| | | ૧૦ | સાકરા | ૩૮ | | | વેડ |
| | | ૧૧ | ભલાણા | ૩૯ | | | ઉમેદપુરા |
| | | ૧૨ | ક્લાણા | ૪૦ | | | કોડધા |
| | | ૧૩ | સરવાલ | ૪૧ | | | દાદર |
| | | ૧૪ | નાણાં | ૪૨ | | | ધધાણા |
| | | ૧૫ | સરેલ | ૪૩ | | | રણાવાડા |
| | | ૧૬ | માલસુદ | ૪૪ | | | ખરચડીયા |
| | | ૧૭ | દુનાવાડ | ૪૫ | | | માંડવી |
| | | ૧૮ | પીપલાણા | ૪૬ | | | બાસ્પા |
| | | ૧૯ | રાવિન્દ્રા | ૪૭ | | | દાઉદપુર |
| | | ૨૦ | કુરેજા | ૪૮ | | | તારાનગર |
| | | ૨૧ | અસાલડી | ૪૯ | | | બાદરગંજ |
| | | ૨૨ | માંસા | ૫૦ | | | જલાલાબાદ |
| | | ૨૩ | સોઢવ (પાલોલી) | ૫૧ | | | મુબારકપુરા |
| | | ૨૪ | બોરતવાડા | ૫૨ | | | ગુજરવાડા |
| | | ૨૫ | રોડા | ૫૩ | | | વરાણા |
| | | ૨૬ | પીલુવાડા | ૫૪ | | | દાદકા |
| | | ૨૭ | તોરણીપુર | ૫૫ | | | કોડધા |
| | | ૨૮ | જુનામાંકા. | ૫૬ | | | વેડ |
| | | | | ૫૭ | | | સુખપુરા |
| | | | | ૫૮ | | સમી | સોનાર |
| | | | | ૫૯ | | | વાવલ |
| | | | | ૬૦ | | | સુબાપુરા |
| | | | | ૬૧ | | | બિસ્મીલ્લાબાદ |
| | | | | ૬૨ | | | ચાંદરણી |
| | | | | ૬૩ | | | લાલપુર |
| | | | | ૬૪ | | | વાઘપુર |
| | | | | ૬૫ | | | સમશેરપુરા |
| | | | | ૬૬ | | | માત્રોટા |
| | | | | ૬૭ | | | કોક્તા |
| | | | | ૬૮ | | | નાયકા |
| | | | | ૬૯ | | | ભામાથાળ |
| | | | | ૭૦ | | | નાનજોરાવરપુરા-સજુપુરા |
| | | | | ૭૧ | | | ગોચનાદ |
| | | | | ૭૨ | | | રાફુ |
| | | | | ૭૩ | | | મેમણા |
| | | | | ૭૪ | | | મહમદપુરા |

| ક્રમ | તાલુકાનું નામ | સમાવિષ્ટ ગામોના નામ | | ક્રમ | ક્રમ | તાલુકાનું નામ | સમાવિષ્ટ ગામોના નામ |
|---|---|---|---|---|---|---|---|
| | | | | ૭૫ | | | નાનીચંદુર |
| | | | | ૭૬ | | | કુવર |
| | | | | ૭૭ | | | કાઠી |
| | | | | ૭૮ | | | અદગામ |
| | | | | ૭૯ | | | ક્નીજ |
| | | | | ૮૦ | | | રૂપનગર |
| | | | | ૮૧ | | | ઉપલીયાસરા |
| | | | | ૮૨ | | | સિપુર |
| | | | | ૮૩ | | | વાહેદપુરા |
| | | | | ૮૪ | | | મુજપુર (ઈસ્લામપુર) |
| | | | | ૮૫ | | | રસુલપુરા |
| | | | | ૮૬ | | | ખીજડીયારી |
| | | | | ૮૭ | | | જેસડા |
| | | | | ૮૮ | | | પીરોજપુરા (મર્દાનગંજ) |
| | | | | | | | |

**પરિશિષ્ટ--ક**

**પાટણ જિલ્લાના સમી અને હારીજ તાલુકાઓમાં વોટરશેડ હેઠળ કરવામાં આવેલ કામોની યાદી**

| ક્રમ | કામનું નામ |
|---|---|
| ૧ | ચેકડેમ |
| ૨ | બોરીબંધ |
| ૩ | ખેતતલાવડી |
| ૪ | અનુશ્રવણ તળાવ |
| ૫ | રીચાર્જ બોરવેલ (કુવા) |
| ૬ | નાલાપ્લગ |
| ૭ | ગલીપ્લગ |
| ૮ | કંન્ટુર ટ્રેન્ચ |
| ૯ | વનીકરણ |
| ૧૦ | આડબંધ |
| ૧૧ | બંધપાળા |
| ૧૨ | પશુ કેમ્પ |
| ૧૩ | ગ્રામવાટિકા |
| ૧૪ | વર્મી યુનિટ |
| ૧૫ | જમીન સુધારણા |
| ૧૬ | ગોચર સુધારણા |
| ૧૭ | બાગાયત પ્લાન્ટેશન |
| ૧૮ | ફાર્મબંડ |

---------

**જુનાગઢ જિલ્લામાં વનીકરણ**

૩૪૬૧**શ્રી કનુભાઇ મે. ભાલાળા (વિસાવદર ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જુનાગઢ જિલ્લામાં વર્ષ ૨૦૦૭-૦૮ દરમ્યાન તા.૩૧-૧-૨૦૦૮ સુધીમાં કેટલા વિસ્તારમાં વનીકરણ કરવામાં આવેલ છે, અને

(૨) તેમાં ક્યાં ક્યાં વૃક્ષોનું વાવેતર કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) ૨૦૩૩.૧૭૧ હેક્ટર વિસ્તારમાં વનીકરણ કરવામાં આવેલ છે.

(૨) તેમાં આમળા, સીતાફળ, રાયણ, લીમડા, દેશીબાવળ, કરંજ, સેવન, વડ, શરૂ, બહેડા, ખાટી આમલી, ગોરસ આમલી, સીરસ, ગરમાળો, ખાખરો, ખેર, અરીઠા, બોરસલી, રાવણો, પીલું, સાગ, પીપર,

પારસ પીપળો, ગુલમહોર, પેલ્ટ્રોફોર્મ, ગુંદા, બોગનવેલ, સપ્તપર્ણી, ગલતોરા, કાસીદ, ઉમરો, રેઇન્ટ્રી, નીલગીરી વગેરે પ્રકારના રોપાઓનું વાવેતર કરવામાં આવેલ છે.

--------

**સાવરકુંડલા તાલુકામાં રોપા ઉછેરવા બાબત**

૩૧૮૭ **શ્રી કાળુભાઇ વી. વીરાણી (કુંડલા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાવરકુંડલા તાલુકાના વિસ્તરણ વિભાગ દ્વારા છેલ્લા બે વર્ષમાં તા.૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ કેટલા રોપા ઉછેરવામાં આવ્યા છે, | (૧) ૧૧.૭૧ લાખ રોપા ઉછેરવામાં આવ્યા છે. |
| (૨) રોપા ઉછેરવા પાછળ છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે, અને | (૨) રૂા. ૧૮.૫૩ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. |
| (૩) જે રોપા ઉછેરેલ છે તેમાંથી કેટલું વળતર મળવા પામેલ છે ? | (૩) તેના વિતરણથી રૂ. ૧.૧૦ લાખ વળતર મળવા પામેલ છે. |

---------

**સિંહો માટે અભ્યારણ્ય વિસ્તારોમાં વધારો કરવા બાબત**

૩૪૬૮ **શ્રી કાળુભાઈ ચ.રાઠોડ (ઉના) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સિંહો માટે અભ્યારણ્ય વિસ્તારમાં વધારો કરવાનું સરકારની વિચારણા હેઠળ છે, અને | (૧) હા, જી. |
| (૨) સરકાર કેટલા હેકટર વિસ્તારનો વધારો કરવા માંગે છે ? | (૨) ગીરનાર અનામત વન વિસ્તારના ૧૭૮૮૭ હેકટરને અભ્યારણ્ય તરીકે જાહેર કરવાનું વિચારણા હેઠળ છે. |

---------

**અમદાવાદ જિલ્લામાં ગ્રામીણ રોજગાર ગેરન્ટી યોજનામાં થયેલ કામો**

૨૩૭૯ **શ્રી રણછોડભાઈ ક.મેર (ધંધૂકા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કેન્દ્ર સરકારનાં ગ્રામીણ રોજગાર ગેરન્ટ યોજના હેઠળ અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર તા. ૩૧-૧-૦૮ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા કામો થયા, | (૧) અમદાવાદ જિલ્લામાં એન.આર. ઇ જી.એ. યોજના તા. ૧-૪-૦૮ થી અમલમાં આવનાર હોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૨) તે પૈકી ધંધુકા-બરવાળા અને રાણપુર તાલુકાનાં કેટલા ગામોમાં કામગીરી હાથ ધરાઇ, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) તાલુકાવાર કેટલા શ્રમજીવીઓને રોજગારી પૂરી પાડી કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**સાબરકાંઠા જિલ્લામાં ગ્રામિણ સ્વચ્છતા કાર્યક્રમ નીચે બનેલ શોચાલયો**

૨૧૪૮ **શ્રી મહેન્દ્રસિંહ શં.વાઘેલા (મેઘરજ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર તા. ૩૧-૧૨-૨૦૦૭ સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગ્રામિણ સ્વચ્છતા કાર્યક્રમ હેઠળ કેટલા શોચાલયો બનાવવામાં આવ્યા, અને | (૧) સાબરકાંઠા જિલ્લામાં સંપૂર્ણ સ્વચ્છતા અભિયાન અંતર્ગત છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર નીચે મુજબના શોચાલય બનેલ છે. |

| ક્રમ | તાલુકો | કુલ |
|---|---|---|
| ૧ | હિંમતનગર | ૨૧૬૫ |
| ૨ | ઇડર | ૫૩૪૦ |
| ૩ | વડાલી | ૩૧૨૩ |
| ૪ | મોડાસા | ૨૬૩૫ |
| ૫ | ધનસુરા | ૫૨૯૧ |
| ૬ | પ્રાંતિજ | ૨૧૯૧ |

| | | |
|---|---|---|
| ૬ | પ્રાંતિજ | ૨૧૯૧ |
| ૭ | તલોદ | ૬૨૩૧ |
| ૮ | બાયડ | ૯૪૦૨ |
| ૯ | માલપુર | ૪૨૪૮ |
| ૧૦ | ખેડબ્રહમા | ૪૩૬૨ |
| ૧૧ | વિજયનગર | ૩૩૯૫ |
| ૧૨ | ભિલોડા | ૬૭૭૭ |
| ૧૩ | મેઘરજ | ૭૭૫૯ |
| | **કુલ ...** | **૬૨૯૧૯** |

(૨) કઇ કઇ એજન્સીઓએ કામ કર્યું ?

(૨) લાભાર્થી જાતે અથવા લાભાર્થીની સંમતિથી ગ્રામ પંચાયતના સહયોગથી ગ્રામ સુખાકારી સમિતિ દ્વારા વ્યક્તિગત શોચાલયનું કામ હાથ ધરવામાં આવે છે. શાળા શોચાલયો, આંગણવાડી શોચાલય તેમજ સામુહિક શોચાલયની કામગીરી ગ્રામ પંચાયત મારફત હાથ ધરવામાં આવે છે.

---------

**ભાવનગર જિલ્લામાં સામાજિક વનીકરણ**

૩૪૬૩ **ભાવનાબેન મકવાણા (તળાજા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં સામૂહિક વનીકરણ યોજના હેઠળ તાલુકાવાર કેટલી નર્સરીઓ હયાત છે, અને

(૨) તેમાંની કેટલી નર્સરીઓ કિસાનોને આપવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૦૧-૦૮ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના હેઠળ તાલુકાવાર નીચે જણાવ્યા મુજબની વન વિભાગની નર્સરીઓ હયાત છે.

| ક્રમ | તાલુકો | હયાત નર્સરીઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | ભાવનગર | ૧૧ |
| ૨ | મહુવા | ૧૦ |
| ૩ | પાલિતાણા | ૦૫ |
| ૪ | ગારિયાધાર | ૦૩ |
| ૫ | શિહોર | ૦૯ |
| ૬ | તળાજા | ૦૬ |
| ૭ | બોટાદ | ૦૭ |
| ૮ | ગઢડા | ૦૬ |
| ૯ | ઘોઘા | ૦૭ |
| ૧૦ | ઉમરાળા | ૦૨ |
| ૧૧ | વલભીપુર | ૦૩ |
| | **કુલ ...** | **૬૯** |

(૨) તે પૈકી કુલ-૫૬ નર્સરીઓ કિસાનોને આપવામાં આવેલ છે.

---------

**રાજકોટ અને સુરેન્દ્રનગર જિલ્લામાં નીલગાયથી સંરક્ષણ માટે તારની વાડ**

૩૪૪૧ **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજકોટ અને સુરેન્દ્રનગર જિલ્લામાં નીલગાયના સંરક્ષણ માટે તારની વાડ માટે તાલુકાવાર તા. ૩૧-૧૨-૨૦૦૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી અરજીઓ આવી,

**જવાબ**

(૧) રાજકોટ અને સુરેન્દ્રનગર જિલ્લામાં નીલગાયના સંરક્ષણ માટે તારની વાડ માટે તાલુકાવાર તા. ૩૧-૧૨-૨૦૦૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નીચ મુજબ અરજીઓ આવી.

**સુરેન્દ્રનગર જિલ્લામાં મળેલ અરજીઓ**

| તાલુકો | વર્ષ ૨૦૦૫-૦૬ | વર્ષ ૨૦૦૬-૦૭ | વર્ષ ૨૦૦૭-૦૮ (તારીખ ૩૧-૧૨-૦૭ સુધી) |
|---|---|---|---|
| સાયલા | ૩ | ૧૨ | ૦ |
| લીંબડી | ૭ | ૨૬ | ૧૦ |
| ચુડા | ૦ | ૪ | ૭ |
| લખતર | ૧ | ૧૨ | ૯ |
| વઢવાણ | ૫ | ૧૩ | ૭ |
| મુળી | ૧ | ૫૧ | ૩ |
| ચોટીલા | ૩ | ૫ | ૧ |
| હળવદ | ૩ | ૬ | ૧૧ |
| ધાંગધ્રા | ૨૮૦ | ૨૩ | ૦ |
| દસાડા | ૪૮ | ૧૭ | ૦ |
| **કુલ ...** | **૩૫૧** | **૧૬૯** | **૪૮** |

**રાજકોટ જિલ્લામાં મળેલ અરજીઓ**

| તાલુકો | વર્ષ ૨૦૦૫-૦૬ | વર્ષ ૨૦૦૬-૦૭ | વર્ષ ૨૦૦૭-૦૮ (તારીખ ૩૧-૧૨-૦૭ સુધી) |
|---|---|---|---|
| ગોંડલ | ૩ | ૩ | ૫ |
| જસદણ | ૨ | ૦ | ૦ |
| મોરબી | ૦ | ૨ | ૨ |
| ધોરાજી | ૦ | ૦ | ૦ |
| જામકંડોરણા | ૦ | ૦ | ૧ |
| રાજકોટ | ૨ | ૦ | ૪ |
| માળીયા | ૧ | ૦ | ૦ |
| લોધીકા | ૨ | ૧ | ૨ |
| કોટડા સાંગાણી | ૧ | ૦ | ૨ |
| **કુલ...** | **૧૧** | **૬** | **૧૬** |

(૨) તે પેકી કેટલી મંજુર કરી અને કટેલી પડતર છે, અને

(૨) રાજકોટ અને સુરેન્દ્રનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં મંજૂર કરેલ અને પડતર અરજીઓની સંખ્યા નીચે મુજબ છે.

**સુરેન્દ્રનગર જિલ્લામાં મંજૂર કરેલ અરજીઓ**

| તાલુકો | વર્ષ ૨૦૦૫-૦૬ | વર્ષ ૨૦૦૬-૦૭ | વર્ષ ૨૦૦૭-૦૮ (તારીખ ૩૧-૧૨-૦૭ સુધી) |
|---|---|---|---|
| સાયલા | ૦ | ૦ | ૦ |
| લીંબડી | ૦ | ૦ | ૦ |
| ચુડા | ૦ | ૦ | ૦ |
| લખતર | ૧ | ૦ | ૦ |
| વઢવાણ | ૨ | ૦ | ૦ |
| મુળી | ૦ | ૦ | ૦ |
| ચોટીલા | ૦ | ૦ | ૦ |
| હળવદ | ૨ | ૦ | ૦ |
| ધાંગધ્રા | ૮ | ૧૦ | ૦ |
| દસાડા | ૧૦ | ૦ | ૦ |
| **કુલ ...** | **૨૩** | **૧૦** | **૦** |

**સુરેન્દ્રનગર જિલ્લામાં પડતર અરજીઓ**

| તાલુકો | વર્ષ | વર્ષ | વર્ષ |
|---|---|---|---|
| સાયલા | ૩ | ૧૨ | ૦ |
| લીંબડી | ૭ | ૨૬ | ૧૦ |
| ચુડા | ૦ | ૪ | ૭ |
| લખતર | ૦ | ૧૨ | ૯ |
| વઢવાણ | ૦ | ૧૨ | ૭ |
| મુળી | ૦ | ૪૫ | ૩ |
| ચોટીલા | ૨ | ૫ | ૧ |
| હળવદ | ૦ | ૬ | ૧૧ |
| ધાંગધ્રા | ૨૫૧ | ૨૫૨ | ૨૫૨ |
| દસાડા | ૨૧ | ૩૮ | ૩૮ |
| **કુલ ...** | **૨૮૪** | **૪૧૨** | **૩૩૮** |

| તાલુકો | વર્ષ | વર્ષ | વર્ષ |
|---|---|---|---|
| ગોંડલ | ૩ | ૧ | ૧ |
| જસદણ | ૨ | ૦ | ૦ |
| મોરબી | ૦ | ૦ | ૦ |
| ધોરાજી | ૦ | ૦ | ૦ |
| જામકંડોરણા | ૦ | ૦ | ૧ |
| રાજકોટ | ૨ | ૦ | ૦ |
| માળીયા | ૧ | ૦ | ૦ |
| લોધીકા | ૨ | ૧ | ૦ |
| કોટડા | ૧ | ૦ | ૦ |
| **કુલ...** | **૧૧** | **૨** | **૨** |

**રાજકોટ જિલ્લામાં પડતર અરજીઓ**

| તાલુકો | વર્ષ | વર્ષ | વર્ષ |
|---|---|---|---|
| ગોંડલ | ૦ | ૨ | ૪ |
| જસદણ | ૦ | ૦ | ૦ |
| મોરબી | ૦ | ૨ | ૨ |
| ધોરાજી | ૦ | ૦ | ૦ |
| જામકંડોરણા | ૦ | ૦ | ૦ |
| રાજકોટ | ૦ | ૦ | ૪ |

| | | | |
|---|---|---|---|
| રાજકોટ | ૦ | ૦ | ૪ |
| માળીયા | ૦ | ૦ | ૦ |
| લોધીકા | ૦ | ૦ | ૨ |
| કોટડા સાંગાણી | ૦ | ૦ | ૨ |
| **કુલ...** | **૦** | **૪** | **૧૪** |

(૩) તારની વાડ માટે તાલુકાદીઠ કેટલો ખર્ચ થયો ?

(૩) તારની વાડ માટે તાલુકાદીઠ નીચે મુજબ ખર્ચ થયેલ છે.

**સુરેન્દ્રનગર જિલ્લામાં તારની વાડ માટે થયેલ ખર્ચની વિગત**

| તાલુકો | ખર્ચ રૂપિયામાં |
|---|---|
| સાયલા | ૧,૭૫,૦૦૦ |
| લખતર | ૯૨,૫૦૦ |
| વઢવાણ | ૪,૯૯,૭૦૦ |
| હળવદ | ૨,૧૫,૪૩૮ |
| ધાંગધ્રા | ૩,૨૦,૦૦૦ |
| દસાડા | ૧,૪૦,૦૦૦ |
| **કુલ...** | **૧૪,૪૨,૬૩૮** |
| **રાજકોટ જિલ્લામાં તારની વાડ માટે થયેલ ખર્ચની વિગત** | |
| **તાલુકો** | **ખર્ચ રૂપિયામાં** |
| ગોંડલ | ૭,૫૧,૮૫૦ |
| જસદણ | ૭૦,૦૦૦ |
| જામકંડોરણા | ૧,૧૦,૦૦૦ |
| રાજકોટ | ૫,૧૮,૫૦૦ |
| માળીયા | ૨૬,૧૦૦ |
| લોધીકા | ૮,૬૬,૪૦૦ |
| કોટડા સાંગાણી | ૪૦,૯૫૦ |
| **કુલ...** | ૨૩,૮૩,૮૦૦ |

---------

**જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી અમદાવાદે સંપૂર્ણ સ્વસ્છતા અભિયાન યોજના હેઠળ કરેલ કરાર**

૨૧૦૪ **શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર(મહુધા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી અમદાવાદએ સંપૂર્ણ સ્વચ્છતા અભિયાન યોજના હેઠળ ગુજરાત રાજ્ય ગ્રામ વિકાસ એજન્સી અમદાવાદને તા. ૧લી ડીસેમ્બર, ૨૦૦૪ થી તા. ૩૧મી મે, ૨૦૦૭ સુધી કામગીરી કરાર કરેલ છે તે હકીકત સાચી છે, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો ગુજરાત રાજ્ય ગ્રામ વિકાસ એજન્સી અમદાવાદને તે અન્વયે કેટલી રકમ ચૂકવવાની થાય છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) તા. ૩૧-૧૨-૦૭ સુધીમાં કેટલી રકમ ચુકવાઈ, બાકી રકમ નહીં ચૂકવવાના કારણો શા છે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**ખેડૂતોના પાકને નીલગાય દ્વારા નુક્સાન થવા બાબત**

૨૧૪૪ **શ્રી ગૌતમભાઈ જે. ઝાલા (કઠલાલ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં ખેડુતોના પાકને નીલગાય દ્વારા નુક્સાન થાય છે તે હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો ઉભા પાકને થતું નુક્સાન રોક્વા સરકારે કોઈ પગલાં ભર્યા છે કે કેમ, અને

(૩) જો હા, તો શાં પગલાં લીધા?

**જવાબ**

(૧) હા, જી.

(૨) હા.

(૩) ૧. રોઝની વધતી વસ્તીના નિયંત્રણ માટે તેને પકડવા અને ખસીકરણ કરવામાં પુરતી સફળતાં ન મળતા રોઝના નિકાલ માટે ગુજરાત સરકાર દ્વારા જ્યાં રોઝથી પાકને વધુ નુક્સાની જણાય છે અને જે વિસ્તારો અભ્યારણ્યને અડીને આવેલ નથી તેવા વિસ્તારોના ૧૫૪૫ ગામના સરપંચશ્રીઓને વન્યપ્રાણી સંરક્ષણ ધારા-૧૯૭૨ હેઠળ રોઝનો નિકાલ કરવાની પરવાનગી આપવામાં આવેલ છે.

૨. રાજ્ય સરકારશ્રી દ્વારા વન્ય પ્રાણીઓથી ખેતીના પાકને થતા નુક્સાનને અટકાવવા અરજીઓની અગ્રતાના ધોરણે ખેડુતોને ખેતરોની ફરતે કાંટાળા તારની વાડ માટે બજેટની મર્યાદામાં, તારની વાડના એસ્ટીમેટની ૫૦ ટકા રકમ સહાય તરીકે વન વિભાગ દ્વારા આપવામાં આવે છે.

૩. રોઝના ઉપદ્રવવાળા વિસ્તારોમાં હાંકો કરીને, ફટાકડા ફોડીને, અવાજો કરીને, હલનચલનવાળા ચાડિયા રાખી રોઝથી થતા નુક્સાન સામે ખેતીના પાકને રક્ષણ આપવાની બાબતે ખેડુત શિબિરો અને ગ્રામ સભાઓમાં ખેડૂતોને સમજ આપવામાં આવે છે.

**વડોદરા જિલ્લામાં ધારાસભ્યો-સાંસદસભ્યોની ગ્રાન્ટમાંથી ફાળવાતી રકમમાંથી પંચાયતે ખરીદેલ વસ્તુનું રજિસ્ટર**

૨૮૨૦ **શ્રી ખુમાનસિંહ ચૌહાણ (સાવલી) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ધારાસભ્યો-સાંસદ સભ્યોની ગ્રાન્ટમાંથી ફાળવાતી રકમમાંથી પ્રજા ઉપયોગી વસ્તુઓ ગ્રામ પંચાયતો ખરીદ કરે છે તેવી કઈ કઈ વસ્તુઓ વડોદરા જિલ્લામાં તા. ૩૧-૧-૨૦૦૮ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી ગ્રામ પંચાયતોએ રજિસ્ટરમાં ચઢાવેલ છે, અને

(૨) ગ્રામ પંચાયતોના રજિસ્ટર ડેડસ્ટોક મેન્ટનન્સ કરવામાં આવે છે કે કેમ?

**જવાબ**

(૧) આવી ગ્રાન્ટમાંથી ખરીદ કરવામાં આવતી દરેક વસ્તુઓની નોંધ દરેક ગ્રામ પંચાયતના ડેડસ્ટોક રજિસ્ટરે કરવામાં આવે છે અને ઉભી થયેલ મિલ્કતોની નોંધ ગ્રામ પંચાયતોના મિલ્કત રજિસ્ટરે કરવામાં આવે છે.

(૨) હા, જી.

**ટ્રાયબલ સબ પ્લાન નીચે ગ્રાન્ટ**

૩૫૩૯ **શ્રી અમરસિંહ રા. વસાવા(દેડિયાપાડા) :** માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સરકારે કેલેન્ડર વર્ષ-૨૦૦૬ અને ૨૦૦૭માં ટ્રાયબલ સબ પ્લાન હેઠળ કેટલી ગ્રાન્ટ ફાળવેલ છે, અને

(૨) આ ગ્રાન્ટ વર્ષના અંતે વપરાયેલ છે કે કેમ, અને વણવપરાયેલ ગ્રાન્ટ કેટલી રહેલ છે ?

**જવાબ**

(૧) સરકારે કેલેન્ડર વર્ષ ૨૦૦૬ અને ૨૦૦૭માં ટ્રાયબલ સબ પ્લાન હેઠળ નીચે મુજબ કુલ ગ્રાન્ટ ફાળવવામાં આવી.

(રૂા. કરોડમાં)

| વર્ષ | કુલ ફાળવેલ ગ્રાન્ટ |
|---|---|
| ૨૦૦૬ | ૧૩૪૧.૮૨ |
| ૨૦૦૭ | ૨૦૦૨.૧૮ |

(૨) હા, જી. સંપૂર્ણ વપરાયેલ છે.

**રાજકોટ શહેર અને જિલ્લામાં રાંધણગેસના કાળાબજારના કેસો**

૨૭૩૪ **શ્રી મહંમદજાવીદ અ.પીરીઝાદા(વાંકાનેર ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૮-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજકોટ શહેર અને જિલ્લામાં રાંધણગેસના કાળાબજાર કરતાં કેટલા કેસો નોંધાયા, અને

(૨) આ અંગે સરકાર દ્વારા શાં પગલાં લેવામાં આવ્યા છે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજકોટ શહેર અને જિલ્લામાં રાંધણગેસના કાળાબજાર કરતાં નીચે મુજબના કેસો નોંધાયેલ છે.

| | | |
|---|---|---|
| રાજકોટ શહેર | : | ૬૯ |
| રાજકોટ જિલ્લો | : | ૪૬ |
| **કુલ** | **:** | **૧૧૫** |

(૨) નીચે મુજબના પગલાં લેવામાં આવ્યા

(૧) રૂા. ૨૭,૫૦,૮૯૭/-ની કિંમતના રાંધણગેસના બાટલા, વાહનો તેમજ અન્ય સાધનોનો જથ્થો કબજે લેવામાં આવ્યો.

(૨) રૂા. ૩,૫૪,૭૩૭/-ની કિંમતના રાંધણગેસના બાટલા, વાહનો તેમજ અન્ય સાધનોનો જથ્થો રાજ્યસાત કરવામાં આવ્યો.

(૩) ૧૧ (અગિયાર) કેસમાં પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવી .

**સુરત જિલ્લામાં વૃક્ષો વાવવા બાબત**

૩૪૬૪ **શ્રી નાનુભાઈ ભ.વાનાણી(સુરત શહેર (ઉત્તર) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નાણાકીય વર્ષ-૨૦૦૪-૨૦૦૫, ૨૦૦૫-૨૦૦૬, ૨૦૦૬-૨૦૦૭ દરમ્યાન સુરત જિલ્લામાં કેટલા અને ક્યા પ્રકારના વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું, અને

(૨) તે પૈકી તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ કેટલા વૃક્ષો જીવિત છે ?

**જવાબ**

(૧) નાણાકીય વર્ષ-૨૦૦૪-૨૦૦૫, ૨૦૦૫-૨૦૦૬ અને ૨૦૦૬-૨૦૦૭ દરમ્યાન સુરત જિલ્લામાં નીચે પ્રમાણે વન વિભાગ દ્વારા વાવેતર કરવામાં આવ્યું છે.

| વર્ષ | વાવેતર કરેલ રોપાઓની સંખ્યા (લાખમાં) |
|---|---|
| ૨૦૦૪-૦૫ | ૨૨.૫૧ |
| ૨૦૦૫-૦૬ | ૧૯.૭૮ |
| ૨૦૦૬-૦૭ | ૩૨.૩૯ |
| કુલ : | ૭૪.૬૮ |

સુરત જિલ્લામાં ત્રણ વર્ષ દરમ્યાન વન વિભાગના વાવેતર હેઠળ સાગ, સીસમ, ખેર, બહેડા, મહુડા, સીરસ, ક્લિાઈ, વાંસ, કલમ, બીલી, સાદડ, કડાયો, આસન, આસીત્રો, જાંબુ, અરીઠા, અર્જુન સાદડ, ચારોલી, કોકરંજ, કાજુ, ટીમરૂ, કાકડ, કુંભીયો, મહુડો, કુસુમ, તણછ, હરડે, સીસુ, સીતાફળ, નીલગીરી, બંગાળી બાવળ, લીમડા, આમળા, સરગવો, કાસીદ વગેરે જાતોના રોપાનું વાવેતર કરવામાં આવેલ છે.

(૨) તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ આવા વાવેતરમાં નીચે મુજબના રોપા જીવિત છે.

| વર્ષ | જીવિત રોપાની સંખ્યા (લાખમાં) |
|---|---|
| ૨૦૦૪-૦૫ | ૧૨.૨૧ |
| ૨૦૦૫-૦૬ | ૧૪.૨૩ |
| ૨૦૦૬-૦૭ | ૨૧.૮૩ |
| **કુલ :** | **૪૮.૨૭** |

--------

## વન વિભાગ દ્વારા તીર્થંકર વન બનાવવા બાબત

૨૯૮૮ **શ્રી અભેસિંહ મો. તડવી (સંખેડા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં વન વિભાગ દ્વારા કેટલા તીર્થંકર વન બનાવવામાં આવેલ છે, અને | (૧) એક |
| (૨) તે ક્યા સ્થળે બનાવેલ છે અને તેનો વિસ્તાર કેટલો છે ? | (૨) મહેસાણા જિલ્લામાં તારંગા મુકામે ૫.૪૦ હેક્ટર વિસ્તારમાં બનાવેલ છે. |

--------

## નર્મદા જિલ્લામાં સામાજિક વનીકરણ

૩૩૯૩ **શ્રી હર્ષદભાઈ ચુ. વસાવા(રાજપીપળા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નર્મદા જિલ્લામાં સામાજિક વનીકરણ હેઠળ તા. ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન કેટલા રોપાઓ ઉછેરવામાં આવ્યા, અને | (૧) ૭૩.૭૬ લાખ રોપા ઉછેરવામાં આવ્યા. |
| (૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે ? | (૨) તેની પાછળ રૂા. ૧૧૦.૧૩ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે. |

--------

## અનુસૂચિત જનજાતિના ખોટા પ્રમાણપત્રો

૩૨૧૪ **શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહ્મા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં અનુસૂચિત જનજાતિના ખોટા પ્રમાણપત્રો ઈસ્યુ કર્યાના કેટલા કિસ્સા સરકારના ધ્યાન પર આવેલ છે, | (૧) ૨૦ (વીસ). |
| (૨) ખોટા પ્રમાણપત્રો કોના કોના દ્વારા ઈસ્યુ કરવામાં આવેલ છે, અને | (૨) તાલુકા વિકાસ અધિકારીશ્રી, મામલતદારશ્રી, સમાજ કલ્યાણ અધિકારીશ્રી તથા તકેદારી અધિકારીશ્રી (આદિજાતિ વિકાસ) |
| (૩) ખોટા પ્રમાણપત્રો ઈસ્યુ કરનાર અધિકારીઓ અને મેળવનાર ઈસમો સામે સરકાર દ્વારા શાં પગલાં લેવામાં આવેલ છે ? | (૩) ખોટા પ્રમાણપત્રો ઈસ્યુ કરનાર અધિકારીઓ સામે નિયમોનુસાર કાર્યવાહી કરવા સંબંધિત ખાતાને સુચના આપેલ છે. જ્યારે ખોટા પ્રમાણપત્રો મેળવનાર ઈસમો સામે નિયોમોનુસાર કાર્યવાહી કરવા માટે સંબંધિત કચેરીને જણાવવામાં આવેલ છે. જેમાં કુલ ૧૨ ઈસમોએ કોર્ટમાં કેસ દાખલ કરેલ હોય હાલ પૂરતા પગલાં લેવાનું શક્ય નથી. |

--------

## રાજકોટ શહેરમાં રેશનકાર્ડ ઉપર કેરોસીન આપવા બાબત

૨૧૯૨ **શ્રી ગોવિંદભાઈ ઉ.પટેલ (રાજકોટ-૧) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજકોટ શહેરમાં કેટલા નાગરિકો રેશનકાર્ડ પર કેટલા લીટર દર મહીને કેરોસીન મેળવે છે, | (૧) રાજકોટ શહેરમાં જાન્યુઆરી-૨૦૦૮ની સ્થિતિએ ૧ થી ૩ વાળા કુલ ૧,૦૨,૭૮૩ નોન ગેસ કાર્ડધારકો ૫ લીટર તથા ૪ કે તેથી વધુ વ્યક્તિવાળા કુલ ૧,૮૮,૯૩૨ નોનગેસ કાર્ડધારકો ૧૦ લીટર મુજબ રેશનકાર્ડ પર દરમહિને કેરોસીન મેળવે છે. |
| (૨) કેરોસીનની કુલ જરૂરત સામે શહેરમાં તા. ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા ૬ મહિના દરમ્યાન કેટલા લીટર કેરોસીનની ફાળવણી દર મહીને કરવામાં આવી, અને | (૨) રાજકોટ શહેરમાં તા. ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા છ મહિના દરમ્યાન કેરોસીનની કુલ જરૂરત સામે નીચેની વિગતે કેરોસીનનો જથ્થો માસવાર ફાળવવામાં આવ્યો. |

| માસ | જરૂરિયાત | ફાળવેલ જથ્થો | ટકાવારી |
|---|---|---|---|
| ઓગષ્ટ-૦૭ | ૨૩૧૧ | ૨૨૨૮ | ૯૬.૩૯ |
| સપ્ટે. -૦૭ | ૨૩૨૩ | ૨૨૨૫ | ૯૫.૭૮ |
| ઓકટો.-૦૭ | ૨૩૬૫ | ૨૨૦૧ | ૯૩.૦૮ |
| નવે. -૦૭ | ૨૩૭૨ | ૨૨૧૩ | ૯૩.૨૯ |
| ડીસે. -૦૭ | ૨૩૮૫ | ૨૨૧૧ | ૯૨.૬૯ |
| જાન્યુ.-૦૮ | ૨૪૦૩ | ૨૨૨૦ | ૯૨.૩૮ |

(૩) જરૂરતના પ્રમાણમાં કેરોસીનની અપૂરતી ફાળવણીને લીધે નાગરિકોને પડતી મુશ્કેલીનું નિવારણ કરવામાં આવે તે માટે શાં પગલાં સરકાર દ્વારા લેવામાં આવ્યા ?

(૩)
૧. કેન્દ્ર સરકારશ્રીને રાજ્યને કરવામાં આવતી કેરોસીનની ફાળવણીમાં વધારો કરવા અનુરોધ કરવામાં આવેલ છે, જેનો કેન્દ્ર સરકારશ્રી તરફથી હકારાત્મક પ્રતિભાવ મળેલ નથી.
૨. જાહેર વિતરણ યોજનાના કેરોસીનનો જથ્થો જરૂરીયાતમંદ લોકોને મળી રહે અને અન્ય હેતુ માટે દુરઉપયોગ ન થાય તે માટે એન્ફોર્સમેન્ટ તંત્ર દ્વારા કેરોસીન પરવાનેદારોની નિયમીત તપાસણી કરવામાં આવે છે અને જથ્થાના વિતરણ ઉપર પુરતું મોનીટરીંગ કરવામાં આવે છે તેમજ કસુરવાન વ્યક્તિ/પરવાનેદાર સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવે છે.

--------

**વ્યારા ખાતે તકેદારી અધિકારીની કચેરી ચાલુ કરવા બાબત**

૧૩૧૬ **શ્રી કુંવરજીભાઈ ન.હળપતિ(બારડોલી) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નવનિર્મિત તાપી જીલ્લાના વ્યારા ખાતે તકેદારી અધિકારીની ક્ચેરી સરકાર ચાલુ કરવા માંગે છે,
(૨) જો હા તો આ ક્ચેરી માટે કેટલું મહેકમ મંજૂર કરવામાં આવ્યું, અને
(૩) આ ક્ચેરી સરકાર કેટલા સમયમાં કાર્યરત કરવા માંગે છે ?

**જવાબ**

(૧), (૨) અને (૩)
નવનિર્મિત તાપી જિલ્લામાં તકેદારી અધિકારીની કચેરી શરૂ કરવાની બાબત વિચારણા હેઠળ છે. આ અંગે નિર્ણય થયા પછી નિયમ મુજબ જેમ બને તેમ વહેલાં મહેકમ મંજૂર કરવામાં આવશે.

**મહુવા તાલુકામાં ગરીબીરેખા નીચે જીવતા કુટુંબોને બી.પી.એલ. કાર્ડ**

૩૩૫૮**ડૉ.કનુભાઇ કલસરિયા(મહુવા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જીલ્લાના મહુવા તાલુકામાં ગરીબીરેખા નીચે જીવતા લોકોમાં કેટલા કુટુંબોને બી.પી.એલ. કાર્ડ આપવામાં આવ્યા છે, અને
(૨) બી.પી.એલ. કાર્ડ મેળવવા અંગેની કોઈ અરજી પડતર છે કે કેમ ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જીલ્લાના મહુવા તાલુકામાં કોઈ કુટુંબોને બી.પી.એલ. રેશનકાર્ડ આપવામાં આવેલ નથી.
(૨) ના, જી.

--------

**રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજનામાં કેન્દ્ર સરકારની સહાય**

૩૪૫૬ **શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા (પોરબંદર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી કાનુન હેઠળ હાલ રાજ્યમાં કેટલા જિલ્લાઓનો સમાવેશ થયેલ છે,

(૨) તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેન્દ્રીય સહાય કેટલી મળી, અને કેટલો ખર્ચ થયો, અને

(૩) તા. ૧-૪-૨૦૦૮થી આ યોજનાનો અમલ સમગ્ર રાજ્યમાં જિલ્લાઓમાં થવાનો છે તે હકીકત સાચી છે ?

**જવાબ**

(૧) ૯ જિલ્લાનો સમાવેશ થયેલ છે.

(૨) તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રૂા. ૧૫૦૯૯.૧૦ લાખ કેન્દ્રીય સહાય મળી અને રૂા. ૧૪૩૬૭.૭૦ લાખ જેટલો ખર્ચ થયો.

(૩) હા, જી.

--------

**અમદાવાદ શહેર અને ગાંધીનગર જિલ્લામાં વનીકરણ**

૩૨૯૭ **શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (અસારવા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ શહેર અને ગાંધીનગર જિલ્લામાં વર્ષ ૨૦૦૭ અને ૨૦૦૮માં તા. ૩૧-૧-૨૦૦૮ સુધીમાં કેટલા વિસ્તારમા વનીકરણ કરવામાં આવ્યું, અને

(૨) કેવા કેવા પ્રકારના વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું?

**જવાબ**

(૧) અમદાવાદ શહેર અને ગાંધીનગર જિલ્લામાં વર્ષ ૨૦૦૭ અને ૨૦૦૮માં તા. ૩૧-૧-૨૦૦૮ સુધીમાં નીચે મુજબના વિસ્તારોમાં વનીકરણ કરવામાં આવ્યું છે.

| વર્ષ | સ્થળનું નામ | વનીકરણ વિસ્તાર હેકટર |
|---|---|---|
| ૨૦૦૬-૦૭ | અમદાવાદ શહેર | ૭૪.૨૫૦ |
| | ગાંધીનગર જિલ્લો | ૫૫૩.૫૦૦ |
| | કુલ- | ૬૨૭.૭૫૦ |
| ૨૦૦૭-૦૮ | અમદાવાદ શહેર | ૭૭.૫૦૦ |
| | ગાંધીનગર જિલ્લો | ૪૯૧.૦૨૬ |
| | કુલ- | ૫૬૮.૫૨૬ |

(૨) પિન્કેશિયા, પેલ્ટોફોર્મ, અરડુસા, ગરમાળો, લીમડા, દેશી બાવળ, કણજા, કણજી, કરણ, નીલગિરિ, સપ્તપર્ણી, ગુલમહોર, કાસીદ, બોગનવેલ, અર્જુન સાદડ, વડ, પીપળ, વગેરે પ્રકારના રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું.

--------

**જંબુસર અને આમોદ તાલુકામાં પંચાયત હસ્તક રહેમરાહે નોકરી આપવા બાબત**

૩૨૧૬ **શ્રી કિરણકુમાર લ.મકવાણા(જંબુસર) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ રાજ્યના પંચાયત હસ્તકના ભરૂચ જિલ્લાના જંબુસર અને આમોદ તાલુકામાં રહેમરાહે નોકરીથી વંચિત રહેલા કેટલા આશ્રિતો બાકી છે, અને

(૨) કેટલા સમયમાં તેમને રહેમરાહે નોકરીઓ આપવામાં આવશે ?

**જવાબ**

(૧)

| તાલુકાનું નામ | પડતર કેસો |
|---|---|
| (૧) જંબુસર | ૨ |
| (૨) આમોદ | ૧ |
| કુલઃ- | ૩ |

(૨) બનતી ત્વરાએ આ કેસોનો નિયમાનુસાર નિકાલ કરવામાં આવશે.

---------

**આણંદ જિલ્લામાં સરદાર પટેલ આવાસ યોજનાનો લક્ષ્યાંક**

૩૪૮૨**શ્રી અમીતભાઈ ચાવડા (બોરસદ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૦૮ની સ્થિતિએ આણંદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં સરદાર પટેલ આવાસ યોજના અંતર્ગત કેટલો લક્ષ્યાંક ફાળવવામાં આવેલ છે, | (૧) તા. ૩૧-૦૧-૨૦૦૮ની સ્થિતિએ આણંદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં સરદાર પટેલ આવાસ યોજના અંતર્ગત વર્ષ ૨૦૦૬-૦૭માં ૯૪૫ અને વર્ષ ૨૦૦૭-૦૮માં ૯૦૦ મળી કુલ ૧૮૪૫ આવાસનો લક્ષ્યાંક ફાળવવામાં આવેલ છે. |
| (૨) તે પેકી કેટલા આવાસ પૂર્ણ થયા, કેટલા અધૂરા છે, અને | (૨) તે પેકી ૮૧૨ આવાસ પૂર્ણ થયેલ છે અને ૬૮૧ આવાસો અધૂરા એટલે કે, પ્રગતિમાં છે. |
| (૩) કેટલા શરૂ થઈ શક્યા નથી ? | (૩) વર્ષ ૨૦૦૬-૦૭ અને ૨૦૦૭-૦૮માં કુલ મળી ૨૯૮ આવાસો શરૂ થઈ શકેલ નથી. |

---------

**સોનગઢની સેન્ટ્રલ પેપર મીલ્સને કરાર અનુસાર ફાળવાતો વાંસનો જથ્થો**

૩૪૭૮ **શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૦૭ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સોનગઢની સેન્ટ્રલ પેપર મીલ્સને અપાયેલ વાંસ કાપીને લઈ જવાતા વાંસ પેકી મુળ કરાર અનુસાર દર વર્ષે જેટલો જથ્થો મળવાનો થાય તે પ્રમાણ જળવાતું નથી તે હકીક્ત સાચી છે, | (૧) હા જી. |
| (૨) આ કારણે મૂળ કરાર અનુસાર મેળવનાર જથ્થામાંથી કોટવાલીયા પરિવારોને પરિવાર દીઠ વાંસનો જથ્થો પ્રતિ વર્ષ આપવાનો થાય તે પ્રમાણ પણ જળવાતુ નથી તેમાં તથ્ય છે કે કેમ, અને | (૨) હા જી. |
| (૩) તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર કેટલા વાંસ કેટલા પરિવારોને વાંસ દીઠ કેટલી કિંમતે આપ્યા? | (૩) વાંસ દીઠ રૂા. ૧/- પ્રમાણે નીચે પ્રમાણેના વાંસ ફાળવવામાં આવ્યા |

| વર્ષ | વાંસ મેળવનાર કોટવાલીયા પરિવારોની સંખ્યા | આપવામાં આવેલ વાંસની સંખ્યા |
|---|---|---|
| ૨૦૦૫-૦૬ | ૫૪૫૭ | ૫,૧૮,૦૭૫ |
| ૨૦૦૬-૦૭ | ૩૧૩૩ | ૨,૩૯,૧૨૩ |
| ૨૦૦૭-૦૮ (તા.૩૧-૧૨-૦૭ અંતિત) | ૨૦૧ | ૧૨,૫૧૧ |

---------

**અમદાવાદ જિલ્લામાં સંપુર્ણ સ્વચ્છતા અભિયાન હેઠળ થયેલ કામો**

૨૩૮૦ **શ્રી રણછોડભાઈ ક.મેર (ધંધૂકા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં અમદાવાદ જિલ્લામાં સંપુર્ણ સ્વચ્છતા અભિયાન અંતર્ગત શા કામો હાથ ધરી તાલુકાવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો, | (૧) તા. ૩૧-૧૨-૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં અમદાવાદ જિલ્લાના ૧૧ તાલુકાઓમાં સંપુર્ણ સ્વચ્છતા અભિયાન અંતર્ગત ગ્રામ પંચાયતો તરફથી નીચે મુજબ કામગીરી કરવામાં આવી છે.<br>૧ વ્યક્તિગત શોચાલય<br>(અ) એપીએલ કુટુંબો માટેના<br>(બ) બીપીએલ કુટુંબો માટેના<br>૨. શોચાલય સાથેના શાળા સ્વચ્છતા સંકુલો<br>૩. આંગણવાડીમાં બાળકો માટેના શોચાલયો<br>૪. ગ્રામ પંચાયત વિસ્તારમાં ઘન કચરા અને |

વપરાશી પાણીના સલામત નિકાલની વ્યવસ્થા.

૫. પ્રચાર-પ્રસારની કામગીરી

કુલ ખર્ચ રૂા. ૪૬૬.૯૨ લાખ થયેલ છે. તાલુકાવાર ખર્ચની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકો | તાલુકાવાર થયેલ ખર્ચની વિગત |
|---|---|---|
| ૧ | સીટી | ૧૦.૧૧ |
| ૨ | દસક્રોઈ | ૫૨.૮૫ |
| ૩ | સાણંદ | ૭૧.૫૦ |
| ૪ | વિરમગામ | ૫૧.૮૮ |
| ૫ | માંડલ | ૪૭.૧૨ |
| ૬ | દેત્રોજ | ૩૬.૭૨ |
| ૭ | બાવળા | ૩૮.૫૩ |
| ૮ | ધોળકા | ૪૭.૯૧ |
| ૯ | ધંધુકા | ૪૧.૭૯ |
| ૧૦ | રાણપુર | ૩૭.૩૬ |
| ૧૧ | બરવાળા | ૩૧.૧૫ |
| | કુલ :- | ૪૬૬.૯૨ |

(૨) તે પૈકી ધંધુકા, બરવાળા અને રાણપુર તાલુકાના કેટલા ગામોમાં કઈ કામગીરી કરવામાં આવી, અને

(૨)

| ક્રમ | કામગીરીનો પ્રકાર | ધંધુકા | બરવાળા | રાણપુર |
|---|---|---|---|---|
| | | ગામની સંખ્યા | ગામની સંખ્યા | ગામની સંખ્યા |
| ૧ | વ્યક્તિગત શોચાલય | | | |
| | એપીએલ કુટુંબો માટે | ૫૧ | ૨૧ | ૨૯ |
| | બીપીએલ કુટુંબો માટે | ૫૫ | ૨૪ | ૨૯ |
| ૨ | શોચાલય સાથેના શાળા સ્વચ્છતા સંકુલ | ૪૭ | ૮ | ૧૭ |
| ૩ | આંગણવાડીઓમાં બાળકો માટેના શોચાલય | ૨૬ | ૭ | ૧૩ |
| ૪ | ઘનક્ચરાના નિકાલ અને ગંદા પાણીના નિકાલની વ્યવસ્થા | ઘન ક્ચરાના નિકાલ માટે જિ.પં. દ્વારા ટ્રાયસિકલ તમામ ગામોને આપેલ છે. તેમજ વપરાશી ગંદુ પાણી ખુલ્લામાં ફેલાય નહિ તેવી કામગીરી ગ્રામ પંચાયતો | ઘન ક્ચરાના નિકાલ માટે જિ.પં. દ્વારા ટ્રાયસિકલ તમામ ગામોને આપેલ છે. તેમજ વપરાશી ગંદુ પાણી ખુલ્લામાં ફેલાય નહિ તેવી કામગીરી ગ્રામ | ઘન ક્ચરાના નિકાલ માટે જિ.પં. દ્વારા ટ્રાયસિકલ તમામ ગામોને આપેલ છે. તેમજ વપરાશી ગંદુ પાણી ખુલ્લામાં ફેલાય નહિ તેવી કામગીરી ગ્રામ |

| | | | | |
|---|---|---|---|---|
| | | તરફથી થાય તે માટે ગ્રામ પંચાયતોને પ્રોત્સાહિત કરવામાં આવી છે. | પંચાયતો તરફથી થાય તે માટે ગ્રામ પંચાયતોને પ્રોત્સાહિત કરવામાં આવી છે. | પંચાયતો તરફથી થાય તે માટે ગ્રામ પંચાયતોને પ્રોત્સાહિત કરવામાં આવી છે. |
| ૫ | પ્રચાર-પ્રસાર વિગેરે પ્રવૃત્તિ | તમામ ૬૯ ગામોમાં | તમામ ૨૭ ગામોમાં | અંશતઃ કામગીરી તમામ ૩૨ ગામોમાં |

(૩) બાકી ગામોમાં આવી કામગીરી ક્યારે કરવામાં આવશે?

(૩) પ્રચાર, પ્રસાર પ્રવૃત્તિના ફળસ્વરૂપે ગ્રામજનો સ્વચ્છતાલક્ષી સુવિધાઓની જરૂરીયાત સમજે અને તે માટે તૈયાર થાય અને અપનાવે તેના આધારે ગ્રામ પંચાયતોએ કામગીરી કરવાની રહે છે. તેથી બાકી રહેતી સ્વચ્છતા સુવિધા અંગેની માંગ ઉભી થાય અને બનાવવા તૈયાર થાય તે પ્રમાણેની વ્યવસ્થાથી કામગીરી વર્ષ ૨૦૧૨ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

---------

**ખેડા જિલ્લામાં ગ્રામ પંચાયતની ગોચરની જમીનમાં વનીકરણ**

૨૮૧૭ **શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર(મહુધા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ખેડા જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ તાલુકાવાર કેટલી ગ્રામ પંચાયતોમાં કેટલી ગોચર જમીનમાં વનીકરણ કરવામાં આવેલ છે, અને

**જવાબ**

(૧) ખેડા જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ તાલુકાવાર નીચે જણાવેલ ગ્રામ પંચાયતોમાં ગોચર જમીનમાં વનીકરણ કરવામાં આવેલ છે,

| | તાલુકાનું નામ | ગામની સંખ્યા | ગોચર જમીનનું ક્ષેત્રફળ હેક્ટરમાં |
|---|---|---|---|
| ૧ | ઠાસરા | ૯૮ | ૧૦.૦૦ |
| ૨ | માતર | ૦૫ | ૧૯.૦૦ |
| ૩ | કઠલાલ | ૫૧ | ૧૫.૦૦ |
| ૪ | મહેમદાવાદ | ૨૨ | ૧૩.૦૦ |
| ૫ | વિરપુર | ૦૧ | ૦૪.૦૦ |
| ૬ | બાલાસિનોર | ૧૫ | ૧૫.૦૦ |
| ૭ | ખેડા | ૧૬ | ૧૧૬.૦૦ |
| ૮ | કપડવંજ | ૮૦ | ૧૨૬.૦૦ |
| ૯ | નડીયાદ | ૨૬ | ૧૧.૨૦ |
| ૧૦ | મહુધા | ૨૦ | ૨૩૧.૦૦ |
| | કુલ | ૩૩૪ | ૫૬૦.૨૦ |

(૨) સદર વનીકરણ અંગે ગ્રામ પંચાયતોની મંજૂરી કે ઠરાવ લેવામાં આવેલ છે કે કેમ?

(૨) હા જી.

---------

## ભરૂચ અને નર્મદા જિલ્લામાં કેરોસીન વ્યવસ્થા સામે ફરિયાદ

૩૫૪૧ શ્રી અમરસિંહ રા. વસાવા(દેડિયાપાડા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભરૂચ અને નર્મદા જિલ્લામાં પંડિત દીનદયાળ યોજના હેઠળ કેરોસીન વિતરણ વ્યવસ્થા હેઠળ સને ૨૦૦૬-અને ૨૦૦૭માં કેટલી ફરિયાદો સરકાર પાસે આવેલી છે,

(૨) તે ક્યા ક્યા તાલુકાની અને કઈ એજન્સી સામેની હતી, અને

(૩) આ ફરિયાદો સામે શી શી કાર્યવાહી કરી ?

**જવાબ**

(૧) ભરૂચ અને નર્મદા જિલ્લામાં પંડિત દીનદયાળ યોજના હેઠળ કેરોસીન વિતરણ વ્યવસ્થા હેઠળ સને ૨૦૦૬-અને ૨૦૦૭માં નીચે મુજબની ફરિયાદો સરકાર પાસે આવેલી છે,

| જિલ્લો | ૨૦૦૬ | ૨૦૦૭ | કુલ |
|---|---|---|---|
| ભરૂચ | ૨૧ | ૨૩ | ૪૪ |
| નર્મદા | ૧૦ | ૨૫ | ૩૫ |

(૨) તાલુકાવાર કઈ એજન્સી સામેની ફરિયાદો હતી તે અંગેનું * પત્રક-૧ (અ), (બ), (ક), (ડ) સામેલ છે.

(૩) નીચે મુજબના પગલાં લેવામાં આવ્યા

(૧) રૂા. ૩,૪૩,૮૪૨/-ની કિંમતનો જથ્થો કબજે લેવામાં આવ્યો.

(૨) રૂા. ૬૩,૫૫૬/-ની કિંમતનો જથ્થો રાજ્યસાત કરવામાં આવ્યો

(૩) રૂા. ૬૯,૮૭૫/-ની પરવાના અનામતની રકમ રાજ્યસાત કરવામાં આવી.

(૪) ૧૨ (બાર) પરવાના મોકુફ કર્યા.

(૫) ૧ (એક) પરવાનો રદ કર્યો

(૬) ૨ (બે) પોલીસ કેસ.

### પત્રક-૧ (અ)

**જિલ્લો : ભરૂચ** **વર્ષ-૨૦૦૬**

| અ.નં. | તાલુકાનું નામ | એજન્સીનું નામ |
|---|---|---|
| ૧ | ભરૂચ | હરિસિંહ વજેસિંહ સીધા, મુ. અમલેશ્વર |
| ૨ | | શ્રી એસ.બી.શાહ, કીસનાડ, વાજબી ભાવની દુકાન |
| ૩ | | ફીરોજ ઉમરજી આદમ પટેલ, મુ. કરમાડ |
| ૪ | | શ્રી હેદરભાઈ વાય. કડીવાલા, શેરપુરા, વાજબી ભાવની દુકાન |
| ૫ | | હરિસિંહ વજેસિંહ સીધા, મુ. અમલેશ્વર |
| ૬ | | શ્રી હેમંત એ. ચોહાણ, નબીપુર, વાજબી ભાવની દુકાન |
| ૭ | ઝઘડીયા | નયનાબેન વસંતભાઈ વસાવા, મુ. તવડી |
| ૮ | | ધી લીમેટ ગૃપ કો.ઓ.મ.પસો.લી., લીમેટ |
| ૯ | | ધી ઝઘડીયા તા. સ.ખ.વે. સંઘ સંચાલિત વાજબી ભાવની દુકાન, ઝઘડીયા |
| ૧૦ | | શ્રી આઈ.એન.બલુચી, સીમધરા વાજબી ભાવની દુકાન |
| ૧૧ | | ઈનાયતખાન નુરખાન બલુચી, વાજબી ભાવની દુકાન |
| ૧૨ | | શ્રી અબ્દુલ કાદર શેખ, તરસાલી |
| ૧૩ | | શ્રી ઝઘડીયા તા. સ.ખ.વે. સંઘ સંચાલિત વાજબી ભાવની દુકાન, ઝઘડીયા |
| ૧૪ | | શ્રી અબ્દુલ કાદર ઈદ્રીશભાઈ શેખ, તરસાલી |
| ૧૫ | | હિતેષકુમાર બી. રાવલજી, મુ.તા. ઝઘડીયા |
| ૧૬ | વાલીયા | મનોકામના સિધ્ધેશ્વર બચત અને ધિરાણ સહકારી, મુ. સોળગામ, વાજબી ભાવની દુકાન |
| ૧૭ | વાગરા | ઈબ્રાહીમ યુસુફ બંગલાવાલા, મુ. વોરા સમની |
| ૧૮ | | ધી અટાલી વિ.કો.ઓ.સ.મં.લી. સંચાલીત વાજબી ભાવની દુકાન, અટાલી |

| અ.નં. | તાલુકાનું નામ | એજન્સીનું નામ |
|---|---|---|
| ૧૯ | | શ્રી ઈકબાલ આઈ. પટેલ, વાગરા |
| ૨૦ | આમોદ | નઝમુદ્દીન વલીભાઈ બોડા, મુ. ઈખર |
| ૨૧ | જંબુસર | પ્રિયદર્શીની ઈન્દીરા ગાંધી છાત્રાલય સંચાલિત વાજબી ભાવની દુકાન, મુ. ટંકારી |

**પત્રક-૧ (બ)**

**જિલ્લો : ભરૂચ** **વર્ષ-૨૦૦૭**

| અ.નં. | તાલુકાનું નામ | એજન્સીનું નામ |
|---|---|---|
| ૧ | ભરૂચ | શ્રી અબ્દુલ મજીદ આઈ. પટેલ, વાજબી ભાવની દુકાન |
| ૨ | | શ્રી વિજયભાઈ સી. પરમાર, વાજબી ભાવની દુકાન, કરજણ |
| ૩ | | શ્રી વિજયભાઈ સી. પરમાર, વાજબી ભાવની દુકાન, કરજણ |
| ૪ | | શ્રી જયેશકુમાર બી. કપ્તાન , વાજબી ભાવની દુકાન, ઝણોર |
| ૫ | | શ્રી દિવ્યાબેવ પી. ગડરીયા, મુક્તમપુર, વાજબી ભાવની દુકાન |
| ૬ | | ભગવાનદાસ અંબાલાલ પટેલ, કારેલા |
| ૭ | | શ્રી સાજીદ અહેમદ પટેલ, વાજબી ભાવની દુકાન, થામ |
| ૮ | | શ્રી એસ.બી.શાહ, વાજબી ભાવની દુકાન, ક્સિનાડ |
| ૯ | | શ્રી જયેશકુમાર બી. કપ્તાન, વાજબી ભાવની દુકાન, ઝણોર |
| ૧૦ | | શ્રી એમ.બી.ચોહાણ, વાજબી ભાવની દુકાન, ક્સિનાડ |
| ૧૧ | | ધી શુક્લતીર્થ સે.સ.મં.લી., શુક્લતીર્થ |
| ૧૨ | ઝઘડીયા | ઈનાયતખાન નુરખાન બલુચી, નવાપોર |
| ૧૩ | | સતીષભાઈ રૂપાભાઈ વસાવા, મુ. મોઝા |
| ૧૪ | | સુરસંગ એ. વસાવા, નાનાઅણધારા |
| ૧૫ | | સુરસંગ એ. વસાવા, વાજબી ભાવની દુકાન, વાસણા |
| ૧૬ | | જીવીબેન બી. વસાવા, વાજબી ભાવની દુકાન, આમલઝર |
| ૧૭ | વાલીયા | શ્રી રમેશભાઈ એ. વસાવા, વાજબી ભાવની દુકાન, કોઢ |
| ૧૮ | | સી.કે.વસાવા, વાજબી ભાવની દુકાન, પથ્થરીયા |
| ૧૯ | આમોદ | શ્રી જે.એસ.પટેલ,વાજબી ભાવની દુકાન, રોઝા ટંકારીયા |
| ૨૦ | જંબુસર | શ્રી બશીરભાઈ આઈ. પટેલ, વાજબી ભાવની દુકાન, જંબુસર |
| ૨૧ | | શ્રી ભુવનેશસિંહ મહીડા, સારોદ |
| ૨૨ | | ધી નોંધણા ગૃપ સે.સ.મં. વાજબી ભાવની દુકાન, નોંધાણા |
| ૨૩ | અંકલેશ્વર | કે.કે.વસાવા, વાજબી ભાવની દુકાન, અંકલેશ્વર |

**પત્રક-૧ (ક)**

**જિલ્લો : નર્મદા** **વર્ષ-૨૦૦૬**

| **અ. નં** | **તાલુકાનું નામ** | **એજન્સીનું નામ** |
|---|---|---|
| ૧ | **નાંદોદ** | મીઠાલાલ નંદાજી મારવાડી, કેરોસીન છૂટક વિક્રેતા, નાંદોદ |
| ૨ | | આર. ડી. વસાવા, વ્યાજબી ભાવની દુકાન, મોટી ભમરી |
| ૩ | | હીતેશભાઈ બી. વસાવા, વ્યાજબી ભાવની દુકાન, ઘાંટા |
| ૪ | | ભરતભાઈ શીબાભાઈ વસાવા, કેરોસીન છુટક વિક્રેતા |
| ૫ | | શ્રી પી. બી. ભીલ, વ્યાજબી ભાવની દુકાન, મુ. અગર |
| ૬ | | કિશનદાસ નાથુજી મારવાડી, કેરોસીન છુટક વિક્રેતા |
| ૭ | | ધી જેતપુર વિ. મોટા કદની કૃષિ ઉ. સે. સ. મં. કેવડીયા કોલોની |
| ૮ | | બાબુભાઈ નાનીયાભાઈ વસાવા, વ્યાજબી ભાવની દુકાન, મુ. ઢોલાર |
| ૯ | **સાગબારા** | શ્રી મનોહરભાઈ પ્રતાપભાઈ વસાવા, વ્યાજબી ભાવની દુકાન, મોટા કાકડી આંબા |
| ૧૦ | | શ્રી પ્રકાશભાઈ જયસીંગભાઈ વસાવા, વ્યાજબી ભાવની દુકાન, મુ. ખોપી |

**પત્રક : ૧ (ડ)**

**જિલ્લો : નર્મદા** **વર્ષ-૨૦૦૭**

| અ. નં | તાલુકાનું નામ | એજન્સીનું નામ |
|---|---|---|
| ૧ | **નાંદોદ** | જ્યંતીભાઈ વી. પટેલ, વ્યાજબી ભાવની દુકાન, કાદરોજ |
| ૨ | | અજયભાઈ ટી. શાહ, વ્યાજબી ભાવની દુકાન, મુ. સીઓદરા |
| ૩ | | અલીમહંમદ પઠાણ, કેરોસીન છુટક વિક્રેતા, રાજપીપળા |
| ૪ | | બાલુભાઈ બી. માછી, કેરોસીન છુટક વિક્રેતા, અશોક મોહન ઠાકોર, (ફેરીદાર), રાજપીપળા |
| ૫ | | અરવિંદકાંત ગાંધી એન્ડ કાં. રાજપીપળા |
| ૬ | | રઘુભાઈ બી. ઠાકોર, કેરોસીન છુટક વિક્રેતા, કેવડીયા |
| ૭ | | મંગુભાઈ બી. મારવાડી, કેરોસીન છુટક વિક્રેતા, કેવડીયા |
| ૮ | | બાલુભાઈ બી. માછી, કેરોસીન છુટક વિક્રેતા, રાજપીપળા |
| ૯ | | હિરાપરા ગૃપ સ. મં. વ્યાજબી ભાવની દુકાન, હિરાપરા |
| ૧૦ | | બાબુભાઈ નાનીયાભાઈ વસાવા, વ્યાજબી ભાવની દુકાન, મુ. ઢોલાર |
| ૧૧ | | જયેન્દ્રસિંહ હરિસિંહ જાદવ, (ખાનગી વ્યક્તિ), રાજપીપંપળા |
| ૧૨ | | રઘુભાઈ બી. ઠાકોર, કેરોસીન છુટક વિક્રેતા, કેવડીયા |
| ૧૩ | | મંગુભાઈ બી. ઠાકોર, કેરોસીન છુટક વિક્રેતા, કેવડીયા |
| ૧૪ | | બાલુભાઈ બી. માછી, કેરોસીન છુટક વિક્રેતા, રાજપીપળા |
| ૧૫ | | શ્રી ભરતભાઈ સી. વસાવા, કેરોસીન છુટક વિક્રેતા, પ્રતાપનગર |
| ૧૬ | | સતિષકુમાર ઉમંગલાલ રાવ, કેરોસીન છુટક વિક્રેતા, મુ. પાટણ |
| ૧૭ | | વિજયાબેન હીરાલાલ મકવાણા, કેરોસીન છુટક વિક્રેતા, મુ. વાવડી |
| ૧૮ | | શ્રી સુરપાલેશ્વર દૂધ. ઉ. સ. મં. મુ. ટંકારી |
| ૧૯ | સાગબારા | સબ્બીર અજીત મેમણ, (ખાનગી વ્યક્તિ) (કેરોસીન) સાગબારા |
| ૨૦ | | હનીફભાઈ રજાકભાઈ (ખાનગી વ્યક્તિ) કેરોસીન |
| ૨૧ | | અર્જુનભાઈ શ્રવણભાઈ ચોધરી, કેરોસીન છુટક વિક્રેતા; શેલ્બા |
| ૨૨ | | ડી. એસ. માનવર, વ્યાજબી ભાવની દુકાન, કોલવાણ |
| ૨૩ | તિલકવાડા | જલારામ પેટ્રોલીયમ એજન્ટ, તિલકવાડા |
| ૨૪ | ડેડીયાપાડા | શ્રીમતી મીનાબેન શ્રીરામ ગુરંવ, કેરોસીના છુટક વિક્રેતા |
| ૨૫ | | અલ્તાફ એન. ખત્રી, કેરોસીન છુટક વિક્રેતા, કનબડી. |

---------

**નર્મદા જિલ્લામાં વન તલાવડીઓ**

૩૩૯૪ **શ્રી હર્ષદભાઈ ચુ. વસાવા(રાજપીપળા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વન વિભાગ હેઠળ તા.૩૧-૧-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નર્મદા જિલ્લામાં કેટલી વન તલાવડી બનાવવામાં આવી છે, અને

(૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

**જવાબ**

(૧) પાંચ વન તલાવડી બનાવવામાં આવી છે.

(૨) તેની પાછળ રૂા. ૩.૮૫ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

---------

**ગીરના સિંહોને વાંકાનેર ખાતે ખસેડવા બાબત**

૨૧૯૩ **શ્રી ગોવિંદભાઈ ઉ.પટેલ(રાજકોટ-૧) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગિરના સિંહને રાજકોટ નજીક વાંકાનેર ખાતે ખસેડવાની સરકાર કોઈ યોજના વિચારી રહી છે અને આ અંગેનો સર્વે પણ થઈ ગયેલ છે આ હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો ક્યારે આ યોજના સાકાર થશે, અને યોજના પાછળ અંદાજિત કેટલો ખર્ચ થશે?

**જવાબ**

(૧) ના જી.

(૨) ગિરના સિંહને રાજકોટ નજીક વાંકાનેર ખાતે ખસેડવાની કોઈ યોજના વિચારણા હેઠળ નથી. પરંતુ તેની જનીન વૈવિધ્યના વારસાની જાળવણી માટેના આયોજન અંતર્ગત જીનપુલ સ્થાપિત કરવા રાજકોટ જિલ્લાના વાંકાનેર ખાતે રામપરામાં જરૂરી વ્યવસ્થા ઉભી કરવામાં આવી રહી છે.

---------

## ભાવનગર જિલ્લામાં ગામોને ""તીર્થ"" ગામ જાહેર કરવા બાબત

૩૩૫૯ **ડૉ.કનુભાઇ કલસરિયા(મહુવા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ભાવનગર જિલ્લામાં કુલ કેટલા ગામોને તાલુકાવાર તીર્થ ગામ તરીકે જાહેર કરવામાં આવ્યા, અને

(૨) તે પાછળ કેટલો ખર્ચ થયો?

**જવાબ**

(૧)

| | તાલુકો | સંખ્યા |
|---|---|---|
| ૧ | ભાવનગર | ૧ |
| ૨ | શિહોર | ૨ |
| ૩ | પાલીતાણા | ૨ |
| ૪ | ગારીયાધાર | ૨ |
| ૫ | વલ્લભીપુર | ૪ |
| ૬ | ઘોઘા | ૧ |
| ૭ | ઉમરાળા | ૨ |
| ૮ | બોટાદ | ૧ |
| ૯ | મહુવા | ૩ |
| ૧૦ | ગઢડા | ૫ |
| | કુલ | ૨૩ |

(૨) કુલ રૂા. ૨૩,૦૦,૦૦૦/-(અંકે રૂપિયા ત્રેવીસ લાખ પુરા) ખર્ચ થયેલ છે.

---------

## ભરૂચ જિલ્લામાં ઈન્દિરા આવાસ યોજનામાં થયેલ ખર્ચ

૩૨૧૭ **શ્રી કિરણકુમાર લ.મકવાણા(જંબુસર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભરૂચ જિલ્લામાં તાલુકાવાર ઈન્દિરા આવાસ યોજના હેઠળ તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નવા આવાસો માટે કેટલો ખર્ચ થયો, અને

(૨) કુલ કેટલા આવાસો તૈયાર કરવામાં આવ્યા?

**જવાબ**

(૧) ભરૂચ જિલ્લામાં તાલુકાવાર ઈન્દિરા આવાસ યોજના હેઠળ તા. ૩૧-૧૨-૦૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં થયેલ ખર્ચની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | થયેલ ખર્ચ (રૂા. લાખમાં) |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧ | જંબુસર | ૧૨૩.૪૯ |
| ૨ | આમોદ | ૭૧.૬૧ |
| ૩ | વાગરા | ૯૧.૮૬ |
| ૪ | ભરૂચ | ૧૦૮.૦૯ |
| ૫ | અંકલેશ્વર | ૭૪.૮૫ |
| ૬ | હાંસોટ | ૫૧.૬૫ |
| ૭ | વાલીયા | ૨૨૬.૭૩ |
| ૮ | ઝઘડીયા | ૨૪૯.૧૭ |
| | કુલ.. | ૯૯૭.૪૫ |

(૨) કુલ ૩૦૫૭ આવાસો તૈયાર કરવામાં આવ્યા.

---------

# તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬)

**ડુંગળીના ભાવો નીચા જતાં ખેડૂતોને પોષણક્ષમ ભાવ આપવા બાબત**

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા(જસદણ)** : માનનીય અધ્યક્ષશ્રી, હું નિયમ-૧૧૬ અન્વયે નીચે જણાવેલી તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય કૃષિમંત્રીશ્રીનું ધ્યાન દોરું છું અને તે અંગે તેમને નિવેદન કરવાની વિનંતી કરું છું.

" તાજેતરમાં સૌરાષ્ટ્ર સહિત અનેક જિલ્લાઓમાં હજારો હેકટર જમીનમાં ડુંગળીનું વાવેતર થયેલ છે, પરંતુ છેલ્લાં ઘણા સમયથી ડુંગળીના ભાવો ખૂબજ નીચા જતાં ખેડૂતોને આર્થિક રીતે ભારે નુકસાન સહન કરવું પડ્યું છે અને તેથી તેઓ દેવાદાર બની ગયા છે. વળી રાજય સરકારે પણ પોષણક્ષમ ભાવે ડુંગળી ખરીદવાની કોઈ જાહેરાત ન કરતાં ખેડૂત આલમમાં વ્યાપેલ નિરાશા દૂર કરવા સરકારે લીધેલાં કે લેવા ધારેલ પગલાં. "

**શ્રી દિલીપભાઈ ના. સંઘાણી ( કૃષિ અને સહકારમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, ચાલુ વર્ષ ૨૦૦૭-૦૮માં રાજયમાં ૮૦,૨૦૦ હેકટરમાં ડુંગળીનું વાવેતર થયેલ હોવાનો અંદાજ છે જે ગત વર્ષે ૫૨,૧૩૩ હેકટરમાં ડુંગળીનું વાવેતર થયેલ હતું. ગત વર્ષની સરખામણીએ ડુંગળીના વાવેતર વિસ્તારમાં ૫૩ ટકાનો વધારો થયેલ છે. વર્ષ ૨૦૦૬-૦૭માં ડુંગળીનું ઉત્પાદન ૧૨.૪૨ લાખ મૅટ્રિક ટન થયેલ હતું, જે ચાલુ વર્ષે એટલે કે ૨૦૦૭-૦૮માં અંદાજે ૧૯.૨૪ લાખ મૅટ્રિક ટન ઉત્પાદન થયેલ છે અને ગત વર્ષની સરખામણીએ ડુંગળીના કુલ ઉત્પાદનમાં ૫૫ ટકાનો વધારો થવા પામેલ છે.

હાલમાં ડુંગળીના પાકનો ૫૦ ટકા જથ્થો બજારમાં આવી ગયેલ છે. અમદાવાદ ખાતે કાઠિયાવાડી ડુંગળીના સરેરાશ ભાવ રૂ.૩૦૦/- પ્રતિ ક્વિન્ટલ છે. જ્યારે ડુંગળીના મુખ્ય મથક મહુવા, જિલ્લા ભાવનગર ખાતે લાલ ડુંગળીના સરેરાશ ભાવ રૂ.૩૭૫/- પ્રતિ કિવન્ટલ રહેવા પામેલ છે. જ્યારે સફેદ ડુંગળીના ભાવ રૂ.૨૮૦/- પ્રતિ કિવન્ટલ રહેવા પામેલ છે. ભાવનગર માર્કેટ યાર્ડ ખાતે લાલ ડુંગળીના રૂ.૩૭૫/- જ્યારે સફેદ ડુંગળીના રૂ.૨૭૫/- પ્રતિ કિવન્ટલ રહેવા પામેલ છે. હાલમાં અન્ય રાજયોમાં ડુંગળીના ઓછામાં ઓછા ભાવ રૂ.૨૫૦/- થી વધુમાં વધુ રૂ.૧૩૦૦ પ્રતિ કિવન્ટલ જોવા મળેલ છે.

હાલમાં ભાવનગર ખાતે પ્રતિદિન લાલ ડુંગળીની આવક ૨૦,૦૦૦ મે. ટન અને સફેદ ડુંગળીની આવક ૭૫૦૦ મે. ટનની છે. જ્યારે મહુવા માર્કેટ યાર્ડ ખાતે ડુંગળીની તેટલી જ આવકો રહેવા પામેલ છે. આમ આ બન્ને મથકોએ ડુંગળીની જેટલી આવકો રહેવા પામેલ છે તેટલા જ પ્રમાણમાં જાવક પણ રહેવા પામેલ છે જેથી માર્કેટ યાર્ડમાં ડુંગળીના પાકમાં કોઈ ભરાવો જોવા મળતો નથી. રાજય સરકારે મહુવા તથા ભાવનગર ખાતે માર્કેટ યાર્ડમાં આવતી ડુંગળીનો જથ્થો અન્ય રાજયોમાં નિકાસ કરી શકાય તે માટે રેલવેના વધુ વૅગન ફાળવવા માટે ભારત સરકારશ્રીને તારીખ ૪-૨-૨૦૦૮ના રોજ દરખાસ્ત કરેલ અને જેના પરિણામે મહુવા ખાતેથી પ્રતિદિન એક રેલવે રેક તથા ભાવનગર ખાતેથી જરૂરિયાત મુજબ તરત જ રેલવે રેકની ફાળવણી થતાં ડુંગળી ભરીને દેશના અલગ અલગ રાજયો જેવા કે દિલ્હી, પંજાબ, હરિયાણા, રાજસ્થાન વિગેરે સ્થળોએ નિકાસ થાય છે.

જુનાગઢ કૃષિ યુનિવર્સિટીના વર્ષ ૨૦૦૭-૦૮ના રિપૉર્ટમાં જણાવ્યા મુજબ ડુંગળીનું ઉત્પાદન ખર્ચ - કોસ્ટ સી-૨ રૂપિયા ૨૨૨.૦૮ પ્રતિ કિવન્ટલ છે. ડુંગળીના પાકમાં ભાવ સપાટી કોસ્ટ સી-૨ કરતાં ૧૦ ટકાથી વધુ નીચે જાય તો કેન્દ્ર સરકારની એમ.આઈ.એસ. ની યોજના હેઠળ ડુંગળીની ખરીદી કરી શકાય છે. જો કે હાલના પ્રવર્તમાન બજાર ભાવો જોતાં ડુંગળીના ભાવો તેના ઉત્પાદન ખર્ચ (કોસ્ટ-સી-૨) કરતાં વધુ રહેવા પામેલ છે.

રાજયમાં ખેડૂતોને ખેત પેદાશોના પોષણક્ષમ ભાવો મળી રહે તે માટેની વિવિધ યોજનાઓ અમલમાં છે.

રાજયમાં ખેડૂતોને તેની ખેત પેદાશોના ઘટતા બજાર ભાવ સામે આર્થિક રક્ષણ આપવા માટે કેન્દ્ર સરકારની ટેકાના ભાવની યોજના અમલમાં છે. આ યોજના અંતર્ગત રાજયના મહત્ત્વના પાકો જેવા કે બાજરી, જુવાર, ડાંગર, મકાઈ, મગફળી, તલ, કપાસ, રાયડો, ઘઉં, ચણા, તુવેર, મગ, અડદ તથા શેરડી વિગેરે મળી ૧૪ પાકોનો સમાવેશ કરવામાં આવેલ છે. ટેકાના ભાવ નક્કી કરવા બાબતે દર વર્ષે ખેતીની જમીનની તૈયારીથી લઈને ખેત પેદાશના વેચાણ સુધીની પ્રક્રિયામાં વપરાતી સાધન સામગ્રી (ઈનપુટ્સ) ના ભાવોને આવરી લઈ અંદાજવામાં આવેલ પાક ઉત્પાદન ખર્ચ તેમાં તેની આનુષાંગિક વિગતો મેળવી તેની વિચારણા કરી ભારત સરકારને ટેકાના ભાવ નિયત કરવાની ભલામણ કરવામાં આવે છે જે ધ્યાને લઈ ભારત સરકાર ટેકાના ભાવ નિયત કરી માર્કેટીંગ સીઝન અગાઉ જાહેર કરે છે. આમ આ યોજનામાં સમાવિષ્ટ પાકોના બજાર ભાવ તેના નિયત થયેલ ટેકાના ભાવોથી નીચે જાય તો ભારત સરકારે જાહેર કરેલ ટેકાના ભાવે નિયત ગુણવત્તા ધરાવતી ખેત પેદાશોની ખરીદી કરી ખેડૂતોને આર્થિક રક્ષણ આપવામાં આવે છે. પરંતુ ડુંગળી પેરીશેબલ ( જલદી બગડી જાય તેવી ) ખાદ્ય ચીજ હોઈ આ યોજના હેઠળ ડુંગળીની ખરીદી કરી શકાય નહિ.

રાજયના જે પાકોનો ભારત સરકારની ટેકાના ભાવની યોજનામાં સમાવેશ થયેલ નથી, પરંતુ રાજય માટે આર્થિક અગત્યતા ધરાવતા પાકો જેવા કે ડુંગળી, બટાટા, લસણ તથા દિવેલા જેવા પાકોના બજાર ભાવ તેના અંદાજેલ પાક ઉત્પાદન ખર્ચ કરતાં નીચા જવા પામે ત્યારે રાજય સરકાર ભારત સરકારની અનુમતિથી માર્કેટ ઈન્ટરવેન્શન સ્કીમ (એમઆઈએસ) હેઠળ કેન્દ્ર તથા રાજયના ૫૦ : ૫૦ ટકાના સહયોગથી ખેત પેદાશોની ખરીદી કરી ખેડૂતોને આર્થિક રક્ષણ આપવામાં આવે છે. પરંતુ હાલમાં રાજયમાં ડુંગળીના બજાર ભાવ તેના ઉત્પાદન ખર્ચ (કોસ્ટ સી-૨) ઊંચા રહેવા પામેલ હોઈ, આ યોજના મુજબ ખરીદી કરી શકાય તેમ નથી.

વધુમાં રાજયમાં જરૂર જણાયે કપાસ જેવા રોકડિયા પાકોના ઉત્પાદકોને વધુ આર્થિક રક્ષણ આપવા આવી ખેત પેદાશોની ખરીદી કરી ખેડૂતોને આર્થિક રક્ષણ આપવાની યોજના અમલમાં છે. જેનો ૧૦૦ ટકા આર્થિક બોજ રાજય સરકાર વહન કરે છે, પરંતુ હાલ ડુંગળીના ભાવની વિગતો જોતાં આ યોજના હેઠળ ખરીદી કરવી પડે તેવો પ્રસંગ ઉપસ્થિત થયો નથી.

ખેડૂતોને ડુંગળીના પોષણક્ષમ ભાવ મળે તે માટે સરકારશ્રીએ લીધેલ પગલાં :-

૧) રાજયમાંથી ડુંગળીની નિકાસ બીજા રાજયોમાં સરળતાથી થઈ શકે તે માટે માનનીય મંત્રીશ્રી કક્ષાએથી તારીખ ૪-૨-૨૦૦૮ના રોજ કેન્દ્રીય રાજય કક્ષાના રેલવે મંત્રીશ્રીને દરખાસ્ત કરી અગ્રીમતાના ધોરણે રેલવે રેક ફાળવવા જણાવેલ, તેના પરિણામ સ્વરૂપ હાલમાં મહુવા ખાતેથી દરરોજ એક રેલવે રેક નિયમિત ફાળવવામાં આવે છે તથા ભાવનગર ખાતેથી જરૂરિયાત મુજબ તુરત જ રેલવે રેકની ફાળવણી થાય છે, જેના કારણે ડુંગળીના ભાવો પોષણક્ષમ ભાવો કરતાં ઊંચા રહેવા પામેલ છે.

૨) વધુમાં, રાજયના ખેડૂતોને જલદી બગડી જાય તેવા પાકોનું વાવેતર કરતાં પહેલાં તેના બજારની શક્યતાઓ અગાઉથી ધ્યાને લેવા અને તે અંગે પૂરતું માર્ગદર્શન મેળવીને આવા પાકોનું વાવેતર કરવા કૃષિ ખાતાની અગાઉની સૂચનાનો પુનરોચ્ચાર કરતાં વાવેતર સંપૂર્ણ આયોજનબધ્ધ રીતે થાય તે માટે પ્રયાસો હાથ ધરવામાં આવેલ છે.

૩) ખેડૂતો ડુંગળીનું વાવેતર કરીને નિકાસલક્ષી ઉત્પાદન કરતાં થાય તે માટે પ્રત્યક્ષ નિદર્શન મળે તે હેતુથી ભાવનગર જિલ્લાના ખેડૂતોને અન્ય રાજયના પ્રવાસમાં મોકલવામાં આવેલ છે.

૪) ડુંગળીનું વધુ સારું ઉત્પાદન અને તેનાથી વધુ ભાવો મળે તે માટે માર્ગદર્શન હેતુ ખેડૂત પ્રેરણા પ્રવાસ, ખેડૂત શિબિરો વિગેરે દ્વારા સીધું માર્ગદર્શન આપી પાક કાપણી અને ત્યારબાદની ગ્રેડીંગ વિગેરે પ્રક્રિયાની સમજ આપવામાં આવે છે.

૫) વધુમાં ગૃહમાં એ બાબત જણાવતાં આનંદ થાય છે કે, રાજયમાં ડુંગળીનું ઉત્પાદન કરતાં ખેડૂતોને તેના પોષણક્ષમ ભાવો મળી રહે તે માટે રાજય સરકાર સતત બજાર ભાવ ઉપર અને તેના માંગ - પુરવઠા ઉપર ચાંપતી નજર રાખી રહી છે અને જરૂર જણાયે આ બાબતે સરકાર યોગ્ય પગલાં લેશે.

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા(જસદણ)** : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લાં કેટલાક દિવસોથી ડુંગળી ખેડૂતોને પણ રડાવવા લાગી છે. ખાસ કરીને સૌરાષ્ટ્રના ભાવનગર જિલ્લામાં અને સૌરાષ્ટ્રના થોડાક વિસ્તારની અંદર ડુંગળીનું વાવેતર અને ઉત્પાદન આ વખતે ગયા વર્ષની સરખામણીમાં લગભગ ૫૫ ટકા જેટલું વધારે થયું છે. આજે લાલ ડુંગળી લગભગ ત્રણ રૂપિયે કિલો અને સફેદ ડુંગળી બે રૂપિયે કિલો વેચાય છે. છેલ્લી અઢારમી તારીખથી લગભગ ભાવનગર જિલ્લાના મોટાભાગના યાર્ડોની અંદર પણ વેપારીઓ મારફતે જે ડુંગળીની ખરીદી કરવાની થાય છે એ બંધ થઈ છે એને કારણે ખેડૂતો મૂંઝાયા છે અને એની સામે માનનીય મંત્રીશ્રીના નિવેદનમાં પણ લખાયેલું છે કે, કેન્દ્ર સરકારમાંથી રજૂઆતના અનુસંધાને જે રેલવે મારફતે વેગનો ફાળવવાની વાત હતી એ પણ લગભગ જેમ માગણી - રજૂઆત થાય એ પ્રમાણે સમયસર ફાળવવામાં આવે છે. તો હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, કેન્દ્ર સરકારની ટેકાના ભાવની જે યોજના અમલમાં છે એ રીતે આ ડુંગળીને પણ કારણકે આ ખેડૂતો હવે રોકડિયા પાક તરફ વળ્યા છે અને ખેડૂતોને આર્થિક નુકસાન ન થાય અને જે તે પકવેલી ડુંગળી છે એનો પોષણક્ષમ ભાવ મળી રહે એટલા માટે કેન્દ્ર સરકારની નીતિ મુજબ ટેકાના ભાવ નક્કી કરી અને રાજય સરકાર અને કેન્દ્ર સરકાર જે પચાસ ટકા એટલે કે એક સ્કીમ મુજબ દા.ત. માનનીય મંત્રીશ્રીના નિવેદનમાં પણ લખેલું છે કે, માર્કેટ ઈન્ટરવેન્શન જે સ્કીમ છે - એમ.આઈ.એસ. જે સ્કીમ છે એ સ્કીમ નીચે કેન્દ્ર સરકાર પચાસ ટકા ખરીદી કરે અને પચાસ ટકા રાજય સરકાર ખરીદી કરે એ યોજના મારફતે રાજય સરકાર કંઈ ખરીદી કરવા માગે છે કે કેમ? બીજો પ્રશ્ન મારો એ છે કે કેન્દ્ર સરકારે બીજા- અન્ય પાકોની માફક જે ટેકાના ભાવો નક્કી કરેલા છે એમ આ.. કારણકે હવે આનું ઉત્પાદન વધ્યું છે એટલે આને ટેકાના ભાવથી રાજય સરકાર ખરીદી કરવા માગે છે કે કેમ અને ત્રીજો પ્રશ્ન, ખેડૂતોને આમાંથી બચાવવા હોય તો એકજ એનો વિકલ્પ છે અને એ કાં તો જે તે વિસ્તારની અંદર આનો વધારે પાક થતો હોય એવા વિસ્તારની અંદર કાં તો વધારે કોલ્ડ સ્ટોરેજ ઊભાં કરવા જોઈએ અને કાં તો જે ખેડૂતો પકવે છે એને આ ડુંગળીની સાચવણી માટેના મેડા બનાવે, એટલે મેડા બનાવવા માટેનો જે ખર્ચ થાય છે એ ખેડૂતોને પોષાતો નથી એટલે મેડા બનાવવા માટેની કંઈ સબસિડી કે લોન માટેની રાજય સરકાર આમાં કોઈ જોગવાઈ કરવા માગે છે કે કેમ? આ મારા ત્રણ પ્રશ્ન માનનીય મંત્રીશ્રીના ધ્યાન પર મૂકું છું.

**શ્રી દિલીપભાઈ ના. સંઘાણી ( કૃષિ અને સહકારમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય બાવળીયાજીએ ડુંગળીની વાત કરી એ મુજબ ડુંગળી ક્યારેક ખેડૂતોને રડાવે છે તો ક્યારેક ખાનારને રડાવે છે, આ સ્થિતિમાં કૃષિ પેદાશના ભાવો નક્કી કરવાની જવાબદારી સંપૂર્ણપણે કેન્દ્ર સરકારની છે અને મારા જવાબમાં મેં ઉલ્લેખ કર્યો એમ એમ.આઈ.એસ. સ્કીમ મુજબ કેન્દ્ર સરકાર ખેત પેદાશોનો સમાવેશ કરતાં હોય છે તેમાં બાજરીથી માંડીને જુવાર, મકાઈ સહિત ૧૪ જેટલાં પાકોનો સમાવેશ કરવામાં આવેલ છે. જે ખેડૂતોને આર્થિક રીતે ભાવ મળી શકે એવી પેરીશેબલ જે તાત્કાલિક બગડી જાય એવા પાકો છે તેનો સમાવેશ કેન્દ્ર સરકારે કર્યો નથી તે પૈકીની ડુંગળી છે. અને ડુંગળીના ભાવ આજે પણ કેન્દ્ર સરકારે ટેકાના જાહેર કરેલા નથી એટલે તેને આધારે ખરીદી કરવી તે આપની જે માગણી છે તે અત્યારના તબક્કે સ્વીકારી શકાય તેમ નથી. પણ મેં મારા જવાબમાં કહ્યું છે કે સરકાર જાગૃત છે અને આના કારણે ચોથી ફેબ્રુઆરીએ ખેડૂતોના ઉત્પાદનને ધ્યાનમાં રાખીને રેલવે મંત્રીને રજૂઆત કરીને તેના આધારે આપણને રેલવેના વેગનો મળેલ છે અને એ વેગનોના આધારે આજે બીજા રાજયોમાં આપણે નિકાસ કરી શકીએ છીએ. ભારત સરકારની સ્કીમ જે ૫૦-૫૦ ટકા ખરીદવાની વાત કરી તેમાં આ સમાવેશ થતો નથી. મેં તેનો ઉલ્લેખ કર્યો છે. બાકીની વાત ખેડૂતોને મેળા બાંધવાની રાજય સરકારની અન્ય સ્કીમ છે તેના લાભ મળે છે. આમ છતાં પણ કહીશ કે કેન્દ્ર સરકાર ક્યારે ખરીદે છે તે કોસ્ટ ટુ કોસ્ટ જે નક્કી થાય છે અને આ ભારત સરકાર નક્કી કરે છે તેની ગાઈડ લાઈન મુજબ બ્યુરો ઓફ કોસ્ટીંગ નું માપદંડ નક્કી કરે છે અને આપણા રાજયના જુનાગઢ યુનિવર્સિટીના વૈજ્ઞાનિકોને આ કામ સોંપેલું છે અને તે કોસ્ટ ટુ કોસ્ટ નક્કી કરે છે. તેના કરતાં નક્કી થયેલાં ભાવ કરતાં ૧૦ ટકા નીચા ભાવ જાય તો રાજય સરકાર કેન્દ્ર સરકારને દરખાસ્ત કરીને, મંજૂરી આવ્યા પછી ખરીદાય પણ આ છતાંય ૫૦ ટકાની સ્કીમમાં અત્યારે સમાવેશ કર્યો નથી એટલે અત્યારના તબક્કે જે વધુ જરૂર પડે તો વેગનો લઈને જે રાજયમાં નિકાસ થઈ શકે તે માટે ફરી વખત પણ અમે તાજેતરમાં વધારાના વેગનો માંગ્યા છે એટલે ખરીદવાનો અત્યારે સવાલ ઉપસ્થિત થતો નથી, કેન્દ્ર સરકારની સ્કીમમાં ના હોવાના કારણે.

**શ્રી બાવકુભાઈ ના. ઉંઘાડ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ તેમના જવાબમાં કહ્યું છે કે ૫૩ ટકા વિસ્તારમાં વાવેતરમાં વધારો થયો છે. એટલે ૫૫ ટકા ઉત્પાદન વધારે આવ્યું ૮૦,૨૦૦ હેકટરનું વાવેતર થયું એટલે દોઢું વાવેતર થયું છે. તો હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે આ દોઢું વાવેતર થયું તો કૃષિ વિભાગને અગાઉથી જાણ હતી કે કેમ ? અને દોઢું વાવેતર થાય એટલે દોઢું ઉત્પાદન થવાનું છે તો આ અગાઉથી જાણ હતી કે કેમ ? અને તેમના જવાબમાં એમણે એવું પણ જણાવેલ છે કે ખેડૂતોએ બજારની અગાઉથી રાજયમાં ખેડૂતોને જલદી બગડી જાય તેવા પાકોનું વાવેતર કરતાં પહેલાં તેના બજારની શકયતાઓ અગાઉથી ધ્યાને લેવી અને તે અંગેનું પૂરતું માર્ગદર્શન આપવામાં પાકોનું વાવેતર કરતાં કૃષિ ખાતાને અગાઉથી સૂચનાઓ આપવામાં આવેલ છે. તો આવી સૂચનાઓ કઈ રીતે, ખેડૂતોને કયા માધ્યમથી આપવામાં આવેલ અને દોઢું ઉત્પાદન આવવાનું હતું તેની સરકારને જાણ હતી કે કેમ ? જાણ હતી તો અગાઉથી કોઈ આયોજન કરેલ છે કે નહીં ? બીજું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, રાજયની અંદર આજે ૨૫૦ કોલ્ડ સ્ટોરેજ છે. તેમાંથી ૧૫૦ બંધ છે ૧૦૦ કોલ્ડ સ્ટોરેજ ચાલુ છે. આ ૧૦૦ કોલ્ડ સ્ટોરેજ છે જે આઈસ ફેકટરીઓ અને કોલ્ડ સ્ટોરેજના નિયમો તેનાં જે શુલ્કનાં છે તે અલગ અલગ છે. તો કોલ્ડ સ્ટોરેજને પ્રોત્સાહન આપીને આપણે જ્યારે આવા બગડી જતાં પાકો વધારે જ્યારે આવે અને એક સાથે આવે ત્યારે સંગ્રહ થઈ શકે એટલા માટે કોલ્ડ સ્ટોરેજ સરકાર દ્વારા કયાંય આવી જે આઈસ ફેકટરીઓને જે રેઈટથી વીજળી આપવામાં આવે છે તેવી કોઈ તેમની યોજના કૃષિ વિભાગ દ્વારા કરવામાં આવી છે કે નહીં ? અને ખેડૂતોને વધારે પાક જે ખેડૂત વધારે પાક વાવે છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય બાવકુભાઈ, એક પ્રશ્ન માટે આપ મંત્રીશ્રી કરતાં લાંબુ બોલ્યા. ટૂંકો પ્રશ્ન પૂછો. માનનીય કુંવરજીભાઈ પણ આટલું લાંબુ બોલ્યા નથી.

**શ્રી બાવકુભાઈ ના. ઉંઘાડ** : માનનીય અધ્યક્ષશ્રી, હું એ જાણવા માગું છું કે ખેડૂતોને અગાઉથી માર્ગદર્શન આપવા માગે છે કે કેમ? અને ટેકાના ભાવની વાત કરી, પણ રાજય સરકાર કોઈ ખરીદી કરવા માગે છે કે કેમ?

**શ્રી દિલીપભાઈ ના. સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીનું સન્માન કરું છું, એમને માહિતીનો અભાવ ખેડૂત હોવા છતાં.

**અધ્યક્ષશ્રી** : એ કહેવાની જરૂર નથી. તમે સીધેસીધું કહી દો.

**શ્રી દિલીપભાઈ ના. સંઘાણી** : કોલ્ડ સ્ટોરેજમાં બટાકા રખાય, ડુંગળીને ન રખાય. એના મેડાં થાય. ડુંગળી મેડામાં રાખવામાં આવે. એમને માહિતીનો અભાવ છે, હું એમને દોષ દેતો નથી. બીજો સવાલ એમણે પૂછયો, તો ખેડૂતો જે પાક વાવે એ રાજય સરકાર તરફથી પરવાનગી લઈને વાવતા નથી. વાવ્યા પછી પાણી પત્રકમાં નોંધાયા પછી ખબર પડે છે કે આટલું વાવેતર થયું છે. આમ છતાં અગાઉ પણ ખેડૂતોને અહીંના માધ્યમથી સલાહ આપી છે કે બજારને ધ્યાનમાં રાખીને પોતાનું વાવેતર કરે. એક વર્ષે એક જ પાક વાવીને પોતાની જમીનમાં બધું જ વાવેતર ન કરે, એના બદલે પોતાની જમીનમાં અલગ અલગ પાક વાવે. જેથી કરીને એક પાકનું ઉત્પાદન એકીસાથે વધી ન જાય અને ભાવ કંટ્રોલ થઈ શકે. માનનીય અધ્યક્ષશ્રી, આમ છતાં પણ માનનીય સભ્યશ્રીએ મારા વિસ્તારમાંથી પૂછયું છે, તો એમને જણાવું કે કોલ્ડ સ્ટોરેજ માટે રાજય સરકાર અને કેન્દ્ર સરકારની સહાયની યોજના છે. એ યોજના તળે એમને રાહત આપવામાં આવે છે. રાજય સરકાર એથી વિશેષ ખાસ કોલ્ડ સ્ટોરેજ માટે વિદ્યુતમાં

રાહત પણ આપે છે અને બિલમાં ૨૫ ટકા સુધીની સબસિડી આપીને મહત્તમ ૧ લાખ રૂપિયાની રાહત આપે છે. હું સભાગૃહને આશ્વાસન આપવા માગું છું કે કોસ્ટ ટુથી જો ભાવ ડાઉન થશે, તો રાજય સરકાર ખાસ કેસ તરીકે આ ડુંગળી ખરીદવા માટે એમ.આઈ.એસ. સ્કિમમાં દાખલ કરવા માટે કેન્દ્ર સરકારને દરખાસ્ત કરશે અને આગળની કાર્યવાહી કરવામાં આવશે.

**શ્રી પ્રવિણભાઈ મો. માકડિયા** : ડુંગળીનો આટલો વ્યાપક પ્રમાણમાં પાક થયેલ છે, અને અમારા વિસ્તારમાં પણ થયેલ છે. મંત્રીશ્રીને જયારે મેં રજૂઆત કરેલી ત્યારે રેલવેના વેગનો વગેરે ફાળવવાનું ચાલે છે, આપણા પાડોશી દેશો બાંગલાદેશ અને પાકિસ્તાનમાં પણ ડુંગળીની ખૂબ જ જરૂરિયાત હોય છે, તો નિકાસ કરવા માટે સરકાર કોઈ કાર્યવાહી કરવા માગે છે કે કેમ?

**શ્રી દિલીપભાઈ ના. સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકાર પાસે નિકાસ કરવા માટેનું કોઈ આયોજન છે નહીં, પણ રાજયના કોઈ વેપારીઓ નિકાસ કરવા માટે આગળ આવશે તો રાજય સરકાર એને પૂરતી મદદ કરશે.

**શ્રી જગદીશભાઈ મો. ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે એમણે કહ્યું કે કેન્દ્ર સરકાર પાસે આવી કોઈ યોજના નથી. પણ થોડા સમય પછી ડુંગળી ખરીદવાનું ચાલુ કરશે એવું આશ્વાસન હાઉસને એમણે આપ્યું છે. આ ડુંગળી કેન્દ્ર સરકારની પૂર્વ મંજૂરીની અપેક્ષાએ જેમ બટાકા ખરીદવાની શરૂઆત કરવાની વાત કરી છે, તો એ જ ધોરણે આ સરકાર તાત્કાલિક ધોરણે ડુંગળી ખરીદવા માગે છે કે કેમ? બીજું કે આ સરકારે અભૂતપૂર્વ કામો કર્યા છે અને અત્યારે ગુજરાતમાં બટાકા અને ડુંગળી આ બે પાક પકવતા ખેડૂતો અભૂતપૂર્વ રડી રહ્યા છે. તો સરકાર એના માટે કોઈ નકકર, સાહેબ, જાહેરાત કર્યા પછી પણ કશું ખરીદાતું નથી, તો ખેડૂતો માટેની આ સરકાર જે વાતો કરે છે, તો એમાં આ હાઉસને ખાતરી આપે.

**અધ્યક્ષશ્રી** : આપના પ્રશ્ન ઉપર આવો.

**શ્રી જગદીશભાઈ મો. ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, આ જે ડુંગળી છે, એ તાત્કાલિક ધોરણે ખરીદાય તો જ ખેડૂતને ફાયદો થાય. વેપારી પાસે ગયા પછી જો ખરીદી થાય તો એ તો વેપારી અને સરકાર બન્ને ભેગા થઈને ખેડૂતને લૂંટે છે, એવું ચોકકસ દેખાશે.

**શ્રી દિલીપભાઈ ના. સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, જગદીશભાઈની વાતને યાદ અપાવું અને મેં અહીંયાં પણ અગાઉ કહ્યું છે કે કૃષિ પેદાશના તમામ ટેકાના ભાવો નકકી કરવાનો અધિકાર માત્ર કેન્દ્ર સરકારને છે. કેન્દ્ર સરકારે આ પાકોનો આમાં સમાવેશ કર્યો નથી. કેન્દ્ર સરકાર આ પાકોને સમાવેશ કરશે એ જ ઘડીએ આ સરકાર એક દિવસના વિલંબ વિના ખરીદી કરશે.

**અધ્યક્ષશ્રી** : નેકસ્ટ.

**શ્રી દિલીપભાઈ ના. સંઘાણી** : આમ છતાં પણ એમ.આઈ.એસ. સ્કિમમાં દાખલ કરવા માટેની અગાઉ મેં જરૂર પડે તો કરવાની વાત કરી છે.

**અધ્યક્ષશ્રી** : નેકસ્ટ.

**શ્રી જગદીશભાઈ મો. ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, બે ત્રણ મુદ્દાઓ છે. એક તો માનનીય અધ્યક્ષશ્રી, ૧૧૬માં આપણે અવારનવાર (સતત અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય દંડકશ્રી, વિધાનસભાગૃહની કાર્યવાહી અંગેની કોઈ ચર્ચા હોય તો કરશો. નેકસ્ટ.

**શ્રી જગદીશભાઈ મો. ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, એક રબારી યુવાનનું. ...(સતત અંતરાય)

**અધ્યક્ષશ્રી** : જગદીશભાઈ, નેકસ્ટ.

**શ્રી જગદીશભાઈ મો. ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, જે બનાવ બને છે. વાઘોડિયાની ધારાસભ્ય... (સતત અંતરાય)

**અધ્યક્ષશ્રી** : નેકસ્ટ મને મારી જાહેરાત કરવા દો.(સતત અંતરાય અને ઘોંઘાટ)

# અધ્યક્ષશ્રીની જાહેરાત

### બિનસરકારી સંકલ્પોને સમયની ફાળવણી બાબત

**અધ્યક્ષશ્રી** :બિન-સરકારી સંકલ્પો હાથ ધરવામાં આવે તે પહેલાં મારે ગૃહમાં એક જાહેરાત કરવાની છે કે નિયમાનુસાર બિન-સરકારી સભ્યોના કામકાજ માટે બે કલાકનો સમય ફાળવવામાં આવે છે. આ કામકાજને બિન--સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિ સમયની ફાળવણી કરતી હોય છે, પરંતુ બિન-સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિની રચના થઈ શકી ન હોવાથી મને મળેલ સત્તાની રૂએ, ( આ તબકકે વિરોધપક્ષના બધા જ સભ્યો ઉભા થઈ જતાં) (સતત અંતરાય અને ઘોંઘાટ ચાલુ) ઓર્ડર, ઓર્ડર તા.૨૫-૩-૨૦૦૮ના રોજ હાથ ધરવાના બિન-સરકારી સંકલ્પો પૈકી સભ્યશ્રી શંભુજી ઠાકોરના સંકલ્પને ૬૦ મિનિટ અને સભ્યશ્રી ઉપેન્દ્રસિંહ ગાહિલના સંકલ્પને ૬૦ મિનિટનો સમય ફાળવ્યો છે. મને લાગે છે કે સમયની આ ફાળવણી સાથે સભાગૃહ સંમત થશે. (સતત અંતરાય અને ઘોંઘાટ)

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમત્તે મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી** :નેકસ્ટ.

**સભ્યશ્રીની ધરપકડ અંગે**

**અધ્યક્ષશ્રી** :મારે એક જાહેરાત કરવાની છે કે વડોદરા શહેર, મકરપુરા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેકટર દ્વારા મને જાણ કરવામાં આવી છે કે ૧૫૦-વાઘોડીયા મત વિસ્તારના સભ્યશ્રી મધુભાઈ શ્રીવાસ્તવે તા. ૨૨-૩-૨૦૦૮ ના રોજ ૧૨-૩૦ કલાકે બરોડા દૂધ ડેરી ખાતે કરેલ ફાયરિંગ સબબ વડોદરા શહેર, મકરપુરા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ ગુના રજીસ્ટર નંબર ૨, ૬૭/૦૮ બી.પી. એકટ કલમ ૧૩૫, તથા આર્મ્સ એકટ કલમ ૩૦ મુજબ તા. ૨૩-૩-૨૦૦૮ ના રોજ ૧૫-૪૫ કલાકે તેમની અટકાયત કરી, જરૂરી કાર્યવાહી કરી એ જ દિવસે જામીન ઉપર મૂકત કરવામાં આવ્યા છે. (સતત અંતરાય અને ઘોંઘાટ ચાલુ)

**અધ્યક્ષશ્રી** :નેકસ્ટ.

# સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

**ગુજરાત સ્ટેટ ફાઈનાન્સિયલ સર્વિસિસ લિમિટેડનો વાર્ષિક અહેવાલ અને હિસાબો**

**શ્રી વજુભાઈ વાળા ( નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત સ્ટેટ ફાઈનાન્સિયલ સર્વિસિસ લિમિટેડનો સન ૨૦૦૬-૦૭ નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ અને સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.

**(સતત અંતરાય અને ઘોંઘાટ ચાલુ)**

(આ તબકકે સભાગૃહમાં ઉપસ્થિત રહેલા વિરોધપક્ષના નેતાશ્રી સહિત વિરોધપક્ષના સભ્યશ્રીઓ વોક આઉટ કરી ગયા)

**ગુજરાત વોટર ઈન્ફ્રાસ્ટ્રકચર લિમિટેડનો સન ૨૦૦૬-૦૭ નો વાર્ષિક અહેવાલ અને હિસાબો**

**શ્રી નીતિનભાઈ ર. પટેલ ( પાણી પુરવઠામંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત વોટર ઈન્ફ્રાસ્ટ્રકચર લિમિટેડનો સન ૨૦૦૬-૦૭ નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ અને સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.

**ગુજરાત ડેરી વિકાસ નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ અને હિસાબો**

**શ્રી દિલીપભાઈ ના. સંઘાણી ( પશુપાલનમંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ડેરી વિકાસ લિમિટેડનો સન ૨૦૦૬-૦૭ નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ અને સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.

**ગુજરાત ખેત ઉદ્યોગ નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ અને હિસાબો**

**શ્રી દિલીપભાઈ ના. સંઘાણી ( કૃષિ અને સહકારમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ખેત ઉદ્યોગ નિગમ લિમિટેડનો સન ૨૦૦૫-૦૬ નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેનાં કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ સમીક્ષા અને નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.

**અધ્યક્ષશ્રી:** માનનીય મંત્રીશ્રી, આના પછીના અહેવાલ પણ પણ તાત્કાલિક મૂકાય એ અંગે વિભાગનું ધ્યાન દોરજો.

**ગુજરાત રાજય બીજ નિગમ લિમિટેડનો સન ૨૦૦૬-૨૦૦૭નો વાર્ષિક અહેવાલ**

**શ્રી દિલીપભાઈ ના. સંઘાણી ( કૃષિ અને સહકારમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજય બીજ નિગમ લિમિટેડનો સન ૨૦૦૬-૨૦૦૭નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, હિસાબો, ટિપ્પણ તેમજ સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**ગુજરાત નાગરિક પુરવઠા નિગમ લિમિટેડનો સન ૨૦૦૬-૨૦૦૭નો વાર્ષિક અહેવાલ**

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ ( અન્ન અને નાગરિક પુરવઠા અને ગ્રા.બા.નામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું, ગુજરાત રાજય નાગરિક પુવરઠા નિગમ લિમિટેડનો સન ૨૦૦૬-૨૦૦૭નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, હિસાબો, ટિપ્પણ તેમજ સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડનો સન ૨૦૦૬-૨૦૦૭નો વાર્ષિક વહીવટી અહેવાલ**

**શ્રી નીતિનભાઈ ર. પટેલ ( પાણી પુરવઠામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડનો સન ૨૦૦૬-૦૭નો વાર્ષિક વહીવટી અહેવાલ તેમજ વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વહીવટી અહેવાલ, હિસાબો અને ઓડિટ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**ગુજરાત હાઉસિંગ બોર્ડનું સન ૨૦૦૭-૨૦૦૮ના વર્ષનું સુધારેલ અંદાજપતત્રક**

**શ્રી નીતિનભાઈ ર. પટેલ ( શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત હાઉસીંગ બોર્ડનું સન ૨૦૦૭-૨૦૦૮ના વર્ષનું સુધારેલ અંદાજપત્રક, સન ૨૦૦૮-૨૦૦૯ના વર્ષનો ગૃહ નિર્માણ કાર્યક્રમ અને મૂડીના કામોનું અંદાજપત્રક તેમજ સન ૨૦૦૬-૨૦૦૭નો વાર્ષિક વહીવટી અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અંદાજપત્રક તેમજ વાર્ષિક વહીવટી અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**ગુજરાત આદિજાતિ વિકાસ નિગમનો સન ૨૦૦૨-૨૦૦૩નો વાર્ષિક અહેવાલ**

**શ્રી મંગુભાઈ છ. પટેલ ( આદિજાતિ કલ્યાણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત આદિજાતિ વિકાસ નિગમનો સન ૨૦૦૨-૨૦૦૩નો વાર્ષિક અહેવાલ તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી, આપ નિગમનું ધ્યાન દોરજો કે ૨૦૦૩ પછીના અહેવાલોમાં બહુ વિલંબ કર્યો છે, અને વિલંબના કારણોથી એ વાત પૂરી થતી નથી.

**ગુજરાત રાજય હાથશાળ અને હસ્તકલા વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૪-૦૨૦૦૫નો વાર્ષિક અહેવાલ**

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના કુટિર ઉદ્યોગ, મીઠા ઉદ્યોગ, છાપકામ અને લેખન સામગ્રી મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું, ગુજરાત રાજય હાથશાળ અને હસ્તકલા વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૪-૨૦૦૫નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, હિસાબો, ટિપ્પણ, સમીક્ષા અને નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**ગુજરાત ઔદ્યોગિક મુડી રોકાણ નિગમ લિમિટેડનો સન ૨૦૦૫-૦૬નો વાર્ષિક અહેવાલ**

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઉદ્યોગ અને ખાણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ઔદ્યોગિક મૂડી રોકાણ નિગમ લિમિટેડનો સન ૨૦૦૫-૨૦૦૬નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, હિસાબો, ટિપ્પણ, સમીક્ષા અને નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**ગુજરાત વૃદ્ધિ કેન્દ્ર વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૪-૦૫નો વાર્ષિક અહેવાલ**

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઉદ્યોગ અને ખાણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત વૃદ્ધિ કેન્દ્ર વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૪-૨૦૦૫નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, હિસાબો, ટિપ્પણ, સમીક્ષા અને નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**ગુજરાત રાજય પેટ્રોલિયમ કોરપોરેશન લિમિટેડનો વાર્ષિક અહેવાલ**

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઉર્જા અને પેટ્રોકેમિકલ્સમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજય પેટ્રોલિયમ કોરપોરેશન લિમિટેડનો સન ૨૦૦૬-૨૦૦૭નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ તથા સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ**

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઉર્જા અને પેટ્રોકેમિકલ્સમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૬-૨૦૦૭નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તથા નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ, તથા સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**સન ૨૦૦૪-૨૦૦૫નો ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમનો વાર્ષિક અહેવાલ**

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઉદ્યોગ અને ખાણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમનો સન ૨૦૦૪-૨૦૦૫ના વાર્ષિક હિસાબ અને ઓડિટ અહેવાલ તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક હિસાબ, ઓડિટ અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી, નિગમનું ધ્યાન દોરજો કે હવે પછીના અહેવાલ તાત્કાલિક રજૂ કરે.

**શ્રી સૌરભ પટેલ** : બધાને લેખિત સૂચના આપી દીધી છે.

**અધ્યક્ષશ્રી** : હવે મોડું ન કરે.

**સન ૧૯૯૯-૨૦૦૦ થી ૨૦૦૫-૨૦૦૬નો ગુજરાત રાજય ઈન્ફ્રાસ્ટ્રકચર વિકાસ બોર્ડના વાર્ષિક અહેવાલો**

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઉદ્યોગ અને ખાણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજય ઈન્ફ્રાસ્ટ્રકચર વિકાસ બોર્ડના સન ૧૯૯૯-૨૦૦૦ થી ૨૦૦૫-૨૦૦૬ના વાર્ષિક અહેવાલો તથા આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**અધ્યક્ષશ્રી** : આ ગંભીર બાબત છે. આપને પણ પત્ર લખેલો હતો અત્યારે હું એને ચર્ચામાં નથી લેતો. એના માટે ખૂબ ગંભીરતાપૂર્વક પગલાં લીધા છે એની જાણ વિધાનસભાને કરજો.

**સન ૨૦૦૫-૨૦૦૬નો ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમનો વાર્ષિક વહીવટી અહેવાલ**

**શ્રીઅમિત અ. શાહ (રાજય કક્ષાના વાહન વ્યવહારમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમનો સન ૨૦૦૫-૨૦૦૬નો વાર્ષિક વહીવટી અહેવાલ તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વહીવટી અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**પંચાયત અને ગ્રામગૃહનિર્માણ વિભાગની અધિસૂચના**

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ ( પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની-
સન ૧૯૯૩ના ગુજરાત પંચાયત અધિનિયમ અન્વયેની-

(૧) તા. ૧૪-૬-૨૦૦૭ની અધિસૂચના ક્રમાંક-કેપી/૧૨-૨૦૦૭/પીઆરઆર/૧૧૯૪/૫૧૦/૯(૫૮)/ડી
(૨) તા. ૨૨-૧૧-૨૦૦૭ની અધિસૂચના ક્રમાંક કેપી/૫૭/૨૦૦૭/પીઆરઆર/૧૦૨૦૦૨/૨૪૫૪/ડી
(૩) તા. ૧૬-૧-૨૦૦૮ની અધિસૂચના ક્રમાંક-કેપી/૩/૨૦૦૮/પીઆરઆર/૧૧૯૫/૪૬૭/ડી
(૪) તા. ૧૬-૧-૨૦૦૮ની અધિસૂચના ક્રમાંક-કેપી/૪/૨૦૦૮/પીઆરઆર/૧૦૨૦૦૫/૩૧૦૮/ડી
સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અધિસૂચના સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

**સન ૨૦૦૩નું ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનું જાહેરનામું**

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઉર્જા અને પેટ્રોકેમિકલ્સમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનું સન ૨૦૦૩ના વિદ્યુત અધિનિયમ અન્વયેનું તા. ૨૦-૧૨-૨૦૦૭નું જાહેરનામું નં. ૧/૨૦૦૭ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**જાહેરનામું સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યું.**

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક ૯૨ના અનુસંધાને વધારાની માહિતી**

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ ( અન્ન અને નાગરિક પુરવઠા અને ગ્રા.બા.નામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું તા. ૨૭-૨-૨૦૦૮ના રોજ સભાગૃહમાં રજૂ થયેલા માનનીય સભ્યશ્રી ખુમાનસિંહ ચૌહાણના "મઠ, અડદ અને તુવેરની દાળના ભાવ" વિષયના તારાંકિત પ્રશ્ન ક્રમાંક-૯૨ (અગ્રતાક્રમ-૩)ના અનુસંધાને વધારાની માહિતી સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું

**વધારાની માહિતી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક ૧૬ ના અનુસંધાને વધારાની માહિતી**

**શ્રી મંગુભાઈ છ.પટેલ (વન અને પર્યાવરણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું તા. ૨૭-૨-૨૦૦૮ના રોજ સભાગૃહમાં રજૂ થયેલા માનનીય સભ્યશ્રી બચુભાઈ કિશોરીના "દાહોદ અને ઝાલોદ તાલુકાઓમાં રોપા ઉછેર માટે ફાળવેલ રકમ" વિષયના તારાંકિત પ્રશ્ન ક્રમાંક-૧૬ (અગ્રતાક્રમ-૯)ના અનુસંધાને વધારાની માહિતી સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વધારાની માહિતી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક ૧૩૨૮ના અનુસંધાને વધારાની માહિતી**

**શ્રી મંગુભાઈ છ.પટેલ ( વન અને પર્યાવરણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું તા. ૫-૩-૨૦૦૮ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ માનનીય સભ્યશ્રી વિજયભાઈ પટેલના "ડાંગ જિલ્લામાં દવ લાગવાના બનાવો" વિષયના તારાંકિત પ્રશ્ન ક્રમાંક-૧૩૨૮ (અગ્રતાક્રમ-૫)નાઅનુસંધાને વધારાની માહિતી સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વધારાની માહિતી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

# માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ)

**નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ**

**માગણી નંબર-૬૪**

**શ્રી નીતિનભાઈ ર. પટેલ ( નર્મદા જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસરમંત્રીશ્રી)** માનનીય અધ્યક્ષશ્રી, હું નર્મદા જળ સંપત્તિ અને પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની સેવાને લગતી નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૭,૧૧,૦૦,૦૦૦/-ની માગણી ક્રમાંક ૬૪ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક-૬૪ રજૂ કરવામાં આવી.**

**શ્રી બાવકુભાઈ ના. ઉંઘાડ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક-૨ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક-૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી છનાભાઈ કા. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક-૫ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક-૫ રજૂ કરવામાં આવી.**

**શ્રી કુંવરજીભાઈ હળપતિ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક-૮ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક-૮ રજૂ કરવામાં આવી.**

**શ્રી દીતાભાઈ ભી. મછાર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક-૯ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક-૯ રજૂ કરવામાં આવી.**

**માગણી ક્રમાંક:૬૬**

**શ્રી નીતિનભાઈ ર. પટેલ (નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું સિંચાઈ અને ભૂમિ સંરક્ષણની સેવાને લગતી નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂા. ૫,૬૪,૯૫,૮૧,૦૦૦ની અને મૂડી ખર્ચ માટેની રૂા. ૧૧,૫૩,૩૦,૪૯,૦૦૦ની માગણી ક્રમાંક-૬૬ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક-૬૬ રજૂ કરવામાં આવી.**

**શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક-૧૨ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક-૧૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી અશ્વિન કોટવાલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક-૧૩ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક-૧૩ રજૂ કરવામાં આવી.**

**માગણી ક્રમાંક:૬૭**

**શ્રી નીતિનભાઈ ર. પટેલ (નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પાણી પુરવઠો સેવાને લગતી નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂા. ૪,૦૧,૧૦,૦૦,૦૦૦ અને મૂડી ખર્ચ માટેની રૂા. ૮,૫૮,૬૦,૦૦,૦૦૦ની માગણી ક્રમાંક-૬૭ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક-૬૭ રજૂ કરવામાં આવી.**

**શ્રી જોધાજી ગુ. ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક-૧૬ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક-૧૬ રજૂ કરવામાં આવી.**

**શ્રી લાલસિંહ ઉ. વડોદીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક-૧૭ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક-૧૭ રજૂ કરવામાં આવી.**

**શ્રી ધીરૂભાઈ ચુ. ભીલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક-૧૮ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક-૧૮ રજૂ કરવામાં આવી.**

**શ્રી જોધાજી ગુ. ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક-૧૯ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક-૧૯ રજૂ કરવામાં આવી.**

**શ્રી કિરણકુમાર એલ. મકવાણા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક-૨૦ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક-૨૦ રજૂ કરવામાં આવી.**

**શ્રી પરેશભાઈ ગો. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક-૨૧ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક-૨૧ રજૂ કરવામાં આવી.**

**શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ**

**માગણી ક્રમાંક:૧૦૨**

**શ્રી નીતિનભાઈ ર. પટેલ (શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું શહેરી વિકાસ વિભાગને લગતી શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂા. ૩૩,૯૭,૫૫,૦૩,૦૦૦ની અને મૂડી ખર્ચ માટેની રૂા. ૩૦,૦૦,૦૦,૦૦૦ની માગણી ક્રમાંક-૧૦૨ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક-૧૦૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી મોહનસિંહ છો. રાઠવા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક-૨૨ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક-૨૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી ખુમાનસિંહ રા. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક-૨૩ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક-૨૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી મણીભાઈ દે. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક-૨૬ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક-૨૬ રજૂ કરવામાં આવી.**

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક-૨૭ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક-૨૭ રજૂ કરવામાં આવી.**

**શ્રી સી.કે. રાઉલજી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક-૩૦ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક-૩૦ રજૂ કરવામાં આવી.**

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક-૩૧ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક-૩૧ રજૂ કરવામાં આવી.**

**શ્રી બ્રિજરાજસિંહ હે. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક-૩૨ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક-૩૨ રજૂ કરવામાં આવી.**

## સન ૨૦૦૮-૨૦૦૯ના વર્ષના અનુદાનો માટેની માગણીઓ પૈકી સોમવાર, તા.૨૪/૩/૨૦૦૮(અગિયારમો દિવસ)ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપદરખાસ્તોની એકત્રિત યાદી.

| અ.નં. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રુા. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | | નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ<br>માગણી નં. ૬૪ | |
| *૧. | ૩૪૫૧-સચિવાલય...સેવાઓ<br>૦૯૦-સચિવાલય<br>૦૨-નર્મદા....વિભાગ (ખુદ)<br>રૂા. ૬,૬૧,૦૦,૦૦૦<br>પા.નં. ૧૭૨-૧૭૩ (ભાગ-૧) | ૧૦૦ | મોટા શહેરોમાં નર્મદાના પાણી ફિલ્ટર કરી વિતરણ કરવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૨. | --"-- | ૧૦૦ | સૌરાષ્ટ્રના ડેમોમાંથી કાંપનો નિકાલ કરી પાણીનો સંગ્રહ કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી બાવકુભાઈ ઉંધાડ |
| *૩. | --"-- | ૧૦૦ | કોન્ટ્રાકટરોને કામો પૂરા થયા બાદ નાણા ચૂકવવામાં થતો વિલંબ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | |
| *૪. | --"-- | ૧૦૦ | અધિક્ષક ઈજનેરશ્રી ભૂર્ગભજળ વ્યવસ્થાપન યાંત્રીક વર્તુળના કર્મચારીઓને બઢતી આપવામાં થતી ગેરરિતિ નિવારવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૫. | --"-- | ૧૦૦ | ગેરરીતિ આચરનાર કોન્ટ્રાકટરો સામે સખતાઈથી પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી છનાભાઈ ચૌધરી |
| *૬. | --"-- | ૧૦૦ | નદીઓને જોડીને તેમાં કાયમી ધોરણે પાણી રહે તેવી વ્યવસ્થા ગોઠવવામાં તંત્રની નિષ્ફળતા | |
| * ૭. | --"-- | ૧૦૦ | તાંત્રીક મંજૂરી મળી હોય તેવા કામોને વહીવટી મંજૂરીઓ આપવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૮. | --"-- | ૧૦૦ | જિલ્લા કક્ષાની કચેરીઓ ઉપર પૂરતો અંકુશ રાખવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી કુંવરજીભાઈ હળપતિ |
| ૯. | --"-- | ૧૦૦ | વિભાગમાં તુમારોના નિકાલ લાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી દીતાભાઈ મછાર |
| *૧૦. | --"-- | ૧૦૦ | સુજલામ સુફલામ યોજનામાં થયેલ ગેરરીતિઓ કરનાર સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા | |
| | | | **માગણી નં. ૬૬** | |
| *૧૧. | ૨૭૦૧-મધ્યમ સિંચાઈ<br>૮૦-સામાન્ય<br>૦૦૧-નિર્દેશ અને વહીવટ<br>રૂા. ૫૫,૫૪,૨૯,૦૦૦<br>પા.નં. ૮૫ થી ૧૧૯(ભાગ-૧) | ૧૦૦ | મધ્યમ સિંચાઈ યોજનાઓના નકશા/અંદાજો સમયસર તૈયાર કરવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૧૨. | --"-- | ૧૦૦ | અંતરિયાળ વિસ્તારોમાં સિંચાઈની સુવિધાઓ વધારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી રાજેન્દ્રસિંહ પરમાર |
| ૧૩. | --"-- | ૧૦૦ | સિંચાઈના કામોમાં ચાલતી ગેરરીતિઓ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અશ્વિન કોટવાલ |
| | | | **માગણી નં. ૬૭** | |
| *૧૪. | ૨૨૧૫-પાણી...સ્વચ્છતા<br>૦૧-પાણી પુરવઠો<br>૦૦૧-નિર્દેશ અને વહીવટ<br>રૂા. ૨૦,૦૦,૦૦,૦૦૦<br>પા.નં. ૧૫(ભાગ-૧) | ૧૦૦ | બોર્ડના કથળેલા વહીવટને સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા | |
| *૧૫. | --"-- | ૧૦૦ | ઉનાળામાં પીવાના પાણીની ઉભી થતી તંગી કાયમી ધોરણે નિવારવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૧૬. | --"-- | ૧૦૦ | ટેન્ડરો આપવામાં ચાલતી ગેરરીતિઓ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી જોધાજી ઠાકોર |
| ૧૭. | --"-- | ૧૦૦ | પાણી પુરવઠા યોજનાના કામો પૂરા કરી પ્રજાને સમયસર પીવાનું પાણી મળી રહે તેવું આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી લાલસિંહ વડોદિયા |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૮. | --"-- | ૧૦૦ | હલકી ગુણવતા વાળી પાઈપ લાઈનોના કારણે પાણી પુરવઠો ખોરવાય છે તે મુશ્કેલી નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી ધીરુભાઈ ભીલ |
| ૧૯. | ૪૨૧૫-પાણી.....જોગવાઈ<br>૧૦૨-ગ્રામીણ....પુરવઠા<br>રૂા. ૮,૪૮,૪૦,૦૦,૦૦૦<br>પા.નં. ૧૭૬-૧૮૦ (ભાગ-૧) | ૧૦૦ | ઉત્તર ગુજરાતના ગ્રામીણ વિસ્તારોમાં આયોજનના અભાવે પીવાના પાણીની પડતી મુશ્કેલીઓ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી જોધાજી ઠાકોર |
| ૨૦. | --"-- | ૧૦૦ | પાઈપ લાઈન યોજના ધ્વારા ગ્રામીણ વિસ્તારોમાં નિયમિત પીવાનું પાણી મળી રહે તેવી કાયમી વ્યવસ્થા કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી કિરણકુમાર મકવાણા |
| ૨૧. | --"-- | ૧૦૦ | ગ્રામીણ વિસ્તારોમાં પીવાના પાણીની જરુરિયાત માટે ઓવરહેડ ટાંકાઓ બનાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પરેશભાઈ વસાવા |
| | | | **શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ**<br>**માગણી નં. ૧૦૨** | |
| ૨૨. | ૨૨૧૭-શહેરી વિકાસ<br>૦૩-નાના.....વિકાસ<br>૦૦૧-નિદેશ અને વહીવટ<br>૦૧-યુડીપી-૨ વિશ્વબેંક..સ્થાપના<br>રૂા. ૧૭, ૪૦,૦૦૦<br>પા.નં. ૨૪-૨૫ | ૧૦૦ | વિશ્વબેંક તરફથી નાના અને મધ્યમ નગરોના સંકલિત વિકાસ માટે મળતી રકમોના ખર્ચ ઉપર દેખરેખ રાખવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મોહનસિંહ રાઠવા |
| ૨૩. | ૨૨૧૭-શહેરી વિકાસ<br>૦૦૧-નિર્દેશ વહીવટ<br>૦૩-મુખ્યનગર નિયોજક<br>રૂા. ૧૦,૮૯,૨૦,૦૦૦<br>પા.નં. ૨૮-૨૯ | ૧૦૦ | ગેરકાયદેસર બાંધકામોને મંજૂરી આપવામાં થતી ગેરરીતિ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ખુમાનસિંહ ચૌહાણ |
| *૨૪. | --"-- | ૧૦૦ | વિકાસ પરવાનગી અને ભોગવટા પ્રમાણપત્રો આપવામાં ચાલતી ગેરરીતિઓ નિવારવામાં તંત્રની ઉદાસીનતા | |
| *૨૫. | --"-- | ૧૦૦ | મુખ્યનગર નિયોજકની કચેરીમાં ચાલતી ગેરરીતિઓ અને ભ્રષ્ટાચાર રોકવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૨૬. | ૨૨૧૭-શહેરી વિકાસ<br>૦૪-ગંદા....વિકાસ<br>૧૯૧-સ્થાનિક....સહાય<br>૦૨-યુડીપી-૧૯-સંકલિત..કાર્યક્રમ<br>રૂા. ૧૦,૭૦,૧૨,૦૦૦ પા.નં. ૪૮ | ૧૦૦ | ગંદા વસવાટોના વિકાસ માટે ફાળવવામાં આવતી રકમની વહેંચણીમાં થતો ભેદભાવ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મણીભાઈ પટેલ |
| ૨૭. | --"-- | ૧૦૦ | ગંદા વસવાટોના વિકાસ માટે પૂરતી નાણાકીય સહાય ચૂકવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી બાબુભાઈ શાહ |
| *૨૮. | --"-- | ૧૦૦ | ગંદા વસવાટ વિસ્તાર વિકાસની કામગીરી માટે સ્થાનિક સંસ્થાઓને સહાય ચૂકવવામાં થતો વિલંબ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | |
| *૨૯. | ૨૨૧૭-શહેરી વિકાસ<br>૮૦-સામાન્ય<br>૦૦૧-નિર્દેશ અને વહીવટ<br>૦૧-નગરપાલિકા....કચેરી<br>રૂા.૨,૦૨,૬૦,૦૦૦ પા.નં. ૫૦-૫૧ | ૧૦૦ | નગરપાલિકાઓના વિકાસના કામોમાં અવરોધો ઉભા કરતા અધિકારીઓની નિમણૂકો અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૩૦. | --"-- | ૧૦૦ | નગરપાલિકાઓમાં અધિકારીઓની સતત ગેરહાજરી નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી સી. કે. રાઉલજી |
| ૩૧. | ૨૨૧૭-શહેરી વિકાસ<br>૮૦-સામાન્ય ૮૦૦-અન્ય ખર્ચ<br>૧૪-જકાત....અનુદાન<br>રૂા. ૨,૩૮,૯૫,૧૦,૦૦૦ પા.નં. ૬૦ | ૧૦૦ | જકાત નાબૂદીના વળતર પેટે નગરપાલિકાઓને મળવાપાત્ર અનુદાન સમયસર ન ચૂકવાતાં વિકાસના કામોમાં થતો વિલંબ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી કુંવરજીભાઈ બાવળિયા |
| ૩૨. | --"-- | ૧૦૦ | જકાત નાબૂદી વળતર પેટે નગરપાલિકાઓને દર વરસે અપાતી રકમમાં વધારો કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બ્રિજરાજસિંહ જાડેજા |

* આ કાપદરખાસ્તો સભાગૃહમાં રજૂ થઈ નથી.

# પૉઈન્ટ ઑફ ઑર્ડર

### બજૅટ પ્રકાશનની માહિતીમાં ફેરફાર બાબત

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા(પોરબંદર)** : માનનીય અધ્યક્ષશ્રી, હું એક પૉઈન્ટ ઑફ ઑર્ડર ઉઠાવવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજની જે શહેરી વિકાસની માગણીઓ છે એના પ્રકાશન નં.૨૬માં એના પેજ નં.૪૨, ૪૩, ૪૮ અને ૬૯ તરફ આપનું ધ્યાન દોરવા માગું છું. પહેલું ધ્યાન એ દોરવા માગું છું કે, કોઈપણ પ્રકાશનની અંદર જે ભાષાંતર હોય ગુજરાતીનું, એ અંગ્રેજીમાં પણ એ જ ભાષાંતર હોવું જોઈએ. આ પેજ બતાવ્યા છે એમાં ગરીબ સમૃદ્ધિ યોજના કોલમ- નં.૭ માં લખ્યું છે. ગરીબ સમૃદ્ધિ યોજનાનું ટ્રાન્સલેશન કરવામાં આવ્યું નથી. એટલે એક તો ટ્રાન્સલેશન ભૂલ ભરેલું છે. આ મારો એક પૉઈન્ટ ઑફ ઑર્ડર છે. બીજો પૉઈન્ટ ઑફ ઑર્ડર એ છે કે, મેં આ પેજ નંબરનો ઉલ્લેખ કરેલો છે એ પેજ નંબરની અંદર કેન્દ્રીય પુરસ્કૃત યોજના એ પ્રમાણે બતાવેલું છે. આ કેન્દ્રીય પુરસ્કૃત યોજના છે એ જવાહરલાલ નહેરુ રાષ્ટ્રીય શહેરી નવીનીકરણ અભિયાન હેઠળ પાયાની સેવાઓ માટેની યોજનાઓ અને એના માટે બધી જ જગ્યાએ જોગવાઈ કરેલ છે. કેન્દ્ર સરકાર છે એ પોતાની યોજના માટે નાણા ફાળવે છે.

**અધ્યક્ષશ્રી** : પૉઈન્ટ ઑફ ઑર્ડર શું છે એ કહોને..

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું કહીશ નહીં તો પૉઈન્ટ ઑફ ઑર્ડર કેવી રીતે ઉપસ્થિત થવાનો છે. એના માટે નાણા ફાળવે છે અને આખા દેશ માટે, તમામ રાજયો માટે નાણા ફાળવે છે. એના માટે જવાહરલાલ નહેરુ નેશનલ અર્બન રિન્યુઅલ મિશન હેઠળની યોજના છે અને એ યોજના માટે નાણાં ફાળવણી હોય છે અને એમાં જ આ યોજનાનો ખર્ચ થઈ શકે તેમ છે. જ્યારે માનનીય મંત્રીશ્રી અહીંયાં માગણીઓ લઈને આવ્યા છે ત્યારે એમણે સ્પષ્ટ કરવું જોઈએ કે, કેન્દ્રીય પુરસ્કૃત યોજના છે એ યોજના હેઠળની માગણીઓ માટે અહીં આવ્યા છે અને એ માગણીઓ મંજૂર કરે એ માટે દરખાસ્ત લઈને આવ્યા છે. આ માગણીઓ હેઠળ બે વાત કરી છે. એક જવાહરલાલ નહેરુ નેશનલ અર્બન રિન્યુઅલ મિશન યોજના હેઠળ ગરીબ સમૃદ્ધિ યોજના. જે આ પ્રકાશન છે એ પ્રકાશન મુજબ માગણી પાસ કરી દઈએ તો એનો મતલબ એવો થાય કે, આ નાણાનો ગમે ત્યાં ઉપયોગ થઈ શકશે. પરંતુ તેનો ગમે ત્યાં ઉપયોગ થઈ શકતો નથી. કારણ કે, કેન્દ્ર સરકાર તો માત્ર જવાહરલાલ નહેરુ નેશનલ અર્બન રિન્યુઅલ મિશન યોજના માટે જ પૈસા આપે છે. આ અંગ્રેજીમાં એટલા માટે નથી છાપ્યું. કારણ કે એ કેગના અધિકારીઓ વાંચવાના છે અને ગુજરાતી છે એ ધારાસભ્યો વાંચવાના છે. બન્નેને એમ થાય કે અહીંયાં ગુજરાતના લોકોને એમ થાય કે, આ ગરીબ સમૃદ્ધિ યોજના છે. આ સંસ્થા કેન્દ્ર સરકારની સ્વતંત્ર એજન્સી છે એને એમ થાય કે આ જવાહરલાલ નહેરુ નેશનલ અર્બન રિન્યુઅલ મિશન યોજના છે. આ રીતે મીસ લીડીંગ શબ્દો મૂક્યા છે. ગરીબ સમૃદ્ધિ યોજના કોઈ જગ્યાએ સાગર ખેડુ યોજના અને એ સ્પષ્ટ થવું જોઈએ અને નહીં તો કેગના અધિકારીઓના ધ્યાનમાં આવશે તો ખર્ચ કરવાની મંજૂરી મળી શકશે નહીં. એટલે રાજય સરકારે આ રીતે એમના બજૅટ પ્રકાશનની અંદર આ અસત્ય શબ્દો છે એને આ યોજના સાથે લેવાદેવા નથી એવું ન કરી શકો અને આ યોજનાનું નામ ન બદલી શકો.

**અધ્યક્ષશ્રી** : માનનીય અર્જુનભાઈનો પૉઈન્ટ ઑફ ઑર્ડર છે એની એ પોતે પણ ચર્ચામાં ભાગ લઈને આ વાત કહી શકયા હોત. હવે પ્રશ્ન સીમિત થાય છે કે એમણે એમ કહ્યું કે ભૂલ ભરેલું છે. ગરીબ સમૃદ્ધિ યોજના એ કૌંસમાં મૂક્યું છે. રાજય સરકારને પોતાની યોજના વિશે એનું નામકરણ કરવાનો અધિકાર છે પણ સાથેસાથે એમણે કેન્દ્રીય (અંતરાય) શ્રી અર્જુનભાઈ, આપે જે કહ્યું છે એ મેં સાંભળ્યું છે અને એના ઉપર હું કહું છું પરંતુ એમણે સાથે સાથે કેન્દ્ર સરકાર પુરસ્કૃત યોજના વિશે ગુજરાતી અને અંગ્રેજી બંનેમાં કહ્યું છે. ત્રીજી વાત એમણે જે કહી તે મને ખૂબ જ દુ:ખદ લાગે છે કે આ સભાગૃહના સભ્યો ગુજરાતી વાંચી શકે છે અને અંગ્રેજી વાંચી શકતા નથી એ એમની જે કોમેન્ટ છે અને એમણે જે કહ્યું કે અંગ્રેજી (અંતરાય)પ્લીઝ આપે જે કહ્યું છે એ જ હું કહું છું. પ્લીઝ સીટ ડાઉન (અંતરાય)પ્લીઝ સીટ ડાઉન .. (અંતરાય) તમે જે ગુજરાતી વાંચો છો, પરંતુ બીજાને અંગ્રેજી વાંચતા આવડે છે એટલે જે પ્રકાશનની અંદર ગુજરાતી એ ધારાસભ્યો માટે છે અને પ્રકાશનની અંદરનું અંગ્રેજી એ એ.જી. માટે છે એવું તારણ કાઢવું એ યોગ્ય નથી અને માટે હું તમારો પૉઈન્ટ ઑફ ઑર્ડર ગ્રાહ્ય રાખી શકતો નથી. હવે માગણીઓ અને તેના ઉપર રજૂ થયેલી કાપદરખાસ્તો પર ભેગી ચર્ચા કરવમાં આવશે.

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ) (ક્રમશ:)

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ (વિરોધપક્ષના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીઓ જે માગણીઓ લઈને આવ્યા છે, માનનીય અધ્યક્ષશ્રી, બજેટના પ્રકાશનો જયારે અપાતા હોય છે ત્યારે ખરા અર્થમાં ખાનદાની એ કહેવાય કે જેણે આપણને જે વાતને જે નાણા આપ્યા હોય એ જ પ્રજામાં લઈને જઈએ. પૈસા કેન્દ્ર સરકાર આપે અને પાટીયાના નામ આપણે લગાડીએ, માનનીય અર્જુનભાઈએ જે ધ્યાન દોર્યુ ગરીબ સમૃદ્ધિ યોજના, પ્રચાર આના નામે અને આપનું શું? કહે કે અમારું ઠનઠન ગોપાલ. સાગરખેડૂની વાતો થાય વાઈટ પેપર બુકમાં નાણાનો સ્ત્રોત દર્શાવવો પડે ત્યાં આ માયાજાળ મૂકવામાં આવે. ઉત્તર ગુજરાતને પાણીની સૌથી વધારે

જરૂરિયાત છે. સૌરાષ્ટ્રને, કચ્છને પાણીની સૌથી વધારે જરૂરિયાત છે. એક યોજના લઈને આવ્યા. જો એના વ્યાજબી પૈસા વપરાયા હોતને તો ઉત્તર ગુજરાતના લોકોને ઘણોઘણો ફાયદો થયો હોત. રાજય સરકારની ફાઈલ ક્રમાંક: ૨૦૦૩/૫૮૮૬/૨ (ક૩) આ ફાઈલ ઉપર ડીસીઝન લેવાયો. શું ડીસીઝન લેવાયો કે સુજલામ્ સૂફલામ્ માટે ઉત્તર ગુજરાતને પાણી પહોંચાડવા માટે લોકભાગીદારી કરવાની. શું કરવાનું? ગ્રામપંચાયતોને ગામો સોંપવાના, વ્યાજબી કામો થાય એટલા માટે ગ્રામજૂથો બનાવવા. આ ફાઈલ પરનો નિર્ણય પરંતુ જો આ થાય તો? આ થાય તો તો સાચા ખર્ચ કરવા પડે. પૈસા વાપરવા પડે. ઉત્તર ગુજરાતનું હિત થાય પણ આપણું શું? (અંતરાય) આપણું શું એ પ્રશ્નના ઉકેલ માટે ફાઈલ પરનો આ નિર્ણય હોવા છતાં રેટ કોન્ટ્રાકટના અંદર જયારે ભાવો મંગાવવાની વાત આવી ત્યારે ૨૧૦ કરોડ રુપિયાના(અંતરાય) આ માનનીય મંત્રીશ્રીને બેઠા બેઠા કંઈક તકલીફ થાય છે. એ પ્રવચનમાં જયારે બોલતા હોય છે ત્યારે હું બેઠો બેઠો નથી બોલતો. એટલે આપનું રક્ષણ માગું છું.

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી, આપ એમનું પ્રવચન સાંભળો. આપ બોલો નહીં અને બોલ્યા વગર સાંભળો.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, ૨૧૦ કરોડ રુપિયાના કામો એના રેઈટ કોન્ટ્રાકટ મંગાવ્યા, આ રેઈટ કોન્ટ્રાકટ મુજબ કામો આપવાની વાત ના કરો. ટેન્ડરો મંગાવ્યા, રેઈટ કોન્ટ્રાકટ મંગાવ્યા પરંતુ આ રેઈટ કોન્ટ્રાકટને નેવે મૂક્યા, ૩૩૭ કિલોમીટર ૭૨ એજન્સીઓ માથે કામ કરાવવાનું હતું, એ પણ અભેરાઈએ ચડાવ્યું. અને નવ માનીતા હતાને, નવ વ્યકિતઓ, માનનીય અધ્યક્ષશ્રી, વિધાઉટ ટેન્ડર, વિધાઉટ ફોલોઈંગ ડયુ પ્રોસેસ માનનીય અધ્યક્ષશ્રી, જે કામ આપવાના હતાને એમાં એ ટેન્ડર માટેના લાયકાતના ધોરણો નકકી થયા હતા એ પણ નહીં જોવાયા.ગ્રામ પંચાયત ૧૦ હજારનું કામ વગર ટેન્ડરે બહાર પાડે તો આપના વિકાસ કમિશનર એને ઘરભેગી કરે છે કે ટેન્ડર વગર કામ કેમ બહાર પાડ્યું? આ તો ૨૧૦ કરોડ રૂપિયાનું કામ સુજલામ્, હિત આવ્યું એટલે ટેન્ડર નહિ, ૯ કોન્ટ્રાકટરોને કામ અને એ પછી એક ડગલું આગળ વધ્યા છે. ક્યારેક કોઈ જાગીને માગે તો? એટલે હવે નવું લાવ્યા. ૨૧૦ કરોડ ખર્ચાયા પછી ૪૫૮ કરોડના કામો સ્પ્રેડીંગના. માટી સ્પ્રેડ કરી દેવાની એટલે કોઈ ભવિષ્યમાં પણ મેજરમેન્ટ ન થાય. ૪૫૮ કરોડ રૂપિયાના આ કામો કોને આપ્યા? પેલા ૯ હતા આપના માનીતા એ ૯ જણાને પાછા ૪૫૮ કરોડના કામો, કોન્ટ્રાક્ટના કોઈ ટેન્ડર નહીં, કોઈ એજન્સી નહિ, કોઈ રેટ કોન્ટ્રાક્ટ નહીં. આ ફાઈલ ઉપરના આપના નિર્ણયથી વિપરીત છે. કારણ કે નિર્ણય તો આપનો હતો લોકભાગીદારીનો, નિર્ણય તો હતો પંચાયતના જૂથો કરવાનો. ૪૫૮ અને ૨૧૦ એમ કુલ ૬૬૮ કરોડના કામો આપે ઉડાડી દીધા. પરિસ્થિતિ શું થઈ? ૬૫૮ કરોડ જો વાજબી વપરાયા હોત તો ઉત્તર ગુજરાતમાં મારો ખેડૂત ભાઈ, એને વાજબી રીતે પાણી મળતું હોત. ૬૫૮ કરોડ રૂપિયા ખર્ચાયા પછી કેટલા ખેડૂતોને લાભ મળ્યો? કેટલી કેનાલો ટકી? કેટલું માટી કામ ધોવાયું અને કેટલા ચાંઉ થયા એનો હિસાબ ન મેળવી શકાય એવી પરિસ્થિતિનું નિર્માણ થયું. મોટા ચેકડેમો અને આ ચેકડેમો જળસંચય વિકાસ નિગમને સોંપાયા. ૧૦૦ કરોડના કામો પણ લોક ભાગીદારીમાં કરવાના હતા એ ન કર્યા અને જે તળાવો ૧૦૦ કરોડના કામો કર્યા એ પહેલા જ વરસાદે ધોવાઈ ગયા. એ રહ્યા નહીં. આપણે ટૅક્નીકલ એપ્રુવલ કેવી રીતે આપી, એડમિનિસ્ટ્રેટીવ એપ્રુવલ કેવી રીતે અપાઈ હતી? હું ચેલેન્જ કરું છું કે જો આ કરોડો રૂપિયાના સુજલામ્ સુફલામ્ના કામો માટે આપના હાથ ચોખ્ખા હોય, આપનું કાંઈ ગોઠવાયેલું ન હોય તો આખી બાબતની સી.બી.આઈ.ની તપાસ આપો અને જો આપને ક્લીન ચીટ મળે તો હું અને મારો પક્ષના સભ્યો આપને ફુલહાર કરવા માટે આવીશું. જો આપ ક્લીન ચીટ નીકળી શકો, આપ નીકળી શકો પરંતુ તેમ નથી એટલે બેઠાં બેઠાં ચચળાટ થાય એ ચચળાટને હું સમજી શકું. નહીં તો ખુલ્લા દિલે આવો અને કહો કે સી.બી.આઈ. તપાસ કરી લે, સુજલામ્ સુફલામ્માં અમારા હાથ ચોખ્ખા છે, સ્વચ્છ છીએ. ભલે સી.બી.આઈ. તપાસ કરે. તમારે ફુલહાર કરવા આવવું પડશે એમ કહેવું જોઈએ. પણ ઈન્ડિપેન્ડન્ટ એજન્સીથી તો આપના પગ ધ્રૂજે છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે એક બીજી વાત કરવી છે. આ વાત પણ ઘણાને ખટકશે. તા. ૩૦-૧-૨૦૦૧ના ઠરાવથી જે બીન ખેતી માટે પાણી વપરાતું હતું એના ભાવો નક્કી થયા. ઉદ્યોગો માટેના ભાવ નક્કી થયા અને આ ભાવો નક્કી થયા એ પાણી કોણ લેતું હતું? પાંચ કરોડની જનતા નહિં, પાંચ કરોડપતિઓ અને આ પાંચ કરોડપતિઓની ચિંતા કેટલી હવે ગઈ? પીવાના પાણી માટેના પૈસા જો કોઈ ન ભરે તો આપ એનું કનેકશન કાપી નાખો, ખેડૂતોને સિંચાઈનું પાણી ન આપો અને પાણી મળતું બંધ થઈ જાય. પાંચ કરોડની જનતાએ તો ભરવા જ પડે પણ આ પાંચ કરોડપતિઓ છે એના માટે એક સ્પેશિયલ સ્કીમ આવી. એ સ્કીમ શું આવી? એ સ્કીમ આવી કે જેમણે પૈસા ભર્યા નથી એમની પાસેથી દંડ નહીં લઈએ, જેમણે પૈસા ભર્યા નથી એની પાસેથી વ્યાજ નહીં લઈએ પણ હવે તમે પૈસા ભરવા આવો તો તમને સ્પેશિયલ રાહત આપીશું.અને આ સ્પેશ્યલ રાહતો કેટલી બસો, પાંચસો, સો, દોઢસો નહિ, હજાર, બે હજાર, લાખ, બે લાખ નહિ ૧૬૪.૪૯ કરોડની રાહતો મળી. બે મહિના માટેની યોજના લાવ્યા કે આ બે મહિનામાં જે પૈસા ભરશે એને અમે રાહતો આપીશું.

માનનીય અધ્યક્ષશ્રી, ત્રણ મોટી પ્રાઇવેટ કંપનીઓને ૮૮ ટકા લાભ. દોઢસો કરોડ રૂપિયાનો ફાયદો કોણ ત્રણ જણાને થયો? અમદાવાદ ઈલેક્ટ્રિસિટી, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ અને એસ્સાર સ્ટીલ, હજીરા આ ત્રણ જણાને દોઢસો કરોડ રૂપિયાનો ફાયદો આપે બે મહિનાની યોજના કરીને આપ્યો. હું આ ગૃહના તમામ સભ્યશ્રીઓને હૈયે હાથ રાખીને વિચારવા વિનંતી કરીશ, શું આપણે આ ગૃહમાં નાણાકીય મંજૂરીઓ આપીએ છીએ એ કોની ચિંતા

કરીને આપીએ છીએ એ પાંચ કરોડની જનતાની કે પાંચ કરોડપતિઓની? આ વિશે વિચારવાનું છે. શહેરી વિકાસ વિભાગે ચોક્કસ વ્યકિતઓના વિકાસ કર્યા છે. શહેરોનો વિકાસ કયાં?

માનનીય અધ્યક્ષશ્રી, હાઉસિંગ બોર્ડના દસ્તાવેજો કરવા માટે લાઈનો ખડકાય. લોકોને સૂવા ઘરે જવાનું ના સૂઝે અને બેસી રહેવું પડે. કારણ કે આપનો એક પરિપત્ર આવ્યો કે હવે તમારી કોઈ પણ જાતની પહેલાંથી ચાલી આવતી મિલકત છે એ પાવર ઓફ એર્ટનીના નામે હશે તો નહિ ચાલવા દઈએ. હવે અમે જંત્રીઓ પણ વધારીશું. હવે અમે બધું જ તમારી ઉપર નાંખીશું. પાંચ કરોડની જનતાએ તો દેવું પડે, લેવાનું તો પાંચ કરોડપતિઓને છે અને હાઉસિંગ બોર્ડમાં સફર કરનારી બહેનો જ્યારે પહોંચે ત્યારે એમ કહેવામાં આવે કે આ પૈસા તો ભરવા પડે,• (xxxxx) આવો જવાબ દેવામાં આવે ત્યારે માનનીય અધ્યક્ષશ્રી, આંતરડી કકળી ઊઠવી જોઈએ કે આપણે પ્રજાના પ્રતિનિધિઓ છીએ. શું આપણને આ શબ્દો આપણાં મોઢામાં શોભે ખરા? (અંતરાય) મેં કોઈનું નામ નથી આપ્યું.

**અધ્યક્ષશ્રી** : નહિ, નહિ, હું જાણું છું, તેમ છતાં (xxxxx) (અંતરાય) હું જાણું છું કે કહેવાયું હશે, પણ આપ કહો એ સારું નથી લાગતું. (અંતરાય) હું તમને ડિસ્ટર્બ નથી કરતો.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : આ કહેવાયું છે. હું એમ કહું છું કે ના કહેવાવું જોઈએ અને છતાંય કહેવાયું તેની શરમ મને થાય છે. આ શબ્દ હું રિપિટ નહિ કરું. હું એમાં ઊંડો નથી ઊતરવા માગતો, જનતા જાણે. જે વિસ્તારોમાં જ્યારે જે વસ્તુ બને છે. શહેરના વિકાસ માટેની વાત લઈને આવે ત્યારે એક બેલેન્સ ડેવલપમેન્ટ કરવું પડે. ઝૂંપડપટ્ટીમાં રહેનાર વ્યકિત, ગરીબ વિસતારમાં રહેનાર વ્યકિત એને પ્રાથમિક સુવિધા આપવાની આપણને ચિંતા નથી. કોઈ બિલ્ડર ખોટું કરે તો એને એમ કહીએ કે ઈમ્પેકટ ફી ભરી દે તારું રેગ્યુલરાઈઝ થઈ જશે. માત્ર અને માત્ર મહેનત કરીને માથું ઢંકાય એવું છાપરું કરીને બેઠો હોય એના ઉપર બુલડોઝર ફેરવવામાં આવશે, હઠો તમે અહીંયાથી અમારે અહીંયાં કાંઈક અમારું કરીને દેખાડવું છે. માનનીય અધ્યક્ષશ્રી, માનવતા કયાં ગઈ? આપો એને વૈકલ્પિક વ્યવસ્થા. તમારા વિકાસની જરૂર હોય તો આપો એને ઘર, આપો એને વ્યવસ્થા અને હઠાવો. વૈકલ્પિક વ્યવસ્થા આપ્યાં વગર કોઈ ગરીબના ઝૂંપડા તોડવાના. માનનીય અધ્યક્ષશ્રી, સમય લાગતો હોય છે. આપને કદાચ એમ લાગતું હોય કે અમે ફરી જીત્યાં, તો તો કેન્દ્રમાં પણ ઈન્ડિયા શાઈનિંગ, ઈન્ડિયા શાઈનિંગ, ફિલ ગુડ, ફિલ ગુડ ઘણું ચાલ્યું. તો શું એ ધોવાયા એટલે અને આવ્યાં એટલે અમે સિકંદર. અમે કયારેય કેન્દ્રમાં એવી વાત નથી કરી.

"ભૂખ્યાં જનોનો જઠરાગ્નિ જાગશે, ખંડેરની ભસ્મ કણી ન લાધશે"

આ ગરીબની હાય "દરબાર મેં ઉપરવાલે કે દેર હૈ, અંધેર નહિ હૈ" અને એટલે એમને જરા ચચળાટ થતો હોય છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે છેલ્લી બાબત સિંચાઈ વિભાગ ઉપર કહેવી છે. સુરતની અંદર પૂર હોનારત કુદરત સર્જિત નહોતી.સરકારની ભુલને કારણે ઉભી થયેલી માનવ સર્જીત આફત હતી ત્યાંના જાગૃત નાગરિકોએ કહ્યું, ત્યાંના કલેકટરે ઓન રેકર્ડ પત્ર લખ્યો કે સાહેબ પાણી લેવલથી વધી ગયું છે.

**શ્રી અમિત અ. શાહ**: માનનીય અધ્યક્ષશ્રી, કમિશન આ સંપૂર્ણ બાબતની તપાસ કરી રહ્યું છે આના ઉલ્લેખો આ ગૃહની અંદર ન થઈ શકે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, અને એ સંજોગોની અંદર જયારે હું એ કમિશનની વાતમાં નહીં પડું માનનીય અધ્યક્ષશ્રી, મારી પાસે વિષયો ઘણા છે એમને જયાં જયાં ચચરે ત્યાંથી દૂર રહીને બીજું ચચળાવી શકીશ.(અંતરાય).માનનીય અધ્યક્ષશ્રી, કાળુભાર ડેમના પાંચ દરવાજા કે ત્રણ દરવાજા તુટે, ખોલી ન શકે તંત્ર અને જે પાણી આવે એ તારાજી સર્જી નાખે. ત્રણ ત્રણ સિસ્ટમ આપી હોય ડેમ બનાવનારાએ કે ઈલેકટ્રીકથી દરવાજા ખોલી શકાશે. ઈલેકટ્રીક ફેઈલ જાય તો ત્યાં જનરેટર છે જનરેટર ચાલુ કરીને દરવાજા ખોલી શકાશે એ પણ ફેઈલ જાય તો માનવ પાવરનો ઉપયોગ કરીને, મેન પાવરથી હાથથી ફેરવીને પણ દરવાજા ખોલી શકાશે પણ માનનીય અધ્યક્ષશ્રી, આમાંથી કશું જ કરવામાં ન આવે આ રીપેરીંગ માટે વપરાતું ગ્રીસ રંઘોળા કે ઢસ્સાની બજારમાં જાવ તો સ્પેશ્યલ ગ્રીસ તમને મળે દરેક ગેરેજવાળા એ વાપરે. મેન્ટેનન્સ માટેની વ્યવસ્થા નથી. આજે દરવાજા તુટયા એને કેટલો સમય થયો? આ બીજા ચોમાસાના દરવાજે આવીને આપણે ઊભા છીએ. માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય સભ્યશ્રી આત્મારામભાઈના આત્માને ઢંઢોળવાનો પ્રયત્ન કરું છું એમનો મત વિસ્તાર છે. આ કારણે કરોડો રૂપિયાનું નુકસાન ખેડૂતોને જવાનું આ કાળુભાર ડેમના દરવાજા બંધ નહીં થાય તો. આ સિઝન તો ગઈ. ધસમસતા પાણીમાં પણ ડેમોના કામ કર્યાના દાખલાઓ છે. મંત્રીશ્રીઓ ત્યાં જઈને બેઠાના દાખલાઓ છે. મોરબીમાં પુર હોનારત આવે, બાબુભાઈ જશભાઈ પટેલ ત્યાં ઓટલા પર બેસીને આખું સચિવાલય ચલાવે એવા મુખ્યમંત્રી હોય અને આજના વિશે કહીશ તો ચચરાટ થશે પણ કમ્પેરીઝન આપ જ કરજો. માનનીય અધ્યક્ષશ્રી, મારે એક વાત એ પણ કરવી છે બાબરા તાલુકામાં દરેર-ખાખરીયા યોજના ૧૯૯૯માં મંજૂર થઈ. આપણે ૨૦૦૮માં આવ્યા આપે કામ આગળ વધાર્યું ખરું? માનનીય અધ્યક્ષશ્રી, મારા અન્ય સભ્યશ્રીઓ ચર્ચામાં ભાગ લેવાના છે માટે વિશેષ નહીં કહેતાં જે આપે હમણાં નવા શહેરમાં વિસ્તારો ભેળવ્યા છે. અમદાવાદની અંદર ભેળવ્યા છે, બીજે ભેળવ્યા છે ત્યાં જે જુની નગરપાલિકા કે પંચાયતોના કર્મચારીઓ હતા ૧૯૮૬ના અંદર યાદ કરજો એ બધાને લાભો અપાયા છે. આજે આ બધાને લાભો આપવા એ આપની ફરજિયાત જવાબદારી ગણીને

• **(xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.**

આપે આ ઉઠાવવું પડશે. કારણકે એ માણસ કયાં જઈને રહેવાનો છે? આપના નિર્ણયના કારણે સહન કરવું પડશે. ત્યારે આ વિભાગ ઘણો જ ભ્રષ્ટાચારથી ખરડાયેલો વિભાગ છે એમછતાં જો રાજય સરકાર બહાર આવશે કે અમે સુજલામ્ સૂફલામ્‌માં સી.બી.આઈ.ની તપાસ કરાવીને હું ખાતો નથી અને ખાવા દેતો નથી એ સાબિત કરવા માગીએ છીએ તો હું મારા માનનીય સભ્યશ્રીઓને વિનંતી કરીશ કે અમે કાપ દરખાસ્તો પાછી ખેંચી લઈએ છીએ નહીં તો આ વિભાગની કોઈ માગણીઓને અમે સમર્થન આપી શકતા નથી.

**શ્રી દોલતરાય ના. દેસાઈ (વલસાડ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જળસંપત્તિ, પાણી પુરવઠા, કલ્પસર, શહેરી વિકાસ અને ગૃહનિર્માણની જે માગણી લઈને આવ્યા છે તેને હું સમર્થન આપું છું. એકલું સમર્થન જ નથી આપતો પણ અભિનંદન આપું છું અને આભારની લાગણી પણ વ્યકત કરું છું કારણકે સાહેબ આપ જાણો છો કે મારી આ વિધાનસભાની કારકિર્દી પાંચ ટર્મની છે અને છઠ્ઠી ટર્મમાં હું પ્રવેશ્યો છું. પાંચ ટર્મમાં મને જેમની સાથે કામ કરવાનો મોકો મળેલો એમને મારા વિસ્તારના જે જટિલ પ્રશ્નો છે એ પ્રશ્નો માટે દર્દભરી વિનંતી કરી હતી અને વિનંતી માન્ય પણ રાખેલી અને તે વખતના જે તે જળસંપત્તિ મંત્રીએ સ્થળ પર મુલાકાત પણ લીધેલી, હૈયાધારણ પણ આપેલી.પણ પરિણામ શૂન્ય અને આપ જાણો છો સાહેબ, મારે તમારા નામનો ઉલ્લેખ ન કરવો જોઈએ. કદાચ ન છુટકે કરું તો વાંધો નથી.

**અધ્યક્ષશ્રી** : મને વાંધો છે.

**શ્રી દોલતરાય ના. દેસાઈ** :એમાં સવાલ જ નથી. આપ માર્ગદર્શન આપી શકો. આપ માર્ગદર્શન ન આપી શકો? આપ એક આગેવાન અને રાજકીય પરિપકવ નેતા તરીકે આપ મને માર્ગદર્શન આપી શકો અને આપે મને માર્ગદર્શન આપ્યું અને મેં જૂનું કૂળ છોડીને નવા કૂળમાં પ્રવેશ કર્યો. નવા કૂળ તે ભારતીય જનતા પાર્ટી અને મને કહેવા દો. અમારો વલસાડ જિલ્લો છે. એમાં એકબાજુ દરિયો અને એક બાજુ વનબંધુ. અને વલસાડ જિલ્લાના દરિયાના ધોવાણનો પ્રશ્ન છે એ અતિ વિકટ છે. મેં કહ્યું તે સમય દરમ્યાનમાં દરિયાઈ ધોવાણને લીધે કેટલાક વિભાગો ગામના ગામ ગરક થઈ ગયેલા. જીવન મરણના પ્રશ્નની વાત કરતાં હોઈએ, ત્યારે જીવન મરણના પ્રશ્ન માટે અમે પરિણામ ન મેળવતા હોય તો તમારા જેવા મિત્રને છોડવા પડેલા (અંતરાય) હું કહેવા માગું છું કે અને ૧૯૯૫ માં ભારતીય જનતા પાર્ટીના નેતૃત્વવાળી સરકાર આવી અને સરકાર કેશુભાઈ પટેલના નેતૃત્વમાં કેશુભાઈ પટેલ વિરોધ પક્ષના નેતા તરીકે મારી વિનંતીને માન આપીને આ બધા સ્થળોની મુલાકાત લીધેલી. એમની આંખમાં અશ્રુ પણ આવેલા. જે દરિયો એકબાજુ બેસે અને બાજુમાં નીકળે અને અડધું ગામ ગરક થઈ ગયેલું. સ્કૂલો ન મળે. ત્યારે એમણે એક નોંધ લખેલી. ચિમનભાઈ પટેલની સરકારને નોંધ લખેલી, પરંતુ કાઈ પરિણામ ન આવ્યું. કેશુભાઈની સરકારમાં આ જ જળસંપત્તિ મંત્રી નીતિનભાઈ પટેલે જે પ્રક્રિયા શરૂ કરી અને ત્યારપછી એ પ્રક્રિયા જે કઈ ધોવાણ અટકાવવાની પ્રક્રિયા અને એ પ્રક્રિયા નીતિનભાઈએ શરૂ કરી અને નરોત્તમભાઈએ ચાલુ રાખી અને આજે વલસાડ જિલ્લામાં કરોડો રૂપિયાના કામો આ દરિયાઈ ધોવાણ અટકાવવાનાં થયાં છે અને તેના લીધે તમે બધા થાણે બેસો છો આ જ કારણ છે. હજારો વસ્તી (અંતરાય) અરે અરે ના કરો ભાઈ, જીતુભાઈ, અરે, અરે નહિ, પણ બધું કરવું પડે. હું કદાચ કહીશ હ્રદય પણ તમારું બંધ થઈ જશે. કહેવાનો ભાવાર્થ એમ છે કે હજારો માણસની વસ્તી કાંઠા ઉપર જીવિત જે દરિયાઈ કાંઠે જીવિત વસ્તી માનસિક તનાવમાં જીવતી હતી. મરણ જીવનનો સવાલ હતો. એને કહીએ ખરેખર દાદ આપી હોય તો ભારતીય જનતા પાર્ટીની સરકારે અમના નેતૃત્વે આપી છે. નવું નેતૃત્વ તમને પાછું ખરાબ લાગવાનું છે.

**અધ્યક્ષશ્રી** : આપ મને કહો.

**શ્રી દોલતરાય ના. દેસાઈ** : એનું કારણ એ છે કે ૬૧ વર્ષની આઝાદી પછી કોઈ મુખ્યમંત્રીએ એમના તરફ ધ્યાન આપ્યું નથી. અને એ બધાને યાતનામાંથી બહાર લાવવા માટે વનબંધુ યોજના, સાગર ખેડુ યોજના ૧૧ હજાર કરોડની. મારે નીતિનભાઈને વિનંતી કરવાની છે કે ૧૧ હજાર કરોડની યોજનામાં બીજા બધા નિગમો સામેલ થયા હશે, પણ નીતિનભાઈને મારી વિનંતી છે કે એ બધા વિભાગની કોઈ જરૂર અમને નથી, કારણ કે ત્યાં જીવન મરણનો સવાલ છે, એ લોકો જીવશે તો બીજી બધી સુવિધા ભોગવશે. એ લોકો જીવશે નહિ તો સુવિધા કોણ ભોગવશે? મારી આપને વિનંતી છે કે ૧૧ હજાર કરોડની યોજનામાં જે કઈ બીજી સુવિધા છે તે ન આપીને, પણ આ દરિયાઈ ધોવાણ સંપૂર્ણ બંધ કરો. આજે કરોડો રૂપિયાનું હજુ ધોવાણ કામ ચાલુ છે, છતાં પણ બાકી છે, તો એના માટે જોગવાઈ કરીને દરિયાઈ ધોવાણ બંધ કરીને, જે લોકો માનસિક તનાવમાં જીવે છે. એમને એમાંથી બહાર લાવવા માટેની મારી નમ્ર વિનંતી છે. આવાં અનેક કામો થયાં છે. જળસંપત્તિ વિભાગમાં હું શક્તિભાઈને બહુ માનથી જોઉં છું. તળાવો ધોવાઈ ગયા એ અંગે તમને મારી વિનંતી છે કે તમારી એક કમિટી નીમો અને વલસાડ જિલ્લામાં ખોદાયેલા તળાવો જુઓ. એક પણ તળાવમાંથી જો એક પણ કાંકરો નીકળેલો બતાવો તો તે દિવસે તમને મારું રાજીનામું સુપરત કરીશ. કારણકે એમ પણ મારા સાહેબ, માનનીય અધ્યક્ષશ્રી, હું ૭૮ વર્ષ જીવ્યો છું એટલે નિવૃત્તિનો સમય છે મારો. પણ મારે તમને ચોક્કસ આ ભાઈ જીતુભાઈને સોંપો જીતુભાઈ ઉપર વિશ્વાસ છે. વન મેન કમિટી નીમો. જે તવાળો ખોદાયા છે તેનો ઉપયોગ તમે જુઓ. તો કાંઠા વિસ્તારના ગામોના કૂવા ખારા પાણીના હતા. તે તળાવમાં પાણી ભરાવાથી તળાવના સીપેજના પાણીથી કૂવાના ખારા પાણી મીઠા થયા અને તેનું સ્તર ઉંચું આવ્યું અને પાણીની જે કઈ મુસીબત હતી તે મુસીબત ટળી છે. આવા તો અનેક કામો થયા છે. મિનિસ્ટર તો ભાઈ થઈ ગયેલા. થઈ ગયેલા. મારે કઈ બાકી નથી. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : અમિતભાઈ, આપને ફરીવાર કહું કે આપ એક એવા પરિવારમાંથી આવો છો. સિનિયર સભ્ય બોલે છે. તમારા દાદાથી માંડીને બધાએ સંસદીય સંસ્કારો તમને આપ્યા છે. પ્લીઝ આઈ રીકવેસ્ટ યુ.

**શ્રી દોલતરાય ના. દેસાઈ :** તે તળાવોનું કામ તમે જુઓ તો તળાવો અનેક અને મને હું તમને એ સવાલ પૂછવા માગું છું એક જ. હું મારી પોતાની મોટાઈ માટે સવાલ નથી પૂછતો. પણ સાહેબ ૯૦:૧૦ ની સ્કીમમાં કેટલા ધારાસભ્યએ કેટલા લાખ રૂપિયા આપ્યા તળાવો માટે તે મને જણાવો. મેં સાત લાખ રૂપિયા મેંચીંગ ગ્રાન્ટમાં આપ્યા છે. મેચીંગ ગ્રાન્ટમાં આપીને આ રીતે તમે સરકારને સહકાર આપો ભાઈ. સહકાર આપો તો જ આ બાજું અવાશે. નહીં તો આ બાજું નહીં અવાય. ત્યાં જ રહેવાશે. મેં વર્ષો પહેલાં પણ તમને કહ્યું હતું કે તમે જે કઈ કહો છો અહીંયાં કે * (xxxxx)

**અધ્યક્ષશ્રી** : માનનીય સભ્યશ્રી દોલતભાઈ.

**શ્રી દોલતરાય ના. દેસાઈ :** ભૂલ થતી હોય તો માફ કરજો સાહેબ.

**અધ્યક્ષશ્રી** : નહીં માફ કરવાનો પ્રશ્ન નથી. આપ વડીલ છો અને આપ આ રીતે કહો તે શબ્દો હું કાઢી નાંખું છું.

**શ્રી દોલતરાય ના. દેસાઈ :** નહીં સાહેબ આ હું બોલેલો છું. કાઢવાનો કોઈ સવાલ નથી.

**અધ્યક્ષશ્રી** : આપને તે શોભે નહીં. આપ આગળ વધો. બાકીની વાત હું કાઢી નાંખું છું.

**શ્રી દોલતરાય ના. દેસાઈ :** મેં વ્યકિતગત આક્ષેપ નથી કર્યો. જનરલ કર્યો છે.

**અધ્યક્ષશ્રી** : એ ચર્ચામાં ન પડો શ્રી દોલતભાઈ.

**શ્રી દોલતરાય ના. દેસાઈ :** એટલે જળસંપત્તિ વિભાગે જે કામગીરી કરી છે તે ખરેખર પ્રશંસનીય છે અને મને સ્પર્શે છે અને હું રોજેરોજ તેનું પરિણામ જોઉ છું. તમે નહેરનું જુઓ. જળસંપત્તિમાં સિંચાઈ વિભાગ પણ આવે છે. તે સિંચાઈ વિભાગમાં આ જે નહેરો છે તે સિલ્ટીંગથી પૂરાઈ ગયેલી સાહેબ. એ વર્ષોથી પુરાયેલી નહેર કોઈને દેખાઈ નહીં અને સીલ્ટીંગ કાઢી નહીં શક્યા. એટલે પાણી પૂરું મળવું જોઈતું હતું અને ખેડૂતોનો કમાન્ડ એરિયા મોટો નકશા ઉપર બતાવેલો હતો. પણ કમાન્ડ એરિયામાં પાણી જાય તો તેનો ઉપયોગ કરે ને. આજે કમાન્ડ એરિયાના એકે એક વીઘામાં આ પાણી ફરે છે સાહેબ. એના લીધે સાહેબ, પણ કૃષિનું જે ઉત્પાદન વધ્યું તેનું કારણ જો કોઈ હોય તો જળસંપત્તિ વિભાગનો સિંચાઈ વિભાગ છે કે જેણે નહેર સાફ કરી અને પાણી દોડતું થયું. હજારો એકર જમીન સાહેબ જે કમાન્ડ એરિયામાં હતી તે પિયતમાં આવી અને તેમાંથી આપણે પાક લઈ શક્યા છીએ. બીજું સાહેબ સિંચાઈનું જે પાણી જાય તે સીપેજ થયું સીપેજનું પાણી હજારો એકરમાં ફરી વળે. જમીન નકામી થઈ જાય ખેતી ન થઈ શકે. સાહેબ એમાં પહેલીવાર કાંસ કર્યા અને કાંસમાંથી સીપેજનું પાણી બહાર કાઢી અને ખાડીમાં નાંખ્યું આજે હજારો એકર જમીનમાં ખેતી થવા માંડી છે. આ બધુ કૃષિ મહોત્સવમાં જે કઈ વધ્યું ને ભાઈ, ૯ કરોડમાંથી ૩૪ કરોડ હું કોઈ આંકડામાં પડવા માગતો નથી. પણ તેનું કારણ આ છે કે આ સરકારે ઝીણીમાં ઝીણી વસ્તુમાં ધ્યાન આપ્યું છે. આજે કાંસ ખોધ્યા અને કાંસ ખોદીને જે ખાડીમાં પાણી ગયું તે ખાડીમાં પાણી ફલો થઈને ઉપર ચઢે નહીં એટલે નાળાં પણ બાંધ્યા છે. આવી વિશિષ્ટ કામગીરી છે. તમે એક કમિટી સામેથી કહું છું. એ તો કહી શકાય કે નહીં સાહેબ કે એ લોકો જોવા આવે એ પણ નહીં કહેવાતું હોય તો જુદી વાત છે. પણ આટલા વર્ષથી છું ત્યારે મને લાગે છે કોઈ અસંસદીય શબ્દો હું નહીં બોલું, હું પ્રયત્ન કરીશ. પણ પ્રમાણિક વાત તો મારે કહેવી પડે કે નહીં. જે પ્રમાણિક વાત મારે નહીં કહેવાની હોય તો હું ઉપસ્થિત શું કામ થયો? (સમયસૂચક ઘંટડી) એવા અનેક કામો છે. તમે બેલ મારો એટલે હું તો. બેસી જઈશ. માટે ફરીથી હું કહું છું કે આપ સૌને ફરીથી એક જ છેલ્લી નમ્ર વિનંતી છે. મોઢવાડિયા સાહેબ, રાઠવા સાહેબને બહુ રીસ્પેકટ આપું છું. તમે કમિટી લઈ આવો. કમિટી નીમો. મેં જે કઈ વાતો કરી છે જળસંપત્તિ વિભાગની અને શ્રેષ્ઠ મુખ્યમંત્રી આ ત્રણ પૅકેજના. તેમાં કોઈ ત્રુટિ લાગે તો ત્યાં ચોક્કસ સમજ આપશો તો ત્યાં મારી રાજીનામું આપવાની તૈયારી છે. હકીકત તો તમે સ્વીકારો. હકીકત તો સ્વીકારવી પડે કે નહીં? હકીકત સ્વીકારો તો મને લાગે છે મારી તમને શુભેચ્છા છે. ફરીથી માગણીને આવકાર આપી મારી વાત પૂરી કરું છું.

**શ્રી જીતેન્દ્ર સુખડીયા(સયાજીગંજ)** : માનનીય અધ્યક્ષશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના માનનીય મંત્રીશ્રી શહેરી વિકાસ માટે રૂપિયા ૩૪૨૭.૫૫ કરોડની માગણીઓ લઈને આવ્યા છે તેને હું અનુમોદન આપવા માટે ઊભો થયો છું.

શહેરી વિકાસ માટે એક મહત્ત્વની બાબત આ અંદાજપત્રમાં એ પ્રકારની છે કે જે દરખાસ્તો આવી છે તેમાં સદર અંદાજપત્રમાં શિક્ષણ વિભાગ માટે સૌથી વધુ ૫૫૮૪.૮૧ કરોડની રકમની માગણીઓ કરવામાં આવી છે જ્યારે બીજા ક્રમે શહેરી વિકાસને પ્રાથમિકતા આપી છે. શહેરી વિકાસ માટે થઈને કુલ ૩૪૨૭.૫૫ કરોડની માગણીઓ સાથે આપણે બીજા ક્રમે આ માગણીઓને અગ્રિમતા આપી છે. ગુજરાતમાં ૨૦૦૧ની સ્થિતિએ ૩૮ ટકા વસતિ શહેરોમાં વસે છે અને ૨૦૧૧ સુધીમાં શહેરી વસતિનું પ્રમાણ ૫૦ ટકા ઉપર થવાની શક્યતાઓ છે અને તે પ્રમાણે અંદાજો તૈયાર કરવામાં આવે છે. ગુજરાતમાં શહેરી વિસ્તારોનું વસતિનું પ્રમાણ બીજા રાજયોની

* (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

સરખામણીએ ઘણું ઊંચું છે. ગુજરાત દેશમાં સૌથી વધુ ઝડપથી શહેરીકરણ થઈ રહેલાં રાજયોમાં એક અગ્રિમ રાજય છે. ૨૦૦૧ની વસતિ ગણતરી પ્રમાણે રાજયમાં ૨૬૪ શહેરી વિસ્તારો છે અને રાજયમાં કુલ ૧૫૯ નગરપાલિકાઓ અને ૭ મહાનગરપાલિકાઓ અસ્તિત્વ ધરાવે છે. સર્વેક્ષેત્રિય વિકાસની બાબતમાં આજે ગુજરાત દેશમાં પ્રથમ નંબરે છે. રાજયમાં માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ કુશળતાથી રાજયનો વિકાસ કર્યો છે અને દેશ અને દુનિયામાં ગુજરાતનું નામ રોશન કર્યું છે, જે વાતાવરણ નિર્માણ થયું તેનાથી પ્રેરાઈને ૨૦૦૩ થી ૨૦૦૭ના વર્ષો દરમિયાન કુલ ચાર ગ્લોબલ સમીટમાં, ઈન્વેસ્ટર્સ સમીટમાં આપણે ૮,૩૮,૨૨૮ કરોડના મૂડી રોકાણોની દરખાસ્તો મેળવી ચૂક્યા છીએ, તે પૈકી કેટલાક પ્રોજૅકટ પૂરા થવામાં પણ આવ્યા છે પરંતુ આ મૂડીરોકાણ આવશે, ઔદ્યોગિક વિકાસ થશે, શહેરીકરણમાં એક પ્રકારની વૃદ્ધિ થઈ રહી છે તેને કારણે માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ સાચે જ કહ્યું છે કે," મારે મારા નગરો અને મહાનગરોને વિશ્વકક્ષાના બનાવવા છે." એ આવી રહેલા દિવસોમાં, આગામી દિવસોમાં આપણું રાજય આ બીઝનૅસ ટ્રાન્જેકશન માટે થઈને આ મહાનગરો અને નગરો એ પ્રવૃત્તિના કેન્દ્રો બને ત્યારે એ વિશ્વકક્ષાના હોવા એ જરૂરી છે અને એટલા માટે થઈને તેને માટે વધુ રકમની માગણીઓ માનનીય મંત્રીશ્રી લઈને આવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ બાબતમાં ખાસ કહેવાય કે, આ ન્યૂન યોજના અંતર્ગત એના અમલમાં ૨૦૦૮ની ફેબ્રુઆરીની સ્થિતિએ કેન્દ્ર સરકારે મહારાષ્ટ્રના ૫૬ પ્રોજૅકટોને મંજૂર રાખ્યા છે, ૭૨૩૨ કરોડ રૂપિયાની એમણે ફાળવણી કરી છે, આંધ્રને ૨૯ પ્રોજૅકટોના માટે ૩૭૭૦ કરોડ રૂપિયાની ફાળવણી થઈ છે, ગુજરાતને ૫૩ પ્રોજૅકટો માટે થઈને ૩૧૧૪ કરોડ રૂપિયાની ફાળવણી થઈ છે. જે ગતિએ ગુજરાતનો વિકાસ થઈ રહ્યો છે, ગુજરાતના મહાનગરોનો જે રીતે વિકાસ થઈ રહ્યો છે એની સરખામણીમાં ગુજરાત પાસેથી જબરજસ્ત ટેકસ પેટે મોટી રકમો વસૂલ કરીને આપવાનું થાય છે ત્યારે ઘણું ઓછું કેન્દ્ર સરકાર આપે છે ત્યારે આ રીતે જે શિલિંગ આવી છે આપણા ઉપર એને કારણે જે પ્રમાણે, જે ગતિએ વિકાસ કરવો જોઈએ એ ગતિએ વિકાસ કરવા માટે આપણે શકિતમાન બનતા નથી અને એના માટે થઈને રાજય ભંડોળમાંથી વધુ રકમની જોગવાઈ કરવાનું માનનીય મંત્રીશ્રીએ પ્રયોજેલું છે.

માનનીય અધ્યક્ષશ્રી, શહેરોને, નગરોને અને મહાનગરોને વિશ્વ કક્ષાના બનાવવા માટે થઈને એને જોઈતી માળખાકીય સુવિધાઓ તાત્કાલિક રીતે ખૂબ ઝડપથી .કરવાની આવશ્યકતા ઉભી થઈ છે અને તેથી જે પ્રકારના પ્રોજેકટ હાથ ધરવામાં આવ્યા છે એ યોગ્ય રૂપે. થાય તે માટે સતત વિભાગ દ્વારા આ બાબતમાં કાળજી લેવાય રહી છે પરિણામ સ્વરૂપ આપણા ૭ મહાનગરો પૈકીના સુરત-રાજકોટ-અમદાવાદ અને વડોદરામાં જબરજસ્ત પરિવર્તન આવ્યાનું આપણને દેખાઈ રહ્યું છે. હજુ પણ આની ગતિ વધારીને ૨૦૨૧ના વર્ષમાં જ્યારે ગુજરાત રાજયની શહેરી વસતિનું પ્રમાણ ૫૦-૫૦ ટકાના ઈકવલ દરે વધવાનું છે ત્યારે એને ખૂબ જ માળખાકીય સુવિધાની જરૂર પડશે આ માટે જે માગણીઓ લઈને માનનીય મંત્રીશ્રી આવ્યા છે એને હું મારું સમર્થન આપું છું.

**શ્રી સિદ્ધાર્થ ચી. પટેલ(ડભોઈ)** : માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠો અને કલ્પસર વિભાગની માગણીઓ લઈને માનનીય મંત્રીશ્રી આ સભાગૃહ સમક્ષ આવ્યા છે ત્યારે એ સંદર્ભમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા ગુજરાતની જીવાદોરી છે. સરદાર સરોવર બંધ ગુજરાતના આર્થિક વિકાસ માટે એક ખૂબ જ મહત્ત્વનું કહી શકાય એવું સોપાન છે. સરદાર સરોવર બંધ બનાવવા માટે ૧૯૯૧-૯૨ની ભાવ સપાટીએ ૧૩૧૮૦ કરોડ રૂપિયાનો ખર્ચ કરવાનો હતો. સપ્ટેમ્બર ૨૦૦૭ સુધીમાં આપણે ૨૪૭૩૫ કરોડ રૂપિયા તો અત્યાર સુધીમાં ખર્ચી ચૂક્યા છીએ અને હજી હજારો-કરોડ રૂપિયા ખર્ચવાની આવશ્યકતા છે. એટલે બંધનું કામ જે ધીમી ગતિએ ચાલી રહ્યું છે, કેનાલોના કામો જે ધીમી ગતિએ ચાલી રહ્યાં છે અને એના કારણે જે વિલંબ થાય છે અને જેના કારણે ખર્ચમાં જે ગુજરાતની પ્રજા ઉપર કરોડો રૂપિયાનો એક ખોટો બોજો આપણે નાખી રહ્યા છીએ. બંધની ઊંચાઈ ૩૧મી ડિસૅમ્બર, (અંતરાય)

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આજે નર્મદા વિભાગની ચર્ચા છે જ નહીં, નર્મદાનું બજેટ તો સન્માનીય ગૃહે ઓલરેડી મંજૂર કરી દીધું છે એટલે પાણી પુરવઠા અને સિંચાઈ ઉપર જ આપ આપના અમૂલ્ય સૂચનો આપો આપના સૂચનોને અમૂલ્ય ગણું છું એટલે માત્ર આપનું ધ્યાન દોરું છું.

**શ્રી સિદ્ધાર્થ ચી. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું એના ઉપર જ આવું છું. બંધના કામોમાં જે વિલંબ થઈ રહ્યો છે એના કારણે સિંચાઈની જે સગવડો ઉભી થવી જોઈતી હતી એ સગવડો ઉભી નથી થઈ શકી એ મુદ્દા ઉપર જ હું આવી રહ્યો છું. નર્મદાની નહેરો બનાવવાનું કામ પહેલો તબક્કો અને બીજો તબક્કો એમ બે તબક્કામાં નક્કી કરવામાં આવ્યું. પહેલા તબક્કામાં ૩.૬૮ લાખ હેકટર જમીનને સિંચાઈની સગવડ આપવાની હતી. કામો એવી રીતે કરવામાં આવ્યા કે પહેલા તબક્કામાં આપણે ૧.૨૯ લાખ હેકટર જમીનને ઓછી સિંચાઈ આપી શકયા અને બીજા તબક્કામાં જે ૧૪ લાખ હેકટર જમીનને સિંચાઈની સગવડ આપવાની હતી એમાંથી માત્ર ૧.૬૫ લાખ હેકટરના કામો જ આજે ચાલુ છે. અને સરકારનું આયોજન એવું છે કે, ૧.૨૦ લાખ હેકટર જમીનને જ આપણે સિંચાઇની સગવડો આપી શકવાના અને બાકીની જમીનો હજી પણ વર્ષો સુધી સિંચાઇની સગવડ વગર રહેવાની. સિંચાઇના દરોમાં એટલા મોટા પાયા પર વધારો કરવામાં આવ્યો. વધારો તો ઠીક પણ, પાણી છોડવામાં આવે અને જેટલું પાણી છોડવામાં આવે એ તમામ પાણીની કવોન્ટીટી ગણી અને ખેડૂતો ઉપર એનું બિલ મોકલવામાં આવે, ખેડૂતોના

ઉપર લાખ લાખ રૂપિયાના પાણીના, સિંચાઇના દરોના કારણે બિલ આવ્યા હોય એવા દાખલાઓ પણ અનેક આ ગુજરાતની અંદર જોવામાં આવે છે. વોટર યુઝર્સ એસોસિએશન બનાવવાનું નક્કી કરવામાં આવ્યું. મંડળીઓની રચનાઓ તો થઈ પણ એ હજી મંડળીઓ કાર્યરત નથી થઈ શકી અને એ મંડળીઓ કાર્યરત ન થવાના કારણે રાજયની દૂધ સહકારી મંડળીઓને આ પાણીના વિતરણની વ્યવસ્થા સોંપવાનો નિર્ણય કરવામાં આવ્યો. એમને જે ટ્રેનિંગ આપવાની છે એ ટ્રેનિંગ આપવા માટે પૂરતી કામગીરી સરકાર દ્વારા કરવામાં આવતી નથી અને પરિણામે આ કામગીરી ન થવાના કારણે આજે પણ ઢાળિયાઓ બન્યા નથી આજે પણ સગવડો ઊભી થઈ નથી અને આપણે પાણી ખેતરો સુધી આજે પણ પહોંચાડી શકતા નથી એવી સ્થિતિ ઉપસ્થિત થઈ છે. નર્મદાથી પચાસ ટકા જમીનને પાણી મળવાનું. બાકીની પચાસ ટકા જમીનનું શું? એક કલ્પસર યોજના ઊભી કરવામાં આવી. કોનું બ્રેઈનચાઈલ્ડ હતું, કોના કહેવાથી આ યોજના કરવામાં આવી એ વિગતોમાં મારે નથી જવું. પરંતુ ૧૯૯૫થી ૨૦૦૮, તેર તેર વર્ષનો સમય થઈ ગયો અને આ તેર તેર વર્ષના ગાળા દરમિયાન હજી આપણે એની પ્રારંભિક ચકાસણી પૂરી કરી શક્યા નથી. ચાર ચાર એજન્સીઓ બદલી દેવામાં આવી અને કરોડો રૂપિયાનો ખર્ચ થયાં છતાં પણ હજી એ ૫૦ ટકા જમીનનું જે આયોજન કરવાનો વિચાર કર્યો એ હજી એમને એમ ઊભો છે. ૫૪૦૦૦ કરોડ રૂપિયાના ખર્ચે યોજના કરવાની અને નર્મદાનો આપણો અનુભવ એવો છે કે ત્રીસ ત્રીસ વર્ષ સુધી, પચીસ પચીસ વર્ષ સુધી યોજના પૂરી ન થાય, ખર્ચો વધતો જાય અને એ જ પરિસ્થિતિ આ યોજનામાં થાય તો આ ખર્ચ કયાં જઈને અટકશે અને ગુજરાતના ખેડૂતો જે પાણીની રાહ જોઈને બેઠાં છે એને આપણે ક્યારે પાણી આપી શકીશું એ સવાલ બહુ મહત્ત્વનો છે.

એક વાયેબલ વૈકલ્પિક વ્યવસ્થા ગોઠવવાના બદલે એક એવા પ્રોજેક્ટ પાછળ આપણે ચાલી રહ્યા છીએ કે જાણે ગુજરાતના ખેડૂતોને એક તારા બતાવવાનો પ્રયત્નો સરકાર દ્વારા થઈ રહ્યો છે. હવે આ આખી યોજનામાંથી સિંચાઇ કેટલી મળવાની? દરિયાકાંઠાના ૧૦.૫ લાખ હેકટર જમીનને આમાંથી સિંચાઇની સગવડ મળવાની અને એમ છતાંય ગુજરાતનો ઘણો બધો ભાગ તો સિચાઈની સગવડ વગરનો બાકી રહેવાનો અને એવા સંજોગોમાં કે જ્યારે સમગ્ર ગુજરાતની સિંચાઇની વ્યવસ્થાનો વિચાર કરીએ તો માત્ર ૩૪ ટકા જમીન જ હજી આપણે સિંચાઇ હેઠળ ચોખ્ખી સિંચાઇ હેઠળ આપણે લાવી શક્યા છીએ અને બાકીની જમીન હજી આજે પણ સિંચાઇની સગવડ વગર રહી છે. આ સંજોગોમાં મારી આપના થકી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે, ગુજરાતનો ખેડૂત આજે સિંચાઇની સગવડો માટે ટળવળી રહ્યો છે. ગુજરાતમાં ખેતીનો વિકાસ કરવાની આપણે વાત કરીએ પણ જો ગુજરાતના ખેડૂતને પાયાની સગવડ જો આપણે પૂરી નહિ પાડી શકીએ તો જે રીતે આપણે ખેતીનો વિકાસ કરવા માગીએ છીએ અને જે રીતે ખેડૂતનો વિકાસ કરવા માગીએ છીએ એ વિકાસ થઈ શકશે નહિ અને જ્યારે ૩૪ ટકા સિવાયની તમામ જમીન આજે સિંચાઇની સગવડ વગરની હોય ત્યારે નજીકના ભવિષ્યમાં આપણે ખેડૂતને સિંચાઇની સગવડ કેવી રીતે પૂરી પાડી શકીએ? લાંબાગાળાની યોજનાઓ તો થશે, પણ ટૂંકાગાળામાં પણ ખેડૂતોને સિંચાઇની સગવડ કેવી રીતે પૂરી પાડી શકીએ એનો આજે વિચાર કરવાની આવશ્યકતા ઊભી થઈ છે અને એ આવશ્યકતાઓ પ્રમાણે કામ કરી અને ખેડૂતને સગવડ પૂરી પાડવાના બદલે એવી એવી યોજનાઓ સરકાર દ્વારા લાવવામાં આવી રહી છે. હમણાં જ વિરોધપક્ષના નેતાશ્રી સુજલામ્-સુફલામ્ની વાત કરતા હતા. ઉત્તર ગુજરાતમાં સુજલામ્-સુફલામ્ના નામે શું ચાલી રહ્યું છે એ આ સભાગૃહના તમામ સભ્યોએ ભૂતકાળમાં જોયું છે અને જાણ્યું છે. કરોડો રૂપિયાનો ખર્ચ એવી રીતે કરવામાં આવ્યો કે જે ખર્ચ થયા પછી તેનો કોઈ હિસાબ મળતો નથી. તેનાથી ખેડૂતોને જે લાભ થવો જોઈએ એવો કોઈ લાભ મળ્યો નથી અને જાણે ઢાંક પીછોડો કરવાની વૃત્તિ સરકારની હોય એવી વૃત્તિના કારણે આ માટી ઉપર ઉપર માટી નાંખી દેવાનું કામ પણ આ સરકારે કર્યું છે. શહેરી વિકાસ મંત્રીશ્રી પણ જ્યારે તેમની માગણીઓ લઈને આવ્યા છે ત્યારે શહેરી વિકાસમાં કેન્દ્ર સરકારની પુરસ્કૃત યોજનાઓના કારણે આવનારા વર્ષોમાં શહેરોનો બહુ મોટા પાયા ઉપર વિકાસ થવાનો છે. લગભગ સાડા ત્રણ હજાર કરોડથી વધારે રકમ કેન્દ્ર સરકારે ગુજરાતના વિકાસ માટે ફાળવેલી છે. ગુજરાતના શહેરોના વિકાસ માટે ફાળવેલી છે અને આવનારા દિવસોમાં આ શહેરોને ચોખ્ખું પીવાનું પાણી મળી રહે, આંતર માળખાકીય સુવિધાઓમાં વધારો થાય, શહેરો સુંદર અને રહેવા લાયક બને તે પ્રમાણેનું આયોજન જ્યારે કેન્દ્ર સરકાર કરી રહી છે ત્યારે કેન્દ્ર સરકારને અભિનંદન આપવાની સાથે સાથે રાજય સરકાર હજુ પણ વધારે પ્રોજેક્ટ માનનીય સભ્યશ્રી કહેતાં હતા કે, ગુજરાતને કદાચ જોઈએ છીએ એટલું મળતું નથી પણ હજુ વધારે પણ પ્રોજેકટો જો રાજય સરકાર મૂકી શકશે કેન્દ્ર સરકાર પાસે તો કેન્દ્ર સરકાર ધારા-ધોરણ મુજબ જરૂર પૈસા આપવા તત્પર થઈને બેઠેલી છે. સરકારે આ અંગે જરૂરી કાર્યવાહી કરવાની જરૂરિયાત છે પણ વિકાસની માત્ર વાતો કરવાની વિકાસ થવાનો નથી. ઉત્તર ગુજરાતની અંદર સરસ્વતી અને નર્મદાના પાણી ભેગાં કરવાનો મોટો ઉત્સવ કરવામાં આવ્યો. હજુ આજે પણ ત્યાં સરસ્વતી નદી કોરી ધાકોળ છે અને ઉત્તર ગુજરાતના ખેડૂતો રાહ જોઈને બેઠા છે કે આ મોટા ઉત્સવ પછી આમાંથી કંઈક પાણી સરકાર કાઢીને બતાવે તો સારું.

**શ્રી શિરિષકુમાર મ. શુકલ(ખંભાત)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નર્મદા, સિંચાઈ, કલ્પસર વિભાગના મંત્રીશ્રીઓ જે માગણીઓ લઈને આવ્યા છે તેના અનુસંધાનમાં, તેને અનુમોદન આપવા માટે ઉભો થયો છું. ખાસ કરીને કલ્પસર યોજના વિશે જ હું વાત કરીશ. સૂચિત કલ્પસર યોજના ખંભાતના અખાતથી પશ્ચિમે ગોગા કાંઠો અને પૂર્વ દિશા તરફનો હાંસોટ. આ કાંઠાને જોડતો ૬૪.૧૬ કિલોમીટરનો બંધ બાંધવાની યોજના છે. તેમાં ૨૦૭૦

કિલોમીટર ક્ષેત્ર ધરાવતું અને ૧૨,૨૫૦ મીલીયન ઘનમીટર સંગ્રહ ધરાવતું મીઠાં પાણીનું સરોવર હમણાં વાત થઈને કે આ યોજના બહું વાર લાગે છે પરંતુ કુદરતના જે નિયમો છે તે નિયમોને આ સરોવર અનુકૂળ આવે છે કે નહીં આ બધો અભ્યાસ કરવાનો છે. એ જ પ્રમાણે ખારા પાણીનું સરોવર પણ સામે થવાનું છે. તેથી વહાણવટા માટે બારું, ભરતીજન્ય વીજ મથક અને છલતી બંધનો સમાવેશ થાય છે. સૌ પ્રથમ ૧૯૭૫માં યુ.એન.ડી.પી.ના નિષ્ણાત શ્રી એરીક વિલ્સને ખંભાતના અખાત પાસે દરિયાઈ ભરતીથી વીજ ઉત્પાદન મેળવી શકાય એવું શ્રેષ્ઠ સ્થળ દર્શાવેલ હતું. ત્યાર બાદ નર્મદા અને જળ સંપત્તિ વિભાગ દ્વારા નેધરલેન્ડની મે.હાસ્કોનીંગ કંપની પાસે વર્ષ ૧૯૮૯માં સૌ પ્રથમ કલ્પસર યોજનાના આવિક્ષણ મેળવવામાં આવેલ હતો. નેધરલેન્ડમાં આવા જ પ્રકારની આઈઝલમેર સહિત વિવિધ યોજનાઓ હોવાથી એ કંપની પાસેથી એનો અહેવાલ મેળવવાનો પ્રયત્ન થયો એના અનુભવ દ્વારા ૧૯૯૮માં પ્રીફિઝિબિલીટી રિપોર્ટ આવ્યો એજ આ કંપની પાસેથી મેળવવામાં આવ્યો. આ પૂર્વ શકયતાદર્શી અહેવાલમાં આ યોજના તાંત્રિક રીતે સક્ષમ છે એવું દર્શાવવામાં આવ્યું. આજે પણ નેધરલેન્ડમાં આ યોજના ચાલુ છે. નેધરલેન્ડમાં બે યોજના છે. આ યોજના માટે ગુજરાતમાં નિષ્ણાત છે ડો. કાણે, એ ડો. કાણેએ આ વાત મુંબઈની અંદર કચ્છીઓ સમક્ષ રજૂ કરી, આપણે કહીએ છીએને કે સિંચાઈ માટે, સિંચાઈ નહીં પણ જે ખારી જમીન છે એ ખારી જમીનને પણ નવસાધ્ય કરવાની યોજના છે. તો જ્યારે આટલી જમીન નવસાધ્ય થશે જે આંકડો આપ્યો એટલી તો ત્યારે કચ્છી લોકોએ કચ્છી મહાજનોએ કહ્યું કે સાહેબ, અમે અત્યારથી એના પૈસા આપી દઈએ.

**અધ્યક્ષશ્રી** : વિરામનો સમય થયો છે વિરામ બાદ આપનું પ્રવચન ચાલુ રહેશે.

**વિરામ બપોરના ૨-૩૦ થી ૩-૧૫**

**સભાપતિ શ્રી દોલતરાય ના. દેસાઈ અધ્યક્ષસ્થાને**

**શ્રી શિરિષકુમાર મ. શુકલ** (ક્રમશ:): માનનીય અધ્યક્ષશ્રી, હું કલ્પસરની વાત કરતો હતો, એનો પૂર્વ શકયતાદર્શી અહેવાલ પછી બીજા ૬ અભ્યાસક્રમોની વિદેશી નિષ્ણાતો અને દેશી નિષ્ણાતો દ્વારા અભ્યાસ કરીને એનું તારણ ૬ મહિનામાં જ મૂકી દીધું અને એનો અહેવાલ માનનીય મુખ્યમંત્રીશ્રી અને ગુજરાત સરકારે મંજૂર રાખ્યો. એના ઉપરથી બીજી ૧૪ બાબતોનો અભ્યાસ કરવા માટે કમિટી નીમાઈ છે. આ કમિટીનો અભ્યાસ પૂર્ણ થયા પછી આ યોજનાને મંજૂરીની મહોર વાગવાની છે. વિશિષ્ટતા એ છે કે એકવાર આપણે જે કામ લીધું હોય એને પૂર્ણતાને આરે પહોંચડવા માટે દરેક વસ્તુ તપાસવાની હતી, તે તપાસી લીધી, પરંતુ જેમ નર્મદા યોજનામાં બીજા રાજયોની કનડગત હતી, બીજા રાજયો તરફથી જે તકલીફ હતી, તેવી તકલીફ આ યોજનામાં પડવાની નથી. તેથી આ યોજના એકવાર શરૂ થયા પછી કદાપિ અટકવાની નથી. આ યોજના ગુજરાતના ભાવિ માટે બહુ સારી યોજના છે.

સિંચાઈની સાથે સાથે જે ખારાશવાળી જમીન છે, અમારા વિસ્તારમાં તો એકદમ ખલાસ થઈ ગયું છે. તે વિસ્તારની જમીન એકદમ નવસાધ્ય થવાની છે. કલ્પસર યોજના એ જેમ કામધેનું હોય એમ તમે કલ્પના પણ ન રાખી શકાય એટલી બધી વસ્તુ સમાજને આપનારી છે. વીજ ઉત્પાદન, આપ જાણો છો કે ટાઈડલ ઈલેકટ્રીસિટી, એટલે કે જળમાંથી વીજ ઉત્પાદન થાય એ વીજળી સસ્તી પડે છે. તો આમાંથી વીજળી ઉત્પન્ન થવાની છે. બીજા અનેક લાભ છે. દાખલા તરીકે વાહન વ્યવહાર, બંધની ઉપર ફોરલેન રસ્તો થવાનો છે, સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતનું અંતર એકદમ ઓછું થઈ જશે. આ કલ્પસર યોજના આ રીતે ગુજરાત માટે બહુ સારી છે. આ ઉપરાંત સિંચાઈ વિભાગ અને પાણી પુરવઠા વિભાગે મારા વિસ્તારમાં જે કામો કર્યા છે એ સરાહનીય છે.

હું જે વિસ્તારમાંથી આવું છું, એમાં મહીનો ટેડ વિસ્તાર છે. મહીનો ટેડ વિસ્તાર છે, ત્યાં ખેડૂતોને છેલ્લું પાણી લેવાનું છે એ તેને મળી શકતું નથી. એમાં એને તકલીફ પડે છે. આ મહીના છેલ્લા વિસ્તારમાં જે અમારા વિસ્તારનું કાંસનું પાણી દરિયામાં વહી જાય છે એને અટકાવવા ૩ બંધ બંધાયા. પરિણામે ભાલ ચરોતર અને કાંઠામાં આજે લોકો સારી રીતે ખેતી કરતા થયા છે. ધુવારણની અંદર જે ધુવારણનો વિસ્તાર માનનીય માજી મુખ્યમંત્રીના વિસ્તારની નજીક આવેલો છે. ત્યાં પણ ગુજરાત સરકારે ૩ તળાવોની કનેકટીવીટી કરીને લીફટ ઈરિગેશન કરીને દોઢ કરોડની યોજના કરીને આજે એ તળાવો ભરવા માંડયા અને આજે એમાંથી લોકો લીફટ ઈરિગેશન કરીને પાણી ઉપાડે છે. એના લીધે જે ગરીબ પ્રજા છે, એ પોતાની પાસે ઓછી જમીન હોવા છતાં પશુપાલન કરીને પોતાનું જીવન ધોરણ ઉંચુ લાવવા પ્રયત્ન કરી રહેલ છે.

ચોરખાડી ઉપર આડબંધ જે બાંધ્યો એ બહુ જ ઉપયોગી થઈ પડયો છે. અમારા વિસ્તારમાં મેધપુર ગામ, સકરપુર ગામ અને રાવત ગામ છે તે ખારાશથી ભરેલા હતા. આજે એના પાણી એકદમ મીઠા થઈ ગયા છે. ત્યાં આગળ જે ખેડૂત દસ મણ તમાકુ પકવતો હતો એ આજે એક હજાર મણ તમાકુ પકવતો થયો છે. એટલે, કોણ કહે છે કે ગુજરાત સરકારે કશું કામ કર્યું નથી? બધી સરકારો કામ કરે. આ ગુજરાત સરકારે જે ત્વરાથી કામ કર્યું છે તે અમારા વખતે માનનીય નીતિનભાઈએ જે નવાગામ મારડ આડબંધ બાંધ્યો. નવાગામ મારડ આડબંધ વિસ્તારના લોકો એ સામાન્ય રીતે ઉનાળામાં નવસારી તરફ પોતાની મજૂરી કરવા જતા હતા એવા લોકો આજે દોઢ દોઢ લાખ રૂપિયાનું જીરુ પકવે છે. લીફટ ઈરિગેશનથી એ લોકોની સ્થિતિ સારી થઈ ગઈ, આ બધા કાર્યો ગુજરાત સરકારે મારા વિસ્તારમાં કર્યા છે. બીજા વિસ્તારોમાં પણ કર્યા છે.

સાથોસાથ મારો તાલુકો, તારાપુર, ખંભાત તાલુકો ખારાશવાળો હોવાથી કેનાલ આધારિત પાઈપલાઈનથી દરેક ગામોને સંપ બનાવીને દરેક ગામને લીફટ કરીને પાણી આપવાની યોજના સરકારે મંજૂર કરી માનનીય મુખ્યમંત્રીશ્રીએ ખાતમૂહુર્ત કર્યું અને આજે યોજના ચાલુ પણ થઈ ગઈ. દરેક ગામોમાં પાઈપલાઈનથી અને સંપ મળવાની શરૂઆત પણ થઈ ગઈ. મારા ખંભાતની અંદર જે ખારું પાણી છે. (અંતરાય) સાચું જ બોલું છું, ભાઈ. ખંભાતમાં અત્યારસુધી ખારું પાણી પીતા હતા. અત્યારે ખંભાતની અંદર મીઠું પાણી પીતા થઈ ગયા છે. આજે ખંભાતના લોકોને જે રોગ થતો હતો, કીડનીનો રોગ થતો હતો ફલોરાયસીસના જે રોગ થતા હતા, એ બધામાંથી મૂકિત મેળવવાનો એક સમય પાકયો છે. તો આજે આ સિંચાઈ વિભાગમાં જે અનેક વિસ્તારોમાં કામ થયેલા છે, એ આંખે ઉડીને વળગે છે. અમારા વિસ્તારમાં છેલ્લા ૧૦ વર્ષથી કાંપ સાફ કરવા માટે રૂપિયા અપાતા નહોતા, પરિણામે આખા વિસ્તારમાં થોડો વરસાદ પડે તો પણ લોકોના ખેતરો ડૂબી જતા હતા. ત્યારે આ સરકારે છેલ્લા ર વર્ષથી જે કાંસની સફાઈ માટે પૈસા ફાળવ્યા છે અને કાંસની સફાઈ કરી છે એના પરિણામે કાંસનો છેડો હોવા છતાં પણ ત્યાં પૂર આવ્યું હોય એમ લાગતું નથી. તો આવાં અનેકવિધ કામો અને કાંસની સફાઈ માટે આ વર્ષે પણ આ સરકારે જોગવાઈ કરી છે . તો માનનીય સિંચાઈ મંત્રીશ્રી આ જે તેમના વિભાગની માગણીઓ લઈને આવ્યા છે એને મારું અનુમોદન આપીને મારી વાત પૂરી કરું છું.

**શ્રી અંબાલાલ આ. રોહિત(સોજીત્રા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સિંચાઈ મંત્રીશ્રી જે માગણી નંબર ૬૪, ૬૬ અને ૬૭ લઈને આવ્યા છે તેને મારું સમર્થન આપવા માટે હું ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારા વિરોધપક્ષના સામે બેઠેલા સાથીઓએ એટલું તો ચોકકસ કબૂલવું પડશે કે આ ગુજરાતના સ્વપ્નદ્રષ્ટા માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ સત્તાનાં સૂત્રો સંભાળ્યાં છે ત્યારથી જળસંચય માટેની જે ક્રાંતિ કરી છે એમાં બોરીબંધ, ચેકડેમ અને ખેતતલાવડીઓ, દરિયામાં વહી જતું પાણી રોકવું, વાંકળાઓમાં વહી જતું પાણી રોકવા અને અને એને સંગ્રહિત કરવા માટેનું જે ભગીરથ કાર્ય કર્યું છે એ સ્વીકારવું પડે. તેનું કારણ એ છે કે આદરણીય મુખ્યમંત્રીશ્રી એમના જીવનમાં ખેતરનો શેઢો ભાડે રાખીને ગાય માટે ઘાસ લેવા માટે ગયેલા છે અને પાણીની તકલીફ શું છે એ એમને એમના જીવનમાં સંપૂર્ણ ખબર છે. કોઈ રાજાના ઘરનો દીકરો જે સુખસાહ્યબીમાં મોટો થાય, રાજકુંવર બને અને એ રાજગાદી ઉપર આવે એને પાણીની સમસ્યા કે કોઈ દુ:ખની કોઈ ખબર હોતી નથી, પરંતુ સામાન્ય ગરીબ ઘરમાં જન્મયો હોય અને એક ટંક ખાવા માટે અનાજ અને પાણી પણ ના હોય એને આ ગુજરાતના કે દેશના સામાન્ય માણસનું જીવન કેવું હોય છે એની ખબર હોય છે. એટલા માટે જ મારી સામી પાટલી ઉપર બેઠેલા મિત્રોએ ૧૯૬૦ થી ૧૯૯૪ સુધી શાસન કરી લીધું છે અને માત્રને માત્ર ૪ હજાર જ ચેકડેમ કરવામાં પણ તેમને ફાંફાં પડતાં હતાં અને એ નહોતા કરી શકયા અને આ સરકારના આદરણીય મુખ્યમંત્રીશ્રીની રાહબરી હેઠળ અને અમારા સિંચાઈ મંત્રીશ્રી પછી એ નરોત્તમકાકા હોય કે આદરણીય નીતિનભાઈ હોય એમણે કુલ મળીને ગુજરાતમાં ૯ર હજાર ચેકડેમ આ સરકારના સમયમાં બાંધ્યા છે એ પણ તેમણે સ્વીકારવું પડે. હમણાં અમારા વિરોધપક્ષના નેતાશ્રી કહેતાં હતા કે સૂરતમાં માનવસર્જિત જાનહાની થઈ અને સૂરતમાં જે પૂર આવ્યું એ માનવસર્જિત હતું અને સરકાર એ વખતે બેસી રહી. તો મને કહેવા દો કે આ ગુજરાતના મુખ્યમંત્રીશ્રી સૂરતની ગલીગલીમાં ફરીને અને ભારતીય જનતા પાર્ટીના ૧૫ હજારથી વધુ સ્વયં સેવક કાર્યકરોએ એકેએક ગલીમાં કાદવ કીચડમાં ફરીને હાથમાં પાવડો અને તગારૂં લઈને જે કાંઈ પૂરનો કચરો હોય એ બધો ટ્રેકટરોમાં નાંખીને ૩ દિવસમાં એ બધું કામ શરૂ કર્યું અને જે સૂરત બદસૂરત બની ગયું હતું એને ખૂબસૂરત બનાવવાનું કામ કર્યું છે. તો આ રીતે અમારી સરકાર કામ કરે છે, માત્ર વાતો નથી કરતી. જો કદાચ એણે કામ ના કર્યું હોત તો ગુજરાતનો વિકાસ છેલ્લા પાંચથી છ વર્ષમાં થઈ રહયો છે અને વિશ્વમાં ગુજરાતના મુખ્યમંત્રીશ્રીની નામની સરાહના થઈ રહી છે. આજે ઓસ્ટ્રેલિયા, લંડન અને યુરોપના કોઈપણ દેશમાં જઈને કોઈને નરેન્દ્રભાઈ મોદીની વાત કરીએ તો એ કેવા છે અને શું છે એની પૃચ્છા ત્યાંના લોકો કરે છે અને ગદગદિત થઈ જાય છે. તો મારા આ વિરોધપક્ષના મિત્રોને નરેન્દ્રભાઈ મોદીના નામની અને ભારતીય જનતા પાર્ટીની સરકારની કોઈ પ્રકારની એલર્જી થઈ ગઈ હોય એમ લાગે છે અને વાત વાતમાં 'ખાતો નથી અને ખાવા દેતો નથી' એવી વાતો કરે છે. તો જયારે આખા વિશ્વના લોકો એની સહારના કરીને કહેતાં હોય કે ગુજરાતની સરકાર કામ કરવાવાળી બેઠી છે, ખુમારીવાળી છે, જોમવંતી સરકાર છે, એવી વાતનો વિશ્વ જયારે સ્વીકાર કરતું હોય ત્યારે •(xxxxx) (xxxxx) (અંતરાય)

માનનીય અધ્યક્ષશ્રી, જયારથી ગુજરાતમાં કાંસ બન્યા ત્યારથી એ કાંસની કોઈપણ જાતની સાફસફાઈ થઈ નહોતી. તો અમારી સરકારે ર૦૦૭-૦૮ માં ગયા વર્ષે ૧૫ હજાર કિલોમિટરના કાંસની સફાઈ રૂા. ૧૬ર કરોડ રૂપિયાના ખર્ચે કરી છે અને અમારા આણંદ અને ખેડા જિલ્લાની વાત કરું તો ૧૪૫૮ કિલોમિટરની લંબાઈના કાંસોની દૂરસ્તીનું કામ ર૧ કરોડના ખર્ચે ગયા વર્ષે સંપૂર્ણ રીતે પૂરું કર્યું છે.મને યાદ છે, ર૦૦૬-૦૭માં મહિ સાગરમાં ચાર ચાર પાંચ પાંચ વખત પુર આવ્યા, સાબરમતિમાં પાંચ પાંચ વખત પુર આવ્યા, સામેની પાટલી વાળા લોકો કહે છે કે સરકાર કંઈ કરતી નથી, પણ મને કહેવા દો કે જયારે પુર આવવાનું હોય તેના ર૪ કલાક અગાઉથી મીઠા પાણીના પાઉચ, ફૂડ પેકેટ્સ, બિસ્કીટ અને મેડીસીન આ તમામ જાતની વ્યવસ્થા જે લોકોના ઘર

• (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

પાણીથી ડૂબતાં હોય તેમના માટે તારાપુર ખાતે અને ખંભાત ખાતે લાવીને તે લોકો માટે તમામ વ્યવસ્થા કરવામાં આવતી હતી, દરેક ગામડાંમાં આ વ્યવસ્થા ગુજરાત સરકારે પૂરી પાડી હતી. ગુજરાત સરકારના આદરણીય મુખ્ય મંત્રીશ્રીની રાહબરી હેઠળ આ ખંભાત શહેર એ હજારો વર્ષ જુનું શહેર છે, અને તંબાવટી નગરી તરીકે આ ખંભાત શહેર પ્રખ્યાત છે, આજે ખંભાતની મીઠાઈ અને ફરસાણ દરેક જગ્યાએ પ્રખ્યાત છે, આ ખંભાત શહેરને હજારો વર્ષથી ખારું પાણી આ કોંગ્રેસે પીવડાવ્યું હતું કયાંય મીઠું ન કરી શકયા, અને ભારતીય જનતા પાર્ટીની સરકારમાં ૧૪ કરોડ રૂપિયાનો ખર્ચ કરી અને મીઠા પાણી ખંભાતમાં પહોંચાડયા છે, અને આ સરકારે એ મીઠું પાણી પુરું પાડયું છે. એથી વિશેષ વાત કરું તો ખંભાત અને તારાપુર તાલુકાના કુલ મળીને ૧૦૩ ગામો છે. એમાં ૪૪ કરોડ રૂપિયાની યોજના આ સરકાર લાવી છે અને ગુજરાતના પ્રણેતા, આદરણીય મુખ્ય મંત્રીશ્રીએ તા. ૨૭-૫-૦૭ ના રોજ ખંભાતના માદરા તળાવ માટે ઓપન ખુલ્લી કરી છે અને એ યોજના અત્યારે ચાલુ થઈ ગઈ છે અને ૧૦૩ ગામોને પીવાનુ મીઠું પાણી મળવાનું છે. ત્યારે આવા પાણી વાળા મંત્રીશ્રી જે બજેટ લઈને આવ્યા છે તેને મારું અનુમોદન આપીને મારી વાત પૂરી કરું છું.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા(પોરબંદર)** : માનનીય અધ્યક્ષશ્રી, હમણાં થોડી વાર પહેલા અમારા વડિલ, દોલતભાઈ પણ ભાષણ કરી ગયા, અને મારા મિત્ર અંબાલાલ પણ બોલતા હતા. આ બન્ને સભ્યશ્રીઓના ભાષણો હું બહુ સારી રીતે સાંભળતો હતો. માનનીય અંબાલાલ ભાઈ તો બોલે, એનો સવાલ નથી, અને માનનીય મુખ્ય મંત્રીશ્રીના વખાણ પણ કરે, કારણ કે કરવા પડે, અમેરિકામાં જાવ તો એમનું નામ લેવાય, વિદેશમાં જાઓ તો એમનું નામ લેવાય, પણ માનનીય અધ્યક્ષશ્રી, એના નામ તો લેવાય કારણ કે ગુજરાતમાં પચ્ચીસ મુખ્ય મંત્રીશ્રીઓ છે, પણ માનનીય અધ્યક્ષશ્રી, નામો કોના લેવાય? કારણ કે બધા જ કામ કરે છે. અમારે ત્યાં તો ગોડ મધરનું નામ લેવાય છે પોરબંદરમાં, અને બરોડામાં જઈએ તો મધુભાઈનું નામ લેવાય છે. એમ વિદેશમાં પણ એવા લોકોના નામ લેવાય, એમાં કંઈ બહુ હરખાવા જેવું નથી. આખા વિશ્વમાં મહાત્મા ગાંધીનું નામ લેવાય છે અને હિટલરનું પણ નામ લેવાય છે. એટલે કોની ઓળખ કયા પ્રકારની છે તે વાત છે. હું એમની વાત નથી કરતો. મારા વડીલ મિત્ર દોલતભાઈ જયારે ભાષણ કરતા હતા ત્યારે એમણે એમ કહ્યું કે એક વખત આપ આવો, હું તો બહુ સાચી વાતની અપેક્ષા રાખતો હતો, સારી વાત કરી, પણ સાચી વાત કરી હોત તો બહુ મજા આવત, હું એ વાત કરતો હતો કે એમણે કહ્યું કે સમિતિઓ બનાવો અને આપ આવી અને દક્ષિણ ગુજરાતમાં જોઈ જાઓ, પણ મારે તો આપના મારફત માનનીય મંત્રીશ્રીને વિનંતી કરવી છે કે ઉત્તર ગુજરાતમાં સૂઝલામ સૂફલામ યોજના થઈ છે. એ યોજના માટે એમના અધ્યક્ષપદ હેઠળ, માનનીય મંત્રીશ્રીના અધ્યક્ષપદ હેઠળ એક સમિતિ બનાવે, અમારા નેતાને સાથે રાખે અને આપને પણ સાથે રાખે, અને એમના કેટલા તળાવો ખોવાઈ ગયા છે તેનો આંકડો કઢાવે, કારણ કે ગયા વખતે અહીં એક પ્રશ્નની બહુ ચર્ચા થઈ કે તળાવનું માનનીય મુખ્ય મંત્રીશ્રી ઉદ્‌ઘાટન કરવાના હતા, એમણે ખેડૂતને કહ્યું કે જલદીથી આ તળાવ તારા ખેતરમાં બનાવી દે, અને પછી જયારે ઉદ્‌ઘાટનનો કાર્યક્રમ પૂરો થશે ત્યારે આ તળાવ અમે પુરાવી દઈશું, ઉદ્‌ઘાટન તો થઈ ગયું પછી પેલું તળાવ પૂરી કોણ આપે તેની ચર્ચા દિવસો સુધી આ ગૃહમાં અને ગૃહની બહાર ચાલતી હતી. અને આવા તળાવોના માપ શેમાં નીકળે? હું તો એન્જિનિયર છું. અત્યાર સુધી કોંગ્રેસનું શાસન હતું. ઉકાઈ ડૅમ બન્યો, કડાણા ડૅમ બન્યો, ભાદર ડૅમ બન્યો. આવી અનેક મોટી યોજનાઓ બની. અત્યારે તો નવી ટૅક્નૉલૉજી આવી છે અને નાણાંનો ખૂબ સ્ત્રોત વધ્યો છે ત્યારે એકાદ મોટી કે એકાદ મધ્યમ કક્ષાની યોજના તો બનાવો કે જેનું માપ એમ.સી.એફ.ટી.માં મપાય. અહીંયાં માપ શેનાથી મપાય છે? વિધાનસભામાં કહેવામાં આવે છે કે આટલા તળાવો બન્યા, એક લાખ બન્યા અને એમાં આટલા કરોડ લીટર પાણી સમાશે. કરોડ લીટરનું માપ પીવાના પાણી માટે પણ નથી વપરાતું, કેરોસીનમાં પણ ગૅલનનું માપ વપરાય છે. લોકોને કરોડ શબ્દ સાંભળવો ઠીક પડે એટલે વપરાય છે.

સુજલામ્ સૂફલામ્ યોજના બનાવી એમાં કહ્યું હતું કે ૨૦૦૬ સુધીમાં પૂરી કરીશું. સરકારી ખર્ચે બધી જગ્યાએ સંમેલનો થયા, આજે ૨૦૦૮ થઈ ગઈ હજી યોજના પૂરી થઈ નથી. જેણે એમ કહ્યું હતું કે હું ખાતો નથી અને ખાવા દેતો નથી એના જથ્થાબંધ રીતે ૫૦૦ કરોડ રૂપિયા ખાઈ ગયા. ખાઈ તો ગયા પછી એના (તપાસ અહેવાલો છે એ અહેવાલો હાઉસમાં મૂકવા ન દે કારણ કે ખબર પડી જાય તો? સચિવોની સમિતિ બનાવી એનો અહેવાલ અહીંયાં આવવા દેતા નથી) કારણ કે કોણ ખાઈ ગયું છે અને કોણ રહી ગયું છે એનો હિસાબ એમાં આવી જાય.

## પૉઈન્ટ ઑફ ઑર્ડર

રેકર્ડ ઉપરથી શબ્દો દૂર કરવા અંગે

**શ્રી નીતિનભાઈ ર. પટેલ ( નર્મદા વિકાસ મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, મારો પૉઈન્ટ ઑફ ઑર્ડર છે. વિધાનસભાની જે સમિતિ હોય એ સબજયુડિસ મેટર છે એની ચર્ચા કરી શકાય નહિ. હાઈકોર્ટમાં એ બાબત પેન્ડિંગ છે. માનનીય અર્જુનભાઈએ વિધાનસભાની કમિટી બાબતનો ઉલ્લેખ કર્યો છે. આપે કહ્યું કે અહીંયાં રજૂ કરવા દેવામાં નથી આવતો માટે એ બાબત રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવે.

**અર્જુનભાઈ દે. મોઢવાડીયા(પોરબંદર)** : મેં વિધાનસભાની સમિતિનો ઉલ્લેખ કર્યો હોય તો શબ્દો પાછા ખેંચું છું વિધાનસભાની કોઈ સમિતિ માટે વાત નથી. સમિતિના અહેવાલની વાત કરી છે.

**(અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને)**

**અધ્યક્ષશ્રી** : હું પૉઈન્ટ ઑફ ઑર્ડરનો ચુકાદો પેન્ડિંગ રાખું છું.

# માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ) (ક્રમશઃ)

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : પાણીના ભાવ અંગેની વાત છે. ઉદ્યોગ ગૃહોના પાણીના ભાવ ઘટાડ્યા પરંતુ સામાન્ય માણસ પીવાના પાણીનો ઉપયોગ કરે કે સિંચાઇ માટે ઉપયોગ કરે એના પાણીના ભાવ વધાર્યા કારણ કે પેલા ગરીબ કરોડપતિઓ છે એની આ સરકારને ચિંતા છે.

હું શહેરી વિકાસની વાત કરવા માગું છું. ૩૮ ટકા લોકો શહેરોમાં રહે છે એમાં ૫૦ ટકા તો ગંદી વસતિમાં રહે છે અને એમાં પણ આ લોકો એવી જગ્યાએ રહે છે કોઈ ગટરનું મુખ હોય, વોકળો હોય, નદી કાંઠો હોય, સાગર કાંઠો હોય, ખાડીનો કાંઠો હોય આવા દોજખમાં જીવે છે. આખી શહેરી વ્યવસ્થા તૂટી પડે એ પ્રકારનું વાતાવરણ છે છતાં એના બજૅટની અંદર કોઈ જોગવાઈ થાય નહિ. અહીંયાં કહેવામાં આવે કે અમે ગરીબ સમૃદ્ધિ યોજના લઈ આવ્યા, મારી પાસે રાજય સરકારની બજૅટ બૂક છે એનો માત્ર ઉલ્લેખ કરવા માગું છું એક કેન્દ્રીય પુરસ્કૃત યોજના છે નાના અને મધ્યમ નગરો માટેની માળખારૂપ વિકાસ યોજના એમાં ૧.૨૦ કરોડની જોગવાઈ કરી છે. એ કેન્દ્રીય પુરસ્કૃત યોજના છે પણ રાજય સરકારે એના ખાતે ચડાવવા માટે નીચે લખ્યું છે. સાગર ખેડુ સર્વાંગી વિકાસ યોજના આમાં સાગર ખેડુ વિકાસ યોજના અને શહેરી વિસ્તારોની આદર્શ યોજના બનવાની છે જે પ્લાનિંગ કરવાનું છે એની સાથે સાગર ખેડુને શું લેવા દેવા?પણ આ તો ગમે ત્યાં મુખ્યમંત્રીએ જાહેરાત કરી છે એટલે મારું નામ કોઈક જગ્યાએ આવવું જોઈએ. અરે ભાઈ, તમારા નામ હોર્ડીંગ્સમાં રાખો. કોઈ ક્લબોવાળા તમારું નામ લખે પણ બજૅટ બુકમાં કેન્દ્ર સરકારની યોજનામાં શું કરવા રખાય? આવી જ રીતે કેન્દ્ર સરકારની શહેરી ગરીબો માટેની યોજના છે. તે યોજનામાં ૮૦ ટકા પૈસા કેન્દ્ર સરકાર આપે છે અને છતાં આનો જશ રાજય સરકાર લઈ શકે એટલા માટે કૌંસની અંદર એ પણ ગુજરાતીમાં. ઈંગ્લીશમાં ન લખે. લખે તો કેગવાળા વાંધો લે, કારણ કે એ તો અંગ્રેજીમાં જ વાંચવાના છે. એટલે ત્યાં શું લખે કે આ ગરીબ સમૃદ્ધિ યોજનામાં અમે આ બનાવવાના છીએ, તમારા બજૅટમાં શું? તો કહે, માનનીય અધ્યક્ષશ્રી, તેના બજૅટમાં ઝીરો. હું એક પેટા સદર વાંચું છું કે માનનીય મુખ્યમંત્રીશ્રીના ૧૫ મુદ્દાના કાર્યક્રમ અન્વયે સ્વાતંત્ર્યતાની ૫૦મી સ્વર્ણિમ જયંતિના વર્ષના પ્રસંગે મકાનો અને પ્લૉટ પૂરા પાડવા માટેની યોજના છે. તેમાં ઝીરો પૈસાની જોગવાઈ છે. એક રૂપિયાની જોગવાઈ રાખી નથી. મારી વાત એટલી જ છે કે કેન્દ્ર સરકાર એક લાખ કરોડ રૂપિયાની યોજના બનાવી શકતી હોય તો તમારા બજૅટમાંથી થોડાક આ શહેરી ગરીબો માટે કંઈક તો કરો. પણ તેના માટે કશું કરવું નહીં. આ શહેરી વિકાસની ટાઉનપ્લાનીંગ યોજનાઓ છે એ બિલ્ડરોના ઈશારે મંજૂર થાય છે અને (સમયસૂચક ઘંટડી) મેં મારા દંડકશ્રીને કહ્યું છે કે હું થોડીક વધારે મિનિટો લઈશ.

**અધ્યક્ષશ્રી** : પરંતુ બાકીના સભ્યો બોલવાના છે તેમણે બોલવાનું બંધ રાખવું પડશે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : મેં પરમીશન લીધી છે.

**અધ્યક્ષશ્રી** : આપ ગમે એટલો સમય વાપરો, તેમાં મને કોઈ વાંધો નથી અર્જુનભાઈ, પછી રાજેન્દ્રસિંહ અને એ બધા છે તેમાંથી ક્યાંક તો બે-ત્રણ જણાના નામ રદ કરવા પડે. હું આપને સમય મર્યાદાની અંદર નથી કહેતો. સમય તમારો છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : ટાઉન પ્લાનીંગ છે એ ટાઉન પ્લાનીંગની સ્કીમો બંધ કરવાના પણ પૈસા અપાય છે અને તેને મંજૂર કરવાના પણ પૈસા અપાય છે અને એક નાનકડો માણસ હોય, તેને મંજૂર કરાવવી હોય તો આટલું માર્જીન મૂકો, આટલું માર્જીન મૂકો. પણ મેગા ટાઉનશીપ બનાવે છે. મોટા કરોડપતિઓને એમ થઈ ગયું કે અમે સેવા કર્યા વગરના રહી ગયા, તો તેના માટે ૧૦૦ ટકા, એમાં કોઈ સરકારને તેમાંથી કોઈ જમીન આપવાની નહીં. ૧૦૦ ટકા તેના માટેની જોગવાઈ થાય. કરોડપતિ લોકોને એક રૂપિયે જમીન અપાય અને હાઉસ ટેક્સ, બે રૂમનો ફ્લૅટ ધરાવતો હોય તેની પાસેથી બે રુપિયા પર સ્કવેરફૂટ તેની પાસેથી ઉઘરાવાય. કેવી ડીસ્પેરીટી ચાલે છે તેની હું વાત કરું છું અને એક ગંભીર બાબત માટે હું આપના મારફત ધ્યાન દોરવા માગું છું. કેમ, અગાઉની સરકારોએ જે જાહેર હેતુઓ માટે અનેક જમીનો રીઝર્વેશનમાં રાખી હતી, ભાવનગર યુનિવર્સિટીમાં જમીન રીઝર્વેશનમાં હતી. યુનિવર્સિટી માટે. સુરતમાં સુરત યુનિવર્સિટી માટે અને બીજા હેતુઓ માટે જમીન રીઝર્વમાં હતી. સરકારે તેમાં જે રજૂઆત કોર્ટમાં કરવી જોઈએ એ કરી નહીં અથવા તો તેને નિયમ પ્રમાણે જે પ્રકારે નોટિસો આપવી જોઈએ એ અપાઈ નહીં તેને કારણે એવું થયું કે સુપ્રીમ કોર્ટનો હમણાં નિર્ણય આવ્યો તેનું ઈમ્પ્લીકેશન એ થવાનું કે ગુજરાતમાં એક લાખ કરોડ રૂપિયાની જમીનો છૂટી થઈ જવાની. જે લોકો એમ કહે છે કે હું ખાતો નથી અને ખાવા દેતો નથી આ એક લાખ કરોડ રુપિયાની જમીનો જે જાહેર હેતુઓ માટે રાખેલી હતી એ છૂટી થઈ ગઈ અને સુપ્રીમ કોર્ટનું આ જજમૅન્ટ આવ્યું તો આવકાર કોણે આપ્યો? સરકારને અભિનંદન કોણે આપ્યા? મારી પાસે પ્રેસનોટ છે. સુરતના મોટા મોટા બિલ્ડરો હતા તેમણે સરકારને અભિનંદન આપ્યા. ખેડૂતોએ નથી આપ્યા. કારણ કે ખેડૂતો તો ૧૦ હજાર રૂપિયામાં જમીન વેચે, હું તો દાખલો આપું છું અને તેના ૧૦ લાખ

રૂપિયા થાય ત્યાં સુધીની મલાઈ છે એ વચેટીયાઓ ખાઈ જાય અને તેને રાજયાશ્રય મળે છે. જ્યાં સુધી આના માટેની નવી નીતિ નહીં થાય તો ગુજરાતની પ્રજાને સહન કરવાનું છે. આ રીઝર્વેશનની વાત છે તેમાં પણ અંડરટેબલ બિઝનેસો ખૂબ થયા છે. હું રાજય સરકારને આપના મારફત વિનંતી કરવા માગું છું કે આ સરકારની કયાં ચૂક આવી છે તેના માટેની કોની જવાબદારી છે એ નક્કી કરવા માટે એક તપાસ સમિતિ નીમે અને તેના કારણે જે નુકસાન થયું છે તેના માટેની જવાબદારી પણ નક્કી કરવામાં આવે.

માનનીય અધ્યક્ષશ્રી, એક મિનિટમાં નર્મદા યોજનાની વાત કરીને મારી વાત પૂરી કરીશ. નર્મદા યોજનાનું એક મિલિયન એકર ફીટ વધારાનું પાણી છે એના માટે મારે વાત કરવી છે. નર્મદાની અંદર વધારાનું પાણી આવે છે. ઉત્તર ગુજરાત માટે એક મિલિયન એકર ફીટ પાણી, સૌરાષ્ટ્ર માટે એક મિલિયન એકર ફીટ પાણી, કચ્છ માટે એક મિલિયન એકર ફીટ પાણી આપવાની અગાઉના અનેક મુખ્યમંત્રીઓએ જાહેરાત કરી છે અને ૨૦૦૨માં રાજય સરકારે કહ્યું કે, સૌરાષ્ટ્ર અને કચ્છ માટે અમે આ યોજનાનો સૈદ્ધાંતિક સ્વીકાર કર્યો છે અને ૫૦૦ કરોડ રૂપિયા ફાળવ્યા છે. આજે ૨૦૦૮ થઈ ગયું. આ બે વિસ્તારોમાં એક મિલિયન એકર ફીટ પાણી આપી શકાય એમ છે. કેનાલોની અંદર વધારાનું પાણી નાખીને, વધારાના બજૅટની જોગવાઈ કરવાની જરૂર નથી, મોટા ડૅમ બાંધવાની જરૂર પડે એમ નથી. અને જ્યારે આવી વાત કરી ત્યારે કલ્પસર આવવાનું છે, લોકોને બનાવવા માટે બુટડી અપાય છે. રાજય સરકાર આ જવાબદારી સમજે અને જે આ વિસ્તારો છે એમાં એક મિલિયન એકર ફીટ પાણી આપવાની ૨૦૦૨માં જાહેરાત કરેલ અને આજે ૨૦૦૮ આવ્યું છે. એ વખતે આપે કામગીરી કરી આ પાણી આપવાનું છે. આ માગણીઓ આવી છે એ માગણીઓની અંદર ગુજરાતની પ્રજાની અપેક્ષાઓ પૂરી થતી નથી એટલા માટે હું એમાં સંમત થઈ શકતો નથી.

**શ્રી કાંતિલાલ શી. અમૃતિયા(મોરબી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી માગણી ક્રમાંક- ૬૪, ૬૬, ૬૭ અને ૧૦૨ લઈને આવ્યા છે. એને મારું અનુમોદન આપવા ઊભો થયો છું.

**અધ્યક્ષશ્રી** : હવે પછી બધા સભ્યો માટે ૪ મિનિટ છે. બન્ને બાજુ હિસાબ સરખો છે.

**શ્રી કાંતિલાલ શી. અમૃતિયા** : માનનીય અધ્યક્ષશ્રી, વિરોધપક્ષના નેતા મોરબીની વાત કરતાં હતા. એમાં મને યાદ આવ્યું. મોરબી હોનારત આવી ત્યારે નો ડાઉટ, શ્રી બાબુભાઈ જશભાઈએ સારું કામ કર્યું. પણ શ્રી બાબુભાઈને વળતર ભારતીય જનતા પાર્ટીએ આપ્યું ત્યારે કૉન્ગ્રેસે નહોતું આપ્યું. ૧૯૮૫માં જ્યારે ભારતીય જનતા પાર્ટીના ૧૧ સભ્યો હતા એમાં સ્વર્ગસ્થ સભ્યશ્રી મારા મામા અમુભાઈ હતા અને એમણે શ્રી બાબુભાઈ માટે સીટ ખાલી કરી એના ઉપર એમને લડાવ્યા હતા. બીજુ મુરબ્બીશ્રી મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ, ત્યારે હું સંઘનો સ્વયંસેવક હતો અને મુખ્યમંત્રીશ્રી સંઘના સ્વયંસેવક તરીકે ૨૦૦૦ માણસોને લઈને ૩ મહિના મોરબી માથે રાત-દિવસ મંથન કરી શકતા હતા. એનું વળતર ગુજરાતની પ્રજાએ આપ્યું. ૧૯૮૫ પછી કયાં ગઈ કૉન્ગ્રેસ. ૧૯૯૦ પછી શ્રી બાબુભાઈએ અને શ્રી નરેન્દ્રભાઈએ જે આ કામગીરી કરી એમાં તમારા માનનીય વિરોધપક્ષના નેતાશ્રી અને સભ્યશ્રીને અહીં બેસવાનો વારો આવ્યો છે. આ ભારતીય જનતા પાર્ટીની સરકાર છે. બીજી વાતમાં પડવું નથી. પરંતુ ખરેખર જ્યારે ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી અને શ્રી અર્જુનભાઈ કહેતાં હતા કે ડોન, ખરેખર ડોન તો કૉન્ગ્રેસની સરકારમાં હતા. જ્યારે ટેન્ડર દેવાતા ત્યારે એક રૂપિયાનું કામ અઢી રૂપિયામાં જતું હતું. પોરબંદર, માળીયા અને સુરતની ગૅન્ગને જતું હતું અને આ ગૅન્ગ ભારતીય જનતા પાર્ટીની સરકારે તોડી. એક રૂપિયાનું કામ ૯૦ પૈસામાં જાય અને ૫ વર્ષની ગૅરન્ટી સાથે સારું કામ થાય છે. ૧૯૮૫માં તાલુકા પંચાયતના સભ્ય હતો. ત્યારે એક કિલોમીટર પી.વી.સી.ની પાઈપલાઈન માટે એક-એક મહિનો મંથન કરવું પડતું. અત્યારે સરકારશ્રી તરફથી અને તાલુકા પંચાયત તરફથી હજારો કિલોમીટરની લોખંડની પાઈપો જ્યાં જુઓ ત્યાં નંખાઈ જાય છે. એક બંગલો બનાવવો હોય તો એમાં એક લોખંડની પાઈપ નથી નાખી શકતા. ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા પછી પાણીની વાત છે એમાં કરી બતાવ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે ભૂકંપ આવ્યો ત્યારે ગુજરાત સરકાર અને કેન્દ્ર સરકાર દ્વારા જ્યારે ૭૦૫ કરોડ ખર્ચવાની જે વાત હતી. હું તો અધિકારીઓને અભિનંદન આપું છું. મોરબી શહેરમાં ૩૦ કરોડ રૂપિયાના પ્રોજૅક્ટ માત્ર ૩ વર્ષમાં પૂરા કર્યા.જી.યુ.ડી.સી.માં બીજું જ્યારે ગામડે ભૂકંપ આવ્યો ત્યારે ભારતીય જનતા પાર્ટીની સરકારે જે સારી કામગીરી કરી હતી એના આધારે જ્યારે મેં પગપાળા પ્રવાસ કર્યો હતો ૨૪ દિવસનો ત્યારે ૨૪ દિવસમાં ૮૪૦ કિલોમીટર જ્યારે ચાલ્યો ત્યારે ૧૦૫ ટાંકાના ખાતમુહૂર્ત કર્યા હતા એ ભારતના ઇતિહાસમાં કોઈ સરકારે નહીં કર્યું હોય. અમારા અધિકારીઓને જ્યારે હું જોતો હોઉં જ્યારે નર્મદાનું પાણી આવતું હોય, નર્મદાની લાઈન જ્યારે નખાતી હોય ત્યારે મેં જોયેલ છે સૌરાષ્ટ્રમાં હું ફર્યો છું, જોયું છે કે ખરેખર અધિકારીનો કલર ફરી ગયો હોય, વ્હાઈટ હોય અને બ્લૅક થઈ ગયા હોય. આ અધિકારીની કામગીરી છે. આ ભારતીય જનતા પાર્ટીની સરકારની કામગીરી છે. બીજી વાત એ છે કે તમને બધાને યાદ કેમ ના આવ્યું? ગુજરાતમાં ૮૯૯ જેટલી વાવો હતો એ એમનેએમ ખંડેર પડી હતી. કેમ કોંગ્રેસને યાદ ના આવ્યું? એ આ ભારતીય જનતા પાર્ટીને યાદ આવ્યું અને એ ૮૯૯ વાવો સારી રીતે કેમ રહે અને એને સારી રીતે સુધારે એ ભારતીય જનતા પાર્ટીની ખૂબી છે. (સમય સૂચક ઘંટડી) માનનીય અધ્યક્ષશ્રી, ચાર વર્ષે વારો આવ્યો છે. હતો નહીં એક મિનિટ તો વધારે આપો.

**અધ્યક્ષશ્રી** : શ્રી હર્ષદભાઈ વસાવા.

**શ્રી હર્ષદભાઈ ચુ. વસાવા(રાજપીપળા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી નર્મદા જળસંપત્તિ પાણીપુરવઠા કલ્પસર વિભાગની માગણી નં. ૬૪, ૬૬, ૬૭ જે લઈને આવ્યા છે એના સમર્થન માટે હું ઉપસ્થિત થયો છું. નર્મદા યોજના મારા મત વિસ્તારની અંદર આવે છે જેના કારણે મને એનું ચોક્કસ ગૌરવ હોય, નર્મદા યોજના, નર્મદા નદી એ અતિ પવિત્ર નદી છે. કોઈપણ નદીની પરિક્રમા થતી નથી પણ નર્મદા નદીની પરીક્રમા થાય છે. અને જ્યારે નર્મદામૈયા આ ગુજરાતની પરિક્રમા કરવા માટે નીકળી હોય તો નર્મદાની પરિક્રમાના કારણે આ આખું ગુજરાત રાજયનું આમૂલ પરિવર્તન થવાનું છે. ગુજરાત રાજયની જે સમૃદ્ધિ થવાની છે એની પાછળ નર્મદા યોજનાનો ખૂબ મોટો ફાળો રહેવાનો છે. કેટલાએ એવા ગામો છે કે જ્યાં આગળ પીવાના પાણીની તકલીફ પડતી હતી એવા ગામોની અંદર નર્મદાનું જળ આજે જાય છે. એ જ રીતના કેટલોએ એવો સૂકો પ્રદેશ હતો જ્યાં આગળ ખેતી માટે સિંચાઈની યોજના કરવા માટે નર્મદા યોજનાનું પાણી કેનાલ મારફતે અથવા તો સુજલામ્ સૂફલામ્ યોજના થકી પહોંચ્યું છે. આ ગુજરાતની જીવાદોરી સમાન યોજના જ્યારે મારા મતવિસ્તારની અંદર આવી છે ત્યારે ચોક્કસ એ બાબતનું ગૌરવ અમને બધાને જ થતું હોય છે. મારા વિસ્તારની અંદર એવી જ બીજી એક નાની મધ્યમ કદની કરજણ જળાશય યોજના મારા વિસ્તારની અંદર આવી છે. આ યોજનાના કારણે મારા વિસ્તારની અંદર ૧૧હજાર હેકટર જે જમીન છે એમાં સિંચાઈ થતી હતી આજે ગયા વર્ષથી માનનીય મંત્રીશ્રી નરોતમકાકાને હું અભિનંદન આપીશ કે એમણે કરજણ માટેનો સ્વયંભૂ પ્રવાસ કરીને એમને લઈ ગયા અને મારા વિસ્તારની અંદર મુલાકાત લઈ કરજણ જળાશય યોજનાને મરામત કરવા માટે, કેનાલોની સુધારણા કરવા માટે અનેક બાબતો જાતે નિરીક્ષણ કરીને મારા વિસ્તારની અંદર કરજણ યોજનાને એક ચાલુ યોજના બનાવવા માટે કેનાલોનું મજબુતીકરણ કરવા માટે જે નાણા ફાળવ્યા એના પરિણામે આજે મારા વિસ્તારની અંદર ૩૫હજાર હેકટર કરતાં પણ વધારે જમીનની અંદર સિંચાઈનો લાભ મળતા થયો છે. આના કારણે આદિવાસી વિસ્તારની અંદર હું જ્યાં રહું છું મારા વિસ્તારની અંદર અનેક ગામડાઓ એવા છે કે જે જંગલ વિસ્તારની અંદર આવેલા છે. માનનીય અધ્યક્ષશ્રી, ૪૦ વર્ષ પછી પણ આ ગામોને પીવાના પાણીની તકલીફ પડતી હતી. જ્યારે એ લોકો જંગલ ઉપર રહેતા હોય અને નીચે પાણી ભરવા માટે આવતા હોય આવી સ્થિતિ જે તે સમયની અંદર હતી પણ અમારી સરકારે આ જે વિસ્તારો છે આવા તમામ વિસ્તારોને શુદ્ધ પાણી પીવાનું મળી રહે એવી વ્યવસ્થા મારી પાર્ટી થકી, મારી સરકાર થકી જે આ ભગીરથ કાર્ય કર્યુ છે જેના પરિણામે હું આ સમર્થન આપવા માટે ઉપસ્થિત થયો છું.

**શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર(ભાદરણ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી, નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા, કલ્પસર, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણની જે માગણીઓ લઈને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, જળ એ જીવન છે. સમગ્ર ગુજરાતનો લગભગ ૧૬૦૦ કિલોમિટરનો દરિયાકિનારો આવેલો છે અને એના કિનારે આપણું ગુજરાત વસેલું છે. દરેક જિલ્લાવાર જુદી જુદી સમસ્યાઓ છે. આ સમસ્યાઓનું નિરાકરણ કરવા માટે ખાસ કરીને આ સભાગૃહમાં તમામ ધારાસભ્યશ્રીઓએ એક સાથે આપણે બધાએ વિચાર કરવો પડશે કે વિશ્વ આખું એક દિવસ પાણીના યુદ્ધ માટે લોકો રસ્તા ઉપર આવશે. અગાઉની સરકારોએ સમગ્ર ગુજરાતમાં જે કોઈ નદીઓ હશે એના ઉપર નાની, મોટી અને મધ્યમ સિંચાઈ યોજનાઓ બનાવી હશે. પણ એની જાળવણી કરવાની આપણા સૌની જવાબદારી છે. વિજ્ઞાન અને ટૅક્નૉલૉજી આગળ વધતી હોય ત્યારે કઈ રીતે જળસ્ત્રાવ બચે એ આપણા માટે ચિંતાનો વિષય છે. મારે તો ખાસ કરીને માનનીય મંત્રીશ્રીને આપના માધ્યમથી વિનંતી સાથે કહેવું છે કે આપણે દરેક જાહેરાતો આપીએ છીએ, બેટી બચાવ અભિયાન ચલાવીએ છીએ એમ જળ બચાવ એવું અભિયાન ચલાવવું પડશે. એનાથી આગળ વધીને મારે કહેવું છે કે પ્રાથમિક શાળાના બાળકોને જળ માટે આપણા શું વિચારો છે, જળ માટે શું કરવાનું છે એનું પણ શિક્ષણ આપવું પડશે. માનનીય મંત્રીશ્રીને મારે તો ખાસ કહેવું છે કે મારા જિલ્લાની વાત કરું તો અમારે ખંભાત, તારાપુર, સોજીત્રા, બોરસદ, આંકલાવ એ દરિયાકિનારે ભરતી આવતી હોવાથી સેલિનીટીના લીધે જમીનો બગડતી જાય છે. સમગ્ર ગુજરાતમાં આણંદ જિલ્લો એક બગીચા તરીકે ઓળખાતો હતો. આજે એની પરિસ્થિતિ ખૂબ જ નાજુક છે. (સમય સૂચક ઘંટડી) એક જ મિનિટમાં પૂરું કરીશ.

**અધ્યક્ષશ્રી** : એક પણ મિનિટ આપી શકું નહીં. પાછળના સભ્યોને બોલવા ન મળે.

**શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર** : ખાસ કરીને અમારા બોરસદ તાલુકાની વાત કરું તો લગભગ ૬૦ માંથી ૩૫ ગામો અને ૮૭ પરાઓમાં સરકારી આંકડા મુજબ પીવા લાયક પાણી નથી મળતું. બદલપુર-તીથોર વચ્ચે આડબંધ બનાવવાની વાત કરી છે પણ એ બનતા બનશે. આજે એને શુદ્ધ પાણી મળે એવું ખાસ આયોજન કરવું પડશે.

**શ્રીમતી જશોદાબેન ચ. પરમાર(જોટાણા)** : માનનીય અધ્યક્ષશ્રી, આપે મને જળસંપત્તિ અને પાણી પુરવઠા વિશે બોલવાની તક આપી તે બદલ હું આપનો આભાર માનું છું. ધારાસભ્ય તરીકે કાયદાના મંદિરમાં બોલવાનો આ મારો પ્રથમ પ્રયાસ છે તેને સાર્થક કરવા પ્રયાસ કરીશ. ભૂલ થાય તો ક્ષમા કરશો.

માનનીય અધ્યક્ષશ્રી, પૃથ્વી પર ત્રીજા ભાગમાં જળ છે. જળ એ જ જીવન છે અને જળ અને જીવન જુદા થઈ શકે નહીં દરેક સજીવ જળ વગર જીવી શકે નહીં. એટલે કુદરતની દેન એ વરસાદ એ આશીર્વાદરૂપ છે. આપણા પૂર્વજો જળનું મહત્ત્વ સમજતા હતા એટલે નદી કિનારે વસવાટ કરતાં. સિંધુ નદીની સંસ્કૃતિ વર્ષો પહેલાની

છે. મોહેન્જો દડો અને હડપ્પા તેના ઉદાહરણો છે. ભગવાન શ્રીકૃષ્ણની દ્વારિકા નગરી પણ ગોમતી નદીના કિનારે વસેલી. આપણા પૂર્વજો વરસાદ લાવવા હોમ-હવન અને પૂજા-પાઠ કરતાં. કવિ કાલિદાસનું "અષાઢસ્ય પ્રથમ દિને" એ વરસાદ અને જળનું મહત્ત્વ સમજાવે છે. જળના બે સ્ત્રોત છે. એક સરફેસ વોટર, એટલે કે નદી, નાળા, તળાવ, વાવ વગેરે. બીજું ગ્રાઉન્ડ વોટર, એટલે કે પાતાળમાંથી બોર દ્વારા લેવામાં આવતું પાણી. સદીઓથી ગુજરાત રાજ્યે પાણીની તંગી અનુભવી છે. જૂના જમાનામાં સ્ટેપ વેલ એટલે કે વાવ ઉત્તમ ઉદાહરણ છે. વાવનું સ્થાપત્ય કલામય હતું. એટલે જ આપણી સરકારે વાવને આર્કિયોલોજીકલ મહત્ત્વ આપ્યું. ગુજરાતમાં આપણા પૂર્વજો પાણીના સંગ્રહ માટે વાવ, તળાવ, કાચા બંધ, ટાંકા અને કૂંડીઓમાં પાણી સમાવી રાખતા. છેલ્લા દાયકામાં પાણીનું મહત્ત્વ વધ્યું. અપૂરતા વરસાદના કારણે ગામડાંને સહન કરવું પડ્યું. સમય જતા વાવનું મહત્ત્વ ઘટ્યું. પણ આપણા માનનીયશ્રી મોદી સાહેબનું ધ્યાન વાવ તરફ ગયું અને આર્કિયોલોજીકલ સર્વે ઑફ ઇન્ડિયાનું ધ્યાન દોર્યું.અને ટુરિઝમ માટે મહત્ત્વ આપ્યું. ગુજરાત સરકારે હિંમતભર્યા પગલાં ભર્યા. વાવને પુનઃપ્રસ્થાપિત કરવા જળમંદિર પ્રોજેકટ હાથ ધર્યો. આ પ્રયત્નોથી વધારે સાંસ્કૃતિક વારસો જળવાઈ રહેશે અને જમીનમાં રહેલા પાણીને રિચાર્જ કરવા ઉપયોગી થશે તે પ્રોજેકટ પ્રશંસાને પાત્ર છે. ગુજરાતમાં બે વાવ જાણીતી છે. રાણકી વાવ, પાટણ અને અડાલજની વાવ. પીવાના પાણીની સમસ્યાનો ઉકેલ ગુજરાત સરકારે જરૂરતમંદ વિસ્તારોના નાગરિકોને નજીકના સ્થળેથી શુદ્ધ પીવાનું પાણી માનવતાના ધોરણે પહોંચાડવાના પ્રયત્નોને નોંધપાત્ર સફળતા મળી છે. પીવાના પાણીની સમસ્યાના નિવારણ માટે ભૂગર્ભજળ ઉપર આધાર ના રાખતા સરફેશ વોટરનું અમલીકરણ કર્યું. આપણી સરકારે અથાગ પ્રયત્નો કર્યા, અગ્રીમતા આપી તે માટે માનનીયશ્રી મોદી સાહેબને મારાં ખૂબ ખૂબ અભિનંદન.

સરદાર સરોવર નર્મદા કેનાલ યોજના સૌરાષ્ટ્ર અને કચ્છની સૂકી ધરા માટે નર્મદાના નીર કાચા સોના જેવા સાબિત થયાં છે. ઉત્તર ગુજરાત અને પંચમહાલને આવરી લેતી અંદાજીત કિંમત ૭,૨૦૦ કરોડની યોજના અમલીકરણ હેઠળ છે. સરદાર સરોવર હેઠળ ૨,૩૪૩ ગામો અને ૬૧ શહેરોને પીવાના પાણીની સુવિધા પ્રશંસાનેપાત્ર છે.

માનનીય અધ્યક્ષશ્રી, સુજલામ્ સુફલામ્ યોજનાએ માનનીય મોદી સાહેબનું ધ્યેય છે. રાજ્યના વીસ જિલ્લાને આવરી લેતી પીવાના પાણીની સુવિધા પૂરી પાડવા માટે ૧,૮૨૧ કરોડના ખર્ચે આયોજન હાથ ધર્યુ છે તે અભિનંદનને પાત્ર છે. ગ્રામ જૂથ પાણી પુરવઠા યોજનાને રાજ્ય સરકારે પ્રાધાન્ય આપ્યું છે. તમામ ગામોને રાજ્ય સરકાર દ્વારા પીવાના પાણીની સુવિધાથી આવરી લીધેલ છે. સૂકાભઠ્ઠ ખેતરોમાં નર્મદાના નીરે હરિયાળી ક્રાંતિ સર્જી છે. કૃષિ પેદાશોથી કરોડોની વૃદ્ધિ થઈ. નર્મદા મૈયા ગુજરાતની તરસી ધરતીની વહારે આવી, આ સિદ્ધિ સોનેરી અને વિરલ છે.

**શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર(હાલોલ)** : માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગના માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે એને સમર્થન આપવા હું ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજે ગુજરાતના ઇતિહાસમાં સદીઓથી ગુજરાત પરંપરાગત રીતે પાણીની અછતવાળો વિસ્તાર રહ્યો છે. કચ્છ, સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાત આ ત્રણ વિસ્તારમાં ગુજરાતની ૬૦ ટકા વસ્તી રહે છે અને લગભગ ૨૫ ટકા પાણી ત્યાં ઉપલબ્ધ છે. મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાતમાં ૪૦ ટકા વસ્તી રહે છે અને ૭૫ ટકા પાણી ઉપલબ્ધ છે. આ અસંતુલિત પાણીની વહેંચણી કુદરતે આપણને આપી છે. પરંતુ જેની દૃષ્ટિમાં વિકાસની સમજણ છે. જે લોકો કુદરતે આપેલા આ અસંતુલિત પાણીની વહેચંણીને માનવીના પુરુષાર્થ અને પ્રયત્નોથી, માનવીને ઈશ્વરે આપેલ બુદ્ધિથી સંતુલિત કરી સમગ્ર ગુજરાતનો સંતુલિત વિકાસ થાય એના માટે પ્રયત્નો કરવા જોઈતાં હતાં. રાજ્યની સ્થાપના થયા પછી અનેક વર્ષો સુધી વિપક્ષના મિત્રો ટ્રેઝરી બેંચ ઉપર બેઠા હતા. આ અસંતુલિત પાણીની વહેંચણીને સંતુલિત કરવા માટે પુરુષાર્થ કામે ના લગાડ્યો, ના કોઈ યોજના વિચારી લાવ્યાં કે ના કોઈ વિચારનો અમલ કર્યો એને પરિણામે અનેક વર્ષો સુધી ગુજરાત અસંતુલિત પાણીના લીધે વિકાસથી વંચિત રહ્યું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં અસમાન રીતે વહેંચાયેલી જળ સંપત્તિ, ભૂગર્ભજળનો બીનઆયોજીત ઉપયોગ અને જમીન ઉપરના પાણીને રોકવાની ઉદાસીનતાના કારણે ૧૮,૦૦૦ ગામોમાંથી ૮,૨૫૦ ગામો પાણીની નબળી ગુણવત્તાનો ભોગ બનેલ છે અને આ યોજનાના ૧૦ જિલ્લામાં ભૂગર્ભજળ ખેંચી લેવાના અતિરેકના કારણે ૨,૭૯૧ ગામો ફલોરાઈડના દૂષિત પાણીવાળા, ૪૫૫ ગામો નાઈટ્રેટના દૂષિત જળની સમસ્યા તથા ૭૯૨ ગામો ખારાશની સમસ્યાનો ભોગ બનેલા છે, આને લીધે રાજ્યના ઘણાં વિસ્તારોમાં પાણીના તળ ૧,૦૦૦ થી ૧,૨૦૦ ફૂટ ઊંડા ગયાં. પાણીની અંદર ફલોરાઈડ આવવા માંડ્યું, પાણી પીવાલાયક કે ખેતીલાયક રહ્યું નહિ. પાણી પશુ પણ પી ના શકે એવું પાણી જમીનમાંથી નીકળવા માંડ્યું. આપણે સૌ નસીબદાર છીએ કે, ગુજરાતના આદરણીય માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈએ આપણા સૌના હ્રદય સમ્રાટ, દીર્ઘદૃષ્ટા નરેન્દ્રભાઈએ સત્તાના સૂત્રો સંભાળ્યાં અને પાણીની સંતુલિત વહેંચણી માટે સૌ પ્રથમ ચિંતા તેમણે કરી. જો તેમણે સત્તાના સૂત્રો ના સંભાળ્યાં હોત તો આવી પરિસ્થિતિમાં પચાસ વર્ષમાં ઉત્તર ગુજરાત રણમાં તબદીલ થઈ જાત.

આદરણીય અધ્યક્ષશ્રી, સુજલામ્ સૂફલામ્ યોજના એટલે પાણીની અછતથી પીડિત ૧૦ જિલ્લા સૌરાષ્ટ્રના સુરેન્દ્રનગર અને કચ્છ, મધ્યગુજરાતના પંચમહાલ, ઉત્તર ગુજરાતના ૬ જિલ્લા આ દસ જિલ્લાની કાયમી પાણીની સમસ્યાનું નિવારણ અને પાણીની સમતુલિત વહેંચણીની યોજના. આ યોજનાની ભેટ જો આ દસ જિલ્લાને મળી

હોય તો તેનું શ્રેય આદરણીય નરેન્દ્રભાઈ મોદીને જાય છે. વિપક્ષના મિત્રોએ જયારથી આ યોજના અમલમાં આવી ત્યારથી એમાં અનેક વિક્ષેપો પાડવાના પ્રયત્નો કર્યા. જયારે કેન્દ્રમાંથી આદરણીય નરેન્દ્રભાઈ ૬૦૦૦કરોડ ઉપરાંત રૂપિયા આ યોજના માટે લાવ્યા ત્યારે એન.ડી.એ.ની સરકાર હતી ૩૦૦૦કરોડ રૂપિયા આપ્યા અને યુ.પી.એ.ની સરકાર આવ્યા પછી બાકીની ગ્રાન્ટ ગુજરાતમાં ન આપી. વિપક્ષના બેઠેલા લોકોએ આપણી આ * (કમિટિના રિપોર્ટ બહાર પ્રદર્શિત ન થાય છતાં પણ અખબારોમાં પ્રદર્શિત કરીને આ યોજના રોકવાના પ્રયત્નો કર્યા.)

**અધ્યક્ષશ્રી** : આપ, આપના વાકયો પાછા ખેંચો. આપનું પ્રવચન પૂરું થાય છે. આપ સિનિયર મેમ્બર છો. આપ લખેલું વાંચી ન શકો. આપનું પ્રવચન પૂરું થાય છે. તમે પેલા સમિતિ વિશેના ઉલ્લેખ કર્યા એ પાછા ખેંચી લો.

**શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, મારો કહેવાનો મતલબ એ હતો કે..

**અધ્યક્ષશ્રી** : નહીં, કશું નહીં. એમાં કોઈ ચોખવટ ન હોય.

**શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર** : હા, હા. પાછું ખેંચી લઉં છું. આપનો આદેશ.

**શ્રી હીરાભાઈ હ. પટેલ(લુણાવાડા)** : માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા, જળસંપત્તિ, પાણી પૂરવઠા અને કલ્પસર વિભાગના માનનીય મંત્રીશ્રી જે માગણી લઈને આવ્યા છે એ અંગે હું મારા વિચારો વ્યકત કરવા ઊભો થયો છું. સમગ્ર જગતમાં સજીવ સૃષ્ટિ માટે પાણી એ પ્રાણ સમાન છે. પાણીનો સદુપયોગ થાય, પાણીનો દૂર્વ્યય ન થાય એ બાબત ધ્યાનમાં રાખવાની અત્યંત જરૂર છે. હમણાં જ પંચમહાલ જિલ્લાના મારા મિત્રશ્રી જે વાત કરતાં હતા એના અનુસંધાનમાં કહું તો પંચમહાલની અંદર બહુલક્ષી, મોટા કદની યોજનાઓ, મધ્યમ કદની યોજનાઓ અને નાના કદની જે કંઈ સિંચાઈ યોજનાઓ આવેલી છે એ તમામ સિંચાઈ યોજનાઓ ૧૯૯૦ પહેલા કોંગ્રેસે બનાવેલી છે અને જે હું કહું છું એ વાત સત્યથી વેગળી હોય તો ભૂતકાળના ઈતિહાસના પાના ખોલીને જોઈ લેવાની તસ્દી લેવાની વિનંતી કરું છું. હાલની જે સિંચાઈ યોજનાની, નહેરોની જે પદ્ધતિ છે એનું આધુનિકરણ કરવામાં આવે, એની કાર્યક્ષમતાની સુધારણા કરવામાં આવે અને નહેરો દ્વારા જે પાણી વહે છે અને તે દરમિયાન જે પાણીનો દૂર્વ્યય થાય છે એ દૂર્વ્યયનો ઘટાડો કરવામાં આવે અને પાણીનો મહત્તમ ઉપયોગ કરવામાં આવે અને મેઈન કેનાલ હોય, એના ઢાળીયા હોય, પ્રશાખા હોય એના કામમાં સુધારણા કરવામાં આવે તો જેમ દેશની અંદર રેલ્વે મંત્રાલયે એકસેસ કેપિટલનો સદુપયોગ કરીને અને જે શકિત છે એનો મહત્તમ ઉપયોગ કરીને ૨૫૦૦૦ રૂપિયાનો જે નફો કર્યો અને રેલ્વે દરના ભાડામાં જે ઘટાડો કર્યો એ કામ આ સિંચાઈ ક્ષેત્રની અંદર પણ કરી શકાય.

**શ્રી કાંતિભાઈ રા. પટેલ(વિજાપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી નર્મદા, જળસંપત્તિ, પાણી પૂરવઠા અને શહેરી વિકાસની જે માગણી લઈને આવ્યા છે એને મારું સમર્થન આપું છું અને મારા વિચારો રજૂ કરું છું. માનનીય મંત્રીશ્રી, જળ એ જીવન છે અને ગુજરાતના મુખ્યમંત્રીશ્રીએ આ જળને માનવ સમાજ સાથે જોડી અને ગુજરાતમાં છેલ્લા પાંચેક વર્ષમાં જળસંપત્તિ આ પાણીનું વિતરણ અને ગામડે ગામડે સિંચાઈનું પાણી જાય એનું પૂરેપૂરું આયોજન કરવામાં આવ્યું છે.

મારે ૨૦૦૨ ની વાત કરવાની છે. ૨૦૦૨ માં ઊર્જા વિભાગ દ્વારા ૧૨ કલાક લાઈટ મળતી હતી. એ વખતે કૃષિ ઉત્પાદન ૯,૦૦૦ કરોડનું હતું. આજે ૮ કલાક લાઈટ મળે છે અને ૩૪,૦૦૦ કરોડનું કૃષિ ઉત્પાદન થયું છે. ૧૨ કલાક લાઈટ મળતી હતી, પણ પાણીની પરિસ્થિતિ વિકટ હતી. ગામડાનો ખેડૂત ટ્યૂબવેલ ચાલુ કરે અને શરૂઆત બે-ત્રણ કલાક પાણી મળે અને ધીરે ધીરે પાણી ઓછું થાય. છેલ્લા કલાકોમાં બોર બંધ થઈ જતો હતો. ભૂગર્ભમાં પાણી નહોતું. ભૂગર્ભમાં પાણી ન હોવાના કારણે ગુજરાતનો ખેડૂત પાયમાલ થયો હતો. ગુજરાતના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ એક સંકલ્પ કર્યો. મારે વીજળી નહિ, પણ આ ગામડાઓને પાણી આપવું છે. દરેક ખેડૂતને સિંચાઈનું પાણી મળી રહે એના માટેનું આયોજન કર્યું. ૧૯૯૨ માં ગામડે ગામડે ચેકડેમ બન્યા, તળાવો ઊંડા કરવામાં આવ્યા, બોરીબંધ બાંધવામાં આવ્યા. આ રીતે આપણે વરસાદનું પાણી વહી ન જાય એટલા માટે ગુજરાતના મુખ્યમંત્રીશ્રીએ એક સૂત્ર આપ્યું હતું કે ગામનું પાણી ગામમાં, સીમનું પાણી સીમમાં અને ઘ રનું પાણી ઘરમાં. એટલા માટે ગુજરાતમાં ચેકડેમ બન્યા, તળાવો બન્યા અને જેના કારણે ચોમાસાનું પાણી વહી જતું હતું, તે પાણી તળાવો મારફત, ચેકડેમ મારફત ભરાયા અને રીચાર્જ થયા એના કારણે આજે ગુજરાતનો ખેડૂત સમૃદ્ધ બન્યો છે. મારે ઉત્તર ગુજરાતના ધરોઈ ડેમની વાત કરવાની છે. ધરોઈ ડેમ ૧૯૯૨ માં પરિપૂર્ણ થયો હતો અને તે ૩૯૦૨ હેકટરની સિંચાઈનું પાણી થતું હતું, આજે ૪૩૦૦૦ હેકટરમાં સિંચાઈનું પાણી આપવામાં આવે છે. છેલ્લા ૫ વર્ષમાં નરોત્તમકાકાએ પૂરેપૂરું આયોજન કર્યું છે, એટલા માટે પાણીદાર મંત્રી તરીકે એમને આખું ગુજરાત ઓળખે છે અને બીજી વાત કરું કે ધરોઈમાંથી જે પાણી દ્વારા ખેડૂતોની વ્યવસ્થા કરવાની વાત કરે છે. ખેડૂતોએ જૂથ યોજના બનાવી છે. ( સમય સૂચક ઘંટડી ) ઉત્તર ગુજરાતમાં ૧૯૮ જૂથ મંડળી બનાવી છે અને ૪૩૫૦૦ હેકટરમાં સિંચાઈનું પાણી આપવામાં આવે છે. આ જ રીતે ગુજરાતનો ખેડૂત સમૃદ્ધ બન્યો છે. ૩૪૦૦૦ કરોડની આવક આપણે આજે મેળવતા થયા છીએ. કૃષિરથ મારફત પણ ખેડૂતો સમૃદ્ધ બને એના માટે ટપક સિંચાઈ પદ્ધતિ અને ફુવારા પદ્ધતિનું સરકારે આયોજન કર્યું છે. માનનીય મંત્રીશ્રી જે માગણી લઈને આવ્યા છે એમને હું મારું અનુમોદન આપું છું.

---

*** (          ) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો સભ્યશ્રી દ્વારા પાછા ખેંચી લેવામાં આવ્યા છે. .**

**શ્રી રાકેશ શાહ(એલીસબ્રીજ)** : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી જે એમના વિભાગની માગણી લઈને આવ્યા છે. એમના સમર્થનમાં હું આ સભાગૃહની અંદર પ્રથમવાર મારા વિચારો રજૂ કરવા માટે ઊભો થયો છું. એકવીસમી સદીની આ પ્રથમ દાયકાની ૨૦૦૭ માં ઐતિહાસિક ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીનો ભવ્ય વિજય થયો છે અને આદરણીય મુખ્યમંત્રીશ્રીએ ફરી વાર સત્તાના સૂત્રો સંભાળ્યા છે. જ્યારે શહેરી વિસ્તારમાંથી જવાબદારી લઈને આવ્યો છું. શહેરી વિકાસ વિભાગની ચર્ચા કરવા ઉપસ્થિત થયો છું. વૈશ્વિકકરણની જે અસરો છે, જે વાઈબ્રન્ટ ગુજરાતની અસરો જોઈએ છીએ. જે રીતે ગુજરાતમાં નવા ઉદ્યોગની સ્થાપના અને રોજગારીની તક વધી રહી છે. એ રીતે જોતા ગુજરાતમાં શહેરીકરણની પ્રક્રિયા ખૂબ ઝડપથી આગળ વધી રહી છે. આવનારા દશકામાં એવું કહેવાય છે કે શહેરમાં લગભગ કુલ વસ્તીના ૫૦ ટકા વસ્તી એ શહેરી વિસ્તારમાં વસતી રહે છે, ત્યારે શહેરી વિકાસ વિકાસ મંત્રીશ્રી જે ૨૧૧૧ કરોડ રૂપિયાની સૂચિત જોગવાઈ લઈને આ સભાગૃહમાં આવ્યા છે. એને અનુમોદન આપવા માટે ઊભો થયો છું. શહેરી વિભાગની વાત આવે છે. ત્યારે વિપક્ષના નેતા વાત કરી રહ્યા હતા. બેલેન્સ ડેવલપમેન્ટની વાત મૂકી હતી. હું આપના માધ્યમ દ્વારા સભાગૃહને જણાવું છું કે ગરીબોને પ્રાધાન્ય આ ભારતીય જનતા પાર્ટીની સરકાર સમજે છે કે ગરીબને દયાની નહિ, પણ સુવિધાની જરૂર છે. શહેરમાં રહેતા ગરીબ લોકો માટે ગરીબી સમૃદ્ધિ આવાસ યોજના હેઠળ ૪૫૦ કરોડ રૂપિયાથી વધારે રકમ ફાળવી અને શહેરના ગરીબો સામાજિક સમરસતામાં જોડાય તેવું અભિયાન કર્યુ છે.

માનનીય અધ્યક્ષશ્રી માત્ર મેસ્કોન ટેકનોલોજીનો ઉપયોગ કરવાનો છે કે જે ભૂકંપ રહિત મકાનો બનવાના છે. આદરણીય અધ્યક્ષ મહોદય જ્યારે વાત કરું છું શહેરની તો એક બી.આર.ટી.એસ. મુખ્યમંત્રીશ્રીએ જનમાર્ગનું નામ આપ્યું છે. જે.એન.એન.યુ.આર.એમ. હેઠળ આ રાજય એક એવું છે કે જ્યાં જાહેર પરિવહન ક્ષેત્રમાં બી.આર.ટી.એસ.માં અમદાવાદ અને રાજકોટ શહેરનો સમાવેશ થયો છે. આધુનિક બસો હશે, અદ્યતન સ્ટ્રીટ લાઈટો હશે અને ડીવાઈડર હશે. બસ માટે ખાસ કોરીડોર હશે અને જ્યારે ફલાય ઓવર સાથે પણ જોડાણ કર્યુ હશે. વિશ્વના વિકસિત દેશોમાં જે બી.આર.ટી.એસ. જોવા મળે છે તેની સરખામણી અમદાવાદ અને રાજકોટ જેવા શહેરોમાં જોવા મળશે. બીજી એક વાત છે કે સાબરમતી રીવર ફ્રન્ટ. આપણે જોઈએ છીએ કે નદીના પટમાં પણ એક નગર બની શકે તેવી એક યોજના લઈને જ્યારે ભારતીય જનતા પાર્ટીના આદરણીય મુખ્યમંત્રી અને તેમના મિત્રો આવ્યા છે (સમયસૂચક ઘંટડી) સાહેબ, હજુ એક મિનિટ થઈ છે સાહેબ. હું અમદાવાદની વાત કરું છું તો અમદાવાદ શહેરમાં ભર ઉનાળામાં અમદાવાદ એવું શહેર છે કે જે બે ટાઈમ પાણી આપી શકે છે. ગુજરાત કે આખા હિન્દુસ્તાનના કોઈ શહેરોમાં એવી પરિસ્થિતિ નથી. મને દુઃખ એ વાતનું છે કે જ્યારે નર્મદાના નીર અમદાવાદમાં આવ્યા હતા અને તેનો એક કાર્યક્રમ કર્યો હતા નર્મદાના નીરના વધામણાનો ત્યારે મુખ્યમંત્રી હાજર રહ્યા હતા, સાધુ મહંતો હાજર રહ્યા હતા. પણ કોંગ્રેસના લોકોએ તે કાર્યક્રમનો બહિષ્કાર કર્યો. કઈ માનસિકતા સાથે એ લોકો ગુજરાતમાં આવ્યા હતા. અમદાવાદમાં નર્મદાના નીરના વધામણાંનો કોંગ્રેસે બહિષ્કાર કર્યો હતો. છેલ્લી વાત કરી લઉં કે જે રીતે ગુજરાતના મહાનગરોમાં વિકાસ થઈ રહ્યો છે તે જોતાં એમ કહી શકાય કે ગુજરાત બદલાઈ ગયું છે. આવનારા દિવસોમાં આપણા મહાનગરો વિકસિત દેશો સાથે સરખામણી કરશે. આદરણીય નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ફરી એકવાર આ પ્રગતિની ટોચ પર બેઠેલું ગુજરાત જ્યારે આવનારા દિવસોમાં સત્તાના સુકાનો આદરણીય મુખ્યમંત્રીશ્રી પાંચ વર્ષ પૂરા કરશે ત્યારે લોકોને એટલો વિશ્વાસ બેઠો છે કે નરેન્દ્રભાઈ મોદી જેટલા દિવસો રાજ કરશે એટલા વર્ષો ગુજરાતના સુધરી જશે તે સો ટકા વાત સાચી છે. હું મારો સૂર પુરાવી મારી વાત પૂરી કરું છું.

**શ્રી કુંવરજીભાઈ ન. હળપતિ(બારડોલી)** : માનનીય અધ્યક્ષશ્રી, જુદા જુદા વિભાગની માનનીય મંત્રીશ્રી પોતાની માગણીઓ લઈને આવ્યા છે ત્યારે મારા મંતવ્યો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ખાસ કરીને પાણી પુરવઠા ઉપર ભારપૂર્વક વાત મૂકવા માગું છું. હું મારા મત વિસ્તારની અંદર મંત્રીશ્રીને વિનંતી કરું છું કે સુરતથી બસમાં બેસીને વ્યારા સુધીનો પ્રવાસ કરે અને એક ગામડાની અંદર જમણી બાજુ જ્યારે નજર નાંખો ત્યાં એક ટાંકી બનાવેલ છે. તે ટાંકીની અંદર આજદિન સુધી પાણી પડયું નથી. ત્યાં બોર કરવામાં આવ્યો નથી અને પાઈપલાઈનની સુવિદ્યા આપવામાં આવી નથી. મારા ગામડાનો એક આદિવાસી ભાઈ તરસ્યો હતો અને પાણી પીવાની તરસ લાગી એટલે ટાંકીએ જાય છે. તે ચકલી ખોલે છે તો ચકલી ખોલતાં પાણી આવતું નથી. નળમાં પાણી આવતું નથી. ત્યારે ઉચે નજર કરે છે અને એમણે જે વાંચ્યું તેમાં હતું કે બીજેપી. એટલે કે બીજે જઈને પી. આ બીજેપીની યોજના હતી. પાણી માટેની નથી. આવું સ્પષ્ટ લખ્યું હતું. બીજી વાત કરું છું. ખેડૂતોની અને આપણે જ્યારે ગુજરાતના મુખ્યમંત્રીની વાહ વાહ કરતાં હોઈએ કે મુખ્યમંત્રીશ્રીએ આમ કર્યુ, તેમ કર્યુ. ગયા વર્ષમાં અમારા સુરતમાં ભરઉનાળામાં મુખ્યમંત્રીશ્રી આવ્યા હતા અને તાપી નદીની અંદર ઉકાઈ ડેમમાંથી એક લાખ કયુંસેક પાણી છોડયું અને સુરત શહેરમાં નદીમાં દીવડા વહેવડાવવામાં આવ્યા. એકબાજુ ભર ઉનાળે ખેડૂતોની ડાંગર સુકાઈ રહી હતી, શેરડી અને મગફળી સુકાઈ રહી હતી તે પાણી બંધ કરવામાં આવ્યું અને નકામું તાપી નદીમાં વહેવડાવવામાં આવ્યું. આ ખેડૂતોની વાહ વાહ ભાજપ સરકારની અંદર. આપણે ખેડૂતોની વાતો કરીએ છીએ. ત્યારે હું ગૃહ નિર્માણ વિભાગની વાત કરવા માગું છું. અમારા હળપતિ ભાઈઓ માટે હળપતિ ગૃહ નિર્માણ બોર્ડની રાજય સરકારે રચના કરી છે. છેલ્લા દસ વર્ષમાં કોઈ હળપતિ આવાસ બનાવવામાં આવ્યા નથી. માત્ર કાગળ ઉપર યોજના ચાલે છે. અમારા હળપતિઓની મશ્કરી

છે. સાચા અર્થમાં આ યોજનાઓ આપવી હોય તો તે યોજનાને સાકાર કરવી પડે. સુજલામ્ સૂફલામ્ યોજનાની વાત કરું. એક કહેવત છે. હિન જન્મે નવહીન માનવ, કે હિન જન્મે હિનકર્મે નવહીન માનવ. મનુષ્યનો નીચ કુળમાં જન્મ થવાની તે હીન બની જતો નથી પણ મનુષ્યના કર્મેથી તે નીચ બને છે.

**શ્રી ધનજીભાઈ ગો. સેંધાણી(માંડવી)** : માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગના માનનીય મંત્રીશ્રી જે માગણી ક્રમાંક : ૬૪, ૬૬ અને ૬૭ લઈને આવ્યા છે એમને હું મારું સમર્થન આપું છું અને અભિનંદન આપું છું. માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય ગૃહમાં હું પ્રથમ વખત ચૂંટાઈને આવ્યો છું. હું કચ્છ- માંડવી વિસ્તારમાંથી આવું છું, અને આપશ્રી વધારે સમય બોલવા નહીં દો એટલે કચ્છની થોડીક વાત કરીશ.

માનનીય અધ્યક્ષશ્રી, પાણી પુરવઠા વિભાગની વાત કરું તો, અમારા કચ્છમાં જ્યારે ભૂકંપ થયો, એને લગભગ સાતેક વર્ષ થયાં અને ખેડૂત બિચારા, એ સમયે જ્યારે ૨૬મી જાન્યુઆરીના દિવસે શાળામાં અમે ધ્વજવંદન કરતાં હતા અને ધરતીકંપ થયો અને એ ધરતીકંપમાં હજારો માણસો કચ્છમાં મરી ગયા ત્યારે ત્યાં અમે વિચાર કરતાં હતા કે હવે કચ્છને બેઠું કેમ કરવું? પણ માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે અમારી ભાજપની સરકાર અને માનનીય મુખ્યમંત્રીશ્રીએ છ મહિનાની અંદર જ કચ્છને પાણી હોય કે રસ્તા હોય કે ખેડૂતોના જે બોર હતા કે જે સાવ બેસી ગયા હતા એને પણ બાર માસમાં ખેડૂતોને બેઠા કર્યા અને કરોડો રૂપિયા ખર્ચીને, આજે પણ તમે કચ્છમાં આવો તો છેલ્લા પાંચ વર્ષમાં જે બાગાયત સિંચાઈ- ડ્રિપ ઈરીગેશનની વાત કરું તો, માનનીય મુખ્ય મંત્રીશ્રીએ ૫૦ ટકા સબસિડી, ૪૫ ટકા લોન અને ખેડૂત માત્ર પાંચ ટકા ભરે એટલે કરોડો રૂપિયાની એની બાગાયતની આજે અમારી બાજુમાં હજારો એકર જમીનમાં ખારેક અને કેસર આંબાનું વાવેતર, આજે એ ડ્રિપ ઈરીગેશનના કારણે છે. આજે આઠ કલાક વીજળી આવે છે પણ આઠ કલાક વીજળીની અંદર હોજ ભરીને જે ખેડૂતો હજારો રૂપિયાનો, કરોડો રૂપિયાનો, લાખો રૂપિયાનો પાક લે છે, કેરીનો, એ કેરીનો એક કિલોનો ભાવ કહું તો આજે ૫૦ થી ૬૦ રૂપિયા છે. એ માટે પણ જે આભારી કહેવાય એવા અમારા માનનીય મુખ્યમંત્રીશ્રી છે અને આ બાજુના ભાઈઓને ૨૫મી તારીખથી હું સાંભળું છું, એમને નિહારું છું. (અંતરાય) ખાતો નથી કે ખાવા દેતો નથી, આ જ વાત કરે છે પણ કચ્છની અંદર જે બે વર્ષમાં કચ્છને ઊભું કર્યું હોય તો અમારા માનનીય મુખ્યમંત્રીશ્રીને આભારી છીએ. વધારે સમય નહીં લઉં, આ માગણીઓને સમર્થન આપીને વિરમું છું.

**શ્રી ભરતસિંહજી શં. ડાભી(ખેરાલુ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની કુલ રૂપિયા ૨૯૮૫ કરોડ ૭ લાખ અને ૩૦ હજારની જે માગણીઓ લઈને આવ્યા છે તેને હું આવકારું છું અને મારું અનુમોદન આપું છું.

રાજયમાં રાજય દ્વારા જળ વ્યવસ્થાપનની સાથે સાથે અંતરિયાળ વિસ્તારમાં આવેલા આદિવાસી વિસ્તારને પણ સિંચાઈની પૂરતી સુવિધાઓ મળી રહે અને સર્વાંગી વિકાસ થાય તે માટે વિવિધ પગલાંઓ ભરવામાં આવે છે, આદિવાસી વિસ્તારમાં સિંચાઈકારો પાસે પ્રમાણમાં ખેતી માટેની જમીન ઓછી અને ટુકડાઓમાં વહેંચાયેલી છે, અમુક વિસ્તારો ઊંચાણમાં હોવાથી તેઓને કાયમી ધોરણે સિંચાઈ સુવિધા મળતી ન હતી પણ આ રાજય સરકાર દ્વારા લેવાયેલા વિવિધ પગલાંઓને કારણે આ વિસ્તારોમાં પણ વિકાસનાં દ્વાર ખુલ્યાં છે.

માનનીય અધ્યક્ષશ્રી, સુજલામ્ સૂફલામ્ યોજના હેઠળ ડાબા કાંઠા હાઈ લેવલ કેનાલ દ્વારા સંતરામપુર, કડાણા, અને લુણાવાડા તાલુકાની અંદર સિંચાઈથી વંચિત એવા ગામોમાં પાંચ હજાર હેકટર વિસ્તારમાં સિંચાઈની સુવિધા ઉપલબ્ધ છે, આ કામગીરી ખૂબ જ સફળતાપૂર્વક આગળ વધી રહી છે. મારા વિસ્તારમાં ધરોઈ નહેર આધારિત સાબરમતી, સરસ્વતી લુપ્ત કેનાલ જેને એસએસ કેનાલ કહે છે જેનાથી સિધ્ધપુર ખાતે સરસ્વતી, સાબરમતી નદી, ત્રણ નદીઓના જળ મેળવી ત્રિવેણી મહાસંગ્રહ કર્યો. માનનીય અધ્યક્ષશ્રી, દેવાયત પંડિતે ભવિષ્યવાણી કરી હતી કે, સાબરમતીના નીરથી સિધ્ધપુરની પનિહારીઓ પાણી ભરશે, યુગપુરુષ એવા રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબે આ સિદ્ધ કરી બતાવ્યું છે.. આ ત્રિવેણી મહા-સંગમના કાર્યક્રમમાં હું પણ ઉપસ્થિત હતો, એક સામાન્ય માણસ બોલતો હતો કે આજે મોદી સાહેબને ખબર પડશે કે મારા કેટલા ચાહકો છે. આ ત્રિવેણી મહાસંગમના કાર્યક્રમનું પરિણામ શું આવ્યું? વિરોધ પક્ષ કોંગ્રેસના એક મિત્રની સામે સિંહનો શિકાર કરી સન્માનીય ગૃહમાં આવેલા માનનીય જયનારાયણભાઈ વ્યાસને બધા ઓળખે છે. ભૂતકાળની સરકારોમાં કામ માટે લોકોને આંદોલન કરવું પડતું હતું, ત્યારે ભારતીય જનતા પાર્ટીની સરકાર લોકોના લોક કલ્યાણના કામ માટે આંદોલનો કરે છે. આ આંદોલનકારી મુખ્યમંત્રીશ્રી છે. મારે સામે બેઠેલા કોંગ્રેસના મિત્રોને કહેવું છે કે, ચિરંજીવ યોજના, જયોતિગ્રામ યોજના આ યોજનાના શબ્દો તમે ડિકશનરીમાં કયારેય વાંચ્યા હતા મિત્રો? કેટ-કેટલી નવી યોજનાઓ માનનીય મુખ્યમંત્રીશ્રીએ દાખલ કરી છે આ માટે માનનીય મુખ્યમંત્રીશ્રીને હું અભિનંદન આપું છું અને માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે એને હું મારું સમર્થન આપું છું. અને એ સાથે મારું વક્તવ્ય પૂરું કરું છું.

**શ્રી લાલસિંહ ઉ. વડોદીયા(ઉમરેઠ)** : માનનીય અધ્યક્ષશ્રી, પાણી પુરવઠા, શહેરી ગૃહ નિર્માણ, શહેરી વિકાસ અને જળસંપત્તિ વિશે મારા વિચારો વ્યક્ત કરવા ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, પાણી પુરવઠાની બાબતમાં માનનીય મંત્રીશ્રીને આપના માધ્યમથી કહેવું છે કે, અમુક જગ્યાએ એવી જર્જરિત થઈ ગયેલી પાણીની ટાંકીઓ છે કે જે ૧૯૮૦ના દાયકામાં બનેલી છે પણ જે તે ગામ ૧૦

ટકા પોતાનો .ફાળો આપે તો જ નવી ટાંકી બને એવો નિયમ છે ત્યારે મારે કહેવું છે કે, ઘણા ગામડાંઓ એવાં છે કે, ત્યાં ૧૦ ટકા ફાળો ભેગો કરી શકે એવી એમની આર્થિક સ્થિતિ નથી. ત્યારે આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને વિનંતી કરવી છે કે આવા ગામો માટે ૧૦ ટકા ફાળો માફ કરીને સો એ સો ટકા સરકાર પૈસા ખર્ચીને નવી ટાંકી બનાવી આપે એવી વ્યવસ્થા કરે એવી વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, શહેરી ગૃહ નિર્માણની વાત કરવી છે. શહેરી ગૃહ નિર્માણમાં ૧૯૯૬થી સનદો આપી છે. આજે ૧૨ વર્ષ થયા ઉમરેઠની નગરપાલિકાથી કલેકટર કચેરી સુધી એ લોકો કાગળો લઈને ફરે છે પણ મકાન બનાવવાની જગ્યા પણ આ સરકાર એમને ફાળવી શકી નથી. જ્યાં મકાન બનાવવાની જગ્યા અમને બતાવી છે એ જગ્યાએ શ્મશાન આવેલું છે અને ૨૦ ફૂટનો ખાડો છે ત્યારે આ જગ્યાએ પેલા ગરીબો મકાન કેવી રીતે બાંધશે? આપણા ઉમરેઠની અંદર •(માનનીય અધ્યક્ષશ્રી જેનું પાણી આપે પણ પીધું છે). (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય લાલસિંહ, મારા ઉલ્લેખ વગર આપનું પ્રવચન આગળ વધારો.

**શ્રી લાલસિંહ ઉ. વડોદીયા** : ઓ.કે. હું મારા શબ્દો પાછા ખેંચી લઉં છું. પાણીની હાર્ડનેશનો આંક અમારા વિસ્તારમાં ૧૦૦૦નો છે માનનીય મંત્રીશ્રી નીતિનભાઈને મારી વિનંતી છે કે કંઈક ૨૬૦ થી ૨૫૦ની હાર્ડનેશનું પીવાનું પાણી મળે એવું કરો અને પછી સરકાર ખૂબ સારી છે એવું કહેશો તો અમે પણ તમારી સાથે આનંદથી પાટલી થપથપાવીશું.

માનનીય અધ્યક્ષશ્રી, જળસંપત્તિમાં જે નહેરો કોંગ્રેસ સરકાર વખતે બની હતી એ નહેર ઉપર પહેલા ખેડૂતોના ટ્રેકટરો જઈ શકતા હતા, જીપો જઈ શકે એવા રોડ હતા અત્યારે સાઈકલ લઈને પણ જવાની તકલીફ પડે છે તો ત્યાં ડામરનો રોડ બનાવો તો સડસડાટ ખેડૂતો ટ્રેકટર લઈને એમના ખેતરે જઈ શકે. અમે તમારી સરકારના વખાણ કરીએ એવું કંઈક કામ કરો એવી વિનંતી છે. અહીં હમણા માનનીય દોલત કાકા વાત કરતાં હતા અમારે ત્યાં ખૂબ સારા વિકાસના કામો થયા છે. પણ આ બધી વસ્તુઓ અમારે ત્યાં નથી થઈ માટે માનનીય મંત્રીશ્રી જે બિલ લઈને આવ્યા છે એને હું સમર્થન આપી શકતો નથી.

**શ્રી ગોવિંદભાઈ ઉ. પટેલ(રાજકોટ-૧)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી જે માગણીઓ આ ગૃહ સમક્ષ લઈને આવ્યા છે એને મારું સમર્થન આપવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ સરકારે શહેરી વિકાસને લગતા અનેક પ્રકારના કામ કર્યા છે. એમાં સૌથી મોટું કોઈ કામ કર્યું હોય તો એ જકાત નાબૂદીનું કર્યું છે. બીજું કામ અર્બન લૅન્ડ શિલિંગ એકટ જે ખેડૂતોને બાન પકડીને બેઠા હતા, ખેડૂતોની જમીનને પકડીને બેઠા હતા અને હડપ કરનારા અનેક તત્ત્વો જેનો ઉપયોગ કરતાં હતા આ કાળો કાયદો આ સરકારે કાઢ્યો છે એ આ સરકારની એક દેન છે. માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે આર્થિક ઉદારીકરણ આપણે સ્વીકાર્યુ છે અને વિશ્વની તમામ બજારોની અંદર જ્યારે વેપાર કરવા માટેની સીમાઓ ખૂલી છે ત્યારે એનો કેવી રીતે લાભ લેવો એના માટે માર્કેટને કેવી રીતે કેચઅપ કરવું એના માટેનું પણ આયોજન આ સરકારે કર્યું છે. ગાંધીનગરની બાજુમાં ગુજરાત ઇન્ટરનૅશનલ ફાઈનાન્સ સીટી બનાવવા જઈ રહ્યા છીએ, આશરે ૫૦૦ એકર જમીનની અંદર આ સીટી હાઈટૅક ટૅક્નૉલૉજી દ્વારા નિર્મિત થવાનું છે. આશરે ૪૦ લાખ લોકોને એમાંથી રોજી મળવાની છે અને ૫૦ હજાર માણસો માટે વસવાટની સવલત ઊભી થવાની છે. આ હાઈટૅક સીટી થશે, આજે દુનિયાના લોકો જ્યારે ગુજરાત તરફ આકર્ષાઈને, ગુજરાતની અંદર કરોડો રૂપિયાનું જ્યારે મૂડીરોકાણ કરવા માટે આવે છે ત્યારે વિશ્વના જે નામાંકિત શહેરો છે એ શહેરોની સાથે સરખામણી કરવા માટે એ પ્રકારનું આપણું શહેર ઊભું થાય, બહારથી કોઈપણ એન.આર.આઈ. આવે અને આવીને પગ મૂકે ત્યારે એને એમ લાગે કે નહિ હું આ ગુજરાતની અંદર આવ્યો છું, મારું મૂડીરોકાણ કરવાનો છું એ સાર્થક છે, એના માટેનું એક પ્લાનિંગ કરીને આજે રાજય સરકાર આ પ્રકારનું આયોજન કરીને એના માટેની પ્રાથમિક સગવડતાઓ લાઈટ, વીજળી, રસ્તા, પાણી અને ગેસ આ પ્રકારની પ્રાથમિક સુવિધાઓ આપીને એની જે પૂર્ણતા તરફ જઈ રહ્યું છે ત્યારે મને લાગે છે કે, આવતા દિવસોમાં આ ગુજરાતની જે નેમ છે એ વિશ્વના જે નામાંકિત શહેરો છે એની સરખામણીમાં આપણે પણ ઊભાં રહી શકીએ એ માટે જ્યારે જઈ રહ્યું છે ત્યારે માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે એને હું મારું અનુમોદન આપું છું.

**શ્રી ખુમાનસિંહ રા. ચૌહાણ(સાવલી)** : માનનીય અધ્યક્ષશ્રી, શહેરી વિકાસ મંત્રી, સિંચાઇ મંત્રી, નર્મદા, જળસંપત્તિ વિભાગના મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે ત્યારે આપના મારફતે મારા એક બે સૂચનો છે અને આ સરકારનો જે ગેરવહીવટ છે એ બાબતમાં આપના માધ્યમ દ્વારા સરકારને કહેવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, થોડા દિવસ પહેલાં આપણે છાપાંઓના માધ્યમ દ્વારા વાંચ્યું છે કદાચ આપે પણ વાંચ્યું હશે જાણ્યું હશે અને સન્માનનીય ગૃહના સભ્યોએ પણ વાંચ્યું હશે, જાણ્યું હશે કે સરકાર જે જમીનો અલગ અલગ હેતુ માટે શહેરોની અંદર રિઝર્વ રાખે છે. એકવાયર કરે છે. એ એકવાયર કરવા પાછળનો માત્ર સરકારનો એટલો જ હેતુ હોય છે કે, કોઈક જગ્યાએ સારા મેદાન બને, સરકારની કોઈ શાળાઓ બને, બગીચાઓ બને એટલા માટે ગરીબોને કંઈક મદદરૂપ થાય, એને મકાનો બનાવવા માટે, હાઉસીંગ સોસાયટીઓ બનાવવા માટે પણ ત્યાં એવી જમીનો રિઝર્વેશનમાં રાખે છે અને એ જમીનો ઉપર વર્ષો વીતી ગયા, સરકારે એના, જે જમીનો જે ખેડૂતોની

• (     ) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો સભ્યશ્રી દ્વારા પાછા ખેંચી લેવામાં આવ્યા છે.

હતી એ ખેડૂતોને વળતરના પૈસા પણ ચૂકવી દીધા, પણ જે હેતુ માટે જે જમીનો રિઝર્વેશનમાં રાખેલી એના પર બાન હતા એની અંદર સરકાર કશું ન કરી શકી, આટલા વર્ષથી અમારું રાજ, આટલા વર્ષથી અમારું રાજ, અમારું જ રાજ, અમારું જ રાજ, એમ કરતાં રહ્યા અને જે જમીનો રિઝર્વેશનમાં હતી એ જમીનો ઉપર હમણાં હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટમાં સરકાર ગઈ અને સરકાર એમાં હારી પણ ગઈ અને સુપ્રીમ કોર્ટ અને હાઈકોર્ટે એવો ચુકાદો આપ્યો કે જે જમીનો જે ખેડૂતોની રિઝર્વેશનમાં લીધેલી છે એવી જમીનો જે જમીનોનો હેતુ જળવાયો નથી એનો ઇરાદો હતો એ જળવાયો નથી, એવી જમીનો ખરેખર જે તે ખેડૂતોની એકવાયર કરી હોય એવા ખેડૂતોને પરત આપવી. આ એક જીવતો જાગતો દાખલો કહું તો આ સરકારની બેદરકારીનો છે. ત્યારે શહેરી વિકાસ મંત્રીશ્રી હમણાં જવાબ આપવા ઊભાં થશે ત્યારે કહેશે કે અમે તો આમ કર્યું ને તેમ કર્યું, આ સરકારના વહીવટનો એક નમૂનો છે. હવે મને એવું લાગે છે કે, થોડાક દિવસોની અંદર બિલ્ડરો આ જમીનો માટે ફાંફા મારશે, શહેરી વિકાસ મંત્રીની આજુબાજુ ફરશે, કલેકટરોની આજુબાજુ ફરશે અને એટલો મોટો પ્રશ્ન જે થશે મને લાગે છે કે..

**અધ્યક્ષશ્રી** : આપનો સમય પૂરો થાય છે, શ્રી બાબુભાઈ દેસાઈ,

**શ્રી બાબુભાઈ જે. દેસાઈ(કાંકરેજ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગની માગણી નં.૧૦૨ રૂા.૩૩,૯૭,૫૫,૦૩,૦૦૦/- જેવી રકમ ગુજરાતના તમામ શહેરો અને તમામ નગરપાલિકાઓના વિકાસ માટે લાવ્યા છે તે માગણીને મારું સમર્થન આપવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, પ્રજા તો મૂકત પંખી જેવી નિર્દોષ હોય છે. છાપાઓના સમાચારો પ્રમાણે પોતાના મંતવ્યો ઘડે ને રજૂ કરે, કોઈ નેતાની સભામાં જઈને ભાષણ સાંભળી આવી હોય તો એ પ્રમાણે વાત કરે. છેલ્લાં પાંચ વર્ષના આ ભાજપ સરકારના શાસનમાં શાંતિ સાથે રાજયનો વિકાસ પણ ઝડપી થયો છે. શિક્ષણક્ષેત્રે, ઉદ્યોગ ક્ષેત્રે તેમજ બીજા ક્ષેત્રો પણ કેટકેટલા વિકાસ પામ્યાં છે અને એનો યશ તો ગુજરાતની ધરતીના પનોતા પુત્ર કર્મવીર, માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના ફાળેજ જાય છે ને? એમની સૂઝ, સમજ, દીર્ઘદ્રષ્ટિ અને આયોજનબધ્ધ કાર્યક્રમ દ્વારા ગુજરાત સમૃદ્ધ, વિકાસશીલ અને હરિયાળું બન્યું. અગાઉના સમયમાં ભારતનું માન્ચેસ્ટર કહેવાતું અમદાવાદ. શહેરી વિકાસની યોજના જેવી કે સાબરમતી રિવરફ્રન્ટ, ટાઉન પ્લાનીંગ સ્કીમો, જેમાં રોડ, ગટર અને તમામ માળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ હોવાને કારણે ગુજરાતના તમામ શહેરોનો વિકાસ થવા પામ્યો છે.

માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીનાં છ વર્ષના કાર્યકાળમાં પ્રજાએ તેમનાં શાસનને તપશ્ચર્યા તરીકે નિહાળી છે. પ્રજાએ તેમની પૂરેપૂરી કસોટી કરી લીધી છે. પ્રજા કોઈ 'ત્વ  કે ..ઈઝમ' ને ઓળખતી નથી કે સર્જતી નથી હોતી. પ્રજા તો માણસના મનને પામે છે, હ્દયને સ્પર્શે છે અને કાર્યને જુએ છે. ગુજરાતની જનતાએ માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીમાં ગુજરાતની ભકિત ને કર્તવ્ય પરાયણતા જોઈ, તેમના છ વર્ષના શાસન દરમિયાન લોકોએ તેમના મન, વચન અને કાર્યમાં સમાનતા જોઈ. સામાન્ય માનવીના હિત માટેની સંવેદના, કાર્યનિષ્ઠા, કાર્યદક્ષતા, પ્રમાણિકતા અને પુરુષાર્થ જોયો. પડકારો સામે ઝૂકવાને બદલે ઝઝૂમવાનો મિજાજ જોયો. લોકહિત માટે ગમે તેવી કિંમત ચૂકવવાની તત્પરતા અને સંકલ્પસિધ્ધિ માટેની અવિરત સેવા નિહાળી, તેમજ અવરોધોને ઓળંગી જવાની હિંમત જોઈ અને આવા અનેક ગુણોને લીધે ગુજરાતની જનતાએ સો ટચનું સોનું સમજીને ગુજરાતની ગાદી તેમને સુપરત કરી છે. શહેરો, નગરો અને મહાનગરોની કાયા પલટ કરવાના રાજય સરકારના અભિગમ ( સમય-સૂચક ઘંટડી ), હું માગણી નં.૧૦૨ને સમર્થન કરું છું.

**શ્રી અરવિંદસિંહ દા. રાઠોડ(કાલોલ)** : માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૦૮-૦૯ના અંદાજપત્રની માગણી નંબર ૬૪, ૬૬, ૬૭ અને ૧૦૨ માનનીય મંત્રીશ્રી જે લઈને આવ્યાં છે તેમાં હું મારું સમર્થન આપું છું અને મારું મંતવ્ય રજૂ કરું છું.

જીવ માત્રને જીવન જીવવા માટે ત્રણ વસ્તુઓની જરૂરિયાત હોય છે હવા, પાણી અને ખોરાક. માનનીય અધ્યક્ષશ્રી, પાણી, ખોરાક અને હવા કુદરતી સંપત્તિ છે. પાણી તો કુદરતી સંપત્તિ છે. જ્યારે ખોરાક મનુષ્ય આધારિત છે પરંતુ તેમાં પણ કુદરતનો સાથ હોય છે. જીવનમાં હવા વગર મિનિટો સુધી ચાલે છે, પાણી વગર કલાકો સુધી ચાલે છે જ્યારે ખોરાક વિના દિવસો સુધી ચાલે છે. પાણીની જરૂરિયાત દરેક જીવને હોય છે ત્યારે કોઈ કવિએ કહ્યું છે કે " પાણી અને વાણી વાપરો જાણી જાણી. " પાણીની જરૂરિયાત દરેક જીવને હોય છે ત્યારે મારા જિલ્લાની વાત કરું તો પંચમહાલ જિલ્લામાં નર્મદા આધારિત પીવાના પાણીની યોજના કાલોલ, હાલોલ, રાજગઢ અને જાંબુઘોડા તાલુકામાં ૧૧૫ કરોડના ખર્ચે યોજનાનું કામ ચાલે છે. અમારા તાલુકામાં ગોમા નદી ઉપર ત્રણ ચેક ડેમના કામ સાડા સાત કરોડના ખર્ચે હાલમાં ચાલે છે. જ્યારે આ ચેક ડેમોને લીધે જે દશ વર્ષ જૂના કૂવા, જે સુકાઈ ગયેલાં તેમાં અત્યારે પાણી ચાલે છે. તે જળ સંચયના કામો થવાથી અમારા તાલુકામાં ફાયદો થયો છે. આવી વિવિધ યોજનાઓ સરકારશ્રીએ જે મૂકી છે તેમાં હું મારું સમર્થન આપું છું અને આજે ગુજરાતમાં પીવાના પાણીની વ્યવસ્થા ભારતીય જનતા પાર્ટીની સરકારે જે કરી છે તેમાં માનનીય મુખ્યમંત્રી અને ગુજરાતના હ્દયના સાડા પાંચ કરોડની જનતાના હ્દય સમા આદરણીય મુખ્યમંત્રીશ્રીને હું મારા અભિનંદન પાઠવું છું. આવા અનેક વિવિધ કાર્યો કરેલા તેને હું અભિનંદન પાઠવું છું અને મારું સમર્થન કરું છું.

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ ( નર્મદામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી,

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફતે માનનીય મંત્રીશ્રીને વિનંતી કરવા માગું છું કે અમારા નેતાએ કહ્યું છે કે સુજલામ્ સુફલામ્ યોજનામાં જો સી.બી.આઈ.ની ઈન્કવાયરી આપવાની વાત સ્વીકારતા હોય તો અમારી કાપ દરખાસ્ત પાછી ખેંચવાની અમારી તૈયારી છે.

**અધ્યક્ષશ્રી** : આપ ખૂબ જ સિનિયર છો. વિપક્ષના નેતા રહી ચૂકયા છો. કાપ દરખાસ્ત પાછી ખેંચવી કે ન ખેંચવી એ આપનો અધિકાર છે. (અંતરાય) નહીં, નહીં. આપે ખાતરી આપી છે એ એમણે સાંભળી છે. હવે પ્રશ્ન એટલો જ છે કે એમણે શું કહેવું એ આપ નહીં કહી શકો. આપની વિનંતી એમણે સાંભળી છે. (અંતરાય) એ એમનો અધિકાર છે. એમને શું કહેવું એની ફરજ નહીં પાડી શકો. (અંતરાય) એ તો અંતે તમને લાગે કે કાપ દરખાસ્ત પાછી ખેંચવી છે તો ખેંચવાની, નહીં તો નહીં ખેંચવાની.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ**: માનનીય અધ્યક્ષશ્રી, એમણે શું નકકી કર્યું છે એ અમને ખબર છે. (સતત અંતરાય) તમે શું નકકી કર્યું છે એ અમને ખબર છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : નહીં નહીં. (સતત અંતરાય) તમે તમારો જવાબ આપો. માનનીય મંત્રીશ્રી, આપ આપનો જવાબ ચાલુ કરો.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ**: માનનીય અધ્યક્ષશ્રી, મારું પ્રવચન સાંભળે. (સતત અંતરાય) એ પછી બધો ખ્યાલ આપને આવી જશે. હું મારે છેલ્લે જે કહેવાનું છે એ કહીશ. (સતત અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી, આપ જવાબ ઉપર આવો. (સતત અંતરાય) ઓર્ડર, ઓર્ડર.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ**: જવાબ ઉપર જ આવું છું, સાહેબ. (સતત અંતરાય અને સૂત્રોચ્ચાર) માનનીય અધ્યક્ષશ્રી, ..(સતત અંતરાય) પણ, બેસો તો ખરા. મારી વાત સાંભળો. (સતત અંતરાય અને સૂત્રોચ્ચાર) મારી વાત સાંભળો.

**અધ્યક્ષશ્રી** : માનનીય નેતાશ્રી, વિપક્ષના નેતાશ્રી. માનનીય શકિતસિંહજી.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ**: અમને ખબર છે, તમે શું કરવાના છો.

**અધ્યક્ષશ્રી** : માનનીય શકિતસિંહજી. મારે કંઈ કહેવું છે. (સતત અંતરાય) આપ બેસી જાઓ. (સતત અંતરાય અને સૂત્રોચ્ચાર) એ હા પાડતા નથી, એનો અર્થ એ થયો કે એમની ના છે. (અંતરાય) તમે એમને ફરજ નહીં પાડી શકો. એક મિનિટ. તમે બેસી જાઓ, હું પૂછી લઉં છું. (સતત અંતરાય) ઓર્ડર, ઓર્ડર. એમની માગણી છે કે તમે સી.બી.આઈ.ની તપાસ આપવા માગો છો, તો એ કાપ દરખાસ્ત..

**શ્રી નીતિનભાઈ ર. પટેલ**: માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રવચનમાં મારે શું કહેવું, કયારે કહેવું એ મારો અધિકાર છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : મેં પહેલા કહી દીધું, પણ એ નથી સ્વીકારતા.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : એટલે મારે જે કહેવું હશે તે હું માનનીય અધ્યક્ષશ્રી, કહીશ. અને મને કોઈ રીતે આ રીતે બાધ્ય કરી શકાય નહીં.

**અધ્યક્ષશ્રી** : આપ આપનું પ્રવચન ચાલુ કરો. ઓર્ડર, ઓર્ડર.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : (સતત અંતરાય) અમને ખબર છે તમારે શું કરવાનું છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી, આપ આપનું પ્રવચન ચાલુ કરો. ગૃહને ઓર્ડરમાં રાખવાની મારી ફરજ છે. (સતત અંતરાય) ગૃહને ઓર્ડરમાં રાખવાની મારી ફરજ છે. (સતત અંતરાય) માનનીય શકિતસિંહજી, તમે જયારે બોલતા હતા, ત્યારે મેં આ બાજુ કંટ્રોલ કરેલા છે. હવે મંત્રીશ્રીનો જવાબ સાંભળવો એ આપની જવાબદારી છે. (અંતરાય) પણ ના પાડે જ છે, ના પાડે જ છે. એ હા નથી પાડતા એનો અર્થ એ જ છે. એમણે હા નથી પાડી, તમારી માગણી સ્વીકારતા નથી એ તમને એમણે કહ્યું. (અંતરાય)

**શ્રી નીતિનભાઈ ર. પટેલ**: સાવ આવી રીતે સાહેબ? (સતત અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, આવી રીતે?

**અધ્યક્ષશ્રી** : એમને સાંભળવા એ તમારી જવાબદારી છે.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ**: આવી રીતે કેમ ચાલે સાહેબ? (સતત અંતરાય) મને રક્ષણ આપો માનનીય અધ્યક્ષશ્રી, સાહેબ, આ લોકશાહીની વાતો કરનારા, આ હાઉસને મંદિર કહેનારા કેવી રીતે વર્તન કરે છે એ આપ સૌ જોઈ રહ્યાં છો માનનીય અધ્યક્ષશ્રી,

**અધ્યક્ષશ્રી** : આપ જોઈ લો. માનનીય મંત્રીશ્રી આપ આપનો જવાબ ચાલુ કરો.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, સંસદીય પરંપરાની વાતો કરનારા કેવું આચરણ કરે છે એ આપણે જોઈ રહ્યાં છીએ માનનીય અધ્યક્ષશ્રી, (સતત અંતરાય)

**અધ્યક્ષશ્રી** : પહેલી વાત એ છે. (અંતરાય) આપ બેસી જાઓ. ગૃહને ઓર્ડરમાં રાખવાની મારી જવાબદારી છે. શકિતસિંહજી. તમે કોઈપણ મંત્રીશ્રીને તમારી વાતનો સ્વીકાર કરવો એવી ફરજ પાડી શકાશે નહીં. (અંતરાય) પણ એ કહેતાં નથી એનો અર્થ એ થાય કે એ સી.બી.આઈ.ને તપાસ સોંપવા માગતા નથી. અને એના માટે તમારે ગૃહત્યાગ કરવો હોય તો કરી શકો છો.(અંતરાય) તમારે હા પાડો કે ના પાડો એ તમારી જવાબદારી છે.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : મારે જયારે એનો જવાબ આપવો હોય ત્યારે આપી શકું છું. મારે હા કહેવી કે ના કહેવી એ મને અનુકૂળતા પ્રમાણે હું કહી શકું. એટલે આ રીતે કોઈ વાત કરી શકાય નહીં. (અંતરાય)

(આ તબકકે માનનીય સભ્યશ્રી પરેશભાઈ વસાવા વેલમાં ધસી આવી કાગળો ફાડી વેલમાં નાંખતાં)

**અધ્યક્ષશ્રી** : માનનીય પરેશભાઈ, તમે આ રીતે વેલમાં આવી ગયા છો એટલે હું તમને બે દિવસ માટે નેઈમ કરીશ. એટલે હું તમને બે દિવસ માટે નેઈમ કરું તે પહેલાં તમે પાછા જતા રહો. (અંતરાય)

(આ તબકકે માનનીય સભ્યશ્રી ખુમાનસિંહ ચૌહાણ પણ વેલમાં આવી જતાં)

**અધ્યક્ષશ્રી** : માનનીય સભ્યશ્રી ખુમાનસિંહજી, પછી મારે તમને નેઈમ કરવાની પરિસ્થિતિ આવશે. મારે નેઈમ કરવા નથી, પરંતુ નેઈમ કરવા પડશે. (અંતરાય) શકિતસિંહજી....(અંતરાય) માનનીય મંત્રીશ્રી, મત ઉપર મૂકી દઉં? જવાબ આપવો છે આપે?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : હા, મારે જવાબ આપવો છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : તો જવાબ ચાલુ કરો. (સતત અંતરાય) જો વેલમાં આવશો તો (અંતરાય)

('સુજલામ્ સુફલામ્ ની સી.બી.આઈ.ની તપાસ આપો'ના સૂત્રોચ્ચાર સતત ચાલુ) (સતત અંતરાય)

**અધ્યક્ષશ્રી** : હું આપસૌને બેસી જવા માટે કહું છું (અંતરાય અને ઘોંઘાટ) આ સભાગૃહમાં આપણે શરૂઆત કરી ત્યારથી આજસુધી જે પ્રકારની પ્રક્રિયાઓ અપનાવી છે એ સંસદીય ઈતિહાસમાં અનેરી છે, પરંતુ તેમ છતાં પણ સભાગૃહને બાનમાં લેવું હોય તો હું બાનમાં લેવા દઈશ નહીં અને અંતે હું કોઈને નેઈમ કરું એ પરિસ્થિતિ ઉભી ના થાય તો વધારે સારું. (અંતરાય) માનનીય શકિતસંહજી, આપ સૌ સભ્યશ્રીઓને સમજાવો અથવા સભાત્યાગ કરવાનો આપનો અધિકાર છે, પરંતુ આપ એવું નહીં કહી શકો કે સી.બી.આઈ.ને તપાસ સોંપો જ અને મંત્રીશ્રી આવો જ જવાબ આપે એવી તેમને ફરજ નહીં પાડી શકો અને એટલા માટે હું મંત્રીશ્રીને કહું છું કે તમારો જવાબ ચાલુ કરો. (સતત અંતરાય અને સૂત્રોચ્ચાર ચાલુ)

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** :માનનીય અધ્યક્ષશ્રી, આજે આપણું ગુજરાત જે ભૌગોલિક વિસ્તારના ધોરણે કે જેમાં પાણી એક અગત્યનો અને મહત્વનો પ્રશ્ન છે. (સતત અંતરાય)

**અધ્યક્ષશ્રી** :શકિતસિંહજી, મારે કેટલાક સભ્યોને નેઈમ કરવા પડશે. મારે નેઈમ કરવા પડે એવી પરિસ્થિતિ ના થાય.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, ઉશ્કેરાટનું કારણ આપ સમજો, આપ રેકર્ડ મંગાવીને જોઈ લો તો ઉશ્કેરાટનું કારણ જે રીતે મંત્રીશ્રીના શબ્દો બોલાયા છે એ કારણના મૂળને સમજો. મારી વિનંતી છે કે એ ના પાડે, અમે એમ નથી કહેતા કે અમે કહીએ એમ એ હા કે ના પાડે. (સતત અંતરાય)

**અધ્યક્ષશ્રી** :શકિતસિંહજી, મારી નજર આગળ બનાવ બન્યા છે એ હું જાણું છું. હું આપને ખૂબ આદરપૂર્વક જાણું છું કે તમે એક આદરપૂર્વક વર્તતા વિરોધપક્ષના નેતાશ્રી છો અને તમે તમારી એ કેરીયરને સાચવવાનો પ્રયત્ન કરો. મારા માટે એવી પરિસ્થિતી ના થાય કે જે લોકો વેલમાં આવી ગયા છે તેમની સામે મારે પગલાં ભરવાં પડે. આપને કહું છું કે આપનો ગૃહત્યાગ કરવાનો અધિકાર છે અને યુ કેન ગો.

(આ તબકકે સૌ વિરોધપક્ષના સભ્યશ્રીઓ 'સી.બી.આઈ.ની તપાસ સોંપો' ના સૂત્રોચ્ચાર કરતાં કરતાં સભાત્યાગ કરી ગયા)

**અધ્યક્ષશ્રી** :ગૃહની શરૂઆત થઈ ત્યારથી આપણી ઉચ્ચ સંસદીય પ્રણાલિકાઓ સ્થાપવાનો એક કાર્યનિષ્ઠ સંકલ્પ આપણે સૌએ સાથે મળીને કર્યો હતો અને એ સંકલ્પ સાથે આપણે આગળ વધી રહ્યા હતા અને સૌને એ સંકલ્પ ગમતો હતો અને સૌના સહયોગથી આપણે એમાં આગળ વધી રહ્યા હતા. ગૃહના નેતાશ્રી માનનીય વિરોધપક્ષના નેતાશ્રીનું સન્માન કરે અને વિરોધપક્ષના નેતાશ્રી ગૃહના નેતાશ્રીનું સન્મન કરે એ ઘટનાઓ આપણે જોઈ છે. પરિણામ એ આવ્યું આટલા દિવસોમાં કે આપણે બધા સારી રીતે એક ઉચ્ચ કક્ષાની ભાવનાથી ચર્ચા કરી શકયા છીએ. આજે પણ માનનીય વિરોધપક્ષના નેતાશ્રી જયારે પ્રવચન કરતા હતા ત્યારે તેમણે જે ઉલ્લેખો કર્યા એ ઉલ્લેખોનો જવાબ સાંભળવો એ પણ વિરોધપક્ષની જવાબદારી બને છે. કોઈપણ વિરોધપક્ષ કે કોઈપણ આ ગૃહનો સભ્ય કોઈ મંત્રીશ્રીને એવું ના કહી શકે કે તમે આ પ્રકારનો જ જવાબ આપો. સી. બી. આઈ.ની તપાસની માગણી કરવાનો એમને અધિકાર છે, જે શરત મુકી કે સી. બી. આઈ. ની તપાસ થાય તો અમે કાપ દરખાસ્તો પાછી ખેંચીશું, અને નહીં આપવામાં આવે તો પાછી નહીં ખેંચીએ, એ કહેવાનો એમનો અધિકાર છે, પણ સી. બી. આઈ. ની તપાસ નથી આપતા, અને મંત્રીશ્રીના પ્રવચન કરતાં, પહેલાં જ આ જાતના દેખાવો કરવા તે કદાચ વિપક્ષના નેતા ઉપર સંભવિત છે, મને ખબર નથી, એટલે. હું તેના ઉલ્લેખમાં પડતો નથી, પરંતુ હું વિપક્ષને પણ વિનંતી કરું છું કે આપણે જે દિશા પકડી છે તે દિશામાંથી વિચલિત થવું જોઈએ નહીં, આપણે ગુજરાતમાં સંસદીય પ્રણાલિઓની પુન:સ્થાપના કરવવાની છે, અને તે પ્રણાલિકાઓ મારી પાડેલી છે તેવું હું નથી માનતો, આ પ્રણાલિઓ ગુજરાતમાં ૧૯૬૦ થી સ્વર્ગસ્થ અધ્યક્ષ મહોદયો, કલ્યાણજી મહેતા, રાઘવજી લેઉવા, સ્વર્ગસ્થ નટવરલાલ શાહથી શરૂ કરીને આજ સુધીના બધા જ પૂર્વ અધ્યક્ષશ્રીઓએ આ પ્રણાલિ જાળવવાનો પ્રયત્ન કર્યો છે. આપણે પણ આ ગૃહ શરૂ થયું ત્યારથી આજ સુધી આ પ્રણાલિકાઓ જાળવવા કટિબદ્ધ બન્યા છીએ, અને સૌનો સહયોગ એમાં મળ્યો છે. અને તેને ગુજરાતના પ્રજા જીવને નિહાળ્યો છે, અને અનેક લોકોએ આવકાર્યો છે. આજે કોઈ પણ કારણસર, એ

કારણમાં હું જઈ શકતો નથી, પરંતુ વિપક્ષનો એ આગ્રહ કે સી. બી. આઈ. ની તપાસ આપવા માગો છો કે નહીં, અને ન આપો તો અમે કાપ દરખાસ્ત પાછી નહીં ખેંચીએ, વિપક્ષનો એ અધિકાર છે, કાપ દરખાસ્ત નહીં પાછી ખેંચવાનો, પણ કાપ દરખાસ્ત નહીં પાછી ખેંચવાના મુદ્દા ઉપર આ પ્રકારના દેખાવો કરવા તે યોગ્ય નથી. એટલા માટે હું માનું છું કે આ દેખાવોને સહ્ય કરી શકાય નહીં, હું આ સભાગૃહનું કાર્ય એક પણ મિનિટ થોભાવવા માગતો નહોતો, અને એટલા માટે મેં કહ્યું કે એક પણ મિનિટ વેડફયા વિના, સમય બગાડયા વિના ચર્ચાઓ દ્વારા એક બીજાને સહિષ્ણું બનીએ, આજની આ ઘટના જે બની એમાં સહિષ્ણુતાનો રસ્તો હતો, અને એ સહિષ્ણુતા એ હતી કે બીજાને સાંભળવા, દાદા સાહેબ માવલંકરના ઉલ્લેખો જોઈએ તો એમાં બહુ સ્પષ્ટ છે કે મેં જે કહ્યું છે તેનો જવાબ મારે સાંભળવો જ જોઈએ, આ સંસદીય પ્રણાલીકાની ઉત્તમ પ્રણાલિકા છે. અને એટલા માટે માનનીય મંત્રીશ્રીનો જવાબ સાંભળવો જોઈએ, અને સાંભળ્યા પછી માનનીય મંત્રીશ્રી અપીલ કરે કે તમે કાપ દરખાસ્તો પાછી ખેંચો, તે વખતે તમે કહી શકયા હોત, પરંતુ પ્રી ડીટરમાઈન્ડ હતું, પહેલેથી નકકી કરેલું હતું કે આ મુદ્દો એ હતો. એમના મુદ્દાઓ હોઈ શકે, પરંતુ એ મુદ્દામાં હું જવા માગતો નથી. હું એટલું સ્પષ્ટ કહું છું કે આપણે જે દિશા અપનાવી છે તે દિશા ગુજરાતની પ્રજાને ગમી છે, આપણે જે દિશા અપનાવી છે સંસદીય પ્રણાલિકાની તે મારા કાર્યકાળમાં શરૂ થયેલી દિશા નથી, આ દિશા તો દાદા સાહેબ માવલંકરથી શરૂ કરી અને ગુજરાત વિધાનસભામાં પૂર્વ અધ્યક્ષશ્રીઓએ પાડેલી દિશા છે, અને એ દિશાને આપણે ફરીથી અપનાવીએ, અને વિરોધપક્ષને ફરીથી હું વિનંતી કરું છું કે આ દિશાએ ગયા વિના જે દિશા આપણે અપનાવી છે, જે રસ્તો અપનાવ્યો છે સંસદીય પ્રણાલિકાના ઉચ્ચતમ માર્ગનો, એ માર્ગને ફરી અપનાવવા માટે હું એમને અપીલ કરું છું.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ ( નર્મદામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું આજે ૩ વિભાગોની માગણી લઈને આ સન્માનનીય ગૃહ સમક્ષ આવ્યો છું માનનીય અધ્યક્ષશ્રી, મારા ૩ વિભાગ એટલે જળ સંપત્તિ વિભાગ, પાણી પુરવઠા વિભાગ અને શહેરી વિકાસ વિભાગ, આ ત્રણેય વિભાગો સમગ્ર ગુજરાતની. . . .

### સભાગૃહનો સમય લંબાવવા અંગે

**શ્રી આર.સી. ફળદુ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીનો જવાબ અને માગણીઓ પરનું મતદાન પૂર્ણ થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવામાં આવે તેવી મારી વિનંતી છે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રીનો જવાબ પૂરો થાય અને મતદાન પૂરું થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવામાં આવે છે.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : મારા ત્રણ વિભાગો છે એ જુદી જુદી રીતે ગુજરાતની સાડા પાંચ કરોડની પ્રજાને આવરી લે છે. સૌથી પ્રથમ અગત્યનું મનુષ્ય માટે જરૂરી હોય તો એ પીવાનું શુદ્ધ પાણી એની જરૂરિયાતને સંતોષવાનું છે. એટલે મારા પાણી પુરવઠા વિભાગ દ્વારા ગુજરાતના તમામ વિસ્તારોમાં તમામ નાગરિકોને પૂરતા જથ્થામાં શુદ્ધ પીવાનું પાણી ઉપલબ્ધ થાય એ માટેનું આયોજન આવે છે. એવી રીતે મારા જળ સંપત્તિ વિભાગમાં કે સિંચાઇ વિભાગમાં ગુજરાતની જે નદીઓ છે એ નદીઓ અને વરસાદથી મળતું પાણી છે અને ભૂગર્ભમાં હજારો વરસથી સંગ્રાહેલું પાણી છે એ પાણીનું સંકલન કરીને એનો સદુપયોગ કરી વિવિધ જગ્યાએ ડેમો, તળાવો કે ચેકડૅમો બનાવીને પાણીનો સંગ્રહ કરી સિંચાઇ માટે એ પાણી આપવાનું અને એ રીતે ખેતીને સુદ્રઢ બનાવવી ખેતીને નફાકારક બનાવવી એ પણ એમાં મુખ્ય હેતુ છે. ત્રીજું મારો શહેરી વિકાસ વિભાગ છે એમાં પણ ગુજરાતની સાડા પાંચ કરોડની પ્રજામાંથી લગભગ બે કરોડ કરતાં વધારે નાગરિકો છે એ મહાનગરો અને નગરપાલિકાના શહેરી વિસ્તારમાં વસવાટ કરે છે એમની પીવાના પાણીથી માંડીને અન્ય સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાની જવાબદારી પણ અમારા શહેરી વિકાસ વિભાગની આવે છે ત્યારે અમારા ત્રણેય વિભાગમાં પાણી એ કેન્દ્ર સ્થાને છે ત્યારે સ્વાભાવિક પાણીની સ્થિતિ પાણીની ઉપલબ્ધતા પાણીની કવોલિટી આજે કુદરતી રીતે આપણા રાજયમાં કેવા પ્રકારની છે એ સૌ સભ્યશ્રીઓના ધ્યાન ઉપર મૂકવા માગું છું.

આપણા દેશની સરખામણી કરીને જોઈએ તો ભારતની કુલ વસતિ છે એની સરખામણીમાં દરેકના માથાદીઠ દરેક નાગરિક દીઠ જુદી જુદી રીતે જુદા જુદા ઉપયોગ માટે પછી ખેતી માટે હોય કે ઉદ્યોગ માટે હોય કે પીવાના પાણી માટે હોય કે અન્ય વપરાશ માટેનું પાણી હોય જે પાણી પર હેડ ઉત્પન્ન થાય છે એનો જથ્થો ૨૦ લાખ લિટરનો આખા દેશની સરેરાશ છે. આપણા ગુજરાતનો એવો ભૌગોલિક વિસ્તાર છે કે દેશના દરેક નાગરિક દીઠ જે ૨૦ લાખ લિટર પાણી ઉપલબ્ધ છે એ દરેક પ્રકારના ઉપયોગ માટે એ ગુજરાતની સરેરાશ ૧૧ લાખ લિટરની દર વરસે નાગરિક દીઠ ઉપલબ્ધ થાય છે. એટલે કે દેશની ૨૦ લાખ લિટરની સરેરાશ ઉપલબ્ધી સામે આપણા ગુજરાતના નાગરિકોને કુદરતી રીતે ભૌગોલિક રીતે પાણીના સ્ત્રોત્રો છે એમાં નવ લાખ લિટર પાણી મળે એટલી જ પ્રાપ્તિ થયેલી છે. આ ૧૧ લાખ લિટરની પણ જો આપણે સરેરાશ કરીએ ગુજરાતની ભૌગોલિક વિસ્તાર દીઠ એમાં પણ ખૂબ મોટો ફરક અને તફાવત છે. આપણું જે દક્ષિણ ગુજરાત અને મધ્યમ ગુજરાત છે એની નાગરિક દીઠ માથાદીઠ પાણીની ઉપલબ્ધિ ૧૯ લાખ લિટર છે એટલે કે રાષ્ટ્રીય સરેરાશની ઘણી નજીક છે. જ્યારે ઉત્તર ગુજરાતની વાત કરીએ તો એ માથાદીઠ સરેરાશ ફક્ત ત્રણ લાખ લિટર જ થાય છે. રાષ્ટ્રીય સરેરાશ

૨૦ લાખ લિટર છે, ગુજરાતની સરેરાશ ૧૧ લાખ લિટર છે, દક્ષિણ ગુજરાતની સરેરાશ ૧૯ લાખ લિટર અને ઉત્તર ગુજરાતની સરેરાશ ફક્ત ત્રણ લાખ લિટર જ છે. એમાં આપણે સૌરાષ્ટ્રને જોઈએ તો સૌરાષ્ટ્રની પરિસ્થિતિ ઉત્તર ગુજરાત કરતાં પ્રમાણમાં સારી છે. સૌરાષ્ટ્રના વિસ્તારના નાગરિકોને સાત લાખ લિટર પાણી એ રીતે ઉપલબ્ધ થાય છે. કચ્છની ઉપલબ્ધતા જોઈએ તો ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્ર કરતાં પણ પ્રમાણમાં વધારે છે. એ આઠ લાખ લિટર પાણી ઉપલબ્ધ છે. કારણ કે સૌરાષ્ટ્ર કરતાં કચ્છનો વિસ્તાર મોટો છે. વસતિ પણ ઓછી છે. ભૂગર્ભજળનું ખેંચાણ પણ ઓછું છે. પાણીની ઉપયોગિતા હમણાં સુધી નહોતી. એ ધીમે ધીમે માનનીય સભ્યશ્રીઓએ કહ્યું તે પ્રમાણે ખેતી, ઉદ્યોગો, વસતિનો રહેણાંક વિસ્તાર વધતો જાય, પાણી ભૂગર્ભમાંથી ખેંચીને, બહારથી લાવીને નાગરિકો સુધી પહોંચાડવાની સરકારે જે સગવડતાઓ ઉપલબ્ધ કરાવી તેના કારણે કચ્છની સરેરાશ સારી છે. હું બીજી રીતે પણ માનનીય સભ્યશ્રીઓના ધ્યાન ઉપર ગુજરાતની પાણીની સ્થિતિ મૂકવા માગું છું. ગુજરાતમાં સમજી લો કે જે ૧૦૦ ટકા પાણી આપણને ઉપલબ્ધ છે તેનું ૭૧ ટકા પાણી એ ફક્ત દક્ષિણ ગુજરાત માટે ઉપલબ્ધ થાય છે. એટલે કે ગુજરાતનું જે પાણી છે, ભૂગર્ભનું હોય, વરસાદનું હોય કે નદીઓનું હોય તેનો ૭૧ ટકા જથ્થો ફક્ત દક્ષિણ ગુજરાત અને મધ્ય ગુજરાતમાં પ્રાપ્ત થયો છે અને ત્યાં તેની પૂરતી ઉપલબ્ધતા છે. એવી રીતે ઉત્તર ગુજરાતને ગણીએ તો ઉત્તર ગુજરાતમાં ગુજરાતના કુલ પાણીના જથ્થાનો ફકત ૧૦ ટકા જથ્થો નાગરિકો માટે ઉપલબ્ધ છે. એવી રીતે સૌરાષ્ટ્રમાં જોઈએ તો સૌરાષ્ટ્ર વિસ્તારના જિલ્લાઓમાં અને વિસ્તારમાં ગુજરાતનું ૧૭ ટકા પાણી ઉપલબ્ધ છે. કચ્છની દૃષ્ટિએ જોઈએ તો ગુજરાતનું કુલ પાણી છે તેનું ફકત ૨ ટકા પાણી કચ્છમાં ઉપલબ્ધ છે. એટલે આપણાં ગુજરાતની વિવિધતા અને મોટો તફાવત છે પાણીની ઉપલબ્ધતાનો. એક બાજુ દક્ષિણ ગુજરાત ૭૧ ટકા અને એક બાજુ કચ્છ ૨ ટકા. આ મોટો તફાવત છે એ પણ જુદી જુદી રીતે આપણે સમજવા જેવો છે. દક્ષિણ ગુજરાતની નદીઓ મોટી છે. દક્ષિણ ગુજરાતની નદીઓ બારમાસી છે. આંતરરાજય નદીઓ છે. એટલે કે બીજા રાજયોમાંથી શરૂ થઈને લાંબો કેચમેન્ટ, લાંબો પ્રવાસ કરીને ગુજરાતમાં આવે છે. ઉત્તર ગુજરાતની દૃષ્ટિએ વાત કરું અને સૌરાષ્ટ્રની દૃષ્ટિએ પણ વાત કરું તો ઉત્તર ગુજરાતમાં રહેવાસીઓની, નાગરિકોની રહેઠાણની ઘનિષ્ઠતા ઘણી મોટી છે. એટલે કે ઉત્તર ગુજરાતના વિસ્તારમાં ઉત્તર ગુજરાતના નાગરિકોની વસતિ વધારે છે અને પાણીનો જથ્થો મર્યાદિત છે. સૌરાષ્ટ્રમાં પણ પ્રમાણમાં આવી જ સ્થિતિ છે. ત્યારે સ્વાભાવિક મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ જે ગુજરાતનો સર્વાંગી વિકાસ કરવા માટે, ગુજરાતના તમામ ક્ષેત્રને સરકારની દરેક યોજનાઓનો લાભ આપવા માટે જે એક વિચાર રજૂ કર્યો છે. વિરોધપક્ષના લોકો અહીંથી ગયા પહેલાં જ્યારે તેમના પ્રવચનમાં કહેતાં હતા કે અમે ઘણું કર્યું. કોઈએ ઉકાઈની વાત કરી, કોઈએ કડાણાની વાત કરી. એ ઘણું કર્યું તે વખતે કર્યું તેનાથી ૧૦૦ ગણું કરી શકાય એવી એ વખતે શક્યતા હતી. મેં જે આંકડાઓ આપ્યા છે એ વરસાદ આધારિત, કુદરતના હાથમાં હોય, માનવ સંજોગોની બહાર હોય એવી આ પરિસ્થિતિ છે. તેને સાનુકૂળ પરિસ્થિતિમાં પલ્ટી શકવાનો ભૂતકાળની સરકારો વખતે ખૂબ મોટો સ્કોપ તેમની પાસે હતો. તેના માટેની તૈયારી અને જગ્યા હતી. પણ આપણાં ગુજરાતનું કમનસીબ છે કે ગુજરાતમાં જે ભૂતકાળમાં સરકારો થઈ ગઈ, જે ભારતીય જનતા પક્ષ સિવાયની ગુજરાતની સરકારો થઈ ગઈ તેમણે ગુજરાતનો સર્વાંગી વિકાસ કરવા માટે કોઈ લાંબા ગાળાની દીર્ઘદૃષ્ટિ અમલમાં મૂકી જ નહોતી. અને જે છુટા છવાયા એમણે કર્યા છે એની ના નથી કહેતાં. પણ છૂટા છવાયા પ્રયત્નો જેને સાદી ભાષામાં થાગડ-થીગડ કહી શકાય એ કરીને જે તે વખતની સરકારોએ સંતોષ માન્યો અને એના કારણે આજના ગુજરાતની પરિસ્થિતિ ઉત્પન્ન થઈ. આજે આપણે બધા જાણીએ છીએ, સૌરાષ્ટ્રના માનનીય સભ્યો બેઠા છે, સૌરાષ્ટ્રમાં દસ વર્ષ પહેલાંની સ્થિતિ, ઉત્તર ગુજરાતમાં બનાસકાંઠામાં જે સ્થિતિ હતી ત્યાં મોટા પ્રમાણમાં રોજગારી માટે, પોતાના જીવન નિર્વાહ મેળવવા માટે લોકો પોતાનું વતન, ગામ છોડી સ્થળાંતર કરતાં હતા અને સુરતમાં આજે જુઓ તો સૌરાષ્ટ્રની ખૂબ મોટી વસ્તી છે. આ શા માટે છે? કારણ કે એમને ત્યાં આગળ રોજગારી નહોતી મળતી, જમીનો હતી પણ સિંચાઇની વ્યવસ્થા નહોતી, પીવાના પાણીની વ્યવસ્થા નહોતી. ભૂતકાળમાં ગુજરાતની પ્રજાએ ખૂબ મોટા દુ:ખદ અનુભવો વારંવાર કરેલા છે. પ્રજાને એક સહેજ વરસાદ ઓછો પડે, સહેજ દુષ્કાળની પરિસ્થિતિ ઊભી થાય ત્યારે મોટા શહેરોમાં સ્થળાંતર કરવું પડે. પંચમહાલ જિલ્લાના માનનીય સભ્યશ્રીઓ અહીંયાં બેઠા છે. પંચમહાલ જિલ્લાની પરિસ્થિતિ હતી કે એમના લોકોને ખાસ કરીને આદિજાતિના ભાઈઓને રોજગારી મેળવવા માટે આખા ગુજરાતમાં અમુક પ્રકારના કામો માટે પહોંચવું પડતું હતું. મેં કહ્યું તે પ્રમાણે માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ અને આ સરકારે ખૂબ લાંબા ગાળાના વ્યાપક ઉપાયો હાથ ઉપર લીધા છે. જે જુદી જુદી યોજનાઓ અમારા સિંચાઇ વિભાગે હાથ પર લીધી છે એનો લાભ હું અત્યારે ખાસ બતાવવા માગતો નથી. કારણ કે, છેલ્લા દસ વર્ષથી ગુજરાતમાં એનો લાભ પ્રજાને ખૂબ મોટા પ્રમાણમાં મળતો થઈ ગયો છે.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયાં ચેકડેમની વાત એક વિપક્ષના સભ્યએ કરી. તળાવો ખવાઈ ગયા છે. જવાબદાર નેતાએ વાત કરી. આદિજાતિ વિભાગની ચર્ચા દરમિયાન વિપક્ષના સિનિયર નેતાશ્રી મોહનસિંહ રાઠવાએ એક ઉલ્લેખ કરેલ. એ વખતે હું સભાગૃહમાં હાજર હતો. એમણે એમ કહ્યું કે, ૫ લાખ રૂપિયાના ચેકડેમનો ખર્ચ થઈ ગયો છે, એનું ચૂકવણું થઈ ગયું છે અને સ્થળ ઉપર એ ચેકડેમ છે જ નહીં, આ કાગળ ઉપર કામ થયું છે. આજે તળાવોની વાત પણ માનનીય અર્જુનભાઈએ કરી, તેઓ વિપક્ષના નેતા રહી ચૂક્યા છે. ચેકડેમની વાત માનનીય મોહનસિંહભાઈએ કરી હતી. એમની વાત સાંભળ્યા પછી હું મારી ઑફિસમાં ગયો. તરત

જ શ્રી મોહનસિંહ રાઠવાને પત્ર લખ્યો. તમે આદિજાતિ વિકાસ વિભાગની ચર્ચામાં એમ કહ્યું છે કે, ૫ લાખ રૂપિયાનો ચેકડેમ થયા વગર ચૂકવણી થઈ ગઈ છે. આ અંગેની કોઈ માહિતી તમારી પાસે હોય તો આપશો. કદાચ એ તમારા વિસ્તારમાં ન હોય તો આખા ગુજરાતમાં ચેકડેમ થયા વગર એકપણ ચૂકવણું થયું હોય તો તમે મને જાણ કરશો. તો મોહનસિંહભાઈ આપનો હું આભારી થઈશ. એના એ જ દિવસે ટાઈપ કરીને એમને પહોંચાડી દીધો. આજે એ વાતને એક અઠવાડિયું થઈ ગયું. માનનીય મોહનસિંહભાઈનો કોઈ જવાબ આવ્યો નથી. હું ચેલેન્જથી કહું કે આવનાર ૫ વર્ષમાં એ સભ્ય રહેશે ત્યાં સુધી આ પત્રનો જવાબ આપવાની એમની કોઈ હિંમત નથી. કારણ કે, ખોટે ખોટા આક્ષેપો કરવા, વાતો કરવા ખાતર વાતો કરતાં હોય છે.

માનનીય અધ્યક્ષશ્રી, શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા ભલે નીકળી ગયા હોય, એમને હું ચેલેન્જ કરું છું. જે જગ્યાએ તળાવ બનાવ્યા હોય, તળાવનો ખર્ચ ચૂકવાઈ ગયો હોય અને તળાવ ન ખોદાયા હોય એવો આખા ગુજરાતમાં એકપણ બનાવ આપે. હું તપાસ કરીને એના માટે જવાબદાર હશે એના ઉપર કડકમાં કડક પગલાં લઈશ. પણ મને વિશ્વાસ છે. એ એક પત્રનો કે ચેલેન્જનો જવાબ શ્રી મોઢવાડીયા પણ આપી શકવાના નથી. કારણ કે, એમણે આક્ષપો કરીને જતા રહેવું છે, સાંભળવા રહેવું નથી, સાચી વાત સ્વીકારવી નથી. આજે ગુજરાતનો કોઈપણ ખૂણો લો. લાખોની સંખ્યામાં જે ચેકડેમ સિંચાઈ વિભાગે બનાવ્યા છે. હજારોની સંખ્યામાં જે તળાવો ઉંડા કર્યા છે એના કારણે ગુજરાતનો કોઈપણ વિસ્તાર એવો નથી કે જ્યાં ખેડૂતોને ગામડાના લોકોને માલધારીઓને ઢોરોના પીવાના પાણી માટે, ઘાસચારા માટે એનો લાભ ના થયો હોય. મારી પાસે ઘણા લોકો આવે છે અને આવીને ફોટોગ્રાફ્સ રજૂ કરે છે કે તમે આ પાણી જે ચેકડેમ બનાવ્યો એના કારણે અમને આટલા આટલા લાભ થયા. આ રીતે આખા ગુજરાતમાં ચેકડેમ એટલો બધો લોકપ્રિય શબ્દ સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના, કેટલો બધો લોકપ્રિય શબ્દ થઈ ગયો છે, જે રીતે જયોતિગ્રામ યોજના હોય, જે રીતે સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના હોય, ખેત તલાવડીઓ બનાવવાની યોજના હોય એ લોકપ્રિય શબ્દ થઈ ગયા છે અને એના કારણે ખૂબ મોટો લાભ આજે ગુજરાતમાં મળી રહ્યો છે. ગુજરાતની સિંચાઈ માટેની વ્યવસ્થાઓ અને આપણું આવનારું ભવિષ્યએ પણ માનનીય સભ્યશ્રીઓના ધ્યાન પર હું મૂકવા માગું છું. આપણા ગુજરાતની કુલ જે ખેતીલાયક કુલ જમીન જે છે ૧ કરોડ અને ૯૬ લાખ હેકટર જમીન, એમાંથી ૧૨૫ લાખ હેકટર જમીનમાં આપણે ખેતી કરી શકીએ એ પ્રમાણેની એ જમીન છે. આ જમીનમાં આપણે ઈરીગેશન જો કરવા માગીએ તો હું માનું છું કે બધી જ યોજનાઓનો સરવાળો કરીએ ત્યાર પછી પરાણે આપણે ૫૦ ટકાએ પહોંચી શકીએ એમ છીએ. નર્મદા યોજનામાં ૧૮લાખ હેકટર ઈરીગેશન થવાનું છે. અત્યારની જે સિંચાઈ યોજનાઓ છે એની પણ લગભગ ૧૮લાખ હેકટરની આજુબાજુ એ સિંચાઇનું આપણે પાણી આપી શકીએ એમ છીએ જે ખેડૂતો પોતે ટયુબવેલથી પોતાના સાધનોથી એ સિંચાઈ કરે છે એનો પણ ઉમેરો કરીએ તો પણ બધુ મળીને ૫૦ ટકા થાય છે. વિપક્ષના એક માનનીય સભ્યશ્રીએ એમ કહ્યું કે કોઈ મોટી યોજના બનાવી હોય તો કહો. અહીંયાં અર્જુનભાઈ મોઢવાડીયા જેવા જવાબદાર માણસ પોતાની જાતને જે ગણે છે એમણે એવું કહ્યું કે અત્યારની સરકાર કરોડ લીટરમાં અને લાખ લીટરમાં વાતો કરે છે માહિતી આપે છે. આકડા આપે છે. હું અર્જુનભાઈ મોઢવાડીયાને જણાવવા માગું છું કે કયુંસેક એમ.સી.એમ.પી. આ બધા ટેકનીકલ અને સામાન્ય પ્રજાને જે સમજાવી ના શકાય સરળતાથી એવા માપો છે અમે એનું સરલીકરણ કરી અને પ્રજા સુધી અમે એને પહોંચાડીએ છીએ ત્યારે એમને એમ થાય છે કે આવા મોટા આકડા અમારી જેવા કેમ આપતા નથી.

નર્મદા યોજનાનો અમલ એ આપણે ચાલુ કરી દીધો છે. નર્મદા યોજનાનો હું ઉલ્લેખ એટલા માટે કરું છું કે એનું બજેટ તો આ માનનીય સભાગૃહે મંજૂર કરી દીધું છે પણ વિપક્ષમાંથી માનનીય સિધ્ધાર્થભાઈ પટેલે જ્યારે એનો ઉલ્લેખ કર્યો હોય ત્યારે સ્વાભાવિક છે કે મારે એનો જવાબ આપવો પડે. નર્મદાનું કામ મુખ્યમંત્રીશ્રીએ જે ઝડપથી આગળ વધાર્યુ છે, મેં એ વખતે પણ કહ્યું હતું કે જૂદા જૂદા ચરણોમાં આ યોજનાને મૂકી છે એમાં વધારે વાત નહીં કરું પણ હું તમામ માનનીય સભ્યશ્રીઓને આનંદથી, ઉત્સાહથી અને ગૌરવથી આજે જણાવવા માગું છું કે કેવડીયા એટલે ઝીરો કિલોમીટર સરદાર સરોવર ડેમથી આપણી જે મેઈન કેનાલ છે ૪૫૮ કિલોમીટર જે રાજસ્થાન બોર્ડરે પૂરી થાય છે, જે રાજસ્થાનને આપણે પાણી આપવાનું હતું એ ૪૫૮ કિલોમીટરનું કામ આપણે સફળતાપૂર્વક પૂર્ણ કર્યું છે અને આ ૨૭ તારીખે ગુજરાતના મુખ્યમંત્રી માનનીય નરેન્દ્રભાઈ મોદીની ઉપસ્થિતિમાં એમના વરદહસ્તે બનાસકાંઠાના થરાદ ખાતે એની યોજનાની પૂર્ણાહુતિ અને નર્મદાનું પૂજનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો છે અને એ જ દિવસે રાજસ્થાનને જે આપણે પાણી આપણી શરત હતી ટ્રીબ્યુનલની કે રાજસ્થાનને પણ પાણી સમયસર પહોંચાડવું પડશે તો રાજસ્થાનના ભાગમાં ટ્રીબ્યુનલે જે પાણી આપ્યું છે એ પાણી પણ રાજસ્થાનમાં ૨૭મી તારીખે પહોંચવાનું છે અને આપણા મુખ્યમંત્રી માનનીય નરેન્દ્રભાઈ અને રાજસ્થાનના મુખ્યમંત્રી માનનીય શ્રીમતી વસુંધરાજીની ઉપસ્થિતિમાં ૨૭મીએ રાજસ્થાનમાં પણ નર્મદાના પાણીના વધામણાનો કાર્યક્રમ છે. આ વિધાનસભા ગૃહના તમામ માનનીય સભ્યશ્રીઆને, વિપક્ષના સભ્યો ભલે જતા રહ્યા હોય પણ એમને પણ મારું આમંત્રણ છે કે ગુજરાત સરકારના, નરેન્દ્રભાઈ મોદીની સંકલ્પસિદ્ધિના પરિણામો જોવા હોય તો તમે પણ ચોક્કસ ત્યાં પધારજો. વિપક્ષને પણ મારું આમંત્રણ છે.

માનનીય અધ્યક્ષશ્રી, સુજલામ્ સુફલામ્ યોજના નર્મદા યોજના પછીની મોટામાં મોટી યોજના છે. ઉત્તર ગુજરાતના કેટલાક વિસ્તારો, સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારો, પંચમહાલ જિલ્લો એ નર્મદા યોજનામાં લાભાર્થી નથી.

નર્મદા યોજનાનું ૧૮ લાખ હેકટરનું પાણી ટ્રિબ્યુનલે જે ફાળવ્યું છે, કયા ખેતરમાં પાણી ક્યારે પહોંચશે એની વહેંચણી થઈ ચૂકી છે. નવું પાણી વહેંચવાનું રહેતું નથી ત્યારે નર્મદા સિવાયના વિસ્તારને ગુજરાત સરકાર ભગવાન ભરોસે છોડી શકે નહીં. કોંગ્રેસે છોડ્યું હતું. કોંગ્રેસની દ્રષ્ટિ કદી પણ ગુજરાતના સર્વાંગી વિકાસ તરફ પહોચતી ન હતી. તકલીફ એ હતી કે એ વખતના વહીવટકર્તાઓનું, કોંગ્રેસના મુખ્યમંત્રીઓનું એવું કોઈ લાંબાગાળાનું આયોજન ન હતું કે આખા ગુજરાતને આ રીતે આવરી શકાય. એટલા માટે જ્યારે માનનીય નરેન્દ્રભાઈ મોદી પ્રથમ વખત મુખ્યમંત્રી બન્યા એ વખતે એમણે વિચાર કર્યો કે, જે વિસ્તારોને નર્મદાનો લાભ નથી મળતો એ વિસ્તારને મારે ભગવાનના ભરોસે નથી છોડવો. એનો ઉપાય શું? એના ઉપાય વિશે અનેક જાતની ચર્ચા-વિચારણાઓના અંતે નક્કી થયું કે કડાણાનું પાણી છે એ દર વર્ષે કરોડો ક્યુસૅક પાણી પૂર આવે ત્યારે દરિયામાં જતું રહે છે. દરિયામાં ગયેલું પાણી આપણા ઉપયોગમાં આવતું નથી. પૂર આવે ત્યારે ખેડા જિલ્લામાં મહી કાંઠાના શહેરો અને ગામડાં તારાજ થઈ જતા હતા. એક બાજુ પીવાનું પાણી ન હતું, ખેતીને પાણી ન હતું જ્યારે બીજી બાજુ પૂરથી નુકસાન થતું હતું. ઉત્તર ગુજરાત અને પંચમહાલ જિલ્લાને પાણી મળતું ન હતું. ભૂતકાળમાં કોંગ્રેસના ધારાસભ્યો પણ કહેતા હતા કે અમારા પંચમહાલ જિલ્લામાંથી તમે પાણી લઈ જાઓ છો પણ અમને લાભ આપતા નથી. નરેન્દ્રભાઈ મોદીની સરકારે ઉત્તર ગુજરાત, સુરેન્દ્રનગર અને પંચમહાલને આવરી લેતી જે યોજના અમલમાં મૂકી એમાં લગભગ ૬૫૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ થવાનો છે. આ યોજના છેક કડાણા ડૅમથી ચાલુ કરીને ૩૭૫ કિલોમિટરની લાંબી કેનાલ ખોદી અને ૯૫ ટકા કામ પણ પૂર્ણ કર્યું છે. તેમણે આર્થિક બાબતોના આક્ષેપો કર્યા પણ માનનીય સભ્યશ્રીઓને મારે ધ્યાન ઉપર મૂકવું છે કે જ્યારે સુજલામ્ સુફલામ્ યોજના માનનીય નરેન્દ્રભાઈ મોદી પ્રથમ વખત મુખ્યમંત્રી બન્યા ત્યારે એમને અમલમાં મૂકી ત્યારે કેન્દ્રમાં આદરણીય અટલબિહારી બાજપાઈજીના નેતૃત્વવાળી એન.ડી.એ.ની સરકાર હતી. એ વખતે ગુજરાત સરકારે એન.ડી.એ.ની સરકારમાં આ સુજલામ્ સુફલામ્ યોજના વિશે આયોજન પંચમાં અને ભારત સરકારના વિભાગોમાં આખું પ્રેઝન્ટેશન કર્યું અને આખી યોજના સમજાવી. એ વખતે એન.ડી.એ.ની સરકારે એવું સ્વીકાર્યું કે જો આ યોજના ગુજરાત અમલમાં મૂકે તો અમે આર્થિક રીતે, કારણ કે અમારી પણ ભારત સરકાર તરીકે ફરજ છે કે લોકોને પીવાનું પાણી મળે, ખેતી માટે પાણી મળે અને જે દુષ્કાળગ્રસ્ત વિસ્તારો છે, બનાસકાંઠા, કચ્છ જેવા વિસ્તારોને લાભ મળે અને એન.ડી.એ.ની સરકારે એ વખતે ચર્ચાઓ વખતે આશ્વાસન આપેલું કે અમે ખૂબ સારી એવી રકમ ૬૫૦૦ કરોડના કુલ ખર્ચમાંથી અમે તમને કેન્દ્રના ફાળા તરીકે આપીશું. પણ ગુજરાતનું કમનસીબ કહો કે ગુજરાતની પ્રજાની કમનસીબી કહો કે એન.ડી.એ.ની સરકાર આગળ ઉપર લાંબું ચાલી નહીં. કોંગ્રેસના જે લોકો અહીંયાં મોટી મોટી વાતો કરે છે, ડુંગળીનું કેમ આમ કરતાં નથી, બટાકાનું કેમ આમ કરતાં નથી, ત્યાં જઈને એક કિલો ડુંગળી ખરીદવાની મંજૂરી લઈ આપવાની એ લોકોની શક્તિ નથી અને ગુજરાત સરકાર પાસે હિસાબ માગે છે.

માનનીય અધ્યક્ષશ્રી, એમની કોંગ્રેસની યુ.પી.એ.ની સરકાર આવી. એન.ડી.એ.ની સરકારે સુજલામ્ સુફલામ્ યોજના માટે જે ફાળો આપવાનું, ગ્રાન્ટ આપવાનું સ્વીકાર્યુ હતું એ ફાઇલ આ યુ.પી.એ.ની સરકારે અભરાય ઉપર મૂકી દીધી અને એના કારણે ૬,૫૦૦ કરોડનો ખર્ચો એકલી ગુજરાતની પ્રજાના બજેટમાંથી બનતી આપણી યોજના ઉપર આવ્યો પણ મને આનંદ છે કે મુખ્યમંત્રીશ્રીએ એ વખતે પણ, હાઉસમાં પણ કહેલું છે અને બહાર પણ કહેલું છે કે ભલે કેન્દ્ર સરકાર એના વચનમાંથી ખસી જતી હોય, કેન્દ્ર સરકાર ગુજરાતને અન્યાય કરતી હોય, કેન્દ્ર સરકાર ગુજરાતની પ્રજાને પીવાના પાણી માટે, ખેતીના પાણી માટે મદદ ના કરતી હોય પણ અમારી તાકાતથી અમે આ યોજના પૂરી કરીશું અને આજે સુજલામ્ સુફલામ્ યોજનાનું તમામ પ્રકારનું, મોટાભાગનું ૯૦ ટકા કામ આપણે પૂર્ણ કરવા ઉપર છીએ. જે પાણી પહોંચ્યું છે એનો લાભ જ્યાં જ્યાં મળ્યો છે એ આપણે બધા જાણીએ છીએ. હમણાં પાણીમાંથી કેવા પોરા કાઢે છે કે સુજલામ્ સુફલામ્માં લોકભાગીદારી કેમ ના કરી? એના જે મુખ્ય આક્ષેપો છે, ચેકડેમોની યોજના એક લાભાર્થીદીઠ નક્કી થતી યોજના છે. મારા ખેતર આગળ ચેકડેમ બને તો મને લાભ થશે એવું ખેડૂત સમજે છે. એટલે સ્વાભાવિક છે એમાં લોકફાળો આપે. ગામમાં તળાવ ખોદાતું હોય અને તળાવ માટે સરકાર લોકફાળો આપવાની વાત કરે તો ગામના સુખી લોકો, દાતાઓ, પ્રતિષ્ઠિત લોકો ગામને મદદરૂપ થવા માટે ગામની ગાયોને, ભેંસોને પીવાનું પાણી મળશે એમ માનવતાની રીતે, જીવદયાની જે આપણી હિંદુ સંસ્કૃત્તિની ઉદ્ઘાત પ્રેરણા છે એને ધ્યાને રાખી દાન આપનાર મળે પણ કોંગ્રેસવાળા એવું ઈચ્છે છે કે ૬,૫૦૦ કરોડની યોજનામાં તમે દાતા લાવો. કોઈ જગ્યાએ સાહેબ આમાં દાતા મળે નહિ. આજે રેલવે માટે ભારત સરકાર એમ કહેકે તમારા શહેરને અમે રેલવે લાઈન કરી આપીશું તમે ૫૦ ટકા રકમનો લોકોફાળો આપો. કોણ આપે? સરકારની ફરજ છે એ પૂરું કરવાની. એક વ્યકિતને, એક જૂથને કે ગામને લાભ થતો હોય તો મર્યાદિત રકમમાં લોકફાળો મળી શકે, પણ ૬,૫૦૦ કરોડની યોજનામાં કોંગ્રેસવાળાનો આક્ષેપ શું છે? જે આપણે કેનાલ ખોદાવી છે, જે માટીકામ કર્યું છે. હું માનનીય સભ્યશ્રીને જણાવવા માગું છું કે નર્મદા યોજનામાં જેટલું ખોદાણ કામ, માટી કામ થયું છે એટલું જ માટીકામ સુજલામ્ સુફલામ્ યોજનામાં થયું છે, એનો ખર્ચ પણ એ પ્રમાણે થશે અને કોંગ્રેસના લોકોએ એવું કહ્યું કે, તમે જે ગામથી કેનાલ નીકળવાની હોય એ ગામમાં લોકફાળો કેમ ના લીધો? કોઈ ગામમાં ખેડૂતો સરકાર ઉપર નજર રાખીને બેઠાં હોય, ખેડૂતો, ગામડાના ગરીબ લોકો એ સરકાર ઉપર અપેક્ષા રાખતા હોય એ કોંગ્રેસવાળા એમ કહે છે કે તમે ગામડાવાળા પાસે પૈસા કેમ ના લીધા? એમ કહે ૪૦ ટકા ફાળો તમે કેમ ના લીધો? તમે ભ્રષ્ટાચાર કર્યો છે, આવી રીતે વાત કરે છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું એ પણ કહેવા આપને માગું છું કે હાઈકોર્ટમાં આ મેટર ચાલેલી અને સિંગલ જજની બેચે આખી બાબતને રિજેકટ કરી છે અને એના કરતાં પણ સૌથી અગત્યનું ગુજરાતની ચૂંટણીઓ પહેલા વારંવાર સુજલામ્ સુફલામ્, સુજલામ્ સુફલામ્ કોંગ્રેસના વિપક્ષના લોકોએ કોઈ ગામ, કોઈ સભા એવી બાકી ના રાખી હોય કે આ યોજના પર આક્ષેપો ના કર્યા હોય પણ ગુજરાતની હોશિયાર અને ન્યાયપ્રિય પ્રજાએ એ ચુકાદો આપી દીધો છે અને આ કોંગ્રેસવાળાને એનો વારંવાર ચુકાદો લેવાનું મન થાય છે. હમણાં તાલુકાની, જિલ્લાની નગરપાલિકાઓની ચૂંટણીઓ ગઈ પણ કહેવાય કે ના કહેવાય એ મને ખબર નથી * (xxxxx) રીતે રહેતું હોય છે. મને ખબર નથી પડતી. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : આ સભાગૃહ છે એટલે એ શબ્દ ના વાપરીએ.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : નહિ કહેવાતા હોય તો હું પાછા ખેંચી લઉં છું સાહેબ.એના લાભ ખૂબ જાણીતા છે.

**અધ્યક્ષશ્રી** : એ શબ્દો હું કાઢી નાખું છું.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : સાહેબ, મેં પાછા ખેંચી લીધા છે. સિંચાઈ વિભાગ એક જમાનામાં ખૂબ બદનામ વિભાગ હતો. જયારે ભારતીય જનતા પક્ષ સિવાયના ગુજરાતનો વહીવટ કરતાં હતા ત્યારે સિંચાઈ વિભાગની શું સ્થિતિ હતી? ટેન્ડરોની વાત કરી. અર્જુનભાઈ મોઢવાડિયાના નામ સાથે હું એટલા માટે કહીશ કે એમણે પોતે કહ્યું છે. મારી પાસે એવી માહિતી છે કે અર્જુનભાઈ મોઢવાડિયા પોતે કોન્ટ્રાકટર છે. ગુજરાતના મોટામાં મોટા કોન્ટ્રાકટરોમાં એમની ગણના થાય છે. સાહેબ, હજુ હું બીજું કહેવા માગું છું. એમણે એમ કહ્યું કે માફિયા ગેંગો ચાલતી હતી, ટેન્ડરો ઉઘરાવી લેતા હતા. પોરબંદરમાં મને મળેલી માહિતી પ્રમાણે એક માફિયા કોણ, એ જે હતા એને ત્યાં ટેન્ડરોને કોંગ્રેસની સરકાર વખતે ભેગા કરવામાં આવતા હતા. કોઈ કોન્ટ્રાકટરની તાકાત નથી કે અમારા સિંચાઈ વિભાગના અધિકારીને એ સીધું ટેન્ડર આપે. પહેલું ટેન્ડર ત્યાં આપવું પડે પછી રીંગ થાય પછી રીંગ થઈ જે કોન્ટ્રાકટર વધુ પૈસા એ માફિયા લીડરને આપે એનું ટેન્ડર ત્યાં સરકારમાં જવા દેવાનું બાકીના ટેન્ડર ત્યાં ફાડી નાખવાના. હજુ વધારે કહું. મારી પાસે એવી માહિતી છે કે અહિંયા આક્ષેપો કરનારા ભલે અહિંયા મોટી મોટી વાતો કરતાં હોય એ પોતે રીંગ કરવા માટે આ માફીયાને ત્યાં બીજા કોન્ટ્રાકટરો પાસે એનું ટેન્ડર લઈ જઈ અને લાઈનમાં બેસતા હતા કે મારું ટેન્ડર લો તમે કહો એટલા રૂપિયા તમને આપું અને મારી રીંગ કરો અને બીજા ટેન્ડરો પાછા ખેંચાવો. અહિંયા આક્ષેપો કરનારા, આ સ્થિતિ હતી. માનનીય અધ્યક્ષશ્રી, આજે અમે ઓન લાઈન ટેન્ડરોની પદ્ધતિ કરી છે. કોઈ માફિયા નહીં, કશું જ નહીં અને કોઈ પેપર વર્ક પણ નહીં. વચેટીયા નહીં, દલાલો નહીં, જે કહો એ નહીં. આ સરકારે કરી દીધું છે. બીજું કહું કે કોંગ્રેસના વખતમાં હું જયારે પહેલીવાર સિંચાઈ મંત્રી બન્યો ત્યારે જે યોજનાઓના ૨૦ટકા ટેન્ડર એબાઉ આવ્યા હતા. હું સિંચાઈ મંત્રી બન્યો પછી જે ટેન્ડરો આવ્યા હતા કોંગ્રેસમાં ૨૦ટકા વધારે હતા એ મારા વખતમાં ૨૦ટકા બીલો આવ્યા. ૪૦ટકાનો ડીફરન્સ તો ખાલી મારા બેસવાથી જ થઈ ગયેલો. આ કોંગ્રેસના લોકોને ખાલી મારે કહેવું હતું અને એ સિલસિલો આજે પણ ચાલુ છે.

શહેરી વિકાસ વિભાગ પણ ખૂબ અગત્યનો વિભાગ છે. શહેરોમાં રહેતા લોકો એ પણ આપણા નાગરિકો છે. રોજગાર, ધંધા, વાઈબ્રન્ટ ગુજરાત, શહેરોમાં રોજગારીની તકો એના કારણે વધુ ને વધુ લોકો શહેરોમાં વસતા જાય છે. આજના સંજોગોમાં લગભગ ૪૦ટકા કરતાં વધુ નાગરિકો ગુજરાતના મહાનગરો અને નગરપાલિકાના જે આપણા શહેરો છે એમાં રહે છે તો સ્વાભાવિક છે કે ગામડાંમાંથી શહેરમાં આવેલા લોકો માટે શહેરની સ્થાનિક સ્વરાજયની સંસ્થા એક સાથે બધો બોજો ઉપાડી શકે નહીં અને એટલા માટે ગુજરાતના ઈતિહાસમાં. માનનીય અધ્યક્ષશ્રી, ગઈકાલે અમે સુરત હતા. માનનીય મુખ્યમંત્રીશ્રીનો સુરત મહાનગરપાલિકામાં એક મોટો ૨૦૦ કરોડ રૂપિયાના કામનો લોકાર્પણનો કાર્યક્રમ હતો. ત્યાં આગળ એવી ચર્ચા થઈ કે ગુજરાતને હવે કશું નાનું, ઓછું હવે પોસાય તેમ જ નથી. ગુજરાતને દરેક ક્ષેત્રમાં હવે પહેલા નંબરે રહેવાની ટેવ પડી ગઈ છે. જેમ હોંશિયાર વિદ્યાર્થી હોય તેમ નકકી જ હોય કે આનો પહેલો જ નંબર આવશે. એમ ગુજરાતમાં જે કામો થાય એને આખા ભારતમાં દરેક રાજકીય પક્ષો, બીજા પક્ષની સરકારો, કેન્દ્ર સરકારના અધિકારીની આખી ટીમ અને આયોજન પંચ બધા સ્વીકારી રહ્યા છે કે ગુજરાત પહેલા નંબરે જશે. પહેલો નંબર જાળવી રાખવો એ કોઈ આસાન કામ નથી. એના માટે આયોજન કરવું પડે છે, એના માટે વ્યવસ્થા કરવી પડે છે, એના માટે અમલ કરાવવો પડે છે. શહેરી વિકાસ વિભાગનું બજેટ આજથી ફક્ત ૩ વર્ષ પહેલા એ ૪૦૦-૫૦૦ કરોડ રૂપિયા એટલે હદ થઈ ગઈ અને એમાં જે થાય તે કરવાનું. નગરપાલિકાઓની સ્થિતિ આપણે જાણીએ છીએ કે લાઈટનું બિલ નહિ ભરવાના કારણે, સ્ટ્રીટ લાઈટનું બિલ નહિ ભરવાના કારણે, કેટલીય નગરપાલિકાના વીજળીના કનૅક્શન કપાઈ જતા હતા. નગરપાલિકા કર્મચારીઓનો પગાર નહોતી કરી શકતી. તો નવો વિકાસ, નવું કામ, નવું ઈન્ફ્રાસ્ટ્રકચર એ તો દૂરની વાત હતી. માનનીય મુખ્યમંત્રીશ્રીએ દીર્ઘદ્રષ્ટિ વાપરી આવનારા ગુજરાતનું ભવિષ્ય વધુ મજબૂત કરવા પ્રજાને શહેરી વિસ્તારોમાં વધુ વ્યવસ્થાઓ પૂરી પાડવા ૨૧૦૦ કરોડ રૂપિયાનું માતબર બજેટ આ વખતે અમારા શહેરી વિકાસ વિભાગને આપ્યું છે. વિપક્ષના લોકોએ એવાં નાનાં નાનાં કામ કરેલાં છે અને એમાં જ આનંદ આવી જતો હતો, ખુશ થઈ જતા હતા. પોતાની જાતને પીઠ થાબડી લેતા હતા, પણ ગુજરાતનું સદ્‌નસીબ છે કે ગુજરાતની પ્રજાને

* (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

એક એવા મુખ્યમંત્રીશ્રી મળ્યા છે કે એમને કોઈ નાનાં કામમાં, નાના લક્ષ્યાંકમાં, નાની સિદ્ધિઓમાં, નાના ઈનામોમાં, નાના એવોર્ડમાં એમને રસ જ નથી. જે કરવાનું એ પહેલા નંબરનું કરવાનું, જે કરવાનું એ ભવિષ્યને એકદમ નજરમાં રાખીને કરવાનું. અહીયા અર્જુનભાઈએ પ્રશ્ન ઊભો કરેલો કે અમારી ભારત સરકારની પુરુસ્કૃત યોજના છે. હું સ્વીકારું છું કે ભારત સરકારની પુરુસ્કૃત યોજના છે, પણ એક પ્રશ્નના જવાબમાં મેં કહેલું કે પુરુસ્કૃત યોજનાઓનો લાભ કયું રાજ્ય લઈ શકે? જે રાજ્યની પોતાની આર્થિક શક્તિ કેપેબલ હોય, ભારત સરકારની જે તે યોજનાઓની મેચિંગ ગ્રાન્ટ છે એ ભોગવી શકવાની, એ ઉપાડી શકવાની જે રાજ્યમાં ક્ષમતા હોય એ રાજ્ય ભારત સરકારની યોજનાનો લાભ લઈ શકે અને મને આનંદ છે કે કોંગ્રેસવાળા જતા રહ્યા, નહિતર ઘણું બધુ કહેવાનું હતું, પણ આ બધુ મોકલી આપીશું. એમના ઘણા રાજ્યોમાં કોંગ્રેસની સરકાર ચાલે છે. ગુજરાતમાં ભાજપની સરકાર છે. આ ભારત સરકારની, અમારી ભારત સરકાર, અમારી ભારત સરકાર એ કેટલા ટેકા લઈને ચાલે છે. સામ્યવાદી દિવસમાં ત્રણ વખત તો તેમને ખખડાયા કરે છે. એવી સરકાર લંગડાતી ક્યારે જશે એ મનમોહનસિંહને ખબર નથી. એવી સરકારની અહીયા જ્યારે દલીલ કરતા હોય ત્યારે હું કહેવા માગું છું કે તમારા જે રાજ્ય છે કે જ્યાં કોંગ્રેસ શાસિત રાજ્ય એની સરખામણી ગુજરાતની આ શહેરી વિસ્તારની અમારી જે યોજના છે, એની જોડે તમે કરો તો તમને ખબર પડશે કે તમારા રાજ્યો કેટલા પાછળ છે. ગુજરાત એ બીજા નંબરનું એવું રાજ્ય છે કે એ શહેરી ઈન્ફ્રાસ્ટ્રકચરની યોજનામાં આજે ભારત સરકારના અનેક પ્રયત્નો બીજા રાજ્ય માટે હોવા છતા એનો લાભ અપાઈ શકેલ નથી. એનો આપણે લાભ આપણે લીધો છે. આજે શહેરનો જે ઝડપથી વિકાસ થઈ રહ્યો છે. પીવાના પાણીની યોજના, ડ્રેનેજ યોજનાઓ, પર્યાવરણની જાળવણી માટે બાગ બગીચા ઈન્ફ્રાસ્ટ્રકચર, ટ્રાફિક માટે, પેટ્રોલ ડીઝલ બચાવવા માટે, સમય બચાવવા માટે, ફ્લાય ઓવર આ તમામ પ્રકારની સુવિધા આજે સાડા પાંચ હજાર કરોડ રૂપિયાનાં કામ ગુજરાતનાં શહેરોમાં જ્યારે ચાલી રહ્યાં છે.ત્યારે કોંગ્રેસના લોકો તે રસ્તો રોજ વાપરે છે, તેનો ઉપયોગ કરે છે પણ તે વખતે તેમને દેખાતું નથી. તેની મને નવાઈ લાગે છે કે આ કેમ સ્વીકારવા તૈયાર નથી. શહેરી વિસ્તારોમાં ગરીબ આવાસોની વાત થઈ. મને સાહેબ જણાવતાં આનંદ થાય છે કે નરેન્દ્રભાઈને આવ્યા પછી દરેક વાતમાં આનંદ થાય, વિપક્ષને ચેલેન્જ કરી શકીએ તેવા લક્ષ્યાંકો સિદ્ધ કરતી જાય છે. જ્યારે અમે અમારા વિભાગની ચર્ચા કરતાં હતા ત્યારે મને એક આશ્ચર્યજનક બાબત ધ્યાનમાં આવી કે ગુજરાત હાઉસિંગ બોર્ડે ગુજરાત રાજયની સ્થાપના થયા પછી ગુજરાત હાઉસિંગ બોર્ડ તરફથી ૪૦ વર્ષમાં ગરીબો માટેના જેટલા આવાસો બનાવવામાં આવ્યા નથી તેના કરતાં વધારે આવાસો ત્રણ વર્ષમાં આપણી સરકારે બનાવવાનું કામ શરૂ કરી દીધું છે. ગઈકાલે મેં કહ્યું અમે સુરતમાં હતા, માનનીય નરોત્તમભાઈ અને માનનીય મંગુભાઈ પણ હતા. ત્યાં સુરત મ્યુનિસિપલ કૉર્પોરેશનના સફાઈ કામદારો જે વાલ્મિકી સમાજના છે અને આપણી સમાજ રચના છે તેમાં ગરીબમાં ગરીબ, પછાતમાં પછાત સમાજ તરીકે જેની ગણના થાય છે અમારા ભારતીય જનતા પક્ષની સરકારે માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈની સરકારે ગઈકાલે સુરતમાં લગભગ ૨૨૫ જેટલા મકાનો અને તે મકાનો આપ જુઓ અને કોઈપણ વ્યકિત જુએ તો તેને કલ્પના પણ ન આવે કે આ સફાઈ કામદારો માટેનું નિવાસ છે છે એટલા સુંદર વાતાવરણમાં, સુંદર બાંધકામવાળા સરસ મકાનો મુખ્યમંત્રીશ્રીના વરદ હસ્તે ગઈકાલે અર્પણ કર્યા છે. થોડા વખત પહેલાં રાજકોટમાં પણ મુખ્યમંત્રીશ્રીએ વાલ્મિકી સમાજના, દલિત, ગરીબ સમાજના લોકોના આંબેડકર આવાસ યોજના હેઠળના આ મકાનોની અર્પણવિધિ કરી. હું કોંગ્રેસવાળાને ચેલેન્જ કરવા માગું છું કે તમે અમારા જેવા મકાનો બનાવ્યા હોય તો તમે અમને ત્યાં લઈ જાઓ અને તમે કહો, મેં તો બે ત્રણ વખત કહ્યું. કમિટી બનાવો, કમિટી બનાવો અને હું એમને ચેલેન્જ કરું છું કે ગુજરાતમાં સાડા પાંચ કરોડની પ્રજામાંથી તેમને યોગ્ય લાગે તેવા પાંચ લોકોની કમિટી બનાવો અને કોંગ્રેસે બનાવેલા મકાનો અને અમે બનાવેલા મકાનોમાં તે કમિટી જે કહે તે સારા તો તેનું ઈનામ અમને ન મળે તો હું રાજકારણ છોડી દેવા તૈયાર છું. અમે ફૂલહાર, ફૂલહારમાં નથી લલચાઈએ એવા. હું રાજકારણ છોડવા તૈયાર છું. આ મારી એમને ચેલેન્જ છે. પણ નહીં કરી શકે સાહેબ. સી.બી.આઈ., સી.બી.આઈ., સાહેબ સી.બી.આઈ.ને જે કેસો સોંપ્યા છે, વીસ વીસ વર્ષ થઈ ગયા પેલી બોફોર્સનો કેસ હજુ સી.બી.આઈ. ઠેકાણે લાવી નથી તો સી.બી.આઈ. પાસે પહેલાં બોફોર્સનું તમે પ્રકરણ પૂરું કરાવો. સી.બી.આઈ. પાસે * (xxxxx) માનનીય અધ્યક્ષશ્રી, પુરં કરાવો.

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી, સભાગૃહમાં હાજર ન હોય તેના નામનો ઉલ્લેખ ન થાય. (xxxxx) ઉલ્લેખ હું કાઢી નાંખું છું.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : સાહેબ બોફોર્સ પ્રકરણ, ઘાસચારા પ્રકરણ અને આવા તો ભારત આઝાદ થયું ત્યારથી કોંગ્રેસોની પેલું કોલસા પ્રકરણ, બહુ પ્રકરણો છે. તે સી.બી.આઈ.એ કેટલા પૂરા કર્યા. મારી વિપક્ષના લોકોને વિનંતી છે કે પહેલાં તમે તમારી ગંગા ચોખ્ખી કરો પછી અમારી નર્મદા ચોખ્ખી કરવાનું અમને કહેજો. અમારી નર્મદા તો ચોખ્ખી જ છે. આક્ષેપો કરવામાં કોંગ્રેસવાળાએ આક્ષેપ કર્યો કે સિંચાઈ વિભાગે પાણીના દરમાં ઘ ટાડો કરી અમુક કંપનીઓને લાભ કરાવી દીધો. આ સન્માનનીય ગૃહના ધ્યાન ઉપર મૂકવા માગું છું કે વર્ષોથી જે

* (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

કંપનીઓ કે વર્ષોથી જે કંપનીઓ સીધી રીતે કે આડકતરી રીતે રિચાર્જથી પાણી લેતા હતા એ કંપનીઓ પાણી લઈને પૈસા ભરતી ન હતી, રેગ્યુલર બિલ ભરતી હતી પણ મીટરને એ સુવિધાઓ ન હોવાના કારણે જે વિવાદો થતા હતા એના કારણે ૨૦૦૩માં સરકારે ઠરાવ કરીને યોજના અમલમાં મૂકી કે જે વ્યકિત કે કંપની કે સંસ્થા આ યોજના હેઠળ આ તારીખ સુધીમાં પોતાની ચડેલ રકમ ભરી દેશે એમને વ્યાજ અને પેનલ્ટી માફ કરવામાં આવશે. આવી યોજના એ માફી યોજના કહેવાય છે એ ગુજરાત સરકાર કે ભારત સરકાર અમલમાં મૂકે છે, હમણાં જ વિપક્ષના લોકો પહોળા થઈને ફરે છે, ૬૦૦૦૦ કરોડની માફી યોજના, જે લોકો પૈસા ભરી શક્યા નથી એમને માફી આપી, અગાઉ પણ ભૂતકાળમાં ભારત સરકારના નાણા મંત્રીશ્રીએ યોજના અમલમાં મૂકેલી કે, જે લોકો પોતાની આવક ડિકલેર કરશે એને માફી આપવામાં આવશે, ગુજરાતના સેલ્સટેકસમાં ઉદ્યોગ અને જુદા જુદા વિભાગોમાં આવી યોજનાઓ સરકાર અવારનવાર અમલમાં મૂકતી જ હોય છે કે તમે આ રીતે પૈસા ભરી દો તો ચડેલ વ્યાજ માફ આપીશું. આવી યોજનાઓ હાઉસિંગ બોર્ડમાં આપણે મૂકી છે અને એનો લાભ ભૂતકાળમાં હાઉસિંગ બોર્ડના હજારો લોકોએ લીધો છે, આ કોઈ  નવી બાબત નથી. સરકારના અનેક વિભાગોમાં ચાલતી યોજનાઓ જેવી જ આ યોજના છે.

પીવાનું પાણી અંગે અહીંયાં જે માનનીય સભ્યશ્રીઓએ પ્રવચન કર્યા એમાં કોઈએ કહ્યું નથી, મને આનંદ થશે કે એક પણ વિપક્ષના સભ્યશ્રીએ હિંમતપૂર્વક એમ નથી કહ્યું કે અમારા ગામમાં પીવાનું પાણી મળતું નથી. કોઈએ એમ નથી કહ્યું કે અમારા ગામની બેનોને પીવાના પાણી માટે માથે બેડુ લઈને બે પાંચ કિલોમીટર દૂર જવું પડે છે, કોઈએ એવું નથી કહ્યું. આ જ આ સરકારની સિદ્ધિ છે, અને આ સિદ્ધિને ગુજરાતની પ્રજાએ આવકારી છે. અમારું જે આયોજન પીવાના પાણી માટેનું છે એ સમગ્ર રાજયને શુદ્ધ પીવાનું પાણી મીઠું પાણી મળે એ માટે નર્મદા યોજનાના સાડા નવ હજાર ગામો અને બાકીના જૂથ યોજનાઓથી  અમે સાંકળી લેવાના છીએ કરોડો રૂપિયાના કામો આજે રાજયમાં આ માટેના ચાલુ છે. કચ્છ હોય કે સૌરાષ્ટ્ર હોય કે ઉત્તર ગુજરાત કે મધ્ય ગુજરાત હોય દરેકને પીવાનું પાણી શુદ્ધ મળે.

આપણે ૨૦૧૦માં ગુજરાતની સુવર્ણ જયંતિ ઉજવીશું ત્યારે અમારા વિભાગનો  એક સંનિષ્ઠ પ્રયત્ન છે કે ગુજરાતના તમામ નાગરિકોને પીવાનું પાણી શુદ્ધ મળી રહે, એ ગોલ સિદ્ધ કરવા માટે અમે આગળ વધી રહ્યા છીએ.

ગુજરાતમાં જે ખારાશવાળા વિસ્તારો છે, અમે સેલીનીટીનો પ્રોગ્રામ ચલાવીએ છીએ અને એમાં કલ્પસર યોજના એ પણ અમારા વિભાગની આજની માગણીઓમાં આવે છે. એનો પણ હું થોડોક ઉલ્લેખ અગત્યનો કરવા માગું છું. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી સિધ્ધાર્થભાઈ કહેતાં હતા, મને નવાઈ લાગી, એ પોતે તો અભ્યાસુ પોતાની જાતને ગણે છે અથવા ગણાવે છે પણ એમણે જે વાત કરી  એનાથી મને આશ્ચર્ય અને દૂ:ખ થયું. મને ખબર છે કે આ કોંગ્રેસવાળાઓને અમારી યોજનાઓની એમને સમજ જ પડતી નથી કે એ સમજી શકે, જ્યારે માનનીય નરોત્તમભાઈ પાણી પુરવઠા વિભાગના મંત્રી હતા અને મહિ પરિએજથી સૌરાષ્ટ્રને પીવાનું પાણી પહોંચાડવા માટેની એમણે જ્યારે યોજના જાહેર કરેલી ત્યારે આ કોંગ્રેસના મિત્રોએ ત્યારે એમ કહેલું કે આ પાઈપોમાંથી તો હવા આવશે હવા, પણ માનનીય અધ્યક્ષશ્રી, એ પાઈપોમાં હવાને બદલે પાણી પહોંચ્યું. અને હવા કોની નીકળી ગઈ એ આપણે બધા જાણીએ છીએ સૌરાષ્ટ્રમાં ખેડા જિલ્લાનું, નર્મદાનું, કડાણાનું પાણી એ વખતે અમે ત્યાં પહોંચાડયું. સૌરાષ્ટ્રના એ વખતે ૭ જિલ્લાના  ૪૨૦૦ જેટલા ગામોમાં પીવાનું પાણી પહોંચાડયું. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી, મને વાંધો નથી પણ આપે ૪૦ મિનિટ કહ્યું હતું અને ૬૦ મિનિટ જેટલો સમય થયો છે. બાકીના સભ્યોનો વિચાર કરો કેમ કે આપે ૪૦ મિનિટ માગી હતી મેં ૬૦ મિનિટ આપી છે.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : હું એવું સમજ્યો સાહેબ, કે આપે ઉદારતાથી મને વધારે સમય આપ્યો છે

.

**અધ્યક્ષશ્રી** : આપ આપના પક્ષના સભ્યોનો વિચાર કરો.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : ૧૯ હજાર ૩૦ કરોડની માગણી છે...૫ હજાર ૨૦૦ કરોડ રૂપિયાનું આ બજેટ છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : બધાની માગણી એટલી જ હોય છે.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** :માનનીય અધ્યક્ષશ્રી, પીવાના પાણીની વાત કરું તો જે રીતે માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ નીચેની આ સરકાર પીવાના પાણીના પ્રશ્નો હલ કરવા તરફ જઈ રહી છે. અમુક પ્રશ્નો એવા છે કે હવે વિધાનસભામાં કદી આવતા જ નથી. ગામડામાં વીજળી નથી મળતી એ પ્રશ્ન જ બંધ થઈ ગયો કારણ કે જયોતિગ્રામ યોજના આવી ગઈ. પીવાના પાણી ખૂબ જ ઝડપથી અમે ગામડામાં અને શહેરોમાં પહોંચાડી રહ્યા છીએ. હમણાં જ અમદાવાદ શહેરના માનનીય સભ્યશ્રી રાકેશભાઈએ કહ્યું કે અમદાવાદ શહેરમાં બે ટાઈમ પાણી, મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારની ૫૦ લાખની વસતિને ઔડા સહિતની ગણો તો લગભગ ૫૫ લાખની વસતિને આપવાની સ્થિતિએ પહોંચ્યા છીએ. એ ઉપરાંત ભૂતકાળમાં શું સ્થિતિ હતી એ આપણે બધા જાણીએ છીએ. તો આવા શહેરોથી માંડી નાનામાં નાના ગામડા સુધી પીવાનું પાણી પહોંચે એ લક્ષ્યાંક અમે સિદ્ધ કર્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીઓને મારે ખૂબ અગત્યની વાત કરવી છે. અત્યાર સુધી પીવાના પાણી પહોંચાડવાની બાબતમાં આપણે વાત થતી હતી કે ૧૮,૩૦૦ ગામડાને પીવાનું પાણી પહોંચાડવાની વાત હતી. પરંતુ આપણે બધા જાણીએ છીએ કે ગુજરાતમાં ઘણા એવા ગામો પણ છે કે એને પેટા ગામો અથવા પેટા પરાં પણ હોય છે. અમુક ગામને ચાર પેટા પરા, પાંચ પેટા પરા હોય. આદિવાસી વિસ્તારમાં તો ડુંગરે ડુંગરે પાંચ-પાંચ, સાત-સાત પેટા પરા હોય છે. એટલે આવા પેટા પરાં ગણીએ તો ગુજરાતમાં કુલ રહેણાંક વિસ્તારો ૩૪ હજાર કરતાં પણ વધુ છે. અત્યાર સુધી ભૂતકાળમાં અમારો ગોલ હતો કે ૧૮,૦૦૦ ગામોને પાણી આપવું. આ ૧૮,૦૦૦ ગામને પાણી આપવાનો લક્ષ્યાંક હવે અમે ઊંચો લઈ ગયા છીએ. એક ગામને એક જ જગ્યાએ નહીં પણ એક ગામના પાંચ-છ જેટલા પણ પેટા પરા હોય એ બધાને પાણી આપવું એ માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈએ અમને લક્ષ્યાંક આપ્યો અને અમે એ લક્ષ્યાંક ઉપાડી લીધો છે. જ્યાં જ્યાં ગુજરાતમાં માનવ વસવાટ હશે ત્યાં ત્યાં અમે ૩૪,૦૦૦ ગામોને પીવાનું પાણી પહોંચાડવાના છીએ. અમે જે યોજના અમલમાં મૂકી છે એમાં આદિવાસી વિસ્તારમાં ઘર દીઠ આદિવાસીને પીવાનું પાણી પહોંચે એ યોજના સરકારના ખર્ચે આદિવાસી ભાઈના ઘર સુધી પાઈપ લાઈન નાંખી આપવાનું કામ પણ અમે ગયા વર્ષે ચાલુ કર્યું છે અને આ વર્ષે એમાં વધારો કરવાના છીએ અને એ યોજના આગળ લઈ જવાના છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, નિર્મળ ગુજરાત-સ્વચ્છ ગુજરાત અને તંદૂરસ્ત બાળ-નીરોગી બાળ. સરકારના મહત્વકાંક્ષી પ્રજા લક્ષી કાર્યક્રમો છે આ કોઈ રાજકીય કે વહિવટી બાબત નથી. કોંગ્રેસના એક સભ્યશ્રીએ કહ્યું કે, જે રીતે તમે સ્ત્રી ભ્રૂણ હત્યા નાબૂદીનું આયોજન કાર્યક્રમ તરીકે ઉપાડયું એમ જળ સંચયનું કામ તમે ઉપાડો. સાહેબ, જળ સંચયનું કામ આપણે ઉપાડયું છે. હવે નીરોગી બાળ એ ઝુંબેશ અમે આ વર્ષથી પ્રજામાં લઈ જવાના છીએ અને એના માટે અમારો શહેરી વિકાસ વિભાગ, પાણી પુરવઠા વિભાગ એમાં એનું મોટું પાર્ટીસિપેશન છે મોટાભાગની કામગીરી અમારી સાથે પીવાના પાણીથી, સ્વચ્છ શહેરોથી, સ્વચ્છ ગામડાથી એ જ્યારે સંકળાયેલી છે ત્યારે અમે એમાં પણ ખૂબ મોટું યોગદાન આપવાના છીએ. ભૂગર્ભ ગટરો એ શહેરો માટે હવે ખૂબ જરૂરી બની ગઈ છે. પીવાનું પાણી આપણે આપ્યું પણ એ પાણીને જો ભૂગર્ભ ગટર મારફતે શહેરની બહાર ન લઈ જઈએ તો એ ગામમાં ગટરો ઊભરાય, ગંદકી થાય, રોગચાળો થાય અને બીજા પ્રશ્નો ઊભાં થાય. તો અમારા વિભાગને આ વખતે માનનીય મુખ્યમંત્રીશ્રીએ અને નાણાં વિભાગે ખૂબ મોટું બજૅટ આપ્યું અને એમાં મને જણાવતાં આનંદ થાય છે કે, પચાસ કરોડ રૂપિયા ફક્ત ભૂગર્ભ ગટરોના કામો હાથ પર લેવા માટે આ વખતે અમે મંજૂર કર્યા છે. કોગ્રેસવાળા જતા રહ્યા નહિ તો મારે એમને પૂછવું હતું કે, ૧૯૮૫ પછી..

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી, બધું જ અગત્યનું છે, પણ એનો અર્થ એ પણ નથી થતો કે, સમય મર્યાદા આપે પોતે ભોગવી લેવાની.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, અમે આ પચાસ કરોડ રૂપિયાના ખર્ચે જે જે શહેરોની ભૂગર્ભ ગટર યોજનાઓ, ૧૯૮૫થી પડી રહેલી એ પુનઃજીવિત કરી અને ચાલુ કરીએ છીએ અને એમાં જે યોજનાઓ ચાલુ નથી થઈ અને એને ચાલુ કરવા સુધીના તબક્કે લઈ જવા બાવળા, દાહોદ, મોરબી, જામજોધપુર, રાજપીપળા, સાવરકુંડલા જે છ નગરપાલિકાઓ નવી બની એમાં વધારાના કામો હાથ પર લઈએ છીએ.

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી, હું હવે માત્ર પાંચ મિનિટ આપને આપું છું.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, હિંમતનગર, મોડાસા, તલોદ, લીંબડી એ ચાર નગરપાલિકાઓને પણ આમાં આવરી લઈએ છીએ. જે શહેરોનો વિકાસ થયો છે અને જ્યાં ભૂગર્ભ ગટર યોજનાઓ પહેલાં તબક્કાની સારી રીતે ચલાવી શકે છે એમાં નવું એકસપાન્શન અમે હાથ પર લઈએ છીએ. એમાં માનનીય દોલતભાઈનું વલસાડ લઈ લીધું છે, નવસારી, ડાકોર, કરમસદ, ખંભાત, કડી, મહેસાણા, સિધ્ધપુર, ઉંઝા, પાલીતાણા.. (અંતરાય) કડી આવે છે અને એક નગરપાલિકા બોટાદને આપણે લઈએ છીએ કે જ્યાં ભૂગર્ભ ગટર

અત્યારસુધી અમલમાં જ નહોતી એને પણ આપણે મંજૂર કરીએ છીએ, હું અહીંયાં બેઠેલા માનનીય સભ્યશ્રીઓને વિનંતી કરું છું કે આપના વિસ્તારની કોઈપણ નગરપાલિકા આર્થિક રીતે પચીસેક ટકા લોકફાળો સ્વભંડોળમાંથી અથવા તો અન્ય રીતે આપીને ઉપાડવા તૈયાર થાય તો ચોક્કસ આપના વિસ્તારની, શહેરી વિસ્તારની નગરપાલિકાની ભૂગર્ભ ગટર યોજનાનું નવું કામ હશે, એકસપાન્શન હશે કે દૂરસ્તી હશે અમે ચોક્કસ એને આવરી લઈશું એનો આપ ચોક્કસથી એનો લાભ લેશો. ખૂબ મોટું કામ છે અને ઘણા જ સભ્યશ્રીઓએ એને આવકાર્યુ છે, માનનીય દોલતભાઈનું સૂચન અને અન્ય જે દરિયાઇ વિસ્તારો છે, એમાં પુર સંરક્ષણ, દરિયા કિનારાથી, દરિયાની ભરતીથી થતું નુકસાન એ માટે પણ આ વખતે સારી એવી રકમ બજેટમાં ફાળવી છે એનો લાભ પણ એ વિસ્તારોને આપીશું. ગુજરાતના નવસારીથી ચાલુ કરીને કચ્છ સુધી અને આ બાજુ અંબાજીથી ચાલુ કરીને દ્વારકા સુધી સાડા પાંચ કરોડની પ્રજા, તમામ જિલ્લા, તમામ વિસ્તાર, તમામ વર્ગને, અમારા ત્રણેય વિભાગમાંથી ખેડૂતથી માંડી, ખેતમજૂર સુધી રોજગારી મળે, સમૃદ્ધિ મળે, શહેરી ગરીબ યોજના એ બધું આપણે આમાં મૂક્યું છે.આપ સૌ સર્વાનુમતે અમારી માગણી મંજૂર કરો એવી વિનંતી છે.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૨, ૫, ૮, ૯, ૧૨, ૧૩, ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૬, ૨૭, ૩૦, ૩૧ અને ૩૨ એકી સાથે મત માટે મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.**

**માગણી ક્રમાંક: ૬૪, ૬૬, ૬૭ અને ૧૦૨ મત માટે મૂકવામાં આવી અને વિના વિરોધે મંજૂર કરવામાં આવી.**

## અધ્યક્ષશ્રીની જાહેરાત

### પાર્લામેન્ટરી એસોસિએશનની સામાન્ય સભા અંગે

**અધ્યક્ષશ્રી** : મારે એક જાહેરાત કરવાની કે, આજરોજ ગુજરાત પાર્લામેન્ટરી એસોસીએશનની ખાસ સામાન્ય સભા ચોથા માળે આવેલા સમિતિ ખંડ-૧માં રાખવામાં આવેલ છે, તો તેમાં દરેક સભ્યો અચૂક હાજર રહે. આજે માહિતી ખાતાનો પણ સાડા આઠ વાગ્યે કાર્યક્રમ છે.

**સભાગૃહનું કામકાજ સાંજના ૫-૫૧ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર મંગળવાર, તા.૨૫મી માર્ચ,૨૦૦૮ના રોજ સવારના ૮-૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહયું.**

| વિષય | પાના નંબર |
|---|---|
| **અંબાલાલ આ. રોહિત** | |
| ખંભાત બંદર સાકાર થવા અંગે | ૫૭ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ) | ૨૯૫ |
| **અનિલ જોષીયારા** | |
| નર્મદા યોજનાની શાખાઓ અને પ્રશાખાઓની કામગીરી | ૧૨૩ |
| બેકલોગ ઘટી જવા અંગે | ૧૮૮ |
| ભિલોડા અને ઈડર તાલુકામાં સરદાર આવાસ યોજનામાં મળેલ અરજીઓ | ૨૩૮ |
| ભિલોડા તાલુકામાં વીજળી જોડાણની પડતર અરજીઓ | ૬૧ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ) | ૯ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (દશમો દિવસ) | ૨૧૦ |
| સાબરકાંઠા જિલ્લામાં નોંધાયેલ વિવિધ ગુના | ૯૯ |
| **અનિલકુમાર અ. માળી** | |
| અલંગ શીપ બ્રેકીંગ યાર્ડમાં શ્રમયોગીને એસ્બેસ્ટોસીસના રોગ અંગે | ૧૮૭ |
| દિયોદર અને ભાભર તાલુકાના જ્યોતિગ્રામ યોજનાથી સંકળાયેલ ગામો | ૭૩ |
| પેટ્રોલિયમ યુનિવર્સિટીમાં અપાતું પ્રશિક્ષણ | ૧૦૯ |
| બનાસકાંઠા જિલ્લામાં બેરોજગારોને રોજગારી | ૧૯૮ |
| બનાસકાંઠા જિલ્લામાં સામાજિક વનીકરણ | ૨૫૬ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ) | ૧૫૬ |
| રાજ્યની પોલીસદળની તાલીમ સંસ્થાઓ | ૧૨૭ |
| વિકલાંગોને એસ. ટી.માં મુસાફરીની અપાતી સુવિધામાં સુધારો કરવા અંગે | ૧૯૫ |
| **અનિલકુમાર ત્રિ. પટેલ** | |
| એફ. એસ.એલ. દ્વારા ન્યાયાધીશો અને એડવોકેટોને તાલીમ | ૬૨ |
| મહેસાણા જિલ્લામાં સામાજિક વનીકરણ | ૨૫૨ |
| મહેસાણા જિલ્લામાં સ્વરોજગાર શિબિરોનું આયોજન | ૧૬૮ |
| **અભેસિંહ મો. તડવી** | |
| વડોદરા જિલ્લામાં અનુસૂચિત જનજાતિના બાળકોને ગણવેશના બદલે રોકડા રૂપિયા આપવા બાબત | ૨૪૫ |
| વન વિભાગ દ્વારા તીર્થંકર વન બનાવવા બાબત | ૨૬૬ |
| સંખેડા તાલુકામાં રેતી માટેની લીઝ | ૫૭ |
| **અમરસિંહ રા. વસાવા** | |
| આદિજાતિ વિસ્તારો માટે ૨૦૦૬-૦૭ના વર્ષ માટે બજેટમાં જોગવાઈ | ૨૪૦ |
| ટ્રાયબલ સબ પ્લાન નીચે ગ્રાન્ટ | ૨૬૪ |
| ભરૂચ અને નર્મદા જિલ્લામાં કેરોસીન વ્યવસ્થા સામે ફરિયાદ | ૨૭૨ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (દશમો દિવસ) | ૨૧૩ |
| **અમિત શાહ** | |
| ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમના સુધારેલા અંદાજો | ૨૦૦ |
| પ્રશ્નોત્તરી દરમ્યાન મંત્રીશ્રી દ્વારા લાંબા જવાબ આપવા અંગે | ૧૩૫ |
| બંદરો અને વાહન વ્યવહાર વિભાગની અધિસૂચનાઓ | ૨૦૧ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (દશમો દિવસ) | ૨૦૩ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (દશમો દિવસ) | ૨૧૭ |

| વિષય | પાના નંબર |
|---|---|
| **અમિત શાહ** | |
| સન ૨૦૦૫-૨૦૦૬નો ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમનો વાર્ષિક વહીવટી અહેવાલ | ૨૮૨ |
| સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો | ૧૩૬ |
| સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો | ૧૩૬ |
| સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો | ૧૩૬ |
| સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો | ૧૩૬ |
| **અમિતકુમાર અ. ચાવડા** | |
| ૧૦ કરોડથી વધારે વેચાણવેરાની માફીના એકમો | ૫૬ |
| આણંદ જિલ્લામાં પોલીસ સ્ટેશનવાર મંજૂર મહેકમ અને ખાલી જગ્યાઓ | ૯૬ |
| આણંદ જિલ્લામાં પુરવઠા નિગમના ગોદામો | ૨૫૫ |
| આણંદ જિલ્લામાં સરદાર પટેલ આવાસ યોજનાનો લક્ષ્યાંક | ૨૬૯ |
| કલ્પસર યોજનાની કામગીરી | ૧૨૧ |
| **અરવિંદસિંહ દા. રાઠોડ** | |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ) | ૩૦૫ |
| **અર્જુનભાઈ દે. મોઢવાડીયા** | |
| ખેતીવાડી માટે અપાતી વીજળી | ૧૦૮ |
| જંગલ અધિકાર કાનૂન | ૨૫૩ |
| દરીયાઈ પોલીસ સ્ટેશનો સ્થાપવા અંગે | ૭૦ |
| પત્રકારોના એક્રીડેશન કાર્ડ રીન્યુ કરવા અંગે | ૧૨૭ |
| પૉઈન્ટ ઑફ ઑર્ડર | ૨૯૬ |
| પ્રશ્નોત્તરી દરમ્યાન મંત્રીશ્રી દ્વારા લાંબા જવાબ આપવા અંગે | ૧૩૫ |
| બજૅટ પ્રકાશનની માહિતીમાં ફેરફાર બાબત | ૨૮૭ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ) | ૨૯૬ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ) | ૧૪૧ |
| રમત ગમત ક્ષેત્રે કોચની જગાઓ | ૧૯૭ |
| રાજ્ય સરકારનું દેવું | ૧૯૪ |
| રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજનામાં કેન્દ્ર સરકારની સહાય | ૨૬૮ |
| રાષ્ટ્રીય મેચમાં ચૂકવણાના દર | ૧૮૫ |
| **અશ્વિન કોટવાલ** | |
| અનુસૂચિત જનજાતિના ખોટા પ્રમાણપત્રો | ૨૬૬ |
| આદિજાતિની આદર્શ નિવાસી શાળાઓ અને ડ્રાય હોસ્ટેલ | ૨૪૮ |
| **આત્મારામ મ. પરમાર** | |
| ભાવનગર જિલ્લામાં વન મહોત્સવ દરમ્યાન રોપાનું વાવેતર | ૨૪૪ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ) | ૧૪૭ |
| **આનંદીબેન મ. પટેલ** | |
| ગુજરાત બાંધકામ નિગમ લિ.નો વાર્ષિક અહેવાલ | ૧૯૯ |
| ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમનો વાર્ષિક અહેવાલ | ૧૯૯ |
| **ઈકબાલ પટેલ** | |
| દહેજ ઓદ્યોગિક વસાહત પાસેના ખાનગી બંદરો | ૯૪ |

| | વિષય | પાના નંબર |
|---|---|---|
| **ઈકબાલ પટેલ** | | |
| | ભરુચ જિલ્લામાં નિર્મળ ગ્રામ કાર્યક્રમ હેઠળ થયેલ કામો | ૨૪૬ |
| | ભરૂચ જિલ્લામાં રસાયણીક ઔદ્યોગિક વસાહતની સ્થાપના | ૫૪ |
| **ઈશ્વરસિંહ ઠા. પટેલ** | | |
| | કોર્ટો માટેના નવા મકાન અંગે | ૩૬ |
| | જિલ્લાવાર પ્રિવેન્શન બ્લેક માર્કેટીંગના કેરોસીન અને એલ.પી.જી. ગેસના કેસો | ૨૨૩ |
| | નર્મદા જિલ્લામાં બેરોજગારોને રોજગારી | ૧૭૩ |
| | પોલીસ સ્ટેશનોનું કોમ્પ્યુટરાઈઝેશન | ૧૧૬ |
| | ભરૂચ જિલ્લામાં પંડિત દિનદયાળ સસ્તા અનાજની દુકાનો | ૨૫૬ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ) | ૧૫૨ |
| | એસ.આર.પી.ની વધારાની બટાલીયન આપવા અંગે | ૮૯ |
| **ઉદેસિંહ પું. ઝાલા** | | |
| | રમતગમત ક્ષેત્રે સ્પૉર્ટસ મૅડિસિનની સગવડ અંગે | ૧૭૭ |
| **ઉપેન્દ્રસિંહ પ્ર. ગોહિલ** | | |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ) | ૧૬ |
| | રાજ્યના મંદિરોની સુરક્ષા માટે લેવાયેલ પગલાં | ૧૧૮ |
| | વડોદરા જિલ્લામાં શ્રમયોગીઓના મૃત્યુ | ૧૯૧ |
| | વડોદરા જિલ્લામાં શ્રમયોગીઓનાં શોષણ | ૧૯૬ |
| | વડોદરા શહેર અને જિલ્લાના ભાડુઆતોનું રજિસ્ટ્રેશન | ૯૩ |
| | વડોદરામાં રીફાઇનરી નાબૂદ થયેલ મટીરીયલ્સ તળાવમાં નાખવા અંગે | ૨૪૫ |
| | વડોદરા જિલ્લામાં બેરોજગારોને રોજગારી | ૧૭૪ |
| **ઉષાબેન ગી. પટેલ** | | |
| | રાજ્યની જમીન અને દરિયાઇ સરહદ પર થતી રાષ્ટ્ર વિરોધી પ્રવૃત્તિ | ૫૯ |
| | રાજ્યમાં અનુસૂચિત જનજાતિના બાળકોને આદર્શ નિવાસી શાળામાં પ્રવેશ આપવા બાબત | ૨૪૦ |
| **ઋષિકેશ ગ. પટેલ** | | |
| | રાજ્યના મંદિરોની સુરક્ષા માટે લેવાયેલા પગલા | ૮૫ |
| **કનુભાઈ મે. ભાલાળા** | | |
| | જુનાગઢ જિલ્લામાં વનીકરણ | ૨૫૮ |
| | પર્યાવરણ જાળવણી અંગે વિદ્યાર્થી/સમાજની અભિરૂચી માટે ઈકો ક્લબ | ૨૨૪ |
| | બાયોટેક ક્ષેત્રે ઉદ્યોગ સાહસીકોને પ્રોત્સાહન | ૧૦૬ |
| | મહિલા ખેલાડીને આપેલ સ્કોલરશીપની રકમ અંગે | ૧૮૧ |
| | વિસાવદર તાલુકામાં ખનીજની રોયલ્ટી | ૬૯ |
| **કનુભાઈ વા. કળસરીયા** | | |
| | એફ.એસ.એલ.ને નેશનલ રીસોર્સ સેન્ટર જાહેર કરવા અંગે | ૪૮ |
| | ભાવનગર જિલ્લામાં કુંવરબાઈનું મામેરું યોજનાના લાભાર્થીઓ | ૧૭૨ |
| | ભાવનગર જિલ્લામાં ગામોને ""તીર્થ"" ગામ જાહેર કરવા બાબત | ૨૭૫ |
| | ભાવનગર જિલ્લામાં રમતગમત ક્ષેત્રે કરેલ ખર્ચ | ૧૯૬ |
| | ભાવનગર જિલ્લામાં રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજનાના લાભાર્થીઓ | ૧૯૦ |
| | ભાવનગર જિલ્લામાં વન તલાવડીઓ | ૨૫૩ |

| વિષય | પાના નંબર |
|---|---|
| **કનુભાઈ વા. કળસરીયા** | |
| ભાવનગર-મહુવા હાઈવે ઉપર થયેલ અકસ્માતો | ૯૩ |
| મહુવા તાલુકામાં ગરીબીરેખા નીચે જીવતા કુટુંબોને બી.પી.એલ. કાર્ડ | ૨૬૭ |
| મહુવા તાલુકામાં નોંધાયેલ વિવિધ ગુના | ૧૧૮ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ) | ૬ |
| **કમાભાઈ ગ. રાઠોડ** | |
| પોલીસદળમાં કરવામાં આવેલ ભરતી | ૪૫ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ) | ૧૫૪ |
| **કાંતિભાઈ રા.પટેલ** | |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ) | ૩૦૧ |
| **કાંતિલાલ રા.લકુમ** | |
| ગાંડા બાવળ દૂર કરવાની પરવાનગી | ૨૫૬ |
| **કાંતિલાલ શી. અમૃતિયા** | |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ) | ૨૯૮ |
| મીઠાની નિકાસ માટે બંદરીય સવલતો | ૬૧ |
| **કાન્તિલાલ રા. લકુમ** | |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ) | ૧૫૨ |
| **કાળુભાઈ ચ. રાઠોડ** | |
| ક્રાઈમ બ્રાન્ચોને સુદ્રઢ બનાવવાની યોજના | ૧૦૦ |
| ખાનગી બંદરો પર કાર્ગો હેન્ડલીંગ | ૧૨૩ |
| નિરીક્ષકની ખાલી જગ્યાઓ | ૧૬૪ |
| રાજ્યના કાર્યરત સી.એન.જી. સ્ટેશનો | ૬૧ |
| રાજ્યમાં સિંહોની વસ્તી | ૨૩૮ |
| સિંહો માટે અભ્યારણ્ય વિસ્તારોમાં વધારો કરવા બાબત | ૨૫૯ |
| **કાળુભાઈ વીરાણી** | |
| અમરેલી જિલ્લામાં કુટિર ઉદ્યોગ માટેની લોન | ૮૦ |
| અમરેલી જિલ્લામાં સ્થપાયેલ વીજ સબ સ્ટેશનો | ૧૧૩ |
| સાવરકુંડલા તાલુકામાં રોપા ઉછેરવા બાબત | ૨૫૯ |
| **કાળુભાઈવીરાણી** | |
| સાવરકું ડલા તાલુકાના મીતીયાળા ગામે અભયારણ્ય | ૨૨૫ |
| **કિરણકુમાર એલ. મકવાણા** | |
| જંબુસર અને આમોદ તાલુકામાં નોંધાયેલ વિવિધ ગુના | ૯૨ |
| જંબુસર અને આમોદ તાલુકામાં પંચાયત હસ્તક રહેમરાહે નોકરી આપવા બાબત | ૨૬૮ |
| જંબુસર અને આમોદ તાલુકામાં વ્યવસાયલક્ષી તાલીમ અંગે | ૧૭૮ |
| નર્મદા કેનાલ નજીક ખેતી માટે પાણીની વ્યવસ્થા | ૧૧૭ |
| ભરૂચ જિલ્લામાં ઈન્દિરા આવાસ યોજનામાં થયેલ ખર્ચ | ૨૭૪ |
| ભરૂચ જિલ્લામાં તત્કાળ વીજ જોડાણ યોજના હેઠળ મળેલ અરજીઓ | ૪૩ |
| રાજ્યમાં જિલ્લાવાર પંચાયતોના પોતાના પંચાયત ઘર | ૨૫૫ |
| **કિશોર વાંકાવાલા** | |
| કચ્છ જિલ્લામાં બેરોજગારોને રોજગારી | ૧૭૨ |

| વિષય | પાના નંબર |
|---|---|
| **કિશોર વાંકાવાલા** | |
| મહિલાઓ દ્વારા ઉત્પાદિત વસ્તુઓની વેચાણ વ્યવસ્થા | ૬૪ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ) | ૧૫ |
| **કુંવરજીભાઈ ન. હળપતિ** | |
| ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા લેવાતી પરીક્ષા | ૧૦૮ |
| માંડવી અને બારડોલી તાલુકામાં ખેતમજૂરોને નિયમસરનું વેતન ચૂકવવા અંગે | ૧૮૭ |
| માંડવી તાલુકામા બિનઅધિકૃત રીતે પથ્થર કાઢવાની કામગીરી | ૭૨ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ) | ૩૦૨ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (દશમો દિવસ) | ૨૧૫ |
| વ્યારા ખાતે તકેદારી અધિકારીની કચેરી ચાલુ કરવા બાબત | ૨૬૭ |
| સુરત જિલ્લામાં હળપતિઓના આવાસનું પ્લોટ ભાડું | ૨૫૨ |
| **કુંવરજીભાઈ મો. બાવળિયા** | |
| ગઢડા પોલીસ સ્ટેશનના પી. એસ. આઈ. સામેની ફરિયાદમાં લેવાયેલ પગલાં | ૯૩ |
| ડુંગળીના ભાવો નીચા જતાં ખેડૂતોને પોષણક્ષમ ભાવ આપવા બાબત | ૨૭૭ |
| ડુંગળીના ભાવો નીચા જતાં ખેડૂતોને પોષણક્ષમ ભાવ આપવા બાબત | ૨૭૬ |
| બિન અધિકૃત વાહન ચાલકો પાસેથી ઉઘરાવાતા હપ્તા | ૧૧૮ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ) | ૧૩ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ) | ૧૪૫ |
| રાજકોટ અને સુરેન્દ્રનગર જિલ્લામાં નીલગાયથી સંરક્ષણ માટે તારની વાડ | ૨૬૦ |
| રાજકોટ જિલ્લામાં રૅશનિંગની દુકાને કેરોસીનનો જથ્થો | ૨૩૪ |
| રાજ્ય સરકાર દ્વારા લીધેલ લોન પેટે ચૂકવેલ વ્યાજ | ૧૮૪ |
| વીજ ચોરીના કેસમાં કલમ ફેર થવા અંગે | ૪૬ |
| **ખુમાનસિંહ રા. ચૌહાણ** | |
| તત્કાલ વીજ જોડાણ યોજના હેઠળ ખેડા જિલ્લાની અરજીઓ | ૧૦૧ |
| ધોળકા બ્લોકમાંથી ઓઈલ મળવા અંગે | ૧૨૪ |
| બીલ માંગે તેનું નસીબ જાગે અન્વયે આપેલ ઈનામની રકમ અંગે | ૧૭૯ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ) | ૩૦૪ |
| વડોદરા જિલ્લા અને શહેરમાં બાળમજૂરી કરાવનાર ઈસમો સામે લીધેલ પગલાં | ૧૯૧ |
| વડોદરા જિલ્લામાં ધારાસભ્યો- સાંસદસભ્યોની ગ્રાન્ટમાંથી ફાળવાતી રકમમાંથી પંચાયતે ખરીદેલ વસ્તુનું રજિસ્ટર | ૨૬૪ |
| વડોદરા જિલ્લામાં વૃક્ષછેદન ધારા હેઠળ સરપંચોને સસ્પેન્ડ કરવા બાબત | ૨૩૯ |
| સાવલી તાલુકાની કેનાલના બાંધકામ અંગે | ૬૩ |
| **ગણપતભાઈ વે. વસાવા** | |
| આર.ટી.ઓ. / એ.આર.ટી.ઓ. કચેરીઓની આવક | ૧૦૬ |
| પોલીસ સ્ટેશનોનું કોમ્પ્યુટરાઈઝેશન | ૭૦ |
| માંગરોળ અને ઉમરપાડા તાલુકામાં આદર્શ નિવાસી શાળા | ૨૩૭ |
| **ગીતાબેન યો. પટેલ** | |
| અમદાવાદ જિલ્લામાં સંકટ મોચન યોજનાના બાકી લાભાર્થીઓ | ૧૭૫ |

| | વિષય | પાના નંબર |
|---|---|---|
| **ગીતાબેન યો. પટેલ** | | |
| | પોલીસ ખાતામાં નવી ભરતી અંગે | ૫૭ |
| | એફ.એસ.એલ. દ્વારા અન્ય રાજ્યોને ફોરેન્સીક સહાય આપવા અંગે | ૧૨૧ |
| | મનોરંજન કરની વસૂલાત | ૯૮ |
| **ગુલસીંગભાઈ રં. રાઠવા** | | |
| | આર.ટી.ઓ./એ.આર.ટી.ઓ. કચેરીની આવક | ૮૨ |
| **ગોવિંદભાઈ ઉ. પટેલ** | | |
| | ગીરના સિંહોને વાંકાનેર ખાતે ખસેડવા બાબત | ૨૭૪ |
| | થેલેસીમીયાના દર્દીને એસ. ટી. બસમાં ફ્રી પાસ | ૧૧૪ |
| | નવી એસ. ટી. બસોની ખરીદી | ૧૩૦ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ) | ૩૦૪ |
| | રાજકોટ ગ્રાહક તકરાર પંચને મળેલ ફરિયાદો | ૨૫૧ |
| | રાજકોટ જિલ્લા રોજગાર કચેરીમાં નોંધાયેલ બેરોજગારોને રોજગારી | ૧૯૫ |
| | રાજકોટ જિલ્લામાં વેટ અંગે પાડેલ દરોડા | ૧૯૮ |
| | રાજકોટ શહેરમાં ટ્રાફીક પોલીસની ઘટ | ૮૫ |
| | રાજકોટ શહેરમાં રેશનકાર્ડ ઉપર કેરોસીન આપવા બાબત | ૨૬૬ |
| | રાજકોટ શહેરમાં સરકારી પુસ્તકાલયમાં ગ્રંથાલય / સ્ટાફનું સેટઅપ | ૧૮૭ |
| **ગોવિંદભાઈ મા. પ્રજાપતિ** | | |
| | પોટા ધારા હેઠળ નોંધાયેલ કેસ | ૫૦ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (દશમો દિવસ) | ૨૧૪ |
| **ગૌતમભાઈ જે. ઝાલા** | | |
| | અનામત પોલીસ દળની સેવા પેટે અન્ય રાજ્યો પાસે લેણી રકમ | ૭૨ |
| | ખેડૂતોના પાકને નીલગાય દ્વારા નુકસાન થવા બાબત | ૨૬૪ |
| | રાજયમાં કેરોસીન વિતરણના ધોરણો | ૨૩૫ |
| | રાજ્યમાં નવા બંદરોનો વિકાસ | ૧૦૮ |
| **ચંદુભાઈ ડાભી** | | |
| | રાજ્યમાં ફૂડ ફોર્ટીફીકેશનની યોજના | ૨૪૩ |
| **છનાભાઈ કા. ચૌધરી** | | |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ) | ૧૫૫ |
| **જગદીશ ઠાકોર** | | |
| | કર્મચારી, અધિકારીઓને અપાતી કર્મયોગી તાલીમ | ૧૨૯ |
| | પોટા કાયદા હેઠળ નોંધાયેલ કેસ | ૧૧૧ |
| | બટાટાના પોષણક્ષમ ભાવ અંગે | ૧૩૩ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ) | ૧૮ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ) | ૧૪૮ |
| | મુખ્ય મંત્રી અને મંત્રીમંડળના સભ્યોના હવાઈ મુસાફરી ખર્ચ | ૭૬ |
| | વીજળીના દરમાં થયેલ ભાવ વધારો | ૧૧૧ |
| **જયંતીલાલ પ. ભાનુશાલી** | | |
| | ગુજરાત કાઉન્સિલ ઓફ સાયન્સ સીટી દ્વારા હાથ ધરાયેલ પ્રવૃત્તિઓ | ૯૧ |
| | રાજ્યમાં કર્મયોગી તાલીમ | ૫૦ |

| વિષય | પાના નંબર |
|---|---|
| **જયંતીલાલ પ. ભાનુશાલી** | |
| રાજ્યમાં બાયો ટેક્નોલોજી નિગમની રચના | ૧૧૭ |
| **જયદ્રથસિંહજી ચં. પરમાર** | |
| ઝાલોદ તાલુકામાં ચાકલ્ય વન | ૨૩૭ |
| પંચમહાલ જિલ્લામાં બેરોજગારોને રોજગારી | ૧૮૫ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ) | ૩૦૦ |
| સાંધ્ય કોર્ટની સ્થાપના | ૫૨ |
| **જયનારાયણ વ્યાસ** | |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ) | ૧ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ) | ૧ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ) | ૧ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ) | ૨૯ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ) | ૧ |
| **જયોત્સનાબેન ૨ા. પટેલ** | |
| પોલીસ ખાતાના અધિકારી/કર્મચારીઓ માટેની તાલીમ સંસ્થાઓ | ૭૮ |
| એફ.એસ.એલ. ના આધુનિકરણની યોજના | ૧૧૧ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ) | ૨૪ |
| **જશોદાબેન ચ. પરમાર** | |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ) | ૨૯૯ |
| **જસુબેન સ. કોરાટ** | |
| જેતપુર પાવી તાલુકાના જબુગામમાં સ્પોર્ટસ એકેડેમી બનાવવા અંગે | ૧૯૫ |
| પછાત તાલુકાઓમાં વિશેષ પેકેજ અંગે | ૧૧૪ |
| રાજકોટ જિલ્લામાં નોંધાયેલ લૂંટફાટના ગુનાઓ | ૮૫ |
| રાજકોટ જિલ્લામાં પંડિત દિનદયાળ સસ્તા અનાજની દુકાનો | ૨૫૨ |
| રાજકોટ જિલ્લામાં સમાજ કલ્યાણ નિરીક્ષકોની જગ્યાઓ અંગે | ૧૭૬ |
| **જીતુભાઈ હ. ચૌધરી** | |
| વલસાડ જિલ્લાની પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરીની ચેકપોસ્ટો દ્વારા થયેલ કેસ | ૧૨૬ |
| વલસાડ જિલ્લામાં ખાદી ગ્રામોદ્યોગ દ્વારા અપાયેલ લાભ | ૬૯ |
| વલસાડ જિલ્લામાં પી.એમ.આર.વાય બેન્કેબલ યોજના હેઠળ મળેલ અરજીઓ | ૧૦૪ |
| વલસાડ જિલ્લામાં શિક્ષિત બેરોજગારોને રોજગારી | ૧૮૨ |
| **જીતેન્દ્ર સુખડીયા** | |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ) | ૨૯૧ |
| **જેઠાભાઈ ઘે. ભરવાડ** | |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ) | ૧૫૫ |
| **જોધાજી ગુ. ઠાકોર** | |
| પાટણ જિલ્લામાં કુટીર ઉદ્યોગ માટેની અરજીઓ | ૧૨૫ |
| પાટણ જિલ્લામાં નોંધાયેલ વિવિધ ગુના | ૧૦૪ |
| પાટણ જિલ્લામાં પોલીસ મહેકમની ખાલી જગ્યાઓ | ૬૭ |
| પાટણ જિલ્લામાં બાળ મજૂરોને મજૂરીમાંથી છોડાવવા અંગે | ૧૯૦ |

| | વિષય | પાના નંબર |
|---|---|---|
| **જોધાજી ગુ. ઠાકોર** | | |
| | બક્ષીપંચની કન્યાઓને સાઈકલ સહાય ચૂકવવા અંગે | ૧૭૧ |
| **દિનેશભાઈ બી. પટેલ** | | |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ) | ૨૮ |
| **દિલીપ સંઘાણી** | | |
| | ગુજરાત ખેત ઉદ્યોગ નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ અને હિસાબો | ૨૮૦ |
| | ગુજરાત ડેરી વિકાસ નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ અને હિસાબો | ૨૮૦ |
| | ગુજરાત રાજય બીજ નિગમલિમિટેડનો સન ૨૦૦૬-૨૦૦૭નો વાર્ષિક અહેવાલ | ૨૮૦ |
| | ડુંગળીના ભાવો નીચા જતાં ખેડૂતોને પોષણક્ષમ ભાવ આપવા બાબત | ૨૭૬ |
| | ડુંગળીના ભાવો નીચા જતાં ખેડૂતોને પોષણક્ષમ ભાવ આપવા બાબત | ૨૭૭ |
| | બટાટાના પોષણક્ષમ ભાવ અંગે | ૧૩૩ |
| **દિલીપસિંહ વ. પરમાર** | | |
| | ચાણક્ય વનનું નિર્માણ | ૨૩૨ |
| | એફ.એસ.એલ. ધ્વારા અન્ય રાજ્યોને ફોરેન્સીક સહાય | ૬૨ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (દશમો દિવસ) | ૨૧૨ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ) | ૧૪૭ |
| | રમતગમત ક્ષેત્રે મહિલાઓની સિદ્ધિઓ | ૧૬૯ |
| **દીતાભાઈ ભી. મછાર** | | |
| | ઝાલોદ તાલુકાના લીમડી અને ઝાલોદ પોલીસ સ્ટેશન હેઠળ નોંધાયેલ વિવિદ ગુનાઓ | ૩૮ |
| **દુષ્યંતભાઈ ર. પટેલ** | | |
| | એફ.એસ.એલ. દ્વારા અન્ય રાજ્યોને ફોરેન્સીક સહાયતા | ૭૧ |
| | ભરૂચ જિલ્લામાં શ્રમયોગીઓના મૃત્યુ | ૧૮૮ |
| **દેવુસિંહ જે. ચૌહાણ** | | |
| | સરકારી કર્મચારીઓનીકૉમ્પ્યુટરમાં કુશળતા માટે લેવાયેલ પગલાં | ૪૮ |
| **દોલતરાય ના. દેસાઈ** | | |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ) | ૨૯૦ |
| **ધનજીભાઈ ગો. સેંધાણી** | | |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ) | ૩૦૩ |
| **ધીરૂભાઈ ચુ. ભીલ** | | |
| | વડોદરા જિલ્લામાં નર્મદા કેનાલથી સિંચાઇ સુવિધા | ૮૯ |
| **નટવરસિંહ ફુ. ઠાકોર** | | |
| | આર.ટી.ઓ. અધિકારીઓ સામે ગેરરીતિ લાંચની ફરિયાદો | ૧૨૩ |
| | ઈન્દિરા આવાસ યોજનામાં મકાનો બનાવવાનો લક્ષાંક | ૨૩૯ |
| | ખેડા જિલ્લામાં ગ્રામ પંચાયતની ગોચરની જમીનમાં વનીકરણ | ૨૭૧ |
| | જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી અમદાવાદે સંપૂર્ણ સ્વચ્છતા અભિયાન યોજના હેઠળ કરેલ કરાર | ૨૬૩ |
| | તત્કાલ વીજ જોડાણ યોજના હેઠળ ખેડા જિલ્લાની અરજીઓ | ૧૦૧ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ) | ૧૫૧ |
| | રાજીવ ગાંધી વીજળીકરણ યોજના હેઠળ ખેડા જિલ્લામાં અપાયેલ વીજ જોડાણ | ૬૨ |
| **નરેશભાઈ મ. પટેલ** | | |

| વિષય | પાના નંબર |
|---|---|
| **નરેશભાઈ મ. પટેલ** | |
| આદિજાતિના બાળકોને તાલુકા કક્ષાએ કોમ્પ્યુટરની તાલીમ | ૨૪૭ |
| પંચવર્ષીય યોજનાના કદ અંગે | ૭૨ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (દશમો દિવસ) | ૨૧૪ |
| **નરોત્તમભાઈ પટેલ** | |
| ગુજરાત ગ્રામ ગૃહનિર્માણ બોર્ડનો વાર્ષિક વહીવટી અહેવાલ | ૨૦૦ |
| ગુજરાત ગ્રામ ગૃહનિર્માણ બોર્ડનો વાર્ષિક વહીવટી અહેવાલ | ૨૦૦ |
| ગુજરાત નાગરિક પુરવઠા નિગમલિમિટેડનો સન ૨૦૦૬-૨૦૦૭નો વાર્ષિક અહેવાલ | ૨૮૧ |
| તારાંકિત પ્રશ્ન ક્રમાંક ૯૨ના અનુસંધાને વધારાની માહિતી | ૨૮૩ |
| પંચાયત અને ગ્રામગૃહનિર્માણ વિભાગની અધિસૂચના | ૨૮૨ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ) | ૧૫૭ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ) | ૧૩૭ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ) | ૧૩૭ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ) | ૧૩૭ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ) | ૧૩૮ |
| **નાનુભાઈ ભ. વાનાણી** | |
| પોટા હેઠળ પકડાયેલ આરોપીઓ | ૧૦૯ |
| એફ.એસ.એલ. દ્વારા અન્ય રાજ્યના અધિકારીઓ/કર્મચારીઓને તાલીમ | ૭૩ |
| યુવાનોને આપેલ પુરસ્કાર | ૧૮૬ |
| રાજ્યના મંદિરોની સુરક્ષા માટે લેવાયેલા પગલાં | ૧૨૭ |
| સુરત જિલ્લામાં ઓદ્યોગિક એકમોમાં શ્રમયોગીઓનાં મૃત્યુ તેમજ સહાય અંગે | ૧૯૮ |
| સુરત જિલ્લામાં ગુજરાત પેટર્ન નીચે તાલુકાવાર ખર્ચ | ૨૪૨ |
| સુરત જિલ્લામાં વૃક્ષો વાવવા બાબત | ૨૬૫ |
| સુરત જિલ્લામાં શિક્ષિત બેરોજગારોને રોજગારી | ૧૯૫ |
| **નારાયણભાઈ લ. પટેલ** | |
| એફ.એસ.એલ.ના આધુનિકરણની યોજના | ૪૦ |
| રાજ્યના વહીવટને ઝડપી અને કાર્યક્ષમ બનાવવા લેવાયેલા પગલાં | ૮૯ |
| **નીતિનભાઈ ર. પટેલ** | |
| ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડનો સન ૨૦૦૬-૨૦૦૭નો વાર્ષિક વહીવટી અહેવાલ | ૨૮૧ |
| ગુજરાત વોટર ઈન્ફ્રાસ્ટ્રકચર લિમિટેડનો સન ૨૦૦૬-૦૭ નો વાર્ષિક અહેવાલ અને હિસાબો | ૨૮૦ |
| ગુજરાત હાઉસિંગ બોર્ડનું સન ૨૦૦૭- ૨૦૦૮ના વર્ષનું સુધારેલ અંદાજપત્રક | ૨૮૧ |
| પૉઈન્ટ ઑફ ઑર્ડર | ૨૯૬ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ) | ૩૦૫ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ) | ૩૦૮ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ) | ૨૮૪ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ) | ૨૮૪ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ) | ૨૮૩ |

| | વિષય | પાના નંબર |
|---|---|---|


**નીતિનભાઈ ર. પટેલ**
- માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ) — ૨૮૩
- સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ — ૨૦૦

**નીમાબેન બી. આચાર્ય**
- માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ) — ૧૨
- રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના — ૨૪૮

**પંકજકુમાર વી. દેસાઈ**
- પર્યાવરણની જાળવણી માટે વાહન વ્યવહાર ખાતામાં લેવાયેલ પગલાં — ૮૩

**પરંજયાદિત્યસિંહજી કૃ. પરમાર**
- માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ) — ૨૬

**પુનાભાઈ ઢે. ગામીત**
- તાપી જિલ્લામાં પરમીટ ધારકો દ્વારા ખરીદવામાં આવેલ દારૂ — ૮૩
- રાજ્યની જીસ્વાન સેવાઓને ટ્રોજન- વોર્મ અને વાઈરસને લીધે થયેલ માઠી અસર — ૧૧૩
- રાજ્યની જીસ્વાનની સ્પીડ ઘટવા અંગે — ૧૨૯
- સુરત અને વ્યારા જિલ્લામાં ઈમારતી લાકડાઓની ચોરી — ૨૫૩

**પોપટભાઈ સ. જીંજરીયા**
- રાજ્યનાં ગુમ થયેલ બાળકો — ૧૩૧
- રાજ્યમાં આવેલ પોલીસ તાલીમ સંસ્થાઓ — ૧૧૬
- રાજ્યમાં હથીયારના પરવાના ધારકો — ૮૮

**પ્રદિપસિંહ ભ. જાડેજા**
- અમદાવાદ શહેર અને ગાંધીનગર જિલ્લામાં વનીકરણ — ૨૬૮
- અમદાવાદ-ગાંધીનગર ખાતે શ્રમિકો માટે રેન બસેરાની સગવડ — ૨૫૪
- ગ્રંથાલયોનું કોમ્પ્યુટરાઈઝેશન અંગે — ૧૬૫
- પોલીસ દળ માટેની તાલીમી સંસ્થાઓ — ૬૫
- રાજ્યના મંદિરોની સુરક્ષા માટે લેવાયેલા પગલાં — ૧૨૪
- રાજ્યમાં થયેલ વીજ ઉત્પાદન — ૧૦૨
- રાજ્યમાં શ્રમયોગીઓના થયેલ મૃત્યુ અંગે — ૧૮૮

**પ્રફુલભાઈ ખો. પટેલ**
- ગ્રામ પંચાયતોને નિર્મળ ગ્રામ પુરસ્કાર — ૨૫૬

**પ્રભુભાઈ ના. વસાવા**
- રાણી આંબા ડેપો પર વન વિભાગ દ્વારા ચોરીનો માલ કબજે કરવા બાબત — ૨૫૧

**પ્રાગજીભાઈ ના. પટેલ**
- ઓ.એન.જી.સી.ની સુરક્ષા માટે એસ.આર.પી.ની માગણી — ૧૨૯
- ગાંડા બાવળ દૂર કરવાની પરવાનગી — ૨૫૩
- જ્યોતિગ્રામ યોજનાથી રોજગારીની તકોમાં થયેલ વધારો — ૭૯
- એફ.એસ.એલ. દ્વારા ન્યાયાધીશો અને એડવોકેટોને તાલીમ — ૧૧૨
- માગણીઓ પર ચર્ચા અને મતદાન (દશમો દિવસ) — ૨૦૯

**ફકીરભાઈ ર. વાઘેલા**
- ગુજરાત ગોપાલક વિકાસ નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ — ૨૦૦

**બચુભાઈ ના. કિશોરી**

| વિષય | | પાના નંબર |
|---|---|---|
| **બચુભાઈ ના. કિશોરી** | | |
| | જિલ્લાવાર સાંધ્ય કોર્ટોની સ્થાપના | ૯૯ |
| | દાહેદ જિલ્લામાં નિરાધાર વૃધ્ધાવસ્થા સહાય યોજના | ૧૮૪ |
| | દાહોદ જિલ્લામાં તલાટી-કમ-મંત્રીઓનું મહેકમ | ૨૪૦ |
| | દાહોદ જિલ્લામાં વેચાણવેરા વિભાગ ધ્વારા પાડેલ દરોડા | ૧૯૪ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (દશમો દિવસ) | ૨૧૭ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ) | ૧૫૩ |
| | સચિવાલયના અનુસૂચિત જનજાતિની સંવર્ગવાર ખાલી જ્ગ્યાઓ | ૬૦ |
| **બાબુભાઈ જ. પટેલ** | | |
| | ગુજરાતી ચલચિત્રોના નિર્માણ માટે અપાતી સહાય | ૫૩ |
| **બાબુભાઈ જે. દેસાઈ** | | |
| | એફ.એસ.એલ. દ્વારા ખાનગી સંસ્થા અને વ્યક્તિઓને તાલીમ | ૬૬ |
| | મોટર ટ્રાન્સપોર્ટ વ્યવસાયના શ્રમિકોને આપેલ લાભ અંગે | ૧૮૨ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ) | ૩૦૫ |
| | રાજ્ય સરકારની વીજ કંપનીને મળેલ એવોર્ડ | ૧૦૨ |
| | રાજ્યની પોલીસ ખાતાની તાલીમ સંસ્થાઓ | ૧૨૫ |
| **બાબુભાઈ મે. શાહ** | | |
| | કચ્છ જિલ્લામાં પવન ચક્કી દ્વારા વીજ ઉત્પાદન | ૪૩ |
| | રાપર સબજેલના મકાન અંગે | ૯૨ |
| | વાઇલ્ડ લાઇફ જાળવણીના કારણોસર રસ્તાઓના કામ અટકાવવા બાબત | ૨૫૫ |
| | સોનગઢની સેન્ટ્રલ પેપર મીલ્સને કરાર અનુસાર ફાળવાતો વાંસનો જથ્થો | ૨૬૯ |
| **બાવકુભાઈ ના. ઉંઘાડ** | | |
| | તજજ્ઞ સમિતિના અહેવાલ અંગે | ૧૭૮ |
| | નશાબંધી વિભાગ દ્વારા પાડેલ રેડ | ૧૧૫ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ) | ૨૧ |
| | રાજ્યની જેલોમાં રાખવામાં આવેલ કેદીઓ | ૧૩૦ |
| **ભગવાનજીભાઈ લા. કરગટીયા** | | |
| | પોલીસ સ્ટેશનોનું કોમ્પ્યુટરાઈઝેશન | ૭૦ |
| | મેરીટાઇમ બોર્ડ હસ્તકના વેરાવળ, માંગરોળ અને પોરબંદરનું આધુનિકરણ | ૧૨૬ |
| | સરદાર સરોવર ડેમ આધારીત વીજ ક્ષમતા | ૧૦૭ |
| **ભગવાનભાઈ ધા. બારડ** | | |
| | જૂનાગઢ જિલ્લામાં નાની બચત પેટે મળેલ રકમ | ૧૮૯ |
| | તાલાળા તાલુકાના ઘુસીયા ખાતે આઈ.ટી.આઈ.માં મંજૂર મહેકમ | ૧૭૯ |
| | ધોલેરા બંદરના વિકાસની કામગીરી | ૪૨ |
| | પચ્ચીસ હજારથી વધુ રકમના પકડાયેલ દારૂ સંબંધે પોલીસ અધિકારી/કર્મચારી સામે લેવાયેલ પગલાં | ૯૧ |
| | રાજ્યમાં ગ્રાહક તકરાર નિવારણ ફોરમ | ૨૪૫ |
| | સી.એન.જી. ગેસ સંચાલિત બસો સળગવાના કિસ્સા | ૧૧૭ |
| **ભરત બારોટ** | | |
| | જિલ્લાવાર સાંધ્ય કોર્ટોની સ્થાપના | ૯૯ |

| વિષય | પાના નંબર |
| --- | --- |
| **ભરત બારોટ** | |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ) | ૧૪૩ |
| વીડીઓ કોન્ફરન્સ દ્વારા કેદીઓને કોર્ટ સમક્ષ રજૂ કરવા અંગે | ૫૮ |
| **ભરતસિંહજી શં. ડાભી** | |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ) | ૩૦૩ |
| **ભારતીબેન અ. રાઠોડ** | |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ) | ૨૩ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (દશમો દિવસ) | ૨૧૭ |
| **ભાવનાબેન રા. મકવાણા** | |
| અનુસૂચિત જાતિ કલ્યાણખાતામાં વર્ગ-૩ની ખાલી જગ્યાઓ | ૧૭૭ |
| ઈન્ડસ્ટ્રીયલ કોરીડોર અંતર્ગત રાજ્યની કામગીરી | ૧૩૧ |
| ફાસ્ટ ટ્રેક કોર્ટોની સ્થાપના | ૮૭ |
| બેટ દ્વારકામાં સતત વીજ પુરવઠાનું આયોજન | ૧૧૫ |
| ભાવનગર જિલ્લામાં વૃક્ષોનું વાવેતર | ૨૩૨ |
| ભાવનગર જિલ્લામાં સામાજિક વનીકરણ | ૨૬૦ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ) | ૨૮ |
| રાજ્યમાં વિકસતી જાતિ કલ્યાણ કચેરીમાં વર્ગ-૨ ની ખાલી જગાઓ | ૧૯૭ |
| રાષ્ટ્રીય કક્ષાએ સ્પર્ધાઓમાં કોચીંગની વ્યવસ્થા અંગે | ૧૯૨ |
| **ભાવસિંહભાઈ ડા. રાઠોડ** | |
| પાટણ જિલ્લામાં રોડ સાઇડ તથાપંચાયત અને રેવન્યુ ખરાબાની જમીનમાં સામાજિક વનીકરણ | ૨૨૪ |
| પાટણ જિલ્લામાં હરિયાળી યોજના અંતર્ગત થયેલ ખર્ચ | ૨૫૬ |
| **મંગુભાઈ છ. પટેલ** | |
| ગુજરાત આદિજાતિ વિકાસ નિગમનો સન ૨૦૦૨-૨૦૦૩નો વાર્ષિક અહેવાલ | ૨૮૧ |
| તારાંકિત પ્રશ્ન ક્રમાંક ૧૩૨૮ના અનુસંધાને વધારાની માહિતી | ૨૮૩ |
| તારાંકિત પ્રશ્ન ક્રમાંક ૧૬ ના અનુસંધાને વધારાની માહિતી | ૨૮૩ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (દશમો દિવસ) | ૨૧૯ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (દશમો દિવસ) | ૨૦૨ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (દશમો દિવસ) | ૨૦૩ |
| **મણીભાઈ દે. પટેલ** | |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ) | ૨૫ |
| **મનસુખભાઈ પાં. ભુવા** | |
| અમરેલી જિલ્લામાં વનીકરણ | ૨૫૨ |
| રાજયમાં સમાજ કલ્યાણ અધિકારીની ખાલી જગ્યાઓ | ૧૭૪ |
| **મફતલાલ મો. પુરોહિત** | |
| બનાસકાંઠા જિલ્લામાં વિદ્યાર્થીઓને ગણવેશ અન્વયે આપેલ રોકડ રકમ અંગે | ૧૬૭ |
| **મહમદજાવીદ અ. પીરઝાદા** | |
| નાયબ કમિશ્નરોના ગેરવર્તનની મળેલ ફરિયાદ અંગે | ૧૯૩ |
| રાજકોટ શહેર અને જિલ્લામાં રાંધણગેસના કાળાબજારના કેસો | ૨૬૪ |

| | વિષય | પાના નંબર |
|---|---|---|
| **મહમદજાવીદ અ. પીરઝાદા** | | |
| | રાજ્ય સરકાર ધ્વારા કેન્દ્ર સરકારને કરેલ પરત ચૂકવણી રકમ તેમજ વ્યાજ અંગે | ૧૮૩ |
| | વાંકાનેર તાલુકામાં કેરોસીનની ઓછી ફાળવણી | ૨૪૧ |
| **મહેન્દ્રભાઈ લી. મશરૂ** | | |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ) | ૧૦ |
| | સ્પેશ્યલ ઑપરેશન ગૃપની રચના | ૩૫ |
| **મહેન્દ્રસિંહ શં. વાઘેલા** | | |
| | ૧૮૯૦ પહેલાંની સાબરાકાંઠા જિલ્લાની જંગલની જમીનો નિયમબદ્ધ કરવા બાબત | ૨૨૯ |
| | મેઘરજ, માલપુર, બાયડ અને ધનસુરા તાલુકામાં જ્યોતિગ્રામ યોજનાનો અમલ | ૮૭ |
| | મેઘરજ, માલપુર, બાયડ અને ધનસુરાતાલુકામાં માનવ ગરીમા યોજના હેઠળના લાભાર્થીઓ | ૧૮૧ |
| | સાબરકાંઠા જિલ્લામાં ગ્રામિણ સ્વચ્છતા કાર્યક્રમ નીચે બનેલ શૌચાલયો | ૨૫૯ |
| **માનસિંહ કો. ચૌહાણ** | | |
| | ગુજરાત સ્ટેનોગ્રાફર ગ્રેડ-૧ને રહસ્ય સચિવ તરીકે બઢતી આપવા અંગે | ૮૬ |
| | નિર્મળ ગ્રામ યોજના નીચે ખેડા, આણંદ અને પંચમહાલ જિલ્લાના ગામો પસંદ કરવા બાબત | ૨૨૬ |
| **માયાબેન સુ. કોડનાની** | | |
| | સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો | ૧૩૬ |
| **મુકેશ ભૈ. ગઢવી** | | |
| | ખાનગી કંપનીઓ પાસેથી ખરીદવામાં આવેલ વીજળી | ૧૨૦ |
| | તાલુકા મથકે આંબેડકર ભવન બનાવવા અંગે | ૧૮૦ |
| | રમતગમતના સંકુલો ઊભા કરવા બાબત | ૧૯૧ |
| | રાજ્યમાં નોંધાયેલ વિવિધ ગુના | ૯૬ |
| | રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટીયોજનામાં સ્ટાફના અભાવે તાંત્રિક અને વહીવટી મંજૂરી ન મળવા બાબત | ૨૪૧ |
| | વાવ, થરાદ, રાધનપુર અને સાંતલપુર તાલુકાની માઇનોર અને ઢાળીયા કેનાલની કામગીરી | ૫૫ |
| **મેઘજી ડા. કણઝારીયા** | | |
| | રાજકોટ જિલ્લામાં શિક્ષિત બેરોજગારોને રોજગારી | ૧૯૩ |
| | વર્ગ-૧ ની ખાલી જ્ગ્યાઓ | ૧૮૨ |
| **મોહંમદફારૂક હુ. શેખ** | | |
| | અમદાવાદ ભદ્ર વિસ્તારમાં કોર્ટ સંકુલ બનાવવા અંગે | ૧૧૬ |
| | ટોરેન્ટ પાવર સામેની ફરિયાદ સંબંધે થતી કામગીરી | ૯૦ |
| | ધી ઈલેકટ્રીસીટી રેગ્યુલેટરી કમિશન એકટના અમલ અંગે | ૪૧ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ) | ૨૩ |
| | રાજ્ય સરકારનું આંતરિક અને બાહ્ય દેવું | ૧૮૬ |
| **મોહનભાઈ ક. કુંડારિયા** | | |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ) | ૧૪૯ |
| **મોહનભાઈ ક.કુંડારિયા** | | |
| | પડધરી ખાતે આવેલ પંચાયતનાગેસ્ટ હાઉસને માર્ગ અને મકાનને સોંપવા બાબત | ૨૩૧ |

| | વિષય | પાના નંબર |
|---|---|---|
| **મોહનભાઈ ક.કુંડારીયા** | | |
| | નવલખી બંદરનો વિકાસ | ૮૦ |
| | મીઠાની નિકાસ માટે બંદરીય સવલતો | ૧૨૯ |
| | રાજકોટ જિલ્લામાં મંજૂર થયેલ ૬૬ કે.વી. સબસ્ટેશનો | ૧૧૩ |
| **મોહનસિંહ છો. રાઠવા** | | |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (દશમો દિવસ) | ૨૦૭ |
| | સિમેન્ટ કંપનીઓ પાસેથી વેચાણવેરાની બાકી વસૂલાત | ૧૮૬ |
| **રજનીકાંત સો. પટેલ** | | |
| | નવી આઈ.ટી.આઈ. શરૂ કરવા અંગે | ૧૭૫ |
| | એફ.એસ.એલ. દ્વારા ન્યાયાધીશો અને એડવોકેટોને તાલીમ | ૭૭ |
| **રણછોડભાઈ ક. મેર** | | |
| | અમદાવાદ જિલ્લામાં કુમાર અને કન્યા છાત્રાલયોની સંખ્યા | ૧૮૨ |
| | અમદાવાદ જિલ્લામાં ગૌચરના દબાણો દૂર કરવાની અરજીઓ | ૨૨૮ |
| | અમદાવાદ જિલ્લામાં ગ્રામીણ રોજગાર ગેરન્ટી યોજનામાં થયેલ કામો | ૨૫૯ |
| | અમદાવાદ જિલ્લામાં યુવાનોને રોજગારી અન્વયે યોજેલ ઓદ્યોગિક ભરતી મેળા | ૧૯૩ |
| | અમદાવાદ જિલ્લામાં સંપુર્ણ સ્વચ્છતા અભિયાન હેઠળ થયેલ કામો | ૨૬૯ |
| | જ્યોતિગ્રામ યોજના હેઠળ ધંધુકા, બરવાળા અને રાણપુરના ગામો અને પેટાપરાઓનું વીજળીકરણ | ૫૪ |
| | ધંધુકા બરવાળા અને રાણપુર તાલુકામાં કાર્યાન્વિત થયેલ એમ. ઓ. યુ. | ૯૫ |
| | ધંધુકા, બરવાળા અને રાણપુર તાલુકામાં રાજીવ ગાંધી વીજળીકરણ યોજના હેઠળ જોડાણો | ૧૧૯ |
| **રમણલાલ ના. પાટકર** | | |
| | ઉમરગામ તાલુકામાં વન ભાગીદારી સહકારી મંડળી | ૨૫૩ |
| **રમેશ વ. મહેશ્વરી** | | |
| | અનુસૂચિત જાતિના કાયદાના સ્નાતકોને સ્ટાઈપેન્ડ આપવા અંગે | ૧૬૯ |
| | કચ્છ જિલ્લામાં ઓદ્યોગિક ભરતી મેળા અન્વયે રોજગારી | ૧૯૬ |
| | છાત્રાલયોના નિભાવ ખર્ચમાં કરેલ વધારો | ૧૮૯ |
| | પાલીતાણા મંદિરની સુરક્ષા માટે લેવાયેલા પગલા | ૮૬ |
| | રાજ્યના મંદિરોની સુરક્ષા માટે લેવાયેલા પગલાં | ૧૧૫ |
| **રાકેશ શાહ** | | |
| | કોલેજ ટુ કેરીયર કાર્યક્રમની શરૂઆત | ૬૯ |
| | એફ.એસ.એલ. ધ્વારા અન્ય રાજ્યોને ફોરેન્સીક સહાય આપવા અંગે | ૧૦૫ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ) | ૩૦૨ |
| **રાઘવજીભાઈ હં. પટેલ** | | |
| | જોડીયા બંદર ખાતે શીપ બ્રેકીંગ યાર્ડ શરૂ કરવા અંગે | ૬૧ |
| | જામનગર જિલ્લામાં પોલીસ કોન્સ્ટેબલોની મંજૂર જગ્યાઓ | ૧૦૧ |
| | જામનગર જિલ્લામાં વૃક્ષો ઉછેરવા બાબત | ૨૩૮ |
| | જામનગર શહેરમાં વેચાણવેરા ખાતામાં સંવર્ગવાર ખાલી જગ્યાઓ | ૧૯૭ |
| | પેટા તિજોરી કચેરીઓ શરૂ કરવા અંગે | ૧૮૫ |
| | રાષ્ટ્રીય કક્ષાએ મળેલ એવોર્ડ | ૧૯૪ |
| **રાજેન્દ્રસિંહ ધી. પરમાર** | | |

| વિષય | પાના નંબર |
|---|---|
| **રાજેન્દ્રસિંહ ધી. પરમાર** | |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ) | ૨૯૯ |
| **લવજીભાઈ ઠા. રાજાણી** | |
| બેક્લોગની ખાલી જગાઓ | ૧૮૧ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ) | ૧૫૩ |
| **લાલજીભાઈ પ્રે. સોલંકી** | |
| જામનગર જિલ્લામાં બેરોજગારોને રોજગારી | ૧૮૭ |
| બાયસેગ સંસ્થાની એજ્યુકેશન સેટેલાઈટ ક્ષેત્રે કામગીરી | ૫૩ |
| **લાલસિંહ ઉ. વડોદીયા** | |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ) | ૩૦૩ |
| **લીલાધરભાઈ ખો. વાઘેલા** | |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ) | ૧૪૪ |
| **વંદનાબેન મ. મકવાણા** | |
| આઇ.ટી.ક્ષેત્રના વિકાસ માટેની નિતિ | ૧૨૮ |
| કોર્ટો માટેના નવા મકાનો અંગે | ૭૪ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ) | ૨૦ |
| રાજ્યમાં યોજાયેલ લોકદરબાર | ૧૦૯ |
| **વજુભાઈ વાળા** | |
| ગુજરાત સ્ટેટ ફાઈનાન્સિયલ સર્વિસિસ લિમિટેડનો વાર્ષિક અહેવાલ અને હિસાબો | ૨૮૦ |
| શ્રમ અને રોજગાર વિભાગની અધિસૂચનાઓ | ૨૦૧ |
| **વર્ષાબેન ન. દોશી** | |
| કારખાના ધારા હેઠળ રાજયમાં સોલ્ટ વર્કર્સની નોંધણી | ૧૬૫ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ) | ૧૫૦ |
| રાજ્યના મંદિરોની સુરક્ષા માટે લેવાયેલ પગલાં | ૮૦ |
| **વલ્લભભાઈ ગો. કાકડિયા** | |
| અમદાવાદ જિલ્લામાં શ્રમયોગીઓના મૃત્યુ | ૧૬૬ |
| નેનો ટેક્નોલોજીને પ્રોત્સાહન આપવાનું આયોજન | ૯૪ |
| બાઈસેક ધ્વારા જીઓ-ઈન્ફોર્મેટીક્સ આધારિત કાર્યવાહી | ૫૨ |
| સરદાર સરોવર ડેમના મુલાકાતીઓ | ૧૧૯ |
| **વસુબેન ત્રિવેદી** | |
| જામનગર જિલ્લામાં વનીકરણ | ૨૪૪ |
| **વિજયભાઈ ર. પટેલ** | |
| અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ માટે ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલયોમાં સંખ્યામાં વધારો | ૨૪૩ |
| આદિજાતિ વિસ્તારોને જ્યોતિગ્રામ યોજનાનો લાભ | ૭૬ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (દશમો દિવસ) | ૨૧૬ |
| **વિભાવરીબેન વિ. દવે** | |
| ગુજરાત સ્ટેટ વાઈડ એરિયા નેટવર્કથી જિલ્લા અને તાલુકા મથકોનું જોડાણ | ૯૬ |
| ભાવનગર શહેરમાં પાઇપલાઇન દ્વારા ગેસ આપવાની થયેલ કામગીરી | ૫૫ |
| **શંકરભાઈ લ. ચૌધરી** | |

| | વિષય | પાના નંબર |
|---|---|---|
| **શંકરભાઈ લ. ચૌધરી** | | |
| | ગુજરાત બિન-નાશવંત કચરો (નિયંત્રણ) વિધેયક, ૨૦૦૮. | ૨૨૧ |
| | મીઠાપીલું વૃક્ષને રક્ષિત વૃક્ષ જાહેર કરવા બાબત | ૨૪૮ |
| **શંભુજી ઠાકોર** | | |
| | આઈ.ટી.આઈ.માં મોટર ડ્રાઈવીંગની સુવિધા અંગે | ૧૮૫ |
| | કરાઈ ખાતે તાલીમી સંસ્થામાં અપાતી તાલીમ અંગે | ૬૫ |
| | કરાઈ ખાતેની તાલીમ સંસ્થામાં અપાતી તાલીમ અંગે | ૧૨૪ |
| | ગાંધીનગર ખાતે પુનિત વન બનાવવા બાબત | ૨૩૯ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (દશમો દિવસ) | ૨૧૨ |
| | રાજ્યના મંદિરોની સુરક્ષા માટે લેવાયેલ પગલાં | ૧૦૨ |
| **શંભુપ્રસાદ બ. ટુંડિયા** | | |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ) | ૧૯ |
| **શક્તિસિંહ હ. ગોહિલ** | | |
| | પ્રશ્નોત્તરી દરમ્યાન મંત્રીશ્રી દ્વારા લાંબા જવાબ આપવા અંગે | ૧૩૫ |
| **શિરિષકુમાર મ. શુકલ** | | |
| | આણંદ જિલ્લામાં બેરોજગારોને રોજગારી | ૧૮૩ |
| | એફ.એસ.એલ. દ્વારા ખાનગી સંસ્થા અને વ્યક્તિઓને અપાતી સેવા | ૮૪ |
| | બંદરોના સંચાલન સ્ટાફની ઉપલબ્ધતા માટે શિક્ષણ વ્યવસ્થા | ૧૩૦ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ) | ૨૯૩ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ) | ૮ |
| | એસ. આર. પી. નું સંખ્યાબળ વધારવાનું આયોજન | ૧૧૪ |
| **શૈલેષ મ. પરમાર** | | |
| | પાટણ પી.ટી.સી. કોલેજની દલીત વિદ્યાર્થીની ઉપર બળાત્કાર | ૭૮ |
| | રાજ્ય હેઠળની જગાઓ અને સેવાઓમાં અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓના પૂરતા પ્રતિનિધિત્વ માટે જોગવાઈ કરવા બાબત વિધેયક | ૨૨૨ |
| **સિધ્ધાર્થ ચી. પટેલ** | | |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ) | ૨૯૨ |
| **સુંદરસિંહ ભ. ચૌહાણ** | | |
| | રમતગમતના સંકુલોના બાંધકામ | ૧૮૦ |
| | શ્રમ યોગીઓના બાકી લેણા અંગે | ૮૬ |
| | સ્વામી તેજાનંદ કર્મકાંડ તાલીમ યોજનાના લાભાર્થીઓ | ૧૯૨ |
| **સૌરભ પટેલ** | | |
| | ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન લિમિટેડનો વાર્ષિક અહેવાલ | ૨૦૦ |
| | ઉદ્યોગ અને ખાણ વિભાગની અધિસૂચના | ૨૦૧ |
| | ઉદ્યોગ અને ખાણ વિભાગની અધિસૂચના | ૨૦૧ |
| | ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ | ૨૮૨ |
| | ગુજરાત ઔદ્યોગિક મુડી રોકાણ નિગમ લિમિટેડનો સન ૨૦૦૫-૦૬નો વાર્ષિક અહેવાલ | ૨૮૧ |
| | ગુજરાત રાજય પેટ્રોલિયમ કોરપોરેશન લિમિટેડનો વાર્ષિક અહેવાલ | ૨૮૨ |
| | ગુજરાત રાજય હાથશાળ અને હસ્તકલા વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૪-૦૨૦૦૫નો વાર્ષિક અહેવાલ | ૨૮૧ |

| | વિષય | પાના નંબર |
|---|---|---|
| **સૌરભ પટેલ** | | |
| | ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગનો વાર્ષિક અહેવાલ | ૨૦૦ |
| | ગુજરાત વૃદ્ધિ કેન્દ્ર વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૪-૦૫નો વાર્ષિક અહેવાલ | ૨૮૧ |
| | ગુજરાત સ્ટેટ પેટ્રોલિયમ કોર્પોરેશન લી.ની કામગીરી અંગે | ૧૯૯ |
| | સન ૧૯૯૯-૨૦૦૦ થી ૨૦૦૫-૨૦૦૬નો ગુજરાત રાજય ઈન્ફ્રાસ્ટ્રકચર વિકાસ બોર્ડના વાર્ષિક અહેવાલો | ૨૮૨ |
| | સન ૨૦૦૩નું ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનું જાહેરનામું | ૨૮૩ |
| | સન ૨૦૦૪-૨૦૦૫નો ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમનો વાર્ષિક અહેવાલ | ૨૮૨ |
| **હર્ષદભાઈ ચુ. વસાવા** | | |
| | નર્મદા જિલ્લામાં વન તલાવડીઓ | ૨૭૪ |
| | નર્મદા જિલ્લામાં સામાજિક વનીકરણ | ૨૬૬ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ) | ૨૯૯ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (દશમો દિવસ) | ૨૧૦ |
| | સુરત જિલ્લામાં ઇકો ડેવલપમેન્ટમાં થયેલ કામ | ૨૪૬ |
| **હીરાભાઈ હ. પટેલ** | | |
| | રાજ્યના ખેડૂતોને ૧૦ થી ૧૨ કલાક વીજળી આપવા અંગે | ૯૬ |
| | લુણાવાડા અને ખાનપુર તાલુકાનું જ્યોતિગ્રામ યોજના હેઠળ વીજળીકરણ | ૧૨૧ |
| | લુણાવાડા અને ખાનપુર તાલુકામાં બી.પી.એલ. કાર્ડ ધારકોનું વિભાજન થતાં એ.પી.એલ. કાર્ડમાં નામ | ૨૫૪ |
| | શહેરા અને ખાનપુર તાલુકામાં મારામારી અને હુમલાના બનાવો | ૫૬ |
| **હીરાભાઈ હ.પટેલ** | | |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ) | ૩૦૧ |